


શ્રી શ્યામાચાર્ય વિરચિત

# શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

(પદ ૧ થી ૧૫)

ભાગ ૧

(પં.ભગવાનદાસ હરખચંદ કૃત ભાષાંતર)

સંશોધક
આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી
મુ. શ્રી જયાનંદ વિજયજી

સંપાદક
મુનિરાજ શ્રી જયાનંદ વિજયજી

# વ્યાખ્યાનની મુદ્રા શું ?
# એમાં મુહપત્તિનો ઉપયોગ આવશ્યક છે કે નહિં ?

ભગવાન તીર્થંકરદેવો યોગ મુદ્રાએ દેશના આપે છે, ભગવાનની જેમ તે મુદ્રા સાચવવી બીજા માટે શક્ય નથી, પણ બહુ ઉંચાનીચા થયા વગર હાથઉંચાનીચા ઉછાળ્યા વગર સ્થિતપ્રજ્ઞની જેમ મુહપત્તિ-મુખ આગળ રાખી, દેશના આપવી જોઈએ. જેઓ આ વસ્તુને બરાબર સાચવી શકતા નથી તેઓ કંઈને કંઈ પ્રમાદ દોષના ભાગીદાર થાય જ છે. વ્યાખ્યાનમાં મુખ આગળ મુહપત્તિનો ઉપયોગ આવશ્યક છે જ તેમાં જેટલું આઘુપાછું અમારાથી થાય છે, તેટલું પ્રમાદ જન્ય પાપ જરૂર બંધાય છે. પણ કુટેવ પડેલી ઝટ છુટતી ન હોવાથી આ દોષ સેવાઈ જાય છે તે ન સેવાય તેની અવશ્ય કાળજી રાખવી જોઈએ.

[કલ્યાણ, સપ્ટેમ્બર ૮૪, પૃ. ૮૫૨]

॥ શ્રી શાશ્વતતીર્થાધિરાજ શ્રી આદિનાથાય નમ: ॥

॥ પ્રભુ શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરાય નમ: ॥

પૂજ્ય શ્યામાચાર્ય કૃત અને આ. શ્રી મલયગિરિજી કૃત ટીકાનું

પં. ભગવાનદાસભાઈ હરખચંદ કૃત ભાષાંતર સહિત

# પન્નવણા સૂત્ર

ભાગ ૧

(પદ ૧ થી ૧૫)

: દિવ્યાશીષ :

આચાર્યદેવ શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી

મુનિરાજ શ્રી રામચંદ્રવિજયજી

: સંશોધક :

આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી

મુ. શ્રી જયાનંદવિજયજી

: સંપાદક :

મુનિરાજ શ્રી જયાનંદવિજયજી


: પ્રાપ્તિ સ્થાન :

| | |
|---|---|
| શા દેવીચંદ છગનલાલજી<br>સદર બાજાર, ભીનમાલ<br>૩૪૩૦૨૯<br>ફોન : (02969) 220387 | શ્રી આદિનાથ રાજેન્દ્ર<br>જૈન પેઢી<br>સાઁથૂ, ૩૪૩૦૨૬<br>ફોન : 254221 |
| શા નાગાલાલજી વજાજી ખીંવસરા<br>શાંતિવિલા અપાર્ટમેન્ટ, તીન બત્તી,<br>કાજી કા મૈદાન, ગોપીપુરા, સૂરત<br>ફોન : 2422650 | મહાવિદેહ ભીનમાલ ધામ<br>તલેટી હસ્તગિરિ લિંક રોડ,<br>પાલીતાણા – ૩૬૪ ૨૭૦<br>ફોન : (02848) 243018 |

**પુસ્તકનું નામ :** શ્રી પન્નવણા સૂત્ર ભાષાન્તર સહિત ભાગ ૧ (પદ ૧ થી ૧૫)

**મૂળ સૂત્ર :** આચાર્ય શ્રી શ્યામાચાર્યજી

**ટીકા :** આચાર્ય શ્રી મલયગિરિજી

**ભાષાંતર :** શ્રી ભગવાનદાસભાઈ હરખચંદભાઈ

**સંપાદક :** મુનિ શ્રી જયાનંદવિજય

**પ્રકાશક :** શ્રી ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ, રાજ.

**સંચાલક :**

(૧) સુમેરમલ કેવલજી નાહર, ભીનમાલ, રાજ.

(૨) મીલિયન ગ્રુપ, સૂરાણા, રાજ., મુંબઈ, દિલ્લી, વિજયવાડા

(૩) શ્રીમતી સકુદેવી સાંકલચંદજી નેથીજી હુકમાણી પરિવાર, પાંથેડી, રાજ.
રાજેન્દ્ર જ્વેલર્સ, મુંબઈ - ૩૪

(૪) શા હસ્તીમલ, લખમીચંદ, કિરણકુમાર, પ્રકાશકુમાર, કિશોરકુમાર, ઉત્સવકુમાર
બેટા પોતા ભલાજી નાગોત્રા સોલંકી પરિવાર બાકરા (રાજ.), મુક્તિ માર્કેટીંગ, ચેન્નઈ

(૫) શા દૂધમલ, નરેન્દ્રકુમાર, રમેશકુમાર બેટા પોતા લાલચંદજી માંડોત પરિવાર
બાકરા (રાજ.), મંગલ આર્ટ, મુંબઈ-૨

(૬) કટારીયા સંઘવી લાલચંદ, રમેશકુમાર, ગૌતમચંદ, વિનોદકુમાર, મહેન્દ્રકુમાર, રવીન્દ્રકુમાર
બેટા પોતા સોનાજી ભેરાજી ધાણસા (રાજ.) શ્રી સુપર સ્પેઅર્સ, વિજયવાડા

(૭) એમ. આર. ઇમ્પેક્સ, ૧૬-એ, હનુમાન ટેરેસ, દૂસરા માલા,
તારાટેમ્પલ લેન, લેમીંગ્ટન રોડ, મુંબઈ-૭, ફોન : ૨૩૮૦૧૦૮૬

(૮) ગુલાબચંદ રાજેન્દ્રકુમાર છગનલાલજી કોઠારી અમેરીકા, આહોર (રાજ.)

(૯) શા શાંતિલાલ, દીલીપકુમાર, સંજયકુમાર, અમનકુમાર, અખીલકુમાર
બેટા પોતા મૂલચંદજી ઉમાજી તલાવત આહોર (રાજ.) રાજેન્દ્ર માર્કેટીંગ, વિજયવાડા

(૧૦) શા સમરથમલ, સુકરાજ, મોહનલાલ, મહાવીરકુમાર, વિકાસકુમાર, કમલેશ, અનિલ,
વિમલ, શ્રીપાલ, ભરત ફોલા મુથા પરિવાર સાયલા (રાજ.) અરુણ એન્ટરપ્રાઇજેસ, ગુન્ટૂર

(૧૧) શા સુમેરમલ, નિતીન, અમીત, મનીષ, ખુશબુ બેટા પોતા પેરાજમલજી
પ્રતાપજી રતનપુરા બોહરા પરિવાર, મોદરા (રાજ.) ગુન્ટૂર

(૧૨) શા નરપતરાજ, લલીતકુમાર, મહેન્દ્ર, શૈલેષ, નિલેષ, કલ્પેશ, રાજેશ, મહીપાલ,
દિક્ષીત, આશીષ, કેતન, અશ્વીન, રીંકેશ, યશ બેટા પોતા ખીમરાજજી થાનાજી
કટારીયા સંઘવી આહોર (ગુન્ટૂર)

(૧૩) શા તીલોકચન્દ મયાચન્દ એન્ડ કં. ૧૧૬, ગુલાલવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪

(૧૪) શા લક્ષ્મીચંદ, શેષમલ, રાજકુમાર, મહાવીરકુમાર, પ્રવીણકુમાર, દીલીપકુમાર, રમેશકુમાર
બેટા પોતા પ્રતાપચંદજી કાલુજી કાંકરીયા મોદરા (રાજ.) ગુન્ટૂર

(૧૫) શ્રી શાંતિદેવી બાબુલાલજી બાફણા ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
મહાવિદેહ ભીનમાલધામ, પાલીતાણા - ૩૬૪ ૨૭૦ ફોન : (૦૨૮૪૮) ૨૪૩૦૧૮

(૧૬) શાંતિરૂપચંદ રવીન્દ્રચન્દ્ર, મુકેશ, સંજેશ, ઋષભ, લક્ષિત, યશ, ધ્રુવ બેટા પોતા મિલાપચંદજી મેહતા
જાલોર - બેંગ્લોર

: આર્થિક સહયોગી :

પ.પૂ. આચાર્યદેવ શ્રી વિદ્યાચન્દ્રસૂરીશ્વરીજી મ.સા.ના શિષ્ય અને

મુનિરાજ શ્રી રામચન્દ્રવિજયજી મ.સા.ના કૃપાપાત્ર મુનિરાજ

મુ. શ્રી જયાનંદવિજયજી મ.સા.

મુ. શ્રી દિવ્યાનંદવિજયજી મ.સા.

મુ. શ્રી વૈરાગ્યાનંદવિજયજી મ.સા.

મુ. શ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા.

મુ. શ્રી રૈવતચંદ્રવિજયજી મ.સા.

આદિ ઠાણા

રાષ્ટ્રસંત શિરોમણી શ્રીમદ્વિજય હેમેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની

પ.પૂ. મહત્તરિકા લલિતશ્રીજી મ.સા.

પૂ. પ્રવર્તિની મુક્તિશ્રીજી મ.સા.

પૂ. સેવાભાવી સંઘવણશ્રીજી મ.સા.ની શુશિષ્યાઓ

**પૂ. સા. મણિપ્રભાશ્રીજી મ.સા.**

પૂ. સા. શ્રી પુનીતપ્રજ્ઞાશ્રીજી મ.સા, પૂ. સા. શ્રી મોક્ષયશાશ્રીજી મ.સા.,

પૂ. સા. શ્રી મોક્ષરસાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી મોક્ષમાલાશ્રીજી મ.સા.,

પૂ. સા. શ્રી ક્ષમાશીલાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજી મ.સા.,

પૂ. સા. શ્રી અર્હદયશાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી સંવેગયશાશ્રીજી મ.સા.,

પૂ. સા. શ્રી નિર્વેદયશાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી પ્રમોદયશાશ્રીજી મ.સા.,

પૂ. સા. શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા.

પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામસુરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ના આજ્ઞાવર્તિની

તપસ્વીરત્ના પૂ. સા. શ્રી પ્રસન્નપ્રભાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી શીલપ્રભાશ્રીજી મ.સા.,

પૂ. સા. શ્રી શાસનરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૭ નું

**સં. ૨૦૬૧નું ચાતુર્માસ રાજેન્દ્રભવનમાં**

**સંઘવી વકતાવરમલ હીરાચંદજી કુહાડ પરિવાર - આહોર - બેંગલોર**

**દ્વારા થયું તે સમયે**

**જ્ઞાનખાતાની આવકમાંથી**

**આ ગ્રંથ પ્રકાશિત કરાવવામાં આવેલ છે.**

# ક્યાં શું ?

## અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | આ.શ્રી મુનિચંદ્રસૂરિજી | ૪ |
| બે શબ્દો | મુ. શ્રી જયાનંદવિજય | ૭ |
| પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમ તુલના. | મહાવીર વિદ્યાલય | ૮ |
| પ્રજ્ઞાપના સૂત્રની વ્યાખ્યાઓ. | મહાવીર વિદ્યાલય | ૧૩ |
| પ્રસ્તાવના | હિન્દી આ. શ્રી દેવેન્દ્ર મુનિ | ૧૮ |
| પ્રજ્ઞાપના સૂત્ર ટીકા અને ટીકાકાર. | મહાવીર વિદ્યાલય | ૭૦ |
| પરિણામ પદ વિચાર | મહાવીર વિદ્યાલય | ૭૨ |
| પજ્ઞાપના સૂત્ર | મંગલાચરણ | ૧ |
| પ્રથમ | પ્રજ્ઞાપના પદ | ૭ |
| બીજું | સ્થાન પદ | ૧૦૦ |
| ત્રીજું | અલ્પબહુત્વ પદ | ૧૬૨ |
| ચોથું | સ્થિતિ પદ | ૨૩૨ |
| પાંચમું | વિશેષ પદ | ૨૫૪ |
| છટ્ઠું | વક્કંતિ પદ | ૨૯૬ |
| સાતમું | ઉસ્સાસ પદ | ૩૨૩ |
| આઠમું | સંજ્ઞા પદ | ૩૨૭ |
| નવમું | યોનિ પદ | ૩૩૧ |
| દશમું | ચરમાચરમ પદ | ૩૩૭ |
| અગ્યારમું | ભાષા પદ | ૩૬૪ |
| | ભાષાપદ પરિશિષ્ટ | ૩૯૫ |
| બારમું | શરીર પદ | ૪૦૫ |
| તેરમું | પરિણામ પદ | ૪૨૩ |
| ચૌદમું | કસાય પદ | ૪૩૨ |
| પંદરમું | ઇંદ્રિય પદ | ૪૩૭ |

# પ્રસ્તાવના

## આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી

ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ ઘણું છે,

ઓઘનિર્યુક્તિ (ભાષ્ય ગા.૭) માં '**दविए दंसण सुद्धि**' – દ્રવ્યાનુયોગથી દર્શનશુદ્ધિ થાય છે. કેમકે એના દ્વારા યુક્તિપૂર્વક યથાવસ્થિત અર્થનું જ્ઞાન થાય છે. ઓઘનિર્યુક્તિ (ભાષ્ય ગા.૧૧) માં અક્ષર અને અર્થના અલ્પ–બહુત્વને આશ્રયીને ચતુર્ભંગી બતાવી છે. અક્ષર થોડા અર્થ ઘણો તે ચરણકરણાનુયોગ. ઓઘનિર્યુક્તિ વગેરે અક્ષર ઘણા અર્થ થોડા તે ધર્મકથાનુયોગ, જ્ઞાતાધર્મકથા વગેરે. અક્ષર ઘણા અર્થ ઘણો તે દ્રવ્યાનુયોગ, દૃષ્ટિવાદ વગેરે. અક્ષર થોડા અર્થ થોડો તે ગણિતાનુયોગ, જ્યોતિષ્કરંડ વગેરે.

વર્તમાનમાં ઉપલબ્ધ અગિયાર અંગોમાં પંચમાંગ 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ' આગમ કદમાં સૌથી મોટું છે. અને તે આગમગ્રંથ 'ભગવતીસૂત્ર' તરીકે વધારે પ્રખ્યાત છે. તેવી રીતે ૧૨ ઉપાંગમાં ચતુર્થ ઉપાંગ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર પણ સૌથી વિસ્તૃત છે અને આ આગમગ્રંથનો પણ 'ભગવતી' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. આમાં પણ ભગવતીસૂત્રની જેમ ગૌતમસ્વામિજીના પ્રશ્નો અને ભગવાનના ઉત્તરો એમ પ્રશ્નોત્તર શૈલી છે. વિષય સામ્ય પણ સમવાયાંગસૂત્ર કરતાં ભગવતીસૂત્ર સાથે વધુ છે.

**પ્રજ્ઞાપના સૂત્ર :**

પ્રસ્તુત પ્રજ્ઞાપનાસૂત્ર દ્રવ્યાનુયોગનો ગ્રંથ છે.

પ્રભુ વીરના ૨૩મા પટ્ટધર આર્ય શ્યામાચાર્યજીએ આ ગ્રંથની રચના કરી છે. ગ્રંથકાર શ્રી શ્યામાચાર્યજીએ સ્વયં આને 'દૃષ્ટિવાદ–નિષ્યંદ' કહી આનું દૃષ્ટિવાદમાંથી અવતરણ કર્યાનું સ્પષ્ટ કર્યું છે.

મુનિશ્રી પુણ્યવિજયજી આદિએ દૃષ્ટિવાદમાંથી પણ પૂર્વોમાંથી ઉદ્ધરણ કરાયાનું અનુમાન વિષયસામ્યના આધારે કર્યું છે. મહાવીર વિદ્યાલય પ્રકાશિત પન્નવણાસૂત્ત ભા.૨ ની પ્રસ્તાવનામાં નંદીસૂત્રમાં 'મહાપણ્ણવણા' સૂત્રનો ઉલ્લેખ છે પણ અત્યારે આ ગ્રંથ ઉપલબ્ધ નથી.

**ગ્રંથશૈલિ :**

શ્રી ભગવતીસૂત્ર વગેરે અન્ય આગમગ્રંથોમાં અનેક સ્થળે જે તે વિષયનું વર્ણન અન્ય આગમગ્રંથમાં જોવાની ભલામણ કરાયેલી જોવા મળે છે. આગમગ્રંથોને ગ્રંથસ્થ કરાયા ત્યારે આવી સંકલના કરવામાં આવી હોવાનું વિદ્વાનોનું માનવું છે.

'ઉવંગસુત્તાણિ'ની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે – જ્યારે પૂર્વોની વિસ્મૃતિ થઈ રહી હતી એના થોડાક જ અંશો શેષ રહ્યા હતા ત્યારે આ પન્નવણાસૂત્રની રચના થઈ હતી. બાકીના ઉપાંગો એ પછી લખવામાં આવ્યા.

તત્ત્વાર્થસૂત્ર (૩/૩૬) '**आर्या म्लिच्छश्च**'નો આધાર પ્રજ્ઞાપનાસૂત્રનું પ્રથમ પદ હોવાનું વિદ્વાનોનું માનવું છે.

પ્રસ્તુત પ્રજ્ઞાપનાસૂત્રમાં મોટેભાગે જે તે વિષયનું વર્ણન પુરેપુરું જોવા મળે છે એટલે એ માટે અન્યગ્રંથો જોવાની ભલામણ કરવાની વાત અહીં ભાગ્યે જ આવે છે. આ ગ્રંથ ૭૭૮૭ શ્લોક પ્રમાણ છે અને ગ્રંથ રચના વીર સં. ૩૬૦ લગભગમાં થઈ છે. (જૈ.પ.ઈ.ભા.૧ પૃ.૩૫૧)

**પ્રજ્ઞાપના સૂત્રના પ્રકાશનો-વ્યાખ્યાઓ :**

– સંસ્કૃતછાયા અને મલયગિરિ ટીકા સાથે ૧૮૮૪માં ધનપતસિંહ બાબુ દ્વારા.

– મલયગિરિ સૂરિ ટીકા સાથે પ્રતાકારે બે ભાગમાં, પ્ર. આગમોદય સમિતિ ૧૯૧૮–૧૯.

– આનું પુસ્તકાકારે પુનર્મુદ્રણ કેટલાક પાઠભેદ ટિપ્પણ ઉમેરવાપૂર્વક મુનિશ્રી દિવ્યરત્નવિજયજી અને મુનિશ્રી અજિતશેખર વિજયજી મહારાજના પ્રયાસથી બેંગ્લોર–આદિનાથ શ્વેતામ્બર સંઘ દ્વારા થયું છે.

– પં. ભગવાનદાસ હર્ષચન્દ્ર દ્વારા કરાયેલ આ. મલયગિરિસૂરિ ટીકા સહિત ગ્રંથનો ગુજરાતી અનુવાદ વિ.સં. ૧૯૯૧માં દેવનાગરી લિપિમાં પ્રતાકારે ત્રણ ભાગમાં બહાર પડેલ છે. ઉપા. યશોવિજયજીએ ૧૧મા ભાષાપદનું વિવેચન કર્યું છે. આનો પં. ભગવાનદાસે કરેલ અનુવાદ પણ આમાં છપાયો છે.

પ્રસ્તુત પ્રકાશન આ જ સંસ્કરણનું કેટલીક વિશિષ્ટતાઓ જોડવાપૂર્વક પુનર્મુદ્રણ છે.

– આ. અભયદેવસૂરિ કૃત 'તૃતીયપદ સંગ્રહણી' ૧૩૩ શ્લોક પ્રમાણ લઘુરચના છે.

– આ સંગ્રહણી ઉપર ૧૮મી સદીમાં કુલમંડનગણિએ અવચૂરી લખી છે.

– વનસ્પતિસપ્તતિકા કે વનસ્પતિવિચાર પણ ૭૧ ગાથામાં રચાયેલી રચના છે.

– મુનિ પુણ્યવિજયજી આદિ સંપાદિત મૂળ આગમગ્રંથ મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત છે ઈ.સ. ૧૯૬૯, ૧૯૭૧.

– ઉવાંગસૂત્તાણિ ભા.૨ માં પણ પ્રજ્ઞાપનાસૂત્ર છપાયું છે. પ્ર. જૈન વિશ્વભારતી લાડનુ.

– આગમ પ્રકાશન બ્યાવર દ્વારા હિંદિ વિવેચન સાથે મૂળ ગ્રંથ પ્રગટ થયો છે. આ સંસ્કરણની પ્રસ્તાવના આ ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવી છે.

આ ઉપરાંત પણ કેટલાક સ્થળેથી આ આગમગ્રંથ પ્રગટ થયેલ છે.

– આ. હરિભદ્રસૂરિ કૃત પ્રદેશ વ્યાખ્યા (ગ્રંથાગ્ર ૩૭૨૮) ઋષભદેવ કેશરીમલ સંસ્થા રતલામથી ઈ.સ. ૧૯૪૭માં પ્રગટ થયેલ છે.

આ ઉપરાંત પદ્મસૂરિ કૃત અવચૂરિ, ધનવિમલ અને જીવવિજય કૃત બાલાવબોધો, પરમાનંદજી કૃત ટબ્બો (સં.૧૮૭૬) જયાચાર્ય (તેરાપંથી આચાર્ય) કૃત પન્નવણાની જોડ વગેરે રચનાઓ છે.

**ગ્રંથકાર :**

પ્રસ્તુત ઉપાંગગ્રંથની રચના આર્ય શ્યામાચાર્યજીએ કરી છે. તેઓશ્રીની ખ્યાતિ કાલકાચાર્ય (પ્રથમ) તરીકે પણ થયેલી છે.

ભગવાન શ્રી સુધર્માસ્વામિજીના ૨૩મા પટ્ટધર યુગપ્રધાન આચાર્ય તરીકે તેઓશ્રીએ ૯૬ વર્ષના દીર્ઘ આયુષ્ય દરમિયાન ઘણી ઘણી જિનશાસનની પ્રભાવના કરી છે. દ્રવ્યાનુયોગનું એમનું જ્ઞાન અદ્ભૂત હતું.

જ્યારે સૌધર્મેન્દ્ર મહારાજાએ શ્રી સીમંધરસ્વામિ ભગવાનના શ્રીમુખેથી નિગોદનું વર્ણન સાંભળ્યા પછી પ્રભુને પૂછ્યું છે ભગવંત આવું વર્ણન મારા ભરતક્ષેત્રમાં કોઈ કરી શકે તેવું છે? ત્યારે પ્રભુએ કાલકાચાર્યનું નામ આપ્યું અને ઇન્દ્ર મહારાજાએ વૃદ્ધ–બ્રાહ્મણના રૂપે આવી આચાર્ય મહારાજના દર્શનાદિ કર્યા વગેરે ઘટનાઓ પ્રબંધો વગેરેમાં નોંધાઈ છે. (આવી ઘટના આર્યરક્ષિતસૂરિજીના ચરિત્રમાં પણ જોવા મળે છે.)

આર્ય શ્યામાચાર્યજીનો જન્મ વી.સં. ૨૮૦માં થયો હતો. વી.સં. ૩૦૦માં દીક્ષા લઈ આ. ગુણાકરસૂરિ (મેઘગણી)ના શિષ્ય બન્યા. વી.નિ.સં. ૩૩૫માં યુગપ્રધાન પદે આરૂઢ થયા. વી. સં. ૩૭૬માં સ્વર્ગગમન.

**ગ્રંથકારશ્રીની શાસનપ્રભાવના :**

સંપ્રતિ રાજાના અશ્વાબોધ તીર્થના જિર્ણોદ્ધાર પછી મિથ્યાત્વ–દૃષ્ટિ દેવોએ ઉપસર્ગ કર્યો ત્યારે શ્યામાચાર્યજીએ તેની રક્ષા કરી ત્યાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ એકલિંગજીની બીજી આગમવાચનામાં હાજર હતા. આ રીતે તેઓ

મહાજ્ઞાની, પરમસંયમી અને સમર્થ આચાર્ય થયા છે. તેમનાથી કાલિકાચાર્ય ગચ્છ નીકળ્યો છે અને તે બીજા કાલિકાચાર્યથી વિખ્યાત થયો છે. (જૈ.પ.ઇ. ભા.૧ પૃ. ૧૫૦, બીજી આવૃત્તિ)

પ્રભાવક ચરિત્રમાં શ્રી શ્યામાચાર્યજીને આ.ગુણાકરસૂરિ યાને આ. ગુણસુંદરસૂરિના શિષ્ય બતાવ્યા છે.

**ટીકાકાર શ્રી મલયગિરિસૂરિ :**

આ. મલયગિરિસૂરિની ટીકાનો પણ અનુવાદ અહીં આપવામાં આવ્યો છે. આ. મલયગિરિસૂરિ મહારાજની ટીકાને માના ધાવણની ઉપમા આપવામાં આવી છે. એમાં વિપુલ પ્રમાણમાં પદાર્થ નિરૂપણ હોવા છતાં એની રજૂઆત એટલી સરળ અને સરસ રીતે કરવામાં આવી હોય છે કે પ્રારંભિક અભ્યાસી પણ એને સમજી શકે. આ કારણે એમની ટીકાઓનું ગ્રંથાગ્ર પણ મોટા આંકડાઓને આંબતું હોય છે. આ ગ્રંથની ટીકાનું પ્રમાણ ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ છે.

આ. હરિભદ્રસૂરિજી સંસ્કૃત ટીકાઓના આરંભ કરનારા સર્વ પ્રથમ ટીકાકાર મનાય છે. એમની ટીકા સંક્ષિપ્ત અને વિષમપદોને જ સ્પર્શનારી મોટેભાગે હોય છે. એટલે જ હરિભદ્રસૂરિએ જે આગમ આદિ ગ્રંથો ઉપર ટીકા રચી છે તેના ઉપર પણ મલયગિરિસૂરિજીએ કલમ ચલાવી છે. કેમકે આ હરિભદ્રસૂરિ મહારાજની ટીકા મુખ્ય રીતે વિદ્વાનોને જ ઉપયોગી નિવડે તેવી હોય છે. જ્યારે આ. મલયગિરિસૂરિજી વાચકની આંગળી પકડીને આગમ સૂત્રના એક એક પદને સમજાવતાં આગળ વધે છે. શબ્દાર્થ સમજાવી દીધા પછી પણ લાગે કે હજી થોડું વધુ સમજાવવાની જરૂર છે. બધી બાબતો ફરી સળંગ સમજાવવી જરૂરી છે. કંઈક વિશેષ બાબત પણ જણાવવી છે તો તરત किमुक्तं भवति... एतदुक्तं भवति... વગેરે ઉલ્લેખ કરીને દરેક વાતો માંડીને વિગતે કહે છે.

એટલે જ ત્રીજા ઉપાંગ શ્રી જીવાજીવાભિગમ ઉપર આ. હરિભદ્રસૂરિજીની ટીકા હોવા છતાં જેમ મલયગિરિસૂરિજીએ ટીકા રચી છે તેમ પ્રસ્તુત ચોથા ઉપાંગ ઉપર પણ આ. હરિભદ્રસૂરિ મહારાજની પ્રદેશ વ્યાખ્યા હોવા છતાં મલયગિરિજીએ વિસ્તૃત ટીકા રચી છે.

**પ્રજ્ઞાપના સૂત્ર અને ટીકાનું ભાષાંતર :**

પ્રસ્તુત અનુવાદ આજથી ૬૦ વર્ષ પૂર્વે વિ.સં. ૧૯૯૧માં પ્રતાકારે ૩ ભાગમાં પ્રગટ થયેલો.

એના સંપાદક–સંશોધક પં. ભગવાનદાસભાઈએ શ્રીમાન્ સાગરજી મહારાજએ તૈયાર કરેલ સટીક પ્રજ્ઞાપનાસૂત્ર આગમોદય સમિતિના સંસ્કરણ ઉપરાંત એક–બે હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરેલો. તે કાળે ઉપલબ્ધ સાધનો અને સંજોગો પ્રમાણે એ બરાબર ગણાય પરંતુ આ પછી મહાવીર વિદ્યાલય દ્વારા જે મૂળ–આગમ ગ્રંથોનું પ્રકાશન થયું છે તેમાં ઘણી–ઘણી પ્રાચીન પ્રતિઓનો ઉપયોગ કરાયો હોવાથી અને એના સંપાદકોમાં આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ અને આગમપ્રજ્ઞ જંબૂવિજયજી મહારાજ સાહેબ જેવા સમર્થ આગમજ્ઞો હોવાના કારણે એ સંસ્કરણો વધુ શુદ્ધ બન્યા છે. અત્યારે જે ભાગ્યશાળીઓ આગમોને ટકાઉ કાગળ ઉપર લખાવવાની કામગિરી કરી રહ્યા છે તેઓ પણ હવે આ મહાવીર વિદ્યાલયના સંસ્કરણનો ઉપયોગ કરતા હોય છે.

ટીકા ગ્રંથનું આવું વિશિષ્ટ સંશોધનપૂર્વકનું કોઈ સંસ્કરણ થયું નથી એટલે જે સામગ્રી સામે હતી તેના આધારે પં. ભગવાનદાસે અનુવાદ કરેલો.

મહાવીર વિદ્યાલય પ્રકાશિત પન્નવણાસુત્તં ભા.૨ ની પ્રસ્તાવનામાં મુનિશ્રી પુણ્યવિજયજી આદિ સંપાદકોએ પ્રજ્ઞાપના સૂત્રના બધા સંસ્કરણોની સમીક્ષા કરી છે. તેમાં પ્રસ્તુત સંસ્કરણની પણ સમીક્ષા કરી છે. એટલે ટીકાના પાઠમાં અશુદ્ધિઓ હોય તો અનુવાદમાં એટલા અંશે અશુદ્ધિ રહે એનો તો ઉપાય નથી. દા.ત. (મહાવીર વિદ્યાલય પ્રસ્તાવના પૃ. ૧૮૭ કંડિકા ૬૨ મુજબ)–

૨૦૩૨ સૂત્રમાં 'अणंतरा य आहारे' અને ટીકાનો પાઠ 'अनन्तराहाराः' શુદ્ધ છે પણ ટીકાનો મુદ્રિતપાઠ 'अनन्तरागताहारको' હોવાથી મૂળનો પાઠ પણ એને અનુસરતો માન્ય રાખ્યો છે. સૂત્ર ૨૦૩૩માં પણ આવી જ વાત છે.

પ્રસ્તાવના પૃ. ૧૮૭-૧૮૮ કંડિકા ૬૪માં પણ ટીકાના પાઠમાં 'असंख्येय' ના બદલે 'संख्येय' સાચો પાઠ હોવાનું જણાવ્યું છે.

મુનિશ્રી જયાનંદવિજયજીએ યથાશક્ય તમામ બાબતોનું સંશોધન કર્યું છે. મારા શિષ્ય મુનિ હ્રીંકારરત્નવિજયજીએ પણ આ ગ્રંથના પ્રૂફો જોયા છે. શ્રુતસેવાની અનુમોદના.

આ ઉપરાંત આ સંસ્કરણમાં સંપાદક મુનિશ્રી જયાનંદવિજય મ.સા.એ મહાવીર વિદ્યાલય સંસ્કરણની પ્રસ્તાવનામાંથી અને બ્યાવરથી પ્રકાશિત આગમની પ્રસ્તાવનામાંથી ઉપયોગી અંશો આપીને વાચકને એક જ સ્થળે પ્રજ્ઞાપના ગ્રંથ ગ્રંથકાર વિષે અનેક સામગ્રીઓ પીરસીને બહુ મોટો ઉપકાર કર્યો છે.

દ્રવ્યાનુયોગનો આ મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગુજરાતી ભાષામાં બે ભાગમાં પુસ્તકાકારે સુલભ થઈ રહ્યો છે ત્યારે અધિકારી વિદ્વાનો આનો લાભ લઈ આત્મકલ્યાણ કરે એજ મંગળકામના.

વૈ.સુ. ૫ વિ.સં. ૨૦૬૧
આ.ભ.ૐકારસૂરિ મ.સા.ની ૧૭મી પુણ્યતિથિ
વાંકડિયા વડગામ (રાજસ્થાન)

આ.ભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
મુનિરાજશ્રી જિનચન્દ્રવિજય મ.સા.ના વિનેય
**આ. વિજયમુનિચન્દ્રસૂરિ**

## બે શબ્દો

*ભગવાનદાસભાઈએ કરેલ અનુવાદ આ.શ્રી મુનિચંદ્રસૂરિજી અને મુ. શ્રી હ્રીંકારરત્નવિજયજીની સહાયતાથી પુનર્મુદ્રણ કરાવેલ છે. આમાં મૂળ મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત પન્નવણાનુસાર પાઠો આપવા હતાં પણ બે પ્રુફ જોવાઈ ગયા હતાં તેથી યથાશક્ય પ્રયત્ન કરવામાં આવેલ છે. બીજું ભાષાંતર મૂળનું પૂર્વાનુસાર હતું તેથી કેટલાંક શબ્દો ટીપ્પણમાં લીધા છે.*

*આમાં જે કાંઈ ભૂલો રહી ગયી હોય તે પાઠક વર્ગે જણાવવા વિનંતિ. જેથી નવી આવૃત્તિમાં સુધારી શકાય.*

*પન્નવણાનાં વિષયમાં, આ. શ્રી શ્યામાચાર્યજીના અને આ. શ્રી મલયગિરિજીના વિષયમાં બન્ને પ્રસ્તાવનાઓમાં વિવરણ છે. આ. શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રીજીની પ્રસ્તાવના પણ સાભાર આપવામાં આવેલ છે. મહાવીર વિદ્યાલયથી પ્રકાશિત પન્નવણાની પ્રસ્તાવનામાંથી પણ ઉપયોગી ભાગ સાભાર આપવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં ૧ થી ૧૫ પદ આપવામાં આવેલ છે.*

*જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.*

સં. ૨૦૬૨
સીમંધર જિન પંચમ પ્રતિષ્ઠા દિવસ
ભીનમાલધામ, પાલીતાણા

**જયાનંદ**

***(મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત પન્નવણાની પ્રસ્તાવનામાંથી સાભાર)***

## પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમની સંક્ષેપમાં તુલના

પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમ બન્નેનું મૂળ દૃષ્ટિવાદ નામના અંગ સૂત્રમાં છે. એટલે સામગ્રીનો આધાર એક જ છે. બન્ને સંગ્રહગ્રંથો છે. છતાં પણ બન્નેની નિરૂપણશૈલીમાં જે ભેદ છે તે સમજવા જેવો છે. પ્રજ્ઞાપનામાં જીવને કેન્દ્રમાં રાખીને ૩૬ 'પદો' છે, જ્યારે ષટ્ખંડાગમમાં જીવસ્થાન નામના પ્રથમ ખંડમાં કર્મના હ્રાસને કારણે નિષ્પન્ન ગુણસ્થાનો, જે જીવસમાસને નામે નિર્દિષ્ટ છે, તેની માર્ગણા જીવનાં માર્ગણાસ્થાનો ગત્યાદિ દ્વારા કરવામાં આવી છે. તે સમાપ્ત થયે શેષ ખંડમાંથી ખુદ્દાબંધ, બંધસ્વામિત્વ, વેદના, એ ખંડોમાં કર્મને કેન્દ્રમાં રાખીને જીવનો વિચાર છે, એમ કહેવાય. અને વર્ગણાખંડમાં પણ મુખ્ય તો કર્મવર્ગણા જ છે; શેષ વર્ગણાની ચર્ચા તો તેને સમજવા માટે છે. છઠ્ઠો ખંડ તો મહાબંધને નામે જ ઓળખાય છે, એટલે તેમાં પણ કર્મચર્ચા જ મુખ્ય છે. પ્રજ્ઞાપનાનાં ૩૬ પદોમાંથી કર્મ (૨૩), કર્મબંધક (૨૪), કર્મવેદક (૨૫), વેદબંધક (૨૬), વેદવેદક (૨૭), વેદના (૩૫) – એ પદોનાં નામો, જે પ્રજ્ઞાપના મૂળમાં આપવામાં આવ્યાં છે અને ષટ્ખંડમાં જે તે તે ખંડનાં નામો ટીકાકાર દ્વારા સૂચિત કરવામાં આવ્યાં છે, તેની તુલના કરવા જેવી છે. તે તે નામનાં 'પદો'માં જે ચર્ચા પ્રજ્ઞાપનામાં જોવા મળે છે. તેથી ઘણી વધારે ચર્ચા–સૂક્ષ્મ ચર્ચા–ષટ્ખંડાગમમાં સમાન નામે સૂચિત ખંડોમાં છે. આમ પ્રજ્ઞાપનામાં જીવપ્રધાન અને ષટ્ખંડાગમમાં કર્મપ્રધાન નિરૂપણ છે.

પ્રજ્ઞાપનામાં અંગસૂત્રમાં અપનાવાયેલી પ્રશ્નોત્તરપ્રધાન શૈલી જોવા મળે છે. અને ઘણે પ્રસંગે તો ગૌતમ અને ભગવાનના જ પ્રશ્નોત્તરો હોય એમ પણ સ્પષ્ટ છે. પરંતુ ષટ્ખંડાગમમાં ઉદ્દેશ–નિર્દેશ–વિભાગ એ શાસ્ત્રપ્રક્રિયાનું અનુસરણ છે. ક્વચિત જ પ્રશ્ન અને ઉત્તરો જોવા મળે છે.[1]

પ્રજ્ઞાપના એક જ આચાર્યની સંગ્રહકૃતિ છે, પણ ષટ્ખંડાગમ વિષે તેમ નથી. પ્રજ્ઞાપનામાં કોઈ ચૂલિકા નથી, પણ ષટ્ખંડાગમમાં અનેક ચૂલિકાઓ[2] ઉમેરવામાં આવી છે. તે ઉમેરો કોણે, ક્યારે કર્યો તે જાણી શકાયું નથી; પણ ચૂલિકા નામ જ સૂચવે છે કે તે પાછળથી ઉમેરવામાં આવી છે — જેમ દશવૈકાલિક વગેરે આગમ ગ્રંથોમાં જોવા મળે છે.

પ્રજ્ઞાપના મૌલિક સૂત્રરૂપે લખાયેલ છે, જ્યારે ષટ્ખંડાગમ સૂત્ર ઉપરાંત **અનુયોગ**=વ્યાખ્યાની શૈલીને પણ અનુસરે છે, કારણ, તેમાં ઘણીવાર અનુયોગનાં દ્વારો વડે વિચારણા કરવામાં આવી છે, જે વ્યાખ્યાની શૈલીને સૂચવે છે; જેમ કે '**अणिओगद्दाराणि**' એમ અનેક દ્વારો સૂચવીને પછી તે દ્વારોના ક્રમે વિચારણા છે.[3] ઉપરાંત કૃતિ, વેદના, કર્મ–જેવા શબ્દોની વ્યાખ્યા નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ આદિ નિક્ષેપો દ્વારા પણ કરવામાં આવી છે, જે જૈનાગમોની નિર્યુક્તિ–પ્રકારની વ્યાખ્યાશૈલીનું સ્પષ્ટ અનુકરણ છે.[4] 'अनुगम'[5], 'संतपरूवणा'[6], 'निद्देश'[7], 'विहासा'[8], 'विभाषा'[9] જેવા શબ્દોનો પ્રયોગ પણ વ્યાખ્યાશૈલી પ્રત્યે ઈશારો કરી દે છે.

તત્ત્વાર્થસૂત્રમાં જે અનેક પ્રકારે અનુયોગદ્વારોનું પ્રથમ અધ્યાયમાં વર્ણન છે તેની વ્યવસ્થા પ્રજ્ઞાપનામાં હજી થઈ ન હતી તેમ જણાય છે, કારણ, તેમાં પ્રથમ એ અનુયોગદ્વારોને ગણાવીને કોઈ નિરૂપણ નથી; પરંતુ ષટ્ખંડાગમમાં તો આઠ અનુયોગદ્વારોના

1. ષટ્ખંડાગમ, પુસ્તક ૮, 'બંધસામિત્તવિચય' પ્રકરણ જેવા સ્થાનોમાં ક્વચિત્ પ્રશ્નોત્તરશૈલી છે. 2. ષટ્ખંડાગમ, પુસ્તક ૬માં કુલ નવ ચૂલિકા છે, પુસ્તક ૧૦માં એક છે, પુસ્તક ૧૧માં બે ચૂલિકા છે, પુસ્તક ૧૨માં ત્રણ ચૂલિકા છે. પુસ્તક ૧૪માં તો સૂત્ર ૫૮૧માં જ જણાવ્યું છે કે "एत्तो उवरिमगंथो चूलिया णाम"॥ 3. ષટ્ખંડાગમ, પુસ્તક ૧, સૂત્ર ૫; પુસ્તક ૯, સૂત્ર ૪૫; પુસ્તક ૧૦, સૂત્ર ૧; પુસ્તક ૧૧, સૂત્ર ૧; પુસ્તક ૧૧, સૂત્ર ૧૬૫; પુસ્તક ૧૨, સૂત્ર ૧; પુસ્તક ૧૩, સૂત્ર ૨ ઇત્યાદિ. 4. ષટ્ખંડાગમ, પુસ્તક ૯, સૂત્ર ૪૫થી માંડીને આ પ્રક્રિયા પુસ્તક ૧૪ સુધી બરાબર જોવા મળે છે. 5. એજન, પુસ્તક ૧, સૂત્ર ૭; પુસ્તક ૩, સૂત્ર ૧ ઇત્યાદિ. 6. એજન, પુસ્તક ૧, સૂત્ર ૭; પુસ્તક ૯, સૂત્ર ૭૧. 7. એજન, પુસ્તક ૧, સૂત્ર ૮; પુસ્તક ૩, સૂત્ર ૧ ઇત્યાદિ. 8. એજન, પુસ્તક ૬, સૂત્ર ૨, પૃષ્ઠ ૪; પુસ્તક ૬, સૂત્ર ૧, પૃષ્ઠ ૧૪૫; પુસ્તક ૧૪, સૂત્ર ૧. 9. બૌદ્ધોમાં વિભાષાને મહત્ત્વ આપનાર મત વૈભાષિક તરીકે જાણીતો છે, તેની અહીં નોંધ લેવી જોઈએ.

નિર્દેશપૂર્વક[1] સ્પષ્ટ નિરૂપણ છે. એવાં અનુયોગદ્વારોની નિર્માણભૂમિકા તો પ્રજ્ઞાપનામાં ખડી થઈ છે, જેને આધારે આગળ જઈ અનુયોગદ્વારોનું નિરૂપણ થવા લાગ્યું. તત્ત્વાર્થસૂત્ર (૧. ૮.)માં સતસંખ્યા ઇત્યાદિ આઠ અનુયોગદ્વારોનો નિર્દેશ છે. આવો કોઈ નિર્દેશ પ્રજ્ઞાપનામાં નથી. પરંતુ તેમાં જુદાં જુદાં પદોમાંથી આ અનુયોગદ્વારોનું સંકલન કરવું સંભવ છે. એવા નિશ્ચિત સંકલનનો ઉપયોગ ષટ્ખંડાગમમાં થયો છે, જે તે બન્નેના કાળ વિષે અવશ્ય પ્રકાશ ફેંકે છે, અને સિદ્ધ કરે છે કે ષટ્ખંડાગમ પ્રજ્ઞાપના પછીની જ રચના કે સંકલન હશે.

'गदियाणुवादेण', 'इंदियाणुवादेण', 'कायाणुवादेण' ઇત્યાદિ[2] શબ્દોથી તે તે માર્ગણાદ્વારોની ચર્ચાનો પ્રારંભ કરવાની પદ્ધતિ ષટ્ખંડાગમમાં સર્વત્ર અપનાવવામાં આવી છે, જેનું અનુસરણ પ્રજ્ઞાપનામાં ક્વચિત જ જોવા મળે છે. માત્ર 'दिसाणुवाएण' અને 'खेत्ताणुवाएण' એ બે શબ્દો[3] વપરાયા છે, પણ ગતિ આદિની ચર્ચામાં 'गइअणुवाएण' જેવો પ્રયોગ નથી.

પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમમાં કેટલેક સ્થળે તો નિરૂપણ ઉપરાંત શબ્દસામ્ય પણ છે, જે સૂચવે છે કે બન્ને પાસે સમાન પરંપરા હતી. નિરૂપણસામ્ય એટલે કે તે તે બાબતોમાં મતૈક્ય તો અધિકાંશે બન્નેમાં જોવા મળે જ છે. તેથી તેની જુદી નોંધ લેવી જરૂરી નથી. પણ જ્યાં શબ્દસામ્ય સ્પષ્ટ છે તેની નોંધ લેવી જરૂરી છે.

સામાન્ય રીતે કહી શકાય કે બન્ને ગ્રંથો ગદ્યમાં લખાયા છે, પરંતુ તેમાં ગાથાઓ પણ છે. તે ગાથાઓમાંથી કેટલીક તો પારંપરિક સંગ્રહણીગાથાઓ જ હોવી જોઈએ, એમ જણાય છે. પ્રજ્ઞાપનાની ગાથા નં. ૯૯, ૧૦૦ અને ૧૦૧ ષટ્ખંડાગમમાં પણ મળે છે, તે આ પ્રમાણે —

**पुस्तक १४, सूत्र १२१** — "तत्थ इमं साहारणलक्खणं भणिदं

सूत्र १२२ साहारणमाहारो साहारणमाणपाणगहणं च ।
साहारणजीवाणं साहारणलक्खणं भणिदं ॥

सूत्र १२३ एयस्स अणुग्गहणं बहूण साहारणाणमेयस्स ।
एयस्स जं बहूणं समासदो तं पि होदि एयस्स ॥

सूत्र १२४ समगं वक्कंताणं समगं तेसिं सरीरणिप्पत्ती ।
समगं च अणुग्गहणं समगं उस्सासणिस्सासो ॥

ષટ્ખંડાગમમાં ધ્યાન દેવા જેવી એક વાત એ છે કે તેમાં भणिदं કહીને આ ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે, જ્યારે પ્રજ્ઞાપનામાં તેવો કોઈ નિર્દેશ નથી. જે ક્રમે પ્રસ્તુતમાં ઉદ્ધરણ છે તે અનુક્રમે પ્રજ્ઞાપનામાં નં. ૧૦૧, ૧૦૦, ૯૯ છે. અર્થાત્ ત્રણે ગાથા વ્યુત્ક્રમે પ્રજ્ઞાપનામાં મળે છે. વળી, પ્રસ્તુત સૂત્ર ૧૨૨ ગત ગાથામાં "लक्खणं भणिदं" એવો પાઠ છે, જ્યારે પ્રજ્ઞાપનામાં ગાથા ૧૦૧માં "लक्खणं एयं" એવો પાઠ છે. સૂત્ર ૧૨૩ ગત ગાથા અને પ્રજ્ઞાપનાગત ગાથા ૧૦૦ એક જ છે, પણ ષટ્ખંડાગમ કરતાં પ્રજ્ઞાપનાગત પાઠ વિશુદ્ધ છે; જ્યારે ષટ્ખંડાગમમાં તે અવ્યવસ્થિત થઈ ગયો છે. સૂત્ર ૧૨૪ ગત ગાથા અને પ્રજ્ઞાપનાગત ગાથા ૯૯ એક જ છે, પણ તેમાં પણ પાઠાંતરો છે. પ્રજ્ઞાપનાગત પાઠ વિશુદ્ધ છે.

પ્રજ્ઞાપનામાં જીવોના અલ્પબહુત્વવિચાર પ્રસંગે 'महादंडय'નો પ્રારંભ આમ છે — "अह भंते! सव्वजीवप्पबहुं महादंडयं वत्तइस्सामि—सव्वत्थोवा गब्भवक्कंतिया मणुस्सा..." અને અંત આમ છે — "सजोगी विसेसाहिया ९६, संसारत्था विसेसाहिया ९७, सव्वजीवा विसेसाहिया ९८।।" सूत्र ३३४

ષટ્ખંડાગમમાં પણ 'महादंडअ' છે જ. તેમાં તેનો પ્રારંભ આ પ્રમાણે છે — "एत्तो सव्वजीवेसु महादंडओ कादव्वो भवदि। सव्वत्थोवा मणुस्सपज्जात्ता गब्भोवक्कंतिया" અને અંતે "णिगोदजीवा विसेसाहिया।।"—પુસ્તક ૭, સૂત્ર ૧–૭૯

1. ષટ્ખંડાગમ, પુસ્તક ૧, સૂત્ર ૭, પૃષ્ઠ ૧૫૫. 2. એજન, પુસ્તક ૧, સૂત્ર ૨૪, ૩૩, ૩૯ ઇત્યાદિ. 3. પ્રજ્ઞાપના સૂત્ર ૨૧૩–૨૨૪, ૨૭૬–૩૨૪, ૩૨૬–૩૨૯.

વિચારણામાં બન્નેમાં થોડો જે ફેર છે, તે એ કે પ્રજ્ઞાપનામાં આ અલ્પબહુત્વમાં કુલ ૯૮ ભેદો લીધા છે, જ્યારે ષટ્ખંડાગમમાં તેની સંખ્યા ૭૮ છે. આનું કારણ પ્રભેદોનો ગૌણ–મુખ્ય ભાવ ગણવું જોઈએ. પણ ખાસ વાત એ છે કે બન્ને આ વિચારણાને[1] **'મહાદંડક'** એવું એક જ નામ આપે છે, જે બન્નેની સામાન્ય પરંપરાનું સૂચન કરે છે. વળી, પ્રજ્ઞાપનાગત **'वत्तइस्सामि'** પ્રયોગ અને ષટ્ખંડાગમગત **'कादव्वो'** પ્રયોગ પણ સૂચક છે.

પ્રજ્ઞાપનાસૂત્રનું બીજું પદ 'સ્થાનપદ' છે, તેમાં નાનાપ્રકારના – **એકેન્દ્રિયથી** માંડીને સિદ્ધના – જીવો લોકમાં ક્યાં ક્યાં છે તેનું વર્ણન છે. આ જ પ્રકારનું વર્ણન ષટ્ખંડાગમના બીજા ખંડમાં ક્ષેત્રાનુગમ નામના પ્રકરણમાં (પુસ્તક ૭, પૃષ્ઠ ૨૯૯થી) છે. ભેદ માત્ર એ છે કે તેમાં ગતિ આદિ દ્વારો વડે ક્ષેત્રનો વિચાર છે, જ્યારે પ્રજ્ઞાપનામાં ક્રમે એકેન્દ્રિયથી માંડી સિદ્ધ સુધીના જીવોના ક્ષેત્રનો વિચાર છે. પ્રજ્ઞાપનામાં નિરૂપણ વિસ્તૃત છે, જ્યારે ષટ્ખંડાગમમાં સંક્ષિપ્ત છે.

પ્રજ્ઞાપનામાં અલ્પબહુત્વ અનેક દ્વારો વડે વિચારાયું છે. તેમાં જીવ–અજીવ બન્નેનો વિચાર છે. ષટ્ખંડાગમમાં પણ ૧૪ ગુણસ્થાનોમાં ગત્યાદિ માર્ગણાસ્થાનો વડે જીવના અલ્પબહુત્વનો વિચાર છે[2], જે પ્રજ્ઞાપનાથી વધારે સૂક્ષ્મ છે. ઉપરાંત, ષટ્ખંડાગમમાં માત્ર ગત્યાદિ માર્ગણાની દૃષ્ટિએ પણ[3] અલ્પબહુત્વનો વિચાર જોવા મળે છે; તેમાં પ્રજ્ઞાપનાના અલ્પબહુત્વની માર્ગણાનાં દ્વારો ૨૬ છે, જ્યારે ષટ્ખંડાગમમાં ગત્યાદિ ૧૪ દ્વારો છે. તેમાંનાં ગત્યાદિ ૧૪ બન્નેમાં સમાન છે, જે નીચેની સૂચીથી જાણવા મળે છે –

| પ્રજ્ઞાપના | ષટ્ખંડાગમ (પુસ્તક ૭, પૃષ્ઠ ૫૨૦) | પ્રજ્ઞાપના | ષટ્ખંડાગમ (પુસ્તક ૭, પૃષ્ઠ ૫૨૦) |
|---|---|---|---|
| ૧. દિશા[4] | – | ૧૪. આહાર | ૧૪.. આહારક |
| ૨. ગતિ | ૧. ગતિ | ૧૫. ભાષક | – |
| ૩. ઇન્દ્રિય | ૨. ઇન્દ્રિય | ૧૬. પરિત્ત | – |
| ૪. કાય | ૩. કાય | ૧૭. પર્યાપ્ત | – |
| ૫. યોગ | ૪. યોગ | ૧૮. સૂક્ષ્મ | – |
| ૬. વેદ | ૫. વેદ | ૧૯. સંજ્ઞી | ૧૩. સંજ્ઞી |
| ૭. કષાય | ૬. કષાય | ૨૦. ભવ | ૧૧. ભવ્ય |
| ૮. લેશ્યા | ૧૦. લેશ્યા | ૨૧. અસ્તિકાય | – |
| ૯. સમ્યક્ત્વ | ૧૨. સમ્યક્ત્વ | ૨૨. ચરિમ | – |
| ૧૦. જ્ઞાન | ૭. જ્ઞાન | ૨૩. જીવ | – |
| ૧૧. દર્શન | ૯. દર્શન | ૨૪. ક્ષેત્ર | – |
| ૧૨. સંયત | ૮. સંયમ | ૨૫. બંધ | – |
| ૧૩. ઉપયોગ | – | ૨૬. પુદ્ગલ | – |

ધ્યાન દેવાની વાત એ છે કે પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમ બન્નેમાં આ પ્રકરણને અંતે **'મહાદંડક'** છે – જુઓ પુસ્તક ૭, પૃષ્ઠ ૫૭૫.

પહેલાં જણાવ્યા પ્રમાણે આ મહાદંડકમાં ૯૮ જીવ ભેદો પ્રજ્ઞાપનામાં છે; જ્યારે ષટ્ખંડાગમમાં ૭૮ છે. ઉપરની સૂચીથી એ પણ જણાય છે કે વિચારણીય દ્વારોની સંખ્યા પણ પ્રસ્તુત પ્રકરણમાં પ્રજ્ઞાપનામાં વધારે છે. આ ઉપરથી કહી શકાય કે પ્રજ્ઞાપનાનું

1. ષટ્ખંડાગમમાં અન્યત્ર પણ 'महादंडअ' શબ્દનો પ્રયોગ છે – પુસ્તક ૧૪, સૂત્ર ૬૪૩, પૃષ્ઠ ૫૦૧; પુસ્તક ૧૧, સૂત્ર ૩૦ માં – 'ओगाहणमहादंडओ।' પુસ્તક ૬, સૂત્ર ૧, પૃષ્ઠ ૧૪૦, ૧૪૨ 2. ષટ્ખંડાગમ, પુસ્તક ૫, પૃષ્ઠ ૧૪૧ થી. 3. એજન, પુસ્તક ૭, પૃષ્ઠ ૫૨૦ થી. 4. પ્રજ્ઞાપના, પદ ૧૮માં પણ આમાંના ૧, ૨૪–૨૬ એ વિના ૨૨ દ્વારોમાં વિચાર છે – સૂત્ર ૧૨૫૯

પ્રસ્તુત પ્રકરણ વિચારણાનો વિકાસ સૂચવે છે, જ્યારે ષટ્ખંડાગમમાં તે પ્રકરણ તેથી જૂની પરંપરા પ્રમાણે સ્વીકારી લેવામાં આવ્યું છે.

ખરી વાત એવી જણાય છે કે પ્રથમ જીવસ્થાન નામના ખંડમાં ૧૪ ગુણસ્થાનમાં ૧૪ ગત્યાદિ માર્ગણાસ્થાનો ઘટાવ્યાં છે, પરંતુ બીજા ખંડ ખુદ્દાબંધમાં પ્રક્રિયા બદલાઈ જાય છે. તેમાં બંધક=જીવ આદિનો વિચાર ૧૪ માર્ગણાસ્થાનોમાં કરવામાં આવ્યો છે. તેમાં ગુણસ્થાનને લઈને વિચાર નથી. આથી પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમની શૈલી આ પ્રકરણમાં એક જેવી છે.

તેવી જ રીતે જીવની સ્થિતિનો વિચાર અનેક રીતે ષટ્ખંડાગમમાં છે. તેમાંથી કાલાનુગમમાં (પુસ્તક ૭, પૃષ્ઠ ૧૧૪થી) જીવોની કાલસ્થિતિ ગત્યાદિ ૧૪ દ્વારો વડે વિચારાઈ છે. પરંતુ પ્રજ્ઞાપનામાં ૨૪ દંડકને નામે ઓળખાતા જીવના મુખ્ય ૨૪ ભેદો અને તેના પ્રભેદોને લઈને કાલવિચાર છે – પ્રજ્ઞાપના, સ્થિતિપદ ચોથું.

આ જ પ્રમાણે 'અવગાહના', 'અંતર' આદિ અનેક બાબતોની સમાન વિચારણા બન્નેમાં છે, પરંતુ તે વિશે વિશેષ લખવાનું મોકુફ રાખી અત્યારે એટલું જ સૂચવવું બસ થશે કે આ બન્ને ગ્રંથોની સૂક્ષ્મ દૃષ્ટિથી તુલના કરવા જેવી છે.

વળી, બન્નેની એક બીજી સમાનતા પણ આશ્ચર્ય ઉપજાવે તેવી છે. ગત્યાગતિની ચર્ચામાં જ બન્નેમાં તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ પદની પ્રાપ્તિની ચર્ચા છે. – પ્રજ્ઞાપના, સૂત્ર ૧૪૪૪–૧૪૬૫. ષટ્ખંડાગમ, પુસ્તક ૬, સૂત્ર ૨૧૬, ૨૨૦ ઇત્યાદિ. પણ પ્રજ્ઞાપનામાં માંડલિક પદ વિશેષ છે અને રત્નપદ પણ વિશેષ છે – પ્રજ્ઞાપના, સૂત્ર ૧૪૬૬–૬૯.

જેમ પ્રજ્ઞાપનામાં નિર્યુક્તિની અનેક ગાથાઓ છે, તેમ ષટ્ખંડાગમમાં પણ તે ગાથાઓ મળી આવે છે તે સૂચવે છે કે નિર્યુક્તિમાં સમાન પરંપરામાંથી ગાથાઓ સંઘરવામાં આવી છે. આથી નિર્યુક્તિ વિષે સ્વતંત્ર વિચાર કરીને તેમાં આચાર્ય ભદ્રબાહુ, તે પ્રથમ હોય કે બીજા, તેમની ગાથાઓ કેટલી અને તેમને પરંપરાપ્રાપ્ત કેટલી? – જુઓ ષટ્ખંડાગમમાં ગાથાસૂત્રો, પુસ્તક ૧૩ માં સૂત્ર ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૫, ૧૬ ઇત્યાદિ અને આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૩૧ થી; વિશેષાવશ્યક, ગાથા ૬૦૪થી.

પ્રજ્ઞાપના ઉપાંગ એ આર્ય શ્યામાચાર્યની રચના છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે તેમાંની બધી જ બાબતો તેમણે પોતે જ વિચારીને રજૂ કરી છે. કારણ, તેમનું પ્રયોજન તો શ્રુતપરંપરામાંથી હકીકતોનો સંગ્રહ કરવાનું અને તેની માત્ર ગોઠવણી અમુક પ્રકારે કરવી એ હતું. આથી આપણે જોઈ શકીએ છીએ કે પ્રારંભમાં પ્રથમ પદમાં જીવના જે અનેક ભેદો જણાવ્યા છે, તે જ ભેદોમાં એટલે કે તે બધા જ ભેદોમાં દ્વિતીય 'સ્થાન' આદિ 'દ્વારો'–બાબતોની ઘટના તેઓએ રજૂ કરી નથી. સ્થાન આદિ દ્વારોનો વિચાર તેમની સમક્ષ જે રીતે–જે વિવિધ રીતે–તેમની પૂર્વેના આચાર્યોએ કર્યો હતો, તે વિદ્યમાન હતો, એટલે તે તે દ્વારોમાં તે તે વિચારોનો સંગ્રહ કરી લેવો – એ કાર્ય આર્ય શ્યામાચાર્યનું હતું. આથી 'સ્થાન' આદિ દ્વારોમાં થયેલ વિચાર યદ્યપિ સર્વ જીવોને સ્પર્શે છે, પણ વિવરણ એટલે કે જીવના ક્યા ભેદોમાં તે તે દ્વારોનો વિચાર કરવો, તેમાં ઐકમત્ય નથી. તે તે દ્વારોના વિચારપ્રસંગે જીવોના ક્યા ક્યા ભેદ–પ્રભેદોનો વિચાર કરવો તે, તે તે વિષયના નિરૂપણની સરલતાની દૃષ્ટિએ થયું છે. જો એક જ વ્યક્તિ પોતે જ બધું વિચારીને નિરૂપવા બેસે તો જુદી રીતે જ વર્ણવી શકે એમ સંભવ છે, પણ આમાં એમ નથી બન્યું. આમાં તો જુદા જુદા આચાર્યોએ જુદે જુદે કાળે જે જે વિચાર કર્યો, તે પરંપરાથી આર્ય શ્યામાચાર્યને પ્રાપ્ત થયો અને તે વિચારપરંપરાને તેમણે આમાં એકત્ર કરી છે. આ દૃષ્ટિએ વિચારીએ તો પ્રજ્ઞાપના એ તે કાળની વિચારપરંપરાનો વ્યવસ્થિત સંગ્રહ છે. આ જ કારણ છે કે જ્યારે આગમોનું લેખન થયું ત્યારે તે તે વિષયની સમગ્ર વિચારણા માટે પ્રજ્ઞાપના જોઈ લેવાની ભલામણ કરવામાં આવી.

જૈન આગમના મુખ્ય બે વિષયો છે – જીવ અને કર્મ. એક વિચારણાનો ઝોક એવો દેખાય છે કે તેમાં **જીવને મુખ્ય રાખીને** તેના અનેક વિષયો, જેવા કે તેના કેટલા પ્રકાર છે, તે ક્યાં રહે છે, તેનું આયુ કેટલું છે, તે મરીને એક પ્રકારમાંથી બીજા કયા પ્રકારમાં જઈ શકે છે કે તે તે પ્રકારમાં આવી શકે છે, તેની ઇન્દ્રિયો કેટલી, વેદ કેટલા, જ્ઞાન કેટલાં, તેમાં કર્મ કયાં–ઇત્યાદિની વિચારણા થાય છે; પરંતુ બીજા પ્રકારની વિચારણાનો ઝોક કર્મને મુખ્ય રાખીને છે. તેમાં કર્મ કેટલા પ્રકારનાં અને તે વિવિધ પ્રકારના જીવોના વિકાસ કે હ્રાસમાં કેવો ભાગ ભજવે છે – આવો વિચાર મુખ્ય આવે છે. આથી આમાં જીવના વિકાસક્રમને લક્ષીને ૧૪ ગુણસ્થાનો,

જે જીવસમાસને નામે ઓળખાયાં, તેની માર્ગણા–શોધ માટે ચૌદ માર્ગણાસ્થાનો નક્કી કરવામાં આવ્યાં. **આ માર્ગણાસ્થાનો એટલે કે શોધ માટેનાં દ્વારો તે જીવોના ગતિ આદિને કારણે થતા વિવિધ પ્રકારે ભેદો છે.**

પ્રથમ પ્રકારના ઝોકનું દૃષ્ટાન્ત **પ્રજ્ઞાપના** પૂરું પાડે છે. અને દ્વિતીય પ્રકારનો ઝોક પ્રાચીન **કર્મપ્રકૃતિ** આદિ કર્મસાહિત્ય, ષટ્ખંડાગમ વગેરેમાં જોવા મળે છે.

વસ્તુસ્થિતિ આવી હોઈ પૌર્વાપર્યની વિચારણા ઘણી કઠણ બની જાય છે. પંદરમી શતાબ્દી કે તે પછી પણ જ્યારે સ્થાનકવાસી પરંપરાએ આગમોની વિચારણાને ભાષામાં થોકડારૂપે રજૂ કરવા પ્રયત્ન કર્યો, ત્યારે એનાં એ જ માર્ગણાદ્વારો વગેરે બાલ જીવને સરલ રીતે સમજાય એવી રીતે રજૂ કર્યાં, અને અંગ ગણાતા સ્થાનાંગમાં પણ તે જ સંખ્યાને મુખ્ય રાખીને હકીકતો રજૂ કરવામાં આવી છે. પણ જે કાળનું સ્થાનાંગ છે તે જ કાળમાં જટિલ રીતે પણ જીવ અને કર્મની હકીકતો રજૂ કરવામાં આવી હતી. આથી માત્ર વિષયનિરૂપણની સરલ કે જટિલ પ્રક્રિયા અથવા તો વિષયની સૂક્ષ્મ કે ગંભીર ચર્ચા જોઈને પૌર્વાપર્યનો વિચાર નિર્ણાયક બની શકે એમ નથી. કારણ, એવી રચનાનો આધાર લેખકના પ્રયોજન ઉપર છે, નહીં કે તેમાં ચર્ચાતા સૂક્ષ્મ કે સ્થૂલ વિષય ઉપર. આથી પ્રજ્ઞાપના કરતાં ષટ્ખંડાગમની ચર્ચા ઘણી જ આગળ વધી ગયેલી જણાય છે, છતાં પણ માત્ર તે બન્નેમાં ચર્ચિત વિષયની સૂક્ષ્મતા કે સ્થૂલતા ઉપરથી તેમના પૌર્વાપર્યને નક્કી કરવામાં ગંભીર ભૂલ થવા સંભવ છે. આથી કોઈ બીજો જ માર્ગ લઈને તેવા ગ્રંથોનો નિર્ણય સ્વતંત્ર રીતે કર્યા પછી જ તેમનું પૌર્વાપર્ય નક્કી થઈ શકે. બન્ને પ્રકારના સાહિત્યનું મૂળ બન્નેને મતે દૃષ્ટિવાદ છે. આથી દૃષ્ટિવાદના જ વિષયને અનેક રીતે, અનેક પ્રયોજન સિદ્ધ કરવા, અનેક આચાર્યોએ નિરૂપિત કર્યો છે. આ પણ એક મુશ્કેલી છે – જેથી પૌર્વાપર્ય નક્કી કરવામાં સ્થૂલ કે સૂક્ષ્મ વિચાર પ્રસ્તુતમાં બાધક બને છે. અન્યથા એ કહેવું બહુ સરલ હતું કે ષટ્ખંડાગમમાં જે વિચારની સૂક્ષ્મતા દેખાય છે તે પ્રકારની સૂક્ષ્મ ચર્ચા પ્રજ્ઞાપનામાં નથી માટે તે ષટ્ખંડાગમ કરતાં પ્રાચીન છે. પરંતુ ઉપર જણાવેલી મુશ્કેલીને કારણે માત્ર આ દલીલને આધારે પ્રજ્ઞાપનાને પ્રાચીન ઠરાવવું એ અયોગ્ય જણાય છે. તેથી તે માર્ગ છોડી દેવો એ જરૂરી છે. અને ષટ્ખંડાગમ અને પ્રજ્ઞાપના – એ બેમાં કોણ પ્રાચીન એની વિચારણા જુદી જ રીતે કરવી જરૂરી છે. એ કર્યા પછી ઉક્ત દલીલનો ઉપયોગ થઈ શકે.

એક વાત તો નિશ્ચિત જ છે કે ષટ્ખંડાગમમાં – તેના કેટલાક ભાગોમાં – જે પ્રકારે અનુયોગદ્વારસૂત્રમાં અનુયોગદ્વાર વડે વ્યાખ્યા કરવાની પદ્ધતિ એટલે કે નયનિક્ષેપ આદિ પદ્ધતિ દ્વારા વસ્તુનિરૂપણ કરવાની જે પદ્ધતિ મળે છે, તેનું જ અનુસરણ સ્પષ્ટ છે. એવું કાંઈ જ પ્રજ્ઞાપનામાં નથી, એ બાબત પ્રજ્ઞાપનાની ષટ્ખંડાગમ કરતાં પ્રાચીનતા નિર્વિવાદપણે સિદ્ધ કરે છે. વળી, પ્રજ્ઞાપનાનો સમય, આગળ જણાવવામાં આવશે તે પ્રમાણે, ઈસ્વીસન પૂર્વેનો જ છે; જ્યારે ષટ્ખંડાગમની રચના વીર નિર્વાણ પછી ૬૮૩ (ઈ. ૧૫૬) વર્ષ પછી જ ક્યારેક થઈ છે. તેથી તો નિર્વિવાદપણે કહી શકાય કે પ્રજ્ઞાપના એ ષટ્ખંડાગમથી પૂર્વવર્તી જ છે.

વળી, ૧૪ જીવસ્થાન, ૧૪ ગુણસ્થાન જેવી સ્થિર પ્રક્રિયા જે કાળમાં નિશ્ચિત થઈ, એટલે કે વિચારણાનાં અનેક દ્વારો વડે પૂર્વકાળે જે વિચાર થતો હતો તેને સ્થાને ૧૪ જીવસ્થાન અને ૧૪ ગુણસ્થાનને લઈને વિચાર કરવાની પદ્ધતિ જે કાળે સ્થિર થઈ, ત્યાર પછીના કાળે તેનું અનુસરણ બરાબર થયું છે. આવી કોઈ નિશ્ચિત પરંપરા પ્રજ્ઞાપનામાં દેખાતી નથી, પરંતુ ષટ્ખડાગમમાં સ્પષ્ટ છે. આથી સિદ્ધ થઈ શકે છે કે પ્રજ્ઞાપના કરતાં ષટ્ખંડાગમ એ પછીના કાળની રચના છે. આમ પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમનું પૌર્વાપર્ય અનેક રીતે સિદ્ધ કરી શકાય છે, એટલે પ્રજ્ઞાપનાને ષટ્ખંડાગમની પૂર્વવર્તી ગ્રંથ માનવો જરૂરી છે.

## પ્રજ્ઞાપનાના કર્તા અને એમનો સમય

પ્રજ્ઞાપનાના મૂળમાં તો ક્યાંય તેના કર્તાનો નિર્દેશ નથી. પણ તેના પ્રારંભના મંગલ પછી બે ગાથાઓ છે, જેની વ્યાખ્યા આચાર્ય હરિભદ્રે અને આચાર્ય મલયગિરિએ પણ કરી છે. છતાં તેઓ બન્ને તે બન્ને ગાથાઓને પ્રક્ષિપ્ત જ માને છે. તે ગાથાઓમાં

આર્ય શ્યામાચાર્યનો કર્તા તરીકે ઉલ્લેખ છે. એટલે આચાર્ય હરિભદ્રના સમય પૂર્વે પણ પ્રજ્ઞાપના શ્યામાચાર્યની કૃતિ તરીકે પ્રસિદ્ધ હતું એમ માની શકાય.

આચાર્ય મલયગિરિએ તો તેમને વિષે "भगवान् आर्यश्यामोऽपि इत्थमेव सूत्रं रचयति" (ટીકા, પત્ર ૭૨) "भगवान् आर्यश्यामः पठति" (ટીકા, પત્ર ૪૭). "सर्वेषामपि प्रावचनिकसूरीणां मतानि भगवान् आर्यश्याम उपदिष्टवान्" (ટીકા, પત્ર ૩૮૫), "भगवदार्यश्यामप्रतिपत्तौ" (ટીકા, પત્ર ૩૮૫)[1] ઇત્યાદિ પ્રયોગોમાં ભગવાનનું પદ આપી દીધું છે, તે તેમનું મહત્ત્વ સૂચવે છે. ઉક્ત બે પ્રક્ષિપ્ત ગાથા ઉપરથી ફલિત થાય છે કે આર્ય શ્યામ વાચકવંશમાં થયા છે અને તેઓ પૂર્વશ્રુતમાં વિશારદ હતા. પ્રજ્ઞાપનાની રચનામાં તેમણે એવા પ્રકારની કુશળતા દેખાડી છે કે અંગ–ઉપાંગમાં પણ અનેક વિષયોની વિસ્તૃત ચર્ચા માટે પ્રજ્ઞાપનાની ભલામણ કરવામાં આવી છે.

નન્દીસૂત્રની પટ્ટાવલીમાં સુધર્માથી માંડીને એક પછી એક જે નામો અપાયાં છે તેમાં ૧૧મું નામ "वंदिमो हारियं च सामज्जं" – એ પ્રકારે આર્ય શ્યામનું નામ આવે છે અને તેમને હારિત ગોત્રના ગણાવ્યા છે. પરંતુ ઉક્ત પ્રજ્ઞાપનાના પ્રારંભની પ્રક્ષિપ્ત ગાથામાં તેમને વાચકવંશમાં ૨૩મા જણાવ્યા છે તેને અનુસરીને આચાર્ય મલયગિરિ પણ તેમને ત્રેવીસમી પાટે ગણે છે. એમાં માત્ર ૨૩મી પાટનો નિર્દેશ છે, પણ સુધર્માથી શ્યામાચાર્ય સુધીનાં નામો વિષેની કોઈ નોંધ નથી.

પટ્ટાવલિઓ ઉપરથી ત્રણ કાલકાચાર્ય થયાની હકીકત જાણવા મળે છે. એક કાલક જેઓ વીર નિર્વાણ ૩૭૬માં મૃત્યુ પામ્યા (ધર્મસાગરીય પટ્ટાવલી પ્રમાણે; જ્યારે ખરતરગચ્છીય પટ્ટાવલી પ્રમાણે – आद्यः प्रज्ञापनाकृत् इन्द्रस्य अग्रे निगोदविचारवक्ता श्यामाचार्यापरनामा। स तु वीरात् ३७६ वर्षैर्जातः). બીજા ગર્દભિલ્લોચ્છેદક કાલકાચાર્ય વીર નિર્વાણ ૪૫૩માં થયા=વિક્રમ પૂર્વે ૧૭ માં. અને ત્રીજા વીર નિર્વાણ ૯૯૩ = વિક્રમ ૫૨૩માં થયા, જેમણે સંવત્સરી તિથિ પાંચમની ચોથ કરી.

## પ્રજ્ઞાપનાસૂત્રની વ્યાખ્યાઓ

### (૧) [2]આચાર્ય હરિભદ્રસૂરિજી કૃત પ્રદેશવ્યાખ્યા :

આ પ્રદેશવ્યાખ્યા પ્રસિદ્ધ ભવવિરહ હરિભદ્રસૂરિજીએ લખી છે. પ્રારંભમાં 'प्रज्ञापनाख्योपाङ्गप्रदेशानुयोगः प्रारभ्यते' કહ્યું છે તેથી પ્રજ્ઞાપનાના અમુક અંશોનો અનુયોગ—વ્યાખ્યાન અભિપ્રેત છે એમ સ્પષ્ટ છે. આચાર્ય હરિભદ્રસૂરિજી પ્રજ્ઞાપનાનો ઉપાંગ તરીકે ઉલ્લેખ કરે છે, પરંતુ આચાર્ય મલયગિરિજીની જેમ તે 'સમવાયાંગનું ઉપાંગ છે' તેમ જણાવતા નથી. આથી અમુક અંગનું અમુક ઉપાંગ એવી વ્યવસ્થા ક્યારેક આચાર્ય હરિભદ્રસૂરિજી પછી, પણ આચાર્ય મલયગિરિ પૂર્વે, થઈ ગઈ હશે એમ માનવું રહ્યું.

વળી, આ વ્યાખ્યાને 'અવચૂર્ણિકા' એવું નામ પણ આપી શકાય તેમ છે, કારણ કે આચાર્ય હરિભદ્રસૂરિજી એક ઠેકાણે– 'अलमतिप्रसङ्गेन अवचूर्णिकामात्रमेतदिति'—પૃ. ૨૮, ૧૧૩—આ પ્રમાણે જણાવે છે.

આચાર્ય હરિભદ્રસૂરિજીએ આ પ્રદેશવ્યાખ્યા લખી તે પહેલાં પણ કોઈએ પ્રજ્ઞાપના ઉપર નાની–મોટી ટીકા અવશ્ય લખી હશે, અને તે [3]ચૂર્ણિરૂપે હશે એમ જણાય છે, કારણ કે ઘણે ઠેકાણે—'एतदुक्तं', 'विमुक्तं भवति', 'अयमत्र भावार्थः', 'इदमत्र हृदयम्', 'एतेसिं भावणा' ઇત્યાદિ શબ્દો સાથે કે તે વિના જે વિવરણ મળે છે તે પ્રાકૃતમાં હોય છે અને ક્વચિત્ સંસ્કૃતમાં પણ મળે છે—પૃ. ૧૨, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૩, ૨૭, ૨૯, ૩૦, ૩૫, ૪૧, ૫૨, ૬૮, ૬૯, ૭૦, ૭૨, ૧૦૯, ૧૧૨ ઇત્યાદિ.

એ ચૂર્ણિકાર કોણ હશે તે કહેવું કઠણ છે, પણ સંભવ એવો છે કે તે આચાર્ય હરિભદ્રસૂરિજીના ગુરુ હોય, કારણ કે 'एतं तावत् पूज्यपादा व्याचक्षते' પૃ. ૭૫, 'गुरुवस्तु' પૃ. ૧૧૮, 'इह तु पूज्याः' પૃ. ૧૨૨, 'अत्र गुरवो व्याचक्षते' પૃ. ૧૪૧, ૧૪૭,

1. આ ઉલ્લેખોની શ્રી પં. બેચરદાસજીએ ભગવતીસૂત્ર, દ્વિતીય ખંડ, પૃષ્ઠ ૧૩૫માં પ્રજ્ઞાપના વિષેની તેમની ટિપ્પણીમાં નોંધ લખી છે.
2. આચાર્ય હરિભદ્રના વિસ્તૃત પરિચય માટે 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' જોવું.
3. ચૂર્ણિનો ઉલ્લેખ આચાર્ય મલયગિરિ પણ કરે છે — પત્ર ૨૬૯, ૨૭૧

'गुरवो व्यावर्णयन्ति' પૃ. ૧૫૨— એવા ઉલ્લેખો આ વ્યાખ્યામાં મળે છે.

વળી, એ વાત તો નિશ્ચિત જ છે કે આની ઉક્ત ચૂર્ણિ સિવાય પણ અન્ય એક કે અનેક વ્યાખ્યા આચાર્ય હરિભદ્રસૂરિજી પૂર્વે હશે જ, કારણ કે પ્રસ્તુત વ્યાખ્યામાં મતાંતરની વ્યાખ્યાનાં અનેક સ્થળો નોંધ્યાં છે, જેમાં એવાં કેટલાંક સ્થળો હોવાનો સંભવ ખરો કે જે અન્ય ગ્રન્થોની વ્યાખ્યામાંથી લીધાં હોય, એવાં પણ અનેક સ્થળો છે, જે આ જ ગ્રંથની વ્યાખ્યાની સૂચના આપી દે તેવાં છે. આવાં મતાંતરો માટે જુઓ પૃ. ૧૩, ૧૪, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૩૬, ૩૭, ૬૦, ૬૧, ૬૫, ૭૧, ૭૫, ૭૮, ૭૯, ૮૩, ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૩૩, ૧૩૪, ૧૪૫ ઇત્યાદિ.

કેટલાંક મતાંતરો વિષે તો આચાર્ય હરિભદ્રસૂરિજીએ પોતાનો સ્પષ્ટ નિર્ણય જણાવ્યા વિના માત્ર ગુરુનો મત રજૂ કર્યો છે– –"एवं तावत् पूज्यपादा व्याचक्षते, अन्ये पुनरन्यथा, तदभिप्रायं पुनरतिगम्भीरत्वान्न वयमवगच्छामः"—પૃ. ૭૫, ૧૧૮; તો વળી કેટલીક જગ્યાએ કેટલાકના વિધાનને અસંગત જણાવેલ છે—"अत्र कैश्चिदतिगहनत्वात् प्रस्तुतस्य भ्रान्त्या लिखितं किलोपशमश्रेण्य-नन्तरं क्षपकश्रेणीं प्रतिपद्यत इति। एतदपकर्णयितव्यम्...." પૃ. ૧૧૬.

વાચક ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રનો નામ વિના ઉલ્લેખ અનેક સ્થાનોએ કર્યો છે અને ભાષ્યમાંથી પણ અવતરણો લીધાં છે—પૃ. ૯૯, ૧૪૯, ૧૫૩, ૧૫૮ ઇત્યાદિ. વળી, વાચક ઉમાસ્વાતિને 'સંગ્રહકાર' એવા સામાન્ય નામે ઉલ્લેખીને તત્ત્વાર્થસૂત્રમાંથી સૂત્ર ઉદ્ધૃત કરે છે—પૃ. ૧૦૧. તેઓ પોતાની આવશ્યકટીકા (પૃ. ૨) ઉપરાંત બીજા અનેક ગ્રંથોનો અને ગ્રંથકારોનો નામ દઈને કે નામ વિના ઉલ્લેખ કરે છે—જેમ કે 'निर्युक्तिकारेण'—પૃ. ૧૦૫; 'सिद्धप्राभृत' પૃ. ૧૧; अनुयोगद्वार પૃ. ૩૨; जीवाभिगम પૃ. ૨૮; प्रज्ञप्ति (ભગવતી) પૃ. ૩૩; उत्तराध्ययन—પૃ. ૧૧૧; 'विवरणग्रन्थेन' પૃ. ૧૦૫; 'मणियं च वुड्ढायरिएहिं' પૃ. ૨૯; 'सङ्ग्रहणिकायाम्' પૃ. ૫૩; कर्मप्रकृतिसङ्ग्रहणिकायाम् અથવા 'कम्मपयडीसंगहणीए' પૃ. ૫૧, ૫૯, ૧૦૦, ૧૨૯, ૧૪૦; 'सङ्ग्रहणीकार' પૃ. ૪૨; 'वादिमुख्येन' પૃ. ૪. આખી ટીકામાં 'ઉક્તં ચ' કહીને અનેક પ્રાકૃત ગાથાઓ આપવામાં આવી છે અને સંસ્કૃત કારિકાઓ પણ છે, જે આચાર્ય હરિભદ્રસૂરિજીનું બહુમુખી પાંડિત્ય પ્રદર્શિત કરે છે.

આચાર્ય મલયગિરિજીએ આ વ્યાખ્યાનો સંપૂર્ણ રીતે ઉપયોગ કર્યો જ છે અને તેનો નિર્દેશ પણ કર્યો છે. જે કેટલાંક વાદસ્થળો આચાર્ય મલયગિરિની વ્યાખ્યામાં દેખાય છે તેનો આધાર પણ પ્રસ્તુત ટીકા છે એ બન્નેની તુલના કરવાથી સહેજે સમજાઈ જાય તેમ છે.

આચાર્ય હરિભદ્રસૂરિજીનો સમય લગભગ નિશ્ચિત જ છે અને તે ઈ.સ. ૭૦૦–૭૭૦ માનવામાં આવે છે.

**(૨) આચાર્ય અભયદેવકૃત પ્રજ્ઞાપનાતૃતીયપદ સંગ્રહણી અને તેની અવચૂર્ણિ :**

પ્રજ્ઞાપનામાં સર્વ જીવોના અલ્પબહુત્વ વિષેની ચર્ચા તીજા પદમાં છે. તે પદને ૧૩૩ ગાથામાં બદ્ધ કર્યું છે. આચાર્ય અભયદેવે (સં. ૧૧૨૦–) જ તેને 'સંગ્રહ' એવી સંજ્ઞા આપી છે—

"इय अट्ठाणउइपयं सव्वजियप्पबहुमिइ पयं तइयं। पन्नवणाए सिरिअभयदेवसूरीहिं संगहियं ॥"

પરંતુ તે 'धर्मरत्नसङ्ग्रहणी' એ નામે તથા પ્રજ્ઞાપનોદ્ધાર એ નામે પણ ઓળખાય છે. કારણ કે તેની સમાપ્તિને અંતે અને તેની અવચૂર્ણિને અંતે પણ એ નામનો નિર્દેશ છે; જુઓ, કુલમંડનકૃત અવચૂર્ણિ—લા.દ. સંગ્રહ, લા. દ. વિદ્યામંદિર, હસ્તપ્રત નં. ૩૬૭૩ અને મુનિ શ્રી પુણ્યવિજયજીનો સંગ્રહ નં. ૬૬૪.

આ સંગ્રહણીની અવચૂર્ણિ કુલમંડન ગણિએ સં. ૧૪૪૧માં રચી છે—

"श्रीदेवसुन्दरगुरोः प्रसादतोऽवगतजिनवचोऽर्थलवः। कुलमण्डनगणिरलिखदवचूर्णिमेकाब्धिभुवनाब्दे ॥"

આ પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી તેની અવચૂર્ણિસહિત વિ.સં. ૧૯૭૪માં શ્રી આત્માનંદ જૈન સભા (ભાવનગર) દ્વારા પ્રસિદ્ધ થયેલી છે. અહીં જણાવેલી કુલમંડનગણિકૃત અવચૂર્ણિના બદલે આ મુદ્રિત અવચૂર્ણિ થોડા વિસ્તારથી લખાયેલી છે અને તેના કર્તાનું નામ નથી મળતું, એમ તેની પ્રસ્તાવનામાં જણાવ્યું છે. પણ સંભવ છે કે શ્રી કુલમંડનગણિકૃત અવચૂર્ણિને જ વધુ સ્પષ્ટ

કરવા ખાતર તેમાં કોઈ વિદ્વાને થોડોક વધારો કર્યો હોય, એમ અમને લાગે છે.

**(૩) આચાર્ય મલયગિરિકૃત વિવૃતિ :**

આચાર્ય હરિભદ્રની પ્રદેશવ્યાખ્યા કરતાં લગભગ ચારગણી વિસ્તૃત વ્યાખ્યા આચાર્ય મલયગિરિજીએ (લગભગ સં. ૧૧૮૮-૧૨૬૦) પ્રજ્ઞાપનાની કરી છે અને તે સંપૂર્ણ પ્રજ્ઞાપનાને સમજવા માટે ઉત્કૃષ્ટ સાધનભૂત છે. સ્વયં આચાર્ય મલયગિરિજી કહે છે કે આ વ્યાખ્યાનો આધાર આચાર્ય હરિભદ્રસૂરિજીની પ્રદેશ વ્યાખ્યા છે[1], પરંતુ એ વ્યાખ્યા ઉપરાંત આચાર્ય મલયગિરિજીએ[2] અન્ય અનેક ગ્રંથોનો સ્વતંત્ર ભાવે ઉપયોગ કરીને આ વ્યાખ્યાને સમૃદ્ધ બનાવી છે; ઉ.ત. સ્ત્રી તીર્થંકર થાય છે કે નહિ એ ચર્ચા આચાર્ય હરિભદ્રસૂરિજીએ માત્ર સિદ્ધપ્રાભૃતનો હવાલો આપી (પૃ. ૧૧) સમાપ્ત કરી હતી, જ્યારે આચાર્ય મલયગિરિએ સ્ત્રીમોક્ષની ચર્ચા પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ રચીને આચાર્ય શાકટાયનનો આધાર લઈને વિસ્તારથી કરી છે, પત્ર ૨૦. એ જ પ્રમાણે સિદ્ધના સ્વરૂપની ચર્ચા વખતે પણ અન્ય દાર્શનિકોના મતોની તુલના કરીને જૈનમતની સ્થાપના કરી છે, પત્ર ૧૧૨.

પ્રજ્ઞાપનાના પાઠાન્તરોની ચર્ચા પણ અનેક ઠેકાણે મળે છે—પત્ર ૮૦, ૮૮, ૯૬, ૧૬૫, ૨૯૬, ૩૭૨, ૪૧૨, ૪૩૦, ૬૦૦.

આચાર્ય મલયગિરિજીએ પોતાની ટીકાઓનાં અને બીજા અનેક લેખકો અને ગ્રંથોનાં ઉદ્ધરણો આપ્યાં છે તે બતાવે છે કે આચાર્ય મલયગિરિજીનું પાંડિત્ય બહુમુખી હતું—

'पाणिनी: स्वप्राकृतव्याकरणे'—પત્ર ૫; ૩૬૫; 'उत्तराध्ययननिर्युक्तिगाथा'—પત્ર ૧૨; 'सविस्तरं नन्द्यध्ययनटीकायां व्याख्यातानि'—પત્ર ૨૪, ૨૯૮, ૩૧૧, ૩૭૬; 'प्रज्ञापनामूलटीकाकृत्' કે 'मूलटीकाकार:'—પત્ર ૨૫, ૧૧૪, ૧૯૪, ૨૦૨, ૨૬૩, ૨૮૦, ૨૮૩, ૨૯૪, ૩૦૫, ૩૨૫, ૩૬૨, ૩૭૨, ૩૮૩, ૩૮૪, ૩૯૧, ૪૭૦, ૪૯૦, ૫૪૬, ૫૪૭, ૫૬૪, ૫૬૮; 'सङ्ग्रहणीमूलटीकाकारो हरिभद्रसूरि:'—પત્ર ૪૧૮, ૫૫૨; 'मूलटीकायाम्'—પત્ર ૫૪૪, ૫૪૭; 'जीवाभिगमटीका'—પત્ર ૪૪, ૪૫, ૪૭, ૪૮, ૫૧; 'जीवाभिगमे'—પત્ર ૧૯૫; 'जीवाभिगमचूर्णौ'—પત્ર ૩૦૮; 'अत्राक्षेपपरिहारौ चन्द्रप्रज्ञप्तिटीकायां सूर्यप्रज्ञप्तिटीकायां चाभिहितौ इति ततोऽवधार्यौ'—પત્ર ૯૯; 'क्षेत्रसमासटीका'—પત્ર ૧૦૭; 'अनुयोगद्वारेषु'—પત્ર ૧૧૪; 'वृद्धाचार्यै:'—પત્ર ૧૩૫: 'प्रज्ञप्तौ'—પત્ર ૧૪૧, ૧૪૯; 'व्याख्याप्रज्ञप्तौ'—પત્ર ૨૬૨; 'तथा चाह अस्या एव प्रज्ञापनाया: सङ्ग्रहणीकार:'—પત્ર ૧૬૭; 'कर्मप्रकृतिसङ्ग्रहण्याम्'—પત્ર ૧૮૨; 'सङ्ग्रहणीगाथा:'—પત્ર ૨૦૭; 'धर्मसङ्ग्रहणी'—પત્ર ૬૧૧; 'धर्मसङ्ग्रहणीटीकायाम्'— પત્ર ૨૨૯, ૩૦૭; 'शाकटायन:'—પત્ર ૫૯૯; 'शकटसूनुरपि'—પત્ર ૨૪૯; 'शाकटायनन्यासकृत्'—પત્ર ૫૬૩; 'स्वोपज्ञशब्दानुशासनविवरणे'—પત્ર ૨૫૦, ૨૫૧; 'तत्त्वार्थटीकायां भावितम्'—પત્ર ૨૫૧; 'भगवान् भद्रबाहुस्वामी'—પત્ર ૨૫૬, ૨૫૭; 'भाष्यकृत्'—પત્ર ૨૬૪, ૨૬૫, ૩૦૦-૨, ૫૪૨, ૬૦૨, ૬૦૩, ૬૦૫, ૬૦૮; [3]'चूर्णिकृत्'—પત્ર ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૭૭; [3]'प्रज्ञापनायाश्चूर्णौ'—પત્ર ૫૧૭; 'पूर्वाचार्या:'—પત્ર ૨૭૧; 'पञ्चसङ्ग्रहे'—પત્ર ૨૮૩; 'मल्लवादिन:'—પત્ર ૨૮૪; 'कर्मप्रकृतिटीकायां पञ्चसङ्ग्रहटीकायां च'—પત્ર ૨૯૨; 'तत्त्वार्थसूत्रकृत्'—પત્ર ૨૯૩; 'तत्त्वार्थटीकादौ'—પત્ર ૨૯૮, ૨૯૯; 'आवश्यकनिर्युक्तौ'—પત્ર ૨૯૮; 'स्तुतिकारोऽप्याह'—પત્ર ૩૦૩; 'आवश्यकप्रथमपीठिकायाम्'—પત્ર ૫૪૭; 'आवश्यकचूर्णौ'—પત્ર ૬૧૦; 'आवश्यके'—પત્ર ૩૦૪, ૪૩૮, ૬૦૬; 'नन्द्यध्ययनचूर्णिकृत्'—પત્ર ૩૧૦, ૩૧૧; 'निर्युक्तिकारेण'—પત્ર ૩૧૮; 'कार्मग्रन्थिकास्तु'—પત્ર ૩૧૯, ૩૯૧; 'भगवता कर्मप्रकृतिकृता शिवशर्माचार्येण शतकाख्ये'—પત્ર ૩૩૧; 'कर्मप्रकृतिटीकादिषु'—પત્ર ૩૩૧, ૪૮૦; 'हरिभद्रसूरिप्रभृतिभि:'—પત્ર ૩૭૧; 'शिवशर्माचार्य:'—પત્ર ૩૩૯; 'व्याख्याप्रज्ञप्तौ'—પત્ર ૩૪૧; 'भाष्यकार:'—પત્ર

1. जयति हरिभद्रसूरिष्टीकाकृत् विवृतविषमभावार्थ:। यद्वचनवशादहमपि जातो लेशेन विवृतिकार:॥ પ્ર.ટી., પત્ર ૬૧૧.
2. આચાર્ય મલયગિરિજી વિષેની વિસ્તૃત માહિતી માટે આચાર્ય મલયગિરિકૃત શબ્દાનુશાસનની પ્રસ્તાવના જોવી.
3. આમાં જે ઉદ્ધરણ આપેલાં છે તે પ્રાકૃતમાં છે, અને આચાર્ય હરિભદ્રમાં પણ તે તે જ રૂપે પ્રાકૃતમાં મળે છે.—પૃ. ૮૫, ૮૬, ૮૭, ૯૧, ૧૪૮

६०४, ६०६, ६१०; 'जिनभद्रगणिक्षमाश्रमणपूज्यपादाः'—પત્ર ૩૮૦; 'तथा चाह दुष्षमान्धकारनिमग्नजिनप्रवचनप्रदीपो भगवान् जिनभद्रगणिक्षमाश्रमणः'—પત્ર ૩૮૫; 'शतकबृहच्चूर्णौ'—પત્ર ૩૮૮; 'सङ्ग्रहणीगाथा'—પત્ર ૩૪૪, ૩૪૯; 'सिद्धप्राभृतादौ'—પત્ર ૩૫૭; 'उत्तराध्ययने'—પત્ર ૩૬૬; 'आचाराङ्गे'—પત્ર ૩૬૭, ૫૦૩; 'सूत्रकृताङ्गनिर्युक्ति'—પત્ર ૫૧૧; 'विशेषणवत्यां जिनभद्रगणिक्षमाश्रमणपूज्यपादैः'—પત્ર ૩૯૧; 'वसुदेवचरिते'—પત્ર ૪૦૩; 'भाष्यकृत् स्वकृतभाष्यटीकायाम्'—પત્ર ૪૨૪, ૫૪૧; 'गन्धहस्ति'—પત્ર ૪૬૭; 'श्रावकप्रज्ञप्तिमूलटीकायाम्'—પત્ર ૪૭૪; 'यदुक्तम् आग्रायणीयाख्ये द्वितीयपूर्वे कर्मप्रकृतिप्राभृते'—પત્ર ૪૭૯; 'कर्मप्रकृतिसङ्ग्रहणीकारः'—પત્ર ૪૮૮, ૪૮૯; 'सिद्धसेनदिवाकर' —પત્ર ૫૩૨; 'वृद्धव्याख्या'—પત્ર ૬૦૦; 'जम्बूद्वीपप्रज्ञप्त्यादौ'—પત્ર ૬૦૦; 'धर्मसारमूलटीकायां हरिभद्रसूरिः'—પત્ર ૬૦૫; 'पञ्चसङ्ग्रहटीका'—પત્ર ૬૦૯.

આ સૂચીને આધારે જે કેટલાંક તથ્યો આપણી સમક્ષ આવે છે તે આ છે : પ્રજ્ઞાપનાની ચૂર્ણિ કોઈ પ્રાચીન આચાર્યે લખી હતી, જે આચાર્ય હરિભદ્રસૂરિજી અને આચાર્ય મલયગિરિજી બન્નેએ જોઈ હતી.

પ્રજ્ઞાપના ટીકામાં આચાર્ય મલયગિરિજીએ પ્રજ્ઞાપના, સંગ્રહણી, શ્રાવકપ્રજ્ઞપ્તિ અને ધર્મસારની મૂલટીકાનો ઉલ્લેખ કરીને તેનાં અવતરણો આપેલાં છે. તેમાં સંગ્રહણી તથા ધર્મસારની મૂલટીકાનાં કર્તા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીને જણાવ્યા છે; જ્યારે શ્રાવકપ્રજ્ઞપ્તિની કેવળ મૂલટીકાનો જ ઉલ્લેખ છે અને પ્રજ્ઞાપનાના સંબંધમાં મૂલટીકા, મૂલટીકાકાર કે મૂલટીકાકૃતનો ઉલ્લેખ છે. અર્થાત્ પ્રજ્ઞાપના અને શ્રાવકપ્રજ્ઞપ્તિની મૂલટીકાના કર્તાના નામનો ઉલ્લેખ નથી કર્યો. આથી અમે પ્રજ્ઞાપના અને શ્રાવકપ્રજ્ઞપ્તિની હારિભદ્રી વૃત્તિ સાથે પ્રજ્ઞાપના—મલયગિરીયાવૃત્તિમાં આવેલાં સમગ્ર અવતરણો મેળવી જોયાં અને તેથી સ્પષ્ટ થાય છે કે આચાર્ય શ્રી મલયગિરિજીએ જણાવેલી પ્રજ્ઞાપનામૂળટીકા અને શ્રાવકપ્રજ્ઞપ્તિમૂળટીકા તે આચાર્ય શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા જ છે. અલબત્ત, કેટલાંક અવતરણોમાં અલ્પાધિક પાઠભેદ છે, તે તો સુદીર્ઘ સમયના અંતરના લીધે પ્રત્યંતરરૂપે સમજી શકાય. પ્રજ્ઞાપનાની સંગ્રહણી ગાથાબદ્ધ લખાઈ હતી અને ટીકા આચાર્ય હરિભદ્રસૂરિજીએ કરી હતી. આચાર્ય હરિભદ્રસૂરિજીએ ધર્મસારની પણ ટીકા લખી હતી. આચાર્ય જિનભદ્રસૂરિજીએ પોતાના ભાષ્યની સ્વયં ટીકા લખી હતી, જે હવે મુદ્રિત[1] થઈ ગઈ છે. આચાર્ય મલયગિરિજીએ શબ્દાનુશાસન અને તેની સ્વોપજ્ઞ ટીકા લખી હતી, જે મુદ્રિત[2] થઈ છે.

સામાન્ય રીતે આચાર્ય મલયગિરિજીએ વ્યાખ્યા વિષેના મતભેદોની નોંધ જ લીધી છે, પરંતુ કોઈ કોઈ વાર તે બાબતમાં પોતાનું મંતવ્ય પણ બતાવ્યું છે અને તે તે બાબતમાં 'આપણે અજ્ઞાની શો નિર્ણય લઈ શકીએ, એ તો કેવલિગમ્ય છે'—એમ પણ જણાવ્યું છે. મતાંતરો માટે જુઓ—પત્ર ૨૮, ૩૮, ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૮૬, ૧૪૬, ૨૨૦, ૨૨૨, ૨૨૯, ૨૩૮, ૨૬૨, ૨૭૭, ૨૮૩, ૩૧૯, ૩૩૧, ૩૯૧, ૪૦૪, ૪૯૧.

'तत्त्वं पुनः केवलिनो विदन्ति, विशिष्टश्रुतविदो वा'—પત્ર ૭૩, ૭૬, ૨૩૯, ૪૦૩; 'अन्ये व्याचक्षते... तत्र बुध्यामहे'—પત્ર ૨૮૯; 'अमीषां पञ्चानामादेशानामन्यतमादेशसमीचीनतानिर्णयोऽतिशयज्ञानिभिः सर्वोत्कृष्टश्रुतलब्धिसम्पन्नैर्वा कर्तुं शक्यते। ते च भगवदार्यश्यामप्रतिपत्तौ नासीरन्। केवलं तत्कालापेक्षया ये पूर्वतमाः सूरयस्तत्कालभाविग्रन्थपौर्वापर्यपर्यालोचनया यथास्वमति स्त्रीवेदस्य स्थितिं प्ररूपितवन्तस्तेषां सर्वेषामपि प्रावचनिकसूरीणां मतानि भगवानार्यश्याम उपदिष्टवान्। तेऽपि च प्रावचनिकसूरयः स्वमतेन सूत्रं पठन्तो गौतमप्रश्नभगवन्निर्वचनरूपतया पठन्ति। ततस्तदवस्थान्येव सूत्राणि लिखित्वा गोतमा इत्युक्तम्। अन्यथा भगवति गौतमाय निर्देष्टरि न संशयकथनमुपपद्यते, भगवतः सकलसंशयातीतत्वात्॥''—પત્ર ૩૮૫. ''अन्ये त्वन्यथाऽत्र भावनिकां कुर्वन्ति। सा च नातिश्लिष्टेति न लिखिता, न च दूषिता, 'कुमार्गं न हि तित्यक्षुः पुनस्तमनुधावति' इति न्यायानुसरणात्।''—પત્ર ૪૨૯.

''तेन यः प्राह सूत्रे 'शक्तिविशेष एव संहननम्' इति.... स भ्रान्तः.... इत्यलम् उत्सूत्रप्ररूपकविस्पन्दितेषु''—પત્ર ૪૭૦.

1.-2. આ બે ગ્રંથો, શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર (અમદાવાદ) તરફથી પ્રકાશિત થયા છે.

''एतावत्सूत्रं चिरन्तनेषु अविप्रतिपत्त्या श्रूयते, केचिदाचार्याः पुनरेतद्विषयमधिकमपि सूत्रं पठन्ति ततस्तन्मतमाह- 'केइ........'—પત્ર ૫૫૫

સૂત્રોની સંગતિ સિદ્ધ કરવી એ પણ વ્યાખ્યાકારનો ધર્મ છે અને એ બાબતમાં આચાર્ય મલયગિરિજી સિદ્ધહસ્ત છે. અનેકવાર જુદી જુદી નયદૃષ્ટિનો ઉપયોગ કરીને સૂત્રોની સંગતિ કરી બતાવે છે.—જુઓ પત્ર ૧૮, ૪૧, ૭૩, ૭૬, ૧૪૦, ૨૪૮, ૨૮૪, ૩૧૮, ૩૫૩, ૩૮૦, ૪૩૭, ૪૫૦, ૪૫૫, ૪૫૬, ૫૯૮, ૬૦૯; તો વળી અનેક બાબતોમાં તેઓ માત્ર પૂર્વાચાર્યોની વ્યાખ્યાનો કે પૂર્વસંપ્રદાયનો હવાલો આપીને સંતોષ લે છે—પત્ર ૪૧, ૪૪, ૭૬, ૧૧૧, ૧૩૫, ૨૨૮, ૨૪૨, ૨૭૧, ૨૮૧, ૨૯૦, ૨૯૪, ૩૦૧, ૩૩૩, ૩૪૧, ૩૮૦, ૩૮૫, ૩૪૯, ૩૯૧, ૪૪૧, ૫૨૪.

આચાર્ય મલયગિરિજીની વ્યાખ્યાકુશળતાદર્શક કેટલાંક સ્થાનો જોવા જેવાં છે, જેમ કે સંબંધની ચર્ચા તર્કાનુસારી અને શ્રદ્ધાનુસારીની દૃષ્ટિએ પત્ર ૨, જિનવરેન્દ્ર શબ્દની વ્યાખ્યા પત્ર ૩; આચાર્ય હરિભદ્રસૂરિજીનું અનુસરણ કરીને અનેક સ્થળોએ નિર્દેશના ક્રમનું યુક્તિથી સમર્થન કર્યું છે પત્ર ૯, ૨૬૯ આદિ; પ્રજ્ઞાપનાની રચના આચાર્ય શ્યામે કરી છતાં એમાં ગૌતમ–મહાવીરનો સંવાદ કેમ? તથા ગૌતમ–મહાવીરનો સંવાદ હોવા છતાં એમાં અનેક મતભેદોનો ઉલ્લેખ આવે છે તે કેમ?—ઇત્યાદિ ગ્રંથરચના સંબંધી પ્રક્રિયાના તાત્પર્યનું કથન પત્ર ૭, ૪૭, ૫૦, ૭૨, ૧૭૯, ૧૮૦, ૩૮૫; સિદ્ધના પંદર ભેદની વ્યાખ્યા પત્ર ૧૯, અને તેની સમીક્ષા પત્ર ૨૩; સ્ત્રીમોક્ષચર્ચા પત્ર ૨૦; સ્ત્રીઓ પણ ષડાવશ્યક, કાલિક અને ઉત્કાલિક સૂત્રોનું અધ્યયન કરતી એવો ઉલ્લેખ પત્ર ૨૦; નિગોદચર્ચા પત્ર ૩૯; ગ્રામનગરાદિની વ્યાખ્યા ૪૭, ૫૦; મ્લેચ્છની વ્યાખ્યા પત્ર ૫૫; આગમ પ્રાકૃતમાં કેમ? પત્ર ૬૦; સિદ્ધનું પરિમાણ પત્ર ૧૦૯; સિદ્ધિની ચર્ચા પત્ર ૧૧૨; અસંખ્યાત આકાશપ્રદેશમાં અનંતપ્રદેશી સ્કંધનો સમાવેશ કેવી રીતે? પત્ર ૨૪૨; વસ્તુધર્મની ચર્ચા પત્ર ૨૫૮; ભાષાના પુદ્ગલોના ગ્રહણ–નિસર્ગની ચર્ચા પત્ર ૨૬૪; અનંત જીવો છતાં શરીર અસંખ્યાત કેમ? પત્ર ૨૭૧; રાજા, માંડલિક આદિની વ્યાખ્યા પત્ર ૩૩૦; લેશ્યા અને કષાયની વિચારણા પત્ર ૩૩૦; કલ્ક શબ્દનો વિચાર પત્ર ૩૩૧; વનસ્પતિ અને મરુદેવીના નિર્વાણની ચર્ચા ૩૭૯; સાંવ્યવહારિક જીવ પત્ર ૩૮૦; કોષ્ઠાદિ બુદ્ધિનું નિરૂપણ પત્ર ૪૨૪; તપ શક્ત્યનુસાર કરવું પત્ર ૪૩૬ ઇત્યાદિ અનેક વિષયોનું સ્પષ્ટીકરણ આચાર્ય-મલયગિરિજીએ કર્યું છે.

**(૪) શ્રી મુનિચન્દ્રસૂરિકૃત વનસ્પતિવિચાર :**

શ્રી મુનિચંદ્રસૂરિએ (સ્વર્ગવાસ સં. ૧૧૭૮) પ્રજ્ઞાપનાના આદ્ય પદમાંનો વનસ્પતિવિચાર ૭૧ ગાથામાં 'વનસ્પતિસપ્તતિકા'માં લખ્યો છે અને તેની અવચૂરિ પણ મળે છે. તે કોની છે તે જાણવાનું સાધન નથી. આમાં ખાસ કરી પ્રત્યેક અને અનંત પ્રકારની વનસ્પતિના ભેદોનો વિચાર કરવામાં આવ્યો છે, તેમ પ્રારંભમાં કહ્યું છે અને અંતે—

एवं पन्नवणाए पण्णवणाए लवो समुद्धरिओ। भवियाणऽणुग्गहकए सिरिमंमुणिचंदसूरिहिं ॥७१॥ इति वणप्फइसत्तरी॥

આ 'વનસ્પતિસપ્તતિકા'ની વિક્રમના ૧૬મા શતકમાં લખાયેલી પ્રતિ શ્રી લા. દ. વિદ્યામંદિરમાંના પૂ. મુનિરાજ શ્રી કીર્તિમુનિજી મહારાજના ગ્રન્થસંગ્રહમાં છે. અને તેનો ક્રમાંક ૧૦૬૦૧ છે. આ સિવાય પણ આ સંગ્રહમાં આની એક મૂળની અને એક અવચૂરિસહિતની પ્રતિ છે.

આની એક પ્રતિ શ્રી લા. દ. વિદ્યામંદિરના ગ્રંથસંગ્રહમાં પણ છે. આ પ્રતિની ગાથાઓ ૭૭ છે. સંભવ છે કે આમાં છ ગાથાઓ પ્રક્ષિપ્ત થઈ હોય. આ પ્રકરણને 'સપ્તતિકા'ના નામે ઓળખાવ્યું છે એટલે ૭૧ ગાથા મૌલિક માનવી જોઈએ. આ પ્રતિના અંતમાં '**प्रज्ञापनाद्यपदगतो वनस्पतिविचारः सम्पूर्णः**' એમ લખેલું છે. આ સંપૂર્ણ પ્રતમાં પ્રારંભમાં અચલગચ્છના મહેન્દ્રસૂરિકૃત વિચારસત્તરિ અને તેની અવચૂર્ણિ, પછી ઉક્ત વનસ્પતિવિચાર અવચૂર્ણિ સાથે અને અંતે પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી તેની અભયદેવીયા અવચૂર્ણિ સાથે લખાયેલ છે. આ અંતિમ અવચૂર્ણિને અંતે કુલમંડનસૂરિના કર્તૃત્વનો ઉલ્લેખ છે. લા. દ. સંગ્રહની આ પ્રતનો ક્રમાંક ૩૬૭૪ છે અને લેખન સં. ૧૬૭૦ છે.

# प्रस्तावना

## प्रज्ञापना : एक समीक्षात्मक अध्ययन

### आचार्य श्री देवेन्द्रमुनिजी

भारतवर्ष अध्यात्म की उर्वरा भूमि है। यहाँ के प्रत्येक कण-कण में अध्यात्म का सुरीला संगीत है। प्रत्येक अणु-अणु में तत्त्व-दर्शन का मधुर रस है। यहाँ की पावन पुण्य धरा ने ऐसे नर-रत्नों का प्रसव किया है जो धर्म और अध्यात्म के मूर्त्त रूप हैं। उनके हृदय की प्रत्येक धड़कन अध्यात्म की धड़कन है। उनके प्रशस्त और निर्मल चिन्तन ने जीव और जगत् की आत्मा और परमात्मा को, धर्म और दर्शन को समझने का विमल और विशुद्ध दृष्टिकोण प्रदान किया।

चौबीस तीर्थंकरों ने इस अध्यात्मप्रधान पुण्य-भूमि पर जन्म लिया। उन्हें वैदिकपरम्परा के अवतारों की तरह पुनः पुनः जन्म ग्रहणकर जन-जन का उत्थान करना अभीष्ट नहीं था, और न तथागत बुद्ध की तरह बोधिसत्त्वों के माध्यम से पुनः-पुनः जन्म लेकर जन-जीवन में अभिनव चेतना का संचार करना ही मान्य था। अवतारवाद में उनका विश्वास नहीं था, उत्तारवाद ही उन्हें पसंद था।

जैनपरम्परा में तीर्थंकरों का स्थान सर्वोपरि है। नमस्कार महामंत्र में सिद्धों से पूर्व तीर्थंकरों—अरिहंतों को नमस्कार किया गया है। तीर्थंकर सूर्य की भांति तेजस्वी होते हैं—'आइच्चेसु अहियं पयासयरा।' वे अपनी ज्ञान-रश्मियों से विश्व की आत्मा को आलोकित करते हैं। वे अपने युग के प्रबल प्रतिनिधि होते हैं। चन्द्र की तरह वे सौम्य होते हैं। मानवता के परम प्रस्थापक होते हैं। वे साक्षात् द्रष्टा, ज्ञाता तथा आत्मनिर्भर होते हैं। वे केवलज्ञान एवं केवलदर्शन उत्पन्न होने के पश्चात् उपदेश देते हैं। उनका उपदेश अनुभूत सत्य पर आधृत होता है।[१] उनके उपदेश और व्यवस्था किसी परम्परा से आबद्ध नहीं होती।

ઉ૦ —એ સત્ય છે પરન્તુ વાચકો પૂર્વવિદ્ છતાં પણ તેઓ છ સ્થાનકને પ્રાપ્ત થયેલા હોય છે. અર્થાત્ તેઓ જ્ઞાનમાં એક બીજાથી હીનાધિક હોય છે. ચૌદ પૂર્વધરોમાં પણ મતિજ્ઞાનને આશ્રયી [2]છ સ્થાનક કહેવામાં આવશે. તેથી બીજા પૂર્વવિદ્ કરતાં અધિકતા બતાવવા આ વિશેષણ આપવામાં આવ્યું છે, માટે દોષ નથી. અહીં 'ણા' પ્રત્યયનું હ્રસ્વપણું અને બુદ્ધિશબ્દનું દીર્ઘપણું આર્ષપણાથી થયેલું છે. શ્રુત પણ અપાર હોવાથી અને જ્ઞાનાદિ રત્નયુક્ત હોવાથી સાગર જેવું છે. તે શ્રુતસાગરથી '**विणेऊण**' દેશ્ય પ્રાકૃત છે. એટલે સામ્પ્રત કાળના પુરુષને યોગ્ય વીણીને પ્રજ્ઞાપના રૂપ ઉત્તમ–પ્રધાન શ્રુતરત્ન શિષ્યોને આપ્યું છે. અહીં પ્રાધાન્ય બાકીના શ્રુતરત્નની અપેક્ષાએ નથી, પરંતુ સ્વરૂપથી છે. તે ભગવાન્–જ્ઞાન, ઐશ્વર્ય અને ધર્માદિવાળા, "**આર્ય**"–આરાત્ અવ્યય દૂર અને સમીપ અર્થનો વાચક છે. '**आराद् यात:**' એટલે સર્વ હેય ધર્મોથી દૂર ગયેલા અને ગુણો વડે સમીપ ગયેલા, તે આર્ય શ્યામસૂરિને નમસ્કાર થાઓ.

**अज्झयणमिणं चित्तं सुयरयणं दिट्ठिवायणीसन्दं। जह वन्नियं भगवया अहमवि तह वन्नइस्सामि ।।५।।**

*(મૂ૦) આ પ્રજ્ઞાપના રૂપ અધ્યયન ચિત્ર–વિચિત્ર, શ્રુતરત્નરૂપ અને દૃષ્ટિવાદના બિન્દુસમાન છે. તેને ભગવાન્ મહાવીરે જે પ્રકારે વર્ણવ્યું છે તે પ્રકારે હું પણ વર્ણવીશ.*

પ્ર૦ —આ "પ્રજ્ઞાપના" નામે અધ્યયન છે, તો તેની આદિમાં અનુયોગાદિ દ્વારનો ઉપન્યાસ કેમ કરતા નથી?

---

૧. भगवच्छ्यामाचार्यवन्दनप्रख्यापकमिदं गाथा युगलं श्री हरिभद्र-मलयगिरिपादाभ्यां स्वस्ववृत्तौ प्रक्षिप्तत्वेन निष्टङ्कितं व्याख्यातं च दृश्यते। 'विणेऊण' ના સ્થાને 'चियेऊण' પાઠ ઉપલબ્ધ થાય છે.

૨. પરસ્પર હીનાધિકતા બતાવવા માટે સૂત્રમાં બુદ્ધિ અને હાનિના છ સ્થાનકો કહ્યા છે - ૧ અનન્તભાગવૃદ્ધિ, ૨ અસંખ્યાતભાગ વૃદ્ધિ, ૩ સંખ્યાતભાગ વૃદ્ધિ, ૪ સંખ્યાતગુણવૃદ્ધિ, ૫ અસંખ્યાતગુણવૃદ્ધિ અને ૬ અનન્તગુણવૃદ્ધિ. એવા જ હાનિના છ સ્થાનકો છે.

ઉ૦ — અધ્યયનના પ્રારંભમાં [1]ઉપક્રમાદિ અનુયોગદ્વારોનો ઉપન્યાસ અવશ્ય કરવો જોઈએ—એવો નિયમ નથી. 'નિયમ નથી' એમ શાથી જણાય? એનો ઉત્તર એ છે કે નંદિ વગેરે અધ્યયનને વિષે ઉપક્રમાદિ અનુયોગોનો ઉપન્યાસ દેખાતો નથી.

*प्रज्ञापनानो विषय-*

**पन्नवणा[1] ठाणाइं[2] बहुवत्तव्वं[3] ठिई[4] विसेसा[5] य। वक्कन्ती[6] ऊसासो[7] सन्ना[8] जोणी[9] य चरिमाइं[10]॥४॥**

**भासा[11] सरीर[12] परिणाम[13] कसाय[14] इन्दिए[15] पओगे[16] य।**

**लेसा[17] कायठिई या[18] सम्मत्ते[19] अन्तकिरिया[20] य॥५॥**

**ओगाहणसंठाणे[21] किरिया[22] कम्मे[23] ई या वरे।**

**[कम्मस्स]बन्धए[24][कम्मस्स]वेद[25][ए]वेदस्स बन्धए[26] वेयवेयए[27]॥६॥**

**आहारे[28] उवओगे[29] पासणया[30] सन्नि[31] संजमे[32] चेव।**

**ओही[33] पवियारण[34] वेदणा[35] य तत्तो समुग्घाए[36]॥७॥**

*(મૂ૦) ૧ પ્રજ્ઞાપના, ૨ સ્થાન, ૩ બહુવક્તવ્ય, ૪ સ્થિતિ, ૫ વિશેષ, ૬ વ્યુત્ક્રાન્તિ, ૭ ઉચ્છ્વાસ, ૮ સંજ્ઞા, ૯ યોનિ, ૧૦ ચરમ, ૧૧ ભાષા, ૧૨ શરીર, ૧૩ પરિણામ, ૧૪ કષાય, ૧૫ ઇન્દ્રિય, ૧૬ પ્રયોગ, ૧૭ લેશ્યા, ૧૮ કાયસ્થિતિ, ૧૯ સમ્યક્ત્વ, ૨૦ અન્તક્રિયા, ૨૧ અવગાહના-સંસ્થાન, ૨૨ ક્રિયા, ૨૩ કર્મ, ૨૪ કર્મબન્ધક, ૨૫ કર્મવેદક, ૨૬ વેદબન્ધક, ૨૭ વેદવેદક, ૨૮ આહાર, ૨૯ ઉપયોગ, ૩૦ પશ્યતા-દર્શનતા, ૩૧ સંજ્ઞા, ૩૨ સંયમ, ૩૩ અવધિ, ૩૪ પ્રવિચારણા, ૩૫ વેદના અને ૩૬ સમુદ્ઘાત—એ છત્રીસ પદો છે.*

(ટી૦) વળી આ પ્રજ્ઞાપના અનેક વિચિત્ર અર્થાધિકાર સહિત હોવાથી ચિત્ર, શ્રુતરૂપ રત્ન અને બારમા દૃષ્ટિવાદ અંગના નિષ્યન્દ-સારરૂપ છે. અહીં સૂત્રમાં નપુંસકપણાનો નિર્દેશ પ્રાકૃત હોવાથી થયો છે. જેમ ભગવાન્ મહાવીર વર્ધમાન સ્વામીએ અધ્યયનનો અર્થ ઇન્દ્રભૂતિ પ્રમુખ ગણધરોની પાસે વર્ણવેલો હોવાથી અધ્યયન વર્ણવેલું છે એમ કહ્યું છે, તેમ હું પણ તે પ્રમાણે વર્ણવીશ.

પ્ર૦ — ભગવાન મહાવીરે કહ્યું છે તેવા પ્રકારે છદ્મસ્થની વર્ણન કરવાની શક્તિ ક્યાંથી હોય?

ઉ૦ — એમ કહેવામાં દોષ નથી. સામાન્યરૂપે કહેવા લાયક પદાર્થના વર્ણનમાત્રને આશ્રયીને એ પ્રમાણે કહેલું છે – 'હું પણ તે પ્રમાણે વર્ણન કરીશ.' તાત્પર્ય એ છે કે હું તેને અનુસારે વર્ણન કરીશ, પણ સ્વમતિકલ્પનાથી નહિ કરું.

આ પ્રજ્ઞાપનામાં છત્રીશ પદો છે. પદ, અધિકરણ, અર્થાધિકાર—એ પર્યાય શબ્દો છે. તે પદો આ પ્રમાણે છે-(૧) પ્રજ્ઞાપનાવિષયક પ્રશ્નને આશ્રયી પ્રવૃત્ત થયેલું હોવાથી પ્રથમ પ્રજ્ઞાપના પદ કહેવાય છે. (૨) એ પ્રમાણે પૃથિવીકાયિકાદિ જીવોના સ્થાનોનું નિરૂપણ કરેલું હોવાથી બીજું સ્થાનપદ, (૩) પૃથિવીકાયિકાદિ જીવોનું દિશા, ગતિ વગેરે સત્યાવીશ દ્વારો વડે અલ્પબહુત્વ વગેરે ઘણું કહેવાનું હોવાથી ત્રીજું બહુવક્તવ્યપદ, (૪) નૈરયિકાદિ જીવોની સ્થિતિ—આયુષ્યનું પ્રમાણ કહેલું હોવાથી ચોથું સ્થિતિ પદ, (૫) જીવ અને અજીવના ઔદયિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવને આશ્રયી વિશેષ-પર્યાયનું નિરૂપણ હોવાથી પાંચમું વિશેષ અથવા પર્યાય પદ. (૬) પ્રાણીઓના વ્યુત્ક્રાન્તિ-ઉપપાતવિરહાદિ અર્થાધિકાર યુક્ત હોવાથી

૧. અનુયોગ – સૂત્રાર્થની વ્યાખ્યા, તેના દ્વાર-ઉપાય તે અનુયોગદ્વાર. તેના ચાર પ્રકાર છે – ૧ ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. દૂર રહેલા શાસ્ત્રાદિને તે તે પ્રતિપાદનના પ્રકારો વડે સમીપમાં લઇ જવું-નિક્ષેપને યોગ્ય કરવું તે ઉપક્રમ. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે વિચાર કરવો તે નિક્ષેપ. સૂત્ર અને અર્થનો અનુકૂલ સંબંધ કરવો તે અનુગમ. અનન્ત ધર્મયુક્ત વસ્તુનો એક ધર્મવડે વિચાર કરવો તે નય. અર્થાત્ એક અંશ ગ્રહણ કરનાર બોધ તે નય.

છઠ્ઠ વ્યુત્ક્રાન્તિ પદ, (૭) જીવોના ઉચ્છ્વાસનિઃશ્વાસ ક્રિયાનો વિરહકાલ અને અવિરહકાળના પરિણામનું નિરૂપણ કરેલું હોવાથી સાતમું ઉચ્છ્વાસપદ, (૮) આહારાદિ સંજ્ઞાનું વર્ણન કરેલું હોવાથી આઠમું સંજ્ઞા પદ. (૯) જીવોની શીત, ઉષ્ણ, શીતોષ્ણ–ઇત્યાદિ રૂપે યોનિનું નિરૂપણ કરેલું હોવાથી નવમું યોનિપદ. (૧૦) 'રત્નપ્રભા પૃથિવી ચરમ છે કે અચરમ છે' ઇત્યાદિ પ્રશ્નને ઉદ્દેશીને આ પદનો પ્રારંભ થયેલો હોવાથી દશમું ચરમપદ. (૧૧) અગિયારમું ભાષાપદ, (૧૨) બારમું શરીરપદ, (૧૩) તેરમું પરિણામપદ, (૧૪) ચૌદમું કષાયપદ, (૧૫) પંદરમું ઇન્દ્રિયપદ, (૧૬) પંદર પ્રકારના યોગનું વર્ણન હોવાથી સોળમું પ્રયોગપદ, (૧૭) સત્તરમું લેશ્યાપદ, (૧૮) અઢારમું કાયસ્થિતિપદ, (૧૯) ઓગણીશમું સમ્યક્ત્વપદ, (૨૦) વીશમું અન્તક્રિયાપદ, (૨૧) એકવીશમું અવગાહનાસંસ્થાનપદ, (૨૨) બાવીશમું ક્રિયાપદ, (૨૩) ત્રેવીશમું કર્મપદ, (૨૪) ચોવીશમું કર્મબંધપદ. આ પદમાં જે પ્રકારે જીવ કર્મ બાંધે તે પ્રકારે તેની પ્રરૂપણા કરવામાં આવી છે. (૨૫) એમ પચીશમું કર્મવેદક પદ છે, તેમાં જીવ કયું કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિ વેદે એમ બન્ધની સાથે ઉદયના સંબંધનું નિરૂપણ કર્યું છે. (૨૬) છવ્વીશમું વેદબન્ધકપદ છે. તે કર્મપ્રકૃતિઓને વેદે–અનુભવે તે વેદ, તે સમયે બન્ધ થાય તે વેદબન્ધક, તાત્પર્ય એ છે કે કેટલી પ્રકૃતિઓ વેદતાં કેટલી પ્રકૃતિઓનો બન્ધ થાય–એમ ઉદયની સાથે બન્ધના સંબંધનું નિરૂપણ કરવામાં આવ્યું છે માટે તે પદનું નામ વેદબન્ધક છે. (૨૭) એ પ્રમાણે કઈ પ્રકૃતિને વેદતો કેટલી પ્રકૃતિઓને અનુભવે–એ અર્થને પ્રતિપાદન કરનાર વેદવેદક નામે સત્યાવીશમું પદ છે. (૨૮) અઠ્યાવીશમું આહારનું પ્રતિપાદન કરેલું હોવાથી આહારપદ. (૨૯) એ પ્રમાણે ઓગણત્રીશમું ઉપયોગ પદ છે. (૩૦) ત્રીશમું પશ્યત્તા–દર્શનતા પદ છે. (૩૧) એકત્રીશમું સંજ્ઞાપદ, (૩૨) બત્રીશમું સંયમપદ, (૩૩) તેત્રીશમું અવધિપદ, (૩૪) ચોત્રીશમું પ્રવિચાર–દેવોના વિષયોપભોગ સંબંધી પ્રવિચારણા પદ, (૩૫) પાંત્રીશમું વેદના અને (૩૬) છત્રીશમું સમુદ્ઘાતપદ છે. એ પ્રમાણે પદોનો ઉપન્યાસ કરેલો છે.

## ૧. પ્રજ્ઞાપના પદ

**से किं तं पन्नवणा? पन्नवणा दुविहा पन्नत्ता। तं जहा-जीवपन्नवणा य अंजीवपन्नवणा च ।।सू.-१।।**

*(મૂ૦) પ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? પ્રજ્ઞાપના બે પ્રકારે છે. જેમ કે–જીવપ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપના ।।૧।।*

(ટી૦) હવે પદના સૂત્રો કહેવાના છે. તેમાં પ્રથમ પદનું પહેલું સૂત્ર આ છે – '**अथ का सा प्रज्ञापना**' ઇત્યાદિ. આ સૂત્રનો અહીં શો પ્રસ્તાવ–અવસર છે? આ પ્રશ્નસૂત્ર છે અને તે પ્રારંભમાં મૂકવામાં આવેલું છે. તેથી એમ જણાવે છે કે–મધ્યસ્થ, બુદ્ધિમાન અને જિજ્ઞાસુ પ્રશ્ન કરનારને અરિહંત ભગવંતે ઉપદેશેલા તત્ત્વોની પ્રરૂપણા કરવી. એ સંબંધમાં કહ્યું છે કે–મધ્યસ્થો બુદ્ધિમાનર્થી, **श्रोता पात्रमिति स्मृतः** "મધ્યસ્થ, બુદ્ધિમાન્ અને જિજ્ઞાસુ શ્રોતા પાત્ર — ઉપદેશને યોગ્ય છે." મૂળમાં 'से' શબ્દ મગધદેશ પ્રસિદ્ધ અવ્યય છે, અને તે **तत्र** શબ્દના અર્થમાં અને **अथ** શબ્દના અર્થમાં છે. **अथ** શબ્દ વાક્યના પ્રારંભમાં વપરાય છે. '**किं**' શબ્દ બીજાને પ્રશ્ન કરવાના અર્થમાં છે. એટલે તેનો સમુદાયાર્થ આ પ્રમાણે છે — પ્રશ્ન કરવા યોગ્ય સ્થાનાદિ પદો દૂર રહો, કારણ કે વાણીની પ્રવૃત્તિ અનુક્રમે થાય છે, એટલે પ્રજ્ઞાપના પદના પછી તેઓનો ઉપન્યાસ કર્યો છે. પણ તેમાં એટલું પ્રથમ પૂછું છું કે — '**किं प्रज्ञापना**'? પ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? અથવા પ્રાકૃતશૈલીથી અભિધેયની જેમ લિંગ–જાતિ અને વચનની યોજના કરવી–એ ન્યાયથી આ પ્રમાણે જાણવું, '**का तावत् प्रज्ञापना**'? એ પ્રમાણે શિષ્યે પ્રશ્ન કર્યો એટલે પૂજ્ય ગુરુદેવ શિષ્યના વચનને અનુસરી તેના આદર માટે તેણે કહેલા પ્રજ્ઞાપના શબ્દનો પુનરુચ્ચાર કરી કહે છે — 'પ્રજ્ઞાપના બે પ્રકારે છે — જીવપ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપના. અહીં કોઇ પણ શિષ્યનું નામગ્રહણ કર્યા સિવાયના આ ઉત્તર સૂત્ર વડે સૂચિત કરે છે કે–સર્વ સૂત્ર ગણધરના પ્રશ્ન અને તીર્થંકરના ઉત્તર રૂપ નથી, પણ કોઇ કોઇ સૂત્ર અન્યથા–બીજી રીતે પણ છે. તો પણ ઘણે ભાગે તો તેવા પ્રકારનું છે. જેથી કહ્યું છે કે–"**अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा निउणं**" અરિહંતો અર્થનો ઉપદેશ કરે છે અને ગણધરો નિપુણતાથી સૂત્રની રચના કરે છે. તેમાં પ્રજ્ઞાપનાનો અર્થ પૂર્વની પેઠે સમજવો. તે બે

પ્રકારે કહેલી છે. જ્યારે અહીં તીર્થંકરો જ ઉત્તર આપનારા હોય ત્યારે આ અર્થ જાણવો-અન્ય તીર્થંકરોએ પણ પ્રજ્ઞાપના બે પ્રકારે કહેલી છે. જ્યારે તીર્થંકરના મતને અનુસરનારા કોઇ આચાર્ય ઉત્તર આપનાર હોય ત્યારે તીર્થંકર અને ગણધરોએ બે પ્રકારે કહી છે-એમ જાણવું. તેના બે પ્રકાર બતાવે છે — '**तं जहा**' ઇત્યાદિ. જેમ કે-જીવપ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપના. '**तद् यथा**' એ જે ભેદો કહેવાના છે તે ભેદોનું કથન પ્રગટ કરવા માટે છે. **जीवन्ति** —પ્રાણોને ધારણ કરે તે જીવો. પ્રાણો બે પ્રકારના છે – દ્રવ્ય પ્રાણો અને ભાવ પ્રાણો. તેમાં ઇન્દ્રિયાદિ દ્રવ્ય પ્રાણો છે અને જ્ઞાનાદિ ભાવ પ્રાણો છે. દ્રવ્ય પ્રાણોના પણ સંબંધથી નારકાદિ સંસારી જીવો છે, અને કેવલ ભાવ પ્રાણો વડે સર્વ પ્રકારના કર્મકલંકથી મુક્ત સિદ્ધ જીવો છે. જીવોની પ્રજ્ઞાપના-પ્રરૂપણા તે જીવપ્રજ્ઞાપના. જીવથી વિપરીત જડસ્વરૂપવાળા અજીવ હોય છે. અને તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય-કાળરૂપ છે. અજીવોની પ્રજ્ઞાપના તે અજીવપ્રજ્ઞાપના. મૂળ સૂત્રમાં બે '**च**'કાર છે તે બન્ને ય પ્રજ્ઞાપનાનું પ્રધાનપણું બતાવવા માટે છે, અહીં બેમાં થી કોઈ પણ પ્રજ્ઞાપનાનું ગૌણપણું નથી. એ પ્રમાણે બધે ય અક્ષરાર્થ કરવો. ॥૧॥

**से किं तं अजीवपन्नवणा? अजीवपन्नवणा दुविहा पन्नत्ता।**

**तं जहा-रूविअजीवपन्नवणा य अरूविअजीवपन्नवणा य ।सू.-२॥**

*(મૂ૦) અજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે કહી છે? અજીવપ્રજ્ઞાપના બે પ્રકારે કહી છે. જેમ કે-રૂપીઅજીવપ્રજ્ઞાપના અને અરૂપીઅજીવપ્રજ્ઞાપના. ॥૨॥*

(ટી૦) એ પ્રમાણે સામાન્યપણે પ્રજ્ઞાપનાના બે ભેદ બતાવી હવે તેનું વિશેષ સ્વરૂપ જાણવા માટે અલ્પ વક્તવ્ય હોવાથી પ્રથમ અજીવ પ્રજ્ઞાપનાનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર તે સંબંધમાં પ્રશ્નસૂત્ર કહે છે —"**अथ किं तत् अजीवप्रज्ञापना**"? 'અજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? અથવા કા સા અજીવપ્રજ્ઞાપના'? આચાર્ય કહે છે-અજીવપ્રજ્ઞાપના બે પ્રકારે કહી છે. જેમ કે-રૂપીઅજીવપ્રજ્ઞાપના અને અરૂપીઅજીવપ્રજ્ઞાપના. જેઓને રૂપ છે તે રૂપી. રૂપનું ગ્રહણ ગન્ધાદિનું ઉપલક્ષણ-સૂચક છે, ગંધાદિ સિવાય રૂપનો અસંભવ છે. જેમ કે-દરેક પરમાણુનાં રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ હોય છે. એ સંબંધમાં કહ્યું છે કે –

"**कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः। एकरस-वर्ण-गन्धवर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥**"

દ્વિપ્રદેશથી માંડી અનન્ત પ્રદેશી સ્કન્ધ સુધીના જે બધા પૌદ્ગલિક કાર્યો છે તે બધાનું છેવટનું કારણ પરમાણુ છે, પણ પરમાણુનું કારણ કોઈ નથી. તે સૂક્ષ્મ અને પર્યાયાર્થપણે અનિત્ય છતાં દ્રવ્યાર્થપણે નિત્ય છે. તેમાં એક રસ, એક વર્ણ, એક ગન્ધ અને શીત અને ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ-એ ચાર પરસ્પર વિરોધી સ્પર્શમાંથી બે અવિરોધી સ્પર્શો છે. વળી તે કાર્યવડે અનુમેય-અનુમાન કરવા યોગ્ય છે. માટે પરસ્પર રૂપાદિનો નિયત સંબંધ છે. અથવા સ્પર્શરૂપાદિની અભેદરૂપ મૂર્તિ તે રૂપ, તે જેઓને હોય તે રૂપી. એવા રૂપી અજીવની પ્રજ્ઞાપના-પ્રરૂપણા તે રૂપીઅજીવપ્રજ્ઞાપના. એટલે પુદ્ગલસ્વરૂપ અજીવની પ્રજ્ઞાપના એ ભાવાર્થ છે. કારણ કે પુદ્ગલો જ રૂપાદિવાળા છે. રૂપી સિવાયના અરૂપી ધર્માસ્તિકાયાદિ અજીવ તે અરૂપી અજીવ. તેઓની પ્રજ્ઞાપના તે અરૂપીઅજીવપ્રજ્ઞાપના. બન્ને ચ શબ્દો પૂર્વની પેઠે બન્નેનું પ્રાધાન્ય જણાવવા માટે છે. ॥૨॥

**से किं तं अरूविअजीवपन्नवणा? अरूविअजीवपन्नवणा दसविहा पन्नत्ता, तं जहा- १ धम्मत्थिकाए, २ धम्मत्थिकायस्स देसे, ३ धम्मत्थिकायस्स पदेसा, ४ अधम्मत्थिकाए, ५ अधम्मत्थिकायस्स देसे, ६ अधम्मत्थिकायस्स पदेसा, ७ आगासत्थिकाए, ८ आगासत्थिकायस्स देसे, ९ आगासत्थिकायस्स पदेसा, १० अद्धासमए। से त्तं अरूविअजीवपन्नवणा ।सू.-३॥**

*(મૂ૦) અરૂપીઅજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? અરૂપીઅજીવપ્રજ્ઞાપના દસ પ્રકારે કહેલી છે. તે આ પ્રમાણે-૧ ધર્માસ્તિકાય, ૨ ધર્માસ્તિકાયનો દેશ અને ૩ ધર્માસ્તિકાયના પ્રદેશો. ૪ અધર્માસ્તિકાય, ૫ અધર્માસ્તિકાયનો દેશ અને ૬*

*અધર્માસ્તિકાયના પ્રદેશો. ૭ આકાશાસ્તિકાય, ૮ આકાશાસ્તિકાયનો દેશ અને ૯ આકાશાસ્તિકાયના પ્રદેશો, તથા ૧૦ કાળ. એ પ્રમાણે અરૂપીઅજીવપ્રજ્ઞાપના કહી. ॥૩॥*

(ટી૦) તેમાં અલ્પ વક્તવ્યતા હોવાથી પ્રથમ અરૂપી અજીવપ્રજ્ઞાપનાનું વર્ણન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે– "સે" શબ્દ અથશબ્દના અર્થમાં છે. **अथ का सा अरूप्यजीवप्रज्ञापना?** અરૂપીઅજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? આચાર્ય કહે છે–અરૂપી અજીવપ્રજ્ઞાપના દસ પ્રકારે કહી છે. અરૂપી અજીવો દસ પ્રકારના હોવાથી તેની પ્રરૂપણા પણ દસ પ્રકારની કહી છે. તે દસ પ્રકાર બતાવે છે–'**तद् यथा**' એ જે ભેદો કહેવાના છે તે ભેદોનું કથન પ્રગટ કરવાને માટે છે. **तद्–दशविधत्वं**– દસ પ્રકાર, અથવા '**तद्**' એ સર્વ લિંગ અને સર્વ વચનમાં વર્તમાન અવ્યય છે. એટલે "**सा दशविधा अरूप्यजीवप्रज्ञापना यथा भवति तथा दर्श्यते**"–તે દસ પ્રકારે અરૂપિ અજીવપ્રજ્ઞાપના જે પ્રકારે છે તે પ્રકારે બતાવાય છે–"**ધર્માસ્તિકાય**" ઇતિ. સ્વભાવથી જ ગતિપરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગલોના ગતિસ્વભાવને ધારણ કરવાથી–પોષણ કરવાથી 'ધર્મ' કહેવાય છે. અસ્તિ એટલે પ્રદેશો, તેઓનો કાયસમૂહ, કારણ કે ગણ, કાય, નિકાય, સ્કન્ધ, વર્ગ તેમજ રાશિ–એ પર્યાયશબ્દો છે. અસ્તિકાય–પ્રદેશોનો સમૂહ. આ વડે પરિપૂર્ણ ધર્માસ્તિકાય રૂપ અવયવી દ્રવ્ય કહે છે. અવયવી એટલે અવયવોનો તેવા પ્રકારનો સંઘાતરૂપ પરિણામવિશેષ છે, પરન્તુ અવયવ દ્રવ્યોથી જુદું દ્રવ્ય નથી. કારણ કે જુદા સ્વરૂપે તેનો ઉપલંભ (જ્ઞાન) થતો નથી. લંબાઇ અને પહોળાઇપણે સંઘાતરૂપ પરિણામવિશેષને પ્રાપ્ત થયેલા તન્તુઓનો જ લોકમાં પટ તરીકે વ્યવહાર થાય છે. પણ તન્તુઓથી જુદું પટ નામે દ્રવ્ય નથી. એ સંબંધમાં અન્ય આચાર્યોએ પણ કહ્યું છે–"**तन्तवादिव्यतिरेकेण न पटाद्युपलम्बनम्। तन्त्वादयो विशिष्टाहि पटादिव्यपदेशिनः ॥१॥**" તન્તુઆદિથી ભિન્નરૂપે પટાદિનું જ્ઞાન થતું નથી, પરન્તુ વિશિષ્ટ તન્ત્વાદિનો

---

૧ **ધર્માસ્તિકાય** : ચલન સ્વભાવ ગુણ ધર્માસ્તિકાયનો છે. જેમ મત્સ્યના સંચારનું અપેક્ષા કારણ જલ-પાણી છે, તેમ જીવને તથા પુદ્ગલને ગતિપણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય, તેને **ધર્માસ્તિકાય** કહે છે.

**અધર્માસ્તિકાય** : સ્થિર સ્વભાવ ગુણ અધર્માસ્તિકાયનો છે. જેમ પંથી–મુસાફરને વિસામો લેવા માટે વૃક્ષાદિકની છાયા અપેક્ષા કારણ છે, તેમ જીવ તથા પુદ્ગલને સ્થિતિપણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય અર્થાત્ સ્થિર રાખવાનો જે સહજ ગુણ તેને અધર્માસ્તિકાય કહે છે.

**આકાશાસ્તિકાય** : અવકાશ (જગ્યા) આપવાનો સ્વભાવ ગુણ આકાશાસ્તિકાયનો છે. લોકાલોક વ્યાપી શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ રહિત અરૂપી અનંત પ્રદેશ અને સાકરને દૂધની પેઠે જેનો અવકાશસ્વભાવ ગુણ તેને આકાશાસ્તિકાય કહે છે.

**ભેદ** : આકાશના બે ભેદ છે. ૧) લોકાકાશ, ૨) અલોકાકાશ. આકાશાસ્તિકાય દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય તથા જીવને અવગાહના ગુણદાન આપે છે.

**કાળદ્રવ્ય** : નવા, પુરાણ-વર્તના સ્વભાવગુણ કાળદ્રવ્યનો છે. એક કરોડ, સડસઠ લાખ, સીત્તોતેર હજાર બસેંને સોળ ઉપર એટલી આવલીએ એક મુહૂર્ત થાય છે.

આંખના એક પલકારામાં, એક ચપટી વગાડીએ તેટલા સમયમાં, જૂનું વસ્ત્ર ફાડીએ તે વખતે એક તંતુથી બીજે તંતુએ જાય તેટલા વખતમાં તથા કમળના પાંદડાના સમુહને યુવાન પુરુષ ભાલાથી અથવા સોયથી વીંધે, તે ભાલો યા સોય જેટલીવારમાં એક પાંદડાથી બીજે પાદડે પહોંચે તેટલા વખતમાં અસંખ્યાતા સમય થઈ જાય છે. એવી અસંખ્યાતા સમયને આવલી કહે છે. એવી બસેં છપ્પન આવલીએ એક ક્ષુલ્લક ભવ થાય છે. એ કરતાં બીજા કોઈપણ નાના ભવની કલ્પના થઈ શકે નહીં. એવાં કાંઈક અધિક સત્તર ક્ષુલ્લક ભવમાં એક શ્વાસોશ્વાસરૂપ પ્રાણની ઉત્પત્તિ જાણવી.

કાળ-સમયનું માન :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ પ્રાણ | = ૧ સ્તોક | ૧૫ અહોરાત્રિ | = ૧ પખવાડિયું | ૧૦ કોડાકોડી સાગરોપમ | = ૧ ઉત્સર્પિણી |
| ૭ સ્તોક | = ૧ લવ | ૨ પખવાડિયા | = ૧ માસ | ૧૦ કોડાકોડી સાગરોપમ | = ૧ અવસર્પિણી |
| ૭૭ લવ | = ૧ મુહૂર્ત | ૧૨ માસ | = ૧ વર્ષ | ૨૦ કોડાકોડી સાગરોપમ | = ૧ કાળચક્ર |
| ૧૬૭૭૭૨૧૬ આવલી | = ૧ મુહૂર્ત | અસંખ્યાતવર્ષ | = ૧ પલ્યોપમ | અનંતકાળચક્ર | = ૧ પુદ્ગલ પરાવર્તન |
| ૩૦ મુહૂર્ત | = ૧ અહોરાત્રિ | ૧૦ કોડાકોડી પલ્યોપમ | = ૧ સાગરોપમ | | |

એ સર્વ મનુષ્યલોકમાં વ્યવહારથી કાળ જાણવો.

૨ માસ = ૧ ઋતુ, ૩ ઋતુ = ૧ અયન, ૨ અયન = ૧ વર્ષ, ૫ વર્ષ = ૧ યુગ, ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ ઇત્યાદિ કાળના અનેક ભેદ છે.

જ પટાદિ રૂપે વ્યવહાર થાય છે. આ સંબંધમાં એટલું જ કહેવું બસ છે, કારણ કે બીજે સ્થળે આ વાદનો વિચાર કર્યો છે. તથા 'ધર્માસ્તિકાયનો દેશ'–તે જ ધર્માસ્તિકાયનો બુદ્ધિકલ્પિત બે, ત્રણ, સંખ્યાતા, અસંખ્યાતા પ્રદેશોનો વિભાગ. 'ધર્માસ્તિકાયના પ્રદેશો'–તે ધર્માસ્તિકાયના અત્યંત સૂક્ષ્મ નિર્વિભાગ–જેનો બીજો ભાગ કલ્પી ન શકાય તેવા વિભાગો. તે અસંખ્યાત છે, કારણ કે તે લોકાકાશના પ્રદેશપ્રમાણ છે, એ હેતુથી બહુવચન મૂક્યું છે.

ધર્માસ્તિકાયથી પ્રતિપક્ષ અધર્માસ્તિકાય છે. તાત્પર્ય એ છે કે સ્થિતિપરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગલોને સ્થિતિ પરિણામમાં અવલંબન, અમૂર્ત, અસંખ્યાત પ્રદેશના સમૂહરૂપ અધર્માસ્તિકાય છે અધર્માસ્તિકાયનો દેશ અને અધર્માસ્તિકાયના પ્રદેશો પૂર્વની પેઠે જાણી લેવા. તથા "**आ काशन्तेऽस्मिन्**" પદાર્થો પોતપોતાના સ્વભાવને નહિ છોડવારૂપ મર્યાદા વડે જેમાં સ્વરૂપથી પ્રતિભાસિત થાય તે આકાશ. જો 'આ' અભિવિધિ–વ્યાપ્તિના અર્થમાં હોય ત્યારે 'આ' સર્વ ભાવોની વ્યાપ્તિ વડે–સર્વ ભાવોમાં વ્યાપકપણે પ્રતિભાસમાન થાય તે આકાશ. તેના અસ્તિ–પ્રદેશનો કાય–સમૂહ તે આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાયનો દેશ અને પ્રદેશો પૂર્વની પેઠે જાણવા. પરન્તુ પ્રદેશો અનન્તા જાણવા. કારણ કે અલોક અનન્ત છે.

'**अद्धासमय**' અદ્ધા–એ કાલની સંજ્ઞા છે, એ રૂપ સમય તે અદ્ધાસમય. અથવા અદ્ધા–કાળનો સમય–નિર્વિભાગ ભાગ તે અદ્ધાસમય. આ કાળ વાસ્તવિક રીતે એક જ વર્તમાન સમય રૂપ છે, અતીત અને અનાગત સમય રૂપ નથી. કારણ કે તેઓ અનુક્રમે વિનાશ પામેલા અને ઉત્પન્ન નહિ થયેલા હોવાથી અવિદ્યમાન છે. તેથી સમયના સમૂહનો અભાવ હોવાથી તેમાં દેશ અને પ્રદેશની કલ્પના થતી નથી. પૂર્વ સમયનો નાશ થયા પછી પછીના સમયનો સદ્ભાવ હોય છે. તેથી તેના સમુદાય અને સમિતિ ઇત્યાદિ અસંભવિત હોવાને લીધે આવલિકાદિ કેવળ વ્યવહારને માટે જ કલ્પેલા છે એમ જાણવું.

અહીં 'ધર્માસ્તિકાય' એ પદ મંગલ રૂપ છે, કારણ કે તે આદિમાં ધર્મશબ્દસહિત છે. હવે પદાર્થની પ્રરૂપણાનો પ્રારંભ કર્યો છે તેથી મંગલને માટે પ્રારંભમાં ધર્માસ્તિકાયનું ગ્રહણ કર્યું છે. ધર્માસ્તિકાયનો પ્રતિપક્ષી અધર્માસ્તિકાય છે. એ માટે ત્યાર પછી અધર્માસ્તિકાયનું ગ્રહણ છે. આ બન્નેનું આધારભૂત આકાશ છે, માટે ત્યાર પછી આકાશાસ્તિકાયનું ગ્રહણ છે. તે પછી અજીવના સાધર્મ્યથી અદ્ધાસમયનું કથન છે. અથવા અહીં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સર્વવ્યાપક નથી. જો સર્વવ્યાપક હોય તો તેના સામર્થ્યથી જીવ અને પુદ્ગલોનો અસ્ખલિત (સર્વત્ર) પ્રચાર થવાથી લોક અને અલોકની વ્યવસ્થા ઘટી શકે નહિ. અને લોક અને અલોકની વ્યવસ્થા તો છે. કારણ કે સૂત્રમાં તે તે સ્થળે સાક્ષાત્ જણાય છે. તેથી જેટલા ક્ષેત્રમાં તે બન્ને રહેલા છે તેટલો લોક અને બાકીનો અલોક–એમ સિદ્ધ થાય છે. એ સંબંધમાં કહ્યું છે કે–"**धर्माधर्मविभुत्वात् सर्वत्र च, जीवपुद्गलविचारात्। नालोकः कश्चित्स्यान्न च सम्मत्तमेत्तदार्याणाम् ॥१॥ तस्माद्धर्माधर्मावगाढौ व्याप्य लोक खं सर्वम्। एवं हि परिच्छिन्नः सिध्यति लोकस्तदविभुत्वात् ॥२॥**" "ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું વ્યાપકપણું હોય તો જીવ અને પુદ્ગલોનો સર્વત્ર પ્રચાર થવાથી કોઇ પણ અલોક જેવી વસ્તુ ન ઘટે. પરન્તુ એ આર્યોને સંમત નથી.॥૧॥ તે માટે લોકાકાશ વ્યાપીને ધર્મ અને અધર્મ દ્રવ્ય રહેલાં છે. એ પ્રમાણે તેનું અવ્યાપકપણું હોવાથી પરિમિત લોક સિદ્ધ થાય છે.॥૨॥" તેથી લોક અને અલોકની વ્યવસ્થાનું કારણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે. તેથી એ બન્નેનું પ્રારંભમાં ગ્રહણ કરેલું છે. તેમાં પણ માંગલિક હોવાથી પ્રથમ ધર્માસ્તિકાયનું ગ્રહણ કર્યું છે. તેનો પ્રતિપક્ષી હોવાથી તે પછી અધર્માસ્તિકાયનું ગ્રહણ કર્યું છે. તે પછી લોકાલોક વ્યાપી હોવાથી આકાશાસ્તિકાયનું ગ્રહણ છે. ત્યાર બાદ લોકમાં સમયક્ષેત્ર અને તેથી ભિન્ન ક્ષેત્રની વ્યવસ્થા કરનાર હોવાથી અદ્ધાસમયનું ગ્રહણ છે. એ પ્રમાણે આગમને અનુસરી બીજું પણ યુક્તિસંગત હોય તે કહેવું. આ સંબંધમાં એટલું જ કહેવું બસ છે. પ્રસ્તુત પ્રજ્ઞાપનાનો ઉપસંહાર કહે છે–એમ અરૂપીઅજીવપ્રજ્ઞાપના કહી. તે આ પ્રમાણે – અરૂપીઅજીવપ્રજ્ઞાપનાના ૧૦ પ્રકાર – ધર્માસ્તિકાય ૩, અધર્માસ્તિકાય ૩, અકાશાસ્તિકાય ૩, કાલ ૧ મળી ૧૦ પ્રકાર. ॥૩॥

**से किं तं रूविअजीवपण्णवणा? रूविअजीवपण्णवणा चउव्विहा पन्नत्ता। तं जहा- १ खंधा, २ खंधदेसा, ३**

**खंधप्पएसा, परमाणुपोग्गला। ते समासओ पंचविहा पन्नत्ता। तं जहा - १ वन्नपरिणया, २ गंधपरिणया, ३ रसपरिणया, ४ फासपरिणया, ५ संठाणपरिणया ।।सू.-४।।**

*(મૂ૦) રૂપીઅજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? રૂપીઅજીવપ્રજ્ઞાપના ચાર પ્રકારે કહી છે. તે આ પ્રમાણે-સ્કન્ધો, સ્કન્ધદેશો, સ્કન્ધપ્રદેશો અને પરમાણુપુદ્ગલો. તે પુદ્ગલો સંક્ષેપથી પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-૧ વર્ણપરિણત, ૨ ગન્ધપરિણત, ૩ રસપરિણત, ૪ સ્પર્શપરિણત અને ૫ સંસ્થાનપરિણત. ॥૪॥*

(ટી૦) પુનઃ રૂપીઅજીવપ્રજ્ઞાપના સંબંધમાં શિષ્ય પ્રશ્ન કરે છે-'રૂપીઅજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે?' આચાર્ય કહે છે-રૂપીઅજીવપ્રજ્ઞાપના ચાર પ્રકારે કહી છે. જેમ કે-'**स्कन्धाः**' સ્કન્દન્તિ-પુદ્ગલોના જુદા પડવાથી શોષણ પામે-સૂકાય, અને ધીયન્તે-પુદ્ગલોના મળવાથી વૃદ્ધિ પામે તે સ્કન્ધો કહેવાય. પૃષોદરાદિમાં પાઠ હોવાથી સ્કન્ધશબ્દની નિષ્પત્તિ થાય છે. અહીં બહુવચન પુદ્ગલસ્કન્ધોનું અનન્તપણું જણાવવા માટે છે. તે અનન્તપણું નથી ઘટતું એમ નથી, કારણ કે આગમમાં કહ્યું છે. તે સંબંધમાં આગળ કહેશે કે-'દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાય અનન્ત છે'-ઇત્યાદિ. '**स्कन्धदेशाः**' સ્કન્ધોના જ સ્કન્ધરૂપપરિણામનો ત્યાગ નહિ કરતા એવા બુદ્ધિકલ્પિત બે ત્રણ ઇત્યાદિ પ્રદેશના સમુદાય રૂપ વિભાગો તે સ્કન્ધદેશો. અહીં પણ બહુવચન અનન્તાનન્તપ્રદેશી તેવા પ્રકારના સ્કન્ધોમાં દેશનું અનન્તપણું બતાવવા માટે છે. '**स्कन्ध प्रदेशाः**' સ્કન્ધ રૂપ પરિણામને પ્રાપ્ત થયેલા સ્કન્ધોના જ બુદ્ધિકલ્પિત પ્રકૃષ્ટ-અત્યંત સૂક્ષ્મ દેશો નિર્વિભાગ-જેનો ભાગ કલ્પી ન શકાય એવા ભાગો સ્કન્ધપ્રદેશો કહેવાય છે. અહીં પણ બહુવચન પ્રદેશોનું અનન્તપણું બતાવવા માટે છે. '**परमाणुपुद्गलाः**' પરમ-અત્યંત સૂક્ષ્મ અણુઓ, જેનો ભાગ કલ્પી ન શકાય એવા નિર્વિભાગ દ્રવ્ય રૂપ પુદ્ગલો તે પરમાણુપુદ્ગલો. અને સ્કન્ધરૂપ પરિણામ રહિત કેવળ પરમાણુઓ જાણવા.

'તે સંક્ષેપથી' ઇત્યાદિ. તે સ્કન્ધાદિ યથાયોગ્યપણે સંક્ષેપથી પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-'**वर्णपरिणताः**' વર્ણરૂપે પરિણામ પામેલા, વર્ણપરિણામવાળા. એમ ગન્ધપરિણત, રસપરિણત, સ્પર્શપરિણત અને સંસ્થાનપરિણત-આકારરૂપે પરિણત જાણવા. અહીં 'પરિણત-પરિણમેલાં' એ ભૂતકાળનો નિર્દેશ કર્યો છે, તે વર્તમાન અને ભવિષ્યકાળનો ઉપલક્ષણ-સૂચક છે. વર્તમાન અને ભવિષ્ય સિવાય ભૂતકાળનો સંભવ નથી. જેમકે-જે વર્તમાનપણાને અતિક્રાન્ત થયેલો છે તે અતીત કહેવાય છે. જે અનાગતપણાને અતિક્રમી ગયો છે તે વર્તમાન છે. એ સંબંધમાં કહ્યું છે કે —''**भवति स नामातीतो यः प्राप्तो नाम वर्तमानत्वम्। एष्यंश्च नाम स भवति यः प्राप्स्यति वर्तमानत्वम्**''॥ જે વર્તમાનપણાને પ્રાપ્ત થયેલો તે અતીત છે અને જે વર્તમાનપણાને પામશે તે ભવિષ્ય છે. તેથી વર્ણ પરિણત-વર્ણરૂપે પરિણમેલા, પરિણમે છે અને પરિણમશે તે બધા (વર્ણપરિણત શબ્દથી) જાણવા. એ પ્રમાણે ગન્ધપરિણત અને રસપરિણત ઇત્યાદિ પણ સમજવા. ॥૪॥

**जे वन्नपरिणया ते पंचविहा पन्नत्ता। तं जहा-१ कालवन्नपरिणया, २ नीलवन्न परिणया, ३ लोहियवन्नपरिणया, ४ हालिद्दवन्नपरिणया, ६ सुक्किल्लवन्नपरिणया। जे गंधपरिणता ते दुविहा पन्नत्ता। तं जहा-सुब्भिगंधपरिणया य दुब्भिगंधपरिणया य। जे रसपरिणता ते पंचविहा पन्नत्ता। तं जहा-१ तित्तरसपरिणता, २ कडुयरसपरिणता, ३ कसायरसपरिणता, ४ अंबिलरसपरिणता, ५ महुररसपरिणता। जे फासपरिणता ते अट्ठविहा पन्नत्ता। तं जहा-१ कक्खडफासपरिणता, २ मउयफासपरिणता, ३ गरुयफासपरिणता, ४ लहुयफासपरिणता, ५ सीयफासपरिणता, ६ उसिणफासपरिणता, ७ णिद्धफासपरिणता, ८ लुक्खफासपरिणता। जे संठाणपरिणया ते पचंविहा पन्नत्ता। तं जहा-१ परिमंडलसंठाणपरिणया, २ वट्टसंठाणपरिणता, ३ तंससंठाणपरिणता, ४ चउरंससंठाणपरिणता, ५ आयतसंठाणपरिणता।।सू०-५।।**

*(મૂ૦) જે વર્ણપણે પરિણમેલા છે તે પાંચ પ્રકારે છે. જેમકે-૧ કાલવર્ણપરિણત-કાળા વર્ણરૂપે પરિણમેલા, ૨ નીલવર્ણ-*

*પરિણત–લીલા વર્ણપણે પરિણમેલા, ૩ લોહિતવર્ણપરિણત–રાતા વર્ણપણે પરિણમેલા, ૪ હારિદ્રવર્ણ–પીળા વર્ણપણે પરિણમેલા અને ૫ શુક્લવર્ણપણે પરિણમેલા. જે ગન્ધપણે પરિણત છે તે બે પ્રકારના છે. જેમકે–સુરભિગન્ધ–સુગન્ધરૂપે પરિણત અને દુરભિગન્ધ–દુર્ગન્ધરૂપે પરિણત. જે રસપરિણત છે તે પાંચ પ્રકારના છે. જેમકે–૧ તિક્ત–કડવા રસપણે પરિણત, ૨ કટુક–તીખા રસપણે પરિણત, ૩ કષાય–તૂરા રસપણે પરિણત, ૪ અમ્લ–ખાટા રસપણે પરિણત અને ૫ મધુર–મિષ્ટરસ પણે પરિણત. જે સ્પર્શપણે પરિણત છે તે આઠ પ્રકારના કહ્યા છે. જેમકે–૧ કર્કશ–બરસઠ સ્પર્શ પણે પરિણત, ૨ મૃદુ–કોમળ સ્પર્શ પણે પરિણત, ૩ ગુરુ–ભારે સ્પર્શ પણે પરિણત, ૪ લઘુ–હલકા સ્પર્શપણે પરિણત, ૫ શીત સ્પર્શ પણે પરિણત, ૬ ઉષ્ણ સ્પર્શપણે પરિણત, ૭ સ્નિગ્ધ સ્પર્શપણે પરિણત, અને ૮ રૂક્ષ સ્પર્શપણે પરિણત. જે સંસ્થાન પરિણત છે તે પાંચ પ્રકારના છે. જેમ કે–૧ પરિમંડલ સંસ્થાન–વલયાકારપણે પરિણત, ૨ વૃત્તસંસ્થાન–વર્તુલાકાર પણે પરિણત, ૩ ત્ર્યસ્ર સંસ્થાન–ત્રિકોણાકૃતિ પણે પરિણત, ૪ ચતુરસ્ર સંસ્થાન–ચતુષ્કોણાકૃતિ પણે પરિણત અને ૫ આયત સંસ્થાન–દંડાકારપણે પરિણત હોય છે. ॥૫॥*

(ટી૦) જેઓ વર્ણપણે પરિણત છે તેઓ પાંચ પ્રકારે કહ્યા છે. જેમકે–૧ કાજળ વગેરેની પેઠે કૃષ્ણ વર્ણપણે પરિણત, ૨ ગળી વગેરેની પેઠે નીલવર્ણપણે પરિણત, ૩ હીંગળો વગેરેની જેમ રાતા વર્ણપણે પરિણત, ૪ હલદરની પેઠે પીત વર્ણપણે પરિણત, અને ૫ શંખાદિની પેઠે શુક્લ વર્ણપણે પરિણત હોય છે. જે ગન્ધપણે પરિણત હોય છે તે બે પ્રકારના કહ્યા છે. જેમ કે–સુરભિ–સુગન્ધપણે પરિણત અને દુરભિ–દુર્ગન્ધપણે પરિણત. 'च' શબ્દ પુદ્‌ગલોનો તે તે રૂપે પરિણામ થવામાં વિશેષતા નથી એમ જણાવવા માટે છે. તે આ પ્રમાણે–કોઇ પણ રૂપે રહેલા પુદ્‌ગલો સામગ્રીના વશથી જેમ સુરભિગન્ધપણે પરિણમે છે, તેમ કોઇ પણ રૂપે રહેલા પુદ્‌ગલો સામગ્રીના સંયોગથી દુર્ગન્ધપણે પરિણમે છે. ચંદનાદિની પેઠે સુગન્ધપણે પરિણમેલા અને લસણ વગેરેની પેઠે દુર્ગન્ધપણે પરિણમેલા જાણવા. જે રસપણે પરિણત છે તે પાંચ પ્રકારના કહ્યા છે. જેમ કે–૧ કડવા તુરીયાની પેઠે કડવા રસ રૂપે પરિણમેલા, ૨ સુંઠ વગેરેની પેઠે કટુક–તીખા રસ રૂપે પરિણમેલા, ૩ કાચા કોઠાની પેઠે કષાય–તૂરા રસપણે પરિણમેલા, ૪ અમ્લવેતસ (આંબલી–કોકમ) વગેરેની જેમ અમ્લ–ખાટા રસપણે પરિણમેલા, અને ૫ સાકર વગેરેની જેમ મધુર રસપણે પરિણત થયેલા હોય છે. જેઓ સ્પર્શપણે પરિણત છે તેઓ આઠ પ્રકારના છે. જેમ કે–૧ પત્થર વગેરેની પેઠે કર્કશ–બરસઠ સ્પર્શપણે પરિણત થયેલા, હંસ અને રુ વગેરેની પેઠે મૃદુ–કોમળ સ્પર્શપણે પરિણત, વજ્રાદિની પેઠે ગુરુ–ભારે સ્પર્શપણે પરિણત, આકડાના રૂ વગેરેની પેઠે લઘુ–હલકા સ્પર્શપણે પરિણત, કમળના ડાંડલા વગેરેની જેમ શીતસ્પર્શપણે પરિણત, અગ્નિ વગેરેની પેઠે ઉષ્ણ સ્પર્શપણે પરિણત, ઘી વગેરેની પેઠે સ્નિગ્ધ સ્પર્શપણે પરિણત અને ભસ્માદિની પેઠે રૂક્ષ સ્પર્શપણે પરિણત હોય છે.

જેઓ સંસ્થાન–આકારપણે પરિણત છે તે પાંચ પ્રકારના કહ્યા છે. જેમ કે–વલય–ચુડીની પેઠે [1]પરિમંડલ સંસ્થાનપણે પરિણત, કુંભારના ચક્ર વગેરેની પેઠે વૃત્તસંસ્થાન–વર્તુલાકારપણે પરિણત, શીંગોડા વગેરેની પેઠે ત્ર્યસ્રસંસ્થાન–ત્રિકોણાકારપણે પરિણમેલા, કુંભિકા વગેરેની પેઠે ચતુરસ્રસંસ્થાન–ચાર ખુણાવાળા આકારપણે પરિણમેલા, અને દંડાદિની પેઠે આયત સંસ્થાન–દીર્ઘાકારપણે પરિણમેલા હોય છે. આ પરિમંડલાદિ સંસ્થાનો ઘન અને પ્રતરના ભેદથી બે પ્રકારના હોય છે. અને તેમાં પરિમંડલ સંસ્થાનને છોડી બાકીના સંસ્થાનો ઓજઃપ્રદેશજનિત–વિષમ સંખ્યાવાળા (એક, ત્રણ, પાંચ–ઇત્યાદિ એકી સંખ્યાવાળા) પ્રદેશોથી ઉત્પન્ન થયેલા અને યુગ્મ પ્રદેશજનિત–સમ સંખ્યાવાળા (બે, ચાર, છ ઇત્યાદિ બેકી સંખ્યાવાળા) પ્રદેશોથી ઉત્પન્ન થયેલા–એમ બે પ્રકારના છે. તેમાં ઉત્કૃષ્ટ પરિમંડલાદિ બધા સંસ્થાનો અનન્ત પરમાણુઓથી ઉત્પન્ન થયેલા અને અસંખ્યાતા આકાશ પ્રદેશમાં રહેલાં છે એ પ્રસિદ્ધ છે. અને જઘન્ય સંસ્થાન નિયત સંખ્યાવાળા પરમાણુથી બનેલા છે. પરન્તુ તે બતાવ્યા

૧. વલયની પેઠે બહારના ભાગમાં વર્તુલાકાર અને અંદરનો ભાગ ખાલી હોય તે પરિમંડલ અને કુંભારના ચાકડાની પેઠે અંદરનો ભાગ ખાલી ન હોય તે વૃત્ત સંસ્થાન સમજવું.

સિવાય જાણી શકાય તેમ નથી માટે શિષ્યવર્ગ ઉપર ઉપકાર કરવા માટે અહીં દર્શાવાય છે —

**૧ ઓજ:પ્રદેશ-પ્રતરવૃત્ત** — પાંચ પરમાણુઓ વડે બનેલું અને પાંચ આકાશ પ્રદેશમાં રહેલું હોય છે. જેમ કે–એક પરમાણુ વચ્ચે મૂકવો અને ચાર પરમાણુઓ અનુક્રમે પૂર્વાદિ ચાર દિશાઓમાં મૂકવા. સ્થાપના – 

**૨ યુગ્મપ્રદેશ-પ્રતરવૃત્ત** — બાર પરમાણુઓનું બનેલું અને બાર આકાશ પ્રદેશમાં રહેલું હોય છે. તેમાં નિરન્તર ચાર પરમાણુઓ ચાર આકાશ પ્રદેશમાં રુચકના આકારે (ગોસ્તનના આકારે) સ્થાપવા. અને તેની ચારે તરફ, બાકીના આઠ પરમાણુઓ મૂકવા. સ્થાપના – 

**૩ ઓજ:પ્રદેશ-ઘનવૃત્ત** — સાત પ્રદેશ વડે બનેલું અને સાત આકાશ પ્રદેશમાં રહેલું હોય છે. તે આ પ્રમાણે છે–તે જ પાંચ પ્રદેશના પ્રતરવૃત્તના મધ્ય ભાગમાં રહેલા પરમાણુની ઉપર અને નીચે એક એક પરમાણુ મૂકવો. તેથી એ પ્રમાણે સાતપ્રદેશવાળું ઘનવૃત્ત થાય છે.

**૪ યુગ્મપ્રદેશ-ઘનવૃત્ત** — બત્રીશ પ્રદેશવાળું અને બત્રીશ આકાશ પ્રદેશોમાં રહેલું હોય છે. તે આ પ્રમાણે–પૂર્વોક્ત બાર પ્રદેશના પ્રતરવૃત્તના ઉપર બાર પરમાણુઓ મૂકવા અને તેની ઉપર ને નીચે બીજા ચાર ચાર પરમાણુઓ મૂકવા.

**૫ ઓજ:પ્રદેશ-પ્રતરત્ર્યસ્ર** — ત્રણ પ્રદેશનું બનેલું અને ત્રણ આકાશ પ્રદેશમાં રહેલું છે. તે આ પ્રમાણે–તીરછા બે પરમાણુઓ મૂકવા. ત્યાર પછી પ્રથમ પરમાણુની નીચે એક પરમાણુ મૂકવો. સ્થાપના – 

**૬ યુગ્મપ્રદેશ-પ્રતરત્ર્યસ્ર** — છ પરમાણુઓથી ઉત્પન્ન થયેલું અને છ આકાશ પ્રદેશમાં રહેલું છે. તેમાં તીરછા નિરન્તર ત્રણ પરમાણુઓ સ્થાપવા. ત્યાર પછી પ્રથમ પરમાણુની હેઠે ઉપર અને નીચે એમ બે પરમાણુઓ મૂકવા. અને બીજાની નીચે એક પરમાણુ મૂકવો. સ્થાપના – 

**૭ ઓજ:પ્રદેશ-ઘનત્ર્યસ્ર** — પાંત્રીસ પરમાણુઓ વડે બનેલું અને પાંત્રીશ આકાશ પ્રદેશમાં રહેલું છે. તે આ પ્રમાણે–તીરછા નિરન્તર પાંચ પરમાણુઓ મૂકવા, તેઓની નીચે નીચે અનુક્રમે તીરછા ચાર, ત્રણ, બે અને એક પરમાણુ મૂકવો. એમ પંદર પ્રદેશવાળું પ્રતર થાય છે. સ્થાપના –  આજ પ્રતરના ઉપર સર્વ પંક્તિઓમાં અંતે રહેલા એક એક પ્રદેશને છોડી દસ પરમાણુઓ મૂકવા, તેમ જ તેના ઉપર ઉપર છ, ત્રણ અને એક એમ અનુક્રમે પરમાણુઓ મૂકવા. સ્થાપના –  આ બધા મળીને પાંત્રીશ પ્રદેશો થાય છે.

**૮ યુગ્મપ્રદેશ-ઘનત્ર્યસ્ર** — ચાર પ્રદેશોનું બનેલું અને ચાર આકાશ પ્રદેશમાં રહેલું હોય છે. ત્રણ પ્રદેશના બનેલા પ્રતરત્ર્યસ્રના એક પરમાણુની ઉપર એક પરમાણુ મૂકવો. તેથી બધા મળી ચાર પ્રદેશો થાય છે.

**૯ ઓજ:પ્રદેશ-પ્રતરચતુરસ્ર** — નવ પરમાણુઓનું બનેલું અને નવ આકાશ પ્રદેશોમાં રહેલું હોય છે. તેમાં તીરછા નિરન્તર ત્રણ પ્રદેશવાળી ત્રણ પંક્તિઓ સ્થાપવી. સ્થાપના – 

**૧૦ યુગ્મપ્રદેશ-પ્રતરચતુરસ્ર** — ચાર પરમાણુઓનું બનેલું અને ચાર આકાશ પ્રદેશોમાં રહેલું છે. તેમાં તીરછા બે આકાશ પ્રદેશવાળી બે પંક્તિ સ્થાપવી. 

**૧૧ ઓજ:પ્રદેશ-ઘનચતુરસ્ર** — સત્યાવીશ પરમાણુઓનું બનેલું અને સત્યાવીશ આકાશ પ્રદેશોમાં રહેલું હોય છે..તેમાં નવપ્રદેશના બનેલા પૂર્વોક્ત પ્રતરની ઉપર અને નીચે નવ નવ પ્રદેશો સ્થાપવા. તેથી સત્યાવીશ પ્રદેશોનું ઓજ:પ્રદેશ-ઘનચતુરસ્ર થાય છે.

**૧૨ યુગ્મપ્રદેશ-ઘનચતુરસ્ર** -- આઠ પરમાણુઓથી ઉત્પન્ન થયેલું અને આઠ આકાશ પ્રદેશોમાં રહેલું છે. તે આ પ્રમાણે-ચાર પ્રદેશના પૂર્વોક્ત પ્રતરના ઉપર બીજા ચાર પરમાણુઓ મૂકવા.

**૧૩ ઓજઃપ્રદેશ-શ્રેણ્યાયત** -- ત્રણ પરમાણુવાળું અને ત્રણ આકાશ પ્રદેશમાં રહેલું છે. તેમાં તીરછા નિરન્તર ત્રણ પરમાણુઓ સ્થાપવા. સ્થાપના – 

**૧૪ યુગ્મપ્રદેશ-શ્રેણ્યાયત** -- બે પરમાણુવાળું અને બે આકાશ પ્રદેશમાં રહેલું છે. તે આ પ્રમાણે-(તીરછા) બે પરમાણુઓ મૂકવા. સ્થાપના – 

**૧૫ ઓજઃપ્રદેશ-પ્રતરાયત** -- પંદર પરમાણુઓ વડે બનેલું અને પંદર આકાશ પ્રદેશમાં રહેલું હોય છે. તેના પાંચ પ્રદેશની ત્રણ પંક્તિઓ તીરછી સ્થાપન કરવી. સ્થાપના – 

**૧૬ યુગ્મપ્રદેશ-પ્રતરાયત** -- છ પરમાણુઓનું બનેલું અને છ આકાશ પ્રદેશમાં રહેલું છે. તેમાં ત્રણ ત્રણ પ્રદેશની બે પંક્તિ સ્થાપવી. સ્થાપના – 

**૧૭ ઓજઃપ્રદેશ-ઘનાયત** – પીસ્તાલીશ પરમાણુઓથી ઉત્પન્ન થયેલું અને તેટલા જ આકાશ પ્રદેશમાં રહેલું છે. તેમાં પૂર્વે કહેલા પંદર પ્રદેશના પ્રતરાયતની નીચે અને ઉપર તેમજ પંદર પંદર પરમાણુઓ મૂકવા.

**૧૮ યુગ્મપ્રદેશ-ઘનાયત** – બાર પરમાણુઓનું બનેલું અને બાર આકાશ પ્રદેશમાં રહેલું છે. તેમાં પૂર્વે કહેલા છ પ્રદેશના પ્રતરાયતના ઉપર તેવીજ રીતે તેટલા પરમાણુઓ મૂકવા.

**૧૯ પ્રતરપરિમંડલ** -- વીશ પરમાણુઓનું બનેલું અને વીશ આકાશ પ્રદેશમાં રહેલું છે. તે આ પ્રમાણે-પૂર્વાદિ ચાર દિશાઓમાં પ્રત્યેક દિશાએ ચાર ચાર પરમાણુઓ સ્થાપવા અને વિદિશાઓમાં પ્રત્યેક વિદિશાએ એક એક પરમાણુ મૂકવો.

સ્થાપના – 

**૨૦ ઘનપરિમંડલ** – ચાળીશ પરમાણુઓનું બનેલું અને ચાળીશ આકાશ પ્રદેશોમાં રહેલું છે. તેમાં તેજ વીશ પરમાણુઓની ઉપર બીજા વીશ પરમાણુઓ મૂકવા.

આ પ્રમાણે એ સંસ્થાનોની પ્રરૂપણા કરી છે. કારણ કે જો એથી પણ ન્યૂન પ્રદેશો હોય તો ઉપર કહેલા સંસ્થાનો થતાં નથી. એ અર્થનો સંગ્રહ કરનારી આ [1]ઉત્તરાધ્યયન નિર્યુક્તિની ગાથાઓ છે –

**"परिमंडले य वट्टे तंसे चउरंस आयए चेव। घण-पयर पढमवज्जं ओजपएसे य जुम्मे य॥**
**पंचग-बारसगं खलु सत्तग-बत्तीसगं च वट्टम्मि। तिग-छक्क-पणगतीसा चत्तारि य होंति तंसंमि॥**
**नव चेव तहा चउरो सत्तावीसा य अट्ठ चउरंसे। तिग-युग-पन्नरसेव य छच्चेव य आयए होंति॥**
**पणयाला बारसगं तह चेव य आययंमि संठाणे। वीसा चत्तालीसा परिमंडलए य संठाणे"॥**

**અર્થ :** પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર (ત્રિકોણ), ચતુરસ્ર (ચતુષ્કોણ), અને આયત-એ પાંચ સંસ્થાન છે. તેના ઘન અને પ્રતર બે ભેદ છે. તેમાં પ્રથમ પરિમંડલ સિવાયના પ્રત્યેકના ઓજઃપ્રદેશજનિત-એકી સંખ્યાવાળા પ્રદેશોથી ઉત્પન્ન થયેલ અને યુગ્મપ્રદેશજનિત-બેકી સંખ્યાવાળા પ્રદેશોથી ઉત્પન્ન થયેલ-એવા બે ભેદ છે. વૃત્ત સંસ્થાનને વિશે પાંચ, બાર, સાત અને બત્રીસ પ્રદેશો છે. ત્ર્યસ્ર સંસ્થાનમાં ત્રણ, છ, પાંત્રીશ અને ચાર પ્રદેશો છે. ચતુરસ્ર સંસ્થાનમાં નવ, ચાર, સત્યાવીશ અને આઠ પ્રદેશો છે. [2]આયત સંસ્થાનમાં ત્રણ, બે, પંદર અને છ તથા પીસતાળીશ અને બાર પ્રદેશો પણ છે. વીશ અને ચાળીશ પ્રદેશો

૧. જુઓ આ. સ. ઉત્તરા૦ ગાથા ૩૮-૪૧ પ. ૨૮-૧; ૨. આયત સંસ્થાનના શ્રેણ્યાયત, પ્રતરાયત અને ઘનાયત-એ ત્રણ ભેદ થાય છે. અને તે પ્રત્યેકના ઓજઃપ્રદેશજનિત અને યુગ્મપ્રદેશજનિત એવા બે ભેદ થાય છે. બધા મળી આયત-સંસ્થાનના છ ભેદ થાય છે.

પરિમંડલ સંસ્થાનને વિષે છે. ।।૫।।

जे वण्णओ कालवण्णपरिणता ते गन्धओ सुब्भिगन्धपरिणता वि, दुब्भिगन्धपरिणता वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अंबिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसण्ठाणपरिणता वि, वट्टसण्ठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२०

जे वण्णओ नीलवण्णपरिणया ते गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणता वि, गुरुयफासपरिणता वि, लहुयफासपरिणता वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणता वि, निद्धफासपरिणता वि, लुक्खफासपरिणता वि, संठाणओ परिमण्डलसण्ठाणपरिणता वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि. आयतसंठाणपरिणया वि ।२०

जे वण्णओ लोहियवण्णपरिणया ते गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणता वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणता वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणता वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणता वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणता वि, तंससंठाणपरिणता वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणता वि ।२०

जे वण्णओ हालिद्दवण्णपरिणया ते गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणता वि। आयतसंठाणपरिणता वि ।२०

जे वण्णओ सुक्किल्लवण्णपरिणता ते गन्धओ सुब्भिगन्धपरिणता वि, दुब्भिगन्धपरिणता वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणता वि, गुरुयफासपरिणता वि, लहुयफासपरिणता वि, सीयफासपरिणता वि, उसिणफासपरिणता वि, णिद्धफासपरिणता वि, लुक्खफासपरिणता वि। संठाणओ परिमंडलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि,

आयतसंठाणपरिणया वि ।२०,१००

जे गन्धओ सुब्भिगन्धपरिणया ते वण्णओ कालवण्णपरिणया वि, णीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणता वि, गुरुयफासपरिणता वि, लहुयफासपरिणता वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफास परिणता वि, संठाणओ परिमंडलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणता वि, तंससंठाणपरिणता वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२३.

जे गन्धओ दुब्भिगन्धपरिणया ते वण्णओ कालवण्णपरिणया वि, णीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि, रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२३, ४६.

जे रसओ तित्तरसपरिणया ते वण्णओ कालवण्णपरिणता वि, णीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि, सुंक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणता वि, गुरुयफासपरिणता वि, लहुयफासपरिणता वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणता वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि। चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि। २०.

जे रसओ कडुयरसपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२०.

जे रसओ कसायरसपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणता वि, लोहियवण्णपरिणता वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया

वि। आययसंठाणपरिणया वि ।२०.

जे रसओ अम्बिलरसपरिणया ते वण्णओ कालवण्णपरिणया वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणया वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि। आययसंठाणपरिणया वि ।२०.

जे रसओ महुररसपरिणया ते वण्णओ कालवण्णपरिणया वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणया वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणता वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणता वि, तंससंठाणपरिणता वि, चउरंससंठाणपरिणता वि। आयतसंठाणपरिणया वि ।२०. १००

जे फासओ कक्खडफासपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणता वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणता वि, सुक्किल्लवण्णपरिणता वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणता वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ गुरुयफासपरिणता वि, लहुयफासपरिणता वि, सीतफासपरिणता वि, उसिणफासपरिणता वि, णिद्धफासपरिणता वि, लुक्खफासपरिणता वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणता वि, तंससंठाणपरिणता वि, चउरंससंठाणपरिणता वि, आयतसंठाणपरिणया वि ।२३.

जे फासओ मउयफासपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणता वि, लोहियवण्णपरिणता वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणता वि, दुब्भिगन्धपरिणता वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणता वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२३.

जे फासतो गुरुयफासपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणता वि, लोहियवण्णपरिणता वि, हालिद्दवण्णपरिणता वि, सुक्किल्लवण्णपरिणता वि। गन्धओ सुब्भिगन्धपरिणता वि, दुब्भिगन्धपरिणता वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणता वि, सीयफासपरिणता वि,

उसिणफासपरिणता वि, णिद्धफासपरिणता वि, लुक्खफासपरिणता वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२३.

जे फासतो लहुयफासपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणता वि, सुक्किल्लवण्णपरिणता वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ कक्खडफासपरिणता वि, मउयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणता वि। लुक्खफासपरिणता वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२३.

जे फासतो सीयफासपरिणता ते वण्णओ कालवण्णपरिणया वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणता वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणता वि, दुब्भिगन्धपरिणता वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणता वि, महुररसपरिणता वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफास परिणया वि, निद्धफासपरिणता वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि ।२३.

जे फासओ उसिणफासपरिणता ते वण्णओ कालवण्णपरिणया वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणता वि।२३

जे फासओ निद्धफासपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणता वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणया वि, उसिणफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणया वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणता वि।२३

जे फासओ लुक्खफासपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया

वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीतफासपरिणया वि, उसिणफासपरिणया वि। संठाणओ परिमण्डलसंठाणपरिणता वि, वट्टसंठाणपरिणया वि, तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि, आयतसंठाणपरिणया वि।२३,१८४

जे संठाणओ परिमण्डलसंठाणपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरस परिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि ।२०

जे संठाणओ वट्टसंठाणपरिणता ते वण्णओ कालवण्णपरिणया वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि ।

जे संठाणओ तंससंठाणपरिणता ते वण्णओ कालवण्णपरिणया वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि ।२०.

जे संठाणओ चउरंससंठाणपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणता वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि, दुब्भिगन्धपरिणया वि, रसओ तित्तरसपरिणया वि, कडुयरसपरिणया वि, कसायरसपरिणया वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणता वि, गुरुयफासपरिणता वि, लहुयफासपरिणता वि, सीयफासपरिणता वि, उसिणफासपरिणता वि, निद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि ।२०.

जे संठाणओ आयतसंठाणपरिणता ते वण्णओ कालवण्णपरिणता वि, नीलवण्णपरिणया वि, लोहियवण्णपरिणया वि, हालिद्दवण्णपरिणया वि, सुक्किल्लवण्णपरिणया वि। गन्धओ सुब्भिगन्धपरिणया वि,

**दुब्भिगन्धपरिणया वि। रसओ तित्तरसपरिणता वि, कडुयरसपरिणता वि, कसायरसपरिणता वि, अम्बिलरसपरिणया वि, महुररसपरिणया वि। फासओ कक्खडफासपरिणया वि, मउयफासपरिणया वि, गुरुयफासपरिणया वि, लहुयफासपरिणया वि, सीयफासपरिणया वि, उसिणफासपरिणया वि, णिद्धफासपरिणया वि, लुक्खफासपरिणया वि ।२०,१००. सेत्तं रूविअजीवपन्नवणा। से त्तं अजीवपन्नवणा ।।सू०-६।।**

(મૂ૦) (૧) જેઓ વર્ણથી કાળા વર્ણ પણે પરિણત છે તેઓ ગન્ધથી સુરભિ–સુગન્ધપણે અને દુરભિ–દુર્ગન્ધ પણે પણ પરિણત છે. રસથી કડવા રસ પણે, તીખા રસ પણે, કષાય–તૂરા રસ પણે, અમ્લ–ખાટા રસ પણે અને મધુર રસ પણે પણ પરિણત છે. સ્પર્શથી કર્કશ–બરસઠ સ્પર્શપણે, મૃદુ–કોમળ સ્પર્શપણે, ગુરુ–ભારે સ્પર્શપણે, લઘુ સ્પર્શપણે, શીત સ્પર્શપણે, ઉષ્ણ સ્પર્શપણે, સ્નિગ્ધ સ્પર્શપણે અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાનપણે, વૃત્ત–વર્તુલ સંસ્થાનપણે, ત્રિકોણ સંસ્થાનપણે, ચતુષ્કોણ સંસ્થાનપણે અને આયત સંસ્થાનપણે પણ પરિણત છે.(૨૦)

(૨) જેઓ વર્ણથી નીલ વર્ણપણે પરિણત છે તેઓ ગન્ધથી સુરભિગન્ધપણે અને દુરભિગન્ધપણે પણ પરિણત છે. રસથી કડવા, તીખા, તૂરા, ખાટા અને મધુર રસપણે પણ પરિણત છે. સ્પર્શથી કર્કશ–બરસઠ, મૃદુ–કોમળ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત–વર્તુલ, ત્ર્યસ્ર–ત્રિકોણ, ચતુરસ્ર–ચતુષ્કોણ અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૦)

(૩) જેઓ વર્ણથી લોહિત–રક્ત વર્ણપણે પરિણત છે તે ગન્ધથી સુરભિ ગન્ધપણે અને દુરભિ ગન્ધપણે પણ પરિણત હોય છે. રસથી કડવા રસપણે, તીખા રસપણે, તૂરા રસપણે, ખાટા રસપણે અને મધુર રસપણે પણ પરિણત હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૦)

(૪) જેઓ વર્ણથી હારિદ્ર–પીળા વર્ણપણે પરિણત છે તેઓ ગન્ધથી સુરભિગન્ધ અને દુરભિગન્ધપણે પણ પરિણત હોય છે. રસથી કડવા, તીખા, તૂરા, ખાટા અને મધુર રસપણે પણ પરિણમેલા હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શરૂપે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વર્તુલ, ત્રિકોણ, ચતુષ્કોણ અને આયત સંસ્થાનપણે પણ પરિણમેલા હોય છે. (૨૦)

(૫) જેઓ વર્ણથી શુક્લ વર્ણપણે પરિણત છે તેઓ ગન્ધથી સુરભિગન્ધપણે અને દુરભિગન્ધપણે પણ પરિણત હોય છે. રસથી કડવા, તીખા, તૂરા, ખાટા અને મધુરરસપણે પણ પરિણત હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વર્તુલ, ત્રિકોણ, ચતુષ્કોણ અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૦,૧૦૦)

(૧) જેઓ ગન્ધથી સુરભિ ગન્ધપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા, નીલ, રક્ત, પીત અને શુક્લ વર્ણપણે પણ પરિણત હોય છે. રસથી કડવા, તીખા, તૂરા, ખાટા અને મધુર રસપણે પણ પરિણત હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત–વર્તુલ; ત્ર્યસ્ર–ત્રિકોણ, ચતુરસ્ર–ચતુષ્કોણ અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૩)

(૨) જેઓ ગન્ધથી દુરભિગન્ધપણે પરિણમેલા છે તેઓ વર્ણથી કાળા વર્ણપણે, નીલ, લોહિત–રાતા, હારિદ્ર–પીળા, અને શુક્લ વર્ણપણે પણ પરિણત હોય છે. રસથી કડવા, તીખા, તૂરા, ખાટા અને મધુર રસપણે પણ પરિણમેલા

હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૩-૪૬)

(૧) જેઓ રસથી તિક્ત-કડવા રસરૂપે પરિણત છે તેઓ વર્ણથી કાળા વર્ણપણે, નીલ, લોહિત-રાતા, હારિદ્ર-પીળા અને શુક્લશ્વેતવર્ણપણે પરિણત હોય છે. ગન્ધથી સુરભિગન્ધ અને દુરભિગન્ધપણે પણ પરિણત હોય છે. સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે પણ પરિણત હોય છે. સંસ્થાનથી પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૦)

(૨) જેઓ રસથી કટુક-તીખા રસપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે ય વર્ણપણે, ગન્ધથી સુરભિ અને અસુરભિ બન્ને ય ગન્ધપણે, સ્પર્શથી કર્કશાદિ આઠે ય સ્પર્શપણે અને સંસ્થાનથી પરિમંડલાદિ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૦)

(૩) જેઓ રસથી કષાય-તૂરા રસપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે વર્ણપણે, ગન્ધથી સુરભિ અને દુરભિ બન્ને ય ગન્ધપણે, સ્પર્શથી કર્કશાદિ આઠે ય સ્પર્શપણે અને સંસ્થાનથી પરિમંડલાદિ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૦)

(૪) જેઓ રસથી અમ્લ-ખાટા રસપણે પરિણમેલા છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે ય વર્ણપણે, ગન્ધથી સુરભિ અને અસુરભિ બન્ને ય ગન્ધપણે, સ્પર્શથી કર્કશાદિ આઠે ય સ્પર્શપણે અને સંસ્થાનથી પરિમંડલાદિ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૦)

(૫) જેઓ રસથી મધુરરસપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, સ્પર્શથી આઠે ય સ્પર્શપણે અને સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૦-૧૦૦)

(૧) જેઓ સ્પર્શથી કર્કશ-બરસઠ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે ય વર્ણપણે, ગન્ધથી સુરભિ અને અસુરભિ બન્ને ગન્ધપણે, રસથી કડવા વગેરે પાંચે ય રસપણે, સ્પર્શથી ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે અને સંસ્થાનથી પરિમંડલાદિ પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૩)

(૨) જેઓ સ્પર્શથી મૃદુ-કોમળ સ્પર્શપણે પરિણત હોય છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણરૂપે, ગન્ધથી બન્ને ય ગન્ધરૂપે, રસથી પાંચે ય રસપણે, સ્પર્શથી ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે અને સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૩)

(૩) જેઓ સ્પર્શથી ગુરુ-ભારે સ્પર્શપણે પરિણત હોય છે તે વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે, સ્પર્શથી કર્કશ, મૃદુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષપણે અને સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૩)

(૪) જેઓ સ્પર્શથી લઘુ-હલકા સ્પર્શપણે પરિણત છે તે વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે સ્પર્શથી કર્કશ, મૃદુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે અને સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૩)

(૫) જેઓ સ્પર્શથી શીત સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે, સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શપણે તથા સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે

*પરિણત હોય છે. (૨૩)*

*(૬) જેઓ સ્પર્શથી ઉષ્ણ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે, સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, સ્નિગ્ધ અને રૂક્ષસ્પર્શપણે તથા સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પરિણત હોય છે. (૨૩)*

*(૭) જેઓ સ્પર્શથી સ્નિગ્ધ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે, સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત અને ઉષ્ણ સ્પર્શપણે તથા સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૩)*

*(૮) જેઓ સ્પર્શથી રૂક્ષ સ્પર્શપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે અને સ્પર્શથી કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત અને ઉષ્ણ સ્પર્શરૂપે તથા સંસ્થાનથી પાંચે ય સંસ્થાનપણે પણ પરિણત હોય છે. (૨૩,૧૮૪)*

*(૧) જેઓ સંસ્થાનથી પરિમંડલ સંસ્થાનપણે પરિણત છે તેઓ વર્ણથી કાળા વગેરે પાંચે ય વર્ણપણે, ગન્ધથી સુરભિ અને દુરભિ બન્ને ગન્ધપણે, રસથી કડવા વગેરે પાંચે ય રસપણે અને સ્પર્શથી આઠે ય સ્પર્શપણે પરિણત હોય છે. (૨૦)*

*(૨) જેઓ સંસ્થાનથી વૃત્ત સંસ્થાન–વર્તુલાકારપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે અને સ્પર્શથી આઠે ય સ્પર્શપણે પણ પરિણત હોય છે. (૨૦)*

*(૩) જે સંસ્થાનથી ત્ર્યસ્રસંસ્થાન–ત્રિકોણાકારપણે પરિણત છે તે વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે, અને સ્પર્શથી આઠે ય સ્પર્શપણે પણ પરિણત હોય છે. (૨૦)*

*(૪) જે સંસ્થાનથી ચતુરસ્રસંસ્થાન–ચતુષ્કોણાકારપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે અને સ્પર્શથી આઠે ય સ્પર્શપણે પરિણત હોય છે. (૨૦)*

*(૫) જે સંસ્થાનથી આયત સંસ્થાન–દીર્ઘાકારપણે પરિણત છે તેઓ વર્ણથી પાંચે ય વર્ણપણે, ગન્ધથી બન્ને ય ગન્ધપણે, રસથી પાંચે ય રસપણે અને સ્પર્શથી આઠે ય સ્પર્શપણે પણ પરિણત હોય છે. (૨૦–૧૦૦). એમ રૂપી–અજીવપ્રજ્ઞાપના કહી, અને એ પ્રમાણે અજીવપ્રજ્ઞાપના પણ કહી. ॥૬॥*

(ટી૦) હવે એજ વર્ણાદિનો પરસ્પર સંવેધ–સંબંધ કહે છે–જે સ્કન્ધાદિ **'वर्णतः'** વર્ણને આશ્રયી કાળા વર્ણપણે પરિણત છે તેઓ **'गन्धतः'** ગન્ધને આશ્રયી સુરભિગન્ધપણે અને દુરભિગન્ધ–દુર્ગન્ધપણે પણ પરિણત હોય છે. તાત્પર્ય એ છે કે તેઓ ગંધની અપેક્ષાએ વિકલ્પે કેટલા એક સુરભિગન્ધપણે પરિણત હોય છે અને કેટલા એક દુરભિગન્ધપણે પણ પરિણત હોય છે, પરન્તુ અમુક એકજ ગંધપણે પરિણત હોતા નથી. એ પ્રમાણે રસ, સ્પર્શ અને સંસ્થાનને આશ્રયી ભાંગાઓ કહેવા. તેમાં બે ગન્ધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન એ બધા મળી વીશ ભાંગા કૃષ્ણ–કાળા વર્ણપણે પરિણમેલા સ્કન્ધોના થાય છે. એ પ્રમાણે નીલ વર્ણપણે પરિણમેલા, રક્ત વર્ણપણે પરિણત, પીળા વર્ણપણે પરિણત અને શુક્લવર્ણપણે પરિણત સ્કન્ધોના પણ વીશ વીશ ભાંગા થાય છે. એમ પાંચ વર્ણો વડે સો (૨૦+૨૦+૨૦+૨૦+૨૦=૧૦૦) ભાંગા થાય છે.

હવે ગંધને આશ્રયી કહે છે — જે 'ગંધતઃ' ગંધને આશ્રયી સુરભિગન્ધના પરિણામવાળા હોય છે તે વર્ણને આશ્રયી કાળા વર્ણના પરિણામવાળા, નીલવર્ણના પરિણામવાળા, રાતાવર્ણના પરિણામવાળા, પીળાવર્ણના પરિણામવાળા અને શુક્લવર્ણના પરિણામવાળા પણ હોય છે પાંચ, એમ પાંચ રસને આશ્રયી પાંચ, આઠ સ્પર્શને આશ્રયી આઠ, અને પાંચ સંસ્થાનને આશ્રયી પાંચ–(૫+૫+૮+૫=૨૩)એમ બધા મળી ત્રેવીશ ભેદ થાય છે. એ પ્રમાણે સુરભિગન્ધપણે પરિણત થયેલા સ્કન્ધોના ત્રેવીશ

ભાંગા થાય છે. એમ દુરભિગન્ધપણે પરિણત સ્કન્ધોના પણ ત્રેવીશ ભાંગા થાય છે. બધા મળીને ગન્ધપદના (૨૩+૨૩=૪૬) છેંતાલીશ ભાંગા સમજવા.

હવે રસને આશ્રયી કહે છે —જેઓ 'रसत:' રસની અપેક્ષાએ તિક્તરસ–કડવા રસપણે પરિણમેલા સ્કન્ધો છે તેઓના પાંચ વર્ણ, બે ગન્ધ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન–(૫+૨+૮+૫=૨૦)એમ બધા મળી વીશ પ્રકાર થાય છે. એમ કડવા રસપણે પરિણત સ્કન્ધોના વીશ ભાંગા થાય છે. એ પ્રમાણે કટુક–તીખા રસપણે પરિણત થયેલા, તૂરા રસપણે પરિણત, અમ્લ રસપણે પરિણત અને મધુર રસપણે પરિણત સ્કન્ધોના પણ વીશ વીશ ભાંગા થાય છે. એમ પાંચ રસના સંયોગે સો (૨૦+૨૦+૨૦+૨૦+૨૦=૧૦૦) ભાંગા થાય છે.

સ્પર્શને આશ્રયી કહે છે —'જેઓ સ્પર્શથી કર્કશ–બરસઠ સ્પર્શપણે પરિણત છે'–ઇત્યાદિ. જેઓ સ્પર્શથી કર્કશ સ્પર્શના પરિણામવાળા છે તેઓના પાંચ વર્ણ, બે ગન્ધ, પાંચ રસ, પ્રતિપક્ષી સ્પર્શનો અભાવ હોવાથી છ સ્પર્શ અને પાંચ સંસ્થાનને આશ્રયી બધા મળી (૫+૨+૫+૬+૫=૨૩) ત્રેવીશ ભેદ થાય છે. એ રીતે કર્કશ સ્પર્શના પરિણામવાળા સ્કન્ધોના ત્રેવીશ ભાંગા થાય છે. ત્રેવીશ એટલા જ ભાંગા મૃદુસ્પર્શના પરિણામવાળા, ત્રેવીશ ગુરુ સ્પર્શના પરિણામવાળા, ત્રેવીશ લઘુસ્પર્શના પરિણામવાળા, ત્રેવીશ શીતસ્પર્શના પરિણામવાળા, ત્રેવીશ ઉષ્ણસ્પર્શના પરિણામવાળા, ત્રેવીશ સ્નિગ્ધ સ્પર્શના પરિણામવાળા અને ત્રેવીશ રૂક્ષ સ્પર્શના પરિણામવાળા સ્કન્ધોના થાય છે. એ બધા મળીને એકસો ચોરાશી (૨૩+૨૩+૨૩+૨૩+૨૩+૨૩+૨૩+૨૩=૧૮૪) ભાંગાઓ થાય છે.

હવે સંસ્થાનને આશ્રયી કહે છે — 'જેઓ સંસ્થાનથી પરિમંડલ સંસ્થાનપણે પરિણત છે' તેઓના પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, અને આઠ સ્પર્શને આશ્રયી બધા મળી વીશ ભેદ થાય છે. એટલે પરિમંડલ સંસ્થાનપણે પરિણત થયેલા સ્કંધોના વીશ ભાંગા થાય છે. એ પ્રમાણે વીશ વૃત્ત સંસ્થાન–વર્તુલાકારપણે પરિણમેલા, વીશ ત્ર્યસ્ર સંસ્થાનપણે પરિણત થયેલા, વીશ ચતુરસ્ર સંસ્થાનપણે પરિણમેલા અને વીશ આયત સંસ્થાનપણે પરિણત થયેલા સ્કંધોના થાય છે. બધા મળીને (૨૦+૨૦+૨૦+૨૦+૨૦=૧૦૦) સો ભાંગા થાય છે. એમ વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના બધા મળીને (૧૦૦+૪૬+૧૦૦+૧૮૪+૧૦૦=૫૩૦) પાંચસો ત્રીસ ભાંગા થાય છે.

જો કે અહીં બાદર સ્કન્ધોમાં પાંચે ય વર્ણો, બન્ને ગંધો, અને પાંચે રસો હોય છે, તેથી મર્યાદિત–અપેક્ષિત વર્ણાદિ સિવાય બાકીના વર્ણાદિ વડે પણ ભાંગા સંભવે છે, તો પણ તેજ બાદર સ્કન્ધોમાં વ્યવહારથી જે કૃષ્ણવર્ણાદિ યુક્ત અવાન્તર–પેટા સ્કન્ધો છે, જેમ કે શરીરસ્કંધમાં જ લોચનસ્કન્ધ કૃષ્ણ છે, તેના અન્તર્ગત કોઇક સ્કન્ધ રાતો છે, તેની અંદર બીજો શુક્લ સ્કન્ધ છે વગેરે, તેની અહીં વિવક્ષા છે, અને તેઓને બીજા વર્ણાદિ સંભવતા નથી. સ્પર્શના વિચારમાં પ્રસ્તુત સ્પર્શના પ્રતિપક્ષ સ્પર્શ સિવાય બીજા સ્પર્શો લોકમાં પણ અવિરોધી જણાય છે. તેથી ઉપર કહ્યા પ્રમાણે જ ભાંગાની સંખ્યા થાય છે, અને તે પણ સ્થૂલ ન્યાયને આશ્રયી કહેલી છે. જો એમ ન હોય તો એ વર્ણાદિમાં પ્રત્યેક વર્ણનું અનન્ત તારતમ્ય હોવાથી અનન્ત ભાંગા સંભવે. એ વર્ણાદિ પરિણામોની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કર્ષથી અસંખ્યાતો કાલ જાણવી. હવે ઉપસંહાર કહે છે–'से त्तं अजीवपन्नवणा' એમ અજીવપ્રજ્ઞાપના કહી. ॥૬॥

## || जीव पण्णवणा ||

**से किं तं जीवपन्नवणा? जीवपन्नवणा दुविहा पन्नत्ता।**

**तं जहा-संसारसमावण्ण-जीवपन्नवणा य असंसारसमावण्ण-जीवपन्नवणा य ।सू०-७।।**

*(મૂ૦) જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? જીવપ્રજ્ઞાપના બે પ્રકારે છે. તે આ પ્રમાણે–સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના અને અસંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના. ॥૭॥*

(ટી૦) હવે જીવ પ્રજ્ઞાપનાનું સ્વરૂપ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર તે સંબંધમાં પ્રશ્નસૂત્ર કહે છે—'જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે'? આચાર્ય ઉત્તર આપે છે—'જીવપ્રજ્ઞાપના બે પ્રકારે છે'—સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના અને અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના. તેમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના અનુભવ રૂપ સંસારને સમ્–એકીભાવ–તન્મયતા વડે પ્રાપ્ત થયેલા તે સંસારસમાપન્ન જીવો, તેઓની પ્રજ્ઞાપના–સ્વરૂપનું નિરૂપણ કરવું તે સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના. અસંસાર–મોક્ષને પ્રાપ્ત થયેલા તે અસંસારસમાપન્ન જીવો, તેઓના સ્વરૂપનું નિરૂપણ કરવું તે અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના.॥૭॥

## ।। असंसारसमावण्णजीवपण्णवणा ।।

**से किं तं असंसारसमावण्ण-जीवपण्णवणा? असंसारसमावण्ण-जीवपण्णवणा दुविहा पण्णत्ता। तं जहा- अणन्तरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा य परम्परसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा य ।।सू०-८।।**

*(મૂ૦) અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના બે પ્રકારે છે. તે આ પ્રમાણે – અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્નજીવપ્રજ્ઞાપના અને પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના. ॥૮॥*

(ટી૦) અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે —બે પ્રકારે છે. અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના અને પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના. તેમાં જેઓને સિદ્ધ થયાને એક પણ સમયનું અન્તર નથી–એટલે વર્તમાન સમયે સિદ્ધ થયેલા છે તે અનન્તર સિદ્ધો. તેઓના સ્વરૂપની પ્રરૂપણા તે અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના. જેઓને સિદ્ધ થયાને એક, બે, ત્રણ ઇત્યાદિ સમયોનું અન્તર પડ્યું છે તે પરમ્પર સિદ્ધો. વિવક્ષિત પ્રથમ સમયે જેઓ સિદ્ધ થયેલા હોય તેની અપેક્ષાએ જેને સિદ્ધ થયાને બીજો સમય થયો હોય તે પર, તેની અપેક્ષાએ જેને સિદ્ધ થયાને ત્રીજો સમય થયો હોય તે પર, એમ એક એક સમયની વૃદ્ધિ કરતા યાવત્ અનન્ત અતીત કાળ સુધી મોક્ષે ગયેલા તે બધા પરમ્પર સિદ્ધો કહેવાય છે. તાત્પર્ય એ છે કે વિવક્ષિત સિદ્ધના પ્રથમ સમયની પૂર્વે દ્વિતીયાદિ સમયોમાં યાવત અનન્ત અતીત કાળ પર્યન્ત મોક્ષે ગયેલા તે બધા પરમ્પર સિદ્ધો કહેવાય છે. ॥૮॥

**से किं तं अणन्तरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा? अणन्तरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा पण्णरसविहा पण्णत्ता। तं जहा - १ तित्थसिद्धा, २ अतित्थसिद्धा, ३ तित्थगरसिद्धा, ४ अतित्थगरसिद्धा, ५ सयंबुद्धसिद्धा, ६ पत्तेयबुद्धसिद्धा, ७ बुद्धबोहियसिद्धा, ८ इत्थीलिंगसिद्धा, ९ पुरिसलिंगसिद्धा, १० नपुंसकलिंगसिद्धा, ११ सलिंगसिद्धा, १२ अन्नलिंगसिद्धा, १३ गिहिलिंगसिद्धा, १४ एगसिद्धा, १५ अणेगसिद्धा। से त्तं अणंतर-सिद्धअसंसारसमावण्णजीवपण्णवणा ।।सू०-९।।**

*(મૂ૦) અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના પંદર પ્રકારે છે. તે આ પ્રમાણે — ૧ તીર્થસિદ્ધ, ૨ અતીર્થસિદ્ધ, ૩ તીર્થંકરસિદ્ધ, ૪ અતીર્થંકરસિદ્ધ, ૫ સ્વયંબુદ્ધસિદ્ધ, ૬ પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, ૭ બુદ્ધબોધિતસિદ્ધ, ૮ સ્રીલિંગસિદ્ધ, ૯ પુરુષલિંગસિદ્ધ, ૧૦ નપુંસકલિંગ સિદ્ધ, ૧૧ સ્વલિંગસિદ્ધ, ૧૨ અન્યલિંગસિદ્ધ, ૧૩ ગૃહસ્થલિંગસિદ્ધ, ૧૪ એકસિદ્ધ અને ૧૫ અનેક સિદ્ધ. એ પ્રમાણે અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કહી. ॥૯॥*

(ટી૦) અનન્તરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે કે — 'પંદર પ્રકારે છે.' કારણ કે અનન્તર સિદ્ધો સિદ્ધાવસ્થાની પૂર્વે ઉપાધિ–વિશેષતાના ભેદથી પંદર પ્રકારના છે. તે પંદર પ્રકાર બતાવે છે – 'तं जहा' ઇત્યાદિ. '**तद् यथा**' એ શબ્દ પંદર ભેદ બતાવવા માટે છે.

(૧) **તીર્થસિદ્ધ–તીર્યતેઽનેન**—જેનાથી સંસાર સમુદ્ર તરાય તે તીર્થ એટલે યથાવસ્થિત સર્વ જીવાજીવાદિ પદાર્થની

પ્રરૂપણા કરનાર તીર્થંકર પ્રણીત પ્રવચન, તે જ્ઞાનસ્વરૂપ હોવાથી નિરાધાર હોતું નથી માટે તેના આધારભૂત સંઘ અથવા પ્રથમ ગણધર તીર્થ કહેવાય છે. એ સંબંધે કહ્યું છે કે **"तित्थं भंते! तित्थं तित्थकरे तित्थं? गोयमा! अरिहा ताव (नियमा) तित्थकरे, तित्थं पुण चाउव्वण्णो समणसङ्घो पढमगणहारो वे 'ति ॥"** 'હે ભગવન્! તીર્થ (પ્રવચન) એ તીર્થ (તરવાનું સાધન) છે કે તીર્થંકર તીર્થ છે? હે ગૌતમ! અરિહંત અવશ્ય તીર્થંકર છે અને તીર્થ તો ચાર પ્રકારનો શ્રમણપ્રધાન સંઘ અથવા પ્રથમ ગણધર છે.' તે તીર્થ ઉત્પન્ન થયા પછી તેના સદ્ભાવમાં જેઓ સિદ્ધ થયા હોય તે તીર્થસિદ્ધ કહેવાય છે. (૨) **અતીર્થસિદ્ધ**—અતીર્થ–તીર્થની ઉત્પત્તિ ન થઈ હોય ત્યારે અથવા વચ્ચે તીર્થનો વિચ્છેદ થયા પછી સિદ્ધ થયેલા તે અતીર્થસિદ્ધ કહેવાય છે. તેમાં તીર્થની ઉત્પત્તિ થયા પહેલા મોક્ષે ગયેલા મરુદેવી પ્રમુખ જાણવા, કારણ કે તેઓના મોક્ષગમન સમયે તીર્થ ઉત્પન્ન થયું નહોતું. તથા સુવિધિનાથ[1] પ્રમુખ તીર્થંકરના વચ્ચેના કાળમાં તીર્થનો વિચ્છેદ થયા પછી જેઓ જાતિ સ્મરણાદિ વડે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી મોક્ષે ગયેલા તે તીર્થના વ્યવચ્છેદ કાળે સિદ્ધ થયેલા અતીર્થસિદ્ધ જાણવા.

(૩) **તીર્થંકરસિદ્ધ**—તીર્થંકર થઈને જેઓ મોક્ષે ગયેલા હોય તે તીર્થંકર સિદ્ધ કહેવાય છે.

(૪) **અતીર્થંકરસિદ્ધ**—માત્ર સામાન્ય કેવલી થઇને મોક્ષે ગયેલા તે અતીર્થંકરસિદ્ધ જાણવા.

(૫) **સ્વયંબુદ્ધસિદ્ધ**—જેઓ કોઈના ઉપદેશ સિવાય પોતાની મેળે બોધ પામીને મોક્ષે ગયેલા છે તે સ્વયંબુદ્ધ સિદ્ધ.

(૬) **પ્રત્યેકબુદ્ધસિદ્ધ**—જેઓ પ્રત્યેકબુદ્ધ થઇને મોક્ષે ગયેલા છે તેઓ પ્રત્યેકબુદ્ધસિદ્ધ કહેવાય છે.

(પ્ર૦–) સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધમાં શો તફાવત છે?

(ઉ૦–) તેઓમાં બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગ–બાહ્ય વેષનો તફાવત છે. બોધિકૃત વિશેષતા–સ્વયંબુદ્ધ કોઈ પણ બાહ્ય કારણ સિવાય બોધ પામે છે, કારણ કે સ્વયં–પોતાના જાતિસ્મરણાદિ જ્ઞાન વડે બુદ્ધાઃ–બોધ પામેલા છે તે સ્વયંબુદ્ધ–એવી તેની વ્યુત્પત્તિ થાય છે. તેના બે પ્રકાર છે–તીર્થંકર અને તીર્થંકર સિવાયના સ્વયંબુદ્ધ. અહીં તીર્થંકર સિવાયના સ્વયંબુદ્ધનો અધિકાર છે. એ સંબંધમાં નન્દિસૂત્રના ચૂર્ણિકાર કહે છે કે **"ते दुविहा सयंबुद्धा-तित्थयरा तित्थयरवइरित्ता य, इह वइरित्तेहिं अहिगारो"** 'સ્વયંબુદ્ધ બે પ્રકારના છે. તીર્થંકર અને તીર્થંકરભિન્ન. તેમાં અહીં તીર્થંકરથી ભિન્ન સ્વયંબુદ્ધનો અધિકાર છે. પ્રત્યેકબુદ્ધ કોઈ પણ બાહ્ય કારણથી બોધ પામે છે.' પ્રત્યેક–બાહ્ય વૃષભાદિક વસ્તુ જોઇને બોધ પામેલા તે પ્રત્યેકબુદ્ધ–એવી તેની વ્યુત્પત્તિ થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે – **"बाह्यप्रत्ययसापेक्षा करकण्ड्वादीनां बोधिः बहिः प्रत्ययमपेक्ष्य च ते बुद्धाः सन्तो नियमतः प्रत्येकमेव विहरन्ति, न गच्छवासिन इव॥"**– કરકંડૂપ્રમુખ રાજર્ષિને બાહ્ય કારણથી બોધિ પ્રાપ્ત થયેલ છે, અને તે બોધિ પ્રાપ્ત કરીને અવશ્ય એકાકી જ વિચરે છે, પરન્તુ ગચ્છવાસી સાધુઓની પેઠે સાથે મળીને વિચરતા નથી. એ સંબંધી નન્દિસૂત્રના ચૂર્ણિકાર કહે છે કે –**"पत्तेयं-बाह्यं वृषभादिकं कारणमभिसमीक्ष्य बुद्धाः, बहिप्रत्ययं,**

---

૧. ભગવાન ઋષભદેવથી માંડી સુવિધિનાથ પર્યન્ત અને શાન્તિનાથથી માંડી મહાવીર સ્વામિ સુધીના નવ નવ તીર્થંકરોના આઠ આઠ આંતરામાં તીર્થનો વિચ્છેદ થયો નથી અને સુવિધિનાથથી આરંભી શાંતિનાથ સુધીના મધ્યવર્તી આઠ તીર્થંકરોના સાત આંતરાઓમાં તીર્થનો વિચ્છેદ થયો છે. તેમાં 'સુવિધિનાથ અને શીતલનાથની વચ્ચે પલ્યોપમના ચોથા ભાગ સુધી તીર્થનો વિચ્છેદ થયો છે. શીતલનાથ અને શ્રેયાંસનાથની વચ્ચે પલ્યોપમનો સોળમો ભાગ, શ્રેયાંસનાથ અને વાસુપૂજ્ય સ્વામિની વચ્ચે પલ્યોપમના ત્રણ ચતુર્થાંશ, વાસુપૂજ્ય સ્વામિ અને વિમલનાથ જિનની વચ્ચે પલ્યોપમનો ચોથો ભાગ, વિમલનાથ અને અનન્ત જિનની વચ્ચે પલ્યોપમના ત્રણ ચતુર્થાંશ, અનન્તનાથ અને ધર્મનાથની વચ્ચે પલ્યોપમનો ચોથો ભાગ, અને ધર્મનાથ અને શાંતિજિનની વચ્ચે પલ્યોપમનો ચોથો ભાગ તીર્થનો વિચ્છેદ થયો છે. બધો મળી પલ્યોપમના ચોથા ભાગ હીન ત્રણ પલ્યોપમ તીર્થનો વિચ્છેદકાળ છે. જુઓ પ્રવચન સારોદ્ધાર ગા. ૪૩૦-૪૩૧'

पुरिमंतिमअट्ठट्ठमंतरेसु तित्थस्स नत्थि वोच्छेओ। मज्झिल्लएसु सत्तसु एत्तियकालं तु वुच्छेओ॥४३०॥

चउभाग चउभागो तिन्नि य चउभाग पलिय चउभागो। तिण्णेव य चउभागा चउत्थभागो य चउभागो ॥४३१॥

**प्रतिबुद्धानां च पत्तेयं नियमा विहारो जम्हा तम्हा य ते पत्तेयबुद्धा**''–'પ્રત્યેક–બાહ્ય વૃષભાદિ કારણને જોઇને બોધ પામેલા હોય છે, અને બાહ્ય કારણથી બોધ પામેલા તેઓને અવશ્ય પ્રત્યેક–એકાકી વિહાર હોય છે માટે તેઓ પ્રત્યેકબુદ્ધ કહેવાય છે.' [**ઉપધિકૃત વિશેષતા–**] સ્વયંબુદ્ધને બાર[1] પ્રકારનો વસ્ત્રપાત્રાદિક ઉપધિ–ઉપકરણ હોય છે અને પ્રત્યેક બુદ્ધને જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારનો ઉપધિ હોય છે. તેમાં જઘન્ય ઉપધિ બે પ્રકારનો અને ઉત્કૃષ્ટ ઉપધિ વસ્ત્ર સિવાય નવ પ્રકારનો હોય છે. કહ્યું છે કે –''**पत्तेयबुद्धाणं जहन्नेणं दुविहो उक्कोसेण नवविहो नियमा पाउरणवज्जो भवइ**'' – ''પ્રત્યેકબુદ્ધને જઘન્ય બે પ્રકારનો અને ઉત્કૃષ્ટથી વસ્ત્ર સિવાય નવ પ્રકારનો ઉપધિ હોય છે.'' [શ્રુત અને લિંગની વિશેષતા–] સ્વયંબુદ્ધને પૂર્વે (પૂર્વ જન્મમાં) અધ્યયન કરેલું શ્રુત હોય છે અથવા નથી હોતું. [પરન્તુ નવીન અધ્યયન કરેલું શ્રુત હોય છે.] જો પૂર્વે અધ્યયન કરેલું શ્રુત ઉપસ્થિત હોય તો તેને દેવો લિંગ–વેષ આપે છે. અથવા તો ગુરુ પાસે જઈને વેષનો સ્વીકાર કરે છે. જો એકલા વિચરવા સમર્થ હોય અથવા તો તેની તેવી ઇચ્છા હોય તો તે એકાકી વિચરે છે, નહિ તો ગચ્છવાસી થાય છે. જો પૂર્વે (પૂર્વ જન્મમાં) અધ્યયન કરેલું શ્રુત ઉપસ્થિત ન હોય તો અવશ્ય ગુરુ પાસે જઇને વેષને ગ્રહણ કરે છે અને ગચ્છનો અવશ્ય ત્યાગ કરતો નથી. એ સંબંધે કહ્યું છે કે–''**पुव्वाहीयं सुयं से हवइ वा न वा, जइ से नत्थि तो लिङ्गं नियमा गुरुसन्निहे पडिवज्जइ गच्छे य विहरइत्ति, अह पुव्वाधीयसुयसम्भवोऽत्थि तो से लिङ्गं देवया पडियच्छइ गुरुसन्निहे वा पडिवज्जइ, जइ य एगविहारविहरपासमत्थो इच्छा वा से तो एक्को चेव विहरइ, अन्यथा गच्छे विहरइ॥**''

[સ્વયંબુદ્ધને] પૂર્વે અધ્યયન કરેલું શ્રુતજ્ઞાન હોય છે અથવા હોતું નથી, જો નથી હોતું તો તે અવશ્ય ગુરુ પાસે જઇને વેષ સ્વીકારે છે અને ગચ્છમાં રહે છે. જો પૂર્વે અધ્યયન કરેલું શ્રુતજ્ઞાન હોય છે તો તેને દેવતા લિંગ–વેષ આપે છે, અથવા ગુરુ પાસે જઇને વેશ ગ્રહણ કરે છે. જો એકાકી વિહરવા સમર્થ હોય તો, અથવા તેની તેવી ઇચ્છા હોય તો એકલો વિહરે છે, અન્યથા ગચ્છમાં રહે છે.' પ્રત્યેકબુદ્ધને તો અવશ્ય પૂર્વે (પૂર્વ જન્મમાં) અધ્યયન કરેલું જઘન્યથી અગ્યાર અંગ અને ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન દશ પૂર્વ શ્રુત હોય છે. અને તેને દેવતા લિંગ–વેષ આપે છે, અથવા કદાચિત્ લિંગરહિત પણ હોય છે. કહ્યું છે કે– ''**पत्तेयबुद्धाणं पुव्वाहीयं सुयं नियमा हवइ, जहन्नेणं इक्कारस अङ्गा, उक्कोसेणं भिन्नदसपुव्वा, लिङ्गं च से देवया पयच्छइ, लिङ्गवज्जिओ वा भवइ, जहो भणियं॥**'' 'પ્રત્યેકબુદ્ધને પૂર્વે અધ્યયન કરેલું શ્રુત અવશ્ય હોય છે અને તે જઘન્યથી અગ્યાર અંગ અને ઉત્કર્ષથી કાંઈક ન્યૂન દશ પૂર્વ શ્રુત હોય છે. તેને દેવતા લિંગ આપે છે, અથવા લિંગરહિત પણ હોય છે.

માટે કહ્યું છે—રુપ્પં[2] પત્તેયબુદ્ધા

---

૧. સ્વયંબુદ્ધને બાર પ્રકારનો ઉપધિ હોય છે – ૧ પાત્ર, ૨ પાત્રબંધ-ઝોળી, જેમાં પાત્રો મૂકી ભિક્ષા લાવી શકાય એવો ચોખુણો વસ્ત્રનો ટુકડો, ૩ પાત્રસ્થાપન, જેમાં પાત્ર મૂકવામાં આવે છે તે કંબલનો ખંડ, ૪ પાત્રકેસરિકા-કોમળ વસ્ત્રનો ખંડ, પરન્તુ હાલ તેના બદલે ઉનની પ્રમાર્જનિકા વાપરવામાં આવે છે. (ચરોવળી) ૫ પટલો, ભિક્ષાએ જતા પાત્રના ઉપર જે ઢાંકવામાં આવે છે, ૬ રજસ્ત્રાણ-જે પાત્રની વચ્ચે વસ્ત્ર મૂકવામાં આવે છે, ૭ ગોચ્છક-કંબલનો ટુકડો, જે પાત્રના ઉપર બાંધવામાં આવે છે.-એ સાત પ્રકારનો પાત્ર સંબંધી ઉપધિ છે. તથા ૮-૧૦ ત્રણ વસ્ત્રો, જેમાં બે સૂતરના વસ્ત્રો અને એક કંબલ, ૧૧ રજોહરણ અને ૧૨ મુહપત્તિ.

૨ १. **रुप्पं पत्तेयबुद्दा टंकं जे लिंगधारिणो समणा॥ दव्वस्स य भावस्स य छेओ समणो समाओगे॥**
રૂપા તુલ્ય પ્રત્યેકબુદ્ધો છે અને ટંક-સિક્કા જેવા વેષધારી શ્રમણો છે. દ્રવ્યલિંગ અને ભાવલિંગના યોગે શ્રમણો છેક-યથાર્થ સમજવા. અહીં રૂપા અને ટંક-સિક્કાની ચતુર્ભંગી છે – ૧ રૂપું અશુદ્ધ અને સિક્કો વિષમાક્ષરવાળો, ૨ રૂપું અશુદ્ધ અને સિક્કો સમઅક્ષરવાળો, ૩ રૂપું શુદ્ધ અને સિક્કો વિષમાક્ષરવાળો અને ૪ રૂપું શુદ્ધ અને સિક્કો સમઅક્ષરવાળો. અહીં શુદ્ધ રૂપાના સમાન ભાવ લિંગ અને સિક્કાના સમાન દ્રવ્યલિંગ જાણવું. પ્રથમ ભંગ તુલ્ય ચરક-પરિવ્રાજકાદિ સમજવા, કારણ કે તેનું દ્રવ્યલિંગ અને ભાવલિંગ બન્ને અશુદ્ધ છે. બીજા ભંગ તુલ્ય પાર્શ્વસ્થાદિ જાણવા, કારણ કે તેઓનું ભાવલિંગ અશુદ્ધ છે. ત્રીજા ભંગ સમાન દ્રવ્યલિંગ રહિત પ્રત્યેકબુદ્ધ અને ચોથા ભંગ સમાન શીલયુક્ત શ્રમણો જાણવા. જુઓ આવ૦ નિ૦ ગા. ૧૧૩૮, ૩૯. આ.સ.પ૦ પ૨૭-૧.

(७) **બુદ્ધબોધિતસિદ્ધ**–બુદ્ધ–આચાર્યના ઉપદેશથી બોધ પામી મોક્ષે ગયેલા તે બુદ્ધબોધિતસિદ્ધ કહેવાય છે.

(૮) **સ્ત્રીલિંગસિદ્ધ**–આ બધામાં પણ કેટલાક સ્ત્રીલિંગે સિદ્ધ થયેલા હોય છે. સ્ત્રીલિંગ–એ સ્ત્રીપણાનું સૂચક છે. સ્ત્રીપણું ત્રણ પ્રકારે છે – વેદ, શરીરાકૃતિ અને વેશ. તેમાં અહીં શરીરાકૃતિનું પ્રયોજન છે, પણ વેદ અને વેશનું પ્રયોજન નથી, કેમકે વેદના ઉદયમાં સિદ્ધપણું હોતું નથી અને વેશ અપ્રમાણ છે. એ સંબંધે નન્દિસૂત્રના ચૂર્ણિકાર કહે છે–"**इत्थीए लिङ्गं इत्थिलिङ्गं, इत्थीए उवलक्खणंति वुत्तं भवइ, तं च तिविहं वेदो सरीरानिव्वित्ती नेवत्थं च, इह सरीरनिव्वत्तीए अहिगारो न वेयनेवत्थेहिंति॥**"–'સ્ત્રીનું લિંગ તે સ્ત્રીલિંગ, તે સ્ત્રીપણાનું ઉપલક્ષણ–સૂચક છે. તે ત્રણ પ્રકારે છે–વેદ, શરીરાકાર અને વેશ, અહીં શરીરાકારનો અધિકાર છે, વેદ અને વેશનો અધિકાર નથી. સ્ત્રીનો આકાર છતાં જેઓ મોક્ષે ગયેલા છે તે સ્ત્રીલિંગસિદ્ધ કહેવાય છે, તેથી દિગંબરો કહે છે કે–'સ્ત્રીઓને નિર્વાણ નથી' તે વાતનો પ્રતિષેધ જાણવો. કારણ કે સ્ત્રીના નિર્વાણનું કથન સાક્ષાત્ આ સૂત્રે જ કરેલું છે, અને તેનો પ્રતિષેધ કરવો તે યુક્તિ સંગત નથી. તે આ પ્રમાણે—

મુક્તિમાર્ગ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ છે, કેમ કે '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' (ત.અ.૧, સૂ.૧) એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રનું કથન છે. સમ્યગ્દર્શનાદિ પુરુષોની પેઠે સ્ત્રીઓને પણ સંપૂર્ણપણે હોય છે. તે આ પ્રમાણે—સ્ત્રીઓ પણ સંપૂર્ણ પ્રવચનના અર્થની રુચિવાળી હોય છે, ષડાવશ્યક, કાલિક[1] અને ઉત્કાલિક ભેદવાળા શ્રુતને જાણે છે, અને સત્તર પ્રકારના નિર્દોષ સંયમનું પાલન કરે છે, દેવ અને અસુરોને પણ દુર્ધર એવા બ્રહ્મચર્યને ધારણ કરે છે, માસક્ષમણાદિ તપસ્યા પણ કરે છે, તો તેઓને મોક્ષનો સંભવ કેમ ન હોય? આને અનુલક્ષીને દિગંબરો જે કહે છે તે બતાવે છે—

"સ્ત્રીઓને સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય છે, પરન્તુ ચારિત્ર હોતું નથી, કારણ કે તેઓમાં સંયમનો અભાવ હોય છે. તે આ પ્રમાણે–સ્ત્રીઓને અવશ્ય વસ્ત્રનો ઉપભોગ કરવો પડે છે, જો તેમ ન કરે તો નગ્ન સ્ત્રીઓ તિર્યંચ સ્ત્રીઓની પેઠે પુરુષોને પરાભવ યોગ્ય થાય, લોકમાં નિંદા થાય, માટે સ્ત્રીઓએ અવશ્ય વસ્ત્રનો પરિભોગ કરવો જોઈએ. વસ્ત્રનો પરિભોગ કરવામાં પરિગ્રહ થાય છે અને પરિગ્રહની પ્રાપ્તિમાં સંયમ હોતો નથી."

એ કથન અયોગ્ય છે, કેમ કે તેમાં સિદ્ધાન્તનું સમ્યગ્જ્ઞાન નથી. વાસ્તવિક રીતે મૂર્છા–મમત્વપરિણામ એ પરિગ્રહ છે '**मुच्छा परिग्गहो वुत्तो**' મૂર્છાને પરિગ્રહ કહેલો છે – એવું આવશ્યક નિર્યુક્તિનું વચન છે. કારણ કે અન્તઃપુર સહિત છતાં પણ આરિસાભવનમાં રહેલો મૂર્છારહિત ભરત ચક્રવર્તી પરિગ્રહ રહિત કહેવાય છે. જો તે પરિગ્રહ સહિત હોય તો તેને કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય. વળી મૂર્છાના અભાવમાં વસ્ત્રના સંસર્ગમાત્રથી પરિગ્રહ થાય તો કોઈ જિનકલ્પિક સાધુને ધૂમસ સહિત ટાઢ પડતી હોય ત્યારે 'આજે અસહ્ય ટાઢ છે' એમ સમજી કોઈ ધર્માર્થી પુરુષ તેમના મસ્તક ઉપર વસ્ત્ર ઓઢાડે તો તે મુનિ પરિગ્રહી થાય, પરન્તુ તે માનવું ઈષ્ટ નથી. માટે વસ્ત્રના સંસર્ગ માત્રથી પરિગ્રહ થતો નથી, પણ મૂર્છા એ પરિગ્રહ છે. અને તે મૂર્છા સ્ત્રીઓને વસ્ત્રાદિકમાં હોતી નથી, કારણ કે તેને ધર્મના ઉપકરણ તરીકે ગ્રહણ કરે છે. સ્ત્રીઓ વસ્ત્ર સિવાય પોતાનું રક્ષણ કરવામાં સમર્થ હોતી નથી, તેમ શીતકાલાદિકને વિષે વ્યગ્ર દશામાં સ્વાધ્યાયાદિ પણ કરી શકતી નથી. માટે દીર્ઘકાળ પર્યન્ત સંયમનું પરિપાલન કરવા માટે યતના–સાવધાનતા વડે વસ્ત્રનો પરિભોગ કરતી સ્ત્રી પરિગ્રહવાળી ન કહી શકાય.

અહીં પૂર્વપક્ષી એમ કહે છે—સ્ત્રીઓને પણ સમ્યગ્ દર્શનાદિક રત્નત્રયનો સંભવ છે, પણ સંભવ માત્રથી તે મોક્ષ આપનાર થતાં નથી, પરન્તુ પ્રકર્ષાવસ્થાને–સંપૂર્ણતાને પ્રાપ્ત થયેલાં મોક્ષ આપનારા થાય છે. જો એમ ન માનીએ તો દીક્ષા પછી તુરતજ બધાને સામાન્ય રીતે મોક્ષ પદની પ્રાપ્તિ થાય. સ્ત્રીઓને પ્રકર્ષાવસ્થાને પ્રાપ્ત થયેલાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયનો

---

૧ અંગબાહ્ય શ્રુત બે પ્રકારનું છે - આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત. આવશ્યકવ્યતિરિક્ત શ્રુત બે પ્રકારનું છે - કાલિક અને ઉત્કાલિક. તેમાં દિવસ અને રાત્રિના પહેલા અને છેલ્લા પહોરે જે ભણાય તે કાલિક ઉત્તરાધ્યયનાદિ જાણવું. અને જે કાલવેળા સિવાય બધા સમયે ભણાય તે ઉત્કાલિક દશવૈકાલિકાદિ શ્રુત જાણવું. જુઓ નંદિસૂત્ર ટીકા આ. અ. ૨૦૪-૧

અસંભવ છે, માટે તેઓનું નિર્વાણ થતું નથી." તે પણ અયુક્ત છે, કારણ કે સ્ત્રીઓને સમ્યગ્દર્શનાદિ રત્નત્રયનો પ્રકર્ષ થતો નથી–એમ જણાવનાર કોઇ પ્રમાણ નથી. કેમકે સર્વ દેશ અને સર્વ કાળમાં સ્ત્રીઓને વિષે રત્નત્રયના પ્રકર્ષનો અસંભવ જણાવનાર કોઇ પ્રમાણ નથી. કારણ કે દેશ અને કાળથી દૂર રહેલી વસ્તુમાં પ્રત્યક્ષની પ્રવૃત્તિ થતી નથી, અને પ્રત્યક્ષની અપ્રવૃત્તિમાં અનુમાનનો પણ સંભવ નથી. તેમજ સમ્યગ્દર્શનાદિ રત્નત્રયના પ્રકર્ષનો અસંભવ જણાવનાર કોઇ પણ આગમ નથી. ઉલટું તેના સંભવને જણાવનાર ઠેકાણે ઠેકાણે આગમના પુષ્કળ પ્રમાણ છે. જેમ કે આ પ્રસ્તુત સૂત્ર. માટે સ્ત્રીઓમાં સમ્યગ્દર્શનાદિના પ્રકર્ષનો અસંભવ નથી.

અહીં પૂર્વપક્ષી શંકા કરે કે 'જેમ સ્વભાવથી જ આતપની સાથે છાયાનો વિરોધ છે, તેમ સ્ત્રીપણાની સાથે જ સમ્યગ્દર્શનાદિના પ્રકર્ષનો વિરોધ છે. માટે સ્ત્રીઓમાં નિર્વાણનો અસંભવ છે–એમ અનુમાન કરી શકાય છે.''–તે યુક્તિ વિરુદ્ધ હોવાથી અયુક્ત છે. તે આ પ્રમાણે—સમ્યગ્દર્શનાદિ રત્નત્રયનો પ્રકર્ષ તે કહેવાય કે જેના પછી તુરત જ મુક્તિ પદ પ્રાપ્ત થાય. તે અયોગી અવસ્થાના છેલ્લા સમયે હોય, અને અયોગી અવસ્થા તો અમારા જેવા ચર્મચક્ષુવાળાને અપ્રત્યક્ષ છે, તો સ્ત્રીપણાની સાથે રત્નત્રયના પ્રકર્ષનો વિરોધ શી રીતે જણાય? કારણ કે અદૃષ્ટ વસ્તુની સાથે દૃષ્ટ વસ્તુનો વિરોધ જાણી શકાતો નથી. જો તેમ થાય તો પુરુષોમાં પણ રત્નત્રયના પ્રકર્ષના વિરોધનો પ્રસંગ પ્રાપ્ત થાય.

કદાચ પૂર્વપક્ષી એમ કહે કે–જગતમાં સર્વોત્કૃષ્ટ પદની પ્રાપ્તિ સર્વોત્કૃષ્ટ અધ્યવસાયથી થાય છે, અન્ય પ્રકારે થતી નથી, આ વાત આપણા બન્નેને આગમ પ્રમાણથી સિદ્ધ છે, સર્વોત્કૃષ્ટ બે પદ છે–સર્વોત્કૃષ્ટ દુઃખનું સ્થાન અને સર્વોત્કૃષ્ટ સુખનું સ્થાન. સર્વોત્કૃષ્ટ દુઃખનું સ્થાન સાતમી નરક પૃથિવી છે, તેનાથી ઉત્કૃષ્ટ બીજું દુઃખનું સ્થાન નથી. સર્વોત્કૃષ્ટ સુખનું સ્થાન મોક્ષ છે. તેમાં સ્ત્રીઓને સાતમી નરકપૃથિવીનું ગમન આગમમાં નિષેધ્યું છે, અને નિષેધનું કારણ ત્યાં જવાને યોગ્ય તથાવિધ સર્વોત્કૃષ્ટ મનોવીર્યપરિણતિનો તેઓમાં અભાવ છે, અને તે સાતમી નરકપૃથિવીમાં ગમનના નિષેધથી જણાય છે. સ્ત્રીઓને મોક્ષ નથી, કારણ કે તેઓમાં નિર્વાણનો હેતુ તેવા પ્રકારના સર્વોત્કૃષ્ટ મનોવીર્યપરિણામનો અસંભવ છે. અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે—સ્ત્રીઓને નિર્વાણનો અસંભવ છે. કારણ કે તેઓનું સાતમી નરકપૃથિવીમાં ગમન થતું નથી, સંમૂર્ચ્છિમાદિની પેઠે. વળી વાદલબ્ધિમાં, વૈક્રિયાદિ લબ્ધિમાં અને પૂર્વગત શ્રુતના અધ્યયનમાં જે સ્ત્રીઓનું સામર્થ્ય નથી, તે સ્ત્રીઓમાં મોક્ષગમનનું સામર્થ્ય છે એમ માનવું અશક્ય છે.

તે (દિગંબરોનું કહેવું) અયુક્ત છે. કારણ કે જો સ્ત્રીઓમાં સાતમી નરકપૃથિવીના ગમનનું કારણ સર્વોત્કૃષ્ટ મનોબલનો અભાવ છે, એટલા ઉપરથી એમ કેમ માની શકાય કે સ્ત્રીઓમાં મોક્ષનું કારણ સર્વોત્કૃષ્ટ મનોબલનો અભાવ છે. 'જે મનુષ્ય પૃથ્વી ખેડવી વગેરે કામ કરી શકવા સમર્થ નથી તે શાસ્ત્રોનું પણ અધ્યયન કરી શકતો નથી' એમ માનવું શક્ય નથી. કારણ કે તેમ માનવામાં પ્રત્યક્ષ વિરોધ આવે છે.

પૂર્વપક્ષી એમ કહે કે 'સંમૂર્ચ્છિમાદિ પ્રાણીઓમાં બન્ને પ્રકારે સર્વોત્કૃષ્ટ મનોવીર્યનો અભાવ જણાય છે, તેથી અહીં સ્ત્રીઓમાં પણ બન્ને પ્રકારના મનોબલનો અભાવ માનવો જોઇએ.

પરન્તુ સંમૂર્ચ્છિમાદિ જન્તુઓમાં એમ જણાય છે તેથી અહીં એ પ્રમાણે કેમ માની શકાય? [1]બહિર્વ્યાપ્તિમાત્રથી કોઇ હેતુ સાધ્યનો ગમક–સાધક થતો નથી, પણ અન્તર્વ્યાપ્તિથી સાધ્યનો સાધક થાય છે. અન્તર્વ્યાપ્તિ પ્રતિબન્ધના સામર્થ્યથી જણાય છે. અહીં પ્રતિબન્ધ–નિયત સંબન્ધ નથી, કારણ કે સપ્તમ પૃથિવીનું ગમન નિર્વાણનું કારણ નથી, તેમજ સપ્તમ પૃથિવી ગમનની સાથે નિર્વાણગમનનું નિયત સાહચર્ય નથી. કેમ કે ચરમ શરીરીને સપ્તમ પૃથિવીગમન સિવાય નિર્વાણ પ્રાપ્ત થાય છે. પ્રતિબન્ધ–વ્યાપ્તિ સિવાય એકના અભાવમાં બીજાનો અવશ્ય અભાવ હોતો નથી. જો એમ હોય તો જે તે વસ્તુના અભાવમાં સર્વના અભાવનો પ્રસંગ થાય.

૧ સાદૃશ્ય માત્રનો સંબન્ધ તે બહિર્વ્યાપ્તિ અને હેતુ અને સાધ્યનો નિયત સંબધ એ અન્તર્વ્યાપ્તિ છે.

અહીં પૂર્વપક્ષી એમ કહે કે – જો એમ છે તો સંમૂર્ચ્છિમાદિ પ્રાણીઓનું નિર્વાણગમન કેમ થતું નથી?

તેનો ઉત્તર એ છે કે તથાભવ સ્વભાવથી તેઓ નિર્વાણને પ્રાપ્ત થતા નથી. તે આ પ્રમાણે – સંમૂર્ચ્છિમાદિ જન્તુઓ ભવસ્વભાવથી જ યથાવત્ સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરવા શક્તિમાન નથી, માટે તેઓને નિર્વાણનો સંભવ નથી. સ્ત્રીઓ તો પૂર્વે કહ્યા પ્રકારે યથાવત્ સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરવા યોગ્ય છે, માટે તેઓમાં નિર્વાણગમનનો અભાવ નથી. વળી ભુજપરિસર્પો બીજી નરકપૃથિવી સુધી જાય છે. આગળ જતા નથી, કારણ કે તેઓમાં આગળની નરકપૃથિવીગમનના કારણભૂત તેવા પ્રકારના મનોવીર્યનો અભાવ છે. પક્ષીઓ ત્રીજી નરક સુધી, ચતુષ્પદો ચોથી નરક સુધી અને ઉરઃસરિસર્પ પાંચમી નરકપૃથિવી સુધી જાય છે, અને બધા ઊર્ધ્વલોકમાં વધારેમાં વધારે સહસ્રાર દેવલોક સુધી જાય છે. માટે અધોગતિમાં મનોવીર્યનું વિષમપણું જોવાથી ઊર્ધ્વ ગતિમાં વિષમપણું માનવું યોગ્ય નથી. કહ્યું છે કે—"**विषमगतयोऽप्यधस्तादुपरिष्टात्तुल्यमासहस्रारम्। गच्छन्ति च तिर्यञ्चस्तदधोगत्यनताऽहेतु ॥१॥**"

તિર્યંચો નીચે વિષમ ગતિવાળા છતાં ઉપર સહસ્રાર દેવલોક પર્યન્ત સમાનપણે જાય છે. માટે (સ્ત્રીઓમાં) અધોગતિનું ન્યૂનપણું (નિર્વાણગમનના અભાવમાં) હેતુ નથી. માટે સ્ત્રી–પુરુષોનું અધોગતિ સંબંધી વિષમપણું છતાં સમાનપણે નિર્વાણ પ્રાપ્ત થાય – એ નિશ્ચિત છે.

'વળી જેઓનું વાદલબ્ધિ વગેરેમાં સામર્થ્ય નથી' ઇત્યાદિ કહ્યું તે પણ અયુક્ત છે. વાદલબ્ધિ, વૈક્રિયલબ્ધિ અને વિશિષ્ટ પૂર્વગત શ્રુતના અભાવમાં પણ માષતુષાદિ મુનિઓને નિર્વાણની પ્રાપ્તિ થયેલી છે. કહ્યું કે–"**वादविकुर्वणत्वादिलब्धिविरहे श्रुते कनीयसि च। जिनकल्पमनःपर्यवविरहेऽपि न सिद्धिविरहोऽस्ति ॥१॥**"–'વાદલબ્ધિ અને વૈક્રિયાદિ લબ્ધિના અભાવે તથા શ્રુત અલ્પ છતાં, જિનકલ્પ અને મનઃપર્યવ સિવાય પણ મોક્ષગમનનો અભાવ હોતો નથી.' વળી જો સ્ત્રીઓમાં વાદાદિલબ્ધિ વગેરેના અભાવની પેઠે મોક્ષનો પણ અભાવ હોત તો તે પ્રમાણે સિદ્ધાન્તમાં પ્રતિપાદન કર્યું હોત. જેમકે જમ્બૂસ્વામી પછી કેવલજ્ઞાનનો અભાવ કહ્યો છે, પરન્તુ કોઇ સ્થળે સ્ત્રીઓને નિર્વાણનો અભાવ કહ્યો નથી."

(૯) પુરુષના શરીરની આકૃતિ રૂપે છતાં મોક્ષને પ્રાપ્ત થયેલા તે પુંલિંગસિદ્ધ.

(૧૦) એ પ્રમાણે નપુંસકતા આકારે વિદ્યમાન છતાં મોક્ષે ગયેલા તે નપુંસકલિંગ સિદ્ધ જાણવા.

(૧૧) રજોહરણાદિરૂપ સાધુના વેશમાં રહીને મોક્ષે ગયેલા તે સ્વલિંગસિદ્ધ.

(૧૨) પરિવ્રાજકાદિ સંબન્ધી વલ્કલ, ભગવા વસ્ત્ર વગેરે રૂપ દ્રવ્યલિંગમાં રહી મોક્ષે ગયેલા તે અન્યલિંગ સિદ્ધ.

(૧૩) ગૃહસ્થના વેશમાં મોક્ષે ગયેલા મરુદેવી પ્રમુખ તે ગૃહિલિંગસિદ્ધ જાણવા.

(૧૪) એક એક સમયે એક એક મોક્ષે ગયેલા તે એકસિદ્ધ અને

(૧૫) એક સમયે અનેક મોક્ષે ગયેલા તે અનેકસિદ્ધ.

એક સમયમાં અનેક મોક્ષે જાય તો વધારેમાં વધારે ૧૦૮ સુધી જાય. જે માટે કહ્યું છે કે—

"**बत्तीसा अडयाला सट्ठी बावत्तरी य बोद्धव्वा। चुलसीई छन्नउई उ दुरहियमट्ठोत्तरसयं च॥**" ॥४७८॥प्र.सा.

શિષ્યના ઉપકારને માટે આ ગાથાની વ્યાખ્યા કરાય છે – આઠ સમય સુધી નિરંતર એકથી માંડી બત્રીશ સુધી મોક્ષે જાય. તાત્પર્ય એ છે કે – પહેલે સમયે જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટ બત્રીશ સિદ્ધ થાય, બીજે સમયે જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટ બત્રીશ, એમ આઠમે સમયે પણ જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી બત્રીશ સિદ્ધ થાય. ત્યાર પછી અવશ્ય અન્તર પડે. તેત્રીશથી માંડી અડતાળીશ સુધી નિરંતર મોક્ષે જાય તો સાત સમય સુધી જાય, ત્યાર પછી અવશ્ય અન્તર પડે. ઓગણપચાસથી આરંભી સાઠ સુધી ઉત્કૃષ્ટ છ સમય સુધી નિરંતર મોક્ષે જાય અને ત્યારબાદ અવશ્ય અન્તર પડે. એકસઠથી માંડી બહોંતેર સુધી નિરંતર મોક્ષે જાય તો પાંચ સમય સુધી જાય ત્યાર પછી અન્તર પડે. તહોંતેરથી માંડી ચોરાશી પર્યન્ત નિરન્તર મોક્ષે જાય તો ઉત્કૃષ્ટ ચાર સમય સુધી જાય, ત્યાર પછી અવશ્ય અન્તર પડે. પંચ્યાશીથી છન્નું સુધી નિરન્તર મોક્ષે જાય તો ત્રણ સમય સુધી

જાય, ત્યાર પછી અવશ્ય અન્તર પડે. સત્તાણુંથી માંડી એકસો બે સુધી નિરંતર મોક્ષે જાય તો ઉત્કૃષ્ટ બે સમય સુધી જાય, ત્યારબાદ અવશ્ય અન્તર પડે એકસો ત્રણ થી માંડી એકસો આઠ સુધી મોક્ષે જાય તો એક સમય સુધી જ જાય પણ બે ત્રણ સમય સુધી ન જાય. એ પ્રમાણે એક સમયે ઉત્કૃષ્ટ એકસો આઠ મોક્ષે જાય. તે માટે અનેક સિદ્ધો વધારેમાં વધારે એકસો આઠ જાણવા.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે –'તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ – એ બે ભેદમાં જ બાકીના ભેદોનો સમાવેશ થાય છે તો બીજા ભેદોને ગ્રહણ કરવાનું શું પ્રયોજન?' તેનું સમાધાન એ છે કે ખરી રીતે એ બે ભેદમાં બાકીના બધા ભેદોનો સમાવેશ થાય છે, પરન્તુ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ–એ બે ભેદો કહેવાથી બાકીના ભેદોનું જ્ઞાન ન થાય, અને વિશેષ ભેદોનું પરિજ્ઞાન થવા માટે શાસ્ત્રના આરંભનો પ્રયત્ન છે, માટે બાકીના બીજા ભેદોનું ગ્રહણ કર્યું છે. હવે ઉપસંહાર કહે છે – એ પ્રમાણે અનન્તરસિદ્ધ–અસંસારી જીવની પ્રજ્ઞાપના કહી. ।।૯।।

**से किं तं परम्परसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा? २ अणेगविहापण्णत्ता, तं जहा–अपढमसमयसिद्धा, दुसमयसिद्धा, तिसमयसिद्धा, चउसमयसिद्धा, जाव सङ्खिज्जसमयसिद्धा, असङ्खिज्जसमयसिद्धा, अणन्तसमयसिद्धा। से त्तं परम्परसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा। से त्तं असंसारसमावण्ण-जीवपण्णवणा।।सू०-१०।।**

*(મૂ૦) પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે કહી છે? પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના અનેક પ્રકારે કહી છે. તે આ પ્રમાણે—અપ્રથમસમયસિદ્ધ, દ્વિતીયસમયસિદ્ધ, તૃતીયસમયસિદ્ધ, ચતુર્થસમયસિદ્ધ, યાવત્–સંખ્યાતસમયસિદ્ધ, અસંખ્યાતસમયસિદ્ધ, અને અનન્તસમયસિદ્ધ. એમ પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કહી. એ પ્રમાણે અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના પણ કહી. ।।૧૦।।*

(ટી૦) પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? આચાર્ય કહે છે–પરંપરસિદ્ધ–અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના અનેક પ્રકારે કહી છે, કારણ કે પરંપરસિદ્ધો અનેક પ્રકારના છે. તે અનેક પ્રકાર કહે છે –'**तं जहा**' ઇત્યાદિ. '**तद् यथा**' એ અનેક પ્રકાર બતાવવામાં વપરાય છે. 'અપ્રથમસમયસિદ્ધ'–જેઓ પ્રથમ સમયે સિદ્ધ થયેલા નથી તે અપ્રથમસમયસિદ્ધ છે. એટલે પરમ્પર સિદ્ધના પ્રથમ સમયવર્તી જાણવા, અર્થાત્ સિદ્ધપણાના બીજા સમયે વર્તમાન સિદ્ધ તે અપ્રથમસમયસિદ્ધ કહેવાય છે. જેને સિદ્ધ થયાને ત્રણ આદિ સમયો થયા હોય તે દ્વિતીયસમયસિદ્ધાદિ કહેવાય છે. એટલે કે જેને મોક્ષે ગયા બે સમય થયા છે તે અપ્રથમસમયસિદ્ધ, અને ત્રણ સમય થયા છે તે દ્વિતીયસમયસિદ્ધ, ચાર સમય થયા છે તે તૃતીયસમયસિદ્ધ–ઇત્યાદિ જાણવું. અથવા અપ્રથમસમયસિદ્ધ એટલે સામાન્ય રીતે વિવક્ષિત પ્રથમ સમય સિવાયના બીજા સિદ્ધ. એ જ બાબત વિશેષ પણે કહે છે–દ્વિતીયસમયસિદ્ધ, તૃતીયસમયસિદ્ધ, ચતુર્થસમયસિદ્ધ ઇત્યાદિ. યાવત્ શબ્દના કથનથી પંચમસમયસિદ્ધાદિ ગ્રહણ કરવા. '**से त्तं**' ઇત્યાદિ બન્ને નિગમનો સુગમ છે. એ પ્રમાણે અસંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કહી. ।।૧૦।।

## ।। संसारसमावण्णजीवपण्णवणा ।।

**से किं तं संसारसमावण्ण-जीवपण्णवणा? संसारसमावण्ण-जीवपन्नवणापञ्चविहा पण्णत्ता। तं जहा–१ एगेंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा, २ बेइन्दिय-संसारसमावण्ण-जीवपण्णवणा, ३ तेइन्दिय-संसारसमावण्ण-जीवपण्णवणा, ४ चउरिन्दिय-संसारसमावण्ण-जीवपण्णवणा, ५ पञ्चिन्दिय-संसारसमावण्ण-जीवपण्णवणा ।।सू०-११।।**

*(મૂ૦) સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના પાંચ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે––૧ એકેન્દ્રિય–સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના, ૨ બેઇન્દ્રિય–સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના, ૩ તેઇન્દ્રિય–સંસારસમાપન્ન–*

*જીવપ્રજ્ઞાપના, ૪ ચઉરિન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના અને ૫ પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના ॥૧૧॥*

(ટી૦) હવે સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર તે સંબંધમાં પ્રશ્નસૂત્ર કહે છે-'સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના પાંચ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે-એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના' ઇત્યાદિ. તેમાં સ્પર્શેન્દ્રિય રૂપ એક ઇન્દ્રિય જેઓને છે તે એકેન્દ્રિય-પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ પ્રકારના છે. જેનું સ્વરૂપ આગળ ઉપર કહેવાશે. એવા એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવોની પ્રજ્ઞાપના-પ્રરૂપણા કરવી તે એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના. એ પ્રમાણે બેઇન્દ્રિયાદિ સર્વ પદોમાં અક્ષરની ઘટના કરવી. પરન્તુ સ્પર્શન અને રસન એ બે ઇન્દ્રિયો જેઓને છે તે શંખ, છીપ વગેરે બેઇન્દ્રિયો જાણવા. સ્પર્શન, રસન અને ઘ્રાણ-નાસિકા રૂપ ત્રણ ઇન્દ્રિયો જેઓને છે તે જૂ, માંકણ વગેરે તેઇન્દ્રિય જીવો જાણવા. સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ રૂપ ચાર ઇન્દ્રિયો જેઓને હોય તે ડાંસ, મચ્છર વગેરે ચઉરિન્દ્રિય જીવો જાણવા. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર રૂપ પાંચ ઇન્દ્રિયો જેઓને છે તે માછલાં, મગર, મનુષ્યાદિ બધા પંચેન્દ્રિય જીવો જાણવા. આ 'એક, બે, ત્રણ વગેરે ઇન્દ્રિયોની પ્રાપ્તિ અસંવ્યવહાર રાશિથી આરંભી પ્રાયઃ આજ ક્રમથી થાય છે' એ બતાવવા માટે આ પ્રમાણે એકેન્દ્રિયાદિનો ક્રમપૂર્વક ઉપન્યાસ કરેલો છે. ઇન્દ્રિયો બે પ્રકારે છે. જેમ કે – દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. તેમાં દ્રવ્યેન્દ્રિય નિર્વૃત્તિ અને ઉપકરણ – એ બે પ્રકારની છે. તેનું *નન્દિસૂત્રની ટીકામાં સવિસ્તરપણે નિરૂપણ કરેલું છે, તેથી અહીં ફરીથી તેનું નિરૂપણ કરતા નથી. ભાવેન્દ્રિય લબ્ધિ-ક્ષયોપશમ અને ઉપયોગ-એમ બે પ્રકારે છે. અને તે અનિયત રૂપે હોય છે, કારણ કે **એકેન્દ્રિયોને પણ ક્ષયોપશમ અને ઉપયોગ રૂપ પાંચે ભાવેન્દ્રિયનો સંભવ છે.** કેમ કે તેનું કાર્ય કેટલાક એકેન્દ્રિયોમાં દેખાય છે. જેમકે, ઉન્મત સ્ત્રીના ગીતના શબ્દને સાંભળવાથી, તેના વિલાસપૂર્વક કટાક્ષના નિરીક્ષણથી, તેના મોઢામાંથી નાંખેલા મદ્યના કોગળાના ગન્ધને સુંઘવાથી, તેના રસનું આસ્વાદન કરવાથી અને તેના સ્તનાદિ અવયવના સ્પર્શથી બકુલાદિ વૃક્ષોને પ્રમોદ થવાને લીધે જલદી પુષ્પ અને ફલો આવે છે. એ સંબંધમાં કહ્યું છે કે-"**जं किर बउलाईणं दीसइ सेसिन्दिओवलम्भोइवि। तेणऽत्थि तदावरणक्खओवसमसम्भवो तेसिं ॥१॥**"-'જે બકુલાદિ વૃક્ષોને સ્પર્શનેન્દ્રિય સિવાય બાકીની ઇન્દ્રિયોનું જ્ઞાન હોય છે, તેથી તેને ઇન્દ્રિયાવરણના ક્ષયોપશમનો સંભવ છે' માટે ભાવેન્દ્રિય લોકવ્યવહારપ્રસિદ્ધ એકેન્દ્રિયાદિ વ્યવહારનું કારણ નથી, પરન્તુ દ્રવ્યેન્દ્રિયો કારણ છે. જેમ કે-જેને સ્પર્શનેન્દ્રિય રૂપ એક બાહ્ય દ્રવ્યેન્દ્રિય છે તે એકેન્દ્રિય કહેવાય છે. એવી રીતે બે ઇન્દ્રિયો જેને છે તે બેઇન્દ્રિય, યાવત્ જેને પાંચ ઇન્દ્રિયો છે તે પંચેન્દ્રિય. કહ્યું છે કે-'બકુલને મનુષ્યની પેઠે સર્વ ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન થવાથી તે પાંચ ઇન્દ્રિયવાળો છે. તો પણ તે બાહ્ય-દ્રવ્ય ઇન્દ્રિયોના અભાવથી 'પંચેન્દ્રિય' કહેવાતો નથી.'॥૧૧॥

* ઇન્દ્રિયના બે પ્રકાર છે -- દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. તેમાં દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે - નિર્વૃત્તિ અને ઉપકરણ. નિર્વૃત્તિ-આકારવિશેષ, તેના પણ બે પ્રકાર છે-બાહ્ય નિર્વૃત્તિ અને અભ્યન્તર નિર્વૃત્તિ. તેમાં બાહ્ય નિર્વૃત્તિ અનેક પ્રકારની છે. એટલે તેનું પ્રતિનિયત આકાર રૂપે વર્ણન કરવું શક્ય નથી. જેમકે મનુષ્યના કાન ભ્રૂકુટીના સીધા ભાગમાં અને નેત્રના બન્ને પડખે રહેલા છે. ઘોડાના કાન માથાના અગ્રભાગે અને બન્ને નેત્રોની ઉપર રહેલા છે, તેનો અગ્રભાગ તીક્ષ્ણ છે. એ પ્રમાણે જાતિભેદથી અનેક પ્રકારની બાહ્ય નિર્વૃત્તિ છે. અભ્યન્તર નિર્વૃત્તિ તો બધા ય પ્રાણીઓને સરખી હોય છે. તેમાં શ્રોત્રેન્દ્રિય નો આકાર કદંબપુષ્પના જેવો છે. ચક્ષુઇન્દ્રિયનો આકાર મસૂરચન્દ-મસૂરની દાળ જેવો છે. ઘ્રાણેન્દ્રિયનો આકાર અતિમુક્તક પુષ્પના જેવો છે. રસનેન્દ્રિયનો આકાર અસ્રાના જેવો છે અને સ્પર્શનેન્દ્રિયનો આકાર નાના(વિવિધ) પ્રકારનો છે. અહીં સ્પર્શનેન્દ્રિયની નિર્વૃત્તિમાં પ્રાયઃ બાહ્ય અને અભ્યન્તરનો ભેદ નથી. કારણ કે તત્ત્વાર્થની મૂલ ટીકામાં એ પ્રમાણે કહેલું છે - ખડ્ગના જેવી બાહ્ય નિર્વૃત્તિની ખડ્ગની ધાર સરખી સ્વચ્છ પુદ્ગલના સમૂહરૂપ અભ્યન્તર નિર્વૃત્તિ છે અને તેની શક્તિવિશેષ તે ઉપકરણેન્દ્રિય. આ ઉપકરણ રૂપ દ્રવ્યેન્દ્રિયનો અભ્યન્તર નિર્વૃત્તિથી કથંચિત્ ભેદ છે. કારણ કે શક્તિ અને શક્તિવાળાનો કથંચિત્ ભેદ છે. અભ્યન્તર નિર્વૃત્તિ છતાં પણ કોઇ પણ દ્રવ્યાદિથી ઉપકરણના વિઘાતનો સંભવ છે, તેથી તેનો કથંચિદ્ ભેદ છે. જેમકે-કદંબપુષ્પાદિના આકારવાળી અભ્યન્તર નિર્વૃત્તિ છતાં પણ અતિ કઠોર મેઘની ગર્જના વડે ઇન્દ્રિયની શક્તિનો ઉપઘાત થતાં પ્રાણીઓ શબ્દાદિ વિષય જાણવાને સમર્થ થતા નથી. ભાવેન્દ્રિય પણ બે પ્રકારે છે - લબ્ધિ અને ઉપયોગ. તેમાં શ્રોત્રેન્દ્રિયાદિના વિષયને ગ્રહણ કરનાર સર્વ આત્મપ્રદેશોના શ્રોત્રેન્દ્રિયાદિના આવરણનો ક્ષયોપશમ તે લબ્ધિ. પોતપોતાના વિષયમાં લબ્ધિરૂપ ઇન્દ્રિયને અનુસારે આત્માનો વ્યાપાર તે ઉપયોગ. અહીં દ્રવ્ય અને ભાવ રૂપ બન્ને પ્રકારની ઇન્દ્રિયો ગ્રહણ કરવી. કારણ કે બેમાંથી એકના પણ અભાવમાં ઇન્દ્રિય પ્રત્યક્ષ ઘટતું નથી. જુઓ નન્દિસૂત્ર ટીકા (આ.સ.પ૦ ૭૪-૭૫)

## ।। एगिंदियजीव पण्णवणा ।।

**से किं तं एगेन्दिय-संसारसमावण्ण-जीवपण्णवणा? एगेंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा पंचविहा पन्नत्ता। तं जहा-पुढविकाइया, आउक्काइया, तेउक्काइया, वाउक्काइया, वणस्सइकाइया।।सू०-१२।।**

*(મૂ૦) એકેન્દ્રિય સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે—૧ પૃથિવીકાયિકો, ૨ અપ્કાયિકો, ૩ તેજસ્કાયિકો, ૪ વાયુકાયિકો અને વનસ્પતિકાયિકો. ।।૧૨।।*

(ટી૦) એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? આચાર્ય કહે છે—એકેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના પાંચ પ્રકારે છે, કારણ કે એકેન્દ્રિયો પાંચ પ્રકારના છે. તે પાંચ પ્રકાર કહે છે -'तं जहा' ઇત્યાદિ. પૃથિવી કઠિનતા રૂપે પ્રસિદ્ધ છે. તે પૃથિવી જેઓનું કાય-શરીર છે તે પૃથિવીકાય અથવા પૃથિવીકાયિકો કહેવાય છે. અહીં સ્વાર્થમાં 'इक'પ્રત્યય થયો છે. અપ્-પાણી, પ્રવાહી રૂપે પ્રસિદ્ધ છે. તે જેઓનું કાય-શરીર છે તે અપ્કાયિકો, તેજસ્-અગ્નિ, તે જેઓનું કાય-શરીર છે તે તેજસ્કાયિકો, વાયુ જેઓનું કાય-શરીર છે તે વાયુકાયિકો. લતાદિ રૂપ વનસ્પતિઓનું કાય-શરીર છે તે વનસ્પતિકાયિકો. અહીં પૃથિવી સર્વ ભૂતોનો આધાર હોવાથી પ્રથમ પૃથિવીકાયિકોનું ગ્રહણ કર્યું છે. ત્યાર પછી તેને વિષે રહેલા હોવાથી અપ્કાયિકોનું ગ્રહણ કર્યું છે. અપ્કાયિક અગ્નિના પ્રતિપક્ષરૂપ છે તેથી ત્યાર પછી તેજસ્કાયિકો ગ્રહણ કરવામાં આવ્યા છે. અગ્નિ વાયુના સંબન્ધથી વૃદ્ધિ પામે છે માટે ત્યાર બાદ વાયુકાયિકો મૂકવામાં આવ્યા છે. દૂર રહેલો વાયુ વૃક્ષની શાખાના કંપવાથી જણાય છે માટે ત્યાર પછી વનસ્પતિકાયિકોનું ગ્રહણ કર્યું છે.।।૧૨।।

## ।। पुढविकायजीव पण्णवणा ।।

**से किं तं पुढविकाइया? पुढविकाइया दुविहा पण्णत्ता। तं जहा—सुहुमपुढविकाइया य बादरपुढविकाइया य।।सू०-१३।।**

*(મૂ૦) પૃથિવીકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે? પૃથિવીકાયિકો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—સૂક્ષ્મ પૃથિવીકાયિકો અને બાદર પૃથિવીકાયિકો. ।।૧૩।।*

(ટી૦) હવે પૃથિવીકાયિક જીવોના સ્વરૂપને નહિ જાણનાર શિષ્ય તે સંબંધે પૂછે છે—પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે—પૃથિવીકાયિકો બે પ્રકારે છે. સૂક્ષ્મનામ કર્મના ઉદયથી સૂક્ષ્મ પૃથિવીકાયિકો અને બાદરનામ કર્મના ઉદયથી બાદર પૃથિવીકાયિકો કહેવાય છે. સૂક્ષ્મપણું અને બાદરપણું એ કર્મના ઉદયજન્ય છે, પણ બોર અને આમળાની પેઠે સાપેક્ષ નથી. [જેમ આમળાથી બોર સૂક્ષ્મ-નાના હોય છે અને આમળા બોરથી મોટા હોય છે. કુંથુઆની અપેક્ષાએ હસ્તી બાદર-મોટો હોય છે, અને બાદર હસ્તીની અપેક્ષાએ કુંથુઓ સૂક્ષ્મ-નાનો હોય છે, તેમ સૂક્ષ્મપણું અને બાદરપણું સાપેક્ષ નથી.] 'च' શબ્દ સૂક્ષ્મ પૃથિવીકાયિકના પણ પર્યાપ્ત, અપર્યાપ્તાદિ અનેક ભેદો અને બાદર પૃથિવીકાયિકના પણ શર્કરા, વાલુકાદિ ઘણા ભેદોનો સૂચક છે. તેમાં સૂક્ષ્મ પૃથિવીકાયિક પેટીમાં સંપૂર્ણ ભરેલા સુગન્ધી દ્રવ્યની પેઠે સર્વલોકવ્યાપી છે અને બાદર પૃથિવીકાયિક લોકના પ્રતિનિયત-અમુક ભાગમાં રહેલા છે. તેનું પ્રતિનિયત દેશવર્તિપણું આ સૂત્રના બીજા પદમાં જણાવશે.

**से किं तं सुहुमपुढविकाइया? सुहुमपुढविकाइया दुविहा पण्णत्ता। तं जहा-पज्जत्तसुहुमपुढविकाइया च अपज्जत्तसुहुमपुढविकाइया य। से त्तं सुहुमपुढविकाइया।।सू०-१४।।**

*(મૂ૦) સૂક્ષ્મ પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે? સૂક્ષ્મ પૃથિવીકાયિકો બે પ્રકારે છે. તે આ પ્રમાણે—પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથિવીકાયિકો કહ્યા. ।।૧૪।।*

(ટી૦) હવે સૂક્ષ્મ પૃથિવીકાયિકના સ્વરૂપની જિજ્ઞાસાવાળો શિષ્ય પ્રશ્ન કરે છે—સૂક્ષ્મ પૃથિવીકાયિકો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે—સૂક્ષ્મ પૃથિવીકાયિકોના પર્યાપ્ત-સ્વયોગ્ય પર્યાપ્તિ સહિત અને અપર્યાપ્ત-સ્વયોગ્ય પર્યાપ્તિ રહિત-

એવા બે પ્રકાર છે. તેમાં આહારાદિ પુદ્‌ગલોને ગ્રહણ કરવામાં અને તેને રસાદિ રૂપે પરિણમન કરવામાં હેતુભૂત આત્માની શક્તિવિશેષ તે [1]પર્યાપ્તિ. તે પુદ્‌ગલોના ઉપચયથી થાય છે. તાત્પર્ય એ છે કે – ઉત્પત્તિ સ્થાને આવીને જીવે પ્રથમ સમયે જે

१ **पर्याप्तिः क्रियापरिसमाप्तिरात्मनः**। વિવક્ષિત આહારગ્રહણ, શરીરનિર્વર્તનાદિ ક્રિયા કરવામાં સમર્થ કરણની નિષ્પત્તિ તે પર્યાપ્તિ, તે પુદ્‌ગલ રૂપ છે અને તે તે ક્રિયાના કર્તા આત્માનું કરણવિશેષ છે. જે કરણવિશેષથી આત્મામાં આહારાદિ ગ્રહણ કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થાય તે કરણ જે પુદ્‌ગલોથી નીપજે તેવા પ્રકારના પરિણામવાળા આત્માએ ગ્રહણ કરેલા પુદ્‌ગલો પર્યાપ્તિશબ્દથી વ્યવહારાય છે. જેમ કે– આહારગ્રહણ કરવામાં સમર્થ કરણની ઉત્પત્તિ તે આહારપર્યાપ્તિ, શરીરના કરણની નિષ્પત્તિ તે શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયના કરણની ઉત્પત્તિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ, ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસને યોગ્ય કરણની ઉત્પત્તિ તે પ્રાણાપાનપર્યાપ્તિ. ભાષા યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવામાં અને છોડવામાં સમર્થ કરણની ઉત્પત્તિ તે ભાષાપર્યાપ્તિ. કહ્યું છે કે –"આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મનની ઉત્પત્તિ જે પુદ્‌ગલોથી થાય છે તેના પ્રતિ જે કરણ તે પર્યાપ્તિ. સિદ્ધાન્તમાં છ પર્યાપ્તિઓ પ્રસિદ્ધ છે તો અહીં પાંચ પર્યાપ્તિઓ કેમ કહી? તેનો ઉત્તર એ છે કે અહીં ઇન્દ્રિય પર્યાપ્તિના ગ્રહણથી મન પર્યાપ્તિનું ગ્રહણ કરેલું છે, માટે પાંચ પર્યાપ્તિઓ કહી છે. (પ્ર૦-) શાસ્ત્રકારે મનને અનિન્દ્રિય કહ્યું છે. તો ઇન્દ્રિયના ગ્રહણથી મનનું ગ્રહણ કેમ થાય? (ઉ૦-) જેમ શબ્દાદિ વિષયને ગ્રહણ કરનાર સાક્ષાત્ ચક્ષુ આદિ છે, તેવું મન નથી, અને સુખાદિને સાક્ષાત્ ગ્રહણ કરનાર મન છે, માટે મન સંપૂર્ણ ઇન્દ્રિય નથી, પણ ઇન્દ્ર–આત્માનું લિંગ હોવાથી ઇન્દ્રિય પણ છે. અહીં પાંચ જ પર્યાપ્તિઓ કહી છે તે બાહ્ય કરણની અપેક્ષાએ જાણવી, પણ મન અન્તઃકરણ છે માટે મનઃપર્યાપ્તિ જુદી કહી છે, તેમાં કંઇ પણ દોષ નથી. બન્ને પ્રકારે મનઃપર્યાપ્તિનો સંભવ છે. અહીં તૈજસ અને કાર્મણ શરીર સહિત જ આત્માની વિવક્ષિત ક્રિયાની પરિસમાપ્તિ એટલે વિવક્ષિત ક્રિયા–કરવામાં સમર્થ કરણની ઉત્પત્તિ તે પર્યાપ્તિ. ઔદારિકઆદિ શરીરની પ્રથમ ઉત્પત્તિમાં જ આ પર્યાપ્તિઓનો વિચાર કર્યો છે. આ છ એ પર્યાપ્તિઓનો આરંભ એક સાથે થાય છે અને અનુક્રમે પૂરી થાય છે પણ સાથે પૂરી થતી નથી. કારણ કે ઉત્તરોત્તર પર્યાપ્તિઓ અધિક અધિક કાળે સમાપ્ત થાય છે. તેમાં આહાર પર્યાપ્તિનું સ્વરૂપ ભાષ્યકાર કહે છે '**शरीरेन्द्रिय-वाङ्-मनः-प्राणापानयोग्यदलिकद्रव्याहरणक्रियापरिसमाप्तिराहारपर्याप्तिः**'। શરીર, ઇન્દ્રિય, ભાષા, મન, અને પ્રાણાપાન–શ્વાસોચ્છ્વાસને યોગ્ય દલિક–પુદ્‌ગલોની આહારણ–ગ્રહણ ક્રિયાની પરિસમાપ્તિ તે આહાર પર્યાપ્તિ કરણવિશેષ છે. અહીં મનના ગ્રહણ કરવાથી સ્પષ્ટ રીતે ઇન્દ્રિય પર્યાપ્તિના ગ્રહણથી મનઃપર્યાપ્તિનું ગ્રહણ કર્યું છે.

'**गृहीतस्य शरीरतया संस्थानक्रियापरिसमाप्तः शरीरपर्याप्तिः**'। સામાન્યરૂપે ગ્રહણ કરેલા પુદ્‌ગલોને શરીર રૂપે સંસ્થાપન–રચના ક્રિયાની પરિસમાપ્તિ તે શરીર પર્યાપ્તિ.

અહીં પ્રજ્ઞાપના સૂત્રના ટીકાકારે પર્યાપ્તિની વ્યાખ્યામાં ઉત્પત્તિસ્થાને આવીને જીવ જે પુદ્‌ગલો ગ્રહણ કરે છે અને પછી પ્રતિસમય જે પુદ્‌ગલો ગ્રહણ કરાય છે – એમ સામાન્ય રૂપે કહ્યું છે, પણ કયા પુદ્‌ગલો ગ્રહણ કરે છે – એમ સ્પષ્ટ કહ્યું નથી, પરન્તુ તત્ત્વાર્થકારે આહાર-પર્યાપ્તિની વ્યાખ્યામાં વિશેષણપણે શરીર, ઇન્દ્રિય, ભાષા, મન અને શ્વાસોચ્છ્‌વાસને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરવાના કહ્યા છે. પ્રથમ સમયે ગ્રહણ કરેલા તેમજ પ્રતિસમય ગ્રહણ કરાતા એવા તે પુદ્‌ગલોથી જ કરણની નિષ્પત્તિ થાય છે તે પર્યાપ્તિશબ્દવાચ્ય છે. તેથી એમ પણ જણાય છે કે શરીરને યોગ્ય પુદ્‌ગલોથી શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયને યોગ્ય પુદ્‌ગલોથી ઇન્દ્રિયપર્યાપ્તિ, ભાષાને યોગ્ય પુદ્‌ગલોથી ભાષાપર્યાપ્તિ, શ્વાસોચ્છ્‌વાસને યોગ્ય પુદ્‌ગલોથી શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ અને મનને યોગ્ય પુદ્‌ગલોથી મનઃપર્યાપ્તિની નિષ્પત્તિ સંભવે છે.

'**त्वगादीन्द्रियनिर्वर्तनक्रियापरिसमाप्तिरिन्द्रियपर्याप्तिः**' ત્વક્–સ્પર્શનેન્દ્રિય અને આદિ શબ્દથી, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર અને મનઃ, તેઓના સ્વરૂપને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ.

'**प्राणापानक्रियायोग्यद्रव्यग्रहण-निसर्गशक्तिनिवर्तनक्रियापरिसमाप्तिः प्राणापानपर्याप्तिः**'। ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસની ક્રિયાને યોગ્ય શ્વાસોચ્છ્‌વાસ વર્ગણાના દ્રવ્યને ગ્રહણ કરવાની અને મૂકવાની શક્તિ–સામર્થ્યને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે શ્વાસોચ્છ્‌વાસપર્યાપ્તિ.

'**भाषायोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिर्भाषापर्याप्तिः**'। ભાષાને યોગ્ય ભાષાવર્ગણાના દ્રવ્યને ગ્રહણ કરવા અને મૂકવાની શક્તિ–સામર્થ્યને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે ભાષાપર્યાપ્તિ.

'**मनस्त्वयोग्यद्रव्यग्रहण-निसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिर्मनःपर्याप्तिरित्येके**'। મનરૂપે પરિણામને યોગ્ય મનોવર્ગણા દ્રવ્યને ગ્રહણ કરવા અને મૂકવાના સામર્થ્યને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે મનઃપર્યાપ્તિ–એમ કોઈ આચાર્ય ઇન્દ્રિય પર્યાપ્તિથી જુદી મનઃપર્યાપ્તિ માને છે, અને ઇન્દ્રિય પર્યાપ્તિના ગ્રહણ વડે મનઃપર્યાપ્તિનું ગ્રહણ કરતા નથી. પણ મનઃપર્યાપ્તિને કોઈ માને છે અને કોઈ માનતા નથી–એમ સમજવાનું નથી.

**आसां युगपदारब्धानामपि क्रमेण समाप्तिः, उत्तरोत्तरसूक्ष्मतरत्वात्, सूत्रदार्वादिकर्तनघटनवत्**। આ છ એ પર્યાપ્તિઓનો એક સાથે આરંભ થાય છે, પણ અનુક્રમે સમાપ્તિ થાય છે. અનુક્રમે સમાપ્તિ થવાનું કારણ જણાવે છે –'ઉત્તરોત્તર સૂક્ષ્મ હોવાથી'. જેમ કે આહારપર્યાપ્તિથી શરીરપર્યાપ્તિ સૂક્ષ્મ છે, કારણ કે તે ઘણા સૂક્ષ્મ દ્રવ્યના સમૂહથી બનેલી છે. તેથી ઇન્દ્રિયપર્યાપ્તિ વધારે સૂક્ષ્મ છે, તેનાથી પણ શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ સૂક્ષ્મ છે. તેથી ભાષાપર્યાપ્તિ સૂક્ષ્મ છે અને તેથી મનઃપર્યાપ્તિ વધારે સૂક્ષ્મ છે. તેની ઉત્તરોત્તર સૂક્ષ્મતા દૃષ્ટાન્તથી બતાવે છે – સૂતર કાંતવું અને કાષ્ટ વગેરે ઘડવાની પેઠે, જાડું સૂતર કાંતનારી અને ઝીણું સૂતર કાંતનારી કાંતવાનો એક સાથે આરંભ કરે. તેમાં જાડું સૂતર કાંતનારી જલદી કોકડું પૂરું કરે અને ઝીણું સૂતર કાંતનારી લાંબા કાળે પૂરું કરે. કાષ્ટ ઘડવામાં પણ આજ ક્રમ છે. થાંભલા વગેરેનું ચોરસ વગેરે મોટી કારીગરીનું કામ થોડા કાળમાં થાય છે અને તેજ થાંભલો પત્રરચના અને પુતળીઓ વગેરે સહિત કરવામાં આવે તો લાંબા કાળે તૈયાર થાય છે" જુઓ–તત્ત્વાર્થટીકા (અ. ૮, સૂ. ૧૨)

પુદ્ગલો ગ્રહણ કરેલા છે તેમજ પ્રતિસમય ગ્રહણ કરાય છે કે જે તે પુદ્ગલોના સંબન્ધથી તે રૂપે પરિણત થતા જાય છે તે પુદ્ગલોની આહારાદિ પુદ્ગલોને ખલ અને રસરૂપે પરિણમન કરવાની શક્તિ તે પર્યાપ્તિ. જેમ કે ઉદરમાં રહેલા પુદ્ગલવિશેષની આહારના પુદ્ગલને ખલ અને રસરૂપે પરિણમન કરવાની શક્તિ છે. તે પર્યાપ્તિ છ પ્રકારે છે – ૧ આહારપર્યાપ્તિ, ૨ શરીરપર્યાપ્તિ, ૩ ઇન્દ્રિયપર્યાપ્તિ, ૪ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ, ૫ ભાષાપર્યાપ્તિ અને ૬ મનઃપર્યાપ્તિ. જે શક્તિથી બાહ્ય આહારને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમન કરે તે આહારપર્યાપ્તિ. જે શક્તિથી રસરૂપે થયેલા આહારને રસ, રુધિર, માંસ, મેદ–ચરબી, અસ્થિ (હાડકા), મજ્જા અને વીર્ય રૂપે સાત ધાતુપણે પરિણમન કરે તે શરીરપર્યાપ્તિ. જે શક્તિથી ધાતુરૂપે પરિણમાવેલા આહારને ઇન્દ્રિયરૂપે પરિણમન કરે તે ઇન્દ્રિયપર્યાપ્તિ. આજ અર્થ બીજે સ્થળે પણ અન્ય પ્રકારે કહેલો છે–"પાંચ ઇન્દ્રિયોને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી અનાભોગજન્ય–ઉપયોગ સિવાય પ્રવૃત્ત થયેલા વીર્ય વડે ઇન્દ્રિયરૂપે પરિણમન કરવાની શક્તિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ." જે શક્તિથી ઉચ્છ્વાસયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી ઉચ્છ્વાસપણે પરિણમાવી અવલંબન કરી મૂકે તે ઉચ્છ્વાસપર્યાપ્તિ. જે શક્તિથી ભાષાયોગ્ય પુદ્ગલો લઇને ભાષાપણે પરિણમાવી અવલંબન કરીને છોડી દે તે ભાષાપર્યાપ્તિ. જે શક્તિથી મનને યોગ્ય પુદ્ગલો લઇને મનપણે પરિણમાવી અવલંબન કરીને છોડી દે તે મનઃપર્યાપ્તિ.

એકેન્દ્રિય, સંજ્ઞી સિવાય બેઇન્દ્રિયાદિ, અને સંજ્ઞીને અનુક્રમે ચાર, પાંચ અને છ પર્યાપ્તિઓ હોય છે. એ સંબંધી પ્રજ્ઞાપના સૂત્રના **મૂલ ટીકાકારે** કહ્યું છે કે–"**एकेन्द्रियाणां चतस्रो विकलेन्द्रियाणां पञ्च? सञ्ज्ञिनां षट् इति॥**"– "એકેન્દ્રિયોને ચાર, વિકલેન્દ્રિયોને પાંચ, અસંજ્ઞીને પાંચ અને સંજ્ઞીને છ પર્યાપ્તિઓ હોય છે." ઉત્પત્તિને પ્રથમ સમયે જેને જેટલી પર્યાપ્તિઓ યોગ્ય છે તેટલી બધી પર્યાપ્તિઓનો એક સાથે પ્રારંભ થાય છે અને એક પછી એક એમ અનુક્રમે પૂરી થાય છે. તે આ પ્રમાણે–પહેલી આહારપર્યાપ્તિ પૂરી થાય છે, ત્યાર પછી શરીરપર્યાપ્તિ, ત્યાર પછી ઇન્દ્રિયપર્યાપ્તિ–ઇત્યાદિ ક્રમથી થાય છે. આહારપર્યાપ્તિ ઉત્પત્તિના પ્રથમ સમયે જ પૂરી થાય છે અને બાકીની પ્રત્યેક પર્યાપ્તિઓ અનુક્રમે અન્તર્મુહૂર્તે પૂરી થાય છે.

પ્ર૦–આહારપર્યાપ્તિ પ્રથમ સમયે જ પૂરી થાય એમ શાથી જાણી શકાય? ઉ૦–આહારપદના બીજા ઉદ્દેશકમાં આ સૂત્ર છે — "હે ભગવન્! આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્ત જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! આહારક

---

**સંક્ષેપમાં પર્યાપ્તિનું વર્ણન :–**

**आहारसरीरिंदिय, पज्जती आणापाण भासमणे । चऊ पंच पंच छप्पिय, इग विगला सन्नि सन्नीणं ॥**

**અર્થ :–** આહાર વગેરેના પુદ્ગલગ્રહણપરિણમનહેતુ જે આત્માની શક્તિ તેને પર્યાપ્તિ કહે છે.

**પ્રકાર :–** ૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પર્યાપ્તિ, ૩ ઇન્દ્રિય પર્યાપ્તિ, અહિં ગાથામાં આ ત્રણની પછી વચ્ચે જે પર્યાપ્તિ શબ્દ કહ્યો છે, તેનુ કારણ એ છે કે, કોઈ જીવ અપર્યાપ્તો મરણ પામે તો પણ એ ત્રણ પર્યાપ્તિ પૂરી કરી મરણ પામે. પણ એ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના કોઈ જીવ મરણ પામે નહીં. તે માટે અહીં ઇન્દ્રિય પદની સાથે પર્યાપ્તિ શબ્દ જોડ્યો છે. ૪ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ૫. ભાષા પર્યાપ્તિ, ૬ મનઃપર્યાપ્તિ એ સર્વ પર્યાપ્તિ ઉપજવાને પહેલે સમયે જે જીવને જેટલી પર્યાપ્તિ કરવાની છે, તે જીવ તેટલી પર્યાપ્તિ સમકાળે કરવા માંડે પછી અનુક્રમે પહેલી પર્યાપ્તિ, તે પછી બીજી શરીર પર્યાપ્તિ, એમ સર્વ પર્યાપ્તિ યથાયોગ્યપણે કરે.

ત્યાં આહાર પર્યાપ્તિ પ્રથમ સમયે જ કરે અને બીજી સર્વ પર્યાપ્તિ તે પ્રત્યેક અસંખ્યાત સમય પ્રમાણ અંતર્મુહૂર્તે કરે.

વૈક્રિય શરીર અને આહારક શરીરવાળા જીવને એક શરીર પર્યાપ્તિ અંતર્મુહૂર્તે હોય. અને બીજી સર્વ પર્યાપ્તિ એકેકે સમયે હોય. આ પ્રમાણે સર્વ મળી અંતર્મુહૂર્ત પ્રમાણ પર્યાપ્તિ કાળ જાણવો.

**કોને કેટલી પર્યાપ્તિ હોય? :–**

એકેન્દ્રિય જીવને ચાર પર્યાપ્તિ હોય છે. વિકલેન્દ્રિય જીવને ભાષા સહિત પાંચ પર્યાપ્તિ હોય છે. તથા અસંજ્ઞી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યને એક મન વિના પાંચ પર્યાપ્તિ હોય. ત્યાં સંમૂર્ચ્છિમ મત્સ્ય જે સમુદ્રમાં આહારસંજ્ઞા જાણવી પણ મન સમજવું નહીં, કેમકે અસંજ્ઞીને પાંચ પર્યાપ્તિ કહી છે.

સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ તથા મનુષ્ય, દેવ અને નારકીને મન સહિત છ પર્યાપ્તિ જાણવી.

જે જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના અપર્યાપ્તો મરણ પામે, તે પ્રથમની ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરી પરભવ આયુષ્યનો બંધ કરી અંતર્મુહૂર્ત અબાધાકાળ જીવીને મરણ પામે.

ન હોય, પણ અનાહારક હોય." આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્ત જીવ વિગ્રહગતિમાં જ હોય છે, પણ ઉત્પત્તિ ક્ષેત્રમાં આવેલો હોતો નથી. કારણ કે ઉત્પત્તિ ક્ષેત્રમાં આવેલો જીવ પ્રથમ સમયે જ આહારક હોય છે. તેથી આહારપર્યાપ્તિનો કાળ એક સમયનો જ છે. જો ઉત્પત્તિ ક્ષેત્રમાં આવ્યા છતાં પણ આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્ત હોત તો ઉત્તરસૂત્ર એમ કહેત કે 'કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય.' જેમ શરીરાદિપર્યાપ્તિઓ વડે અપર્યાપ્ત જીવ કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય-એમ કહ્યું છે.

બધી પર્યાપ્તિઓનો પણ સમાપ્તિકાલ અન્તર્મુહૂર્તપ્રમાણ છે. પર્યાપ્તિઓ જેને હોય તે પર્યાપ્તા કહેવાય છે. એવા સૂક્ષ્મપૃથિવીકાયિકો તે પર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાયિકો કહેવાય છે. અહીં મૂળમાં આવેલો '**च**' શબ્દ પોતાના લબ્ધિપર્યાપ્ત અને કરણપર્યાપ્ત રૂપ બે ભેદોનો સૂચક છે. જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરતા નથી તે અપર્યાપ્તા એવા સૂક્ષ્મ પૃથિવીકાયિકો તે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો કહેવાય છે. અહીં પણ '**च**' શબ્દ કરણ અને લબ્ધિનિમિત્તક કરણઅપર્યાપ્તા અને લબ્ધિઅપર્યાપ્તા એવા બે ભેદોનો સૂચક છે, તે આ પ્રમાણે-સૂક્ષ્મપૃથિવીકાયિક અપર્યાપ્ત લબ્ધિ અને કરણ વડે બે પ્રકારના છે. તેમાં જેઓ અપર્યાપ્તાવસ્થામાં જ મરણ પામે છે તે લબ્ધિ અપર્યાપ્તા અને જેઓએ હજી કરણો-શરીર ઇન્દ્રિયાદિ પર્યાપ્તિઓ પૂરી કરી નથી પણ અવશ્ય પૂર્ણ કરશે તેઓ કરણ અપર્યાપ્તા કહેવાય છે. ઉપસંહાર કરે છે —એ પ્રમાણે સૂક્ષ્મ પૃથિવીકાયિકો કહ્યા. ॥૧૪॥

**से किं तं बादरपुढविकाइया? बादरपुढविकाइया दुविहा पन्नत्ता।**
**तं जहा-सण्हबादरपुढविकाइया य खरबादरपुढविकाइया य ।।सू०-१५।।**

*(મૂ૦) બાદર પૃથિવીકાયિકોના કેટલા પ્રકાર છે? બાદર પૃથિવીકાયિકોના બે પ્રકાર છે. તે આ પ્રમાણે-શ્લક્ષ્ણ-મૃદુ બાદર પૃથિવીકાયિકો અને ખર-કઠણ બાદર પૃથિવીકાયિકો. ॥૧૫॥*

(ટી૦) સૂક્ષ્મ પૃથિવીકાયિકો કહ્યા, હવે બાદર પૃથિવીકાયિકો કહેવાની ઇચ્છાવાળા આચાર્ય તે સંબંધે પ્રશ્નસૂત્ર કહે છે —બાદર પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે-બાદર પૃથિવીકાયિકો બે પ્રકારે છે-શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો અને ખર બાદર પૃથિવીકાયિકો. શ્લક્ષ્ણ-ચૂર્ણ થયેલ લોષ્ટ-ઢેફાના જેવી મૃદુ પૃથિવી, તેવા સ્વરૂપવાળા જીવો પણ ઉપચારથી શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો કહેવાય છે. અથવા શ્લક્ષ્ણ-મૃદુ બાદર પૃથિવી જેઓનું શરીર છે તેઓ શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો કહેવાય છે. અહીં સ્વાર્થમાં '**इक**' પ્રત્યય થયો છે. '**च**' શબ્દ પોતાના અનેક પેટા ભેદોનો સૂચક છે. ખર-સંઘાત વિશેષ અથવા કઠીનતા વિશેષને પ્રાપ્ત થયેલી પૃથિવી, તેવા સ્વરૂપવાળા જીવો પણ ઉપચારથી ખર કહેવાય છે. અથવા પૂર્વની પેઠે ખર બાદર પૃથિવી જેઓનું શરીર છે તેઓ ખર બાદર પૃથિવીકાયિકો કહેવાય છે. ॥૧૫॥

**से किं तं सण्हबायरपुढविकाइया? सण्हबायरपुढविकाइया सत्तविहा पन्नत्ता।**
**तं जहा-१ किण्हमत्तिया, २ नीलमत्तिया, ३ लोहियमत्तिया, ४ हालिद्दमत्तिया, ५ सुक्किल्लमत्तिया, ६ पा[प]ण्डुमत्तिया, ७ पणगमत्तिया। से त्तं सण्हबादरपुढविकाइया।।सू०-१६।।**

*(મૂ૦) શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકોના કેટલા પ્રકાર છે? શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકોના સાત પ્રકાર છે. તે આ પ્રમાણે — ૧ કૃષ્ણમૃત્તિકા-કાળી માટી, ૨ નીલમૃત્તિકા, ૩ લોહિતમૃત્તિકા-રાતી માટી, ૫ હારિદ્રમૃત્તિકા-પીળી માટી, ૫ શુક્લમૃત્તિકા-ધોળી માટી, ૬ પાંડુમૃત્તિકા અને ૭ પનકમૃત્તિકા. એ પ્રમાણે શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો કહ્યા. ॥૧૬॥*

(ટી૦) શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે—શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો સાત પ્રકારે છે. તે સાત પ્રકાર '**तं जहा**' ઇત્યાદિ સૂત્ર વડે બતાવે છે-કૃષ્ણમૃત્તિકા-કાળી માટી, નીલમૃત્તિકા-લીલી માટી, રાતી માટી, પીળી માટી અને ધોળી માટી વગેરે. એમ વર્ણના ભેદથી પાંચ પ્રકાર કહ્યા છે. પાંડૂ મૃત્તિકા-અમુક દેશમાં ધૂળરૂપે રહેલી છતાં 'પાંડૂ' એ નામે પ્રસિદ્ધ છે. તેવા જીવો પણ અભેદોપચારથી પાંડૂમૃત્તિકારૂપ કહેવાય છે. '**पनकमृत्तिका**' ઇતિ. નદી વગેરેના પૂરથી

વ્યાપ્ત થયેલા પ્રદેશમાં જ્યારે તે પૂર ચાલ્યું જાય ત્યારે જે કોમળ અને મૃદુ પંકરૂપ માટી હોય છે કે જેને જલનો મળ કહેવામાં આવે છે તે પનકમૃત્તિકા. તે રૂપ જીવો પણ અભેદોપચારથી પનકમૃત્તિકા કહેવાય છે. હવે ઉપસંહાર કહે છે–એ પ્રમાણે શ્લક્ષ્ણ બાદર પૃથિવીકાયિકો કહ્યા. ॥૧૬॥

**से किं तं खरबायरपुढविकाइया? खरबायरपुढविकाइया अणेगविहा पण्णत्ता। तं जहा-१ पुढवी य २ सक्करा, ३ वालुया य ४ उवले ५ सिला य ६-७ लोणूसे। ८ अय ९ तंब १० तउय ११ सीसय १२ रुप्प १३ सुवन्ने य १४ वइरे य॥१॥ १५ हरियाले १६ हिंगुलुए १७ मणोसिला १८-२० सासगंऽजण-पवाले। २१ अब्भपडल २२ ऽब्भवालुय बायरकाए मणिविहाणा ॥२॥ गोमेज्जए[1] य २४ रुयए २५ अंके २६ फलिहे य २७ लोहियक्खे य। २८ मरगय २९ मसारगल्ले ३० भुयमोयग ३१ इन्दनीले य ॥३॥ ३२ चंदण ३३ गेरुय ३४ हंसगब्भ [हंसे] ३५ पुलए ३६ सोगन्धिए[य] बोद्धव्वे। ३७ चन्दप्पभ ३८ वेरुलिए ३९ जलकंते ४० सूरकंते य ॥४॥ जे यावऽन्ने तहप्पगारा ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता। तत्थ णं जे ते पज्जत्तगा एतेसिं णं वन्नादेसेणं, गंधादेसेणं, रसादेसेणं, फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसतसहस्साइं। पज्जत्तगणिस्साए अपज्जत्तगा वक्कमंति, जत्थ एगो तत्थ नियमा असंखेज्जा। से त्तं खरबायरपुढविकाइया। से त्तं बायरपुढविक्काइया। से त्तं पुढविकाइया॥ सू०-१७॥**

*(મૂ૦) ખર બાદર પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે? ખર બાદર પૃથિવીકાયિકો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે–૧ શુદ્ધપૃથિવી, ૨ શર્કરા (કાંકરા), ૩ વાલુકા (રેતી), ૪ ઉપલ (નાના પત્થર), ૫ શિલા, ૬ લવણ, ૭ ઊષ–ખારો, ૮ લોઢું, ૯ તાંબુ, ૧૦ જસત, ૧૧ સીસું, ૧૨ રૂપું, ૧૩ સુવર્ણ, ૧૪ વજ્રરત્ન, (૧) ૧૫ હડતાલ, ૧૬ હિંગળો, ૧૭ મણસીલ, ૧૮ સાસગ–પારો, ૧૯ અંજનરત્ન, ૨૦ પ્રવાલ, ૨૧ અભ્રપટલ (અબરખ), ૨૨ અભ્રવાલુકા અને મણિના ભેદો–એ બધા બાદર પૃથિવીકાયને વિષે જાણવા. (૨) ૨૩ ગોમેધ્યક, ૨૪ રુચક, ૨૫ અંક, ૨૬ સ્ફટિક, ૨૭ લોહિતાક્ષ, ૨૮ મરકત, ૨૯ મસારગલ્લ, ૩૦ ભુજમોચક, અને ૩૧ ઇન્દ્રનીલ, (૩) ૩૨ ચંદનરત્ન, ૩૩ ગૈરિક, ૩૪ હંસગર્ભ, ૩૫ પુલક, ૩૬ સૌગન્ધિક, ૩૭ ચંદ્રપ્રભ, ૩૮ વૈડૂર્ય, ૩૯ જલકાન્ત (ચન્દ્રકાન્ત), ૪૦ સૂર્યકાન્ત. (૪) ઇત્યાદિ યાવદ્ તેવા પ્રકારના બીજા હોય તે બધા ખર બાદર પૃથિવીકાયિકો જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે અપર્યાપ્ત છે તે અસંપ્રાપ્તવિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. જે પર્યાપ્ત છે તેઓના વર્ણાદેશથી, ગન્ધાદેશથી, રસાદેશથી અને સ્પર્શાદેશથી હજારો ભેદો છે અને તેઓના સંખ્યાતા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તાઓ હોય છે. એ પ્રમાણે ખર બાદર પૃથિવીકાયિકો કહ્યા અને બાદર પૃથિવીકાયિકો કહ્યા. અને એ પ્રમાણે પૃથિવીકાયિકો કહ્યા. ॥૧૭॥*

(ટી૦) ખર બાદર પૃથિવીકાયિકો કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે –ખર બાદર પૃથિવીકાયિકો અનેક પ્રકારે કહ્યા છે. તેના ચાળીશ ભેદ તો મુખ્યપણે કહ્યા છે. તે ચાળીશ ભેદો સૂત્રમાં કહેલી ચાર ગાથાવડે બતાવે છે–જેમ ભામા કહેવાથી સત્યભામાનું ગ્રહણ થાય છે તેમ પૃથિવી કહેવાથી ૧ શુદ્ધ પૃથિવી જાણવી, તે નદીના કીનારાની ભેખડ વગેરે રૂપ સમજવી. ૨

१. गोमेज्जए य २३ रुयगे २४ अंके २५ फलिहे य २६ लोहियक्खे य २७। चंदण २८ गेरुय २९ हंसग ३० भुयमोय ३१ मसारगल्ले य ३२॥७५॥ चंदप्पह ३३ वेरुलिए ३४ जलकंते ३५ चेव सूरकंते य ३६। एए खरपुढवीए नामं छत्तीसयं होइ ॥७६॥ इति रूपे आचाराङ्गसूत्रनिर्युक्तिगाथे आचार्य श्री शीलाङ्केन व्याख्याते। आचारांगचूर्णिकृता तु प्रज्ञापनोपाङ्गसमे एव व्याख्या ते स्त:। उत्तराध्ययनसूत्रे षट्त्रिंशेऽध्ययने ऽपि प्रज्ञापनासूत्रसमे एव गाथे विद्येते। केवलं तत्र हंसे इति स्थाने हंसगब्भ इति पाठभेदो दृश्यते ॥७६-७७॥ (પન્નવણા સૂત્ર મહાવીર વિદ્યાલય, પૃ. ૧૪)

શર્કરા–નાના પત્થરના કકડા, ૩ વાલુકા–રેતી, ૪ ઉપલ–ટાંકણા વગેરે ઉપકરણથી ઘડવા લાયક પત્થર, ૫ શિલા–દેવમંદિરની પીઠાદિને ઉપયોગી મોટો પત્થર. ૬ લવણ–સમુદ્રાદિના પાણીથી બનેલું મીઠું, ઊષ–ખારો, જેનાથી ઊખર જમીન કહેવાય છે. ૮ લોઢું, ૯ તાંબુ, ૧૦ જસત, ૧૧ સીસું, ૧૨ રૂપું, ૧૩ સુવર્ણ[1] એ પ્રસિદ્ધ છે. ૧૪ વજ્ર–હીરો, ૧૫ હડતાળ, ૧૬ હિંગલો અને ૧૭ મણસીલ પ્રસિદ્ધ છે. ૧૮ સાસગ–પારો, ૧૯ અંજન–સૌવીરાજંન–સુરમો વગેરે, ૨૦ પ્રવાલ–પરવાળાં, ૨૧ અભ્રપટલ (અબરખ) પ્રસિદ્ધ છે. ૨૨ અભ્રવાલુકા–અબરખના કણથી મિશ્રિત થયેલી રેતી, આ ખર બાદર પૃથિવીકાયના ભેદો છે. મણિના ભેદો પણ બાદર પૃથિવીકાયના ભેદરૂપે જાણવા. તે મણિના ભેદો બતાવે છે. 'ગોમેધ્યક' ઇત્યાદિ. ૨૩ ગોમેધ્યક, ૨૪ રુચક, ૨૫ અંક, ૨૬ સ્ફટિક, ૨૭ લોહિતાક્ષ, ૨૮ મરકત–નીલમ, ૨૯ મસારગલ્લ, ૩૦ ભુજમોચક, ૩૧ ઇન્દ્રનીલ, ૩૨ ચંદન, ૩૩ ગૈરિક, ૩૪ હંસગર્ભ, ૩૫ પુલક, ૩૬ સૌગન્ધિક, ૩૭ ચંદ્રપ્રભ, ૩૮ વૈડૂર્ય, ૩૯ જલકાન્ત અને ૪૦ સૂર્યકાન્ત. એ પ્રમાણે પહેલી ગાથાથી પૃથિવ્યાદિ ચૌદ ભેદો, બીજી ગાથાથી હડતાળ વગેરે આઠ ભેદો, ત્રીજી ગાથાથી ગોમેધ્યકાદિ મણિના નવ ભેદો અને ચોથી ગાથાથી બાકીના નવ ભેદો. એમ બધા મળીને ચાળીશ ભેદો ખરબાદરપૃથિવીકાયિકના કહ્યા. તે સિવાય બીજા તેવા પ્રકારના પદ્મરાગાદિ મણિના ભેદો હોય તે ખરબાદર પૃથિવીકાયપણે જાણવા. તે સામાન્યરૂપે બાદર પૃથિવીકાયિકો સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે–પર્યાપ્ત અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે અસંપ્રાપ્ત–સ્વયોગ્ય બધી પર્યાપ્તિઓને પ્રાપ્ત થયેલા નથી. અથવા અસંપ્રાપ્ત એટલે વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તે આ પ્રમાણે–વર્ણાદિના ભેદની વિવક્ષા કરવામાં આવે તો તેઓનો કૃષ્ણાદિ વર્ણરૂપે વ્યવહાર કરી શકાતો નથી. કારણ કે શરીરાદિ પર્યાપ્તિઓ પૂરી થયા પછી બાદર જીવોમાં વર્ણાદિનો વિભાગ પ્રકટ થાય છે, પણ અપૂર્ણ હોય ત્યારે થતો નથી. તે અપર્યાપ્તા જીવો ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી કર્યા સિવાય જ મરણ પામે છે, માટે તેઓમાં સ્પષ્ટ વર્ણાદિનો વિભાગ હોતો નથી માટે **'असंप्राप्त'**–વર્ણાદિને નહિ પ્રાપ્ત થયેલા કહ્યા છે.

પ્ર૦–અપર્યાપ્ત જીવ શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા બાદ ઉચ્છ્વાસ પર્યાપ્તિ અપૂર્ણ હોય ત્યારે કેમ મરણ પામે છે, પણ શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિ અપૂર્ણ હોય ત્યારે કેમ મરણ પામતા નથી?

ઉ૦– બધા પ્રાણીઓ આવતા ભવનું આયુષ્ય બાંધીને જ મરણ પામે છે, આયુષ્ય બાંધ્યા સિવાય મરણ પામતા નથી. અને આયુષ્યનો બન્ધ શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા પછી જ થાય છે, તે સિવાય થતો નથી. માટે શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થાય, અને ઉચ્છ્વાસપર્યાપ્તિ અપૂર્ણ હોય ત્યારે અપર્યાપ્ત જીવો મરણ પામે છે. અન્ય આચાર્ય કહે છે કે 'અસંપ્રાપ્ત એટલે સામાન્ય રીતે વર્ણાદિને નહિ પ્રાપ્ત થયેલા' એ અર્થ યુક્ત નથી. કારણ કે શરીરની સાથે જ વર્ણાદિ હોય છે, અને શરીર તો શરીરપર્યાપ્તિ વડે જ થયેલું છે. તેમાં જે પર્યાપ્તા છે એટલે જેઓએ સ્વયોગ્ય બધી પર્યાપ્તિઓ પૂર્ણ કરેલી છે તેઓના વર્ણાદેશથી–વર્ણના ભેદની વિવક્ષાથી, એમ ગન્ધાદેશથી, રસાદેશથી અને સ્પર્શાદેશથી હજારો ભેદો થાય છે. જેમકે વર્ણ કૃષ્ણાદિ ભેદથી પાંચ પ્રકારે છે. ગન્ધ સુગન્ધ અને દુર્ગન્ધ એમ બે પ્રકારે છે, રસ કડવો વગેરે પાંચ પ્રકારે છે. સ્પર્શ મૃદુ, કર્કશ વગેરે આઠ પ્રકારનો છે. વળી એક એક વર્ણાદિના તારતમ્ય ભેદથી અનેક પેટા ભેદો થાય છે. જેમકે, ભ્રમર, કોયલ અને કાજળમાં અનુક્રમે કૃષ્ણ વર્ણનો તરતમભાવ હોવાથી તેના કૃષ્ણ, કૃષ્ણતર અને કૃષ્ણતમ–ઇત્યાદિ રૂપે અનેક ભેદો થાય છે. એ પ્રમાણે નીલાદિવર્ણને વિષે પણ યોજના કરવી. એમ ગન્ધ, રસ અને સ્પર્શને વિષે પણ જાણવું. તથા વર્ણોના પરસ્પર સંયોગથી ધૂસર (ભૂખરો) કાબરચિતરો વગેરે અનેક ભેદો થાય છે. એમ ગન્ધાદિના પણ પરસ્પર ગન્ધાદિના યોગથી ઘણા ભેદો થાય છે, માટે વર્ણાદિની વિવક્ષા કરતા હજારો ભેદો થાય છે, અને સંખ્યાતા લાખ યોનિપ્રમુખ–યોનિદ્વારો થાય છે. તે આ પ્રમાણે–પૃથિવીકાયિકોની એક એક વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શને વિષે સંવૃત યોનિ હોય છે. તેના વળી ત્રણ પ્રકાર છે–સચિત્ત, અચિત્ત અને મિશ્ર. તેના વળી ત્રણ પ્રકાર છે–શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. પ્રત્યેક શીતાદિના પણ તરતમભાવથી અનેક ભેદો થાય છે.

૧. આ ધાતુઓ જ્યારે અગ્નિકાયના સંયોગમાં આવે ત્યારે આ ધાતુઓ તેઉકાય કહેવાય છે. એવું કથન 'તત્ત્વવિચાર' પુસ્તકમાં પૃષ્ઠ ૪માં કરેલ છે. આ.શ્રી બુદ્ધિસાગરસૂરિજી.

એ પ્રમાણે સ્વસ્થાનને આશ્રયી વ્યક્તિભેદથી વિશિષ્ટ વર્ણાદિ યુક્ત, અસંખ્ય યોનિઓ છતાં જાતિને આશ્રયી એક જ યોનિ ગણાય છે. એટલે પ્રાણીઓના ઉત્પત્તિસ્થાનો વ્યક્તિગત ભેદથી અસંખ્યાતા છે તો પણ જાતિ–અમુક વર્ણાદિની સમાનતાને આશ્રયી એકજ યોનિ ગણવી. તેથી સૂક્ષ્મ અને બાદર પૃથિવીકાયિકોની મળી સંખ્યાતા (સાત) લાખ યોનિ થાય છે (પૃથ્વીકાયના બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે). પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં તેની નિશ્રાએ અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે. ઉપસંહાર કહે છે – 'સે ત્તં' ઇત્યાદિ ત્રણે નિગમન સુગમ છે. એ પ્રમાણે પૃથિવીકાયિકો કહ્યા.॥૧૭॥

## ।। आउक्कायजीव पण्णवणा ।।

**से किं तं आउक्काइया? आउक्काइया दुविहा पण्णत्ता।**

**तं जहा-सुहुमआउक्काइया य बादरआउक्काइया य ।।सू०-१८।।**

*(મૂ૦) અપ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? અપ્કાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—સૂક્ષ્મ અપ્કાયિકો અને બાદર અપ્કાયિકો. ॥૧૮॥*

**से किं तं सुहुमआउक्काइया? सुहुमआउकाइया दुविहा पन्नत्ता।**

**तं जहा-पज्जत्तसुहुमआउकाइया य अपज्जत्तसुहुमआउकाइया य। से त्तं सुहुमआउकाइया ।।सू०-१९।।**

*(મૂ૦) સૂક્ષ્મ અપ્કાયિકો કેટલા પ્રકારના છે? સૂક્ષ્મ અપ્કાયિકો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો. એ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાયિકો કહ્યા. ॥૧૯॥*

**से किं तं बादरआउकाइया? बादरआउकाइया अणेगविहा पन्नत्ता। तं जहा-उस्सा[ओसा][1], हिमए, महिया, करए, हरतणूए, सुद्धोदए, सीतोदए, उसिणोदए, खारोदए, खट्टोदए, अम्बिलोदए, लवणोदए, वारुणोदए, खीरोदए, घओदए, खोतोदए, रसोदए, जे यावऽन्ने तहप्पगारा। ते समासओ दुविहा पण्णत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता। तत्थ णं जे ते पज्जत्तगा [2]एतेसिं वण्णादेसेणं गन्धादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं। पज्जत्तगनिस्साए अपज्जत्तगा वक्कमंति, जत्थ एगो तत्थ नियमा असंखिज्जा। से त्तं बादरआउक्काइया। से त्तं आउकाइया ।।सू०-२०।।**

*(મૂ૦) બાદર અપ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? બાદર અપ્કાયિકો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–અવશ્યાયઝાકલ, હિમ–બરફ, મહિકા–ધૂમસ, કરા, હરતનું–(વનસ્પતિ ઉપરના પાણીના બિંદુ) શુદ્ધોદક (શુદ્ધપાણી), શીતોદક (ઠંડુપાણી), ઉષ્ણોદક (ગરમપાણી), ક્ષારોદક, ખાટોદક (કંઇક ખાટું પાણી), અમ્લોદક (ખાટું પાણી), લવણોદક, વરુણોદક, (મદિરાના સ્વાદવાળું પાણી) ક્ષીરોદક (ક્ષીર રસ જેવું પાણી), ઘૃતોદક (ઘીના સ્વાદ જેવું પાણી), ક્ષોદોદક (ઇક્ષુના રસ જેવું પાણી), અને રસોદક (પાણીના જેવા સ્વાદવાળું)–ઇત્યાદિ બીજા તેવા પ્રકારના ઉદકો (પાણી) હોય તે. તે સંક્ષેપથી બે પ્રકારના છે—પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તેઓ અસંપ્રાપ્ત–વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તેમાં જે પર્યાપ્તા છે એઓના વર્ણાદેશથી, ગન્ધાદેશથી, રસાદેશથી અને સ્પર્શાદેશથી હજારો ભેદો થાય છે. અને સંખ્યાતા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં*

---

१. सुद्धोदए १ य उस्सा २ हिमे ३ य महिया ४ य हरतणु ५ चेव। बायरआउविहाणा पंचविहा वण्णिया एए ॥१०८॥ इत्येवं बादराप्कायस्य पञ्चैव भेदा निर्दिष्टा सन्ति। आचाराङ्गसूत्रनिर्युक्तिमध्ये। उत्तराध्ययनसूत्रेऽपि पञ्चैव भेदा वर्तन्ते ।अ.३६, गा.८६। (પન્નવણા મ.વિ. પૃ. ૧૪) एतेसिं णं (म. वि.)

*અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે. એ પ્રમાણે બાદર અપ્કાયિકો કહ્યા. એમ અપ્કાયિકો કહ્યા. ॥૨૦॥*

(ટી૦) હવે અપ્કાયિકોનું પ્રતિપાદન કરવા માટે કહે છે–સુગમ છે. 'उस्सा' અવશ્યાય–ઝાકળ, હિમ–ઠરી ગયેલું પાણી. મહિકા ધૂમસ, ગર્ભમાસ–માગશર વગેરે મહિનાઓમાં સૂક્ષ્મ વૃષ્ટિ થાય છે તે, કરક–ઘનોપલ, ઘનરૂપે થયેલા ઠરી ગયેલા ઉપલ–પાણીના કકડા, હરતનું–જે પૃથિવીને ભેદીને ઘઉંના અંકુર કે ઘાસ વગેરેના અગ્ર ભાગ ઉપર બંધાયેલા પાણીના બિંદુઓ, શુદ્ધોદક–આકાશથી પડેલું અથવા નદી વગેરેનું પાણી. તે સ્પર્શ અને રસાદિના ભેદથી અનેક પ્રકારનું છે. તે અનેક પ્રકાર બતાવે છે–શીતોદક–નદી, તળાવ, કૂવા, વાવ અને પુષ્કરિણી પ્રમુખ જલાશયને વિષે શીત પરિણામવાળું પાણી. ઉષ્ણોદક–સ્વભાવથી જ કોઇ ઝરા વગેરેને વિષે ઉષ્ણ પરિણામવાળું પાણી, ક્ષારોદક–કંઇક ખારું પાણી, જેમકે લાટદેશાદિને વિષે કેટલાક કૂવા વગેરેમાં ખારું પાણી હોય છે. ખટ્ટોદક–કંઈક ખાટા પરિણામવાળું પાણી, અમ્લોદક–સ્વભાવથી જ કાંજીની પેઠે ખાટા સ્વભાવવાળું પાણી, લવણ સમુદ્રમાં રહેલું તે લવણોદક, વારુણ સમુદ્રમાં રહેલું (મદિરાના જેવા રસવાળું પાણી) વારુણોદક, ક્ષીર સમુદ્રમાં રહેલું ક્ષીરોદક, ઇક્ષુ સમુદ્રમાં રહેલું ક્ષોદોદક અને પુષ્કરવર સમુદ્રાદિમાં રહેલું રસોદક. તે સિવાય બીજા તેવા પ્રકારના ભિન્ન ભિન્ન રસ–સ્પર્શાદિવાળા ઘૃતોદકાદિ બાદર અપ્કાયિકો છે તે બાદર અપ્કાયિકોપણે સમજવા. તે સંક્ષેપથી બે પ્રકારના છે–ઇત્યાદિ બધું પૂર્વની પેઠે જાણવું. પરન્તુ સંખ્યાતા લાખ યોનિપ્રવાહો કહ્યા છે ત્યાં પણ સાત લાખ જાણવાં. (અપ્કાયના સાત લાખ ક્રોડ જાતિકુલો હોય છે.) એ પ્રમાણે અપ્કાયિકો કહ્યા. ॥૧૮॥

## || तेउक्काय जीवपण्णवणा ||

**से किं तं तेउक्काइया? तेउक्काइया दुविहा पन्नत्ता। तं जहा-सुहुमतेउक्काइया य बादरतेउक्काइया य।।सू०-२१।।**

*(મૂ૦) તેજસ્કાયિકો કેટલા પ્રકારના છે? તેજસ્કાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–સૂક્ષ્મ તેજસ્કાયિકો અને બાદર તેજસ્કાયિકો. ॥૨૧॥*

**से किं तं सुहुमतेउक्काइया? सुहुमतेउक्काइया दुविहा पन्नत्ता।**
**तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं सुहुमतेउक्काइया ।।सू०-२२।।**

*(મૂ૦) સૂક્ષ્મ તેજસ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? સૂક્ષ્મ તેજસ્કાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ પ્રમાણે સૂક્ષ્મ તેજસ્કાયિકો કહ્યા. ॥૨૨॥*

**से किं तं बादरतेउक्काइया? बादरतेउक्काइया अणेगविहा पण्णत्ता। तं जहा-इंगाले, जाला, मुम्मुरे, अच्ची, अलाए, सुद्धागणी, उक्का, विज्जू, असणी, णिग्घाए, संघरिससमुट्ठिए, सूरकन्तमणिणिस्सिए, जे यावऽन्ने तहप्पगारा। ते समासओ दुविहा पण्णत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता। तत्थ णं जे ते पज्जत्तगा एएसि णं वन्नादेसेणं, गन्धादेसेणं, रसादेसेणं, फासादेसेणं सहस्सग्गसो विहाणाई, संखेज्जाई जोणिप्पमुहसयसहस्साई। पज्जत्तगणिस्साए अपज्जत्तगा वक्कमंति, जत्थ एगो तत्थ नियमा असंखिज्जा से त्तं बादरतेउक्काइया। से त्तं तेउक्काइया।।सू०-२३।।**

*(મૂ૦) બાદર તેજસ્કાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? બાદર તેજસ્કાયિકો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–અંગારા, જ્વાલા, મુર્મુર–ભાટો, અર્ચિ (ઉડતી જ્વાલા), અલાત–ઉંબાડીઉં, શુદ્ધાગ્નિ, ઉલ્કા, વિદ્યુત, અશનિ (આકાશમાં પડતા અગ્નિ કણ), નિર્ઘાત, સંઘર્ષથી ઉત્પન્ન થયેલો અને સૂર્યકાન્ત મણિ નિશ્રિત. અને તે સિવાય બીજા તેવા પ્રકારના તેજસ્કાયિકો તે બધા બાદર તેજસ્કાયિકપણે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તે અસંપ્રાપ્ત–વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તેમાં જે પર્યાપ્તા છે એઓના વર્ણાદેશથી, ગન્ધાદેશથી, રસાદેશથી અને સ્પર્શાદેશથી હજારો ભેદો થાય છે અને સંખ્યાતા લાખ યોનિદ્વારો થાય છે.*

*પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે. એ પ્રમાણે બાદર તેજસ્કાયિકો કહ્યા. એમ તેજસ્કાયિકો કહ્યા.॥૨૩॥*

(ટી૦) હવે તેજસ્કાયિકોનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે-સૂત્ર સુગમ છે. પરન્તુ અંગાર-ધૂમવિનાનો અગ્નિ, જ્વાલા-બળતા ખેર વગેરે કાષ્ઠની અગ્નિની સાથે સંબંધવાળી જાળ, પરન્તુ કોઇ આચાર્ય તેને દીવાની શિખા કહે છે. મુર્મુર-છાણા વગેરેમાં રાખથી મિશ્રિત થયેલા અગ્નિના કણો, અર્ચિ-અગ્નિની સાથે સંબન્ધ વિનાની અધર ઉડતી જ્વાલા, અલાત-ઉંબાડીયું, શુદ્ધાગ્નિ-લોહના ગોળા વગેરેમાં જે અગ્નિ હોય છે તે, ઉલ્કા-ચુડ્ડલ્લી, રેખાસહિત ખરતો તારો દેખાય છે તે. અશનિ-આકાશમાં પડતા અગ્નિમય કણ-રેખા વિનાનો ખરતો તારો દેખાય છે તે. વિદ્યુત્ પ્રસિદ્ધ છે. નિર્ઘાત-વૈક્રિય વજ્રના આઘાતથી થયેલો અગ્નિ. સંઘર્ષસમુત્થિત-અરણિ વગેરે કાષ્ઠના પરસ્પર ઘસાવાથી થયેલો અગ્નિ. સૂર્યકાન્તમણિનિઃસૃત-સૂર્યના આકરાં કિરણના યોગે સૂર્યકાન્ત મણિથી જે અગ્નિ ઉત્પન્ન થાય છે તે. તે સિવાયના બીજા તેવા પ્રકારના તેજસ્કાયિકો હોય તે બધા બાદર તેજસ્કાયિકપણે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના છે-ઇત્યાદિ બધું પૂર્વવત્ જાણવું. પરન્તુ સંખ્યાતા લાખ એટલે સાત લાખ યોનિદ્વારો કહ્યા છે. (અગ્નિકાયના ત્રણ લાખ ક્રોડ જાતિ કુલો હોય છે) એમ તેજસ્કાયિકો કહ્યા.

## ।। वाउकायजीव पण्णवणा ।।

**से किं तं वाउकाइया? वाउकाइया दुविहा पन्नत्ता।**

**तं जहा-सुहुमवाउकाइया य बादरवाउकाइया य।।सू०-२४।।**

**से किं तं सुहुमवाउकाइया? सुहुमवाउकाइया दुविहा पण्णत्ता।**

**तं जहा-पज्जत्तगसुहुमवाउकाइया य अपज्जत्तगसुहुमवाउकाइया य। से त्तं सुहुमवाउकाइया।।सू०-२५।।**

**से किं तं बादरवाउकाइया? बादरवाउकाइया अणेगविहा पण्णत्ता। तं जहा-पाइणवाए, पडीणवाए, दाहिणवाए, उदीणवाए, उड्ढवाए, अहोवाए, तिरियवाए, विदिसीवाए, वाउब्भामे, वाउक्कलिया, वायमंडलिया, उक्कलियावाए, मंडलियावाए, गुंजावाए, झंझावाए, संवट्टवाए, घणवाए, तणुवाए, सुद्धवाए, जे यावऽण्णे तहप्पगारे। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-पज्जतगा य अपज्जत्तगा य। तत्थं णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता। तत्थ णं जे ते पज्जत्ता एतेसि णं वण्णादेसेणं, गन्धादेसेणं, रसादेसेणं, फासादेसेणं सहस्सग्गसोविहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं। पज्जत्तगनिस्साए अपज्जत्तया वक्कमंति, जत्थ एगो तत्थ नियमा असंखेज्जा। से त्तं बादरवाउकाइया। से त्तं वाउकाइया।।सू०-२६।।**

*(મૂ૦) વાયુકાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? વાયુકાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સૂક્ષ્મ વાયુકાયિકો અને બાદર વાયુકાયિકો.॥૨૪॥*

*સૂક્ષ્મ વાયુકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે? સૂક્ષ્મ વાયુકાયિકો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો. એમ સૂક્ષ્મ વાયુકાયિકો કહ્યા.॥૨૫॥*

*બાદર વાયુકાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? તે આ પ્રમાણે-પ્રાચીન વાત-પૂર્વનો વાયુ, પ્રતીચીન વાત-પશ્ચિમનો વાયુ, દક્ષિણનો વાયુ, ઉત્તરનો વાયુ, ઊર્ધ્વ દિશાનો વાયુ, અધોદિશાનો વાયુ, તીરછો વાયુ, વિદિશાનો વાયુ, વાતોદ્ભ્રામ, વાતોત્કલિકા, વાતમંડલિકા, ઉત્કલિકાવાત, મંડલિકાવાત, ગુંજાવત, ઝંઝાવાત, સંવર્તવાત, ઘનવાત, તનુવાત, શુદ્ધવાત, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના વાયુઓ બાદર વાયુકાયિક તરીકે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે તેઓ અસંપ્રાપ્ત-વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. જે પર્યાપ્તા છે તેઓના વર્ણાદેશથી, ગન્ધાદેશથી, રસાદેશથી અને સ્પર્શાદેશથી હજારો ભેદો થાય છે. તેઓના સંખ્યાતા*

*લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક છે ત્યાં અવશ્ય અસંખ્યાતા છે. એ પ્રમાણે બાદર વાયુકાયિકો કહ્યા. એમ વાયુકાયિકો કહ્યા.॥૨૬॥*

(ટી૦) હવે વાયુકાયિકનું પ્રતિપાદન કરવા માટે કહે છે—સૂત્ર સ્પષ્ટ છે. પરન્તુ પૂર્વ દિશાથી જે વાયુ આવે છે તે પ્રાચીનવાત. એમ અપ્રાચીનવાત-પશ્ચિમનો વાયુ, દક્ષિણનો વાયુ અને ઉત્તરનો વાયુ જાણવો. ઉંચે ગમન કરતો જે વાયુ વાય છે તે ઊર્ધ્વવાત, એમ અધોવાત અને તીરછો વાત પણ સમજવો. વાતોદ્ભ્રામ-અનવસ્થિત વાયુ, વાતોત્કલિકા-સમુદ્રની પેઠે વાયુના તરંગો, વાતમંડલી-વંટોળીઓ, ઘણા તરંગોવડે મિશ્રિત થયેલો જે વાયુ વાય છે તે ઉત્કલિકાવાત. મંડલિકાવાત-પ્રારંભથી માંડી પુષ્કળ ગુંજારવ જે વાયુ વાય છે તે ગુંજાવાત. ઝંઝાવાત-વૃષ્ટિસહિત વાયુ, અન્ય આચાર્ય તેને અશુભ અને નિષ્ઠુર વાયુ કહે છે. તૃણાદિને (ઘાસ વગેરે) નમાવવાના સ્વભાવ વાળો સંવર્તક વાયુ, ઘનપરિણામ વાળો વાયુ ઘનવાત કહેવાય છે, તે રત્નપ્રભા પૃથિવી વગેરેની નીચે રહેલો છે. દ્રવ પરિણામવાળો (પ્રવાહી) વાયુ તે તનુવાત, તે ઘનવાતની નીચે રહે છે. મન્દ અને સ્થિર વાયુ તે શુદ્ધવાત. બસ્તિ કે મસક વગેરેમાં રહેલો તે 'શુદ્ધ વાયુ'-એમ અન્ય આચાર્ય કહે છે. 'તે સંક્ષેપથી'-ઇત્યાદિ બધું પૂર્વવત્ જાણવું. અહીં પણ સંખ્યાતા લાખ-સાત લાખ યોનિદ્વારો જાણવા. (વાઉકાયના સાત લાખ કોડ જાતિકુલો હોય છે.) એમ વાયુકાયિકો કહ્યા. ॥૨૬॥

## ॥ वणस्सइकायजीव पण्णवणा ॥

**से किं तं वणस्सइकाइया? वणस्सइकाइया दुविहा पण्णत्ता।**
**तं जहा-सुहुमवणस्सइकाइया य बायर-वणस्सइकाइया य।।सू०-२७।।**

**से किं तं सुहुमवणस्सइकाइया? सुहुमवणस्सइकाइया दुविहा पण्णत्ता। तं जहा-पज्जत्तगसुहुमवणस्स-इकाइया य अपज्जत्तगसुहुमवणस्सइकाइया य । से त्तं सुहुमवणस्सइकाइया।।सू०-२८।।**

**से किं तं बादरवणस्सइकाइया? बादर वणस्सइकाइया दुविहा पन्नत्ता।**
**तं जहा-पत्तेयसरीरबादरवणस्सइकाइया य साहारणसरीरबादरवणस्सइकाइया य।।सू०-२९।।**

**से किं तं पत्तेयसरीरबादरवणस्सकाइया? २ दुवालसविहा पन्नत्ता।**
**तं जहा-१ रुक्खा २ गुच्छा ३ गुम्मा ४ लता य ५ वल्ली य ६ पव्वगा चेव।**
**७ तण ८ वलय ९ हरिय १० ओसहि ११ जलरुह १२ कुहणा य बोद्धव्वा।।सू०-३०।।**

*(મૂ૦) વનસ્પતિકાયિકો કેટલા પ્રકારના કહ્યા છે? વનસ્પતિકાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે — સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને બાદર વનસ્પતિકાયિકો.॥૨૭॥*

*સૂક્ષ્મ વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે? સૂક્ષ્મ વનસ્પતિકાયિકો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો. એમ સૂક્ષ્મ વનસ્પતિકાયિકો કહ્યા.॥૨૮॥*

*બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે? બાદર વનસ્પતિકાયિકો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો અને સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો.॥૨૯॥*

*પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે? પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો બાર પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-૧ વૃક્ષો, ૨ ગુચ્છો, ૩ ગુલ્મો, ૪ લતાઓ, ૫ વેલો, ૬ પર્વગો, ૭ તૃણો, ૮ વલયો, ૯ હરિતો, ૧૦ ઓષધિઓ, ૧૧ જલરુહો, અને ૧૨ કુહણા એ પ્રમાણે જાણવા.॥૩૦॥*

(ટી૦) હવે વનસ્પતિકાયિકનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—યાવત્-'સૂક્ષ્મ વનસ્પતિકાયિકો કહ્યા' ત્યાં સુધી સુગમ છે. 'से किं तं' ઇત્યાદિ. બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે છે? બાદર વનસ્પતિકાયિકો બે પ્રકારે છે. જેમકે-પ્રત્યેક શરીર

બાદર વનસ્પતિકાયિકો અને સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો. તેમાં **'एकं एकं प्रति गतं'** એક એક જીવને પ્રાપ્ત થયેલું તે પ્રત્યેક શરીર. તેવું પ્રત્યેક શરીર જેઓને હોય છે તે પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો કહેવાય છે. **'समानं यथा भवति तथा आसमन्तात् धारणं येन'** શ્વાસોચ્છ્વાસાદિનો ઉપભોગ સમાન પણે થાય તેમ આ–એક રૂપે અનન્ત જીવોને જે શરીર વડે ધારણ કરવું તે સાધારણ. તેવું સાધારણ શરીર જેઓને હોય તે સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો કહેવાય છે. **'से किं तं'** ઇત્યાદિ. હવે પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે–પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો બાર પ્રકારના છે. તે આ પ્રમાણે–૧ આમ્રાદિ વૃક્ષો, ૨ રીંગણી પ્રમુખ ગુચ્છો, ૩ નવમાલિકા વગેરે ગુલ્મો, ૪ ચંપકલતા વગેરે લતાઓ, અહીં જેઓના સ્કન્ધ પ્રદેશને વિષે ઉપર જતી એક શાખા સિવાય મોટી બીજી શાખાઓ ન નીકળે તે ચંપકલતા વગેરે લતાઓ જાણવી. વલ્લી–કોહલી અને ચીભડી પ્રમુખના વેલા, પર્વગ–શેરડી વગેરે ગાંઠોવાળી વનસ્પતિ. તૃણ–ડાભ, જુંજક–જિંજવો, અર્જુન વગેરે, કેવડો, કેળ વગેરે વલય વર્ગની વનસ્પતિ જાણવી, કારણ કે તેઓની છાલ વલયના આકાર જેવી હોય છે. તાંદળજો, વાસ્તુક વગેરે હરિતવર્ગની વનસ્પતિ સમજવી. ફલના પાકવા વડે જેનો નાશ થાય છે તે ડાંગર પ્રમુખ ઓષધિ જાણવી. પાણીમાં ઉગનાર [1]ઉદક, અવક અને પનક વગેરે જલરુહ. અને ભૂમિસ્ફોટ જેનું નામ છે તે કુહણા, તે આય, કાય પ્રમુખ જાણવા. ॥૨૭–૩૦॥

**से किं तं रुक्खा? रुक्खा दुविहा पण्णत्ता। तं जहा-एगट्ठिया य बहुबीयगा य।।सू०-३१।।**

*(મૂ૦) વૃક્ષો કેટલા પ્રકારે કહ્યા છે? વૃક્ષો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે–એકાસ્થિક–એકબીજવાળા અને બહુબીજવાળા. ॥૩૧॥*

(ટી૦) [2]ઉદ્દેશના ક્રમ પ્રમાણે નિર્દેશ થાય છે–એ ન્યાયથી પ્રથમ વૃક્ષનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર પ્રશ્ન કરે છે–'વૃક્ષો કેટલા પ્રકારે છે?' આચાર્ય ઉત્તર આપે છે–વૃક્ષો બે પ્રકારે કહ્યા છે. જેમકે–એકાસ્થિક–એકબીજવાળા અને બહુબીજવાળા. તેમાં જેઓને એક એક ફળમાં એક એક બીજ હોય છે તે એકાસ્થિક અથવા એક બીજવાળા વૃક્ષો કહેવાય છે. તથા ઘણું કરી [3]અસ્થિબન્ધ સિવાય જ ફળની અંદર જેઓને ઘણા બીજો છે તે બહુ બીજવાળા વૃક્ષો કહેવાય છે.

**से किं तं एगट्ठिया? एगट्ठिया अणेगविहा पन्नत्ता। तं जहा-'णिंबंब-जंबु-कोसंब-साल-अंकुल्ल-पीलु सेलू य। सल्लइ-मोयइ-मालुय-बउल-पलासे करंजे य।।१।। पुत्तंजीवयऽरिट्ठे बिहेलण[बिभेलए] हरिडए[हरडए] य भिल्लाए[भल्लाए]। उंबेभरिया-खीरिणि[खीरणि] बोद्धव्वे धायइ-पियाले ।।२।। [4]पूइयनिंबकरंजे [4]सुण्हातह सीसवा य असणे य। पुन्नाग-नागरुक्खे सीवण्णि तहा असोगे य ।।३।। जे यावऽण्णे तहप्पगारा। एएसि णं मूला वि असंखेज्जजीविया, कंदा वि, खंधा वि, तया वि, साला वि, पवाला वि। पत्ता पत्तेयजीविया, पुप्फा अणेगजीविया, फला एगट्ठिया। से त्तं एगट्ठिया।।सू०-३२।।**

*(મૂ૦) એકાસ્થિ–એક બીજવાળા વૃક્ષો કેટલા પ્રકારે કહ્યા છે? એક બીજવાળા વૃક્ષો અનેક પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે–લીંબડો, આંબો, જાંબુ, કોસંબ–કોશામ્ર, ક્ષુદ્રામ્ર, જંગલી આંબો. સાલ–રાળનું ઝાડ, અંકોલ (હિંદી–ઢેરા), પીલુ, સેલુ–*

---

૧. ઉદક, અવક અને પનક પાણીમાં ઉગનાર કમળના વર્ગની અપ્રસિદ્ધ વનસ્પતિ છે. જો કે પનક એટલે પાંચ વર્ણની ફુગ કહેવાય છે, પણ તે સાધારણ વનસ્પતિ છે, અને આ પનક તો પ્રત્યેક વનસ્પતિના ભેદ રૂપ જલરુહના વર્ગની વનસ્પતિ છે. ૨ કુહણા ભૂમિસ્ફોટ નામે પ્રસિદ્ધ છે–એમ ટીકાકાર જણાવે છે, અને ભૂમિસ્ફોટ તો બીલાડીના ટોપ નામે ઓળખાતી સાધારણ વનસ્પતિ છે, તે આથી જુદી સમજવી.

૨. નામમાત્રથી વસ્તુનું કથન કરવું તે ઉદ્દેશ અને વિસ્તારથી તેનું સ્વરૂપ બતાવવું તે નિર્દેશ.

૩. ફળ ઉપરની અસ્થિના જેવી કઠણ ત્વચાને અસ્થિબંધ કહે છે. જેમ કે નાળીયેર, બદામ વગેરે હોય છે. અને તેમાં પ્રાયઃ એકજ બીજ હોય છે.

૪. पूइयनिंबकरए શાં. સા. ૫. सेण्हा શાં. સા.

*શ્લેષ્માતક–ગુંદો, સલ્લકી (સાલરી), મોચકી (શેમળો), માલુક (કૃષ્ણ તુલસી), બકુલ–બોરસળી, પલાશ–ખાખરો, કરંજ, પુત્રંજીવ, અરીષ્ટ–અરીઠા, બહેડા, હરિતક–હરડે, ભીલામા, ઉંબેભરિકા, ક્ષીરિણી (ગંભારી), ધાતકી–ધાવડી, પ્રિયાલ–રાયણ, પૂતિનિબકરંજ–(પૂતિકરંજ) કાંચકાનું ઝાડ, સુણ્હા–શ્લક્ષ્ણા, શિશપા–શીશમ, અસન–બીયો, પુન્નાગ–નાગકેસર, નાગવૃક્ષ (વછનાગ), શ્રીપર્ણી–સીવણ, અશોક અને તે સિવાય બીજા તેવા પ્રકારના વૃક્ષો. એઓના મૂલો, કંદો, સ્કંધો–થડો, ત્વચા, શાખા અને પ્રવાલો (નાના પાંદડાં) અસંખ્યાતબીજવાળા હોય છે. પાંદડાં પ્રત્યેકબીજવાળાં, પુષ્પો અનેક જીવવાળાં, અને ફલો એક બીજવાળાં છે. એમ એકબીજવાળાં વૃક્ષો કહ્યાં. ॥૩૨॥*

(ટી૦) હવે એક બીજવાળા વૃક્ષોનું પ્રતિપાદન કરવા પ્રશ્ન કરે છે 'એક બીજવાળા વૃક્ષો કેટલા પ્રકારના છે? એક બીજવાળા વૃક્ષો અનેક પ્રકારના કહ્યા છે. જેમકે–'ણિંબંબ' ઇત્યાદિ ત્રણ ગાથાઓ છે. તેમાં લીંબડો, આંબો, જાંબુ અને કોશંબ પ્રસિદ્ધ છે. શાલ–સર્જતરુ, રાળ, 'અંકોલ્લ'–અંકોઠ, પ્રાકૃત હોવાથી સૂત્રમાં 'ઠ' નો 'લ' થયો છે. પીલુ–પ્રસિદ્ધ છે, શેલુ–શ્લેષ્માતક–ગુંદો, સલ્લકી–આ વનસ્પતિ હાથીને બહુ પ્રિય છે. મોચકી અને માલુક એ બન્ને અમુક દેશમાં પ્રસિદ્ધ વનસ્પતિ છે. બકુલ–બોરસળી, પલાશ–કેસુડો, કરંજ–કણજીઓ, પુત્રંજીવક દેશવિશેષમાં પ્રસિદ્ધ છે, [1]અરિષ્ટ–પિચુમન્દ અરીઠા, બિભીતક–બહેડા, ભલ્લાતક–ભીલામાનું ઝાડ–જેના ભીલામા નામના ફળો લોકપ્રસિદ્ધ છે. ઉંબેભરિકા, ક્ષીરિણી–ગંભારી, ધાતકી, પ્રિયાલ–રાયણનું વૃક્ષ, પૂતિનિંબકરંજ, શ્લક્ષ્ણા (સુસ્ના) શિંશપા–શીશમ, અસન–બીયાનું ઝાડ, પુન્નાગ–નાગકેસર, નાગ, શ્રીપર્ણી–સીવણ અને અશોક એ લોકપ્રસિદ્ધ છે. તે સિવાય બીજા પણ તેવા પ્રકારના તે તે દેશમાં થનારા વૃક્ષો હોય તે બધાય એકાસ્થિ–એક બીજવાળા વૃક્ષો જાણવા. એઓના મૂળો પણ અસંખ્ય જીવવાળા એટલે–અસંખ્યાતા પ્રત્યેકશરીરી જીવવાળા છે. એમ કન્દો, સ્કંધો–થડો, ત્વચા, શાખા અને પ્રવાલ–પલ્લવો પણ દરેક અસંખ્ય પ્રત્યેકશરીરી જીવવાળા જાણવા. તેમાં જે કંદની નીચે રહેલા અને ભૂમિની અંદર ચોતરફ ફેલાયેલા હોય છે તે મૂળો, અને તે મૂળના ઉપર કન્દ હોય છે તે લોકપ્રસિદ્ધ છે. સ્કન્ધ–થડ, ત્વચા–છાલ, પ્રવાલ–પલ્લવાંકુર અને પાંદડા–પ્રત્યેક જીવવાળા છે એટલે એક એક પાંદડાને આશ્રયી એક એક જીવ રહેલો છે. 'પુષ્પો અનેક જીવવાળા છે,' કારણ કે **ઘણું કરી પુષ્પની દરેક પાંખડીએ એક એક જીવ હોય છે.** ફળો એકબીજવાળાં છે. ઉપસંહાર કહે છે–'એ પ્રમાણે એકાસ્થિક વૃક્ષો કહ્યા.' ॥૩૨॥

**से किं तं बहुबीयगा? बहुबीयगा अणेगविहा पन्नत्ता। तं जहा-अत्थिय-तेंदु-कविट्ठे अंबाडग-माउलिंग बिल्ले य। आमलग[आगालग]-फणस-दाडिम-आसोट्ठे[आसोत्थे] उंबर-वडे य।।१।। णग्गोह[णिग्गोह]-णंदिरुक्खे पिप्परी सयरी पिलुक्खरुक्खे[पिलुक्खुरु] य। काउंबरि[कत्थुंभरि] कुत्थुंभरि बोद्धव्वा देवदाली य।।२।। तिलए [2]लउए छत्तोह-सिरीसे सत्तवन्न-दहिवन्ने। लोद्ध-धव चंदण-ज्जुण-णीमे कुडए कयंबे य।।३।। जे यावऽन्ने तहप्पगारा। एतेसि णं मूला वि असंखेज्जजीविया, कंदा वि, खंधा वि, तया वि, साला वि, पवाला वि। पत्ता पत्तेयजीविया। पुप्फा अणेगजीविया। फला बहुबीयगा। से त्तं बहुबीयगा। से त्तं रुक्खा।।सू०-३३।।**

*(મૂ૦) બહુબીજવાળા વૃક્ષો કેટલા પ્રકારના છે? બહુબીજવાળા વૃક્ષો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે–૧ [3]અસ્થિક, (અગસ્તિક?), ૨ તિન્દુક–ટીંબરુ, ૩ કપિત્થક–કોઠા, ૪ [4]અંબાડક, ૫ માતુલિંગ (બીજોરું), ૬ બિલ્વ (બીલા),*

૧. ટીકાકાર અરિષ્ટનો પર્યાયશબ્દ 'पिचुमन्द' મૂકે છે, પણ પિચુમન્દનો અર્થ લીંબડો થાય છે, અને પહેલાં જ આવી ગયેલ છે. માટે અહીં અરીઠાનું ઝાડ લેવુ એમ સંભવે છે. ૨. मलयगिरिपादैरत्र टीकायां 'लवक' इति नाम निर्दिष्टमिति, प्रतिषु तु लउए इत्येव पाठो वर्तते। ૩. **अस्थिक** - એ નામની વનસ્પતિ અત્યારે ઉપલબ્ધ નથી. કદાચ અત્થિય (અગસ્તિક) અગથીયો હોય. ૪. **अंबाडग** એ **आम्रातक** નું પ્રાકૃત રૂપ છે, તેને અંબાડો અથવા અંભેડો કહેવામાં આવે છે, હિન્દીમાં અંબાડા કહે છે. '**आम्रातक आम्रसदृशफल:**' તેનું ફળ આંબાના જેવું અને કદમાં સોપારીના જેવડું હોય છે. પણ તેને એક બીજ હોય છે, અને અહીં બહુબીજવાળા વૃક્ષોમાં તેની ગણના કરવામાં આવી છે. માટે આમ્રાતક–અંબાડક કોઈ બીજી વનસ્પતિ હોવી જોઈએ. અથવા કોઈ દેશમાં આમળાની પેઠે બહુબીજવાળું પણ આમ્રાતક હોય.

૭ આમળાં, ૮ ફણસ, ૯ દાડમ, ૧૦ અશ્વત્થ–પીંપળો, ૧૧ ઉંબરો, ૧૨ વડ, ૧૩ ન્યગ્રોધ (ચોતરફ વડવાઈ ફેલાઈ હોય તે વડ), ૧૪ [1]નંદિવૃક્ષ–પારસ–પીંપળો, ૧૫ પિપ્પલી–પીંપર, ૧૬ [2]શતરી–પીંપળાની જાત, ૧૭ પ્લક્ષવૃક્ષ–પીંપળો, ૧૮ [3]કાકોદુંબરી (નાનો ઉંબરો), ૧૯ [4]કુસ્તુંબરી, ૨૦ દેવદાલી, ૨૧ [5]તિલક, ૨૨ [6]લકુચ (ફણસની જાત), ૨૩ [7]છત્રૌઘ, ૨૪ શિરીષ (સરસડો), ૨૫ સમવર્ણ (સાતવીણ), ૨૬ [8]દધિપર્ણ, ૨૭ લોધ્ર (લોદર), ૨૮ ધવ (ધાવડી), ૨૯ ચંદન, ૩૦ અર્જુન (સાજડ), ૩૧ નીપ (ભૂમિકદંબ), ૩૨ કુટજ (ઈંદ્રજવ), ૩૩ કદંબ, એ સિવાય બીજા તેવા પ્રકારના હોય તે બહુબીજવાળા વૃક્ષો જાણવા. એના મૂલો, કંદો, સ્કંધો, ત્વચા, શાખા અને પ્રવાલો–પલ્લવાંકુરો અસંખ્યબીજવાળા છે. પાંદડાઓ એક એક જીવવાળા છે, પુષ્પો અનેક જીવવાળા છે અને ફલો બહુબીજવાળા છે. એ પ્રમાણે બહુબીજવાળા વૃક્ષો કહ્યા, એમ વૃક્ષો કહ્યા.

(ટી૦) હવે બહુબીજવાળા વૃક્ષનું પ્રતિપાદન કરવા માટે પ્રશ્ન કરે છે–'બહુબીજવાળા વૃક્ષો કેટલા પ્રકારના છે?' આચાર્ય ઉત્તર આપે છે–બહુબીજવાળા વૃક્ષો અનેક પ્રકારના છે. અસ્થિકથી આરંભી કદંબ સુધીમાં કેટલાએક અતિ પ્રસિદ્ધ છે અને કેટલા એક દેશવિશેષથી જાણી લેવા. પરન્તુ અહીં આમળા વગેરે લોક પ્રસિદ્ધ છે તે ન લેવાં, કારણ કે તેનામાં એકજ બીજ હોય છે, પણ અમુક દેશમાં પ્રસિદ્ધ બહુબીજવાળાં હોય તે ગ્રહણ કરવા. તે સિવાયના બીજા પણ તેવા પ્રકારના હોય તે બહુબીજવાળા વૃક્ષો જાણવા. તેના મૂળ, કન્દ, સ્કન્ધ, ત્વચા, શાખા અને પ્રવાલ દરેક અસંખ્ય જીવવાળા પ્રત્યેકશરીરાત્મક છે, પાંદડાં એક એક બીજવાળા છે, પુષ્પો અનેક જીવાત્મક છે અને ફળો બહુબીજવાળા છે. હવે ઉપસંહાર કહે છે–'એમ બહુબીજવાળા વૃક્ષો કહ્યા–ઇત્યાદિ બન્ને પ્રકારના નિગમનો સુગમ છે. ॥૩૩॥

**से किं तं गुच्छा? गुच्छा अणेगविहा पन्नत्ता। तं जहा—वाइंगणि-सल्लइ-[9]थुण्डई[बोंडई] य तह [10]कच्छुरी य [11]जासुमणा। रूवी आढइ णीली तुलसी तह माउलिंगी य॥१॥ कच्छुंभरि[कत्थुंभरि] पिप्पलिया अतसी [12]वल्ली[बिल्ली] य कायमाई या। [13]वुच्चू पडोला[चुच्चु पडोल कंद] कंदलि विउव्वा वत्थुले बदरे॥२॥ पत्तउर सीयउरए हवति तहा जवसए य बोधव्वे। णिग्गुंडि अक्क तूवरि [14]अत्थई[आढई] चेव तलऊडा ॥३॥ सण-पाण-कास मद्दग-अगघाडग-साम-सिंदुवारे य। करमद्द[करमद्दीय-]-अद्दरूसगकरीर-एरावण-महित्थे[महत्थे] ॥४॥ जाउलग-माल-परिली[जाउल तमाल परिली]-गयमारिणि-कुच्च कारिया मंडी। जावइ केयइ तह [15]गंज पाडला [16]दासि-अंकोल्ले॥५॥ जे यावऽन्ने तहप्पगारा। से त्तं गुच्छा॥सू०-३४॥**

*(મૂ૦) ગુચ્છો કેટલા પ્રકારના છે? ગુચ્છો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે—વાઈંગિણી–રીંગણી, સલ્લકી–સાલેડું, થુંડકી (બોન્ડકી), કચ્છુરી–કવચ, જાસુમણા (જીભુમણા), રૂપી, આઢકી (તુવેર), નીલી (ગળી), તુલસી, માતુલીંગી–બીજોરાની*

૧. નંદિવૃક્ષ પારસ પીંપળો

૨. શતરિ એ પીંપળાની જાતિ સંભવે છે. પણ વનસ્પતિકોશમાં તેનું નામ મળતું નથી.

૩. કાકોદુંબરી એ ઉંબરાની જાત છે. તેને ઢેડઉંબરો કહે છે.

૪. કુસ્તુંબરિ એ જંગલી અંજીરની જાતિ હોય એમ સંભવે છે.

૫. તિલક વિશેષક, પુણ્ડ્રક, દગ્ધરુહ, છિન્નરુહ એ બધા પર્યાયશબ્દો છે.

૬. લકુચ (ક્ષુદ્રઃ પનસઃ) એ ફણસની જાતિ છે. હિન્દીમા તેને વડહર કહે છે.

૭. છત્રૌઘ એ નામની વનસ્પતિ વનસ્પતિકોશમાં મળતી નથી, પણ છત્રાક વૃક્ષ છે, અને તે બાવલની એક જાતિ છે. પણ તેનું પ્રાકૃત રૂપ 'છત્તાએ' એવું થાય.

૮. દધિવન્ન દધિપર્ણ સંબંધી કાંઈપણ માહીતી મળતી નથી, પણ કપિત્થ-કોઠાવાચક દધિપુષ્પ કે દધિત્થ શબ્દો મળે છે.

૯. बोंदइ ય શાં. સા.; ૧૦. कत्थुरी આ. સ.; ૧૧. जीभुमणा આ. સ.; ૧૨. बिल्ली ય આ. સ.; ૧૩. चुन्नपडोला कंदलि શાં. સા. चुच्चु પ-લે.વ.; ૧૪. अट्टुई શા. સા. अट्टई પા. સં. ભં.; ૧૫. गुंज લે. વ.; ૧૬. दास અં-શાં. સા.

જાત, (૧) કુસ્તુંભરી, પિપ્પલિકા (પીપર), અલસી, વલ્લી (બિલ્લી), કાકમાચી (પીલુડી), વુચ્ચુ, પટોલકંદલી, વિઉવ્વા, વત્થુલ–વાસ્તુક (બથુઓ) બદર–બોરડી, પત્તઉર, સીયઉર, જવસય–જવાસો, નિર્ગુંડી–નગોડ, કસ્તુંબરિ–ધાણા, અત્થઈ, તલઉડા, શણ, પાણ, કાસમર્દ–કાસુંદરો, અગ્ઘાડગ (અઘેડો), શ્યામા–પ્રિયંગુ–ઘઉલા, સિંદુવાર–ધોળા ફુલવાળી નગોડ, કરમર્દ–કરમદાં, અદ્દરૂસગ–અરડુસો, કરીર–કેરડો, એરાવણ–(નારંગી) મહિત્થ, (૩) જાઉલગ, માલગ, પરિલી, ગજમારિણી–કરેણ, કુવ્વકારિયા, ભંડી–મજીઠ, જીવન્તી–ડોડી, કેતકી, ગંજ, પાટલા–પાડલ, દાસિ–લીલા પુષ્પવાળો કાંટાશેરીઓ, અંકોલ અને એ સિવાયની બીજી તેવા પ્રકારની વનસ્પતિ હોય તે ગુચ્છો જાણવા. ॥૩૪॥

**से किं तं गुम्मा? गुम्मा अणेगविहा पन्नत्ता। तं जहा-सेरियए णोमालिय-कोरंटय-बंधुजीवग-मणोज्जे पिईय-पाण-कणयर[कणइर]-कुज्जय तह सिंदुवारे य ।।१।। जाई मोग्गर तह जूहिया य तह मल्लिया य वासंती। वत्थुल कत्थुल[कच्छुल] सेवाल गंठि मगदंतिया चेव।।२।। चंपगजाई णवणीइया य कुंदो तहा महाजाई। एवमणेगागारा हवंति गुम्मा मुणेयव्वा।।३।। से त्तं गुम्मा।।सू०-३५।।**

(મૂ૦) ગુલ્મો કેટલા પ્રકારના છે? ગુલ્મો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે—સૈરિયક–ધોળા પુષ્પવાળો કાંટાશેરિયો, નવમાલિકા–નરમાળી, કોરંટક–પીળા પુષ્પવાળો કાંટાશેરીયો, બંધુજીવક–બપોરીયો, મણોજ્જ–મનોજ્ઞ–મોગરાની જાતિ, પિઇય, પાણ, કણેર, કુજ્જય–કુબ્જક–સફેદ ગુલાબ, સિંદુવાર–ધોળા ફુલવાળી નિર્ગુંડી, જાતી–જાઈ, મોગરો, યૂથિકા–જૂઈ, મલ્લિકા–મોગરાની જાતિ, વાસંતી–નેમાલી, વત્થુલ–વાસ્તુલ, કત્થુલ, સેવાલ, ગ્રન્થી, મૃગદન્તિકા (એક જાતના પુષ્પનો છોડ), ચંપકજાતિ, નવણીઈયા, કુંદ–મોગરાની જાતિ, મહાજાતિ–એમ અનેક આકારના ગુલ્મો જાણવા. એમ ગુલ્મો કહ્યા. ॥૩૫॥

**से किं तं लयाओ? लयाओ अणेगविहाओ पन्नत्ताओ । तं जहा-पउमलया नागलता-असोग-चंपयलता च चूतलता[य भूतलता]। वणलय-वासंतिलया अइमुत्तय-कुंद-सामलया।। जे यावऽन्ने तहप्पगारा। से त्तं लयाओ।।सू०-३६।।**

(મૂ૦) લતા કેટલા પ્રકારે છે? લતા અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે—પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા–વેલીયો આંબો, વનલતા, વાસંતીલતા–મોગરાની વેલ, અતિમુક્તલતા–માધવીલતા, કુંદ–મોગરાની વેલ, અને શ્યામલતા–શ્વેત ઉપલસરી, એ સિવાય બીજી તેવા પ્રકારની વનસ્પતિ હોય તે લતાઓ જાણવી. એમ લતાઓ કહી. ॥૩૬॥

**से किं तं वल्लीओ? वल्लीओ अणेगविहाओ पन्नत्ताओ। तं जहा-पूसफली कालिंगी तुंबी तउसी[तपुसी] य एलवालुंकी। घोसाडई[घोसालती] पडोला पंचंगुलिआ य णीली[णालीया] य ।।१।। कंडूया¹ कट्टुइया[कडुइया] कक्कोडइ कारियल्लई सुभगा। ²कुयधाय वागुलीया[कुवधा(या) य वागली] पाववल्ली तह देवदाली³ य ।।२।। ⁴अप्फोया अइमुत्तय-णागलया कण्ह-सूरवल्ली य। संघट्ट-सुमणसा वि य जासुवण-कुविंदवल्ली य ।।३।। मुद्दिय ⁵अंबावल्लि ⁶छीरविरालि ⁷जयंति ⁸गोवाली ।पाणी-मासावल्ली गुंजावल्ली य वच्छाणी⁹ ।।४।। ससबिंदु-गोत्तफुसिया गिरिकण्णइ मालुया य अंजणई। दहिफोल्लइ[दहफुल्लइ] कागणि[कागलि] मोगली य तह अक्कबोंदी य ।।५।। जे यावऽन्ने तहप्पगारा। से त्तं वल्लीओ।।सू०-३७।।**

(મૂ૦) વલ્લીઓ કેટલા પ્રકારે છે? વલ્લીઓ અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે—પૂસફલી, કાલિંગી–જંગલી તરબુચના વેલા,

---

१. कंगूया कंडुइया આ. સ.; २. कुयवाय वागलीया આ.સ.; ૩. देवदारू ५ શાં. સા.; ૪. अप्पोया લે. વ. अप्फेया આ. સ.; ૫. अप्पाभल्ली આ. સ. લે. વ.; ૬. किण्हछीराली આ. સ.; ૭. जियंति શાં. સ.; ૮. गोवल्ली શાં. સા.; ૯. विज्झाणी આ. સ.

તુંબી, ત્રપુષી–કાકડો, એલવાલુંકી–એક જાતની કાકડી, ઘોષાતકી (કડવી ઘીસોડી), પંડોલા, પંચાગુલિકા, નીલી–ગળી, કંડૂઈયા, કટ્ટુઈયા, કંકોડી, કારેલી, સુભગા–મોગરાની જાતિ, કુયધાય, વાગુલીયા, પાવવલ્લી, દેવદાલી (કુકડવેલ), અપ્ફોયા–આસ્ફોતા–અનન્તમૂળ, અતિમુક્ત, નાગલતા–નાગરવેલ, કૃષ્ણા–જટામાંસી, સૂરવલ્લી–સૂર્યવલ્લી–સુરજમુખીની વેલ, સંઘટ્ટા, સુમણસા, જાસુવણ, કુવિંદવલ્લી, મુદ્દિયા–મૃદ્વિકા–દ્રાક્ષના વેલા, અંબાવલ્લી–આમ્રવલ્લી, ક્ષીરવિદારિકા, જયંતી, ગોપાલી–શ્વેત સારિવા, પાણી, માસાવલ્લી–માષપર્ણી ("माषपर्णी नामानि लोके तु 'माषवनी' इति प्रसिद्धिः ॥२१०॥ निघण्टु") ગુંજાવલ્લી–ચણોઠીની વેલ, વચ્છાણી–વત્સાદની–ગજપીપર, શશબિન્દુ, ગોત્તફુસિયા (ગોત્રસ્પર્શિકા), ગિરિકર્ણિકા (ગરણી), માલુકા, અંજનકી, દહિફોલ્લઈ (દધિપુષ્પિકા), કાકણી, મોગલી, અર્કબોંદિ અને તે સિવાયની બીજા તેવા પ્રકારની વનસ્પતિ હોય તે વલ્લિઓ જાણવી. એ પ્રમાણે વલ્લિઓ કહી.॥૩૭॥

**से किं तं पव्वगा? पव्वगा अणेगविहा पन्नत्ता। तं जहा-इक्खू य इक्खुवाडी वीरण[1] तह एक्कडे भमासे[2] य। सुंठे [बु]सरे य वेत्ते तिमिरे सतपोरग-णले य ।।१।। वंसे वेलू कणए कंकावंसे य चाववंसे य। उदए कुडए विमए कंडावेलू य कल्लाणे ।।२।। जे यावऽन्ने तहप्पगारा। से त्तं पव्वगा।।सू०-३८।।**

(મૂ૦) પર્વગ (પર્વવાળી) વનસ્પતિ કેટલા પ્રકારે છે? પર્વવાળી વનસ્પતિ અનેક પ્રકારની કહી છે. તે આ પ્રમાણે–ઈક્ષુ, ઈક્ષુવાટિકા, વીરણ–વાળો, ઈક્કડ–ઈત્કટ, ભમાસ, સુંઠ, શર, વેત્ર–નેતર, તિમિર, શતપોરક, નલ (બરુ), વાંસ, વેણુ–વાંસની જાત, કનક–વાંસની જાત, કર્કવિંશ, ચાપવંશ, ઉદગ, કુડગ, વિમત, કંડાવેણુ, અને કલ્યાણ, તથા તે સિવાયની બીજી તેવા પ્રકારની હોય તે પર્વવાળી વનસ્પતિ જાણવી. એમ પર્વવાળી વનસ્પતિ કહી.॥૩૮॥

**से किं तं तणा? तणा अणेगविहा पन्नत्ता। तं जहा-सेडय[3]-भतिय[सेडिय गंतिय]-होत्तिय-दब्भ-कुसे पव्वए य पोडइला[पाडइला]। अज्जुण असाढए रोहियंसे सुय-वेय-खीर-भुसे ।।१।। एरंडे कुरुविंदे [4]करकर[कक्खड] मुट्ठे [सुंठे] तहा विभंगू[विसंगू] य। महुरतण-छुरय[भुणय]-सिप्पिय[5] बोद्धव्वे सुंकलितणा य ।।२।। जे यावऽन्ने तहप्पगारा। से त्तं तणा।।सू०-३९।।**

(મૂ૦) તૃણો કેટલા પ્રકારના કહ્યા છે? તૃણો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—સેડિય, ભંતિય, હોન્તિય, દર્ભ, કુશ, પવ્વય, પોડઈલ, અર્જુન, આષાઢક, રોહિતાંશ, સુય, વેય, ક્ષીર, ભુસ, એરંડ, કુરુવિંદ, કરકર, મુટ્ઠ, વિભંગુ, મધુર, તૃણ, છુરય, સિપ્પિય, સુંકલીતૃણ, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. એ પ્રમાણે તૃણો કહ્યા.॥૩૯॥

**से किं तं वलया? वलया अणेगविहा पन्नत्ता। तं जहा—ताल-तमाले तक्कलि तेयली साली[सारे] य सारकल्लाणे। सरले जावति केतइ कदली तह [6]चम्मरुक्खे य ।।१।। भुयरुक्ख-हिंगुरुक्खे लवंगरुक्खे य होइ बोद्धव्वे। पूयफली खज्जुरी बोद्धव्वा णालिएरी य ।।२।। जे यावऽन्ने तहप्पगारा। से त्तं वलया।।सू०-४०।।**

(મૂ૦) વલય વનસ્પતિ કેટલા પ્રકારની કહી છે? વલય વનસ્પતિ અનેક પ્રકારની કહી છે. તે આ પ્રમાણે—તાડ, તમાલ, તક્કલિ, તોયલી, સાલી–શાલ્મલી, સારકલ્લાણ, સરલ–ચીડ, જાવતી, કેતકી, કેળ, ચર્મવૃક્ષ, ભુજવૃક્ષ–ભોજપત્રવૃક્ષ, હિંગુવૃક્ષ, લવંગવૃક્ષ, પૂગફલી (સોપારી), ખજૂરી, નાળીએરી, અને તે સિવાયની બીજી તેવા પ્રકારની હોય તે વલય વનસ્પતિ જાણવી. એમ વલય વનસ્પતિ કહી.॥૪૦॥

**से किं तं हरिया? हरिया अणेगविहा पन्नत्ता। तं जहा-[7]अज्जोरुह-वोडाणे हरितग तह तंदुलेज्जग तणे य। वत्थुल-पारग-मज्जार पाई बिल्ली य पालक्का[पालंका] ।।१।। दगपिप्पली य दव्वी सोत्थिय[8]-साए तहेव मंडुक्की। मूलग-**

१. वीरुणी त-આ.સ.; २. यमासे य આ. સ.; ३. संडिय-मंतिय આ. સ.; ४. करजर सुंठे આ. સ.; ५. सिप्पय શાં. સા.; ६. घम्मरुक्खे य આ.સ.; ७. अब्भोरु શાં. સા.; ८. सोत्तिय આ. સ.

सरिसव-अंबिल-साए य जियंतए चेव ॥२॥ तुलसी कण्ह उराले फणिज्जए अज्जए य [१]भूयणए। [२]चोरग-दमणग-मरुयग सतपुप्फीं[प्फिं]दीवरे य तहा ॥३॥ जे यावऽन्ने तहप्पगारा। से त्तं हरिया ॥सू०-४१॥

(मू०) હરિત વનસ્પતિ કેટલા પ્રકારની છે? હરિત વનસ્પતિ અનેક પ્રકારની છે. તે આ પ્રમાણે—અજ્જોરુહ, વોડાણ, હરિતક, તંદુલેજ્જગ-તાંદળજો, વત્થુલ-વાસ્તુલ, પોરગ, મજ્જારયા, બિલ્લી, (ચીલ્લી), પાલક્ક-પાલક્યા-પાલખનીભાજી, દકપિપ્પલી-જલપીપર, દવ્વી-દાર્વી-દારુહલદર સોત્થિય-સ્વતિક-ઉટીંગણ, સાય, મંડૂકી-બ્રાહ્મી, મૂલક-મૂળા, સરસવ, અંબીલ, સાએય, જિયન્તય-જીવન્તક-માલવદેશ પ્રસિદ્ધ જીવશાક, તુલસી, કૃષ્ણા-કાળી તુલસી, ઉરાલ, ફણિજ્જક-મરવો, અજ્જય-અર્જક-નાની તુલસીના છોડ, ભૂજનક, ચોરક મરવાની જાતિ દમનક-ડમરો, મરવો, શતપુષ્પ, ઇંદીવર અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે હરિતો જાણવા. એમ હરિતો કહ્યા. ॥૪૧॥

से किं तं ओसहीओ? ओसहीओ अणेगविहाओ पन्नत्ताओ। तं जहा—साली-वीही-गोहूम-जव-जवा-कल-मसूर-तिल-मुग्गा-मास-णिप्फाव-कुलत्थ-अलिसंद-सतीण-पलिमंथा-अयसी-कुसुंभ-कोद्दव-कंगू-रालग-वरा(रट्ट)-साम[वरसामग]-कोदूसा-सण-सरिसव-मूलग बीय। जे यावऽन्ने तहप्पगारा। से त्तं ओसहीओ।।सू०-४२॥

(मू०) ઓષધિઓ કેટલા પ્રકારની કહી છે? ઓષધિઓ અનેક પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-શાલિ-કલમાદિ, વ્રીહિ, ગોધૂમ (ઘઉં) યવ, જવજવ-એક જાતના જવ, કલાય (વટાણા), મસૂર, તલ, મગ, માષ-અડદ, નિષ્પાવ-વાલ, કુલત્થ-કળથી, આલિસંદ-ચોળા, સતીન-મઠ, પલિમંથ-ચણા, અળસી, કસુંબો, કોદ્રવ-કોદરા, કાંગ, રાલગ, વરટ્ટ-બંટી-સામો, કોદૂસ-કોરદૂષક-એક જાતના કોદરા, સણ, સરસવ, મૂળાના બીજ અને એ સિવાયની બીજી તેવા પ્રકારની વનસ્પતિ હોય તે ઓષધિઓ જાણવી. એ પ્રમાણે ઓષધિઓ કહી.॥૪૨॥

से किं तं जलरुहा? जलरुहा अणेगविहा पन्नत्ता। तं जहा—उदए, अवए, पणए, सेवाले, कलंबुया, हढे कसेरुया, कच्छा, भाणी, उप्पले, पउमे, कुमुदे, णलिणे, सुभए, सुगंधिए, पोण्डरीए, महापोण्डरीए, सयपत्ते, सहस्सपत्ते, कल्हारे, कोकणदे, अरविंदे, तामरसे, भिसे, भिसमुणाले, पोक्खले, [३]पोक्खलत्थिभए, जे यावऽन्ने तहप्पगारा। से त्तं जलरुहा।।सू०-४३॥

(मू०) જલરુહો કેટલા પ્રકારના છે? જલરુહો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ઉદક, અવક, પનક, સેવાલ, કલંબુય, હઢ, કસેરુય, કચ્છ, ભાણી, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, કલ્હાર, કોકનદ, અરવિંદ, તામરસ, બિસ, બિસમૃણાલ, પુષ્કર, સ્થલજ પુષ્કર અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે જલરુહો જાણવા. એમ જલરુહો કહ્યા.॥૪૩॥

से किं तं कुहणा? कुहणा अणेगविहा पन्नत्ता। तं जहा--आए, काए, कुहणे, कुणक्के[कुडुक्के], दव्वहलिया, [४]सप्फाए[सप्पाए], सज्झाए[सज्जाए], [५]छत्तोए[सित्ताए], वंसी [६]णहिया कुरए। जे यावऽन्ने तहप्पगारा। से त्तं कुहणा। णाणाविहसंठाणा रुक्खाणं एगजीविया पत्ता। खंधो वि एगजीवो ताल-सरल-णालिएरीणं ॥१॥ जह सगल-सरिसवाणं सिलेसमिस्साण वट्टिया वट्टी। पत्तेयसरीराणं तह होंति सरीरसंघाया ॥२॥ जह वा तिलपप्पडिया

१. भूयणए આ. સ.; २. चारग આ.સ.; ૩. पोक्खलत्थिभुए આ.સ.; ४. सप्पाए આ. સ.; ५. छत्ताए શા. સા.;
६. णहिया कुरए શા. સા.

**बहुएहिं तिलेहि संहिता संती। पत्तेयसरीराणं तह होंति सरीरसंघाया ।।३।। से त्तं पत्तेयसरीरबादरवणस्सइकाइया ।।सू०-४४।।**

*(મૂ૦) કુહણા કેટલા પ્રકારના છે? કુહણા અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે—આય, કાય, કુહણ, કુણક્ક, દવ્વહલિયા, સફાય, સજ્ઝાય, છત્રૌક, વંસી, ણહિયા, કુરય, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે કુહણા જાણવા. એમ કુહણા કહ્યા.*

*વૃક્ષોના–વનસ્પતિના નાનાવિધ સંસ્થાન–અનેક પ્રકારની આકૃતિવાળા પાંદડાં એકજીવવાળા હોય છે, અને તાડ, સરલ અને નાળીએરી પ્રમુખ વૃક્ષોના સ્કંધો—થડો પણ એકજીવવાળા હોય છે. જેમ શ્લેષ–ચીકાશવાળા દ્રવ્ય વડે મિશ્રિત થયેલા સઘળા સરસવોની એક વર્તી–વાટ કરી હોય તેવા પ્રત્યેકશરીરી (વનસ્પતિકાયિક) જીવોના શરીરના સમુદાયો જાણવા. અથવા ઘણા તલના સમુદાયવાળી તલપાપડી હોય તેમ પ્રત્યેકશરીર વનસ્પતિ જીવોના શરીરસમુદાયો હોય છે. એમ પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો કહ્યા. ।।૪૪।।*

(ટી૦) આ ગુચ્છાદિ ભેદો પ્રાયઃ તેના સ્વરૂપથી જ પ્રસિદ્ધ છે, અને કેટલાક ભેદો દેશવિશેષથી જાણી લેવાના છે. અહીં વૃક્ષાદિ ભેદોમાં જ્યાં એક વનસ્પતિનું નામ એક ભેદમાં ગ્રહણ કરી પુનઃ તેજ વનસ્પતિનું નામ બીજા ભેદોમાં પણ ગ્રહણ કરેલું છે, ત્યાં તેના સમાન નામની ભિન્ન જાતની વનસ્પતિ જાણવી. અથવા એક વનસ્પતિ અનેક જાતની હોય છે. જેમકે, નાળીએરી એકબીજવાળી હોવાથી 'એકાસ્થિક' કહેવાય છે. તેની ત્વચા વલયના આકારની હોવાથી વલય પણ કહેવાય છે. માટે એક વનસ્પતિ અનેક જાતની હોવાથી ભિન્ન ભિન્ન ભેદોમાં તેનું નામ આવે તો તે વિરુદ્ધ ન સમજવું.

હવે કહેલી અને નહિ કહેલી વનસ્પતિનો સંગ્રહ કરવા માટે આ ગાથાઓ કહે છે—'નાનાવિધ' ઇત્યાદિ. વૃક્ષોના તેમજ ઉપલક્ષણથી ગુચ્છ અને ગુલ્માદિના પણ અનેક પ્રકારના સંસ્થાન–આકૃતિવાળાં પાંદડાં એક એક જીવાશ્રિત હોય છે, અને સ્કન્ધ પણ એક જીવાશ્રિત હોય છે. શું બધી વનસ્પતિઓનો સ્કન્ધ એક જીવવાળો હોય છે? નહિ, તાડ, સરલ અને નાળીએરીનો સ્કન્ધ એક જીવવાળો હોય છે. તાડ, સરલ, અને નાળીએરીનું ગ્રહણ ઉપલક્ષણ છે, તેથી બીજી વનસ્પતિઓનો પણ સ્કન્ધ આગમને અનુસરી એક જીવાશ્રિત જાણવો. અને તે સિવાય અન્ય વનસ્પતિઓના પ્રત્યેક સ્કન્ધો તો અનેક પ્રત્યેકશરીરવાળા અનેક જીવાશ્રિત હોય છે તે અર્થાત્ જાણવું. કારણ કે "खंधा वि अणेगजीविया" 'સ્કન્ધો પણ અનેક જીવવાળા હોય છે' એમ પૂર્વે કહ્યું છે. જો સ્કન્ધો પ્રત્યેકશરીરવાળા અનેક જીવાશ્રિત હોય તો એક ખંડ શરીરની આકૃતિવાળા કેમ જણાય છે? તેઓના અવસ્થાનનું સ્વરૂપ દષ્ટાંત દ્વારા જણાવે છે—'जह सगल' ઇત્યાદિ. જેમ શ્લેષ–ચીકાશવાળા દ્રવ્ય વડે મિશ્રિત થયેલા સરસવોની કરેલી વર્તી–વાટ એક રૂપે છે અને તે બધા સરસવો પરિપૂર્ણ શરીરવાળા પોતપોતાના શરીરની અવગાહના વડે જુદા જુદા રહેલા છે, 'તથા'–તે પ્રમાણે આજ ઉપમા વડે પ્રત્યેકશરીરવાળા જીવોના શરીરસમુદાયો જુદી જુદી પોતપોતાના શરીરની અવગાહનાવાળા હોય છે. અહીં શ્લેષદ્રવ્યને સ્થાને રાગદ્વેષથી સંચિત થયેલા તેવા પ્રકારના કર્મ છે, અને બધા સરસવને સ્થાને પ્રત્યેક શરીરો છે. બધા સરસવોનું ગ્રહણ સરસવોનું જુદાપણું જાણવાથી ભિન્ન ભિન્ન અવગાહનાવાળા પ્રત્યેક શરીરનું જુદાપણું જણાવવા માટે છે. અહીં બીજું દષ્ટાન્ત કહે છે–જેમ ઘણા તલથી મિશ્રિત થયેલ તિલશષ્કુલી–તલસાંકળી જુદા જુદા પોતપોતાની અવગાહનાવાળા તલરૂપ હોવા છતાં કથંચિત્–દ્રવ્યની અપેક્ષાએ એકરૂપ હોય છે, તેમ આજ ઉપમા વડે પ્રત્યેકશરીરી જીવોના શરીરસમુદાયો કથંચિત્ એકરૂપ અને જુદી જુદી પોતપોતાની અવગાહનાવાળા હોય છે. હવે ઉપસંહાર કહે છે–એમ પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો કહ્યા. ।।૩૪–૪૪।।

**से किं तं साहारणसरीरबादरवणस्सइकाइया? साहारणसरीयबादरवणस्सइकाइया अणेगविहा पन्नत्ता। तं जहा–अवए पणए सेवाले लोहिणी मिहू त्थिहू त्थिभगा। असकन्नी सीहकन्नी सिउंढि तत्तो मुसुंढी य ।।१।। रुरु-**

कुण्डरिया[1] जीरु[2] छीरविराली तहेव किट्टीया। हलिद्दा सिंगबेरे य आलूगा मूलए इ य ।।२।। कंबू य[3] कन्नुक्कडत्त[कण्हकडबू] महुओवलई[4] तहेव महुसिंगी। णीरुहा सप्पसुयंधा छिन्नरुहा चेव बीयरुहा ।।३।। पाढा मियवालुंकी महुररसा चेव रायवल्ली य। पउमा य माढरि दंती चंडी किट्टी त्ति यावरा ।।४।। मासपण्णि मुग्गपण्णी [5]जीविय-रसहे य रेणुया चेव। काओली खीरकाओली तहा भंगी नही इ य ।।५।। किमिरासि भद्दमुत्था णंगुलई पेलुगा[पलुगा] इ य। किण्हे पउले य हढे हरतणुया चेव लोयाणी ।।६।। किण्हे कंदे वज्जे सूरणकंदे तहेव [6]खल्लूडे। एए अणंतजीवा जे यावऽन्ने तहाविहा ।।७।। तणमूल-कंदमूले वंसीमूले त्ति[7] आवरे। संखिज्जमसंखिज्जा बोधव्वाऽणंतजीवा य ।।८।। सिंघाडगस्स गुच्छो अणेगजीवो उ होति नायव्वो। पत्ता पत्तेयजीवा दोन्नि य जीवा फले भणिया।।९।। जस्स मूलस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे उ से मूले जे यावन्ने तहाविहा।।१०।। जस्स कंदस्स भग्गस्स समो भंगो पदीसइ। अणंतजीवे उ से कंदे जे यावऽन्ने तहाविहा।।११।। जस्स खंधस्स भग्गस्स समो भंगो पदीसइ। अणंतजीवे उ से खंधे जे यावऽन्ने तहाविहा ।।१२।। जीसे तयाए भग्गाए समो भंगो पदीसए। अणंतजीवा तया सा उ जा यावऽण्णा तहाविहा ।।१३।। जस्स सालस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे य से साले जे यावऽन्ने तहाविहा ।।१४।। जस्स पवालस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे पवाले से जे यावऽन्ने तहाविहा ।।१५।। जस्स पत्तस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे उ से पत्ते जे यावऽन्ने तहाविहा।।१६।। जस्स पुप्फस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे उ से पुप्फे जे याबऽन्ने तहाविहा ।।१७।। जस्स फलस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे फले से उ जे यावऽन्ने तहाविहा ।।१८।। जस्स बीयस्स भग्गस्स समो भंगो पदीसए। अणंतजीवे उ से बीए जे यावऽन्ने तहाविहा ।।१९।।

जस्स मूलस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से मूले जे यावऽन्ने तहाविहा ।।२०।। जस्स कंदस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से कंदे जे यावऽन्ने तहाविहा ।।२१।। जस्स खंधस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से खंधे जे यावऽन्ने तहाविहा ।।२२।। जीसे तयाए भग्गाए हीरो भंगो पदीसए। परित्तजीवा तया सा उ जे यावऽन्ने तहाविहा ।।२३।। जस्स सालस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से साले जे यावऽन्ने तहाविहा ।।२४।। जस्स पवालस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे पवाले उ जे यावऽन्ने तहाविहा ।।२५।। जस्स पत्तस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से पत्ते जे यावऽन्ने तहाविहा ।।२६।। जस्स पुप्फस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से पुप्फे जे यावऽन्ने तहाविहा।।२७।। जस्स फलस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे फले से उ जे यावऽन्ने तहाविहा।।२८।। जस्स बीयस्स भग्गस्स हीरो भंगो पदीसए। परित्तजीवे उ से बीए जे यावऽन्ने तहाविहा।।२९।।

जस्स मूलस्स कट्ठाओ छल्ली बहलतरी भवे। अणंतजीवा उ सा छल्ली जे यावऽन्ने तहाविहा ।।३०।। जस्स कंदस्स कट्ठाओ छल्ली बहलतरी भवे। अणंतजीवा उ सा छल्ली जे यावऽन्ने तहाविहा ।।३१।। जस्स खंधस्स कट्ठाओ छल्ली बहलतरी भवे। अणंतजीवा उ सा छल्ली जे यावऽन्ना तहाविहा ।।३२।। जीसे सालाए कट्ठाओ छल्ली बहलतरी भवे। अणंतजीवा उ सा छल्ली जे यावऽन्ना तहाविहा ।।३३।। जस्स मूलस्स कट्ठाओ

---

१. कुंदुरिया शां. सा.; २. जारु छीरु शां. सा.; ३. कंचूया कडच्छू शां. सा.; ४. सुमत्तओ व. આ. સ.; ५. जीवियरसिके લે. વ. जीवियरसभे य શાં. સા.; ६. खल्लूरे આ. સ.; ७. वंसमूलेत्ति શાં. સા. वंसीमूलित्ति લે. વ. (भंगो ના સ્થાને भंगे અને जे ના સ્થાને जा પણ મહાવીર વિદ્યાલયમાં.)

छल्ली तणुययरी भवे। परित्तजीवा उ सा छल्ली जे यावऽन्ने तहाविहा ।।३४।। जस्स कंदस्स कट्ठाओ छल्ली तणुयतरी भवे। परित्तजीवा उ सा छल्ली जे यावऽन्ना तहाविहा ।।३५।। जस्स खंधस्स कट्ठाओ छल्ली तणुयतरी भवे। परित्तजीवा उ सा छल्ली जे यावऽन्ना तहाविहा ।।३६।। जीसे सालाए कट्ठाओ छल्ली [1]तणुयतरी भवे। परित्तजीवा उ सा छल्ली जे यावन्ना तहाविहा ।।३७।।

चक्कागं भज्जमाणस्स गंठी चुण्णघणो भवे। पुढविसरिसभेदेण[2] अणंतजीवं वियाणाहि ।।३८।। गूढछिरागं पत्तं सच्छीरं जं च होइ निच्छीरं। जं पि य पणट्ठसंधिं अणंतजीवं वियाणाहि ।।३९।। पुप्फा जलया थलया य बिंटबद्धा[वेंटबद्धा] य नालबद्धा य। संखिज्जमसंखिज्जा बोद्धव्वाऽणंतजीवा य ।।४०।। जे केइ नालियाबद्धा पुप्फा संखिज्जजीविया भणिया। णिहुया अणंतजीवा जे यावऽन्ने तहाविहा ।।४१।। पउमुप्पलिणीकंदे अंतरकंदे तहेव झिल्ली य। एए अणंतजीवा एगो जीवो बिस-मुणाले ।।४२।। पलंडू-ल्हसुणकंदे य कंदली य [3]कुसुबए। एए परित्तजीवा जे यावऽन्ने तहाविहा ।।४३।। पउमुप्पल-नलिणाणं सुभगसोगंधियाण य। अरविंद-कोकणाणं सयवत्त-सहस्सपत्ताणं ।।४४।। विंटं बाहिरपत्ता य कन्निया चेव एगजीवस्स। अब्भिंतरगा पत्ता पत्तेयं केसरा मिंजा ।।४५।। वेणु-नल-इक्खु वाडियमसमा-इक्खु[समासइक्खु] य इक्कडे रंडे। करकर सुंठि विहंगू[4] तणाण तह पव्वगाणं च ।।४६।। अच्छिं पव्वं बलिमोडओ य एगस्स होंति जीवस्स। पत्तेयं पत्ताइं पुप्फाइं अणेगजीवाइं ।।४७।। पुस्सफलं कालिंगं तुंबं तउसेलवालु वालुंकं । घोसाडयं पंडोलं तिंदूयं चेव तेंदूसं ।।४८।। विंट समंस-कडाहं एयाइं हवंति एगजीवस्स। पत्तेयं पत्ताइं सकेसरमकेसरं मिंजा।।४९।। [5]सप्फाए [6]सज्झाए उव्वेहलिया य कुहणकुंदुक्के। एए अणंतजीवा कुंदुक्के होइ भयणा उ ।।५०।।

[बीए] जोणिब्भूए[7]जीवो वक्कमइ सो व अन्नो वा। जोऽवि य मूले जीवो सोऽवि य पत्ते पढमयाए ।।५१।। सव्वोऽवि किसलओ खलु उग्गममाणो अणंतओ भणिओ। सो चेव विवड्ढंतो होइ परित्तो अणंतो वा ।।५२।। समयं वक्कंताणं समयं तेसिं सरीरनिव्वत्ती। समयं आणुग्गहणं समयं ऊसासनीसासे ।।५३।। एक्कस्स उ जं गहणं बहूणं साहारणाण तं चेव। जं बहुयाणं गहणं समासओ तं पि एक्कस्स ।।५४।। साहारणमाहारो साहारणमाणुपाणगहणं च। साहारणजीवाणं साहारणलक्खणं एयं ।।५५।। जह अयगोलो धंतो जाओ तत्ततवणिज्जसंकासो। सव्वो अगणिपरिणओ निगोयजीवे तहा जाण ।।५६।। एगस्स दोण्ह तिण्ह व संखिज्जाण व न पासिउं सक्का। दीसंति सरीराइं निगोयजीवाणऽणंताणं ।।५७।। लोगागासपएसे निगोयजीवं ठवेहि इक्किक्कं। एवं मविज्जमाणा हवंति लोगा अणंता उ ।।५८।। लोगागासपएसे परीत्तजीवं ठवेहि इक्किक्कं। एवं मविज्जमाणा हवंति लोगा असंखिज्जा ।।५९।। पत्तेया पज्जत्ता पयरस्स असंखभागमित्ता उ। लोगाऽसंखाऽपज्जत्तयाण साहरणमणंता ।।६०।। एएहिं सरीरेहिं पच्चक्खं ते परूविया जीवा। सुहुमा आणागिज्झा चक्खुप्फासं न ते [8]इंति ।।६१।।[पक्खित्ता गाहा] जे यावऽन्ने तहप्पगारा। ते समासओ दुविहा पन्नता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता। तत्थ णं जे ते पज्जत्तगा तेसिं वन्नादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखिज्जाइं जोणिप्पमुहसयसहस्साइं। पज्जत्तगणिस्साए अपजत्तगा वक्कमंति। जत्थ एगो तत्थ सिय

१. तणुमयरी આ. સ.; २. सरिसेण भेएण આ. સા.; ३. कुसुंबए આ. સા.; ४. विहुंगू શાં. સા.; ५. सप्पासे શાં. સા.; ६. सव्वाए શાં. સા.; ७. जीवे શાં.સા.; ८. यंति શાં. સા. ऐंति હે. ૧.

**संखिज्जा, सिय असंखिज्जा, सिय अणंता। एएसि णं इमाओ गाहाओ अणुगंतव्वाओ तं जहा-**

**[१]कंदा य [२]कंदमूला य, [३]रुक्खमूला इ यावरे। [४]गुच्छा य [५]गुम्म [६]वल्ली य [७]वेणु[लु]याणि [८]तणाणि य ।।१।।**
**[९]पउमुप्पल[१०] [११]संघाडे [१२]हढे य [१३]सेवाल [१४]किण्हए [१५]पणए। [१६]अवए य [१७]कच्छ [१८]भाणी [१९]कंदुक्केक्कूणवीसइमे।।२।।**
**तय-छल्ली-पवालेसु य पत्त-पुप्फ-फलेसु य। मूलग्गमज्झबीएसु जोणी कस्स इ कित्तिया? ।।३।।**

**से त्तं साहारणसरीरबायरवणस्सइकाइया। से त्तं बायरवणस्सइकाइया। से त्तं वणस्सइकाइया। से त्तं एगिंदिया।।सू०-४५।।**

*(મૂ૦) સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારે કહ્યા છે? સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો અનેક પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—અવક, પનક–ફુગ, સેવાલ, લોહિણી–રોહિણી, થીહૂ, થિભગા, અશ્વકર્ણી, સિંહકર્ણી, સિંઉંઢિ, મુસુંઢિ, (૧). રુરુ, કુંડરિકા, જીરુ, ક્ષીરવિદારિકા, કિટ્ટિ, હરિદ્રા–હલદર, શૃંગબેર–આદુ, આલુ–બટાટા, મૂલગ–મૂળા, (૨). કંબૂયા, કન્નુક્કડ, મહુપોવલઈ, મધુશૃંગી, નીરુહા, સર્પસુગંધા, છિન્નરુહા, બીજરુહા, (૩). પાઠા, મૃગવાલુંકી, મધુરરસા, રાજવલ્લી, પઉમા–પદ્મા, માઢરી, દંતી, ચંડી, કિટ્ટી, (૪). માષપર્ણી, મુદ્ગપર્ણી, 'જીવિય–રસહે' જીવક, રસહ–ઋષભક, રેણુકા, કાકોલિ, ક્ષીરકાકોલી, ભંગી, નહી, (૫). કૃમિરાશિ, ભદ્રમુસ્તા–મોથ, ણંગલઈ–લાંગલી–દૂધીઓ વજ, પેલુગા, કૃષ્ણ, પઉલ, હઢ, હરતનુકા, લોયાણી, (૬). કૃષ્ણકંદ, વજ્રકંદ, સૂરણકંદ. ખલ્લૂર–એ અનન્તકાયિક જીવો અને તે સિવાય બીજા તેવા પ્રકારના હોય તે પણ અનંતકાયિક જીવો જાણવા. (૭). તૃણમૂલ, કંદમૂલ, અને વાંસનુ મૂળ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્ત જીવાત્મક જાણવું (૮). શીંગોડાનો ગુચ્છ અનેક જીવાત્મક જાણવો. પાંદડા એક એક બીજવાળા હોય છે, અને તેના ફળમાં બે જીવો છે (૯).*

*[અનન્તકાયિક અને પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ–] જે મૂળને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે મૂળ અને એ સિવાય બીજાં તેના જેવા મૂળો હોય તે પણ અનન્તજીવાત્મક જાણવાં (૧૦). જે કન્દ ભાંગવાથી સરખો ભંગ દેખાય તે તથા તેના જેવા બીજા કન્દો હોય તે અનન્ત જીવાત્મક જાણવા (૧૧). જે સ્કન્ધ ભાંગવાથી સરખો ભંગ દેખાય તે સ્કન્ધ અને બીજા તેવા પ્રકારના સ્કન્ધો અનન્તજીવવાળા જાણવા (૧૨). જે ત્વચાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે ત્વચા તથા તેના જેવી બીજી ત્વચા અનન્તજીવવાળી જાણવી (૧૩). જે શાખાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે શાખા તથા બીજી તેના જેવી શાખા અનન્ત જીવવાળી જાણવી (૧૪). જે પ્રવાલને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પ્રવાલ તથા બીજા તેના જેવા પ્રવાલો અનન્તજીવાત્મક જાણવા (૧૫). જે પાંદડું ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પાંદડું તથા તેનાં જેવા બીજાં પાંદડાં અનન્ત જીવવાળાં જાણવાં (૧૬). જે પુષ્પને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પુષ્પ અને બીજાં તેના જેવાં પુષ્પો અનન્ત જીવવાળાં જાણવાં (૧૭). જે ફળને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે ફળ અને બીજાં તેના જેવા ફળો અનન્ત જીવવાળાં જાણવાં (૧૮). જે બીજને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે બીજ અને બીજાં તેના જેવા બીજો અનન્ત જીવાત્મક જાણવાં (૧૯).*

*જે મૂળ ભાંગવાથી હીર–વિષમ (દાંતાવાળો, ખડબચડો) ભંગ દેખાય તે મૂળ અને તેવા પ્રકારના અન્ય મૂળો પ્રત્યેક જીવવાળાં જાણવાં (૨૦). એ પ્રમાણે (૨૧) કન્દ, (૨૨) સ્કન્ધ, (૨૩) ત્વચા, (૨૪) શાખા, (૨૫) પ્રવાલ, (૨૬) પત્ર, (૨૭) પુષ્પ, (૨૮) ફળ અને (૨૯) બીજને ભાંગવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારના બીજા કન્દાદિ પ્રત્યેક જીવવાળા જાણવા. એમ મૂળની પેઠે કન્દાદિ દરેકને આશ્રયી સરખો પાઠ કહેવાનો છે.*

*જે મૂળના કાષ્ઠથી તેની છાલ વધારે જાડી હોય છે તે છાલ તથા તેવા પ્રકારની બીજી છાલ અનન્તકાયિક જાણવી (૩૦). જે કન્દના કાષ્ઠથી તેની છાલ વધારે જાડી હોય તે છાલ અને તેના જેવી બીજી છાલ અનન્ત જીવાત્મક*

જાણવી (૩૧). જે સ્કન્ધના કાષ્ઠથી તેની છાલી વધારે જાડી હોય તે છાલ તથા તેના જેવી બીજી છાલ અનન્તજીવાત્મક જાણવી (૩૨). જે શાખાના કાષ્ઠથી તેની છાલ વધારે જાડી હોય તે છાલ તથા તેના જેવી બીજી છાલ અનન્ત જીવવાળી જાણવી (૩૩). જે મૂળના કાષ્ઠથી તેની છાલ વધારે જાડી હોય તે છાલ તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણવી (૩૪). એ પ્રમાણે કન્દ (૩૫) સ્કન્ધ (૩૬) અને શાખા (૩૭) સંબંધી સરખો પાઠ કહેવો.

જેને ભાંગતા ભંગસ્થાન ચક્રના આકારવાળું (ગોળ અને લીસું) હોય અને ગ્રન્થી–ગાંઠ ચૂર્ણ–રજથી વ્યાપ્ત હોય, તેમજ ભંગસ્થાન પૃથિવીના સરખું હોય તે અનન્તજીવવાળી વનસ્પતિ જાણવી. (૩૮) ગુપ્ત શિરા–નસોવાળું, ક્ષીરવાળું, કે ક્ષીર વિનાનું હોય અને પ્રનષ્ટસંધિ–જેની વચ્ચેનો સાંધો દેખાતો ન હોય તે પાંદડું અનન્તજીવાત્મક જાણવું. (૩૯) જલજ–જળમાં થયેલાં, સ્થલજ–સ્થળમાં થયેલાં, વૃન્તબદ્ધ–ડીટીયાવાળા અને નાલબદ્ધ–નાળવાળાં પુષ્પો સંખ્યાતજીવવાળાં, અસંખ્યાતજીવવાળાં અને અનન્તજીવવાળાં જાણવા (૪૦). જે કોઇ નાલબદ્ધ પુષ્પો છે તે સંખ્યાતા જીવવાળાં હોય છે અને જે સ્નિહુ–થોરના પુષ્પો અને તેના જેવા બીજા પુષ્પો છે તે અનન્તજીવવાળા હોય છે (૪૧). પદ્મિનીકન્દ, ઉત્પલિની કન્દ, અંતર કન્દ અને ઝિલ્લી એ અનન્તજીવાત્મક છે અને બિસ–નાલ અને મૃણાલ–પદ્મની ડાંડલી એકબીજાત્મક છે (૪૨). પલાંડૂકન્દ, લસુનકંદ, કંદલીકન્દ અને એ કુસ્તુંબક પ્રત્યેકબીજવાળા છે અને તે સિવાય બીજા તેવા પ્રકારના હોય તે પણ પ્રત્યેકશરીરવાળા જાણવા (૪૩). પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિન્દ, કોકનદ, શતપત્ર અને સહસ્રપત્ર–એઓના વૃન્ત–ડીટીયા, બહારના પાંદડાં અને કર્ણિકા એ ત્રણે એક જીવના છે. અને અંદરના પાંદડાં, કેસર અને મીંજ એ પ્રત્યેક એક જીવવાળાં છે (૪૪–૪૫). વેણુ–વાંસ, નડ–બરુ, ઇક્ષુવાટિકા, સમાસઇક્ષુ, ઇક્કડ, રંડ, કરકર, સુંઠ, વિહંગુ, તૃણ અને પર્વવાળી વનસ્પતિની આંખ, પર્વ–ગાંઠ અને પરિમોટક–પર્વનું પરિવેષ્ટન એ બધા એકજીવના છે. પત્રો–પ્રત્યેક–એક એક જીવાત્મક અને પુષ્પો અનેકજીવાત્મક છે (૪૬–૪૭). પૂસફલ–પુષ્પફલ, કાલિંગડા, તુંબ, ત્રપુષ–કાકડી, એલવાલુક, વાલુક, ઘોષાતક, પડોલ–પટોલ, તિંદુક અને તિંદૂસ–એઓના વૃન્ત–ડીટીયા, માંસ–ગર્ભ અને કટાહ–ઉપરની છાલ એક જીવના છે. પાંદડાં એક એક જીવવાળાં છે. કેસરસહિત અને કેસરરહિત દરેક બીજ એક એક જીવાશ્રિત છે (૪૮–૪૯). સપ્ફાય, સજ્ઝાય, ઉવ્વેહલિયા, કુહણા અને કુંદુક એ અનન્તજીવાત્મક છે. તેમાં કુંદુકને વિષે ભજના–વિકલ્પ જાણવો (૫૦). યોનિરૂપ બીજમાં તે બીજનો જીવ ઉત્પન્ન થાય કે અન્ય જીવ ઉત્પન્ન થાય છે, પરન્તુ જે મૂળનો જીવ છે તેજ પ્રથમના પાંદડાં રૂપે પરિણમે છે. સર્વ પ્રકારના કિસલય ઉગતાં અનન્તકાયિક કહેલા છે અને તે વધતાં પ્રત્યેક હોય છે કે અનન્તકાયિક હોય છે (૫૨).

[સાધારણ જીવોનું લક્ષણ]–એક સાથે ઉત્પન્ન થયેલા તે જીવોનો એક કાળે શરીરની નિષ્પત્તિ થાય છે, સાથે જ શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ અને સાથે જ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ હોય છે (૫૩). એકને જ જે આહારાદિ પુદ્‌ગલોનું ગ્રહણ હોય છે તેજ ઘણા સાધારણ જીવોને હોય છે અને જે બહુ જીવોને હોય છે તે પણ સંક્ષેપથી એકને હોય છે (૫૪). સાધારણ જીવોને સાધારણ આહાર અને સાધારણ શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ–એ સાધારણ જીવોનું લક્ષણ છે (૫૫). જેમ તપાવેલા લોઢાનો ગોળો તપેલા સુવર્ણના જેવો સર્વ અગ્નિપરિણત–અગ્નિથી વ્યાપ્ત થાય છે તેવી રીતે નિગોદના જીવોના સંબંધમાં જાણવું. એટલે લોઢાના ગોળા જેવા નિગોદરૂપ એક શરીરમાં અનન્ત જીવો અગ્નિની પેઠે વ્યાપ્ત થઇને રહે છે (૫૬). એક, બે, ત્રણ, યાવત્ સંખ્યાતા (કે અસંખ્યાતા) બાદર નિગોદજીવોના શરીરો જોવા શક્ય નથી, પણ અનન્ત જીવોના શરીરો દેખાય છે (૫૭), લોકાકાશના પ્રદેશ ઉપર એક એક નિગોદનો જીવ સ્થાપન કરવો. એ પ્રમાણે માન કરતા અનન્ત લોક થાય છે (૫૮). લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક એક પ્રત્યેક વનસ્પતિકાયિક જીવને સ્થાપન કરવો. એ પ્રમાણે માન કરતાં અસંખ્યાતા લોક થાય છે (૫૯). પર્યાપ્ત પ્રત્યેક જીવો

*લોકાકાશના પ્રતરના અસંખ્યાતમાં ભાગે છે, અપર્યાપ્ત પ્રત્યેક જીવો અસંખ્યાત લોકાકાશ પ્રમાણ છે, અને સાધારણ જીવો અનન્ત લોકાકાશ પ્રમાણ છે (૬૦). એમ પ્રરૂપણા કરેલા તે–બાદર જીવો આ શરીરો વડે પ્રત્યક્ષ છે. અને સૂક્ષ્મ જીવો આજ્ઞાગ્રાહ્ય છે, કારણ કે તે ચક્ષુનો વિષય થતા નથી (૬૧). તે સિવાયના બીજા તેવા પ્રકારના પ્રત્યેક કે સાધારણ હોય તે વનસ્પતિકાયપણે જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે–પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે અપર્યાપ્ત છે તે વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તેમાં જે પર્યાપ્ત છે તેઓના વર્ણાદેશ, ગન્ધાદેશ, રસાદેશ અને સ્પર્શાદેશથી હજારો ભેદો થાય છે. તેઓના સંખ્યાતા[1] લાખ યોનિપ્રવાહો છે. પર્યાપ્તને આશ્રયી અપર્યાપ્ત ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં કદાચિત્ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્ત અપર્યાપ્ત હોય છે. એ વનસ્પતિકાયિકના સંબંધમાં આ ગાથાઓ જાણવી–*

*૧ કન્દ, ૨ કન્દમૂલ, ૩ વૃક્ષમૂલ, ૪ ગુચ્છ, ૫ ગુલ્મ, ૬ વલ્લી, ૭ વેણુ–વાંસ, ૮ તૃણ, ૯ પદ્મ, ૧૦ ઉત્પલ, ૧૧ સંઘાટ, ૧૨ હઢ, ૧૩ સેવાળ, ૧૪ કૃષ્ણક, ૧૫ પનક, ૧૬ અવક, ૧૭ કચ્છ, ૧૮ ભાણી અને ૧૯ કંદુક–એઓમાં કોઈ કોઈ વનસ્પતિની ત્વચા, છાલ, પ્રવાલ, પાંદડાં, પુષ્પ, ફળ, મૂળ, અગ્ર, મધ્ય અને બીજને વિષે યોનિ હોય છે, એ પ્રમાણે સાધારણ વનસ્પતિકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, વનસ્પતિકાયિકો અને એકેન્દ્રિય જીવો કહ્યા.॥૪૫॥*

(ટી૦) હવે સાધારણવનસ્પતિકાયિકનું પ્રતિપાદન કરવા માટે સૂત્ર કહે છે—સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે કે—સાધારણશરીર બાદર વનસ્પતિકાયિકો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે—અવક, પનક–ઇત્યાદિ. તેમાં કેટલા એક સાધારણ વનસ્પતિકાયિકો અતિપ્રસિદ્ધ હોવાથી અને કેટલા એક દેશવિશેષથી સ્વયં જાણવા. ઉપર કહ્યા સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે પણ અનન્તજીવવાળા જાણવા (૧–૭). **'तृण'** ઇત્યાદિ. તૃણનું મૂળ, કન્દનું મૂળ અને વાંસનું મૂળ એઓમાં ક્યાંઇક જાતિભેદથી કે દેશભેદથી સંખ્યાત જીવો અને ક્યાંઇક અસંખ્યાતા જીવો અને ક્યાંઇક અનન્ત જીવો જાણવા (૮). **'शंगाटकस्य'** ઇત્યાદિ. શીંગોડાનો ગુચ્છ અનેકજીવવાળો જાણવો, કારણ કે તેની ત્વચા અને શાખા વગેરે અનેકજીવાત્મક છે. પરન્તુ તેમાં જે પાંદડાં છે તે એક એક જીવવાળા હોય છે. અને એક એક ફળને વિષે બબ્બે જીવો કહ્યા છે (૯). **'यस्य मूलस्य'** ઇત્યાદિ. જેનું મૂળ ભાંગવાથી [2]સમભંગ–એટલે એકાન્ત સરખો ચક્રના આકારવાળો ભંગ સ્પષ્ટરૂપે દેખાય તે મૂળ અનન્ત જીવાત્મક જાણવું. તે સિવાયના બીજાં મૂળો જે ભાંગવામાં આવ્યા ન હોય પણ તેવા પ્રકારના–ભાંગેલા મૂળના સરખા હોય તે મૂળો પણ અનન્ત જીવાત્મક જાણવા. એ પ્રમાણે કન્દ, સ્કન્ધ, ત્વચા, શાખા, પ્રવાલ, પાંદડાં, પુષ્પ, ફળ અને બીજ સંબંધી પણ નવે ગાથાઓનું વ્યાખ્યાન કરવું (૧૦–૧૯).

હવે પ્રત્યેકશરીરવાળી વનસ્પતિનું લક્ષણ કહેવાને માટે મૂળકાર દસ ગાથાઓ જણાવે છે—**'यस्य'** ઇત્યાદિ. જે મૂળને ભાંગવાથી તેના ભંગસ્થળે હીર–વિષમ છેદવાળો ખડબચડો કે પાંચાવાળો ભાગ સ્પષ્ટરૂપે જણાય તે મૂળ પ્રત્યેક જીવાત્મક જાણવું. તે સિવાયના બીજાં મૂળો જે ભાંગેલા નથી પણ તેવા પ્રકારના હીરવાળા (ખાંચાવાળા), ભાંગેલા મૂળના સરખાં હોય તે પ્રત્યેકજીવાત્મક જાણવાં. એમ કન્દાદિના સંબન્ધમાં નવે ગાથાઓ જાણવી. (૨૦–૨૯).

હવે મૂલાદિની છાલનું અનન્તકાયિકપણું જાણવા માટે લક્ષણ કહે છે—જે મૂળના કાષ્ઠ–મધ્ય ભાગમાં રહેલા ગર્ભથી તેની છાલ જાડી હોય તે અનન્તજીવાત્મક જાણવી. **'जे यावन्ना तहाविहा'** અને જે અનન્ત જીવપણે નિશ્ચિત થયેલી છાલથી

૧. દસ લાખ યોનિ પ્રત્યેક વનસ્પતિકાયિકોની અને ચૌદ લાખ યોનિ સાધારણ વનસ્પતિકાયિકોની છે. અને બન્નેની મલીને અઠ્ઠાવીસ લાખ કુલ કોટિ છે.

૨. વનસ્પતિસપ્તતિમાં સમભંગનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે—"ખડી વગેરેના ચૂર્ણ વડે બનાવેલી વર્તી–વાટનો ભંગ જેવો બધે સ્થળે સરખો હોય છે તેવો, અથવા કયારાની તરી–પોપડીના જેવો હોય તે સમભંગ જાણવો. જે હમેશાં સમભંગવાળા હોય તે અનન્તકાયિકો સમજવા. પરંતુ જે કોમળપણાથી સમભંગવાળા હોય તે અનન્તકાયિકો ન જાણવા. – જુઓ લોક પ્રકાશ ૫. ૪૦૮

બીજી છાલ પણ તેના જેવી હોય તે પણ અનન્તજીવાત્મક જાણવી. એમ કન્દ, સ્કન્ધ અને શાખા સંબંધી ત્રણે ગાથાઓનો વિચાર કરવો. (૩૦-૩૩). હવે તેજ છાલનું પ્રત્યેકજીવપણું જાણવા લક્ષણ કહે છે-'**यस्य मूलस्य**' ઇત્યાદિ ચાર ગાથાઓ છે-જે મૂલના કાષ્ઠથી મધ્યવર્તી ગર્ભથી તેની છાલ પાતળી હોય તે પ્રત્યેકજીવવાળી જાણવી. તે સિવાયની બીજી એટલે પ્રત્યેક શરીરપણે નિશ્ચિત છાલથી અન્ય છાલ હોય તે પણ પ્રત્યેકશરીર જીવવાળી સમજવી. એમ કન્દાદિ વિષે ત્રણે ગાથાઓ વિચારવી (૩૪-૩૭).

'**यस्य मूलस्य भग्नस्य समो भंग प्रदृश्यते**' જે મૂળ ભાગતાં તેનો ભંગ સરખો સ્પષ્ટરૂપે જણાય-ઇત્યાદિ અનન્તકાયનું લક્ષણ કહ્યું. તેને સ્પષ્ટપણે પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ લક્ષણ કહે છે-'**चक्कागं**' ઇત્યાદિ. જે મૂળ, સ્કન્ધ-થડ, ત્વચા, શાખા, પત્ર અને પુષ્પાદિને ભાંગતાં ભંગસ્થાન ચક્કં-ચક્રના આકારવાળું ગોળ અને તદ્દન સમ-સરખું હોય તે મૂળાદિક અનન્ત જીવાત્મક જાણવા. તથા ગ્રન્થી-ગાંઠ અથવા સામાન્ય રીતે ભંગસ્થાન ચૂર્ણ-રજથી વ્યાપ્ત હોય, અથવા જે પત્રાદિને ભાંગતાં ચક્રના આકારવાળો ભંગ અને ગ્રન્થિને સ્થાને પરાગના જેવી રજ વ્યાપ્ત થવી-એ પૂર્વોક્ત લક્ષણ સિવાય ભંગસ્થાન પૃથ્વીના સરખું હોય, તાત્પર્ય એ છે કે સૂર્યના કિરણોથી તપેલા ક્યારાની તરિના પ્રતરખંડ-પોપડીના જેવો સમ-સરખો ભંગ હોય તે અનન્ત કાયિક જાણવા. (૩૮) હવે ફરીથી બીજું લક્ષણ કહે છે-જે પત્ર-પાંદડું સક્ષીર-દૂધવાળું હોય, કે નિઃક્ષીર-દૂધવિનાનું હોય પણ ગુપ્તનસોવાળું અને પ્રનષ્ટસંધિ-જેના બે અર્ધ ભાગની વચ્ચેનો સાંધો સર્વથા ન દેખાતો હોય તે પત્ર અનન્તજીવાત્મક જાણવું (૩૯).

હવે પુષ્પાદિસંબન્ધી વિશેષતા કહે છે-પુષ્પો ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ જલજ-જળમાં ઉત્પન્ન થયેલાં સહસ્ર પત્ર વગેરે, ૨ સ્થલજ-સ્થળમાં ઉત્પન્ન થયેલાં કોરંટક વગેરેના પુષ્પો. તે પ્રત્યેકના બબ્બે ભેદ છે. કેટલાક વૃન્તબદ્ધ હોય છે. જેમકે અતિમુક્ત વગેરે, અને કેટલાક જાઇ વગેરેના પુષ્પો નાલબદ્ધ હોય છે. અહીં તેઓમાં કેટલાએક પત્રાદિની અંદર રહેલા જીવોની અપેક્ષાએ સંખ્યાતા જીવવાળાં, કેટલાએક અસંખ્યાતા જીવવાળાં અને કેટલાએક અનન્ત જીવવાળાં હોય છે, તે આગમને અનુસરીને જાણવા (૪૦). આ સંબંધી કંઇક વિશેષ બતાવે છે-તેમાં જે જાઇ વગેરેના નાલબદ્ધ પુષ્પો છે તે બધાં સંખ્યાતાબીજવાળાં તીર્થંકરગણધરોએ કહેલાં છે. થોરના પુષ્પ અનન્તજીવાત્મક છે, અને તે સિવાયના બીજાં પુષ્પો થોરના પુષ્પ જેવાં હોય તે પણ અનન્તજીવાત્મક જાણવાં (૪૧). પદ્મિનીકંદ, ઉત્પલિનીકન્દ, અન્તરકન્દ-જલમાં ઉત્પન્ન થયેલી એક જાતની વનસ્પતિનો કન્દ, ઝિલ્લિકા-વનસ્પતિવિશેષ-એ બધા ય અનન્તકાયિક છે. પરન્તુ પદ્મિન્યાદિના બિસ-નાલ અને મૃણાલ-કમલદંડ એ બન્ને એકજીવાશ્રિત છે (૪૨). પલાંડુકન્દ, લસુનકન્દ અને કંદલીકન્દ, કુસ્તુંબક-એ બધા ય પ્રત્યેકજીવાશ્રિત જાણવા. તે સિવાયના બીજા તેવા પ્રકારના એટલે અનન્તકાયિક વનસ્પતિના લક્ષણ રહિત હોય તે પણ પ્રત્યેક વનસ્પતિકાયિકો જાણવા (૪૩). પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગન્ધિક, અરવિન્દ, કોકનદ, શતપત્ર અને સહસ્રપત્રના વૃન્ત-ડીંટીયા અને તેના બહારના પાંદડાં જે પ્રાયઃ લીલાં હોય છે તે, અને પત્રના આધારરૂપ કર્ણિકા છે તે ત્રણે ય એકજીવાત્મક છે, અને જે અંદરની પાંખડીઓ, કેસર અને બીજ છે તે દરેક એક એક જીવાશ્રિત છે (૪૪). વેણુ-વાંસ, નડ-બરુ તથા ઇક્ષુવાટિકા વગેરે લોક થકી જાણી લેવા. તથા ધરો વગેરે તૃણ, અને પર્વયુક્ત (ગાંઠવાળી) વનસ્પતિ, તેઓની જે આંખ, પર્વ અને પરિમોટક-પર્વનું ચક્રાકાર-ગોળાકાર પરિવેષ્ટન હોય છે તે બધા એક જીવાશ્રિત છે. એ બધાનાં દરેક પાંદડાં એક એક જીવાત્મક હોય છે અને પુષ્પો અનેક જીવાત્મક છે (૪૫-૪૭). પૂષ્પફલ, એ પ્રમાણે કાલિંગ ફળ, તુંબીફળ, ત્રપુષ (કાકડી), એલવાલુ-ચીભડાની જાત, વાલુક-ચીભડું, ઘોષાતક-કડવા તુરીયાં, પટોલ, તેંદુક અને તિંદુસ ફળો છે, એ પ્રત્યેક ફળોનાં વૃન્ત, સમાંસ-ગર્ભસહિત કટાહ-ફળના ઉપરની છાલ એટલે વૃન્ત, ગર્ભ અને કટાહ એ ત્રણે એક જીવના છે-અર્થાત્ ત્રણે એક જીવાશ્રિત છે. તથા પૂષ્પફળથી માંડી તિંદુસ સુધીની દરેક વનસ્પતિના પાંદડાં પ્રત્યેકજીવાશ્રિત છે. એટલે એક એક જીવાશ્રિત છે. કેસર સહિત અને કેસર રહિત બીજ પણ પ્રત્યેક જીવાશ્રિત હોય છે. એટલે કેસર અને બીજો દરેક પ્રત્યેક જીવાશ્રિત છે (૪૮-૪૯). આ

[1]કુહણાદિ વનસ્પતિના ભેદો લોક થકી જાણી લેવા. એ અનન્તજીવાત્મક છે. પરન્તુ કુંદુક્કને વિષે વિકલ્પ જાણવો. કોઇક કુંદુક્ક અમુક દેશમાં અનન્તજીવાત્મક હોય છે અને કોઇક અસંખ્યાત જીવાત્મક હોય છે (૫૦).

'શું બીજનો જીવ જ મૂલાદિરૂપે પરિણત થાય છે એટલે બીજ અને મૂળાદિનો એક જ જીવ હોય છે કે બીજના જીવના ચવ્યા પછી બીજો જ જીવ મૂળાદિમાં ઉત્પન્ન થાય છે'–એ પ્રમાણે અન્યના પ્રશ્નની આશંકા કરી તેનો ઉત્તર આપે છે–યોનિભૂત–યોનિઅવસ્થાને પ્રાપ્ત થયેલા એટલે જેણે યોનિપરિણામનો ત્યાગ નથી કર્યો એવા બીજમાં તે જીવ અથવા બીજો જીવ ઉત્પન્ન થાય છે. બીજની બે અવસ્થાઓ છે–૧ યોનિઅવસ્થા અને અયોનિઅવસ્થા. તેમાં બીજ જ્યાં સુધી યોનિઅવસ્થાનો ત્યાગ કરતું નથી, પણ જીવરહિત–અચેતન થયેલું હોય છે ત્યાં સુધી તે યોનિભૂત કહેવાય છે. 'બીજ જીવરહિત થયેલું છે' તે નિશ્ચયથી જાણી શકાતું નથી, તેથી વિશિષ્ટ જ્ઞાન રહિત મનુષ્ય વડે અત્યારે સચેતન કે અચેતન હોય પણ જે અવિનષ્ટયોનિવાળું–ઉગવાની શક્તિવાળું હોય તે બીજ યોનિભૂત કહેવાય છે, અને વિનષ્ટયોનિવાળું હોય તે અવશ્ય અચેતન હોવાથી અયોનિભૂત કહેવાય છે. યોનિશબ્દનો શો અર્થ છે? અવિનષ્ટ શક્તિવાળું જીવનું ઉત્પત્તિ સ્થાન એટલે તેમાં રહેલી જીવના પરિણમનની શક્તિ સહિત હોય તે યોનિ કહેવાય છે. તે યોનિભૂત બીજમાં તેજ પૂર્વનો બીજનો જીવ અથવા અન્ય જીવ આવીને ત્યાં ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એ છે કે–બીજને ઉત્પન્ન કરનાર જીવ પોતાના આયુષ્યના ક્ષય થવાથી બીજનો ત્યાગ કરે છે. તે બીજને પાણી, કાળ અને પૃથિવીના સંયોગરૂપ સામગ્રી પ્રાપ્ત થતાં કદાચિત્ તેજ પૂર્વનો બીજજીવ મૂલાદિ સંબંધી નામ ગોત્ર બાંધીને તે બીજમાં ઉત્પન્ન થાય છે, એટલે ત્યાં આવીને મૂલાદિરૂપે પરિણત થાય છે. અને કદાચિત્ અન્ય–પૃથિવીકાયિકાદિ જીવ ત્યાં આવીને ઉપજે છે, **'योऽपि च मूले जीवः'** જે જીવ મૂળને વિષે છે એટલે મૂળરૂપે પરિણત થયેલો છે તેજ જીવ **'पत्रे प्रथमतया'** પ્રથમ પાંદડાંરૂપે પરિણત થાય છે. માટે મૂળ અને પ્રથમ પત્રનો કર્તા એક જીવ છે. પ્ર૦–જો એમ છે તો **'सव्वो वि किसलओ खलु उग्गममाणो अणंतओ भणिओ'** બધા કિસલય (કોમળ પાંદડાં) ઉગતાં અનન્તકાયિક કહેલા છે–ઇત્યાદિ નીચેની ગાથાની સાથે વિરોધ કેમ નહિ આવે? ઉ૦–અહીં બીજનો જીવ કે અન્ય જીવ બીજના મૂળપણે ઉત્પન્ન થઈને તેની ઉચ્છૂનાવસ્થા–વૃદ્ધિ કરે છે, અને ત્યાર પછી અનન્ત જીવો અવશ્ય કિસલયાવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યાર બાદ સ્થિતિના ક્ષય થવાથી તે અનન્ત જીવો ચવી જાય ત્યારે આજ મૂળનો જીવ અનન્ત જીવના શરીરને પોતાના શરીરરૂપે પરિણમાવીને પ્રથમ પાંદડાં સુધી વધે છે, માટે પૂર્વોક્ત વચનની સાથે વિરોધ આવતો નથી. બીજા આચાર્યો આ ગાથાની આ પ્રમાણે વ્યાખ્યા કરે છે–પ્રથમ પત્ર એટલે બીજની વૃદ્ધિની અવસ્થા, તેથી મૂળ અને પ્રથમ પાંદડાનો કર્તા એક જીવ છે. તાત્પર્ય એ છે કે 'મૂળ અને સમુચ્છૂનાવસ્થા–વૃદ્ધિની અવસ્થાનો કર્તા એક જીવ છે'–એ નિયમ બતાવવાને માટે કહ્યું છે કે–'મૂળ અને સમુચ્છૂનાવસ્થા–વૃદ્ધિની અવસ્થા બન્ને એક જીવવડે અવશ્ય પરિણમાવેલાં હોય છે, બાકીના કિસલયાદિનો આવિર્ભાવ અવશ્ય મૂળના જીવના પરિણામથી થયેલો હોતો નથી.' તેથી 'બધાં કિસલય ઉગતાં અનંતકાયિક હોય છે' ઇત્યાદિ ગાથા કહેવાની છે તેની સાથે આ બાબતનો વિરોધ નથી. કારણ કે મૂળ અને વૃદ્ધિની અવસ્થાની ઉત્પત્તિકાળે કિસલયપણું નથી. શું પ્રત્યેક વનસ્પતિકાયિકનું સર્વદા શરીરાવસ્થાને આશ્રયી પ્રત્યેકશરીર વનસ્પતિકાયિકપણું છે કે કોઈ અવસ્થામાં અનન્તકાયિકપણું પણ છે? તેમજ સાધારણ વનસ્પતિકાયિકનું પણ હમેશાં અનન્તકાયિકપણું છે કે કદાચિત્ પ્રત્યેક વનસ્પતિકાયિકપણું પણ સંભવે છે? તેના ઉત્તરમાં **'सव्वो वि'** ઇત્યાદિ ગાથા કહે છે. અહીં સર્વ શબ્દ અપરિશેષ–સમસ્તવાચી છે. સમસ્ત પ્રકારના પ્રત્યેક કે સાધારણ વનસ્પતિકાય કિસલયાવસ્થાને પ્રાપ્ત થયેલા હોય ત્યારે તીર્થંકર અને ગણધરોએ અનન્તકાયિક કહેલા છે, અને તે કિસલયરૂપ અનન્તકાયિક વૃદ્ધિ પામતા અનન્તકાયિક થાય કે પ્રત્યેક વનસ્પતિકાયિકરૂપ થાય છે. એટલે કે જો સાધારણ શરીર કરવાનું હોય તો સાધારણ થાય અને પ્રત્યેકશરીર કરવાનું હોય તો પ્રત્યેક થાય. કેટલા કાળ પછી પ્રત્યેક થાય? અન્તર્મુહૂર્ત પછી થાય.

---

૧ કુહણા સંબંધી લોકપ્રકાશમાં કહ્યું છે કે–''कुहणा अपि बोद्धव्या नामान्तरतिरोहिताः। स्फुटा देशविशेषेशेषु चतुर्थोपांगदर्शिताः''। કુહણા અમુક દેશમાં પ્રસિદ્ધ છે. પણ તેના બીજા નામો વડે ઓળખાતા નથી, અને તે ચોથા ઉપાંગ પન્નવણામાં બતાવ્યા છે. જુઓ પત્ર ૪૧૮.

તે આ પ્રમાણે–નિગોદના જીવોની ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત કાળની સ્થિતિ કહી છે, અને ત્યારબાદ વધતા તે પ્રત્યેકરૂપે થાય છે.

'સમકં' એક કાળે ઉત્પન્ન થયેલા સાધારણ વનસ્પતિકાયિકોની–એક કાળે શરીરની ઉત્પત્તિ થાય છે, એક સાથે પ્રાણાપાનગ્રહણ–શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ થાય છે, ત્યાર બાદ એક કાળે ઉચ્છ્વાસ–નિઃશ્વાસ હોય છે (૫૩). એક સાધારણવનસ્પતિકાયિક જીવને જે આહારાદિ પુદ્‌ગલોનું ગ્રહણ થાય છે તેજ ઘણા સાધારણ જીવોને સમજવું. તાત્પર્ય એ છે કે જે આહારાદિકને એક જીવ ગ્રહણ કરે છે તેના શરીરને આશ્રયી રહેલા બાકીના ઘણા જીવો પણ તેજ આહારાદિ ગ્રહણ કરે છે, અને ઘણા જીવોને જે આહારાદિનું ગ્રહણ થાય છે તે સંક્ષેપથી–એક શરીરમાં સમાવેશ હોવાથી એકને પણ ગ્રહણ થાય છે (૫૪). ઉપર કહેલી બાબતનો ઉપસંહાર કરતા કહે છે–'સાધારણ' ઇત્યાદિ. એક શરીરાશ્રિત બધાય જીવોનો ઉપર કહ્યા પ્રમાણે જે સાધારણ આહાર–આહાર યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ, સાધારણ શ્વાસોચ્છ્વાસયોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ, ઉપલક્ષણથી સાધારણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ અને સાધારણ શરીરની ઉત્પત્તિ તે સાધારણ જીવોનું લક્ષણ જાણવું (૫૫). હવે એક નિગોદશરીરને વિષે અનન્ત જીવો પરિણત થયેલા હોય છે તેમ જે રીતે પ્રતીતિમાં આવે તેવી રીતે પ્રતિપાદન કરે છે–જેમ તપાવેલા લોઢાનો ગોળો તપ્ત સુવર્ણની જેમ બધી અગ્નિથી પરિણત થાય છે. તેમ નિગોદના જીવોને જાણો. એટલે તેવી રીતે નિગોદરૂપ પણ એક એક શરીરમાં તે શરીરરૂપે પરિણત થયેલા અનન્ત જીવોને જાણો (૫૬). એમ છતાં એક, બે, ત્રણ, યાવત્ સંખ્યાતા અને (વા શબ્દથી) અસંખ્યાતા નિગોદ જીવોના શરીરો જોઈ શકવા યોગ્ય નથી, કારણ કે તેવા પ્રકારના શરીરોનો અભાવ છે. એક, બે, ત્રણ, સંખ્યાતા કે અસંખ્યાતા જીવોએ ગ્રહણ કરેલા અનન્ત વનસ્પતિકાયિકના શરીરો નથી પણ અનન્ત જીવોના પિંડરૂપ હોય છે. તો પછી શી રીતે દેખી શકાય? તેના ઉત્તરમાં કહે છે–'દીસંતી' ઇત્યાદિ–બાદર અનન્ત નિગોદ જીવોના શરીરો દેખી શકાય છે, પણ સૂક્ષ્મ નિગોદજીવોના શરીરો દેખાતા નથી. કેમકે તેઓના શરીરો અનન્ત જીવોના સંઘાતરૂપ હોવા છતાં પણ દેખી શકાય તેવા સ્વભાવવાળાં નથી. કારણ કે તેવા પ્રકારના સૂક્ષ્મ પરિણામ વડે પરિણત થયેલાં છે. પ્ર૦–શી રીતે જાણી શકાય કે નિગોદરૂપ શરીરો અનન્ત જીવોના પરિણામથી પરિણત થયેલાં છે? ગુરુ કહે છે કે જિનવચનથી જ જાણી શકાય છે. અને તે આ પ્રમાણે છે–"**गोला य असंखेज्जा होंति निगोया असंखया गोले। एक्केको य निगोओ अणंतजीवो मुणेयव्वो**"॥ અસંખ્યાતા ગોળા છે, એ ગોળામાં અસંખ્યાતી નિગોદો છે અને એક એક નિગોદ[1] અનન્ત જીવાત્મક જાણવી.

હવે એ નિગોદના જીવોનું પ્રમાણ બતાવે છે–એક એક લોકાકાશના પ્રદેશ ઉપર એક એક નિગોદનો જીવ સ્થાપન કરવો. એ રીતે માન કરતાં નિગોદના જીવો અનન્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણ થાય છે. હવે પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોનું પ્રમાણ કહે છે–એક એક લોકાકાશના પ્રદેશ ઉપર એક એક પ્રત્યેક વનસ્પતિના જીવનો સ્થાપન કરવો. અને એ રીતે માન કરતાં પ્રત્યેક વનસ્પતિના જીવો અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ થાય છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ જીવોનું પ્રમાણ બતાવે છે–[2]ઘનરૂપે કલ્પેલા લોકની પ્રતર શ્રેણિના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો હોય તેટલા પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાયિક જીવો છે, અને અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિના જીવો અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ

---

૧. સાધારણ વનસ્પતિના શરીરને નિગોદ કહે છે.

૨. "**चउदसरज्जू लोगो बुद्धिकओ होइ सत्तरज्जुघणो। तद्दीहएगपएसा सेढी पयरो य तव्वग्गो**"॥ લોક ઉંચાઇમાં ચૌદ રજ્જુ–રાજ પ્રમાણ છે અને નીચે કંઈક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ પહોળો છે. અને પછી ઘટતો ઘટતો તીરછા લોકના મધ્ય ભાગમાં તેનો વિસ્તાર એક રજ્જુ પ્રમાણ છે. ત્યાર બાદ ક્રમશઃ વૃદ્ધિ પામતો બ્રહ્મલોકના મધ્ય ભાગમાં પાંચ રજ્જુ પહોળો છે અને પછી ઘટતો ઉપર લોકાન્તે એક રજ્જુ પ્રમાણ છે. તેથી તેની આકૃતિ કેડ ઉપર હાથ મૂકી પહોળા પગ કરી ઉભા રહેલા પુરુષના જેવી થાય છે, આ પ્રકારના લોકનો બુદ્ધિથી–કલ્પનાથી ઘન કરતા ચતુષ્કોણ લંબાઇ, પહોળાઇ અને જાડાઇમાં સાત રજ્જુ પ્રમાણ થાય છે. એ પ્રમાણે ઘનીકૃત લોક પ્રમાણ દીર્ઘ–લાંબી એક એક આકાશ પ્રદેશની પંક્તિ તે સૂચિ શ્રેણિ કહેવાય છે. અને તે સૂચિ શ્રેણિનો વર્ગ કરવો એટલે સૂચિ શ્રેણિના આકાશ પ્રદેશોને તેટલી સંખ્યાએ ગુણવા એટલે પ્રતર કહેવાય છે. જેમ કે અસત્કલ્પનાએ ત્રણ પ્રદેશની સૂચિ શ્રેણિને ત્રણે ગુણતાં નવ પ્રદેશનો પ્રતર થાય છે. જુઓ–કર્મગ્રંથ શતક ગા. ૯૭.

હોય છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત સાધારણ વનસ્પતિકાયિક જીવોનું પ્રમાણ અનન્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણ હોય છે. **'जे यावन्ने तहप्पगारा'** તે સિવાયના બીજા જે અહીં કહ્યા નથી, પરન્તુ તેવા પ્રકારના હોય એટલે પ્રત્યેક વનસ્પતિરૂપે હોય કે સાધારણ વનસ્પતિરૂપે હોય તે પણ વનસ્પતિકાયપણે જાણવા. 'તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે' ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. પરન્તુ જ્યાં એક બાદર પર્યાપ્ત જીવ છે ત્યાં તેને આશ્રયી અપર્યાપ્ત જીવો કદાચિત્ સંખ્યાતા, કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા હોય છે. પ્રત્યેક વનસ્પતિકાયિકો સંખ્યાતા કે અસંખ્યાતા હોય છે, અને સાધારણ વનસ્પતિકાયિક તો અવશ્ય અનન્તા હોય છે.

આ સાધારણ અને પ્રત્યેકરૂપ અમુક વનસ્પતિની વિશેષતા જણાવનારી આ ગાથાઓ અહીં બતાવે છે-'કંદા ય' ઇત્યાદિ ત્રણ ગાથાઓ છે-કન્દ-સૂરણ કંદાદિ, કંદમૂલો અને વૃક્ષમૂલો એ સાધારણ વનસ્પતિવિશેષ છે. ગુચ્છો, ગુલ્મો અને વલ્લીઓ પ્રસિદ્ધ છે. વેણુ-વાંસ, તૃણ-અર્જુનાદિ જાણવા. પદ્મ, ઉત્પલ અને શીંગોડાં વગેરે પ્રસિદ્ધ છે. 'હઢ' જલમાં થતી એક જાતની વનસ્પતિ છે. સેવાલ પ્રસિદ્ધ છે. કૃષ્ણ, પનક, અવક, કચ્છ, ભાણી અને કન્દુક એ એક જાતની સાધારણ વનસ્પતિ છે. આ ઉપર કહેલી ઓગણીશ વનસ્પતિઓમાં કોઇની પણ ત્વચાદિકમાંની કોઇ કોઇ પણ યોનિ (ઉત્પત્તિ સ્થાન) હોય છે. તાત્પર્ય એ છે કે-કોઇની ત્વચા, યોનિ હોય છે, કોઇની છાલ, યાવત્ કોઈનું મૂળ, કોઇનો અગ્રભાગ, કોઇનો મધ્યભાગ અને કોઇનું બીજ યોનિરૂપ હોય છે. 'સે ત્તં' ઇત્યાદિ. એ પ્રમાણે ચારે નિગમનો સુગમ છે. એ પ્રમાણે એકેન્દ્રિય જીવો કહ્યા. ॥૪૫॥

## ।। बेइंदियजीव पण्णवणा ।।

**से किं तं बेइंदिया? बेइंदिया अणेगविहा पन्नत्ता। [से किं तं बेइंदियसंसारसमावण्णजीव पण्णवणा? बेइंदियसंसारसमावण्णजीव पण्णवणा] तं जहा-पुलाकिमिया, कुच्छिकिमिया, गंडूयलगा, गोलोमा, [1]णउरा, सोमंगलगा, वंसीमुहा, सूईमुहा, गोजलोया, जलोया, जालाउया, संखा, संखणगा, घुल्ला, खुल्ला, [गुलया, खंधा] वराडा, सोत्तिया, मोत्तिया, कलुया वासा, एगओवत्ता, दुहओवत्ता, नंदियावत्ता, संबुक्का, [2]माईवाहा, सिप्पिसंपुडा, चंदणा, समुद्दलिक्खा, जे यावऽन्ने तहप्पगारा। सव्वे ते समुच्छिमा नपुंसगा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। एएसि णं एवमाइयाणं बेइंदियाणं पज्जत्तापज्जत्ताणं सत्त जाइकुलकोडिजोणीप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं। से त्तं बेइंदिय-संसारसमावन्न-जीवपन्नवणा।।सू०-४६।।**

*(મૂ૦) બેઇન્દ્રિય જીવો કેટલા પ્રકારના કહ્યા છે? બેઇન્દ્રિય જીવો અનેક પ્રકારના કહ્યા છે-તે આ પ્રમાણે-પુલાકિમિયા, કુક્ષિકૃમિ, ગંડૂયલગ-ગંડોલા-મોટા કૃમિ, ગોલોમ, ણઉર, સોમંગલગ, વંસીમુખ, સૂચિમુખ, ગોજલૌકા, જલૌકા, જાલાઉય, શંખ, શંખનક-શંખલા, ઘુલ્લા, ખુલ્લા, ગુલયા, ખંધ, વરાટ-કોડા, શૌક્તિક, મૌક્તિક, કલુયાવાસ, એકત આવર્ત, દ્વિધાડડવર્ત, નંદિકાડડવર્ત, સંબુક્ક-શંબુક, માતૃવાહ, શુક્તિસંપુટ, ચંદનક, સમુદ્રલિક્ષા, અને તે સિવાય બીજા તેવા પ્રકારના હોય તે. તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-પર્યાપ્ત અને અપર્યાપ્ત. એ પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિયોના સાત લાખ કોડ કુલો યોનિપ્રમુખ-યોનિથી ઉત્પન્ન થયેલાં હોય છે-એમ કહ્યું છે. એ પ્રમાણે બેઇન્દ્રિય સંસારી જીવો કહ્યા. ॥૪૬॥*

(ટી૦) હવે બેઇન્દ્રિય જીવોનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે-બેઇન્દ્રિય જીવો કેટલા પ્રકારે છે? આચાર્ય ઉત્તર આપે છે કે બેઇન્દ્રિયો અનેક પ્રકારના કહ્યા છે-**'पुलाकिमिया'** વગેરે. પુલાકિમિયા-ગુદાના ભાગમાં ઉત્પન્ન થયેલા કૃમિ. કુક્ષિ-ઉદરમાં ઉત્પન્ન થયેલા તે કુક્ષિકૃમિ. શંખ-સમુદ્રમાં ઉત્પન્ન થયેલા પ્રસિદ્ધ છે. શંખનક-નાના શંખ, જેને શંખલા કહે છે.

१. णेउरा आ. स.; २. माइवाहा

धुल्ला-धुल्लिका, खुल्ला-क्षुद्र નાના શંખ, કે જે સમુદ્રમાં શંખની આકૃતિવાળા હોય છે. વરાટ-કોડા, શુક્તિસંપુટ-સંપુટરૂપે છીપો હોય છે તે, ચંદનક-અક્ષ, સાધુઓ સ્થાપનાચાર્ય તરીકે રાખે છે તે. બાકીના બેઇન્દ્રિયો સંપ્રદાય-પરંપરાને અનુસરીને જાણવા. 'जे यावन्ने तहप्पगारा' તે સિવાયના બીજા તેવા પ્રકારના જે મૃત કલેવરમાં ઉત્પન્ન થયેલા કૃમિ વગેરે હોય તે બધા બેઇન્દ્રિયો જાણવા. તે સંમૂર્ચ્છિમ છે અને સંમૂર્ચ્છિમ હોવાથી જ નપુંસક હોય છે. કારણ કે સંમૂર્ચ્છિમો અવશ્ય નપુંસક હોય છે. 'नारकसंमूर्च्छिनो नपुंसकानि' (ત૦ અ૦ ૨ સૂ. ૫૦) નારક અને સંમૂર્ચ્છિમ નપુંસક હોય છે-એવું તત્ત્વાર્થસૂત્રનું વચન છે. તે બેઇન્દ્રિયો 'समासत:' સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-પર્યાપ્તા અને અપર્યાપ્તા, ચ શબ્દ યોનિ અને કુલના ભેદથી પોતાના અનેક ભેદોનો સૂચક છે. પુલાકૃમિ વગેરે પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા (બેઇંદ્રિયોની બે લાખ યોનિ અને) બેઇન્દ્રિયોના બધા મળીને યોનિપ્રમુખ-યોનિથી ઉત્પન્ન થયેલાં સાત લાખ ક્રોડ જાતિકુલો હોય છે-એમ તીર્થંકરોએ કહ્યું છે. અહીં તાત્પર્ય આ છે-જાતિ, કુલ અને યોનિના સ્વરૂપને જાણવા માટે પૂર્વાચાર્યોએ સ્થૂલ ઉદાહરણ બતાવ્યું છે. તે આ પ્રમાણે-જાતિ એટલે તિર્યંચગતિ, તેના કુલો-કૃમિકુલ, કીડાઓનું કુલ, વીંછીનું કુલ વગેરે. આ કુલો યોનિપ્રમુખ-યોનિથી ઉત્પન્ન થયેલાં છે. તે આ પ્રમાણે-એકજ યોનિમાં અનેક કુલો હોય છે. જેમકે છાણની યોનિમાં કૃમિકુલ, કીડાનું કુલ, વીંછીનું કુલ વગેરે. અથવા 'જાતિકુલ' એ એક પદ છે. જાતિકુલ અને યોનિમાં પરસ્પર ભેદ છે. કારણ કે એક પણ યોનિમાં અનેક જાતિકુલનો સંભવ છે. જેમકે એકજ યોનિમાં કૃમિજાતિકુલ, કીટજાતિકુલ, વૃશ્ચિકજાતિકુલ વગેરે હોય છે. એ પ્રમાણે એકજ યોનિમાં અવાન્તર-પેટાજાતિભેદો હોવાથી યોનિથી ઉત્પન્ન થયેલાં અનેક જાતિકુલો સંભવે છે, માટે બેઇન્દ્રિયોના સાત લાખ ક્રોડ જાતિકુલો ઘટે છે. ઉપસંહાર કહે છે-એ પ્રમાણે બેઇન્દ્રિય સંસારી જીવો કહ્યા. ॥૪૬॥

## ।। तेइंदियजीव पण्णवणा ।।

**से किं तं तेइंदिय-संसारसमावन्न-जीवपन्नवणा? तेइंदिया-संसारसमावन्न-जीवपन्नवणा अणेगविहा पन्नत्ता। तं जहा-ओवइया, रोहिणिया, कुंथू, पिपीलिया, उद्दंसगा, उद्देहिया, उक्कलिया, उप्पाया, उप्पडा, तणाहारा, कट्ठाहारा, मालुया, पत्ताहारा, तणविंटिया, पत्तविंटिया, पुप्फविंटिया, फलविंटिया, बीयविंटिया, [1]तेबुरणमिंजिया, [2]तउसमिंजिया, कप्पासट्ठिसमिंजिया, हिल्लिया, [3]झिल्लिया, झिंगिरा, किंगिरिडा, [4]बाहुया[पाहुया], लहुया, सुभगा, सोवत्थि[च्छि]या, सुयविंटा, इंदकाइया, इंदगोवया, [5]तुरुतुंबगा[उरुलुंचगा], कुच्छलवाहगा[कोत्थलवाहगा], जूया, हालाहला, पिसुया, सयवाइया, गोम्ही, हत्थिसोंडा, जे यावऽन्ने तहप्पगारा। सव्वे ते संमुच्छिमा नपुंसगा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। एएसि णं एवमाइयाणं तेइंदियाणं पज्जत्तापज्जत्ताणं अट्ठ जाई कुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं। से त्तं तेइंदिय-संसारसमावन्न-जीवपन्नवणा ।सू०-४७।।**

*(મૂ૦) તેઇન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? તેઇન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે-ઔપયિક, રોહિણિય, કુંથુ, પિપીલિકા (કીડી), ઉદ્દંસગ-ડાંસ, ઉદ્દેહિકા-ઉદ્ધઈ, ઉક્કલિયા, ઉપ્પાય-ઉત્પાદ, ઉપ્પાડ, ઉત્પાટક, તણાહાર (તૃણાહાર), કટ્ઠાહાર (કાષ્ઠાહાર), માલુકા, પત્તાહાર (પત્રાહાર), તણબેંટિય, પત્તવેંટિય, પુષ્પવેંટિય, ફલબેંટિય, બીજબેંટિય, તેબુરણમિંજિયા, તઓસિમિંજિય, કપ્પાસટ્ઠિમિંજિય, હિલ્લિય, ઝિલ્લિય, ઝિંગિર, કિંગિરિડ, બાહુય, લહુય, સુભગ, સોવત્થિય-સૌવસ્તિક, સુયબેંટ, ઈંદકાઈઅ-ઈન્દ્રકાયિક, ઈન્દગોવય-ઈન્દ્રગોપ, તુરુતુંબગ, કુચ્છલબાહગ, જૂયા-જૂ, હાલાહલ, પિસુય, સયવાઈય-શતપાદિકા, ગોમ્હી (કાનખજૂરા), હત્થિસોંડ-*

१. तेउरणमज्जिया શાં. સા.; २. तेओस मिंजिया શાં. સા.; ३. झल्लिया શાં. સા.; ४. पाहुया શાં. સા.; ५. उरुतुंभुगा શાં. સા. विंटिया ના સ્થાને बेंटिया પાઠ આગમોદય સમિતિની પુસ્તકોમાં છે.

*હસ્તિશૌંડ અને તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક હોય છે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત અને અપર્યાપ્ત. પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા પ્રકારના એ તેઇન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન થયેલાં આઠ લાખ ક્રોડ જાતિકુલો હોય છે–એ પ્રમાણે કહ્યું છે. તે પ્રમાણે તેઇન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કહી. ॥૪૭॥*

(ટી૦) હવે તેઇન્દ્રિય સંસારી જીવોનું નિરૂપણ કરવા માટે સૂત્રકાર કહે છે–તેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? ભગવાન્ કહે છે કે તેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના અનેક પ્રકારની છે. તેને '**तं जहा**'–ઇત્યાદિ વડે બતાવે છે–આ ઔપયિક પ્રમુખ તેઇન્દ્રિય જીવો દેશવિશેષથી કે લોક થકી જાણી લેવા. પરન્તુ '**गोम्ही**' કર્ણશૃગાલિકા–કાનખજૂરો સમજવો. '**जे यावन्ने तहप्पगारा**' તે સિવાય બીજા જે તેવા પ્રકારના હોય તે તેઇન્દ્રિયો જાણવા. 'તે બધા સંમૂર્છિમ અને નપુંસક છે'–ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. એ ઔપયિકપ્રમુખ પર્યાપ્ત અપર્યાપ્ત તેઇન્દ્રિય જીવો (ની બે લાખ યોનિ અને) બધા મળીને યોનિથી ઉત્પન્ન થયેલા આઠ લાખ ક્રોડ જાતિકુલો હોય છે–એમ તીર્થંકરોએ કહ્યું છે. ઉપસંહાર કહે છે–એમ તેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના કહી. ॥૪૭॥

## ।। चउरिंदियजीव पण्णवणा ।।

**से किं तं चउरिंदिय-संसारसमावन्न-जीवपन्नवणा? चउरिंदिया-संसारसमावन्न-जीवपन्नवणा अणेगविहा पन्नत्ता। तं जहा-अंधिय-पत्तिय[णेत्तिय]-मच्छिय-मसगा कीडे[मगमिगकिडे] तह पयंगे य। ढंकुण-कुक्कुड-कुक्कुह-नंदावत्ते य सिंगिरडे।। किण्हपत्ता, नीलपत्ता, लोहियपत्ता, हालिद्दपत्ता, सुक्किल्लपत्ता, चित्तपक्खा, विचित्तपक्खा, ओभंजलिया, जलचारिया, गंभीरा, णीणिया, तंतवा, अच्छिरोडा, अच्छिवेहा, सारंगा, नेउरा[णेउला], दोला, भमरा, भरिली, जरुला, तोट्टा[तोट्टा], विंछुया[विच्छुता], पत्तविच्छुया, छाणविच्छुया, जलविच्छुया, पियंगाला, कणगा[कणभागा], गोमयकीडा, जे याऽवन्ने तहप्पगारा। सव्वे ते संमुच्छिमा नपुंसगा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। एएसि णं एवमाइयाणं चउरिंदियाणं पज्जत्ता-ऽपज्जत्ताणं नव जाइकुलकोडिजोणिप्पमुहसयसहस्साइं भवंतीति मक्खायं। से त्तं चउरिंदिय-संसारसमावन्न-जीवपन्नवणा।।सू०-४८।।**

*(મૂ૦) ચઉરિન્દ્રિય–સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? ચઉરિન્દ્રિય–સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે–અંધિય, પત્તિય, મક્ષિકા, મશક (મચ્છર), કીટ, પતંગ, ઢંકુણ (બગાઇ), કુક્કડ, કુક્કુહ, નંદાવર્ત, સિંગિરડ, કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, શુક્લપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓહંજલિયા, જલચારિકા, ગંભીર, ણીણિય, તંતવ, અચ્છિરોડ, અક્ષિવેધ, સારંગ, નેઉર, દોલા, ભ્રમર, ભરિલી, જરુલા, તોટ્ટા, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જલવિંછી, પિયંગાલ, કણગ, ગોમયકીડા, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. તે બધા સંમૂર્ચ્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત અને અપર્યાપ્ત. એ પૂર્વોક્ત પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન થયેલાં નવ લાખ ક્રોડ જાતિકુલો છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સંસારી જીવપ્રજ્ઞાપના કહી. ॥૪૮॥*

(ટી૦) હવે ચઉરિન્દ્રિય–સંસારસમાપન્ન–જીવપ્રજ્ઞાપના કહે છે–'**से किं तं**' ઇત્યાદિ. આ ચઉરિન્દ્રિય જીવો લોક થકી જાણી લેવા. પર્યાપ્ત અને અપર્યાપ્ત એ (ચઉરિન્દ્રિયની બે લાખ યોનિ અને) ચઉરિન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન થયેલાં નવ લાખ ક્રોડ જાતિકુલો હોય છે. બાકીનો અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. ઉપસંહાર કહે છે–'એ પ્રમાણે ચઉરિન્દ્રિય સંસારી જીવની પ્રજ્ઞાપના કહી.' ॥૪૮॥

## ।। पंचिंदियजीव पण्णवणा ।।

**से किं तं पंचेन्दिय-संसारसमावन्न-जीवपन्नवणा? पंचेन्दिया-संसारसमावन्न-जीवपन्नवणा चउव्विहा पन्नत्ता। तंजहा-नेरइयपंचिंदिय-संसारसमावन्न-जीवपन्नवणा, तिरिक्खजोणियपंचिन्दिय-संसारसमावन्न-जीवपन्नवणा, मणुस्सपंचिन्दिय-संसारसमावन्न-जीवपन्नवणा, देवपंचिन्दिय-संसारसमावन्न-जीवपन्नवणा।।सू०-४९।।**

*(મૂ૦) પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે- ૧ નૈરયિક-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના, ૨ તિર્યંચયોનિક-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના, ૩ મનુષ્ય-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના અને ૪ દેવ-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના. ॥૪૯॥*

(ટી૦) હવે પંચેન્દ્રિય સંસારી જીવનું સ્વરૂપ કહે છે-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે? સૂરિ કહે છે-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-'नैरयिक' ઇત્યાદિ. અય-ઇષ્ટ ફળ આપનાર કર્મ, તે જેથી ગયું છે તે નિરય એટલે નરકાવાસો. તેને વિષે રહેલા તે નૈરયિકો, તેવા પંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવોની પ્રજ્ઞાપના-પ્રરૂપણા કરવી તે નૈરયિક-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના. अञ्च् ધાતુ ગત્યર્થક છે. 'तिरोऽञ्चति' જે તીરછા-વાંકા ચાલે તે તિર્યંચ, તેઓની યોનિ-ઉત્પત્તિસ્થાન તે તિર્યગ્યોનિ, તેમાં રહેલા તે તૈર્યગ્યોનિ, એવા પંચેન્દ્રિય સંસારી જીવોની પ્રરૂપણા તે તૈર્યગ્યોનિક સંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપના. મનુ શબ્દ મનુષ્યનો વાચક છે. જેમકે રાજન્ શબ્દ રાજન્યનો વાચક છે. મનુના અપત્ય તે મનુષ્યો, અહીં ય પ્રત્યય જાતિ અર્થમાં થયેલો હોવાથી મનુષ્ય શબ્દ રાજન્ય શબ્દની પેઠે જાતિવાચક છે. એવા મનુષ્ય પંચેન્દ્રિયસંસારી જીવોની પ્રરૂપણા તે મનુષ્ય-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના. 'दीव्यन्ति'-જે સ્વચ્છાએ ક્રીડા કરે તે દેવો, તે ભવનપતિ વગેરે જાણવા. એવા પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોની પ્રજ્ઞાપના તે દેવ-પંચેન્દ્રિય-સંસારસમાપન્ન-જીવપ્રજ્ઞાપના. ॥૪૯॥

## ।। नेरइयजीव पण्णवणा ।।

**से किं तं नेरइया? नेरइया सत्तविहा पन्नत्ता। तं जहा-१ रयणप्पभापुढविनेरइया, २ सक्करप्पभापुढविनेरइया, ३ वालुयप्पभापुढविनेरइया, ४ पंकप्पभापुढविनेरइया, ५ धूमप्पभापुढविनेरइया, ६ तमप्पभापुढविनेरइया। ७ तमतमप्पभापुढविनेरइया। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं नेरइया ।।सू०-५०।।**

*(મૂ૦) નૈરયિકો કેટલા પ્રકારના છે? નૈરયિકો સાત પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ રત્નપ્રભાપૃથિવીનૈરયિકો, ૨ શર્કરાપ્રભા પૃથિવીનૈરયિકો, ૩ વાલુકાપ્રભા પૃથિવીનૈરયિકો, ૪ પંકપ્રભા પૃથિવીનૈરયિકો, ૫ ધૂમપ્રભા પૃથિવીનૈરયિકો, ૬ તમઃપ્રભા પૃથિવીનૈરયિકો, ૭ તમઃતમઃપ્રભા પૃથિવીનૈરયિકો. તે સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ નૈરયિકો કહ્યા. ॥૫૦॥*

(ટી૦) હવે નૈરયિકોનું સ્વરૂપ પ્રતિપાદન કરવા માટે પ્રશ્ન અને ઉત્તર સૂત્ર કહે છે-'से किं तं' ઇત્યાદિ. નૈરયિકો પૃથિવીના ભેદથી સાત પ્રકારના છે, બીજી રીતે તો તેના ઘણા ભેદો થઇ શકે. માટે પૃથિવીના ભેદથી તેના સાત પ્રકાર બતાવે છે-'તં જહા' ઇત્યાદિ. રત્નપ્રભાપૃથિવીનૈરયિકો વગેરે. રત્ન-વજ્ર, વૈડૂર્ય વગેરે, પ્રભા શબ્દ અહીં બધે સ્થળે સ્વભાવવાચક છે. તેથી રત્નો જેવી પ્રભા-સ્વરૂપ છે તે રત્નપ્રભા, એટલે રત્નપ્રચુર-બહુ પ્રકારના રત્નોવાળી, રત્નમયી પૃથિવી. તેમાં રહેલા નૈરયિકો તે રત્નપ્રભાપૃથિવીનૈરયિકો કહેવાય છે. એ પ્રમાણે શર્કરાપ્રભાપૃથિવીનૈરયિકો વગેરે સંબંધી જાણવું.[1] ॥૫૦॥

---

૧. નૈરયિકોની ચાર લાખ યોનિ છે અને પચ્ચીસ લાખ ક્રોડ જાતિ કુલ છે.

## ।। तिरिक्खजोणियजीव पण्णवणा ।।

**से किं तं पंचिदिया तिरिक्खजोणिया? पंचिंदियतिरिक्खजोणिया तिविहा पन्नत्ता। तं जहा-१ जलयरपंचिंदिय-तिरिक्खजोणिया २ थलयरपंचिंदियतिरिक्खजोणिया ३ खहयरपंचिन्दियतिरिक्खजोणिया ।।सू०-५२।।**

*(મૂ૦) પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે? પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-૧ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, ૨ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, ૩ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો.।।૫૨।।*

(ટી૦) હવે ઉદ્દેશના ક્રમને અનુસરી તિર્યંચ પંચેન્દ્રિયોનું સ્વરૂપ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે-પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે-પંચેન્દ્રિય તિર્યંચો ત્રણ પ્રકારના છે-જલચર ઇત્યાદિ. 'जले चरन्ति' પાણીમાં ફરે તે જલચર. **'स्थले चरन्ति'** સ્થલને વિષે ફરે તે સ્થલચર, खे-आकाशे चरन्ति ખ-આકાશને વિષે ચાલે તે ખેચર. પ્રાકૃત હોવાથી અને આર્ષ હોવાથી મૂળ સૂત્રમાં **'खहयर'** એવો પાઠ છે. ત્યાર બાદ પંચેન્દ્રિય તિર્યગ્યોનિક શબ્દની સાથે વિશેષણ સમાસ કરવો. ।।૫૨।।

**से किं तं जलयरपंचिन्दियतिरिक्खजोणिया? जलयरपंचिन्दियतिरिक्खजोणिया पंचविहा पन्नत्ता। तं जहा-१ मच्छा, २ कच्छभा, ३ गाहा, ४ मगरा, ५ सुंसुमारा। से किं तं मच्छा? मच्छा अणेगविहा पन्नत्ता। तं जहा-सण्हमच्छा, खवल्लमच्छा, जुंगमच्छा[जुगमच्छा], विज्झिडियमच्छा, हलिमच्छा, मग[ग्ग]रिमच्छा, रोहिय[लोहिय]मच्छा, हलीसागरा, गागरा, वडा, वडगरा, [गब्भया, उसगारा,] तिमी, तिमिंगिला, णक्का, तंदुलमच्छा, कणिक्कामच्छा, सालि, सत्थि[च्छि]यामच्छा, लंभणमच्छा, पडागा, पडागाइपडागा, जे याऽवन्ने तहप्पगारा। से त्तं मच्छा। से किं तं कच्छभा? कच्छभा दुविहा पन्नत्ता। तं जहा-अट्ठिकच्छभा य मंसकच्छभा य। से त्तं कच्छभा। से किं तं गाहा? गाहा पंचविहा पन्नत्ता। तं जहा-१ दिली, २ वेढगा, ३ मुद्धया, ४ पुलगा, ५ सीमागारा। से त्तं गाहा। से किं तं मगरा? मगरा दुविहा पन्नत्ता। तं जहा-१ सोंडमगरा य २ मट्ठमगरा य। से त्तं मगरा। से किं तं सुंसुमारा? सुंसुमारा एगागारा पन्नत्ता। से त्तं सुंसुमारा। जे यावऽन्ने तहप्पगारा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-समुच्छिमा य गब्भवकंतिया य। तत्थ णं जे ते संमुच्छिमा ते सव्वे नपुंसगा। तत्थ णं जे ते गब्भवक्कंतिया ते तिविहा पन्नत्ता। तं जहा-इत्थी, पुरिसा, नपुंसगा। एएसि णं एवमाइयाणं जलयरपंचिंदिय-तिरिक्खजोणियाणं पज्जत्तापज्जत्ताणं अद्धतेरसजाइकुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवन्तीति मक्खायं। से त्तं जलयरपंचिंदिय-तिरिक्खजोणिया य।।सू०-५२।।**

*(મૂ૦) જલચરપંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે? જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ મત્સ્ય, ૨ કચ્છપ, ૩ ગ્રાહ, ૪ મગર અને ૫ શિશુમાર. મત્સ્યો કેટલા પ્રકારના છે? મત્સ્યો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સણ્હમચ્છા-શ્લક્ષ્ણ મત્સ્યો, ખવલ્લમત્સ્યો, જુંગમત્સ્યો, વિજ્ઝડિય મત્સ્યો, હલિમત્સ્યો, મગરિમત્સ્યો, રોહિતમત્સ્યો, હલીસાગર, ગાગર, વડ, વડગર, ગબ્ભય, ઉસગાર, તિમિ, તિમિંગિલ, નક્ર, તંદુલમત્સ્ય, કણિકામત્સ્ય, સાલિ, સત્થિય (સ્વસ્તિક) મત્સ્ય, લંભનમત્સ્ય, પતાકા, પતાકાતિપતાકા, અને તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. એ પ્રમાણે મત્સ્યો કહ્યા. કચ્છપો કેટલા પ્રકારના છે? કચ્છપો બે પ્રકારના છે. તે આ પ્રમાણે અસ્થિકચ્છપો અને માંસકચ્છપો. એમ કચ્છપો કહ્યા. ગ્રાહો કેટલા પ્રકારના છે? ગ્રાહો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ દિલી, ૨ વેઢગ-વેષ્ટક, ૩ મુદ્ધય-મૂર્ધજ, ૪ પુલક અને ૫ સીમાકાર. એમ ગ્રાહો કહ્યા. મગરો કેટલા પ્રકારના છે? મગરો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-સોંડ મગર અને મટ્ઠ મગર. એમ મગરો કહ્યા. શિશુમારો કેટલા પ્રકારના છે?*

*શિશુમાર એક પ્રકારના કહ્યા છે. એમ શિશુમારો કહ્યા. તે સિવાય બીજા જે તેવા પ્રકારના હોય તે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સંમૂર્ચ્છિમ અને ગર્ભવ્યુત્ક્રાન્તિક. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે બધા નપુંસક છે. તેમાં જે ગર્ભવ્યુત્ક્રાન્તિક છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સ્ત્રી, પુરુષ અને નપુંસક. એ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના યોનિથી ઉત્પન્ન થયેલાં સાડા બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે એમ કહ્યું છે. એ પ્રમાણે જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. ।।૫૨।।*

(ટી૦) જલચર પંચેન્દ્રિય કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે-જલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિકો પાંચ પ્રકારના છે. તે પાંચ પ્રકાર બતાવે છે-૧ મત્સ્ય, ૨ કચ્છપ, સૂત્રમાં '**कच्छभ**' પાઠ છે ત્યાં 'પ'કારનો 'ભ'કાર પ્રાકૃત હોવાથી થયેલો છે. ૩ ગ્રાહ-ઝુડ, ૪ મકર-મગર અને ૫ શિશુમાર. પ્રાકૃત હોવાથી સૂત્રમાં '**सुंसुमार**' એવો પાઠ છે. મત્સ્યાદિનો પરસ્પર ભેદ લોકથી જાણી લેવો. પરન્તુ કચ્છપના ભેદોમાં અસ્થિકચ્છપ અને માંસકચ્છપ એ બે ભેદ છે. તેમાં ઘણાઅસ્થિવાળા કાચબા તે અસ્થિકચ્છપ, અને ઘણામાંસવાળા કાચબા તે માંસકચ્છપ જાણવા. '**ते समासओ**' ઇત્યાદિ. તે જલચર પંચેન્દ્રિય તિર્યંચો સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સંમૂર્ચ્છિમ અને ગર્ભવ્યુત્ક્રાન્તિક-ગર્ભજ. અહીં મૂર્ચ્છ્ ધાતુ મોહ અને સમુચ્છ્રાય-વ્યાપ્તિના અર્થમાં છે. સમ્ ઉપસર્ગપૂર્વક મૂર્ચ્છ્ ધાતુથી ભાવ-ક્રિયાના અર્થમાં અ પ્રત્યય થઇને '**संमूर्च्छ**' શબ્દ થાય છે, એટલે ગર્ભ અને ઉપપાત જન્મ સિવાય એમ જ પ્રાણીઓની ઉત્પત્તિ થવી, તે વડે ઉત્પન્ન થયેલા તે સમૂર્ચ્છિમ કહેવાય છે. [અહીં સંમૂર્ચ્છ શબ્દથી ઇમ પ્રત્યય થયો છે.] ગર્ભમાં જેની વ્યુત્ક્રાન્તિ-ઉત્પત્તિ છે તેઓ (અહીં વ્યુત્ક્રાન્તિ શબ્દ ઉત્પત્તિવાચક છે, કેમકે તે અર્થમાં પૂર્વાચાર્યની પ્રસિદ્ધિ છે.) અથવા ગર્ભવાસથી વ્યુત્ક્રાન્તિ-નિષ્ક્રમણ જેઓનું છે તે ગર્ભવ્યુત્ક્રાન્તિક-ગર્ભજ કહેવાય છે. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે બધા નપુંસક છે, કારણ કે સંમૂર્ચ્છિમપણું નપુંસકપણાની સાથે નિયત સંબંધવાળું છે. તેમાં જે ગર્ભવ્યુત્ક્રાન્તિક-ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે સ્ત્રી, પુરુષ અને નપુંસક. એ ગર્ભજ અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોનો જે શરીરાવગાહનાદિ દ્વારોને વિષે વિચાર તથા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી, પુરુષ અને નપુંસકોનો અલ્પબહુત્વનો વિચાર તે [1]જીવાભિગમ સૂત્રની ટીકામાં અમે કર્યો છે તેથી જાણી લેવો. એ પ્રમાણે જેના પ્રકારો વગેરે બતાવ્યા છે એવા પર્યાપ્ત અને અપર્યાપ્ત જલચર પંચેન્દ્રિય તિર્યંચોના યોનિથી ઉત્પન્ન થયેલાં સાડા બાર લાખ ક્રોડ જાતિકુલો છે એમ પૂજ્ય તીર્થંકરોએ કહ્યું છે. ઉપસંહાર કહે છે-એ પ્રમાણે જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. ।।૫૨।।

**से किं तं थलयरपंचिंदियतिरिक्खजोणिया? थलयरपंचिन्दियतिरिक्खजोणिया दुविहा पन्नत्ता। तं जहा- चउप्पयथलयरपंचिन्दियतिरिक्खजोणिया य परिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया य। से किं तं चउप्पय-थलयरपंचिन्दियतिरिक्खजोणिया? चउप्पयथलयरपंचिन्दियतिरिक्खजोणिया चउव्विहा पन्नत्ता। तं जहा- एगखुरा, बिखुरा[दुखुरा], गंडीपदा, सणप्फदा। से किं तं एगखुरा? एगखुरा अणेगविहा पन्नत्ता। तं जहा-अस्सा, अस्सतरा, घोडगा, गद्दभा, गोरक्खरा, कंदलगा, सिरिकंदलगा, आवत्ता, जे यावऽन्ने तहप्पगारा। से त्तं एगखुरा। से किं तं दुखुरा? दुखुरा अणेगविहा पन्नत्ता। तं जहा-उट्टा, गोणा, गवया, रोज्झा, पसया, महिसा, मिया, संबरा, वराहा, अय, एलग-रुरु-सरभ-चमर-कुरंग-गोकन्नमादी, जे यावऽन्ने तहप्पगारा। से त्तं दुखुरा। से किं तं गंडीपया? गंडीपया अणेगविहा पन्नत्ता। तं जहा-हत्थी, हत्थीपूयणया, मंकुणहत्थी, खगा (ग्गा), गंडा, जे यावऽन्ने तहप्पगारा। से त्तं गंडीपया। से कि तं सणप्फदा? सणप्फदा अणेगविहा पन्नत्ता। तं जहा-सीहा, वग्घा, दीविया, अच्छा, तरच्छा, परस्सरा, सियाला, बिडाला, सुणगा, कोलसुणगा, (ग्रं-५००) कोकंतिया, ससगा, चित्तगा, चिल्ल[त्त]लगा, जे यावऽन्ने तहप्पगारा। से त्तं सणप्फदा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-**

१. જુઓ જીવાભિગમટીકા (આ.સ.) પ. ૩૬-૪૨; ૮૨-૮૭

**समुच्छिमा य गब्भवक्कन्तिया य। तत्थ णं जे ते संमुच्छिमा ते सव्वे नपुंसगा। तत्थ णं जे ते गब्भवक्कंतिया ते तिविहा पन्न्ता। तं जहा-इत्थी, पुरिसगा, नपुंसगा। एएसि णं एवमाइयाणं थलयरपंचिन्दियतिरिक्खजोणियाणं पज्जत्ता-पज्जत्ताणं दस जाइकुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवन्तीति मक्खायं। से त्तं चउप्पयथलयरपंचिन्दियतिरिक्ख-जोणिया।।सू०-५३।।**

*(મૂ૦) સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના કહ્યા છે? સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને પરિસર્પ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો. ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો કેટલા પ્રકારના છે? ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–૧ એકખરીવાળા, ૨ બે ખરીવાળા, ૩ ગંડીપદો અને ૪ સનખપદ–નખયુક્ત પગવાળા. એકખરીવાળા કેટલા પ્રકારના કહ્યા છે? એક ખરીવાળા અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–અશ્વ, અશ્વતર(ખચ્ચર), ઘોડા, ગર્દભ (ગધેડા), ગોરક્ષર, કંદલગ, શ્રીકંદલગ, આવર્તગ, તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે, એમ એકખરીવાળા કહ્યા. બે ખરીવાળા કેટલા પ્રકારના કહ્યા છે? બે ખરીવાળા અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–ઊંટ, ગાય, ગવય (રોઝની એક જાતિ), રોઝ, પસય, મહિષ (પાડો), મૃગ (હરણ), સંબર (સાબર), વરાહ, બકરા, ઘેટાં, રુરુ (એક જાતનું હરણ), શરભ (અષ્ટાપદ), ચમર (હરણનો એક પ્રકાર), કુરંગ (હરણ) અને ગોકર્ણાદિ (હરણની જાતિ અથવા સર્પ). તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ બે ખરીવાળા કહ્યા. ગંડીપદો કેટલા પ્રકારના કહ્યા છે? ગંડીપદો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–હસ્તી, હસ્તીપૂયણગ, મંકુણહસ્તી, ખડ્ગી–ગેંડાની જાત, ગંડ–ગેંડા, અને બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ ગંડીપદો કહ્યા. સનખપદ–નખસહિત પગવાળા કેટલા પ્રકારના કહ્યા છે? નખસહિત પગવાળા અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–સિંહ, વ્યાઘ્ર (વાઘ), દ્વીપી–દીપડા, અચ્છ–રીંછ, તરચ્છ–તરક્ષ, પરસ્સર, શૃગાલ–શિયાળ, બિડાલ–બીલાડા, શુનક–કૂતરા, કૌલશનુક–ઘરના કૂતરા, કોકંતિકા–લોંકડી, શશક–સસલા, ચિત્રક–ચિતરા, ચિલ્લલગા, અને તે સિવાય બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ નખસહિત પગવાળા કહ્યા. તે સ્થલચરો સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે–સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે બધા ય નપુંસક છે. તેમાં જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે સ્ત્રી, પુરુષ અને નપુંસક. એ પ્રકારે એ પર્યાપ્ત અને અપર્યાપ્ત સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના દસ લાખ ક્રોડ જાતિકુલો યોનિથી ઉત્પન્ન થયેલાં હોય છે–એમ કહ્યું છે. એમ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. ॥૫૩॥*

(ટી૦) હવે સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોનું સ્વરૂપ કહેવાનાં ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે–જેને ચાર પગ હોય તે ચતુષ્પદ અશ્વ વગેરે જાણવા. ઉરસા–છાતી વડે તથા ભુજાભ્યાં–બે હસ્ત (હાથ) વડે પરિસર્પન્તિ–ચાલે તે પરિસર્પ સાપ, નોળીયા વગેરે જાણવા. ત્યાર બાદ સ્થળચર તિર્યગ્યોનિકપદની સાથે વિશેષણસમાસ કરવો. ચ શબ્દ પ્રત્યેકના પોતપોતાના અનેક ભેદોનો સૂચક છે. તે અનેક ભેદનું ક્રમથી પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે–'से किं तं' ઇત્યાદિ. ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે—ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો ચાર પ્રકારના કહ્યા છે. જેમકે—'એકખરીવાળા' ઇત્યાદિ. તેમાં દરેક પગે એક એક ખરી જેઓને છે તે અશ્વાદિ એક ખરીવાળા કહેવાય છે. દરેક પગે બબ્બે ખરીઓ જેઓને છે તે ઊંટ વગેરે બે ખરીવાળા જાણવા. સુવર્ણકારની અધિકરણી–એરણને ગંડી કહે છે તેના જેવા પગવાળા હસ્તી (હાથી) વગેરેને ગંડીપદ કહે છે. **सणप्फया–सनखपदाः**–દીર્ઘ નખયુક્ત પગવાળા શ્વાનાદિક (કૂતરા વગેરે) કહેવાય છે. પ્રાકૃત હોવાથી સૂત્રમાં '**सणप्फया**' એવો નિર્દેશ છે. હવે એક ખરીવાળા ચતુષ્પદોના ભેદો બતાવે છે–'से किं तं' ઇત્યાદિ. બાકી બધું સુગમ છે. પરન્તુ અહીં કેટલા એક જીવના ભેદો અપ્રસિદ્ધ છે તે લોકથી જાણી લેવા. સ્થલચર પંચેન્દ્રિય

તિર્યંચના સંક્ષેપથી બે પ્રકાર છે-ઇત્યાદિ. સૂત્ર પૂર્વની પેઠે જાણવું. અહીં તેઓના દશ લાખ ક્રોડ જાતિકુલો હોય છે. અહીં સંમૂર્ચ્છિમ અને ગર્ભજ પ્રત્યેકના શરીરાદિ દ્વારોનો જે વિચાર તેમજ સ્ત્રી, પુરુષ અને નપુંસકોનું જે અલ્પબહુત્વ તે, [1]જીવાભિગમની ટીકાથી જાણી લેવું. એ પ્રમાણે ચતુષ્પદો કહ્યા. ।।૫૩।।

**से किं तं परिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया? परिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया दुविहा पन्नत्ता। तं जहा-उरपरिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया य भुयपरिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया य। से किं तं उरपरिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया? उरपरिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिया चउव्विहा पन्नत्ता। तं जहा—अही, अयगरा, आसालिया, महोरगा। से किं तं अही? अही दुविहा पन्नत्ता। तं जहा-दव्वीकरा य मउलिणो य। से किं तं दव्वीकरा? दव्वीकरा अणेगविहा पन्नत्ता। तं जहा—आसीविसा, दिट्ठीविसा, उग्गविसा, भोगविसा, तयाविसा, लालाविसा, उस्सासविसा, नीसासविसा, कण्हसप्पा, सेदसप्पा, काओदरा, दज्झपुप्फा, कालाहा, मेलिमिंदा, सेसिंदा, जे यावऽन्ने तहप्पगारा। से त्तं दव्वीकरा। से किं तं मउलिणो? मउलिणो अणेगविहा पन्नत्ता। तं जहा-दिव्वागा, गोणसा, कसाहीया, वइउला, चित्तलिणो, मंडलिणो, मालिणो, अही, अहिसलागा, वासपडागा, जे यावऽन्ने तहप्पगारा। से त्तं मउलिणो। से त्तं अही। से किं तं अयगरा? अयगरा एगागारा पन्नत्ता। से त्तं अयगरा।।सू०-५४।।**

*(મૂ૦) પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે? પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો અને ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો. ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો કેટલા પ્રકારના કહ્યા છે? ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-૧ અહિ, ૨ અજગર, ૩ આસાલિકા, ૪ મહોરગ. અહિ કેટલા પ્રકારના છે? અહિ બે પ્રકારના છે. તે આ પ્રમાણે-દર્વીકર-ફણાવાળા સાપ, અને મુકુલી-ફણારહિત સાપ. દર્વીકર અહિ કેટલા પ્રકારના છે? દર્વીકર અહિ અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે—આશીવિષ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, ઉચ્છ્વાસવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણ સર્પ, શ્વેત સર્પ, કાકોદર, દગ્ધપુષ્પ, કોલાહ, મેલિમિંદ, શેષેન્દ્ર, અને તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ દર્વીકર કહ્યા. મુકુલી-ફણારહિત અહિ કેટલા પ્રકારના છે? મુકુલી અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે—દિવ્વાગ, ગોણસ, કસાહીય, વઈઉલ, ચિત્તલી, મંડલી, માલી, અહી, અહિસલાગ, વાસપતાકા, અને તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. એ પ્રમાણે મુકુલો અહિ કહ્યા. અને એમ અહિ પણ કહ્યા. અજગરો કેટલા પ્રકારના છે? અજગરો એક પ્રકારના કહ્યા છે. એમ અજગરો કહ્યા. ।।૫૪।।*

(ટી૦) પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે—પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય બે પ્રકારના કહ્યા છે.—'उरपरिसप्प'-ઇત્યાદિ. उरसा परिसर्पन्ति-જેઓ છાતી વડે ચાલે તે ઉરઃપરિસર્પો, તેવા સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો, भुजाभ्यां परिसर्पन्ति-જેઓ ભુજાઓ વડે ચાલે તે ભુજપરિસર્પ, એવા સ્થલચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિકો. 'च' શબ્દ પ્રત્યેકના પોતપોતાના અનેક ભેદાનો સૂચક છે. તેમાં ઉરઃપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોના ભેદો બતાવવાની ઇચ્છાવાળા આચાર્ય આ સૂત્ર કહે છે—ઉરઃપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિયો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે—ઉરઃપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચો ચાર પ્રકારના કહ્યા છે. જેમકે-અહિ, અજગર, આસાલિકા અને મહોરગ. એઓના ભેદો જાણવા માટે પ્રશ્ન અને ઉત્તર સૂત્ર કહે છે—'से किं तं'-ઇત્યાદિ. અહિ સર્પ કેટલા પ્રકારના છે? ગુરુ કહે છે—અહિ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—દર્વીકર અને મુકુલી. તેમાં દર્વી-ચાટવાના જેવી હોવાથી દર્વી-ફણા, તે કરવાના સ્વભાવવાળા દર્વીકર કહેવાય છે.

૧. જુઓ જીવાભિગમટીકા (આ.સ.) પ. ૩૬-૪૨; ૮૨-૮૭.

મુકુલ–ફણા ન થઇ શકે તેવી શરીરના અવયવ–વિશેષનો આકાર, તે જેઓને છે તે મુકુલી સાપ કહેવાય છે. અર્થાત્ તેઓ ફણા કરવાની શક્તિ રહિત હોય છે. અહીં '**च**' શબ્દ પ્રત્યેકના પોતપોતાના અનેક ભેદોનો સૂચક છે. દર્વીકરના ભેદો કહે છે—'**से किं तं**'–ઇત્યાદિ. જેઓને આશી–દાઢમાં વિષ રહેલું છે તે આશીવિષ. કહ્યું છે કે—'**आसी दाढा, तग्गयविसा य आसीविसा मुणेयव्वा**'। આશી એટલે દાઢા, તેમાં રહેલા વિષ ઝેરવાળા આશીવિષ જાણવા. જેઓની દૃષ્ટિમાં વિષ રહેલું છે તે દૃષ્ટિવિષ. જેઓમાં ઉગ્ર વિષ રહેલું છે તે ઉગ્રવિષ. જેઓના ભોગ–શરીરમાં વિષ રહેલું છે તે ભોગવિષ, જેની ત્વચાને વિષે વિષ છે તે ત્વગ્વિષ. પ્રાકૃત હોવાથી '**तयाविसा**' એવો પાઠ છે. લાલા એટલે મુખથી સ્રાવ થાય તે લાળ, જેઓને લાળમાં વિષ છે તે લાલાવિષ કહેવાય છે. જેઓના ઉચ્છ્વાસમાં વિષ હોય તે ઉચ્છ્વાસવિષ. જેઓના નિઃશ્વાસમાં વિષ હોય તે નિઃશ્વાસવિષ. કૃષ્ણસર્પાદિ જાતિભેદો લોક થકી જાણી લેવા. ઉપસંહાર કહે છે–'એ પ્રમાણે દર્વીકરો કહ્યા.' હવે મુકુલી અહિનું પ્રતિપાદન કરે છે—'**से किं तं**'–ઇત્યાદિ. એ પણ લોકથી જાણવા. અજગરોના અવાન્તર (પેટા) જાતિ ભેદો નથી, તેથી એમ કહ્યું છે કે એક પ્રકારના અજગરો કહ્યા છે.॥૫૪॥

**से किं तं आसालिया? कहिणं भंते! आसालिया संमुच्छति? गोयमा! अंतो मणुस्सखित्ते अड्ढाइज्जेसुदीवेसु, निव्वाघाएणं पन्नरससु कम्मभूमीसु, वाघायं पडुच्च पंचसु महाविदेहेसु, चक्कवट्टिखंधावारेसु, वासुदेवखंधावारेसु, बलदेवखंधावारेसु, मंडलियखंधावारेसु, महामंडलियखंधावारेसु, गामनिवेसेसु, णगरनिवेसेसु, णिगमनिवेसेसु, खेडनिवेसेसु, कब्बडनिवेसेसु, मडंबनिवेसेसु, दोणमुहनिवेसेसु, पट्टणनिवेसेसु, आगरनिवेसेसु, आसमनिवेसेसु, संवाहनिवेसेसु, रायहाणीनिवेसेसु, एएसि णं चेव विणासेसु एत्थ णं आसालिया संमुच्छति। जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागमित्ताए ओगाहणाए, उक्कोसेणं बारसजोयणाइं तयणुरूवं च णं विक्खंमबाहल्लेणं भूमिं दालित्ता णं समुट्ठेइ, असन्नी मिच्छदिट्ठी अण्णाणी अंतोमुहुत्तऽद्धाउया चेव कालं करेइ। से त्तं आसालिया।।सू०-५५।।**

(મૂ૦) *આસાલિકા કેટલા પ્રકારે છે? હે ભગવન્! આસાલિકા ક્યાં સંમૂર્ચ્છિમરૂપે ઉત્પન્ન થાય છે? ગૌતમ! મનુષ્યક્ષેત્રને વિષે અઢી દ્વીપમાં, વ્યાઘાત–પ્રતિબંધ ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં, અને વ્યાઘાતને આશ્રયી પાંચ મહાવિદેહમાં, ચક્રવર્તિની છાવણીમાં, વાસુદેવની છાવણીમાં, બલદેવની છાવણીમાં, માંડલિકની છાવણીમાં, મહામાંડલિકની છાવણીમાં, ગ્રામ, નગર, નિગમ, ખેડ, કર્વટ, મંડબ, દ્રોણમુખ, પટ્ટન, આકર, આશ્રમ, સંબાધ અને રાજધાનીના સ્થળોમાં, એઓનો વિનાશ થવાનો હોય ત્યારે અહીં આસાલિકા સંમૂર્ચ્છિમરૂપે ઉત્પન્ન થાય છે. તે જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગમાત્ર અને ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણ શરીરની અવગાહના વડે અને તેને યોગ્ય વિસ્તાર અને જાડાઇ વડે ભૂમિને વિદારીને ઉત્પન્ન થાય છે. તે આસાલિકા અસંજ્ઞી અને મિથ્યાદૃષ્ટિ અન્તર્મુહૂર્તનું આયુષ્ય પૂરું કરી મરણ પામે છે. એમ આસાલિકા કહી. ॥૫૫॥*

(ટી૦) આસાલિકાનું પ્રતિપાદન કરવા માટે સૂત્ર કહે છે–'આસાલિકા કેટલા પ્રકારની કહી છે–એમ શિષ્યે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ આર્ય શ્યામ બીજા આગમોમાં આસાલિકાના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર ગૌતમ સ્વામીના પ્રશ્ન અને ભગવાનના ઉત્તરરૂપ જે સૂત્ર છે તેજ આગમ ઉપરના બહુમાનને લીધે કહે છે–હે ભદન્ત–પરમકલ્યાણરૂપ! આસાલિકા ક્યાં સમૂર્ચ્છિમરૂપે ઉપજે છે? આસાલિકા ગર્ભજ નથી, પણ સંમૂર્છિમ છે, તેથી 'સંમૂર્ચ્છતિ' સંમૂર્ચ્છિમ રૂપે ઉપજે છે–એમ કહ્યું છે. ભગવાન્ ઉત્તર આપે છે–'હે ગૌતમ! મનુષ્યક્ષેત્રની અંદર ઉપજે છે.'–એ કહેવા વડે 'મનુષ્યક્ષેત્રની બહાર તેની ઉત્પત્તિ નથી' એમ પ્રતિપાદન કર્યું. તેમાં પણ બધા મનુષ્યક્ષેત્રમાં તેની ઉત્પત્તિ નથી, પણ અર્ધતૃતીય–અઢી દ્વીપમાં ઉત્પન્ન થાય છે. [અહીં **अर्द्धं तृतीयं येषा** તે–અર્ધ છે ત્રીજો દ્વીપ જેમાં–એમ અવયવ વડે વિગ્રહ થાય છે અને સમાસાર્થ સમુદાય છે] એ કહેવા વડે લવણ સમુદ્ર અને

કાલોદધિ સમુદ્રમાં તેની ઉત્પત્તિ થતી નથી, એમ પ્રતિપાદન કર્યું. **'निव्वाघाएणं'**–ઇત્યાદિ. જ્યારે નિર્વ્યાઘાત–પ્રતિબંધનો અભાવ હોય ત્યારે એટલે પાંચ ભરત અને પાંચ એરવત ક્ષેત્રોમાં સુષમસુષમાદિરૂપ અને દુ:ષમાદિરૂપ કાળ વ્યાઘાત–પ્રતિબંધનું કારણ હોવાથી વ્યાઘાત–પ્રતિબન્ધરૂપ ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે. અને **'व्याघातं प्रतीत्य'**–વ્યાઘાતને આશ્રયી, એટલે કે–પાંચ ભરત અને પાંચ એરવતમાં તેવા પ્રકારના કાળરૂપ પ્રતિબંધ હોય ત્યારે પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં ઉત્પન્ન થાય છે. એ વડે 'ત્રીશે ય કર્મભૂમિમાં આસાલિકાની ઉત્પત્તિ થતી નથી' એમ જણાવ્યું, પંદર કર્મભૂમિમાં કે પાંચ મહાવિદેહમાં બધે ય તેની ઉત્પત્તિ થતી નથી, પણ ચક્રવર્તીની છાવણીમાં [અહીં वा શબ્દ વિકલ્પાર્થક છે] વાસુદેવની છાવણીમાં, માંડલિક–અલ્પ ઋદ્ધિવાળા સામાન્ય રાજાની છાવણીમાં, મહામાંડલિક–અનેક દેશના અધિપતિ રાજાની છાવણીમાં, **'ग्रामनिवेशेषु'**–ઇત્યાદિ. ग्रसति **बुद्ध्यादीन् गुणान्**–બુદ્ધ્યાદિ ગુણોનો ગ્રાસ કરે તે ગ્રામ, અથવા **कराणां** गम्य:–જ્યાં શાસ્ત્ર પ્રસિદ્ધ અઢાર કરો લેવાતા હોય તે ગ્રામ, જ્યાં ઘણા વણિક્વર્ગનો આવાસ હોય તે નિગમ, ધૂળના કિલ્લાથી વીંટાયેલું હોય તે ખેટ, નાના કિલ્લાથી વીંટાયેલું તે કર્બટ, જેની આસપાસ અઢી ગાઉની અંદર બીજાં ગામ ન હોય તે મંડબ, પટ્ટન અથવા પત્તન, પ્રાકૃત હોવાથી બન્નેય શબ્દોમાં એકજ સરખો નિર્દેશ થાય છે. જ્યાં નૌકાદ્વારા જ જવાય તે પટ્ટન બેટ જેવું, અને જ્યાં ગાડાં, ઘોડા અને નૌકાદ્વારા જવાય તે પત્તન. જેમકે ભરૂચ. એ સંબંધે કહ્યું છે કે—'પત્તન તે કહેવાય કે જ્યાં ગાડાં, ઘોડા અને નૌકાથી જવાય, અને જ્યાં નૌકાથી જ જવાય તે પટ્ટન કહેવાય છે. 'દ્રોણમુખ–જ્યાં જળનું નિર્ગમ અને પ્રવેશ સ્થાન હોય તે. આકર–સુવર્ણ વગેરેની ખાણો, આશ્રમ–તાપસના આવાસયુક્ત આશ્રય, સંબાધ–જ્યાં યાત્રાએ આવેલા ઘણા મનુષ્યોનો નિવાસ હોય તે, રાજધાની–જે નગરમાં રાજા રહેતો હોય તે. ચક્રવર્તીની છાવણી વગેરે એ બધાનો વિનાશ થવાનો હોય ત્યારે 'એત્થ ણં' એ ચક્રવર્તીની છાવણી વગેરે સ્થાનોમાં, આસાલિકા ઉત્પન્ન થાય છે. અને તે જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ અવગાહનાવાળા શરીર વડે ઉત્પન્ન થાય છે. આ પ્રમાણ ઉત્પત્તિના પ્રથમ સમયે જાણવું. ઉત્કૃષ્ટથી બાર યોજન અને બાર યોજન પ્રમાણ લંબાઇને યોગ્ય વિષ્કંભ વિસ્તાર અને બાહલ્ય–જાડાઇ વડે **'भूमिं दालित्ताणं'** ભૂમિ વિદારીને–ભૂમિમાંથી નિકળીને ઉત્પન્ન થાય છે. તે ચક્રવર્તીની છાવણી વગેરેની નીચે ઉત્પન્ન થાય છે–એ ભાવાર્થ છે. તે આસાલિકા સંમૂર્ચ્છિમ હોવાથી અસંજ્ઞી છે અને મિથ્યાદૃષ્ટિ છે, કારણ કે તેને સાસ્વાદન સમ્યક્ત્વનો પણ અસંભવ છે. એ માટે અજ્ઞાની છે. અને તે અન્તર્મુહૂર્તના આયુષ્યવાળી તે આયુષ્ય પૂર્ણ કરી કાળ[1] કરે છે. એ પ્રમાણે બીજા આગમમાં રહેલું સૂત્ર કહીને હવે સૂત્રકાર ઉપસંહાર કહે છે—એ પ્રમાણે આસાલિકાનું સ્વરૂપ કહ્યું.

**से किं तं महोरगा? महोरगा अणेगविहा पन्नत्ता। तं जहा-अत्थेगइआ अंगुलं पि, अंगुलपुहुत्तिया वि, वियत्थिं पि, वियत्थिपुहत्तिया वि, रयणिं पि, रयणिपुहुत्तिया वि, कुच्छिं पि, कुच्छिपुहत्तिया वि, धणुं पि, धणुपुहुत्तिया वि, गाउयं पि, गाउयपुहुत्तिया वि, जोयणं पि, जोयणपुहुत्तिया वि, जोयणसयं पि, जोयणसयपुहुत्तिया वि, जोयणसहस्सं पि। ते णं थले जाता, जलेऽवि चरंति थलेऽवि चरन्ति, ते णत्थि इहं, बाहिरएसु दीवेसु समुद्दएसु हवन्ति, जे यावऽन्ने तहप्पगारा। से त्तं महोरगा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-समुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं जे ते संमुच्छिमा ते सव्वे नपुंसगा। तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पन्नत्ता। तं जहा-इत्थी, पुरिसगा, नपुंसगा। एएसि णं एवमाइयाणं पज्जत्तापज्जत्ताणं उरपरिसप्पाणं दसजाइकुल-कोडिजोणिप्पमुहसयसहस्सा भवन्तीति मक्खायं। से त्तं उरपरिसप्पा।।सू०-५६।।**

*(મૂ૦) મહોરગો કેટલા પ્રકારના છે? મહોરગો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–કેટલા એક અંગુલપ્રમાણ, અંગુલપૃથક્ત્વ*

---

૧. તે આસાલિકા કાળ કર્યા પછી તેને સ્થાને મોટી ભયંકર ગર્તા–ખાડ પડે છે અને ચક્રવર્તીની છાવણી વગેરે બધાનો ગ્રાસ કરી જાય છે. જીવસમાસમાં તો આસાલિકાને 'બેઇન્દ્રિય' કહેલ છે. એ સંબંધી જુઓ લોકપ્રકાશ સર્ગ ૬ શ્લોક૦ ૯૨.

*પ્રમાણ, (અહીં પૃથક્ત્વ શબ્દ બેથી નવ સુધીનો વાચક છે) વિતસ્તિ–વેંત, વેંતપૃથક્ત્વ, રત્નિ–હસ્ત, રત્નિપૃથક્ત્વ, કુક્ષિ–બે હાથ, કુક્ષિ પૃથક્ત્વ, ધનુષ, ધનુષપૃથક્ત્વ, ગાઉ, ગાઉપૃથક્ત્વ, યોજન, યોજન પૃથક્ત્વ, સો યોજન, સો યોજનપૃથક્ત્વ, અને હજાર યોજન પ્રમાણ હોય છે. તે સ્થળમાં ઉત્પન્ન થાય છે, જળમાં પણ ફરે છે અને સ્થળમાં પણ ફરે છે. તે અહીં અઢી દ્વીપમાં નથી, પણ (મનુષ્ય ક્ષેત્રની) બહારના દ્વીપો અને સમુદ્રોમાં હોય છે. તે સિવાયના બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ મહોરગો કહ્યા. તે પરિસર્પ સ્થલચરો સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે નપુંસક છે અને જેઓ ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–સ્ત્રી, પુરુષ અને નપુંસક. એવા પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ઉરપરિસર્પોના યોનિથી ઉત્પન્ન થયેલા દસ લાખ ક્રોડ જાતિકુલો હોય છે એમ કહ્યું છે. એમ ઉરપરિસર્પો કહ્યા. ॥૫૬॥*

(ટી૦) હવે મહોરગનું સ્વરૂપ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે–'**से किं तं**'–ઇત્યાદિ સુગમ છે. પરન્તુ વિતસ્તિ–વેંત બાર અંગુલ પ્રમાણ સમજવી. રત્નિ–હાથ, કુક્ષિ–બે હાથ, ધનુષ–ચાર હાથ, ગાઉ–બે હજાર ધનુષ પ્રમાણ, યોજન–ચાર ગાઉ. અહીં વેંત વગેરેનું પ્રમાણ ઉત્સેધ અંગુલની અપેક્ષાએ જાણવું. કારણ કે અહીં શરીરના પ્રમાણનો વિચાર કરેલો છે. તથા અહીં '**अस्ति**' એ અવ્યય બહુવચનવાચી છે, તેનો દરેક પદની સાથે સંબન્ધ કરવો. તેથી આ અર્થ થાય છે–'**सन्त्येके केचन महोरगा अंगुलमपि शरीरावगाहनया भवन्ति**'–કેટલાએક મહોરગો છે જે શરીરની અવગાહના વડે અંગુલ પ્રમાણ પણ હોય છે, અને કેટલાએક મહોરગો છે '**जे अंगुलपृथक्त्विकाः**' અંગુલપૃથક્ત્વ પ્રમાણવાળા શરીરઅવગાહના વડે હોય છે. અહીં 'ઇક' પ્રત્યય થયો છે. અંગુલપૃથક્ત્વ પ્રમાણ શરીરઅવગાહનાવાળા હોય છે એ ભાવાર્થ છે. એમ બાકીના સૂત્રોનો પણ વિચાર કરવો. 'તેણં' ઇત્યાદિ. હમણાં જેઓનું સ્વરૂપ કહ્યું છે તે મહોરગો સ્થલચર વિશેષ હોવાથી સ્થળમાં ઉત્પન્ન થાય છે, અને સ્થળમાં ઉત્પન્ન થવા છતાં તેવા પ્રકારના ભવસ્વભાવથી જળને વિષે પણ સ્થળની પેઠે ફરે છે અને સ્થળને વિષે પણ ફરે છે. જો એવા પ્રકારના છે તો કેમ દેખાતા નથી? એ આશંકાના ઉત્તરમાં સૂત્રકાર જણાવે છે–'**ते नत्थि इहं**' યથોક્ત સ્વરૂપ-વાળા તે મહોરગો **अहच**–મનુષ્યક્ષેત્રમાં નથી, તે માટે અહીં દેખાતા નથી. પરન્તુ બહારના દ્વીપ–સમુદ્રોમાં હોય છે. સમુદ્રોમાં હોવા છતાં પણ સ્થલચર હોવાથી પર્વત, દેવનગરી આદિ સ્થલોમાં ઉત્પન્ન થાય છે, પણ જળમાં ઉત્પન્ન થતા નથી. '**जे यावन्ने तहप्पगारा**' તે સિવાય બીજા પણ જે દશ અંગુલ વગેરે શરીર પ્રમાણવાળા તેવા પ્રકારના હોય છે તે પણ મહોરગો જાણવા. ઉપસંહાર કહે છે–'એમ મહોરગો કહ્યા.' તે સ્થલચરો સંક્ષેપથી બે પ્રકારના છે' ઇત્યાદિ વિચાર પૂર્વની પેઠે જાણવો. એઓના પણ યોનિથી ઉત્પન્ન થયેલાં દસ લાખ જાતિકુલો હોય છે. એઓનો પણ શરીરાદિ દ્વારોને વિષે જે વિચાર તથા સ્ત્રી, પુરુષ અને નપુંસકોનું જે અલ્પબહુત્વ છે તે '[1]જીવાભિગમની ટીકાથી જાણવું. ઉરઃપરિસર્પની વક્તવ્યતાનો ઉપસંહાર કહે છે–'એમ ઉરઃપરિસર્પો કહ્યા.' ॥૫૬॥

**से किं तं भुयपरिसप्पा? भुयपरिसप्पा अणेगविहा पन्नत्ता। तं जहा-नउला, सेहा[गोहा], सरडा, सल्ला, सरंठा, सारा, खोरा[खारा], घरोइला, विस्संभरा, मूसा, मंगुसा[मग्गंसा], पयलाइया, छीरविरालिया, जाहा, चउप्पाइया, जे यावऽन्ने तहप्पगारा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-संमुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं जे ते संमुच्छिमा ते सव्वे नपुंसगा। तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पन्नत्ता। तं जहा-इत्थी, पुरिसा, नपुंसगा। एएसि णं एवमाइयाणं पज्जत्तापज्जत्ताणं भुयपरिसप्पाणं नव जाइकुलकोडिजोणिपमुहसयसहस्सा भवन्तीति मक्खायं। से त्तं भुयपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिया। से त्तं परिसप्पथलयरपंचिंदिय-तिरिक्खजोणिया ।।सू०-५७।।**

---

૧. જુઓ જીવાભિગમટીકા (આ. સ.) શરીરાદિદ્વાર સંબંધી પૃ. ૪૩-૪૪ અને અલ્પબહુત્વ સંબંધી પૃ. ૮૨-૮૭.

*(મૂ૦) ભુજપરિસર્પો કેટલા પ્રકારના કહ્યા છે? ભુજસરિસર્પો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—નકુલ-નોળીયા, સેહા, શરટ-કાકીડા, શલ્ય, સરંઠ, સાર, ખોર, ઘરોઈલ-ઘરોળી, વિશ્વંભર, મૂષક-ઉંદર, મંગુસ, પયલાઈલ-પ્રચલાયિત, ક્ષીરવિરાલિય, જોહા, ચતુષ્પાદિકા, અને બીજા જે તેવા પ્રકારના હોય તે. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. જેમકે-સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે બધા ય નપુંસક છે અને જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે. જેમકે—સ્ત્રી, પુરુષ અને નપુંસક. એવા પ્રકારના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ ભુજપરિસર્પોના યોનિથી ઉત્પન્ન થયેલાં નવ લાખ કોડ જાતિકુલો હોય છે એમ કહ્યું છે. એમ ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. એ પ્રમાણે પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. ।।૫૭।।*

(ટી૦) હવે ભૂજપરિસર્પોનું સ્વરૂપ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—સુગમ છે, પરન્તુ જે ભુજપરિસર્પના ભેદો અપ્રસિદ્ધ છે તે લોકથી જાણવા. એઓના યોનિથી ઉત્પન્ન થયેલાં નવ લાખ ક્રોડ જાતિકુલો હોય છે. વળી જે શરીરાદિ દ્વારોને વિષે વિચાર તથા સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકોનું જે અલ્પબહુત્વ છે તે [1]જીવાભિગમની ટીકાથી જાણવું. એમ ભુજપરિસર્પો કહ્યા. ।।૫૭।।

**से किं तं खहयरपंचिन्दियतिरिक्खजोणिया? खहयरपंचिन्दियतिरिक्खजोणिया चउव्विहा पन्नत्ता। तं जहा-चम्मपक्खी, लोमपक्खी, समुग्गपक्खी, विययपक्खी। से किं तं चम्मपक्खी? चम्मपक्खी अणेगविहा पन्नत्ता। तं जहा-वग्गुली, जलोया, अडिल्ला, भारंडपक्खी, जीवंजीवा, समुद्दवायसा, कण्णत्तिया, पक्खिबिरालिया, जे यावऽन्ने तहप्पगारा। से त्तं चम्मपक्खी। से किं तं लोमपक्खी? लोमपक्खी अणेगविहा पन्नत्ता। तं जहा-ढंका, कंका, कुरला, वायसा, चक्कगा[चक्कागा], हंसा, कलहंसा, पायहंसा, रायहंसा, अडा, सेडी, बगा, बलागा, पारिप्पवा, कोंचा, सारसा, मेसरा[सेसरा], मसूरा, मयूरा, सत्तहत्था[सत्तवच्छा], गहरा, पोंडरिया, कागा, कामिंजुया[कामंजुगा], वंजुलया[गा], तित्तिरा, वट्टगा[वट्टागा], लावगा, कवोया, कविंजला, पारेवया, चिडगा, चासा, कुक्कुडा, सुगा, बरहिणा, मयणसलागा, कोइला, सेहा[सिला], वरिल्लगमाई। से त्तं लोमपक्खी। से किं तं समुग्गपक्खी? समुग्गपक्खी एगागारा पन्नत्ता। ते णं नत्थि इहं, बाहिरएसु दीवसमुद्देसु भवन्ति। से त्तं समुग्गपक्खी। से किं तं विययपक्खी। विततपक्खी एगागारा पण्णत्ता। ते णं नत्थि इहं, बाहिरएसु दीव-समुद्दएसु भवंति। से त्तं विततपक्खी। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-संमुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं जे ते संमुच्छिमा ते सव्वे नपुंसगा। तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पन्नत्ता। तं जहा-इत्थी, पुरिसा, नपुंसगा। एएसि णं एवमाइयाणं खहयरपंचिन्दियतिरिक्खजोणियाणं पज्जत्तापज्जत्ताणं बारस जाइकुलकोडिजोणिपमुह-सयसहस्सा भवन्तीति मक्खायं। सत्तट्ठजाइकुलकोडिलक्ख नव अद्धतेरसाइं च। दस दस य होन्ति नवगा तह बारस चेव बोद्धव्वा। से त्तं खहयरपंचिन्दियतिरिक्खजोणिया। से त्तं पंचिन्दियतिरिक्खजोणिया।।सू०-५८।।**

*(મૂ૦) ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે? ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ ચર્મપક્ષી, ૨ લોમપક્ષી, ૩ સમુદ્ગકપક્ષી અને ૪ વિતતપક્ષી. ચર્મપક્ષી કેટલા પ્રકારના છે? ચર્મપક્ષી અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે-વાગુલી, જલોયા, અડિલ્લા, ભારંડપક્ષી, જીવંજીવ, સમુદ્રવાયસ, કર્ણત્તિયા, પક્ષીવિરાલિકા, અને બીજા જે તેવા પ્રકારના હોય તે. એમ ચર્મપક્ષી કહ્યા. લોમપક્ષી કેટલા પ્રકારના છે? લોમપક્ષી અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ઢંક, કંક, કુરલ, વાયસ, ચક્રવાક, હંસ, કલહંસ, રાજહંસ, પાયહંસ, આડ, સેડી, બક-બગલા, બલાકા (બગલાની જાતિ), પારિપ્લવ, ક્રૌંચ, સારસ, મેસર, મસૂર, મયૂર, સપ્તહસ્ત, ગહર, પુંડરીક, કાક,*

૧. જુઓ જીવાભિગમટીકા (આ.સ.) શરીરાદિદ્વારો સંબંધી પૃ. ૪૩-૪૪ અને અલ્પબહુત્વ સંબંધી પૃ. ૮૨-૮૭

*કાભિંજુય, વંજુલગ, તેતર, વર્તકા–બતક, લાવક, કપોત–હોલા, કપિંજલ, પારાવત–પારેવા, ચટક (ચકલા), ચાસ, કુકડા, શુક, બર્હી–મોર, મદનશલાકા, કોકિલ (કોયલ), સેહ, વરિલ્લગ–ઈત્યાદિ. એમ લોમપક્ષી કહ્યા. સમુદ્ગ પક્ષી કેટલા પ્રકારના છે? સમુદ્ગક પક્ષી એક પ્રકારના કહ્યા છે. તેઓ અહીં અઢી દ્વીપમાં નથી, બહારના દ્વીપ–સમુદ્રોમાં હોય છે. એમ સમુદ્ગક પક્ષી કહ્યા. વિતતપક્ષી કેટલા પ્રકારના છે? વિતતપક્ષી એક પ્રકારના કહ્યા છે. તેઓ અહીં નથી, પણ બહારના દ્વીપ–સમુદ્રોમાં હોય છે. એમ વિતતપક્ષી કહ્યા. તે ખેચરો સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે–સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તે સઘળા નપુંસક છે. તેમાં જે ગર્ભજ છે તે ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે–સ્ત્રી, પુરુષ અને નપુંસક. એ પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના યોનિથી ઉત્પન્ન થયેલાં બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે–એમ કહ્યું છે. 'સાત, આઠ, નવ, સાડાબાર, દસ, દસ, નવ અને બાર લાખ ક્રોડ જાતિકુલો (બેઇન્દ્રિયાદિથી માંડીને ખેચર પંચેન્દ્રિય તિર્યંચ સુધી) અનુક્રમે જાણવા.' એમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા, અને એમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. ॥૫૮॥*

(ટી૦) હવે ખેચર પંચેન્દ્રિય તિર્યંચોનું સ્વરૂપ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—ખેચરપંચેન્દ્રિય–આકાશમાં ઉડતા તિર્યંચયોનિકો કેટલા પ્રકારના છે? આચાર્ય કહે છે–ખેચર પંચેન્દ્રિય તિર્યગ્યોનિકો ચાર પ્રકારના કહ્યા છે–'**तद् यथा–चर्मपक्षी**' ઇત્યાદિ. ચર્મમય પાંખો–ચામડાની પાંખો જેઓની છે તે ચર્મપક્ષી, અને લોમ–રુંવાંટા, પીંછાની પાંખો જેઓની છે તે લોમપક્ષી. ગમન કરવા છતાં પણ સમુદ્ગક–પેટીની પેઠે બંધ રહેલી સંકુચિત પાંખો જેઓની છે તે સમુદ્ગકપક્ષી, હમેશાં વિતત–ઉઘાડેલી પાંખો જેઓની છે તે વિતતપક્ષી. '**से किं तं**' ઇત્યાદિ. ચર્મપક્ષી કેટલા પ્રકારના છે? ચર્મપક્ષી અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–'**वल्गुली**' ઇત્યાદિ. એ ભેદો લોક થકી જાણી લેવા. બીજા જે તેવા પ્રકારના છે તે ચર્મપક્ષી જાણવા. ઉપસંહાર કહે છે–'એમ ચર્મ પક્ષી કહ્યા.' લોમપક્ષીનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—'**से किं तं**' ઇત્યાદિ. લોમપક્ષી કેટલા પ્રકારના છે વગેરે. આ લોમપક્ષીના ભેદો લોક થકી જાણવા. સમુદ્ગપક્ષીનું પ્રતિપાદન કરે છે—સમુદ્ગક પક્ષી કેટલા પ્રકારના છે–ઇત્યાદિ પાઠસિદ્ધ જાણવું. એમ વિતતપક્ષી સંબંધી પણ સૂત્ર જાણવું. 'તે ખેચર જીવો સંક્ષેપથી બે પ્રકારના છે'–ઇત્યાદિ પૂર્વની પેઠે વિચારવું. તેઓના યોનિથી ઉત્પન્ન થયેલાં બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે. એઓનો શરીરાદિ દ્વારોને વિષે જે વિચાર તથા સ્ત્રી, પુરુષ અને નપુંસકોનું જે અલ્પબહુત્વ છે તે [1]જીવાભિગમની ટીકાથી જાણી લેવું. ગ્રન્થના વિસ્તારના ભયથી અહીં લખતા નથી. હવે શિષ્યજન ઉપર કૃપા કરવા માટે બેઇન્દ્રિય વગેરેની લાખો ક્રોડ જાતિકુલોની સંખ્યા બતાવનાર સંગ્રહણી ગાથા કહે છે—અહીં બેઇન્દ્રિયોથી આરંભી અનુક્રમે સંખ્યાપદની યોજના કરવી. તે આ પ્રમાણે બેઇન્દ્રિયોના સાત લાખ ક્રોડ જાતિકુલો હોય છે. તેઇન્દ્રિયોના આઠ લાખ ક્રોડ, ચઉરિંદ્રિયોના નવ લાખ ક્રોડ, જલચર પંચેન્દ્રિયોના સાડા બાર લાખ ક્રોડ, ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિયોના દશ લાખ ક્રોડ, ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિયોના દશ લાખ ક્રોડ, ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિયોના નવ લાખ ક્રોડ અને ખેચર પંચેન્દ્રિયોના બાર લાખ ક્રોડ જાતિકુલો હોય છે. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા. (ચાર લાખ જીવયોનિ તિર્યંચ પંચેન્દ્રિયોની હોય છે.) ॥૫૮॥

## ॥ मणुस्सजीव पण्णवणा ॥

**से किं तं मणुस्सा? मणुस्सा दुविहा पन्नत्ता। तं जहा-संमुच्छिममणुस्सा य गब्भवक्कंतियमणुस्सा य। से किं तं संमुच्छिममणुस्सा? कहि णं भन्ते! संमुच्छिममणुस्सा संमुच्छंति? गोयमा! अंतो मणुस्सखित्ते पण[णु]यालीसाए जोयणसयसहस्सेसु, अड्ढाइज्जेसु दीवसमुद्देसु, पन्नरससु कम्मभूमीसु, तीसाए अकम्मभूमीसु, छप्पन्नाए अंतरदीवएसु गब्भवक्कंतियमणुस्साणं चेव उच्चारेसु वा, पासवणेसु वा, खेलेसु वा, सिंघाणएसु[सिंघाणेसु]**

૧. જુઓ જીવાભિગમટીકા (આ.સ.) શરીરાદિદ્વારો સંબંધી પૃ. ૪૩-૪૪ અને અલ્પબહુત્વ સંબંધી પૃ. ૮૨-૮૭

**वा, वंतेसु वा, पित्तेसु वा, पूएसु वा, सोणिएसु वा, सुक्केसु वा, सुक्कपुग्गलपरिसाडेसु वा, विगतजीव-कलेवरेसु वा, थीपुरिससंजोएसु वा,[गामणिद्धमणेसु वा] णगरनिद्धमणेसु वा, सव्वेसु चेव असुइएसु ठाणेसु, एत्थ णं संमुच्छिममणुस्सा संमुच्छंति अंगुलस्स असंखेज्जइभागमेत्ताए ओगाहणाए। असन्नी मिच्छदिट्ठी अन्नाणी सव्वाहिं पज्जतीहिं अपज्जत्तगा अंतोमुहुत्ताउया चेव कालं करेंति। से त्तं संमुच्छिममणुस्सा।।सू०-५९।।**

*(મૂ૦) મનુષ્યો કેટલા પ્રકારના કહ્યા છે? મનુષ્યો બે પ્રકારના કહ્યા છે. જેમકે-સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યો. સંમૂર્છિમ મનુષ્યો કેટલા પ્રકારના છે? હે ભગવન્! સંમૂર્છિમ મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! પીસતાળીશ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં, અઢી દ્વીપ અને સમુદ્રોમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં તથા છપ્પન્ન અંતરદ્વીપોમાં ગર્ભજ મનુષ્યના જ ૧ ઉચ્ચાર-વિષ્ટામાં, ૨ મૂત્રમાં, ૩ કફમાં, ૪ સિંઘાણક-નાસિકાના મેલમાં, ૫ વમેલામાં, ૬ પિત્તમાં, ૭ પરુમાં, ૮ લોહીમાં, ૯ શુક્ર-વીર્યમાં, ૧૦ શુક્રપુદ્ગલના પરિશાટમાં-પરિત્યાગમાં, ૧૧ જીવરહિત કલેવરમાં, ૧૨ સ્ત્રી-પુરુષના સંયોગમાં, ૧૩ નગરની ખાળમાં અને ૧૪ સર્વ અશુચિના સ્થાનકોમાં અહીં સંમૂર્ચ્છિમ મનુષ્યો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહના વડે ઉત્પન્ન થાય છે. તે અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા અને અન્તર્મુહૂર્તના આયુષ્યવાળા જ કાળ કરે છે. એમ સંમૂર્ચ્છિમ મનુષ્યો કહ્યા. ।।૫૯।।*

(ટી૦) મનુષ્યોનું સ્વરૂપ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—અહીં પણ સંમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી પ્રવચન ઉપરના બહુમાનને લીધે અને શિષ્યોને પણ 'સાક્ષાત્ ભગવાને આ કહ્યું છે' એમ બહુમાન ઉત્પન્ન કરવા માટે અંગના અન્તર્ગત સૂત્રનો આલાપક-પાઠ કહે છે—'હે ભગવન્, ઇત્યાદિ પાઠ સુગમ છે. પરન્તુ સર્વ અશુચિના સ્થાનકોમાં-જે કોઈ સ્થાનકો મનુષ્યના સંસર્ગથી અપવિત્ર થયેલા છે તે બધા સ્થાનકોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. એમ સંમૂર્ચ્છિમ મનુષ્યો કહ્યા. ।।૫૯।।

**से किं तं गब्भवक्कंतियमणुस्सा? गब्भवक्कंतियमणुस्सा तिविहा पन्नत्ता।**
**तं जहा-कम्मभूमगा, अकम्मभूमगा, अन्तरदीवगा।।सू०-६०।।**

*(મૂ૦) ગર્ભજ મનુષ્યો કેટલા પ્રકારના છે? ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે-કર્મભૂમક, અકર્મભૂમક, અને અન્તરદ્વીપગ. ।।૬૦।।*

(ટી૦) હવે ગર્ભજ મનુષ્યોનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—'**कम्मभूमगा**' ઇત્યાદિ. કર્મ-કૃષિ, વાણિજ્ય વગેરે, અથવા મોક્ષાનુષ્ઠાન, એવા પ્રકારના કર્મપ્રધાન ભૂમિ જેઓની છે તે કર્મભૂમક કહેવાય છે. એવી રીતે જેઓની અકર્મ-પૂર્વોક્ત કર્મરહિત ભૂમિ છે તે અકર્મભૂમક કહેવાય છે. અન્તરશબ્દ મધ્યવાચી છે, એટલે લવણ સમુદ્રની મધ્યમાં આવેલા દ્વીપો તે અન્તરદ્વીપો, તેમાં રહેલા મનુષ્યો તે '**अन्तरद्वीपगाः**' અન્તરદ્વીપવાસી કહેવાય છે. ।।૬૦।।

**से किं तं अन्तरदीवगा? अन्तरदीवगा अट्ठावीसविहा पन्नत्ता। तं जहा-१ एगोरुया, २ आहा[भा]सिया, ३ वेसाणिया, ४ णंगोली, ५ हयकन्ना, ७ गोकन्ना, ८ सक्कुलिकन्ना, ९ आयंसमुहा, १० मेंढमुहा, ११ अयोमुहा, १२ गोमुहा, १३ आसमुहा, १४ हत्थिमुहा, १५ सीहमुहा, १६ वग्घमुहा, १७ आसकन्ना, १८ हरि[सीह]कन्ना, १९ अकन्ना, २० कण्णपाउरणा, २१ उक्कामुहा, २२ मेहमुहा, २३ विज्जुमुहा, २४ विज्जुदंता, २५ घणदंता, २६ लट्ठदंता, २७ गूढदंता, २८ सुद्धदंता। से त्तं अन्तरदीवगा।।सू०-६१।।**

*(મૂ૦) અન્તરદ્વીપગ-અન્તરદ્વીપનિવાસી મનુષ્યો કેટલા પ્રકારના છે? અન્તરદ્વીપગ મનુષ્યો અઠ્યાવીશ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ એકોરુક, ૨ આભાસિક, ૩ વૈષાણિક, ૪ નાંગોલિક, ૫ હયકર્ણ, ૬ ગજકર્ણ, ૭ ગોકર્ણ, ૮ શષ્કુલીકર્ણ, ૯ આદર્શમુખ, ૧૦ મેંઢમુખ, ૧૧ અયોમુખ, ૧૨ ગોમુખ, ૧૩ અશ્વમુખ, ૧૪ હસ્તિમુખ, ૧૫ સિંહમુખ, ૧૬ વ્યાઘ્રમુખ,*

*૧૭ અશ્વકર્ણ, ૧૮ હરિકર્ણ, ૧૯ અકર્ણ, ૨૦ કર્ણપ્રાવરણ, ૨૧ ઉલ્કામુખ, ૨૨ મેઘમુખ, ૨૩ વિદ્યુન્મુખ, ૨૪ વિદ્યુદન્ત, ૨૫ ઘનદન્ત, ૨૬ લષ્ટદંત, ૨૭ ગૂઢદન્ત અને ૨૮ શુદ્ધદન્ત. એ પ્રમાણે અન્તરદ્વીપગ મનુષ્યો કહ્યા. ॥૬૧॥*

(ટી૦) પશ્ચાનુપૂર્વી ન્યાયને જણાવવા માટે પ્રથમ અન્તરદ્વીપના મનુષ્યોનું પ્રતિપાદન કરે છે–'**से किं तं**'–ઇત્યાદિ. તે કેટલા પ્રકારના છે ઇત્યાદિ પાઠ સુગમ છે. પરન્તુ તે અઠ્યાવીશ પ્રકારના છે. યદ્યપિ જેવા પ્રકારના, જેટલા પ્રમાણવાળા, જેટલા અંતરવાળા અને જે નામના અંતરદ્વીપો હિમવાન્ પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં રહેલા છે તેવા પ્રકારના, તેટલા પ્રમાણના, તેટલા અંતરવાળા અને તે નામના જ શિખરી પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશાએ રહેલા છે, તેથી છપ્પન્ન અન્તર દ્વીપો થાય છે, તો પણ અત્યન્ત સરખા હોવાને લીધે વ્યક્તિભેદની અપેક્ષા કર્યા સિવાય અઠ્યાવીશ પ્રકારના જ કહ્યા છે. અને તેમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો પણ અઠ્યાવીશ પ્રકારના કહ્યા છે. હવે અંતરદ્વીપના નામનો નિર્દેશ કરી બતાવે છે–'**तं जहा- एगोरुया**' ઇત્યાદિ. તે આ પ્રમાણે–એકોરુક વગેરે. એની સંખ્યા અઠ્યાવીશ હોવાથી સાત ચતુષ્ટય થાય છે. એ પ્રત્યેક હિમવાન્ અને શિખરી પર્વત ઉપર છે. તેમાં પ્રથમ હિમવાન્ પર્વત ઉપર રહેલા અન્તરદ્વીપનો વિચાર કરીએ છીએ.

આ જંબૂદ્વીપમાં ભરત અને હૈમવત ક્ષેત્રની મર્યાદા બતાવનાર હિમવાન્ નામે પર્વત છે. તે ભૂમિમાં પચીશ યોજન ઉંડો, સો યોજનની ઉંચાઇવાળો, ભરતક્ષેત્રથી બમણા વિસ્તારવાળો, સુવર્ણમય, અને ચીનના વસ્ત્ર જેવા વર્ણવાળો છે. તેના બન્ને પડખાં અનેક વર્ણવાળા અને વિશિષ્ટ કાન્તિવાળા મણિના સમૂહથી સુશોભિત છે. તે બધે ય સરખા વિસ્તારવાળો અને ગગનમંડળને સ્પર્શ કરનારા રત્નમય અગિયાર શિખરો વડે વિરાજિત છે. જેનું તળ વજ્રમય છે અને જેનો તટભાગ વિવિધ પ્રકારના મણિથી અને સુવર્ણથી શોભિત છે, એવા દસ યોજન ઉંડા અને પૂર્વ–પશ્ચિમ હજાર યોજન લાંબા તથા દક્ષિણ અને ઉત્તરે પાંચસો યોજનના વિસ્તારવાળા પદ્મહ્રદ વડે તેના શિખરનો મધ્યભાગ સુશોભિત છે. તે ચોતરફ કલ્પવૃક્ષની શ્રેણિ વડે રમ્ય અને પૂર્વ અને પશ્ચિમના છેડા વડે લવણ સમુદ્રના જળને સ્પર્શ કરે છે. તે હિમવાન્ પર્વતને લવણ સમુદ્રના જળના સ્પર્શથી આરંભી પૂર્વ અને પશ્ચિમ દિશામાં પ્રત્યેકને ગજદન્તના આકારવાળી બબ્બે દાઢાઓ નીકળેલી છે. તેમાં ઈશાન કોણમાં જે દાઢા નીકળેલી છે તેના ઉપર હિમવાન્ પર્વતના પર્યન્ત ભાગથી આરંભી ત્રણસો યોજન લવણ સમુદ્રમાં જઇએ ત્યારે અહીં ત્રણસો યોજન લાંબો અને પહોળો તથા કંઈક ન્યૂન નવસો ઓગણપચાસ યોજન પરિધિવાળો એકોરુક નામે દ્વીપ છે. આ દ્વીપ પાંચસો ધનુષ પહોળી અને બે ગાઉ ઉંચી પદ્મવરવેદિકાથી ચોતરફ સુશોભિત છે. તે પદ્મવરવેદિકાનું વર્ણન [1]જીવાભિગમસૂત્રની ટીકામાં કહ્યા પ્રમાણે જાણવું. તે પદ્મવરવેદિકા ચારે તરફ સર્વથા વનખંડ વડે વીંટાયેલી છે. વનથી વનખંડની આ વિશેષતા છે–પ્રાયઃ ઘણા સમાન જાતિના વૃક્ષોનો સમુદાય તે વન, જેમકે અશોકવન, ચંપકવન, અને અનેક જાતનાં ઉત્તમ વૃક્ષોનો સમુદાય તે વનખંડ. 'જીવાભિગમની મૂળ ટીકામાં કહ્યું છે કે–'**एगजाइएहिं रुक्खेहिं वणं, अणेगजाइएहिं उत्तमेहिं वणसंडे**'। એક જાતના વૃક્ષો વડે વન અને અનેક જાતના ઉત્તમ વૃક્ષો વડે વનખંડ કહેવાય છે. ચક્રવાલ–ગોળાકારે રહેલા તે વનખંડનો વિસ્તાર કંઇક ન્યૂન બે યોજનનો છે અને પરિધિ પદ્મવરવેદિકાના જેટલી છે. આ વનખંડનું વર્ણન કરેલું છે તે અત્યંત વિસ્તૃત છે માટે બતાવ્યું નથી, પરન્તુ [2]જીવાભિગમની ટીકાથી જાણી લેવું. હવે તે હિમવાન્ પર્વતના છેડાથી આરંભી દક્ષિણપૂર્વ–અગ્નિકોણમાં ત્રણસો યોજન લવણ સમુદ્રમાં પ્રવેશ કરીએ એટલે અહીં બીજી દાઢા ઉપર એકોરુક દ્વીપના જેટલા પ્રમાણવાળો આભાસિક નામે દ્વીપ છે. તથા તે હિમવાન્ પર્વતની પશ્ચિમ દિશાને વિષે તેના છેડાથી આરંભી દક્ષિણ–પશ્ચિમ–નૈઋત્ય કોણમાં ત્રણસો યોજન લવણ સમુદ્રમાં જઇએ ત્યારે ત્રીજી દાઢા ઉપર પૂર્વોક્ત પ્રમાણવાળો વૈષાણિક નામે દ્વીપ છે. તથા તે હિમવાન્ પર્વતની પશ્ચિમ દિશામાં તેના છેડાથી આરંભી પશ્ચિમોત્તર–વાયવ્ય કોણને વિષે લવણ સમુદ્રમાં ત્રણસો

૧. જુઓ જીવાભિગમટીકા (આ.સ.) પૃ. ૧૮૧-૧૮૩; ૨. જીવાભિગમટીકા (આ.સ.) પૃ. ૧૮૩-૧૯૮

યોજન ઓળંગીને જઇએ ત્યારે ચોથી દાઢા ઉપર પૂર્વોક્ત પ્રમાણવાળો નાંગોલિક નામે દ્વીપ છે. એમ ચારે દ્વીપો હિમવાન્ પર્વતની ચારે વિદિશામાં તુલ્ય પ્રમાણવાળા રહેલા છે. કહ્યું છે કે '**चुल्ल**'-લઘુ હિમવાન્ પર્વતની પૂર્વ અને પશ્ચિમ બાજૂએ વિદિશામાં ત્રણસો યોજન જઇએ ત્યારે ત્રણસો યોજન વિસ્તારવાળા અન્તરદ્વીપો હોય છે, તેઓની કંઈક ન્યૂન નવસો ઓગણપચાસ યોજન પરિધિ છે. તેના આ નામો છે.-૧ એકોરુક, ૨ આભાસિક, ૩ વૈષાણિક અને ૪ નાંગોલિક.

ત્યાર બાદ એકોરુકાદિ ચારે દ્વીપની આગળ અનુક્રમે ઈશાનાદિ વિદિશામાં ચારસો ચારસો યોજન ઓળંગીને જઇએ ત્યારે ચારસો યોજન લાંબા અને પહોળા તથા કંઇક ન્યૂન બારસો પાંસઠ યોજન પરિધિવાળા, ઉપર કહ્યા પ્રમાણે પદ્મવર વેદિકા અને વનખંડ વડે જેનો આસપાસનો ભાગ સુશોભિત છે એવા અને જંબૂદ્વીપની વેદિકાથી ચારસો યોજન અન્તરવાળા હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ નામે ચાર દ્વીપો છે. તે આ પ્રમાણે-એકોરુકની પછી હયકર્ણ, આભાસિકની પછી ગજકર્ણ, વૈષાણિકની પછી ગોકર્ણ અને નાંગોલિકની પછી શષ્કુલીકર્ણ છે.

હવે એ હયકર્ણાદિ ચારે દ્વીપની પછી ફરીને પણ અનુક્રમે ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી પાંચસો પાંચસો યોજન જઇએ ત્યારે પાંચસો યોજનની લંબાઇ અને વિસ્તારવાળા પંદરસો એકાશી યોજનની પરિધિવાળો પદ્મવરવેદિકા અને વનખંડ વડે જેનો બાહ્ય ભાગ સુશોભિત છે એવા, જંબૂદ્વીપની વેદિકાથી પાંચસો યોજન પ્રમાણ અન્તરવાળા ૧ આદર્શમુખ, ૨ મેંઢમુખ, ૩ અયોમુખ અને ૪ ગોમુખ નામના ચાર દ્વીપો છે. તે આ પ્રમાણે-હયકર્ણની પછી આદર્શમુખ, ગજકર્ણની પછી મેંઢમુખ, ગોકર્ણની પછી અયોમુખ અને શષ્કુલીકર્ણની પછી ગોમુખ છે. એમ આગળ પણ વિચાર કરવો.

એ આદર્શમુખાદિ ચારે દ્વીપોની પછી ફરીથી પણ અનુક્રમે ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી છસો છસો યોજન જઇએ એટલે છસો યોજન લાંબા અને પહોળા તથા અઢારસો સત્તાણું યોજન પરિધિવાળા, ઉપર કહેલા પ્રમાણવાળી પદ્મવરવેદિકા અને વનખંડ વડે જેની આંસપાસનો પ્રદેશ સુશોભિત છે એવા, જંબૂદ્વીપની વેદિકાથી છસો યોજનના અન્તરવાળા અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ નામના ચાર દ્વીપો છે.

એ અશ્વમુખાદિ ચાર દ્વીપની પછી અનુક્રમે ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી સાતસો યોજન જઇએ ત્યારે સાતસો યોજન લાંબા અને પહોળા, બાવીસો તેર યોજનની પરિધિવાળા, પૂર્વે કહ્યા પ્રમાણે પ્રમાણવાળી પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટાયેલ, જંબૂદ્વીપની વેદિકાથી સાતસો યોજન પ્રમાણ અન્તરવાળા અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ અને કર્ણપ્રાવરણ નામે ચાર દ્વીપો છે.

ત્યારબાદ અશ્વકર્ણાદિ ચાર દ્વીપોની પછી અનુક્રમે ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી આઠસો આઠસો યોજન અતિક્રમ્યા પછી આઠસો યોજન લાંબા અને પહોળા પચીસસો ઓગણત્રીસ યોજનની પરિધિવાળા યથોક્ત પ્રમાણવાળી પદ્મવરવેદિકા અને વનખંડવડે જેનો બાહ્ય પ્રદેશ સુશોભિત છે એવા, જંબૂદ્વીપની વેદિકાથી આઠસો યોજન પ્રમાણ અન્તરવાળા ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ અને વિદ્યુદન્ત નામે ચાર દ્વીપો છે.

તે પછી આ ઉલ્કામુખાદિ ચાર દ્વીપોની આગળ અનુક્રમે ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી નવસો નવસો યોજન જઇએ ત્યારે નવસો યોજન લાંબા અને પહોળા તથા અઠ્યાવીસસો પીસતાળીશ યોજનની પરિધિવાળા, પૂર્વોક્ત પ્રમાણવાળી પદ્મવરવેદિકા અને વનખંડ વડે યુક્ત, જંબૂદ્વીપની વેદિકાથી નવસો યોજન પ્રમાણ અંતરવાળા, ઘનદન્ત, લષ્ટદન્ત, ગૂઢદન્ત અને શુદ્ધદન્ત નામે ચાર અન્તરદ્વીપો છે. એવી રીતે આ દ્વીપો હિમવાન્ પર્વત ઉપર ચારે વિદિશામાં રહેલા છે અને બધા મળીને અઠ્યાવીશ દ્વીપો થાય છે.

એ પ્રમાણે હિમવાન્ પર્વતના સમાનવર્ણ અને પ્રમાણવાળા, તથા પદ્મહ્રદના સમાન લાંબા પહોળા અને ઉંડા પુંડરીક હ્રદ વડે સુશોભિત શિખરી પર્વતને વિષે પણ લવણ સમુદ્રના જલના સ્પર્શથી આરંભી ઉપર કહ્યા પ્રમાણે અન્તરવાળા, ચારે વિદિશાને વિષે રહેલા એકોરુકાદિ દ્વીપોના સમાન નામવાળા, બરાબર અન્તર, લંબાઇ અને વિસ્તારવાળા અઠ્યાવીશ દ્વીપો

કહેવા. બધા મળીને છપ્પન્ન અન્તરદ્વીપો થાય છે. તેમાં રહેલા મનુષ્યો પણ ઉપચારથી એજ નામવાળા કહેવાય છે. કેમકે 'तात्स्थ्यात्तद्व्यपदेश:' તેમાં રહેલા હોવાથી તેનો વ્યવહાર થાય છે–એ ન્યાય છે. જેમ પંચાલ દેશનિવાસી પુરુષો 'પંચાલ' કહેવાય છે. તે મનુષ્યો વજ્રઋષભનારાચસંઘયણવાળા, કંક પક્ષીના જેવા પરિણામપાચન શક્તિવાળા, અનુકૂલ વાયુના વેગવાળા અને સમચતુરસ્રસંસ્થાનવાળા હોય છે. તે આ પ્રમાણે–સુપ્રતિષ્ઠિત અને કૂર્મના જેવા સુંદર ચરણવાળા, સુકુમાર, નરમ થોડા રોમવાળી અને કુરુવિન્દના સરખી ગોળ બે જંઘાવાળા, ગુપ્ત અને સુબદ્ધ સંધિવાળા જાનુ–ઢીંચણ જેઓના છે એવા, જેઓની સાથળ હસ્તિની સૂંઢ સમાન ગોળ છે, જેની કેડ સિંહના સદશ છે, જેઓનો મધ્યભાગ વજ્રના સમાન છે, જેઓનું નાભિમંડલ દક્ષિણાવર્તયુક્ત છે, જેઓની છાતી શ્રીવત્સના ચિહ્નવાળી વિશાલ અને પુષ્ટ છે, જેઓના બાહુ નગરના દરવાજાના ભોગળ સમાન લાંબા છે એવા, સુશ્લિષ્ટ–સુશોભિત મણિબન્ધવાળા, જેઓના હાથ–પગના તળીઆ રાતા કમળના જેવાં લાલ છે, જેઓની ડોક ચાર આંગળ પ્રમાણ સરખી ગોળાકાર શંખના જેવી છે, જેઓનું મુખ શરદના ચંદ્રના જેવું સૌમ્ય છે એવા, છત્રના આકાર જેવા માથાવાળા, અસ્ફુટિત–વળેલા સ્નિગ્ધ કાન્તિવાળા અને સુંવાળા કેશો જેઓના છે એવા, ૧ કમંડલુ, ૨ કલશ, ૩ યૂપ, ૪ સ્તૂપ, ૫ વાવ, ૬ ધ્વજા, ૭ પતાકા, ૮ સ્વસ્તિક, ૯ જવ, ૧૦ મત્સ્ય, ૧૧ મકર, ૧૨ કૂર્મ, ૧૩ શ્રેષ્ઠ રથ, ૧૪ સ્થાલ, ૧૫ અંશુક–વસ્ત્ર, ૧૬ અષ્ટાપદ, ૧૭ અંકુશ, ૧૮ સુપ્રતિષ્ઠક (શરાવસંપુટ), ૧૯ મોર, ૨૦ ફૂલની માળા, ૨૧ અભિષેક, ૨૨ તોરણ, ૨૩ પૃથિવી, ૨૪ સમુદ્ર, ૨૫ શ્રેષ્ઠ ભવન, ૨૬ આદર્શ, ૨૭ પર્વત, ૨૮ હાથી, ૨૯ વૃષભ, ૩૦ સિંહ, ૩૧ છત્ર અને ૩૨ ચામર રૂપ પ્રશસ્ત અને ઉત્તમ બત્રીશ લક્ષણ ધારણ કરનારા હોય છે.

સ્ત્રીઓ પણ ઉત્તમ સર્વાંગ સુંદર અને સર્વ પ્રકારના સ્ત્રીઓના ગુણસહિત હોય છે. પરસ્પર મળેલી આંગળીવાળા અને પદ્મની પાંખડીના જેવા કોમળ તેમજ કૂર્મના જેવા મનોહર ચરણોવાળી, જેઓની જંઘાઓ રોમરહિત અને પ્રશસ્ત લક્ષણવાળી છે એવી, ગુપ્ત અને પુષ્ટ ઢીંચણવાળી, કેળના સ્તંભ જેવા સંહત, સુકુમાર અને પુષ્ટ સાથળવાળી, મુખની લંબાઇના પ્રમાણથી ત્રણગુણા, પુષ્ટ અને વિશાલ જઘન (કેડની આગળનો ભાગ)ને ધારણ કરનારી, સ્નિગ્ધ કાન્તિવાળી, સુંદર રચનાવાળી મૃદુ–નરમ રોમરાજિ જેઓની છે એવી, જેનું નાભિમંડલ દક્ષિણાવર્તના તરંગયુક્ત છે, જેનું ઉદર પ્રશસ્ત લક્ષણ સહિત છે, જેના પડખા બરોબર સંગત–સરખા છે, જેના સ્તનો સુવર્ણના કલશ જેવા સંહત–મળેલા, અતિ ઉંચા, ગોળ આકૃતિવાળા અને પુષ્ટ છે એવી, સુકુમાર બાહુલતાવાળી, સ્વસ્તિક, શંખ અને ચક્રાદિની આકૃતિવાળી રેખા વડે સુશોભિત હસ્તતલ અને પાદતલ જેના છે એવી, મુખના ત્રીજા ભાગની ઉંચાઇવાળી પુષ્ટ અને શંખલા જેવી ડોકવાળી, પ્રશસ્ત લક્ષણવાળી અને પુષ્ટ હડપચી જેઓની છે એવી, જેના અધરોષ્ઠ દાડિમના ફૂલ જેવા લાલ છે, જેના તાલુ અને જીભ રક્ત કમળ જેવા છે, જેના લોચન વિકસિત કુમુદની પાંખડી જેવા લાંબા અને સુંદર છે, જેની ભ્રૂલતા–ભ્રૂકુટી ચડાવેલા ધનુષ્પૃષ્ઠની આકૃતિ જેવી સુસંગત છે, જેઓનું લલાટ પ્રમાણયુક્ત છે, જેઓના કેશ સ્નિગ્ધ, મનોહર અને સુંવાળા છે એવી, પુરુષથી કંઇક ન્યૂન ઉંચાઇવાળી અને સ્વભાવથી જ ઉદાર શૃંગાર અને સુંદર વેષવાળી છે. તેમજ સ્વભાવથી જ હાસ્યયુક્ત વચનો અને વિલાસના વિષયમાં અત્યન્ત નિપુણતાવાળી છે.

તથા પુરુષો અને સ્ત્રીઓ બન્ને સ્વભાવથી જ સુગંધીવદનવાળા, સ્વલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળા, તેમજ સંતોષી, ઔત્સુક્યરહિત, નમ્રતા અને સરલતા યુક્ત હોય છે. મમત્વનું કારણભૂત મણિ, કનક અને મોતી વગેરે મનોહર વસ્તુઓ છતાં પણ મમત્વના આગ્રહરહિત, સર્વથા વૈરાનુબન્ધ વિનાના, હાથી, ઘોડા, ઉંટ, ગાય, ભેંસ–ઇત્યાદિ છતાં તેના પરિભોગની ઇચ્છા રહિત હોય છે. તેઓ પગે ચાલનારા, જ્વરાદિરોગ, યક્ષ, ભૂત, પિશાચાદિ, ગ્રહ અને મરકીના ઉપદ્રવથી રહિત હોય છે. પરસ્પર સ્વસ્વામિભાવથી રહિત હોવાને લીધે બધા અહમિન્દ્રો–સ્વતન્ત્ર છે. તેને ચોસઠ પાંસળીઓ હોય છે, અને એકાન્તર–એક દિવસ ગયા બાદ આહાર ગ્રહણ કરે છે. તેઓનો આહાર પણ શાલિ વગેરે ધાન્યનો નથી, પરન્તુ પૃથિવીની માટી અને કલ્પવૃક્ષોના પુષ્પો અને ફલો હોય છે. તે આ પ્રમાણે–તે ક્ષેત્રમાં સ્વભાવથી જ શાલિ, ઘઉં, અડદ, મગ,

વગેરે ધાન્યો થાય છે, પરન્તુ તે મનુષ્યોના ઉપયોગમાં આવતાં નથી. જે ત્યાંની પૃથિવી છે તે સાકરથી પણ અનન્તગુણ માધુર્યવાળી છે અને કલ્પવૃક્ષોના પુષ્પ અને ફલોના જે આસ્વાદ છે તે ચક્રવર્તીના ભોજનથી પણ અધિક ગુણવાળો છે. કહ્યું છે કે-''**तेसि णं भंते! पुप्फफलाणं केरिसए आसाए पन्नत्ते? गोयमा! जे से जहानामए रन्नो चाउरंतस्स चक्कवट्टिस्स कल्लाणे भोयणजाए सयसहस्स निप्फन्ने वन्नोवए रसोवए फासोवए आसायणिज्जे दप्पणिज्जे मयणिज्जे बिंहणिज्जे सव्वेन्द्रियगायपल्हायणिज्जे आसाएणं पन्नत्ते, एत्तोवि इट्ठतराए चेव पन्नत्ते॥**''-'હે ભગવન્! તેઓના પુષ્પફલોનો કેવો સ્વાદ કહ્યો છે? હે ગૌતમ! જેમ કોઈ ચાર દિશા પર્યન્ત પૃથિવીના સ્વામી ચક્રવર્તીનું કલ્યાણકારક અને લાખો રૂપિઆના વ્યયથી તૈયાર થયેલું, સુંદર વર્ણયુક્ત, ગન્ધયુક્ત, રસયુક્ત, સ્પર્શયુક્ત, આસ્વાદનીય, દર્પ ઉત્પન્ન કરે એવું, મદ ઉત્પન્ન કરે એવું, પુષ્ટિકારક અને સર્વ ઇન્દ્રિય અને ગાત્રને પ્રસન્નતા આપે એવું ભોજન આસ્વાદ વડે હોય છે, તેથી પણ વધારે ઈષ્ટ આસ્વાદ વડે કહેલું છે.' તેથી પૃથિવી અને કલ્પવૃક્ષના પુષ્પો અને ફળો તેઓનો આહાર હોય છે. તેવા પ્રકારનો આહાર કરીને પ્રાસાદ વગેરેની આકૃતિવાળા ઘરના આકાર જેવા કલ્પવૃક્ષો છે તેમાં સુખપૂર્વક રહે છે. તે ક્ષેત્રમાં શરીરને ઉપદ્રવ કરનારા ડાંસ, મચ્છર, જૂ, માંકણ અને મક્ષિકાદિ જન્તુઓ ઉત્પન્ન થતા નથી. સર્પ, વાઘ, સિંહાદિ ઉત્પન્ન થાય છે તે પણ મનુષ્યોને બાધા-પીડા કારક થતા નથી. અને તેઓ પણ પરસ્પર હિંસ્ય-હિંસક ભાવમાં વર્તતા નથી, કારણ કે તેઓ ક્ષેત્રના પ્રભાવથી રૌદ્ર પરિણામ-હિંસાના પરિણામ રહિત છે. મનુષ્યયુગલો છેવટના સમયે (છ મહિના આયુષ્ય બાકી હોય ત્યારે) એક યુગલનો જન્મ આપે છે, અને ઓગણાએંશી દિવસ સુધી તે યુગલનું પાલન કરે છે. તેઓના શરીરની ઉંચાઈ આઠસો ધનુષ છે, અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્ય છે. કહ્યું છે કે ''**अन्तरदीवेसु नरा धणुसियामट्ठसिया सया मुइया। पालंति मिहुणधम्मं पल्लस्स असंखभागाऊ ॥१॥ चउसट्ठि पिट्ठकरंडयाणि मणुयाण तेसिमाहारो। भत्तस्स चउत्थस्स य गुणसीइदिणाणि पालणया ॥२॥**'' - 'અન્તરદ્વીપના મનુષ્યો આઠસો ધનુષ ઉંચા, સદા મુદિત-પ્રસન્ન અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળા મિથુનધર્મનું પાલન કરે છે. તે મનુષ્યોને ચોસઠ પાંસળીઓ હોય છે અને તેઓનો આહાર એક દિવસ ગયા બાદ હોય છે અને તેઓ ઓગણાએંશી દિવસ સુધી સંતાનનું પાલન કરે છે.' તેઓ થોડા કષાયવાળા અને થોડા પ્રેમના અનુબંધવાળા હોવાથી મરીને સ્વર્ગે જાય છે. તેઓનું મરણ માત્ર બગાસા, ખાંસી કે છીંક વગેરેની ક્રિયાપૂર્વક થાય છે, પરન્તુ શરીરની પીડાપૂર્વક હોતું નથી. એ અન્તરદ્વીપના મનુષ્યો કહ્યા. ॥૬૧॥

**से किं तं अकम्मभूमगा? अकम्मभूमगा तीसविहा पन्नत्ता। तं जहा-पंचहिं हेमवएहिं, पंचहिं हिरण्णवएहिं, पंचहिं हरिवासेहिं, पंचहिं रम्मगवासेहिं, पंचहिं देवकुरूहिं, पंचहिं उत्तरकुरूहिं। से त्तं अकम्मभूमगा ॥सू०-६२॥**

*(મૂ૦) અકર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના છે? અકર્મભૂમિના મનુષ્યો ત્રીશ પ્રકારના છે. તે આ પ્રમાણે-પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્વર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ વડે ત્રીશ પ્રકારના છે. એમ અકર્મભૂમિના મનુષ્યો કહ્યા. ॥૬૨॥*

(ટી૦) હવે અકર્મભૂમિના મનુષ્યોનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે-અકર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના છે? આચાર્ય કહે છે કે-અકર્મભૂમિના મનુષ્યો ત્રીશ પ્રકારના છે. તે ત્રીશ પ્રકાર ક્ષેત્રના ભેદથી થાય છે, તે પ્રમાણે કહે છે-'पंचेहिं हेमवएहिं' ઇત્યાદિ. પાંચ હૈમવતવડે, પાંચ હૈરણ્યવત વડે, પાંચ હરિવર્ષ વડે, પાંચ રમ્યક્વર્ષ વડે, પાંચ દેવકુરુ વડે અને પાંચ ઉત્તરકુરુ વડે ભેદ કરતાં ત્રીશ પ્રકારના થાય છે. કેમકે છને પાંચે ગુણતાં ત્રીશ સંખ્યા થાય છે. તેમાં પાંચ હૈમવત અને પાંચ હૈરણ્યવત ક્ષેત્રમાં મનુષ્યો ગાઉ પ્રમાણ શરીરની ઉંચાઈવાળા, પલ્યોપમના આયુષ્યવાળા, વજ્રઋષભ નારાચસંહનનવાળા અને સમચતુરસ્ર સંસ્થાનયુક્ત હોય છે. તેઓ ચોસઠ પાંસળીઓવાળા, એક દિવસ પૂરો થયા પછી આહાર ગ્રહણ કરનારા અને

ઓગણાએંશી દિવસ સુધી અપત્યનું પાલન કરવાવાળા હોય છે. કહ્યું છે કે–"**गाउअमुच्चा पलिओवमाउणो वज्जरिसहसंघयणा। हेमवएरए अहमिंदनरा मिहुणवासी ॥१॥ चउसट्ठी पिट्ठकरंडयाण मणुयाण तेसिमाहारो। भत्तस्स चउत्थस्स य गुणसीदिणऽवच्चपालणया ॥२॥**"–'હેમવત અને હૈરણ્યવત ક્ષેત્રમાં એક ગાઉ ઉંચા, પલ્યોપમના આયુષ્યવાળા અને વજ્રઋષભનારાચસંઘયણવાળા અહમિન્દ્ર–સ્વતન્ત્ર મિથુનવાસી મનુષ્યો હોય છે. મનુષ્યોને ચોસઠ પાંસળીઓ અને તેઓનો આહાર ચતુર્થભક્ત–એક દિવસ અતિક્રમ્યા પછી હોય છે. તેઓ ઓગણાએંશી દિવસ સુધી અપત્ય–સંતતિનું પાલન કરનારા હોય છે.'

પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યક્ ક્ષેત્રને વિષે બે પલ્યોપમના આયુષ્યવાળા, બે ગાઉ પ્રમાણ શરીરની ઉંચાઇવાળા, વજ્રઋષભનારાચસંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાન સહિત હોય છે. તેઓ બે દિવસ ગયા બાદ આહાર ગ્રહણ કરે છે. તેઓને એકસો અઠ્યાવીશ પાંસળીઓ હોય છે. અને તેઓ ચોસઠ દિવસ સુધી સંતતિનું પાલન કરે છે. કહ્યું છે કે–"**हरिवासरम्मएसु आउपमाणं सरीरमुस्सेहो। पलिओवमाणि दोन्नि उ दोन्नि उ कोसुस्सिया भणिया ॥१॥ छट्ठस्स य आहारो चउसट्ठिदिणाणि पालणा तेसिं। पिट्ठकरंडाण सयं अट्ठावीसं मुणेयव्वं ॥२॥** 'હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રને વિષે આયુષ્યનું પ્રમાણ બે પલ્યોપમ અને શરીરની ઉંચાઇ બે કોશની કહેલી છે. તેઓ બે દિવસે આહાર કરે છે અને ચોસઠ દિવસ સુધી સંતતિનું પાલન કરે છે. તેઓની પાંસળીઓ એકસો અઠ્યાવીશ જાણવી.'

પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુને વિષે મનુષ્યો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ત્રણ ગાઉ પ્રમાણ શરીરની ઉંચાઇવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા અને વજ્રઋષભનારાચ સંઘયણયુક્ત હોય છે. તેઓને બસો છપ્પન પાંસળીઓ છે. તેઓ ત્રણ દિવસ ગયા બાદ આહાર ગ્રહણ કરે છે અને ઓગણપચાસ દિવસ અપત્યની પાલના કરે છે. કહ્યું છે કે–"**दोसु वि कुरूसु मणुया तिपल्लपरमाउणो तिकोसुच्चा। पिट्ठिकरंडसयाइ दो छप्पन्नाइ मणुयाणं ॥१॥ सुसमसुसमाणुभावं अणुभवमाणाणऽवच्चगोवणया। अउणापण्णदिण्णाइं अट्ठमभत्तस्समाहारो ॥२॥**"–'બન્ને કુરુક્ષેત્રમાં મનુષ્યો ત્રણ પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા, અને ત્રણ કોશ ઉંચા હોય છે. તેઓને બસો છપ્પન પાંસળીઓ હોય છે.' તેઓ સુષમાસુષમા કાળના પ્રભાવને અનુભવતા ઓગણ પચાસ દિવસ સુધી સંતતિનું પાલન કરે છે. તેમજ તેઓને ત્રણ દિવસે આહાર હોય છે.

આ બધા ક્ષેત્રોમાં અન્તરદ્વીપની પેઠે મનુષ્યોને કલ્પવૃક્ષોએ આપેલા ભોગો હોય છે, પરન્તુ અન્તરદ્વીપની અપેક્ષાએ પાંચ હૈમવત અને પાંચ હૈરણ્યવતને વિષે મનુષ્યોના ઉત્થાન–બલ–વીર્યાદિ અને કલ્પવૃક્ષોના ફળોનો આસ્વાદ તથા પૃથિવીનું માધુર્યપણું વગેરે ભાવો પર્યાયને આશ્રયી અનન્તગુણાં જાણવા. તેનાથી પણ પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યકવર્ષમાં અનન્તગુણા ભાવો છે. તેથી પણ પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુને વિષે અનન્તગુણ ભાવો છે. એમ અકર્મભૂમિના મનુષ્યો કહ્યા.॥૬૨॥

**से किं तं कम्मभूमगा? कम्मभूमगा पन्नरसविहा पन्नत्ता। तं जहा-पंचहिं भरहेहिं, पंचहिं एरवएहिं, पंचहिं महाविदेहेहिं। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा-आ[य]रिया य १मिलक्खू य।सू०-६३॥**

(મૂ૦) *કર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના છે? કર્મભૂમિના મનુષ્યો પંદર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–પાંચ ભરત, પાંચ એરવત અને પાંચ મહાવિદેહ વડે. [તેના પંદર પ્રકાર થાય છે.] તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે– આર્યો અને મ્લેચ્છો. ॥૬૩॥*

(ટી૦) કર્મભૂમિના મનુષ્યો કેટલા પ્રકારના છે? આચાર્ય કહે છે કે પંદર પ્રકારના કહ્યા છે. તેના પંદર પ્રકાર ક્ષેત્રના ભેદથી થાય છે, તે પ્રમાણે સૂત્રકાર કહે છે–'**पंचहिं भरहेहिं**' ઇત્યાદિ. પાંચ ભરત, પાંચ એરવત અને પાંચ મહાવિદેહ વડે ભેદ કરતાં પંદર પ્રકારના થાય છે. તે પંદર પ્રકારના હોવા છતાં પણ સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–આર્ય અને મ્લેચ્છ. તેમાં

१. 'मिलिक्खू' इति सर्वत्र पाठः (આ.સ.)

'आरात्-याता:' આરાત્ અવ્યય દૂર અને સમીપ વાચી છે. હેય ધર્મોથી દૂર ગયેલા અને ઉપાદેય ધર્મોની સમીપ પ્રાપ્ત થયેલા તે આર્ય કહેવાય છે. [પૃષોદરાદિની પેઠે રૂપની સિદ્ધિ થાય છે.] અવ્યક્ત ભાષા અને આચારવાળા મ્લેચ્છો કહેવાય છે. કારણ કે મ્લેચ્છ્ ધાતુ અવ્યક્ત ભાષા-બોલવાના અર્થમાં છે. અહીં ભાષાનું ગ્રહણ ઉપલક્ષણ છે, તેથી **જેઓનો સર્વ પ્રકારનો વ્યવહાર શિષ્ટોને અસંમત છે તે મ્લેચ્છો જાણવા.** ॥૬૩॥

**से किं तं मिलक्खू? मिलक्खू[मिलक्खा] अणेगविहा पन्नत्ता। तं जहा-सगा जवणा चिलाय-सबर-बब्बर-काय-[1]मुरुंडोड-मडग-निण्णग-पक्कणिया-कुलक्ख-गोंड-सिहल-पारस-गोधा#-कोंच-[2]अंबड-इदमिल-चिल्लल-पुलिंद-हारोस-[3]दोब[डोंब]-वोक्काण-गन्धाहारग-पहलिय-अज्झल-[4]रोम-पास-पउसा-मलया य-[5]बंधुया य-सूयलि-कुंकुणग[कोंकणग]-मेय-पल्हव-मालव-मग्गर-आभासिआ[य]-[6]णक्क-चीणा-ल्हसिय-[7]खस-खासिय-[8]णेडूर-मंढ[मोंढ]-डोंबिलगलओस-पओस[बउस]-कक्केय[केक्कया]-अक्खागा-हूण-रोमग[रोसग]-भरूग-रुय[मरु-मरुग]-विलाय-[9]विसयवासी य एवमादी। से त्तं मिलक्खू।।सू०-६४।।**

*(મૂ૦) મ્લેચ્છો કેટલા પ્રકારના છે? મ્લેચ્છો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે-શક, યવન, ચિલાત, શબર, બર્બર, મુરુંડોડ, ભડગ, નિણ્ણગ, પક્કણિય, કુલક્ખ, ગોંડ, સિંહલ, પારસ, ગોધ, કોંચ, અંબડ, ઈદમિલ, ચિલ્લલ, પુલિંદ, હારોસ, દોબ (દોચ), વોક્કાણ, ગંધાહારગ, પહલિય, અજ્ઝલ, રોમપાસ, પઉસ, મલયાય, બંધુયાય, સૂયલિ, કોંકણગ, મેય, પલ્હવ, માલવ, મગ્ગર, આભાસિય, ણક્ક, ચીણ, લ્હસિય, ખસ, ઘાસિય (ખાસિય), ણદર, મોંઢ, ડોંબિલગ, લઓસ, પઓસ, કક્કેય, અક્ખાગ, હૂણ, રોમગ, ભરુ, મરુય, ચિલાય-કિરાત, વિસયવાસીય ઇત્યાદિ. એમ મ્લેચ્છો કહ્યા. ॥૬૪॥*

(ટી૦) તેમાં અલ્પ વક્તવ્ય હોવાથી પ્રથમ મ્લેચ્છોની વક્તવ્યતા કહે છે-'**से किं तं**' ઇત્યાદિ. હવે મ્લેચ્છો કેટલા પ્રકારના છે? પ્રાકૃત હોવાથી અને આર્ષ હોવાથી '**मिलक्खू**' એવું રૂપ થયું છે. આચાર્ય ઉત્તર આપે છે-મ્લેચ્છો અનેક પ્રકારના કહ્યા છે. તેના અનેક પ્રકાર શક, યવન, ચિલાત, શબર, બર્બર, વગેરે દેશના ભેદથી જાણવા. શક દેશના નિવાસી શક અને યવન દેશના નિવાસી યવન કહેવાય છે. એમ બધે ય જાણવું. પરન્તુ આ ભિન્ન ભિન્ન દેશો લોકથી જાણી લેવા.॥૬૪॥

**से किं तं आरिया? आरिया दुविहा पन्नत्ता। तं जहा-इड्ढिपत्ता[य]रिया य अणिड्ढिपत्ता[य]रिया य। से किं तं इड्ढिपत्ता[य]रिया? इड्ढिपत्ता[य]रिया छव्विहा पन्नत्ता। तं जहा-१ अरहंता, २ चक्कवट्टी, ३ बलदेवा, ४ वासुदेवा, ५ चारणा, ६ विज्जाहरा। से त्तं इड्ढिपत्ता[य]रिया। से किं तं अणिड्ढिपत्ता[य]रिया? अणिड्ढिपत्ता[य]रिया नवविहा पन्नत्ता। तं जहा- खेत्ता[य]रिया१, जातिआ[य]रिया२, कुलारिआ३, कम्मारिया४, सिप्पारिआ५, भासारिया६, नाणारिया७, दंसणारिया८, चरित्तारिया९।।सू०-६५।।**

*(મૂ૦) આર્યો કેટલા પ્રકારે છે? આર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ઋદ્ધિપ્રાપ્ત-અરિહંત, ચક્રવર્તીપણું-ઇત્યાદિ ઋદ્ધિને પ્રાપ્ત થયેલા, અનૃદ્ધિપ્રાપ્ત-ઋદ્ધિને નહિ પ્રાપ્ત થયેલા. ઋદ્ધિપ્રાપ્ત આર્યો કેટલા પ્રકારે કહ્યા છે? ઋદ્ધિપ્રાપ્ત આર્યો છ પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-૧ અરિહંત, ૨ ચક્રવર્તી, ૩ બલદેવ, ૪ વાસુદેવ, ૫ ચારણ મુનિઓ અને ૬ વિદ્યાધર. એમ ઋદ્ધિપ્રાપ્ત આર્યો કહ્યા. અનૃદ્ધિપ્રાપ્ત—ઋદ્ધિને નહિ પ્રાપ્ત થયેલા આર્યો કેટલા પ્રકારના કહ્યા છે? અનૃદ્ધિપ્રાપ્ત આર્યો નવ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ ક્ષેત્રાર્ય, ૨ જાતિઆર્ય, ૩ કુલાર્ય, ૪ કર્માર્ય, ૫ શિલ્પાર્ય,*

१. मुरुंडोड्ड આ.સ.; २. अंघदमिल શા. સા.; ૩. दोच શા. સા. ૬., डोब શા. સા. ૫. (टोंब, चोव, येचस); ४. रामणस શા. સા.; ५. चुंचयाय શા. સા.; ६. कणवीर આ. સ.; ૭. खसा-खासिय આ. સ.; ૮. णेदूर (णेडूर) આ.સ.; ૯. वियवासी ય આ.સ.; # पारस-गोंधाडब-दमिल-चिल्लस પાઠાંતર

*૬ ભાષાર્ય, ૭ જ્ઞાનાર્ય, ૮ દર્શનાર્ય, ૯ ચારિત્રાર્ય. ॥૬૫॥*

**से किं तं खेत्तारिया? खेत्तारिया अद्धछव्वीसतिविहाणा पन्नत्ता। तं जहा-रायगिह मगह१, चंपा अंगा२, तह [1]तामलित्ति वंगा३ य। कंचणपुरं[पुरी] कलिंगा४, वाणारसी चेव कासी५ य ।।१।। साएय कोसला६, गयपुरं च कुरु७, सोरियं कुसट्टा८, य। कंपिल्लं पंचाला९, अहिछत्ता जंगला१० चेव।।२।। बारवई[ती] सुरट्ठा[सोरट्ठा]११, महिल विदेहा१२ य वच्छ१३ कोसंबी। नंदिपुरं संडिल्ला[ब्भा]१४, भद्दिलपुरमेव मलया१५ य।।३।। वइराड वच्छ१६, वरणा१७ अच्छा, तह मत्तियावइ दसण्णा१८। सोत्तियवई[सुत्तीमई] य चेदी१९, वीयभयं सिंधुसोवीरा२० ।।४।। महुरा य सूरसेणा२१, पावा भंगी२२(गा) य मास पुरिवट्टा[2]२३। सावत्थी य कुणाला२४, कोडीवरिसं२४ च लाढा२५ य ।।५।। सेयविया वि य णयरी केयइअद्धं२६ च आरियं भणियं। इत्थुप्पत्ती जिणाणं चक्कीणं राम-कण्हाणं ।।६।। से त्तं खेत्तारिया।।सू०-६६।।**

*(મૂ૦) ક્ષેત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? ક્ષેત્રાર્યો સાડી પચીશ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે—૧ મગધ દેશ અને રાજગૃહનગર, ૨ અંગદેશ અને ચંપાનગરી, ૩ બંગદેશ અને તામલિપ્તી, ૪ કલિંગદેશ અને કાંચનપુર, ૫ કાશીદેશ અને વારાણસી(વાણારસી) નગરી, ૬ કોસલાદેશ અને સાકેતપુર (અયોધ્યા), ૭ કુરુદેશ અને ગજપુર, ૮ કુશાવર્ત અને શૌરિપુર, ૯ પંચાલદેશ અને કાંપિલ્યપુર, ૧૦ જંગલદેશ અને અહિછત્રાનગરી, ૧૧ સૌરાષ્ટ્ર અને દ્વારાવતી, ૧૨ વિદેહ અને મિથિલા, ૧૩ વત્સદેશ અને કૌશામ્બી, ૧૪ શાંડિલ્યદેશ અને નન્દિપુર, ૧૫ મલયદેશ અને ભદ્દિલપુર, ૧૬ વચ્છદેશ અને વૈરાટપુર, ૧૭ વરણદેશ અને અચ્છાનગરી, ૧૮ દશાર્ણદેશ અને મૃત્તિકાવતી, ૧૯ ચેદિદેશ અને શૌક્તિકાવતી, ૨૦ સિન્ધુસૌવિર અને વીતભય, ૨૧ શૂરસેન અને મથુરા, ૨૨ ભંગદેશ અને પાપાનગરી, ૨૩ પુરિવર્તદેશ અને માષાનગરી, ૨૪ કુણાલદેશ અને શ્રાવસ્તી, ૨૫ લાટદેશ અને કોટીવર્ષ, અને ૨૬ કેકયાર્ધ અને શ્વેતાંબિકાનગરી. એ આર્યદેશો કહ્યા છે. અહીં જિન–તીર્થંકર, ચક્રવર્તી, રામ અને કૃષ્ણની ઉત્પત્તિ થાય છે. એમ ક્ષેત્રાર્યો કહ્યા. ॥૬૬॥*

(ટી૦) આર્યોનું પ્રતિપાદન કરવા માટે સૂત્ર કહે છે–બધો પાઠ સુગમ છે, પરન્તુ રાજગૃહ નગર છે અને મગધ દેશ છે. એ પ્રમાણે બધે સ્થળે અક્ષરાર્થ કરવો. ભાવાર્થ આ પ્રમાણે છે–૧ મગધ દેશમાં રાજગૃહ નગર છે, ૨ અંગદેશમાં ચંપા, ૩ બંગમાં તામલિપ્તિ, ૪ કલિંગમાં કાંચનપુર, ૫ કાશીમાં વારાણસી, ૬ કોસલામાં સાકેતપુર–અયોધ્યા, ૭ કુરુદેશમાં ગજપુર, ૮ કુશાવર્તમાં સૌરિકપુર, ૯ પાંચાલમાં કાંપિલ્યપુર, ૧૦ જંગલમાં અહિછત્રા, ૧૧ સૌરાષ્ટ્રમાં દ્વારાવતી, ૧૨ વિદેહમાં મિથિલા, ૧૩ વત્સદેશમાં કૌશામ્બી, ૧૪ શાંડિલ્યમાં નન્દિપુર, ૧૫ મલયમાં ભદ્દિલપુર, ૧૬ વચ્છમાં વૈરાટપુર, ૧૭ વરણદેશમાં અચ્છાપુરી, ૧૮ દશાર્ણમાં મૃત્તિકાવતી, ૧૯ ચેદિમાં શૌક્તિકાવતી, ૨૦ સિન્ધુસૌવીરમાં વીતભયપત્તન, ૨૧ શૂરસેનામાં મથુરા, ૨૨ ભંગદેશમાં પાપા, ૨૩ પુરિવર્તદેશમાં માષા, ૨૪ કુલાણદેશમાં શ્રાવસ્તી, ૨૫ લાટદેશમાં કોટીવર્ષ, ૨૬ કેકયજનપદાર્ધમાં શ્વેતાંબિકાનગરી. એટલા સાડી પચીશ દેશરૂપ આર્ય ક્ષેત્રો કહ્યાં છે. કેમકે આ સાડીપચીશ દેશોમાં તીર્થંકર, ચક્રવર્તી, રામ-બલદેવ, અને કૃષ્ણ–વાસુદેવની ઉત્પત્તિ થાય છે માટે આર્યક્ષેત્ર છે. એ વડે ક્ષેત્રાર્ય અને ક્ષેત્રાનાર્યની વ્યવસ્થા બતાવી. જ્યાં તીર્થંકરાદિની ઉત્પત્તિ થાય તે આર્ય, અને બાકીના અનાર્ય. એમ ક્ષેત્રાર્યો કહ્યા. ॥૬૬॥

**से किं तं जातिआरिया? जातिआरिया छव्विहा पन्नत्ता। तं जहा-अंबट्ठा य कलिंदा विदेहा वेदगा[विंदगा, वेदमा] इ य। हरिया चुंचुणा[चंचुणा] चेव छ एया ईब्भजाइओ[अज्जजातितो]। से त्तं जातिआरिया ।।सू०-६७।।**

१. मलयटिकायां प्रवचनसारोद्धारवृत्तौ च ''तामलित्ती'' इति व्याख्यानम्। २. मासपुरि वट्टा (महावीर विद्यालय)

*(મૂ૦) જાતિઆર્યો કેટલા પ્રકારે કહ્યા છે? જાતિઆર્યો છ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ અંબષ્ઠ, ૨ કલિંદ, ૩ વિદેહ, ૪ વેદગ, ૫ હરિત, અને ૬ ચુંચુણ. એ છ ઇભ્ય જાતિઓ છે. ॥૬૭॥*

(ટી૦) હવે જાતિ આર્યોનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—સુગમ છે. પરન્તુ એટલી વિશેષતા છે કે—યદ્યપિ બીજા શાસ્ત્રોમાં અનેક જાતિઓનું વર્ણન કરેલું છે. તો પણ લોકમાં અંબષ્ઠ, કલિન્દ, વૈદેહ, વેદગ, હરિત અને ચુંચુણરૂપ ઇભ્ય જાતિઓ પૂજ્ય જાતિ તરીકે પ્રસિદ્ધ છે. માટે આ જાતિ વડે સહિત હોય તે જાતિઆર્યો, પરન્તુ બાકીની જાતિ વડે જાતિઆર્ય કહેવાતા નથી. ॥૬૭-૬૯॥

**से किं तं कुलारिया? कुलारिया छव्विहा पन्नत्ता।**

**तं जहा-उग्गा, भोगा, राइन्ना, इक्खागा, णाया, कोरव्वा। से त्तं कुलारिया।।सू०-६८।।**

*(મૂ૦) કુલાર્યો કેટલા પ્રકારના છે? કુલાર્યો છ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ ઉગ્ર, ૨ ભોગ, ૩ રાજન્ય, ૪ ઇક્ષ્વાકુ, ૫ જ્ઞાત અને ૬ કૌરવ્ય. એમ કુલાર્યો કહ્યા. ॥૬૮॥*

**से किं तं कम्मारिया। कम्मारिया अणेगविहा पन्नत्ता। तं जहा-दोस्सिया, सोत्तिया, कप्पासिया, सुत्तवेयालिया, भंडवेयालिया, कोलालिया, [1]नरवावणिया, जे यावऽन्ने तहप्पगारा। से त्तं कम्मारिया।।सू०-६९।।**

*(મૂ૦) કર્માર્યો કેટલા પ્રકારના કહ્યા છે? કર્માર્યો અનેક પ્રકારના કહ્યા છે. ૧ દૌષ્યિક, ૨ સૌત્રિક, ૩ કાર્પાસિક, ૪ સૂત્રવૈકાલિક, ૫ ભાંડવૈકાલિક, ૬ કોલાલિય, ૭ નરવાહનિક, તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. એમ કર્માર્યો કહ્યા. ॥૬૯॥*

**से किं तं सिप्पारिया? सिप्पारिया अणेगविहा पन्नत्ता। तं जहा-तुण्णागा, तंतुवाया, पट्टगारा, देयडा, [2]वरुटा[वरणा], छव्विया, कट्ठपाउयारा, मुंजपाउयारा, छत्तारा, [3]वज्झारा, पोत्थारा, लेप्पारा, चित्तारा, संखारा, दंतारा, भंडारा, जिज्झगारा[जिब्भगारा, जिब्भारा], सेल्लारा[सेल्लगारा], कोडिगारा, जे यावऽन्ने तहप्पगारा। से त्तं सिप्पारिया।सू०-७०।।**

*(મૂ૦) શિલ્પાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? શિલ્પાર્યો અનેક પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-તુન્નાગ, તન્તુવાય, પટ્ટકાર, દેયડ (દતિ-મસક કરનાર), વરુટ્ટ-પિંછીકાર, છર્વિક-સાદડી વગેરે કરનારા, કાષ્ટપાદુકાકાર-લાકડાની પાદુકા કરનારા, મુંજપાદુકાકાર-મુંજની પાદુકા કરનારા, છત્રકાર, વજ્ઝાર, પોત્થકાર-પુસ્તક કરનારા, લેપ્યકાર, ચિત્રકાર, શંખકાર, દન્તકાર, ભાંડકાર-કંસારા, જિજ્ઝકાર, સેલ્લગાર, કોટિકાર, તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. એમ શિલ્પાર્યો કહ્યા. ॥૭૦॥*

(ટી૦) હવે શિલ્પાર્યો કહે છે-તુન્નાક-સોયથી આજીવિકા કરનાર, દરજી. તન્તુવાય-વણકર, પટ્ટકાર-પટ્ટકૂલ-પટોળા વણનારા, દેયડા-દતિ-મસક કરનારા, વરુટ્ટ-પિચ્છિક-પીંછી કરનારા, છર્વ્વિક-સાદડી વગેરે ગુંથનારા, કાષ્ટપાદુકાકાર-લાકડાની પાદુકા-ચાખડીઓ કરનાર, એમ મુંજપાદુકાકાર-મુંજની પાદુકા કરનારા, છત્રકાર-છત્રીઓ કરનારા. એમ બાકીના પદો જાણી લેવા. ॥૭૦॥

**से किं तं भासारिया? भासारिया जे णं अद्धमागहाए भासाए भासेंति, जत्थऽवि य णं बंभी लिवी पवत्तइ। बंभीए णं लिवीए अट्ठारसविहे लेक्खविहाणे पन्नत्ते। तं जहा-१ बंभी, २ जवणालिया, ३ दो[दा]सापुरिया, ४ खरोट्ठी[ड्डी], ५ पुक्खरसारिया, ६ भोगवइया, ७ पहराइया[-राईयाओ], ८ अंतक्खरिया, ९ अक्खरपुट्ठिया, १० वेणइया, ११ निण्हइया[4], १२ अंकलिवी, १३ गणियलिवी, १४ गंधव्वलिवी, १५ आयंसलिवी[5], १६ माहेसरी, १७**

---

१.नरदावणिया શાં.સા.ક. नरवावणिया શાં.સા.પ.; ૨. वरुडा શાં.સા.પ.; ૩. पब्भाराछज्झारा, बज्झारा, શાં.સા.ખ.; ૪. गिण्हइया શાં.સા.પ.; ૫. आरास लि-શાં.સા.ખ.; ૬. दोमिलो, दोमिलिवी

**दोमिलिवी[1], १८ पोलिन्दी। से त्तं भासारिया।।सू०-७१।।**

*(મૂ૦) ભાષાડડર્યો કેટલા પ્રકારના કહ્યા છે? જેઓ અર્ધમાગધી ભાષા વડે બોલે છે તે ભાષાઆર્યો કહેવાય છે. જ્યાં બ્રાહ્મી લિપી પ્રવર્તે છે. બ્રાહ્મી લિપી લખવાના અઢાર પ્રકાર છે. તે આ પ્રમાણે-૧ બ્રાહ્મી, ૨ યવનાની, ૩ દોસાપુરીયા, ૪ ખરૌષ્ટ્રી, ૫ પુક્ખરસારિયા, ૬ ભોગવતી, ૭ પહરાઇયા, ૮ અંતક્ખરિયા, ૯ અક્ખરપુટ્ઠિયા, ૧૦ વૈનયિકી, ૧૧ નિન્હવિકી, ૧૨ અંકલિપી, ૧૩ ગણિતલિપી, ૧૪ ગાંધર્વલિપી, ૧૫ આયંસ (આદર્શ) લિપી, ૧૬ માહેશ્વરી, ૧૭ દોમિલિપી, ૧૮ પૌલિન્દી. એમ ભાષાઆર્યો કહ્યા. ॥૭૧॥*

**से किं तं नाणारिया? नाणारिया पंचविहा पन्नत्ता। तं जहा-आभिणिबोहियनाणारिया, सुयनाणारिया, ओहिनाणारिया, मणपज्जवनाणारिया, केवलनाणारिया। से त्तं नाणारिया।।सू०-७२।।**

*(મૂ૦) જ્ઞાનાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? જ્ઞાનાર્યો પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-૧ આભિનિબોધિકજ્ઞાનાર્યો, ૨ શ્રુતજ્ઞાનાર્યો, ૩ અવધિજ્ઞાનાર્યો, ૪ મનઃપર્યવજ્ઞાનાર્યો, અને ૫ કેવલજ્ઞાનાર્યો. એમ જ્ઞાનાર્યો કહ્યા. ॥૭૨॥*

(ટી૦) ભાષાર્યોનું પ્રતિપાદન કરે છે-બ્રાહ્મી, યવનાની વગેરે લિપીના ભેદો સંપ્રદાય થકી જાણી લેવા. એમ ભાષાડડર્યો કહ્યા. હવે જ્ઞાનાર્યો કહે છે-સુગમ છે. [આભિનિબોધિક વગેરે યથા સંભવ પાંચ જ્ઞાનવાળા હોય તે જ્ઞાનાર્યો કહેવાય છે.]

**से किं तं दंसणारिया? दंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-सरागदंसणारिया य वीयरागदंसणारिया य।।सू०-७३।।**

*(મૂ૦) દર્શનાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? દર્શનાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સરાગ દર્શનાર્યો અને વીતરાગ દર્શનાર્યો. ॥૭૩॥*

(ટી૦) દર્શનાર્યોનું પ્રતિપાદન કરે છે-દર્શનાર્યો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે-દર્શનાર્યો બે પ્રકારના છે-સરાગદર્શનાર્યો અને વીતરાગદર્શનાર્યો. તેમાં સરાગ-કષાય સહિત દર્શન-સમ્યગ્દર્શનવાળા આર્યો તે સરાગદર્શનાર્યો કહેવાય છે. વીતરાગ-ઉપશાન્તકષાય કે ક્ષીણકષાય દર્શન-સમ્યગ્દર્શનવાળા, જ્યાં બધા કષાયોનો ઉપશમ કે ક્ષય થયો છે એવા સમ્યગ્દર્શન સહિત આર્યો તે વીતરાગદર્શનાર્યો. ॥૭૩॥

**से किं तं सरागदंसणारिया? सरागदंसणारिया दसविहा पन्नत्ता। तं जहा-निसग्ग[1]उवएस[2]रुई आणा[3]रुई सुत्त[4]बीय[5]रुइमेव। अभिगम[6]वित्थार[7]रुई किरिया[8]संखेव[9]धम्म[10]रुई ।।१।। भूयत्थेणा[हि]धिगया जीवाऽजीवे य पुण्णपावं च। सहसंमुइयाऽऽसवसंवरे य रोएइ उ निस्सग्गो।।२।। जो जिणदिट्ठे भावे चउव्विहे सद्दहाइ सयमेव। एमेव नन्नहत्ति य निसग्गरुइ त्ति नायव्वो ।।३।। एए चेव उ भावे उवदिट्ठे जो परेण सद्दहइ। छउमत्थेण जिणेण व उवएसरुइत्ति नायव्वो ।।४।। जो हेउमयाणंतो आणाए रोयए पवयणं तु। एमेव नऽन्नह त्ति य एसो आणारुई नाम।।५।। जो सुत्तमहिज्जन्तो सुएण ओगाहई उ सम्मत्तं। अंगेण बाहिरेण व सो सुत्तरुइ त्ति णायव्वो।।६।। एगपएऽणेगाइं पदाइं जो पसरई उ सम्मत्तं। उदए व्व तिल्लबिन्दू सो बीयरुइ त्ति नायव्वो।।७।। सो होइ अभिगमरुई सुयनाणं जस्स अत्थओ दिट्ठं। इक्कारस अंगाइं पइन्नगं दिट्ठिवाओ य।।८।। दव्वाण सव्वभावा सव्वपमाणेहिं जस्स उवलद्धा। सव्वाहिं नयविहीहिं वित्थाररुइ त्ति नायव्वो ।।९।। दंसण-नाण-चरित्ते तव-विणए सव्वसमिइ-गुत्तीसु। जो किरियाभावरुई सो खलु किरियारुई नाम।।१०।। अणभिग्गहियकुदिट्ठी संखेवरुइ त्ति होइ नायव्वो। अविसारओ पवयणे अणभिग्गहिओ य सेसेसु।।११।। जो अत्थिकायधम्मं सुयधम्मं खलु चरित्तधम्मं च। सद्दहइ जिणाभिहियं सो धम्मरुइ त्ति नायव्वो।।१२।। परमत्थसंथवो वा सुदिट्ठपरमत्थसेवणा वा वि। वावन्नकुदंसणवज्जणा य**

१. दोमिली, दोमिलिवी

**सम्मत्तसद्दहणा॥१३॥ निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढदिट्ठी य। उववूहथिरीकरणे वच्छल्लपभावणे अट्ठ॥१४॥ से त्तं सरागदंसणारिया॥सू०-७४॥**

*(મૂ૦) સરાગદર્શનાર્યો કેટલા પ્રકારના છે? સરાગદર્શનાર્યો દશ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-૧ નિસર્ગરુચિ, ૨ ઉપદેશરુચિ, ૩ આજ્ઞારુચિ, ૪ સૂત્રરુચિ, ૫ બીજરુચિ, ૬ અભિગમરુચિ, ૭ વિસ્તારરુચિ, ૮ ક્રિયારુચિ, ૯ સંક્ષેપરુચિ, ૧૦ ધર્મરુચિ. જેણે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર (અને બંધાદિક) સહ સંમત્યા-સ્વાભાવિક મતિવડે (પરોપદેશ સિવાય) સત્યરૂપે જાણેલા છે અને તેની શ્રદ્ધા કરે છે તે નિસર્ગરુચિ. (૧) જે જિનેશ્વર ભગવંતે ઉપદેશેલા ચાર પ્રકારના ભાવોની 'એમજ છે અન્યથા નથી' એ પ્રમાણે સ્વયમેવ શ્રદ્ધા કરે તે નિસર્ગરુચિ જાણવો. (૨) જે અન્ય છદ્મસ્થ અથવા જિનેશ્વર ભગવંતે ઉપદેશ કરેલા એજ ભાવોથી શ્રદ્ધા કરે તે ઉપદેશરુચિ જાણવો. (૩) જે હેતુને જાણ્યા સિવાય આજ્ઞાવડે 'એમજ છે-અન્યથા નથી' એ પ્રમાણે પ્રવચન ઉપર રુચિવાળો હોય તે આજ્ઞારુચિ. (૪) જે સૂત્રનું અધ્યયન કરતા અંગ કે અંગબાહ્ય શ્રુત વડે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે તે સૂત્રરુચિ જાણવો. (૫) જીવાદિ તત્ત્વના એક પદની રુચિવડે અનેક પદને વિષે જેની સમ્યક્ત્વ-રુચિ શ્રદ્ધા પાણીમાં તેલના બિંદુની પેઠે પ્રસરે તે બીજરુચિ જાણવો. (૬) જેણે અગિયાર અંગો, પઇન્ના અને દૃષ્ટિવાદ રૂપી શ્રુતજ્ઞાન અર્થથી જાણેલું છે તે અભિગમરુચિ. (૭) જેણે સર્વ પ્રમાણો અને સર્વ નયો વડે દ્રવ્યના સર્વ ભાવો ઉપલબ્ધ-જાણેલા છે તે વિસ્તારરુચિ જાણવો. (૮) દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સર્વ સમિતિ અને ગુપ્તિને વિષે ક્રિયાભાવની-આચરણની રુચિ હોય તે ક્રિયારુચિ. (૯) જેણે કોઈ પણ કુદૃષ્ટિ-કુદર્શનનો સ્વીકાર કર્યો નથી, જે જૈન પ્રવચનમાં અકુશલ છે અને બાકીના ઇતર પ્રવચન-દર્શનોમાં જેને અનભિગૃહીત-અભિમુખપણે-ઉપાદેયપણે જ્ઞાન નથી તે સંક્ષેપરુચિ જાણવો. (૧૦) જિનેશ્વર ભગવંતે કહેલા અસ્તિકાય-ધર્માસ્તિકાયાદિના ધર્મની-સ્વભાવની, શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મની શ્રદ્ધા કરે છે તે ધર્મરુચિ જાણવો.*

*પરમાર્થસંસ્તવ-પરમાર્થ-જીવાદિ અર્થનો સંસ્તવ-પરિચય, અભ્યાસ, સુદૃષ્ટપરમાર્થસેવા-જેણે પરમાર્થને જાણ્યા છે એવા તત્ત્વજ્ઞ પુરુષોની ઉપાસના, વ્યાપન્નકુદર્શનવર્જના (વ્યાપન્નદર્શન-નિહ્નવાદિ પતિત અને બૌદ્ધાદિ કુદર્શનીનો ત્યાગ), અને સમ્યક્ત્વની શ્રદ્ધા-એ સમ્યગ્દર્શનના લિંગ-ચિહ્નો છે. નિઃશંકિત, (શંકારહિત), નિઃકાંક્ષિત (પરદર્શનની ઇચ્છા રહિત), નિર્વિચિકિત્સ ફળના સંશય રહિત, અમૂઢદૃષ્ટિ-મૂઢદૃષ્ટિ રહિત, ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના [એ આઠ દર્શનાચાર જાણવા]. ॥૭૪॥*

(ટી૦) તેમાં સરાગદર્શનાર્યોનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે-'**से किं तं**' ઇત્યાદિ. સરાગદર્શનાર્યો કેટલા પ્રકારના છે? આચાર્ય કહે છે-સરાગદર્શનાર્યો દસ પ્રકારના કહ્યા છે-'**निसग्गुवएस**'-ઇત્યાદિ. અહીં રુચિ શબ્દનો પ્રત્યેકની સાથે સંબંધ કરવો એટલે નિસર્ગરુચિ. (૧) તેમાં નિસર્ગ સ્વભાવથી રુચિ-જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા જેને હોય તે **નિસર્ગરુચિ** જાણવો. (૨) ઉપદેશ-ગુરુ વગેરે એ વસ્તુ તત્ત્વનું કથન કરવું. તે વડે જેને રુચિ થાય તે, અર્થાત્ ગુર્વાદિના ઉપદેશથી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલ તત્ત્વમાં જેને રુચિ થાય તે **ઉપદેશરુચિ**. (૩) સર્વજ્ઞના વચનરૂપ આજ્ઞામાં જેને રુચિ છે તે **આજ્ઞારુચિ**. જિનેશ્વર ભગવંતની આજ્ઞા જ તત્ત્વ-પરમાર્થરૂપ છે, બાકીની યુક્તિજાલ તત્ત્વરૂપ નથી એમ જે માને તે આજ્ઞારુચિ સમજવો. (૪) '**सुत्त-बीयरुइमेव**' ઇતિ. અહીં પણ રુચિ શબ્દ પ્રત્યેકની સાથે જોડવો, સૂત્ર-આચારાદિ અંગપ્રવિષ્ટ, અને અંગબાહ્ય-આવશ્યક દશવૈકાલિકાદિ, તે વડે જેને રુચિ થાય તે, એટલે કે આચારાંગાદિ અંગપ્રવિષ્ટ અને દશવૈકાલિકાદિ અંગબાહ્ય સૂત્રનું અધ્યયન કરતાં જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને શુદ્ધ અને શુદ્ધતર પરિણામવાળો થાય તે **સૂત્રરુચિ** સમજવો. (૫) બીજની પેઠે અનેકાર્થને જણાવનાર એક પણ વચન તે બીજ, તે વડે જેને રુચિ થાય તે બીજરુચિ. આ બન્ને પદનો સમાહારદ્વન્દ્વ

સમાસ કરવો, તેથી નપુંસકનો નિર્દેશ કર્યો છે. '**अहिगमवित्थाररुइ**' ઇતિ. (૬-૭) અધિગમરુચિ અને વિસ્તારરુચિ. અધિગમ–વિશિષ્ટ પરિજ્ઞાન, નય અને પ્રમાણદ્વારા થતું જ્ઞાન, તેથી જે તત્ત્વરુચિ થાય તે **અધિગમરુચિ**. વિસ્તાર-સંપૂર્ણ બાર અંગોનું નયો વડે પર્યાલોચન–વિચાર કરવો, તે વડે વૃદ્ધિંગત થયેલી રુચિ જેને છે તે **વિસ્તારરુચિ**. (૮) '**किरिया-संखेवधम्मरुइ**' ઇતિ. અહીં પણ રુચિ શબ્દ પ્રત્યેકની સાથે જોડવો. ક્રિયા–સંયમનું સમ્યક્ પાલન કરવું, તેમાં જેને રુચિ છે તે **ક્રિયારુચિ**. (૯) સવિસ્તાર તત્ત્વનું જ્ઞાન નહિ હોવાથી સંક્ષેપ–જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વનું સંગ્રહાત્મક સામાન્ય જ્ઞાન, તેમાં જેને રુચિ છે તે **સંક્ષેપરુચિ**. (૧૦) ધર્મ–અસ્તિકાયધર્મ–ધર્માસ્તિકાયાદિને વિષે અથવા શ્રુતધર્માદિને વિષે જેને રુચિ છે તે **ધર્મરુચિ**. એ રીતે ગાથાનો સંક્ષિપ્ત અર્થ કર્યો. હવે વિસ્તારથી સૂત્રકાર સ્વયં પોતે તેની વ્યાખ્યા કરે છે–

**भूयत्थेण** ઇત્યાદિ. '**भूयत्थेण**' એ ભાવપ્રધાન નિર્દેશ છે, તેથી ભૂતાર્થપણે–સત્યરૂપે 'આ પદાર્થો સદ્‌ભૂત–પરમાર્થરૂપ છે' એ પ્રમાણે જેણે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર અને '**च**' શબ્દથી બન્ધાદિકને '**सहसंमुइआ**' **सहसंमत्या**-આત્માની સાથે રહેલી સંગત–સ્વાભાવિક મતિ વડે–પરોપદેશ સિવાય જાતિસ્મરણ અને પ્રતિભાદિરૂપ મતિ વડે સત્યરૂપે પરિજ્ઞાત–જાણેલા છે, એટલું જ નહિ પરન્તુ જે જીવાદિ પદાર્થોને અનુભવે, તેના ઉપર રુચિ કરે અને તત્ત્વરૂપે આત્મમય પરિણમાવે—એ નિસર્ગ–નિસર્ગરુચિ જાણવો. એ જ અર્થને વધારે સ્પષ્ટ કરે છે—'**जो जिणदिट्ठे भावे**' ઇત્યાદિ. જે જિનેશ્વર ભગવંતોએ જાણેલા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના ભેદથી અથવા નામ–સ્થાપનાદિના ભેદથી ચાર પ્રકારના ભાવોને સ્વયમેવ-કોઈના ઉપદેશ સિવાય પોતાની મેળે '**एवमेव एतत्**'–જિનેશ્વર ભગવંતોએ જે પ્રમાણે જીવાદિ તત્ત્વ જાણેલાં છે તે પ્રમાણે જ છે, અન્યથા નથી' એમ શ્રદ્ધા કરે તે **નિસર્ગરુચિ** જાણવો. હવે ઉપદેશરુચિ સંબંધે કહે છે—'**ए ए चेव**' ઇત્યાદિ. પર—જિનેશ્વર ભગવંતે અથવા છદ્મસ્થ ભગવંતે ઉપદેશ કરેલા જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરે એ **ઉપદેશરુચિ** જાણવો. આજ્ઞારુચિ સંબંધે કહે છે-'**जो हेउमजाणंतो**' ઇત્યાદિ. જે વિવક્ષિત અર્થના સાધક હેતુને નહિ જાણતો આજ્ઞાથી જ [અહીં તુશબ્દ નિશ્ચયાર્થક છે] પ્રવચન ઉપર શ્રદ્ધા કરે કે જિનેશ્વર ભગવંતોએ કહેલાં પ્રવચનોનો 'અર્થ એમ જ છે, અન્યથા નથી' એ **આજ્ઞારુચિ** જાણવો. સૂત્રરુચિ સંબંધે કહે છે—'**जो सुत्तं**' ઇત્યાદિ. જે સૂત્ર અંગપ્રવિષ્ટ કે અંગબાહ્યનું અધ્યયન કરતો તેજ અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય શ્રુત વડે સમ્યક્ત્વ પામે તે **સૂત્રરુચિ**. હવે બીજરુચિનું વર્ણન કરે છે—'**एगपएणेगाइ**' ઇત્યાદિ. જીવાદિ તત્ત્વના એક પદવડે '**अनेकानि पदानि**' અનેક જીવાદિ પદોને વિષે [પ્રાકૃત હોવાથી અહીં સપ્તમી વિભક્તિનો અર્થ સમજવો.] ધર્મ અને ધર્મીનો અભેદોપચાર હોવાથી જે સમ્યક્ત્વ–સમ્યક્ત્વવાળો આત્મા ઉદકમાં તૈલબિંદુની પેઠે પ્રસરે, કેવી રીતે? જેમ પાણીના એક ભાગમાં રહેલું છતાં તૈલનું બિંદુ સર્વભાગને વ્યાપ્ત કરે, તેમ જીવાદિ તત્ત્વના એક અંશમાં ઉત્પન્ન થયેલી રુચિવાળો છતાં પણ આત્મા તથાવિધ ક્ષયોપશમને લીધે બાકીના બધા તત્ત્વોમાં રુચિવાળો થાય એવા પ્રકારનો **બીજરુચિ** જાણવો. અધિગમરુચિ સંબંધે કહે છે-'**सो होई**' ઇત્યાદિ. જેણે શ્રુતજ્ઞાન–અગિયાર અંગો, ઉત્તરાધ્યયનાદિ, પઈન્ના, દૃષ્ટિવાદ અને (ચ શબ્દથી) ઉપાંગો અર્થથી જાણેલા છે તે **અધિગમરુચિ** કહેવાય છે. વિસ્તારરુચિનું વર્ણન કરે છે-–'**दव्वाण**' ઇત્યાદિ. જેણે ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોના પણ સર્વ ભાવો–પર્યાયોને યથાયોગ્ય રીતે પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણો વડે અને નૈગમાદિ નયોના ભેદો વડે જાણેલા છે તે **વિસ્તારરુચિ** જાણવો, કારણ કે સર્વ દ્રવ્યપર્યાયને જાણવાથી તેની રુચિ અત્યન્ત નિર્મલ થયેલી હોય છે. ક્રિયારુચિ સંબંધે કહે છે—'**दंसण**' ઇત્યાદિ. ક્રિયારુચિ–દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય સર્વ સમિતિ–ઈર્યાસમિતિ વગેરે સર્વ સમિતિઓમાં અને મનોગુપ્તિ વગેરે બધી ગુપ્તિઓમાં ક્રિયાભાવની રુચિ હોય, તાત્પર્ય એ છે કે—જેને દર્શનાદિ આચારનું પાલન કરવામાં રુચિ છે–તે **ક્રિયારુચિ** કહેવાય છે. સંક્ષેપરુચિ સંબંધે કહે છે—'**अणिभिग्गहिय**' ઇત્યાદિ. **अनभिगृहितकुदृष्टि:**–જેણે કોઈ પણ કુદર્શનનો સ્વીકાર કર્યો નથી, જે જિનેશ્વર ભગવંત પ્રણીત પ્રવચનને વિષે અકુશલ છે અને જે શેષ–બાકીના કપિલાદિ પ્રણીત પ્રવચનને વિષે અનભિગૃહિત છે એટલે જેણે કપિલાદિ દર્શન અભિમુખતાથી ઉપાદેયરૂપે સ્વીકાર્યું નથી, જાણ્યું નથી એવા પ્રકારનો સંક્ષેપરુચિ જાણવો. ['**अनभिगृहीत कुदृष्टि:**' એ વિશેષણથી બીજા

દર્શનના સ્વીકારનો પ્રતિષેધ કર્યો, અને બીજા 'અનભિગૃહીત' વિશેષણથી અન્ય દર્શનના જ્ઞાનનો પણ પ્રતિષેધ કર્યો.] ધર્મરુચિ સંબંધે કહે છે—'**जो अत्थिकाय**' ઇત્યાદિ. જે જીવ જિનેશ્વર ભગવંતે કહેલા અસ્તિકાય–ધર્માસ્તિકાયાદિના ધર્મ–ગતિક્રિયામાં સહાય આપવા વગેરે સ્વભાવની અથવા શ્રુતધર્મ કે ચારિત્રધર્મની શ્રદ્ધા કરે છે તે ધર્મરુચિ જાણવો. એ પ્રમાણે નિસર્ગાદિ વિશેષતાને લીધે રુચિરૂપ સમ્યગ્દર્શન દસ પ્રકારે કહ્યું.

હવે જે લિંગ–ચિહ્નો વડે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયેલું છે એમ નિશ્ચય કરાય તે લિંગ–ચિન્હો બતાવે છે–'**પરમત્થ સંથવો વા**' ઇત્યાદિ. **પરમાર્થસંસ્તવ**—પરમ–તાત્ત્વિક અર્થ–જીવાદિ પદાર્થોનો સંસ્તવ–પરિચય–તત્પરતા વડે બહુમાનપૂર્વક જીવાદિ પદાર્થને જાણવાનો અભ્યાસ, **સુદૃષ્ટપરમાર્થસેવના**–જેણે યથાર્થરીતે જીવાદિ પદાર્થોને જાણેલા છે તેની પર્યુપાસના, યથાશક્તિ તેમના **વૈયાવૃત્યમાં પ્રવૃત્તિ** કરવી, તથા જેઓ દર્શનથી ભ્રષ્ટ થયેલા છે એવા નિહ્નવાદિ તથા કુત્સિત દર્શન જેઓનું છે એવા બૌદ્ધાદિ **કુદર્શનીનો ત્યાગ** કરવો, તેઓનો પરિચય ન કરવો અને સમ્યક્ત્વની શ્રદ્ધા કરવી–એ પરમાર્થસંસ્તવાદિ ચિન્હો વડે 'સમ્યક્ત્વ છે' એમ નિશ્ચય કરાય છે.

આ સમ્યગ્દર્શનના આઠ આચારો છે. તેનું યથાર્થપણે પાલન કરવું. કેમકે તેના ઉલ્લંઘનથી સમ્યગ્દર્શનનો અતિક્રમ–ઉલ્લંઘન થાય છે. માટે તે આચારો બતાવે છે–'**निस्संकिय**' ઇત્યાદિ. શંકિત–શંકા, તે બે પ્રકારની છે–દેશ શંકા અને સર્વ શંકા. દેશશંકા અને સર્વશંકા રહિત નિઃશંકિત કહેવાય છે. તેમાં દેશશંકા–જીવપણું સમાન છે, છતાં એક ભવ્ય અને બીજો અભવ્ય કેમ હોય? સર્વશંકા–બધા સિદ્ધાન્તો પ્રાકૃત ભાષામાં રચેલા હોવાથી કલ્પિત હશે. આ પ્રમાણે દેશશંકા કે સર્વશંકા કરવી યોગ્ય નહી. કારણ કે ભાવો બે પ્રકારના છે–હેતુગ્રાહ્ય અને અહેતુગ્રાહ્ય. તેમાં આત્માનું અસ્તિત્વ વગેરે હેતુગ્રાહ્ય ભાવો છે. કારણ કે તેના સાધક અનુમાનાદિ પ્રમાણો છે. અભવ્યત્વાદિ ભાવો અહેતુગ્રાહ્ય છે, અમારા જેવાની અપેક્ષાએ તેના સાધક પ્રમાણનો અભાવ છે, કારણ કે તેના હેતુઓ વિશિષ્ટ જ્ઞાનનો વિષય છે. સિદ્ધાન્તની પ્રાકૃત રચના તે બાલ વગેરેના ઉપકાર માટે છે. કહ્યું છે કે–

"**बाल-स्त्री-मूढ-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम्। अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः स्मृतः॥**"

ચારિત્રની ઇચ્છાવાળા બાળ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ મનુષ્યોના ઉપકારને માટે તત્ત્વજ્ઞોએ પ્રાકૃત ભાષામાં સિદ્ધાન્તની રચના કરી છે. વળી પ્રાકૃત રચના પણ પ્રત્યક્ષ અને અનુમાનથી અવિરોધી છે, માટે તે પરિકલ્પિત હશે એવી અવાન્તર કલ્પનાની શંકા કરવી અયોગ્ય છે. કારણ કે સર્વજ્ઞ સિવાય પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી અવિરોધી વચનનો અસંભવ છે. અર્હત્‌ના શાસનને પ્રાપ્ત થયેલો જીવ જ દર્શનનું આચરણ કરતો હોવાથી તેના પ્રાધાન્યની વિવક્ષાથી નિઃશંકિત દર્શનાચાર કહેવાય છે. એથી સમ્યગ્ દર્શન અને સમ્યગ્દર્શનસહિત આત્માનો કંથચિત્ અભેદ બતાવ્યો. જો એકાન્ત ભેદ હોય તો દર્શનરહિત આત્માની પેઠે તેને દર્શનના ફળનો સંબન્ધ નહિ થવાથી મોક્ષના અભાવનો પ્રસંગ થાય. એ રીતે પછીના ત્રણે ય પદોનો વિચાર કરવો. **निःकाङ्क्षित इति**. કાંક્ષિત–કાંક્ષા, તે જેનાથી ગઇ છે તે નિઃકાંક્ષિત–દેશ કાંક્ષા અને સર્વકાંક્ષા રહિત. તેમાં દેશકાંક્ષા–દિગંબરાદિ દર્શનોની ઇચ્છા કરે, સર્વકાંક્ષા–'સર્વ દર્શનો સારાં છે' એવો વિચાર કરે. આ બન્ને પ્રકારની કાંક્ષા અયુક્ત છે. કારણ કે બાકીના દર્શનોમાં અસત્ય પ્રરૂપણા અને છ જીવનિકાયની પીડાનો સંભવ છે. '**निर्विचिकित्स**'–ઇતિ. વિચિકિત્સા–મતિવિભ્રમ, અથવા ફલનો સંશય, આવા પ્રકારની વિચિકિત્સા રહિત હોય તે નિર્વિચિકિત્સ કહેવાય. જિનશાસન તો ઉત્તમ છે, પણ તેથી તેમાં પ્રવૃત્ત થયેલા મને ફળ મળશે કે નહી. કારણ કે કૃષીવલ–ખેડૂત વગેરેની ક્રિયા સફળ અને નિષ્ફળ બન્ને પ્રકારની જણાય છે. ખેડૂતને કૃષીનું ફળ કદાચ મળે છે અને કદાચ મળતું નથી. આવા પ્રકારના વિકલ્પ–સંશય રહિત હોય. કેમકે સંપૂર્ણ કારણ એ કાર્યને સિદ્ધ કરનાર નથી હોતું એમ નથી, પણ અવશ્ય સિદ્ધ કરે છે–એવો જેને નિશ્ચય થયેલો છે તે નિર્વિચિકિત્સફળના સંદેહ રહિત કહેવાય. એટલા અંશે નિઃશંકિતથી આ ભિન્ન છે. અથવા '**निव्विदुगुंछो**' એવો પાઠ પણ છે. એટલે '**निर्विद्वज्जुगुप्सः**'–વિદ્વાન–સાધુની જુગુપ્સારહિત. સાધુની જુગુપ્સામાં શ્રાવકની પુત્રી ઉદાહરણ છે, તથા '**अमूढदृष्टिः**'–

બાલ–અજ્ઞાન તપસ્વીના તપ, વિદ્યા અને અતિશય–ચમત્કાર જોવાથી મૂઢ–સ્વભાવથી જેની સમ્યગ્દર્શનરૂપ દષ્ટિ ચલિત થયેલી નથી તે અમૂઢદષ્ટિ કહેવાય છે. અહીં સુલસા શ્રાવિકા ઉદાહરણ છે. તે અંબડપરિવ્રાજકની બાહ્ય સમૃદ્ધિ જોઈને મોહ ન પામી. એ પ્રમાણે ગુણીપ્રધાન આચાર કહ્યો. હવે ગુણપ્રધાન આચાર કહે છે **'उववूह'** ઈત્યાદિ. **उपबृंहण**–સાધર્મિક–સમાન ધર્મવાળાના સદ્‌ગુણોની પ્રશંસા કરવા વડે તેની વૃદ્ધિ કરવી. **સ્થિરીકરણ**–ધર્મથી ખેદ પામતા, પરાઙ્‌મુખ થનારાઓને ધર્મમાં સ્થિર કરવા. **વાત્સલ્ય**–સાધર્મિકની પ્રીતિ વડે ઉપકાર કરવો. **પ્રભાવના**–ધર્મકથાદિ વડે તીર્થ–શાસનની પ્રસિદ્ધિ કરવી. અહીં ગુણપ્રધાન આચારનો નિર્દેશ ગુણ અને ગુણીનો કંથચિત્‌ ભેદ જણાવવા માટે છે. જો કથંચિદ્‌ ભેદ ન હોય, અને એકાન્ત અભેદ માનવામાં આવે તો ગુણોની નિવૃત્તિ થતાં ગુણીની પણ નિવૃત્તિ થાય, અને તેમ થાય તો શૂન્યતાનો પ્રસંગ પ્રાપ્ત થાય. એ આઠ દર્શનાચારો કહ્યા. એમ સરાગ દર્શનના ભેદો કહ્યા અને તેના કથનથી સરાગ દર્શનાર્યના ભેદો કહ્યા.

**से किं तं वीयरायदंसणारिया? वीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-उवसंतकसायवीयरायदंसणारिया य खीणकसायवीयरायदंसणारिया [य]। से किं तं उवसंतकसायवीयरायदंसणारिया? उवसंतकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयउवसंतकसायवीयरायदंसणारिया य अपढमसमयउवसंतकसाय वीयरायदंसणारिया य। अहवा चरिमसमयउवसंतकसायवीयरायदंसणारिया य अचरिमसमयउवसंतकसाय-वीयरायदंसणारिया य। से त्तं उवसंतकसायवीयरायदंसणारिया। से किं तं खीणकसायवीयरायदंसणारिया? खीणकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-छउमत्थखीणकसायवीयरायदंसणारिया य केवलिखीणकसायवीयरायदंसणारिया य। से किं तं छउमत्थखीणकसायवीयरायदंसणारिया? छउमत्थखीणकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-सयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया य बुद्धबोहियछउमत्थखीणकसायवीयरायदंसणारिया य। से किं तं सयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया? सयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयसयंबुद्धछउमत्थखीणकसाय-वीयरायदंसणारिया य अपढमसमयसयंबुद्धछउमत्थ-खीणकसायवीयरायदंसणारिया य। अहवा चरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया य अचरिमसमयसयंबुद्धछउमत्थखीणकसाय-वीयरायदंसणारिया य। से त्तं सयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया। से किं तं बुद्धबोहियछउमत्थखीण-कसायवीयरायदंसणारिया? बुद्धबोहियछउमत्थखीणकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयबुद्धबोहियखीणकसायवीयरायदंसणारिया य अपढमसमयबुद्धबोहियछउमत्थ-खीणकसायवीयराय-दंसणारिया य। अहवा चरिमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरायदंसणारिया य अचरिमसमयबुद्धबोहिय-छउमत्थखीणकसायवीयरायदंसणारिया य। से त्तं बुद्धबोहियछउमत्थखीणकसायवीयराय-दंसणारिया। से त्तं छउमत्थखीणकसायवीयरायदंसणारिया। से किं तं केवलिखीणकसायवीयरायदंसणारिया? केवलिखीणकसाय-वीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-सजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया य अजोगिकेवलिखीण-कसायवीयरायदंसणारिया। से किं तं सजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया? सजोगिकेवलिखीणकसाय-वीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयसजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया य अपढमसमयसजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया य। अहवा चरिमसमयसजोगिकेवलि-खीणकसायवीयरायदंसणारिया य अचरिमसमयसजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया य। से त्तं सजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया। से किं त्तं अजोगिकेवलि-खीणकसायवीयरायदंसणारिया?**

**अजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयअजोगिकेवलिखीण-कषायवीयरायदंसणारिया य अपढमसमयअजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया य। अहवा चरिमसमयअजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया य अचरिमसमयअजोगिकेवलिखीणकसाय-वीयरायदंसणारिया य। से त्तं अजोगिकेवलिखीणकसायवीयरायदंसणारिया। से त्तं केवलिखीणकसाय-वीयरायदंसणारिया। से त्तं खीणकसायवीयराय-दंसणारिया। से त्तं वीयरायदंसणारिया। से त्तं दंसणारिया ।।सू०-७५।।**

*(મૂ૦) વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? વીતરાગદર્શનાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ઉપશાંતકષાય વીતરાગદર્શનાર્યો અને ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો. ઉપશાંતકષાય વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમ સમયના ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો અને અપ્રથમ સમય (પ્રથમ સમય સિવાયના) ઉપશાન્તકષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસમયવર્તી ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો અને અચરમ સમયવર્તી ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો (છેલ્લા સમય સિવાયના ઉપશાન્તકષાય વીતરાગદર્શનાર્યો). ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને કેવલી ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો. છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો અને બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગદર્શનાર્યો. સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમ સમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અપ્રથમ સમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અચરમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. એમ સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા. બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને પ્રથમ સમય સિવાયના બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને ચરમ સમય સિવાયના બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. એમ બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા. અને એ પ્રમાણે છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા. કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમ સમયવર્તી સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અપ્રથમસમયવર્તી સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. અથવા ચરમસમયવર્તી સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અચરમસમયવર્તી સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. એમ સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા. અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો અને અપ્રથમ સમયના અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો. એમ અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા, કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા. ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યો*

*કહ્યા—વીતરાગ દર્શનાર્યો કહ્યા અને દર્શનાર્યો કહ્યા.॥૭૫॥*

**से किं तं चरित्तारिया? चरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-सरागचरित्तारिया य वीयरागचरित्तारिया य। से किं तं सरागचरित्तारिया? सरागचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-सुहुमसंपरायसरागचरित्तारिया य बायरसंपरायसरागचरित्तारिया य। से किं तं सुहुमसंपरायसरागचरित्तारिया? सुहुमसंपरायसरागचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा—पढमसमयसुहुमसंपरायसरागचरित्तारिया य अपढमसमयसुहुमसंपरायसरागचरित्तारिया य। अहवा चरिमसमयसुहुमसंपरायसरागचरित्तारिया य अचरिमसमयसुहुमसंपरायसरागचरित्तारिया य। अहवा सुहुमसंपरायसरागचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-संकिलिस्समाणा य विसुज्झमाणा य। से त्तं सुहुमसंपरायसरागचरित्तारिया। से किं तं बादरसंपरायसरागचरित्तारिया? बादरसंपरायसरागचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयबादरसंपरायसरागचरित्तारिया य अपढमसमयबादरसंपरायसरागचरित्तारिया य। अहवा चरिमसमयबादरसंपरायसरागचरित्तारिया य अचरिमसमयबादरसंपरायसरागचरित्तारिया य। अहवा बादरसंपरायसरागचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पडिवाई य अपडिवाई य। से त्तं बादरसंपरायसराग-चरित्तारिया से त्तं सरागचरित्तारिया।।सू०-७६।।**

*(મૂ૦) ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? ચારિત્રાર્યો બે પ્રકારે કહ્યા છે? તે આ પ્રમાણે—સરાગચારિત્રાર્યો અને વીતરાગ ચારિત્રાર્યો, સરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? સરાગ ચારિત્રાર્યો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે-સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અને બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો. સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ સમયવર્તી સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો અને અચરમસમયવર્તી સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો. અથવા સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—સંક્લિશ્યમાન અને વિશુદ્ધ્યમાન. એમ સૂક્ષ્મસંપરાય સરાગ ચારિત્રાર્યો કહ્યા. બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો, અને પ્રથમ સમય સિવાયના બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો અને ચરમસમય સિવાયના બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો, અથવા બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રતિપાતી અને અપ્રતિપાતી. એમ બાદરસંપરાય સરાગ ચારિત્રાર્યો કહ્યા. સરાગ ચારિત્રાર્યો કહ્યા. ॥૭૬॥*

**से किं तं वीयरागचरित्तारिया? वीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-उवसंतकसायवीयरायचरित्तारिया य खीणकसायवीयरायचरित्तारिया य। से किं तं उवसंतकसायवीयरायचरित्तारिया? उवसंतकसायवीयराय-चरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयउवसंतकसायवीयरायचरित्तारिया य अपढमसमयउवसंतकसाय-वीयरायचरित्तारिया य। अहवा चरिमसमयउवसंतकसायवीयरायचरित्तारिया य अचरिमसमयउवसंतकसाय-वीयरायचरित्तारिया य। से त्तं उवसंतकसायवीयरायचरित्तारिया। से किं तं खीणकसायवीयरायचरित्तारिया? खीणकसायवीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-छउमत्थखीणकसायवीयरायचरित्तारिया य केवलिखीणकसायवीयरायचरित्तारिया य। से किं तं छउमत्थखीणकसायवीयरायचरित्तारिया? छउमत्थखीणकसायवीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-सयंबुद्धछउमत्थखीणकसायवीयरायचरित्तारिया**

य बुद्धबोहियछउमत्थखीणकसायवीयराय-चरित्तारिया य। से किं तं सयंबुद्धछउमत्थखीण-कसायवीयरायचरित्तारिया? सयंबुद्धछउमत्थखीणकसायवीयराय-चरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायचरित्तारिया य अपढमसमयसयंबुद्धछउमत्थखीणकसाय-वीयरायचरित्तारिया य। अहवा चरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायचरित्तारिया य अचरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायचरित्तारिया य। से त्तं सयंबुद्धछउमत्थखीणकसाय-वीयरायचरित्तारिया से किं तं बुद्धबोहियछउमत्थखीणकसायवीयरायचरित्तारिया। बुद्धबोहियछउमत्थखीणकसाय-वीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरायचरित्तारिया य अपढमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरायचरित्तारिया य। अहवा चरिमसमयबुद्धबोहियछउमत्थ-खीणकसायवीयरायचरित्तारिया य अचरिमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरायचरित्तारिया य। से त्तं बुद्धबोहियछउमत्थखीण-कसायवीयरायचरित्तारिया। से त्तं छउमत्थखीणकसाय-वीयरायचरित्तारिया।

से किं तं केवलिखीणकसायवीयरायचरित्तारिया? केवलिखीणकसायवीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-सजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य अजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य। से किं तं सजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया? सजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयसजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य अपढमसमयसजोगिकेवलि-खीणकसायवीयरायचरित्तारिया य। अहवा चरिमसमयसजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य अचरिमसमयसजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य। से त्तं सजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया। से किं तं अजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया? अजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-पढमसमयअजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य अपढमसमयअजोगिकेवलि-खीणकसायवीयरायचरित्तारिया य। अहवा चरिमसमयअजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य अचरिमसमयअजोगिकेवलिखीणकसायवीयरायचरित्तारिया य। से त्तं अजोगिकेवलिखीणकसाय-वीयरायचरित्तारिया। से त्तं केवलिखीणकसायवीयरायचरित्तारिया। से त्तं खीणकसायवीयरायचरित्तारिया। से त्तं वीयरायचरित्तारिया।

अहवा चरित्तारिया पंचविहा पन्नत्ता। तं जहा—सामाइअचरित्तारिया, छेदोवट्ठावणीयचरित्तारिया, परिहारविसुद्धियचरित्तारिया, सुहुमसंपरायचरित्तारिया, अहक्खायचरित्तारिया य। से किं तं सामाइयचरित्तारिया? सामाइयचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-इत्तरियसामाइयचरित्तारिया य आवकहियसामाइयचरित्तारिया य। से त्तं सामाइयचरित्तारिया। से किं तं छेदोवट्ठावणियचरित्तारिया? छेदोवट्ठावणियचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-साइयारछेदोवट्ठावणियचरित्तारिया य निरइयारछेदोवट्ठावणियचरित्तारिया य। से त्तं छेदोवट्ठावणियचरित्तारिया। से किं तं परिहारविसुद्धियचरित्तारिया? परिहारविसुद्धियचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा-निव्विस्समाणपरिहारविसुद्धियचरित्तारिया य निव्विट्ठकाइयपरिहारविसुद्धियचरित्तारिया य। से त्तं परिहार-विसुद्धियचरित्तारिया।

से किं तं सुहुमसंपरायचरित्तारिया? सुहुमसंपरायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा—संकिलिस्समा-

**णसुहुमसंपरायचरित्तारिया य विसुज्झमाणसुहुमसंपरायचरित्तारिया य। से त्तं सुहुमसंपरायचरित्तारिया। से किं तं अहक्खायचरित्तारिया? अहक्खायचरित्तारिया दुविहा पन्नत्ता। तं जहा—छउमत्थअहक्खायचरित्तारिया य केवलि अहक्खायचरित्तारिया य। से त्तं अहक्खायचरित्तारिया। से त्तं चरित्तारिया। से त्तं अणिड्डिपत्तारिया। से त्तं आरिया। से त्तं कम्मभूमगा। से त्तं गब्भवक्कंतिया। से त्तं मणुस्सा।।सू०-७७।।**

*(મૂ૦) વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? વીતરાગ ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો અને ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો અને પ્રથમ સમય સિવાયના ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો અને ચરમસમય સિવાયના ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો. એમ ઉપશાન્તકષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારે કહ્યા છે? તેઓ બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમ–સમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અચરમસમયવર્તી સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. એમ સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અપ્રથમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી બુદ્ધબોધિતછદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અચરમસમયવર્તી બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. એમ બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય ચારિત્રાર્યો કહ્યા. તથા છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા.*

*કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યાં છે. તે આ પ્રમાણે—સયોગીકેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો અને અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો. સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? તેઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી સયોગી કેવલી૦ ચારિત્રાર્યો અને અપ્રથમસમયવર્તી સયોગી કેવલી૦ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી સયોગી કેવલી૦ ચારિત્રાર્યો અને અચરમસમયવર્તી સયોગી કેવલી૦ ચારિત્રાર્યો. એમ સયોગી કેવલી૦ ચારિત્રાર્યો કહ્યા. અયોગી કેવલી૦ ચારિત્રાર્યો કેટલા પ્રકારના છે? અયોગી કેવલી૦ ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પ્રથમસમયવર્તી અયોગી કેવલી૦ ચારિત્રાર્યો અને અપ્રથમસમયવર્તી અયોગી કેવલી૦ ચારિત્રાર્યો. અથવા ચરમસમયવર્તી અયોગી કેવલી૦ ચારિત્રાર્યો અને અચરમસમયવર્તી અયોગી કેવલી૦ ચારિત્રાર્યો. એમ અયોગી કેવલી૦ ચારિત્રાર્યો કહ્યા, કેવલી૦ ચારિત્રાર્યો કહ્યા, ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કહ્યા. અને વીતરાગ ચારિત્રાર્યો કહ્યા.*

*અથવા ચારિત્રાર્યો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે—૧ સામાયિક ચારિત્રાર્યો, ૨ છેદોપસ્થાપનીય ચારિત્રાર્યો, ૩ પરિહાર વિશુદ્ધિક ચારિત્રાર્યો, ૪ સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો, ૫ યથાખ્યાત ચારિત્રાર્યો. સામાયિક ચારિત્રાર્યો કેટલા*

*પ્રકારના છે? સામાયિક ચારિત્રાર્યો બે પ્રકારના છે. તે આ પ્રમાણે—ઇત્વરિક સામાયિક ચારિત્રાર્યો અને યાવત્કથિક સામાયિક ચારિત્રાર્યો. એમ સામાયિક ચારિત્રાર્યો કહ્યા. છેદોપસ્થાપનીય ચારિત્રાર્યો કેટલા પ્રકારે છે? તેઓ બે પ્રકારના છે. તે આ પ્રમાણે—સાતિચાર છેદોપસ્થાપનીય૦ અને નિરતિચાર છેદોપસ્થાપનીય૦. એમ છેદોપસ્થાનીય ચારિત્રાર્યો કહ્યા. પરિહારવિશુદ્ધિક ચારિત્રાર્યો કેટલા પ્રકારના છે? તેઓ બે પ્રકારના છે. તે આ પ્રમાણે—નિર્વિશમાનક પરિહારવિશુદ્ધિક ચારિત્રાર્યો અને નિર્વિષ્ટકાયિક પરિહારવિશુદ્ધિક ચારિત્રાર્યો. એમ પરિહારવિશુદ્ધિક ચારિત્રાર્યો કહ્યા.*

*સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–-સંક્લિશ્યમાન સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો અને વિશુદ્ધ્યમાન સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો. એમ સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો કહ્યા.*

*યથાખ્યાત ચારિત્રાર્યો કેટલા પ્રકારના કહ્યા છે? યથાખ્યાત ચારિત્રાર્યો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–છદ્મસ્થ યથાખ્યાત ચારિત્રાર્યો અને કેવલી યથાખ્યાત ચારિત્રાર્યો. એમ યથાખ્યાત ચારિત્રાર્યો કહ્યા. એમ ચારિત્રાર્યો, અનૃદ્ધિપ્રામ-ઋદ્ધિને નહિ પ્રાપ્ત થયેલા આર્યો કહ્યા, કર્મભૂમિના મનુષ્યો કહ્યા, ગર્ભજ મનુષ્યો કહ્યા અને મનુષ્યો કહ્યા. ॥૭૭॥*

(ટી૦) દર્શનાર્યના ભેદો કહીને હવે ચારિત્રાર્યના ભેદો કહે છે–'**से किं तं**' ઇત્યાદિ. 'તે ચારિત્રાર્યો કેટલા પ્રકારના છે'–ઇત્યાદિ પાઠ યાવત્–'અથવા ચારિત્રાર્યો પાંચ પ્રકારના છે'–ત્યાંસુધી સુગમ છે. જે આ ઉપશાન્તકષાયત્વાદિ વિશેષતાના પ્રથમ સમયે વર્તે છે તે પ્રથમસમયવર્તી અને તેથી દ્વિતીયાદિ સમયને વિષે વર્તતા હોય તે અપ્રથમસમયવર્તી જાણવા. તથા તેજ ઉપશાન્તકષાયત્વાદિ વિશેષતાના છેલ્લા સમયે વર્તતા હોય તે ચરમસમયવર્તી અને તેના પહલાં [1]દ્વિચરમ, ત્રિચરમસમયાદિને વિષે વર્તતા હોય તે અચરમસમયવર્તી કહેવાય છે.

સામાયિકાદિ ચારિત્રનું સ્વરૂપ આ પ્રમાણે છે–[2]સમ–રાગદ્વેષરહિત હોવાથી સમભાવપૂર્વક આય–ગમન, પ્રવૃત્તિ તે સમાય. આ બીજી પણ સાધુઓની ક્રિયાઓનું ઉપલક્ષણ–સૂચક છે. કારણ કે સાધુઓની બધી ક્રિયા રાગદ્વેષરહિત છે. તે સમય–રાગદ્વેષરહિત પ્રવૃત્તિ વડે થયેલું, અથવા તેમાં થયેલું તે સામાયિક. અથવા સમ–જ્ઞાન, દર્શન અને ચારિત્રનો આય–લાભ તે સમાય, તેજ સામાયિક. (વિનયાદિની પેઠે અહીં સ્વાર્થમાં ઇક પ્રત્યય થયો છે જેમકે વૈનયિક.) તે સામાયિક ચારિત્ર સર્વસાવદ્ય–હિંસાદિ પાપવ્યાપારના ત્યાગરૂપ છે. જો કે બધા ચારિત્રો (પાપવ્યાપારના ત્યાગરૂપ હોવાથી) સામાયિકરૂપ છે; તો પણ છેદાદિ વિશેષણો વડે વિશિષ્ટ થતાં અર્થથી અને નામાન્તરથી તેના જુદા જુદા ભેદો થાય છે, અને પ્રથમ ચારિત્ર વિશેષણરહિત હોવાથી તેને 'સામાયિક' એવા સામાન્ય શબ્દરૂપે વ્યવહાર થાય છે. તે સામાયિક બે પ્રકારનું છે–ઇત્વર અને યાવત્કથિક. ઇત્વર–થોડા કાળનું અને યાવત્કથિક–જીવન પર્યન્ત. તેમાં ઇત્વર સામાયિક ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં જેણે ફરીથી મહાવ્રતો ગ્રહણ કર્યા નથી એવા પ્રથમ દીક્ષિતને હોય છે. અને યાવત્કથિક સામાયિક પ્રવ્રજ્યાના ગ્રહણ સમયથી માંડી જીવનપર્યન્ત હોય છે. તે ભરત અને ઐરાવત ક્ષેત્રના મધ્યમ બાવીશ તીર્થંકરના તીર્થમાં રહેલા તથા મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરના તીર્થમાં રહેલા સાધુને જાણવું. કારણ કે તેને ઉપસ્થાપન (વડી દીક્ષા)–ફરીથી મહાવ્રત ગ્રહણ કરવાનું હોતું નથી. કહ્યું છે કે–''**सव्वमिणं सामाइयं छेयाइविसेसियं पुण विभिन्नं। अविसेसं सामाइय चियमिह सामन्नसन्नाए ॥१॥ सावज्जजोगविरइत्ति तत्थ सामाइयं दुहा तं च। इत्तरमावकहंति य पढमं पढमंतिमजिणाणं ॥२॥ तित्थेसु अणारोवियवयस्स सेहस्स थोवकालीयं। सेसाणभावकहियं तित्थेसु विदेहयाणं च ॥३॥**''–'સર્વ પ્રકારના ચારિત્ર એ સામાયિકરૂપ છે, પરન્તુ છેદાદિ વિશેષણો વડે વિશિષ્ટ કરાય ત્યારે જુદા જુદા ચારિત્ર કહેવાય છે. અને અવિશેષિત–છેદાદિ વિશેષણરહિત ચારિત્ર 'સામાયિક' એવી સામાન્ય સંજ્ઞારૂપે રહે છે. તેમાં સાવદ્ય યોગનો ત્યાગ કરવારૂપ સામાયિક

૧. દ્વિચરમ-છેલ્લા સમયની પહેલાનો સમય, ત્રિચરમ-છેલ્લાની પહેલાના બે સમયો; ૨. જુઓ વિશેષાવશ્યક ભાષ્ય ગા. ૩૪૩૭

ચારિત્ર છે. તેના બે પ્રકાર છે—ઇત્વર અને યાવત્કથિક. તેમાં પ્રથમ ઇત્વર સામાયિક પહેલા અને છેલ્લા જિનેશ્વરના તીર્થમાં જેને પુનઃમહાવ્રતનું આરોપણ કર્યું નથી એવા નવ દીક્ષિત શિષ્યને થોડા કાળ માટે હોય છે. બાકીના તીર્થંકરોના તીર્થમાં અને મહાવિદેહના તીર્થંકરોના તીર્થમાં યાવત્કથિક સામાયિક હોય છે.' પ્ર૦–'ઇત્વર સામાયિક પણ 'કરેમિ ભંતે! સામાઇયં–હે ભગવન્! હું યાવજ્જીવ સામાયિકનો સ્વીકાર કરું છું'–એમ જીવનપર્યન્ત ગ્રહણ કરાય છે, તો ફરીથી મહાવ્રતો ગ્રહણ કરતી વેળાએ તેનો ત્યાગ કરતાં પ્રતિજ્ઞાનો ભંગ કેમ ન થાય? ઉ૦–અમે પહેલાંજ કહ્યું છે કે બધાં ચારિત્રો સામાન્યરૂપે સામાયિકચારિત્ર રૂપ છે, કારણ કે બધામાં સાવદ્ય યોગની વિરતિ છે. પરન્તુ છેદાદિ વિશુદ્ધિવિશેષથી વિશિષ્ટ થતાં અર્થથી અને નામાન્તરથી ભિન્નપણું પ્રાપ્ત કરે છે. તેથી જેમ યાવત્કથિક સામાયિક કે છેદોપસ્થાપન ચારિત્રનો પરમ વિશુદ્ધિવિશેષરૂપ સૂક્ષ્મસંપરાયાદિરૂપ ચારિત્રની પ્રાપ્તિમાં ભંગ થતો નથી તેમ ઇત્વર સામાયિકનો પણ વિશુદ્ધિ વિશેષરૂપ છેદોપસ્થાપન ચારિત્રની પ્રાપ્તિમાં ભંગ થતો નથી. જો પ્રવ્રજ્યા છોડે તોજ ભંગ થાય, પરન્તુ વિશુદ્ધિ વિશેષની પ્રાપ્તિમાં ભંગ ન થાય. કહ્યું છે કે–"**उन्निक्खगओ भंगो जो पुण तं चिय करेइ सुद्धयरं। सन्नामेत्तविसिट्ठं सुहुमंपिव तस्स को भंगो?॥१॥**"–'ચારિત્રના ત્યાગ કરનારને ભંગ થાય, પરન્તુ છે તેને વધારે વિશુદ્ધ કરે તેને સંજ્ઞામાત્રનો ભેદ થાય છે. પણ જેમ સૂક્ષ્મસંપરાયની પ્રાપ્તિમાં છેદોપસ્થાપનનો ભંગ થતો નથી તેમ ઇત્વર સામાયિકનો છેદોપસ્થાપનની પ્રાપ્તિમાં શી રીતે ભંગ થાય?'

જે ચારિત્રમાં પૂર્વવ્રત પર્યાયનો છેદ અને ઉપસ્થાપન–ફરીથી મહાવ્રતોનું આરોપણ છે તે છેદોપસ્થાન. તે બે પ્રકારનું છે—સાતિચાર અને નિરતિચાર. તેમાં ઇત્વર સામાયિકવાળા નવ દીક્ષિતને જે મહાવ્રતોનું આરોપણ કરવામાં આવે છે તે તથા એક તીર્થંકરના તીર્થમાંથી બીજા તીર્થંકરના તીર્થમાં પ્રવેશ કરતાં હોય છે તે નિરતિચાર છેદોપસ્થાપન. જેમ પાર્શ્વનાથના તીર્થ થકી વર્ધમાન સ્વામીના તીર્થમાં પ્રવેશ કરતાં ચાર મહાવ્રતરૂપ ધર્મ છોડી પાંચ મહાવ્રતરૂપ ધર્મ સ્વીકારે ત્યારે તેને નિરતિચાર છેદોપસ્થાન ચારિત્ર હોય છે. અને મૂલ ગુણનો (મહાવ્રતોનો) ઘાત કરનારને ફરીથી મહાવ્રતો આપવા તે સાતિચાર છેદોપસ્થાપન ચારિત્ર હોય છે. કહ્યું છે કે–"**सेहस्स निरइयारं तित्थन्तरसंकमे व तं होज्जा। मूलगुणघाइणो साइयारमुभयं च ठियकप्पे** ॥१॥"–'પ્રથમ દીક્ષિતને તથા બીજા તીર્થંકરના તીર્થમાં પ્રવેશ કરનારને નિરતિચાર છેદોસ્થાપન અને મૂલ ગુણઘાતીને સાતિચાર છેદોપસ્થાપન ચારિત્ર હોય છે. અને તે બન્ને પ્રકારના ચારિત્ર સ્થિતકલ્પમાં હોય છે.' બન્ને પ્રકારના એટલે સાતિચાર અને નિરતિચાર ચારિત્ર સ્થિતકલ્પમાં—પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થકાળે હોય છે.

જે ચારિત્રમાં પરિહાર—તપવિશેષવડે વિશુદ્ધિચારિત્ર થાય તે પરિહારવિશુદ્ધિ કહેવાય છે. તેના બે પ્રકાર છે–નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક, વિવક્ષિત–પરિહારવિશુદ્ધિ ચારિત્ર–તપવિશેષનું આરાધન કરાનારા નિર્વિશમાનક અને જેણે વિવક્ષિત ચારિત્રનું–તપવિશેષનું આરાધન કરેલું છે તે નિર્વિષ્ટકાયિક. તે ચારિત્રવાળાની સાથે ચારિત્રનો અભેદ હોવાથી ચારિત્ર પણ એ પ્રમાણે કહેવાય છે. અહીં નવ સાધુઓનો ગણ હોય છે. તેમાં ચાર નિર્વિશમાનક–તપ કરનારા, ચાર વૈયાવૃત્ય કરનારા અને એક કલ્પસ્થિત–વાચનાચાર્ય હોય છે. યદ્યપિ આ કલ્પમાં વર્તમાન બધા ય સાધુઓ શ્રુતાતિશયસંપન્ન હોય છે, તો પણ તેવા પ્રકારનો કલ્પ હોવાથી તેઓમાંથી કોઈ એક વાચનાચાર્ય તરીકે સ્થાપન કરવામાં આવે છે. નિર્વિશમાનકનો તપ આ પ્રમાણે છે 'પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાને શીત, ઉષ્ણ અને વર્ષા કાળે પ્રત્યેકને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપ કરવાનો ધીર પુરુષોએ કહેલો છે. તેમાં ગ્રીષ્મ ઋતુમાં જઘન્ય ચતુર્થ ભક્ત (એક ઉપવાસ) મધ્યમ ષષ્ઠ ભક્ત (બે ઉપવાસ) અને ઉત્કૃષ્ટ અષ્ટમ ભક્ત (ત્રણ ઉપવાસ) છે. ત્યાર પછી શિશિર ઋતુમાં તપ કરવાનો કહીશું. શિશિર ઋતુમાં બે ઉપવાસથી આરંભી ચાર ઉપવાસ પર્યન્ત જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપ કરવાનો હોય છે. અને વર્ષાઋતુમાં ત્રણ ઉપવાસથી આરંભી પાંચ ઉપવાસ સુધી તપ

જાણવો. પારણાને દિવસે આયંબિલ હોય છે. અને [1]ભિક્ષામાં પાંચ ભિક્ષા ગ્રહણ કરવાની હોય છે. તેમાં બે ભિક્ષાનો અભિગ્રહ હોય છે. કલ્પસ્થિતાદિ–વાચનાચાર્ય વગેરે [અહીં આદિ શબ્દથી અનુપરિહારિક–વૈય્યાવચ્ચ કરનારા લેવા.] પ્રતિદિવસ આયંબિલ કરે છે. એમ છ માસ સુધીનું તપ કરીને તપ કરનારા વૈયાવૃત્ય કરે છે અને વૈયાવચ્ચ કરનારા પરિહારિક પદમાં રહી છ માસ સુધી તપ કરે છે. પછી કલ્પસ્થિત–વાચનાચાર્ય પણ એમ છ માસ સુધી તપ કરે છે. બાકીના બધા વૈયાવચ્ચ કરે છે અને તેમાંથી એક કલ્પસ્થિત–વાચનાચાર્ય થાય છે. એ પ્રમાણે અઢાર માસ પ્રમાણવાળો કલ્પ સંક્ષેપથી વર્ણવ્યો છે. વિશેષ હકીકત કલ્પાદિ વિશેષસૂત્રથી જાણી લેવી.' પરિહારવિશુદ્ધિ કલ્પની સમાપ્તિ થયા પછી તેઓ ફરીથી પરિહારવિશુદ્ધિ ચારિત્રને, જિનકલ્પને કે ગચ્છને પ્રાપ્ત થાય છે. તે ચારિત્રને અંગીકાર કરવાની ઇચ્છાવાળા તીર્થંકરની પાસે કે તીર્થંકરની પાસે જેણે એ ચારિત્ર પૂર્વે ગ્રહણ કરેલું છે તેની પાસે એ ચારિત્ર લે છે. અન્યની પાસે લેતા નથી. એઓનું જે ચારિત્ર તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે.

હવે એ પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા કયા ક્ષેત્રમાં અને કયે કાળે હોય છે? એ પ્રશ્નના ઉત્તરમાં ક્ષેત્ર–કાળ વગેરેના નિરૂપણ માટે વીશ દ્વારો કહે છે—૧ ક્ષેત્રદ્વાર, ૨ કાળદ્વાર, ૩ચારિત્રદ્વાર, ૪ તીર્થદ્વાર, ૫ પર્યાયદ્વાર, ૬ આગમદ્વાર, ૭ વેદદ્વાર, ૮ કલ્પદ્વાર, ૯ લિંગદ્વાર, ૧૦ લેશ્યાદ્વાર, ૧૧ ધ્યાનદ્વાર, ૧૨ ગણદ્વાર, ૧૩ અભિગ્રહદ્વાર, ૧૪ પ્રવ્રજ્યાદ્વાર, ૧૫ મુંડાપનદ્વાર, ૧૬ પ્રાયશ્ચિત્તદ્વાર, ૧૭ કારણદ્વાર, ૧૮ નિષ્પ્રતિકર્મતાદ્વાર, ૧૯ ભિક્ષાદ્વાર, ૨૦ [2]બન્ધદ્વાર (પન્થદ્વાર).

૧. ક્ષેત્રદ્વાર––ક્ષેત્રને વિષે જન્મ અને સદ્ભાવને આશ્રયી બે પ્રકારની માર્ગણા છે. જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયો છે ત્યાં જન્મને આશ્રયી માર્ગણા અને જે ક્ષેત્રને વિષે કલ્પમાં–પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં વર્તતો હોય, ત્યાં સદ્ભાવને આશ્રયી માર્ગણા છે. કહ્યું છે કે–''**खेत्ते दुहिह मग्गण जम्मणओ चेव संति भावे आ जम्मणओ जहिं जातो संतिभावो य जहि कप्पो ॥१॥**''–'ક્ષેત્રને વિષે જન્મથી અને સદ્ભાવને આશ્રયી બે પ્રકારની માર્ગણા છે. જ્યાં જન્મ્યો છે ત્યાં જન્મથી માર્ગણા અને જ્યાં કલ્પ–ચરિત્ર–પરિહાર વિશુદ્ધિ ચારિત્રમાં વર્તતો હોય ત્યાં સદ્ભાવથી માર્ગણા હોય છે.' તેમાં પરિહારવિશુદ્ધિચારિત્રવાળો જન્મથી અને સદ્ભાવથી પાંચ ભરત અને પાંચ એરાવત ક્ષેત્રમાં હોય છે, પણ મહાવિદેહ ક્ષેત્રમાં હોતો નથી. વળી તેઓનું સંહરણ પણ થતું નથી, જેથી જિનકલ્પિકની પેઠે સર્વ કર્મભૂમિમાં કે સર્વ અકર્મભૂમિમાં પ્રાપ્ત થાય. કહ્યું છે કે–''**खेत्ते भरहेरवएसु होंति संहरणवज्जिया नियमा**''–તેઓ અવશ્ય સંહરણરહિત ભરત અને એરાવત ક્ષેત્રમાં હોય છે.

---

૧. સંસૃષ્ટ અને સંસૃષ્ટાદિ સાત પ્રકારની ભિક્ષા છે, તેમાં પ્રથમની સંસૃષ્ટ અને અસંસૃષ્ટ એ બે ભિક્ષા છોડી ઉદ્ધૃતાદિ પાંચ ભિક્ષા ગ્રહણ કરવાની છે. તેમાં પણ એક ભક્ત સંબધી અને એક પાણી સંબધી એમ બેનો અભિગ્રહ હોય છે. એટલે પ્રતિદિન બે જ ભિક્ષા લેવાની હોય છે.

૨. પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના મુદ્રિત અને લિખિત બધા પુસ્તકોમાં પરિહારવિશુદ્ધિચારિત્રના વર્ણન પ્રસંગે ૨૦ દ્વારોની ગણનામાં 'બન્ધદ્વાર' એવો પાઠ મળે છે, પણ તેના વિવરણ પ્રસંગે બન્ધદ્વારનુ વર્ણન મળતુ નથી. દેવેન્દ્રસૂરિપ્રણીત ષડશિતિ–ચોથા કર્મગ્રન્થની ટીકામાં પરિહારવિશુદ્ધિક ચારિત્રના વર્ણન પ્રસંગે પણ છેલ્લા ૨૦ મા બન્ધદ્વારની ગણના કરી છે. અને ભિક્ષાદ્વાર સુધી વિવરણ કર્યુ છે, પણ બન્ધદ્વારનુ વિવરણ કર્યુ નથી. અને છેલ્લા ભિક્ષાદ્વારની સાથે વિહારક્રમનુ વર્ણન છે. '**भिक्षाद्वारे–भिक्षाविहारक्रमश्चास्य तृतीयस्यां पौरुष्यां भवति, शेषासु च कायोत्सर्गः**'। વળી ભિક્ષાદ્વારના વર્ણનમા વિહારના ક્રમનુ વર્ણન પણ અસંગત લાગે છે. માટે અહીં બન્ધદ્વારને બદલે પન્થદ્વાર કે પથિદ્વાર હોવુ જોઇએ. જેથી પથિદ્વાર કે પન્થદ્વારમાં વિહારના ક્રમનુ વર્ણન સંગત થાય છે. આ સંબધી પ્રવચનસારોદ્ધારની ટીકામા ખુલાસો છે. '**भिक्षाद्वारे पथिद्वारे च भिक्षाविहारक्रमश्चास्य तृतीयस्यां पौरुष्यां भवति**'। ભિક્ષાદ્વાર અને પન્થદ્વારમાં ભિક્ષા અને વિહારનો ક્રમ પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાને ત્રીજા પહોરમાં હોય છે. અને બાકીના પહોરમાં કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. પછીથી બધેય સરખો પાઠ મળે છે. તેથી 'પથિદ્વારે ચ' એ પાઠ ત્રુટિત થયો હોય એમ સંભવે છે. જુઓ પ્રવચનસારોદ્ધાર ગાથા - ૬૦૨–૬૧૦ ટીકા પત્ર ૧૭૨-૧

૨. કાળદ્વાર—તેઓનો જન્મ અવસર્પિણીમાં ત્રીજા અને ચોથા આરામાં હોય છે અને સદ્ભાવ પાંચમા આરામાં પણ હોય છે. ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા અને ચોથા આરામાં જન્મ અને સદ્ભાવ ત્રીજા અને ચોથા આરામાં હોય છે. કહ્યું છે કે-"**ओसप्पिणीए दीसुं जम्मणओ तीसु संतीभावेण। उस्सप्पिणि विवरीओ जम्मणओ संतिभावेण ॥१॥ नोत्सप्पिण्यवसर्प्पिणीरूपे तु चतुर्थारकप्रतिभागकाले न संभवति, महाविदेहक्षेत्रे तेषामसंभवात्** ॥२॥"-'અવસર્પિણીના (ત્રીજા અને ચોથા) બન્ને આરામાં જન્મથી હોય છે અને ત્રીજા, ચોથા અને પાંચમા એ ત્રણ આરામાં સદ્ભાવથી હોય છે. ઉત્સર્પિણીમાં જન્મ અને સદ્ભાવથી વિપરિત સમજવું. એટલે બીજા, ત્રીજા અને ચોથામાં જન્મથી હોય છે અને સદ્ભાવથી ત્રીજા અને ચોથા આરામાં હોય છે.' નોત્સર્પિણી-અવસર્પિણીરૂપ ચોથા આરાના જેવા કાળને વિષે તેઓનો સંભવ નથી, કારણ કે મહાવિદેહ ક્ષેત્રમાં તેઓનો અસંભવ છે-એટલે તેવો કાળ મહાવિદેહ ક્ષેત્રમાં છે અને ત્યાં પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાનો સંભવ નથી.

૩. ચારિત્રદ્વાર—ચારિત્રદ્વારમાં સંયમસ્થાનદ્વારા માર્ગણા-વિચાર કરવાની છે. તેમાં સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રના જે જઘન્ય સંયમસ્થાનો છે તે પરસ્પર સરખા છે, કારણ કે તે બન્નેના સરખા પરિણામ છે. ત્યાર પછી અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ સંયમસ્થાનો છોડી ઉપરના જે સંયમસ્થાનકો છે તે પરિહારવિશુદ્ધિચારિત્રવાળાને યોગ્ય છે અને તે પણ કેવલજ્ઞાનીની પ્રજ્ઞાથી વિચાર કરતાં અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ થાય છે. તે સંયમસ્થાનો પહેલા અને બીજા ચારિત્રની સાથે અવિરોધી છે. કારણ કે તે બન્ને ચારિત્રમાં પણ તે સંયમસ્થાનોનો સંભવ છે. તે પછી ઉપરના જે અસંખ્યાતા સંયમસ્થાનો છે તે સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રને યોગ્ય છે. કહ્યું છે કે-"**तुल्लाजहन्नठाणे संजमठाणाणि पढम बिइयाणं, तत्तो असंखलोए गंतुं परिहारियट्ठाणा ॥१॥ तेऽवि असंखा भोगा अविरुद्धाचेव पढमबिइयाणं। उवरिंपि तउ असंखासंजमठाणा उ दोण्हंपि** ॥२॥"-'પહેલા અને બીજા ચારિત્રના સંયમસ્થાનો જઘન્ય સ્થાને પરસ્પર તુલ્ય છે. ત્યાર પછી અસંખ્યાતા લોકાકાકાશપ્રદેશ પ્રમાણ સંયમસ્થાનો છોડીને ઉપર પરિહારવિશુદ્ધિ ચારિત્રના સંયમસ્થાનો છે. તે પણ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. અને તે પહેલા અને બીજા ચારિત્રની સાથે અવિરોધી છે. ત્યાર પછી ઉપરના અસંખ્યાતા સંયમસ્થાનો બન્ને ચારિત્રના (સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રના) છે. તેમાં પરિહારવિશુદ્ધિક કલ્પનો અંગીકાર પોતાના જ સંયમસ્થાનોમાં વર્તતા સાધુને હોય છે પણ બાકીના સંયમસ્થાનોમાં વર્તતા સાધુને હોતો નથી. જ્યારે અતીતનયને આશ્રયી પૂર્વપ્રતિપન્નની વિવક્ષા કરીએ ત્યારે બાકીના સંયમસ્થાનોમાં પણ હોય છે. એટલે પૂર્વે અતીતકાળે પરિહારવિશુદ્ધિ ચારિત્રને પ્રાપ્ત થયેલો હતો અને તે કલ્પની સમાપ્તિ થયા પછી તેને બીજા ચારિત્રનો સંભવ હોવાથી બીજા ચારિત્રોમાં પણ વર્તતા છતાં ભૂતકાળની અપેક્ષાએ પૂર્વપ્રતિપન્નપણું અવિરુદ્ધપણે છે. કહ્યું છે કે-"**सट्ठाणे पडिवत्ती अन्नेसुवि होज्ज पुव्वपडिवन्नो। तेसुवि वट्टन्तो सो तीतनयं पप्प वुच्चत्ति उ** ॥१॥"-'સ્વસ્થાનોમાં—પોતાના સંયમસ્થાનોમાં વર્તતો હોય ત્યારે પરિહારવિશુદ્ધિ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. અને પૂર્વપ્રતિપન્ન-પૂર્વે પરિહારવિશુદ્ધિને પ્રાપ્ત થયેલો અન્ય ચારિત્રમાં પણ હોય છે. તે અન્ય ચારિત્રમાં વર્તમાન હોય તો પણ અતીતનયને આશ્રયી 'પરિહારવિશુદ્ધિક' કહેવાય છે.

૪. તીર્થદ્વાર—પરિહારવિશુદ્ધિક ચારિત્ર અવશ્ય તીર્થ પ્રવર્તમાન હોય ત્યારેજ હોય છે, પરન્તુ તેના વિચ્છેદમાં કે તેની અનુત્પત્તિમાં તે તીર્થનો અભાવ હોય ત્યારે જાતિસ્મરણાદિ વડે હોતું નથી. કહ્યું છે કે-"**तित्थंत्ति नियमतोच्चिय होइ स तित्थंमि न उण तदभावे। विगएऽणुपन्ने वा जाइ सरणाएहिंतो** ॥१॥"-'તીર્થદ્વાર-તે અવશ્ય તીર્થમાં હોય છે, પણ તેના અભાવમાં હોતું નથી. એટલે તીર્થના વિચ્છેદમાં કે તેની અનુત્પત્તિમાં જાતિસ્મરણાદિ વડે પરિહારવિશુદ્ધિક ચારિત્ર હોતું નથી.'

૫. પર્યાયદ્વાર—પર્યાય બે પ્રકારનો છે-ગૃહસ્થપર્યાય અને યતિપર્યાય. તે પ્રત્યેકના જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એમ બન્ને પ્રકાર છે. તેમાં ગૃહસ્થનો પર્યાય જઘન્યથી ઓગણત્રીશ વર્ષ અને યતિનો પર્યાય વીશ વર્ષનો હોય છે. ઉત્કર્ષથી બન્ને પર્યાયો કંઇક ન્યૂન પૂર્વકોટી વર્ષ પ્રમાણ હોય છે. કહ્યું છે કે-"**एयस्स एस नेओ गिहिपज्जाओ जहन्निगुणतीसा। जइपज्जाओ वीसा दोसुवि देसूणा** ॥१॥"-'આ પરિહારવિશુદ્ધિ ચારિત્રનો જઘન્યથી ગૃહસ્થપર્યાય ઓગણત્રીશ વર્ષ, અને યતિપર્યાય વીશ

વરસનો હોય છે. ઉત્કૃષ્ટ બન્નેનો પર્યાય દેશથી ન્યૂન પૂર્વકોટી વર્ષ પ્રમાણ છે.'

૬. આગમદ્વાર—પરિહારવિશુદ્ધિક અપૂર્વ–નવીન આગમનું અધ્યયન કરતો નથી, કારણ કે તે કલ્પને આશ્રયી ગ્રહણ કરેલા ઉચિત યોગના આરાધનથી જ કૃતકૃત્ય થાય છે. પરન્તુ પૂર્વે અધ્યયન કરેલું વિસ્મરણ ન થાય તે માટે હમેશાં એકાગ્રમનવાળો થઇ પ્રાયઃ સારી રીતે તેનું સ્મરણ કરે છે. કહ્યું છે કે–"**अप्पुव्वं नाहिज्जइ आगममेसो पडुच्च तं कप्पं। जमुचियपगहिअजोगाराहणओ चेव कयकिच्चो ॥१॥ पुव्वाहीयं तु तयं पायमणुसरइ निच्चमेवेस। एगग्गमणोसम्मं विस्सोयसिगाइखयहेऊ ॥२॥**"–'આ (પરિહારવિશુદ્ધિક) હમેશાં એકાગ્રમનવાળો થઇને વિસ્મરણાદિ ન થાય માટે પૂર્વે ભણેલું સમ્યગ્ રૂપે પ્રાયઃ સ્મરણ કરે છે.'

૭. વેદદ્વાર—વેદને આશ્રયી પરિહારવિશુદ્ધિ ચારિત્રની પ્રવૃત્તિકાળે પુરુષવેદ હોય કે નપુંસક વેદ હોય, પણ સ્ત્રીવેદ ન હોય, કેમકે સ્ત્રીને પરિહારવિશુદ્ધિ ચારિત્રના કલ્પની પ્રાપ્તિ હોતી નથી. પરન્તુ અતીતનયને–ભૂતકાળને આશ્રયી પૂર્વ પ્રતિપન્નનો (પૂર્વે જેણે પરિહારવિશુદ્ધિ કલ્પ અંગીકાર કરેલો છે તેનો) વિચાર કરતા તે વેદસહિત હોય કે વેદરહિત હોય. તેમાં શ્રેણીની પ્રાપ્તિના અભાવમાં વેદસહિત હોય છે અને ઉપશ્રમશ્રેણિની પ્રાપ્તિમાં કે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિમાં વેદરહિત હોય છે. કહ્યું છે કે–"**वेदो पवित्तिकाले इत्थीवज्जोउ होइ एगयरो। पुव्वपडिवन्नगो पुण होज्ज सवेदो अवेदो वा ॥१॥**"–'પ્રવૃત્તિકાળે સ્ત્રી સિવાયના બે વેદમાંથી એક વેદ હોય અને પૂર્વપ્રતિપન્ન વેદસહિત હોય કે વેદરહિત[1] હોય.'

૮. કલ્પદ્વાર—આ ચારિત્રવાળો સ્થિતકલ્પમાં હોય છે, પણ અસ્થિત કલ્પમાં હોતો નથી. '**ठियकप्पंमि नियमा**' કેમકે સ્થિત કલ્પમાં અવશ્ય હોય છે'–એવુ શાસ્ત્ર વચન છે. અચેલકપણા આદિ દશે કલ્પમાં રહેલા સાધુઓનો કલ્પ સ્થિતકલ્પ કહેવાય છે. જેઓ શય્યાતર પિંડાદિ અસ્થિત કલ્પમાં રહેલા છે, બાકીના અચેલકાદિ છ કલ્પમાં રહેલા નથી તે સાધુઓનો કલ્પ અસ્થિત કલ્પ કહેવાય છે. કહ્યું છે કે–"**ठिययाठियओ व कप्पो आचेलक्काइएसु ठाणेसु। सव्वेसु ठिया पढमो चउ ठिय छसु अठिया बीओ ॥१॥**"–'સ્થિતકલ્પ, અને અસ્થિતકલ્પ એમ બે પ્રકારનો કલ્પ છે. તેમાં **अचेलकत्वादि** બધા સ્થાનકમાં રહેલા હોય તે પ્રથમ સ્થિતકલ્પ. પણ ચાર સ્થાનકમાં સ્થિત હોય અને છ સ્થાનકમાં અસ્થિત હોય તે બીજો અસ્થિત કલ્પ.' અચેલકત્વાદિ દશ સ્થાનકો આ પ્રમાણે છે–૧ અચેલકપણું, ૨ ઔદેશિક, ૩ શય્યાતરપિંડ, ૪ રાજપિંડ, ૫ કૃતિકર્મ, ૬ વ્રત, ૭ જ્યેષ્ઠ, ૮ પ્રતિક્રમણ, ૯ માસકલ્પ અને ૧૦ પર્યુષણાકલ્પ. ચાર અવસ્થિત કલ્પ આ પ્રકારે છે–૧ શય્યાતરપિંડ, ૨ ચાતુર્યામ–ચાર મહાવ્રત, ૩ પુરુષજ્યેષ્ઠ, ૪ કૃતિકર્મકરણ–એ ચાર અવસ્થિત કલ્પો છે.'

૯. લિંગદ્વાર—આ ચારિત્ર દ્રવ્યલિંગ અને ભાવલિંગ–એ બન્ને પ્રકારના લિંગને વિષે હોય છે. કારણ કે બન્ને પ્રકારના લિંગમાંથી એક પણ લિંગ સિવાય પરિહારવિશુદ્ધિ કલ્પને યોગ્ય સામાચારીનો અસંભવ છે.

૧૦. લેશ્યાદ્વાર—તેજોલેશ્યા પ્રમુખ પછીની ત્રણ વિશુદ્ધ લેશ્યાંમાં પરિહારવિશુદ્ધિક કલ્પનો સ્વીકાર કરે છે. પૂર્વપ્રતિપન્ન–પરિહાર વિશુદ્ધિને પૂર્વે પ્રાપ્ત થયેલો તો સર્વ લેશ્યાઓમાં કથંચિત્ વર્તતો હોય છે. તેમાં પણ અત્યંત સંક્લિષ્ટ એવી બીજી અવિશુદ્ધ લેશ્યામાં રહેતો નથી. તેવી લેશ્યામાં રહે તો પણ તે લાંબા કાળ સુધી રહેતો નથી, પરન્તુ થોડો કાળ રહે છે. કારણ કે તે પોતાના સામર્થ્યથી જલદી તેથી નિવૃત્ત થાય છે. પ્ર૦–તો પ્રથમથી જ તે અશુદ્ધ લેશ્યાઓમાં કેમ પ્રવર્તે છે? ઉ૦–કર્મને વશવર્તી હોવાથી પ્રવર્તે છે. કહ્યું છે કે–"**लेसासु विसुद्धासु पडिवज्जइ तीसु न उण सेसासु। पुव्वपडिवन्नओ पुण होज्जा सव्वासुवि कहंचि ॥१॥ णऽच्चंत संकिलिट्ठासु थोवं कालं स हंदि इयरासु। चित्ता कम्माण गई तहा विवरीयं(वि विरियं) फलं देइ ॥२॥**" 'વિશુદ્ધ એવી ત્રણ લેશ્યામાં તે કલ્પનો સ્વીકાર કરે છે. પણ બાકીની અવિશુદ્ધ લેશ્યાઓમાં સ્વીકાર કરતો નથી. પૂર્વપ્રતિપન્ન–તે કલ્પને પૂર્વે પ્રાપ્ત થયેલો તો સર્વ લેશ્યાઓમાં કથંચિત્ હોય છે. અત્યંત સંક્લિષ્ટ એવી

૧. ઉપશમ શ્રેણિમાં કે ક્ષપકશ્રેણિમાં પણ નવમા ગુણ સ્થાનકના સંખ્યાતા ભાગ ગયા પછી છેલ્લો સંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે વેદનો ઉપશમ કે ક્ષય કરે છે ત્યારે વેદરહિત થાય છે, તે પહેલાં વેદસહિત હોય છે.

અવિશુદ્ધ લેશ્યામાં પ્રવર્તતો નથી, અવિશુદ્ધ લેશ્યાઓમાં પ્રવૃત્તિ કરે તો થોડા કાળ સુધી કરે છે, કારણ કે કર્મની ગતિ વિચિત્ર છે. તો પણ વીર્ય–સામર્થ્ય ફળ આપે છે.

૧૧. ધ્યાનદ્વાર—વૃદ્ધિ પામતા ધર્મધ્યાન વડે પરિહાર વિશુદ્ધિક કલ્પનો સ્વીકાર કરે છે. અને પૂર્વપ્રતિપન્ન–પૂર્વે તે કલ્પને પ્રાપ્ત થયેલો તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પણ હોય છે. પરન્તુ તે પ્રાયઃ ધ્યાન નિરનુબન્ધ–પરંપરા રહિત હોય છે. કહ્યું છે કે–''**झाणंमि वि धम्मेण पडिवज्जइ सो पवड्ढमाणेणं। इयरेसु वि झाणेसु पुव्वपवन्नो न पडिसिद्धो ॥१॥ एवं च झाणजोगे उद्दामे तिव्व कम्मपरिणामा। रोद्दऽट्टेसुवि भावो इमस्स पावं निरणुबन्धो ॥२॥**''–'ધ્યાનમાં–વૃદ્ધિ પામતા ધર્મધ્યાન વડે તે કલ્પનો સ્વીકાર કરે છે, પૂર્વપ્રતિપન્ન તો ઇતર ધ્યાનમાં હોય તો તેનો પ્રતિષેધ નથી. એ પ્રમાણે ઉત્કટ ધ્યાનયોગ છતાં તીવ્ર કર્મના પરિણામથી રૌદ્ર અને આર્ત ધ્યાનમાં પણ એનો સદ્ભાવ છે, પરન્તુ પ્રાયઃ તે દુર્ધ્યાનના અનુબન્ધ–પરંપરા રહિત હોય છે.'

૧૨. ગણનાદ્વાર—જઘન્યથી ત્રણ ગણો અને ઉત્કર્ષથી સો ગણો આ ચારિત્રનો સ્વીકાર કરે છે. પૂર્વપ્રતિપન્ન તો જઘન્યથી અને ઉત્કર્ષથી સેંકડો ગણરૂપ હોય છે. પુરુષની ગણનાવડે જઘન્યથી આ કલ્પનો સ્વીકાર કરનાર સત્યાવીશ અને ઉત્કૃષ્ટ [1]હજાર પુરુષો હોય છે. અને પૂર્વપ્રતિપન્ન જઘન્યથી સેંકડો અને ઉત્કર્ષથી હજારો હોય છે. કહ્યું છે કે–''**गणओ तिन्नेव गणा जहन्न पडिवत्ति सहस उक्कोसा। उक्कोस जहन्नेणं सयसोच्चिय पुव्वपडिवन्ना ॥१॥ सत्तावीस जहन्ना सहस्समुक्कोसओ य पडिवत्ती। सयसो सहस्ससो वा पडिवन्न जहन्नउक्कोसा ॥२॥**''–'જઘન્યથી ત્રણ ગણ અને ઉત્કર્ષથી સો ગણ આ કલ્પનો સ્વીકાર કરે છે. અને પૂર્વપ્રતિપન્ન તો ઉત્કૃષ્ટ અને જઘન્યથી સેંકડો ગણ હોય છે. જઘન્યથી સત્યાવીશ અને ઉત્કૃષ્ટથી હજાર અને પૂર્વપ્રતિપન્ન તો જઘન્યથી સેંકડો ઉત્કૃષ્ટથી હજારો હોય છે.' વળી જ્યારે પૂર્વપ્રતિપન્ન કલ્પથી કોઈ એક નીકળી જાય અને અન્ય પ્રવેશ કરે ત્યારે આ કલ્પની પ્રતિપત્તિમાં સ્વીકાર કરવામાં એક ન્યૂન થયો, તેને ઉમેરતા, કોઈ વખતે એક પણ હોય કે પૃથક્ત્વ ઘણા પણ હોય છે. પૂર્વપ્રતિપન્ન પણ એ પ્રમાણે વિકલ્પથી એક હોય કે પૃથક્ત્વ–ઘણા હોય. કહ્યું છે કે–''**पडिवज्जमाण भवणाए होज्ज एक्कोऽविऊण पक्खेवे। पुव्वपडिवन्नयावि य भइआ एक्को पुहुत्तंवा ॥१॥**''–'એક ન્યૂન થયો તેને ઉમેરતાં પ્રતિપદ્યમાન (સ્વીકાર કરનાર) ગણનાએ વિકલ્પે એક પણ હોય. [અને ઘણા હોય.] તથા પૂર્વપ્રતિપન્ન વિકલ્પે એક હોય કે પૃથક્ત્વ–ઘણા હોય.'

૧૩. અભિગ્રહદ્વાર—અભિગ્રહો ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે—૧ દ્રવ્યાભિગ્રહ, ૨ ક્ષેત્રાભિગ્રહ, ૩ કાલાભિગ્રહ અને ૪. ભાવાભિગ્રહ. આ અભિગ્રહો સંબંધમાં અન્યત્ર ચર્ચા કરી છે માટે ફરી અહીં તેની ચર્ચા કરતા નથી. તેમાં પરિહારવિશુદ્ધિને આ અભિગ્રહો હોતા નથી, કારણ કે તેનો કલ્પજ ઉક્ત સ્વરૂપના અભિગ્રહરૂપ છે. કહ્યું છે કે–''**दव्वाईअ अभिगह विचित्तरूवा न होंति पुण केइ। एअस्सजीअकप्पो कप्पोच्चिअऽभिगहो जेणं ॥१॥ एयंमि गोयराई नियया नियमेण निरववादाय। तप्पालणं चिय परं एअस्स विसुद्धिठाणं तु ॥२॥**''–'વિચિત્ર સ્વરૂપવાળા કોઇ પણ દ્રવ્યાદિ અભિગ્રહો એને હોતા નથી. કેમકે એનો જીતકલ્પ જ કલ્પને ઉચિત અભિગ્રહરૂપ છે. આ કલ્પને વિષે ગોચરી વગેરે આચારો નિયત અને અવશ્ય અપવાદ રહિત હોય છે, અને તેનું પાલન કરવું એજ એને વિશુદ્ધિનું સ્થાનક છે.'

૧૪. પ્રવ્રજ્યાદ્વાર—પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળો એવા પ્રકારની કલ્પની મર્યાદા હોવાથી કોઇને દીક્ષા આપતો નથી.

---

૧. ગણનાદ્વારમાં પ્રતિપદ્યમાન જઘન્યથી ત્રણ ગણ અને ઉત્કૃષ્ટ સો ગણ કહ્યા અને પુરુષગણનામાં જઘન્યથી સત્યાવીશ અને ઉત્કૃષ્ટ હજાર કહ્યા છે. તો જઘન્ય ત્રણ ગણ હોવાથી સત્યાવીશ સંખ્યા ઘટે છે, પણ ઉત્કૃષ્ટ સો ગણ હોવાથી પુરુષગણનામાં નવસો થાય છે, પણ હજાર સંખ્યા ઘટી શકતી નથી. પરિહારવિશુદ્ધિકને રોગાદિનો સંભવ છે, તેથી કદાચ વૈયાવચ્ચ કરનારામાંથી કોઇ એક રોગાદિ કારણે વૈયાવચ્ચ કરવા અસમર્થ હોય અને તેના બદલે અન્ય પ્રવેશ કરે, અને એ રીતે સો ગણમાં એક એક વધારતા સો વધે. અથવા બધા મળીને પણ સો સંખ્યા વધે તો એ રીતે હજાર સંખ્યા થાય, પરન્તુ આ કલ્પનાનું સાધક પ્રમાણ હજી કોઇ મળ્યું નથી. **तत्त्व केवलिगम्य.**

કહ્યું છે કે-''पव्वावेइ न एसो अन्नं कप्पढिइत्ति काउणं।।''-'કલ્પની સ્થિતિ સમજીને તે કોઇને પ્રવ્રજ્યા આપતો નથી, કારણ કે કલ્પની તેવી મર્યાદા છે.' પરન્તુ યથાશક્તિ ઉપદેશ આપે છે.

૧૫. મુંડાપનદ્વાર—પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળો કોઇને મુંડતો નથી. પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી અવશ્ય મુંડન હોય છે, તેથી પ્રવ્રજ્યાના ગ્રહણ વડે મુંડનનું ગ્રહણ થાય છે તો શા માટે જુદું દ્વાર કહ્યું? ઉપરનો પ્રશ્ન અયુક્ત છે. પ્રવ્રજ્યા દ્વારમાં અવશ્ય મુંડન હોય તેમ સંભવિત નથી, કારણ કે અયોગ્યને કોઇ પણ રીતે પ્રવ્રજ્યા-દીક્ષા આપી હોય, છતાં પણ અયોગ્યતાનું જ્ઞાન થાય તો તેને મુંડનનો સંભવ નથી, માટે જુદું દ્વાર કહ્યું છે.

૧૬. પ્રાયશ્ચિત્તવિધિદ્વાર—મનથી પણ સૂક્ષ્મ અતિચાર લાગ્યો હોય તો તેને ચતુર્ગુરુક (ઉપવાસ) પ્રાયશ્ચિત્ત હોય છે. કારણ કે આ કલ્પ એકાગ્રતા-પ્રધાન છે અને તેના ભંગમાં મોટો દોષ લાગે છે.

૧૭. કારણદ્વાર—કારણ-આલંબન, તે વિશુદ્ધ જ્ઞાનાદિ જાણવાં. તે આ પરિહારવિશુદ્ધિકને હોતાં નથી, જેથી તેને આશ્રયી અપવાદ સેવવો પડે. પરન્તુ આ મહાત્મા સર્વત્ર નિરપેક્ષ થઇને ક્લિષ્ટ કર્મના ક્ષય નિમિત્તે પ્રારંભેલા પોતાના કલ્પને યથોક્ત વિધિથી સમાપ્ત કરે છે. કહ્યું છે કે-''कारणमालंबणमो तं पुण नाणाइअं सुपरिसुद्धं। एअस्स तं न विज्जइ उचियं तवसाहणो पायं ॥१॥ सव्वत्थ निरवयक्खो आढत्तं चिय दढं समाणंतो। वट्टइ एस महप्पा किलिट्ठकम्मक्खयनिमित्तं ॥२॥''-'કારણ એટલે આલંબન, તે સુપરિશુદ્ધ જ્ઞાનાદિ જાણવા, તે આલંબન તેને ઉચિત નથી, કારણ કે તે બહુધા તપરૂપ સાધન-આલંબનવાળો છે. આ મહાત્મા સર્વત્ર નિરપેક્ષ થઇને ક્લિષ્ટ કર્મના ક્ષય નિમિત્તે આરંભેલ કલ્પને દૃઢતાપૂર્વક સમાપ્ત કરે છે.

૧૮. નિષ્પ્રતિકર્મતાદ્વાર—શરીરના સંસ્કાર રહિત આ મહાત્મા અક્ષિમલાદિકને પણ કદાચિત્ દૂર કરતા નથી. તેમજ પ્રાણાન્ત કષ્ટ આવી પડે તો પણ બીજું અપવાદ પદ સેવતા નથી. કહ્યું છે કે-''निप्पडिकम्मसरीरो अच्छिमलाईवि नावणेइ सया। पाणन्तिएऽविय महावसणंमि न वट्टए बीए ॥१॥ अप्पबहुत्तालोयणविसयातीओ उ होइ एसत्ति। अहवा सुहभावाओ बहुगं एयं चिय इमस्स ॥२॥''-'હમેશાં શરીરના સંસ્કાર રહિત તે આંખના મેલ વગેરેને પણ દૂર કરતા નથી. પ્રાણાન્તિક મહાકષ્ટ આવી પડે તો પણ બીજા પદમાં વર્તતા નથી. અલ્પદોષ અને બહુદોષની વિચારણાના વિષયથી રહિત હોય છે. અથવા શુભ ભાવ એજ એને ઘણું છે.'

૧૯-૨૦. ભિક્ષાદ્વાર (અને બન્ધદ્વાર યા પન્થદ્વાર)—ભિક્ષા અને વિહારનો ક્રમ ત્રીજી પૌરુષીમાં-ત્રીજા પહોરમાં હોય છે. બાકીની પૌરુષીમાં કાયોત્સર્ગમાં હોય છે. નિદ્રા પણ તેને અલ્પ હોય છે. જો કોઇ પણ રીતે એમનું જંઘાબલ (ચાલવાનું બળ) ક્ષીણ થયું હોય તો વિહાર નહિ કરવા છતાં પણ મહાભાગ્યશાળી એવા તે અપવાદ સેવતા નથી. પરન્તુ તેજ સ્થળે રહી કલ્પ પ્રમાણે સંયમયોગ સાધે છે. કહ્યું છે કે-''तइयाए पोरसीए भिक्खाकालो विहारकालो उ। सेसासुं उस्सग्गो पायं अप्पा य निद्दत्ति ॥१॥ जंघाबलंमि खीणे अविहरमाणोवि न परमावज्जे। तत्थेव अहाकप्पं कुणइ उ जोगं महाभागो ॥२॥''-'ત્રીજી પૌરુષીમાં તેઓનો ભિક્ષાકાલ અને વિહારકાળ હોય છે અને બાકીની પૌરુષીમાં પ્રાયઃ કાયોત્સર્ગ હોય છે. નિદ્રા પણ અલ્પ હોય છે. જંઘાબલ ક્ષીણ થવાથી વિહાર નહિ કરતા એવા તે મહાભાગ્યશાલી અપવાદ સેવતા નથી, પરન્તુ ત્યાંજ રહી કલ્પની વિધિ પ્રમાણે સંયમયોગ સાધે છે.' [ટીકામાં 'बन्धेऽष्ट सप्त वा २०'] એમ કૌંસમાં લખેલ છે. બેંગ્લોરથી પ્રકાશિત પૃષ્ઠ ૪૫.

આ પરિહારવિશુદ્ધિક બે પ્રકારના છે—ઇત્વર અને યાવત્કથિક. તેમાં જેઓ કલ્પ સમાપ્ત થયા પછી તુરતજ તેજ કલ્પ કે ગચ્છને પ્રાપ્ત થવાના છે તે ઇત્વર. જેઓ કલ્પની સમાપ્તિ થયા પછી તુરતજ જિનકલ્પને અંગીકાર કરવાના છે તે યાવત્કથિક જાણવા. કહ્યું છે કે-''इत्तरिय थेरकप्पे जिणकप्पे आवकहियत्ति।।''-'ઇત્વર સ્થવિરકલ્પમાં અને યાવત્કથિક જિનકલ્પમાં જાણવા,' અહીં સ્થવિરકલ્પનું ગ્રહણ (અન્ય કલ્પનું) ઉપલક્ષણ (બોધક) છે, તેથી પોતાના કલ્પને વિષે રહેનારા પણ ઇત્વર

જાણવા. તેમાં ઇત્વર પરિહારવિશુદ્ધિકને કલ્પના પ્રભાવથી દેવ, મનુષ્ય અને તિર્યંચ કૃત ઉપસર્ગો, તરત ઘાત કરનારા રોગો અને અત્યંત અસહ્ય વેદનાઓ પેદા થતી નથી. પણ યાવત્કથિકને સંભવે પણ ખરી. કેમકે તેઓ જિનકલ્પને અંગીકાર કરવાની ઇચ્છાવાળા જિનકલ્પભાવને અનુસરે છે. અને જિનકલ્પિકને ઉપસર્ગાદિ સંભવે છે. કહ્યું છે કે-''**इत्तरियाणुवसग्गा आतंका वेयणा य न हवन्ति आवकहियाण भइया०॥**''-'ઇત્વરિકને ઉપસર્ગો, રોગો અને વેદનાઓ હોતી નથી, અને યાવત્કથિકને વિકલ્પે સંભવે છે.'

જ્યાં સૂક્ષ્મ—લોભાંશના અવશેષરૂપ સંપરાય-કષાયોદય છે તે સૂક્ષ્મસંપરાય. તે બે પ્રકારે છે—વિશુદ્ધ્યમાનક અને સંક્લિશ્યમાનક. તેમાં ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિ ઉપર ચઢનારને વિશુદ્ધ્યમાનક સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે અને ઉપશમશ્રેણિથી પડનારને સંક્લિશ્યમાનક સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય છે.

અથાખ્યાત-અથશબ્દ યથાર્થ અર્થમાં છે અને આ અભિવિધિ-મર્યાદા અર્થનો સૂચક છે. એટલે યથાર્થપણે મર્યાદાપૂર્વક ખ્યાતકથિત-કહેલું કષાયના ઉદયથી રહિત ચારિત્ર તે અથાખ્યાત. એ સંબંધમાં કહ્યું છે કે-''**अहसद्दो (उ) जहत्थे आङोऽभिविहीए कहियमक्खायं चरणमकसायमुइयं तमक्खायं जहक्खायं ॥१॥**''-'અથ' યથાર્થપણે 'આ' અભિવિધિ-મર્યાદા વડે ખ્યાત કષાયના ઉદયથી રહિત ચારિત્ર તે અથાખ્યાત ચારિત્ર કહેવાય છે.' તેનું 'યથાખ્યાત' એવું બીજું નામ પણ છે. તેનો અન્વર્થ-વ્યુત્પત્તિ આ પ્રમાણે છે-યથા-જેમ સર્વ લોકમાં ખ્યાત-પ્રસિદ્ધ છે તેવા પ્રકારનું જે કષાયોના ઉદયથી રહિત ચારિત્ર તે યથાખ્યાત. તે ચારિત્ર બે પ્રકારનું છે—છાદ્મસ્થિક અને કૈવલિક. છાદ્મસ્થિક યથાખ્યાત ચારિત્ર ઉપશાન્તમોહ ગુણસ્થાનકે હોય છે. અને કૈવલિક યથાખ્યાત સયોગી અને અયોગી કેવલી ગુણસ્થાનકે હોય છે. 'સે ત્તં' ઇત્યાદિ ઉપસંહારના સમૂહનું પ્રતિપાદક સૂત્ર સુગમ છે. એમ મનુષ્યો કહ્યા.[1] ॥૭૭॥

## ।। देवजीव पण्णवणा ।।

**से किं तं देवा? देवा चउव्विहा पन्नत्ता। तं जहा—१भवणवासी, २ वाणमंतरा, ३ जोइसिया, ४ वेमाणिया। से किं तं भवणवासी? भवणवासी दसविहा पन्नत्ता। तं जहा—१असुरकुमारा, २ नागकुमारा, ३ सुवन्नकुमारा, ४ विज्जुकुमारा, ५ अग्गिकुमारा, ६ दीवकुमारा, ७ उदहिकुमारा, ८ दिसाकुमारा, ९ वाउकुमारा, १० थणियकुमारा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा—पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं भवणवासी। से किं तं वाणमंतरा? वाणमंतरा अट्ठविहा पन्नत्ता। तं जहा—१ किन्नरा, २ किंपुरिसा, ३ महोरगा, ४ गंधव्वा, ५ जक्खा, ६ रक्खसा, ७ भूया, ८ पिसाचा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा—पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं वाणमन्तरा। से किं तं जोइसिया? जोइसिया पंचविहा पन्नत्ता। तं जहा—१ चंदा, २ सूरा, ३ गहा, ४ नक्खत्ता, ५ तारा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा—पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं जोइसिया। से किं तं वेमाणिआ? वेमाणिआ दुविहा पन्नत्ता। तं जहा—कप्पोवगा य कप्पाईया य। से किं तं कप्पोवगा? कप्पोवगा बारसविहा पन्नत्ता। तं जहा—१ सोहम्मा, २ ईसाणा, ३ सणंकुमारा, ४ माहिंदा, ५ बंभलोया, ६ लंतया, ७ महासुक्का, ८ सहस्सारा, ९ आणया, १० पाणया, ११ आरणा, १२ अच्चुया। ते समासओ दुविहा पन्नत्ता, तं जहा—पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं कप्पोवगा। से किं तं कप्पाईया? कप्पाईया दुविहा पन्नत्ता। तं जहा—गेविज्जगा य अणुत्तरोववाइया य। से किं तं गेविज्जगा? गेविज्जगा नवविहा पन्नत्ता। तं जहा-हेट्ठिमहिट्ठिमगेविज्जगा, हेट्ठिममज्झिमगेविज्जगा, हेट्ठिमउवरिमगेविज्जगा, मज्झिमहेट्ठिमगेविज्जगा, मज्झिममज्झिमगेविज्जगा, मज्झिमउवरिमगेविज्जगा,**

१. મનુષ્યોની ચૌદ લાખ યોનિ હોય છે. અને બાર લાખ ક્રોડ જાતિ કુલો છે.

उवरिमहेट्ठिमगेविज्जगा, उवरिममज्झिमगेविज्जगा, उवरिमउवरिमगेविज्जगा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा—पज्जत्तगा य अपज्जत्तगा य। से त्तं गेविज्जगा। से किं तं अणुत्तरोववाइया? अणुत्तरोववाइया पंचविहा पन्नत्ता, तं जहा—१ विजया, २ वेजयन्ता, ३ जयन्ता, ४ अपराजिता, ५ सव्वट्ठसिद्धा। ते समासओ दुविहा पन्नत्ता। तं जहा—पज्जत्तगा य अज्जत्तगा य। से त्तं अणुत्तरोववाइआ। से त्तं कप्पाईया। से त्तं वेमाणिया। से त्तं देवा। से त्तं पंचिंदिया। से त्तं संसारसमावन्न-जीवपन्नवणा। से त्तं जीवपन्नवणा। से त्तं पन्नवणा।।सू०-७८।।

पन्नवणाए भगवईए पढमपयं सम्मत्तं।

*(મૂ૦) દેવો કેટલા પ્રકારના છે? દેવો ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ ભવનવાસી, ૨ વાનમંતર, ૩ જ્યોતિષિક અને ૪ વૈમાનિક. ભવનવાસી દેવો કેટલા પ્રકારના છે? ભવનવાસી દેવો દસ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુત્કુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશાકુમાર, ૯ વાયુકુમાર અને ૧૦ સ્તનિતકુમાર. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ ભવનવાસી દેવો કહ્યા. વાનમંતર (વ્યંતર) દેવો કેટલા પ્રકારના છે? વાનમંતર (વ્યંતર) દેવો આઠ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ કિન્નર, ૨ કિંપુરુષ, ૩ મહોરગ, ૪ ગાંધર્વ, ૫ યક્ષ, ૬ રાક્ષસ, ૭ ભૂત અને ૮ પિશાચ. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ વાનવ્યંતર દેવો કહ્યા. જ્યોતિષિક દેવો કેટલા પ્રકારના કહ્યા છે? જ્યોતિષિકો પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર અને ૫ તારા. તે સંક્ષેપથી બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ જ્યોતિષિક દેવો કહ્યા. વૈમાનિક દેવો કેટલા પ્રકારના છે? વૈમાનિક દેવો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—કલ્પોપગ અથવા કલ્પોપપન્ન અને કલ્પાતીત. કલ્પોપગ દેવો કેટલા પ્રકારના છે? કલ્પોપગ દેવો બાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ સૌધર્મ, ૨ ઈશાન, ૩ સનત્કુમાર, ૪ માહેન્દ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્રાર, ૯ આનત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ અને ૧૨ અચ્યુત. તે સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે—પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ કલ્પોપગ દેવો કહ્યા. કલ્પાતીત દેવો કેટલા પ્રકારના છે? કલ્પાતીત દેવો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક. ગ્રૈવેયક દેવો કેટલા પ્રકારના છે? તે નવ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ નીચેની ત્રિકના નીચેના ગ્રૈવેયકો, ૨ નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો, ૩ નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયકો, ૪ મધ્યમ ત્રિકના નીચેના ગ્રૈવેયકો, ૫ મધ્યમ ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો, ૬ મધ્યમ ત્રિકના ઉપરના ગ્રૈવેયકો, ૭ ઉપરની ત્રિકના નીચેના ગ્રૈવેયકો, ૮ ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકો, ૯ ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયકો. તે સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે––પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ ગ્રૈવેયક દેવો કહ્યા. અનુત્તરૌપપાતિક દેવો કેટલા પ્રકારના કહ્યા છે? અનુત્તરૌપપાતિક દેવો પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વિજય, ૨ વૈજયન્ત, ૩ જયન્ત, ૪ અપરાજિત અને ૫ સર્વાર્થસિદ્ધ. તે સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે—પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ અનુત્તરૌપપાતિક દેવો કહ્યા. એ પ્રમાણે કલ્પાતીત દેવો, વૈમાનિક દેવો, અને પંચેન્દ્રિયો કહ્યા. અને એમ સંસારી જીવપ્રજ્ઞાપના, જીવપ્રજ્ઞાપના અને પ્રજ્ઞાપના કહી. ॥૭૮॥*

*ભગવતી પ્રજ્ઞાપનાના અનુવાદમાં પ્રથમ પદ સમાપ્ત.*

(ટી૦) હવે દેવોનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—દેવો કેટલા પ્રકારના છે? આચાર્ય ઉત્તર આપે છે—દેવો ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—૧ ભવનવાસી, ૨ વ્યન્તર, ૩ જ્યોતિષ્ક અને ૪ વૈમાનિક. તેમાં જે ભવનમાં વસવાના સ્વભાવવાળા છે તેઓ ભવનવાસી કહેવાય છે. આ વ્યુત્પત્તિ બહુધા નાગકુમારાદિ દેવોની અપેક્ષાએ જાણવી. કારણ કે તે દેવો

પ્રાયઃ ભવનોમાં વસે છે અને કદાચિત્ આવાસોમાં પણ વસે છે. અને અસુરકુમારો વિશેષતઃ આવાસોમાં વસે છે અને કદાચિત્ ભવનોમાં વસે છે. પ્ર૦-ભવન અને આવાસમાં શો ભેદ છે? ઉ૦-ભવનો બહારના ભાગમાં ગોળ છે, અંદર ચાર ખુણાવાળાં છે અને નીચેના ભાગમાં કમળની કર્ણિકાના જેવાં છે. આવાસો શરીરના પ્રમાણવાળા, મોટા મંડપવાળા અને વિવિધ પ્રકારના મણિ અને રત્નના દીવા વડે દિશાઓના સમુદાયને પ્રકાશિત કરનારા છે. વ્યન્તર—અન્તર-અવકાશ, તે અહીં આશ્રયરૂપ જાણવો. વિવિધ પ્રકારના વન નગર અને આવાસ રૂપ અન્તર-આશ્રય જેઓને છે તે વ્યન્તર કહેવાય છે. તેમાં રત્નપ્રભા પૃથિવીના પહેલા રત્નકાંડને વિષે ઉપર અને નીચે સો સો યોજન છોડીને બાકીના આઠસો યોજન પ્રમાણ મધ્ય ભાગમાં ભવનો હોય છે. અને નગરો તિર્યગ્ લોકમાં હોય છે. જેમકે તિર્યગ્લોકમાં જંબૂદ્વીપના દ્વારના અધિપતિ વિજય દેવની બીજા જંબૂદ્વીપમાં બાર હજાર યોજન પ્રમાણ નગરી છે. અને આવાસો ત્રણે લોકમાં હોય છે. જેમકે ઊર્ધ્વ લોકને વિષે પંડક વનાદિમાં આવાસો હોય છે. અથવા '**विगतमन्तरं मनुष्येभ्यो येषां ते व्यन्तराः**' જેઓનું મનુષ્યોથી અન્તર ગયું છે તે વ્યન્તરો કહેવાય છે. તે આ પ્રમાણે—કેટલાક વ્યન્તરો ચક્રવર્તી-વાસુદેવ પ્રમુખ મનુષ્યોની ચાકરની પેઠે સેવા કરે છે. માટે મનુષ્યોથી તેઓનું અન્તર નથી. અથવા '**विविधमन्तरमाश्रयरूपं येषां ते व्यन्तराः**' પર્વતની અંદર, ગુફાની અંદર કે વનની અંદર વિવિધ પ્રકારના આશ્રયરૂપ અન્તર જેઓને છે તે વ્યન્તર. પ્રાકૃત હોવાથી 'વાણમન્તર' એવો સૂત્રમાં પાઠ છે. અથવા 'વાનમન્તર' એ પદનો સંસ્કાર કરવો. તેની આ પ્રમાણે વ્યુત્પત્તિ થાય છે,—'**वनानामन्तराणि वनान्तराणि, तेषु भवा वानमन्तराः**' વનના અન્તરોમાં રહેલા વાનમન્તરો કહેવાય છે. પૃષોદરાદિમાં હોવાથી બન્ને પદની વચ્ચે મકાર આવેલો છે. દ્યોતયન્તિ-જે જગતને પ્રકાશિત કરે તે જ્યોતિષ્વિમાનો, તેમાં ઉત્પન્ન થયેલા જ્યોતિષ્કો કહેવાય છે. અથવા મસ્તક ઉપરના મુકુટમાં પ્રકાશના મંડલના સમાન સૂર્યાદિ મંડલ વડે 'દ્યોતયન્તિ' પ્રકાશિત કરે તે જ્યોતિષ્—સૂર્યાદિ દેવો કહેવાય છે. તે આ પ્રમાણે—સૂર્યને મુકુટના અગ્રભાગમાં સૂર્યાકાર, ચન્દ્રને ચન્દ્રાકાર, ગ્રહને ગ્રહાકાર, નક્ષત્રને નક્ષત્રાકાર અને તારાને તારાના આકારનું ચિહ્ન છે, અને તે વડે પ્રકાશિત કરે છે તત્ત્વાર્થ ભાષ્યકાર કહે છે કે—"જે '**द्योतयन्ति**' પ્રકાશિત કરે તે જ્યોતિષ્-વિમાનો, તેમાં ઉત્પન્ન થયેલા જ્યોતિષ્કો. અથવા જ્યોતિષ્-દેવો, અને તેજ જ્યોતિષ્કો. અહીં સ્વાર્થમાં 'ક' પ્રત્યય થયો છે. મુકુટના જેવા, મસ્તક ઉપરના મુકુટમાં રહેલા, પોત પોતાના ચિહ્નરૂપ ઉજ્જ્વલ પ્રભામંડલ સમાન સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાના મંડલ વડે સુશોભિતકાન્તિવાળા જ્યોતિષ્ક દેવો હોય છે." '**विविधं मान्यन्ते**' પુણ્યવાળા જીવો વડે જેનો વિવિધ રીતે ઉપભોગ કરાય તે વિમાનો, તેમાં ઉત્પન્ન થયેલા તે વૈમાનિકો. હવે એ દેવોના અનુક્રમે ભેદો કહે છે—

'ભવનવાસી દેવો કેટલા પ્રકારના છે' ઇત્યાદિ. અસુરકુમાર, નાગકુમાર વગેરે ભવનવાસી જાણવા. શા માટે તેઓ કુમાર કહેવાય છે? કુમારની પેઠે ચેષ્ટા કરે છે માટે કુમાર કહેવાય છે તે આ પ્રમાણે કુમારની પેઠે સુકુમાર, મૃદુકુમાર અને સુંદર ગતિવાળા, શૃંગારના અભિપ્રાયથી વિશિષ્ટ અને વિશિષ્ટતર ઉત્તર વૈક્રિય કરવાવાળા, કુમારની પેઠે ઉદ્ધત રૂપ, વેષ, ભાષા, આભરણ, શસ્ત્ર, વસ્ત્ર, શિબિકાદિ યાન અને વાહન જેઓને છે એવા, ઉત્કટ રાગવાળા, અને ક્રીડામાં તત્પર હોય છે માટે કુમારના જેવા હોવાથી તેઓ કુમાર કહેવાય છે.

[વાનવ્યંતર જે આઠ પ્રકારના છે તેનું સ્વરૂપ પ્રતિપાદિત કરે છે.] 'કિંનરો' ઇત્યાદિ.

(૧) કિન્નરો દસ પ્રકારના છે—૧ કિન્નર, ૨ કિંપુરુષ, ૩ કિંપુરુષોત્તમ, ૪ કિન્નરોત્તમ, ૫ હૃદયંગમ, ૬ રૂપશાલી, ૭ અનિન્દિત, ૮ મનોરમ, ૯ રતિપ્રિય અને ૧૦ રતિશ્રેષ્ઠ.

(૨) કિંપુરુષો દસ પ્રકારના છે.—૧ પુરુષ, ૨ સત્પુરુષ, ૩ મહાપુરુષ, ૪ પુરુષવૃષભ, ૫ પુરુષોત્તમ, ૬ અતિપુરુષ, ૭ મહાદેવ, ૮ મરુત, ૯ મેરુપ્રભ અને ૧૦ યશસ્વાન્.

(૩) મહોરગ દસ પ્રકારના છે.—૧ ભુજંગ, ૨ ભોગશાલી, ૩ મહાકાય, ૪ અતિકાય, ૫ સ્કન્ધશાલી, ૬ મનોરમ, ૭ મહાવેગ, ૮ મહાયક્ષ, ૯ મેરુકાન્ત અને ૧૦ ભાસ્વાન્.

(૪) ગન્ધર્વો બાર પ્રકારના છે.—૧ હાહા, ૨ હૂહૂ, ૩ તુંબરુ, ૪ નારદ, ૫ ઋષિવાદિક, ૬ ભૂતવાદિક, ૭ કાદંબ, ૮ મહાકાદંબ, ૯ રૈવત, ૧૦ વિશ્વાવસુ, ૧૧ ગીતરતિ અને ૧૨ ગીયયશ.

(૫) યક્ષો તેર પ્રકારના છે.—૧ પૂર્ણભદ્ર, ૨ મણિભદ્ર, ૩ શ્વેતભદ્ર, ૪ હરિતભદ્ર, ૫ સુમનોભદ્ર, ૬ વ્યતિપાતિકભદ્ર, ૭ સુભદ્ર, ૮ સર્વતોભદ્ર, ૯ મનુષ્યપક્ષ, ૧૦ વનાધિપતિ, ૧૧ વનાહાર, ૧૨ રૂપયક્ષ અને ૧૩ યક્ષોત્તમ.

(૬) રાક્ષસો સાત પ્રકારના છે.—૧ ભીમ, ૨ મહાભીમ, ૩ વિઘ્ન, ૪ વિનાયક, ૫ જલરાક્ષસ, ૬ રાક્ષસરાક્ષસ અને ૭ બ્રહ્મરાક્ષસ.

(૭) ભૂતો નવ પ્રકારના છે.—૧ સુરૂપ, ૨ પ્રતિરૂપ, ૩ અતિરૂપ, ૪ ભૂતોત્તમ, ૫ સ્કન્દ, ૬ મહાસ્કન્દ, ૭ મહાવેગ, ૮ પ્રતિચ્છન્ન અને ૯ આકાશગ.

(૮) પિશાચો સોળ પ્રકારના છે.—૧ કૂષ્માંડ, ૨ પટક, ૩ સુજોષા[1], ૪ આહ્નિક, ૫ કાલ, ૬ મહાકાલ, ૭ ચોક્ષ, ૮ અચોક્ષ, ૯ તાલપિશાચ, ૧૦ મુખરપિશાચ, ૧૧ અધસ્તારક, ૧૨ દેહ, ૧૩ વિદેહ, ૧૪ મહાવિદેહ, ૧૫ તૂષ્ણિક અને ૧૬ વનપિશાચ.

**'कल्पोपगाः कल्पातीताः'** ઇતિ. કલ્પ–આચાર, તે અહીં ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશાદિના વ્યવહારરૂપ જાણવો. તે આચારને ઉપગ પ્રાપ્ત થયેલા તે કલ્પોપગ કહેવાય છે. તે સૌધર્મ, ઈશાનાદિ દેવલોકનિવાસી જાણવા. યથોક્ત આચાર રૂપ કલ્પને અતીત–અતિક્રાન્ત થયેલા તે કલ્પાતીત. તે અધસ્તન ગ્રૈવેયકાદિ જાણવા. તે બધા અહમિન્દ્રો હોવાથી કલ્પાતીત કહેવાય છે. હવે કલ્પોપ્રગ દેવો બતાવે છે—**'सौधर्मा ईशाना'** ઇત્યાદિ. સૌધર્મ દેવલોકનિવાસી સૌધર્મ દેવો, ઈશાન દેવલોકનિવાસી ઈશાન દેવો કહેવાય છે. એ પ્રમાણે બધે ય વિચાર કરવો. કેમકે **'तात्स्थ्यात् तद्व्यपदेशः'** તેને વિષે રહેવાથી તેનો વ્યવહાર થાય છે, જેમકે પંચાલદેશ નિવાસી 'પંચાલ' કહેવાય છે.[2]

આચાર્યશ્રીમલયગિરિવિરચિત પ્રજ્ઞાપનાટીકામાં પ્રથમ પ્રજ્ઞાપના પદનો અનુવાદ સમાપ્ત.

- *તેં જ્યારે રજોહરણ લઈને પહેલો શ્વાસ લીધો ત્યારે તારા ગુરુ પાસે હતા. હવે ગુરુ છેલ્લો શ્વાસ લે ત્યારે તું એમની પાસે રહેજે.*
- *સમયની વ્યવસ્થિત વહેંચણી તે વિજયની મોટી ચાવી છે.*
- *જે દિવસે ગુરુ તમારી પાસે રડે છે ત્યારે તમારો કરેલો ધર્મ ગુરુના એ આંસુમાં વહી જાય છે.*
- *વહેમના વમળમાં જિંદગીની નાવ ઝોલે ચઢી હોય તો તરત જ ખુલાસાનું હલેસું લેજો.*
- *ધન અને ક્ષણ બેમાં કિંમતી કોણ? કરોડોનું ધન ક્યારેક પાછું આવે, વીતેલી ક્ષણ ક્યારેય નહીં.*
- *સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે.*
- *પળ એ અમૂલ્ય ચીજ છે. ચક્રવર્તી પણ એક પળ પામવા આખી રિદ્ધિ આપે તો પણ તે પામનાર નથી. એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું એમ તત્ત્વની દૃષ્ટિએ સિદ્ધિ છે!*
- *જ્ઞાની પુરુષોએ દયા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય, પરિગ્રહપરિમાણ વગેરે સદાચાર કહેલા છે. જ્ઞાનીઓએ જે સદાચારો સેવવા કહેલ છે તે યથાર્થ છે; સેવવા યોગ્ય છે.*
- *રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો; દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો.*

૧. 'જાષા' શાં. સા.; ૨. દેવોની ચાર લાખ યોનિ અને છવ્વીસ લાખ ક્રોડ જાતિ કુલો છે.

## बीयठाणपयं। ।। पुढवीकायठाणाइं।।

**कहि णं भंते? बादरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सट्ठाणेणं अट्ठसु पुढवीसु, तं जहा-१ रयणप्पभाए, सक्करप्पभाए, ३वालुयप्पभाए, ४ पंकप्पभाए, ५ धूमप्पभाए, ६ तमप्पभाए, ७ तमतमप्पभाए, ई(इ)सीप्पब्भाराए; अहोलोए पायालेसु, भवणेसु, भवणपत्थडेसु, निरएसु, निरयावलियासु, निरयपत्थडेसु; उड्ढलोए कप्पेसु, विमाणेसु, विमाणावलियासु, विमाणपत्थडेसु, तिरियलोए, टंकेसु, कूडेसु, सेलेसु, सिहरीसु, पब्भारेसु, विजएसु, वक्खारेसु, वासेसु, वासहरपव्वएसु, वेलासु, वेइयासु, दारेसु, तोरणेसु, दीवेसु, समुद्देसु, एत्थ णं बायरपुढवीकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।।सू.-१।।७९।।**

### ૨ સ્થાનપદ

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્થાનો ક્યાં કહ્યાં છે? હે ગૌતમ! સ્વસ્થાનને-પોતાને રહેવાના સ્થાનને આશ્રયી આઠે પૃથિવીઓમાં હોય છે. તે આ પ્રમાણે—૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫. ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા, ૭ તમઃતમઃપ્રભા, અને ૮ ઈષત્પ્રાગ્ભારા-સિદ્ધશિલામાં છે, અધોલોકમાં, પાતાલકલશો, ભવનો, ભવનપ્રસ્તટો, નરકો, નરકાવલિઓ અને નરકપ્રસ્તટોમાં હોય છે. ઊર્ધ્વલોકમાં કલ્પો, વિમાનો, વિમાનાવલિકાઓ અને વિમાનપ્રસ્તટોમાં હોય છે. તિર્યગ્લોકમાં ટંકો, કૂટો, શૈલો-પર્વતો, શિખરી-શિખરયુક્ત પર્વતો, પ્રાગ્ભારો-કંઈક નીચા પર્વતો, વિજયો, વક્ષસ્કારો, વર્ષક્ષેત્રો, વર્ષધર પર્વતો, વેલાઓ, વેદિકાઓ, દ્વારો, તોરણો, દ્વીપો અને સમુદ્રોમાં, અહીં પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત-ઉત્પત્તિને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. ॥૧॥૭૯॥*

### ૨ સ્થાનપદ

(ટી૦) એમ પ્રથમ પદની વ્યાખ્યા કરી, હવે બીજા પદનો પ્રારંભ કરીએ છીએ. તેનો આ પ્રમાણે સંબંધ છે. પ્રથમ પદમાં પૃથિવીકાયાદિક જીવોની પ્રરૂપણા કરી અને અહીં તેઓના સ્થાનાદિની પ્રરૂપણા કરે છે. તેનું આ પ્રથમ સૂત્ર છે. 'ભદન્ત' એ પરમ ગુરુ તીર્થંકરનું સંબોધન છે. 'હે ભદન્ત! પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્વસ્થાન વગેરે ક્યાં કહેલાં છે'? એમ ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ વર્ધમાન સ્વામી 'હે ગૌતમ' એમ ગૌતમ સ્વામીને સંબોધી ઉત્તર આપે છે—'સટ્ઠાણેણં' ઇત્યાદિ. જેનું કુશલનું મૂળ ઉપચિત-વૃદ્ધિ પામ્યું છે એવા ભગવાન્ ગૌતમ પણ ગણધર છે અને તીર્થંકરે કહેલા "ઉપ્પન્ને વા વિગમે વા ધુવે વા" (કથંચિત્ ઉત્પન્ન થાય છે, કથંચિત્ નાશ પામે છે અને કથંચિત્ ધ્રુવ-નિત્ય છે) એ માતૃકાપદ—વર્ણાક્ષરોના માત્ર શ્રવણથી જેમને અત્યંત શ્રુતજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થયો છે એવા, ચૌદ પૂર્વને ધારણ કરનારા અને સર્વાક્ષરોના સંનિપાત—સંયોગને જાણનારા છે, તેથી વિવક્ષિત પૂછવા યોગ્ય અર્થના જ્ઞાનસહિત છે, તો શા માટે પૂછે છે? કેમકે ચતુર્દશ પૂર્વધર અને સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિવાળાને પ્રજ્ઞાપનીય કહેવા યોગ્ય કોઈપણ વસ્તુ અવિદિત નથી. કહ્યું છે કે-"**संखाइए वि भवे साहइ जं वा परोउ पुच्छेज्जा। न य णं अणाइसेसी वियाणई एस छउमत्थो ॥१॥**"-"જો પર પૂછે તો (વિશિષ્ટ જ્ઞાની છદ્મસ્થ) અસંખ્ય ભવોને પણ કહે, પરન્તુ સાતિશય વિશિષ્ટ જ્ઞાન રહિત છદ્મસ્થ તેને જાણતો નથી". તો વિશિષ્ટ શ્રુતજ્ઞાની ભગવાન્ ગૌતમ શા માટે પ્રશ્ન કરે છે? (ઉ૦) તમારું કથન બરોબર છે. (૧) પરન્તુ કેવળ જાણવા છતાં ભગવાન્ ગૌતમ સ્વામી પૂર્વે અન્ય સમયે શિષ્યોને કહેલ અર્થની ફરીથી તેમ પ્રતીતિ કરાવવા માટે વિવક્ષિત અર્થ પૂછે છે. (૨) અથવા પ્રાયઃ સૂત્રોની રચના સર્વત્ર ગણધરના પ્રશ્ન અને તીર્થંકરના ઉત્તરરૂપ છે, માટે ભગવાન્ આર્યશ્યામાચાર્ય પણ એ પ્રમાણે પ્રશ્ન

અને ઉત્તરરૂપ સૂત્રની રચના કરે છે. (૩) અથવા ગણધર ગૌતમસ્વામીને છદ્મસ્થ હોવાથી અનાભોગ (અનુપયોગ) નો સંભવ છે. કહ્યું છે કે–''न हि नामानाभोगश्छद्मस्थस्येह कस्यचिद् नास्ति। ज्ञानावरणियं हि ज्ञानावरणप्रकृति कर्म ॥१॥''– ''અહીં કોઈ છદ્મસ્થને અનાભોગ ન હોય એમ નથી, કેમકે તેને જ્ઞાનને આવરવાના સ્વભાવવાળું જ્ઞાનાવરણીય કર્મ હોય છે.'' માટે ગૌતમસ્વામીને સંશય ઉત્પન્ન થયો હોવાથી પૂછે છે, તેથી કોઇપણ પ્રકારનો દોષ–વિરોધ નથી. 'ગૌતમ' એ લોકપ્રસિદ્ધ મહાવિશિષ્ટ ગોત્રનો પ્રતિપાદક આમન્ત્રણ શબ્દ છે. 'હે ગૌતમગોત્રવાળા' એ તેનો ભાવાર્થ છે. સ્વસ્થાનને આશ્રયી, જ્યાં પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો રહે છે, અને જ્યાં રહીને તેનો વર્ણાદિના વિભાગ વડે વ્યવહાર કરી શકાય છે એટલે અમુક વર્ણાદિવાળા છે એમ કહી શકાય છે તે સ્વસ્થાન કહેવાય છે. સ્વસ્થાનનું ગ્રહણ ઉપપાત અને સમુદ્ઘાતના સ્થાનનું જુદાપણું બતાવવા માટે છે, તેથી સ્વસ્થાનને આશ્રયી આઠે પૃથિવીઓમાં બધે ય પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્થાનો છે. તે આઠે પૃથિવીઓના નામનો ઉચ્ચાર કરીને કહે છે–'तं जहा' ઇત્યાદિ. રત્નપ્રભામાં અને યાવત્ આઠમી ઇષત્પ્રાગ્ભારા–સિદ્ધશિલા પૃથિવીમાં તથા અધોલોકમાં વડવામુખ વગેરે પાતાલકલશોમાં, ભવનપતિનિકાયના આવાસરૂપ ભવનોમાં, ભવનની ભૂમિરૂપ ભવનપ્રસ્તટોમાં, અહીં ભવનના ગ્રહણથી કેવળ ભવનોનું ગ્રહણ કરવું, અને ભવનોના પ્રસ્તટોના ગ્રહણથી ભવનોની વચ્ચે રહેલી ભૂમિકાનું ગ્રહણ કરવું તથા નરકોમાં એટલે છૂટા છૂટા નરકાવાસોમાં, નરકાવલિઓમાં–આવલીકાબદ્ધ નરકાવાસોમાં, નરકની ભૂમિરૂપ નરક પ્રસ્તટોમાં, અહીં પણ નરક અને નરકાવલીના ગ્રહણથી કેવળ નરકાવાસોનું જ ગ્રહણ કરવું અને નરક પ્રસ્તટના ગ્રહણથી નરકની વચ્ચે રહેલી ભૂમિકા ગ્રહણ કરવી. ઊર્ધ્વલોકમાં કલ્પોમાં–સૌધર્માદિ બાર દેવલોકોમાં, વિમાનોમાં–છૂટા છૂટા ગ્રૈવેયક સંબંધી વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં–આવલિકાબદ્ધ ગ્રૈવેયકાદિ વિમાનોમાં, વિમાનની ભૂમિકારૂપ વિમાનના પ્રસ્તટોમાં, અહીં પણ પ્રસ્તટનું ગ્રહણ વિમાનની વચ્ચેના ભાગમાં યથાસંભવ રહેવાવાળા પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્થાનના ગ્રહણ માટે છે. તેમજ તીરછા લોકમાં ટંકોમાં–ટુંકોમાં, છિન્ન ટંકોમાં, સિદ્ધાયતન પ્રમુખ કૂટોમાં, શૈલોમાં–શિખરરહિત પર્વતોમાં, શિખરીઓમાં–શિખરયુક્ત પર્વતોમાં, પ્રાગ્ભારોમાં–કંઇક નીચા પર્વતોમાં, કચ્છાદિ વિજયોમાં, વિદ્યુત્પ્રભાદિ વક્ષસ્કાર પર્વતોમાં, ભરતાદિ વાસક્ષેત્રોમાં, વર્ષધરોમાં–હિમવત્ વગેરે પર્વતોમાં, વેલાઓમાં–સમુદ્રાદિના પાણીની રમણભૂમિમાં, ભરતી વગેરેના પાણીની ભૂમિમાં, જંબૂદ્વીપની જગતી આદિની વેદિકાઓમાં, વિજયાદિ દ્વારોમાં, અને દ્વારાદિ સંબંધી તોરણોમાં, બહુ શું કહેવું, પણ બધા દ્વીપો અને સમુદ્રોમાં, એ બધા સ્થળે પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના સ્થાનો મેં તેમજ બીજા તીર્થંકરોએ કહેલાં છે. 'उववाएणं' ઇત્યાદિ. ઉપપાત–ઉત્પત્તિ, પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોના જે હમણાં જ સ્થાનો કહ્યાં તે સ્થાનપ્રાપ્તિને અભિમુખ હોય પણ ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલાં ન હોય એ ભાવાર્થ છે. તે ઉપપાતને આશ્રયી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો ચૌદ રજ્જુપ્રમાણ આ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. અહિં કોઇ આચાર્યો આ સૂત્રની એવી વ્યાખ્યા કરે છે—''ૠજુસૂત્ર નય વિચિત્ર છે, તેથી જ્યારે સ્થૂલ ૠજુસૂત્ર નયની દૃષ્ટિથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોનો વિચાર કરીએ ત્યારે જેઓ ઉત્પત્તિ સ્થાને આવી આહારાદિ પર્યાપ્તિઓ પૂર્ણ કરી વિશિષ્ટ વિપાકથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકનું આયુષ્ય અનુભવે છે તે જ ગ્રહણ કરવા, પરન્તુ અન્તરાલ ગતિમાં વર્તતા હોય તે ન લેવા. કારણ કે તેઓ તે વખતે વિશિષ્ટ વિપાકયુક્ત આયુષ્યનો અનુભવ કરતા નથી. માટે તેઓનું સ્વસ્થાન રત્નપ્રભા વગેરે બધા મળીને પણ લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે માટે ઉપપાતને આશ્રયી પણ લોકનો અસંખ્યાતમો ભાગ જાણવો.'' બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે—''પર્યાપ્ત બાદરપૃથિવીકાયિકો બીજા બધાથી થોડા છે, તેથી અન્તરાલ ગતિમાં વર્તતા હોય તેને પણ ગ્રહણ કરતાં તેઓ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે માટે એમાં કોઇ પણ દોષ નથી. તથા સમુદ્ઘાતને આશ્રયી પણ લોકના અસંખ્યાતમા ભાગમાં વર્તે છે. એમ સૂત્રકાર કહેશે. એમ નહિ માનો તો સમુદ્ઘાતની અવસ્થામાં સ્વસ્થાન સિવાય બીજા ક્ષેત્રમાં રહેવાનો સંભવ હોવાથી સમુદ્ઘાતને આશ્રયી લોકનો અસંખ્યાતમો ભાગ ઘટી શકશે નહીં.'' અહીં તત્ત્વ શું છે

તે કેવલજ્ઞાની કે વિશિષ્ટ શ્રુતજ્ઞાની ગમ્ય છે.

તાત્પર્ય એ છે કે પર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો થોડા છે અને તેથી તેઓ અપાન્તરાલ ગતિમાં વર્તતા હોય તેને પણ ગ્રહણ કરતા ઉપપાતને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે, જો ઘણા હોય તો સમુદ્ઘાતને આશ્રયી બીજા ક્ષેત્રમાં રહેવાનો સંભવ હોવાથી સૂત્રોક્ત લોકનો અસંખ્યાતમો ભાગ ઘટી શકશે નહિ. માટે ઉપપાતને આશ્રયી અપાન્તરાલ ગતિમાં વર્તતા હોય તેને પણ ગ્રહણ કરવા. **'समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे.'** સમુદ્ઘાતને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં વર્તે છે. અહીં આ ભાવાર્થ છે—**જ્યારે સોપક્રમાયુષ્યવાળા કે નિરુપક્રમઆયુષ્યવાળા પર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ આદિ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધીને મારણાન્તિક સમુદ્ઘાત કરે છે અને ઉત્પત્તિ સ્થાન પર્યન્ત આત્મપ્રદેશોનો દંડ વિસ્તારવા છતાં પણ થોડા હોવાથી લોકના અસંખ્યાતમા ભાગે રહે છે**, અને પર્યાપ્તા બાદર પૃથિવીકાયિકનું આયુષ્ય હજી સુધી સમુદ્ઘાતાવસ્થામાં પણ ક્ષીણ થયું નથી માટે તેઓ પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો પણ કહેવાય છે.

અહીં પૂર્વે પૃથિવ્યાદિને વિષે બાદર પર્યાપ્તા પૃથિવીકાયિકોનું સ્વસ્થાન માત્ર કહ્યું, હવે **'स्वस्थानेन'** સ્વસ્થાનની અપેક્ષાએ લોકના કેટલા ભાગમાં રહે છે? તે બતાવે છે—**'सट्ठाणेणं लोगस्स असंखिज्जभागे.'** સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં વર્તે છે. સ્વસ્થાન રત્નપ્રભા વગેરે છે, તે બધાં મળવા છતાં પણ લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે. તે આ પ્રમાણે—રત્નપ્રભા પૃથિવીનો પિંડ એક લાખ અને એંશી હજાર યોજન પ્રમાણ છે. એ પ્રમાણે બાકીની પૃથિવીઓ પોતપોતાની જાડાઇ વડે કહેવી. **પાતાલકલશો પણ લાખ યોજન પ્રમાણ ઉંચા છે. નરકાવાસો પણ ત્રણ હજાર યોજન ઉંચા છે. વિમાનો પણ બત્રીસો યોજન પ્રમાણ ઉંચા છે.** માટે એ બધાં મળવા છતાં પણ પરિમિત હોવાથી લોકના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. ॥૧॥૭૯॥

**कहि णं भंते! बादरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! जत्थेव बादरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता तत्थेव बादरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता। तं जहा-उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-२।।८०।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! જ્યાં પર્યાપ્તા બાદર પૃથિવીકાયિકોના સ્થાનો છે, ત્યાં જ અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોનાં સ્થાનો છે. ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ્ઘાતવડે સર્વલોકમાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ॥૨॥૮૦॥*

(ટી૦) બાદર અપર્યાપ્તા પૃથિવીકાયિકના સૂત્રમાં **'उववाएणं सव्वलोए समुग्घाएणं सव्वलोए'**-ઉપપાત વડે સર્વલોકમાં અને સમુદ્ઘાત વડે સર્વલોકમાં હોય છે. અહીં અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અન્તરાલ ગતિમાં પણ અને સ્વસ્થાનમાં પણ અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકનું આયુષ્ય વિશિષ્ટ વિપાકથી વેદે છે અને દેવો અને નારકો સિવાય બાકીની બધી કાયથી આવીને ઉત્પન્ન થાય છે. અને મરીને પણ દેવ અને નારક સિવાય બાકીના બધા સ્થાનોમાં જાય છે. માટે અન્તરાલ ગતિમાં પણ વર્તતા અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો ગ્રહણ કરવા, વળી તેઓ સ્વભાવથી પણ ઘણા છે, માટે ઉપપાત અને સમુદ્ઘાત વડે સર્વલોકવ્યાપી હોય છે. અન્ય આચાર્ય કહે છે કે—તેઓ સ્વભાવથી જ ઘણા છે. તેથી ઉપપાત અને સમુદ્ઘાત વડે સર્વલોકવ્યાપી છે. તેમાં કેટલાકનો ઉપપાત ઋજુગતિથી અને કેટલાકનો ઉપપાત વક્રગતિથી થાય છે, ઋજુગતિ સુપ્રસિદ્ધ છે. અહીં જ્યારે કેટલાએક જીવો પ્રથમ વક્રગતિને સંહરે છે ત્યારે બીજા જીવો તે વક્રગતિના દેશને પૂર્ણ કરે છે, એમ બીજી વક્રગતિના દેશનું સંહરણ થતાં પણ અન્ય વક્રગતિની ઉત્પત્તિ થાય છે, એ રીતે પ્રવાહથી વક્રગતિના સંહરણ અને તેની પૂર્તિમાં નિરન્તર લોક વ્યાપ્ત થાય છે. **'सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे.'** સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. જેમ

પર્યાપ્તાનો વિચાર કર્યો છે તેમ અપર્યાપ્તાનો પણ વિચાર જાણવો. કેમકે પર્યાપ્તાને આશ્રયી અપર્યાપ્તા ઉપજે છે. ।।૨।।

**कहि णं भंते! सुहुमपुढविकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाण य ठाणा पन्नत्ता? गोयमा! सुहुमपुढविकाइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोयपरियावन्नगा पन्नत्ता समणाउसो! ।।सू०-३।।८१।।**

(મૂ૦) *હે ભગવન્! પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોના અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! સૂક્ષ્મ પૃથિવીકાયિકો જે પર્યાપ્તા અને અપર્યાપ્તા છે તે બધા હે આયુષ્માન્ શ્રમણ! એક પ્રકારના, વિશેષતા રહિત, ભિન્નતા રહિત અને સર્વ લોકમાં વ્યાપ્ત છે. ।।૩।।૮૧।।*

(ટી૦) સૂક્ષ્મ પૃથિવીકાયિક પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂત્રમાં જે પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો છે તે બધા એક પ્રકારના છે, કારણ કે પૂર્વે કરેલા સ્વસ્થાનાદિ વિચારને આશ્રયી તેમાં ભેદ નથી. એટલે તેઓમાં ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનોનો ભેદ નથી. '**अविशेषाः**' વિશેષતા રહિત એટલે જેવા પર્યાપ્તા છે તેવા બીજા અપર્યાપ્તા પણ જાણવા. '**अनानात्वाः**' ભિન્નતા રહિત છે, એટલે દેશના ભેદથી તેઓનો ભેદ નથી. તાત્પર્ય એ છે કે જે આધારભૂત આકાશ પ્રદેશોમાં આ પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો છે, તેજ આકાશ પ્રદેશોમાં અપર્યાપ્તા પણ છે. વળી '**सर्वलोकपर्यापन्नाः**' ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે સર્વલોકવ્યાપી છે–એમ મેં તથા અન્ય ઋષભાદિ તીર્થંકરોએ કહેલું છે. આથી આગમનું કથંચિત્ (અર્થની અપેક્ષાએ) નિત્યપણું જણાવ્યું. ।।૩।।૮૧।।

## ।। आउक्कायठाणाइं ।।

**कहि णं भंते! बादरआउक्काइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सट्ठाणेणं सत्तसु घणोदहीसु, सत्तसु घणोदहिवलएसु, अहोलोए पायालेसु, भवणेसु, भवणपत्थडेसु, उड्ढलोए कप्पेसु, विमाणेसु, विमाणावलियासु, विमाणपत्थडेसु, तिरियलोए अगडेसु, तलायेसु, नदीसु, दहेसु, वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललएसु[चिल्ललेसु], पल्लएसु[पल्ललएसु], वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु चेव जलासएसु, जलट्ठाणेसु, एत्थ णं बादर आउक्काइयाणं पज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। कहि णं भंते! बादरआउक्काइयाणं अपज्जत्तगाणं[अपज्जत्ताणं] ठाणा पन्नत्ता? गोयमा! जत्थेव बादर आउक्काइपज्जत्तगाणं ठाणा पन्नत्ता तत्थेव बादर आउक्काइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं सव्वलोए, समुग्घाएणं, सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। कहि णं भंते! सुहुमआउक्काइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सुहुमआउक्काइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोयपरियावन्नगा पन्नत्ता समणाउसो! ।।सू०-४।।८२।।**

(મૂ૦) *હે ભગવન્! પર્યાપ્ત બાદર અપ્કાયિકોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ગૌતમ! સ્વસ્થાનને આશ્રયી સાત ઘનોદધિમાં, સાત ઘનોદધિવલયોમાં, અધોલોકમાં, પાતાલકલશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ઊર્ધ્વલોકમાં, કલ્પોમાં, વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાનપ્રસ્તટોમાં, તિર્યગ્લોકમાં, અવટો–કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાપીઓ, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, સરઃસરઃપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, ઉજ્જરા–ઝરણાઓ, નિર્ઝરા–ઝરાઓ, છિલ્લરો, પલ્વલો, વપ્રો, દ્વીપો, સમુદ્રો, સર્વ જલાશયો અને જલના સ્થાનોમાં અહીં પર્યાપ્તા બાદર અપ્કાયિકોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતવડે લોકના અસંખ્યાતમા*

*ભાગમાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. હે ભગવન્! અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! જ્યાં પર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો છે ત્યાં અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો છે. તે ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ્ઘાતવડે સર્વલોકમાં અને સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ગૌતમ! સૂક્ષ્મ અપ્કાયિકો જે પર્યાપ્તા અને અપર્યાપ્તા છે તે બધા એક પ્રકારના, વિશેષતારહિત, અનાનાત્વ-ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત હે આયુષ્માન્ શ્રમણ! કહેલાં છે.॥૪॥૮૨॥*

(ટી૦) 'હે આયુષ્મન્ શ્રમણ!' એ ભગવાને ગૌતમને કહેલું સંબોધન છે. એમ અપ્કાયિકના બાદર અને સૂક્ષ્મ વિષયક સૂત્રો જાણવાં. પરન્તુ પર્યાપ્ત બાદર અપ્કાયિકના સૂત્રમાં તેઓનું સ્થાન સાત ઘનોદધિવલયોમાં છે અને તે ઘનોદધિવલયો પોતપોતાની નરક પૃથિવીના પર્યન્તભાગને વીંટીને રહેલા અને વલયની આકૃતિવાળાં છે. '**अहोलोए पायालेसु**' અધોલોકમાં વલયામુખ પ્રમુખ પાતાલકલશોમાં છે, કેમકે તે કલશોમાં પણ બીજા તૃતીયાંશમા દેશથી અને ત્રીજા તૃતીયાંશમાં સર્વથા પાણીનો સદ્ભાવ છે. ભવનોમાં, કલ્પોમાં અને વિમાનોમાં પાણી વાવ વગેરેમાં હોય છે. અહીં વિમાનાદિ કહેલાં છે તે દેવલોકમાં રહેલાં જાણવાં. કેમકે ગ્રૈવેયકાદિને વિષે વાવોનો અસંભવ હોવાથી પાણી હોતું નથી, અવટ-કૂવા, તડાગ-તળાવો પ્રસિદ્ધ છે, નદીઓ ગંગા-સિન્ધૂ વગેરે, પદ્મહ્રદાદિ દ્રહો-કુંડો, ચારખુણાવાળી વાવો અને ગોળ આકારવાળી પુષ્કરિણીઓ કહેવાય છે. અથવા પુષ્કર-કમળો જેમાં હોય તે પુષ્કરિણી, દીર્ઘિકા-સીધી નાની નદીઓ, તે વાંકી હોય તો તેને ગુંજાલિકા કહે છે. ઘણાં જુદાં જુદાં પુષ્પોયુક્ત હોય તે સરોવરો, એક પંક્તિમાં રહેલા સરોવરો તે સરઃપંક્તિ, તેવી ઘણી સરોવરની પંક્તિઓ, જે પંક્તિબદ્ધ સરોવરોમાં કૂવાનું પાણી પ્રણાલિકાથી ચાલે તે સરઃસરઃપંક્તિ કહેવાય, તેવી ઘણી સરઃસરઃપંક્તિઓ, બિલો-જગતી વગેરે સ્થળે સ્વાભાવિક થયેલા નાના કૂવાઓ, '**उज्झर**'-પર્વતોમાંના પાણીના ઝરણાઓ, પ્રવાહો, તે સદા સ્થાયી હમેશાં વહેતા હોય તે નિર્ઝર-ઝરણાં કહેવાય, છિલ્લરો નહિં ખોદેલા અને થોડા પાણીવાળા જમીનના પ્રદેશો કે પર્વતના પ્રદેશો, પલ્વલ-નહિ ખોદેલા સરોવરો, વપ્રો-ક્યારાઓ, ઘણું શું કહેવું? પણ બધા જલાશયોમાં એટલે જળના સ્થાનોમાં પર્યાપ્ત બાદર અપ્કાયિકો હોય છે. બાકીના બધાનો વિચાર પૂર્વની પેઠે કરવો. ॥૪॥૮૨॥

## ॥ तेउकायठाणाइं ॥

**कहि णं भंते! बायरतेउकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सट्ठाणेणं अंतोमणुस्सखेत्ते अड्ढाइज्जेसु दीवसमुद्देसु, निव्वाघाएणं पन्नरससु कम्मभूमीसु, वाघायं पडुच्च पंचसु महाविदेहेसु, एत्थ णं बादरतेउकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता। #उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे#** ।सू०-५॥८३॥

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! સ્વસ્થાનવડે મનુષ્યક્ષેત્રની અંદર અઢી દ્વીપ સમુદ્રોમાં, વ્યાઘાત-પ્રતિબંધ ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં, અને વ્યાઘાત-પ્રતિબંધને આશ્રયી પાંચ મહાવિદેહોમાં અહીં પર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં સમુદ્ઘાતવડે લોકના અસંખ્યાતમાં ભાગમાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે.॥૫॥૮૩॥*

(ટી૦) હવે બાદર પર્યાપ્તા તેજસ્કાયિકોના સ્થાનો સંબંધમાં પ્રશ્ન કરે છે-'હે ભગવન્! બાદર તેજસ્કાયિકોના' ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! સ્વસ્થાનને આશ્રયી મનુષ્યક્ષેત્રમાં-અઢી દ્વીપસમુદ્રમાં હોય છે. તેમાં 'અઢી' એ

#...# एतच्चिह्नान्तर्गत पाठ स्थाने "तीसु वि लोगस्स असंखेज्जतिभागे" इति सूत्र पाठ प्रदेशव्याख्याकृद्धिः श्री हरिभद्रपादैस्तु आदृतोऽस्ति। (म.वि.) પૃષ્ઠ ૪૭

વિશેષણ સમુદ્રને લાગુ પડતું નથી માટે તે દ્વીપોનું વિશેષણ જાણવું. તેથી જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કરવર દ્વીપ એ અઢી દ્વીપોમાં, અને લવણ અને કાલોદધિ એ બે સમુદ્રો જાણવા. '**निर्व्याघातेन**' વ્યાઘાત-પ્રતિબંધના અભાવમાં પાંચ ભરત, પાંચ એરાવત અને પાંચ મહાવિદેહરૂપ પંદર કર્મભૂમિમાં અને '**व्याघातं प्रतीत्य**' વ્યાઘાતને આશ્રયી પાંચ મહાવિદેહમાં હોય છે. અહીં આ ભાવાર્થ છે-વ્યાઘાત એટલે પ્રતિબંધરૂપ **અતિ સ્નિગ્ધ** કે **અતિરૂક્ષ કાળ** સમજવો, **તેવા પ્રકારનો કાળ હોય ત્યારે બાદર અગ્નિનો વિચ્છેદ હોય છે**. તેથી જ્યારે પાંચ ભરત અને પાંચ એરાવત ક્ષેત્રોમાં સુષમસુષમા, સુષમા અને સુષમદુઃષમા એ ત્રણ આરા વર્તતા હોય ત્યારે **અતિસ્નિગ્ધકાળ** હોય છે અને દુઃષમદુઃષમા નામે છઠ્ઠો આરો વર્તતો હોય ત્યારે **અતિરૂક્ષ કાળ** હોય છે અને તે કાળમાં અગ્નિનો વિચ્છેદ થાય છે. તેવા પ્રકારના કાળ રૂપ વ્યાઘાત-પ્રતિબન્ધ હોય ત્યારે પાંચ મહાવિદેહોમાં અને વ્યાઘાત ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં, અહીં બાદર તેજસ્કાયિકોના સ્થાનો કહેલાં છે. ઉપપાત-ઉક્ત સ્થાનોની પ્રાપ્તિની અભિમુખતાને આશ્રયી એટલે અન્તરાલ ગતિમાં વર્તતા હોય ત્યારે પણ વિચાર કરતાં બાદર તેજસ્કાયિકો લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. કારણ કે તેઓ થોડા છે. સમુદ્ઘાતને આશ્રયી વિચાર કરતાં પણ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. કેમકે મરણ સમુદ્ઘાત વડે આત્મપ્રદેશોનો દંડરૂપે વિસ્તાર કરવા છતાં પણ તેઓ થોડા હોવાથી માત્ર લોકના અસંખ્યાતમા ભાગને વ્યાપ્ત કરે છે, સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. કારણ કે મનુષ્યક્ષેત્રની લંબાઇ અને પહોળાઇ પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ હોવાથી તે લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે. ॥૫॥૮૩॥

**कहि णं भंते! बायरतेउकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! जत्थेव बायरतेउकाइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बायरतेउकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स दोसु उड्ढकवाडेसु [दोसुद्धकवाडेसु] तिरियलोयतट्टे य, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-६।।८४।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! જ્યાં પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાનો છે ત્યાંજ અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાનો છે. તે ઉપપાત વડે લોકના બન્ને ઊર્ધ્વ કપાટોમાં અને તિર્યગ્લોકરૂપ તાટમાં હોય છે, સમુદ્ઘાતવડે સર્વલોકમાં હોય છે અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. ॥૬॥૮૪॥*

**कहि णं भंते! सुहुमतेउकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाण य ठाणा पन्नत्ता? गोयमा! सुहुमतेउकाइआ जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोयपरियावन्नगा पन्नत्ता समणाउसो! ।।सू०-७।।८५।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! જે પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો છે તે બધા હે આયુષ્માન્ શ્રમણ! એક પ્રકારના, વિશેષતારહિત, ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે. ॥૭॥૮૫॥*

(ટી૦) અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાનો સંબંધમાં પૂછે છે—'**कहि णं भंते**' ઇત્યાદિ પ્રશ્નસૂત્રનો અર્થ સ્પષ્ટ છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! જ્યાં પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોનાં સ્થાનો છે ત્યાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોનાં પણ સ્થાનો કહેલાં છે, કેમકે પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તાઓ રહે છે. '**उववाएणं दोसु उड्ढकवाडेसु तिरियलोयतट्टे य**' તે ઉપપાતને આશ્રયી લોકના બન્ને ઊર્ધ્વ કપાટમાં અને તીરછા લોકરૂપ તટ્ટ-તાટ-સ્થાળમાં રહે છે. અહીં અઢી દ્વીપ સમુદ્રથી નીકળેલા, અઢી દ્વીપ સમુદ્ર પ્રમાણ જાડા, પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત લાંબા જે બે કપાટો છે, જેણે કેવલી સમુદ્ઘાતની પેઠે ઊર્ધ્વ અને અધો બન્ને બાજુ લોકાન્તનો સ્પર્શ કરેલો છે તે બન્ને ઊર્ધ્વ કપાટોમાં તથા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા પર્યન્ત વિસ્તારવાળા અને અઢારસો યોજન પ્રમાણ જાડા તટ્ટ-સ્થાલના આકાર જેવા તીરછા લોકમાં એટલે

સમસ્ત તીરછા લોકમાં ઉપપાત વડે અપર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના સ્થાનો કહેલાં છે. કોઇ આચાર્યો '**तिरियलोगतट्ठे य**' એવો પાઠ કહે છે, અને તે પાઠની આવી વ્યાખ્યા કરે છે—'તે બન્ને કપાટમાં અને તત્સ્થ-બન્ને કપાટમાં રહેલા તિર્યગ્લોકમાં અર્થાત્ બન્ને કપાટના અન્તવર્તી તીરછા લોકમાં એ અર્થ જાણવો.' તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—પૂર્વોક્ત સ્વરૂપવાળા બન્ને ઊર્ધ્વ કપાટમાં અને તે કપાટના અન્તર્ગત તીરછા લોકમાં, પણ બધા તીરછા લોકમાં નહિ. એમ કપાટ સિવાયના તિર્યગ્લોકનો નિષેધ કરવા માટે આ વાક્ય છે, પણ વિધાન કરવા માટે નથી, કેમકે વિધાન તો કપાટના ગ્રહણ કરવાથી જ સિદ્ધ છે. અહીં તત્ત્વ કેવલજ્ઞાની કે વિશિષ્ટ જ્ઞાનીગમ્ય છે.

અહીં ભાવાર્થ આ છે—ત્રણ પ્રકારના બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકો છે—૧ એકભવિક, બદ્ધાયુષ્ય અને અભિમુખનામગોત્ર. તેમાં જેઓ કોઇ એક વિવક્ષિત-અમુક ભવ પછી તુરત જ બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકપણે ઉત્પન્ન થશે તે એક ભવિક, પૂર્વ ભવનો ત્રીજો ભાગ વગેરે બાકી હોય ત્યારે જેઓએ બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકનું આયુષ્ય બાંધ્યું છે તે બદ્ધાયુષ્ય, જેઓ પૂર્વ ભવનો ત્યાગ કર્યા પછી બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકનું આયુષ્ય, નામ અને ગોત્ર સાક્ષાત વેદે છે તે અભિમુખનામગોત્ર કહેવાય છે. તેમાં જેઓ એક ભવિક અને બદ્ધાયુષ્ય છે તે દ્રવ્યથી બાદર અપર્યાપ્ત તેજસ્કાયિક છે, પણ ભાવથી નથી. કારણ કે તે સમયે તેને તેના આયુષ્ય, નામ અને ગોત્રનો ઉદય નથી. માટે તે બન્નેનો અહીં અધિકાર નથી, પરન્તુ અભિમુખનામગોત્રવાળા બાદર તેજસ્કાયિકોનો અધિકાર છે, કારણ કે પોતાના સ્થાનની પ્રાપ્તિની અભિમુખતારૂપ ઉપપાત તેઓનો જ ઘટી શકે છે. જો કે ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકના આયુષ્ય, નામ અને ગોત્રનો ઉદય હોવાથી પૂર્વોક્ત બે કપાટ અને તિર્યગ્લોકની બહાર રહેલા છતાં 'બાદર અપર્યાપ્ત તેજસ્કાયિક' કહેવાય છે. તો પણ અહીં વ્યવહાર નયની દૃષ્ટિથી જેઓ પોતાના ઉત્પત્તિ સ્થાનની સમશ્રેણિમાં બે કપાટને વિષે રહેલા છે અને જેઓએ પોતાના ઉત્પત્તિ સ્થાનને અનુસરી તીરછા લોકમાં પ્રવેશ કર્યો છે તેજ બાદર અપર્યાપ્ત તેજસ્કાયિક કહેવા, બાકીના કપાટના આન્તરામાં રહેલા ન કહેવા. કારણ કે તેઓ વિષમ સ્થાનમાં રહેલા છે, તેથી જેઓએ હજી પણ બે કપાટમાં પ્રવેશ કર્યો નથી, તેમ તિર્યગ્લોકમાં પણ પ્રવેશ કર્યો નથી તેઓ પૂર્વભવની અવસ્થાવાળા છે તે માટે એ બાદર અપર્યાપ્ત તેજસ્કાયિક તરીકે ન ગણવા. કહ્યું છે કે-''**पणयाललक्खपिहला दुन्नि कवाडा य छद्दिसिं पुट्ठा। लोगन्ते तेसिऽंतो जे ते उ घिप्पन्ति**''-''પીસ્તાળીશ લાખ પહોળા બન્ને કપાટો છએ દિશાએ લોકાન્તને સ્પર્શેલા છે, તેની અંદર જે તેજસ્કાયિકો છે તે ગ્રહણ કરવા.'' તે માટે કહ્યું છે કે—'**उववाएणं दोसु उड्ढकवाडेसु तिरियलोयतट्टे य**'-ઉપપાતને આશ્રયી બે ઊર્ધ્વ કપાટોમાં અને તિર્યગ્લોક રૂપી તટ્ટ-સ્થાળને વિષે હોય છે.'' એ પ્રમાણે આ સૂત્રનું વ્યવહાર નયની દૃષ્ટિથી વ્યાખ્યાન કર્યું. કારણ કે તેવા પ્રકારનો સંપ્રદાય છે. '**विचित्रा सूत्राणां गतिः**'-સૂત્રોની ગતિ વિચિત્ર હોવાથી એ વાત યુક્ત છે. '**समुग्घाएणं सव्वलोए**'-સમુદ્ઘાત વડે સર્વલોકમાં હોય છે. અહીં પૂર્વે જેનું સ્વરૂપ કહ્યું છે તે બન્ને કપાટોના વચ્ચેના ભાગમાં જે સૂક્ષ્મપૃથિવીકાયિકાદિ જીવો બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થવાના છે તેઓ મારણાન્તિક સમુદ્ઘાત કરી વિસ્તાર અને જાડાઇમાં શરીર પ્રમાણ માત્ર અને લંબાઇમાં ઉત્કર્ષથી લોકાન્તપર્યન્ત આત્મપ્રદેશોને વિસ્તારે છે. તે પ્રમાણે અવગાહના સંસ્થાનપદમાં કહેવામાં આવશે.—''હે ભગવન્! જેણે મારણાન્તિક સમુદ્ઘાત કરી છે એવા પૃથિવીકાયિકના તૈજસ શરીરની કેટલી મોટી અવગાહના કહી છે? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઇમાં શરીર પ્રમાણ તથા લંબાઇમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લોકાન્ત સુધી હોય છે.'' તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિ ઉત્પત્તિ દેશ સુધી આત્મપ્રદેશોને દંડ રૂપે વિસ્તારી અન્તરાલ ગતિમાં વર્તતા અને બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકના આયુષ્યનો અનુભવ કરતા હોવાથી જેઓ 'બાદર અપર્યાપ્ત તેજસ્કાયિક' કહેવાય છે, તેઓ સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા જ અન્તરાલ ગતિમાં વર્તતા હોય છે, અને સમુદ્ઘાતાવસ્થામાં સર્વલોકને વ્યાપ્ત કરે છે. માટે એમ કહ્યું છે કે-'સમુદ્ઘાત વડે સર્વલોકમાં હોય છે.' બીજા આચાર્યો કહે છે કે-''બાદર અપર્યાપ્તા તેજસ્કાયિકો ઘણા છે. કેમકે એક એક પર્યાપ્તાને આશ્રયી અસંખ્યાતા અપર્યાપ્તાઓ ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તાઓ તો સૂક્ષ્મમાં પણ ઉત્પન્ન થાય છે અને સૂક્ષ્મ જીવો તો બધે સ્થળે છે. તેથી બાદર અપર્યાપ્ત તેજસ્કાયિકો પોતાના

ભવને અન્તે મારણાન્તિક સમુદ્ઘાત કરીને સર્વ લોકને પૂર્ણ કરે છે માટે કોઇ પણ દોષ નથી, પરન્તુ [1]નિરુપચરિત-વાસ્તવિક તેજસ્કાયિક જીવોની સમુદ્ઘાતની પ્રરૂપણા કરવા રૂપ ગુણ છે. સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. કારણ કે પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તાની ઉત્પત્તિ થાય છે અને પર્યાપ્તાનું સ્થાન તો મનુષ્યક્ષેત્ર છે, અને તે લોકના અસંખ્યાતમા ભાગે છે. સૂક્ષ્મ પર્યાપ્તા અને અપર્યાપ્તા તેજસ્કાયિકસૂત્રની વ્યાખ્યા સૂક્ષ્મ પર્યાપ્ત અને અપર્યાપ્ત પૃથિવીકાયિક સૂત્રની પેઠે જાણવી. ॥૭॥૮૫॥

## ।। वाउकायठाणाइं ।।

**कहि णं भंते! बादरवाउकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सट्ठाणेणं सत्तसु घणवाएसु, सत्तसु घणवायवलएसु, सत्तसु तणुवाएसु, सत्तसु तणुवायवलएसु, अहोलोए पायालेसु, भवणेसु, भवणपत्थडेसु, भवणछिद्देसु, भवणनिक्खुडेसु[2], निरएसु, निरयावलियासु, निरयपत्थडेसु, निरयछिद्देसु, निरयनिक्खुडेसु, उड्ढलोए कप्पेसु, विमाणेसु, विमाणावलियासु, विमाणपत्थडेसु, विमाणछिद्देसु, विमाणनिक्खुडेसु, तिरियलोए पाईण-पडीण-दाहिण-उदीण-सव्वेसु चेव लोगागासछिद्देसु, लोगनिक्खुडेसु य, एत्थ णं बादरवाउकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जेसु भागेसु, समुग्घाएणं लोयस्स असंखेज्जेसु भागेसु, सट्ठाणेणं लोयस्स असंखेज्जेसु भागेसु ।।सू०-८।।८६।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા બાદર વાયુકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! સ્વસ્થાન-પોતાના સ્થાનની અપેક્ષાએ સાત પ્રકારના ઘનવાતમાં, સાત પ્રકારના ઘનવાતવલયોમાં, સાત તનુવાતમાં, સાત તનુવાતવલયોમાં, અધોલોકમાં પાતાલકલશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ભવનછિદ્રોમાં, ભવનનિષ્કુટો-ગવાક્ષોમાં, નરકોમાં, નરકાવલિકાઓમાં, નરકપ્રસ્તટોમાં, નરકછિદ્રોમાં, નરકનિષ્કુટોમાં, ઊર્ધ્વલોકમાં કલ્પોમાં, વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાનપ્રસ્તટોમાં, વિમાનછિદ્રોમાં, વિમાનનિષ્કુટોમાં, તિર્યગ્લોકમાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરમાં બધા ય લોકાકાશમાં, લોકનિષ્કુટોમાં, અહીં બધે પર્યાપ્તા બાદર વાયુકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે લોકના અસંખ્યાતમા ભાગોમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગોમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. ॥૮॥૮૬॥*

**कहि णं भंते! अपज्जत्तबादरवाउकाइयाणं ठाणा पन्नत्ता? गोयमा! जत्थेव बादरवाउकाइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादरवाउकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जेसु भागेसु।।सू०-९।।८७।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્ત બાદર વાયુકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! જ્યાં પર્યાપ્તા બાદર વાયુકાયિકોના સ્થાનો છે, ત્યાંજ અપર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ્ઘાતવડે સર્વ લોકમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગોમાં છે. ॥૯॥૮૭॥*

(ટી૦) હે ભગવન્! અપર્યાપ્ત બાદર વાયુકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! જ્યાં પર્યાપ્તા બાદર વાયુકાયિકોના સ્થાનો છે, ત્યાંજ અપર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાત વડે સર્વ લોકમાં, સમુદ્ઘાત વડે સર્વ લોકમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતા ભાગોમાં છે. એ પ્રમાણે બાદર વાયુકાયિક અને વનસ્પતિકાયિક પ્રત્યેકના ત્રણ ત્રણ સૂત્રો જાણવા. પરન્તુ પર્યાપ્ત બાદર વાયુકાયિકના સૂત્રમાં ભવનછિદ્રો-ભવનોના અવકાશાન્તરો-ખાલી જગ્યાઓ, ભવનનિષ્કુટો-ગવાક્ષાદિના જેવા કોઇક ભવનના ભાગો, નરકના છિદ્રો, નરકનિષ્કુટ-ગવાક્ષાદિના જેવા નરકાવાસાપ્રદેશો, એમ વિમાનછિદ્રો

---

૧. તેજસ્કાયિકના આયુષ્ય, નામ અને ગોત્રનો ઉદય હોવાથી નિરુપચરિત-વાસ્તવિક તેજસ્કાયિકો કહેવાય છે.

૨. निक्खुडेसु ના સ્થાને णिखुडेसु પાઠ મહાવીર વિદ્યાલય પુસ્તકમાં છે.

અને વિમાનનિષ્કુટો જાણવા. 'उववाएणं लोगस्स असंखेज्जेसु भागेसु'–ઉપપાતવડે લોકના અસંખ્યાતમા ભાગોમાં છે– ઇત્યાદિ. પર્યાપ્ત વાયુઓ અત્યંત ઘણા છે, કારણ કે જ્યાં ખાલી જગ્યા છે ત્યાં વાયુ છે, અને આ લોકમાં ખાલી જગ્યા ઘણી છે, તેથી પર્યાપ્ત બાદર વાયુઓ ત્રણે ઉપપાતાદિને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગોમાં હોય છે એમ કહ્યું છે. અપર્યાપ્ત બાદર વાયુકાયિકસૂત્રમાં 'उववाएणं समुग्घाएण य सव्वलोए'–ઉપપાત અને સમુદ્ઘાતને આશ્રયી સર્વલોકમાં હોય છે. અહીં દેવ નારક સિવાય બાકીના બધા સ્થાનોમાં આવીને બાદર અપર્યાપ્ત વાયુકાયમાં ઉત્પન્ન થાય છે, અને બાદર અપર્યાપ્ત અન્તરાલ ગતિમાં પણ હોય છે, વળી બાદર પર્યાપ્ત અને અપર્યાપ્ત વાયુકાયિકોના ઘણા સ્વસ્થાનો છે તેથી વ્યવહારનયના મતવડે પણ ઉપપાતને આશ્રયી તેઓનું સર્વલોક વ્યાપીપણું ઘટી શકે છે, માટે કંઇ પણ દોષ નથી. સમુદ્ઘાત વડે તેઓનું સર્વલોક વ્યાપીપણું સુપ્રસિદ્ધ છે. કારણ કે સર્વ સૂક્ષ્મ જીવોમાં અને સર્વ લોકમાં તેઓની ઉત્પત્તિનો સંભવ છે. ॥૯॥૮૭॥

**कहि णं भंते! सुहुमवाउकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सुहुमवाउकाइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोयपरियावन्नगा पन्नत्ता समणाउसो! ।।सू०१०।।८८।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! તેઓ બધા એક પ્રકારના, વિશેષરહિત, ભેદરહિત અને સર્વ લોકમાં વ્યાપ્ત હે આયુષ્માન્ શ્રમણ! કહ્યાં છે. ॥૧૦॥૮૮॥*

## ।। वणस्सइकायठाणाइं ।।

**कहि णं भंते! बादरवणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! सट्ठाणेणं सत्तसु घणोदहि[ही]सु, सत्तसु घणोदहि[ही]वलएसु, अहोलोए पायालेसु, भवणेसु, भवणपत्थडेसु; उड्ढलोए कप्पेसु, विमाणेसु, विमाणावलियासु, विमाणपत्थडेसु, तिरियलोए अगडेसु, तडा[ला]गेसु, नदीसु, दहेसु वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललेसु, पल्ललेसु, वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु चेव जलासएसु जलठा[ट्ठा]णेसु, एत्थं णं बादर वणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे।।सू०-११।।८९।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! સ્વસ્થાનની અપેક્ષાએ સાત ઘનોદધિમાં, સાત ઘનોદધિવલયોમાં, અધોલોકમાં પાતાલકલશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ઊર્ધ્વલોકમાં કલ્પોમાં, વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાનપ્રસ્તટોમાં, તીરછા લોકમાં અવટ–કૂવાઓમાં, તળાવોમાં, નદીઓમાં, દ્રહોમાં, વાવીઓમાં, પુષ્કરિણીઓમાં, દીર્ધિકાઓમાં (નાની સીધી નદીઓમાં), ગુંજાલિકાઓમાં (વાંકી લઘુ નદીઓમાં), સરોવરોમાં, સરોવરપંક્તિઓમાં, સરઃસરઃપંક્તિઓમાં, બિલોમાં, બિલપંક્તિઓમાં, ઉજ્ઝરોમાં–ઝરણાઓમાં, નિર્ઝરોમાં (હમેશાં વહેતા ઝરાઓમાં), છિલ્લરોમાં, પલ્વલોમાં (નહી ખોદેલા સરોવરો), વપ્રોમાં (ક્યારાઓમાં), દ્વીપોમાં, સમુદ્રોમાં, સર્વ જલાશયોમાં, જળસ્થાનોમાં અહીં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાતને આશ્રયી સર્વલોકમાં, સમુદ્ઘાતને આશ્રયી સર્વલોકમાં અને સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ॥૧૧॥૮૯॥*

**कहि णं भंते! बादरवणस्सइकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! जत्थेव बादरवणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादरवणस्सइकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-१२।।९०।।**

*(મૂ૦) હે ભગવન! અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! જ્યાં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો છે ત્યાંજ અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો છે. તે ઉપપાતવડે સર્વલોકમાં, સમુદ્દ્ઘાત વડે સર્વલોકમાં, અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ॥૧૨॥૯૦॥*

**कहि णं भंते! सुहुमवणस्सइकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाण य ठाणा पन्नत्ता? गोयमा! सुहुमवणस्सइकाइया जे य पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोयपरियावन्नगा पन्नत्ता समणाउसो! ।।सू०-१३।।९१।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! તે બધા એક પ્રકારના, વિશેષરહિત, ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે. ॥૧૩॥૯૧॥*

(ટી૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! તે બધા એક પ્રકારના, વિશેષરહિત, ભેદરહિત, અને સર્વ લોકમાં વ્યાપ્ત છે. બાદર પર્યાપ્ત વનસ્પતિકાયિક સૂત્રમાં 'उववाएणं सव्वलोए' તેઓ ઉપપાત વડે સર્વલોકમાં હોય છે, અહીં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોનું સ્વસ્થાન ઘનોદધિ વગેરે છે, કારણ કે ત્યાં સેવાળ વગેરે બાદર નિગોદોનો-સાધારણ વનસ્પતિકાયિકોનો સંભવ છે. સૂક્ષ્મનિગોદોની ભવસ્થિતિ (આયુષ્ય) અન્તર્મુહૂર્તની છે તેથી તેઓ પર્યાપ્ત બાદર નિગોદોમાં ઉત્પન્ન થતાં અને પર્યાપ્ત બાદર નિગોદનું આયુષ્ય અનુભવતા શુદ્ધ ઋજુસૂત્ર નયની દૃષ્ટિથી બાદર પર્યાપ્ત વનસ્પતિકાયિક તરીકે કહેવાય છે અને ઉપપાત વડે સર્વદા સર્વ લોકને વ્યાપ્ત કરે છે. તેથી કહ્યું છે કે- 'ઉપપાત વડે સર્વલોકમાં હોય છે.' 'समुग्घाएणं सव्वलोए'-સમુદ્દ્ઘાતવડે સર્વલોકમાં હોય છે. જ્યારે બાદરનિગોદો સૂક્ષ્મનિગોદોનું આયુષ્ય બાંધીને અન્તે મરણ સમયે મરણસમુદ્દ્ઘાત કરી આત્મપ્રદેશોને ઉત્પત્તિદેશ સુધી વિસ્તારે છે ત્યારે બાદર નિગોદ પર્યાપ્તાનું આયુષ્ય હજી સુધી પણ ક્ષીણ થયું નથી માટે બાદર પર્યાપ્ત નિગોદો જ સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા અને સર્વલોક વ્યાપી હોય છે. તેથી સમુદ્દ્ઘાત વડે સર્વલોકમાં હોય છે.' એમ કહ્યું છે. સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે, કારણ કે ઘનોદધિ વગેરે બધા સ્થાનો મળીને પણ લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે. બાકી બધું સુગમ છે. ॥૧૩॥૯૧॥

## ।। बेइंदियठाणाइं ।।

**कहि णं भंते! बेइंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! उड्ढलोए तदेक्कदेसभागे, अहोलोए तदेक्कदेसभागे, तिरियलोए अगडेसु, तलाएसु, नदीसु, दहेसु, वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललेसु, पल्ललेसु, वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु चेव जलासएसु जलठा[ट्ठा]णेसु, एत्थ णं बेइंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-१४।।९२।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિયોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! ઊર્ધ્વલોકમાં તેના એક ભાગમાં, અધોલોકમાં તેના એક ભાગમાં, તિર્યગ્લોકમાં અવટ-કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ (સીધી નાની નદીઓ), ગુંજાલિકાઓ (વાંકી નાની નદીઓ), સરોવરો, સરોવરની પંક્તિઓ, સરઃસરઃપંક્તિઓ, બિલો, બિલની પંક્તિઓ, ઉજ્ઝરો (ઝરણાઓ), નિર્ઝરો (સદા વહેતા ઝરણાઓ), છિલ્લરો, પલ્વલો, વપ્રો (ક્યારાઓ), દ્વીપો, સમુદ્રો અને બધા જલાશયો અને જળના સ્થાનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિયોના સ્થાનો કહેલાં છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્દ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. ॥૧૪॥૯૨॥*

## ।। तेइंदियठाणाइं ।।

कहि णं भंते! तेइंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! उड्ढलोए तदेक्कदेसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु, तलाएसु, नदीसु, दहेसु, वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललेसु, पल्ललेसु, वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु चेव जलासएसु जलठा[ट्ठा]णेसु, एत्थ णं तेइंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-१५।।९३।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઈન્દ્રિયોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! ઊર્ધ્વલોકમાં તેના એક ભાગમાં, અધોલોકમાં તેના એક ભાગમાં, તીરછા લોકમાં–કૂવાઓ, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, ઉજ્ઝરો, નિર્ઝરો, ચિલ્લલો, પલ્વલો, વપ્રો, દ્વીપો, સમુદ્રો અને સર્વ જલાશયો તથા જળના સ્થાનોમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઈન્દ્રિયોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. ।।૧૫।।૯૩।।*

## ।। चउरिंदियठाणाइं ।।

कहि णं भंते! चउरिंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! उड्ढलोए तदेक्कदेसभागे, अहोलोए तदेक्कदेसभागे, तिरियलोए अगडेसु, तलाएसु, नदीसु, दहेसु, वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललेसु, पल्ललेसु, वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं चउरिंदियाणं, पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-१६।।९४।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિયોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ગૌતમ! ઊર્ધ્વલોકમાં તેના એક ભાગમાં, અધોલોકમાં તેના એક ભાગમાં, તીરછા લોકમાં કૂવાઓ, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, સરસરપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, ઉજ્ઝરો, નિર્ઝરો, ચિલ્લલો, પલ્વલો, વપ્રો, દ્વીપો, સમુદ્રો, અને સર્વ જલાશયોમાં અને જળના સ્થાનોમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિયોના સ્થાનો કહ્યાં છે. તે ઉપપાત વડે, સમુદ્ઘાત વડે અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ।।૧૬।।૯૪।।*

## ।। पंचिंदियठाणाइं ।।

कहि णं भंते! पंचिंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता? गोयमा! उड्ढलोए तदेक्कदेसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु, तलाएसु, नदीसु, दहेसु, वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललेसु, पल्ललेसु, वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु, चेव जलासएसु जलठा[ट्ठा]णेसु, एत्थ णं पंचिंदियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-१७।।९५।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત પંચેન્દ્રિયોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ગૌતમ! ઊર્ધ્વલોકમાં તેના એક ભાગમાં,*

*અધોલોકમાં તેના એક ભાગમાં, તીરછા લોકમાં કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, સરસરપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, ઉજ્ઝરો, નિર્ઝરો, ચિલ્લલો, પલ્વલો, વપ્રો, દ્વીપો, સમુદ્રો અને સર્વ જળાશયો અને જળના સ્થાનોમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત પંચેન્દ્રિયોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્દ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે.॥૧૭॥૯૫॥*

(ટી૦) એ પ્રમાણે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને સામાન્ય પચ્ચેન્દ્રિયો સંબંધમાં પણ સૂત્રો જાણવા, પરન્તુ શંખ વગેરે બેઇન્દ્રિયાદિક ઘણા જીવો પાણીમાં ઉત્પન્ન થાય છે. માટે બધા સૂત્રોમાં અવટ–કૂવા વગેરે સ્થાનો (સમાનપણે) કહ્યાં છે. ઊર્ધ્વલોકમાં તેના એક ભાગમાં–મેરુ પર્વતાદિની વાવ વગેરેમાં, અધોલોકમાં તેના એક ભાગમાં અધોલૌકિકગ્રામના કૂવા તળાવ વગેરેમાં સમજવું. બાકીનું બધું ઉપયોગ રાખી સ્વયં વિચારવું. ॥૧૭॥૯૫॥

## ।। नेरइयठाणाइं ।।

**कहि णं भंते! नेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! नेरइया परिवसन्ति? गोयमा! सट्ठाणेणं सत्तसु पुढवीसु, तं जहा-रयणप्पभाए सक्करप्पभाए, वालुयप्पभाए, पंकप्पभाए, धूमप्पभाए, तमप्पभाए, तमतमप्पभाए, एत्थ णं नेरइयाणं चउरासीह निरयावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं नरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाणसंठिया, निच्चंधयारतमसा ववगयगहचंदसूरनक्खत्तजोइसियपहा, मेदवसापूयपडलरुहिरमांस[मंस]चिक्खिल्ललित्ताणुलेवणतला, असुई [वीसा] परमदुब्भिगंधा, काउय-अगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा नरगा, असुभा नरगेसु वेयणाओ, एत्थ णं नेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे, एत्थ णं बहवे नेरइया परिवसंति। काला, कालो भासा, गंभीरलोमहरिसा, भीमा, उत्तासणगा, परमकण्हा वन्नेणं पन्नत्ता समणाउसो! ते णं तत्थ निच्चं भीता, निच्चं तत्था, निच्चं तसिया, निच्चं उव्विग्गा, निच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-१८।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! નૈરયિકો ક્યાં વસે છે? હે ગૌતમ! સ્વસ્થાનવડે સાતે નરક પૃથિવીઓમાં, તે આ પ્રમાણે–૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા અને ૭ તમઃતમઃપ્રભામાં નૈરયિકોના ચોરાશી લાખ નરકાવાસો હોય છે એમ કહ્યું છે. તે નરકાવાસો અંદરના ભાગોમાં વૃત્ત–ગોળાકૃતિવાળા છે, બહારના ભાગમાં સમચોરસ છે અને નીચેના ભાગમાં ક્ષુરપ્ર–અસ્ત્રાની આકૃતિવાળા છે. તથા તમસા–પ્રકાશના અભાવથી હમેશાં અંધકારવાળા અને ગ્રહ, ચન્દ્ર, સૂર્ય, નક્ષત્રરૂપ જ્યોતિષિકોના માર્ગરહિત છે. મેદ, વસા, પરુનો સમૂહ, રુધિર અને માંસના કીચડવડે અનુલેપન–વારંવાર ખરડાવાથી લિપ્ત–લીંપાયેલું ભૂમિતળ જેઓનું છે એવા, અશુચિ–અપવિત્ર, બીભત્સ, વિસ્ર–અત્યંત દુર્ગંધી, કાપોત–કાળા અગ્નિના જેવા વર્ણવાળા, કર્કશ સ્પર્શવાળા, દુઃસહ અને અશુભ નરકાવાસો છે. અને તે નરકાવાસોમાં અશુભ–અત્યંત દુઃખરૂપ વેદના છે. આ નરકાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં છે. અહીં ઘણા નૈરયિકો વસે છે. તેઓ કાળા, કાળી કાન્તિવાળા, જેઓથી ગંભીર–અત્યંત રોમાંચ થાય એવા, ભયંકર, ત્રાસ ઉત્પન્ન કરનારા અને વર્ણથી હે આયુષ્માન્ શ્રમણ! અત્યંત કાળા છે. તે નૈરયિકો ત્યાં હમેશાં ભયભીત થયેલા, હમેશાં ત્રાસ પામેલા, હમેશાં (પરમાધાર્મિકોએ અને પરસ્પર) ત્રાસ પમાડેલા, હમેશાં ઉદ્વિગ્ન થયેલા અને હમેશાં એકાન્ત અશુભ અને નિરંતર સંબન્ધવાળા નરકભયનો અનુભવ કરતા રહે છે. ॥૧૮॥૯૬॥*

(ટી૦) હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના સ્થાનની પ્રરૂપણા કરવા માટે કહે છે–'**कहिणं भंते**' ઇત્યાદિ. હે ભગવન્! કયા પ્રદેશમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના સ્થાનો કહ્યાં છે? એ જ વિષયને વધારે સ્પષ્ટતાથી પૂછે છે કે બીજા પણ સમજી શકે—હે ભગવન્! કયા પ્રદેશમાં નૈરયિકો વસે છે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! સ્વસ્થાનને આશ્રયી સાત પૃથિવીમાં વસે છે. તેનો નામોચ્ચાર કરીને કહે છે—રત્નપ્રભા વગેરે સ્પષ્ટ છે. '**एत्थ**' અહિં–આ સાત પૃથિવીઓમાં નૈરયિકોના સર્વ સંખ્યાવડે ચોરાશી લાખ નરકાવાસો છે. તે આ પ્રમાણે—(૧)રત્નપ્રભામાં ત્રીશ લાખ નરકાવાસો છે, (૨) શર્કરાપ્રભામાં પચીશ લાખ, (૩) વાલુકાપ્રભામાં પંદર લાખ, (૪) પંકપ્રભામાં દસ લાખ, (૫) ધૂમપ્રભામાં ત્રણ લાખ, (૬) તમ:પ્રભામાં પાંચ ઓછા એક લાખ અને (૭) તમ:તમ:પ્રભામાં પાંચ–એમ સર્વ સંખ્યાવડે ચોરાશી લાખ નરકાવાસો મેં અને અન્ય તીર્થંકરોએ કહ્યા છે. તે ચોરાશી લાખ સંખ્યાપ્રમાણ બધા ય નરકાવાસો પ્રત્યેક અંદરના ભાગમાં ગોળ આકારવાળા અને બહારના ભાગમાં સમચોરસ આકારવાળા છે. આ વાત ભૂમિપીઠની ઉપરના મધ્ય ભાગને આશ્રયી કહેલી છે. સર્વ પીઠાદિની અપેક્ષાએ તો આવલિકાપ્રવિષ્ટ–પંક્તિબદ્ધ નરકાવાસો ક્રમશ: ગોળ, ત્રિકોણ અને ચતુષ્કોણ સંસ્થાનવાળા છે અને પુષ્પાવકીર્ણ (છૂટા છૂટા) નરકાવાસો જુદા જુદા સંસ્થાનવાળા છે. '**अध:क्षुरप्रसंस्थानसंस्थिता:**'—નીચે ભૂમિતળમાં ક્ષુરપ્ર–ખરપાની આકૃતિ જેવો તીક્ષ્ણતાવાળો આકાર છે. તે આ પ્રમાણે–તે નરકાવાસોમાં ભૂમિતલ કોમળતા રહિત હોવાને લીધે તીક્ષ્ણ કાંકરાવાળું છે અને તેમાં પગ મૂકતાં કાંકરાના સ્પર્શમાત્રથી ક્ષુરપ્ર વડે જેમ પગ કપાઇ જાય તેમ પગ કપાઇ જાય છે. '**निच्चंधयारतमसा**'–તમસા–પ્રકાશના અભાવથી જે તમ છે તે તમ વડે '**नित्यान्धकारा:**' હમેશાં અંધકારવાળા, અહીં ઓરડા વગેરેમાં અંધકાર હોય છે, પણ બહારના ભાગમાં સૂર્યનો પ્રકાશ હોવાથી અત્યન્ત મન્દ અન્ધકાર હોય છે. પરન્તુ નરકમાં તો તીર્થંકર જન્મ, દીક્ષાદિ કાળ સિવાય અન્ય સમયે હમેશાં લેશમાત્ર પણ પ્રકાશ નહિ હોવાથી મેઘથી ઢંકાયેલી કૃષ્ણપક્ષની અર્ધરાત્રિને વિષે જન્માંધની પેઠે ગાઢ અન્ધકાર હોય છે. માટે કહ્યું છે કે–'તમસા–પ્રકાશના અભાવથી હમેશાં અન્ધકારવાળા હોય છે.' કારણ કે ત્યાં પ્રકાશ કરનાર સૂર્યાદિના અભાવથી હમેશાં અંધકાર રહેલો છે. તે પ્રકારે કહે છે—"**व्यपगतग्रहचंन्द्रसूर्यनक्षत्रज्योतिष्कपथा:**"—જ્યાં ગ્રહ, ચન્દ્ર, સૂર્ય અને નક્ષત્ર તથા ઉપલક્ષણથી તારારૂપ જ્યોતિષ્કોનો પથ–માર્ગ નથી એવા, '**मेदोवसापूयपटलरुधिर-मांसचिक्खिल्ललिप्तानुलेपनतला:**'—સ્વભાવિક મેદ, વસા, અને પરુનો સમુદાય તથા રુધિર અને માંસ વડે થયેલા ચિક્ખિલ્લ–કિચડવડે અનુલેપન–એકવાર લીંપાયેલાને વારંવાર લીંપવા વડે લીપ્ત—લીંપાયેલું ભૂમિતળ જેઓનું છે એવા, આ કારણથી અશુચય:—અપવિત્ર, બીભત્સ, કારણ કે તેને જોવાથી પણ અતિસૂગ ઉત્પન્ન થાય છે. ક્વચિત્ '**वीसा**'–વિસ્રા:–એવો મૂળ પાઠ છે. તેનો અર્થ વિસ્ર–કાચા મળના જેવી ગન્ધવાળા, '**परमदुरभिगन्धा:**'–અત્યન્ત દુરભિગન્ધવાળા, મરી ગયેલા ગવાદિના કલેવરોથી પણ અત્યંત અનિષ્ટ દુર્ગન્ધવાળા, '**कापोताग्निवर्णाभा:**'–લોઢાને તપાવવાથી જેવો કપોત–બહુ કાળો અગ્નિનો વર્ણ હોય છે, એટલે જેવી અત્યંત કૃષ્ણવર્ણરૂપ અગ્નિની જ્વાલા નીકળે છે તેવા પ્રકારની આભા–આકૃતિવાળા, અર્થાત્ તપાવેલા લોઢાના અગ્નિની જ્વાલા જેવા, કારણ કે નારકોના ઉત્પત્તિ સ્થાન સિવાય નરકાવાસો બધે સ્થળે ઉષ્ણરૂપ છે. આ હકીકત છઠ્ઠી અને સાતમી નરકપૃથિવી સિવાય જાણવી તે આગળ કહેવામાં આવશે–"છઠ્ઠી અને સાતમી નરક પૃથિવીમાં નરકાવાસો કાપોત–કૃષ્ણ રૂપ અગ્નિના વર્ણ જેવા નથી." '**कर्कशस्पर्शा:**' તથા કર્કશ–અસિપત્રના જેવો અત્યંત દુ:સહ સ્પર્શ જેઓનો છે એવા, તેથી જ '**दुरध्यासा:**'–દુ:ખપૂર્વક સહન કરાય એવા, '**अशुभा:**' દર્શનથી તથા ગન્ધ, રસ, સ્પર્શ અને શબ્દો વડે અશુભ નરકો છે, અને અશુભા–અત્યંત અસાતારૂપ નરકને વિષે વેદના હોય છે. '**एत्थ णं**' ઇત્યાદિ. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોના સ્થાનો છે ઇત્યાદિ યાવત્ ત્યાં ઘણા નૈરયિકો વસે છે. તે કાળા છે. તેમાં કોઇ નૈરયિક પ્રભારહિત હોવાથી થોડો કાળો હોય, તે આશંકા દૂર કરવા માટે બીજું વિશેષણ આપે છે–'**कालावभासा:**' કાળી કાન્તિવાળા, એટલે જેનાથી કાળી પ્રભાનું નિર્ગમન થાય છે એવા, અર્થાત્ તેઓ કૃષ્ણ પ્રભાના સમુદાયથી ઉપચિત થયેલા છે એ ભાવાર્થ છે. '**गम्भीरलोमहर्षा:**'

જેનાથી ભય વડે-ગંભીર—અત્યંત ઉત્કટ રોમહર્ષ-રોમાંચ થાય છે એવા, તાત્પર્ય એ છે કે કૃષ્ણ અને કૃષ્ણપ્રભાવાળા નૈરયિકો હોય છે, કે જેઓ દર્શનમાત્રથી પણ બીજા નારક જીવોને ભય ઉત્પન્ન કરવા વડે અત્યન્ત રોમાંચ ઉત્પન્ન કરે છે. એ કારણથી ભયંકર છે, અને ભયંકર હોવાથી '**उत्त्रासनका:**' શેષ નારક જીવોને ત્રાસ આપનારા છે, વધારે શું કહેવું? તેઓ વર્ણ વડે અતિશય કૃષ્ણ છે, તેથી વધારે કોઇ પણ કાળી વસ્તુ નથી, અથવા તેથી કોઇ ભયાનક વસ્તુ નથી, હે આયુષ્માન્ શ્રમણ! તેઓ અત્યન્ત કૃષ્ણ વર્ણવાળા છે-એમ મેં તથા અન્ય તીર્થંકરોએ કહેલું છે. તે નૈરયિકો નિત્ય-હમેશાં ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલા અત્યંત ગાઢ અન્ધકારના દર્શનથી ભયભીત થયેલા, નિત્ય-હમેશાં ત્રસ્ત-પરમાધાર્મિક દેવોએ અને પરસ્પર ઉત્પન્ન કરેલા આગળના પણ દુઃખના ભયથી ત્રાસને પ્રાપ્ત થયેલા, હમેશાં '**त्रासिता:**' પરમાધાર્મિક દેવોએ અને પરસ્પર ત્રાસને પમાડેલા અને હમેશાં '**उद्विग्ना:**' યથાસંભવ અત્યંત દુઃસહ શીત અને ઉષ્ણ વેદનાના અનુભવથી પરમાધાર્મિક દેવોએ અને પરસ્પર એકબીજાએ ઉત્પન્ન કરેલા દુઃખના અનુભવથી ઉદ્વિગ્ન થયેલા, નરકાવાસથી પરાઙ્મુખ ચિત્તવાળા, એમ નિત્ય—સર્વદા પરમ—એકાન્ત અશુભ અને નિરંતર સંબંધવાળા કદાચિત્ પણ વચ્ચે જરા પણ વિચ્છિન્ન નહિ થયેલા એવા નરકભય—નરકદુઃખનો (**प्रत्यनुभवन्त:**) અનુભવ કરતા રહે છે. ॥૧૮॥૯૬॥

**कहि णं भंते! रयणप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! रयणप्पभापुढवीनेरइआ परिवसन्ति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्समोगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहुत्तरे जोयणसयसहस्से, एत्थ णं रयणप्पभापुढवीनेरइयाणं तीसं निरयावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाणसंठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-णक्खत्तजोइसप्पहा, मेद-वसा-पूय-पडल-रुहिर-मांस-चिक्खिल्ललित्ताणुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, काऊअगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा णरगा, असुभा णरगेसु वेयणाओ, एत्थं णं रयणप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता, उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ[एत्थं] णं बहवे रयणप्पभापुढवीनेरइया परिवसन्ति। काला, कालोभासा, गंभीरलोमहरिसा, भीमा, उत्तासणगा परमकिण्हा वन्नेणं पन्नत्ता समाणाउसो।। ते णं निच्चंभीता ते णं निच्चं तत्था, निच्चं तसिया, निच्चं उव्विग्गा, निच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-१९।।९७।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! એક લાખ અને એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી રત્નપ્રભા પૃથ્વીના ઉપરના એક હજાર યોજન અંદર પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને બાકી એક લાખ અને અઠ્યોતેર હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોના ત્રીશ લાખ નરકાવાસો છે એમ કહ્યું છે. તે નરકો અંદર ગોળ અને બહારના ભાગમાં સમચોરસ તથા નીચે ક્ષુરપ્રની આકૃતિવાળા, પ્રકાશના અભાવથી હમેશાં અંધકારવાળા, જ્યાં ગ્રહ, ચન્દ્ર, સૂર્ય અને નક્ષત્રરૂપ જ્યોતિષ્કોનો માર્ગ નથી એવા, મેદ, વસા પરુનો સમૂહ, રુધિર અને માંસના કીચડવડે વારંવાર લીંપાવાથી જેનું ભૂમિતલ ખરડાયેલું છે એવા, અશુચિ-અપવિત્ર, બીભત્સ-સૂગ ઉત્પન્ન કરે એવા, વિસ્ર-વિષ્ટાના જેવી ગંધવાળા, અત્યંત દુરભિગન્ધવાળા, કાળા અગ્નિના વર્ણ જેવી આકૃતિવાળા, કર્કશસ્પર્શવાળા, દુઃખપૂર્વક સહન થઇ શકે એવા, અશુભ નરકો છે અને તે નરકમાં અશુભ વેદનાઓ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત વડે લોકના અસંખ્યાતમા*

*ભાગે છે, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગે છે અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણાં રત્નપ્રભાના નૈરયિકો વસે છે. તેઓ કાળા, કાળી કાન્તિવાળા, જેનાથી ગંભીર-ઉત્કટ રોમહર્ષ-રોમાંચ ઉત્પન્ન થાય એવા, ભયંકર, ત્રાસ આપનારા અને વર્ણ વડે પરમ કૃષ્ણ-અત્યંત કાળા નારકો હે આયુષ્માન્ શ્રમણ! કહ્યા છે. તેઓ સદા ભયભીત, સદા ત્રસ્ત, સદા ત્રાસ પમાડેલા, સદા અત્યંત અશુભરૂપ અને નિરંતર સંબદ્ધ-નરક ભયનો અનુભવ કરતા રહે છે. ॥૧૯॥૯૭॥*

**कहि णं भंते! सक्करप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! सक्करप्पभापुढवीनेरइया परिवसन्ति? गोयमा! सक्करप्पभाए पुढवीए बत्तीसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे तीसुत्तरे जोयणसयसहस्से एत्थ णं सक्करप्पभापुढवीनेरइयाणं पणवीसं निरयावाससयसहस्सा हवन्तीति मक्खायं। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाणसंठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसियप्पहा, मेद-वसा-पूय-पडल-रुहिर-[मंस]मांस-चिक्खिल्ललित्ताणुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, काऊअगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा णरगा, असुभा णरगेसु वेयणाओ, एत्थ णं सक्करप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे सक्करप्पभापुढवी-नेरइआ परिवसन्ति। काला, कालोभासा, गंभीरलोमहरिसा, भीमा, उत्तासणगा, परमकिण्हा वन्नेणं पन्नत्ता समणाउसो!। ते णं निच्चं भीता, निच्चं तत्था, निच्चं तसिया, निच्चं उव्विगा, निच्चं परममसुहं संबद्धं नरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-२०।।९८।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! એક લાખ અને બત્રીશ હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી શર્કરાપ્રભા પૃથિવીમાં ઉપરના ભાગથી એક હજાર યોજન પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડીને તેના એક લાખ અને ત્રીશ હજાર યોજન પ્રમાણ મધ્યભાગમાં શર્કરાપ્રભા પૃથિવીના પચીશ લાખ નરકાવાસો હોય છે એમ કહ્યું છે. તે નરકો અંદરના ભાગમાં ગોળ, બહારના ભાગમાં ચોરસ અને નીચે ક્ષુરપ્રના જેવી આકૃતિવાળા તથા 'તમસા'-પ્રકાશના અભાવથી હમેશાં અંધકારવાળા છે. જ્યાં ગ્રહ, ચન્દ્ર, સૂર્ય, અને નક્ષત્રરૂપ જ્યોતિષ્કોનો માર્ગ નથી એવા છે. મેદ, વસા-ચરબી, પરુનો સમુદાય, રુધિર અને માંસના ચિક્ખિલ્લ-કીચડના અનુલેપન-વારંવાર લીંપાવાથી લિપ્ત-ખરડાયેલું ભૂમિતલ જેઓનું છે એવા, અશુચિ-બીભત્સ, [વિસ્ર-વિષ્ટાની જેવી ગંધવાળા], અત્યન્ત દુરભિગંધવાળા, કાપોત-કૃષ્ણ અગ્નિના વર્ણ જેવા, કર્કશ સ્પર્શવાળા, દુઃખે કરી સહન કરવા યોગ્ય, અશુભ એવા નરકો છે અને તે નરકોમાં અશુભ વેદનાઓ છે. અહીં શર્કરા પ્રભાના નૈરયિકો રહે છે. તે કાળા, કાળી કાન્તિવાળા, જેના દર્શનથી અત્યન્ત રોમાંચ થાય એવા, ભીમ-ભયંકર ઇત્યાદિ બધો અર્થ સૂ૦૧૮માં કહ્યા પ્રમાણે જાણવો. ॥૨૦॥૯૮॥*

**कहि णं भंते! वालुयप्पभापुढवीनेरइयाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! वालुयप्पभापुढवीनेरइया परिवसन्ति? गोयमा! वालुयप्पभाए पुढवीए अट्ठावीसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे छव्वीसुत्तरजोयणसयसहस्से एत्थ णं वालुयप्पभापुढवीनेरईयाणं पन्नरसनिरयावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाण-संठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसियप्पहा, मेद-वसा-पूयपडल-रुहिर-मंस-**

चिक्खिल्ललित्ताणुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, काऊअगणिवन्नाभा, कक्खडफासा दुरहियासा, असुभा नरगा, असुभा नरगेसु वेयणाओ। एत्थ णं वालुयप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे वालुयप्पभापुढवीनेरइया परिवसंति। काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वन्नेणं पन्नत्ता समणाउसो।। ते णं निच्चं भीता, निच्चं तत्था, निच्चं तसिआ, निच्चं उव्विगा, निच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-२१।।९९।।

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! વાલુકાપ્રભા પૃથિવીની જાડાઈ એક લાખ અને અઠ્યાવીશ હજાર યોજન છે, તેમાં ઉપરના ભાગથી એક હજાર યોજન અંદર પ્રવેશીને અને નીચે એક હજાર યોજન છોડીને બાકીના એક લાખ અને છવીશ હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકોના પંદર લાખ નરકાવાસો છે એમ કહ્યું છે. તે નરકો અંદરના ભાગમાં ગોળ-ઇત્યાદિ અર્થ પૂર્વે સૂ૦ ૧૮માં કહ્યા પ્રમાણે જાણવો, પરન્તુ વાલુકાપ્રભા પાઠ કહેવો. ॥૨૧॥૯૯॥

कहि णं भंते! पंकप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! पंकप्पभापुढवीनेरइया परिवसंति? गोयमा! पंकप्पभाए पुढवीए वीसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठारसुत्तरे जोयणसयसहस्से एत्थ णं पंकप्पभापुढवीनेरइयाणं दस निरयावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाण-संठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसियप्पहा, मेद-वसा-पूयपडल-रुहिर-मंसचिक्खिल्ललित्ताणुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, काऊअगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा नरगा, असुभा नरगेसु वेयणाओ। एत्थ णं पंकप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे पंकप्पभापुढवी नेरइया परिवसंति काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वन्नेणं पन्नत्ता समणाउसो।। ते णं निच्चं भीया, णिच्चं तत्था, णिच्चं तसिया, णिच्चं उव्विगा, णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-२२।।१००।।

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત પંકપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો કહ્યાં છે? હે ભગવન્! પંકપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! પંકપ્રભા પૃથ્વિીની જાડાઈ એક લાખ અને વીશ હજાર યોજન છે, તેમાં ઉપરના ભાગથી એક હજાર યોજન પ્રવેશ કરી નીચે એક હજાર યોજન છોડીને બાકીના એક લાખ અને અઢાર હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં પંકપ્રભા પૃથિવીના દસ લાખ નરકાવાસો હોય છે એમ કહ્યું છે. તે નરકો અંદરના ભાગમાં ગોળ-ઇત્યાદિ અર્થ પૂર્વે સૂ૦ ૧૮માં કહ્યા પ્રમાણે જાણવો, પરન્તુ અહીં પંકપ્રભાનો પાઠ કહેવો. ॥૨૨॥૧૦૦॥

कहि णं भंते! धूमप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! धूमप्पभापुढवीनेरइआ परिवसन्ति? गोयमा! धूमप्पभाए पुढवीए अट्ठारसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे सोलसुत्तरे जोयणसयसहस्से, एत्थ णं धूमप्पभापुढवीनेरइयाणं

तिन्नि निरयावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाणसंठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसियप्पहा, मेद-वसा-पूयपडल-रुहिर-मंसचिक्खिल्ललित्ता-णुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, काऊअगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा नरगा, असुभा नरगेसु वेयणाओ। एत्थ णं धूमप्पभापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे धूमप्पभापुढवीनेरइया परिवसन्ति। काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वन्नेणं पन्नत्ता समणाउसो!। ते णं णरगा निच्चं भीता, निच्चं तत्था, निच्चं तसिया, निच्चं उव्विगा, निच्चं परममसुहं संबद्धं नरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-२३।।१०१।।

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! ધૂમપ્રભા પૃથ્વિની જાડાઈ એક લાખ અને અઢાર હજાર યોજન છે, તેમાં ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને બાકીના એક લાખ અને સોળ હજાર યોજન પ્રમાણ મધ્યભાગમાં ધૂમપ્રભા પૃથિવીના ત્રણ લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરના ભાગમાં ગોળ, બહાર ચોરસ—ઈત્યાદિ અર્થ પૂર્વે સૂ૦ ૧૮માં કહ્યા પ્રમાણે કહેવો, પરન્તુ અહીં ધૂમપ્રભાનો પાઠ કહેવો. ॥૨૩॥૧૦૧॥

कहि णं भंते! [1]तमापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! तमापुढवीनेरइया परिवसंति? गोयमा! [1]तमाए पुढवीए सोलसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं[2] जोयणसहस्सं वज्जित्ता मज्झे चउदसुत्तरे जोयणसयसहस्से एत्थ णं तमप्पभापुढवीनेरइयाणं एगे पंचूणे णरगावाससयसहस्से हवन्तीति मक्खायं। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाण-संठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसियप्पहा, मेद-वसा-पूयपडल-रुहिर-मंसचिक्खिल्ललि-त्ताणुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, कक्खडफासा, दुरहियासा, असुभा नरगा, असुभा नरगेसु वेयणाओ, एत्थ णं तमापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे तमप्पभापुढवीनेरइया परिवसंति। काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वन्नेणं पन्नत्ता समणाउसो!। ते णं निच्चं भीता, निच्चं तत्था, निच्चं तसिया, निच्चं उव्विग्गा, निच्चं परममसुहं संबद्धं नरगभयं पच्चणुभवमाणा विहरन्ति ।।सू०-२४।।१०२।।

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા તમઃપ્રભા પૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! તમઃપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! એક લાખ અને સોળ હજાર યોજનની જાડાઈવાળી તમઃપ્રભા પૃથિવીમાં ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડીને બાકીના એક લાખ અને ચૌદ હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં તમઃપ્રભા પૃથિવીના નૈરયિકોના પાંચ ન્યૂન એક લાખ નરકાવાસો છે એમ કહ્યું છે. તે નરકો અંદર ગોળાકાર ઈત્યાદિ અર્થ પૂર્વવત્ (સૂ૦ ૧૮ કહેવો) પરન્તુ 'काऊअगणिवण्णाभा' કૃષ્ણ અગ્નિના જેવા વર્ણવાળા છે—એ પાઠ ન કહેવો અને 'તમઃપ્રભા' એ પાઠ કહેવો.॥૨૪॥૧૦૨॥

१. तमप्पभा; २. हिट्ठा वि एगं (भ.वि. पृ. ५३)

कहि णं भंते! तमतमापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! तमतमापुढवीनेरइया परिवसंति? गोयमा! तमतमाए पुढवीए अट्ठोत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं अद्धतेवन्नं जोयणसहस्सं ओगाहित्ता, हिट्ठा वि अद्धतेवन्नं जोयणसहस्साइं वज्जित्ता मज्झे तीसु जोयणसयसहस्सेसु एत्थ णं तमतमापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं पंचदिसिं पंच अणुत्तरा महइमहालया महानिरया पन्नत्ता। तं जहा- काले महाकाले रोरए[1] महारोरए[2] अपइट्ठाणे। ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाण-संठिया, निच्चंधयारतमसा, ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसियपहा, मेद-वसा-पूयपडल-रुहिर-मंस-चिक्खिल्ललित्ताणुलेवणतला, असुई [वीसा], परमदुब्भिगंधा, कक्खडफासा, दुरहियासा, असुभा नरगा, असुभा नरगेसु वेयणाओ, एत्थ णं तमतमापुढवीनेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे तमतमापुढवीनेरइआ परिवसंति। काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वन्नेणं पन्नत्ता समणाउसो!। ते णं निच्चं भीता, निच्चं तत्था, निच्चं तसिया, निच्चं उव्विगा, निच्चं परममसुहं संबद्धं णरग भयं पच्चणुभवमाणा विहरन्ति। आसीयं बत्तीसं अट्ठावीसं च हुंति वीसं च। अट्ठारस-सोलसगं अट्ठुत्तरमेव हिट्ठिमिया।।१।। अट्ठुत्तरं च तीसं छव्वीसं चेव सयसहस्सं तु। अट्ठारस सोलसगं चउद्दसमहियं तु छट्ठीए ।।२।। अद्धतिवन्नसहस्सा उवरिमहे वज्जिऊण तो भणियं। मज्झे[3] तिसहस्सेसुं होन्ति उ नरगा तमतमाए ।।३।। तीसा य पन्नवीसा पन्नरस दसेव सयसहस्साइं। तिन्नि य पंचूणेगं पंचेव अणुत्तरा नरगा।।४।। ।।सू०-२५।।१०३।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત તમઃતમઃપ્રભાપૃથિવીના નૈરયિકોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! તમઃતમઃપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાં રહે છે? હે ગૌતમ! એક લાખ અને આઠ હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી તમઃતમઃપ્રભા પૃથિવીમાં ઉપરથી સાડી બાવન હજાર યોજન પ્રવેશ કરી અને નીચે પણ સાડી બાવન હજાર યોજન છોડી વચ્ચેના ત્રણ હજાર યોજનમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા તમઃતમઃપ્રભા પૃથિવીના નૈરયિકોના પાંચ દિશાએ પાંચ અનુત્તર એવા મોટામાં મોટા મહા નરકાવાસો કહેલા છે. તે આ પ્રમાણે-૧ કાલ, ૨ મહાકાલ, ૩ રૌરવ, ૪ મહારૌરવ, અને ૫ અપ્રતિષ્ઠાન. તે નરકો અંદરના ભાગમાં ગોળ-ઈત્યાદિ અર્થ પૂર્વની (સૂ૦ ૧૮) પેઠે જાણવો. પરન્તુ 'काऊअगणिवण्णाभा' કાપોત-'કૃષ્ણ અગ્નિના વર્ણ જેવા' એ પાઠ ન કહેવો. નૈરયિકોના બદલે 'તમઃતમઃપ્રભા' એવો પાઠ કહેવો. ક્રમશઃ એક લાખ એંશી હજાર, એક લાખ બત્રીશ હજાર, એક લાખ અઠ્ઠાવીશ હજાર, એક લાખ વીશ હજાર, એક લાખ અઢાર હજાર, એક લાખ સોળ હજાર અને એક લાખ આઠ હજાર યોજન બધાની નીચેની સાતમી નરકપૃથિવીની જાડાઈ છે.*

*એક લાખ અઠ્યોતેર હજાર, એક લાખ ત્રીશ હજાર, એક લાખ છવ્વીશ હજાર, એક લાખ અઢાર હજાર, એક લાખ સોળ હજાર, છઠ્ઠી પૃથિવીના એક લાખ અને ચૌદ હજાર યોજનમાં તથા તમસ્તમા પૃથિવીના ઉપર અને નીચે સાડી બાવન ૨ હજાર છોડીને વચ્ચેના ત્રણ હજાર યોજનમાં નરકાવાસો છે. ત્રીશ લાખ, પચીશ લાખ, પંદર લાખ, દશ લાખ, ત્રણ લાખ, પાંચ ઓછા એક લાખ અને અનુત્તર પાંચ નરકાવાસો ક્રમશઃ જાણવા. ।।૨૫।।૧૦૩।।*

१. रोरुए; २. महारोरुए શાં.સા.ક.; ३. मज्झे उ तीसु सहस्सेसु होन्ति णरगा-શાં. સા. ખ.

(टी०) એમ સામાન્ય રીતે નૈરયિક સૂત્રની વ્યાખ્યા કરી. એ પ્રમાણે રત્નપ્રભાદિના સૂત્રોનો યથાયોગ્યપણે વિચાર કરવો. પરન્તુ છટ્ઠી તમઃપ્રભા અને સાતમી તમઃતમઃપ્રભા નરકપૃથિવીમાં જે નરકાવાસો છે તે 'कापोताग्निवर्णाभाः' કાપોત-કૃષ્ણ અગ્નિના વર્ણ જેવા ન કહેવા, કારણ કે ત્યાં નારક જીવોની ઉત્પત્તિ સ્થાન સિવાય અન્ય બધેય સ્થળે શીતપરિણામ છે. તેથી આ પ્રમાણે કહેવામાં આવશે—'नवरं छट्ठसत्तमीसु णं काऊअगणिवण्णाभा न भवन्ति' પરન્તુ કેવળ છટ્ઠી અને સાતમી નરકપૃથિવીમાં નરકાવાસો કાપોત-કૃષ્ણ અગ્નિના વર્ણ જેવા (ઉષ્ણરૂપ) નથી" હવે પૂર્વોક્ત નરકપૃથિવીની જાડાઇનું પરિમાણ બતાવનારી સંગ્રહણી ગાથા કહે છે—'आसीयं बत्तीसं'-ઇત્યાદિ. 'आशीतं'-એંશી હજાર અધિક એક લાખ યોજન રત્નપ્રભાની જાડાઇ છે. 'द्वात्रिंशं'-બત્રીસ હજાર અધિક એક લાખ યોજન શર્કરા પ્રભાની, 'अष्टाविंशं' અઠ્યાવીશ હજાર અધિક એક લાખ યોજન વાલુકાપ્રભાની, વીશ હજાર અધિક એક લાખ યોજન પંકપ્રભાની, અઢાર હજાર અધિક એક લાખ યોજન ધૂમપ્રભાની, સોળ હજાર અધિક એક લાખ યોજન તમઃપ્રભાની અને આઠ હજાર અધિક એક લાખ યોજન 'हेट्ठिमिया' સર્વની નીચે રહેલી તમઃતમઃપ્રભા પૃથિવીની જાડાઇ છે. હવે ઉપર અને નીચે એક એક હજાર યોજન મૂકીને જેટલી નરકાવાસને યોગ્ય નરકપૃથિવીની જાડાઇ છે તેનો સંગ્રહ કરવાની ઇચ્છાવાળા આચાર્ય કહે છે—'अट्ठहुत्तरं' ઇત્યાદિ બે ગાથાઓ છે. રત્નપ્રભાની જાડાઇનું પરિમાણ એક લાખ ને એંશી હજાર યોજન છે. તેમાં એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચે છોડીને બાકી રહેલું ક્ષેત્ર નરકાવાસનું આધારભૂત છે. માટે રત્નપ્રભાની નરકાવાસ યોગ્ય જાડાઇનું પ્રમાણ એક લાખ અને અઠ્યોતેર હજાર યોજન છે. એમ બધે સ્થળે ઉપયોગ રાખીને વિચાર કરવો. હવે નરકાવાસની સંખ્યા બતાવવા માટે સંગ્રહણી ગાથા કહે છે. 'तीसा य' ઇત્યાદિ. તેનો અર્થ સ્પષ્ટ છે. ॥૨૫॥૧૦૩॥

## ॥ पंचिंदियतिरिक्खजोणियठाणाइं ॥

**कहि णं भंते! पंचिंदियतिरिक्खजोणियाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? गोयमा! उड्ढलोए तदेक्कदेसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु, तलाएसु, नदीसु, दहेसु, वावीसु, पुक्खरिणीसु, दीहियासु, गुंजालियासु, सरेसु, सरपंतियासु, सरसरपंतियासु, बिलेसु, बिलपंतियासु, उज्झरेसु, निज्झरेसु, चिल्ललेसु, पल्ललेसु, वप्पिणेसु, दीवेसु, समुद्देसु, सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं पंचिंदियतिरिक्खजोणियाणं पज्जत्तापज्जत्तगाणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं सव्वलोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं सव्वलोयस्स असंखेज्जइभागे ।।सू०-२६।।१०४।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! ઊર્ધ્વ લોકમાં તેના એક ભાગમાં, અધોલોકમાં તેના એક ભાગમાં, તિર્યગ્લોકમાં કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવરપંક્તિઓ, સરઃસરઃપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, ઉજ્ઝરો-ઝરણાઓ, નિર્ઝરાઓ, છિલ્લરો, પલ્વલો, વપ્રો-ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો અને બધા જલાશયો અને જળના સ્થાનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોના સ્થાનો છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે સર્વ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.॥૨૬॥૧૦૪॥*

## ॥ मणुस्सठाणाइं ॥

**कहि णं भंते! मणुस्साणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? गोयमा! अंतो मणुस्सखेत्ते पणयालीसाए जोयणसयसहस्सेसु अड्ढाइज्जेसु दीवसमुद्देसु, पन्नरससु कम्मभूमीसु, तीसाए अकम्मभूमीसु, छप्पन्नाए अंतरदीवेसु, एत्थ णं मणुस्साणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएण लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।।सू०-२७।।१०५।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા મનુષ્યોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્રની અંદર અઢી દ્વીપ અને સમુદ્રોમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં અને છપ્પન અંતરદ્વીપમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા મનુષ્યોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાત વડે સર્વ લોકમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. ।।૨૭।।૧૦૫।।*

## ।। भवणवासिदेवठाणाइं ।।

कहि णं भंते! भवणवासीणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! भवणवासी देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए [1]असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झिम अट्ठहत्तरे जोयणसयसहस्से एत्थ णं भवणवासीणं देवाणं सत्त भवणकोडीओ बावत्तरि भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। तेणं भवणा बाहिं वट्टा, अन्तो समचउरंसा, अहे पुक्खरकन्नियासंठाणसंठिया, [2]उक्किन्नंतरविउलगंभीरखातफलिहा[परिहा], पागारऽट्टालय-कवाड-तोरण-पडिदुवारदेसभागा, जंत-सयग्घि-मुसल-मुसंढिपरियरिया, अउज्झा, सदाजया, सदागुत्ता, अडयालकोट्ठगरइया, अडयालकयवणमाला, खेमा, सिवा, किंकरामरदंडोवरक्खिया, लाउल्लोइयमहिया, गोसीस-सरसरत्तचंदणदद्दरदिन्नपंचंगुलितला, उवचियचंदणकलसा, चंदणघडसुकयतोरणपडिदुवारदेसभागा, आसत्तोसत्तविउलवट्टवग्घारियमल्लदामकलावा, पंचवन्नसरससुरभिमुक्कपुप्फपुंजोवयारकलिया, (ग्रंथाग्रं १०००) कालागुरु-पवरकुंदुरुक्क-तुरुक्कधूव मघमघेंतगंधुद्धुयाभिरामा, सुगंधवरगंधिया, गंधवट्टिभूया, अच्छर-गणसंघसंविगिन्ना, दिव्वतुडियसद्दसंपणदिया, सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, णीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पहा, सस्सिरिया, समरिया, सउज्जोया, पासातीता, दरसणिज्जा, अभिरूवा, पडिरूवा। एत्थ णं भवणवासिदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे भवणवासी देवा परिवसंति। तं जहा–असुरा नाग-सुवन्ना विज्जू अग्गी य दीव उदही य। दिसिपवणथणियनामा दसहा एए भवणवासी।। [1]चूडामणिमउडरयण-भूसणणा[2]गफड-गै[3]रुल-वै[4]इर-पै[5]न्नकलसविउप्फेस-सी[6]हि-ह[7]य-वर-गै[8]यअंक-मै[9]गर-वरवै[10]द्धमाण-निज्जुत्तचित्तचिंधगता, सुरूवा, महड्डिया, महज्जुइआ, महायसा, महब्बला, महाणुभागा, महासोक्खा, हारविराइअवच्छा, कडगतुडियथंभियभुआ, अंगदकुंडलमट्ठगंडतलकन्नपीढधारी, विचित्तहत्थाभरणा, विचित्तमालामउलिमउडा, कल्लाणगपवरवत्थपरिहिया, कल्लाणगपवरमल्लाणुलेवणधरा, भासुरबोंदि पलंबवणमालधरा, दिव्वेणं वन्नेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्डीए दिव्वाए जुईए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा, ते णं तत्थ साणं साणं भवणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं तायत्तीसगाणं, साणं साणं लोगपालाणं, साणं साणं अग्गमहिसीणं, साणं साणं परिसाणं, साणं साणं अणिआणं, साणं साणं अणिआहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं भवनवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं

१. आसी. २. उक्किण्णंतरगंभीर इति हरिभद्रटीकायां पाठः

**कारेमाणा, पालेमाणा, महताऽहत-नट्ट-गीय-वाइयतंति-तल-ताल-तुडिय-घणमुयंगपडुप्पवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।।सू०-२८।।१०६।।**

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા ભવનવાસી દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! ભવનવાસી દેવો ક્યાં વસે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીની જાડાઇ એંશી હજાર અધિક એક લાખ યોજન પ્રમાણ છે. તેમાં ઉપરના ભાગથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને એક લાખ ને અઠ્યોતેર હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં ભવનવાસી દેવોના સાત ક્રોડ અને બહોંતેર લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ, અન્દરના ભાગમાં ચતુષ્કોણ અને નીચેના ભાગમાં કમળની કર્ણિકાની આકૃતિવાળાં છે, ઉત્કીર્ણ-જાણે કે કોતરેલ હોયની શું એવા સ્પષ્ટ અન્તરવાળી, વિસ્તીર્ણ અને ઉંડી ખાત (ખાઇ) અને પરિખા જેની ચારે તરફ છે એવાં, જેના પ્રાકારને વિષે અટ્ટાલક, કમાડ, તોરણો અને પ્રતિદ્વાર-નાની બારીઓ છે એવાં, યન્ત્રો, શતઘ્ની (મોટી લકડી) મુશલ અને મુસંઢીથી યુક્ત, જ્યાં યુદ્ધ કરી ન શકાય એવાં, હમેશાં જયવાળાં, હમેશાં રક્ષણ કરાયેલાં, અડતાળીશ ઓરડાઓની રચનાવાળાં, અડતાળીશ વનમાળાઓની રચનાવાળાં, ઉપદ્રવ રહિત,. મંગલરૂપ, કિંકર દેવોથી દંડ વડે રક્ષણ કરાયેલાં, લીંપણ અને ધોળવા વડે સુશોભિત, ઘાટા ગોશીર્ષચંદન અને સરસ રક્તચંદન વડે જ્યાં હસ્તના થાપા માર્યા છે એવા, જ્યાં ચંદનના કલશો મૂક્યા છે એવા, ચંદનના ઘટ વડે સુશોભિત તોરણો જેના લઘુ દ્વારોના એક ભાગમાં આવેલા છે એવા, ભૂમિની નીચે લાગેલા અને ઉપર લટકાવેલ ફૂલની માળાઓના ઝુમખાંવાળા, વેરાયેલા પાંચ વર્ણના સરસ સુગંધી પુષ્પના ઢગલાઓની શોભાવડે યુક્ત, કાળા અગર, શ્રેષ્ઠ કીંદરુ અને શિલારસના ધૂપની ચોતરફ પ્રસરતી ગંધવડે અત્યંત મનોહર, ઉત્તમ પ્રકારના ગંધયુક્ત સુગંધી પદાર્થોની ગંધવાળાં, સુગંધી દ્રવ્યોની ગુટિકારૂપ, અપ્સરાઓના ગણના સમુદાય વડે વ્યાપ્ત, દિવ્ય વાદિંત્રોના શબ્દ વડે યુક્ત, સર્વ રત્નમય, અતિસ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસેલાં, સાફ કરેલાં, રજરહિત, નિર્મલ, નિષ્પંક, નિરાવરણ કાન્તિવાળાં, પ્રભાવાળાં, કીરણોવાળાં, ઉદ્યોતવાળાં, મનને પ્રસન્ન કરનારાં, દર્શનીય-જોવા યોગ્ય, અત્યંત સુંદર, અને પ્રતિક્ષણ નવીન નવીન રૂપને ધારણ કરનારાં હોય છે. આ ભવનોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ભવનવાસી દેવોના સ્થાનો છે. તેઓ ઉપપાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતવડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલાં છે. ત્યાં ઘણા ભવનવાસી દેવો રહે છે. તે આ પ્રમાણે-''અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, પવનકુમાર, અને સ્તનિતકુમાર-એ દસ પ્રકારના ભવનવાસી દેવો છે.'' ૧ચૂડામણિ નામે રત્ન જેના મુકુટમાં છે, જેઓના ભૂષણમાં નાગની ફેણ ૨, ગરુડ ૩ અને વજ્ર ૪ છે, તથા પૂર્ણ ૫ કળશ વડે અંકિત-યુક્ત 'उप्फेस'-મુકુટ જેઓનો છે, જેના ભૂષણમાં સિંહ ૬ અશ્વવર ૭-ઘોડો અને શ્રેષ્ઠ ૮ હાથીરૂપ ચિહ્ન છે, જેના ભૂષણમાં ચિત્ર-આશ્ચર્ય કરનાર ૯ મગર અને ૧૦ વર્ધમાન-શરાવસંપુટ રૂપ ચિહ્ન નિયુક્ત છે એવા (અનુક્રમે અસુરકુમારાદિ) ભવનવાસી દેવો છે. તેઓ સુંદર રૂપવાળા, મહા ઋદ્ધિવાળા, મહા કાન્તિવાળા, મહા બલવાળા, મહા યશવાળા, મહા ઐશ્વર્યવાળા તરીકે સુપ્રસિદ્ધ, (મહા સુખવાળા) હારવડે સુશોભિત છાતીવાળા, કડા અને બાજુબંધથી જેના હાથ સ્તંભિત થયેલા છે એવા, અંગદ, કુંડલ તથા જેણે બન્ને કપોલપ્રદેશ-ગાલનો સ્પર્શ કર્યો છે એવા કર્ણપીઠને ધારણ કરનારા, વિચિત્ર હસ્તાભરણવાળા, જેના મસ્તકને વિષે વિચિત્ર માળા અને મુકુટ છે એવા, કલ્યાણકારી શ્રેષ્ઠ વસ્ત્ર જેણે પહેર્યાં છે એવા, કલ્યાણકારી શ્રેષ્ઠ માળા અને વિલેપનને ધારણ કરનારા, દેદીપ્યમાન શરીરવાળા અને લાંબી લટકતી વનમાળાને ધારણ કરનારા, દિવ્ય વર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંઘયણ, દિવ્ય સંસ્થાન (આકૃતિ) દિવ્ય ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્ય પ્રભા, દિવ્ય છાયા-સમૂહગત શોભા, દિવ્ય

*અર્ચી–રત્નાદિની કાંતિ, દિવ્ય તેજ અને દિવ્ય લેશ્યા–શરીર વર્ણના સૌન્દર્ય વડે દસ દિશાઓને ઉદ્દ્યોતવાળી કરતા, શોભતા પોતપોતાના લાખો ભવનવાસોનું પોતપોતાના હજારો સામાનિક દેવોનું, પોતપોતાના ત્રાયસ્ત્રિંશ દેવોનું, પોતપોતાના લોકપાલોનું, પોતપોતાની અગ્રમહિષીઓનું, પોતપોતાની પર્ષદાઓનું, પોતપોતાના સૈન્યોનું, પોતપોતાના સૈન્યના અધિપતિઓનું, પોતપોતાના હજારો આત્મરક્ષક દેવોનું, અને બીજા ઘણા ભવનવાસી દેવો તથા દેવીઓનું અધિપતિપણું, અગ્રેસરપણું, સ્વામિપણું, ભર્તાપણું, વડીલપણું, આજ્ઞાવડે ઈશ્વરપણું તથા સેનાના અધિપતિપણું બીજા પાસે કરાવતા અને સ્વયં પાલન કરતા, નિત્ય પ્રવર્તમાન નૃત્ય, ગાયન, તથા વાગેલા વીણા, હસ્તતલ, કાંસી અને બીજા વાદિત્રોના મોટા શબ્દ વડે દિવ્ય—પ્રધાન ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતા રહે છે. ॥૨૮॥૧૦૬॥*

(ટી૦) **'कहिणं भंते भवणवासीणं देवाणं'** ઇત્યાદિ. **'अशीत्युत्तरयोजनशतसहस्रबाहल्यायाः'** એંશી હજાર અધિક શતસહસ્ર—એક લાખ યોજન બાહલ્ય—જાડાઇ જેની છે એવી રત્નપ્રભા પૃથિવીની ઉપર અને નીચે એક એક હજાર યોજન છોડીને મધ્યના એક લાખ અને અઠ્યોતેર હજાર યોજનમાં સાત ક્રોડ અને બહોતેર લાખ ભવનો છે. અસુરકુમાર દેવોના ચોસઠ લાખ ભવનો છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ આકૃતિવાળાં, અંદરના ભાગમાં સરખા ચાર ખુણાવાળાં અને નીચેના ભાગમાં **'कमलकर्णिकासंस्थानसंस्थितानि'** કમલની કર્ણિકાની–સંસ્થાન–આકૃતિવાળાં છે. કમળના મધ્ય ભાગમાં ઊંચી, સમાન અને વિચિત્ર બિન્દુ–ટપકાવાળી કર્ણિકા કહેવાય છે. **'उत्कीर्णान्तरविपुलगंभीरखातपरिखानि'** ઉત્કીર્ણ—જાણે કે કોતરેલું હોયની શું એવું એટલે અત્યન્ત સ્પષ્ટ અન્તર–ભેદ જેઓનો છે એવી વિપુલ અને ગંભીર ખાત અને પરિખા જેની ચારે તરફ આવેલી છે એવાં, એટલે ખાત અને પરિખાનો સ્પષ્ટ ભેદ માલુમ પડે તે માટે બન્નેની વચ્ચે એક મોટી પાળ છે. અર્થાત્ સ્પષ્ટ અન્તરવાળી વિપુલ—વિસ્તીર્ણ, ગંભીર–જેનો તાગ ન આવી શકે એવી (ઉંડી) ખાત અને પરીખા તે ભવનોની ચારે તરફ આવેલી છે. ખાત અને પરિખાની એટલી વિશેષતા છે કે પરિખા ઉપર પહોળી અને નીચે સંકુચિત હોય છે અને ખાત ઉપર અને નીચે બન્ને સ્થળે સરખી હોય છે. **'प्राकाराट्टालककपाटतोरणप्रतिद्वारदेशभागानि'** દરેક ભવનના પ્રાકારો–કિલ્લાઓને વિષે અટ્ટાલક–કિલ્લા ઉપરના નોકરોને રહેવાના સ્થાન, કપાટ–પોળના દ્વારના કમાડો, એથી બધા ભવનોમાં પોળો હોય છે એ સૂચિત કર્યું, અન્યથા અહિં કમાડોનો અસંભવ છે. પોળના દ્વારના તોરણો, અને પ્રતિદ્વાર—મોટા બારણાઓમાં રહેલી નાની બારીઓ તે રૂપ દેશભાગ–વિભાગો જેમાં છે એવાં, **'यन्त्रशतघ्नीमुशलमुसंढीपरिवारितानि'** નાના પ્રકારના યન્ત્રો, શતઘ્ની–મોટી લાકડીઓ અથવા મોટી શિલાઓ કે જે પાડવામાં આવી હોય તો સો પુરુષોનો નાશ કરે, મુશલ પ્રસિદ્ધ છે અને મુસંઢી એક જાતનું શસ્ત્ર છે, તેઓ વડે પરિવારિત–યુક્ત એવાં, એથી જ હમેશાં 'અયોધ્યાનિ'—બીજાઓ વડે જ્યાં યુદ્ધ કરવું અશક્ય છે એવાં, માટે જ **'सदाजयानि'** જેઓનો સર્વદા જય છે એવાં, **'सदागुप्तानि'** હમેશાં યુદ્ધ કરનારા પુરુષોથી શસ્ત્રોવડે ગુપ્ત–સુરક્ષિત એવાં, કેમકે યોદ્ધાઓ તે ભવનની ચોતરફ નિરંતર રહેલા હોવાથી ત્યાં અન્ય શત્રુઓનો જરા પણ પ્રવેશ થવો સંભવિત નથી. **'अडयाल(अष्टचत्वारिंशत्)कोष्ठकरचितानि'** અડતાળીશ પ્રકારની રચનાયુક્ત કોષ્ઠક–ઓરડાઓ (શાશ્વત હોવાથી) જ્યાં સ્વતઃ રચેલાં છે એવાં, અને **'अडयालकृतवनमालानि'** અડતાળીશ પ્રકારની ભિન્ન રચનાવાળી વનમાળાઓ જ્યાં છે એવાં ભવનો છે. આના સંબંધમાં અન્ય આચાર્યો કહે છે કે—'અડયાલ' શબ્દ દેશીશબ્દ હોવાથી પ્રશંસાનો વાચક છે. માટે જેમાં પ્રશસ્ત કોષ્ઠક–ઓરડાઓ રચેલા છે એવાં અને પ્રશસ્તરચનાવાળી વનમાલાઓ જેમાં છે એવાં ભવનો છે. **'क्षेमाणि'**—અન્યથી કરાયેલા ઉપદ્રવ રહિત, **'शिवानि'**—સદા મંગલયુક્ત, તથા **'किंकरामरदंडोपरक्षितानि'** કિંકર—ચાકર રૂપે રહેલા જે દેવો છે તેઓથી દંડ વડે ચોતરફ રક્ષણ કરાયેલાં છે. **'लाउल्लोइयमहितानि'** લાઇય–ભૂમિને છાણ વગેરેથી લીંપવું; **'उल्लोइय'** ભીંત અને માળને ખડી વગેરેથી ધોળવું, તે વડે મહિત—પૂજિત, સુશોભિત એવાં, તથા **'गोशीर्षसरसरक्तचंदनदर्दरदत्तपंचांगुलितलानि'** દર્દર–ગાઢ અથવા ચપેટા–હથેળી રૂપે ગોશીર્ષ નામના ચંદન અને સરસ

રક્ત ચંદન વડે દત્તપઞ્ચાગુલિતલ—થાપા આપેલા છે જેને વિષે એવાં, '**उपचितचन्दनकलशानि**' ઉપચિત—મૂક્યાં છે. ચંદનકલશ—માંગલિક કલશો જેને વિષે એવાં, '**चन्दनघटसुकृततोरणप्रतिद्वारदेशभागानि**' ચંદનના ઘટ-કલશો વડે સુકૃત—સારી રીતે કરેલા અર્થાત્ સુશોભિત તોરણો જેના પ્રતિદ્વાર—નાના બારણાના દેશભાગને વિષે છે એવાં, '**आसक्तोत्सक्तविपुलकृतवग्घारिय (प्रलंबित) माल्यदामकलापानि**' આસક્ત–ભૂમિમાં લાગેલું, ઉત્સક્ત—ઉપર ચંદરવાની નીચે વિપુલ—વિસ્તીર્ણ, વૃત્ત—ગોળ '**वग्घारिय**'–પ્રલંબિત લટકતી પુષ્પની માલાઓનો સમૂહ જેને વિષે છે એવાં, '**पंचवर्णसरससुरभिमुक्तपुष्पपुंजोपचारकलितानि**' મૂકેલા પાંચ વર્ણના સરસ સુગંધી પુષ્પના ઢગલાના ઉપચાર—શોભાથી યુક્ત, '**कालागुरुप्रवरकुन्दरुक्कतुरुष्क-धूपमघमघायमानगन्धोद्धुताभिरामाणि**' કાલાગુરુ—અગર, પ્રવર-પ્રધાન, કુંદરુક્ક-કીંદરુ, તુરુષ્ક–શિલારસ, તેના ધૂપના મઘમઘાયમાન—ચારે તરફ પ્રસરેલા ઉદ્ધુત—ઉત્કટ ગન્ધ વડે અભિરામ—મનોહર, '**सुगन्धवरगन्धगन्धिकानि**' તથા સુંદર ગન્ધવાળા ઉત્તમ સુગંધી પદાર્થોના ગંધ યુક્ત, એથી '**गन्धवर्तिभूतानि**' સુગન્ધના અતિશયપણાથી સુગન્ધ દ્રવ્યની ગુટિકા જેવાં, તથા '**अप्सरोगणसंघसंविकीर्णानि**' અપ્સરાઓના ગણના સંઘ–સમુદાય વડે સંસમ્યક્ અત્યંત રમણીયપણાથી વિકીર્ણ–વ્યાપ્ત થયેલાં, તથા '**दिव्यत्रुटितशब्दसंप्रणदितानि**' દિવ્ય ત્રુટિત–વેણુ, વીણા અને મૃદંગાદિ વાદિંત્રના શબ્દો વડે '**संप्रणदित**'—સમ્યક્ શ્રોતાઓના મનને હરણ કરવા વડે પ્રકર્ષ—સર્વકાલ નદિત-શબ્દવાળાં, '**सर्वरत्नमयानि**' બધા ય રત્નમય, પરન્તુ એક ભાગ રત્નમય નહિ એવાં, અચ્છાનિ–આકાશ અને સ્ફટિકની પેઠે અત્યંત સ્વચ્છ, '**श्लक्ष्णानि**' સ્નિગ્ધ પુદ્ગલ સ્કન્ધો વડે બનેલાં, સ્નિગ્ધ અવયવથી બનેલા પટની પેઠે, '**लण्हानि**' મસૃણ–ઘુંટેલા પટની પેઠે કોમળ, '**घृष्टानि**' બરસઠ સરાણના પત્થરની પાષાણપ્રતિમાની પેઠે ઘસેલા, '**मृष्टानि**'—કોમળ સરાણ વડે પાષાણ પ્રતિમાની પેઠે ઘસી કોમળ કરેલા, તેથી '**नीरजांसि**'–સ્વભાવિક રજરહિત હોવાથી ધૂળ વિનાનાં, '**निर्मलानि**' આગન્તુક મેલ રહિત હોવાથી નિર્મલ, '**निष्पंकानि**' કલંકરહિત, અથવા કીચડરહિત, '**निष्कंटकछायानि**'–નિષ્કંટક—આવરણરહિત કોઈપણ પ્રકારના ઉપઘાતરહિત છાયા—કાન્તિવાળાં, '**सप्रभाणि**' સ્વરૂપથી પ્રભાવાળાં, '**समरीचीनि**' બહાર નીકળતાં કીરણના સમુદાયવાળાં, '**सोद्योतानि**' બહાર રહેલા વસ્તુના સમૂહને પ્રકાશ કરનારાં, '**प्रसादीयानि**' મનની પ્રસન્નતા કરનારા, તથા '**दर्शनीयानि**' જોવા યોગ્ય, જેને જોવાથી ચક્ષુને શ્રમ પડતો નથી એવાં, '**अभिरूपाणि**' અભિ–બધા જોનારાના મનની પ્રસન્નતાને અનુકૂલ હોવાથી અભિમુખ રૂપ જેઓનું છે એવાં, અર્થાત્ અત્યન્ત મનોહર, એથી જ '**प्रतिरूपाणि**' પ્રતિવિશિષ્ટ–ઉત્તમ પ્રકારનું રૂપ જેઓનું છે એવાં, અથવા પ્રતિક્ષણ નવીન નવીન રૂપ જેઓનું છે એવાં ભવનો છે. [અહીં ભવનવાસી દેવો રહે છે.]

'**एते भवनवासी**' ઇત્યાદિ. હમણાં જ જેઓના ભેદો કહ્યા તે અસુરકુમારાદિ ભવનવાસી દેવો અનુક્રમે '**चूडामणिमुकुटरत्नभूषणनियुक्तनागस्फटादिचित्रचिह्नधराश्च**' મુકુટમાં ચૂડામણિ રત્ન જેઓને છે એવા, તથા ભૂષણમાં નિયુક્ત નાગની ફેણ વગેરે ચિહ્નને ધારણ કરનારા હોય છે. તે આ પ્રમાણે–જેઓને મુકુટમાં ચૂડામણિ નામે રત્ન ચિહ્નરૂપે છે એવા અસુરકુમાર ભવનવાસી છે. ભૂષણમાં રહેલા નાગની ફેણરૂપ ચિહ્નને ધારણ કરનારા નાગકુમારો છે, ભૂષણમાં રહેલા ગરુડરૂપ ચિહ્નને ધારણ કરનારા સુવર્ણકુમારો છે. ભૂષણમાં રહેલા વજ્રરૂપ ચિહ્નને ધારણ કરનારા વિદ્યુત્કુમારો છે. વજ્ર એ શક્રેન્દ્રનું આયુધ છે. અગ્નિકુમારો મુકુટમાં રહેલા પૂર્ણકલશરૂપ ચિહ્નને ધારણ કરનારા છે. દ્વિપકુમારો ભૂષણમાં સિંહરૂપ ચિહ્નને ધારણ કરનારા હોય છે. ઉદધિકુમારો ભૂષણમાં હયવર–અશ્વરૂપ ચિહ્નને ધારણ કરે છે. દિક્કુમારો ભૂષણમાં ગજરૂપ ચિહ્નને ધારણ કરનારા છે. વાયુકુમારો ભૂષણમાં મગરરૂપ ચિહ્નને ધારણ કરે છે. સ્તનિતકુમારો ભૂષણમાં વર્ધમાન–શરાવસંપુટરૂપ ચિહ્નને ધારણ કરે છે. અક્ષરાર્થ આ પ્રમાણે છે–'**भूषणनागस्फटागरुडवज्रा.**' ભૂષણોમાં નાગસ્ફટો, ગરુડ અને વજ્ર જેઓને છે એવા, તથા '**पूर्णकलशांकितोप्फेसा:**' પૂર્ણ કલશવડે અંકિત–ચિહ્નવાળો ઉપ્ફેસ–મુકુટ જેઓનો છે એવા, તથા '**सिंहहयवरगजांका:**' સિંહ, હયવર–અશ્વ અને હાથીરૂપ અંક–ચિહ્ન જેઓના ભૂષણને વિષે છે એવા, '**मकरवर्धमाननियुक्तचित्रचिह्नगता:**' તેમજ

મકર અને વર્ધમાનક–શરાવસંપુટ નિયુક્ત–ભૂષણમાં–યોજેલાં ચિત્ર–આશ્ચર્યભૂત ચિહ્નો ગત–રહેલાં જેઓને છે એવા અસુરકુમારાદિ દેવો છે. વળી તે દેવો કેવા છે? **'सुरूपाः'**–સુન્દર રૂપવાળા,–અત્યંત ઇચ્છવાલાયક રૂપ જેઓનું છે એવા, **'महर्द्धिकाः'**– ભવનપરિવારાદિ મહાન્ ઋદ્ધિવાળા, તેમજ **'महाद्युतयः'** શરીરની અને આભરણોની મહા દ્યુતિ–કાન્તિવાળા, તથા 'મહાબલાઃ' શરીર સંબંધી બલ જેઓમાં છે એવા, **'महायशसः'** મહાન્ યશ જેઓને છે એવા, તથા **'महानुभागाः'** મહાન્ અનુભાગ–શાપ અને અનુગ્રહ કરવાનું સામર્થ્ય જેઓને છે એવા, **'महेसक्खाः'**–મહેશાખ્યાઃ–મહાન ઈશ–ઈશ્વર, ઐશ્વર્યયુક્ત એવી આખ્યા– પ્રસિદ્ધિવાળા, અથવા મહાન્ પોતાના ઈશ–ઐશ્વર્ય જણાવનારા, કવચિત્ **'महासोक्खाः'** **महासौख्याः** એવો પાઠ છે. પુષ્કળ સાતા વેદનીયના ઉદયથી મોટા સુખવાળા, કોઇ આચાર્યો **'महासक्खाः'** એવો પાઠ કહે છે. તેનો શબ્દસંસ્કાર 'મહાશ્વાક્ષ' એવો થાય છે. તેની પૂર્વાચાર્યોએ આ પ્રમાણે વ્યુત્પત્તિ બતાવી છે–'આશુ ગમનાદ્ અશ્વઃ'–જલદી ગમન કરે છે માટે અશ્વ– મન, અને પોતપોતાના વિષયને વ્યાપ્ત કરે છે માટે અક્ષ–ઇન્દ્રિય, એટલે મહાન્ મન અને ઇન્દ્રિયો જેઓને છે એવા, **'हारविराजितवक्षसः'** હાર વડે સુશોભિત છે વક્ષસ્થલ જેઓનું એવા, **'कटकत्रुटितस्तम्भितभुजाः'** કટક–કડા અને ત્રુટિત– બાહુરક્ષક–બહેરખાં, તે વડે સ્તંભિત–અક્કડ થયેલી ભુજાઓ જેઓની છે એવા, **'अंगद–कुंडल–मृष्टगंडकर्णपीठधारिणः'** અંગદ–બાહુશીર્ષાભરણ, બાજૂબંધ, કુંડલ–કર્ણના આભરણવિશેષ અને મૃષ્ટ–સ્પર્શ કર્યો છે ગંડ–કપોલ પ્રદેશનો જેણે એવા કર્ણપીઠ–કર્ણના આભરણવિશેષને ધારણ કરનારા, **'विचित्रहस्ताभरणाः'** વિચિત્ર હાથના આભૂષણો જેઓને છે એવા, **'विचित्रमालामौलिमुकुटाः'** વિચિત્ર પુષ્પની માળા અને મસ્તકને વિષે મુકુટ જેઓને છે એવા, 'કલ્યાણકપ્રવરવસ્ત્રપરિહિતાઃ' કલ્યાણક–કલ્યાણકારી પ્રવર–શ્રેષ્ઠ વસ્ત્ર પરિહિત–પહેર્યું છે જેણે એવા, **'कल्याणकप्रवरमाल्यानुलेपनधराः'**–કલ્યાણકારી ઉત્તમ પુષ્પની માળા અને વિલેપનને ધારણ કરનારા, **'भास्वरबोन्दयः'** ભાસ્વર–દેદીપ્યમાન બોંદિ–શરીરવાળા, તથા **'प्रलम्बवनमालाधराः'** લાંબી વનમાળાને ધારણ કરનારા, **'दिव्यसंहननेन'** દિવ્ય સંઘયણવડે, અહીં શક્તિવિશેષની અપેક્ષાએ સંઘયણ જાણવું, પરંતુ સાક્ષાત્ સંઘયણ ન સમજવું. કારણ કે દેવોને સંઘયણ હોતું નથી. સંઘયણ અસ્થિની રચનારૂપ છે, અને દેવોને અસ્થિ હોતાં નથી. જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે—**"देवा असंघयणी, जम्हा तेसिं नेवट्ठी नेव सिरा ।"**–"દેવો સંઘયણ રહિત હોય છે, કારણ કે તેઓને અસ્થિ અને સિરાઓ–નસો હોતી નથી"–ઇત્યાદિ. **'दिव्यया ऋद्ध्या'** દિવ્ય–પ્રધાન પરિવારાદિક ઋદ્ધિવડે, **'दिव्यया द्युत्या'** દિવ્ય–ઇષ્ટાર્થના સંયોગરૂપ દ્યુતિવડે, કારણે કે 'દ્યુ' ધાતુ અભિગમન–ઇષ્ટાર્થના સંયોગના અર્થમાં છે. **'दिव्यया प्रभया'** ભવન અને આવાસ સંબંધી દિવ્ય પ્રભાવડે, **'दिव्यया छायया'** દિવ્ય છાયા– સમુદાયની શોભાવડે, **'दिव्यया अर्चिषा'** શરીર ઉપર ધારણ કરેલાં રત્નાદિની તેજોજ્વાલાવડે, **'दिव्येन तेजसा'** દિવ્ય શરીરજન્ય તેજવડે, **'दिव्यया लेश्यया'** દિવ્ય દેહ અને વર્ણની સુન્દરતારૂપ લેશ્યાવડે, **'दश दिश उद्द्योतयन्तः'** દશ દિશાઓને પ્રકાશિત કરતા અને **'प्रभासमानः'** શોભતા એવા ભવનવાસી દેવો તે પોતાના સ્થાનને વિષે **'साणं साणं–स्वेषां स्वेषां'** પોતપોતાના ભવનાવાસાદિનું **'आहेवच्चं–आधिपत्यं'**–અધિપતિપણું–રક્ષા કરાવતા, તે રક્ષા સામાન્ય આરક્ષકવડે પણ કરાય છે, માટે કહે છે–**'पौरपत्यं'**–નગરપતિપણું, એટલે પોતાના આત્મીય વર્ગનું અગ્રેસરપણું, તે નાયકપણા સિવાય પણ નાયકે નીમેલા તેવા ગૃહચિન્તક સામાન્ય પુરુષનું પણ હોય છે, માટે પોતાનું નાયકપણું બતાવવા કહે છે–**'स्वामित्वं'** સ્વામીપણું–નાયકપણું, તે નાયકપણું પોષકપણા સિવાય પણ હોય છે. જેમ સિંહ હરિણનો નાયક કહેવાય છે પણ પોષક નથી, તેથી પોષકપણું બતાવવા માટે કહે છે–**'भर्तृत्वं'** ભર્તાપણું–પોષકપણું છે, એથી **'महत्तरकत्वं'** મહત્તરપણું છે, તે મહત્તરપણું આજ્ઞા–સત્તા રહિતનું પણ હોય છે જેમકે, કોઇ વણિકનું પોતાના નોકરવર્ગ પ્રતિ હોય છે, માટે કહે છે–**'आज्ञेश्वरसेनापत्यं'** આજ્ઞા–સત્તાવડે ઇશ્વરપણું અને સેનાપતિપણું, અર્થાત્ તેઓનું પોતપોતાના સૈન્ય પ્રતિ અદ્ભુત આજ્ઞાનું પ્રધાનપણું છે, એ પ્રમાણે **'कारयन्तः'** અધિકારી અન્ય પુરુષો પાસે કરાવતા અને **'पालयन्तः'** સ્વયમેવ પાલન કરતા એવા, **'महताऽहतनाट्यगीत–वादित्रतन्त्रीतलतालत्रुटितघनमृदंग–पटुप्रवादितरवेण'** અહત–આખ્યાન–કથાનકના સંબંધમાં અથવા અહત–અવ્યાહત–

નિત્ય ચાલુ એવા નાટ્ય-નૃત્ય અને ગીત-ગાયન તથા વાગેલા તન્ત્રી-વીણા, તલ-હાથના તાળ, તાલ-કાંસી, ત્રુટિત-અન્ય વાદિંત્રો તથા પટુપ્રવાદિત ચતુર પુરુષોએ વગાડેલ ઘન મૃદંગ-મેઘના સમાન ધ્વનિવાળા મૃદંગના 'महता रवेणं' મોટા રવ-શબ્દવડે 'દિવ્યાન્' સ્વર્ગ સંબંધી એટલે પ્રધાન 'ભોગભોગાન્' ભોગવવા યોગ્ય ભોગો-શબ્દાદિ વિષયોને 'भुञ्जमानाः' ભોગવતા-અનુભવ કરતા 'વિહરન્તિ' સુખપૂર્વક રહે છે. ।।૨૮।।૧૦૬।।

**कहि णं भंते! असुरकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! असुरकुमारा देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से एत्थ णं असुरकुमाराणं देवाणं चउसट्ठिं[चोवट्ठिं] भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा, अहे पुक्खरकन्नियासंठाणसंठिया, उक्किन्नंतरविउलगंभीरखायफलिहा[परिहा], पागार-ट्टालय-कवाड-तोरण-पडिदुवारदेसभागा, जंतसयग्घि-मुसल-मुसुंढिपरियरिया, अउज्झा, सदाजया, सदागुत्ता, अडयालकोट्ठगरइया, अडयालकयवणमाला, खेमा, सिवा, किंकरामरदंडोवरक्खिया, लाउल्लोइयमहिया, गोसीससरसरत्त-चंदणदद्दरदिन्नपंचंगुलितला, उवचितचंदणकलसा, चंदणघडसुकयतोरणपडिदुवारदेसभागा, आसत्तोसत्तविउल-वट्टवग्घारियमल्लदामकलावा, पंचवन्नसरससुरभिमुक्कपुप्फपुंजोवयारकलिया, कालागुरु-पवरकुंदुरुक्क-डज्झंत-धूवमघमघंतगंधुद्धुयाभिरामा, सुगंधवरगंधिया, गंधवट्टिभूया, अच्छरगणसंघसंविगिन्ना, दिव्वतुडियसद्दसंपणदिया, सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, णीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, सस्सिरीया, समरीइया, सउज्जोया, पासादीया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा; एत्थ णं असुरकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे, तत्थ णं बहवे असुरकुमारा देवा परिवसंति। काला लोहियक्ख-बिंबोट्ठा, धवलपुप्फदंता, असियकेसा, वामे एगकुंडलधरा, अद्दचंदणाणुलित्तगत्ता, ईसीसिलिंधपुप्फ-पगासाइं असंकिलिट्ठाइं सुहुमाइं वत्थाइं पवर परिहिया, वयं च पढमं समइक्कंता, बिइयं च असंपत्ता, भद्दे जोव्वणे वट्टमाणा, तलभंगय-तुडिय-पवरभूसण-निम्मलमणि-रयणमंडितभुया, दसमुद्दामंडियग्गहत्था चूडामणिविचित्तचिंधगया, सुरूवा, महिड्ढिया, महज्जुइया, महायसा, महब्बला, महाणुभागा, महासोक्खा, हारविराइयवच्छा, कडय-तुडियथंभियभुया, अंगय-कुंडल-मट्ठगंडयलकन्नपीढधारी, विचित्तहत्थाभरणा, विचित्तमालामउली, कल्लाणगपवरवत्थपरिहिया, कल्लाणगपवरमल्लाणुलेवणधरा, भासुरबोंदी, पलंबवणमालधरा, दिव्वेणं वन्नेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुईए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेसाणा, ते णं तत्थ साणं साणं भवणावाससयसहस्साणं साणं साणं सामाणियसाहस्सीणं साणं साणं ताय[व]त्तीसाणं साणं साणं लोगपालाणं साणं साणं अग्गमहिसीणं साणं साणं परिसाणं साणं साणं अणियाणं साणं साणं अणियाहिवईणं साणं साणं आयरक्खदेवसाहस्सीणं अन्नेसिं च बहूणं भवणवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा, पालेमाणा, महताऽहतनट्टगीत-वाइय-तंती-तल-ताल-तुडिय-घणमुइंगपडुप्पवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति। चमरबलिणो इत्थ दुवे असुरकुमारिंदा**

असुरकुमाररायाणो परिवसंति। काला, महानीलसरिसा, णीलगुलिअ-गवल-अयसिकुसुमप्पगासा, वियसियसयवत्तणिम्मलईसीसित-रत्त-तंबणयणा, गरुलायय उज्जुतुंगनासा, ओयवियसिलप्पवाल-बिंबफलसंनिभाहरोट्ठा, पंडरससिसगलविमल-निम्मलदहिघण-संख-गोक्खीर-कुंद-दगरय-मुणालियाधवल-दंतसेढी, हुयवहनिद्धंतधोयतत्ततवणिज्जरत्ततल-तालु-जीहा, अंजण-घणकसिणगरुयगर-मणिज्जणिद्धकेसा, वामेयकुंडलधरा, अद्दचंदणाणुलित्तगत्ता, ईसिसिलिंघपुप्फपगासाइं असंकिलिट्ठाइं सुहुमाइं वत्थाइं पवर परिहिया, वयं च पढमं समइक्कंता, बिइयं च असंपत्ता, भद्दे जोव्वणे वट्टमाणा, तलभंगय-तुडिय-पवरभूसण-णिम्मलमणि-रयण मंडियभुया, दसमुद्दामंडियग्गहत्था, चूडामणिचित्तचिंधगया, सुरूवा, महिड्ढीया, महज्जुईया, महायसा, महाबला, महाणुभागा, महासोक्खा, हारविराइयवच्छा, कडय-तुडियथंभियभुया, अंगद-कुंडलमट्ठगंडतल-कन्नपीढधारी, विचित्तहत्थाभरणा, विचित्तमाला-मउली, कल्लाणगपवरवत्थपरिहिया, कल्लाणगपवर-मल्लाणुलेवणधरा, भासुरबोंदी, पलंबवणमालधरा, दिव्वेणं वन्नेणं, दिव्वेणं गंधेणं, दिव्वेणं फासेणं, दिव्वेणं संघयणेणं, दिव्वेणं संठाणेणं, दिव्वाए इड्ढीए, दिव्वाए जुईए, दिव्वाए, पभाए, [भासाए] दिव्वाए छायाए, दिव्वाए पहाए, दिव्वाए अच्चीए, दिव्वेणं तेएणं, दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा, पभासेमाणा, ते णं तत्थ साणं साणं भवणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं साणं साणं तायत्तीसाणं, साणं साणं लोगपालाणं, साणं साणं अग्गमहिसीणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं भवणवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा, पालेमाणा, महयाऽहयनट्ट-गीय-वाइयतंती-तल-तालतुडिय-घणमुइंगपडुप्पवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।।सू०-२९।।१०७।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત અસુરકુમાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! અસુરકુમાર દેવો ક્યાં વસે છે? હે ગૌતમ! એક લાખ અને એંશી હજાર યોજન બાહલ્ય-જાડાઈ જેની છે એવી આ રત્નપ્રભા પૃથિવીના ઉપરથી એક હજાર યોજન અંદર પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડીને એક લાખ ને અઠ્યોતેર હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં અસુરકુમારોના ચોસઠ લાખ ભવનાવાસો કહ્યા છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અંદરના ભાગમાં ચોરસ છે—ઇત્યાદિ ભવનોનું વર્ણન પડિરૂવા યાવત્-પ્રતિરૂપ છે-ત્યાં સુધી (પૂર્વના પદ ૨ સૂ૦ ૨૮ કહ્યા પ્રમાણે) જાણવું. આ ભવનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અસુરકુમાર દેવોના સ્થાનો છે. તે ઉપપાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાન વડે પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા અસુરકુમાર દેવો રહે છે. તેઓ કાળા વર્ણવાળા, લોહિતાક્ષ પદ્મરાગમણિ અને બિમ્બીફલના જેવા લાલ ઓષ્ઠવાળા, ધોળા પુષ્પના જેવા દાંતવાળા, કાળા કેશવાળા, ડાબા ભાગે એક કુંડલને ધારણ કરનારા, આર્દ્ર ચંદન વડે જેણે શરીરનું વિલેપન કર્યું છે એવા, કંઇક શિલિન્ધ્રપુષ્પના જેવા (કંઈક રક્ત) વર્ણવાળા સંક્લેશ નહિ ઉત્પન્ન કરે એવાં સૂક્ષ્મ અને શ્રેષ્ઠ વસ્રો જેણે પહેરેલાં છે એવા, પ્રથમ કુમારાવસ્થાને ઓળંગી ગયેલા અને બીજી મધ્યમ વયને નહિ પ્રાપ્ત થયેલા, ભદ્ર-પ્રશસ્ત યૌવનમાં વર્તતા, તલભંગ (હસ્તાભરણ), તુટિત (બાજુબંધ) અને બીજા શ્રેષ્ઠ ભૂષણોમાં રહેલાં નિર્મલ મણિ અને રત્નો વડે સુશોભિત ભુજાવાળા, દસ મુદ્રિકા (વીંટીઓ) વડે જેના હસ્તના અગ્રભાગો અલંકૃત છે એવા, વિચિત્ર ચૂડામણિ રત્ન જેઓના ચિહ્નરૂપે રહેલું છે એવા, સુરૂપાઃ-સુંદરરૂપવાળા-ઇત્યાદિ યાવત્ 'દિવ્ય ભોગવવા લાયક ભોગો ભોગવતા વિહરે છે' ત્યાં સુધીના બધા વિશેષણોનો અર્થ પૂર્વે કહ્યા*

*પ્રમાણે જાણવો.*

*અહીં ચમર અને બલી–એ બે અસુરકુમારના ઇન્દ્રો અસુરકુમારના રાજાઓ રહે છે. તેઓ કાળા, અત્યંત કાળી વસ્તુઓના જેવા, ગળીની ગુટિકા પાડાના શીંગડા અને અળસીના પુષ્પ જેવા વર્ણવાળા, વિકસિત કમળના જેવાં નિર્મલ ધોળા અને લાલ નેત્રોવાળા, ગરુડના જેવી લાંબી સીધી અને ઉંચી નાસિકાવાળા, ઉપચિત–ઘસેલી પ્રવાલશિલા અને બિંબીફળના સમાન અધરોષ્ઠ જેઓના છે એવા, ધોળા અને કલંક રહિત ચન્દ્રના ખંડ, નિર્મલ ઘનરૂપ થયેલું દહીં, શંખ, ગાયનું દૂધ, મોગરાના ફૂલ, પાણીના કણો અને મૃણાલિકા–કમળની દાંડી જેવી ધોળી દન્તશ્રેણિ જેઓની છે એવા, અગ્નિમાં તપાવેલા અને નિર્મલ થયેલા તપ્ત સુવર્ણની જેવા રાતા હાથપગના તળીયાં તાલુ અને જીભ જેઓના છે એવા, અંજન અને મેઘની જેવા કાળા અને રુચક રત્નના જેવા રમણીય તથા સ્નિગ્ધ કેશો જેઓના છે એવા, ડાબા ભાગમાં એક કુંડલને ધારણ કરનારા–ઇત્યાદિ અસુરકુમારના વર્ણન પ્રમાણે દિવ્ય ભોગવવા યોગ્ય ભોગોને ભોગવવા વિહરે છે.' ત્યાં સુધી જાણવું. ॥૨૯॥૧૦૭॥*

(ટી૦) અસુરકુમારના સૂત્રમાં '**काळाः**' કૃષ્ણવર્ણવાળા, '**लोहिताक्षबिम्बोष्टाः**' લોહિતાક્ષ–માણેક અને બીંબીફળ–પાકેલા ગીલોડાની જેવાં જેઓના લાલ ઓષ્ઠ છે એવા, '**धवलपुष्पदन्ताः**' ધોળા પુષ્પના જેવા અર્થાત્ મોગરાની કળીઓ જેવા જેઓના દાંતો છે એવા, '**आसितकेशाः**' અસિત–કાળા કેશો જેઓના છે એવા, દેવોને વૈક્રિય શરીર હોવાથી દાંત અને કેશો વૈક્રિય જાણવા, સ્વાભાવિક ન જાણવા. '**वामेयकुंडलधराः**' ડાબા ભાગમાં એક કાનમાં કુંડલને ધારણ કરનારા, '**आर्द्रचन्दनानुलिप्तगात्राः**' આર્દ્ર–સરસ ચંદન વડે જેણે શરીરનું વિલેપન કર્યું છે એવા, '**इषत्‌शिलिन्ध्रपुष्पप्रकाशानि**' ઇષત્–કંઇક શિલિન્ધ્ર પુષ્પના જેવા વર્ણવાળા, એટલે કંઇક રાતા વર્ણવાળા, '**असंक्लिष्टानि**'–અત્યન્ત સુખના ઉત્પન્ન કરનાર હોવાથી જરા પણ સંક્લેશને ઉત્પન્ન નહિ કરે એવા સૂક્ષ્મ મૃદુ અને લઘુસ્પર્શવાળાં, '**प्रवरपरिहिता**' શ્રેષ્ઠ વસ્ત્રોને જેણે પહેરેલાં છે એવાં, પ્રાકૃત હોવાથી પ્રવર શબ્દની વિભક્તિનો લોપ થયો છે. તથા કુમારાવસ્થારૂપ પ્રથમ વયને ઓળંગી ગયેલા એટલે તેના અન્તે વર્તતા, અને બીજી મધ્યમ વયને નહિ પ્રાપ્ત થયેલા, એ જ વાતને સ્પષ્ટ કરે છે—એટલે ભદ્ર–અત્યન્ત પ્રશસ્ત યૌવન વયમાં વર્તતા એવા, '**तलभंग-तुटित-वरभूषण-निर्मलमणिरत्नमण्डितभुजाः**' તલભંગ–બાહુનું આભરણ, તુટિત–બાજુબંધ અને તે સિવાય બીજા શ્રેષ્ઠ આભરણોને વિષે ચન્દ્રકાન્તાદિ મણિઓ અને ઇન્દ્રનીલાદિ રત્નો વડે મંડિત–સુશોભિત છે ભુજ–હસ્ત જેઓના એવા, '**दशमुद्रामण्डिताग्रहस्ताः**' દસ મુદ્રાઓ વડે મંડિત છે અગ્રહસ્ત જેઓના એવા, '**चूडामणिविचित्रचिह्नगताः**' ચૂડામણિ નામે વિચિત્ર અદ્‌ભુત ચિહ્ન ગત–રહેલું છે જેઓને એવા અસુરકુમારો છે.

ચમરેન્દ્ર અને બલીન્દ્રના સામાન્ય સૂત્રમાં 'કાલાઃ' કૃષ્ણવર્ણવાળા, એ જ અર્થ ઉપમાનથી જણાવે છે–'**महानीलसदृशाः**' અત્યન્ત કાળી કોઇપણ વસ્તુ લોકમાં પ્રસિદ્ધ હોય તેના જેવા, '**नीलगुटिकागवलअतसिकुसुमप्रकाशाः**' ગળીની ગુટિકા, ગવલ–પાડાનું શીંગડું, અતસી–અળસીનું પુષ્પ પ્રસિદ્ધ છે તેઓના જેવા પ્રકાશ–પ્રભાવાળા, '**विकसितशतपत्र-निर्मलेषत्सितरक्तताम्रनयनाः**' વિકસિત શત્રપત્રકમળના જેવા નિર્મલ ઇષત્–અમુક ભાગમાં કંઇક સિત–ધોળા, રાતા અને તામ્ર–લાલ નયનોવાળા, '**गरुडायत-ऋजु-तुङ्गनासाः**' ગરુડના જેવી લાંબી ઋજુ–સરલ અને તુંગ–ઉંચી નાસિકાવાળા, '**उपचितशिलाप्रवालबिम्बफलसन्निभाधरौष्ठाः**' ઉપચિત–ઘસેલા શિલાપ્રવાલ–પરવાળાં અને બિંબફળ–પાકા ગીલોડાના સરખા અધરોષ્ઠ જેઓના છે એવા, '**पाण्डुरशशिशकलविमल-निर्मलदधि-घन-शङ्ख-गोक्षीर-कुन्द-दकरजो-मृणालिकाधवलदन्तश्रेणयः**' પાંડુર–શ્વેત, પરન્તુ સંધ્યાકાળમાં કંઇક રાતો થાય છે તેવો નહિ એવા ચન્દ્રમાનો શકલ–ખંડ, તે પણ કેવો? વિમલ–રજરહિત અથવા કલંકરહિત, તથા નિર્મલ દહીં, શંખ, ગાયનું દૂધ, કુન્દ–મોગરાના ફૂલ, દકરજ–પાણીના કણો, મૃણાલિકા કમલની દાંડી, તે બધાની પેઠે ધોળી દાંતની શ્રેણિ જેઓની છે એવા, '**हुतवहनिर्ध्मातधौततप्त-**

तपनीयरक्ततलतालुजिह्वाः' હુતવહ–અગ્નિવડે નિર્ધ્માત–તપાવેલું સુવર્ણ ધૌત–નિર્મલ તપ્ત–તપેલું અને કંઈક રક્ત–લાલ હોય છે તેની પેઠે રાતા હાથપગનાં તળીયાં, તાલુ અને જીભ જેઓના છે એવા, 'अञ्जनघनकृष्णरुचकरमणीयस्निग्धकेशाः' તથા અંજન–સૌવીરાંજન, ઘન–વર્ષાકાળનો મેઘ તેની પેઠે કૃષ્ણ અને રુચકરત્નની જેમ રમણીય અને સ્નિગ્ધ કેશો જેઓના છે એવા [ચમરેન્દ્ર અને બલીન્દ્ર છે.]. ॥૨૯॥૧૦૭॥

**कहि णं भंते! दाहिणिल्लाणं असुरकुमाराणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! दाहिणिल्ला असुरकुमारा देवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पमाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा चेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं दाहिणिल्लाणं असुरकुमाराणं देवाणं चउत्तीसं भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा सो च्चेव वण्णओ जाव पडिरूवा। एत्थ णं दाहिणिल्लाणं असुरकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तीसुवि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे दाहिणिल्ला असुरकुमारा देवा य देवीओ य परिवसंति। काला, लोहियक्खा तहेव जाव भुंजमाणा विहरंति। एएसि णं तहेव तायतीसगलोगपाला भवन्ति। एवं सव्वत्थ भाणियव्वं भवणवासी णं। चमरे अत्थ असुरकुमारिंदे असुरकुमारराया परिवसति, काले महानीलसरिसे जाव पभासेमाणे। से णं तत्थ चउतीसाए भवणावाससयसहस्साणं, चउसट्ठीए सामाणियसाहस्सीणं, ताय[व]त्तीसाए ताय[व]त्तीसगाणं, चउण्हं लोगपालाणं, पंचण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्ह य चउसट्ठीणं आयरक्खदेवसाहस्सीणं अन्नेसिं च बहूणं दाहिणिल्लाणं देवाणं देवीण य आहेवच्चं पोरेवच्चं जाव विहरति ।सू०-३०।।१०८।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ભગવન્! દક્ષિણ દિશાના અસુરકુમાર દેવો ક્યાં વસે છે? હે ગૌતમ! જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે મેરુ પર્વતની દક્ષિણ દિશાએ એક લાખને એંશી હજાર યોજન પ્રમાણ જાડી રત્નપ્રભા પૃથિવી છે, તેમાં ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડી એક લાખ ને અઠ્યોતેર હજાર યોજનરૂપ મધ્ય ભાગમાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના ચોત્રીશ લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અંદરના ભાગમાં સમચોરસ છે–ઈત્યાદિ વર્ણન યાવત્ પ્રતિરૂપ–અત્યંત સુંદર છે ત્યાં સુધી જાણવું. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના સ્થાનકો કહ્યાં છે. તે ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા દક્ષિણ દિશાના અસુરકુમાર દેવો અને દેવીઓ રહે છે. તેઓ કાળા તેઓના ઓષ્ઠ લોહિતાક્ષ રત્ન અને બિંબીફલના [પાકા ટિંડોલાના] જેવા રાતા છે–ઈત્યાદિ પૂર્વોક્ત યાવત્ 'દિવ્ય ભોગો ભોગવતા વિહરે છે' ત્યાં સુધી જાણવું. એ દેવોને તે પ્રમાણે જ ત્રાયસ્ત્રિંશ દેવો અને લોકપાલો હોય છે એમ બધેય જાણવું. ભવનવાસી અસુરકુમારનો ઈન્દ્ર અસુરકુમારનો રાજા ચમર અહીં રહે છે. તે કાળો, અત્યંત કાળી વસ્તુના જેવો યાવત્ પ્રભાસમાનઃ–શોભતો ત્યાંના ચોત્રીશ લાખ ભવનાવાસોનું, ચોસઠ હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવોનું, ચાર લોકપાલ દેવોનું, પરિવાર સહિત પાંચ અગ્રમહિષીઓનું [પટ્ટરાણી], ત્રણ પર્ષદાઓનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું ચારગુણા ચોસઠ હજાર આત્મરક્ષક દેવોનું અને તે સિવાય બીજા ઘણા દક્ષિણના દેવો અને દેવીઓનું અધિપતિપણું, અગ્રેસરપણું કરાવતો યાવત્ વિહરે છે. ॥૩૦॥૧૦૮॥*

**कहि णं भंते! उत्तरिल्लाणं असुरकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! उत्तरिल्ला असुरकुमारा देवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं उत्तरिल्लाणं असुरकुमाराणं देवाणं तीसं भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा, सेसं जहा दाहिणिल्लाणं जाव विहरंति। बली यऽत्थ वइरोयणिंदे वइरोयणराया परिवसति, काले महानीलसरिसे जाव पभासेमाणे। से णं तत्थ तीसाए भवणावाससयसहस्साणं, सट्ठीए सामाणीयसाहस्सीणं, ताय[व]त्तीसाए ताय[व]त्तीसगाणं, चउण्हं लोगपालाणं, पंचण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्ह य सट्ठीणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं उत्तरिल्लाणं असुरकुमाराणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे विहरइ ।।सू०-३१।।१०९।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા ઉત્તરના અસુરકુમાર દેવોના ક્યાં સ્થાનો છે। હે ભગવન્! ઉત્તરના અસુરકુમાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! જંબૂદ્વીપનામે દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે એક લાખ ને એંશી હજાર યોજન જાડી આ રત્નપ્રભા પૃથિવીના ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચેથી એક હજાર યોજન છોડીને એક લાખ ને અઠ્યોતેર હજાર યોજનપ્રમાણ મધ્ય ભાગમાં અહીં ઉત્તરના અસુરકુમાર દેવોના ત્રીશ લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અન્દરના ભાગમાં સમચોરસ છે. બાકીનું દક્ષિણ દિશાના અસુરકુમાર સંબંધમાં કહ્યું છે તેમ યાવત્–'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં વૈરોચનેન્દ્ર વૈરોચનરાજા બલી રહે છે. તે કાળો, અત્યંત કાળી વસ્તુના જેવો યાવત્ શોભતો વિહરે છે. તે બલીન્દ્ર ત્યાં ત્રીશ લાખ ભવનાવાસોનું, સાઠ હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવોનું, ચાર લોકપાલોનું, પાંચ પરિવારસહિત અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદાઓનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, ચાર ગુણા સાઠ હજાર આત્મરક્ષક દેવોનું, અને તે સિવાય બીજા ઘણા ઉત્તરના અસુરકુમાર દેવો અને દેવીઓનું અધિપતિપણું અને અગ્રેસરપણું કરતો વિહરે છે. ।।૩૧।।૧૦૯।।*[1]

---

૧. પરમાધામી દેવોના નામો – ૧. અંબ, ૨. અંબરીષ, ૩. શ્યામ, ૪. શબલ, ૫. રૌદ્ર, ૬. ઉપરૌદ્ર, ૭. કાલ, ૮. મહાકાળ, ૯. અસિપત્ર, ૧૦. ધનુ, ૧૧. કુંભ, ૧૨. વાલુક, ૧૩. વૈતરણિ, ૧૪. ખરસ્વર, ૧૫. મહાઘોષ – એમ પંદર પરમાધામીઓ છે. સંક્લિષ્ટ પરિણામવાળા હોવાથી પરમ અધાર્મિકને પરમાધાર્મિકો કહેવાય છે. તેઓ અસુર વિશેષો એટલે અસુરકુમાર નિકાયના છે. તેઓ વ્યાપાર એટલે ક્રિયા ભેદે પંદર પ્રકારના છે. ૧. જે નારકોને આકાશમાં લઈ જઈ નિઃસંકોચપણે છોડી મૂકે તે અંબ નામના પરમાધામીઓ છે. ૨. જેઓ હણાયેલ નારકોને કાતર વડે ટુકડાઓ કરી ભુંજવા યોગ્ય કરે છે માટે અંબરીષ એટલે ભુંજવાના સંબંધના કારણે અંબરીષ નામના છે. ૩. જેઓ દોરડા, હાથ વગેરેના પ્રહાર વડે મારવું, કૂટવું વગેરે કરે છે. અને રંગથી શ્યામ એટલે કાળા હોવાથી તે શ્યામ નામના છે. ૪. જેઓ નારકોના આંતરડા, વસા ચરબી, હૃદય, કલેજુ વગેરે ઉખેડી નાંખે છે. અને રંગથી શબલ એટલે કાબર ચિતરા હોય, તે શબલ કહેવાય છે. ૫. જેઓ નારકોને શક્તિ, ભાલા વગેરેમાં પરોવે છે. તેઓ રૌદ્ર હોવાથી રૌદ્ર નામના છે. ૬. જેઓ નારકોના અંગોપાંગોને ભાંગી નાખે છે. તે અત્યંત રૌદ્ર હોવાથી ઉપરૌદ્ર કહેવાય. ૭. જે નારકોને કુંડા વગેરેમાં પકાવે છે. અને રંગથી કાળા હોવાના કારણે કાલ નામના પરમાધામીઓ છે. ૮. નારકીઓના માંસના ટુકડાઓને ખાંડી ખાંડીને ખવડાવે તથા રંગથી ઘણા કાળા હોવાથી મહાકાળ નામના પરમાધામી કહેવાય છે. ૯. અસિ એટલે તલવાર. તે આકારના પાંદડાનું વન વિકુર્વી એટલે બનાવી જે નારકો તે વનમાં આશ્રય કરે તેમને તલવારરૂપ પાંદડા પાડી તલ જેવા નાના ટુકડાઓ કરી જે કાપે છે, તે અસિપત્ર પરમાધામી છે. ૧૦. જે નારકોને ધનુષમાંથી અર્ધચંદ્ર વગેરે બાણો છોડી, કાન વગેરે અવયવોનો ભેદ–છેદ કરે છે. તે ધનુ નામના પરમાધામીઓ છે. ભગવતી સૂત્રમાં તો મહાકાળ પછી અસિ, તે પછી અસિપત્ર, તે પછી કુંભ નામના પરમાધામીઓ કહ્યા છે. તેમાં જેઓ તલવાર વડે નારકોને કાપે છે. તે અસિ નામના પરમાધામી છે. બાકીના તે જ પ્રમાણે જાણવા. ૧૧. જે કુંભી વગેરેમાં નારકોને પકાવે છે, તે કુંભ નામના પરમાધામીઓ છે. ૧૨. જે પરમાધામીઓ કદંબ પુષ્પના આકારવાળી અથવા વજ્રાકારવાળી વૈક્રિય તપેલી રેતીઓમાં ચણાની જેમ નારકોને પકાવે છે. તે વાલુક નામના પરમાધામી છે. ૧૩. જે નદીને તરવાનું પ્રયોજન વિરૂપ એટલે ખરાબ છે. તે વૈતરણી, આ પ્રમાણે યથાયોગ્ય અર્થવાળી નદી છે. જે અતિ તાપથી ઉકળતા પરુ, લોહી, શીશુ, તાંબુ વગેરેથી ભરેલ નદીને વિકુર્વી તેમાં નારકોને તરાવી જે ખૂબ કદર્થના એટલે હેરાન કરે તે વૈતરણિ નામના પરમાધામી છે. ૧૪. જે વજ્ર જેવા કાંટાવાળા શાલ્મલીના ઝાડ પર નારકોને ચડાવી કઠોર અવાજ કરતા કરતા નારકોને એકદમ ઝાડ પરથી ખેંચે, તે ખરસ્વર નામના પરમાધામીઓ છે. ૧૫. બીકથી નાસભાગ

**कहि णं भंते! नागकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! नागकुमारा देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से एत्थ णं नागकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं चुलसीइ भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा जाव पडिरूवा। तत्थ णं णागकुमाराणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तीसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे नागकुमारा देवा परिवसंति, महिड्ढीया, महाजुतीआ, सेसं जहा ओहियाणं जाव विहरंति। धरण-भूयाणंदा एत्थ णं दुवे नागकुमारिंदा णागकुमाररायाणो परिवसंति महड्ढिया; सेसं जहा आहियाणं जाव विहरंति ।।सू०-३२।।११०।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ભગવન્! નાગકુમાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! એક લાખ અને એંશી હજાર યોજન જાડી આ રત્નપ્રભા પૃથિવીના ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડીને એક લાખ અઠ્યોતેર હજાર યોજન પ્રમાણ મધ્ય ભાગમાં અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોના ચોરાશી લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ અને અંદરના ભાગમાં સમચોરસ યાવત્ પ્રતિરૂપ-અત્યંત સુંદર છે. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોના સ્થાનો કહેલાં છે. ઉપપાત, સમુદ્ઘાત, અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા નાગકુમાર દેવો છે. તે મહાઋદ્ધિવાળા અને મહાકાન્તિવાળા છે. બાકી બધું સામાન્ય ભવનવાસી દેવોના સંબંધમાં કહ્યું છે તેમ યાવત્-વિહરે છે ત્યાં સુધી જાણવું. અહીં ધરણ અને ભૂતાનંદ એ બે નાગકુમારેન્દ્ર અને નાગકુમારોના રાજાઓ રહે છે. તે મહાઋદ્ધિવાળા-ઈત્યાદિ બધું સામાન્ય ભવનપતિ દેવોના સંબંધમાં કહ્યું છે તેમ યાવદ્ વિહરે છે-ત્યાં સુધી જાણવું. ॥૩૨॥૧૧૦॥*

**कहि णं भंते! दाहिणिल्लाणं नागकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! दाहिणिल्ला नागकुमारा देवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं दाहिणिल्लाणं नागकुमाराणं देवाणं चोयालीसं भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा जाव पडिरूवा। एत्थ णं दाहिणिल्लाणं नागकुमाराणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता, तीसु वि लोयस्स असंखेज्जइभागे, एत्थ णं दाहिणिल्ला नागकुमारा देवा परिवसंति, महिड्ढीया जाव विहरंति। धरणे एत्थ नागकुमारिंदे नागकुमारराया परिवसइ, महड्ढीए, जाव पभासेमाणे। से णं तत्थ चउयालीसाए भवणावाससयसहस्साणं, छण्हं सामाणियसाहस्सीणं, ताय[व]त्तीसाए ताय[व]त्तीसगाणं, चउण्हं लोगपालाणं, छण्हं [पंचण्हं] अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउव्वीसाए आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं दाहिणिल्लाणं**

---

કરતા નારકોને જે મહા અવાજ કરવાપૂર્વક પશુઓની જેમ વાડામાં પૂરે છે, તે મહાઘોષ નામના પરમાધામી છે. આ પંદર પ્રકારના પરમાધામીઓ પૂર્વજન્મમાં સંક્લિષ્ટ ક્રુરક્રિયાવાળા, પાપોમાં રક્ત, પંચાગ્નિ વગેરેરૂપ મિથ્યા કષ્ટકારી એવું તપ કરીને, રૌદ્રી આસુરી ગતિને પ્રાપ્ત કરે છે. તે આસુરી સ્વભાવના કારણે, પહેલી ત્રણ નરક પૃથ્વીઓમાં નારકોને વિવિધ પ્રકારની વેદનાઓ ઉદીરે છે. એટલે પીડા આપે છે. તેવી રીતે પીડાતા નારકોને જોઈ અહીં જેમ બકરા, પાડા, કૂકડા વગેરેના યુદ્ધને જોઈ મનુષ્યો આનંદ પામે છે. તેમ પરમાધામિઓ નારકોને પીડાતા જોઈ આનંદિત થઈ અટ્ટહાસ કરે છે. વસ્ત્ર ઉછાળે છે. ત્રિપદી એટલે ત્રણવાર પગનું પછાડવું, અફાળવું વગેરે કરે છે. વધારે કહેવા વડે શું? આ પરમાધામિઓને હંમેશા અત્યંત મનોહર નાટક વગેરે જોવામાં જેટલી મજા નથી આવતી, તેટલી મજા નારકોને પીડવામાં આવે છે.

नागकुमाराणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे विहरइ ।।सू०-३३।।१११।।

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણના નાગકુમાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! દક્ષિણના નાગકુમાર દેવો ક્યા રહે છે? હે ગૌતમ! જંબૂદ્વીપનામે દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણ દિશાએ એક લાખને એંશી હજાર યોજન જાડી આ રત્નપ્રભા પૃથિવીના ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરી અને નીચે એક હજાર યોજન છોડી એક લાખને અઠ્યોતેર હજાર યોજનપ્રમાણ મધ્ય ભાગમાં દક્ષિણ દિશાના નાગકુમાર દેવોના ચુમ્માળીશ લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ, યાવત્ પ્રતિરૂપ-સુંદર છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના નાગકુમાર દેવોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગને વિષે છે. અહીં દક્ષિણના નાગકુમાર દેવો રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા-ઇત્યાદિ યાવત્-'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં નાગકુમારોનો ઇન્દ્ર અને નાગકુમારોનો રાજા ધરણ રહે છે. તે મહાઋદ્ધિવાળો-ઇત્યાદિ યાવત્ શોભતો વિહરે છે. તે ત્યાંના ચુંમાળીશ લાખ ભવનાવાસોનું, છ હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવોનું, ચાર લોકપાલોનું, પરિવારસહિત છ અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદાઓનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, ચોવીશ હજાર આત્મરક્ષક દેવોનું, અને તે સિવાય બીજા ઘણા નાગકુમાર દેવો અને દેવીઓનું અધિપતિપણું, અગ્રેસરપણું કરતો વિહરે છે. ॥૩૩॥૧૧૧॥

कहि णं भंते! उत्तरिल्लाणं णागकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! उत्तरिल्ला नागकुमारा देवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मन्दरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हिट्ठा वेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं उत्तरिल्लाणं नागकुमाराणं देवाणं चत्तालीसं भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा सेसं जहा दाहिणिल्लाणं जाव विहरंति। भूयणांदे एत्थ नागकुमारिंदे नागकुमारराया परिवसइ, महिड्डीए, जाव पभासेमाणे। से णं तत्थ चत्तालीसाए भवणावाससयसहस्साणं आहेवच्चं जाव विहरइ ।।सू०-३४।।११२।।

(મૂ૦) હે ભગવન્! ઉત્તરના પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! ઉત્તરના નાગકુમાર દેવો ક્યા રહે છે? હે ગૌતમ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર દિશાએ એક લાખને એંશી હજાર યોજન જાડી આ રત્નપ્રભા પૃથિવીના ઉપરથી એક હજાર યોજન પ્રવેશ કરીને અને નીચે એક હજાર યોજન છોડી એક લાખને અઠ્યોતેર હજાર યોજનપ્રમાણ મધ્ય ભાગમાં અહીં ઉત્તરના નાગકુમાર દેવોના ચાળીશ લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ છે-ઇત્યાદિ બધું દક્ષિણ દિશાના નાગકુમાર દેવોને કહ્યું છે તેમ યાવદ્ વિહરે છે-ત્યાં સુધી કહેવું. અહીં ભૂતાનંદ નામે નાગકુમારનો ઇન્દ્ર નાગકુમારનો રાજા રહે છે. તે મહાઋદ્ધિવાળો યાવત્ શોભતો ચાળીશ લાખ ભવનવાસો વગેરેનું અધિપતિપણું કરતો વિહરે છે. ॥૩૪॥૧૧૨॥

कहि णं भंते! सुवन्नकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! सुवन्नकुमारा देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए जाव एत्थ णं सुवन्नकुमाराणं देवाणं बावत्तरिं भवणावास-सयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा जाव पडिरूवा। तत्थ णं सुवन्नकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता, जाव तिसु वि लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे सुवन्नकुमारा देवा परिवसंति महिड्डीया सेसं जहा ओहियाणं जाव विहरंति। वेणुदेव-वेणुदाली य इत्थ दुवे सुवण्णकुमारिंदा सुवण्णकुमाररायाणो परिवसंति, महिड्डीया जाव विहरंति ।।सू०-३५।।११३।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સુવર્ણકુમાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! સુવર્ણકુમાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીના યાવત્ મધ્ય ભાગમાં અહીં સુવર્ણકુમાર દેવોના બહોંતેર લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ-યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત સુવર્ણકુમાર દેવોના સ્થાનો છે. યાવત્-તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા સુવર્ણકુમાર દેવો રહે છે. તે મહાઋદ્ધિવાળા ઇત્યાદિ બધું સામાન્ય ભવનપતિને કહ્યું છે તેમ યાવત્-'વિહરે છે' ત્યાં સુધી કહેવું. અહીં વેણુદેવ અને વેણુદાલિ નામે બે સુવર્ણકુમારના ઇન્દ્રો સુવર્ણકુમારના રાજાઓ રહે છે. તે મહાઋદ્ધિવાળા યાવત્-વિહરે છે.॥૩૫॥૧૧૩॥*

(ટી૦) 'तीसु वि लोगस्स असंखेज्जइभागे' સ્વસ્થાન, ઉપપાત અને સમુદ્ઘાતરૂપ ત્રણે સ્થાનો આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે.॥૧૧૩॥

**कहि णं भंते! दाहिणिल्लाणं सुवण्णकुमाराणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! दाहिणिल्ला सुवण्णकुमारा देवा परिवसंति? गोयमा! इमीसे जाव मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से एत्थ णं दाहिणिल्लाणं सुवण्णकुमाराणं अट्ठत्तीसं भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा बाहिं वट्टा जाव पडिरूवा। एत्थ णं दाहिणिल्लाणं सुवण्णकुमाराणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। एत्थं णं बहवे सुवण्णकुमारा देवा परिवसंति। वेणुदेवे य इत्थ सुवन्नकुमारिन्दे (सुवण्णिंदे) सुवन्नकुमारराया परिवसइ, सेसं जहा नागकुमाराणं ।।सू०-३६।।११४।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના સુવર્ણકુમારના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! દક્ષિણ દિશાના સુવર્ણકુમાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભાના યાવત્-એક લાખને અઠ્યોતેર હજાર યોજનપ્રમાણ મધ્ય ભાગમાં અહીં દક્ષિણ દિશાના સુવર્ણકુમારોના આડત્રીશ લાખ ભવનાવાસો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ, યાવત્-પ્રતિરૂપ-અત્યંત સુંદર છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત સુવર્ણકુમારોના સ્થાનો કહ્યાં છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. અહીં ઘણા સુવર્ણકુમાર દેવો રહે છે. અહીં વેણુદેવ નામે સુવર્ણકુમારનો ઇંદ્ર, સુવર્ણકુમારનો રાજા રહે છે. બાકી બધું નાગકુમારોની પેઠે જાણવું. ॥૩૬॥૧૧૪॥*

**कहि णं भंते! उत्तरिल्लाणं सुवन्नकुमाराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! उत्तरिल्ला सुवन्नकुमारा देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए जाव एत्थ णं उत्तरिल्लाणं सुवन्नकुमाराणं चउतीसं भवणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भवणा जाव एत्थ णं बहवे उत्तरिल्ला सुवन्नकुमारा देवा परिवसंति, महिड्ढिया जाव विहरंति। वेणुदाली एत्थ सुवन्नकुमारिंदे सुवन्नकुमारराया परिवसइ, महिड्ढीए सेसं जहा नागकुमाराणं। एवं जहा सुवन्नकुमाराणं वत्तव्वया भणिया तहा सेसाण वि चउदसण्हं इंदाणं भाणियव्वा। नवरं भवणणाणत्तं इंदणाणत्तं वन्नणाणत्तं परिहाणणाणत्तं च इमाहिं गाहाहिं अणुगंतव्वं-चउसट्ठिं असुराणं चुलसीती चेव होंति नागाणं। बावत्तरिं सुवन्ने वाउकुमाराण छन्नउई।।१।। दीवदिसाउदहीणं विज्जुकुमारिंदथणियमग्गीणं। छण्हंपि जुअलयाणं छावत्तरि मो सयसहस्सा।।२।। चउत्तीसा चउयाला अट्ठत्तीसं च सयसहस्साइं। पन्ना चत्तालीसा दाहिणओ हुंति भवणाइं।।३।। तीसा चत्तालीसा चउत्तीसं चेव सयसहस्साइं। छायाला छत्तीसा उत्तरओ हुंति भवणाइं।।४।। चउसट्ठी सट्ठी खलु छच्च सहस्साइं असुरवज्जाणं। सामाणिआ**

**ठ एए चउग्गुणा आयरक्खा उ।।५।। चमरे धरणे तह वेणुदेव हरिकंत-अग्गिसीहे य। पुन्ने जलकंते य अमिय-विलम्बे य घोसे य।।६।। बलि-भूयाणंदे वेणुदालि-हरिस्सहे अग्गिमाणव वसिट्ठे। जलप्पहे तअमियवाहणे पभंजणे य महाघोसे।।७।। उत्तरिल्ला णं जाव विहरंति। काला असुरकुमारा नागा उदही य पंडुरा दो वि। वरकणगनिहसगोरा हुंति सुवन्न दिसा थणिया।।८।। उत्तत्तकणगवन्ना विज्जू अग्गी य होंति दीवा य। सामा पियंगुवन्ना वाउकुमारा मुणेयव्वा ।।९।। असुरेसु हुंति रत्ता सिलिंधपुप्फप्पभा य नागुदही। आसासगवसणधरा होंति सुवन्ना दिसा थणिया ।।१०।। नीलाणुरागवसणा विज्जू अग्गी य हुंति दीवा य। संझाणुरागवसणा वाउकुमारा मुणेयव्वा ।।११।। ।।सू०-३७।।११५।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉત્તરના સુવર્ણકુમાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! ઉત્તરના સુવર્ણકુમાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભાના–યાવત્–મધ્યભાગમાં અહીં ઉત્તરના સુવર્ણકુમાર દેવોના ચોત્રીશ લાખ ભવનો છે એમ કહ્યું છે. તે ભવનો બહારના ભાગમાં ગોળ છે–ઇત્યાદિ યાવત્–અહીં ઘણા ઉત્તરના સુવર્ણકુમાર દેવો વસે છે. તેઓ મહાઋદ્ધિવાળા, યાવત્–વિહરે છે. અહીં વેણુદાલિ નામે સુવર્ણકુમારનો ઇન્દ્ર સુવર્ણકુમારનો રાજા રહે છે. તે મહર્દ્ધિક છે. બાકી બધું નાગકુમારોની પેઠે જાણવું. જેમ સુવર્ણકુમારની વક્તવ્યતા કહી છે તેમ બાકીના ચૌદે ઇન્દ્રોની કહેવી. પરન્તુ ભવન, ઇન્દ્ર, વર્ણ અને પરિધાનનું ભિન્ન ભિન્નપણું આ ગાથાઓ વડે જાણવું. 'અસુરકુમારેન્દ્રના ચોસઠ લાખ, નાગકુમારેન્દ્રના ચોરાશી લાખ, સુવર્ણકુમારેન્દ્રના બહોંતેર લાખ, વાયુકુમારેન્દ્રના છન્નું લાખ, દ્વીપકુમારેન્દ્ર, દિશાકુમારેન્દ્ર, ઉદધિકુમારેન્દ્ર, વિદ્યુત્કુમારેન્દ્ર, સ્તનિતકુમારેન્દ્ર અને અગ્નિકુમારેન્દ્ર એ છ યુગલના પ્રત્યેકના છોંતેર લાખ ભવનો છે. (૧) ચોત્રીશ લાખ, (૨) ચુંમાળીશ લાખ, (૩) આડત્રીશ લાખ, (૪) પચાસ લાખ અને શેષ છ ઇન્દ્રના ચાળીસ ચાળીસ લાખ દક્ષિણ દિશામાં ભવનો છે. (૧) ત્રીશ લાખ, ચાળીશ લાખ, ચોત્રીશ લાખ, છેંતાળીશ લાખ, અને શેષ છ ઇન્દ્રના છત્રીશ છત્રીશ લાખ ભવનો ઉત્તર દિશામાં છે. દક્ષિણના અસુરકુમારેન્દ્રના ચોસઠ લાખ, ઉત્તરના અસુરકુમારેન્દ્રના સાઠ લાખ, અસુરકુમારેન્દ્ર સિવાય બાકીના બધા દક્ષિણના અને ઉત્તરના પ્રત્યેકના છ છ હજાર સામાનિક દેવો જાણવા. અને તેથી ચાર ગુણા આત્મરક્ષક દેવો જાણવા. ચમર, ધરણ, વેણુદેવ, હરિકાન્ત, અગ્નિશિખ, પૂર્ણ, જલકાન્ત, અમિત, વેલંબ, ઘોષ, બલિ, ભૂતાનંદ, વેણુદાલિ, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપથ, તથા અમિતવાહન, પ્રભંજન, મહાઘોષ–એમ ઉત્તર દિશાના ઇન્દ્રો યાવત્ વિહરે છે. અસુરકુમાર કાળા છે, નાગકુમાર અને ઉદધિકુમાર બન્ને શ્વેતવર્ણના છે, સુવર્ણકુમાર શ્રેષ્ઠ સુવર્ણની કસોટી ઉપરની રેખાના જેવા કંઇક રાતા–પીળા વર્ણના છે. દિક્કુમાર અને સ્તનિતકુમાર ઉત્તમ કનકના વર્ણ જેવા છે, વિદ્યુત્કુમાર, અને દ્વીપકુમાર શ્યામ વર્ણના છે અને વાયુકુમાર પ્રિયંગુવૃક્ષના જેવા વર્ણના જાણવા. અસુરકુમારના લાલ વસ્ત્રો, નાગકુમાર અને ઉદધિકુમારના શિલિન્ધ્ર પુષ્પની પ્રભા જેવા લીલા વસ્ત્રો, સુવર્ણકુમાર, દિક્કુમાર અને સ્તનિતકુમાર અશ્વાસ્યગ–અશ્વના મુખમાં રહેલ ફીણના જેવા (ધોળા) વસ્ત્રને ધારણ કરનારા છે. વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર અને દ્વીપકુમારો નીલવર્ણ–ઘેરા લીલા વર્ણના વસ્ત્રોવાળા અને વાયુકુમારો સંધ્યાના રંગ જેવા વસ્ત્રોવાળા જાણવા.।।૩૭।।૧૧૫।।*

(ટી૦) **'चउसट्ठिं असुराणं'** ઇત્યાદિ બે ગાથાઓ સામાન્ય રીતે અસુરકુમારાદિના ભવનોની સંખ્યા જણાવનારી સુગમ છે. 'ચઉતીસા ચઉયાલા' ચોત્રીશ લાખ ચુંમાળીશ લાખ ઇત્યાદિ ગાથા દક્ષિણના અસુરકુમારાદિના ભવનની સંખ્યા બતાવનારી છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે–દક્ષિણ દિશામાં અસુરકુમારના ભવનો ચોત્રીશ લાખ છે, નાગકુમારના ચુંમાળીશ લાખ, સુવર્ણકુમારના આડત્રીશ લાખ, વાયુકુમારના પચાસ લાખ, દ્વીપકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર એ છના દરેકના ચાળીશ ચાળીશ લાખ ભવનો છે. 'તીસા ચત્તાલીસા' ઇત્યાદિ. ઉત્તર દિશાના અસુરકુમારના ભવનો ત્રીશ

લાખ, નાગકુમારના ચાળીશ લાખ, સુવર્ણકુમારના ચુંમાળીશ લાખ, વાયુકુમારના છેંતાળીશ લાખ, દ્વીપકુમાર, દીક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમારના પ્રત્યેકના છત્રીશ છત્રીશ લાખ ભવનો છે. હવે સામાનિક અને આત્મરક્ષક દેવોની સંખ્યાનો સંગ્રહ કરવા માટે કહે છે—'चउसट्ठी सट्ठी खलु' ઇત્યાદિ. દક્ષિણના અસુરકુમારેન્દ્રના ચોસઠ હજાર સામાનિક દેવો છે. ઉત્તર દિશાના અસુરકુમારેન્દ્રના સાઠ હજાર, 'असुरवर्जानाम्' અસુરકુમારેન્દ્ર સિવાય બાકીના બધા દક્ષિણના અને ઉત્તરના ઇન્દ્રોના પ્રત્યેકના છ છ હજાર 'सामाणिया उ एए' એ સામાનિક દેવો જાણવા. અને આત્મરક્ષક દેવો બધે ઠેકાણે સામાનિક દેવોથી ચાર ગુણા સમજવા. હવે દક્ષિણ અને ઉત્તર દિશાના અસુરકુમારાદિના અનુક્રમે ઇન્દ્રો બતાવે છે––'चमरे धरणे' ઇત્યાદિ. દક્ષિણ દિશાના અસુરકુમારોનો ઇન્દ્ર ચમર છે, નાગકુમારોનો ધરણ, સુવર્ણકુમારોનો વેણુદેવ, વિદ્યુત્કુમારોનો હરિકાન્ત, અગ્નિકુમારોનો અગ્નિશિખ, દ્વીપકુમારોનો પૂર્ણ, ઉદધિકુમારોનો જલકાન્ત, દિક્કુમારોનો અમિત, વાયુકુમારોનો વેલંબ અને સ્તનિતકુમારોનો ઘોષ નામે ઇન્દ્ર છે. 'बलि-भूयाणंदे' ઇત્યાદિ. ઉત્તર દિશામાં રહેનારા અસુરકુમારોનો ઇન્દ્ર બલિ છે. નાગકુમારોનો ભૂતાનંદ, સુવર્ણકુમારોનો વેણુદાલિ, વિદ્યુત્કુમારોનો હરિસ્સહ, અગ્નિકુમારોનો અગ્નિમાનવ, દ્વીપકુમારોનો વિશિષ્ટ, ઉદધિકુમારોનો જલપ્રભ, દિક્કુમારોનો અમિતવાહન, વાયુકુમારોનો પ્રભંજન અને સ્તનિતકુમારોનો મહાઘોષ ઇન્દ્ર છે. અસુરકુમારાદિના વર્ણોનો સંગ્રહ કરીને કહે છે—'काला असुरकुमारा' ઇત્યાદિ બે ગાથા છે. બધા અસુરકુમારો કાળા છે, નાગકુમારો અને ઉદધિકુમારો બન્ને 'पाण्डुराः'–શ્વેતવર્ણના છે, 'वरकनकनिघर्षगौराः' શ્રેષ્ઠ સુવર્ણની કસોટી ઉપરની રેખા જેવા ગૌર–રક્તપીત વર્ણના સુવર્ણકુમારો, દિક્કુમારો અને સ્તનિતકુમારો છે. વિદ્યુત્કુમારો, અગ્નિકુમારો અને દ્વીપકુમારો 'उत्तप्तकनकवर्णाः' તપાવેલા સુવર્ણના જેવા–કંઇક રક્તવર્ણના છે. વાયુકુમારો શ્યામ છે. તે શ્યામપણું સ્પષ્ટ કરી બતાવે છે–'प्रियंगुवर्णाः' પ્રિયંગુ વૃક્ષના વર્ણ જેવા છે. હવે વસ્ત્રોનો વર્ણ જણાવે છે—'असुरेसु हुंति रत्ता' ઇત્યાદિ બે ગાથા છે. અસુરકુમારના રાતાં વસ્ત્રો છે. નાગકુમાર અને ઉદધિકુમારના શિલિન્ધ્ર વૃક્ષના પુષ્પના જેવા નીલવર્ણવાળાં વસ્ત્રો છે, સુવર્ણકુમારો, દિક્કુમારો અને સ્તનિતકુમારો 'अश्वास्यगवसनधराः' અશ્વના આસ્યગ–મુખમાં રહેલ ફીણના જેવા ધોળા વસ્ત્રને ધારણ કરનાર હોય છે એટલે કે તેઓ બહુધા શ્વેત વસ્ત્રોને પહેરવાના સ્વભાવવાળા છે. વિદ્યુત્કુમાર, દ્વીપકુમાર અને અગ્નિકુમાર નીલવર્ણના વસ્ત્રોવાળા છે, અને વાયુકુમારને સંધ્યાના રંગ જેવા વસ્ત્રો છે. ॥૩૭॥૧૧૫॥

## ।। वाणमंतरदेवठाणाइं ।।

**कहि णं भंते! वाणमंतराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! वाणमंतरा देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्सबाहल्लस्स उवरिं एगं जोयणसयं ओगाहित्ता हिट्ठा वि एगं जोयणसयं वज्जित्ता मज्झे अट्ठसु जोयणसएसु एत्थ णं वाणमंतराणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्जनगरावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भोमेज्जा णगरा बाहिं वट्टा, अंतो चउरंसा, अहे पुक्खरकन्नियासंठाणसंठिया, उक्किन्नंतरविउलगंभीरखाय-फलिहा, पागार-ऽट्टालय-कवाड-तोरण-पडिदुवारदेसभागा, जंत-सयग्घि-मुसल-मुसंढिपरियारिया, अउज्झा, सदाजया, सदागुत्ता, अडयालकोट्ठगरइया, अडयालकयवणमाला, खेमा, सिवा, किंकरामरदंडोवरक्खिया, लाउल्लोइयमहिया, गोसीस-सरसरत्तचंदण-दद्दरदिन्नपंचंगुलितला, उवचियचंदणकलसा, चंदणघडसुकयतोरणपडिदुवारदेसभागा, आसत्तोसत्तविउलवट्ट-वग्घारियमल्लदामकलावा, पंचवण्णसरससुरहिमुक्कपुप्फपुंजोवयारकलिया, कालागुरु-पवर-कुंदुरुक्क-तुरुक्कधूव-मघमघंतगंधुद्धुयाभिरामा, सुगंधवरगंधगंधिया, गंधवट्टिभूया, अच्छरगणसंघसंविकिन्ना, दिव्वतुडियसद्दसंपणदिया, पडागमालाउलाभिरामा, सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पहा, सस्सिरीया, समरीइया, सउज्जोया, पासाइया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा।**

एत्थ णं वाणमन्तराणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे वाणमंतरा देवा परिवसंति। तं जहा—पिसाया, भूत, जक्खा, रक्खसा, किंनरा, किंपुरिसा, भुयगवइणो महाकाया, गन्धव्वगणा य निउणगंधव्वगीयरइणो, अणवन्निय-पणवन्निय-इसिवाइय-भूयवाइयकंदिय-महाकंदिया य कुहंडपयगदेवा, चंचलचलचवलचित्तकीलणदवप्पिया, गहिरहसियगीयणच्चणरई, वणमालामेल-मउड-कुंडल-सच्छंदविउव्वियाभरणचारुभूसणधरा, सव्वोउयसुरभिकुसुमसुरइयपलंबसोहंतकंतविहसंत-चित्तवण-मालरइयवच्छा, कामगमा [कामकामा] कामरूवदेहधारी, णाणाविहवण्णरागवरवत्थविचित्तचिल्ललगनियंसणा, विविहदेसिनेवत्थ(च्छ)गहियवेसा, पमुइयकंदप्प-कलह-केलि-कोलाहलप्पिया, हास-बोलबहुला, असि-मुग्गर-सत्ति-कुंतहत्था, अणेगमणि-रयणविविहनिज्जुत्तविचित्तचिंधगया, सुरूवा, महिड्ढिया, महज्जुईय, महायसा, महाबला, महाणुभागा, महासुक्खा, हारविराइयवच्छा, कडय-तुडियथंभिय-भुया, अंगय-कुंडल-मट्ठगंडयलकन्नपीढधारी, विचित्तहत्थाभरणा, विचित्तमालामउली, कल्लाणगपवरवत्थपरिहिया, कल्लाणग-पवरमल्लाणुलेवणधरा, भासुरबोंदी, पलंबवणमालधरा, दिव्वेणं वन्नेणं, दिव्वेणं गंधेणं, दिव्वेणं फासेणं, दिव्वेणं संघयणेणं, दिव्वेणं संठाणेणं, दिव्वाए इड्ढीए, दिव्वाए जुईए, दिव्वाए पभाए, दिव्वाए छायाए, दिव्वाए अच्चीए, दिव्वेणं तेएणं, दिव्वाए लेस्साए, दस दिसाओ उज्जोवेमाणा, पभासेमाणा, ते णं तत्थ साणं साणं असंखेज्जभोमेज्जगनगरा-वाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं अग्गमहिसीणं, साणं साणं परिसाणं, साणं साणं अणीयाणं, साणं साणं अणीयाहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं वाणमंतराणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा, पालेमाणा महयाहयनट्टगीय-वाइयतंती-तल-ताल-तुडियघणमुइंगपडुप्पवाइयरवेणं दिव्वाइं भोग भोगाइं भुंजमाणा विहरंति ।।सू०-३८।।११६।।

(मू०) *હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત વાનમંતર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! વાનમંતર દેવો ક્યાં વસે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીના એક હજાર યોજન પ્રમાણ જાડા રત્નમય કાંડના ઉપરથી સો યોજન પ્રવેશ કરી અને નીચે સો યોજન છોડીને મધ્યના આઠસો યોજનમાં અહીં વાનમંતરદેવોના તીરછાભૂમિ સંબંધી અસંખ્યાતા લાખો નગરો છે એમ કહ્યું છે. તે ભૂમિ સંબંધી નગરો બહારના ભાગમાં ગોળ, અંદરના ભાગમાં સમચોરસ અને નીચે કમળની કર્ણિકાના આકારવાળા છે–ઈત્યાદિ વર્ણન ભવનવાસીના દેવોના ભવનોના સામાન્ય વર્ણન (સૂ૦ ૨૮) પ્રમાણે યાવત્ 'दिव्यत्रुटितशब्दसंप्रणदिताः' દિવ્ય વાદિત્રોના શબ્દ વડે શબ્દમય થયેલાં, 'पताकामालकुलाऽभिरामाः' પતાકા–ધ્વજાની શ્રેણિ વડે વ્યાપ્ત અને અભિરામ–મનોહર, સર્વ રત્નમય, યાવત્ 'प्रतिरूपाः'–સુંદર છે ત્યાં સુધી વર્ણન જાણવું. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત વાનમંતર દેવોના સ્થાનો કહ્યાં છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન–એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા વાનમંતર દેવો રહે છે. તે આ પ્રમાણે–૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરુષ, ૭ ભુજગપતિ મહાકાય–મહોરગો, ૮ નિપુણ ગાન્ધર્વોના ગાયનને વિષે પ્રીતિવાળા ગન્ધર્વ ગણો. ૧ અણપન્નિક, ૨ પણપન્નિક, ૩ ઋષિવાદિક, ૪ ભૂતવાદિક, ૫ કંદિત, ૬ મહાકંદિત, ૭ કુહંડ અને ૮ પતંગદેવો. તે બધા ચંચલ અને અત્યંત ચપલ ચિત્તવાળા તથા ક્રીડા અને હાસ્ય પ્રિય જેને છે એવા, ગંભીર હાસ્ય, ગીત અને નૃત્યને વિષે પ્રીતિવાળા, વનમાલામય આપીડ–શેખર, મુકુટ, કુંડલ તથા સ્વચ્છંદપણે વિકુર્વેલા આભરણો વડે સુંદર ભૂષણ–શોભાને ધારણ કરનારા, સર્વ ઋતુમાં થવાવાળા સુગંધી પુષ્પો વડે સારી રીતે*

*રચેલી લાંબી લટકતી શોભતી પ્રિય વિકસિત અને અનેક પ્રકારની વિવિધ વનમાલા વક્ષઃસ્થલમાં જેઓએ પહેરેલી છે એવા, સ્વેચ્છાએ ગમન કરનારા, સ્વેચ્છા વડે રૂપ વાળા શરીરને ધારણ કરનારા, અર્થાત્ સ્વેચ્છાથી વિકુર્વેલા અનેક રૂપવાળા દેહને ધારણ કરનારા, અનેક પ્રકારના વર્ણ રૂપ રંગવાળા, પ્રધાન, અદ્‌ભુત, વિચિત્ર અને દેદીપ્યમાન વસ્ત્રોને પહેરનારા, વિવિધ પ્રકારના દેશી વેષો વડે જેઓએ પહેરવેશ ધારણ કર્યો છે એવા, પ્રમુદિત તથા કંદર્પ, કલહ, ક્રીડા અને કોલાહલને વિષે પ્રીતિવાળા, પુષ્કળ હાસ્ય અને કોલાહલ કરનારા, તલવાર, મુદ્‌ગર, શક્તિ અને ભાલાઓ જેના હાથમાં છે એવા, અનેક પ્રકારના મણિ અને વિવિધ રત્નો વડે યુક્ત, વિચિત્ર ચિહ્નો વાળા, મહા ઋદ્ધિવાળા, મહા કાંતિવાળા, મહા યશવાળા, મહા બલવાળા, મહા સામર્થ્યવાળા, મહા સુખવાળા, હાર વડે સુશોભિત વક્ષઃસ્થળ જેઓનું છે એવા, કડા અને તુટિત–બાહુરક્ષક–બાજુબંધ વડે જેની ભુજાઓ અક્કડ છે એવા, અંગદ, કુંડલ, અને કપોલપ્રદેશનો સ્પર્શ કરનાર કર્ણપીઠ–કર્ણાભરણને ધારણ કરનાર, વિચિત્ર માલાઓ મસ્તકમાં ધારણ કરનારા, કલ્યાણ કરનાર શ્રેષ્ઠ વસ્ત્રો જેઓએ પહેરેલા છે એવા, કલ્યાણકારી શ્રેષ્ઠ માલા અને વિલેપન ધારણ કરનારા, દેદીપ્યમાન શરીરવાળા, લાંબી લટકતી વનમાલાને ધારણ કરનારા, દિવ્ય વર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંઘયણ, દિવ્ય સંસ્થાન, દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દ્યુતિ, દિવ્ય પ્રભા, દિવ્ય છાયા (કાન્તિ), દિવ્ય અર્ચી (કીરણો) દિવ્ય તેજ અને દિવ્ય લેશ્યા–(શરીરાદિવર્ણના સૌંદર્ય) વડે દશ દિશાઓને ઉદ્ધ્યોતવાળી કરતા, શોભતા ત્યાં પોતપોતાના અસંખ્યાતા લાખો ભૂમિસંબંધી નગરાવાસોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું, પોતપોતાની અગ્રમહિષીઓનું, પોતપોતાની પર્ષદોનું, પોતપોવાના સૈન્યનું, પોતપોતાના સેનાધિપતિઓનું, પોતપોતાના હજારો આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા વાણમંતર દેવો અને દેવીઓનું અધિપતિપણું પુરપતિપણું–અગ્રેસરપણું, સ્વામીપણું, ભર્તાપણું, વડીલપણું અને આજ્ઞાવડે ઈશ્વરપણું તથા સેનાંપતિપણું કરાવતા, પાલન કરતા નિરંતર ચાલતા નૃત્ય, ગીત અને વગાડેલા વીણા, હસ્તતાલ, કાંસી તથા નિપુણ પુરુષોએ વગાડેલ ઘન મૃદંગના મોટા શબ્દ વડે દિવ્ય એવા ઉપભોગ કરવા લાયક ભોગોને ભોગવતા વિહરે છે. ॥૩૮॥૧૧૬॥*

(ટી૦) વાનમંતર સૂત્રમાં '**तिसु वि लोगस्स असंखेज्जइ भागे**' સ્વસ્થાન, ઉપપાત અને સમુદ્ઘાત રૂપે ત્રણે સ્થાનોને આશ્રયી તેઓ લોકના અસંખ્યાતમા ભાગને વિષે હોય છે. તથા '**भुयगवइणो महाकाया**' મહાકાય એટલે મહોરગ, મહોરગો કેવા છે? તેના ઉત્તરમાં વિશેષણ કહે છે—'**भुजगपतयः**' ભુજગપતિઓ છે. તેમજ '**गन्धर्वगणाः**' ગન્ધર્વસમુદાયો કેવા છે? તે માટે વિશેષણ કહે છે–'**निपुणगन्धर्वगीतरतयः**' 'નિપુણ–અત્યંત કુશલતાયુક્ત ગન્ધર્વ જાતિના દેવોના ગીતને વિષે પ્રીતિવાળા છે. એ આઠે વ્યન્તરોના મૂળ ભેદો છે, તે સિવાય બીજા આઠ અવાન્તર–પેટા ભેદો છે–'**अणपन्निय**' અણપન્નિક વગેરે. એ સોળે પ્રકારના વ્યન્તરો કેવા છે? તેના ઉત્તરમાં કહે છે–'**चञ्चलचलचपलचित्त–क्रीडानद्रवप्रियाः**' ચંચલ–અનવસ્થિત અને ચલચપલ–અતિશય ચપલ ચિત્તવાળા તથા ક્રિડા અને દ્રવ–પરિહાસ જેઓને પ્રિય છે એવા, ટીકામાં તો તેનો અર્થ આ પ્રમાણે છે–'ચંચલ–અનવસ્થિત ચિત્તવાળા તથા ચલચપલ–અત્યંત ચપલ ક્રીડન–ક્રીડા અને ચિત્તને વિષે દ્રવ–પરિહાસ પ્રિય જેઓને છે એવા.' તથા '**गंभीरहसितगीतनर्तनरतयः**' ગંભીર હાસ્ય, ગીત અને નૃત્યને વિષે જેઓને પ્રીતિ છે એવા, તથા '**वनमालापीडमुकुटकुंडल–स्वच्छन्दविकुर्विताभरणचारुभूषणधराः**' વનમાલામય જે શેખર, મુકુટ અને કુંડલ તથા સ્વચ્છન્દપણે વિકુર્વેલા આભરણોવડે સુંદર ભૂષણને ધારણ કરનારા, '**सर्वर्तुकसुरभिकुसुमसुरचितप्रलम्बशोभमानकान्तविक-सच्चित्रवनमालारचितवक्षसः**' સર્વ ઋતુમાં થનારા સુગંધી પુષ્પો વડે સારી રીતે ગુંથેલી પ્રલંબ–લાંબી લટકતી, શોભતી, કાન્ત–પ્રિય વિકસન્તી–ખીલેલી–નહિ કરમાયેલા પુષ્પોવાળી ચિત્ર–નાના પ્રકારની વનમાલા જેઓએ વક્ષઃસ્થળમાં ધારણ કરેલી છે એવા, '**कामगमाः**' કામ–સ્વેચ્છાવડે ગમ–ગતિવાળા, અર્થાત્ સ્વેચ્છાએ ફરવાવાળા, ક્વચિત્ '**कामकामाः**' એવો પાઠ છે. તેમાં કામ–સ્વેચ્છાથી કામ–મૈથુનસેવા જેઓને છે એવા, એટલે તેઓ અનિયમિતપણે વિષયસેવવાવાળા, '**कामरूपाः**'

કામ–સ્વેચ્છાથી રૂપ જેઓનું છે એવા, 'कामरूपदेहधारिण:' કામ–સ્વેચ્છાએ રૂપ જેઓનું છે એવા દેહ–શરીરને ધારણ કરનારા, એટલે સ્વેચ્છાવડે વિકુર્વેલા અનેક પ્રકારના રૂપયુક્ત શરીરને ધારણ કરનારા, 'नानाविधवर्णरागवरवस्त्र-चित्रचिल्ललगनिवसना:' અનેક પ્રકારના વર્ણો વડે રંગવાળા પ્રધાન અનેક પ્રકારના અથવા અદ્ભુત એવા દેદીપ્યમાન વસ્ત્રોને પહેરનારા, 'विविधदेशीनेपथ्यगृहीतवेषा:' વિવિધ પ્રકારના દેશી પહેરવેશો વડે વેષને ગ્રહણ કર્યો છે જેણે એવા, 'प्रमुदितकंदर्पकलहकेलिकोलाहलप्रिया:' પ્રમુદિત–પ્રસન્ન, કંદર્પ–કામને ઉદ્દીપન કરનાર વચન અથવા ચેષ્ટા, કલહ–રાડ, કેલિ–ક્રીડા અને કોલાહલ જેઓને પ્રિય છે. એવા, 'हास्यबोलबहुला:' પુષ્કળ હાસ્ય અને બોલ–અવ્યક્ત શબ્દ–કોલાહલ કરનારા, 'असिमुद्गरशक्तिकुन्तहस्ता:' તલવાર, મુદ્ગર, શક્તિ–એક જાતનું શસ્ત્ર અને કુન્ત–ભાલા જેઓના હાથમાં છે એવા, 'अनेकमणिरत्नविविधनिर्युक्तविचित्रचिह्नगता:' અનેક પ્રકારના ચન્દ્રકાન્તાદિ મણિઓ અને કર્કેતનાદિ રત્નોવડે વિવિધપણે યુક્ત વિચિત્ર–અનેક પ્રકારનાં ચિહ્નો રહેલાં છે જેઓને વિષે એવા, બાકીનો ભાગ સ્પષ્ટ છે, અને પૂર્વે તેની વ્યાખ્યા કરી છે માટે અહીં કરતા નથી. ।।૩૮।।૧૧૬।।

**कहि णं भंते! पिसायाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! पिसाया देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्सबाहल्लस्स उवरिं एगं जोयणसयं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसयं वज्जित्ता मज्झे अट्ठसु जोयणसएसु एत्थ णं पिसायाणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्जनगरावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं भोमेज्जनगरा बाहिं वट्टा जहा ओहिओ भवणन्नओ तहा भाणियव्वो जाव पडिरूवा। एत्थ णं पिसायाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ बहवे पिसाया देवा परिवसंति, महिड्ढिया जहा ओहिया जाव विहरन्ति। काल-महाकाला इत्थ दुवे पिसायिंदा पिसायरायाणो परिवसंति, महिड्ढिया महज्जुइया जाव विहरंति ।सू०-३९।।११७।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત પિશાચ દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! પિશાચ દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીના હજાર યોજન જાડા રત્નમય કાંડના ઉપરના ભાગથી એક સો યોજન જઈ અને નીચે સો યોજન છોડીને વચ્ચેના આઠ સો યોજનમાં પિશાચ દેવોના તીરછા ભૂમિસંબન્ધી અસંખ્યાતા લાખ નગરો છે એમ કહ્યું છે. તે ભૂમિસંબન્ધી નગરો બહારના ભાગમાં ગોળ છે–ઈત્યાદિ વર્ણન સામાન્ય ભવન વર્ણન પ્રમાણે યાવત્–પ્રતિરૂપ–નવીન નવીન રૂપને ધારણ કરનારા છે–ત્યાં સુધી કહેવું. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત પિશાચ દેવોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા પિશાચ દેવો રહે છે. તે મહાઋદ્ધિવાળા–ઈત્યાદિ સામાન્ય વર્ણન યાવત્–'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં કાલ અને મહાકાલ નામના બે પિશાચના ઈન્દ્રો પિશાચના રાજાઓ રહે છે. તે મહાઋદ્ધિવાળા મહાદ્યુતિવાળા યાવત્–વિહરે છે.।।૩૯।।૧૧૭।।*

**कहि णं भंते! दाहिणिल्लाणं पिसायाणं देवाणं [पज्जत्ताऽपज्जत्ताणं] ठाणा पन्नत्ता? कहि णं भंते! दाहिणिल्ला पिसाया देवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मन्दरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्सबाहल्लस्स उवरिं एगं जोयणसयं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसयं वज्जित्ता मज्झे अट्ठसु जोयणसएसु एत्थ णं दाहिणिल्लाणं पिसायाणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्जनगरावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं [भोमेज्जणगरा बाहिंवट्टा] भवणा जहा ओहिओ भवणवन्नओ तहा भाणियव्वो जाव पडिरूवा। एत्थ णं दाहिणिल्लाणं पिसायाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे दाहिणिल्ला पिसाया देवा परिवसंति, महिड्ढिया जहा ओहिया जाव विहरन्ति।**

काले एत्थ पिसायइंदे पिसायराया परिवसइ, महिड्ढीए जाव पभासेमाणे। से णं तत्थ तिरियमसंखेज्जाणं भोमेज्जनयरावाससयसहस्साणं, चउण्हं सामाणियसाहस्सीणं, चउण्ह मग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं दाहिणिल्लाणं वाणमंतराणं देवाण य देवीण य आहेवच्चं जाव विहरइ। उत्तरिल्लाणं पुच्छा। गोयमा! जहेव दाहिणिल्लाणं वत्तव्वया तहेव उत्तरिल्लाणं पि। णवरं मन्दरस्स पव्वयस्स उत्तरेणं। महाकाले एत्थ पिसायइंदे पिसायराया परिवसइ, जाव विहरइ। एवं जहा पिसायाणं तहा भूयाणं पि, जाव गंधव्वाणं। नवरं इंदेसु णाणत्तं भाणियव्वं इमेण विहिणा-भूयाणं सुरूव-पडिरूवा, जक्खाणं पुन्नभद्द-माणिभद्दा रक्खसाणं भीम-महाभीमा, किण्णराणं किण्णर-किंपुरिसा, किंपुरिसाणं सप्पुरिस-महापुरिसा, महोरगाणं अइकाया-महाकाया, गंधव्वाणं गीयरइ-गीयजसे, जाव विहरइ।

काले य महाकाले सुरूव-पडिरूव-पुन्नभद्दे य। तह चेव [अमरवइ] माणिभद्दे भीमे य तहा महाभीमे ॥१॥
किन्नर-किंपुरिसे खलु सप्पुरिसे खलु तहा महापुरिसे। अइकाय-महाकाए गीयरई चेव गीयजसे ॥२॥
॥सू०-४०॥११८॥

*(મૂ૦) હે ભગવન્! દક્ષિણ દિશાના પિશાચ દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! દક્ષિણ દિશાના પિશાચ દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ જંબૂદ્વીપનામના દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથિવીના હજાર યોજન જાડા રત્ન કાંડના ઉપરના ભાગથી એક સો યોજન અને નીચે એક સો યોજન છોડીને વચ્ચે આઠસો યોજનમાં તીરછા અસંખ્યાતા લાખ ભૂમિસંબન્ધી નગરો છે એમ કહ્યું છે. તે ભવનોનું વર્ણન સામાન્ય ભવનોના વર્ણન પ્રમાણે યાવત્–પ્રતિરૂપ છે–ત્યાં સુધી જાણવું. અહીં દક્ષિણ દિશાના પર્યાપ્ત અને અપર્યાપ્ત પિશાચદેવોના સ્થાનો છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા દક્ષિણ દિશાના પિશાચ દેવો રહે છે. તે મહાઋદ્ધિવાળા–ઇત્યાદિ ઔધિક–સામાન્ય વર્ણન યાવદ્ 'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં કાલ નામે પિશાચનો ઇન્દ્ર અને પિશાચોનો રાજા રહે છે. તે મહાઋદ્ધિવાળો–યાવત્ (દશ દિશાઓને) પ્રકાશિત કરે છે. તે ત્યાં તીરછા અસંખ્યાતા લાખ ભૂમિસંબન્ધી નગરોનું, ચાર હજાર સામાનિક દેવોનું, પરિવારસહિત ચાર અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદાઓનું, સાત પ્રકારના સૈન્યનું, સાત સેનાધિપતિઓનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું, તે સિવાય બીજા ઘણા વાનમંતર દેવો અને દેવીઓનું, અધિપતિપણું કરતો યાવદ્ વિહરે છે.*

*ઉત્તર દિશાના પિશાચોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જેમ દક્ષિણ દિશાના પિશાચોના સંબંધમાં વક્તવ્યતા કહી છે તેમ ઉત્તરના પિશાચોના સંબંધમાં પણ કહેવી. પરન્તુ મેરુ પર્વતની ઉત્તર દિશાએ છે. અહીં મહાકાલ નામે પિશાચોના રાજા વસે છે. યાવત્–વિહરે છે. એ પ્રમાણે જેમ પિશાચો સંબંધમાં હકીકત કહી તેમ ભૂતોના સંબંધમાં યાવત્–ગંધર્વોના સંબંધમાં કહેવી. પરન્તુ ઇન્દ્રોના સંબંધમાં વિશેષતા આ પ્રકારે કહેવી–ભૂતોના સુરૂપ અને પ્રતિરૂપ ઇન્દ્રો છે. યક્ષોના પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસોના ભીમ અને મહાભીમ, કિન્નરોના કિન્નર અને કિંપુરુષ, કિંપુરુષોના સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગોના અતિકાય અને મહાકાય તથા ગંધર્વોના ગીતરતિ અને ગીતયશ ઇન્દ્રો યાવત્–વિહરે છે.*

*"કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને મણિભદ્ર, ભીમ અને મહાભીમ, કિન્નર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય તથા ગીતરતિ અને ગીતયશ." ॥૪૦॥૧૧૮॥*

**कहि णं भंते! अणवन्नियाणं देवाणं [पज्जत्ताऽपज्जत्ताणं] ठाणा पन्नत्ता? कहि णं भंते! अणवन्निया देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्सबाहल्लस्स उवरिं हेट्ठा य एगं जोयणसयं सयं वज्जेत्ता मज्झे अट्ठसु जोयणसएसु एत्थ णं अणवन्नियाणं देवाणं तिरियमसंखेज्जा णगरावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं जाव पडिरूवा। एत्थं णं अणवन्नियाणं देवाणं ठाणा [पन्नत्ता] उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे अणवन्निया देवा परिवसंति। महिड्ढिया जहा पिसाया जाव विहरंति। सन्निहिय-सामाणा इत्थ दुवे अणवन्निंदा अणवन्नियकुमाररायाणो परिवसंति। महिड्ढीया, जहा काल-महाकाला। एवं जहा कालमहाकालाणं दोण्हं पि दाहिणिल्लाणं उत्तरिल्लाण य भणिया तहा सन्निहिय-सामाणा[ई]णं पि भाणियव्वा। संगहणीगाहा- अणवन्निय-पणवन्निय-इसिवाइय-भूयवाइया चेव। कंद-महाकंदिय कुहंडे पययदेवा इमे इंदा। 'संनिहिया सामाणा धाय-विधाए इसी य इसिवाले। ईसर महेसरे या हवइ सुवच्छे विसाले य।।२।। हासे हासरई वि य सेए य तहा भवे महासेए। पयए पयगवई वि य नेयव्वा आणुपुव्वीए ।।३।। ।।सू०-४१।।११९।।**

*(મૂ૦) હે ભગવન્! અણપન્નિક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! અણપન્નિક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીના હજાર યોજન જાડા રત્નમય કાંડની ઉપર અને નીચે સો સો યોજન મૂકીને યાવદ્-આઠસો યોજનમાં અણપન્નિક દેવોના તીરછા અસંખ્ય લાખ ભૂમિસંબન્ધી નગરો છે એમ કહ્યું છે. તે નગરો યાવત્-પ્રતિરૂપ છે. ત્યાં અણપન્નિક દેવોના સ્થાનો છે. તે ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગને વિષે છે. ત્યાં ઘણા અણપન્નિક દેવો રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા ઇત્યાદિ-વર્ણન પિશાચોની જેમ યાવત્-'વિહરે છે'- ત્યાં સુધી જાણવું. અહીં સન્નિહિત અને સામાન્ય એ બે અણપન્નિકોના ઇન્દ્ર અને અણપન્નિક દેવોના રાજા રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા-એ પ્રમાણે જેમ દક્ષિણના અને ઉત્તરના પિશાચના ઇન્દ્ર કાલ અને મહાકાલના સંબંધમાં કહ્યું છે તેમ સંનિહિત અને સામાન્ય ઇન્દ્રના સંબંધમાં પણ કહેવું. આ સંગ્રહણી ગાથાનો અર્થ છે-"૧ અણપન્નિક, ૨ પણપન્નિક, ૩ ઋષિવાદી, ૪ ભૂતવાદી, ૫ કંદિત, ૬ મહાકંદિત, ૭ કોહંડ અને ૮ પતંગ એ વાનવ્યન્તર દેવો છે. તેઓના ઇન્દ્રો છે-૧ સન્નિહિત, ૨ સામાન્ય, ૩ ધાતા, ૪ વિધાતા, ૫ ઋષિ, ૬ ઋષિપાલ, ૭ ઈશ્વર, ૮ મહેશ્વર, ૯ સુવત્સ, ૧૦ વિશાલ, ૧૧ હાસ, ૧૨ હાસરતિ, ૧૩ શ્વેત, ૧૪ મહાશ્વેત, ૧૫ પતંગ અને ૧૬ પતંગપતિ એ અનુક્રમથી જાણવા. ॥૪૧॥૧૧૯॥*

(ટી૦) પરન્તુ 'કાલે ય મહાકાલે' ઇત્યાદિ. દક્ષિણ અને ઉત્તર દિશાના પિશાચોના ઇન્દ્ર અનુક્રમે કાળ અને મહાકાળ જાણવા- એટલે દક્ષિણ દિશાનો કાળ અને ઉત્તર દિશાનો મહાકાળ, ભૂતોના સુરૂપ અને પ્રતિરૂપ, યક્ષોના પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસોના ભીમ અને મહાભીમ, કિન્નરોના કિન્નર અને કિંપુરુષ, કિંપુરુષોના સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગોના અતિકાય અને મહાકાય તથા ગન્ધર્વોના ગીતરતિ અને ગીતયશ ઇન્દ્રો જાણવા. ॥૪૧॥૧૧૯॥

## || जोइसियदेवठाणाइं ||

**कहि णं भंते! जोइसियाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! जोइसिया देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ सत्ताणउए जोयणसए उड्ढं उप्पइत्ता दसुत्तरे जोयणसयबाहल्ले तिरियमसंखेज्जे जोइसविसए। एत्थ णं जोइसियाणं देवाणं तिरियमसंखेज्जा जोइसियविमाणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं विमाणा अद्धकविट्ठगसंठाणसंठिया, सव्वफालियामया,**

अब्भुग्गयमूसियपहसिया इव, विविहमणिकणगरयणभत्तिचित्ता, वाउद्धूयविजयवेजयंतीपडागछत्ताइछत्तकलिया, तुंगा, गगणतलमहिलंघमाणसिहरा, जालंतररयण-पंजरुम्मिलियव्व, मणिकणगथूभियागा, वियसियसयवत्त-पुंडरीया[य], तिलयरयणद्धचंदचित्ता, नाणामणिमयदामालंकिया अंतो बहिं च सण्हा, तवणिज्जरुइलवालुयापत्थडा, सुहफासा, सस्सिरि[री]या, सुरूवा, पासाईया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा। एत्थ णं जोइसियाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे जोइसिया देवा परिवसंति। तं जहा-बहस्सई, चंदा, सूरा, सुक्का, सणिच्छरा, राहू, धूमकेऊ, बुधा, अंगारगा, तत्ततवणिज्जकणगवन्ना जे य गहा जोइसम्मि चारं चरंति केऊ य गइरइया अट्ठावीसइविहा य नक्खत्तदेवतगणा, णाणासंठाणसंठियाओ, पंचवण्णओ तारयाओ ठियलेस्सा चारिणो, अविस्सामंडलगई, पत्तेयनामंकपागडियचिंधमउडा महिड्ढिया जाव पभासेमाणा। ते णं तत्थ साणं साणं विमाणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं साणं साणं अग्गमहिसीणं सपरिवाराणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं जोइसियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं जाव विहरंति। चंदिम-सूरिया इत्थ दुवे जोइसिंदा जोइसियरायाणो परिवसंति, महिड्ढिया जाव पभासेमाणा। ते णं तत्थ साणं साणं जोइसियविमाणावाससयसहस्साणं, चउण्हं सामाणियसाहस्सीणं, चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणीयाणं, सत्तण्हं अणीयाहिवईणं, सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं, जाव अन्नेसिं च बहूणं जोइसियाणं देवाण य देवीण य आहेवच्चं[पोरेवच्चं] जाव विहरंति ।।सू०-४२।।१२०।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત જ્યોતિષિક દેવોના સ્થાનો ક્યાં છે? હે ભગવન્! જ્યોતિષિક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીના અત્યંત સમ-સરખા અને રમણીય ભૂમિના ભાગથી સાતસો નેવું યોજન ઉપર જઇએ એટલે એક્સો દસ યોજન પહોળા અને તીરછા અસંખ્યાતા યોજનપ્રમાણ ક્ષેત્રમાં જ્યોતિષિક દેવોનો વિષય-નિવાસ છે. અહીં જ્યોતિષિક દેવોના તીરછા અસંખ્યાતા લાખ જ્યોતિષિક વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો અર્ધા કોઠાની આકૃતિવાળા, સર્વસ્ફટિકમય, અભ્યુદ્ગતા-ચારે તરફથી નીકળેલી, ઉત્સૃતા-ચારે તરફ પ્રસરેલી પ્રભા વડે ધોળાં, વિવિધ પ્રકારના મણિ, કનક અને રત્નોની ભક્તિ-રચના વડે વિચિત્ર, વાયુ વડે કંપિત થયેલી વિજયની સૂચક વૈજયન્તી નામે પતાકા અને ઉપર ઉપર રહેલા છત્રો વડે યુક્ત, ઉંચા ગગનતલનું ઉલ્લંઘન કરનારા જેઓના શિખરો છે એવાં, જાળીઓના વચ્ચેના ભાગમાં રત્નો જેઓને છે એવાં, તથા પાંજરાથી બહાર કાઢેલા હોયની શું એવાં, મણિ અને કનકના સ્તૂપિકા-શિખરો જેઓનાં છે એવાં, વિકસિત-ખીલેલા શતપત્રો, પુંડરીકો, તિલકો અને રત્નમય અર્ધ ચન્દ્રો વડે વિચિત્ર, અનેક પ્રકારની મણિમય માળાઓ વડે સુશોભિત, અંદર અને બહાર કોમળ, તપનીય-સુવર્ણની મનોહર વાલુકોનો પ્રસ્તટ-ભૂમિપીઠ જેઓને વિષે છે એવાં, સુખકર સ્પર્શવાળાં, શોભાયુક્ત, સુંદર રૂપવાળાં, પ્રસન્નતા ઉત્પન્ન કરનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત જ્યોતિષિક દેવોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા જ્યોતિષિક દેવો રહે છે. તે આ પ્રમાણે-બૃહસ્પતિ, ચન્દ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ, અંગારક-મંગળ, તેઓ તપાવેલા તપનીય-સુવર્ણના જેવા વર્ણવાળા છે. (તે સિવાય બીજા) જે ગ્રહો જ્યોતિશ્ચક્રમાં ફરે છે, ગતિમાં પ્રીતિવાળા કેતુઓ અને અઠ્યાવીશ પ્રકારના નક્ષત્ર દેવગણો છે તે બધા અનેક પ્રકારની આકૃતિવાળા છે. તારાઓ પાંચ વર્ણના છે અને તેઓ બધા સ્થિતલેશ્યાવાળા-અવસ્થિતતેજોલેશ્યાવાળા છે. જેઓ ફરવાના સ્વભાવવાળા*

*છે તેઓ વિશ્રામરહિત–નિરંતર મંડલરૂપે ગતિ કરનારા, પ્રત્યેકના નામના લાંછન વડે મુકુટમાં પ્રકટ કરેલું ચિહ્ન જેઓને છે એવા, મહા ઋદ્ધિવાળા, યાવત્ શોભતા ત્યાંના પોતપોતાના લાખો વિમાનાવાસોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું, પોતપોતાની પરિવારસહિત અગ્રમહિષીઓનું, પોતપોતાની પર્ષદાઓનું, પોતપોતાના સૈન્યોનું, પોતપોતાના સેનાધિપતિઓનું, પોતપોતાના હજારો આત્મરક્ષક દેવોનું, અને બીજા ઘણા જ્યોતિષિક દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતા યાવત્–વિહરે છે. અહીં ચન્દ્ર અને સૂર્ય એ બે જ્યોતિષ્કના ઇન્દ્રો અને જ્યોતિષ્કના રાજાઓ રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા, યાવત્ શોભતા પોતપોતાના લાખો જ્યોતિષ્કના વિમાનાવાસોનું, ચાર હજાર સામાનિક દેવોનું, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદાઓનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું, યાવત્–અન્ય ઘણા જ્યોતિષ્ક દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતા યાવત્–વિહરે છે. ॥૪૨॥૧૨૦॥*

(ટી૦) જ્યોતિષ્કના સૂત્રમાં '**अद्धकविट्ठगसंठाणसंठिया**' અર્ધા કોઠાના આકારવાળાં વિમાનો છે. આના સંબંધમાં આક્ષેપ–શંકા અને પરિહાર–સમાધાન ચન્દ્રપ્રજ્ઞપ્તિટીકા અને સૂર્યપ્રજ્ઞપ્તિની ટીકામાં છે ત્યાંથી જાણી લેવું. તે વિમાનો '**सर्वस्फटिकमयानि**' સર્વરૂપે સ્ફટિકમય, '**अभ्युद्गतोत्सृतप्रभासितानि**' અભ્યુદ્ગતા–અભિમુખપણે ચોતરફથી નીકળેલી, અને ઉત્સૃતા–પ્રબલપણે સર્વ દિશાઓમાં પ્રસરેલી પ્રભા–દીપ્તિ વડે સિત–ધોળાં, '**विविधमणिकनकभक्तिचित्राणि**' વિવિધ પ્રકારના મણિ, કનક અને રત્નોની ભક્તિ–રચનાવિશેષવડે ચિત્ર–આશ્ચર્યભૂત, '**वातोद्धूतविजयवैजयन्तीपताका–छत्रातिछत्रकलितानि**' વાયુથી કંપેલી વિજય–અભ્યુદયને સૂચવતી વૈજયન્તી નામે પતાકા અથવા વિજય–વૈજયન્તીની પાર્શ્વવર્તી કર્ણિકા, તે પ્રધાન છે જેમાં એવી વૈજયન્તી તે વિજયવૈજયન્તી. તથા પાર્શ્વવર્તી કર્ણિકારહિત હોય તે પતાકા તથા છત્રાતિછત્ર–ઉપર ઉપર રહેલાં છત્રો, તે બન્ને વડે યુક્ત, 'તુંગાનિ' ઉંચા, '**गगनतलमधिलङ्घयच्छिखराणि**' આકાશ માર્ગનું અતિ ઉલ્લંઘન કરનારા શિખરો જેઓના છે એવાં, '**जालान्तररत्न–पञ्जरोन्मीलितानीव**' જાળીઆં ભવનની ભીંતને વિષે હોય છે અને તે લોક પ્રસિદ્ધ છે, તેની વચ્ચેના ભાગમાં વિશિષ્ટ શોભાને માટે જ્યાં રત્નો મૂકેલાં છે એવાં, તથા પાંજરાથી બહાર કરાયેલા હોયની-શું એવાં, જેમકે કોઇ વસ્તુ વાંસવગેરેના બનેલા પ્રચ્છાદન વિશેષરૂપ પાંજરાથી બહાર કરાયેલી હોય અને તેની કાન્તિ અવિનષ્ટ હોવાથી શોભે છે તેમ તે વિમાનો પણ શોભે છે. '**मणिकनकस्तूपिकानि**' મણિ અને સુવર્ણના સ્તૂપિકા–શિખરો જેઓને છે એવાં, '**विकसितशतपत्रपुण्डरीक-तिलकरत्नार्धचन्द्रचित्राणि**' બારણા વગેરેમાં આકૃતિરૂપે રહેલાં ખીલેલાં જે શતપત્રો અને પુંડરીક કમળો, ભીંત વગેરે ઉપર રહેલા તિલકો, બારણા વગેરેમાં રહેલા રત્નમય અર્ધચન્દ્રો વડે ચિત્ર–આશ્ચર્યકારક, '**नानामणिमयदामालङ्कृतानि**' અનેક પ્રકારની મણિમય માલાઓ વડે અલંકૃત, '**श्लक्ष्णानि**' અંદરના તથા બહારના ભાગમાં કોમળ સ્પર્શવાળા, '**तपनीयरुचिरवालुकाप्रस्तटानि**' સુવર્ણમય, મનોહર રેતીઓનો પ્રસ્તટ–ભૂમિ જેઓને વિષે છે એવાં, એટલે જ્યાં સુવર્ણમય વાલુકા પાથરેલી એવાં, તથા '**सुखस्पर्शानि शुभस्पर्शानि वा**' સુખકારક સ્પર્શવાળાં અથવા શુભ સ્પર્શવાળાં, બાકીનાં બધા સૂત્રની પૂર્વની પેઠે–યાવત્–બૃહસ્પતિ, ચંદ્ર વગેરે સુધી વ્યાખ્યા કરવી. **બૃહસ્પતિ, ચન્દ્ર, સૂર્ય, શુક્ર, શનિ** (શનૈશ્ચર), રાહુ, ધૂમકેતુ, બુધ અને અંગારક–મંગળ. તે ગ્રહો કેવા છે? '**तप्ततपनीयकनकवर्णाः**' તપાવેલા તપનીય–કનક–સુવર્ણના જેવા વર્ણવાળા, અર્થાત્ કંઇક રાતા વર્ણવાળા, તે સિવાયના બીજા ગ્રહો જ્યોતિશ્ચક્રમાં ફરે છે, અને જે કેતુઓ ગમન કરવામાં પ્રીતિવાળા તથા અઠ્યાવીશ પ્રકારના નક્ષત્ર દેવો તે બધા '**नानासंस्थानसंस्थिताः**' વિવિધ આકૃતિવાળા અને 'ચ' શબ્દથી તપાવેલા સુવર્ણના જેવા વર્ણવાળા છે. તારાઓ પાંચ વર્ણના છે. એ બધા જ્યોતિષિક દેવો '**स्थितलेश्या-**' અવસ્થિત તેજો લેશ્યાવાળા છે. તથા જેઓ '**चारिणः**' ગમન કરવાના સ્વભાવવાળા છે તે '**अविश्राममण्डलगतिकाः**' અવિશ્રામ–નિરંતર મંડલાકારે ગતિ કરનારા છે. '**प्रत्येकनामाङ्कप्रकटितचिह्नमुकुटाः**' પ્રત્યેકે પોતપોતાના નામના લાંછન વડે મુકુટમાં ચિહ્ન પ્રકટ કર્યું છે એવા જ્યોતિષ્કો છે. તેનો ભાવાર્થ એવો છે કે ચન્દ્રને મુકુટમાં પોતાના નામના લાંછનરૂપ ચન્દ્રમંડલનું ચિહ્ન પ્રકટ છે.

સૂર્યને સૂર્યમંડલ, ગ્રહને ગ્રહમંડલ, નક્ષત્રને નક્ષત્રમંડલ અને તારાને તારાઓના આકારનું મુકુટમાં ચિહ્ન છે. ॥૪૨॥૧૨૦॥

## ।। वेमाणियदेवठाणाइं ।।

**कहि णं भंते! वेमाणियाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! वेमाणिया देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गह-नक्खत्त-तारारूवाणं बहूई जोयणसयाई, बहूई जोयणसहस्साई, बहूहिं जोयणसयसहस्साई बहुगीओ जोयणकोडीओ, बहुगीओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता, इत्थ णं सोहम्मीसाण-सणंकुमारमाहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्ज-अणुत्तरेसु एत्थ णं वेमाणियाणं देवाणं चउरासीइ विमाणावाससयसहस्सा सत्ताणउइं च सहस्सा तेवीसं च विमाणा भवन्तीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, सस्सिरि[री]या, सउज्जोया, पासादीया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा। एत्थ णं वेमाणियाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोयस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे वेमाणिया देवा परिवसंति। तं जहा-सोहम्मीसाण-सणंकुमार-माहिंद-बंभलोग-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्जगा-अणुत्तरोववाइया देवा, ते णं मिग-महिस-वराह-सीह-छगल-दद्दुर-हय-गयवइ-भुयग-खग्ग-उसभंक-विडिम-पागडियचिंधमउडा, पसिढिलवरमउड-किरीडधारिणो, वरकुंडलुज्जोईयाणणा, मउडदित्तसिरिया, रत्ताभा, पउमपम्हगोरा, सेया, सुहवन्न-गंध-फासा, उत्तमवेउव्विणो, पवरवत्थ-गंध-मल्लाणुलेवणधरा, महिड्ढिया, महज्जुइया, महायसा, महाबला, महाणुभागा, महासोक्खा, हारविराइयवच्छा, कडय-तुडियथंभियभुया, अंगद-कुंडल-मट्ठगंडतलकन्नपीढधारी, विचित्तहत्थाभरणा, विचित्तमाला-मउली, कल्लाणगपवरवत्थपरिहिया, कल्लाणगपवरमल्लाणुलेवणा, भासरबोंदी, पलंबवणमालधरा, दिव्वेणं वन्नेणं, दिव्वेणं गंधेणं, दिव्वेणं फासेणं, दिव्वेणं संघयणेणं, दिव्वेणं संठाणेणं, दिव्वाए इड्ढीए, दिव्वाए जुईए, दिव्वाए पभाए, दिव्वाए छायाए, दिव्वाए अच्चीए, दिव्वेणं तेएणं, दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा, पभासेमाणा। ते णं तत्थ साणं साणं विमाणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं तायत्तीसगाणं, साणं साणं लोगपालाणं, साणं साणं अग्गमहिसीणं सपरिवाराणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाणं देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महयरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा पालेमाणा महताऽहतनट्ट-गीय-वाइयतंती-तल-ताल-तुडित-घणमुइंगपडुप्पवाइतरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।।सू०-४३।।१२१।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત વૈમાનિક દેવોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ભગવન્! વૈમાનિક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીના બહુ સરખા અને રમણીય ભૂમિભાગથી ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ સંબન્ધી ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન, ઘણા લાખો યોજન, ઘણા ક્રોડ યોજન, ઘણા કોડાકોડી યોજન ઉપર દૂર જઈએ એટલે અહીં સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયકો અને અનુત્તરોના વૈમાનિક દેવોના ચોરાશી લાખ, સત્તાણું હજાર અને ત્રેવીશ વિમાનાવાસો છે એમ કહ્યું છે. તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, કોમળ, સ્નિગ્ધ, ઘસેલાં, સાફ કરેલાં, રજરહિત, નિર્મલ, નિષ્પંક, નિરાવરણ દીપ્તિવાળાં, પ્રભાસહિત, શોભાસહિત, ઉદ્યોતસહિત, પ્રસન્નતા કરનારા,*

*દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત વૈમાનિક દેવોના સ્થાનો કહેલાં છે. ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા વૈમાનિક દેવો રહે છે. તે આ પ્રમાણે–સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક, અને તે અનુક્રમે મૃગ, મહિષ–પાડો, વરાહ, સિંહ, બકરો, દેડકો, ઘોડો, હાથી, ભુજગ–સર્પ, ગેંડો, બળદ, વિડિમ–મૃગવિશેષ રૂપ ચિહ્નો જેઓએ મુકુટમાં પ્રકટ કરેલા છે એવા, શિથિલ શ્રેષ્ઠ મુકુટ અને કિરીટને ધારણ કરનારા, જેઓએ ઉત્તમ કુંડલો વડે મુખને પ્રકાશિત કર્યું છે એવા, જેઓએ મુકુટવડે શોભા અર્પણ કરી છે, મુકુટવડે શોભા પ્રાપ્ત કરી છે એવા, રક્ત પ્રકાશવાળા, પદ્મના જેવા ગૌર, શ્વેત, શુભ વર્ણ ગંધ અને સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિય શરીરવાળા, શ્રેષ્ઠ વસ્ત્ર, ગંધ, માળા અને વિલેપન ધારણ કરનારા, મહાઋદ્ધિવાળા, ઈત્યાદિ વર્ણન ભવનપતિ દેવોની પેઠે 'યાવત્ વિહરે છે' ત્યાં સુધી જાણવું. ॥૪૩॥૧૨૧॥*

(ટી૦) વૈમાનિક સૂત્રમાં ચોરાશી લાખ સત્તાણું હજાર અને ત્રેવીશ વિમાનો છે. અને તે બત્રીશ લાખ, અઠ્યાવીશ લાખ, બાર લાખ, આઠ લાખ, ચાર લાખ ઈત્યાદિ સંખ્યા મેળવવાથી થાય છે, સૌધર્મ દેવોને મુકુટમાં મૃગનું ચિહ્ન પ્રકટ છે. ઈશાન દેવોને મુકુટમાં પાડાનું ચિહ્ન છે, સનત્કુમાર દેવોએ મુકુટમાં વરાહરૂપ ચિહ્ન પ્રકટ કર્યું છે, માહેન્દ્ર દેવોએ સિંહરૂપ ચિહ્ન મુકુટમાં પ્રકટ કર્યું છે. બ્રહ્મલોક દેવોએ મુકુટમાં બકરાનુ ચિહ્ન પ્રકટ કરેલું છે. લાન્તક દેવો મુકુટમાં દેડકાનું ચિહ્ન ધારણ કરે છે. શુક્ર દેવલોકના દેવોને મુકુટમાં ઘોડાનું ચિહ્ન છે, સહસ્રારકલ્પના દેવોને મુકુટમાં ગજપતિનું ચિહ્ન છે. આનતકલ્પના દેવો મુકુટમાં ભુજગ–સર્પના ચિહ્નવાળા છે. પ્રાણત કલ્પના દેવો મુકુટમાં ખડ્ગ–ગેંડાનું ચિહ્ન ધારણ કરે છે. ખડ્ગ એ જંગલનું ચતુષ્પદ પ્રાણી છે. આરણકલ્પના દેવોને મુકુટમાં વૃષભનું ચિહ્ન છે. અચ્યુત કલ્પના દેવોને મુકુટમાં વિડિમ–મૃગવિશેષનું ચિહ્ન છે. 'वरकुण्डलोद्योतिताननाः' શ્રેષ્ઠ કુંડલો વડે મુખને જેઓએ પ્રકાશિત કર્યું છે એવા વૈમાનિક દેવો છે. બાકીનો ભાગ સુગમ છે. ॥૪૩॥૧૨૧॥

**कहि णं भंते! सोहम्मगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! सोहम्मगदेवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गह-नक्खत्ततारारूवाणं बहूणि जोयणसयाणि बहूइं जोयणसहस्साइं बहूइं जोयणसयसहस्साइं बहुगीओ जोयण कोडीओ बहुगीओ जोयण कोडाकोडिओ उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं सोहम्मे णामं कप्पे पन्नत्ते। पाईणपडीणायए, उदीण-दाहिण-वित्थिन्ने, अद्धचंदसंठाणसंठिए, अच्चिमालिभासरासिवण्णाभे, असंखेज्जाओ जोयणकोडीओ असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयामविक्खंभेणं, असंखेज्जाओ जोयणकोडाकोडीओ परिक्खेवेणं, सव्वरयणामए, अच्छे जाव पडिरूवे। तत्थ णं सोहम्मगदेवाणं बत्तीसं विमाणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया अच्छा, जाव पडिरूवा। तेसि णं विमाणाणं बहुमज्झदेसभागे पंच वडिंसया पन्नत्ता, तं जहा-असोगवडिंसए, सत्तिवण्णवडिंसए, चंपगवडिंसए, चूयवडिंसए, मज्झे इत्थ सोहम्मवडिंसए। ते णं वडिंसया सव्वरयणामया, अच्छा, जाव पडिरूवा। एत्थ णं सोहम्मगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखिज्जइभागे। तत्थ णं बहवे सोहम्मगदेवा परिवसंति महिड्ढिया जाव पभासेमाणा। ते णं तत्थ साणं साणं विमाणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, एवं जहेव ओहियाणं तहेव एएसिं पि भाणियव्वं, जाव आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं सोहम्मगकप्पवासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं[पोरेवच्चं] जाव विहरंति। सक्के इत्थ देविंदे देवराया परिवसइ, वज्जपाणी, पुरंदरे, सयक्कतू, सहस्सक्खे, मघवं, पागसासणे, दाहिणड्ढलोगाहिवई, बत्तीसविमाणावास-**

सयहस्साहिवई, एरावणवाहणे, सुरिंदे, अयरंबरवत्थधरे, आलइयमाल-मउडे, नवहेमचारुचित्तचंचलकुंडल-विलिहिज्जमाणगंडे, महिड्ढिए, जाव पभासेमाणे। से णं तत्थ बत्तीसाए विमाणावाससयसहस्साणं, चउरासीए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, अट्ठण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणीयाणं, सत्तण्हं अणीयाहिवईणं, चउण्हं चउरासीणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं सोहम्मकप्पवासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे जाव विहरइ ।।सु०-४४।।१२२।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૌધર્મ દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! સૌધર્મ દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથિવીના બહુ સમ અને રમણીય ભૂમિના ભાગથી યાવત્–ઉપર દૂર ગયા પછી અહીં સૌધર્મ નામે દેવલોક આવે છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો અને ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ છે. તે અર્ધચન્દ્રની આકૃતિવાળો, 'अच्चिमालि-भासरासिवण्णाभे' કિરણોની માળા અને ભાસરાસિ–કાન્તિના સમૂહના જેવા વર્ણવાળો છે. તે અસંખ્યાતા કોટાકોટી યોજન લાંબો અને પહોળો છે. તથા તેની પરિધિ અસંખ્યાતા કોટાકોટી યોજન છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્–પ્રતિરૂપ છે. ત્યાં સૌધર્મ દેવોના બત્રીશ લાખ વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો સર્વ રત્નમય, યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવતંસક વિમાનો કહ્યાં છે. તે આ પ્રમાણે-૧ અશોકાવતંસક, ૨ સપ્તપર્ણાવતંસક, ૩ ચંપકાવતંસક, ૪ ચૂતાવતંસક, અને તેઓના મધ્યભાગમાં સૌધર્માવતંસક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્–પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત સૌધર્મ દેવોના સ્થાનો કહ્યાં છે. તેઓ ત્રણેને–ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા સૌધર્મ દેવો રહે છે. મહાઋદ્ધિવાળા યાવત્–પ્રકાશિત કરતા તેઓ પોતપોતાના ત્યાં રહેલા લાખો વિમાનોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું, પોતપોતાના ત્રાયસ્ત્રિંશક દેવોનું, એ પ્રમાણે જેમ સામાન્ય દેવોનું વર્ણન કર્યું તેમ સૌધર્મ દેવોનું પણ જાણવું. યાવત્ હજારો આત્મરક્ષક દેવોનું, તે સિવાય બીજા ઘણા સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્–વિહરે છે. અહીં દેવેન્દ્ર દેવનો રાજા શક્ર રહે છે. જેણે હાથમાં વજ્ર ધારણ કરેલું છે એવો, પુરંદર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન અને લોકના દક્ષિણાર્ધનો અધિપતિ છે. તે બત્રીશ લાખ વિમાનોનો અધિપતિ, ઐરાવણવાહનવાળો, દેવોનો ઈન્દ્ર, તથા રજરહિત આકાશના જેવા સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરનાર, જેણે માળા અને મુકુટ પહેરેલા છે એવો, નવા સુવર્ણના જેવો સુંદર, અદ્ભુત અને ચંચલ કુંડલો વડે જેના ગંડસ્થળો ઘસાય છે એવો, મહાઋદ્ધિવાળો, યાવત્ દસ દિશાઓને પ્રકાશિત કરતો ત્યાં બત્રીશ લાખ વિમાનોનું, ચોરાશી હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલોનું, પરિવાર સહિત આઠ અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિઓનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું તથા દેવીઓનું અધિપતિપણું કરતો વિહરે છે. ॥૪૪॥૧૨૨॥*

(ટી૦) સૌધર્મકલ્પના સૂત્રમાં '**अर्चिषां मालावत् भासां राशिवद् वर्णाभा यस्य स 'अर्चिमालिभासांराशिवर्णाभः'**' કિરણોની માળા અને કાન્તિના સમૂહના જેવી વર્ણાભા–વર્ણની કાન્તિ જેને છે એવો, '**वज्रपाणिः**' જેના હાથમાં વજ્ર છે એવો, '**पुरन्दरः**' અસુરાદિના પુર–નગરનો દારણ–નાશ કરનાર, '**शतक्रतुः**' કાર્તિક શેઠના ભવની અપેક્ષાએ સો ક્રતુ–અભિગ્રહવિશેષરૂપ પ્રતિમાઓ અથવા શ્રમણોપાસકની પાંચમી પ્રતિમા જેણે વહન કરી છે એવો, તે ઈન્દ્ર પૂર્વના કાર્તિક શેઠના ભવમાં સો વાર પ્રતિમાઓ અંગીકાર કરી હતી તે અપેક્ષાએ શતક્રતુ કહેવાય છે. '**सहस्राक्षः**' જેને હજાર આંખો છે એવો, કારણ કે ઈન્દ્રને પાંચસો મન્ત્રીઓ હોય છે, અને તેની આંખો ઈન્દ્રના કાર્યમાં વપરાતી હોવાથી ઈન્દ્રસંબંધી કહેવાય છે, માટે ઈન્દ્રનું

સહસ્રાક્ષપણું છે. 'मघवान्' મઘાઃ–મહા મેઘો જેને અધીન છે એવો, 'पाकशासनः' પાક નામે બલવાન રાક્ષસરૂપ શત્રુનું શાસન કરનાર, 'अरजोऽम्बरवस्त्रधरः' રજોરહિત અને સ્વચ્છ હોવાથી આકાશના જેવા વસ્ત્રો ધારણ કરનાર, 'आलगितमालामुकुटः' આલગિત–પહેરેલાં છે માળા અને મુકુટ જેણે એવો, 'नवहेमचारुचित्रचञ्चलकुण्डलविलिख्यमानगण्ड:' અતિશય સુંદરવર્ણ હોવાથી નવ નવીન હોયની શું? એવા હેમ–સુવર્ણના ચારુ–સુંદર અને ચિત્ર–આશ્ચર્યકારક ચંચલ કુંડલો વડે વિલિખ્યમાન–સ્પર્શ કરાતા ગંડ–કપોલપ્રદેશ જેના છે એવો ઇન્દ્ર છે. ॥૪૪॥૧૨૨॥

**कहि णं भंते! ईसाणगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! ईसाणगदेवा परिवसंति? गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए, बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गह-नक्खत्त-तारारूवाणं बहूइं जोयणसयाइं, बहूइं जोयणसहस्साइं, जाव उड्ढं उप्पइत्ता एत्थ णं ईसाणे णामं कप्पे पन्नत्ते। पाईण-पडीणायए, उदीण-दाहिणवित्थिण्णे, एवं जहा सोहम्मे जाव पडिरूवे। तत्थ णं ईसाणगदेवाणं अट्ठावीसं विमाणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया जाव पडिरूवा। तेसि णं बहुमज्झदेसभागे पंच वडिंसया पन्नत्ता। तं जहा-अंकवडिंसए, फलिहवडिंसए, रयणवडिंसए, जातरूववडिंसए, मज्झे इत्थ ईसाणवडिंसए। ते णं वडिंसया सव्वरयणामया जाव पडिरूवा। एत्थ णं ईसाणगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। सेसं जहा सोहम्मगदेवाणं जाव विहरंति। ईसाणे इत्थ देविंदे देवराया परिवसइ, सूलपाणी, वसहवाहणे, उत्तरड्ढलोगाहिवई, अट्ठावीस-विमाणावाससयहस्साहिवई, अरयंबरवत्थधरे, सेसं जहा सक्कस्स जाव पभासेमाणे। से णं तत्थ अट्ठावीसाए विमाणावाससयसहस्साणं, असीईए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, अट्ठण्हं अग्गमहिसीणं सपरीवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्हं असीईणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं ईसाणकप्पवासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे जाव विहरइ ।।सू०-४५।।१२३।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા ઈશાન દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! ઈશાન દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુપર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથિવીના બરોબર સમ અને રમણીય ભૂમિ ભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ સંબંધી સેંકડો યોજન, હજારો યોજન યાવત્ ઉપર જઈએ ત્યાં ઈશાન નામે દેવલોક આવેલો છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો અને ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ અસંખ્યાતા યોજનપ્રમાણ છે–ઇત્યાદિ સૌધર્મ કલ્પના સંબંધમાં કહ્યું છે તેમ યાવત્–પ્રતિરૂપ છે ત્યાં સુધી કહેવું. ત્યાં ઈશાન દેવોના અઠ્યાવીશ લાખ વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો સર્વ રત્નમય યાવત્–પ્રતિરૂપ છે. તેઓના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવતંસક વિમાનો કહ્યાં છે. તે આ પ્રમાણે—૧ અંકાવતંસક, ૨ સ્ફટિકાવતંસક, ૩ રત્નાવતંસક, ૪ જાતરૂપાવતંસક અને તેઓના મધ્યભાગમાં ૫ ઈશાનાવતંસક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય યાવત્–પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા ઈશાન દેવોના સ્થાનો કહેલાં છે. તેઓ ઉપપાત, સમુદ્દ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. બાકી બધું સૌધર્મદેવલોક સંબંધમાં કહ્યું છે તેમ યાવત્–'વિહરે છે' ત્યાં સુધી જાણવું. અહીં ઈશાન નામે દેવેન્દ્ર અને દેવરાજા રહે છે. જેણે હાથમાં શૂલ ધારણ કરેલું છે એવો, અને જેનું વાહન વૃષભ છે એવો, લોકના ઉત્તર અર્ધભાગનો અધિપતિ અને અઠ્યાવીશ લાખ વિમાનોનો સ્વામી છે. તે રજરહિત આકાશના જેવા (સ્વચ્છ) વસ્ત્રોને ધારણ કરે છે. બાકી બધું શક્ર સંબંધમાં કહ્યું છે તેમ યાવત્ 'પ્રકાશિત કરે છે' ત્યાં સુધી કહેવું. તે (ઈશાનેન્દ્ર) ત્યાં અઠ્યાવીશ લાખ વિમાનોનું, એંશી હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર*

*લોકપાલોનું, પરિવારસહિત આઠ અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદાઓનું, સાત પ્રકારના સૈન્યોનું, સાત સેનાધિપતિઓનું, એંશી હજારથી ચાર ગુણા આત્મરક્ષક દેવોનું, બીજા ઘણા ઈશાનકલ્પવાસી દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્–વિહરે છે. ॥૪૫॥૧૨૩॥*

**कहि णं भंते! सणंकुमारदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! सणंकुमारा देवा परिवसंति? गोयमा! सोहम्मस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं, बहूइं जोयणसयाइं, बहूइं जोयणसहस्साइं, बहूइं जोयणसयसहस्साइं, बहूगीओ जोयणकोडीओ, बहुगीओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं सणंकुमारे णामं कप्पे पन्नत्ते। पाईण-पडीणायए, उदीण-दाहिणवित्थिण्णे जहा सोहम्मे जाव पडिरूवे। तत्थ णं सणंकुमाराणं देवाणं बारस विमाणावाससयसहस्सा भवन्तीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया जाव पडिरूवा। तेसि णं विमाणाणं बहुमज्झदेसभागे पंच वडिंसगा पन्नत्ता। तं जहा-असोगवडिंसए, सत्तिवन्नवडिंसए, चंपगवडिंसए, चूयवडिंसए, मज्झे एत्थ सणंकुमारवडिंसए। ते णं वडिंसया सव्वरयणामया, अच्छा जाव पडिरूवा। एत्थ णं सणंकुमारदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे सणंकुमारदेवा परिवसंति, महिड्ढिया जाव पभासेमाणा विहरंति। नवरं अग्गमहिसीओ णत्थि। सणंकुमारे इत्थ देविंदे देवराया परिवसइ। अरयंबरवत्थधरे, सेसं जहा सक्कस्स। से णं तत्थ बारसण्हं विमाणावाससयसहस्साणं, बावत्तरीए सामाणियसाहस्सीणं, सेसं जहा सक्कस्स अग्गमहिसीवज्जं। नवरं चउण्हं बावत्तरीणं आयरक्खदेवसाहस्सीणं जाव विहरइ ।।सू०-४६।।१२४।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સનત્કુમાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! સનત્કુમાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! સૌધર્મ દેવલોકના ઉપર સપક્ષ–ચારે દિશાએ અને સપ્રતિદિક્–ચારે વિદિશામાં ઘણાં યોજનો, ઘણાં સેંકડો ઘણાં હજાર, ઘણા લાખ ઘણા ક્રોડ અને ઘણા કોટાકોટી યોજનો દૂર જઈએ ત્યાં સનત્કુમાર નામે દેવલોક આવેલો છે. તે સૌધર્મ દેવલોકની પેઠે પૂર્વ–પશ્ચિમ લાંબો અને ઉત્તર–દક્ષિણ પહોળો અને યાવત્–પ્રતિરૂપ છે. ત્યાં સનત્કુમાર દેવોના બાર લાખ વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો રત્નમય–યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવતંસક વિમાનો છે. તે આ પ્રમાણે–૧ અશોકાવતંસક, ૨ સપ્તપર્ણાવતંસક, ૩ ચંપકાવતંસક, ૪ ચૂતાવતંસક અને તેના મધ્ય ભાગમાં, ૫ સનત્કુમારાવતંસક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત સનત્કુમાર દેવોના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન–એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા સનત્કુમાર દેવો રહે છે. તેઓ મહાઋદ્ધિવાળા યાવત્–દશ દિશાઓને પ્રકાશિત કરતા વિહરે છે. પરન્તુ અહીં અગ્રમહિષીઓ નથી. અહીં દેવોનો ઈન્દ્ર દેવોનો રાજા સનત્કુમાર રહે છે. તે રજરહિત આકાશના જેવા (સ્વચ્છ) વસ્ત્રોને ધારણ કરે છે. બાકી બધું શક્રની પેઠે જાણવું. તે બાર લાખ વિમાનોનું, બહોંતેર હજાર સામાનિક દેવોનું, બાકી બધું અગ્રમહિષી સિવાય શક્રના સંબંધમાં કહ્યું હતું તેમ કહેવું, પરન્તુ બહોંતેર હજારથી ચાર ગુણા આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતો યાવત્–વિહરે છે. ॥૪૬॥૧૨૪॥*

(ટી૦) સનત્કુમાર દેવલોકમાં 'सपक्खिं सपडिदिसं' ઇતિ. 'सपक्षं'–સમાન છે પક્ષ–પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણરૂપ પાર્શ્વભાગો જે ક્રિયામાં તે સપક્ષ–સમાનપણે ચારે દિશાએ, 'सप्रतिदिशम्' સમાન છે પ્રતિદિક્–વિદિશાઓ જે ક્રિયામાં તે પ્રતિદિક્, સમાનપણે ચારે વિદિશામાં એ ભાવાર્થ છે. ॥૪૬॥૧૨૪॥

**कहि णं भंते! माहिंददेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! माहिंदगदेवा परिवसंति? गोयमा! ईसाणस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं, जाव बहुगीओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं**

**उप्पइत्ता, एत्थ णं माहिंदे नामं कप्पे पन्नत्ते पाईण-पडीणायए, जाव एवं जहेव सणंकुमारे। नवरं अट्ठ विमाणावाससयसहस्सा। वडिंसया जहा ईसाणे। नवरं मज्झे इत्थ माहिंदवडिंसए, एवं सेसं जहा सणंकुमारगदेवाणं जाव विहरंति। माहिंदे य इत्थ देविंदे देवराया परिवसइ, अरयंबरवत्थधरे, एवं जहा सणंकुमारे जाव विहरइ। नवरं अट्ठण्हं विमाणावाससयसहस्साणं, सत्तरिए सामाणियसाहस्सीणं, चउण्हं सत्तरीणं आयरक्खदेवसाहस्सीणं जाव विहरइ ।।सू०-४७।।१२५।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત માહેન્દ્ર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! માહેન્દ્ર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! ઈશાન દેવલોકના ઉપર સમાન દિશાઓમાં અને સમાન વિદિશાઓમાં ઘણાં યોજન યાવત્-ઘણા કોટાકોટી યોજન દૂર જઈએ એટલે અહીં માહેન્દ્ર નામે દેવલોક છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબો ઇત્યાદિ બધું સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ તેમાં આઠ લાખ વિમાનો છે. ઈશાનની પેઠે અવતંસકો જાણવા. પરન્તુ મધ્ય ભાગમાં માહેન્દ્રાવતંસક છે. એ પ્રમાણે સનત્કુમાર દેવોને કહ્યું છે તેમ યાવત્-'વિહરે છે' ત્યાં સુધી કહેવું. અહીં માહેન્દ્ર નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે. તે રજવિનાના આકાશના જેવા સ્વચ્છ વસ્ત્રને ધારણ કરે છે. એમ સનત્કુમારની પેઠે યાવત્-'વિહરે છે' ત્યાં સુધી કહેવું. પરન્તુ આઠ લાખ વિમાનોનું, સીત્તેર હજાર સામાનિક દેવોનું અને સિત્તેર હજારથી ચાર ગુણા આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતો યાવત્-વિહરે છે.॥૪૭॥૧૨૫॥*

**कहि णं भंते! बंभलोगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! बंभलोगदेवा परिवसंति? गोयमा! सणंकुमारमाहिंदाणं कप्पाणं उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं जाव उप्पइत्ता, एत्थ णं बंभलोए नामं कप्पे पन्नत्ते पाईण-पडीणायए, उदीण-दाहिणवित्थिण्णे, पडिपुन्नचंदसंठाणसंठिए, अच्चिमाली-भासरासिप्पभे, अवसेसं जहा सणंकुमाराणं। नवरं चत्तारि विमाणावाससयसहस्सा, वडिंसया जहा सोहम्मवडिंसया, नवरं मज्झे इत्थं बंभलोयवडिंसए। एत्थ णं बंभलोगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। सेसं तहेव जाव विहरंति। बंभे इत्थ देविंदे देवराया परिवसइ, अरयंबरवत्थधरे, एवं जहा सणंकुमारे जाव विहरइ। नवरं चउण्हं विमाणावाससयसहस्साणं, सट्ठीए सामाणियसाहस्सीणं, चउण्ह सट्ठीणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं जाव विहरइ ।।सू०-४८।।१२६।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત બ્રહ્મલોક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! બ્રહ્મલોકના દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ ઘણા યોજન યાવત્-જઈએ ત્યાં બ્રહ્મલોક નામે કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. પરિપૂર્ણ ચંદ્રના આકાર જેવા અર્ચિ-કિરણોની માળાની પેઠે ભાસ-કાંતિના સમૂહની પેઠે કાંતિવાળો, બાકી બધું સનત્કુમારની પેઠે કહેવું. પરન્તુ ચાર લાખ વિમાનો છે અવતંસકો સૌધર્મ કલ્પના અવતંસકોની પેઠે જાણવા. પરન્તુ તેના મધ્ય ભાગમાં બ્રહ્મલોકાવતંસક છે. અહીં બ્રહ્મલોકદેવના સ્થાનો કહેલાં છે. બાકી બધું યાવત્-'વિહરે છે' ત્યાં સુધી તેમજ જાણવું. અહીં બ્રહ્મ નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે. તે રજરહિત અને આકાશના જેવા (સ્વચ્છ) વસ્ત્ર ધારણ કરે છે-ઇત્યાદિ બાકીનું બધું સનત્કુમારની પેઠે યાવત્-'વિહરે છે' ત્યાં સુધી કહેવું, પરન્તુ ચાર લાખ વિમાનોનું, સાઠ હજાર સામાનિક દેવોનું, ચાર ગુણા સાઠ હજાર આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્ વિહરે છે. ॥૪૮॥૧૨૬॥*

**कहि णं भंते! लंतगदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! लंतगदेवा परिवसंति? गोयमा! बंभलोगस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणसयाइं, जाव बहुगाओ जोयणकोडाकोडीओ उड्ढं**

दूरं उप्पइत्ता एत्थ णं लंतए नामं कप्पे पन्नत्ते पाईण-पडीणायए, जहा बंभलोए। नवरं पण्णासं विमाणावाससहस्सा भवन्तीति मक्खायं। वडिंसगा जहा ईसाणवडिंसगा, नवरं मज्झे इत्थ लंतगवडिंसए, देवा तहेव जाव विहरंति। लंतए एत्थ देविंदे देवराया परिवसइ, जहा सणंकुमारे। नवरं पण्णासाए विमाणावाससहस्साणं, पण्णासाए सामाणियसाहस्सीणं, चउण्ह य पण्णासाणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं जाव विहरइ ।।सू०-४९।।१२७।।

(मू0) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત લાંતક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! લાન્તક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! બ્રહ્મલોક કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ ઘણા યોજન યાવત્ ઘણા કોટાકોટી યોજન ઉપર દૂર જઈએ ત્યાં લાંતક નામે કલ્પ આવેલો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો-ઈત્યાદિ બ્રહ્મલોકની પેઠે જાણવું પરન્તુ અહીં પચાસ હજાર વિમાનો છે એમ કહ્યું છે. અવતંસકો ઈશાન કલ્પના અવતસંકોની જેમ કહેવા, પરન્તુ અહીં મધ્ય ભાગમાં લાંતકાવતંસક છે. આ સ્થળે લાંતક દેવો તે પ્રમાણે યાવત્-વિહરે છે. અહીં લાંતક નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે-ઈત્યાદિ બધું સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ પચાસ હજાર વિમાનોનું, પચાસ હજાર સામાનિક દેવોનું, પચાસ હજારથી ચાર ગુણા આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા દેવો અને દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્ વિહરે છે. ।।૪૯।।૧૨૭।।

कहि णं भंते। महासुक्काणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते। महासुक्का देवा परिवसंति? गोयमा। लंतगस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं जाव उप्पइत्ता, एत्थ णं महासुक्के नामं कप्पे पन्नत्ते पाईण-पडीणायए, उदीण-दाहिणवित्थिण्णे, जहा बंभलोए। नवरं चत्तालीसं विमाणावाससहस्सा भवन्तीति मक्खायं। वडिंसगा जहा सोहम्मवडिंसगा णवरं मज्झे इत्थ महासुक्कवडिंसए, जाव विहरंति। महासुक्के इत्थ देविंदे देवराया जहा सणंकुमारे। नवरं चत्तालीसाए विमाणावाससहस्साणं, चत्तालीसाए सामाणियसाहस्सीणं, चउण्ह य चत्तालीसाणं आयरक्खदेव-साहस्सीणं, जाव विहरइ ।।सू०-५०।।१२८।।

(मू0) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત મહાશુક્ર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! મહાશુક્ર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! લાંતક કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ યાવદ્-જઈએ ત્યારે મહાશુક્ર નામે કલ્પ આવે છે. તે બ્રહ્મલોકની પેઠે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. પરંતુ અહીં ચાળીશ હજાર વિમાન છે એમ કહ્યું છે. અવતંસકો સૌધર્માવતંસકોની પેઠે જાણવા. પરન્તુ અહીં મધ્ય ભાગમાં મહાશુક્રાવતંસક છે. અહીં ઘણા મહાશુક્ર દેવો યાવત્-વિહરે છે. અહીં મહાશુક્રનામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા છે. બાકી બધું સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ ચાળીશ હજાર વિમાનોનું, ચાળીશ હજાર સામાનિક દેવોનું, અને ચાળીશ હજારથી ચાર ગુણા આત્મરક્ષકદેવોનું અધિપતિપણું કરતો યાવત્ વિહરે છે. ।।૫૦।।૧૨૮।।

कहि णं भंते। सहस्सारदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते। सहस्सारदेवा परिवसंति? गोयमा। महासुक्कस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं जाव उप्पइत्ता, एत्थ णं सहस्सारे नामं कप्पे पन्नत्ते। पाईण-पडीणायए, जहा बंभलोए, नवरं छव्विमाणावाससहस्सा भवन्तीति मक्खायं। देवा तहेव जाव वडिंसगा जहा ईसाणस्स वडिंसगा। नवरं मज्झे इत्थ सहस्सारवडिंसए, जाव विहरंति। सहस्सारे इत्थ देविंदे देवराया परिवसइ जहा सणंकुमारे। नवरं छण्हं विमाणावाससहस्साणं, तीसाए सामाणियसाहस्सीणं, चउण्ह य तीसाए आयरक्खदेवसाहस्सीणं, जाव आहेवच्चं कारेमाणे विहरइ ।।सू०-५१।।१२९।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સહસ્રાર દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! સહસ્રાર દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! મહાશુક્ર કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ જઈએ એટલે અહીં સહસ્રાર નામે કલ્પ આવે છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો છે-ઈત્યાદિ બ્રહ્મલોકની પેઠે જાણવું. પરન્તુ અહીં છ હજાર વિમાનો છે એમ કહ્યું છે. દેવો તેમજ છે. યાવત્ અવતંસકો ઈશાનના અવતંસકોની પેઠે છે. પણ મધ્ય ભાગમાં સહસ્રારાવતંસક છે. અહીં ઘણા દેવો યાવત્ વિહરે છે. અહીં સહસ્રાર નામે દેવોનો ઇન્દ્ર દેવોનો રાજા રહે છે-ઈત્યાદિ સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ છ હજાર વિમાનોનું, ત્રીશ હજાર સામાનિક દેવોનું અને ત્રીશ હજારથી ચાર ગુણા આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતો યાવદ્-રહે છે. ॥૫૧॥૧૨૯॥*

**कहि णं भंते। आणय-पाणयाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते। आणय-पाणया देवा परिवसंति? गोयमा। सहस्सारस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं जाव उप्पइत्ता, एत्थ णं आणय-पाणयनामाणं दुवे कप्पा पन्नत्ता। पाईण-पडीणायया, उदीण-दाहिणवित्थिण्णा, अद्धचंदसंठाणसंठिया, अच्चिमाली-भासरासिप्पभा, सेसं जहा सणंकुमारे जाव पडिरूवा। तत्थ णं आणय-पाणयदेवाणं चत्तारि विमाणावाससया भवन्तीति मक्खायं जाव पडिरूवा। वडिंसगा जहा सोहम्मे कप्पे। नवरं मज्झे इत्थ पाणयवडिंसए। ते णं वडिंसगा सव्वरयणामया अच्छा जाव पडिरूवा। एत्थ णं आणय-पाणयदेवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे आणयपाणयदेवा परिवसंति महिड्ढिया जाव पभासेमाणा। ते णं तत्थ साणं साणं विमाणावाससयाणं जाव विहरंति। पाणए इत्थ देविंदे देवराया परिवसइ जहा सणंकुमारे। नवरं चउण्हं विमाणावाससयाणं, वीसाए सामाणियसाहस्सीणं, असीईए आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं जाव विहरइ ।सू०-५२॥१३०॥**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત આનત અને પ્રાણત દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! આનત અને પ્રાણત દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! સહસ્રાર કલ્પના ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ યાવત્ જઈએ ત્યારે અહીં આનત અને પ્રાણત નામે બે કલ્પો આવેલા છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ વિસ્તારવાળા છે. તે અર્ધચન્દ્રમાની આકૃતિ જેવા અને અર્ચિકિરણોની માળા અને કાન્તિના સમૂહના જેવી પ્રભાવાળા, બાકી બધું સનત્કુમારની પેઠે યાવત્ પ્રતિરૂપ છે ત્યાં સુધી જાણવું. ત્યાં આનત અને પ્રાણત દેવોના ચારસો વિમાનો છે એમ કહ્યું છે. યાવત્ તેઓ પ્રતિરૂપ છે. અવતંસકો સૌધર્મ કલ્પમાં કહ્યા પ્રમાણે કહેવા. પરન્તુ અહીં મધ્ય ભાગમાં પ્રાણતાવતંસક છે. તે બધા અવતંસકો સર્વ રત્નમય, સ્વચ્છ, યાવત્-પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત આનત-પ્રાણત દેવોના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા આનત-પ્રાણત દેવો રહે છે. મહાઋદ્ધિવાળા દશ દિશાઓને યાવત્ પ્રકાશિત કરતા તેઓ પોતપોતાના સેંકડો વિમાનોનું અધિપતિપણું કરતા યાવત્-વિહરે છે. અહીં પ્રાણત નામે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા રહે છે-ઈત્યાદિ સનત્કુમારની પેઠે જાણવું. પરન્તુ ચારસો વિમાનોનું, વીશ હજાર સામાનિક દેવોનું, એંશી હજાર આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા દેવો તથા દેવીઓનું અધિપતિપણું કરતો યાવત્-વિહરે છે. ॥૫૨॥૧૩૦॥*

**कहि णं भंते। आरण-ऽच्चुयाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते। आरण-ऽच्चुया देवा परिवसंति? गोयमा। आणय-पाणयाणं कप्पाणं उप्पिं सपक्खिं सपडिदिसिं एत्थ णं आरण-ऽच्चुया नामं दुवे कप्पा पन्नत्ता। पाईण-पडीणायया उदीण-दाहिणवित्थिण्णा, अद्धचंदसंठाणसंठिया, अच्चिमाली-भासरासि-वण्णाभा, असंखिज्जाओ जोयणकोडाकोडीओ आयामविक्खंभेणं, असंखिज्जाओ जोयणकोडाकोडीओ**

परिक्खेवेणं, सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, सस्सिरि[री]या, सउज्जोया, पासादीया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा। एत्थ णं आरण-ऽच्चुयाणं देवाणं तिन्नि विमाणावाससया भवन्तीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, सस्सिरिया, सउज्जोया, पासादीया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा। तेसि णं विमाणाणं[कप्पाणं] बहुमज्झदेसभाए पंच वडिंसया पन्नत्ता। तं जहा-अंकवडिंसए फलिहवडिंसए, रयणवडिंसए, जायरूववडिंसए, मज्झे एत्थ अच्चुयवडिंसए। ते णं वडिंसया सव्वरयणामया, जाव पडिरूवा। एत्थ णं आरण-ऽच्चुयाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे आरण-ऽच्चुया देवा जाव विहरंति। अच्चुए इत्थ देविंदे देवराया परिवसइ, जहा पाणए जाव विहरइ। नवरं तिण्हं विमाणावाससयाणं, दसण्हं सामाणियसाहस्सीणं, चत्तालीसाए आयरक्खदेवसाहस्सीणं आहेवच्चं कुव्वमाणे जाव विहरइ। बत्तीस अट्ठवीसा बारस अट्ठ चउरो (य)सयसहस्सा। पन्ना चत्तालीसा छच्च सहस्सा सहस्सारे ।।१।। आणय-पाणयकप्पे चत्तारि सयाऽऽरणच्चुए तिन्नि। सत्त विमाणसयाइं चउसु वि एएसु कप्पेसु ।।२।। सामाणियसंगहणीगाहा-चउरासीई असीई बावत्तरी सत्तरी य सट्ठी य। पन्ना चत्तालीसा तीसा वीसा दस सहस्सा ।।१।। एए चेव आयरक्खा चउग्गुणा ।।सू०-५३।।१३१।।

(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત આરણ અને અચ્યુત દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! આરણ અને અચ્યુત દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આનત અને પ્રાણત કલ્પની ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ આરણ અને અચ્યુત નામે બે કલ્પો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. તે અર્ધચન્દ્રની આકૃતિવાળા અને કીરણોવાળા અને તેજના રાશિના સમાન વર્ણવાળા છે. તે લંબાઈ અને પહોળાઈમાં અસંખ્યાતા કોટાકોટિ યોજન છે અને પરિધિ વડે પણ અસંખ્યાતા કોટાકોટિ યોજન પ્રમાણ છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ, કોમળ, સુકુમાર, ઘૃષ્ટ-ખર સરાણથી ઘસેલાં, અને મૃષ્ટ-કોમળ સરાણથી ઘસેલાં, રજરહિત, નિષ્પંક, નિરાવરણ કાન્તિવાળા, પ્રભાયુક્ત, શોભાયુક્ત, ઉદ્યોતસહિત, પ્રસન્નતા કરનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. અહીં આરણ અને અચ્યુત દેવોના ત્રણસો વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, સૂક્ષ્મ, સુકુમાર, ઘસેલા અને મૃષ્ટ-સારી રીતે ઘસેલા, રજરહિત, નિર્મલ, નિષ્પંક, નિરાવરણ કાન્તિવાળા, પ્રભાસહિત, શોભાસહિત, ઉદ્યોતસહિત, પ્રસન્નતા આપનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. તે કલ્પોના વિમાનોના બરોબર મધ્ય ભાગમાં પાંચ અવતંસક વિમાનો કહ્યા છે. તે આ પ્રમાણે-૧ અંકાવતંસક, ૨ સ્ફટિકાવતંસક, ૩ રત્નાવતંસક, ૪ જાતરૂપાવતંસક અને તેના મધ્ય ભાગમાં અચ્યુતાવતંસક છે. તે અવતંસક વિમાનો સર્વ રત્નમય યાવત્-પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત આરણ-અચ્યુત દેવોના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા આરણ અને અચ્યુત દેવો રહે છે. અહીં અચ્યુત નામે દેવોનો ઇન્દ્ર અને દેવોનો રાજા રહે છે-ઇત્યાદિ પ્રાણતની પેઠે યાવત્-'વિહરે છે' ત્યાં સુધી જાણવું, પરન્તુ ત્રણસો વિમાનોનું, દસ હજાર સામાનિક દેવોનું, અને ચાળીશ હજાર આત્મરક્ષક દેવોનું અધિપતિપણું કરતો યાવત્-વિહરે છે.

(૧) બત્રીશ લાખ (૨) અઠ્યાવીશ લાખ, (૩) બાર લાખ, (૪) આઠ લાખ, (૫) ચાર લાખ, (૬) પચાસ હજાર, (૭) ચાળીશ હજાર, (૮) છ હજાર સહસ્રાર કલ્પમાં છે, (૯-૧૦) આનત અને પ્રાણત કલ્પમાં ચારસો અને આરણ અને અચ્યુતને વિષે ત્રણસો એમ એ ચારે કલ્પોને વિશે મળીને સાતસો વિમાનો છે.

સામાનિક દેવોની સંગ્રહણી ગાથા-(૧) ચોરાશી હજાર, (૨) એંશી હજાર, (૩) બહોંતેર હજાર, (૪) સિત્તેર

*હજાર, (૫) સાઠ હજાર, (૬) પચાસ હજાર, (૭) ચાલીશ હજાર, (૮) ત્રીશ હજાર, (૯-૧૦) વીશ હજાર, અને (૧૧-૧૨) દસ હજાર, સામાનિક દેવો છે તેથી ચાર ગુણા આત્મરક્ષક દેવો છે. ॥૫૩॥૧૩૧॥*

(ટી૦) સામાનિક દેવોની સંગ્રહણી ગાથા-**'चउरासीइ'** ઇત્યાદિ. સૌધર્મેન્દ્રના ચોરાશી હજાર સામાનિક દેવો છે, ઈશાનેન્દ્રના એંશીહજાર, સનત્કુમારેન્દ્રના બહોંતેર હજાર, માહેન્દ્રના સિત્તેર હજાર, બ્રહ્મલોકેન્દ્રના સાઠ હજાર, લાંતકેન્દ્રના પચાસ હજાર, મહાશુક્રેન્દ્રના ચાળીશ હજાર, સહસ્રારેન્દ્રના ત્રીસ હજાર, આનત-પ્રાણતેન્દ્રના વીશ હજાર અને આરણ-અચ્યુતેન્દ્રના દશ હજાર સામાનિક દેવો હોય છે. ॥૫૩॥૧૩૧॥

**कहि णं भंते! हिट्ठिमगेविज्जगाणं[देवाणं] पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। कहि णं भंते! हिट्ठिमगेविज्जगा देवा परिवसंति? गोयमा! आरणच्चुयाणं कप्पाणं उप्पिं जाव उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं हिट्ठिमगेविज्जगाणं देवाणं तओ गेविज्जगविमाणपत्थडा पन्नत्ता। पाईण-पडीणायया, उदीण-दाहिणवित्थिन्ना, पडिपुन्नचंदसंठाणसंठिया, अच्चिमाली-भासरासिवण्णाभा, सेसं जहा बंभलोगे जाव पडिरूवा। तत्थ णं हेट्ठिमगेविज्जगाणं देवाणं एक्कारसुत्तरे विमाणावाससए भवन्तीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया, जाव पडिरूवा। एत्थ णं हेट्ठिमगेविज्जगाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे हेट्ठिमगेविज्जगा देवा परिवसंति। सव्वे समिड्ढिया, सव्वे समज्जुइया, सव्वे समजसा, सव्वे समबला, सव्वे समाणुभावा, महासुक्खा, अणिंदा, अपेस्सा, अपुरोहिया अहमिंदा नामं ते देवगणा पन्नत्ता समणाउसो।** ।।सू०-५४।।१३२।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા નીચેના ગ્રૈવેયક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! નીચેના ગ્રૈવેયક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આરણ અને અચ્યુત કલ્પોની ઉપર યાવત્-ઊર્ધ્વ દૂર-જઇએ ત્યારે અહીં નીચેના ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાનના પ્રસ્તટો-પાથડા છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા, અને ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. પરિપૂર્ણ ચંદ્રની આકૃતિવાળા, અર્ચિ-કિરણોની માળા અને કાન્તિસમૂહના જેવા વર્ણવાળા-ઇત્યાદિ બાકીનું બધું બ્રહ્મલોકની પેઠે યાવત્-પ્રતિરૂપ છે ત્યાં સુધી જાણવું. ત્યાં નીચેના ગ્રૈવેયક દેવોના એકસો અગિયાર વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા નીચેના ગ્રૈવેયક દેવોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા નીચેના ગ્રૈવેયક દેવો રહે છે. હે આયુષ્માન્ શ્રમણ! તે બધા સમાનઋદ્ધિવાળા, સમાનદ્યુતિવાળા, સમાન જશવાળા, સમાન પ્રભાવવાળા, ઈન્દ્રરહિત, પ્રેષ્ય-ચાકર રહિત, પુરોહિત રહિત અને અહમિન્દ્ર નામે તે દેવગણો કહ્યા છે. ॥૫૪॥૧૩૨॥*

(ટી૦) અવતંસક વિમાનો અતિદેશથી-'અમુકની પેઠે જાણવાં' એમ સમાનતાથી કહ્યાં છે, તેથી સમજવામાં મુશ્કેલી પડે માટે શિષ્યજનોના અનુગ્રહ માટે પ્રથમથી જ આરંભી જુદા જુદા કહીએ છીએ-સૌધર્મ કલ્પમાં પૂર્વ દિશાએ અશોકાવતંસક, દક્ષિણ દિશાએ સપ્તપર્ણાવતંસક, પશ્ચિમ દિશાએ ચંપકાવતંસક, ઉત્તર દિશાએ ચૂતાવતંસક છે. અને વચ્ચે સૌધર્માવતંસક છે. એમ ઈશાન કલ્પમાં પૂર્વાદિ દિશાના ક્રમથી અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જાતરૂપાવતસંક અને મધ્યમાં ઈશાનાવતંસક. સનત્કુમાર કલ્પમાં અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત અને સનત્કુમારાવતંસક હોય છે. માહેન્દ્રમાં અંક, સ્ફટિક, રત્ન, જાતરૂપ અને માહેન્દ્રાવતંસક, બ્રહ્મલોકમાં અશોક, સપ્તવર્ણ, ચંપક, ચૂત અને બ્રહ્મલોકાવતંસક, લાંતકમાં અંક, સ્ફટિક, રત્ન, જાતરૂપ અને લાંતકાવતંસક, મહાશુક્રમાં અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત મહાશુક્રાવતંસક, સહસ્રારમાં અંક, સ્ફટિક, રત્ન, જાતરૂપ અને સહસ્રારાવતંસક, પ્રાણતમાં અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત અને પ્રાણાતાવતંસક, અચ્યુતમાં અંક, સ્ફટિક, રત્ન, જાતરૂપ અને અચ્યુતાવતંસક છે. ॥૫૪॥૧૩૨॥

**कहि णं भंते! मज्झिमगाणं गेविज्जगाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! मज्झिमगेविज्जगा देवा परिवसंति? गोयमा! हेट्ठिमगेविज्जगाणं उप्पिं सपक्खिं सपडिदिसिं जाव उप्पइत्ता, एत्थ णं मज्झिमगेविज्जगदेवाणं तओ गेविज्जगविमाणपत्थडा पन्नत्ता। पाईण-पडीणायया जहा हेट्ठिमगेविज्जगाण। नवरं सत्तुतरे विमाणावाससए हवंतीति मक्खायं। ते णं विमाणा जाव पडिरूवा। एत्थ णं मज्झिमगेविज्जगाणं जाव तिसु वि लोगस्स असंखिज्जइभागे। तत्थ णं बहवे मज्झिमगेविज्जगा देवा परिवसंति, जाव अहमिंदा नामं ते देवगणा पन्नत्ता समणाउसो! ।।सू०-५५।।१३३।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત મધ્યમ ગ્રૈવેયક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! મધ્યમ ગ્રૈવેયક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! નીચેના ગ્રૈવેયકોની ઉપર સમાન દિશાએ અને સમાન વિદિશાએ યાવત્ જઈએ એટલે મધ્યમ ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયકવિમાનપ્રસ્તટો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા છે-ઇત્યાદિ બધું નીચેના ગ્રૈવેયકોની જેમ કહેવું. પરન્તુ અહીં એકસો સાત વિમાનો છે એમ કહ્યું છે. તે વિમાનો યાવત્-પ્રતિરૂપ છે. અહીં મધ્યમ ગ્રૈવેયક દેવોના સ્થાનો છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગે છે. તેમાં ઘણા મધ્યમ ગ્રૈવેયક દેવો રહે છે. હે આયુષ્માન્ શ્રમણ! યાવત્ તે દેવગણો અહમિન્દ્રો છે.।।૫૫।।૧૩૩।।*

(ટી૦) ગ્રૈવેયક સૂત્રમાં **'समहर्द्धिकाः'** સમાન મહાઋદ્ધિ જેઓને છે એવા, પરમ **'समद्युतिकाः'** સમાન કાંતિવાળા-ઇત્યાદિ પણ જાણવું. તેઓ **'अनिन्द्राः'** ઇન્દ્ર અધિપતિ તરીકે જેઓને નથી એવા-ઇન્દ્ર રહિત છે, **'अप्रेष्याः'**-જ્યાં નોકરપણું નથી એવા, **'अपुरोहिताः'** જ્યાં શાંતિકર્મ કરનાર પુરોહિત નથી એવા, કારણ કે ત્યાં અશાંતિ નથી. તેઓ કેવા છે? તે દેવગણો બધા અહમિન્દ્રો-પોતેજ ઇન્દ્રરૂપ છે-એમ હે આયુષ્માન્ શ્રમણ! કહ્યું છે. ।।૫૫।।૧૩૩।।

**कहि णं भंते! उवरिमगेविज्जगाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! उवरिमगेविज्जगा देवा परिवसंति? गोयमा! मज्झिमगेविज्जगाणं उप्पिं जाव उप्पइत्ता, एत्थ णं उवरिमगेविज्जगाणं देवाणं तओ गेविज्जगविमाणपत्थडा पन्नत्ता। पाईण-पडीणायया, सेसं जहा हेट्ठिमगेविज्जगाणं। नवरं एगे विमाणावाससए भवतीति मक्खायं, सेसं तहेव भाणियव्वं जाव अहमिंदा नामं ते देवगणा पन्नत्ता समणाउसो!**

**एक्कारसुत्तरं हेट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए। सयमेगं उवरिमए पंचेव अणुत्तरविमाणा ।।सू०-५६।।१३४।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉપરના ગ્રૈવેયક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! ઉપરના ગ્રૈવેયક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! મધ્યમ ગ્રૈવેયકની ઉપર યાવત્ જઈએ એટલે ઉપરના ગ્રૈવેયકોના ત્રણ ગ્રૈવેયકવિમાનપ્રસ્તટો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા-ઇત્યાદિ બધું નીચેના ગ્રૈવેયકોની પેઠે જાણવું. અહીં એક સો વિમાનો છે એમ કહ્યું છે. બાકી બધું તેમજ કહેવું. હે આયુષ્માન્ શ્રમણ! યાવદ્ તે દેવગણો અહમિન્દ્ર છે. 'એકસો અગિયાર નીચેના ગ્રૈવેયકોમાં, એકસો સાત મધ્યમ ગ્રૈવેયકોમાં અને એકસો ઉપરના ગ્રૈવેયકોમાં તથા પાંચ અનુત્તર વિમાનો છે.'।।૫૬।।૧૩૪।।*

**कहि णं भंते! अणुत्तरोववाइयाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता? कहि णं भंते! अणुत्तरोववाइया देवा परिवसंति? गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिमसूरियगहगण-नक्खत्ततारारूवाणं बहूइं जोयणसयाइं, बहूइं जोयणसहस्साइं, बहूइं जोयणसयसहस्साइं, बहुगाओ जोयणकोडीओ, बहुगीओ जोयणकोडाकोडीओ, उड्ढं दूरं उप्पइत्ता, सोहम्मीसाण-सणंकुमार-जाव आरणच्चुयकप्पा तिन्नि य अट्ठारसुत्तरे गेविज्जगविमाणावाससए विईवइत्ता तेण परं दूरं गया नीरया, निम्मला, वितिमिरा, विसुद्धा, पंचदिसिं पंच अणुत्तरा महइमहालया महाविमाणा पन्नत्ता। तं जहा-विजए, वेजयंते, जयंते, अपराजिए,**

**सव्वट्ठसिद्धे। ते णं विमाणा सव्वरयणामया, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, सस्सिरि[री]या, सउज्जोया, पासाइया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा। एत्थ णं अणुत्तरोववाइयाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे अणुत्तरोववाइया देवा परिवसंति। सव्वे समिड्ढिया, सव्वे समबला, सव्वे समाणुभावा, महासुक्खा, अणिंदा, अप्पेस्सा, अपुरोहिया, अहमिंदा नामं ते देवगणा पन्नत्ता समणाउसो! ।।सू०-५७।।१३५।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા અને અપર્યાપ્તા અનુત્તરૌપપાતિક દેવોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! અનુત્તરૌપપાતિક દેવો ક્યાં રહે છે? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવીની બરોબર સરખી અને રમણીય ભૂમિ પ્રદેશથી ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપથી બહુ સેંકડો યોજન, ઘણા હજાર યોજન, ઘણા લાખ યોજન, ઘણા કોટી યોજન, અને ઘણા કોટાકોટી યોજન ઉપર દૂર જઈએ-એટલે સૌધર્મ, સનત્કુમાર, યાવત્-આરણ-અચ્યુત કલ્પો અને ત્યાર બાદ ત્રણસો અઢાર ગ્રૈવેયક વિમાનોને ઓળંગી ત્યાંથી અત્યન્ત દૂર જઈએ એટલે રજરહિત, નિર્મલ, અંધકાર રહિત, વિશુદ્ધ એવા પાંચ દિશામાં પાંચ અત્યંત મોટા અનુત્તર મહાવિમાનો કહ્યાં છે. તે આ પ્રમાણે-૧ વિજય, ૨ વૈજયન્ત, ૩ જયન્ત, ૪ અપરાજિત અને ૫ સર્વાર્થસિદ્ધ. તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, સુકુમાર, સ્નિગ્ધ, ઘૃષ્ટ-તીક્ષ્ણ સરાણથી ઘસેલા, મૃષ્ટ-કોમળ સરાણથી ઘસેલા, રજરહિત, મળરહિત, કીચડરહિત, નિરાવરણ કાંતિવાળાં, પ્રભાસહિત, શોભાસહિત, ઉદ્યોતસહિત, પ્રસન્નતા આપનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા અનુત્તરૌપપાતિક દેવોના સ્થાનો છે. તે ઉપપાત, સમુદ્ઘાત, સ્વસ્થાન-એ ત્રણેને આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણા અનુત્તરૌપપાતિક દેવો રહે છે. તે બધા હે આયુષ્માન શ્રમણ! સમાનઋદ્ધિવાળા, સમાનબળવાળા, સમાનપ્રભાવવાળા, મહાસુખવાળા, ઇન્દ્રરહિત, પ્રેષ્ય-ચાકર રહિત, પુરોહિતરહિત અને અહમિન્દ્ર તે દેવગણો કહ્યા છે. ॥૫૭॥૧૩૫॥*

## ।। सिद्धाठाणाइं ।।

**कहि णं भंते! सिद्धाणं ठाणा पन्नत्ता? कहि णं भंते! सिद्धा परिवसंति? गोयमा! सव्वट्ठसिद्धस्स महाविमाणस्स उवरिल्लाओ थूभियग्गाओ दुवालस जोयणे उड्ढं अबाहाए एत्थ णं ईसीपब्भारा णामं पुढवी पन्नत्ता। पणयालीसं जोयणसयसहस्साइं आयामविक्खंभेणं, एगा जोयणकोडी बायालीसं च सयसहस्साइं तीसं च सयसहस्साइं दोन्नि य अउणापन्ने जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं पन्नत्ता। ईसिपब्भाराए णं पुढवीए बहुमज्झदेसभाए अट्ठजोयणिए खेत्ते अट्ठ जोयणाइं बाहल्लेणं पन्नत्ते। तओ अणंतरं च णं मायाए मायाए पएसपरिहाणीए परिहायमाणी परिहायमाणी सव्वेसु चरमंतेसु मच्छियपत्ताओ तणुययरी, अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेणं पन्नत्ता। ईसीपब्भाराए णं पुढवीए दुवालस नामधिज्जा पन्नत्ता। तंजहा-ईसि इ वा, ईसीपब्भारा इ वा, तणू इ वा, तणुतणू इ वा, सिद्धी त्ती वा, सिद्धालए वा, मुत्ती त्ती वा, मुत्तालए इ वा, लोयग्गे त्ती वा, लोयग्गथूभिय त्ती वा, लोयग्गपडिवुज्झणा इ वा, सव्वपाण-भूय-जीव-सत्त-सुहावहा इ वा। ईसीपब्भारा णं पुढवी सेया संखदलविमलसोत्थिय-मुणाल-दगरय-तुसार-गोक्खीर-हारवण्णा, उत्ताणयछत्तसंठाणसंठिया, सव्वज्जुण-सुवन्नमई, अच्छा, सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, सस्सिरि[री]या, सउज्जोया, पासाईया, दरिसणिज्जा, अभिरूवा, पडिरूवा। ईसीपब्भाराए णं पुढवीए सीआए जोयणम्मिलोगंतो, तस्स णं जोयणस्स जे से उवरिल्ले गाउए तस्स णं गाउयस्स जे से उवरिल्ले छब्भागे, एत्थ णं सिद्धा भगवंतो**

**साइया अपज्जवसिया अणेगजाइ-जरा-मरणजोणिसंसारकलंकलीभाव-पुणब्भवगब्भवासवसहीपवंचसमइक्कंता सासयमणागयद्धं कालं चिट्ठंति ।।सू०-५८।।१३६।।**

*(મૂ૦) હે ભગવન્! સિદ્ધોના ક્યાં સ્થાનો છે? હે ભગવન્! સિદ્ધો ક્યાં રહે છે? હે ગૌતમ! સર્વાર્થસિદ્ધ નામે મહાવિમાનના ઉપરના સ્તૂપિકા-શિખરના અગ્રભાગથી ઉપર બાર યોજન દૂર ઈષત્પ્રાગ્ભારા નામે પૃથિવી છે. તે પીસતાળીશ લાખ યોજન લાંબી અને પહોળી છે. તેની પરિધિ એક ક્રોડ બેંતાળીશ લાખ, ત્રીશ હજાર બસો ને ઓગણ પચાસ યોજનથી કંઇક વિશેષાધિક છે. તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બરોબર વચ્ચેના ભાગનું આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર જાડાઈમાં આઠ યોજન છે. ત્યાર પછી તે થોડી થોડી પ્રદેશની પરિહાનિથી ઘટતી ઘટતી સર્વ બાજુના છેડાઓમાં માખીની પાંખ કરતાં પણ વધારે પાતળી છે અને જાડાઈમાં આંગળના અસંખ્યાતમા ભાગની છે. ઈષત્પ્રાગ્ભારા પૃથિવીના બાર નામ કહેલાં છે. તે આ પ્રમાણે—૧ ઈષત્, ૨ ઈષત્પ્રાગ્ભારા, ૩ તન્વી, ૪ તનુતન્વી, ૫ સિદ્ધિ, ૬ સિદ્ધાલય, ૭ મુક્તિ, ૮ મુક્તાલય, ૯ લોકાગ્ર, ૧૦ લોકાગ્રસ્તૂપિકા, ૧૧ લોકાગ્રપ્રતિવાહિની અને ૧૨ સર્વપ્રાણ-ભૂત-જીવ-સત્ત્વસુખાવહા. તે ઈષત્પ્રાગ્ભારા પૃથિવી શ્વેત અને શંખદલના ચૂર્ણના નિર્મલ સ્વસ્તિક, મૃણાલ-કમલદંડ, પાણીના રજકણ, ઝાકળ, ગાયના દૂધ અને હારના જેવા વર્ણવાળી છે. તે ચત્તા મૂકેલા છત્રના આકાર જેવી અને સર્વ શ્વેત સુવર્ણમય છે. તે સ્વચ્છ, સુકોમળ, સ્નિગ્ધ, ઘસેલી, સાફ કરેલી, રજરહિત, નિર્મલ, પંકરહિત, નિરાવરણ કાંતિવાળી, પ્રભાયુક્ત, શોભાસહિત, ઉદ્યોતસહિત, પ્રસન્નતા આપનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. તે ઈષત્પ્રાગ્ભારાથી સીઆએ-નીસરણીની ગતિથી એક યોજન ઉપર લોકાન્ત છે, તે યોજનના ઉપરનો એક ગાઉ, અને તે ગાઉના ઉપરના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો અનેક સિદ્ધની અપેક્ષાએ અનાદિ અને એક જીવની અપેક્ષાએ આદિસહિત પણ અન્તરહિત, અનેક જન્મ, જરા, મરણ અને યોનિઓમાં પરિભ્રમણનો ક્લેશ, પુનર્ભવ અને ગર્ભવાસમાં રહેવાના પ્રપંચથી રહિત, શાશ્વત અનાગત (અનંત) કાળ પર્યન્ત રહે છે. ॥૫૮॥૧૩૬॥*

(ટી૦) સિદ્ધના સૂત્રમાં '**एगा जोयण कोडी**' ઇત્યાદિ ઈષત્પ્રાગ્ભારાપૃથિવીની પરિધિનું પરિમાણ કહ્યું છે તે વિષ્કંભનો વર્ગ કરી તેને દસે ગુણી મૂળ કાઢવું-ઇત્યાદિ ગણિતથી સ્વયં જાણી લેવું, કારણ કે તે સુગમ છે. અથવા **ક્ષેત્રસમાસની ટીકાથી જાણી લેવું**, કારણ કે ત્યાં પીસતાલીશ લાખ યોજન પ્રમાણ વિસ્તારવાળા મનુષ્યક્ષેત્રની પરિધિનો સવિસ્તાર વિચાર કરેલો છે, અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીની પરિધિ પણ એટલી જ છે. તે ઈષત્પ્રાગ્ભારા પૃથિવીના બરોબર મધ્ય ભાગમાં આયામ-લંબાઇ અને વિષ્કંભ-પહોળાઈ વડે તથા બાહલ્ય-જાડાઇમાં એટલે ઉંચાઇમાં આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર છે, ત્યાર પછી તે સર્વ દિશાઓ અને વિદિશાઓમાં માત્રા-થોડી થોડી પ્રદેશની હાનિથી ઘટતી બધા ચરમાન્ત-છેડાઓમાં માખીની પાંખથી પણ અતિપાતળી છે અને જાડાઇમાં અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તે ઈષત્પ્રાગ્ભારા પૃથિવીના બાર નામ છે. જેમ કે-૧ 'ઈસિ ઇ વા' પદના એક દેશમાં પદસમુદાયનો આરોપ થતો હોવાથી '**ईषत्**' કહેવાય છે. ૨ **ईषत्प्राग्भारा**, ૩ '**तणु**' इति वा-બાકીની પૃથિવીની અપેક્ષાએ અતિ પાતળી હોવાથી તન્વી કહેવાય છે, ૪ '**तनुतन्वी**' इति-જગતમાં પ્રસિદ્ધ પાતળા પદાર્થોથી પણ પાતળી છે, કારણ કે માખીની પાંખથી પણ છેડાના ભાગમાં અતિપાતળી છે. ૫ '**सिद्धिः**' સિદ્ધક્ષેત્રના પાસે હોવાથી સિદ્ધિ કહેવાય છે. ૬ '**सिद्धालय**' इति સિદ્ધક્ષેત્રને નજીક હોવાથી ઉપચારથી સિદ્ધોનું આલય-આધાર છે, માટે સિદ્ધાલય, એમ ૭ **मुक्ति** અને ૮ **मुक्तालय** પણ જાણવું. લોકના અગ્રભાગમાં હોવાથી ૯ **लोकाग्र**, ૧૦ **લોકાગ્રના સ્તૂપિકા-શિખર** જેવી હોવાથી **लोकाग्रस्तूपिका**, ૧૧ '**लोकाग्रप्रतिवाहिनी**' **लोकाग्रेण प्रत्यूह्यते**-લોકના અગ્રભાગ વડે ધારણ કરાય છે માટે લોકાગ્રપ્રતિવાહિની, ૧૨ '**सर्वप्राणभूतजीवसत्त्वसुखावहा**' સર્વ પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોને સુખ આપનાર. પ્રાણો-બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો. ભૂત-તરુઓ, જીવો-પંચેન્દ્રિયો અને સત્ત્વ બાકીના પ્રાણીઓ સમજવા. કહ્યું છે કે-

*"प्राणाः द्वि-त्रि-चतुः प्रोक्ताः भूताश्चः तरवः स्मृताः। जीवा पञ्चेन्द्रियाः ज्ञेयाः शेषाः सत्त्वा उदीरिताः॥"*

તે ઈષત્પ્રાગ્ભારા પૃથિવી શ્વેત છે. તે શ્વેતપણું ઉપમાથી જણાવે છે–'**शंखदलविमलस्वस्तिक-मृणाल-दकरजः-तुषार-गोक्षीर-हारवर्णा**' શંખદલના ચૂર્ણનો નિર્મલ સ્વસ્તિક, મૃણાલ–કમલદંડ, પાણીના રજકણ, તુષાર–હિમ, દૂધ અને હારના જેવા વર્ણવાળી છે. '**उत्तानकछत्रसंस्थानसंस्थिता**' ઉત્તાન–ચત્તા રાખેલા છત્રના જેવા આકારવાળી, તથા '**सर्वार्जुनसुवर्णमयी**' સર્વથા શ્વેત સુવર્ણમય છે. તે ઈષત્પ્રાગ્ભારા પૃથિવીથી ઉપર '**सीयाए**' નિસરણીની ગતિથી એક યોજન જઇએ એટલે લોકાન્ત પ્રાપ્ત થાય છે. તે એક યોજનના ઉપરનો ચોથો ગાઉ છે, તે ગાઉનો સૌથી ઉપરનો છઠ્ઠો ભાગ–ત્રણસો તેત્રીશ ધનુષ એક હાથ અને આઠ આંગળ પ્રમાણ છે, તે ક્ષેત્રમાં સિદ્ધ ભગવન્તો રહેલા છે. તે સાદિ છે, કારણ કે કર્મક્ષય થયા પછીજ સિદ્ધ થાય છે. તેથી અનાદિ શુદ્ધ પુરુષના પ્રવાદનો નિષેધ જણાવ્યો. વળી તેઓ '**अपर्यवसिताः**' અનન્ત–અન્તરહિત છે, કારણ કે તેઓને રાગાદિ નહિ હોવાથી ત્યાંથી પડવાનો અસંભવ છે. રાગાદિ ક્લેશો જ સિદ્ધપણાથી ભ્રષ્ટ કરવાને સમર્થ છે, અને તે સિદ્ધ ભગવંતને નથી, કારણ કે તેઓએ તેનો નિર્મૂલ નાશ કરેલો છે. અને નિર્મૂલ નાશ કરાયેલા રાગાદિ બીજ નહિ હોવાથી ફરીથી ઉત્પન્ન થતા નથી. '**अनेकजातिजरामरणयोनिसंसारकलङ्कलीभाव-पुनर्भवगर्भवसति-प्रपञ्चसमतिक्रान्ताः**' અનેક જાતિ–જન્મ, જરા અને મરણ વડે તે તે યોનિઓમાં સંસાર–સંસરણ–ભ્રમણ કરવાથી જે કલંકલીભાવ–કદર્થના થાય છે, તેમજ દિવ્ય સુખને પ્રાપ્ત થયેલાને પણ ફરીથી સંસારમાં ગર્ભાવાસનો પ્રપંચ પ્રાપ્ત થાય છે તે બન્નેને ઓળંગી ગયેલા સિદ્ધો એજ હેતુથી શાશ્વત કાલ સુધી રહે છે. ॥૫૮॥૧૩૬॥

**तत्थ वि य ते अवेया अवेयणा निम्ममा असंगा य। संसारविप्पमुक्का पएसनिव्वत्तसंठाणा ॥१॥**

**कहिं पडिहया सिद्धा? कहिं सिद्धा पइट्ठिया?। कहिं बोंदिं चइत्ता णं? कत्थ गंतूण सिज्झइ? ॥२॥**

**अलोए पडिहया सिद्धा लोयग्गे य पइट्ठिया। इहं बोंदिं चइत्ता णं तत्थ गंतूण सिज्झइ ॥३॥**

*(મૂ૦) ત્યાં પણ વેદરહિત, વેદના રહિત, મમત્વરહિત, અસંગ, સંસારથી મુક્ત થયેલા અને આત્મપ્રદેશ વડે નિષ્પન્ન થયેલ સંસ્થાન જેઓનું છે એવા સિદ્ધો રહે છે. ॥૧॥*

*સિદ્ધો કોનાથી પ્રતિહત–સ્ખલિત થયેલા છે–રોકાયેલા છે? સિદ્ધો ક્યાં રહેલાં છે? અને ક્યાં શરીરનો ત્યાગ કરી ક્યાં જઇને સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે? ॥૨॥*

*સિદ્ધો અલોકાકાશવડે સ્ખલિત થયેલા છે–રોકાયેલા છે, લોકના અગ્રભાગને વિષે રહેલા છે. અને આ લોકમાં શરીરનો ત્યાગ કરીને ત્યાં જઇને સિદ્ધ થાય છે. ॥૩॥*

(ટી૦) '**तत्थ वियते अवेया**' ઇત્યાદિ. ત્યાં પણ–સિદ્ધક્ષેત્રમાં પણ તે સિદ્ધ ભગવંતો '**अवेदाः**' પુરુષવેદાદિ રહિત હોય છે, '**अवेदनाः**' સાતા અને અસાતા વેદનાના અભાવથી વેદના રહિત, '**निर्ममाः**'–મમત્વરહિત અને '**असङ्गाः**' બાહ્ય અને અભ્યન્તર સંગરહિત હોય છે. શા હેતુથી એમ છે? '**संसारविप्रमुक्ताः**' સંસારથી મૂકાયેલા છે. અહીં હેતુમાં પ્રથમા વિભક્તિ છે. જેથી સંસારથી વિપ્રમુક્ત છે તેથી વેદ, વેદના, મમત્વ અને સંગરહિત છે. વળી તે સિદ્ધો કેવા છે? '**प्रदेशनिर्वृत्त-संस्थानाः**' આત્મપ્રદેશો વડે નિષ્પન્ન થયેલ સંસ્થાન જેઓનું છે એવા છે, પરન્તુ તેઓનું બાહ્ય પુદ્ગલો વડે બનેલું સંસ્થાન નથી. કારણ કે તેઓએ પાંચે શરીરનો સર્વથા ત્યાગ કરેલો છે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે–'**कहिं पडिहया सिद्धा**'–ઇત્યાદિ. અહીં સપ્તમી વિભક્તિ તૃતીયાના અર્થમાં છે. જેમકે '**तिसु तेसु अलंकिया पुढवी**' તે ત્રણ વડે પૃથિવી અલંકૃત છે. તેથી આ અર્થ થાય છે–સિદ્ધો '**केन प्रतिहताः**' શાથી પ્રતિહત–સ્ખલિત થયેલા છે? ક્યા સ્થાનમાં '**प्रतिष्ठिताः**' રહેલા છે? અને ક્યા ક્ષેત્રમાં બોન્દિ–શરીરને છોડીને ક્યાં જઇને સિદ્ધ થાય છે–કૃતાર્થ થાય છે? '**सिज्झइ**' એ સ્થળે બહુવચનનો પ્રયોગ '**सिज्झंति**' જોઇએ, પણ સૂત્રની શૈલીથી એક વચનનો પ્રયોગ વિરુદ્ધ નથી. બીજે સ્થળે પણ આવા પ્રયોગો મળે છે–'**वत्थ-गंधमलंकारं इत्थीओ**

**सयणाणि य। अच्छंदा जे न भुञ्जंति न से चाइ त्ति वुच्चइ।' 'से चाई'** અહીં પણ બહુવચનને ઠેકાણે એકવચનનો પ્રયોગ છે. એમ સિદ્ધોના સંબંધમાં શિષ્યે પ્રશ્ન કર્યો એટલે આચાર્ય ઉત્તર આપે છે-**'अलोए पडिहया सिद्धा'** અહીં પણ સપ્તમી વિભક્તિ તૃતીયાના અર્થમાં છે. સિદ્ધો અલોક વડે-કેવલ આકાશાસ્તિકાય વડે સ્ખલિત થયેલા છે. અહીં અલોકમાં ધર્માસ્તિકાયાદિના અભાવથી ગતિ થતી નથી, તેથી અલોકને અડીને રહેવું એજ પ્રતિસ્ખલના છે, પરન્તુ સિદ્ધો પ્રતિઘાતરહિત હોવાથી સંબન્ધ થતાં વિઘાત થવારૂપ તેને સ્ખલના થતી નથી. કેમકે પ્રતિઘાતયુક્ત પદાર્થોનો સંબન્ધ થવાથી વિઘાત થવારૂપ સ્ખલના થાય છે, અન્યની થતી નથી, **'लोकाग्रे च प्रतिष्ठिता:'** સિદ્ધો પંચાસ્તિકાયાત્મક લોકના અગ્ર ભાગમાં પ્રતિષ્ઠિત-ફરી સંસારમાં પાછા ન આવવું પડે તેવી રીતે રહેલા છે. તથા અહીં મનુષ્ય લોકમાં બોન્દિ-શરીરનો ત્યાગ કરીને સમયાન્તર-અન્ય સમય અને પ્રદેશાન્તર-બીજા આકાશપ્રદેશોનો સ્પર્શ કર્યા સિવાય ત્યાં લોકના અગ્રભાગે સિદ્ધ થાય છે—કૃતાર્થ થાય છે. ।।૧-૨-૩।।

**दीहं वा हस्सं वा जं चरिमभवे हविज्ज संठाणं। तत्तो तिभागहीणा सिद्धाणोगाहणा भणिया ।।४।।**

**जं संठाणं तु इहं भवं चयंतस्स चरिमसमयंमि। आसी य पदेसघणं तं संठाणं तहिं तस्स ।।५।।**

*(મૂ૦) લાંબુ કે ટૂંકું છેલ્લા ભવનું જે સંસ્થાન-શરીર હોય તેનાથી ત્રીજા ભાગ હીન સિદ્ધોની અવગાહના કહેલી છે. ।।૪।।*

*આ મનુષ્ય લોકમાં ભવ-શરીરનો ત્યાગ કરતા છેલ્લા સમયમાં આત્મપ્રદેશના ઘનરૂપ જે સંસ્થાન હોય છે તે સંસ્થાન ત્યાં સિદ્ધને હોય છે. ।।૫।।*

(ટી૦) હવે સિદ્ધપદને પ્રાપ્ત થયેલા સિદ્ધોનું જે સંસ્થાન છે તે જણાવે છે—**'दीर्घ वा ह्रस्व वा'** ઇત્યાદિ. પાંચસો ધનુષપ્રમાણ દીર્ઘ-મોટું, બે હાથપ્રમાણ હ્રસ્વ-નાનું અને 'વા' શબ્દથી મધ્યમ વિચિત્ર પ્રકારનું છેલ્લા ભવમાં જે સંસ્થાન હોય છે તે શરીરના મુખ-ઉદર વગેરેના છિદ્રો પૂરવાથી તેનાં ત્રીજા ભાગવડે હીન સિદ્ધોની-**'अवगाहन्ते अस्यां'** જેમાં રહે તે અવગાહના-આત્મપ્રદેશોની અવસ્થા તીર્થંકર ગણધરોએ કહેલી છે. અહીં પૂર્વભવના સંસ્થાનના પ્રમાણની અપેક્ષાએ ત્રીજા ભાગહીન સિદ્ધોનું સંસ્થાન છે એ ભાવાર્થ છે. એ વાતને સ્પષ્ટ કરીને બતાવે છે-**'जं संठाणं तु इहं'** ઇત્યાદિ. જેટલા પ્રમાણવાળું સંસ્થાન આ મનુષ્યભવમાં હતું (**'भवन्ति प्राणिनः कर्मवशवर्तिनोऽस्मिन् इति भव:'**-જેમાં કર્મને વશવર્તી પ્રાણીઓ ઉત્પન્ન થાય તે ભવ-શરીર) તે શરીરનો ત્યાગ કરતા એટલે કાયયોગને છોડતા છેલ્લા સમયે શુક્લ ધ્યાનના સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી નામે ત્રીજા પાયાના સામર્થ્યથી વદન, ઉદારાદિ છિદ્રોને પૂરવાથી ત્રીજા ભાગ વડે હીન આત્મપ્રદેશોના ઘનરૂપ **'तं संठाण तहिं तस्स'** તેજ સંસ્થાન મૂલ શરીરના પ્રમાણની અપેક્ષાએ ત્રીજા ભાગવડે હીન પ્રમાણવાળું ત્યાં લોકના અગ્રભાગવર્તી **'तस्य'** તે સિદ્ધને હોય છે. ।।૪-૫।।

**तिन्नि सया तित्तीसा धणुत्तिभागो य होइ नायव्वो। एसा खलु सिद्धाणं उक्कोसोगाहणा भणिया ।।६।।**

**चत्तारि य रयणीओ रयणी तिभागूणिया य बोद्धव्वा। एसा खलु सिद्धाणं मज्झिमओगाहया भणिया।।७।।**

*(મૂ૦) ત્રણસો તેત્રીશ ધનુષ અને એક ધનુષનો ત્રીજો ભાગ-એ પ્રમાણે સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના કહી છે.।।૬।।*

*ચાર હાથ અધિક ત્રીજાભાગ ન્યૂન એક હાથ-એ સિદ્ધોની મધ્યમ અવગાહના કહી છે.।।૭।।*

(ટી૦) હવે અવગાહનાના ઉત્કૃષ્ટાવગાહનાદિ ભેદો કહે છે-**'तिन्नि सया तेत्तीसा'** ઇત્યાદિ. ત્રણસો તેત્રીશ ધનુષ અને ધનુષનો ત્રીજો ભાગ (એક હાથ અને આઠ આંગળ) એ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના તીર્થંકર-ગણધરોએ કહેલી છે, અને તે અવગાહના પાંચસો ધનુષ પ્રમાણશરીરવાળાને આશ્રયી જાણવી.

(પ્ર૦) નાભિકુલકરની પત્ની મરુદેવી હતી, નાભિરાજાનું શરીરપ્રમાણ પાંચસો પચીશ ધનુષ હતું. તે જ શરીરપ્રમાણ મરુદેવીનું હતું, કેમકે **''संघयण संठाणं उच्चत्तं चेव कुलगरेहिं समं''**-'સંઘયણ, સંસ્થાન અને ઉંચાઇ કુલકરોના સમાન હોય છે'-એવું શાસ્ત્રનું વચન છે. અને ભગવતી મરુદેવી તો મોક્ષે ગયેલા છે, તેના શરીરપ્રમાણમાંથી ત્રીજો ભાગ બાદ કરીએ

તો મરુદેવીની સિદ્ધાવસ્થાની અવગાહના સાડા ત્રણસો ધનુષ થાય, તો ઉપર કહેલા પ્રમાણવાળી ઉત્કૃષ્ટ અવગાહના કેમ ઘટી શકે? (ઉ૦) તમે કહેલો દોષ આવતો નથી, કારણ કે મરુદેવીનું નાભિરાજાથી કંઇક ન્યૂન પ્રમાણ હતું. ઉત્તમ સંસ્થાનવાળા પુરુષોથી ઉત્તમ સંસ્થાનવાળી સ્ત્રીઓ પોતપોતાના કાળની અપેક્ષાએ કંઇક ન્યૂન પ્રમાણવાળી હોય છે. માટે મરુદેવીનું પાંચસો ધનુષનું શરીર હોવાથી કંઇપણ દોષ આવતો નથી. વળી મરુદેવી હાથી ઉપર બેઠેલા અને સંકુચિત શરીરવાળા સિદ્ધ થયેલા છે, તેથી શરીરનો સંકોચ થયેલો હોવાથી અધિક અવગાહનાનો સંભવ નથી. માટે અહીં કોઇપણ પ્રકારનો પરસ્પર વિરોધ આવતો નથી. ભાષ્યકાર કહે છે કે-''**कह मरुदेवामाणं? नाभीतो जेण किञ्चिदुणा सा। तो किर पंचसयच्चिय अहवा संकोचओ सिद्धा** ॥१॥''-'મરુદેવીનું શરીરપ્રમાણ કેમ ઘટે? તેનું શરીર નાભિરાજાથી કંઇક ન્યૂન હતું, માટે તે પાંચસો ધનુષવાળા જ છે. અથવા શરીરસંકોચ થવાથી સિદ્ધ થયેલ છે. ॥૬-૭॥

**एगा य होइ रयणी अट्ठेव य अंगुलाइं साहिया। एसा खलु सिद्धाणं जहन्नओगाहणा भणिया ॥८॥**

*(મૂ૦) એક હાથ અને અધિક આઠ આંગુલ-એ સિદ્ધોની જઘન્ય અવગાહના કહી છે. ॥૮॥*

(ટી૦) '**चत्तारि रयणीओ**' ઇત્યાદિ. ચાર હાથ અને ત્રીજા ભાગ ન્યૂન એક હાથ એટલે ચાર હાથ અને સોળ આંગળ એ સિદ્ધોની મધ્યમ અવગાહના છે.

(પ્ર૦) આગમમાં જઘન્યપદે સાત હાથની ઉંચાઇવાળાની સિદ્ધિ કહી છે, તો ઉપર કહેલી આ જઘન્ય અવગાહના કહેવાય, મધ્યમ અવગાહના કેમ કહેવાય? (ઉ૦) તમારી શંકા વસ્તુતત્ત્વના અજ્ઞાનથી થયેલી છે માટે અયુક્ત છે. કારણ કે જઘન્યપદે સાત હાથ પ્રમાણ શરીરવાળાની સિદ્ધિ કહી છે તે તીર્થંકરની અપેક્ષાએ છે. સામાન્ય કેવલી તો તેથી ન્યૂન પ્રમાણવાળા હોય તો પણ તેની સિદ્ધિ થાય છે. અહીં અવગાહનાના પ્રમાણનો વિચાર કર્યો છે તે સામાન્ય સિદ્ધોની અપેક્ષાએ છે માટે કંઇપણ દોષ નથી. 'એગા ય હોઇ' ઇત્યાદિ. પરિપૂર્ણ એક હાથ અને અધિક આઠ આંગળ એ સિદ્ધોની જઘન્ય અવગાહના છે. અને તે જઘન્ય અવગાહના બે હાથના પ્રમાણવાળા કૂર્માપુત્ર વગેરેની જાણવી. અથવા સાત હાથની ઉંચાઇવાળા છતાં પણ યન્ત્રની અન્દર પીલાવાવડે સંકુચિત શરીરવાળાની અપેક્ષાએ જઘન્ય અવગાહના જાણવી. ભાષ્યકાર કહે છે કે-''**जेट्ठाउ पंचधणुसयतणुस्स मज्झा य सत्तहत्थस्स। देहत्ति भागहीणा जहन्निया जा विहत्थस्स ॥१॥ सत्तूसियएसु सिद्धी जहन्नओ कहमिहं विहत्थेसु? सा किर तित्थयरेसु सेसाणं सिज्झमाणाणं ॥२॥ ते पुण होज्ज विहत्था कुम्मापुत्तादयो जहन्नेणं। अन्ने संवट्टियसत्तहत्थसिद्धस्स हीणत्ति ॥३॥**''-'પાંચસો ધનુષ શરીરવાળાની ઉત્કૃષ્ટ અવગાહના, સાત હાથ પ્રમાણ શરીરવાળાની મધ્યમ અવગાહના અને બે હાથના શરીરવાળાની જઘન્ય અવગાહના શરીરના ત્રીજા ભાગ ન્યૂન જાણવી. સાત હાથ ઉંચાઇવાળાની સિદ્ધિ જઘન્યથી કહી છે, તો બે હાથ પ્રમાણશરીરવાળાની કેમ થાય? તે તીર્થંકરની અપેક્ષાએ કહી છે, બાકીની સિદ્ધ થતા સામાન્ય કેવલીની અપેક્ષાએ બે હાથ પ્રમાણ શરીરવાળા કૂર્માપુત્રાદિ જઘન્યથી જાણવા.' આના સંબંધમાં અન્ય આચાર્યો કહે છે-સંકુચિત થયેલા સાત હાથના શરીરવાળા સિદ્ધની અપેક્ષાએ જઘન્ય અવગાહના જાણવી.॥૮॥

**ओगाहणाइ सिद्धा भवत्ति भागेण होंति परिहीणा। संठाणमणित्थंथं जरा-मरणविप्पमुक्काणं ॥९॥**

*(મૂ૦) સિદ્ધો અવગાહનામાં શરીરના ત્રીજા ભાગ વડે હીન છે, માટે જરા અને મરણથી મુક્ત થયેલા સિદ્ધોનું સંસ્થાન-અનિત્થંસ્થ-અનિયત પ્રકારનું હોય છે.*

(ટી૦) હવે કહેલી બાબતને ફરીથી કહેવા વડે સિદ્ધોના સંસ્થાનનું સ્વરૂપ કહે છે-'**ओगाहणाइ**' ઇત્યાદિ-'**अवगाहनया**' શરીરની અવગાહનાની અપેક્ષાએ સિદ્ધો '**भवत्रिभागेन परिहीनाः**' ભવ-શરીરના ત્રીજા ભાગ હીન હોય છે, માટે સિદ્ધોનું

૧. વિશેષા૦ ગા૦ ૩૧૬૮; ૨. વિશેષા૦ ગા૦ ૩૧૬૨

સંસ્થાન '**अनित्थंस्थं**'-**इत्थ तिष्ठतीति इत्थंस्थं**, આવા પ્રકારે રહે તે **इत्थंस्थं**, તેવું ન હોય તે **अनित्थंस्थं**-વદનાદિના શુષિર-પોલાણ ભાગને પૂરવાવડે પૂર્વનો આકાર અન્યથા થવાથી-અનિયત આકારવાળું છે એ ભાવાર્થ છે. વળી જે સિદ્ધાદિના ગુણોના વર્ણનમાં '**सिद्धे न दीहे, न हस्से**' 'સિદ્ધ દીર્ઘ નથી, તેમ હ્રસ્વ નથી' ઇત્યાદિ સૂત્ર વડે દીર્ઘપણા વગેરેનો પ્રતિષેધ કર્યો છે તે પણ પૂર્વાકારની અપેક્ષાએ સંસ્થાનનું જુદાપણું હોવાથી જાણવો. પરન્તુ સંસ્થાનના સર્વથા અભાવથી ન સમજવો. આના સંબંધમાં ભાષ્યકાર કહે છે-''**सुसिरपरिपूरणाओ पुव्वागारन्नहायवत्थाओ। संठाणमणित्थंत्थं जं भणियमणियया गारं ॥१॥ एत्तोच्चिय पडिसेहो सिद्धाइगुणेसु दीहयाईणं। जमणित्थं पुव्वागाराविक्खाए नाभावो ॥२॥**''-''શુષિર-વદનાદિના છિદ્રોને પૂરવાવડે અને પૂર્વનો આકાર અન્યથા થવાથી સિદ્ધોનું સંસ્થાન અનિત્થંસ્થ-અનિયત આકારવાળું છે.' આ કારણથી જ સિદ્ધાદિના ગુણોમાં દીર્ઘત્વાદિનો પ્રતિષેધ કર્યો છે, કારણ કે અનિત્થંસ્થ-અનિયતાકારવાળું સંસ્થાન પૂર્વાકારની અપેક્ષાએ છે, પણ એથી આકારનો અભાવ છે એમ ન સમજવું. ॥૯॥

**जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का। अन्नोऽन्नसमोगाढा पुट्ठा सव्वा वि लोगंते ॥१०॥**
**फुसइ अणंते सिद्धे सव्वपएसेहिं नियमसो सिद्धा। तेऽवि [य] असंखिज्जगुणा देस-पएसेहिं जे पुट्ठा ॥११॥**

*(મૂ૦) જ્યાં એક સિદ્ધ છે ત્યાં ભવક્ષયથી મુક્ત થયેલા અનન્ત સિદ્ધો હોય છે. તે પરસ્પર મળીને રહેલા છે. બધાય લોકાન્તવડે સ્પર્શ કરાયેલા છે. સિદ્ધો પોતાના સર્વ આત્મપ્રદેશો વડે અવશ્ય અનન્ત સિદ્ધોનો સ્પર્શ કરે છે. દેશ અને પ્રદેશથી પણ જે સ્પર્શ કરાયેલા છે તે પણ તેથી અસંખ્યાતગુણા છે. ॥૧૦-૧૧॥*

(ટી૦) આ સિદ્ધો પરસ્પર ભિન્ન દેશમાં રહેલા છે કે નહિ? એ પ્રશ્નના ઉત્તરમાં ભિન્ન દેશમાં રહેલા નથી એમ અમે કહીએ છીએ. શા હેતુથી એમ કહો છો? તેનો ઉત્તર આપે છે-'**जत्थ य**' ઇત્યાદિ. જ્યાં એક સિદ્ધ નિર્વાણને પ્રાપ્ત થયેલ છે ત્યાં અનન્તા સિદ્ધો ભવના ક્ષય વડે મુક્ત થયેલા છે. અહીં ભવક્ષયના કથન વડે સ્વેચ્છા વડે ભવમાં અવતારગ્રહણ કરવાની શક્તિવાળા સિદ્ધનો નિષેધ કર્યો. '**अन्योऽन्यसमवगाढा:**' તે સિદ્ધો પરસ્પર મળીને રહેલા છે. કારણ કે ધર્માસ્તિકાયાદિની પેઠે તેનો તેવા પ્રકારનો અચિન્ત્ય પરિણામ છે. તેમજ લોકના '**अन्ते स्पृष्टा:**'-બધા સ્પર્શીને રહેલા છે. '**फुसइ**' ઇત્યાદિ. એક સિદ્ધ અવશ્ય પોતાના સર્વ આત્મ-પ્રદેશો વડે અનન્ત સિદ્ધોનો સ્પર્શ કરે છે. સર્વ પ્રદેશો વડે સ્પર્શ કરાયેલા સિદ્ધો કરતાં દેશ અને પ્રદેશોથી સ્પર્શ કરાયેલા સિદ્ધો અસંખ્યાત ગુણા છે. કેવી રીતે છે? તેનો ઉત્તર આ પ્રમાણે છે-અહીં એક સિદ્ધનું જેટલું અવગાહના ક્ષેત્ર છે તેટલા પરિપૂર્ણ એક ક્ષેત્રમાં રહેલા બીજા પણ અનન્ત સિદ્ધો હોય છે અને તે સિવાય બીજા સિદ્ધો જેઓ તે ક્ષેત્રના એક એક પ્રદેશને સ્પર્શીને રહેલા છે તે પણ પ્રત્યેક અનન્તા છે. એમ બે, ત્રણ, ચાર અને પાંચ આદિ પ્રદેશોની વૃદ્ધિ વડે સ્પર્શ કરીને રહેલા છે તે **પ્રત્યેક અનન્તા** છે, તેમજ તે મૂલક્ષેત્રના એક એક પ્રદેશને છોડીને જે સિદ્ધો રહેલા છે તે પણ પ્રત્યેક અનન્ત છે. એમ બે, ત્રણ, ચાર, પાંચ વગેરે પ્રદેશોને છોડીને અવગાઢ-રહેલા છે તે પણ પ્રત્યેક અનન્તા છે. એમ પ્રદેશની વૃદ્ધિ અને હાનિ વડે જેઓ રહેલા છે તે સિદ્ધો પરિપૂર્ણ એક ક્ષેત્રમાં રહેલા સિદ્ધો કરતાં અસંખ્યાતગુણા છે. કારણ કે પૂર્ણાગાઢ ક્ષેત્રના પ્રતિપ્રદેશ અનન્ત સિદ્ધો રહેલા છે અને તે પ્રદેશો અસંખ્યાતા છે. કહ્યું છે કે-''**एगक्खेत्तेऽणंता पएसपरिवुड्ढिहाणिओ तत्तो। हुंति असंखेज्जगुणाऽसंखपएसो जमवगाढो ॥१॥**''-'એક સિદ્ધના ક્ષેત્રમાં અનન્તા સિદ્ધો રહેલા છે અને પ્રદેશની વૃદ્ધિ અને હાનિ વડે જે સિદ્ધો રહેલા છે તે તેના કરતાં અસંખ્યાતગુણા છે. કારણ કે અવગાઢ ક્ષેત્ર અસંખ્યાતપ્રદેશાત્મક છે. અને પ્રતિપ્રદેશ અનન્ત સિદ્ધો છે. તેથી અસંખ્યાતગુણા છે. ॥૧૦-૧૧॥

**असरीरा जीवघणा उवउत्ता दंसणे य नाणे य। सागारमणागारं लक्खणमेयं तु सिद्धाणं ॥१२॥**
**केवलनाणुवउत्ता जाणंता सव्वभावगुण-भावे। पासंति सव्वओ खलु केवलदिट्ठीहिऽणंताहिं ॥१३॥**

*(મૂ૦) શરીરાતીત, આત્મપ્રદેશોના ઘનવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા સિદ્ધો છે, માટે સાકાર અને અનાકાર*

*ઉપયોગ-એ સિદ્ધોનું લક્ષણ છે. કેવલજ્ઞાનના ઉપયોગવાળા સિદ્ધો સર્વ પદાર્થના ગુણો અને પર્યાયોને સર્વથા જાણે છે અને અનન્ત કેવલદર્શન વડે સર્વથા જુએ છે. અવ્યાબાધ સ્વરૂપને પ્રાપ્ત થયેલા સિદ્ધોને જે સુખ છે તે સુખ મનુષ્યોને નથી, તેમ સર્વ દેવોને પણ નથી. ॥૧૨-૧૩॥*

(ટી૦) હવે સિદ્ધોનું લક્ષણ જણાવે છે-**'असरीरा'** ઇત્યાદિ. સિદ્ધો અશરીર-ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીર રહિત અને **'जीवघना:'** મુખ અને પેટ વગેરેના છિદ્રો પૂરવાથી આત્મપ્રદેશોનો ઘન થાય છે, માટે આત્મપ્રદેશના ઘનરૂપ થયેલા **'उपयुक्ता दर्शने च ज्ञाने च'** વળી કેવળ દર્શન અને કેવળ જ્ઞાનના ઉપયોગવાળા, જો કે સિદ્ધપણાના આવિર્ભાવના સમયે કેવલજ્ઞાન હોય છે તેથી જ્ઞાન પ્રધાન છે તો પણ આ સામાન્ય સિદ્ધનું આ લક્ષણ છે એમ જણાવવા માટે પ્રથમ સામાન્ય વિષયક-સામાન્યગ્રાહક દર્શન કહ્યું. સામાન્યગ્રાહક દર્શન અને વિશેષગ્રાહક જ્ઞાન કહેવાય છે. માટે સાકાર અને અનાકાર એટલે સામાન્ય અને વિશેષ ઉપયોગરૂપ છે. આ હમણાં કહેલું તે **तदन्यव्यावृत्तिस्वरूप**-સિદ્ધોથી અન્ય વસ્તુની વ્યાવૃત્તિ-ભિન્નતા રૂપ [1]લક્ષણ સમજવું.. અહીં 'તુ' શબ્દ આગળની ગાથામાં કહેવાશે એવા નિરુપમ સુખની વિશેષતા બતાવવા માટે છે. હવે સિદ્ધો 'કેવલજ્ઞાન અને કેવલ દર્શન વડે સમગ્ર વસ્તુને જાણે છે' એ બતાવે છે-**'केवलज्ञानेनोपयुक्ता:'** કેવલજ્ઞાન વડે ઉપયુક્ત, પરન્તુ અન્તઃકરણ વડે નહિ, કારણ કે **તેમને અન્તઃકરણ હોતું નથી** તેથી કેવળજ્ઞાનના ઉપયોગવાળા, **'सर्वभावगुणभावान्'** સર્વ પદાર્થના ગુણ અને ભાવ-પર્યાયોને જાણે છે. અહીં પ્રથમ ભાવશબ્દ પદાર્થવાચી છે અને બીજો ભાવ શબ્દ પર્યાયવાચી છે. ગુણપર્યાયનો આ પ્રમાણે ભેદ છે-**'सहवर्तिनो गुणा:'** દ્રવ્યની સાથે રહેનારા ધર્મો ગુણ અને **'क्रमवर्तिन: पर्याया:'** ક્રમવર્તી-અનુક્રમે થવાવાળા ધર્મો પર્યાય કહેવાય છે. તથા અનન્ત કેવલદૃષ્ટિઓ વડે-અનન્ત કેવલ દર્શનો વડે **'सर्वत: खलु'**-સર્વથા જ જુએ છે. અહીં 'ખલુ' શબ્દ અવધારણાર્થક છે. કેવલદર્શનની અનન્તતા અનન્ત સિદ્ધો હોવાથી જાણવી. અહીં પ્રથમ જ્ઞાનનું ગ્રહણ 'પ્રથમ જ્ઞાનોપયોગમાં રહેલા સિદ્ધ થાય છે' એ જણાવવા માટે છે. ॥૧૨-૧૩॥

**नवि अत्थि माणुसाणं तं सुक्खं नवि य सव्वदेवाणं। जं सिद्धाणं सुक्खं अव्वाबाहं उवगयाणं ॥१४॥**

**सुरगणसुहं समत्तं सव्वद्धापिंडिय अणंतगुणं। ण वि पावे मुत्तिसुहं णंताहिं वग्गवग्गूहिं ॥१५॥**

(મૂ૦) *સર્વ દેવોના સમસ્ત સુખને સર્વકાલના (અનન્ત) સમયવડે પિંડિત કરી તેને અનન્તગુણ કરી પુનઃ તેનો અનન્ત વાર વર્ગ કરીએ તો પણ સિદ્ધિસુખના તુલ્ય ન થાય. ॥૧૪-૧૫॥*

(ટી૦) હવે સિદ્ધો 'નિરુપમસુખવાળા છે' તે બતાવે છે-**'नवि अत्थि'** ઇત્યાદિ. મનુષ્યોને-ચક્રવર્તી વગેરેને પણ તે સુખ નથી, અનુત્તર સુધીના સર્વ દેવોને પણ તે સુખ નથી, કે અવ્યાબાધા-વિવિધ પ્રકારની અબાધા-શારીરિકાદિ દુઃખના અભાવને પ્રાપ્ત થયેલા સિદ્ધોને જે સુખ છે. બીજાઓને જેવી રીતે સુખ નથી તે પ્રકારાન્તરથી બતાવે છે-**'सुरगुणसुहं'** ઇત્યાદિ. દેવગણનું સમસ્ત-અતીત અનાગત અને વર્તમાન કાળનું સંપૂર્ણ સુખ તેને **'सर्वाद्धापिण्डित'** સર્વકાળના સમયો વડે ગુણીએ અને તેને પુનઃ અનન્તગુણ કરીએ અને જેટલું થાય તેટલું સુખ અસત્કલ્પનાથી એક એક આકાશપ્રદેશ ઉપર સ્થાપન કરીએ, એમ સકલ આકાશના પ્રદેશોને પૂરવાથી જો કે તે અનન્ત થાય છે તો પણ તેના અનન્તા વર્ગ કરીએ, તો પણ એટલું વધવા છતાં પણ મુક્તિના સુખની તુલ્ય ન થાય. ॥૧૪-૧૫॥

**सिद्धस्स सुहो रासी सव्वद्धापिंडिओ जइ हवेज्जा। सोऽणंतवग्गभइओ सव्वागासे न माइज्जा ॥१६॥**

(મૂ૦) *જો સિદ્ધના સુખનો રાશિ સર્વકાલનો પિંડિત-એકઠો કરેલો હોય તેને અનન્ત વર્ગમૂલોથી ઘટાડીએ તો પણ સર્વ આકાશમાં ન માય. ॥૧૬॥*

૧. લક્ષણ-અસાધારણ ધર્મ, તેના બે પ્રકાર છે - વ્યાવર્તક અને વ્યાવહારિક. જે લક્ષ્યથી બીજી વસ્તુનો ભેદ જણાવે તે વ્યાવર્તક લક્ષણ. જેમકે ઉષ્ણતા એ અગ્નિનું વ્યાવર્તક લક્ષણ છે. જે લક્ષ્યથી ઇતર વસ્તુનો ભેદ ન જણાવે, માત્ર સ્વરૂપ જણાવે તે વ્યાવહારિક લક્ષણ. જેમકે અભિધેયત્વ-પ્રમેયત્વાદિ પદાર્થનું લક્ષણ છે. તે પદાર્થથી બીજી વસ્તુ નહિ હોવાના લીધે લક્ષ્યથી બીજી વસ્તુનો ભેદ જણાવતું નથી.

(ટી૦) એજ બાબત અન્ય ભંગીથી જણાવે છે—'**सिद्धस्स सुहोरासी**' ઇત્યાદિ. સિદ્ધોના સુખનો રાશિ '**सर्वाद्धापिण्डितः**' તેને સર્વ સાદિ અનન્ત કાલ વડે પિંડિત કરીએ એટલે સિદ્ધ જે સુખ પ્રતિસમય અનુભવે છે તેને બધું એકત્ર કરીએ અને તેને '**अनन्तवर्गमूलभक्तः**'—અનન્ત વર્ગમૂલોથી ઘટાડતા જઈએ અને ત્યાં સુધી ઘટાડીએ કે જ્યાં સુધી સર્વકાલ ગુણક વડે ગુણાકાર કરતાં જે અધિક થયેલું છે તે સર્વને ઘટાડવાથી સિદ્ધપણાના પ્રથમ સમયભાવી સુખ માત્ર રહે, તે પણ સર્વ આકાશમાં ન માય. એટલે એટલું સુખ માત્ર પણ સર્વ આકાશમાં ન સમાઇ શકે તો બધું સુખ સમાવું તો દૂર રહ્યું. એમ જણાવવા માટે સિદ્ધના સુખની રાશિનો પિંડ કરી ફરી અપવર્તન કર્યું–ઘટાડ્યું. અહીં આ ભાવાર્થ છે—વિશિષ્ટ આનંદરૂપ સુખ ગ્રહણ કરવું, કે જ્યાંથી આરંભીને શિષ્ટ પુરુષો સુખ શબ્દનો પ્રયોગ કરે છે, એટલે શિષ્ટ પુરુષો જેને સુખ કહે છે તે સુખથી માંડીને એક એક ગુણની વૃદ્ધિના તારતમ્યથી સુખને વધારતા જવું કે જ્યાં સુધી અનન્તગુણ વૃદ્ધિ કરવા વડે નિરતિશય–જેનાથી બીજું કોઇ ચડીયાતું ન હોય એવું છેવટનું સુખ પ્રાપ્ત થાય, એવું અત્યન્ત (શાશ્વત) ઉપમારહિત, એકાન્ત ઉત્સુકતાની નિવૃત્તિરૂપ અત્યન્ત સ્થિરતારૂપ છેલ્લી કોટીનું સુખ હોય તે સુખ સર્વદા સિદ્ધોને હોય છે, તે સુખથી માંડી અને પ્રથમના સુખથી ઉપર વચ્ચે રહેલા તારતમ્યથી સુખના વિશેષણરૂપ ગુણો–અંશો છે તે સર્વાકાશ પ્રદેશના કરતાં પણ ઘણા વધારે છે. તે માટે એમ કહ્યું છે કે–'**सव्वागासे न माइज्जा**'—સર્વ આકાશમાં ન માય. તાત્પર્ય એ છે કે–શિષ્ટ પુરુષો જેને સુખ કહે છે તે સુખથી માંડી સુખનો એક એક અંશ વધારતાં જે છેવટનું નિરતિશય સુખ હોય છે ત્યાં સુધીના અંશો સર્વ આકાશ પ્રદેશો કરતાં પણ અધિક છે તેથી સર્વ આકાશમાં સમાઈ શકે નહિ, જો એમ ન હોય તો સર્વ આકાશમાં જે ન માય તે એક એક સિદ્ધમાં કેમ સમાય? એવો પૂર્વાચાર્યનો સંપ્રદાય–પરંપરા છે. ॥૧૬॥

**जह णाम कोइ मिच्छो नगरगुणे बहुविहे वियाणंतो। न चएइ परिकहेउं उवमाए तहिं असंतीए ॥१७॥**

**इय सिद्धाणं सोक्खं अणोवमं नत्थि तस्स ओवम्मं। किंचि विसेसेणित्तो सारिक्खमिणं सुणह वोच्छं ॥१८॥**

**जह सव्वकामगुणियं पुरिसो भोत्तूण भोयणं कोइ। तण्हा-छुहाविमुक्को अच्छिज्ज जहा अमियतित्तो ॥१९॥**

**इय सव्वकालतित्ता अतुलं निव्वाणमुवगया सिद्धा। सासयमव्वाबाहं चिट्ठंति सुही सुहं पत्ता ॥२०॥**

*(મૂ૦) જેમ કોઇ મલેચ્છ બહુ પ્રકારના નગરના ગુણોને જાણતો ત્યાં ઉપમા નહિ હોવાથી કહી શકતો નથી. એમ સિદ્ધોને સુખ અનુપમ છે, તેની ઉપમા નથી, તો પણ કંઇક વિશેષતાથી એનું સાદૃશ્ય–સરખાપણું કહું છું તે સાંભળો. જેમ કોઇ પુરુષ સર્વ કામના ગુણવાળું ભોજન ખાઇને તૃષા અને ક્ષુધાથી રહિત થઇ અમૃતથી તૃપ્ત થયેલો હોય તેની પેઠે રહે. તેમ સર્વકાલ તૃપ્ત થયેલા અને અનુપમ નિર્વાણને પ્રાપ્ત થયેલા સુખી સિદ્ધો અવ્યાબાધપણે શાશ્વત કાલ સુધી રહે છે. ॥૧૭–૨૦॥*

(ટી૦) હવે તે સિદ્ધોના સુખની નિરુપમતા બતાવે છે–'**जहनाम**' ઇત્યાદિ. જેમ કોઇ મલેચ્છ ગૃહનિવાસ વગેરે બહુ પ્રકારના નગરના ગુણોને જાણવા છતાં અરણ્યમાં જઇ અન્ય મલેચ્છોને કહેવા શક્તિમાન્ થતો નથી. કેમ કહી શકતો નથી? એ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે 'ઉપમાના અભાવથી'. એ ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાથી જાણવો–

''એક મહા અરણ્યવાસી મલેચ્છ અરણ્યમાં રહે છે. એક સમયે અશ્વથી હરણ કરાયેલો એક રાજા અટવીમાં આવ્યો. તે તેણે જોયો. સત્કાર કરી રાજાને પોતાના ગામ લઇ ગયો. રાજા પણ તેને નગરમાં લઇ ગયો અને 'ઉપકારી છે' એમ સમજી તેનું અત્યન્ત સન્માન કર્યું. તે ધવલ ગૃહાદિનો ઉપભોગ કરવા વડે રાજાની જેમ રહે છે. કેટલાક કાળે તેને અરણ્યનું સ્મરણ થયું, રાજાએ વિસર્જન કર્યો. અરણ્યવાસીઓ પૂછે છે કે–'કેવું નગર છે?' તે જાણવા છતાં પણ ત્યાં કોઇની ઉપમા નહિ હોવાથી તે નગરના ગુણોનું વર્ણન કરવા સમર્થ નથી. અર્થનો ઉપનય આ પ્રમાણે છે–'**इय सिद्धाणं**' ઇત્યાદિ. એ પ્રમાણે સિદ્ધોનું સુખ અનુપમ છે, કારણ કે તેની ઉપમા નથી. તો પણ બાળજનોને ખયાલમાં આવે માટે કંઇક વિશેષતાથી આનું સાદૃશ્ય–સરખાપણું

કહ્યું છે તે સાંભળો–'**जह सव्वं**' ઇત્યાદિ. 'યથા' ઉદાહરણનો ઉપન્યાસ કરવા માટે છે. જેમ કોઇપણ પુરુષ '**सर्वकामगुणितं**' સર્વ કામના ગુણયુક્ત, સર્વ પ્રકારના સૌન્દર્ય વડે સંસ્કારવાળું ભોજન ખાઇને ક્ષુધા અને તૃષાથી રહિત થયેલો અમૃતથી તૃપ્ત થયેલો હોય તેમ રહે છે, તેમ નિર્વાણ–મોક્ષને પ્રાપ્ત થયેલા સિદ્ધો સર્વકાલ–સાદિ અનન્ત કાળ પર્યન્ત તૃપ્ત–સર્વ પ્રકારની ઉત્સુકતાની નિવૃત્તિ થવાથી પરમ સંતોષને પ્રાપ્ત થયેલા. ઉપમા નહિ હોવાથી અનન્યસદૃશ, પડવાનો અભાવ હોવાથી શાશ્વત, લેશ પણ વ્યાબાધા–દુઃખનો અસંભવ હોવાથી અવ્યાબાધ સુખને પ્રાપ્ત થયેલા છે તેથી સુખયુક્ત થઇને રહે છે. ॥૧૭–૨૦॥

**सिद्ध त्ति य बुद्ध त्ति य पारगय त्ति य परंपरगय त्ति उम्मुक्ककम्मकवया अजरा अमरा असंगा य।।२१।।**

**नित्थिन्नसव्वदुक्खा जाइ-जरा-मरणबंधणविमुक्का। अव्वाबाहं सोक्खं अणुहोंती सासयं सिद्धा ।।२२।।**

**पन्नवणाए भगवइए बितीयं ठाणपयं समत्तं**

*(મૂ૦) સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરાગત, જેણે કર્મરૂપ કવચનો ત્યાગ કર્યો છે એવા, જરારહિત, મરણરહિત અને સંગરહિત છે. સર્વદુઃખોને તરી ગયેલા, જન્મ, જરા, મરણના બંધનથી મૂકાયેલા સિદ્ધો શાશ્વત કાલ પર્યન્ત અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે. ॥૨૧–૨૨॥*

*પ્રજ્ઞાપના સૂત્રમાં બીજું સ્થાનપદ સમાપ્ત*

(ટી૦) એનો વિશેષપણે વિચાર કરે છે–'**सिद्धत्ति य**' ઇત્યાદિ. સિત–બાંધેલા આઠ પ્રકારના કર્મને જેઓએ ધ્માત–ભસ્મીભૂત કર્યા છે એટલે અનેક ભવના કર્મરૂપ ઇન્ધનો બાળી નાંખ્યા છે એવા સિદ્ધો છે. સામાન્ય રીતે કર્માદિ સિદ્ધો પણ કહેવાય છે. કહ્યું છે કે–"**कम्मे सिप्पे य विज्जाए मंतेजोगे य आगमे। अत्थ जत्ताअथिप्पए, तवे कम्मखवए इय॥१॥**"–'કર્મ, શિલ્પ, વિદ્યા, મન્ત્ર, યોગ, આગમ, અર્થ, યાત્રા, અભિપ્રાય, તપ અને કર્મ ક્ષયને વિષે સિદ્ધ શબ્દ છે.' માટે કર્માદિ સિદ્ધનો નિષેધ કરવા માટે કહે છે–'**बुद्धाः**'–જેઓએ અજ્ઞાન નિદ્રામાં સુતેલા જગતમાં બીજાના ઉપદેશ સિવાય જીવાદિરૂપ તત્ત્વને જાણેલ છે એવા, સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવરૂપ બોધવાળા, આવા છતાં પણ 'સંસાર અને નિર્વાણ બન્ને છોડીને રહેલા છે' એમ કોઇ માને છે–કહ્યું છે કે–"**संसारे न च निर्वाणे, स्थितो भुवनभूतये। अचिन्त्यः सर्वलोकानां, चिंतारत्नाधिको महान् ॥१॥**"–"જે સંસાર અને નિર્વાણમાં રહેલ નથી, પરન્તુ દુનીયાના કલ્યાણને માટે રહેલ છે. વળી સર્વ લોકોને અચિન્ત્ય ચિન્તામણિ રત્ન કરતાં પણ અધિક અને મહાન્ છે." આથી તેવા સિદ્ધોનો વ્યવચ્છેદ–નિષેધ કરવા માટે '**पारगताः**' વિશેષણ આપેલું છે. જેઓ પાર–સંસારના અન્તને અથવા પ્રયોજનના અન્તને ગત–પામેલા તે પારગત કહેવાય છે. તથાભવ્યત્વવડે સૂચિત સકલ પ્રયોજનની સમાપ્તિ વડે સમગ્ર પ્રકારની કર્તવ્યશક્તિથી રહિત તે પારગત જાણવા. આવા પ્રકારના છતાં પણ કેટલાક યદૃચ્છાવાદીઓ ક્રમ સિવાય સિદ્ધપણું જણાવે છે. કહ્યું છે કે–"**नैकादिसंख्याक्रमतो, वित्तप्राप्तिर्नियोगतः। दरिद्रराज्याप्तिसमा, तद्वन्मुक्तिः क्वचिन्न किम्?॥१॥**"–"એકાદિ સંખ્યાના ક્રમથી નહિ, તેમ ધનપ્રાપ્તિના નિયોગથી નહિ, પરન્તુ દરિદ્રને રાજ્યપ્રાપ્તિના જેવી મુક્તિ ક્વચિત્ કેમ ન હોય?" તેનો નિષેધ કરવા માટે '**परंपरागताः**' એ વિશેષણ આપેલું છે. જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ પરંપરાથી અથવા મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, સમ્યગ્મિથ્યાદષ્ટિ, અવિરતસમ્યગદષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિ, અનિવૃત્તિ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી કેવલી અને અયોગી કેવલી–એ ગુણસ્થાનકોની પરંપરાથી મુક્તિને પ્રાપ્ત થયેલા, આવા છતાં પણ કેટલાક વાદિઓ 'તત્ત્વથી કર્મરૂપ કવચ–આવરણથી નહિ મુકાયેલા' માને છે. કેમકે '**तीर्थनिकारदर्शनादिहागच्छति**' તીર્થનો તિરસ્કાર જોવાથી અહીં આવે છે' આ વચનથી તેઓ સંસારમાં અવતાર ધારણ કરવાનો સ્વીકાર કરે છે. તે મતનો નિરાસ કરવા '**उन्मुक्तकर्मकवचाः**' કર્મરૂપ કવચ–આવરણ રહિત–એ વિશેષણ આપ્યું છે. ઉત્–પ્રબલપણે–ફરીથી સંસારમાં અવતાર નહિ ધારણ કરવારૂપે જેણે કર્મરૂપ કવચ–આવરણનો ત્યાગ કર્યો છે એવા, એથી જ '**अजराः**' શરીરના અભાવથી જરારહિત, '**अमराः**' મરણ રહિત, કારણ કે શરીરરહિત હોવાથી તેને પ્રાણના

ત્યાગરૂપ મરણનો અસંભવ છે. કહ્યું છે કે–**"वयसो हाणीह जरा, पाणच्चाओ य मरणमादिट्ठं। सइ देहंमि तदुभयं तदभावे तं न कस्सेव ॥१॥"**–'વયની હાનિ થવી તે જરા અને પ્રાણોનો ત્યાગ થવો તે મરણ. તે બન્ને શરીરના સદ્ભાવમાં હોય છે, શરીરના અભાવમાં જરા અને મરણ આકાશની પેઠે હોતાં નથી, વળી તેઓ '**असंगाः**' સંગરહિત છે, કારણ કે બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહરહિત છે.

'**निच्छिन्न**' ઇત્યાદિ. '**निस्तीर्णसर्वदु:खा:**' સર્વ દુઃખને તરી ગયેલા, '**जातिजरामरणबन्धनविमुक्ता:**'–જાતિ–જન્મ, જરા–વયની હાનિ, પ્રાણત્યાગરૂપ મરણ અને તેના બધાના કારણભૂત બન્ધન–કર્મોનો સમગ્રપણે નાશ થયેલો હોવાથી વિશેષથી મૂકાયેલા, જન્મ, જરા, મરણ અને બંધનથી મૂકાયેલા છે તેથી જેઓ સર્વદુઃખને તરી ગયા છે, કેમકે દુઃખના કારણોનો અભાવ છે. અને તેથી જ સિદ્ધો અવ્યાબાધ અને શાશ્વત સુખનો અનુભવ કરે છે.

આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાનુવાદમાં બીજું સ્થાનપદ સમાપ્ત.

- *આગમો પોતાની મેળે વાંચવાની વસ્તુ નથી. કારણ કે કાચાપારા જેવા વિધાનોં ગુરુગમથી પરિપક્વ કર્યા સિવાય ઉપયોગમાં લેવામાં આવે તો અનર્થકર પણ બની શકે છે. એ માટે જ જ્ઞાનીપુરુષોએ સદ્ગુરુઓ પાસેથી જ જ્ઞાન મેળવવાની વાત કરી છે.*
- *સદ્ગુરુ ભગવંતો જ એના રહસ્યોને ખોલી–ખોલીને શિષ્યોના હૃદયમાં ઉતારી દેવાનું કાર્ય કરે છે. અને એ રહસ્યોંને જે શિષ્યો પચાવી જાણે છે તે શિષ્યો જ શાસનપ્રભાવક બની શકે છે.*
- *શાસ્ત્રોમાં જે કહેવામાં આવ્યું હોય છે એને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાનુસાર ક્યારે કઈ રીતે કેવા સંયોગોમાં અમલમાં મૂકવાનું એ સદ્ગુરુભગવંતો જ બતાવી શકે છે. તાળું ગમે તે ચાવીથી ન ખૂલે. એની જે ચાવી હોય એનાથી જ ખૂલે. એમ શાસ્ત્રોના રહસ્યો પણ સદ્ગુરુ ભગવંતો જ ખોલીને દર્શાવી શકે છે.*
- *અરિહંતની આરાધના એમના અતિશયોથી આકર્ષિત બનીને નહીં પણ એમના વીતરાગ ભાવથી આકર્ષિત બનીને કરવાની છે.*
- *અરિહંતની આરાધના આગમોક્ત રીતે કરનારમાં વીતરાગપણું પ્રકટ થાય જ. કારણ કે આગમોક્ત રીતે આરાધના કરનાર પ્રાયઃ સમકિતિ હોય. અને સમકિતિ આત્મા વ્હેલો મોડો પણ વીતરાગભાવ પામીને મોક્ષ પામવાનો જ છે.*
- *અરિહંત અંતરંગ શત્રુઓને જીતીને જ બની શક્યા છે. બાહ્યશત્રુઓ સાથે અરિહંત બનનાર ભવ્યાત્માને કાંઈ લેવાદેવા જ હોતા નથી. એ ભવ્યાત્માની નજર બાહ્યશત્રુ પ્રત્યે જતી જ નથી. એ તો પોતાના અંતરંગ શત્રુઓને હટાવવામાં જ ઓતપ્રોત રહે છે.*

– જયાનંદ

## तइयं अप्पाबहुयं पयं। ।। बहुवत्तव्वयं पयं ।।

।। दिसाइसत्तावीसइदारनामाइं ।।

दिसि[1]-गइ[2]-इंदिय[3]-काए[4] जोए[5] वेए[6] कसाय[7]-लेस्सा[8] य।
सम्मत्त[9]-नाण[10]-दंसण[11]-संजय[12]-उवओग[13]-आहारे[14]।।१।।
भासग[15]-परित्त[16]-पज्जत्त[17]-सुहुम[18]-सन्नी[19] भवेंऽत्थिए चरिमे[22]।
जीवे[23] य खित्त[24]-बन्धे[25] पुग्गल[26]-महदंडए[27] चेव ।।२।।

### *ત્રીજું અલ્પબહુત્વ પદ*

*(૧) દિશા, (૨) ગતિ, (૩) ઇન્દ્રિય, (૪) કાય, (૫) યોગ, (૬) વેદ, (૭) કષાય, (૮) લેશ્યા, (૯) સમ્યક્ત્વ, (૧૦) જ્ઞાન, (૧૧) દર્શન, (૧૨) સંયત, (૧૩) ઉપયોગ, (૧૪) આહાર, (૧૫) ભાષક, (૧૬) પરીત્ત-પ્રત્યેકશરીરી અને શુક્લપાક્ષિક, (૧૭) પર્યાપ્ત, (૧૮) સૂક્ષ્મ, (૧૯) સંજ્ઞી, (૨૦) ભવ-ભવસિદ્ધિક, (૨૧) અસ્તિકાય, (૨૨) ચરમ, (૨૩) જીવ, (૨૪) ક્ષેત્ર, (૨૫) બન્ધ, (૨૬) પુદ્ગલ (૨૭) મહાદંડક-એમ ત્રીજા પદમાં સત્યાવીશ દ્વારો છે.*

### ત્રીજું અલ્પબહુત્વ પદ

બીજા સ્થાનપદની વ્યાખ્યા કરી, હવે ત્રીજા અલ્પબહુત્વપદની વ્યાખ્યાનો પ્રારંભ કરીએ છીએ. તેનો પૂર્વના પદ સાથે સંબંધ આ પ્રમાણે છે—અહીં પહેલા પદમાં પૃથિવીકાયાદિ જીવોનું સ્વરૂપ કહ્યું, બીજા પદમાં તે જ જીવોનો સ્વસ્થાનાદિ વડે વિચાર કર્યો અને આ પદમાં દિશાના વિભાગાદિવડે તેઓનું અલ્પબહુત્વ કહેવાનું છે. તેમાં પ્રારંભમાં દ્વાર પ્રતિપાદક બે સંગ્રહગાથાઓ છે. તેમાં દિશાદ્વારથી આરંભી મહાદંડક પર્યંત સત્યાવીશ દ્વારોનું કથન છે. તેમાં '**परित्त**' ઇતિ. સોળમા પરિત્તદ્વારમાં પરિત્ત-પ્રત્યેકશરીરી અને શુક્લપાક્ષિકો કહ્યા છે. કારણ કે પરિત્ત બે પ્રકારે છે-કાયપરિત્ત અને ભવપરિત્ત. કાયપરિત્ત-પ્રત્યેકશરીરવાળા અને ભવપરિત્ત-શુક્લપાક્ષિકો.

**दिसाणुवाएणं सव्वत्थोवा जीवा पच्छिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया।।सू०-१।।१३७।।**

### *૧ દિશાદ્વાર*

*(મૂ૦) દિશાને અનુસરી સર્વથી થોડા જીવો પશ્ચિમ દિશામાં છે, પૂર્વમાં વિશેષાધિક છે, તેથી દક્ષિણમાં વિશેષાધિક છે અને તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે. ।।૧।।૧૩૭।।*

(ટી૦) તેમાં પ્રથમ દિશાદ્વાર કહે છે—અહીં પ્રથમ આચારાંગ સૂત્રમાં દિશાના અનેક પ્રકારો વર્ણવ્યા છે. તેમાં અહીં ક્ષેત્રદિશા ગ્રહણ કરવી, કારણ કે તે નિયત છે. બીજી દિશાઓ ગ્રહણ ન કરવી, કારણ કે તે અનવસ્થિત અને અનુપયોગી છે. ક્ષેત્રદિશાનું ઉત્પત્તિ સ્થાન તિર્યગ્ લોકના મધ્ય ભાગમાં રહેલા આઠ રુચક પ્રદેશો છે. કહ્યું છે કે-"**अट्ठपएसो रूयगो तिरिय लोयस्स मज्झयारम्मि। एस पभवो दिसाणं एसेव भवे अणुदिसाणं ।।१।।**"-તિર્યગ્ લોકના મધ્યભાગમાં આઠ રુચક પ્રદેશ છે અને તે દિશા અને વિદિશાનું ઉત્પત્તિસ્થાન છે. '**दिसाणुवाएणं**' દિશાઓના અનુપાત-અનુસરણ, અપેક્ષા; એટલે દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા જીવો '**पश्चिमेन**' પશ્ચિમ દિશામાં છે. કેવી રીતે છે? એ પ્રશ્નનો ઉત્તર આપે છે-આ અલ્પબહુત્વ બાદર જીવોની અપેક્ષાએ સમજવું. પરંતુ સૂક્ષ્મ જીવોને આશ્રયી ન જાણવું, કારણ કે સૂક્ષ્મ જીવો સર્વ લોકમાં વ્યાપ્ત અને પ્રાયઃ બધા સ્થળે સરખા છે. બાદર જીવોમાં પણ સર્વથી ઘણા જીવો વનસ્પતિકાયિકો છે, કેમકે તે જીવો હમેશાં અનન્ત સંખ્યારૂપે હોય છે. માટે વનસ્પતિકાયિકો ઘણા હોય ત્યાં ઘણા જીવો હોય છે, જ્યાં અલ્પ વનસ્પતિકાયિકો હોય ત્યાં અલ્પ જીવો હોય છે. જ્યાં

પુષ્કળ પાણી હોય ત્યાં ઘણા વનસ્પતિકાયિકો હોય છે. કારણ કે 'जत्थ जलं तत्थ वणं' જ્યાં જલ હોય ત્યાં વનસ્પતિકાય હોય છે–એવું શાસ્ત્ર વચન છે; તેથી પાણીમાં પનક–(પાંચ વર્ણની ફુગ) અને સેવાલાદિ અવશ્ય હોય છે. તે પનક અને સેવાલાદિ બાદર નામકર્મના ઉદયવાળા છે તો પણ અત્યન્ત સૂક્ષ્મ અવગાહનાવાળા હોવાથી અને ઘણા જીવોના પિંડરૂપ હોવાથી બધે હોવા છતાં પણ ચર્મચક્ષુથી દેખી શકાતા નથી. આ સંબંધમાં અનુયોગ દ્વારમાં કહ્યું છે કે–'ते णं वालग्गा सुहमपणगजीवस्स ओगणाहिंतो असंखेजगुणा' તે વાળના અગ્રભાગો સૂક્ષ્મ પનક જીવના શરીરની અવગાહનાથી અસંખ્યાતગુણા છે. માટે જ્યાં પણ એ દેખાતા નથી ત્યાં પણ છે એમ માનવું જોઇએ. આના સંબંધમાં મૂલ ટીકાકાર કહે છે કે–"इह सर्वे बहवो वनस्पतय इतिकृत्वा यत्र ते सन्ति तत्र बहुत्वं जीवानां।।"–'આ વિશ્વમાં સર્વ જીવોથી ઘણા વનસ્પતિકાયિકો છે, એ હેતુથી તેઓ જ્યાં હોય છે ત્યાં ઘણા જીવો હોય છે. "जत्थ आउकाओ तत्थ नियमा वणस्सइकाइया इति पणगसेवालहढाई बायरावि होंति सुहुमा आणागेज्झा न चक्खुणा।।"–'જ્યાં અપ્કાય છે ત્યાં અવશ્ય વનસ્પતિકાયિકો હોય છે એ હેતુથી વનસ્પતિકાયિકોનું બહુપણું છે. પાણીમાં પનક સેવાલ હઢ વગેરે બાદર વનસ્પતિ જીવો પણ હોય છે, પરંતુ તેઓ સૂક્ષ્મ અવગાહનાવાળા અને આજ્ઞાગ્રાહ્ય છે, ચક્ષુગ્રાહ્ય નથી. પુષ્કળ પાણી સમુદ્રાદિમાં હોય છે, કારણ કે દ્વીપથી સમુદ્રનો બમણો વિસ્તાર છે. તે સમુદ્રોમાં પણ પ્રત્યેક પૂર્વ અને પશ્ચિમ દિશાએ અનુક્રમે ચન્દ્ર અને સૂર્યના દ્વીપો છે. જેટલા ભાગમાં ચંદ્ર–સૂર્યના દ્વીપો રહેલા છે તેટલા ભાગમાં પાણીનો અભાવ હોય છે, અને પાણીના અભાવથી વનસ્પતિનો પણ અભાવ હોય છે. કેવળ પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવનો આવાસ ગૌતમ નામનો દ્વીપ લવણસમુદ્રમાં અધિક છે અને ત્યાં પાણીના અભાવથી વનસ્પતિકાયિકોનો અભાવ છે. માટે સર્વથી થોડા વનસ્પતિકાયિકો પશ્ચિમ દિશામાં છે. તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે, કેમકે ત્યાં ગૌતમ દ્વીપ નથી તેથી તેટલા અંશે અધિક જીવો હોય છે. તેથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, કેમકે ત્યાં ચન્દ્રસૂર્યના દ્વીપો નથી, અને તે નહિ હોવાથી પુષ્કળ પાણી હોય છે. પાણીની પુષ્કળતાથી વનસ્પતિકાયિકો પણ ઘણા હોય છે, માટે વિશેષાધિક છે. તેથી ઉત્તરદિશામાં વિશેષાધિક જીવો છે. શા કારણથી છે? તેનો ઉત્તર એ છે કે, ઉત્તર દિશાએ સંખ્યાતા યોજન પ્રમાણવાળા દ્વીપોમાંના કોઈ દ્વીપમાં લંબાઇ અને પહોળાઇ વડે સંખ્યાતા ક્રોડ યોજન પ્રમાણ માનસ સરોવર હોય છે, તેથી દક્ષિણ દિશાની અપેક્ષાએ ઉત્તર દિશામાં ઘણું પાણી છે અને ઘણું પાણી હોવાથી ઘણા વનસ્પતિકાયિકો હોય છે, પુષ્કળ શંખ વગેરે બેઇન્દ્રિયો હોય છે, તટપર પડેલા શંખાદિના કલેવરને આશ્રયી કીડી વગેરે ઘણા તેઇન્દ્રિયો હોય છે, પદ્મ વગેરેમાં ઘણા ભ્રમરાદિ ચઉરિન્દ્રિયો હોય છે અને ઘણા મત્સ્ય વગેરે પઞ્ચેન્દ્રિયો પણ હોય છે. માટે ઉત્તર દિશામાં વિશેષાધિક જીવો કહ્યા છે. એમ દિશાને અનુસરી સામાન્યતઃ જીવોનું અલ્પબહુત્વ કહ્યું. ।।૧।।૧૩૭।।

**दिसाणुवाएणं सव्वत्थोवा पुढविक्काइया दाहिणेणं, उत्तरेणं विसेसाहिया, पुरच्छिमेणं विसेसाहिया, [1]पच्छिमेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा आउक्काइया पच्छिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा तेउक्काइया दाहिणुत्तरेणं, पुरच्छिमेणं संखेज्जगुणा, पच्छिमेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा वाउक्काइया पुरच्छिमेणं, पच्छिमेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा वणस्सइक्काइया पच्छिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।।सू०-२।।१३८।।**

*(મૂ૦) દિશાની અપેક્ષાએ દક્ષિણ દિશામાં સૌથી થોડા પૃથિવીકાયિકો છે, તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, તેથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે, અને તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા અપ્કાયિકો પશ્ચિમ દિશામાં છે, તેથી પૂર્વમાં વિશેષાધિક, તેથી દક્ષિણમાં વિશેષાધિક અને તેથી ઉત્તરમાં વિશેષાધિક હોય છે. દિશાને*

१. पच्चत्थिमेणं

*અનુસરી સૌથી થોડા તેજસ્કાયિકો દક્ષિણ અને ઉત્તર દિશામાં હોય છે, તેથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે અને તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. દિશાને અનુસરીને સૌથી થોડા વાયુકાયિક જીવો પૂર્વ દિશામાં છે, પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, ઉત્તર દિશામાં વિશેષાધિક છે અને દક્ષિણ દિશામાં વિશેષાધિક છે. દિશાને અનુસરીને સૌથી થોડા વનસ્પતિકાયિકો પશ્ચિમ દિશામાં છે, પૂર્વ દિશામાં વિશેષાધિક, દક્ષિણ દિશામાં વિશેષાધિક અને ઉત્તર દિશામાં વિશેષાધિક હોય છે. ॥૨॥૧૩૮॥*

**दिसाणुवाएणं सव्वत्थोवा बेइंदिया पच्छिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दक्खिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा तेइंदिया पच्चत्थिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा चउरिंदिया पच्चत्थिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।।सू०-३।।१३९।।**

*(મૂ૦) દિશાને અનુસરી સૌથી થોડા બેઇન્દ્રિયો પશ્ચિમ દિશામાં છે, પૂર્વમાં વિશેષાધિક છે, દક્ષિણમાં વિશેષાધિક છે અને ઉત્તરમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા તેઇન્દ્રિયો પશ્ચિમ દિશામાં હોય છે, પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક અને ઉત્તરમાં વિશેષાધિક હોય છે. દિશાને અનુસરીને સૌથી થોડા ચઉરિન્દ્રિયો પશ્ચિમ દિશામાં છે, પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક અને ઉત્તરમાં વિશેષાધિક છે.॥૩॥૧૩૯॥*

(ટી૦) હવે વિશેષપણે જીવોનું અલ્પબહુત્વ કહે છે. '**दिगनुपातेन**'–દિશાને અનુસારે પૃથિવીકાયિકોનો વિચાર કરતાં સૌથી થોડા પૃથિવીકાયિકો દક્ષિણ દિશામાં છે. કારણ કે જ્યાં ઘન–નક્કર ભાગ છે ત્યાં ઘણા પૃથિવીકાયિકો હોય છે, જ્યાં સુષિર–પોલાણ છે ત્યાં થોડા હોય છે. દક્ષિણ દિશામાં ભવનપતિના ઘણા ભવનો અને ઘણા નરકાવાસો છે તેથી ઘણા પોલાણ ભાગનો સંભવ છે, માટે દક્ષિણ દિશામાં સૌથી થોડા પૃથિવીકાયિકો છે. તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે ઉત્તર દિશામાં દક્ષિણ દિશા કરતાં થોડા ભવનો અને થોડા નરકાવાસો છે, તેથી અધિક ઘન ભાગનો સંભવ હોવાથી ઘણા પૃથિવીકાયિકો છે માટે વિશેષાધિક કહ્યા છે. તેથી પણ પૂર્વ દિશામાં વિશેષાધિક છે, કેમકે ત્યાં ચન્દ્ર–સૂર્યના દ્વીપો આવેલા છે. તેથી પણ પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે જેટલા સૂર્ય અને ચન્દ્રના દ્વીપો પૂર્વ દિશામાં છે તેટલા જ પશ્ચિમમાં પણ છે, પરન્તુ એટલા માત્રથી તેની સમાનતા નથી, પણ લવણ સમુદ્રમાં પશ્ચિમ દિશાએ ગૌતમ નામે દ્વીપ અધિક છે, તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે.

(પ્ર૦) પશ્ચિમ દિશામાં જેમ ગૌતમ નામે દ્વીપ અધિક છે તેમ પશ્ચિમમાં હજાર યોજન ઉંડાં અધોલૌકિક ગ્રામો પણ છે, તેથી 'ખાતપૂરિત' ન્યાયવડે ત્યાં તુલ્યજ પૃથિવીકાયિકો પ્રાપ્ત થાય, પણ વિશેષાધિક પ્રાપ્ત ન હોય[1]. (ઉ૦) એમ નથી. કારણ કે અધોલૌકિક ગ્રામનું ઉંડાણ હજાર યોજન છે અને ગૌતમ દ્વીપની ઉંચાઇ એક હજાર ને છોંતેર યોજન છે, તેનો વિસ્તાર બાર હજાર યોજન છે. મેરુથી આરંભી અધોલૌકિક ગ્રામોની પૂર્વદિશામાં જે નજીકમાં હીનપણું, અધિક હીનપણું છે તે પૂર્વ દિશામાં પણ પુષ્કળ ગર્તા–ખાડા વગેરેનો સંભવ હોવાથી સમાન છે, માટે અધોલૌકિક ગ્રામોના ખાલી ભાગમાં કલ્પનાથી ગૌતમ દ્વીપ નાંખીએ તો પણ તે અધિક જ થાય, તુલ્ય ન થાય, માટે તેટલા અધિક અંશ વડે પશ્ચિમ દિશામાં પૃથિવીકાયિકો વિશેષાધિક છે.

એમ દિશાની અપેક્ષાએ પૃથિવીકાયિકોનું અલ્પબહુત્વ કહ્યું. હવે અપ્કાયિકોનું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા અપ્કાયિકો પશ્ચિમ દિશામાં છે. કારણ કે ગૌતમ દ્વીપના સ્થાને અપ્કાયિકો નથી. તેથી વિશેષાધિક પૂર્વ દિશામાં છે, કારણ કે ત્યાં ગૌતમ

૧. લવણસમુદ્રમાં પશ્ચિમ દિશાએ ગૌતમ દ્વીપ છે તેથી ત્યાં પૃથિવીકાયિકો વિશેષાધિક છે. પરંતુ પશ્ચિમમાં જ હજાર યોજન ઉંડા અધોલૌકિક ગ્રામો છે, અને તેથી ત્યાં પોલાણ ભાગ વધારે હોવાથી જેટલા ગૌતમ દ્વીપના અંગે પૃથિવીકાયિકો વધ્યા હતા, તેટલા અધોલૌકિક ગ્રામોને લીધે ઘટ્યા તેથી ખાતપૂરિત ન્યાય વડે જેટલો વિશેષાધિકતારૂપ ખાડો પડ્યો તેટલો પૂરાઇ ગયો એટલે પૂર્વ દિશા કરતાં પશ્ચિમમાં શી રીતે વિશેષાધિક થાય? એ પૂર્વપક્ષનો તાત્પર્ય છે.

દ્વીપ નથી. તેથી પણ વિશેષાધિક દક્ષિણ દિશામાં છે, કારણ કે ત્યાં ચન્દ્ર અને સૂર્યના દ્વીપો નથી, તેથી પણ ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે ત્યાં માનસ સરોવર છે. દક્ષિણ દિશા અને ઉત્તર દિશામાં સૌથી થોડા તેજસ્કાયિકો છે, કારણ કે મનુષ્યક્ષેત્રમાં જ બાદર તેજસ્કાયિકો છે, બીજે સ્થળે નથી. તેમાં પણ જ્યાં ઘણા મનુષ્ય છે ત્યાં ઘણા તેજસ્કાયિકો હોય છે. કારણ કે ત્યાં વિશેષતઃ રાંધવા વિગેરે ક્રિયાનો સંભવ છે. જ્યાં થોડા મનુષ્યો છે ત્યાં તેજસ્કાયિકો થોડા હોય છે. તેમાં દક્ષિણ દિશામાં પાંચ ભરતમાં અને ઉત્તર દિશામાં પાંચ એરાવતમાં ક્ષેત્ર થોડું હોવાથી થોડા મનુષ્યો છે, અને તેઓ થોડા હોવાથી તેજસ્કાયિકો પણ થોડા છે. કારણ કે ત્યાં અલ્પ રાંધવા વગેરે ક્રિયાનો સંભવ છે. તેથી સૌથી થોડા દક્ષિણ અને ઉત્તર દિશામાં તેજસ્કાયિકો છે, અને સ્વસ્થાનની અપેક્ષાએ પ્રાયઃ પરસ્પર સરખા છે. તેથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે, કેમકે ક્ષેત્ર સંખ્યાતગણું છે. ત્યાંથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે અધોલૌકિક ગ્રામોમાં ઘણા મનુષ્યો છે. અહીં જ્યાં પોલાણ છે ત્યાં વાયુ હોય છે અને જ્યાં ઘન-નક્કર ભાગ છે ત્યાં વાયુનો અભાવ છે. તેમાં પૂર્વ દિશામાં પુષ્કળ ઘન ભાગ છે, માટે ત્યાં થોડા વાયુ હોય છે, તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે ત્યાં અધોલૌકિક ગ્રામનો સમ્ભવ છે. તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે ત્યાં ભવન અને નરકાવાસ ઘણા હોવાથી અધિક પોલાણ છે. તેથી પણ દક્ષિણ દિશામાં વિશેષાધિક છે. કેમકે ઉત્તર દિશા કરતાં દક્ષિણ દિશામાં ઘણા ભવનો અને નરકાવાસો છે. જ્યાં ઘણું પાણી છે ત્યાં પનક વગેરે ઘણી અનન્તકાયિક વનસ્પતિઓ હોય છે, શંખ વગેરે બેઇન્દ્રિય જીવો ઘણા હોય છે, પિંડરૂપ થયેલા સેવાલાદિને આશ્રયી રહેલા કુંથુ વગેરે તેઇન્દ્રિય જીવો ઘણા હોય છે, પદ્મ વગેરેને આશ્રિત ભ્રમર વગેરે ચઉરિન્દ્રિય જીવો ઘણા હોય છે માટે વનસ્પતિકાયિકથી માંડીને ચઉરિન્દ્રિય સુધીના સૂત્રો અપ્કાયિક સૂત્રની પેઠે વિચારવાં. ॥૩॥૧૩૯॥

**दिसाणुवाएणं सव्वत्थोवा नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा रयणप्पभापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा सक्करप्पभापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा वालुयप्पभापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा पंकप्पभापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा धूमप्पभापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा तमप्पहापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा अहे सत्तमापुढवीनेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दाहिणेहिंतो अहेसत्तमापुढवीनेरइएहिंतो छट्ठीए तमाए पुढवीए नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा, दाहिणिल्लेहिंतो तमाए पुढवीनेरइएहिंतो पंचमाए धूमप्पभाए पुढवीए नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा, दाहिणिल्लेहिंतो धूमप्पभापुढवीनेरइएहिंतो चउत्थीए पंकप्पभाए पुढवीए नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा, दाहिणिल्लेहिंतो पंकप्पभापुढवीनेरइएहिंतो तइयाए वालुयप्पभाए पुढवीए नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा, दाहिणिल्लेहिंतो वालुप्पभा पुढवीनेरइएहिंतो दुइयाए सक्करप्पभाए पुढवीए नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा, दाहिणिल्लेहिंतो सक्करप्पभापुढवीनेरइएहिंतो इमीसे रयणप्पभाए पुढवीए नेरइया पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।।सू०-४।।१४०।।**

*(મૂ૦) દિશાને અનુસરીને સૌથી થોડા નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં છે અને દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દિશાને અનુસરી સૌથી થોડા રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં છે, અને દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે [એમ શર્કરાપ્રભાદિ બધી નરકપૃથિવીમાં જાણવું]. દક્ષિણના અધ:સપ્તમ નરકપૃથિવીના નૈરયિકોથી છઠ્ઠી તમ:પ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે, તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના તમ:પ્રભાપૃથિવીના નૈરયિકોથી પાંચમી ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે, તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકોથી ચોથી પંકપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે. તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણના પંકપ્રભા પૃથિવીના નૈરયિકોથી ત્રીજી વાલુકાપ્રભાના નેરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે. તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકોથી બીજી શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાત ગુણા છે, તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. દક્ષિણ દિશાના શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકોથી આ રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાત ગુણા છે. તેથી દક્ષિણદિશામાં અસંખ્યાતગુણા છે. ॥૪॥૧૪૦॥*

(ટી૦) નૈરયિક સૂત્રમાં સૌથી થોડા નૈરયિકો પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશાએ હોય છે, કારણ કે ત્યાં પુષ્પાવકીર્ણ નરકાવાસો અલ્પ છે, અને પ્રાય: ઘણાં સંખ્યાતા યોજન વિસ્તારવાળાં છે. તેથી દક્ષિણ દિશામાં રહેલા નૈરયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે **કૃષ્ણપાક્ષિક જીવો ઘણા દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે.** તે આ પ્રમાણે—જીવો બે પ્રકારના છે—કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિક. તેનું આ લક્ષણ છે—જેઓને કંઇક ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્ત સંસાર બાકી છે તે શુક્લપાક્ષિક અને તેથી અધિક સંસાર જેઓને છે તે કૃષ્ણપાક્ષિક. કહ્યું છે કે—

*"जेसिं अवड्ढो पुग्गलपरियट्टो सेसओ य संसारो। ते सुक्कपक्खिया खलु अहिए पुण कण्हपक्खी उ॥"*

જેઓને અપાર્ધ—કંઇક ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્ત સંસાર બાકી હોય તે શુક્લપાક્ષિક અને અધિક સંસાર બાકી હોય તે કૃષ્ણપાક્ષિક.

એથી શુક્લપાક્ષિક થોડા છે, કારણ કે અલ્પસંસારી થોડા હોય છે. ઘણા કૃષ્ણપાક્ષિકો છે, કેમકે અધિક સંસારી ઘણા હોય છે. કૃષ્ણપાક્ષિકો ઘણા તથાસ્વભાવથી દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે. બાકીની દિશામાં ઉત્પન્ન થતા નથી. તેના તથાસ્વભાવને પૂર્વાચાર્યોએ આ પ્રમાણે યુક્તિવડે પુષ્ટ કર્યો છે. તે આ પ્રમાણે—કૃષ્ણપાક્ષિકો દીર્ઘ સંસારવાળા હોય છે, દીર્ઘસંસારી ઘણા પાપના ઉદયથી થાય છે, બહુ પાપના ઉદયવાળા ક્રૂરકર્મવાળા હોય છે, અને ક્રૂરકર્મવાળા પ્રાય: તથાસ્વભાવથી તદ્‌ભવમોક્ષગામી છતાં દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે, બીજી દિશામાં ઉત્પન્ન થતા નથી. એના સંબંધમાં કહ્યું છે કે—

*"पायमिह कूरकम्मा भवसिद्धिया वि दाहिणिल्लेसु। नेरइयतिरियमणुयासुराइठाणेसु गच्छन्ति॥"*

પ્રાય: ક્રૂરકર્મવાળા જીવો ભવ્ય છતાં પણ દક્ષિણ દિશામાં નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને અસુરાદિ સ્થાનકોમાં જાય છે.

તેથી દક્ષિણ દિશામાં ઘણા કૃષ્ણપાક્ષિક જીવોની ઉત્પત્તિનો સંભવ હોવાથી, અને પૂર્વે કહેલા બન્ને કારણોથી (દક્ષિણ દિશામાં ઘણા નરકાવાસો હોવાથી અને તેમાં ઘણા નરકાવાસો અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા હોવાથી) પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશામાં રહેલા નૈરયિકો અસંખ્યાતગુણા છે. જેમ સામાન્યત: નૈરયિકોનું દિશાને આશ્રયી અલ્પબહુત્વ કહ્યું, તેવી રીતે રત્નપ્રભાદિ દરેક નરકપૃથિવીના નૈરયિકોનું કહેવું, કારણ કે બધે યુક્તિની સમાનતા છે. એ પ્રમાણે દરેક પૃથિવીનું દિશાની અપેક્ષાએ અલ્પબહુત્વ કહ્યું. હવે સાતે નરક પૃથિવીઓનું દિશાને આશ્રયી અલ્પબહુત્વ કહે છે—સાતમી નરકપૃથિવીમાં પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશાના નૈરયિકોથી સાતમી નરકપૃથિવીના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાત ગુણા છે, તેથી તમ:પ્રભા

નામે છઠ્ઠી પૃથિવીના પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશામાં અસંખ્યાત ગુણા છે. કારણ કે અહીં સર્વોત્કૃષ્ટ પાપ કરનારા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો સાતમી નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય છે. અને તેથી હીન અધિક હીન પાપકર્મ કરનાર છઠ્ઠી વગેરે નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય છે. સર્વોત્કૃષ્ટ પાપ કરનાર સૌથી થોડા છે, અને ક્રમશઃ કંઇક હીન, હીનતરાદિ પાપકર્મ કરનારા ઘણા છે, માટે સાતમી પૃથિવીના દક્ષિણ દિશાના નૈરયિકોથી છઠ્ઠી પૃથિવીના પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે ઉત્તરોત્તર પૃથિવીને આશ્રયી વિચાર કરવો. તેથી તેજ છઠ્ઠી નરકપૃથિવીના દક્ષિણ દિશાના નારકો અસંખ્યાતગુણા છે. તેની યુક્તિ પૂર્વે કહી છે. તેથી ધૂમપ્રભા નામે પાંચમી નરકપૃથિવીના પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશાના નારકો અસંખ્યાતગુણા છે, તેથી તેજ પાંચમી નરકપૃથિવીના દક્ષિણ દિશાના નારકો અસંખ્યાતગુણા છે. એમ સર્વ નરકપૃથિવી સંબંધમાં અનુક્રમે કહેવું. ॥૪॥૧૪૦॥

**दिसाणुवाएणं सव्वत्थोवा पंचिंदिया तिरिक्खजोणिया पच्छिमेणं, पुरच्छिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।।सू०-५।।१४१।।**

*(મૂ૦) દિશાને અનુસરી સૌથી થોડા પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પશ્ચિમ દિશામાં છે, તેથી પૂર્વમાં વિશેષાધિક, તેથી દક્ષિણમાં વિશેષાધિક, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક હોય છે. ॥૫॥૧૪૧॥*

(ટી૦) તિર્યંચ પંચેન્દ્રિય સૂત્ર અપ્કાયિક સૂત્રની પેઠે જાણવું. ॥૫॥૧૪૧॥

**दिसाणुवाएणं सव्वत्थोवा मणुस्सा दाहिणउत्तरेणं, पुरच्छिमेणं संखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया ।।सू०-६।।१४२।।**

*(મૂ૦) દિશાને અનુસરીને સૌથી થોડા મનુષ્યો દક્ષિણ અને ઉત્તર દિશાએ છે, તેથી પૂર્વમાં સંખ્યાતગુણા છે અને પશ્ચિમમાં વિશેષાધિક છે. ॥૬॥૧૪૨॥*

(ટી૦) સૌથી થોડા મનુષ્યો દક્ષિણ અને ઉત્તર દિશામાં છે. કારણ કે પાંચ ભરત અને પાંચ એરાવત ક્ષેત્ર નાનાં છે. તેથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે, કારણ કે તે ક્ષેત્ર સંખ્યાતગણું મોટું છે. તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે સ્વાભાવિક રીતે અધોલૌકિક ગ્રામોને વિષે મનુષ્યોની સંખ્યા ઘણી છે. ॥૬॥૧૪૨॥

**दिसाणुवाएणं सव्वत्थोवा भवणवासी देवा पुरच्छिमपच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा वाणमंतरा देवा पुरच्छिमेणं, पच्चत्थिमेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा जोइसिया देवा पुरच्छिम-पच्चत्थिमेणं, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा देवा सोहम्मे कप्पे पुरच्छिम-पच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा देवा ईसाणे कप्पे पुरच्छिम-पच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा देवा सणंकुमारे कप्पे पुरच्छिम-पच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा देवा माहिंदे कप्पे पुरच्छिम-पच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थो देवा बंभलोए कप्पे पुरच्छिम-पच्चत्थिमेण-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा देवा लंतए कप्पे पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा देवा महासुक्के कप्पे पुरच्छिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। दिसाणुवाएणं सव्वत्थोवा देवा सहस्सारे कप्पे पुरच्छिम-पंच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा। तेण परं बहुसमोववन्नगा समणाउसो! ।।सू०-७।।१४३।।**

*(મૂ૦) દિશાને અનુસરી સૌથી થોડા ભવનવાસી દેવો પૂર્વમાં અને પશ્ચિમમાં છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે, અને તેથી દક્ષિણમાં અસંખ્યાતગુણા છે. દિશાને આશ્રયી સૌથી થોડા વ્યંતર દેવો પૂર્વમાં છે, તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, તેથી ઉત્તરમાં વિશેષાધિક છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા જ્યોતિષ્ક દેવો પૂર્વ અને પશ્ચિમમાં છે, તેથી દક્ષિણમાં વિશેષાધિક છે, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. દિશાને અનુસરી સૌથી થોડા દેવો સૌધર્મ કલ્પમાં પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો ઈશાન કલ્પમાં પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો સનત્કુમાર કલ્પમાં પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે, તેથી ઉત્તર દિશાએ અસંખ્યાતગુણા છે, અને તેથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો માહેન્દ્ર કલ્પમાં પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો બ્રહ્મલોક કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે. અને તેથી દક્ષિણ દિશાએ અસંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો લાંતક કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે અને તેથી દક્ષિણમાં અસંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો મહાશુક્ર કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે, અને તેથી દક્ષિણ દિશાએ અસંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો સહસ્રાર કલ્પમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાએ છે અને તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. ત્યાર પછી હે આયુષ્માન્ શ્રમણ! બહુ સમાનપણે સરખા ઉત્પન્ન થયેલા દેવો છે. ॥૭॥૧૪૩॥*

(ટી૦) **'दिसाणुवाएणं सव्वथोवा भवणवासी'** ઇત્યાદિ. દિશાની અપેક્ષાએ સૌથી થોડા ભવનવાસી પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે, કારણ કે ત્યાં થોડા ભવનો છે. તેથી ઉત્તર દિશામાં સંખ્યાતગુણા છે, કારણ કે ભવનવાસી દેવોનું પોતાનું સ્થાન હોવાથી ત્યાં ઘણા ભવનો છે. તેથી દક્ષિણ દિશામાં સંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં ભવનો ઘણાં વધારે છે. તે આ પ્રમાણે— પ્રત્યેક નિકાયે ચાર ચાર લાખ ભવનો અધિક છે અને ત્યાં ઘણા કૃષ્ણપાક્ષિકો ઉત્પન્ન થાય છે, તે માટે અસંખ્યાતગુણા છે. વ્યન્તર સૂત્રને વિષે આ વિચાર છે—જ્યાં પોલાણ ભાગ છે ત્યાં વ્યન્તરો ચાલે છે, જ્યાં ઘન ભાગ છે ત્યાં ચાલતા નથી, તેથી પૂર્વ દિશામાં ઘન–નક્કર ભાગ હોવાથી વ્યન્તરો થોડા છે, તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કેમકે અધોલૌકિક ગ્રામોને વિષે પોલાણ ભાગનો સંભવ છે. તેથી પણ ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે ત્યાં પોતાનું સ્થાન હોવાથી વ્યન્તરોના નગરાવાસો છે. તેથી પણ દક્ષિણ દિશામાં વિશેષાધિક છે. કારણ કે ત્યાં ઘણા વધારે નગરો છે. સૌથી થોડા જ્યોતિષ્કો પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે, કારણ કે ચંદ્ર–સૂર્યના ઉદ્યાનના જેવા દ્વીપોમાં થોડાજ જ્યોતિષ્કો હોય છે, તેથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, કારણ કે ત્યાં ઘણા વિમાનો છે અને કૃષ્ણપાક્ષિકો દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે. તેથી પણ ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે માનસ સરોવરમાં ક્રિડાનું સ્થાન છે એમ સમજી ક્રીડા કરવામાં પ્રવૃત્તિવાળા ઘણા જ્યોતિષિક દેવો હમેશાં રહે છે. વળી માનસ સરોવરમાં જે મત્સ્યાદિ જલચરો છે તે નજીકમાં રહેલા વિમાનોના દર્શનથી તેને જાતિસ્મરણ થાય છે અને કંઇક વ્રતનો અંગીકાર કરી, અનશનાદિ કરીને નિયાણું કરી જ્યોતિષ્કમાં ઉત્પન્ન થાય છે. તેથી દક્ષિણ દિશાના જ્યોતિષિકો કરતાં ઉત્તર દિશાના જ્યોતિષિકો વિશેષાધિક છે. સૌધર્મ કલ્પમાં વૈમાનિક દેવો સૌથી થોડા પૂર્વ અને પશ્ચિમ દિશાએ છે, કારણ કે જે આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે તે ચારે દિશામાં સરખાં છે, જે પુષ્પાવકીર્ણ વિમાનો છે તેમાં ઘણા અસંખ્યાતા યોજનના વિસ્તારવાળાં છે અને તે દક્ષિણ અને ઉત્તર દિશામાં છે, બીજી દિશામાં નથી, માટે સૌથી થોડા વૈમાનિક દેવો પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે, તેથી ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં પુષ્પાવકીર્ણ વિમાનો ઘણાં છે અને તે અસંખ્યાતા યોજનના વિસ્તારવાળાં છે. તેથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, કારણ કે કૃષ્ણપાક્ષિકો ઘણે ભાગે ત્યાંજ ઉત્પન્ન થાય છે. એમ ઈશાન,

સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના સૂત્રો સંબંધમાં વિચાર કરવો. બ્રહ્મલોક કલ્પમાં સૌથી થોડા, પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશાએ દેવો છે, કારણ કે ઘણા કૃષ્ણપાક્ષિક તિર્યંચો દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે, શુક્લપાક્ષિકો થોડા છે માટે પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશામાં દેવો સૌથી થોડા છે. તેથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. કેમકે ઘણા કૃષ્ણપાક્ષિકો દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે લાંતક, શુક્ર અને સહસ્રારકલ્પના સૂત્રોનો પણ વિચાર કરવો. આનતાદિ કલ્પમાં મનુષ્યો જ ઉત્પન્ન થાય છે, તેથી ત્યાંથી આરંભી પ્રત્યેક કલ્પમાં, પ્રતિગ્રૈવેયકમાં અને દરેક અનુત્તર વિમાનમાં ચારે દિશાએ પ્રાયઃ સરખા ઉત્પન્ન થાય છે. તે માટે કહ્યું છે કે—"હે આયુષ્માન્ શ્રમણ! ત્યાંથી આગળ બહુધા ચારે દિશામાં સરખા ઉત્પન્ન થાય છે."॥૭॥૧૪૩॥

**दिसाणुवाएणं सव्वत्थोवा सिद्धा दाहिण उत्तरेणं, पुरच्छिमेणं संखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया** ।।सू०-८।।१४४।।

*(મૂ૦) દિશાની અપેક્ષાએ સૌથી થોડા સિદ્ધો દક્ષિણ અને ઉત્તર દિશાએ છે, તેથી પૂર્વમાં સંખ્યાતગુણા છે અને પશ્ચિમમાં વિશેષાધિક છે. ॥૮॥૧૪૪॥*

(ટી૦) સિદ્ધો દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં થોડા છે, કારણ કે અહીં (સિદ્ધિગતિમાં) મનુષ્યો જ સિદ્ધ થાય છે, બીજા જીવો સિદ્ધ થતા નથી, મનુષ્યો પણ સિદ્ધ થતા છેલ્લા સમયે જે આકાશ પ્રદેશોને અવગાહી રહેલા છે તેટલા આકાશ પ્રદેશોને અવગાહી સમશ્રેણિએ ઉપર જાય છે જરા પણ આડા અવળા જતા નથી, અને તેજ આકાશ પ્રદેશોને અવગાહી ઉપર રહે છે, તેમાં દક્ષિણ દિશાએ પાંચ ભરતમાં અને ઉત્તર દિશાએ પાંચ એરાવત ક્ષેત્રમાં અલ્પ મનુષ્યો સિદ્ધ થાય છે, કારણ કે ક્ષેત્ર અલ્પ છે. અને સુષમસુષમાદિ કાળમાં તો સિદ્ધિનો અભાવ છે માટે તે ક્ષેત્રમાંથી સિદ્ધ થયેલા સૌથી થોડા છે. તેથી પૂર્વ દિશાએ સંખ્યાતગુણા છે, કારણ કે ભરત અને એરાવત ક્ષેત્ર કરતાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર સંખ્યાતગુણ છે, તેથી તેમાં રહેલા મનુષ્યો પણ સંખ્યાતગુણા છે અને તેઓ સર્વ કાળે સિદ્ધ થાય છે. તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે અધોલૌકિક ગામોમાં મનુષ્યની અધિક સંખ્યા છે. ॥૮॥૧૪૪॥

## ।। बिइयं गतिदारं ।।

**एएसि णं भंते! नेरइयाणं तिरिक्खजोणियाणं मणुस्साणं देवाणं सिद्धाण य पंचगतिसमासेणं कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा सव्वत्थोवा मणुस्सा, नेरइया असंखेज्जगुणा, देवा असंखेज्जगुणा सिद्धा अणंतगुणा, तिरिक्खजोणिया अणंतगुणा** ।।सू०-९।।१४५।।

### ૨ ગતિદ્વાર

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો, તિર્યંચયોનિકો, મનુષ્યો, દેવો અને સિદ્ધોમાં પાંચ ગતિના સંક્ષેપથી ક્યા જીવો ક્યા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા મનુષ્યો છે, તેથી નૈરયિકો અસંખ્યાતગુણા છે. તેથી દેવો અસંખ્યાતગુણા છે, તેથી સિદ્ધો અનંતગુણા છે અને તેથી તિર્યંચયોનિકો અનન્તગુણા છે. ॥૯॥૧૪૫॥*

(ટી૦) દિશાદ્વાર કહ્યું, હવે ગતિદ્વાર કહે છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે–સૌથી થોડા મનુષ્યો છે, કારણ કે છન્નુંવાર છેદ કરવા વડે જે રાશિનો છેદ થાય એટલે જે રાશિનો અર્ધ અર્ધ છેદ કરતા છન્નુંવાર છેદ થઇ શકે, અથવા છન્નુંવાર બમણા કરતાં જે સંખ્યા થાય તેટલા મનુષ્યો છે. જેને છન્નુંવાર છેદ આપી શકાય તે રાશિ આગળ બતાવવામાં આવશે. મનુષ્યોથી નૈરયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે અંગુલમાત્ર ક્ષેત્રમાં જેટલા આકાશ પ્રદેશોની સંખ્યા હોય, તેના પ્રથમ વર્ગમૂલને બીજા વર્ગમૂલવડે ગુણતાં જેટલી સંખ્યા થાય તેટલી ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા નૈરયિકો છે. તેથી દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે વ્યન્તરો અને જ્યોતિષિકો પ્રત્યેક પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી શ્રેણીઓના આકાશપ્રદેશના રાશિ પ્રમાણ છે. તેથી સિદ્ધો અનન્ત ગુણા છે. કારણ કે તે અભવ્યોથી અનન્તગુણા છે. તેથી તિર્યંચો અનન્તગુણા છે, કારણ

કે સિદ્ધોથી વનસ્પતિકાયિકો અનન્તગુણા છે. એ પ્રમાણે, નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધોનું અલ્પબહુત્વ કહ્યું. ॥૯॥૧૪૫॥

**एएसि णं भंते! नेरइयाणं तिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीणं मणुस्साणं मणुस्सीणं देवाणं देवीणं सिद्धाण य अट्ठगतिसमासेणं कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवाओ मणुस्सीओ, मणुस्सा असंखेज्जगुणा, नेरइया असंखेज्जगुणा, तिरिक्खजोणिणीओ असंखेज्जगुणाओ, देवा असंखेज्जगुणा, देवीओ संखेज्जगुणाओ, सिद्धा अणंतगुणा, तिरिक्खजोणिया अणंतगुणा।।२दारं।।सू०-१०।।१४६।।**

*(મૂ૦) હે ભગવન્! એ નૈરયિકો, તિર્યંચયોનિકો, તિર્યંચયોનિક સ્ત્રીઓ, મનુષ્ય, માનુષી, દેવો, દેવીઓ, અને સિદ્ધોમાં આઠ ગતિના સંક્ષેપ વડે ક્યા જીવો ક્યા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડી માનુષી સ્ત્રીઓ છે, તેથી મનુષ્યો અસંખ્યાતગુણા છે, તેથી નૈરયિકો અસંખ્યાતગુણા છે, તેથી તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યાતગુણી છે, તેથી દેવો અસંખ્યાતગુણા છે, તેથી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી સિદ્ધો અનન્તગુણા છે, અને તેથી તિર્યંચો અનંતગુણા છે. ॥૧૦॥૧૪૬॥*

(ટી૦) હવે નારક, તિર્યંચ, તિર્યંચસ્ત્રી, મનુષ્ય, માનુષી, દેવ, દેવી અને સિદ્ધ એ આઠનું અલ્પબહુત્વ કહે છે—સૌથી થોડી મનુષ્યસ્ત્રીઓ છે, કારણ કે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ છે, તેથી મનુષ્યો અસંખ્યાતગુણા છે, અહીં સંમૂર્છિમ મનુષ્યો પણ ગ્રહણ કરવા, કારણ કે વેદની વિવક્ષા નથી. તે સંમૂર્છિમ મનુષ્યો વમનથી આરંભી નગરનિર્ગમન–નગરની ખાળ વગેરેમાં ઉત્પન્ન થતા અસંખ્યાતા હોય છે. મનુષ્યોથી નૈરયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે મનુષ્યો ઉત્કૃષ્ટ પદે પણ ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા હોય છે, અને નૈરયિકો અંગુલપ્રમાણ ક્ષેત્રમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેના ત્રીજા વર્ગમૂલને પ્રથમ વર્ગમૂલની સાથે ગુણતાં જેટલી સંખ્યા થાય તેટલી આકાશપ્રદેશની શ્રેણિના પ્રદેશ રાશિ પ્રમાણ છે, તે માટે અસંખ્યાતગુણા છે. તેથી તિર્યંચસ્ત્રીઓ અસંખ્યાતગુણી છે. કારણ કે પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્યાતી આકાશપ્રદેશ શ્રેણિના જેટલા આકાશપ્રદેશો થાય તેટલી છે, તેથી પણ દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે અસંખ્યાતગુણા પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણિના આકાશપ્રદેશના રાશિ પ્રમાણ છે. તેથી પણ દેવીઓ સંખ્યાતગુણી છે, કારણ કે દેવ કરતાં બત્રીશ ગણી છે, તેથી પણ સિદ્ધો અનન્તગુણા છે, તેથી પણ તિર્યંચો અનન્ત છે. અહીં યુક્તિ પૂર્વે કહેલી છે. ગતિદ્વાર સમાપ્ત થયું. ॥૧૦॥૧૪૬॥

## ।। तइयं इंदियदारं ।।

**एएसि णं भंते! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचिंदियाणं अणिंदियाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा पंचिंदिया, चउरिंदिया विसेसाहिया, तेइंदिया विसेसाहिया, बेइंदिया विसेसाहिया, अणिंदिया अणंतगुणा, एगिंदिया अणंतगुणा, सइंदिया विसेसाहिया ।।सू०-११।।१४७।।**

### ૩ ઇન્દ્રિય દ્વાર

*(મૂ૦) હે ભગવન્! ઇન્દ્રિયવાળા, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય (ઇન્દ્રિય રહિત) જીવોમાં કયા જીવો કયા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પંચેન્દ્રિયો છે, તેથી ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે, તેથી તેઇન્દ્રિયો વિશેષાધિક છે, તેથી બેઇન્દ્રિયો વિશેષાધિક છે, તેથી અનિન્દ્રિયો (સિદ્ધો) અનન્તગુણ છે, તેથી એકેન્દ્રિયો અનન્તગુણ છે, તેથી સઇન્દ્રિયો વિશેષાધિક છે. ॥૧૧॥૧૪૭॥*

(ટી૦) હવે ઇન્દ્રિયદ્વાર કહે છે—સૌથી થોડા પંચેન્દ્રિયો છે, કારણ કે સંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ વિષ્કંભ સૂચિ જેટલા પ્રતર શ્રેણિના અસંખ્યાતમા ભાગે રહેલી અસંખ્યાતી શ્રેણિના આકાશ પ્રદેશના રાશિ પ્રમાણ છે. તેથી ચઉરિન્દ્રિયો વિશેષાધિક

છે, કારણ કે તેઓની વિષ્કંભસૂચિ પ્રભૂત–ઘણા સંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ સમજવી. તેથી પણ તેઇન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે તેની વિષ્કંભ સૂચિ પ્રભૂતતર–અતિ ઘણા સંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ જાણવી. તેથી પણ બેઇન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે તેઓની વિષ્કંભસૂચિ પ્રભૂતતમ–અત્યંત ઘણા સંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ હોય છે. તેથી પણ અનિન્દ્રિયો અનન્ત ગુણા છે. કારણ કે સિદ્ધો અનન્તા છે. તેથી પણ એકેન્દ્રિયો અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાયિકો સિદ્ધોથી પણ અનન્તગુણા છે. તેથી પણ સેન્દ્રિય–ઇન્દ્રિય સહિત વિશેષાધિક છે કારણ કે બેઇન્દ્રિયાદિકનો પણ તેમાં સમાવેશ થાય છે. એમ સામાન્ય જીવોનું અલ્પબહુત્વ કહ્યું. ॥૧૧॥૧૪૭॥

**एएसि णं भंते! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचिंदियाणं अपज्जत्तगाणं कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा पंचिंदिया अपज्जत्तगा, चउरिंदिया अपज्जत्तगा विसेसाहिया, तेइंदिया अपज्जत्तगा विसेसाहिया, बेइंदिया अपज्जत्तगा विसेसाहिया, एगिंदिया अपज्जत्तगा अणंतगुणा, सइंदिया अपज्जत्तगा विसेसाहिया ।।सू०-१२।।१४८।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્તા એવા સઇન્દ્રિયો, એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયો અને પંચેન્દ્રિયોમાં કયા જીવો કયા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા પંચેન્દ્રિય અપર્યાપ્તા છે, તેથી ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી તેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી બેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે, તેથી એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણા છે, અને તેથી સઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે. ॥૧૨॥૧૪૮॥*

(ટી૦) હવે તેજ અપર્યાપ્તાઓનું બીજું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા પંચેન્દ્રિય અપર્યાપ્તા છે, કારણ કે એક પ્રતરને વિષે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડ થાય તેટલા છે. તેથી અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે એક પ્રતરમાં ઘણા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડ થાય તેટલા અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો છે. તેથી અપર્યાપ્તા તેઇન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે એક પ્રતરમાં અતિ ઘણા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડો થાય તેટલા તેઇન્દ્રિયો છે, તેથી પણ અપર્યાપ્ત બેઇન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે એક પ્રતરમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અત્યંત ઘણા ખંડો થાય તેટલા અપર્યાપ્ત બેઇન્દ્રિયો છે. તેથી અપર્યાપ્ત એકેન્દ્રિયો અનન્તગુણા છે, કારણ કે અપર્યાપ્ત વનસ્પતિકાયિકો અનન્ત હોવાથી હમેંશાં વિદ્યમાન હોય છે. તેથી સેન્દ્રિય–ઇંદ્રિય સહિત અપર્યાપ્તા વિશેષાધિક છે, કારણ કે બેઇન્દ્રિયાદિ અપર્યાપ્તાઓનો (બેઇંદ્રિય થી પંચેન્દ્રિય સુધીના સર્વે અપર્યાપ્તાઓનો) પણ તેમાં પ્રક્ષેપ (સમાવેશ) થાય છે. ॥૧૨॥૧૪૮॥

**एएसि णं भंते! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचिंदियाणं पज्जत्ताणं कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, पंचिंदिया पज्जत्तगा विसेसाहिया, बेइंदिया पज्जत्तगा विसेसाहिया, तेइंदिया पज्जत्तगा विसेसाहिया, एगिंदिया पज्जत्तगा अणंतगुणा, सइंदिया पज्जत्तगा विसेसाहिया ।।सू०-१३।।१४९।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા સઇન્દ્રિયો, એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયો અને પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ચઉરિન્દ્રિય પર્યાપ્તા છે, તેથી પંચેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી બેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી તેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે, તેથી એકેન્દ્રિય પર્યાપ્તા અનન્તગુણા છે, તેથી સઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે. ॥૧૩॥૧૪૯॥*

(ટી૦) બીજુ અલ્પબહુત્વ કહ્યું, હવે એ પૂર્વોક્ત પર્યાપ્તાઓનું ત્રીજું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો છે. કારણ કે ચઉરિન્દ્રિયો અલ્પ આયુષ્યવાળા હોય છે, માટે ઘણા કાળ સુધી રહેતા નથી તેથી પ્રશ્ન સમયે થોડા પ્રાપ્ત થાય છે. તે થોડા હોવા છતાં પણ પ્રતરને વિષે અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડ થાય તેટલા હોય છે. તેથી પર્યાપ્તા

પંચેન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે એક પ્રતરના અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ પુષ્કળ ખંડો થાય તેટલા છે, તેથી પર્યાપ્ત બેઇન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે એક પ્રતરના અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ અતિ પુષ્કળ ખંડો જેટલા છે. તેથી પર્યાપ્ત તેઇન્દ્રિયો વિશેષાધિક છે, કારણ કે સ્વભાવથીજ પ્રતરના અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ અત્યંત ઘણા ખંડો થાય તેટલા છે. તેથી એકેન્દ્રિય પર્યાપ્ત અનન્તગુણા છે, કારણ કે પર્યાપ્ત વનસ્પતિકાયિકો અનન્ત છે. તેથી સેન્દ્રિય-ઇન્દ્રિય સહિત પર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્ત બેઇન્દ્રિયાદિનો પણ તેમાં પ્રક્ષેપ-સમાવેશ થાય છે. એમ તૃતીય અલ્પબહુત્વ સમાપ્ત થયું. ॥૧૩॥૧૪૯॥

**एएसि णं भंते! सइंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सइंदिया अपज्जत्तगा, सइंदिया पज्जत्तगा संखेज्जगुणा। एएसि णं भंते! एगिंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा एगिंदिया अपज्जत्ता, एगिंदिया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! बेइंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बेइंदिया पज्जत्तगा, बेइंदिया अपज्जत्तगा असंखेज्जगुणा।। एएसि णं भंते! तेइंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा तेइंदिया पज्जत्तगा, तेइंदिया अपज्जत्तगा असंखेज्जगुणा। एएसि णं भंते! चउरिंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिता वा? गोयमा! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, चउरिंदिया अपज्जत्तगा असंखेज्जगुणा।। एएसि णं भंते! पंचिंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वत्थोवा पंचेंदिया पज्जत्तगा, पंचेंदिया अपज्जत्तगा असंखेज्जगुणा ।।सू०-१४।।१५०।।**

(મૂ૦) *હે ભગવન્! સઇન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા સઇન્દ્રિય અપર્યાપ્ત છે, તેથી સઇન્દ્રિય પર્યાપ્ત સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા એકેન્દ્રિય અપર્યાપ્ત છે, તેથી એકેન્દ્રિય પર્યાપ્ત સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત બેઇન્દ્રિયો છે, તેથી અપર્યાપ્ત બેઇન્દ્રિયો અસંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઇન્દ્રિયોમાં કયા જીવો કયા જીવોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા તેઇન્દ્રિય પર્યાપ્ત છે, તેથી તેઇન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ચઉરિન્દ્રિય પર્યાપ્ત છે, તેથી ચઉરિન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પંચેન્દ્રિય પર્યાપ્ત છે, તેથી પંચેન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે. ॥૧૪॥૧૫૦॥*

(ટી૦) હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત સેન્દ્રિયાદિ-ઇન્દ્રિય સહિત પ્રત્યેક જીવોનું અલ્પબહુત્વ કહે છે—સૌથી થોડા સેન્દ્રિય-ઇન્દ્રિય સહિત અપર્યાપ્ત છે, અહીં સેન્દ્રિય-ઇન્દ્રિય સહિત જીવોમાં એકેન્દ્રિયો જ ઘણા છે, તેમાં પણ સૂક્ષ્મો ઘણા છે, કેમકે સર્વ લોકમાં વ્યાપ્ત છે, સૂક્ષ્મ અપર્યાપ્તાઓ સૌથી થોડા છે, અને તેથી પર્યાપ્ત સંખ્યાતગુણા જાણવા. તથા સૌથી થોડા બેઇન્દ્રિય પર્યાપ્ત છે, કેમકે એક પ્રતરને વિષે અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડો થાય તેટલા બેઇન્દ્રિય પર્યાપ્તા છે. તેથી બેઇન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે, કેમકે તેઓ પ્રતરના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડ થાય તેટલા છે.

એમ તેઇન્દ્રિય,- ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયોનું અલ્પબહુત્વ જાણવું. છ જીવોનું અલ્પબુહત્વાત્મક ચોથું અલ્પબહુત્વ કહ્યું. ॥૧૪॥૧૫૦॥

**एएसि णं भंते! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचिंदियाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, पंचिंदिया पज्जत्तगा विसेसाहिया, बेइंदिया पज्जत्तगा विसेसाहिआ, तेइंदिया पज्जत्तगा विसेसाहिआ, पंचिंदिया अपज्जत्तगा असंखेज्जगुणा, चउरिंदिया अपज्जत्तगा विसेसाहिआ, तेइंदिया अपज्जत्तगा विसेसाहिआ, बेइंदिया अपज्जत्तगा विसेसाहिआ, एगिंदिया अपज्जत्तगा अणंतगुणा, सइंदिआ अपज्जत्तगा विसेसाहिआ, एगिंदिया पज्जत्तगा संखेज्जगुणा, सइंदिया पज्जत्तगा विसेसाहिआ, सइंदिया विसेसाहिआ।३ दारं। ॥सू०-१५॥१५१॥**

(મૂ૦) *હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત સઇન્દ્રિયો, એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયો અને પંચેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ચઉરિન્દ્રિય પર્યાપ્ત છે, તેથી પંચેન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક છે, તેથી બેઇન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક છે, તેથી તેઇન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક છે, તેથી પંચેન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે, તેથી ચઉરિન્દ્રિય અપર્યાપ્ત વિશેષાધિક છે. તેથી તેઇન્દ્રિય અપર્યાપ્ત વિશેષાધિક છે, તેથી બેઇન્દ્રિય અપર્યાપ્ત વિશેષાધિક છે, તેથી એકેન્દ્રિય અપર્યાપ્ત અનન્તગુણા છે, તેથી સઇન્દ્રિય અપર્યાપ્ત વિશેષાધિક છે, તેથી એકેન્દ્રિય પર્યાપ્ત સંખ્યાતગુણા છે, તેથી સઇન્દ્રિય પર્યાપ્ત વિશેષાધિક છે, તેથી સઇન્દ્રિયો વિશેષાધિક છે. ॥૧૫॥૧૫૧॥'એમ તૃતીય ઇંદ્રિયદ્વાર સમાપ્ત થયું.*

(ટી૦) હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્ને પ્રકારના સેન્દ્રિયાદિ(ઇંદ્રિય સહિત) જીવોનું અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते**' ઇત્યાદિ. આ પૂર્વે કહેલા બીજા અને ત્રીજા અલ્પબહુત્વની ભાવનાને અનુસારે સ્વયં વિચાર કરવો, કેમકે તાત્ત્વિક રીતે તો તેનો વિચાર પૂર્વે કર્યો છે. ॥૧૫॥૧૫૧॥

## ।। चउत्थं कायदारं ।।

**एएसि णं भंते! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सइकाइयाणं तसकाइयाणं अकाइयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वत्थोवा तसकाइया, तेउकाइया असंखेज्जगुणा, पुढविकाइया विसेसाहिया, आउकाइया, विसेसाहिया, वाउकाइया विसेसाहिया, अकाइया अणंतगुणा, वणस्सइकाइया अणंतगुणा, सकाइया विसेसाहिया ॥सू०-१६॥१५२॥**

### ૪ કાયદ્વાર

(મૂ૦) *હે ભગવન્! સકાયિક–કાય–શરીરસહિત, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ત્રસકાયિકો છે, તેથી તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અકાયિકો (સિદ્ધો) અનંતગુણ છે, તેથી વનસ્પતિકાયિકો અનંતગુણ છે, અને તેથી સકાયિકો વિશેષાધિક છે. ॥૧૬॥૧૫૨॥*

(ટી૦) ઇન્દ્રિય દ્વાર કહ્યું, હવે કાયદ્વારને આશ્રયી કહે છે–સૌથી થોડા ત્રસકાયિકો છે, કારણ કે બેઇન્દ્રિયાદિ જીવોજ ત્રસકાયિક છે, અને તેઓ બાકીની કાયની અપેક્ષાએ અલ્પ છે. તેથી તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, કેમકે તેઓ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી પૃથિવીકાયિકો વિશેષાધિક છે, કારણ કે ઘણા અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. તેથી અપ્કાયિક

વિશેષાધિક છે, કેમકે અતિઘણા અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. તેથી વાયુકાયિક વિશેષાધિક છે, કારણ કે તેઓ અત્યંત ઘણા અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. તેથી અકાયિક–કાયરહિત અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનંત છે. તેથી વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, કારણ કે તેઓ અનન્ત લોકાકાશ પ્રદેશપ્રમાણ છે. તેથી સકાયિકો–કાયાસહિત વિશેષાધિક છે, કેમકે તેમાં પૃથિવીકાયિકાદિનો પ્રક્ષેપ થાય છે. ॥૧૬॥૧૫૨॥

**एएसि णं भंते! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सइकाइयाणं तसकाइयाणं अपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा तसकाइया अपज्जत्तगा, तेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, आउकाइया अपज्जत्तगा विसेसाहिया, वाउकाइया अपज्जत्तगा विससाहिया, वणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, सकाइया अपज्जत्तगा विसेसाहिया ।।सू०-१७।।१५३।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્ત સકાયિક, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્ત તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્ત સકાયિકો વિશેષાધિક છે. ॥૧૭॥૧૫૩॥*

(ટી૦) સામાન્ય સકાયિકાદિ–કાયાસહિત જીવોનું અલ્પબહુત્વ કહ્યું, હવે અપર્યાપ્ત સકાયિકાદિનું બીજું અલ્પબહુત્વ કહે છે––'એએસિ ણં ભંતે સકાઇયાણં' ઇત્યાદિ સુગમ છે. ॥૧૭॥૧૫૩॥

**एएसि णं भंते! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सकाइयाणं तसकाइयाणं पज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा तसकाइया पज्जत्तगा, तेउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, पुढविकाइया पज्जत्तगा विसेसाहिया, आउकाइया पज्जत्तगा विसेसाहिया, वाउकाइया पज्जत्तगा विसेसाहिया, वणस्सकाइया पज्जत्तगा अणंतगुणा, सकाइया पज्जत्तगा विसेसाहिया।।सू०-१८।।१५४।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્ત સકાયિક–કાયાસહિત, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત ત્રસકાયિકો છે, તેથી પર્યાપ્ત તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી પર્યાપ્ત સકાયિકો વિશેષાધિક છે. ॥૧૮॥૧૫૪॥*

(ટી૦) હવે સકાયિકાદિ–કાયાસહિત પર્યાપ્તાનું ત્રીજું અલ્પબહુત્વ કહે છે–સુગમ છે. ॥૧૮॥૧૫૪॥

**एएसि णं भंते! सकाइयाणं पज्जत्तापज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सकाइया अपज्जत्तगा, सकाइया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! पुढविकाइयाणं पज्जत्तापज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुवा या तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा पुढविकाइया अपज्जत्तगा, पुढवीकाइया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! आउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा आउकाइया अपज्जत्तगा,**

**आउकाइया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! तेउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा तेउकाइया अपज्जत्तगा, तेउकाइया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! वाउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा वाउकाइया अपज्जत्तगा, वाउकाइया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! वणस्सइकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा वणस्सइकाइया अपज्जत्तगा, वणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा।। एएसि णं भंते! तसकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? सव्वत्थोवा तसकाइया पज्जत्तगा, तसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।।सू०-१९।।१५५।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત સકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા સકાયિક અપર્યાપ્ત છે, તેથી સકાયિક પર્યાપ્ત સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત પૃથિવીકાયિકો છે, અને તેથી પર્યાપ્ત પૃથિવીકાયિકો સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત અપ્કાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત અપ્કાયિકો છે અને તેથી પર્યાપ્ત અપ્કાયિકો સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત તેજસ્કાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત તેજસ્કાયિકો છે, અને તેથી પર્યાપ્ત તેજસ્કાયિકો સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત વાયુકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત વાયુકાયિકો છે, તેથી પર્યાપ્ત વાયુકાયિકો સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત વનસ્પતિકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત વનસ્પતિકાયિકો છે, તેથી પર્યાપ્ત વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્ત ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે. ॥૧૯॥૧૫૫॥*

(ટી૦) હવે સકાયિકાદિ–કાયાસહિત પર્યાપ્ત પ્રત્યેકનું અલ્પબહુત્વ કહે છે–સુગમ છે. ॥૧૯॥૧૫૫॥

**एएसि णं भंते! सकाइयाणं पुढविकाइआणं आउकाइआणं तेउकाइआणं वाउकाइआणं वणस्सइकाइआणं तसकाइयाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वत्थोवा तसकाइआ पज्जत्तगा, तसकाइआ अपज्जत्तगा असंखेज्जगुणा, तेउकाइआ अपज्जत्तगा असंखेज्जगुणा, पुढविकाइआ अपज्जत्तगा विसेसाहिया, आउकाइया अपज्जत्तगा विसेसाहिआ, वाउकाइया अपज्जत्तगा विसेसाहिया, तेउकाइआ पज्जत्तगा संखेज्जगुणा, पुढविकाइआ पज्जत्तगा विसेसाहिआ, आउकाइआ पज्जत्तगा विसेसाहिया, वाउकाइया पज्जत्तगा विसेसाहिआ, वणस्सइकाइआ अपज्जत्तगा अणंतगुणा, सकाइआ अपज्जत्तगा विसेसाहिया, वणस्सइकाइआ पज्जत्तगा संखेज्जगुणा, सकाइया पज्जत्तगा विसेसाहिआ, सकाइया विसेसाहिया ।।सू०-२०।।१५६।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત સકાયિક, પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, અને ત્રસકાયિકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત ત્રસકાયિકો છે,*

*તેથી અપર્યાપ્ત ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત પૃથિવીકાયિકો વિશેષાધિક છે. તેથી અપર્યાપ્ત અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત તેજસ્કાયિકો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્ત સકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત સકાયિકો વિશેષાધિક છે અને તેથી સકાયિકો વિશેષાધિક છે. ॥૨૦॥૧૫૬॥*

(ટી૦) પર્યાપ્ત અપર્યાપ્ત એવા સકાયિકાદિ સમુદાયનું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા પર્યાપ્ત ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્ત ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, કેમકે પર્યાપ્ત બેઇન્દ્રિયાદિથી અપર્યાપ્ત બેઇન્દ્રિયો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે, તેથી અપર્યાપ્ત પૃથિવી, અપ્ અને વાયુઓ અનુક્રમે વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત તેજસ્કાયિકો સંખ્યાતગુણા છે, કારણ કે સૂક્ષ્મ અપર્યાપ્તાથી પર્યાપ્ત સંખ્યાતગુણા છે. તેથી પૃથ્વી, અપ્ અને વાયુકાય પર્યાપ્ત ક્રમથી વિશેષાધિક છે. તેથી અપર્યાપ્ત વનસ્પતિકાય અનંતગુણા છે. તેથી પર્યાપ્ત વનસ્પતિકાય સંખ્યાતગુણા છે, ઇત્યાદિ સુગમ છે. હવે સૂક્ષ્મબાદરનું અલ્પબહુત્વ કહે છે. ॥૨૦॥૧૫૬॥

**एएसि णं भंते! सुहुमाणं सुहुमपुढविकाइयाणं सुहुमआउकाइआणं सुहुमतेउकाइआणं सुहुमवाउकाइआणं सुहुमवणस्सइकाइआणं सुहुमनिओयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमतेउकाइया, सुहुमपुढविकाइआ विसेसाहिया, सुहुमआउकाइआ, विसेसाहिआ, सुहुमवाउकाइआ विसेसाहिया, सुहुमनिगोदा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अणंतगुणा, सुहुमा विसेसाहिया ।।सू०-२१।।१५७।।**

*(મૂ૦) હે ભગવન્! એ સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો, અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિકો છે, તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગુણા છે અને તેથી સૂક્ષ્મો (સૂક્ષ્મનામ કર્મોદયવાળા જીવો) વિશેષાધિક છે. ॥૨૧॥૧૫૭॥*

(ટી૦) એ પ્રમાણે કાયદ્વારમાં પાંચ સૂત્રોનું પ્રતિપાદન કર્યું. હવે આજ દ્વારમાં સૂક્ષ્મ અને બાદરાદિના ભેદથી પંદર સૂત્રો (૨૧ થી ૩૫ સુધી) કહે છે–સૌથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિકો છે. કારણ કે તેઓ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલા છે. તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, કારણ કે તેઓ ઘણા અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે, તેથી સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, કારણ કે તેઓ અતિ ઘણા અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે, તેથી સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, કારણ કે તેથી પણ ઘણા મોટા અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ છે, તેથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણ છે, અહીં સૂક્ષ્મનું ગ્રહણ બાદરનો નિષેધ કરવા માટે છે. નિગોદો (સાધારણ વનસ્પતિકાયિક શરીરો) બે પ્રકારના છે. તેમાં સૂરણકન્દ વગેરે બાદર નિગોદો છે અને સૂક્ષ્મ નિગોદો સર્વલોકમાં વ્યાપ્ત છે. તે સૂક્ષ્મ નિગોદો દરેક ગોળામાં અસંખ્યાતા છે, તેથી તેઓ સૂક્ષ્મ વાયુકાયિકોથી અસંખ્યાતગુણા છે. તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનન્તગુણ છે, કારણ કે દરેક નિગોદમાં અનન્તા જીવો હોય છે. તેથી સામાન્ય સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે, કારણ કે સૂક્ષ્મ પૃથિવીકાયિકોનો પણ તેમાં પ્રક્ષેપ થાય છે.॥૨૧॥૧૫૭॥

**एएसि णं भंते! सुहुमअपज्जत्तगाणं सुहुमपुढविकाइयाअपज्जत्तगाणं सुहुमआउकाइयाअपज्जत्तगाणं सुहुमतेउकाइयाअपज्जत्तयाणं सुहुमवाउकाइयाअपज्जत्ताणं सुहुमवणस्सइकाइयाअपज्जत्तयाणं सुहुमनिगोदअपज्जत्ताण य**

**कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वत्थोवा सुहुमतेउकाइया अपज्जत्तगा, सुहुमपुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमनिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अपज्जत्तया अणंतगुणा, सुहुमा अपज्जत्तया विसेसाहिया ।।सू०-२२।।१५८।।**

*(મૂ૦) હે ભગવન્! એ અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે. ॥૨૨॥૧૫૮॥*

(ટી૦) સામાન્ય સૂક્ષ્મ જીવોનું અલ્પબહુત્વ કહ્યું, હવે અપર્યાપ્તા સૂક્ષ્મજીવોનું દ્વિતીય અલ્પબહુત્વ કહે છે–આ બધું પૂર્વની પેઠે જાણવું. ॥૨૨॥૧૫૮॥

**एएसि णं भंते! सुहुमपज्जत्तगाणं सुहुमपुढविकाइयपज्जत्तगाणं सुहुमआउकाइयपज्जत्तगाणं सुहुमतेउकाइय-पज्जत्तगाणं सुहुमवाउकाइयपज्जत्तगाणं सुहुमवणस्सइकाइयपज्जत्तगाणं सुहुमनिगोदपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमतेउकाइया पज्जत्तगा, सुहुमपुढविकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमनिगोया पज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, सुहुमा पज्जत्तगा विसेसाहिया ।।सू०-२३।।१५९।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્તા સૂક્ષ્મો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્તા તેજસ્કાયિકો છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે. ॥૨૩॥૧૫૯॥*

(ટી૦) હવે પર્યાપ્તાઓનું તૃતીય અલ્પબહુત્વ કહે છે–આ પણ પૂર્વની પેઠે જાણવું. ॥૨૩॥૧૫૯॥

**एएसि णं भंते! सुहुमाणं पज्जत्तापज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमअपज्जत्तगा, सुहुमपज्जत्तगा संखेज्जगुणा। एएसि णं भंते! सुहुमपुढविकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमपुढविकाइया अपज्जत्तया, सुहुमपुढविकाइया पज्जत्तया संखेज्जगुणा। एएसि णं भंते! सुहुमआउकाइयाणं पज्जत्तापज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा! सव्वत्थोवा सुहुमआउकाइया अपज्जत्तगा, सुहुमआउकाइया पज्जत्तगा संखेज्जगुणा। एएसि णं भंते! सुहुमतेउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमतेउकाइया अपज्जत्तगा, सुहुमतेउकाइया पज्जत्ता संखेज्जगुणा। एएसि णं भंते! सुहुमवाउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा**

**सुहुमवाउकाइया अपज्जत्तगा, सुहुमवाउकाइया पज्जत्तगा संखेज्जगुणा। एएसि णं भंते! सुहुमवणस्सइकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमवणस्सइकाइया अपज्जत्तगा, सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा। एएसि णं भंते! सुहुमनिगोयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमनिगोया अपज्जत्तगा, सुहुमनिगोया पज्जत्तगा संखेज्जगुणा। ।सू०-२४।।१६०।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્તા છે તેથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો છે, અને તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો સંખ્યાતગુણા છે. [એમ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને સૂક્ષ્મ નિગોદો સંબંધમાં ભિન્ન ભિન્ન સૂત્રો જાણવા. બધા સ્થળે અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે.] ।।૨૪।।૧૬૦।।*

(ટી૦) હવે સૂક્ષ્માદિ પર્યાપ્તા અને અપર્યાપ્તા પ્રત્યેકનું અલ્પબહુત્વ કહે છે–બાદર જીવોમાં પર્યાપ્ત જીવોથી અપર્યાપ્ત જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે એક એક પર્યાપ્તાને આશ્રયી અસંખ્યાતા અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. પ્રથમ પ્રજ્ઞાપના પદમાં કહ્યું છે કે ''पज्जत्तगनिस्साए अपज्जत्तगा वक्कमंति, जत्थ एगो तत्थ नियमा असंखेज्जा'' ''પર્યાપ્તાને આશ્રયી અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે, જ્યાં એક છે ત્યાં અવશ્ય અસંખ્યાતા છે.'' સૂક્ષ્મજીવોને વિષે આ ક્રમ નથી. ત્યાં પર્યાપ્તા અપર્યાપ્તાથી દીર્ઘ કાલની સ્થિતિવાળા હોય છે માટે હમેશાં તે ઘણા હોય છે, માટે એમ કહ્યું છે કે સૌથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્તા છે. તેથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા છે. એ પ્રમાણે પૃથિવીકાયિકાદિ પ્રત્યેક જીવોને વિષે જાણવું. એમ ચતુર્થ અલ્પબહુત્વ કહ્યું.।।૨૪।।૧૬૦।।

**एएसि णं भंते! सुहुमाणं सुहुमपुढविकाइयाणं सुहुमआउकाइयाणं सुहुमतेउकाइयाणं सुहुमवाउकाइयाणं सुहुमवणस्सइकाइयाणं सुहुमनिगोदाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा सुहुमतेउकाइया अपज्जत्तया, सुहुमपुढवीकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमतेउकाइया पज्जत्तया संखेज्जगुणा, सुहुमपुढवीकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमआउकाइया प्रज्जत्तया विसेसाहिया सुहुमवाउकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमनिगोदा अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमनिगोदा पज्जत्तया संखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अपज्जत्तया अणंतगुणा, सुहुमअपज्जत्तया विसेसाहिया, सुहुमवणस्सइकाइया पज्जत्तया संखेज्जगुणा, सुहुमपज्जत्तया विसेसाहिया, सुहुमा विसेसाहिया ।।सू०-२५।।१६१।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્પકાયિકો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે, તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે. અને તેથી*

*સૂક્ષ્મ વિશેષાધિક છે. ॥૨૫॥૧૬૧॥*

(ટી૦) હવે સૂક્ષ્માદિ પર્યાપ્તા અને અપર્યાપ્તા ઉભયનું અલ્પબહુત્વ કહે છે-'**एएसि णं भंते! सुहुमाणं सुहुमपुढवीकाइयाणं**' ઇત્યાદિ. સૌથી થોડા અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો છે, તેનું કારણ પૂર્વે કહેલું છે. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો, અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકો અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો ઉત્તરોત્તર વિશેષાધિક છે, આ સંબંધમાં કારણ પૂર્વે કહ્યું છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો સંખ્યાતગુણા છે, કારણ કે અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે, એનો હમણાંજ વિચાર કરેલો છે. તેમાં સૌથી થોડા અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો કહ્યા છે, અને બીજા સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથિવીકાયિકાદિ ઉત્તરોત્તર વિશેષાધિક કહ્યા છે. **વિશેષાધિક એટલે કંઈક અધિક, બમણાથી ઓછા, પણ બમણા કે ત્રણગણા નહિ.** તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિક કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિકો સંખ્યાતગુણા છતાં સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તાથી પણ સંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિક વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિક વિશેષાધિક છે, તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિક વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, કારણ કે તે ઘણા છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે, કારણ કે સૂક્ષ્મ જીવોમાં સામાન્ય રીતે અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, કારણ કે દરેક નિગોદમાં સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનન્તા છે. તેથી સામાન્યતઃ સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે. કારણ કે તેમાં સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિનો પ્રક્ષેપ થાય છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે. કારણ કે સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે. જે વચ્ચે અપર્યાપ્તાઓનું વિશેષાધિકપણું કહ્યું છે તે થોડું હોવાથી સંખ્યાતગુણામાં અડચણ નથી. તેથી સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે, કેમકે સૂક્ષ્મ પર્યાપ્તાઓમાં સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિ પર્યાપ્તાઓનો સમાવેશ થાય છે. તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે, કેમકે સૂક્ષ્મ પર્યાપ્તાઓમાં સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિ પર્યાપ્તાઓનો સમાવેશ થાય છે. તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે, કારણ કે તેમાં અપર્યાપ્તાઓનો પણ સમાવેશ થાય છે. ॥૨૫॥૧૬૧॥

**एएसि णं भंते! बादराणं बादरपुढविकाइयाणं बादरआउकाइयाणं बादरतेउकाइयाणं बादरवाउकाइयाणं बादरवणस्सइकाइयाणं पत्तेयसरीरबादरवणस्सइकाइयाणं बादरनिगोदाणं बादरतसकाइयाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बादरतसकाइया, बादरतेउकाइया असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया असंखेज्जगुणा, बादरनिगोदा असंखेज्जगुणा, बादरपुढवीकाइया असंखेज्जगुणा, बादरआउकाइया असंखेज्जगुणा, बादरवाउकाइया असंखेज्जगुणा, बादरवणस्सइकाइया अणंतगुणा, बादरा विसेसाहिया ।।सू०-२६।।१६२।।**

(મૂ૦) *હે ભગવન્! એ બાદર જીવો, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા બાદર ત્રસકાયિકો છે, તેથી બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી બાદર જીવો વિશેષાધિક છે. ॥૨૬॥૧૬૨॥*

(ટી૦) એમ સૂક્ષ્મને આશ્રયી પાંચ સૂત્રો કહ્યાં, હવે બાદરને આશ્રયી પાંચ સૂત્રો ઉપર કહેલા ક્રમને અનુસરીને કહે છે-સૌથી થોડા બાદર ત્રસકાયિકો છે, કેમકે બેઇન્દ્રિયાદિ જીવો જ બાદર ત્રસ છે. અને તેઓ બાકીના પૃથિવીકાયાદિથી થોડા છે, તેથી બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. તેથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, કેમકે તેઓનું સ્થાન અસંખ્યાતગણું છે. અને બાદર તેજસ્કાયિકો તો મનુષ્યક્ષેત્રમાં જ હોય

છે. આ સંબંધમાં બીજા સ્થાન પદમાં કહ્યું છે–"હે ભગવન્! પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના ક્યાં સ્થાનો કહેલાં છે? હે ગૌતમ! સ્વસ્થાન વડે મનુષ્યક્ષેત્રની અંદર અઢી દ્વીપ અને સમુદ્રોમાં, વ્યાઘાત–પ્રતિબંધના અભાવમાં પંદર કર્મભૂમિમાં અને વ્યાઘાત–પ્રતિબંધ હોય ત્યારે પાંચ મહાવિદેહમાં પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાનો કહેલાં છે, જ્યાં પર્યાપ્તા બાદર તેજસ્કાયિકોના સ્થાનો છે ત્યાંજ અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાનો[1] છે." અને બાદર વનસ્પતિકાયિકો તો ત્રણે લોકમાં ભવનાદિને વિષે હોય છે. તે બાબત બીજા સ્થાન પદમાં કહ્યું છે કે–'હે ભગવન્! બાદર વનસ્પતિકાયિકોના ક્યાં સ્થાનો છે? હે ગૌતમ! સ્વસ્થાનને આશ્રયી સાત ઘનોદધિમાં, સાત ઘનોદધિવલયોમાં, અધોલોકમાં પાતાલકલશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તટોમાં, ઊર્ધ્વ લોકમાં વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાનપ્રસ્તટોમાં, તિર્યગ્લોકમાં કૂવાઓ, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા–સીધી નાની નદીઓ, ગુંજાલિકા–વાંકી નાની નદીઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, સરઃસરઃપંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ; ઉજ્ઝરો (ઝરણાઓ) નિર્ઝરો (હમેશાં વહેતા ઝરાઓ) ચિલ્લલો–છિલ્લરો, પલ્લલો–ખાબોચીયાં, ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો અને બધા જલાશયો અને જળના સ્થાનોમાં પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો કહેલાં છે." માટે ક્ષેત્ર અસંખ્યાતગણું હોવાથી બાદર તેજસ્કાયિકોથી અસંખ્યાતગુણા પ્રત્યેકશરીર બાદરવનસ્પતિકાયિકો છે. તેથી બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, કેમકે બાદર નિગોદોની અત્યંત સૂક્ષ્મ અવગાહના છે. તે બાદર નિગોદો પાણીમાં સર્વત્ર હોય છે; કારણ કે તે પનક, સેવાલ વગેરે પાણીમાં અવશ્ય હોય છે. અને તેઓ બાદર અનન્તકાયિકો છે. તેથી પણ બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે તે આઠ પૃથિવીઓમાં, ભવન બધા વિમાન અને પર્વતાદિમાં હોય છે. તેથી અસંખ્યાતગુણા બાદર અપ્કાયિકો છે, કારણ કે સમુદ્રોમાં પુષ્કળ પાણી હોય છે. તેથી બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે ખાલી જગ્યામાં બધે વાયુનો સંભવ છે. તેથી બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, કારણ કે દરેક બાદર નિગોદમાં અનન્ત જીવો હોય છે. તેથી સામાન્ય બાદર જીવો વિશેષાધિક છે, કારણ કે બાદર ત્રસકાયિકોનો પણ તેમાં સમાવેશ થાય છે. એમ સામાન્ય બાદર જીવોનું પ્રથમ અલ્પબહુત્વ કહ્યું. ॥૨૬॥૧૬૨॥

**एएसि णं भंते! बादरअपज्जत्तगाणं बादरपुढविकाइयअपज्जत्तगाणं बादरआउकाइयअपज्जत्तगाणं बादरतेउकाइयअपज्जत्तगाणं बादरवाउकाइयअपज्जत्तगाणं बादरवणस्सइकाइयअपज्जत्तगाणं पत्तेयसरीरबादर-वणस्सइकाइयअपज्जत्तगाणं बादरनिगोदअपज्जत्तगाणं बादरतसकाइयअपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बादरतसकाइया अपज्जत्तगा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरनिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, बायरपुढवीकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, बादरअपज्जत्तगा विसेसाहिया ।सू०-२७॥१६३॥**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્તા બાદર ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્તા બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર*

૧. જુઓ દ્વિતીય સ્થાનપદ સૂ૦ ૫

*વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, તેથી બાદર અપર્યાપ્ત વિશેષાધિક છે. ॥૨૭॥૧૬૩॥*

(ટી૦) હવે બાદરાદિ અપર્યાપ્તાનું બીજું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા અપર્યાપ્ત બાદર ત્રસકાયિકોનું છે, અહીં યુક્તિ પૂર્વે કહી છે. તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ છે. એમ પૂર્વે કહેલા ક્રમથી આ અલ્પબહુત્વ પણ જાણવું. એમ બીજું અલ્પબહુત્વ કહ્યું. ॥૨૭॥૧૬૩॥

**एएसि णं भंते! बायरपज्जत्तयाणं बादरपुढवीकाइयपज्जत्तयाणं बायरआउकाइयपज्जत्तयाणं बायरतेउकाइयपज्जत्तयाणं बायरवाउकाइयपज्जत्तयाणं पत्तेयसरीरबायरवणस्सइकाइयपज्जत्तयाणं बायरनिगोदपज्जत्तयाणं बायरतसकाइयपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा! सव्वत्थोवा बायरतेउकाइया पज्जत्तया, बायरतसकाइया पज्जत्तया असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोदा पज्जत्तया असंखेज्जगुणा, बादरपुढवीकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरआउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरवणस्सइकाइया पज्जत्तया अणंतगुणा, बायरपज्जत्तया विसेसाहिया।।सू०-२८।।१६४।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્ત બાદર જીવો, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે, તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી બાદર પર્યાપ્ત વિશેષાધિક છે. ॥૨૮॥૧૬૪॥*

(ટી૦) હવે પર્યાપ્ત બાદરાદિ જીવોનું ત્રીજું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે, કારણ કે તેઓ આવલિકાના સમયોનો વર્ગ કરી તેને કંઇક ન્યૂન આવલિકાના સમયો વડે ગુણવાથી જેટલા સમયો થાય તેટલા છે. કહ્યું છે કે–"आवलियवग्गो ऊणावलीए गुणीओ हु बायरा ते उ"–"આવલિકાના વર્ગને કંઇક ન્યૂન આવલિકાના સમય વડે ગુણતાં જેટલા થાય તેટલા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે. તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે એક પ્રતરમાં અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડો થાય તેટલા છે. તેથી પર્યાપ્ત પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. કેમકે તેઓ એક પ્રતરમાં અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા જેટલા ખંડો થાય તેટલા છે. કહ્યું છે કે–"**पत्तेयपज्जवणकाइयाओ** पयरं हरंति लोगस्स। अङ्गुलअसंखभागेण भाइय मिति।।"–"પ્રત્યેક પર્યાપ્ત વનસ્પતિકાયિક અંગુલના અસંખ્યાતમા ભાગ વડે ભાગતાં ઘનીકૃત લોકનું પ્રતર અપહરે છે. તાત્પર્ય એ છે કે–એક એક અંગુલના અસંખ્યાતમા ભાગમાં એક એક પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયિક જીવ સ્થાપીએ તો ઘનીકૃત લોકનું સમગ્ર પ્રતર અપહરાય," **તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા** છે. કારણ કે તેઓ સૂક્ષ્મ અવગાહનાવાળા છે અને બધા જળાશયોમાં સર્વત્ર હોય છે. તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે એક પ્રતરના અતિ બહુતરસંખ્યાવાળા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલા ખંડો થાય તેટલા છે. તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ ઘનીકૃત લોકના સંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાત પ્રતરોને વિષે જેટલા આકાશપ્રદેશો હોય તેટલા છે. તેથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્ત અનન્તગુણા છે, કારણ કે બાદર એક એક નિગોદમાં અનન્ત જીવો હોય છે. તેથી સામાન્ય બાદર પર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્ત બાદર તેજસ્કાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. એમ ત્રીજું અલ્પબહુત્વ કહ્યું. ॥૨૮॥૧૬૪॥

एएसि णं भंते! बायराणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरपज्जत्तया, बायरअपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरपुढवीकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरपुढवीकाइया पज्जत्तया, बायरपुढवीकाइया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरआउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरआउकाइया पज्जत्तया, बायरआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरतेउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतेउकाइया पज्जत्तया, बादरतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरवाउकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बादरवाउकाइया पज्जत्तया, बायरवाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरवणस्सइकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरवणस्सइकाइया पज्जत्तया, बायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! पत्तेयसरीरबायरवणस्सइकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा पत्तेयसरीरबायरवणस्सइकाइया पज्जत्तया, पत्तेयसरीरबायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरनिगोयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरनिगोया पज्जत्तया, बायरनिगोया अपज्जत्तया असंखेज्जगुणा। एएसि णं भंते! बायरतसकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतसकाइया पज्जत्तया, बायरतसकाइया अपज्जत्तया असंखेज्जगुणा ।।सू०-२९।।१६५।।

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્તા અને અપર્યાપ્તા બાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા બાદર પર્યાપ્તા છે તેથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, [એમ પર્યાપ્તા અને અપર્યાપ્તા બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોના સંબંધમાં અલ્પબહુત્વ કહેવું. સર્વ સ્થળે બાદર પર્યાપ્તાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા જાણવા.] ॥૨૯॥૧૬૫॥*

(ટી૦) હવે પર્યાપ્તા અને અપર્યાપ્તા બાદરાદિ પ્રત્યેક જીવોનું અલ્પબહુત્વ કહે છે–અહીં એક એક બાદર પર્યાપ્તાને આશ્રયી અસંખ્યાતા બાદર અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. કારણ કે "પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત છે ત્યાં અવશ્ય અસંખ્યાતા અપર્યાપ્તા છે" એવું શાસ્ત્રનું વચન છે. માટે બાદર જીવોની અપેક્ષાએ સર્વ સ્થળે પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગુણા કહેવા. ત્રસકાયિક સૂત્ર પૂર્વે કહેલી યુક્તિથી જાણવું. એમ ચતુર્થ અલ્પબહુત્વ કહ્યું.॥૨૯॥૧૬૫॥

एएसि णं भंते! बायराणं बायरपुढवीकाइयाणं बायरआउकाइयाणं बायरतेउकाइयाणं बायरवाउकाइयाणं बायरवणस्सइकाइयाणं पत्तेयसरीरबायरवणस्सइकाइयाणं बायरनिगोयाणं बायरतसकाइयाणं पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतेउकाइया पज्जत्तया, बायरतसकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरतसकाइया अपज्जत्ता असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइ-

**काइया पज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोया पज्जत्तया असंखेज्जगुणा, बादरपुढवीकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरआउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, बायरपुढवीकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरवणस्सइकाइया पज्जत्तया अणंतगुणा, बादर पज्जत्तया विसेसाहिया, बायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायर अपज्जत्तया विसेसाहिया, बायरा विसेसाहिया** ।।सू०-३०।।१६६।।

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર જીવો, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે, તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર અપર્યાપ્ત વિશેષાધિક છે અને તેથી બાદર જીવો વિશેષાધિક છે. ॥૩૦॥૧૬૬॥*

(ટી૦) હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદરાદિ જીવોનું સામુદાયિક પાંચમું અલ્પબહુત્વ કહે છે-'**एएसि णं भंते! बायराणं बायरपुढवीकाइयाणं**' ઇત્યાદિ. સૌથી થોડા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે, તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે. આ પદોમાં પૂર્વે કહેલી યુક્તિનું અનુસરણ કરવું. તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાત પ્રતરોમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલા છે અને અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ છે, માટે અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત પ્રત્યેક બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે-એમ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા કહેવા. જો કે એ બધામાંના પ્રત્યેક અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે, તોપણ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો હોવાથી ઉત્તરોત્તર અસંખ્યાતગુણપણું વિરુદ્ધ નથી. અપર્યાપ્ત બાદર વાયુકાયિકથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, કારણ કે બાદર એક એક નિગોદમાં અનન્ત જીવો હોય છે. તેથી સામાન્ય બાદર પર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્ત બાદર તેજસ્કાયિકાદિનો તેમાં સમાવેશ થાય છે. તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે એક એક પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક નિગોદને આશ્રયી અસંખ્યાતા અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક નિગોદ જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી સામાન્ય બાદર અપર્યાપ્ત વિશેષાધિક છે, કારણ અપર્યાપ્ત

બાદર તેજસ્કાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી પર્યાપ્ત અપર્યાપ્ત વિશેષણ રહિત બાદર જીવો વિશેષાધિક છે. કારણ કે બાદર પર્યાપ્ત તેજસ્કાયાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. ॥૩૦॥૧૬૬॥

**एएसि णं भंते! सुहुमाणं सुहुमपुढवीकाइयाणं सुहुमआउकाइयाणं सुहुमतेउकाइयाणं सुहुमवाउकाइयाणं सुहुमवणस्सइकाइयाणं सुहुमनिगोयाणं बायराणं बायरपुढवीकाइयाणं बायरआउकाइयाणं बायरतेउकाइयाणं बायरवाउकाइयाणं बायरवणस्सइकाइयाणं पत्तेयसरीरबायरवणस्सइकाइयाणं बायरनिगोयाणं बायर तसकाइयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतसकाइया, बायरतेउकाइया असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइकाइया असंखेज्जगुणा, बायरनिगोया असंखेज्जगुणा, बायरपुढवीकाइया असंखेज्जगुणा, बायरआउकाइया असंखेज्जगुणा, बायरवाउकाइया असंखेज्जगुणा, सुहुमतेउकाइया असंखेज्जगुणा, सुहुमपुढवीकाइया विसेसाहिया, सुहुमआउकाइया विसेसाहिया, सुहुमवाउकाइया विसेसाहिया, सुहुमनिगोया असंखेज्जगुणा, बायरवणस्सइकाइया अणंतगुणा, बायरा विसेसाहिया, सुहुमवणस्सइकाइया असंखेज्जगुणा, सुहुमा विसेसाहिया ।।सू०-३१।।१६७।।**

*(મૂ૦) હે ભગવન્! એ સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ નિગોદો, બાદર જીવો, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો, અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા બાદર ત્રસકાયિકો છે, તેથી બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી બાદર જીવો વિશેષાધિક છે, તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. ॥૩૧॥૧૬૭॥*

(ટી૦) બાદર જીવોના સંબંધમાં પાંચ સૂત્રો કહ્યા, હવે સૂક્ષ્મ અને બાદર જીવોના સંબંધમાં પાંચ સૂત્રો કહેવાની ઇચ્છાવાળા પ્રથમ સામાન્ય સૂક્ષ્મ–બાદર સૂત્ર કહે છે—'એએસિ ણં ભંતે' ઇત્યાદિ. અહીં બાદર સંબંધમાં અલ્પબહુત્વનો વિચાર બાદરના પાંચ સૂત્રમાંના પ્રથમ સૂત્રની પેઠે બાદર વાયુકાય પદ સુધી જાણવો. ત્યાર પછી સૂક્ષ્મ સંબંધમાં અલ્પબહુત્વ પણ સૂક્ષ્મના પાંચ સૂત્રોમાં જે પહેલું સૂત્ર છે તેની પેઠે સૂક્ષ્મનિગોદ સુધી જાણવું. ત્યાર પછી બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે, કારણ કે એક એક બાદર નિગોદમાં અનન્ત જીવો હોય છે. તેથી બાદર જીવો વિશેષાધિક છે, કારણ કે બાદર તેજસ્કાયાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે બાદર નિગોદોથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણી છે. તેથી સામાન્ય સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે, કારણ કે સૂક્ષ્મ તેજસ્કાયાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. એમ પ્રથમ અલ્પબહુત્વ સમાપ્ત થયું. ॥૩૧॥૧૬૭॥

**एएसि णं भंते! सुहुमअपज्जत्तयाणं सुहुमपुढवीकाइयाणं अपज्जत्तयाणं सुहुमआउकाइयाणं अपज्जत्तयाणं सुहुमतेउकाइयाणं अपज्जत्तयाणं सुहुमवाउकाइयाणं अपज्जत्तयाणं सुहुमवणस्सइकाइयाणं अपज्जत्तयाणं सुहुमनिगोयाणं अपज्जत्तयाणं बायरअपज्जत्तयाणं बायरपुढवीकाइयाणं अपज्जत्तयाणं बायरआउकाइयाणं अपज्जत्तयाणं बायरतेउकाइयाणं अपज्जत्तयाणं बायरवाउकाइयाणं अपज्जत्तयाणं बायरवणस्सइकाइयाणं**

**अपज्जत्तयाणं पत्तेयसरीरबायरवणस्सइकाइयाणं अपज्जत्तयाणं बायरनिगोयाणं अपज्जत्तयाणं बायरतसकाइयाणं अपज्जत्तयाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतसकाइया अपज्जत्तया, बायरतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, बायरपुढवीकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बादरआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमपुढवीकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमआउकाइया, अपज्जत्तया विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, बायरवणस्सइकाइया अपज्जत्तया अणंतगुणा, बायरा अपज्जत्तया विसेसाहिया, सुहुमवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमा अपज्जत्तया विसेसाहिया ।।सू०-३२।।१६८।।**

*(મૂ૦) હે ભગવન્! એ સૂક્ષ્મ અપર્યાપ્ત, સૂક્ષ્મ પૃથિવીકાયિકો, સૂક્ષ્મ અપ્કાયિકો, સૂક્ષ્મ તેજસ્કાયિકો, સૂક્ષ્મ વાયુકાયિકો, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો, સૂક્ષ્મ નિગોદો, બાદર અપર્યાપ્ત, બાદર પૃથિવીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અપર્યાપ્ત બાદર ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, તેથી અપર્યાપ્ત બાદર વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.।।૩૨।।૧૬૮।।*

(ટી૦) હવે સૂક્ષ્માદિ અપર્યાપ્તાનું બીજું અલ્પબહુત્વ કહે છે-'એએસિ ણં ભંતે' ઇત્યાદિ. સૌથી થોડા અપર્યાપ્ત બાદર ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિક, બાદર પ્રત્યેક વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર પૃથિવીકાયિક, બાદર અપ્કાયિક અને બાદર વાયુકાયિક અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે, અહીં અલ્પબહુત્વનો વિચાર બાદરના સંબન્ધમાં પાંચે સૂત્રોમાં જે બીજું અપર્યાપ્ત સૂત્ર છે તેની પેઠે કરવો. તે અપર્યાપ્ત બાદર વાયુકાયિકથી અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ અતિ ઘણા મોટા અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક અને સૂક્ષ્મ નિગોદો ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. અહીં અલ્પબહુત્વનો વિચાર સૂક્ષ્મસંબન્ધમાં પાંચ સૂત્રમાં જે બીજું સૂત્ર છે તેની પેઠે કરવો. અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક જીવો અનન્તગુણ છે, કારણ કે બાદર એક એક નિગોદમાં અનન્ત જીવો હોય છે. તેથી સામાન્ય બાદર અપર્યાપ્તાઓ વિશેષાધિક છે, કારણ કે અપર્યાપ્ત બાદર ત્રસકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે. અપર્યાપ્ત બાદર નિગોદોથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે. તેથી સામાન્ય સૂક્ષ્મ અપર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે સૂક્ષ્મ તેજસ્કાયિકાદિ અપર્યાપ્તાઓનો પણ તેમાં સમાવેશ થાય છે. એમ અપર્યાપ્તાને આશ્રયી બીજું અલ્પબહુત્વ કહ્યું. ।।૩૨।।૧૬૮।।

**एएसि णं भंते! सुहुमपज्जत्तगाणं सुहुमपुढविकाइयपज्जत्तयाणं सुहुमआउकाइयपज्जत्तयाणं सुहुमतेउकाइय-पज्जत्तयाणं सुहुमवाउकाइयपज्जत्तयाणं सुहुमवणस्सइकाइयपज्जत्तयाणं सुहुमनिगोयपज्जत्तयाणं बायरपज्जत्तयाणं**

**बायरपुढवीकाइयपज्जत्तयाणं बायरआउकाइयपज्जत्तयाणं बायरतेउकाइयपज्जत्तयाणं बायरवाउकाइयपज्जत्तयाणं बायरवणस्सइकाइयपज्जत्तयाणं पत्तेयसरीरबायरवणस्सइकाइयपज्जत्तयाणं बायरनिगोयपज्जत्तयाणं बायरतसकाइयपज्जत्तयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतेउकाइया पज्जत्तया, बायरतसकाइया पज्जत्तया असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोया पज्जत्तया असंखेज्जगुणा, बायरपुढविकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरआउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया पज्जत्तया असंखेज्जगुणा, सुहुमतेउकाइया पज्जत्तया असंखेज्जगुणा, सुहुमपुढवीकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमनिगोया पज्जत्तया असंखेज्जगुणा, बायरवणस्सइकाइया पज्जत्तया अणंतगुणा, बायरपज्जत्तया विसेसाहिया, सुहुमवणस्सइकाइया पज्जत्तया असंखेज्जगुणा, सुहुमपज्जत्तया विसेसाहिया ।।सू०-३३।।१६९।।**

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્ત ૧ સૂક્ષ્મ જીવો, ૨ સૂક્ષ્મ પૃથિવીકાયિકો, ૩ સૂક્ષ્મ અપ્કાયિકો, ૪ સૂક્ષ્મ તેજસ્કાયિકો, ૫ સૂક્ષ્મ વાયુકાયિકો, ૬ સૂક્ષ્મ વનસ્પતિકાયિકો, ૭ સૂક્ષ્મ નિગોદો, ૮ બાદર જીવો, ૯ બાદર પૃથિવીકાયિકો, ૧૦ બાદર અપ્કાયિકો. ૧૧ બાદર તેજસ્કાયિકો, ૧૨ બાદર વાયુકાયિકો, ૧૩ બાદર વનસ્પતિકાયિકો, ૧૪ પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો, ૧૫ બાદર નિગોદો અને ૧૬ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ૧ સૌથી થોડા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે, ૨ તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, ૩ તેથી પર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, ૪ તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, ૫ તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, ૬ તેથી પર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૭ તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, ૮ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૯ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, ૧૦ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, ૧૧ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, ૧૨ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, ૧૩ તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, ૧૪ તેથી પર્યાપ્ત બાદર જીવો વિશેષાધિક છે, ૧૫ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, ૧૬ તેથી સૂક્ષ્મ પર્યાપ્ત વિશેષાધિક છે. ॥૩૩॥૧૬૯॥*

(ટી૦) હવે સૂક્ષ્માદિ પર્યાપ્તાઓનું ત્રીજું અલ્પબહુત્વ કહે છે-'**एएसि णं भंते! सुहुमपज्जत्तयाणं**' ઇત્યાદિ. સૌથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્ત છે, તેથી બાદર ત્રસકાયિક, બાદર પ્રત્યેક વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર પૃથિવીકાયિક, બાદર અપ્કાયિક અને બાદર વાયુકાયિક પર્યાપ્ત ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. અહિં બાદરના પાંચ સૂત્રોમાં જે ત્રીજું પર્યાપ્તસૂત્ર છે તેની પેઠે વિચાર કરવો. પર્યાપ્ત બાદર વાયુકાયિકથી પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે બાદર વાયુકાયિકો અસંખ્યાતા પ્રતરના પ્રદેશરાશિ પ્રમાણ છે અને સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્ત અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ છે, તેથી અસંખ્યાતગુણા છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક અને સૂક્ષ્મ વાયુકાયિક અનુક્રમે ઉત્તરોત્તર વિશેષાધિક છે. પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે. કારણ કે તે એક એક ગોળામાં ઘણા હોય છે, તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે. કારણ કે એક એક બાદર નિગોદમાં અનન્તા જીવો હોય છે. તેથી સામાન્ય બાદર પર્યાપ્ત વિશેષાધિક છે, કેમકે પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે બાદર નિગોદ પર્યાપ્તાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત અસંખ્યાતગુણા છે. તેથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. એમ પર્યાપ્તાને આશ્રયી ત્રીજું અલ્પબહુત્વ કહ્યું. ॥૩૩॥૧૬૯॥

एएसि णं भंते! सुहुमाणं बायराण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया, वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरा पज्जत्तया, बायराअपज्जत्तया असंखेज्जगुणा, सुहुमाअपज्जत्तया असंखेज्जगुणा, सुहुमपज्जत्तया संखेज्जगुणा।। एएसि णं भंते! सुहुमपुढविकाइयाणं बायरपुढविकाइयाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरपुढविकाइया पज्जत्तया, बायरपुढविकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमपुढवीकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमपुढविकाइया पज्जत्तया संखेज्जगुणा।। एएसि णं भंते! सुहुमआउकाइयाणं बायरआउकाइयाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरआउकाइया पज्जत्तया, बायरआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमआउकाइया पज्जत्तया संखेज्जगुणा।। एएसि णं भंते! सुहुमतेउकाइयाणं बायरतेउकाइयाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरतेउकाइया पज्जत्तया, बायरतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमतेउकाइया पज्जत्तया संखेज्जगुणा।। एएसि णं भंते! सुहुमवाउकाइयाणं बायरवाउकाइयाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरवाउकाइया पज्जत्तया, बायरवाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमा वाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमवाउकाइया पज्जत्तया संखेज्जगुणा।। एएसि णं भंते! सुहुमवणस्सइकाइयाणं बायरवणस्सइकाइयाण य पज्जत्ताऽपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरवणस्सइकाइया पज्जत्तया, बायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया पज्जत्तया संखेज्जगुणा।। एएसि णं भंते! सुहुमनिगोयाणं बायरनिगोयाण य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बायरनिगोया पज्जत्तया, बायरनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमनिगोया पज्जत्तया संखेज्जगुणा ।।सू०-३४।।१७०।।

*(મૂ૦) હે ભગવન્! એ પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ અને બાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પર્યાપ્ત બાદર જીવો છે અને તેથી અપર્યાપ્ત બાદર જીવો અસંખ્યાતગુણા છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા છે અને તેથી સૂક્ષ્મ પર્યાપ્ત સંખ્યાતગુણા છે. [એમ ૧ પર્યાપ્ત બાદર પૃથિવીકાય સૌથી થોડા છે, તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાય અસંખ્યાતગુણા છે, તેથી સૂક્ષ્મ પૃથિવીકાય અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે અને તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાય સંખ્યાતગુણા છે. એ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત ૨ સૂક્ષ્મ અપ્કાય, બાદર અપ્કાય, ૩ સૂક્ષ્મ તેજસ્કાય, બાદર તેજસ્કાય, ૪ સૂક્ષ્મ વાયુકાય બાદર વાયુકાય, ૫ સૂક્ષ્મ વનસ્પતિકાય બાદર વનસ્પતિકાય, ૬ સૂક્ષ્મ નિગોદ, અને બાદર નિગોદ સંબંધી ભિન્ન ભિન્ન સૂત્રો જાણી લેવા. બધા સ્થળે બાદર પર્યાપ્ત પૃથિવીકાયાદિથી બાદર અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત અસંખ્યાતગુણા અને તેથી સૂક્ષ્મ પર્યાપ્ત સંખ્યાતગુણા જાણવા.] ॥૩૪॥૧૭૦॥*

(ટી૦) હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ બાદરાદિ પ્રત્યેકનું પૃથક્ પૃથક્ અલ્પબહુત્વ કહે છે–'एएसि णं भंते! सुहुमाणं

बायराण य पज्जत्तापज्जत्ताणं' ઇત્યાદિ. સૌથી થોડા બાદર પર્યાપ્ત છે, કારણ કે તેઓ પરિમિત ક્ષેત્રમાં રહે છે. તેથી બાદર અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે, કારણ કે એક બાદર પર્યાપ્તાને આશ્રયી અસંખ્યાતા બાદર અપર્યાપ્તાઓ ઉપજે છે. તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે, કારણ કે સર્વલોક વ્યાપી હોવાથી તેઓનું ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તેથી સૂક્ષ્મ પર્યાપ્ત સંખ્યાતગુણા છે, તેઓ અપર્યાપ્તાથી લાંબા કાળ સુધી રહેતા હોવાને લીધે હમેશાં સંખ્યાતગુણા પ્રાપ્ત થાય છે. એમ ચતુર્થ અલ્પબહુત્વ કહ્યું. ॥૩૪॥૧૭૦॥

**एएसि णं भंते! सुहुमाणं सुहुमपुढवीकाइयाणं सुहुमआउकाइयाणं सुहुमतेउकाइयाणं सुहुमवाउकाइयाणं सुहुमवणस्सकाइयाणं सुहुमनिगोयाणं बायराणं बायरपुढविकाइयाणं बायरआउकाइयाणं बायरतेउकाइयाणं बायरवाउकाइयाणं बायरवणस्सइकाइयाणं पत्तेयसरीरबायरवणस्सइकाइयाणं बायरनिगोयाणं बायरतसकाइयाणं य पज्जत्तापज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बादरतेउकाइया पज्जत्तया, बायरतसकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरतसकाइया अपज्जत्तया असंखेज्जगुणा, पत्तेसरीरबायरवणस्सइकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोया पज्जत्तया असंखेज्जगुणा, बायरपुढवीकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरआउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया पज्जत्तया असंखेज्जगुणा, बायरतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, पत्तेयसरीरबायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, बायरपुढवीकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरवाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमपुढवीकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तया विसेसाहिया, सुहुमतेउकाइया पज्जत्तया असंखेज्जगुणा, सुहुमपुढवीकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तया विसेसाहिया, सुहुमनिगोया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमनिगोया पज्जत्तया संखेज्जगुणा, बायरवणस्सइकाइया पज्जत्तया अणंतगुणा, बायरपज्जत्तया विसेसाहिया, बायरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, बायरअपज्जत्तया विसेसाहिया, बायरा विसेसाहिया, सुहुमवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा, सुहुमअपज्जत्तया विसेसाहिया, सुहुमवणस्सइकाइया पज्जत्तया संखेज्जगुणा, सुहुमपज्जत्तया विसेसाहिया, सुहुमा विसेसाहिया ॥४ दारं॥ ॥सू०-३५॥१७१॥**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત ૧ સૂક્ષ્મ જીવો, ૨ સૂક્ષ્મ પૃથિવીકાયિકો, ૩ સૂક્ષ્મ અપ્કાયિકો, ૪ સૂક્ષ્મ તેજસ્કાયિકો, ૫ સૂક્ષ્મ વાયુકાયિકો, ૬ સૂક્ષ્મ વનસ્પતિકાયિકો, ૭ સૂક્ષ્મ નિગોદો, ૮ બાદર જીવો, ૯ બાદર પૃથિવીકાયિકો, ૧૦ બાદર અપ્કાયિકો, ૧૧ બાદર તેજસ્કાયિકો, ૧૨ બાદર વાયુકાયિકો, ૧૩ બાદર વનસ્પતિકાયિકો, ૧૪ પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો, ૧૫ બાદર નિગોદો અને ૧૬ બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ૧ સૌથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્ત છે, ૨ તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, ૩ તેથી અપર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, ૪ તેથી પર્યાપ્ત પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, ૫ તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, ૬ તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, ૭ તેથી પર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૮ તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, ૯ તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૧૦ તેથી અપર્યાપ્ત પ્રત્યેક શરીર*

*બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, ૧૧ તેથી અપર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે, ૧૨ તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે, ૧૩ તેથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૧૪ તેથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે, ૧૫ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૧૬ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, ૧૭ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, ૧૮ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, ૧૯ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે, ૨૦ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે, ૨૧ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે, ૨૨ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે, ૨૩ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે, ૨૪ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે, ૨૫ તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે, ૨૬ તેથી બાદર પર્યાપ્ત વિશેષાધિક છે, ૨૭ તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, ૨૮ તેથી બાદર અપર્યાપ્ત વિશેષાધિક છે, ૨૯ તેથી બાદર જીવો વિશેષાધિક છે, ૩૦ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, ૩૧ તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત વિશેષાધિક છે, ૩૨ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, ૩૩ તેથી સૂક્ષ્મ પર્યાપ્ત વિશેષાધિક છે, અને ૩૪ તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. ॥૩૫॥૧૭૧॥*

(ટી૦) હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિ, બાદર અને બાદર પૃથિવીકાયિકાદિનું સામુદાયિક પાંચમું અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો છે. કારણ કે તેઓ આવલિકાના સમયનો વર્ગ કરી તેને કેટલાક સમય ન્યૂન આવલિકાના સમયો વડે ગુણતાં જેટલા સમયો થાય તેટલા છે. તેથી પર્યાપ્ત બાદર ત્રસકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ એક પ્રતરના અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ જેટલા ખંડો થાય તેટલા છે. તેથી પર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર પૃથિવીકાયિક, બાદર અપ્કાયિક અને બાદર વાયુકાયિક ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. જો કે એઓ પ્રત્યેક પ્રતરના અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ જેટલા ખંડ થાય તેટલા છે તોપણ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાતા ભેદો થતા હોવાથી ઉત્તરોત્તર અસંખ્યાતગુણાનું કથન પરસ્પર વિરુદ્ધ નથી. તેથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્ત અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ છે. તેથી અપર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર પૃથિવીકાયિક, બાદર અપ્કાયિક અને બાદર વાયુકાયિક ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. અપર્યાપ્ત બાદર વાયુકાયિકથી અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક અને સૂક્ષ્મ વાયુકાયિક ઉત્તરોત્તર વિશેષાધિક છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિક સંખ્યાતગુણા છે. કારણ કે સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાઓ કરતાં પર્યાપ્ત સામાન્ય રીતે સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક અને સૂક્ષ્મ વાયુકાયિક ઉત્તરોત્તર વિશેષાધિક છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ ઘણી મોટી સંખ્યા વડે સર્વ લોકમાં છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે, કારણ કે સૂક્ષ્મમાં અપર્યાપ્ત કરતાં પર્યાપ્તાઓ સામાન્યરીતે હમેશાં સંખ્યાતગુણા હોય છે. જો કે આ બધા બાદર પર્યાપ્ત તેજસ્કાયિકોથી આરંભી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ સુધીના સોળ પદાર્થો અન્ય સ્થળે સામાન્ય રીતે અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ કહ્યા છે તો પણ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો હોવાથી અહીં આ પ્રમાણે અસંખ્યાતગણું, વિશેષાધિકપણું કે સંખ્યાતગણું કહેલું છે તે વિરુદ્ધ ન સમજવું. પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદોથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનન્તગુણા છે. કારણ કે બાદર એક એક નિગોદમાં અનન્ત જીવો હોય છે. તેથી સામાન્ય રીતે બાદર પર્યાપ્તાઓ વિશેષાધિક છે, કારણ કે તેઓમાં બાદર પર્યાપ્ત તેજસ્કાયિકાદિનો પણ સમાવેશ થાય છે. તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે, કારણ કે એક એક પર્યાપ્ત બાદર નિગોદને આશ્રયી અસંખ્યાતા અપર્યાપ્ત બાદર નિગોદોની ઉત્પત્તિ થાય છે. તેથી સામાન્ય રીતે બાદર અપર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી સામાન્ય બાદર જીવો વિશેષાધિક છે. કારણ કે તેમાં પર્યાપ્તાઓનો પણ સમાવેશ થાય છે. તેથી

અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે બાદર નિગોદ કરતાં અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે. તેથી સામાન્યતઃ સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે, કારણ કે તેમાં અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિનો પણ સમાવેશ થાય છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે. કારણ કે અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે, કેમકે સૂક્ષ્મ જીવોમાં સામાન્ય રીતે અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા હોય છે તેથી તેઓ સૂક્ષ્મ અપર્યાપ્તાથી સંખ્યાતગુણા છે. કારણ કે સૂક્ષ્મ અપર્યાપ્તાનું વિશેષાધિકપણું સંખ્યાતગુણાનો બાધ કરતું નથી. તેથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી પર્યાપ્ત કે અપર્યાપ્ત વિશેષણ રહિત સામાન્ય સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે, કારણ કે તેઓમાં અપર્યાપ્તાઓનો પણ સમાવેશ થાય છે. એમ સૂક્ષ્મ બાદરનું સામુદાયિક પાંચમું અલ્પબહુત્વ કહ્યું અને તેમ કહેવાથી પંદર સૂત્રોનું પણ સમર્થન કર્યું.॥૩૫॥૧૭૧॥

## ५ जोगदारं

**एएसि णं भंते! जीवाणं सयोगीणं मणजोगीणं वइजोगीणं कायजोगीणं अयोगीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा मणयोगी, वययोगी असंखेज्जगुणा, अयोगी अणंतगुणा, काययोगी अणंतगुणा, सयोगी विसेसाहिया ॥५ दारं॥ ॥सू०-३६॥१७२॥**

*(મૂ૦) હે ભગવન્! એ સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો મનોયોગી છે, તેથી વચનયોગી અસંખ્યાતગુણા છે, તેથી અયોગી અનંતગુણા છે, તેથી કાયયોગી અનંતગુણા છે અને તેથી સયોગી વિશેષાધિક છે. ॥૩૬॥૧૭૨॥*

(ટી૦) કાયદ્વાર કહ્યું, હવે યોગદ્વાર કહે છે–સૌથી થોડા મનોયોગી છે, કારણ કે સંજ્ઞી પર્યાપ્તા જ મનોયોગવાળા હોય છે અને તે સૌથી થોડા છે. તેથી વચનયોગી અસંખ્યાતગુણા છે, કારણ કે બેઇન્દ્રિયાદિક જીવો વચનયોગવાળા છે અને તે સંજ્ઞીથી અસંખ્યાતગુણા છે. તેથી અયોગી અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનંતા છે. તેથી કાયયોગી અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાયિક જીવો અનન્ત છે. જો કે અનન્ત નિગોદ જીવોનું એક શરીર છે તો પણ તે એક શરીર વડે બધાય પણ આહારાદિ ગ્રહણ કરે છે. માટે બધા જીવો પણ કાયયોગી હોવાથી તેના અનન્તગુણત્વમાં અડચણ નથી. તેથી સામાન્ય સયોગી વિશેષાધિક છે, કારણ કે વચનયોગવાળા અને કાયયોગવાળા બેઇન્દ્રિયાદિનો તેમાં સમાવેશ થાય છે.॥૩૬॥૧૭૨॥

## ६ वेयदारं

**एएसि णं भंते! जीवाणं सवेयगाणं इत्थीवेयगाणं पुरिसवेयगाणं नपुंसकवेयगाणं अवेयगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा पुरिसवेयगा, इत्थीवेयगा संखेज्जगुणा, अवेयगा अणंतगुणा, नपुंसकवेयगा अणंतगुणा, सवेयगा विसेसाहिया ॥सू०-३७॥१७३॥**

*(મૂ૦) હે ભગવન્! એ સવેદી–વેદસહિત, સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી અને અવેદી–વેદરહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પુરુષવેદી છે, તેથી સંખ્યાતગુણા સ્ત્રીવેદી છે, તેથી અનન્તગુણા અવેદી છે, તેથી અનંતગુણા નપુંસકવેદી છે, અને તેથી સવેદી જીવો વિશેષાધિક છે. ॥૩૭॥૧૭૩॥*

(ટી૦) યોગદ્વાર સમાપ્ત થયું, હવે વેદદ્વાર કહે છે–સૌથી થોડા પુરુષવેદવાળા છે, કારણ કે સંજ્ઞી જીવોમાંજ તિર્યંચ, મનુષ્ય અને દેવોને પુરુષવેદ હોય છે. તેથી સ્ત્રીવેદવાળા સંખ્યાતગુણા છે, કારણ કે જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે–"**तिरिक्खजोणियपुरिसेहिंतो तिरिक्खजोणियइत्थीओ तिगुणीओ तिरूवाहियाओय, तहा मणुस्सपुरिसेहिंतो मणुस्सइत्थीओ सत्तावीसगुणाओ सत्तावीसरूवुत्तराओ य, तथा देवपुरिसेहिंतो देवित्थीओ बत्तीसगुणाओ बत्तीसरूवुत्तराओ**" इति–"તિર્યંચયોનિક પુરુષોથી તિર્યંચયોનિક સ્ત્રીઓ ત્રણ ગણી અને ત્રણ અધિક છે, મનુષ્યોથી માનુષી સ્ત્રીઓ સત્યાવીશગણી અને સત્યાવીશ

અધિક છે અને દેવોથી દેવીઓ બત્રીશ ગણી અને બત્રીશ અધિક' છે." તેમજ વૃદ્ધાચાર્યોએ પણ કહ્યું છે-''तिगुण तिरूवअहिया तिरियाणं इत्थिया मुणेयव्वा। सत्तावीस गुणा पुण मणुयाणं तदहिया चेव ॥१॥ बत्तीसगुणा बत्तीसरूवअहिया य तहय देवाणं। देवीओ पन्नत्ता जिणेहि जियरागदोसेहिं ॥२॥-તિર્યંચ સ્ત્રીઓ ત્રણ ગણી અને ત્રણ અધિક, મનુષ્ય સ્ત્રીઓ સત્યાવીશ અધિક સત્યાવીશગણી તથા દેવોમાં દેવીઓ બત્રીશ અધિક બત્રીશ ગણી રાગદ્વેષને જિતનાર જિનોએ કહેલી છે." તેથી અવેદક-વેદરહિત અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનન્ત છે. તેથી નપુંસકવેદવાળા અનન્તગુણા છે, કારણ કે સિદ્ધોથી વનસ્પતિકાયિક અનન્તગુણા છે. તેથી સામાન્ય વેદસહિત વિશેષાધિક છે, કારણ કે તેમાં સ્ત્રીવેદવાળા અને પુરુષવેદવાળાનો સમાવેશ થાય છે. ॥૩૭॥૧૭૩॥

## ७ कसायदारं

**एएसि णं भंते! [जीवाणं]सकसाईणं कोहकसाईणं माणकसाईणं मायाकसाईणं लोहकसाईणं अकसाईण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा अकसाई, माणकसाई अणंतगुणा, कोहकसाई विसेसाहिया, मायाकसाई विसेसाहिया, लोहकसाई विसेसाहिया, सकसाई विसेसाहिया ।७ दारं।। ।सू०-३८।।१७४।।**

*(મૂ૦) હે ભગવન્! સકષાયી, ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો અકષાયી છે, તેથી માનકષાયી અનન્તગુણા છે, તેથી ક્રોધકષાયી વિશેષાધિક છે, તેથી માયાકષાયી વિશેષાધિક છે, તેથી લોભકષાયી વિશેષાધિક છે, અને તેથી સકષાયી વિશેષાધિક છે. ॥૩૮॥૧૭૪॥*

(ટી૦) વેદદ્વાર સમાપ્ત થયું, હવે કષાયદ્વાર કહે છે-સૌથી થોડા અકષાયી-કષાયરહિત છે, કારણ કે સિદ્ધો અને કેટલાક મનુષ્યો અકષાયી હોય છે. તેથી માનકષાયી-માનકષાયના પરિણામવાળા અનન્તગુણા છે, કારણ કે છ એ જીવનિકાયમાં માનકષાયનો પરિણામ હોય છે. તેથી ક્રોધકષાયના પરિણામવાળા વિશેષાધિક છે, તેથી માયાકષાયના પરિણામવાળા વિશેષાધિક છે, તેથી લોભકષાયના પરિણામવાળા વિશેષાધિક છે. કારણ કે માનકષાયના પરિણામ કાળની અપેક્ષાએ ક્રોધાદિ કષાયના પરિણામનો કાળ ઉત્તરોત્તર વિશેષાધિક હોવાથી ક્રોધાદિ કષાયવાળા ઉત્તરોત્તર વિશેષાધિક હોય છે. લોભકષાયવાળાથી સામાન્ય સકષાયી-કષાયના પરિણામવાળા વિશેષાધિક છે. કારણ કે માનાદિ કષાયોનો પણ તેમાં સમાવેશ થાય છે. 'सकषायिणः' સકષાયી શબ્દની અહીં આ વ્યુત્પત્તિ છે-કષાયશબ્દથી કષાયોદય ગ્રહણ કરવો, કેમકે લોકમાં તેવો વ્યવહાર થાય છે-'આ સકષાય-કષાયના ઉદયવાળો છે.' 'सह कषायेण' કષાયોદય સહિત હોય તે સકષાયોદય કહેવાય. એટલે વિપાકના સ્થાનને પ્રાપ્ત થયેલા અને પોતાના ઉદયને પ્રદર્શિત કરતા કર્મપરમાણુઓ જાણવા. કારણ કે તેવા પ્રકારના કર્મપરમાણુઓ હોય ત્યારે જીવને અવશ્ય કષાયોદયનો સંભવ છે, 'सकषाया विद्यन्ते येषां ते सकषायिणः' કષાયોદયવાળા કર્મપરમાણુઓ જેઓને છે તે સકષાયી કહેવાય છે. ॥૩૮॥૧૭૪॥

## ८ लेस्सादारं

**एएसि णं भंते! जीवाणं सलेस्साणं किण्हलेस्साणं नीललेस्साणं काउलेस्साणं तेउलेस्साणं पम्हलेस्साणं सुक्कलेस्साणं अलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा सुक्कलेस्सा, पम्हलेस्सा संखेज्जगुणा, तेउलेस्सा संखेज्जगुणा, अलेस्सा अणंतगुणा, काउलेस्सा अणंतगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, सलेस्सा विसेसाहिया।।८ दारं।। ।सू०-३९।।१७५।।**

१. જુઓ જીવાભિગમ સૂત્ર આ. સ. ૫૦ ૮૭ સૂ. ૬૪

*(મૂ૦) હે ભગવન્! લેશ્યાવાળા, કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા, શુક્લલેશ્યાવાળા, અને લેશ્યારહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા છે, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી લેશ્યારહિત અનંતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે અને તેથી સામાન્ય લેશ્યાવાળા વિશેષાધિક છે. ॥૩૯॥૧૭૫॥*

(ટી૦) કષાયદ્વાર સમાપ્ત થયું, હવે લેશ્યાદ્વાર કહે છે–સૌથી થોડા શુક્લલેશ્યાવાળા છે, કારણ કે લાંતકથી માંડી અનુત્તર સુધીના વૈમાનિક દેવોમાં અને કેટલાએક ગર્ભજ કર્મભૂમિના સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં તથા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા કેટલાક તિર્યંચ સ્ત્રીપુરુષોમાં શુક્લલેશ્યાનો સંભવ છે. તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, કેમકે પદ્મલેશ્યા સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક–કલ્પવાસી દેવોમાં તથા પુષ્કળ ગર્ભજ કર્મભૂમિના સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય સ્ત્રી–પુરુષોમાં તેમજ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ સ્ત્રી–પુરુષોમાં હોય છે. સનત્કુમારાદિ દેવો વગેરે બધા મળીને લાન્તકાદિ દેવો વગેરેથી સંખ્યાતગુણા હોય છે, માટે શુક્લલેશ્યાવાળાથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા જાણવા. તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા હોય છે, કારણ કે સૌધર્મ, ઈશાન, જ્યોતિષિક દેવો કેટલાએક ભવનપતિ, વ્યન્તર, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને બાદરપર્યાપ્ત એકેન્દ્રિયોને તેજોલેશ્યા હોય છે.

(પ્ર૦)—પદ્મલેશ્યાવાળા કરતાં તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા કેમ ન હોય? કારણ કે જ્યોતિષ્કો ભવનવાસીથી પણ અસંખ્યાતગુણા છે, તો પછી સનત્કુમારાદિ દેવોથી હોય તેમાં શું કહેવું? અને જ્યોતિષ્કો બધા તેજોલેશ્યાવાળા છે, તેમજ સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો પણ તેજોલેશ્યાવાળા છે તે માટે અસંખ્યાતગુણા થાય, પણ સંખ્યાતગુણા ન થાય. (ઉ૦)— વસ્તુતત્ત્વના અજ્ઞાનથી તમારી શંકા થયેલી છે તેથી અયુક્ત છે, કારણ કે લેશ્યાપદમાં ગર્ભજ તિર્યંચો અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોના કૃષ્ણલેશ્યાદિ સંબંધમાં અલ્પબહુત્વમાં સૂત્ર કહેવામાં આવશે કે–"સૌથી થોડા ગર્ભજ તિર્યંચો શુક્લલેશ્યાવાળા છે, તેથી શુક્લલેશ્યાવાળી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાત ગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે.' અને મહાદંડકમાં તિર્યંચ સ્ત્રીથી વ્યન્તર અને જ્યોતિષિકો સંખ્યાતગુણા કહેશે, તેથી જોકે ભવનવાસી કરતાં પણ જ્યોતિષિકો અસંખ્યાતગુણા છે તો પણ પદ્મલેશ્યાવાળાથી તો તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા જ હોય છે. અહીં આ તાત્પર્ય છે—જો કેવળ પદ્મલેશ્યાવાળા દેવોનીજ અપેક્ષાએ તેજોલેશ્યાવાળા દેવોનો જ વિચાર કરવામાં આવે તો અસંખ્યાતગુણા થાય, પરન્તુ અહીં પદ્મલેશ્યાવાળામાં તિર્યંચો મિશ્રિત હોવાથી પદ્મલેશ્યાવાળા કરતાં તિર્યંચ મિશ્રિત તેજોલેશ્યાવાળાનો વિચાર કરાય છે અને પદ્મલેશ્યાવાળા પણ તિર્યંચો ઘણા છે, તેથી સંખ્યાતગુણા જ થાય છે, પણ અસંખ્યાતગુણા થતા નથી.

તેથી લેશ્યારહિત જીવો અનન્તગુણા છે. કારણ કે સિદ્ધો અનન્ત છે. તેથી કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાયિકને પણ કાપોતલેશ્યાનો સંભવ છે, અને વનસ્પતિકાયિકો સિદ્ધોથી પણ અનન્તગુણા છે. તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, કેમકે કાપોતલેશ્યાવાળા કરતાં ઘણા જીવોને નીલલેશ્યાનો સંભવ છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, કારણ કે નીલલેશ્યાવાળા કરતાં પણ ઘણા જીવોને કૃષ્ણ લેશ્યા હોય છે. તેથી સામાન્ય લેશ્યાસહિત જીવો વિશેષાધિક છે, કારણ કે નીલલેશ્યાવાળા વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે. ॥૩૯॥૧૭૫॥

### ९ सम्मत्तदारं

**एएसि णं भंते! जीवाणं सम्मद्दिट्ठीणं मिच्छादिट्ठीणं सम्मामिच्छादिट्ठीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा सम्मामिच्छदिट्ठी, सम्मदिट्ठी अणंतगुणा, मिच्छादिट्ठी**

**अणंतगुणा ।।९दारं।। ।।सू०-४०।।१७६।।**

*(મૂ૦) હે ભગવન્! સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ-મિશ્રદૃષ્ટિ એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ સૌથી થોડા જીવો મિશ્રદૃષ્ટિવાળા છે, તેથી સમ્યગ્દૃષ્ટિ અનન્તગુણા છે અને તેથી મિથ્યાદૃષ્ટિ જીવો અનન્તગુણા છે. ॥૪૦॥૧૭૬॥*

(ટી૦) લેશ્યાદ્વાર સમાપ્ત થયું, હવે સમ્યક્ત્વદ્વાર કહે છે—સૌથી થોડા મિશ્રદૃષ્ટિ છે, કારણ કે મિશ્રદૃષ્ટિના પરિણામનો કાળ અન્તર્મુહૂર્તપ્રમાણ હોવાથી ઘણો થોડો છે, તેથી તેઓના પ્રશ્ન સમયે થોડા જ જીવો હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનન્ત છે. તેથી પણ મિથ્યાદૃષ્ટિ અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાયિકો સિદ્ધોથી પણ અનન્તગુણા છે અને તેઓ મિથ્યાદૃષ્ટિ છે. ॥૪૦॥૧૭૬॥

## १० नाणदारं

**एएसि णं भंते। जीवाणं आभिणिबोहियणाणीणं सुयणाणीणं ओहिणाणीणं मणपज्जवणाणीणं केवलणाणीणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा। सव्वत्थोवा जीवा मणपज्जवणाणी, ओहिनाणी असंखेज्जगुणा, आभिणिबोहियनाणी सुयनाणी दोवि तुल्ला विसेसाहिया, केवलनाणी अणंतगुणा ।।सू०-४१।।१७७।।**

*(મૂ૦) હે ભગવન્! એ આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે, તેથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને બન્ને પરસ્પર તુલ્ય છે, તેથી કેવલજ્ઞાની અનન્તગુણા છે. ॥૪૧॥૧૭૭॥*

(ટી૦) સમ્યક્ત્વ દ્વાર કહ્યું, હવે જ્ઞાનદ્વાર કહે છે—સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, કારણ કે **આમર્ષૌષધ્યાદિ ઋદ્ધિ પ્રાપ્ત સંયતોને જ મનઃપર્યવજ્ઞાનનો સંભવ છે.** તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે, કારણ કે નારક, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવોને પણ અવધિજ્ઞાનનો સંભવ છે. તેથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે, કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જે અવધિજ્ઞાન રહિત છે તેઓમાં પણ કેટલાકને આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન હોય છે, અને સ્વસ્થાનની અપેક્ષાએ બન્ને પરસ્પર તુલ્ય છે. કારણ કે 'જ્યાં મતિજ્ઞાન છે ત્યાં શ્રુતજ્ઞાન છે અને જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં મતિજ્ઞાન છે.' એવું શાસ્ત્રનું વચન છે. તેથી કેવળજ્ઞાની અનન્તગુણા છે, કેમકે સિદ્ધો અનન્ત છે. ॥૪૧॥૧૭૭॥

**एएसि णं भंते। जीवाणं मइअन्नाणीणं सुयअन्नाणीणं विभंगणाणीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा। सव्वत्थोवा जीवा विभंगनाणी, मइअन्नाणी सुयअन्नाणी दोवि तुल्ला अणंतगुणा ।।सू०-४२।।१७८।।**

*(મૂ૦) હે ભગવન્! એ મતિઅજ્ઞાની શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા વિભંગજ્ઞાની છે, તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનન્તગુણા છે અને પરસ્પર તુલ્ય છે. ॥૪૨॥૧૭૮॥*

(ટી૦) જ્ઞાનીઓનું અલ્પબહુત્વ કહ્યું, હવે જ્ઞાનીના પ્રતિપક્ષરૂપ અજ્ઞાનીઓનું અલ્પબહુત્વ કહે છે-સૌથી થોડા વિભંગજ્ઞાની છે, કારણ કે કેટલાએક નારક, દેવ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને વિભંગ જ્ઞાન હોય છે. તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિને પણ મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે, અને તેઓ અનન્ત છે. તથા સ્વસ્થાનની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે. કારણ કે 'જ્યાં મતિઅજ્ઞાન છે ત્યાં શ્રુતઅજ્ઞાન છે, અને જ્યાં શ્રુતઅજ્ઞાન છે ત્યાં મતિઅજ્ઞાન છે,'

એવું શાસ્ત્રનું વચન છે. ॥૪૨॥૧૭૮॥

**एएसि णं भंते! जीवाणं आभिणिबोहियणाणीणं सुयनाणीणं ओहिनाणीणं मणपज्जवनाणीणं केवलनाणीणं मइअन्नाणीणं सुयअन्नाणीणं विभंगणाणीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा मणपज्जवनाणी, ओहिनाणी असंखेज्जगुणा, आभिणिबोहियनाणी सुयनाणी य दोवि तुल्ला विसेसाहिया, विभंगनाणी असंखेज्जगुणा, केवलनाणी अणंतगुणा, मइअन्नाणी सुयअन्नाणी य दोवि तुल्ला अणंतगुणा ॥१० दारं॥ ॥सू०-४३॥१७९॥**

*(મૂ૦) હે ભગવન્! એ આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગઅજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે, તેથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને બન્ને પરસ્પર તુલ્ય છે, તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે, તેથી કેવલજ્ઞાની અનન્તગુણા છે, તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનંતગુણા છે અને પરસ્પર તુલ્ય છે. ॥૪૩॥૧૭૯॥*

(ટી૦) હવે બન્ને જ્ઞાની અને અજ્ઞાનીનું સામુદાયિક અલ્પબહુત્વ કહે છે–સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, તેથી અસંખ્યાતગુણા અવધિજ્ઞાની છે, તેથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે. અહીં પૂર્વે કહ્યા પ્રમાણે યુક્તિનો વિચાર કરવો. તેથી અસંખ્યાતગુણા વિભંગજ્ઞાની છે, કારણ કે દેવગતિ અને નારકગતિમાં સમ્યગ્દૃષ્ટિ કરતાં મિથ્યાદૃષ્ટિ અસંખ્યાતગુણા કહ્યા છે અને દેવ અને નારકો સમ્યગ્દૃષ્ટિ અવધિજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ વિભંગજ્ઞાની હોય છે, માટે અસંખ્યાતગુણા છે. તેથી કેવલજ્ઞાની અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનન્ત છે. તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાયિકો સિદ્ધોથી પણ અનન્તગુણ છે અને તેઓ મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની છે. તથા સ્વસ્થાને બન્ને પરસ્પર તુલ્ય છે. ॥૪૩॥૧૭૯॥

## ૧૧ दंसणदारं

**एएसि णं भंते! जीवाणं चक्खुदंसणीणं अचक्खुदंसणीणं ओहिदंसणीणं केवलदंसणीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा ओहिदंसणी, चक्खुदंसणी असंखेज्जगुणा, केवलदंसणी अणंतगुणा, अचक्खुदंसणी अणंतगुणा ॥११ दारं॥ ॥सू०-४४॥१८०॥**

*(મૂ૦) હે ભગવન્! એ ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અવધિદર્શની અને કેવલદર્શની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો અવધિદર્શની છે, તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે, તેથી કેવલદર્શની અનંતગુણા છે, તેથી અચક્ષુદર્શની અનંતગુણા છે. ॥૪૪॥૧૮૦॥*

(ટી૦) જ્ઞાનદ્વાર સમાપ્ત થયું, હવે દર્શનદ્વાર કહે છે–સૌથી થોડા અવધિદર્શની છે, કારણ કે દેવો, નારકો, તથા કેટલાક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને અવધિદર્શન હોય છે. તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે, કારણ કે બધા દેવ, નારક, ગર્ભજ મનુષ્ય, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને ચઉરિન્દ્રિયને ચક્ષુદર્શન હોય છે. તેથી કેવલદર્શની અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનન્તા છે. તેથી અચક્ષુદર્શની અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાય સિદ્ધોથી પણ અનન્તગુણા છે. ॥૪૪॥૧૮૦॥

## ૧૨ संजयदारं

**एएसि णं भंते! जीवाणं संयताणं असंयताणं संजयासंजयाणं नोसंजय-नोअसंजय-नोसंजयासंजयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा संजया, संजयासंजता**

**असंखेज्जगुणा, नोसंयत-नोअसंजत-नोसंयतासंयत अणंतगुणा, असंजया अणंतगुणा ।।१२ दारं।। ।।सू०-४५।।१८१।।**

*(મૂ૦) હે ભગવન્! એ સંયત, અસંયત, સંયતાસંયત અને નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો સંયત છે, તેથી સંયતાસંયત અસંખ્યાતગુણા છે, તેથી નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત અનંતગુણા છે અને તેથી અસંયત અનન્તગુણા છે. ॥૪૫॥૧૮૧॥*

(ટી૦) દર્શનદ્વાર કહ્યું, હવે સંયતદ્વાર કહે છે–સૌથી થોડા સંયત–સર્વવિરતિવાળા જીવો છે, કારણ કે તેઓ ઉત્કૃષ્ટ પદે પણ હજાર ક્રોડ પૃથક્ત્વ પ્રમાણ હોય છે, કેમકે **''कोडिसहस्सपुहुत्तं मणुयलोए संजयाणं''** મનુષ્ય લોકમાં સંયતો કોટીસહસ્ર પૃથક્ત્વપ્રમાણ હોય છે–એવું શાસ્ત્રનું વચન છે. તેથી સંયતાસંયત–દેશવિરતિવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે અસંખ્યાતા તિર્યંચ પંચેન્દ્રિયોને દેશવિરતિનો સંભવ છે. તેથી નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત અનન્તગુણા છે, એટલે ત્રણે પ્રકારના પ્રતિષેધયુક્ત સિદ્ધો છે અને તે અનન્તા છે. તેથી અસંયત–વિરતિ રહિત જીવો અનન્તા છે, કારણ કે વનસ્પતિકાયિક સિદ્ધોથી પણ અનન્તા છે. ॥૪૫॥૧૮૧॥

## १३ उवओगदारं

**एएसि णं भंते! जीवाणं सागारोवउत्ताणं अणागारोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा अणागारोवउत्ता, सागारोवउत्ता संखेज्जगुणा ।।१४ दारं।। ।।सू०-४६।।१८२।।**

*(મૂ૦) હે ભગવન્! એ સાકારોપયોગવાળા અને અનાકારોપયોગવાળા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો અનાકારોપયોગવાળા છે, તેથી સાકારોપયોગવાળા સંખ્યાતગુણા છે. ॥૪૬॥૧૮૨॥*

(ટી૦) સંયત દ્વાર સમાપ્ત થયું, હવે ઉપયોગદ્વાર કહે છે—અહીં અનાકાર–દર્શનોપયોગ કાળ સૌથી થોડો છે, અને તેથી સાકારોપયોગ–જ્ઞાનોપયોગકાળ સંખ્યાતગુણ છે માટે જીવો પણ અનાકારોપયોગવાળા સૌથી થોડા છે, કારણ કે પ્રશ્ન સમયે થોડા જ હોય છે, તેથી સાકારોપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે સાકારોપયોગનો કાલ લાંબો હોવાથી તેઓ પ્રશ્નસમયે ઘણા હોય છે. ॥૪૬॥૧૮૨॥

## १४ आहारदारं

**एएसि णं भंते! जीवाणं आहारगाणं अणाहारगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा अणाहारगा, आहारगा असंखेज्जगुणा ।।१५ दारं।। ।।सू०-४७।।१८३।।**

*(મૂ૦) હે ભગવન્! એ આહારક અને અનાહારક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો અનાહારક છે, અને તેથી આહારક અસંખ્યાતગુણા છે. ॥૪૭॥૧૮૩॥*

(ટી૦) ઉપયોગદ્વાર કહ્યું, હવે આહારકદ્વાર કહે છે–સૌથી થોડા અનાહારક જીવો છે, કારણ કે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા વગેરે જીવોજ અનાહારક હોય છે. કહ્યું છે કે–**''विग्गहगइमावन्ना केवलिणो समुहया अजोगी य। सिद्धा य अणाहारा सेसा आहारगा जीवा''॥** ''વિગ્રહ ગતિને પ્રાપ્ત થયેલા સમુદ્ઘાત પ્રાપ્ત કેવલજ્ઞાની, અયોગી કેવલી અને સિદ્ધો અનાહારક હોય છે અને બાકી બધા આહારક હોય છે'' તેથી આહારક જીવો અસંખ્યાતગુણા છે.

(પ્ર૦) વનસ્પતિકાયિકો સિદ્ધોથી અનન્તગુણા છે અને તેઓ આહારક છે તો (અનાહારકથી) અનન્તગુણા કેમ ન હોય? (ઉ૦)–આ શંકા વસ્તુતત્ત્વના અજ્ઞાનથી થયેલી હોવાથી અયુક્ત છે. અહીં સૂક્ષ્મ નિગોદો બધા મળીને પણ અસંખ્યાતા છે, અને તેમાં અન્તમુહૂર્તના સમય પ્રમાણ સૂક્ષ્મ નિગોદો હમેશાં વિગ્રહગતિમાં હોય છે, માટે અનાહારક પણ ઘણા છે અને

તે સર્વ જીવરાશિના અસંખ્યાતમા ભાગ જેટલા છે. તેથી આહારક જીવો અસંખ્યાતગુણા છે, પણ અનન્તગુણા નથી. ॥૪૭॥૧૮૩॥

## १५ भासगदारं

**एएसि णं भंते! जीवाणं भासगाणं अभासगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा भासगा, अभासगा अणंतगुणा ॥१५ दारं॥ सू०-४८॥१८४॥**

(મૂ૦) *હે ભગવન્! એ ભાષક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ભાષક જીવો છે અને અભાષક જીવો અંનતગુણા છે. ॥૪૮॥૧૮૪॥*

(ટી૦) આહારકદ્વાર સમાપ્ત થયું, હવે ભાષકદ્વાર કહે છે–સૌથી થોડા ભાષક–ભાષાલબ્ધિસંપન્ન છે, કારણ કે બેઇન્દ્રિયાદિ જીવો ભાષક–બોલવાની શક્તિવાલા છે. તેથી ભાષા લબ્ધિરહિત અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિ જીવો અનન્તગુણા છે. ॥૪૮॥૧૮૪॥

## १६ परित्तदारं

**एएसि णं भंते! जीवाणं परित्ताणं अपरित्ताणं नोपरित्तनोअपरित्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा परित्ता, नोपरित्तानोअपरित्ता अणंतगुणा, अपरित्ता अणंतगुणा ॥१६ दारं॥ ॥सू०-४९॥१८५॥**

(મૂ૦) *હે ભગવન્! એ પરીત્ત, અપરીત્ત અને નોપરીત્ત–નોઅપરીત્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! થોડા પરીત્ત જીવો છે. નોપરીત્ત–નોઅપરીત્ત જીવો અનંતગુણા છે અને તેથી અપરીત્ત જીવો અનન્તગુણા છે. ॥૪૯॥૧૮૫॥*

(ટી૦) ભાષકદ્વાર સમાપ્ત થયું, હવે પરીત્તદ્વાર કહે છે–અહીં પરીત્ત બે પ્રકારના છે–[1]ભવપરીત્ત અને કાયપરીત્ત. જેઓને કંઇક ન્યૂન અંર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી છે તે ભવપરીત્ત–શુક્લપાક્ષિક અને કાયપરીત્ત–પ્રત્યેક શરીરી. તેમાં બન્ને પ્રકારના પરીત્ત જીવો સૌથી થોડા છે, કેમકે શુક્લપાક્ષિક અને પ્રત્યેકશરીરી જીવો બાકીના જીવોની અપેક્ષાએ ઘણાજ થોડા છે. તેથી નોપરીત્ત–નોઅપરીત્ત જીવો અનન્તગુણા છે, કારણ કે બન્ને પ્રકારના નિષેધવાળા સિદ્ધો છે અને તે અનન્ત છે. તેથી અપરીત્ત જીવો અનન્તગુણા છે. કારણ કે કૃષ્ણપાક્ષિક અને સાધારણ વનસ્પતિકાયિકો સિદ્ધોથી અનન્તગુણા છે. ॥૪૯॥૧૮૫॥

## १७ पज्जत्तदारं

**एएसि णं भंते! जीवाणं पज्जत्ताणं अपज्जत्ताणं नोपज्जत्तानोअपज्जत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा नोपज्जत्तानोअपज्जत्तगा, अपज्जत्तगा अणंतगुणा, पज्जत्तगा संखिज्जगुणा ॥१७ दारं॥ ॥सू०-५०॥१८६॥**

(મૂ૦) *હે ભગવન્! એ પર્યાપ્ત, અપર્યાપ્ત અને નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત છે, તેથી અપર્યાપ્ત અનન્તગુણા છે અને તેથી પર્યાપ્ત સંખ્યાતગુણા છે. ॥૫૦॥૧૮૬॥*

(ટી૦) હવે પર્યાપ્તદ્વાર કહે છે–સૌથી થોડા નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત જીવો છે, કારણ કે બન્ને પ્રકારના નિષેધવાળા સિદ્ધો છે અને તે અપર્યાપ્તાદિથી સાવ થોડા છે, તેથી અપર્યાપ્ત અનન્તગુણા છે. કારણ કે સાધારણ વનસ્પતિકાયિક સિદ્ધોથી અનન્તગુણા છે અને તે સર્વદા અપર્યાપ્તપણે પ્રાપ્ત થાય છે. તેથી પર્યાપ્ત સંખ્યાતગુણા છે, અહીં સૌથી ઘણા જીવો સૂક્ષ્મ છે અને સૂક્ષ્મ જીવો

૧. અહીં પરીત્ત શબ્દ અલ્પાર્થક છે, તેથી ભવપરીત્ત-જેઓને અલ્પ-કંઇક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તરૂપ ભવ-સંસાર બાકી છે તે શુક્લપાક્ષિકો અને જેને અલ્પ કાય-શરીર છે એટલે એક શરીર છે તે કાયપરીત્ત-પ્રત્યેકશરીરી જાણવા.

હમેશાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા હોય છે માટે સંખ્યાતગુણા કહેલા છે. ।।૫૦।।૧૮૬।।

## ૧૮ सुहुमदारं

**एएसि णं भंते! जीवाणं सुहुमाणं बायराणं नोसुहुमनोबायराण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा नोसुहुमनोबायरा, बायरा अणंतगुणा, सुहुमा असंखेज्जगुणा ।।१८ दारं।। ।।सू०-५१।।१८७।।**

*(મૂ૦) હે ભગવન્! એ સૂક્ષ્મ, બાદર અને નોસૂક્ષ્મ–નોબાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો નોસૂક્ષ્મ–નોબાદર છે, તેથી બાદર અનંતગુણા છે, તેથી સૂક્ષ્મો અસંખ્યાતગુણા છે. ।।૫૧।।૧૮૭।।*

(ટી૦) પર્યાપ્તદ્વાર સમાપ્ત થયું, હવે સૂક્ષ્મદ્વાર કહે છે–સૌથી થોડા જીવો નોસૂક્ષ્મ–નોબાદર એટલે સિદ્ધો છે, કારણ કે તેઓ સૂક્ષ્મ જીવરાશિ અને બાદર જીવરાશિના અનન્તમા ભાગે છે. તેથી બાદર જીવો અનન્તગુણા છે, કારણ કે બાદર નિગોદના જીવો સિદ્ધોથી પણ અનન્તગુણા છે. તેથી સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે બાદર નિગોદો કરતાં સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે. ।।૫૧।।૧૮૭।।

## १९ सण्णिदारं

**एएसि णं भंते! जीवाणं सन्नीणं असन्नीणं नोसन्नीनोअसन्नीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा सन्नी, नोसन्नीनोअसन्नी अणंतगुणा, असन्नी अणंतगुणा ।।१९ दारं।। ।।सू०-५२।।१८८।।**

*(મૂ૦) હે ભગવન્! એ સંજ્ઞી જીવો, અસંજ્ઞી જીવો અને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા સંજ્ઞી જીવો છે, તેથી નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવો અનંતગુણા છે અને તેથી અસંજ્ઞી જીવો અનંતગુણા છે. ।।૫૨।।૧૮૮।।*

(ટી૦) સૂક્ષ્મદ્વાર કહી, હવે સંજ્ઞીદ્વાર કહે છે–સૌથી થોડા સંજ્ઞી જીવો છે, કારણ કે મનવાળા જીવો જ સંજ્ઞી હોય છે, તેથી નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવો અનન્તગુણા છે, કારણ કે બન્ને પ્રકારના પ્રતિષેધવાળા સિદ્ધો છે અને તે સંજ્ઞીથી અનન્તગુણા છે. તેથી અસંજ્ઞી અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિકાયિક જીવો સિદ્ધોથી અનન્તગુણા છે. ।।૫૨।।૧૮૮।।

## ૨૦ भवदारं

**एएसि णं भंते! जीवाणं भवसिद्धियाणं अभवसिद्धियाणं नोभवसिद्धियनोअभवसिद्धियाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा अभवसिद्धिया, णोभवसिद्धियाणोअभवसिद्धिया अणंतगुणा, भवसिद्धिया अणंतगुणा ।।२१ दारं।। ।।सू०-५३।।१८९।।**

*(મૂ૦) હે ભગવન્! એ ભવસિદ્ધિક, અભવસિદ્ધિક અને નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો અભવસિદ્ધિક છે, તેથી નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક જીવો અનંતગુણા છે, તેથી ભવસિદ્ધિક જીવો અનંતગુણા છે. ।।૫૩।।૧૮૯।।*

(ટી૦) સંજ્ઞીદ્વાર કહ્યું, હવે ભવસિદ્ધિક દ્વાર કહે છે–સૌથી થોડા અભવસિદ્ધિક–અભવ્યો છે, કારણ કે તેઓ જઘન્ય યુક્તાનંત પરિમાણવાળા છે. અનુયોગદ્વારમાં કહ્યું છે કે–"**उक्कोसए परित्ताणंतए रूवे पक्खित्ते जहन्नयं जुत्ताणंतयं होइ, अभवसिद्धियावि तत्तिया चेवे**" ति।।–'ઉત્કૃષ્ટ પરીત્તાનંતમાં એક રૂપ નાંખીએ એટલે જઘન્ય યુક્ત અનંત થાય છે. અને અભવસિદ્ધિક જીવો તેટલા છે.' તેથી નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક અનન્તગુણા છે. કારણ કે બન્નેના પ્રતિષેધવાળા સિદ્ધો છે અને તેઓ

અજઘન્યોત્કૃષ્ટ (મધ્યમ) યુક્તાનંતપરિમાણવાળા છે માટે અનંતગુણા છે. તેથી પણ ભવસિદ્ધિકો અનન્તગુણા છે, કારણ કે **એક ભવ્ય નિગોદના અનન્તમા ભાગ જેટલા સિદ્ધો છે, અને લોકમા ભવ્ય જીવરાશિની નિગોદો અસંખ્યાતી છે.** ભવસિદ્ધિકદ્વાર સમાપ્ત થયું. ॥૫૩॥૧૮૯॥

## २१ अत्थिकायदारं

**एएसि णं भंते! धम्मत्थिकाय-अधम्मत्थिकाय-आगासत्थिकाय-जीवत्थिकाय-पोग्गलत्थिकाय-अद्धासमयाणं दव्वट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए एए णं तिन्निऽवि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा, जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, अद्धासमए दव्वट्ठयाए अणंतगुणे ।।सू०-५४।।१९०।।**

*(મૂ૦) હે ભગવન્! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં દ્રવ્યાર્થ રૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે અને સૌથી થોડા છે, તેથી જીવાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનંતગુણ છે, તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનન્તગુણા છે, તેથી અદ્ધાસમય દ્રવ્યાર્થરૂપે અનન્તગુણ છે. ॥૫૪॥૧૯૦॥*

(ટી૦) હવે અસ્તિકાયદ્વાર કહે છે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે '**द्रव्यार्थतया**'–દ્રવ્યસ્વરૂપે તુલ્ય-સમાન છે, કારણ કે દરેક એક એક દ્રવ્યરૂપ છે, માટે સૌથી થોડા છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યરૂપે અનન્તગુણા છે. કારણ કે પ્રત્યેક જીવો દ્રવ્ય છે, અને તેઓ જીવાસ્તિકાયને વિષે અનન્તા છે. તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અનન્તગુણા છે. કેવી રીતે છે? એ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે–અહીં પરમાણુ અને દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધો જૂદા જૂદા દ્રવ્ય છે, તે સામાન્યરૂપે ત્રણ પ્રકારે છે–પ્રયોગપરિણત, મિશ્રપરિણત અને વિશ્રસાપરિણત. તેમાં પ્રયોગપરિણત (આત્માના પ્રયોગ–વ્યાપાર વડે જ્ઞાનાવરણાદિ કર્મરૂપે તથા ઔદારિકાદિ શરીરરૂપે પરિણમતા પુદ્ગલો) પણ જીવોથી અનન્તગુણા છે, કારણ કે એક એક જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયાદિ પ્રત્યેક કર્મના અનન્ત પુદ્ગલસ્કન્ધો વડે વ્યાપ્ત છે, તો પછી બીજા પુદ્ગલોના સંબંધમાં શું કહેવું? તે પ્રયોગપરિણત પુદ્ગલોથી મિશ્રપરિણત (પ્રયોગ અને વિસ્રસા–સ્વભાવથી પરિણમેલા) પુદ્ગલદ્રવ્યો અનન્તગુણા છે, તેથી વિસ્રસાપરિણત–સ્વભાવથી પરિણમેલા પુદ્ગલદ્રવ્યો અનન્તગુણા છે. ભગવતીસૂત્રમાં કહ્યું છે કે–''**सव्वत्थोवा पुग्गला पयोगपरिणया मीसपरिणया अनंतगुणा वीससापरिणया अनंतगुणा॥**''–''સૌથી થોડા પુદ્ગલો પ્રયોગપરિણત છે, તેથી મિશ્રપરિણત અનન્તગુણા છે અને તેથી વિસ્રસાપરિણત અનન્તગુણા છે.'' માટે જીવાસ્તિકાયથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યસ્વરૂપે અનન્તગુણા છે. તેથી અદ્ધાસમય–કાલ પણ દ્રવ્યાર્થપણે અનન્તગુણ છે. કેવી રીતે છે તે બતાવે છે–અહીં એકજ પરમાણુ ભવિષ્ય કાલમાં દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક, યાવત્ દસપ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનન્તપ્રદેશિક સ્કંધોની અંદર પરિણત થવાને લીધે તેના જૂદા જૂદા કાળે થવાના અનન્ત ભાવી સંયોગો કેવલજ્ઞાનીએ જાણેલા છે, જેમ એક પરમાણુના તેમ બધા પરમાણુઓના તથા પ્રત્યેક દ્વિપ્રદેશિકાદિ સ્કંધોના ભિન્ન ભિન્ન કાળે થવાના ભાવી અનન્ત સંયોગો જાણેલા છે. તે બધાયનો પરિણામ [1]મનુષ્યક્ષેત્રમાં (આ લોકમાં) સંભવે છે. તથા ક્ષેત્રથી પણ આ પરમાણુ આ આકાશપ્રદેશમાં એક સમયની

૧. ટીકાકારે મનુષ્યક્ષેત્રના અન્તવર્તી આ સાંયોગિક પરિણામો સંભવે છે એમ કહ્યું છે તો શા આશયથી કહ્યું છે તેનો ખયાલ આવી શકતો નથી, પણ આ બધા પૌદ્ગલિક પરિણામો તો ચૌદ રજ્જુપ્રમાણ લોકમાં થાય છે એમ સ્પષ્ટ જણાય છે. કદાચ સૂર્યાદિના ગમન વડે ઉપલબ્ધ વ્યાવહારિક કાળ મનુષ્યલોકમાં હોય છે, તે આશયથી કહ્યું હોય એમ માનીએ તો પણ વર્તનારૂપ કાલ તો ચૌદ રજ્જુપ્રમાણ લોકમાં છે.

સ્થિતિવાળો, બે સમયની સ્થિતિવાળો, એમ એક પરમાણુના એક આકાશપ્રદેશમાં અસંખ્યાતા ભાવી સંયોગો થવાના છે, તેમ સર્વ આકાશપ્રદેશમાં પણ પ્રત્યેકના અસંખ્યાતા ભાવી સંયોગો, તથા વારંવાર તે આકાશપ્રદેશોમાં પરમાણુની પરાવૃત્તિ થવાથી અને કાળ અનન્ત હોવાથી કાળથી અનન્ત ભાવી સંયોગો થવાના છે, જેમ એક પરમાણુના થવાના છે તેમ સર્વ પરમાણુઓના તથા બધા દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધોના અનન્ત ભાવી સંયોગો થવાના છે. તથા ભાવથી પણ આ પરમાણુ આ કાળે એક ગુણ કાળો હોય છે, એમ એક પરમાણુના જુદા જુદા કાળે અનન્તા સંયોગો થવાના છે. જેમ એક પરમાણુના તેમ બધા પરમાણુઓના અને બધા દ્વિપ્રદેશિકાદિ સ્કંધોના ભાવથી જુદા જુદા અનન્ત ભાવી સંયોગો થવાના છે. એમ એક પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિશેષના સંબંધથી અનન્ત ભાવી સમયો કેવલજ્ઞાનીએ જાણેલા છે, જેમ એક પરમાણુના તેમ બધા પરમાણુઓના તથા બધા દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધોના જાણવા. પરન્તુ આ બધું પરિણામી કાળ પદાર્થ સિવાય અને પરિણામી પુદ્ગલાસ્તિકાયાદિ સિવાય ઘટી શકે નહિ, માટે આ બધું તાત્ત્વિક સમજવું. કહ્યું છે કે–

*''संयोगपुरस्कारश्च नाम भाविनि हि युज्यते काले। नहि संयोगपुरस्कारो ह्यसतां केषाञ्चिदुपपन्नः''॥*

ભવિષ્યમાં થનારા સંયોગ ભાવી કાળ હોય તોજ ઘટી શકે છે. પરન્તુ કોઇને મતે પણ (પુદ્ગલાદિ અને કાળ) અવિદ્યમાન હોય તો ભાવી સંયોગ ઘટી શકે નહિ. જેમ બધા પરમાણુઓના અને બધા દ્વિપ્રદેશિકાદિ સ્કંધોના પ્રત્યેકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિશેષના સંબન્ધથી અનન્ત ભાવી અદ્ધાસમયો થાય છે. તેમ અતીત સમયો પણ સિદ્ધ થાય છે. માટે દ્રવ્યરૂપે પુદ્ગલાસ્તિકાયથી અનન્તગુણ અદ્ધાસમય-કાળ છે. એમ દ્રવ્યાર્થરૂપે અલ્પબહુત્વ કહ્યું. ॥૫૪॥૧૯૦॥

**एएसि णं भंते! धम्मत्थिकायअधम्मत्थिकायआगासत्थिकायजीवत्थिकायपोग्गलत्थिकायअद्धासमयाणं पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! धम्मत्थिकाए अधम्मत्थिकाए एएणं दोवि तुल्ला पएसट्ठयाए सव्वत्थोवा, जीवत्थिकाए पएसट्ठयाए अणंतगुणे, पोग्गलत्थिकाए पएसट्ठयाए अणंतगुणे, अद्धासमए पएसट्ठयाए अणंतगुणे, आगासत्थिकाए पएसट्ठयाए अणंतगुणे ।।सू०-५५।।१९१।।**

*(મૂ૦) હે ભગવન્! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને પ્રદેશાર્થરૂપે સરખા છે અને સૌથી થોડા છે. તેથી જીવાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનંતગુણ છે, તેથી પુદ્ગલાસ્તિકાય પ્રદેશરૂપે અનન્તગુણા છે, તેથી અદ્ધાસમયો પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે અને તેથી આકાશાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. ॥૫૫॥૧૯૧॥*

(ટી૦) હવે તેઓનું પ્રદેશાર્થરૂપે અલ્પબહુત્વ કહે છે-ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને પરસ્પર પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, કારણ કે બન્નેના પ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા છે. માટે બાકીના અસ્તિકાય અને અદ્ધાસમયની અપેક્ષાએ સૌથી થોડા છે. તેથી જીવાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે. કારણ કે જીવાસ્તિકાયને વિષે જીવો અનન્ત છે, અને એક એક જીવના પ્રદેશો લોકાકાશના પ્રદેશ પરિમાણ છે. તેથી પુદ્ગલાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. કેવી રીતે છે? તે કહે છે—અહિં કર્મસ્કન્ધના પ્રદેશો પણ સર્વ જીવપ્રદેશોથી અનન્તગુણા છે. કેમકે એક એક જીવપ્રદેશ અનન્તાનન્ત કર્મપરમાણુઓ વડે વીંટાયેલો છે, તો સકલ પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો માટે શું કહેવું. માટે જીવાસ્તિકાય કરતાં પુદ્ગલાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. તેથી પણ અદ્ધાસમયો પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે, કારણ કે એક એક પુદ્ગલાસ્તિકાયના પ્રદેશના પૂર્વોક્ત ક્રમથી તે તે દ્રવ્ય, કાલ અને ભાવવિશેષના સંબન્ધથી અનન્ત અતીત સમયો અને અનન્ત અનાગત સમયો થાય છે. તેથી આકાશાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે, કારણ કે અલોક ચારે તરફ અનન્ત છે. ॥૫૫॥૧૯૧॥

**एएसि णं भंते! धम्मत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया**

**वा? गोयमा! सव्वत्थोवे एगे धम्मत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे। एयस्स णं भंते! अधम्मत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे एगे अधम्मत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे। एयस्स णं भंते! आगासत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे एगे आगासत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए अणंतगुणे। एयस्स णं भंते! जीवत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे जीवत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे। एयस्स णं भंते! पोग्गलत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे पोग्गलत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे। अद्धासमये न पुच्छिज्जइ, पएसाभावा ।।सू०-५६।।१९२।।**

*(મૂ૦) હે ભગવન્! એ ધર્માસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ધર્માસ્તિકાય દ્રવ્યરૂપે એક છે અને તે પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે. હે ભગવન્! એ અધર્માસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડો અધર્માસ્તિકાય દ્રવ્યરૂપે એક છે, અને પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે. હે ભગવન્! એ આકાશાસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! દ્રવ્યરૂપે આકાશાસ્તિકાય એક છે અને સૌથી અલ્પ છે, અને તે પ્રદેશરૂપે અનન્તગુણ છે. હે ભગવન્! એ જીવાસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવાસ્તિકાય દ્રવ્યરૂપે છે અને તે પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે. હે ભગવન્! એ પુદ્ગલાસ્તિકાયમાં દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પુદ્ગલાસ્તિકાય, દ્રવ્યરૂપે છે અને તે પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણ છે. અદ્ધાસમય સંબંધમાં પ્રશ્ન થતો નથી, કારણ કે તેને પ્રદેશો નથી. ।।૫૬।।૧૯૨।।*

(ટી૦) એમ પ્રદેશાર્થરૂપે અલ્પબહુત્વ કહ્યું, હવે એ પ્રત્યેક દ્રવ્યોનું દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે અલ્પબુહત્વ કહે છે–સૌથી અલ્પ ધર્માસ્તિકાય દ્રવ્યરૂપે છે. કારણ કે તે એક છે, અને પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણ છે, કારણ કે તેના પ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા છે. એમ અધર્માસ્તિકાય સૂત્ર પણ જાણવું. આકાશાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે સૌથી અલ્પ છે, કારણ કે તે એક છે, અને પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. કારણ કે તે અપરિમિત છે. જીવાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે સૌથી અલ્પ છે, અને પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણ છે. કારણ કે દરેક જીવના પ્રદેશો લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય રૂપે સૌથી અલ્પ છે, કારણ કે પુદ્ગલદ્રવ્યો બધે ય થોડાં છે, અને તે પુદ્ગલાસ્તિકાય તે તે દ્રવ્ય કરતાં પ્રદેશાર્થરૂપે વિચારતાં અસંખ્યાતગુણા છે.

(પ્ર૦)–જગતમાં અનન્તપ્રદેશિક સ્કંધો ઘણાં છે તો પ્રદેશાર્થરૂપે અનન્તગુણ કેમ ન સંભવે? (ઉ૦)– આ શંકા વસ્તુ તત્ત્વના અજ્ઞાનથી છે માટે અયુક્ત છે. કારણ કે અનન્તપ્રદેશિક સ્કંધો થોડા છે અને પરમાણુ વગેરે અતિશય ઘણા છે. આ સંબંધમાં સૂત્ર કહેવામાં આવશે કે–"સૌથી થોડા અનન્તપ્રદેશિક સ્કંધો દ્રવ્યરૂપે છે, તેથી પરમાણુપુદ્ગલ દ્રવ્યરૂપે અનન્તગુણા છે, તેથી સંખ્યાત પ્રદેશિક સ્કંધો દ્રવ્યરૂપે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો દ્રવ્યરૂપે અસંખ્યાતગુણા છે." માટે જ્યારે સર્વ પુદ્ગલાસ્તિકાયનો પ્રદેશરૂપે વિચાર કરીએ ત્યારે અનન્ત પ્રદેશિક સ્કંધો થોડા હોવાથી, પરમાણુઓ અતિ ઘણા હોવાથી અને તેઓ જુદા જુદા દ્રવ્યરૂપ હોવાથી તથા અસંખ્યાતપ્રદેશિક સ્કંધો પરમાણુની અપેક્ષાએ અસંખ્યાતગુણા હોવાથી અસંખ્યાતગુણા જ ઘટે છે, અનન્તગુણા ઘટતા નથી. અદ્ધાસમય સંબંધી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે પ્રશ્ન થતો નથી.

(પ્ર૦)–કાળ દ્રવ્યરૂપે હોવામાં શો નિયમ છે? જો તે દ્રવ્ય છે તો તેના પ્રદેશો પણ હોવાજ જોઇએ. જેમ અનન્ત

પરમાણુઓનો સમુદાય સ્કંધ કહેવાય છે અને તે દ્રવ્ય છે અને તેના અવયવો એ પ્રદેશો છે. તેમ અહીં પણ સકળ કાળ દ્રવ્ય છે અને તેના અવયવરૂપ સમયો પ્રદેશ છે. (ઉ૦)–આ શંકા અયુક્ત છે, કારણ કે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક–(સાધ્ય)નું સમાનપણું નથી. પરમાણુઓનો સમુદાય ત્યારે જ સ્કંધ કહી શકાય કે જ્યારે તેઓ પરસ્પર સાપેક્ષરૂપે પરિણમે; પરસ્પર નિરપેક્ષ કેવળ પરમાણુઓનો સમૂહ સ્કન્ધ ન કહેવાય, અને અદ્ધાસમયો તો પરસ્પર નિરપેક્ષ જ છે, કારણ કે વર્તમાન સમય વિદ્યમાન હોય છે ત્યારે અતીત અને અનાગત સમયો નથી હોતા, તેથી તેઓનો સ્કન્ધરૂપે પરિણામ થતો નથી. સ્કન્ધના અભાવથી અદ્ધાસમયોના પ્રદેશો નથી, પણ જુદા જુદા દ્રવ્યો છે. ॥૫૬॥૧૯૨॥

**एएसि णं भंते! धम्मत्थिकायअधम्मत्थिकायआगासत्थिकायजीवत्थिकायपोग्गलत्थिकायअद्धासमयाणं दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए एतेणं तिन्नि वि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा, ४ धम्मत्थिकाए अधम्मत्थिकाए य एएसि णं दोन्नि वि तुल्ला पएसट्ठयाए असंखेज्जगुणा, जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे, पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे से चेव पएसट्ठयाए असंखेज्जगुणे, अद्धासमए दव्वट्ठ-पएसट्ठयाए अणंतगुणे, आगासत्थिकाए पएसट्ठयाए अणंतगुणे ॥२१ दारं॥ ॥सू०-५७॥१९३॥**

*(મૂ૦) હે ભગવન્! એ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યાર્થરૂપે પરસ્પર તુલ્ય છે અને સૌથી થોડા છે અને તેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને પ્રદેશરૂપે તુલ્ય છે અને અસંખ્યાતગુણ છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યરૂપે અનન્તગુણ છે અને તેથી પ્રદેશરૂપે તે અસંખ્યાતગુણ છે, તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અનન્તગુણા છે અને તેથી તે પ્રદેશરૂપે અસંખ્યાતગુણા છે. તેથી અદ્ધાસમય દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે, અને તેથી આકાશાસ્તિકાય પ્રદેશરૂપે અનન્તગુણ છે. ॥૫૭॥૧૯૩॥*

(ટી૦) હવે ધર્માસ્તિકાયાદિ બધા દ્રવ્યોનું એક સાથે દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે અલ્પબહુત્વ કહે છે—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યરૂપે તુલ્ય છે અને સૌથી થોડા છે. કારણ કે પ્રત્યેક એક એક દ્રવ્ય છે. તેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, અને સ્વસ્થાનની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનન્તગુણા છે, કેમકે અનન્ત જીવ દ્રવ્યો છે. તે જ જીવાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, કેમકે દરેક જીવને અસંખ્યાતા પ્રદેશો હોય છે. પ્રદેશાર્થરૂપે જીવાસ્તિકાયથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનન્તગુણા છે. કારણ કે જીવના એક એક પ્રદેશે અનન્તા જ્ઞાનાવરણીયાદિ કર્મ પુદ્ગલસ્કંધો લાગેલા છે. તેથી પુદ્ગલાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. તેનો વિચાર પૂર્વની પેઠે કરવો. પ્રદેશાર્થરૂપે તે પુદ્ગલાસ્તિકાયથી અદ્ધાસમયો દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. અહીં પણ પૂર્વની પેઠે વિચાર કરવો. તેથી આકાશાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનન્ત ગુણ છે કેમકે તેનો સર્વ દિશાઓમાં અન્ત નથી. અને અદ્ધાસમય માત્ર મનુષ્યક્ષેત્રમાં હોય છે. એમ અસ્તિકાયદ્વાર સમાપ્ત થયું. ॥૫૭॥૧૯૩॥

## २२ चरिमदारं

**एएसि णं भंते! जीवाणं चरिमाणं अचरिमाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा अचरिमा, चरिमा अणंतगुणा ॥२२ दारं॥ ॥सू०-५८॥१९४॥**

*(મૂ૦) હે ભગવન્! એ ચરમ અને અચરમ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અચરમ જીવો છે, અને તેથી ચરમ જીવો અનન્તગુણા છે. ॥૫૮॥૧૯૪॥*

(ટી૦) જેને યોગ્યતા વડે ચરમ–છેલ્લા ભવનો સંભવ છે તે ચરમ એટલે ભવ્ય અને તેથી ઇતર અચરમ–અભવ્ય અને સિદ્ધ

કહેવાય છે. કારણ કે તે બન્નેને ચરમ ભવ નથી. તેમાં અચરમ જીવો થોડા છે, કારણ કે અભવ્ય અને સિદ્ધો બન્ને મળીને પણ અજઘન્યોત્કૃષ્ટ (મધ્યમ) યુક્ત અનંત પરિમાણવાળા છે. તેથી અનન્તગુણા ચરમ-ભવ્ય જીવો છે, કારણ કે અજઘન્યોત્કૃષ્ટ અનંતાનન્ત પરિમાણવાળા છે. ચરમ દ્વાર સમાપ્ત. ||૫૮||૧૯૪||

## २३ जीवदारं

**एएसि णं भंते! जीवाणं पोग्गलाणं अद्धासमयाणं सव्वदव्वाणं सव्वपएसाणं सव्वपज्जवाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा, पोग्गला अणंतगुणा, अद्धासमया अणंतगुणा, सव्वदव्वा विसेसाहिया, सव्वपएसा अणंतगुणा, सव्वपज्जवा अणंतगुणा ।।२३ दारं।। ।।सू०-५९।।१९५।।**

*(મૂ૦) હે ભગવન્! એ જીવો, પુદ્ગલો, અદ્ધાસમયો, સર્વદ્રવ્યો, સર્વપ્રદેશો અને સર્વ પર્યાયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો છે, તેથી પુદ્ગલો અનન્તગુણા છે, તેથી અદ્ધાસમયો અનન્તગુણ છે, તેથી સર્વદ્રવ્યો વિશેષાધિક છે, તેથી સર્વ પ્રદેશો અનન્તગુણા છે અને તેથી સર્વ પર્યાયો અનન્તગુણાં છે. ||૫૯||૧૯૫||*

(ટી૦) હવે જીવદ્વાર કહે છે—સૌથી થોડા જીવો છે, તેથી પુદ્ગલો અનંતગુણા છે, તેથી અદ્ધાસમયો અનન્તગુણા છે. તેનો વિચાર પૂર્વે કરેલો છે. તે અદ્ધાસમયોથી સર્વદ્રવ્યો વિશેષાધિક છે, કારણ કે અહીં હમણાં જ અદ્ધાસમયો પુદ્ગલોથી અનન્તગુણા કહ્યા છે, અને તે પ્રત્યેક દ્રવ્ય છે, માટે દ્રવ્યના વિચારમાં તે પણ ગ્રહણ કરવા, અને તેમાં સર્વ જીવદ્રવ્ય, સર્વ પુદ્ગલ દ્રવ્ય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્ય નાંખવા, તે બધા એકઠાં કરીએ તો પણ અદ્ધાસમયોના અનન્તમા ભાગ જેટલા થાય છે એટલે તે દ્રવ્યો નાંખવાથી કંઇક અધિક થાય છે તેથી અદ્ધાસમયોથી સર્વ દ્રવ્યો વિશેષાધિક છે. તેથી સર્વપ્રદેશો અનન્તગુણા છે. કારણ કે આકાશ અનન્ત છે. તેથી સર્વ પર્યાયો અનન્તગુણ છે કારણ કે એક આકાશ પ્રદેશમાં અનન્ત અગુરુલઘુ પર્યાયો હોય છે. જીવદ્વાર સમાપ્ત. ||૫૯||૧૯૫||

## २४ खेत्तदारं

**खेत्ताणुवाएणं सव्वत्थोवा जीवा उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।।२४ दारं।। ।।सू०-६०।।१९६।।**

*(મૂ૦) ક્ષેત્રને અનુસારે સૌથી થોડા જીવો ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ||૬૦||૧૯૬||*

(ટી૦) હવે ક્ષેત્રદ્વાર કહે છે-ક્ષેત્રને અનુસારે વિચાર કરતાં સૌથી થોડા જીવો ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે. અહીં ઊર્ધ્વલોકનું સૌથી નીચેનું આકાશપ્રતર અને તિર્યગ્લોકનું સૌથી ઉપરનું આકાશપ્રતર એ ઉર્ધ્વલોક-તિર્યગ્લોક કહેવાય છે, કારણ કે તેવા પ્રકારે સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે. અહીં આ તાત્પર્ય છે-ચૌદ રજ્જુપ્રમાણ સર્વલોકના ત્રણ વિભાગ થાય છે-ઊર્ધ્વલોક, તિર્યગ્લોક અને અધોલોક. અને તે વિભાગ રુચક પ્રદેશોથી થાય છે. તે આ પ્રમાણે-રુચક પ્રદેશથી નીચે નવસો યોજન અને ઉપર નવસો યોજન તિર્યગ્લોક છે, તે તિર્યગ્લોકની નીચે અધોલોક અને તેની ઉપર ઊર્ધ્વલોક છે, કંઇક ન્યૂન સાત રજ્જુપ્રમાણ ઊર્ધ્વલોક છે, કંઇક અધિક સાત રજ્જુપ્રમાણ અધોલોક છે અને મધ્યભાગમાં અઢારસો યોજનની ઉંચાઇવાળો તિર્યગ્લોક છે. તેમાં રુચકની સમભૂતલા પૃથિવીના ભાગથી નવસો યોજન જઇને જે જ્યોતિશ્ચક્રના ઉપર તિર્યગ્લોકનું એક પ્રદેશાત્મક આકાશપ્રતર છે તે તિર્યગ્લોકપ્રતર અને તેના ઉપરનું એક પ્રદેશાત્મક આકાશપ્રતર તે ઊર્ધ્વલોક પ્રતર અને તે બન્ને પ્રતરને ઊર્ધ્વલોક-તિર્યગ્લોક કહેવાય છે. તેવી રીતે અનાદિ પ્રવચનની પરિભાષા-સંકેત છે. તેમાં-તે બન્ને પ્રતરમાં રહેતા જીવો સૌથી થોડા છે.

કેવી રીતે છે?-તેનો ઉત્તર આપે છે-જેઓ ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં અને તિર્યગ્લોકથી ઊર્ધ્વલોકમાં આવી ઉત્પન્ન થાય છે તે ઉપરના બન્ને પ્રતરનો સ્પર્શ કરે છે, અને તે સિવાય બીજા કેટલાક જીવો જેઓ ત્યાં જ રહીને બે પ્રતરનો આશ્રય કરે છે તેઓ જ આ બે પ્રતરમાં રહેનારા છે, બીજા રહેતા નથી. પણ જેઓ ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં ઉત્પન્ન થતા તે બે પ્રતરનો સ્પર્શ કરે છે તેની અહીં ગણના કરવાની નથી. કારણ કે તેઓ બીજા સૂત્રનો વિષય છે. એટલે તે જીવો અધોલોક-તિર્યગ્લોકનો વિષય થાય છે. માટે ઉપરના બે પ્રતરમાં વર્તતા જીવો સૌથી થોડા છે. (પ્ર૦)-ઊર્ધ્વલોકમાં રહેલા સર્વ જીવોનો અસંખ્યાતમો ભાગ નિરંતર મરણને પ્રાપ્ત થયેલો હોય છે અને તેઓ તિર્યગ્લોકમાં ઉત્પન્ન થતા ઉપરના બે પ્રતરનો સ્પર્શ કરે છે, તો ઉપરના બે પ્રતરનો સ્પર્શ કરનારા જીવો થોડા કેમ હોય? (ઉ૦)-આ શંકા અયુક્ત છે, કારણ કે તે વસ્તુતત્ત્વના અપરિજ્ઞાનથી થયેલી છે. તે આ પ્રમાણે-**યદ્યપિ ઊર્ધ્વલોકમાં રહેલા સર્વ જીવોનો અસંખ્યાતમો ભાગ નિરંતર મરણને પ્રાપ્ત હોય છે, તો પણ તે બધા તિર્યગ્લોકમાં ઉત્પન્ન થતા નથી. તેમાનાં ઘણા ખરા તો અધોલોકમાં અને ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થાય છે.** માટે ઊર્ધ્વલોકમાં અને તિર્યગ્લોક સંબન્ધી ઉપરના બે પ્રતરનો સ્પર્શ કરનારા જીવો સૌથી થોડા જ છે. તેથી અધોલોક-તિર્યગ્લોકને વિષે જીવો વિશેષાધિક છે. અહીં અધોલોકના ઉપરનું એક પ્રદેશવાળું આકાશપ્રદેશપ્રતર અને તિર્યગ્લોકની નીચેનું એક પ્રદેશવાળું આકાશપ્રદેશપ્રતર તે બન્ને અધોલોક-તિર્યગ્લોક કહેવાય છે. કારણ કે તેવા પ્રકારે તેની પ્રવચનમાં પ્રસિદ્ધિ છે, તેમાં જેઓ વિગ્રહગતિથી અથવા ત્યાં રહેવા વડે તે બન્ને પ્રતરોમાં વર્તે છે તેઓ વિશેષાધિક છે. કેવી રીતે છે? તેનો ઉત્તર આ પ્રમાણે છે-જેઓ અધોલોકથી તિર્યગ્લોકમાં અને તિર્યગ્લોકથી અધોલોકમાં ઈલિકા ગતિથી ઉત્પન્ન થાય છે તેઓ ઉપરના બન્ને પ્રતરનો સ્પર્શ કરે છે, અને જે કેટલાએક ત્યાં રહેલાજ તે વિવક્ષિત બે પ્રતરનો આશ્રય કરે છે તેઓ ઉપરના બન્ને પ્રતરમાં રહેનારા કહેવાય છે, પરન્તુ જેઓ અધોલોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતા તે બન્ને પ્રતરનો સ્પર્શ કરે છે તે ન ગ્રહણ કરવા, કારણ કે તેઓ બીજા સૂત્રનો વિષય થાય છે. કેવળ ઊર્ધ્વલોકથી અધોલોકમાં વિશેષાધિક જીવો છે માટે અધોલોકથી તિર્યગ્લોકમાં ઉત્પન્ન થતા જીવો ઊર્ધ્વલોકની અપેક્ષાએ વિશેષાધિક પ્રાપ્ત થાય છે માટે વિશેષાધિક છે. તેથી તિર્યગ્લોકમાં રહેલા જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે ઉપરના બન્ને ક્ષેત્ર કરતાં તિર્યગ્લોકનું ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા જીવો અસંખ્યાતગુણા છે. અહીં જેઓ કેવળ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં કે તિર્યગ્લોકમાં રહે છે, જેઓ વક્રગતિથી ઊર્ધ્વલોક અને તિર્યગ્લોકનો સ્પર્શ કરે છે તેની ગણના ન કરવી, પરન્તુ જેઓ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા ત્રણે લોકનો સ્પર્શ કરે છે તે ગ્રહણ કરવા, કારણ કે આ સૂત્ર વિશેષાર્થનો વિષય છે. માટે તિર્યગ્લોકવર્તી જીવોથી અસંખ્યાતગુણા જ છે. તે આ પ્રમાણે-અહીં ઘણા સૂક્ષ્મ નિગોદો પ્રતિસમય ઊર્ધ્વલોકમાં અને અધોલોકમાં મરણ પામે છે, પણ જે સૂક્ષ્મ નિગોદો તિર્યગ્લોકમાં મરણ પામે છે, અને મરણ પામી અધોલોકમાં, ઊર્ધ્વલોકમાં કે કેટલાક તેજ તિર્યગ્લોકમાં ઉત્પન્ન થાય છે તેઓ ત્રણ લોકનો સ્પર્શ કરતા નથી માટે તેઓ આ સૂત્રનો વિષય નથી. તેમાં ઊર્ધ્વલોક કે અધોલોકમાં રહેલા સૂક્ષ્મ નિગોદો મરણ પામી કેટલાક સ્વસ્થાને એટલે ઊર્ધ્વલોકમાં મરણ પામી ઊર્ધ્વલોકમાં અને અધોલોકમાં મરણ પામી અધોલોકમાં અને કેટલાક તિર્યગ્લોકમાં ઉત્પન્ન થાય છે, તેથી અસંખ્યાતગુણા અધોલોકમાં રહેલા ઊર્ધ્વલોકમાં અને ઊર્ધ્વલોકમાં રહેલા અધોલોકમાં ઉત્પન્ન થાય છે, અને તેઓ તે પ્રકારે ઉત્પન્ન થતા ત્રણે લોકનો સ્પર્શ કરે છે માટે અસંખ્યાતગુણા છે. (પ્ર૦)-ઘણા જીવો આટલા મોટા પ્રમાણમાં હમેશાં વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા હોય છે. એ શી રીતે જાણી શકાય? (ઉ૦)-યુક્તિથી જાણી શકાય છે. તે આ પ્રમાણે-પૂર્વે આ સ્થાનપદમાં પર્યાપ્ત દ્વારમાં આ સૂત્ર કહ્યું છે-"સૌથી થોડા નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા જીવો છે, તેથી અપર્યાપ્તા અનંતગુણા છે, તેથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે." એ પ્રમાણે અપર્યાપ્તા ઘણા છે, કારણ કે તેનાથી પર્યાપ્તા સંખ્યાતગુણા જ છે, પણ અસંખ્યાતગુણા કે અનન્તગુણા નથી. ઘણા અપર્યાપ્તાઓ તો અન્તરાલગતિમાં વર્તતા હોય છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા જીવો કરતાં ઊર્ધ્વલોકમાં રહેલા જીવો અસંખ્યાતગુણા હોય છે, કારણ કે ઉપજવાનું ક્ષેત્ર અતિશય મોટું છે અને તેના અસંખ્યાતા ભાગોની ઉદ્વર્તના થાય છે. તેથી અધોલોકમાં રહેલા જીવો વિશેષાધિક છે, કારણ કે ઊર્ધ્વલોકના ક્ષેત્રથી

અધોલોકનું ક્ષેત્ર વિશેષાધિક છે. એ પ્રમાણે જીવોનું ક્ષેત્રને અનુસરી અલ્પબહુત્વ કહ્યું. ॥૬૦॥૧૯૬॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा नेरइया तेलोक्के, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए असंखेज्जगुणा ।।सू०-६१।।१९७।।**

*(મૂ૦) ક્ષેત્રને અનુસારે સૌથી થોડા નૈરયિકો ત્રણ લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા હોય છે અને તેથી અધોલોકમાં અસંખ્યાતગુણા હોય છે. ॥૬૧॥૧૯૭॥*

(ટી૦) હવે ચાર ગતિના દંડકના ક્રમથી અલ્પબહુત્વને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ નૈરયિકોનું અલ્પબહુત્વ કહે છે- 'ક્ષેત્રાનુપાતેન' ક્ષેત્રને અનુસારે વિચાર કરતાં સૌથી થોડા નૈરયિકો ત્રણ લોકમાં છે-ત્રણ લોકનો સ્પર્શ કરનારા છે. નૈરયિકો કેવી રીતે ત્રણ લોકનો સ્પર્શ કરનારા છે અને તે સૌથી થોડા કેમ છે? તેનો ઉત્તર આ પ્રમાણે છે-અહીં મેરુપર્વતના શિખર ઉપર કે અંજન-દધિમુખ પર્વતના શિખરાદિ ઉપર રહેલી વાવોમાં રહેલા જે મત્સ્યાદિ પંચેન્દ્રિય તિર્યંચો નરકમાં ઉપજવાના હોય ત્યારે મરણ સમયે ઈલિકા ગતિ વડે આત્મપ્રદેશોને ઉત્પત્તિસ્થાન સુધી વિસ્તારે છે અને તેઓ ત્રણ લોકનો સ્પર્શ કરે છે, તેઓ મરીને તત્કાળ નરકમાં ઉત્પન્ન થતા હોવાથી અને નરકાયુષ્યનો અનુભવ કરતા હોવાથી નારકો કહેવાય છે. આવા પ્રકારના કેટલાએક હોય છે માટે ત્રણ લોકનો સ્પર્શ કરનારા નૈરયિકો સૌથી થોડા છે. બીજા આચાર્યો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે-જે પૂર્વોક્ત વાવોમાં તિર્યંચ-પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થતા અને મરણ સમુદ્ઘાત વડે પોતાના આત્મપ્રદેશ રૂપી દંડનો ઉત્પત્તિસ્થાન પર્યન્ત જેણે વિસ્તાર કર્યો છે એવા નારકો જ ગ્રહણ કરવા અને તેઓ તો નારકાયુષ્યનો અનુભવ કરતા હોવાથી નિર્વિવાદપણે નારકો જ છે અને ત્રણ લોકનો સ્પર્શ કરનારા છે. કારણ કે ઊર્ધ્વલોકમાં રહેલી પૂર્વોક્ત વાવો સુધી તેણે આત્મપ્રદેશ રૂપી દંડનો વિસ્તાર કર્યો છે. તેથી અધોલોક-તિર્યગ્લોક સંજ્ઞાવાળા પૂર્વે કહેલા બે પ્રતરનો સ્પર્શ કરનારા અસંખ્યાતગુણા છે, કારણ કે અસંખ્યાતા દ્વીપસમુદ્રોમાં ઘણા તિર્યંચ પંચેન્દ્રિયો નરકને વિષે ઉત્પન્ન થતા ઉપર કહેલા બે પ્રતરોનો સ્પર્શ કરે છે, તેથી પૂર્વોક્ત ત્રણ લોકનો સ્પર્શ કરનારા નૈરયિકો કરતાં અસંખ્યાતગુણા છે. કારણ કે ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. મેરુપર્વતાદિના ક્ષેત્રથી અસંખ્યાતા દ્વીપ-સમુદ્રરૂપ ક્ષેત્ર અસંખ્યાતગુણ છે માટે અસંખ્યાતગુણા થાય છે. બીજા આચાર્યો આ સૂત્રની આ પ્રમાણે વ્યાખ્યા કરે છે-અસંખ્યાતા દ્વીપસમુદ્રમાં તિર્યંચ પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થતા અને મરણ સમુદ્ઘાત વડે ઉત્પત્તિસ્થાન સુધી જેઓએ પોતાના આત્મપ્રદેશોનો દંડ વિસ્તાર્યો છે તે નારકો જ અહીં લેવા. નારકાયુષ્યને વેદતા હોવાથી તે નારકો મરણ પામતા પણ અસંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે તે તેનું પોતાનું સ્થાન છે. એમ નરકગતિને આશ્રયી ક્ષેત્રને અનુસરી અલ્પબહુત્વ કહ્યું.॥૬૧॥૧૯૭॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा तिरिक्खजोणिया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खेत्ताणुवाएणं सव्वत्थोवाओ तिरिक्खजोणिणीओ उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।।सू०-६२।।१९८।।**

*(મૂ૦) ક્ષેત્રને અનુસરી સૌથી થોડા તિર્યંચો ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ થોડી તિર્યંચસ્ત્રીઓ ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે. તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે. ॥૬૨॥૧૯૮॥*

(ટી૦) હવે તિર્યંચ ગતિને આશ્રયી અલ્પબહુત્વ કહે છે-આ અલ્પબહુત્વનો વિચાર સામાન્ય જીવસૂત્રની પેઠે કરવો, કારણ કે

સામાન્ય જીવોનું અલ્પબહુત્વ તિર્યંચો-સૂક્ષ્મ નિગોદોને આશ્રયી વિચારેલું છે. હવે તિર્યંચસ્ત્રી સંબંધી અલ્પબહુત્વ કહે છે- ક્ષેત્રને અનુસરી વિચાર કરતાં તિર્યંચયોનિક સ્ત્રીઓ સૌથી થોડી ઊર્ધ્વલોકમાં છે, કારણ કે અહીં મેરુપર્વતની વાવ વગેરે સ્થળે પણ તિર્યંચ સ્ત્રીઓ હોય છે, અને તે ક્ષેત્ર નાનું હોવાથી તે સૌથી થોડી છે. તેથી ઊર્ધ્વલોક અને તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણી છે. કારણ કે સહસ્રાર દેવલોક સુધીના દેવો પણ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, તો બીજી કાયના ઉત્પન્ન થાય તેમાં શું કહેવું? તેઓ ઉપર છતાં પણ જ્યાં જેનો સંભવ હોય ત્યાં ઉપજે છે, તેથી સહસ્રાર સુધીના દેવો અને બીજા જીવો પણ ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રીપણે આયુષ્ય વેદતા ઉત્પન્ન થાય છે. જે તીરછા લોકમાં રહેનારી તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રીઓ ઊર્ધ્વલોકમાં દેવ તરીકે અથવા બીજી કાય તરીકે ઉત્પન્ન થતી મરણસમુદ્ઘાત વડે ઉત્પત્તિસ્થાને પોતપોતાના આત્મપ્રદેશ રૂપી દંડને વિસ્તારે છે તે પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે તે તિર્યંચયોનિક સ્ત્રીઓ તેથી અસંખ્યાતગુણી છે, કારણ કે ક્ષેત્ર અસંખ્યાતગણું છે. તેથી ત્રણ લોકમાં સંખ્યાતગણી છે, કારણ કે જે ભવનપતિ, વ્યન્તર અને નારકો તથા બાકીની કાયવાળા જીવો પણ અધોલોકથી ઊર્ધ્વલોકમાં પણ તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રીપણે ઉત્પન્ન થાય, અને ઊર્ધ્વલોકથી દેવ વગેરે પણ અધોલોકમાં ઉત્પન્ન થાય તેઓ મરણ સમુદ્ઘાત કરી પોતપોતાના આત્મપ્રદેશરૂપ દંડ વડે ત્રણે લોકનો સ્પર્શ કરે છે, અને તેઓ ઘણી છે. તથા તિર્યંચ સ્ત્રીનું આયુષ્ય વેદવાથી તિર્યંચયોનિક સ્ત્રીઓ કહેવાય છે તેથી તેઓ સંખ્યાતગુણી છે. તેથી અધોલોક અને તિર્યગ્લોક નામે બે પ્રતરમાં રહેલી સંખ્યાતગુણી છે, કારણ કે ઘણા નારકાદિ જીવો સમુદ્ઘાત સિવાય પણ તીરછા લોકમાં તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રી તરીકે ઉત્પન્ન થાય છે. અને તીરછા લોકમાં રહેલા જીવો તિર્યંચયોનિક સ્ત્રીપણે અધોલૌકિક ગ્રામોમાં પણ ઉત્પન્ન થાય છે અને તેવી રીતે ઉત્પન્ન થતાં ઉક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે અને તેઓ તિર્યંચયોનિક સ્ત્રીનું આયુષ્ય વેદવાથી તિર્યંચયોનિક સ્ત્રીઓ પણ કહેવાય છે. તથા અધોલૌકિક ગ્રામો ક્રમશઃ વધતાં વધતાં છેવટના ભાગમાં હજાર યોજન ઉંડા છે અને તેની પહેલાના કોઇક પ્રદેશમાં નવસો યોજન ઉંડાઇવાળા પણ છે, ત્યાં કોઇક તિર્યંચયોનિક સ્ત્રીઓ પોતાના રહેવા વડે પણ ઉપર કહેલા બે પ્રતરનો આશ્રય કરે છે માટે પૂર્વે કહેલી તિર્યંચયોનિક સ્ત્રીઓથી સંખ્યાતગુણી છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે. કારણ કે અધોલૌકિક ગ્રામો અને બધા સમુદ્રો હજાર યોજન ઉંડા છે તે માટે નવસો યોજનની નીચે જે માછલી પ્રમુખ તિર્યંચ સ્ત્રીઓ રહે છે અને પોતાનું સ્થાન હોવાથી તેઓ ઘણી છે, માટે સંખ્યાતગુણી કહી છે, કારણ કે તેઓનું ક્ષેત્ર સંખ્યાતગુણ છે. તેથી તિર્યંચલોકમાં સંખ્યાતગુણી છે, એમ તિર્યંચગતિને આશ્રયી અલ્પબહુત્વ કહ્યું. ॥૬૨॥૧૯૮॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा मणुस्सा तेलोक्के, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवा मणुस्सीओ तेलोक्के, उड्ढलोयतिरियलोए संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, उड्ढलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।।सू०-६३।।१९९।।**

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા મનુષ્યો ત્રણલોકમાં (ત્રણલોકનો સ્પર્શ કરનારા) છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી મનુષ્યસ્ત્રીઓ ત્રણ લોકમાં (ત્રણ લોકનો સ્પર્શ કરનારી) છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે. ॥૬૩॥૧૯૯॥*

(ટી૦) હવે મનુષ્યગતિ સંબંધી અલ્પબહુત્વ કહે છે-ક્ષેત્રને અનુસારે વિચાર કરતાં ત્રણ લોકમાં એટલે ત્રણ લોકનો સ્પર્શ

કરનારા મનુષ્યો સૌથી થોડા છે, કારણ કે જેઓ ઊર્ધ્વલોકથી અધોલૌકિક ગ્રામોમાં ઉપજવાની યોગ્યતાવાળા મારણાન્તિક સમુદ્ઘાત કરે છે તેઓ કેટલાએક સમુદ્ઘાત વડે બહાર કાઢેલા પોતાના આત્મપ્રદેશો વડે ત્રણે લોકનો સ્પર્શ કરે છે, તે સિવાયના બીજા જેઓ વૈક્રિય સમુદ્ઘાત કે આહારક સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા તથાવિધ પ્રયત્નથી અત્યંત દૂર ઊર્ધ્વ અને અધોલોકમાં આત્મપ્રદેશોનો વિસ્તાર કરે છે અને જેઓ કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા છે તેઓ બધાય ત્રણ લોકનો સ્પર્શ કરે છે, અને તેઓ થોડા છે માટે 'સૌથી થોડા હોય છે' એમ કહ્યું છે. તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરનો સ્પર્શ કરનારા અસંખ્યાતગુણા છે, કારણ કે વૈમાનિક દેવો અને બીજી કાયના જીવો યથા સંભવ ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં મનુષ્યપણે ઉત્પન્ન થતા ઉપર કહેલા બે પ્રતરોનો સ્પર્શ કરે છે, વિદ્યાધરોનું પણ મેરુપર્વત વગેરે સ્થળે ગમન થાય છે, અને તેઓના વીર્ય અને રુધિરાદિ પુદ્ગલોમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે, તેથી તે વિદ્યાધરો જ્યારે રુધિરાદિ પુદ્ગલોસહિત જાય છે ત્યારે સંમૂર્છિમ મનુષ્યો પણ ઉપર કહેલા બે પ્રતરના સ્પર્શ કરનારા થાય છે, તે અતિશય ઘણા છે માટે અસંખ્યાતગુણા કહ્યા છે. તેથી અધોલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલૌકિક ગ્રામોમાં સ્વભાવથી જ ઘણા મનુષ્યો છે, તેથી જેઓ તિર્યગ્લોકથી મનુષ્યો અથવા શેષકાયોથી આવી અધોલૌકિક ગ્રામોમાં ગર્ભજ મનુષ્ય તરીકે કે સંમૂર્છિમ મનુષ્ય તરીકે ઉત્પન્ન થવાના છે, અને જેઓ અધોલોકથી કે અધોલૌકિક ગ્રામરૂપ શેષ અધોલોકથી, મનુષ્યોથી કે શેષકાયથી આવી તિર્યગ્લોકમાં ગર્ભજ મનુષ્ય તરીકે કે સંમૂર્છિમ મનુષ્ય તરીકે ઉપજવાના છે તેઓ પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે, અને તેઓ ઘણા છે, તેમજ સ્વસ્થાનથી પણ કેટલાક અધોલૌકિક ગ્રામોમાં ઉપરના બે પ્રતરનો સ્પર્શ કરનારા હોય છે, માટે તેઓ પૂર્વે કહેલાથી સંખ્યાતગુણા છે. તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે સૌમનસ વનાદિને વિષે ક્રીડા કરવા માટે અને ચૈત્યવંદન માટે ઘણા વિદ્યાધરો અને ચારણ મુનિઓના ગમનાગમનનો સંભવ છે, અને તેઓના રુધિરાદિ પુદ્ગલોના સંબન્ધથી સંમૂર્છિમ મનુષ્યોનો સંભવ છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે પોતાનું સ્થાન હોવાથી ઘણા છે. તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે ક્ષેત્ર સંખ્યાતગણું છે અને પોતાનું સ્થાન છે. હવે મનુષ્ય સ્ત્રી સંબંધી અલ્પબહુત્વ કહે છે-ક્ષેત્રને અનુસરી વિચાર કરતાં સૌથી થોડી મનુષ્ય સ્ત્રીઓ ત્રણ લોકનો સ્પર્શ કરનારી છે, કારણ કે ઊર્ધ્વલોકથી અધોલોકમાં ઉત્પન્ન થવાવાળી અને મારણાન્તિક સમુદ્ઘાત વડે જેના આત્મપ્રદેશો અત્યંત દૂર સુધી ફેલાયેલા છે એવી, અથવા વૈક્રિય સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલી અથવા કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલી મનુષ્ય સ્ત્રીઓ ત્રણ લોકનો સ્પર્શ કરે છે અને તે ઘણી થોડી છે માટે સૌથી થોડી કહી. તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં વર્તતી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગુણી છે. કારણ કે વૈમાનિક દેવો અને બાકીની કાયવાળા જીવો ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં મનુષ્ય સ્ત્રી તરીકે ઉત્પન્ન થવાના હોય તેને તથા તિર્યગ્લોકમાં રહેલી અને ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થવાવાળી અને મરણ સમુદ્ઘાત વડે ઉપર અત્યંત દૂર સુધી જેણે આત્મપ્રદેશો વિસ્તારેલા છે છતાં હજી સુધી જેણે કાળ નથી કર્યો એવી મનુષ્ય સ્ત્રીઓને ઉપરના બે પ્રતરના સ્પર્શનો સંભવ છે. કારણ કે તે બન્ને પ્રકારની પણ સ્ત્રીઓ અત્યંત ઘણી છે. તેથી અધોલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં સંખ્યાતગુણી છે. કારણ કે તિર્યગ્લોકથી મનુષ્ય સ્ત્રીઓથી કે શેષ કાયથી આવી અધોલૌકિક ગ્રામોમાં ઉત્પન્ન થાય, અથવા અધોલૌકિક ગ્રામરૂપ શેષથી તિર્યગ્લોકમાં મનુષ્ય સ્ત્રીપણે ઉપજવાની હોય તેને, અને કેટલીએકને અધોલૌકિક ગ્રામને વિષે રહેવાથી પણ પૂર્વે કહેલા બે પ્રતરના સ્પર્શનો સંભવ છે. અને તેઓ પૂર્વે કહેલી સ્ત્રીઓ કરતાં અતિશય ઘણી છે. તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણી છે, કારણ કે ક્રીડાને માટે કે ચૈત્યવંદન નિમિત્તે સૌમનસાદિમાં ઘણી વિદ્યાધરી સ્ત્રીઓનો સંભવ છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે. કારણ કે ત્યાં પણ સ્વસ્થાન હોવાથી ઘણી સ્ત્રીઓ છે. તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, કારણ કે ક્ષેત્ર સંખ્યાતગુણ છે અને સ્વસ્થાન છે. એમ મનુષ્યગતિ સંબંધી અલ્પબહુત્વ કહ્યું. ॥૬૩॥૧૯૯॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा देवा उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवाओ**

**देवीओ उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।।सू०-६४।।२००।।**

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા દેવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી ત્રણલોકમાં (ત્રણ લોકનો સ્પર્શ કરનારા) સંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી ત્રણ લોકમાં (ત્રણ લોકનો સ્પર્શ કરનારી) સંખ્યાતગુણી છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે. ॥૬૪॥૨૦૦॥*

(ટી૦) હવે દેવગતિને આશ્રયી અલ્પબહુત્વ કહે છે–ક્ષેત્રને અનુસારે વિચાર કરતાં સૌથી થોડા દેવો ઊર્ધ્વલોકમાં છે, કારણ કે ત્યાં વૈમાનિક દેવો છે અને તેઓ થોડા છે. અને ભવનપતિ વગેરે જેઓ **જિનજન્મ મહોત્સવાદિને વિષે મેરુપર્વતાદિની ઉપર જાય છે તેઓ પણ થોડા જ છે માટે** સૌથી થોડા કહ્યા છે. તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે. કારણ કે તે જ્યોતિષ્કોને નજીક છે માટે સ્વસ્થાન છે. તથા ભવનપતિ, વ્યન્તર અને જ્યોતિષ્કો મેરુપર્વતાદિ ઉપર તથા સૌધર્માદિ કલ્પમાં ગયેલા સ્વસ્થાન વિષે ગમનાગમન કરતા અને જેઓ સૌધર્માદિકલ્પમાં દેવપણે ઉત્પન્ન થવાની યોગ્યતાવાળા છે અને દેવાયુષ્ય વેદતા ઉત્પત્તિસ્થાન પર્યન્ત જાય છે, તેઓ પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે. તેથી ઉપરના બે પ્રતરનો સ્પર્શ કરનારા બધાનો વિચાર કરતા અતિશય ઘણા છે માટે પૂર્વે કહેલાથી અસંખ્યાતગુણા છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા સંખ્યાતગુણા છે, કારણ કે ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો તથાવિધ પ્રયત્નના વશથી વૈક્રિયસમુદ્ઘાત વડે ત્રણ લોકનો સ્પર્શ કરે છે. એ પ્રમાણે જેણે સમુદ્ઘાત કરેલો છે એવા પૂર્વે કહેલા બે પ્રતરના સ્પર્શ કરનારાથી સંખ્યાતગુણા કેવલજ્ઞાનીએ જાણેલા છે માટે સંખ્યાતગુણા છે. તેથી અધોલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં વર્તતા સંખ્યાતગુણા છે, કારણ કે તે બે પ્રતર ભવનપતિ અને વ્યન્તર દેવોને નજીક હોવાથી સ્વસ્થાન છે, તથા ઘણા ભવનપતિઓ પોતાના ભવનમાં રહેતા તીરછા લોકમાં જવા આવવા વડે તથા મરણ પામતા, વૈક્રિયસમુદ્ઘાત વડે સમવહત થયેલા તથા તીરછા લોકમાં રહેનારા તિર્યક્પંચેન્દ્રિય મનુષ્યો ભવનપતિપણે ઉત્પન્ન થતા અને ભવનપતિનું આયુષ્ય અનુભવતા પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે અને તે અતિશય ઘણા છે તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે તે ભવનપતિનું સ્વસ્થાન છે. તેથી તીરછા લોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે તે જ્યોતિષ્કો અને વ્યન્તરોનું સ્વસ્થાન છે. હવે દેવીઓ આશ્રયી અલ્પબહુત્વ કહે છે–આ સૂત્ર દેવસૂત્રની જેમ સામાન્ય રીતે વિચારવું. ॥૬૪॥૨૦૦॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा भवणवासी देवा उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा, अहोलोए असंखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवाओ भवणवासिणीओ देवीओ उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए असंखेज्जगुणाओ, तिरियलोए असंखेज्जगुणाओ, अहोलोए असंखेज्जगुणाओ। खेत्ताणुवाएणं सव्वत्थोवा वाणमंतरा देवा उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए असंखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवाओ वाणमंतरीओ देवीओ उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए असंखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ।। खेत्ताणुवाएणं सव्वत्थोवा जोइसिया देवा उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा,**

**अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवाओ जोइसिणीओ देवीओ उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए असंखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए असंखेज्जगुणाओ।। खेत्ताणुवाएणं सव्वत्थोवा वेमाणिया देवा [ग्रन्थाग्रं० २०००] उड्ढलोयतिरियलोए, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा, उड्ढलोए असंखिज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवाओ वेमाणिणीओ देवीओ उड्ढलोयतिरियलोए, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ, उड्ढलोए असंखेज्जगुणाओ** ।।सू०-६५।।२०१।।

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ભવનવાસી દેવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોતિર્યગ્લોક, તિર્યગ્લોક, અને તેથી અધોલોકમાં ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી ભવનવાસિની દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, અને તેથી અધોલોકમાં અસંખ્યાતગુણી છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા વાણમંતર દેવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી વાનમંતર દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં અસંખ્યાતગુણી છે અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા જ્યોતિષિક દેવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી જ્યોતિષિક દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા વૈમાનિક દેવો ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડી વૈમાનિક દેવીઓ ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણી છે, અને તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણી છે. ॥૬૫॥૨૦૧॥*

(ટી૦) એ પ્રમાણે દેવ સંબંધી સામાન્ય અલ્પબહુત્વ કહ્યું, હવે ભવનપત્યાદિ દેવ વિશેષનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા સૂત્રકાર પ્રથમ ભવનપતિના સંબંધમાં કહે છે-ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં ભવનવાસી દેવો સૌથી થોડા ઊર્ધ્વલોકમાં છે, તે આ પ્રમાણે-કેટલાક **ભવનવાસી દેવોનું સૌધર્માદિ દેવલોકમાં પૂર્વની મિત્રતાને લીધે ગમન થાય છે**, કેટલાકનું તીર્થંકરના જન્મમહિમા નિમિત્તે મેરુપર્વતમાં, અને અંજન-દધિમુખ પ્રમુખ પર્વતોને વિષે અષ્ટાહ્નિકાનિમિત્તે અને બીજા કેટલાકનું મેરુપર્વત વગેરે સ્થળે ક્રીડાનિમિત્તે ગમન થાય છે, એ બધા મળીને પણ થોડા હોય છે માટે સૌથી થોડા ઊર્ધ્વલોકમાં કહ્યા છે. તેથી ઊર્ધ્વલોક, તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે. તે આ પ્રમાણે-તિર્યગ્લોકમાં રહેલા ભવનવાસી દેવો વૈક્રિય સમુદ્ઘાત કરી ઊર્ધ્વલોક અને તિર્યગ્લોકનો સ્પર્શ કરે છે, તથા તિર્યગ્લોકમાં રહેલા ભવનવાસી મરણસમુદ્ઘાત વડે ઊર્ધ્વલોકમાં

સૌધર્માદિ દેવલોકને વિષે બાદર પર્યાપ્ત પૃથિવીકાયિકપણે, બાદર પર્યાપ્ત અપ્કાયિકપણે અને બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયિકપણે અનેક પ્રકારના મણિ વગેરે શુભ સ્થાનોમાં ઉપજવાના છે અને હજી પણ જેઓ સ્વભવનું આયુષ્ય અનુભવે છે, પરન્તુ પૃથિવીકાયિકાદિ પરભવનું આયુષ્ય અનુભવતા નથી, મારણાન્તિક સમુદ્ઘાત વડે સમવહત થયેલા બે પ્રકારના છે, કેટલાક પરભવનું આયુષ્ય વેદે છે અને કેટલાક વેદતા નથી, ભગવતી સૂત્રમાં કહ્યું છે કે-''**जीवेणं भंते! मारणंतियसमुग्घाएणं समोहए समोहणित्ता जे भविए मंदरस्स पव्वयस्स पुरच्छिमेणं बायरपुढवीकाइयत्ताए उववज्जित्तए से णं भंते! किं तत्थगए उववज्जेज्जा उयाहु पडिनियत्तित्ता उववज्जइ? गोयमा! अत्थेगइए तत्थगए चेव उववज्जइ अत्थेगइए ततो पडिनियत्तित्ता दोच्चंपि मारणंतियसमुग्घाएणं समोहणति, समोहणित्ता तओ पच्छा उववज्जइ**'' इति।-''હે ભગવન્! મારણાંતિક સમુદ્ઘાત કરીને જે મેરુપર્વતની પૂર્વ દિશામાં બાદર પૃથિવીકાયપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્! ત્યાં જઇને ઉત્પન્ન થાય કે ત્યાંથી પાછો ફરીને ઉત્પન્ન થાય? હે ગૌતમ! કદાચ ત્યાં જઇને ઉત્પન્ન થાય અને કદાચિત્ ત્યાંથી પાછો ફરીને બીજી વાર મારણાંતિક સમુદ્ઘાત કરીને ત્યાર પછી ત્યાં ઉત્પન્ન થાય.'' તેઓ હજી પોતાના ભવનું આયુષ્ય વેદતા હોવાથી ભવનવાસી જ કહેવાય છે. આવા પ્રકારના જે ભવનવાસીઓ ઉત્પત્તિ સ્થાન સુધી આત્મપ્રદેશરૂપ દંડનો વિસ્તાર કરે છે તેઓ, તથા ઊર્ધ્વલોકમાં જવા આવવાથી અને તે બે પ્રતરની પાસે તેઓનું ક્રીડાસ્થાન હોવાથી ઉપર કહેલા બધા તે બે પ્રતરનો સ્પર્શ કરે છે માટે પૂર્વે કહેલાથી અસંખ્યાતગુણા છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા સંખ્યાતગુણા છે, કારણ કે જે ઊર્ધ્વલોકમાં રહેલા તિર્યંચ પંચેન્દ્રિયો ભવનપતિપણે ઉપજવાના છે અને જેઓ સ્વસ્થાને વૈક્રિય સમુદ્ઘાત વડે કે પ્રથમ મરણ સમુદ્ઘાત વડે તેવા પ્રકારના તીવ્ર પ્રયત્નવિશેષથી સમવહત થયેલા છે તેઓ ત્રણ લોકનો સ્પર્શ કરે છે માટે તેઓ સંખ્યાતગુણા છે. કારણ કે પરસ્થાનમાં સમુદ્ઘાત કરનારાથી સ્વસ્થાનમાં સમુદ્ઘાત કરનારા સંખ્યાતગુણા હોય છે. તેથી અધોલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં વર્તમાન ભવનપતિ દેવો અસંખ્યાતગુણા છે. સ્વસ્થાનને નજીક હોવાથી અને તિર્યગ્લોકમાં જવા આવવાથી તથા સ્વસ્થાનમાં રહેલા ક્રોધાદિ સમુદ્ઘાતને પ્રાપ્ત થવાથી ઘણા ભવનપતિ દેવોને પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ થાય છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે સમવસરણાદિને વિષે વંદનનિમિત્તે અને રમણીય દ્વીપોમાં ક્રીડાનિમિત્તે આવવાનો સંભવ છે અને આવીને પણ તેઓ લાંબા કાળ સુધી રહે છે. તેથી અધોલોકમાં અસંખ્યાતગુણા છે. કારણ કે અધોલોક ભવનવાસીઓનું પોતાનું સ્થાન છે. એમ ભવનવાસી દેવીઓનું પણ અલ્પબહુત્વ જાણવું. હવે વ્યન્તરોના સંબંધમાં અલ્પબહુત્વ કહે છે-ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં સૌથી થોડા વ્યન્તરો ઊર્ધ્વલોકમાં છે, કારણ કે કેટલાક વ્યન્તરો મેરુપર્વતના પંડકવનાદિમાં હોય છે. તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે. કારણ કે કેટલાકને તે બે પ્રતરો પોતાના સ્થાનની અંદર આવી જતા હોવાથી, કેટલાકને પોતાના સ્થાનની નજીક હોવાથી અને બીજા ઘણા વ્યન્તરોનું મંદરાદિ પર્વતોમાં ગમનાગમન હોવાથી તેઓને પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ થાય છે. માટે વિચાર કરતાં તે બધા અતિશય ઘણા થાય છે. તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે ત્રણે લોકમાં રહેનારા વ્યન્તરો તથાવિધ પ્રયત્નવિશેષથી વૈક્રિય સમુદ્ઘાત કરવા વડે આત્મપ્રદેશોથી ત્રણે લોકનો સ્પર્શ કરે છે. તે માટે પૂર્વે કહેલાથી અત્યંત ઘણા થાય છે, તેથી સંખ્યાતગુણા છે. તેથી અધોલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે, કારણ કે તે ઘણા વ્યન્તરોનું સ્વસ્થાન છે માટે તેનો સ્પર્શ કરનારા ઘણા હોય છે તેથી અસંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલૌકિક ગ્રામોમાં તેઓનું સ્વસ્થાન છે અને ઘણા વ્યન્તરોનું અધોલોકમાં ક્રીડા માટે ગમન થાય છે. તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે તેઓનું સ્થાન તિર્યગ્લોક છે. એમ વ્યન્તર દેવી સંબંધી પણ અલ્પબહુત્વ જાણવું.

હવે જ્યોતિષ્કના સંબંધમાં અલ્પબહુત્વ કહે છે-ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં સૌથી થોડા જ્યોતિષ્કો ઊર્ધ્વલોકમાં છે, કારણ કે કેટલાએકનો તીર્થંકરના જન્મમહોત્સવ નિમિત્તે મેરુ ઉપર, અંજન અને દધિમુખ પર્વતને વિષે અષ્ટાહ્નિકા નિમિત્તે અને ક્રીડા નિમિત્તે બીજા કેટલાકનો મેરુપર્વતાદિને વિષે ગમનનો સંભવ છે. તેથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરમાં

અસંખ્યાતગુણા છે. કારણ કે કેટલાક જ્યોતિષ્કો પોતાના સ્થાનમાં રહેલાં છતાં નજીક હોવાથી તે બે પ્રતરનો સ્પર્શ કરે છે. બીજા કેટલાએક વૈક્રિય સમુદ્દ્ઘાત વડે અને બીજા કેટલાક ઊર્ધ્વલોકમાં જવા આવવાથી આ બે પ્રતરનો સ્પર્શ કરે છે. માટે પૂર્વોક્તથી અસંખ્યાતગુણા છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા સંખ્યાતગુણા છે. કારણ કે જે જ્યોતિષ્કો તેવા પ્રકારના તીવ્ર પ્રત્યનરૂપ વૈક્રિય સમુદ્દ્ઘાત વડે ત્રણે લોકનો સ્વપ્રદેશો વડે સ્પર્શ કરે છે તે સ્વભાવથી પણ અતિશય ઘણા છે માટે પૂર્વોક્તથી સંખ્યાતગુણા છે. તેથી અધોલોક તિર્યગ્લોક નામે બે પ્રતરમાં વર્તતા અસંખ્યાતગુણા છે. કારણ કે ઘણા જ્યોતિષ્કો અધોલૌકિક ગ્રામોમાં સમવસરણાદિ નિમિત્તે અને અધોલોકમાં ક્રીડાનિમિત્તે ગમનાગમન કરવાથી તથા ઘણા અધોલોકથી જ્યોતિષ્કોમાં ઉત્પન્ન થતા પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે, તે માટે પૂર્વોક્તથી અસંખ્યાતગુણા છે. તેથી સંખ્યાતગુણા અધોલોકમાં છે, કારણ કે ઘણા જ્યોતિષ્કો અધોલોકમાં ક્રીડા નિમિત્તે અને અધોલૌકિક ગ્રામોમાં સમવસરણાદિને વિષે લાંબા કાળ સુધી રહે છે. તેથી અસંખ્યાતગુણા તિર્યગ્લોકમાં છે, કારણ કે તિર્યગ્લોક તેઓનું પોતાનું સ્થાન છે. એ પ્રમાણે જ્યોતિષ્કદેવી સંબંધી સૂત્રનો સ્વયમેવ વિચાર કરી લેવો.

હવે વૈમાનિક દેવ સંબન્ધી અલ્પબહુત્વ કહે છે–ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતા વૈમાનિક દેવો સૌથી થોડા ઊર્ધ્વલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં છે, કારણ કે અધોલોકમાં અને તિર્યગ્લોકમાં રહેલા જે જીવો વૈમાનિકોમાં ઉત્પન્ન થાય છે, જે વૈમાનિકો તિર્યગ્લોકમાં ગમનાગમન કરે છે, જેઓએ વિવક્ષિત બે પ્રતરમાં રહેલા ક્રીડાસ્થાનનો આશ્રય કરેલો છે અને જેઓ તિર્યગ્લોકમાં રહીને જ વૈક્રિયસમુદ્દ્ઘાત કે મરણસમુદ્દ્ઘાત કરતા તથાવિધ પ્રયત્ન વિશેષથી ઊર્ધ્વલોકમાં આત્મપ્રદેશોને વિસ્તારે છે, તે ઉપર કહેલા બે પ્રતરનો સ્પર્શ કરે છે, તે થોડા છે માટે સૌથી થોડા કહ્યા છે. તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલૌકિક ગ્રામોમાં સમવસરણાદિ નિમિત્તે કે અધોલોકમાં ક્રીડા નિમિત્તે ગયેલા જે વૈમાનિકો વૈક્રિય સમુદ્દ્ઘાત કે મારણાંતિક સમુદ્દ્ઘાત કરતા તથાવિધ પ્રયત્નવિશેષથી અત્યંત દૂર ઊર્ધ્વ આત્મપ્રદેશરૂપ દંડનો વિસ્તાર કરે છે અને જે વૈમાનિક ભવથી ઈલિકાગતિથી આવી અધોલૌકિક ગ્રામોમાં ઉત્પન્ન થાય છે તે ત્રણે લોકનો સ્પર્શ કરે છે અને તે પૂર્વે કહેલાથી ઘણા છે માટે સંખ્યાતગુણા છે. તેથી અધોલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં સંખ્યાતગુણા છે. કારણ કે અધોલૌકિક ગ્રામોમાં સમવસરણાદિ નિમિત્તે ગમનાગમન કરવાથી અને ઉપર કહેલા બે પ્રતરમાં રહેલા સમવસરણાદિમાં રહેવાથી ઘણા વૈમાનિકોને ઉપર કહેલા બે પ્રતરનો સ્પર્શ થાય છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલૌકિક ગ્રામોને વિષે ઘણા વૈમાનિક દેવો સમવસરણાદિને વિષે રહે છે. તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે ઘણા વૈમાનિકો સમવસરણોમાં અને ઘણા ક્રીડા સ્થાનોમાં રહે છે. તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે ઊર્ધ્વલોક વૈમાનિકોનું સ્વસ્થાન છે, અને ત્યાં ઘણા જ વૈમાનિક હમેશાં રહે છે. એમ વૈમાનિક દેવી સંબન્ધી સૂત્રનો પણ વિચાર કરવો. ॥૬૫॥૨૦૧॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा एगिंदिया जीवा उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखिज्जगुणा, उड्ढलोए असंखिज्जगुणा, अहोलोए विसेसाहिया। खेत्ताणुवाएणं सव्वत्थोवा एगिंदिया जीवा अपज्जत्तगा उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा एगिंदिया जीवा पज्जत्तगा उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखिज्जगुणा, उड्ढलोए असंखिज्जगुणा, अहोलोए विसेसाहिया।।सू०-६६।।२०२।।**

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા એકેન્દ્રિય જીવો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત એકેન્દ્રિય જીવો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં*

*છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા એકેન્દ્રિય જીવો ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ॥૬૬॥૨૦૨॥*

(ટી૦) હવે એકેન્દ્રિય સંબંધી અલ્પબહુત્વ કહે છે-ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં એકેન્દ્રિય જીવો સૌથી થોડા ઊર્ધ્વલોક-તિર્યગ્લોક નામે બે પ્રતરને વિષે છે, કારણ કે જેઓ ત્યાં રહેલા છે, અને જે કેટલાક ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં કે તિર્યગ્લોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થવાના છે તેઓ મરણ સમુદ્ઘાત કરી ઉપરના બે પ્રતરનો સ્પર્શ કરે છે, તેઓ થોડા છે માટે સૌથી થોડા કહ્યા છે. તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, કારણ કે જેઓ અધોલોકથી તિર્યગ્લોકમાં અને તિર્યગ્લોકથી અધોલોકમાં ઈલિકાગતિથી ઉત્પન્ન થાય છે તેઓ તથા ત્યાં રહેલા ઉપર કહેલા બે પ્રતરનો સ્પર્શ કરે છે. અને ઊર્ધ્વલોકથી અધોલોકમાં એકેન્દ્રિયો વિશેષાધિક છે, તેથી ઘણા અધોલોકથી તિર્યગ્લોકમાં ઉત્પન્ન થાય છે, માટે વિશેષાધિક કહ્યા છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણ છે, કારણ કે ઉપર કહેલા બે પ્રતરના ક્ષેત્રથી તિર્યગ્લોકનું ક્ષેત્ર અસંખ્યાતગુણ છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે. કારણ કે ઘણા ઊર્ધ્વલોકથી અધોલોકમાં કે અધોલોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થાય છે. તેમાં ઘણા એકેન્દ્રિય જીવો મરણસમુદ્ઘાત વડે આત્મપ્રદેશોને દંડરૂપે વિસ્તારી ત્રણે લોકનો સ્પર્શ કરે છે, તેથી અસંખ્યાતગુણા છે. તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓને ઉપજવાનું ક્ષેત્ર ઘણું મોટું છે. તેથી અધોલોકમાં વિશેષાધિક છે, કારણ કે ઊર્ધ્વલોકથી અધોલોકનું ક્ષેત્ર વિશેષાધિક છે. એમ અપર્યાપ્તા અને પર્યાપ્તા સંબંધી સૂત્ર વિચારવું. ॥૬૬॥૨૦૨॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा बेइंदिया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखिज्जगुणा, तेलुक्के असंखिज्जगुणा, अहोलोयतिरियलोए असंखिज्जगुणा, अहोलोए संखिज्जगुणा, तिरियलोए संखिज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवा बेइंदिया अपज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखिज्जगुणा, तिरियलोए संखिज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवा बेइंदिया पज्जत्ता उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखिज्जगुणा, अहोलोयतिरियलोए असंखिज्जगुणा, अहोलोए संखिज्जगुणा, तिरियलोए संखिज्जगुणा।। खित्ताणुवाएणं सव्वत्थोवा तेइंदिया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखिज्जगुणा, अहोलोयतिरियलोए असंखिज्जगुणा, अहोलोए संखिज्जगुणा, तिरियलोए संखिज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवा तेइंदिया अपज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवा तेइंदिया पज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा।। खेत्ताणुवाएणं सव्वत्थोवा चउरिंदिया जीवा उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवा चउरिंदिया जीवा अपज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवा चउरिंदिया जीवा पज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा,**

**अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।।सू०-६७।।२०३।।**

(મૂ૦) *ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા બેઇન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવો સૌથી થોડા ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્ત બેઇન્દ્રિયો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા તેઇન્દ્રિયો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત તેઇન્દ્રિયો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે. અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે.*

*ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત તેઇન્દ્રિયો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા તેઇન્દ્રિય પર્યાપ્ત ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે.*

*ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ચઉરિન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. ॥૬૭॥૨૦૩॥*

(ટી૦) હવે બેઇન્દ્રિયો સંબંધી અલ્પબહુત્વ કહે છે–ક્ષેત્રને અનુસારે વિચાર કરતાં સૌથી થોડા બેઇન્દ્રિયો ઊર્ધ્વલોકમાં છે, કારણ કે ઊર્ધ્વલોકના એક ભાગમાં તેઓનો સંભવ છે. તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે, કારણ કે જેઓ ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં કે તિર્યગ્લોકથી ઊર્ધ્વલોકમાં બેઇન્દ્રિયપણે ઉપજવાના છે અને તેનું આયુષ્ય અનુભવતા ઈલિકાગતિથી ઉત્પન્ન થાય છે, તથા જેઓ બેઇન્દ્રિયો જ છે અને તિર્યગ્લોકથી ઊર્ધ્વલોકમાં અને ઊર્ધ્વલોકથી તિર્યગ્લોકમાં બેઇન્દ્રિયપણે કે અન્યપણે ઉત્પન્ન થવાના છે તેઓ પ્રથમ મરણસમુદ્ઘાત કરતા અને તેથી બેઇન્દ્રિયનું આયુષ્ય અનુભવતાં સમુદ્ઘાત વડે અત્યંત દૂર સુધી પોતાના આત્મપ્રદેશો દંડરૂપે વિસ્તારે છે, તથા જેઓ પૂર્વોક્ત બે પ્રતરરૂપ ક્ષેત્રમાં રહેલા છે તેઓ બધા તે બે પ્રતરનો સ્પર્શ કરે છે, અને તે ઘણા છે, માટે પૂર્વોક્તથી અસંખ્યાતગુણા છે. તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા

છે, કારણ કે બેઇન્દ્રિયોના ઘણા ઉત્પત્તિસ્થાનો અધોલોકમાં છે, અને તેથી ઘણા તિર્યગ્લોકમાં છે, તેમાં જે બેઇન્દ્રિયો અધોલોકથી ઊર્ધ્વલોકમાં બેઇન્દ્રિયપણે કે અન્યપણે ઉપજવાના છે અને પ્રથમ મરણ સમુદ્ઘાત કરી સમુદ્ઘાતવડે ઉત્પત્તિ દેશ સુધી આત્મપ્રદેશરૂપ દંડનો વિસ્તાર કરતા બેઇન્દ્રિયાયુષ્ય વેદે છે, અને જેઓ ઊર્ધ્વલોકથી અધોલોકમાં બેઇન્દ્રિયો કે અન્યકાયના જીવો યાવત્ બેઇન્દ્રિયપણે ઉત્પન્ન થતા બેઇન્દ્રિયાયુષ્યનો અનુભવ કરે છે તે ત્રણ લોકનો સ્પર્શ કરે છે, તે ઘણા હોવાથી પૂર્વે કહેલાથી અસંખ્યાતગુણા છે. તેથી અધોલોક–તિર્યગ્લોકરૂપ બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે, કારણ કે જે અધોલોકથી તિર્યગ્લોકમાં અને તિર્યગ્લોકથી અધોલોકમાં બેઇન્દ્રિયપણે ઉપજવાની ઇચ્છાવાળા અને તેનું આયુષ્ય અનુભવતા ઈલિકાગતિથી ઉત્પન્ન થાય છે, તથા જે બેઇન્દ્રિય જીવો તિર્યગ્લોકથી અધોલોકમાં બેઇન્દ્રિયપણે કે શેષકાયપણે ઉપજવાની ઇચ્છાવાળા છે, અને પ્રથમ મારણાંતિક સમુદ્ઘાત કરતા અને બેઇન્દ્રિયના આયુષ્યનો અનુભવ કરતા સમુદ્ઘાતવડે ઉત્પત્તિસ્થાન સુધી આત્મપ્રદેશો દંડરૂપે વિસ્તારે છે તેઓ ઉક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે, તેઓ ઘણા છે માટે પૂર્વે કહેલા જીવોથી અસંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં તેના ઉપજવાના સ્થાનો ઘણાં છે. તેથી પણ તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં તેના યોનિસ્થાનો–ઉપજવાના સ્થાનો અતિશય ઘણાં છે. જેમ આ સામાન્ય બેઇન્દ્રિય સંબન્ધી સૂત્રનો વિચાર કર્યો તેમ પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિય સૂત્ર જાણવું. તેજ પ્રમાણે સામાન્ય તેઇન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઇન્દ્રિય, સામાન્ય ચઉરિન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય સૂત્રનો વિચાર કરવો. ॥૬૭॥૨૦૩॥

**खेत्ताणुवाएणं सव्वत्थोवा पंचिंदिया तेलुक्के, उड्ढलोयतिरियलोए संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवा पंचिंदिया अपज्जत्तया तेलोक्के, उड्ढलोयतिरियलोए संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा। खेत्ताणुवाएणं सव्वत्थोवा पंचिदिया पज्जत्ता उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलुक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा ।।सू०-६८।।२०४।।**

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પંચેન્દ્રિય જીવો ત્રણ લોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા પંચેન્દ્રિયો ત્રણ લોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્તા પંચેન્દ્રિયો ઊર્ધ્વલોકમાં છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ॥૬૮॥૨૦૪॥*

(ટી૦) હવે પંચેન્દ્રિયના સંબંધમાં અલ્પબહુત્વ કહે છે–ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં સૌથી થોડા પંચેન્દ્રિયો ત્રણ લોકમાં–ત્રણ લોકનો સ્પર્શ કરનારા છે, કારણ કે જેઓ અધોલોકથી ઊર્ધ્વલોકમાં અને ઊર્ધ્વલોકથી અધોલોકમાં બાકીની કાયવાળા પંચેન્દ્રિયાયુષ્યનો અનુભવ કરતાં ઈલિકાગતિથી ઉત્પન્ન થાય છે અને જે પંચેન્દ્રિયો ઊર્ધ્વલોકથી અધોલોકમાં અને અધોલોકથી ઊર્ધ્વલોકમાં પંચેન્દ્રિય સિવાય બાકીની કાયપણે કે પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થવાની ઇચ્છાવાળા મરણસમુદ્ઘાત કરી અને સમુદ્ઘાત વડે ઉત્પત્તિસ્થાન સુધી આત્મપ્રદેશો દંડરૂપે વિસ્તારી હજી સુધી પંચેન્દ્રિયાયુષ્યનો અનુભવ કરે છે તે ત્રણ લોકનો સ્પર્શ કરનારા છે, તે થોડા છે માટે સૌથી થોડા કહ્યા છે. તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે, કારણ

કે ઘણા જીવોના ઉપજવા વડે તથા સમુદ્ઘાત વડે ઉપર કહેલા બે પ્રતરના સ્પર્શનો સંભવ છે. તેથી અધોલોક–તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે તેને અત્યંત ઘણા જીવોના ઉપપાત અને સમુદ્ઘાત વડે અધોલોક–તિર્યગ્લોક નામના બે પ્રતરનો સ્પર્શ થાય છે. તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં વૈમાનિક દેવોનું અવસ્થાન છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે વૈમાનિક દેવો કરતાં સંખ્યાતગુણા નારકો ત્યાં રહે છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે સંમૂર્છિમ જલચર–ખેચરાદિ, વ્યન્તર, જ્યોતિષ્કો અને સંમૂર્છિમ મનુષ્યો ત્યાં હોય છે. એ પ્રમાણે અપર્યાપ્ત પંચેન્દ્રિય સૂત્રનો પણ વિચાર કરવો. પર્યાપ્ત પંચેન્દ્રિયના સંબન્ધમાં અલ્પબહુત્વ–ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો સૌથી થોડા ઊર્ધ્વલોકમાં છે, કારણ કે પ્રાયઃ વૈમાનિક દેવોજ ત્યાં હોય છે. તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગુણા છે, કારણ કે આ બે પ્રતરની નજીક રહેલા જ્યોતિષ્ક દેવોને તથા જ્યોતિષ્કાશ્રિત ક્ષેત્રમાં રહેલા વ્યન્તરો અને તિર્યંચ પંચેન્દ્રિયોને તથા વૈમાનિક, વ્યન્તર, જ્યોતિષ્ક, વિદ્યાધર, ચારણ મુનિ, અને તિર્યંચ પંચેન્દ્રિયોને ઊર્ધ્વલોક અને તિર્યગ્લોકમાં ગમનાગમન કરતા ઉપર કહેલા બે પ્રતરનો સ્પર્શ થાય છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા સંખ્યાતગુણા છે. તે આ પ્રમાણે–જે અધોલોકમાં રહેલા ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, વૈમાનિકો અને વિદ્યાધરો વૈક્રિય સમુદ્ઘાત કરતા તથાવિધ પ્રયત્નવિશેષથી ઊર્ધ્વલોકમાં આત્મપ્રદેશો દંડરૂપે વિસ્તારે છે તેઓ ત્રણે લોકનો સ્પર્શ કરે છે, માટે સંખ્યાતગુણા છે. તેથી અધોલોક–તિર્યગ્લોક નામે બે પ્રતરમાં સંખ્યાતગુણા છે. કારણ કે ઘણા વ્યન્તરો પોતાનું સ્થાન નજીક હોવાથી, તીરછા લોકમાં ભવનપતિઓ, ઊર્ધ્વલોકમાં વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અધોલૌકિક ગ્રામોમાં સમવસરણાદિ નિમિત્તે તથા અધોલોકમાં ક્રીડાદિ નિમિત્તે ગમનાગમન કરવાથી, તથા સમુદ્રોમાં કેટલાક તિર્યંચ પંચેન્દ્રિયો પોતાનું સ્થળ નજીક હોવાથી બીજા કેટલાક તે બે પ્રતરાશ્રિત ક્ષેત્રમાં રહેલા હોવાથી પૂર્વોક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે, માટે સંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે નૈરયિકો અને ભવનપતિ ત્યાં રહે છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર અને જ્યોતિષ્કો ત્યાં રહે છે. એમ પંચેન્દ્રિયનું અલ્પબહુત્વ કહ્યું. ॥૬૮॥૨૦૪॥

**खित्ताणुवाएणं सव्वत्थोवा पुढविकाइया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखिज्जगुणा, उड्ढलोए असंखिज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा पुढविकाइया अपज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा पुढविकाइया पज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया।।सू०-६९।।२०५।।**

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પૃથિવીકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે. અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત પૃથિવીકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્ત પૃથિવીકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ॥૬૯॥૨૦૫॥*

**खित्ताणुवाएणं सव्वत्थोवा आउकाइया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए**

असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा आउकाइया अपज्जत्तया उड्ढलोएतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा आउकाइया पज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया।।सू०-७०।।२०६।।

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપ્કાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત અપ્કાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે. તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્ત અપ્કાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક-તિર્યગ્લોકને વિષે વિશેષાધિક છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે. તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ।।૭૦।।૨૦૬।।*

खित्ताणुवाएणं सव्वत्थोवा तेउकाइया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खेत्ताणुवाएणं सव्वत्थोवा तेउकाइया अपज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खेत्ताणुवाएणं सव्वत्थोवा तेउकाइया पज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।।सू०-७१।।२०७।।

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા તેજસ્કાયિકો ઊર્ધ્વલોક તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં વિશેષાધિક છે, ક્ષેત્રને અનુસારે સૌથી થોડા અપર્યાપ્ત તેજસ્કાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પર્યાપ્ત તેજસ્કાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ।।૭૧।।૨૦૭।।*

खेत्ताणुवाएणं सव्वथोवा वाउकाइया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा वाउकाइया अपज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखिज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खेत्ताणुवाएणं सव्वत्थोवा वाउकाइया पज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।।सू०-७२।।२०८।।

(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા વાયુકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા વાયુકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે. [ઇત્યાદિ અપર્યાપ્ત અને પર્યાપ્ત વાયુકાયિકનો પૂર્વવત્ સૂત્રાર્થ જાણવો.] ॥૭૨॥૨૦૮॥

**खित्ताणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया अपज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलुक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया पज्जत्तया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।।सू०-७३।।२०९।।**

(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા વનસ્પતિકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્તા વનસ્પતિકાયિકો ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં છે. [ઇત્યાદિ અપર્યાપ્તા અને પર્યાપ્તા વનસ્પતિકાયિક સંબંધમાં પૂર્વવત્ સૂત્રાર્થ જાણવો.] ॥૭૩॥૨૦૯॥

(ટી૦) હવે પૃથિવીકાયિકાદિ પાંચે એકેન્દ્રિયોના પ્રત્યેકના સામાન્ય, પર્યાપ્તા અને અપર્યાપ્તાઓના સંબંધમાં ત્રણ ત્રણ અલ્પબહુત્વ કહે છે–આ પંદર સૂત્રો પૂર્વે કહેલા એકેન્દ્રિયસૂત્રની પેઠે વિચારવા.

**खित्ताणुवाएणं सव्वत्थोवा तसकाइया तेलोक्के, उड्ढलोयतिरियलोए संखेज्जगुणा[1], अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवा तसकाइया अपज्जत्तया तेलोक्के, उड्ढलोयतिरियलोए संखेज्जगुणा[2], अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा। खित्ताणुवाएणं सव्वत्थोवा तसकाइया पज्जत्तया तेलोक्के, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखिज्जगुणा ।।सू०-७४।।२१०।।**

(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા ત્રસકાયિકો ત્રણલોકને વિષે છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકને વિષે સંખ્યાતગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકને વિષે સંખ્યાતગુણા છે, તેથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા અપર્યાપ્ત ત્રસકાયિકો ત્રણ લોકમાં છે. [ઇત્યાદિ અપર્યાપ્ત અને પર્યાપ્ત ત્રસકાયિકના સંબંધમાં સૂત્રાર્થ પૂર્વની પેઠે જાણવો.] ॥૭૪॥૨૧૦॥

(ટી૦) આ સૂત્રોનો પંચેન્દ્રિય સૂત્રની પેઠે વિચાર કરવો. ક્ષેત્રદ્વાર સમાપ્ત. ॥૭૪॥૨૧૦॥

## २५ बन्धदारं

**एएसि णं भंते! जीवाणं आउयस्स कम्मस्स बंधगाणं अबंधगाणं पज्जत्ताणं अपज्जत्ताणं सुत्ताणं जागराणं समोहयाणं असमोहयाणं सायावेयगाणं असायावेयगाणं इंदिओवउत्ताणं नोइंदिओवउत्ताणं सागारोवउत्ताणं अणागारोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा**

---

१. असंखेज्जगुणा; २. असंखेज्जगुणा मलयगिरि टिकायां [અહિં મહાવીર વિદ્યાલયના પાઠાનુસાર 'संखेज्जगुणा' લેવામાં આવેલ છે.]

**आउयस्स कम्मस्स बंधगा १, अपज्जत्तया संखेज्जगुणा २, सुत्ता संखेज्जगुणा ३, समोहया संखेज्जगुणा ४, सायावेयगा संखेज्जगुणा ५, इंदिओवउत्ता संखेज्जगुणा ६, अणागारोवउत्ता संखेज्जगुणा ७, सागारोवउत्ता संखेज्जगुणा ८, नोइंदिओवउत्ता विसेसाहिया ९, असायावेयगा विसेसाहिया १०, असमोहया विसेसाहिया ११, जागरा विसेसाहिया १२, पज्जत्तया विसेसाहिया १३, आउयस्स कम्मस्स अबंधया विसेसाहिया १४।** ।।सू०-७५।।२११।।

*(મૂ૦) હે ભગવન્! એ આયુષ્ય કર્મના બન્ધક, અબન્ધક, પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂતેલા, જાગૃત, સમવહત-સમુદ્દ્ઘાતવાળા, અસમવહત-સમુદ્ઘાત રહિત, સાતાને વેદતા, અસાતાને વેદતા, ઇન્દ્રિયના ઉપયોગવાળા, નોઇન્દ્રિયના ઉપયોગવાળા, સાકાર ઉપયોગવાળા અને અનાકાર ઉપયોગવાળા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ૧ સૌથી થોડા જીવો આયુષ્ય કર્મના બન્ધક છે, ૨ તેથી અપર્યાપ્ત જીવો સંખ્યાતગુણા છે, ૩ તેથી સૂતેલા જીવો સંખ્યાતગુણા છે, ૪ તેથી સમવહત-સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા જીવો સંખ્યાતગુણા છે, ૫ તેથી સાતાવેદનીયનો અનુભવ કરનારા જીવો સંખ્યાતગુણા છે. ૬ તેથી ઇન્દ્રિયના ઉપયોગવાળા જીવો સંખ્યાતગુણા છે, ૭ તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, ૮ તેથી સાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, ૯ તેથી નોઇન્દ્રિય(મન)ના ઉપયોગવાળા વિશેષાધિક છે, ૧૦ તેથી અસાતાવેદનીય કર્મનો અનુભવ કરનારા વિશેષાધિક છે, ૧૧ તેથી અસમવહત-સમુદ્ઘાતને નહિ પ્રાપ્ત થયેલા જીવો વિશેષાધિક છે, ૧૨ તેથી જાગૃત જીવો વિશેષાધિક છે, ૧૩ તેથી પર્યાપ્ત વિશેષાધિક છે, ૧૪ અને તેથી આયુષ્ય કર્મના અબન્ધક વિશેષાધિક છે. ।।૭૫।।૨૧૧।।*

(ટી૦) હવે બન્ધદ્વાર કહે છે-અહીં આયુષ્ય કર્મના બન્ધક, અબન્ધક, પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂતેલા, જાગૃત, સમવહત-સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા, અસમવહત-સમુદ્દ્ઘાતને નહિ પ્રાપ્ત થયેલા, સાતાવેદક, અસાતાવેદક, ઇન્દ્રિયના ઉપયોગવાળા, નોઇન્દ્રિયના ઉપયોગવાળા, સાકાર-જ્ઞાનોપયોગવાળા અને અનાકાર-દર્શન ઉપયોગવાળા એઓનું સામુદાયિક અલ્પબહુત્વ કહેવાનું છે. તેમાં પ્રથમ પ્રત્યેકનું અલ્પબહુત્વ કહીએ છીએ, જેથી સમુદાયનું અલ્પબહુત્વ અનાયાસથી સમજી શકાય. તેમાં સૌથી થોડા આયુષ્ય કર્મના બન્ધક છે, તેથી અબન્ધક સંખ્યાતગુણા છે. કારણ કે **વર્તમાન ભવના અનુભવાતા આયુષ્યનો ત્રીજો ભાગ, ત્રીજા ભાગનો ત્રીજો ભાગ, તેનો પણ ત્રીજો ભાગ ઇત્યાદિ બાકી હોય ત્યારે જીવો પરભવનું આયુષ્ય બાંધે** છે, માટે બે તૃતીયાંશ અબન્ધકાળ છે અને એક તૃતીયાંશ બન્ધકાળ છે. માટે આયુષ્યના બન્ધ કરનારાથી અબન્ધક જીવો સંખ્યાતગુણા છે. સૌથી થોડા અપર્યાપ્ત છે અને તેથી પર્યાપ્ત સંખ્યાતગુણા છે. આ સૂક્ષ્મ જીવોને આશ્રયી જાણવું. કારણ કે સૂક્ષ્મ જીવોમાં બાહ્ય વ્યાઘાત-ઉપક્રમ હોતો નથી. માટે ઘણા સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે અને થોડાં ની જ અનુત્પત્તિ-મરણ થાય છે. સૌથી થોડા સૂતેલા છે, અને તેથી જાગૃત જીવો સંખ્યાતગુણા છે. આ પણ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની અપેક્ષાએ જાણવું. કારણ કે અપર્યાપ્ત સૂતેલા હોય છે, પર્યાપ્ત જાગૃત પણ હોય છે. મૂલ ટીકામાં કહ્યું છે કે—

**"जम्हा अपज्जत्ता सुत्ता लब्भंति, केइ अपज्जत्तगा जेसिं संखिज्जा समया अतीता ते य थोवा, इयरे वि य सेसा थोवगा चेव, सेसा जागरा पज्जत्ता, ते संखिज्जगुणा" इति।**

કારણ કે અપર્યાપ્ત સૂતા હોય છે, અને તેમાં કેટલાક અપર્યાપ્ત કે જેઓને સંખ્યાતા સમયો વ્યતીત થયા છે તે થોડા છે, બીજા પણ થોડા છે. બાકીના જાગૃત એ પર્યાપ્ત છે અને તે સંખ્યાતગુણા છે. માટે જાગૃત પર્યાપ્ત હોય છે અને તેથી સંખ્યાતગુણા છે. સમવહત-સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા સૌથી થોડા છે, કારણ કે અહીં સમવહત-મરણસમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા ગ્રહણ કરવા અને મરણસમુદ્દ્ઘાત તો મરણકાળે હોય છે પણ બાકીના સમયે હોતી નથી, તેમાં પણ બધા જીવોને મરણસમુદ્દ્ઘાત

હોતી નથી માટે તે સૌથી થોડા છે. તેથી અસમવહત-સમુદ્ઘાતને નહિ પ્રાપ્ત થયેલા અસંખ્યાતગુણા છે, કારણ કે જીવનકાળ ઘણો છે. સૌથી થોડા જીવો સાતાવેદનીયના ઉદયવાળા હોય છે, કારણ કે અહીં ઘણા જીવો સાધારણ શરીરવાળા હોય છે અને થોડા પ્રત્યેકશરીરવાળા હોય છે. સાધારણશરીરવાળા ઘણા અસાતાવેદનીયના ઉદયવાળા હોય છે અને થોડા સાતાવેદનીયના ઉદયવાળા હોય છે. અને પ્રત્યેક શરીરવાળા ઘણા સાતા વેદનારા હોય છે અને થોડા અસાતા વેદનારા હોય છે, માટે થોડા સાતાવેદક છે. તેથી અસાતા વેદનારા સંખ્યાતગુણા છે. સૌથી થોડા ઇન્દ્રિયના ઉપયોગવાળા હોય છે, અને તેથી નોઇન્દ્રિયના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે. કારણ કે ઇન્દ્રિયનો ઉપયોગ વર્તમાનકાળવિષયક હોય છે માટે તેનો ઉપયોગકાળ થોડો હોવાથી પ્રશ્નસમયે ઇન્દ્રિયના ઉપયોગવાળા થોડા હોય છે. જ્યારે તેજ અર્થને ઇન્દ્રિયવડે જાણીને ઓઘ સંજ્ઞાવડે પણ વિચારે છે ત્યારે તે નોઇન્દ્રિયના ઉપયોગવાળા કહેવાય છે માટે નોઇન્દ્રિયનો ઉપયોગ અતીત અને અનાગત કાળ વિષયક હોવાથી ઘણો કાળ હોવાને લીધે નોઇન્દ્રિયના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે. સૌથી થોડા અનાકાર (દર્શન) ઉપયોગવાળા હોય છે, કારણ કે દર્શનના ઉપયોગનો કાળ થોડો છે, તેથી સાકાર (જ્ઞાન) ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે અનાકાર ઉપયોગના કાળથી સાકાર ઉપયોગનો કાળ સંખ્યાતગુણ છે.

હવે સૂત્રમાં કહેલા સામુદાયિક અલ્પબહુત્વનો વિચાર કરે છે. (૧) સૌથી થોડા જીવો આયુષ્ય કર્મના બન્ધક છે, કારણ કે આયુષ્યબન્ધનો કાળ પ્રતિનિયત-ભવના ત્રીજા વગેરે ભાગે છે. (૨) તેથી અપર્યાપ્ત સંખ્યાતગુણા છે, કારણ કે અપર્યાપ્ત અનુભવાતા વર્તમાન ભવના આયુષ્યનો ત્રીજો ભાગ વગેરે બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે, તેથી બે તૃતીયાંશ અબન્ધકાળ અને એક તૃતીયાંશ બન્ધકાળ છે. માટે બન્ધકાળથી અબન્ધકાળ સંખ્યાતગુણ છે. તેથી આયુષ્યના બન્ધકથી અપર્યાપ્ત સંખ્યાતગુણા છે. (૩) તે અપર્યાપ્તાથી સૂતેલા સંખ્યાતગુણા છે. કારણ કે અપર્યાપ્ત અને પર્યાપ્ત બન્નેમાં સૂતેલા હોય છે અને પર્યાપ્ત અપર્યાપ્તાથી સંખ્યાતગુણા છે માટે અપર્યાપ્તાથી સૂતેલા સંખ્યાતગુણા છે. (૪) તેથી સમવહત-સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા સંખ્યાતગુણા છે, કારણ કે પર્યાપ્ત અને અપર્યાપ્તાઓમાં હમેશાં ઘણા મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા હોય છે. (૫) તેથી સાતાને વેદનારા સંખ્યાતગુણા છે, કારણ કે આયુષ્યના બન્ધક, અપર્યાપ્ત અને સૂતેલામાં સાતાને વેદનારા હોય છે. (૬) તેથી ઇન્દ્રિયના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે અસાતાને વેદનારાઓમાં પણ ઇન્દ્રિયનો ઉપયોગ હોય છે. (૭) તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે ઇન્દ્રિયના ઉપયોગમાં અને નોઇન્દ્રિયના ઉપયોગમાં અનાકાર ઉપયોગ હોય છે. (૮) તેથી સાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે ઇન્દ્રિય અને નોઇન્દ્રિયના ઉપયોગમાં સાકાર ઉપયોગનો ઘણો કાળ છે. (૯) તેથી નોઇન્દ્રિયના ઉપયોગવાળા વિશેષાધિક છે. કારણ કે તેમાં નોઇન્દ્રિયના અનાકાર ઉપયોગવાળાનો પણ સમાવેશ થાય છે. અહીં શિષ્યોના ઉપર અનુગ્રહ કરવા માટે અસદ્ભાવ સ્થાપના વડે દૃષ્ટાંત બતાવે છે-અહીં સાકાર ઉપયોગવાળા એકસો બાણું છે. તે બે પ્રકારના છે-ઇન્દ્રિય સાકાર ઉપયોગવાળા અને નોઇન્દ્રિય સાકાર ઉપયોગવાળા. તેમાં ઇન્દ્રિય સાકાર ઉપયોગવાળા અત્યન્ત થોડા છે માટે તેની વીશ સંખ્યા કલ્પવી, બાકીના એકસો બહોંતેર નોઇન્દ્રિય સાકાર ઉપયોગવાળા છે. નોઇન્દ્રિય અનાકારોપયોગવાળા બાવન જેટલા છે, તેથી સામાન્ય રીતે સાકાર ઉપયોગવાળાથી વીશ જેટલા ઇન્દ્રિય સાકારોપયોગવાળા બાદ કરીએ અને તેમાં બાવન જેટલા અનાકાર ઉપયોગવાળા નાંખીએ એટલે બસો ચોવીશ થાય છે, માટે સાકાર ઉપયોગવાળાથી નોઇન્દ્રિયના ઉપયોગવાળા વિશેષાધિક છે. (૧૧) તેથી અસાતાના વેદનારા વિશેષાધિક છે, કારણ કે ઇન્દ્રિયના ઉપયોગવાળા પણ અસાતાના વેદનારા હોય છે. (૧૨) તેથી અસમવહત-સમુદ્ઘાતને નહિ પ્રાપ્ત થયેલા વિશેષાધિક છે, કારણ કે સાતાના વેદનારાઓ પણ સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા હોતા નથી. (૧૩) તેથી જાગૃત થયેલા વિશેષાધિક

છે, કારણ કે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલામાં પણ કેટલાક જાગૃત હોય છે. (૧૪) તેથી પર્યાપ્ત વિશેષાધિક છે, કારણ કે સૂતેલામાં પણ કેટલાક પર્યાપ્ત છે. સૂતેલા પર્યાપ્ત પણ હોય છે અને જાગૃત થયેલા પર્યાપ્ત જ હોય છે એ નિયમ છે. (૧૫) તે પર્યાપ્તાથી આયુષ્યકર્મના બન્ધક વિશેષાધિક છે, કારણ કે અપર્યાપ્ત પણ આયુષ્યકર્મના બન્ધક હોય છે. આ જ અલ્પબહુત્વ શિષ્યોના અનુગ્રહ માટે સ્થાપનારાશિ વડે બતાવાય છે–ઉપર અને નીચે એમ બે પંક્તિઓ સ્થાપવી તેમાં ઉપરની પંક્તિમાં ૧ આયુષ્યકર્મના બન્ધક, ૨ અપર્યાપ્ત, ૩ સુપ્ત, ૪ સમવહત, ૫ સાતાવેદક, ૬ ઇન્દ્રિયના ઉપયોગવાળા, ૭ સાકારઉપયોગવાળા અને ૮ અનાકારઉપયોગવાળા અનુક્રમે સ્થાપવા અને તેની નીચેની પંક્તિમાં તે જ પદોની નીચે અનુક્રમે આયુષ્યના અબન્ધક, પર્યાપ્ત, જાગૃત, અસમવહત, અસાતાવેદક, નોઇન્દ્રિયોપયુક્ત અને સાકારોપયુક્ત પદ સ્થાપવાં. તેની સ્થાપના આ પ્રમાણે છે–

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આયુષ્યબન્ધક | અપર્યાપ્ત | સૂતેલા | સમવહત | સાતાવેદક | ઇન્દ્રિયના ઉપયોગવાળા | અનાકારો પયોગવાળા |
| ૧ | ૨ | ૪ | ૮ | ૧૬ | ૩૨ | ૬૪ |
| આયુષ્યબન્ધક | પર્યાપ્ત | જાગૃત | સમવહત | અસાતાવેદક | નોઇન્દ્રિયના ઉપયોગવાળા | સાકારો પયોગવાળા |
| ૨૫૫ | ૨૫૪ | ૨૫૨ | ૨૪૮ | ૨૪૦ | ૨૨૪ | ૧૯૨ |

અહીં ઉપરની પંક્તિમાં બધાં પદો સંખ્યાતગુણા છે, અને આયુષ્ય પદ બધામાં પ્રથમ છે માટે તેના પરિમાણની સંખ્યામાં એક મૂકવો, અને બાકીના પદો જઘન્ય સંખ્યા વડે સંખ્યાતગુણ હોવાથી તેમાં બમણા બમણા આંકડા મૂકવા. તે આ પ્રમાણે– ૨-૪-૮-૧૬-૩૨-૬૪. સર્વ જીવરાશિ અનન્તાનન્ત સ્વરૂપ છે તો પણ અસત્કલ્પના વડે તેનું પરિમાણ બસો છપ્પન કલ્પીએ. પછી આ રાશિની આયુષ્યબંધકાદિ સંબન્ધી સંખ્યા બાદ કરીને જે જે બાકી રહે તે તે આયુષ્યના અબન્ધકાદિનું પરિમાણ જાણવું. તે આ પ્રમાણે–આયુષ્યના અબંધકાદિ પદને વિષે બસો પંચાવન, અને બાકીના પદોમાં અનુક્રમે બસો ચોપન, બસો બાવન, બસો અડતાળીશ, બસો ચાળીશ, બસો ચોવીશ અને એકસો બાણું અનુક્રમે મૂકવાં, એમ છતાં ઉપરની પંક્તિમાં રહેલાં 'અનાકારોપયોગવાળા' સુધીના પદો સંખ્યાતગુણા છે, કારણ કે બમણાં બમણા અધિક છે. ત્યાર પછી સાકાર ઉપયોગવાળું પદ પણ ત્રણ ગણું હોવાથી સંખ્યાતગુણ છે. બાકીના નોઇન્દ્રિયોપયુક્ત વગેરે પદો પાછળના ક્રમથી વિશેષાધિક જાણવા. કારણ કે કોઇ સ્થળે બમણી સંખ્યા પણ થતી નથી. બન્ધદ્વાર સમાપ્ત થયું. ॥૭૫॥૨૧૧॥

## २६ पुग्गलदारं

**खित्ताणुवाएणं सव्वत्थोवा पुग्गला तेलोक्के, उड्ढलोयतिरियलोए अणंतगुणा, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया। दिसाणुवाएणं सव्वत्थोवा पुग्गला उड्ढदिसाए, अहोदिसाए विसेसाहिया, उत्तरपुरच्छिमेणं दाहिणपच्चत्थिमेण य दो वि तुल्ला असंखिज्जगुणा, दाहिणपुरच्छिमेण उत्तरपच्चत्थिमेण य दो वि तुल्ला विसेसाहिया, पुरच्छिमेणं असंखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया। खित्ताणुवाएणं सव्वत्थोवाइं दव्वाइं तेलोक्के, उड्ढलोयतिरियलोए अणंतगुणाइं, अहोलोयतिरियलोए विसेसाहियाइं, उड्ढलोए असंखेज्जगुणाइं, अहोलोए अणंतगुणाइं, तिरियलोए संखेज्जगुणाइं। दिसाणुवाएणं सव्वत्थोवाइं दव्वाइं अहोदिसाए, उड्ढदिसाए अणंतगुणाइं,**

**उत्तरपुरच्छिमेणं दाहिणपच्चत्थिमेण य दोवि तुल्लाइं असंखेज्जगुणाइं, दाहिणपुरच्छिमेणं उत्तरपच्चत्थिमेण य दो वि तुल्लाइं विसेसाहियाइं, पुरच्छिमेणं असंखेज्जगुणाइं, पच्चत्थिमेणं विसेसाहियाइं, दाहिणेणं विसेसाहियाइं, उत्तरेणं विसेसाहियाइं ।।सू०-७६।।२१२।।**

*(મૂ૦) ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા પુદ્ગલો (પુદ્ગલ દ્રવ્યો) ત્રણ લોકમાં (ત્રણ લોકનો સ્પર્શ કરનારા) છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અનન્તગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે. તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણાં છે, અને તેથી અધોલોકમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડા પુદ્ગલો ઊર્ધ્વદિશામાં છે, તેથી અધોદિશામાં વિશેષાધિક છે, તેથી ઉત્તર–પૂર્વમાં (ઈશાન કોણમાં) અને દક્ષિણ–પશ્ચિમમાં (નૈર્ઋત કોણમાં) અસંખ્યાતગુણા અને બન્ને વિદિશામાં પરસ્પર સરખા છે. તેથી દક્ષિણ–પૂર્વમાં (અગ્નિ કોણમાં) અને ઉત્તર–પશ્ચિમમાં (વાયવ્ય કોણમાં) બન્ને સ્થળે સરખા અને વિશેષાધિક છે, તેથી પૂર્વમાં અસંખ્યાતગુણા છે, તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડા દ્રવ્યો ત્રણલોકમાં (ત્રિલોકવર્તી) છે, તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અનન્તગુણા છે, તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, તેથી અધોલોકમાં અનન્તગુણા છે, અને તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડાં દ્રવ્યો અધો દિશામાં છે, તેથી ઊર્ધ્વ દિશામાં અનન્તગુણાં છે, તેથી ઉત્તરપૂર્વ–ઈશાન કોણમાં અને દક્ષિણપશ્ચિમ–નૈઋત્ય કોણમાં અસંખ્યાતગુણા અને બન્ને સ્થળે પરસ્પર સરખાં છે, તેથી દક્ષિણપૂર્વ–અગ્નિકોણમાં અને ઉત્તરપશ્ચિમ–વાયવ્ય કોણમાં બન્ને સ્થળે પરસ્પર સરખાં અને વિશેષાધિક છે, તેથી પૂર્વમાં અસંખ્યાતગુણા છે, તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, તેથી દક્ષિણમાં વિશેષાધિક છે, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. ।।૭૬।।૨૧૨।।*

(ટી૦) હવે પુદ્ગલ દ્વાર કહે છે. આ પુદ્ગલોનું અલ્પબહુત્વ દ્રવ્યાર્થપણાને આશ્રયી સમજવું. કારણ કે તેવા પ્રકારનો સંપ્રદાય–પરંપરા છે. તેમાં ક્ષેત્રને અનુસારે વિચાર કરતા ત્રણ લોકનો સ્પર્શ કરનારા પુદ્ગલ દ્રવ્યો સૌથી થોડાં છે, એટલે ત્રણ લોકવ્યાપી પુદ્ગલ સ્કન્ધો સૌથી થોડા છે. કારણ કે અચિત્ત મહાસ્કંધો જ ત્રણ લોકવ્યાપી છે અને તે થોડા છે. તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોકમાં અનન્તગુણા છે, કારણ કે તિર્યગ્લોકનું જે સૌથી ઉપરનું એક પ્રદેશવાળું પ્રતર અને ઊર્ધ્વલોકનું સૌથી નીચેનું એક પ્રદેશવાળું પ્રતર એ બન્ને પ્રતરોને ઊર્ધ્વલોક–તિર્યગ્લોક કહેવાય છે. તેને અનન્ત સંખ્યાતપ્રદેશવાળા, અનન્ત અસંખ્યાતપ્રદેશિક અને અનન્ત અનન્તપ્રદેશિક સ્કન્ધો સ્પર્શ કરે છે, માટે દ્રવ્યસ્વરૂપે અનન્તગુણા છે. તેથી અધોલોક–તિર્યગ્લોક નામે પૂર્વે કહેલા બે પ્રતરમાં વિશેષાધિક છે, કારણ કે લંબાઇ અને પહોળાઇમાં ક્ષેત્ર કંઇક અધિક છે. તેથી તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તેથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે તિર્યગ્લોકના ક્ષેત્રથી ઊર્ધ્વલોકનું ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તેથી અધોલોકમાં વિશેષાધિક છે, કારણ કે ઊર્ધ્વલોક કરતાં અધોલોક વિશેષાધિક છે. કંઇક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ ઊર્ધ્વલોક છે, અને કંઇક અધિક સાત રજ્જુ પ્રમાણ અધોલોક છે. હવે દિશાને અનુસરી અલ્પબહુત્વ કહે છે–દિશાની અપેક્ષાએ વિચાર કરતાં સૌથી થોડા પુદ્ગલો ઊર્ધ્વ દિશામાં છે. અહીં રત્નપ્રભાના સમભૂમિતલવાળા મેરુના મધ્યભાગમાં ચાર ઉપર અને ચાર નીચે એમ આઠ પ્રદેશો રુચક છે, તેથી ચાર પ્રદેશની લોકાન્ત પર્યન્ત ઊર્ધ્વ દિશા નીકળી છે. તેમાં સૌથી થોડા પુદ્ગલો છે, તેથી અધો દિશામાં વિશેષાધિક છે. અધો દિશા પણ તે રુચકથી ચાર પ્રદેશની નીચે લોકાન્ત પર્યન્ત નીકળી છે અને તે અધો દિશા ઊર્ધ્વ દિશાથી વિશેષાધિક હોવાથી ત્યાં પુદ્ગલો વિશેષાધિક છે. તેથી ઉત્તરપૂર્વ–ઈશાન કોણ અને દક્ષિણપશ્ચિમ–નૈર્ઋતકોણ પ્રત્યેકમાં અસંખ્યાતગુણા છે અને સ્વસ્થાનની અપેક્ષાએ પરસ્પર સરખા છે. કારણ કે તે બન્ને વિદિશાઓ પણ રુચકથી નીકળી મોતીની માળાના આકારે તિર્યગ્લોક, અધોલોક અને ઊર્ધ્વલોકના અન્ત સુધી ગયેલી છે. તેથી ક્ષેત્ર અસંખ્યાતગુણ હોવાથી તેમાં રહેલા પુદ્ગલો પણ અસંખ્યાતગુણા છે, અને સ્વસ્થાનનું ક્ષેત્ર સરખું હોવાથી

પુદ્ગલો પણ સ્વસ્થાનમાં સરખા છે. તેથી દક્ષિણપૂર્વ–અગ્નિકોણમાં અને ઉત્તરપશ્ચિમ–વાયવ્ય કોણમાં પ્રત્યેકને આશ્રયી વિશેષાધિક છે, અને સ્વસ્થાનમાં પરસ્પર સરખા છે. વિશેષાધિક હોવાનું કારણ આ પ્રમાણે છે–અહીં સૌમનસ અને ગંધમાદન પર્વતોમાં સાત સાત શિખરો તથા વિદ્યુત્પ્રભ અને માલ્યવંતમાં નવ નવ શિખરો છે. તે શિખરોમાં ધૂમસ અને ઝાકળ વગેરેના સૂક્ષ્મ પુદ્ગલો ઘણા છે, માટે વિશેષાધિક છે, અને સ્વસ્થાનમાં ક્ષેત્ર અને પર્વતાદિનું સમાનપણું હોવાથી તુલ્ય છે. તેથી પૂર્વ દિશામાં અસંખ્યાતગુણા છે, કારણ કે ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે અધોલૌકિક ગ્રામોમાં ખાલી જગ્યા હોવાથી ત્યાં ઘણા પુદ્ગલો હોય છે. તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે ઉત્તર દિશામાં લંબાઈ અને પહોળાઈપણે સંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ માનસ સરોવર છે. તેમાં જે જલચરો અને પનક સેવાલાદિ જીવો છે તે ઘણા છે અને તેઓને જે તૈજસ કાર્મણ પુદ્ગલો લાગેલા છે તે અધિક પ્રાપ્ત થાય છે માટે પૂર્વથી વિશેષાધિક છે. એ પ્રમાણે પુદ્ગલ સંબંધી અલ્પબહુત્વ કહ્યું. હવે ક્ષેત્રને અનુસરી સામાન્ય દ્રવ્યોનું અલ્પબહુત્વ કહે છે–ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરતાં સૌથી થોડાં દ્રવ્યો ત્રિલોકવ્યાપી–ત્રણ લોકનો સ્પર્શ કરનારાં છે, કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય દ્રવ્ય, પુદ્ગલાસ્તિકાયના મહાસ્કંધો અને જીવાસ્તિકાયમાં મારણાન્તિક સમુદ્ઘાત વડે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા જીવો ત્રિલોક વ્યાપી છે અને તેઓ અલ્પ છે માટે સૌથી થોડા છે. તેથી ઊર્ધ્વલોક–તિર્યગ્લોક નામે પૂર્વે કહેલા બે પ્રતરમાં અનન્તગુણાં દ્રવ્યો છે, કારણ કે અનન્ત પુદ્ગલ દ્રવ્યો અને અનન્ત જીવ દ્રવ્યો તેનો સ્પર્શ કરે છે. તેથી અધોલોક–તિર્યગ્લોકમાં વિશેષાધિક છે, કારણ કે ઊર્ધ્વલોક–તિર્યગ્લોકથી અધોલોક–તિર્યગ્લોક કંઇક વિશેષાધિક છે. તેથી ઊર્ધ્વ લોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તેથી અધોલોકમાં અનન્તગુણા છે, કારણ કે અધોલૌકિક ગ્રામોમાં કાળ છે, અને તે કાળ તે તે પરમાણુના સંખ્યાતા, અસંખ્યાતા, અને અનન્ત પ્રાદેશિક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પર્યાયના સંબંધથી પ્રતિ પરમાણુઆદિ દ્રવ્યને આશ્રયી અનન્ત છે, માટે અધોલોકમાં અનન્તગુણ દ્રવ્યો છે. તેથી તિર્યગ્લોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલૌકિક ગ્રામોના જેટલા ખંડો કાળ દ્રવ્યના આધારભૂત મનુષ્ય લોકમાં સંખ્યાતગુણા છે. હવે દિશાને અનુસરી સામાન્યરીતે દ્રવ્યોનું અલ્પબહુત્વ કહે છે—દિશાની અપેક્ષાએ વિચાર કરતાં સામાન્યતઃ સૌથી થોડા દ્રવ્યો અધો દિશામાં છે, અધોદિશાનું સ્વરૂપ (સૂ૦ ૭૬ની) ટીકામાં હમણાં જ બતાવ્યું છે. તેથી ઊર્ધ્વ દિશામાં અનન્તગુણા છે, તેનું કારણ એ છે કે–ઊર્ધ્વ લોકમાં મેરુનો પાંચસો યોજનનો સ્ફટિકમય કાંડ છે, તેમાં ચંદ્ર–સૂર્યના પ્રકાશનો પ્રવેશ થવાથી દ્રવ્યોના ક્ષણાદિ કાળનો વિભાગ થાય છે, અને કાળ પરમાણુ આદિ એક એક દ્રવ્ય દીઠ અનન્ત છે, માટે તેથી અનન્તગુણા છે. તેથી ઉત્તરપૂર્વ–ઈશાન કોણમાં અને દક્ષિણપશ્ચિમમાં–નૈઋત્યકોણમાં અસંખ્યાતગુણા દ્રવ્યો છે, અને સ્વસ્થાનમાં સમાનક્ષેત્ર હોવાથી બન્ને દ્રવ્યો પરસ્પર સરખાં છે. તેથી દક્ષિણપૂર્વ–અગ્નિકોણમાં અને ઉત્તરપશ્ચિમ–વાયવ્ય કોણમાં વિશેષાધિક છે. કારણ કે ત્યાં વિદ્યુત્પ્રભ અને માલ્યવંત પર્વતના શિખરને આશ્રયી રહેલા ધૂમસ, ઝાકળ વગેરે સૂક્ષ્મ પુદ્ગલો ઘણાં છે. તેથી પૂર્વદિશામાં અસંખ્યાતગુણા છે. કારણ કે તેનું અસંખ્યાતગુણ ક્ષેત્ર છે. તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. કારણ કે અધોલૌકિક ગ્રામોમાં ખાલી જગ્યા હોવાથી ઘણાં પુદ્ગલ દ્રવ્યોનો સંભવ છે. તેથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, કારણ કે ત્યાં ભવનોનો ઘણો ખાલી ભાગ હોય છે. તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે તે દિશામાં રહેલા માનસ સરોવરમાં ઘણા જીવદ્રવ્યો અને તેને આશ્રયી રહેલા ઘણા તૈજસ કાર્મણ પુદ્ગલ સ્કન્ધ દ્રવ્યોનો સદ્ભાવ છે. ॥૭૬॥૨૧૨॥

**एएसि णं भंते! परमाणुपोग्गलाणं संखेज्जपएसियाणं असंखेज्जपएसियाणं अणंतपएसियाण य खंधाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा अणंतपएसिया खंधा दव्वट्ठयाए, परमाणुपोग्गला दव्वट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जणसिया खंधा दव्वट्ठयाए असंखेज्जगुणा। पएसट्ठयाए–सव्वत्थोवा अणंतपएसिया**

**खंधा पएसट्ठयाए, परमाणुपोग्गला अपएसट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा पएसट्ठयाए असंखेज्जगुणा। दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा अणंतपएसिया खंधा दव्वट्ठयाए, ते चेव पएसट्ठयाए अणंतगुणा, परमाणुपोग्गला दव्वट्ठअपएसट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए संखेज्जगुणा, ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा ।।सु०-७७।।२१३।।**

(મૂ૦) *હે ભગવન્! પરમાણુપુદ્ગલો, સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનન્તપ્રદેશિક સ્કન્ધોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અનન્ત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે છે, તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અનન્તગુણા છે, તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થપણે—અનંતપ્રદેશિકસ્કંધો પ્રદેશાર્થપણે સૌથી થોડા છે. તેથી પરમાણુ પુદ્ગલો અપ્રદેશાર્થપણે–દ્રવ્યાર્થપણે અનન્તગુણા છે, તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે– સૌથી થોડા અનન્ત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે છે, તે પ્રદેશાર્થપણે અનન્તગુણા છે, તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થ–અપ્રદેશાર્થપણે અનન્તગુણા છે, તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, અને તે પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, અને તે પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. ।।૭૭।।૨૧૩।।*

(ટી૦) હવે પરમાણુપુદ્ગલ, સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનન્તપ્રદેશિક સ્કંધોનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે– અહીં પરમાણ્વાદિનું અલ્પબહુત્વ સૂત્રમાં કહેલા પાઠ પ્રમાણે જાણવું, પરન્તુ અલ્પબહુત્વના વિચારમાં બધે સ્થળે તેવા પ્રકારનો સ્વભાવ એજ કારણ તરીકે સમજવું. ।।૭૭।।૨૧૩।।

**एएसि णं भंते! एगपएसोगाढाणं संखेज्जपएसोगाढाणं असंखेज्जपएसोगाढाण य पोग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला दव्वट्ठयाए, संखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा, पएसट्ठयाए-सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला पएसट्ठयाए, संखिज्जपएसोगाढा पोग्गला पएसट्ठयाए संखिज्जगुणा, असंखिज्जपएसोगाढा पुग्गला पएसट्ठयाए असंखेज्जगुणा। दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवा एगपएसोगाढा पुग्गला दव्वट्ठपएसट्ठयाए, संखिज्जपएसोगाढा पुग्गला दव्वट्ठयाए संखिज्जगुणा, ते चेव पएसट्ठयाए संखिज्जगुणा, असंखिज्जपएसोगाढा पुग्गला दव्वट्ठयाए असंखिज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखिज्जगुणा ।।सू०-७८।।२१४।।**

(મૂ૦) *હે ભગવન્! એ એક પ્રદેશાવગાઢ, સંખ્યાતપ્રદેશાવગાઢ અને અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા એકપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે હોય છે, તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતપ્રદેશાવગાઢ છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થપણે–સૌથી થોડા એકપ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે સૌથી થોડા એકપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે અને તે પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, અને તે પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. ।।૭૮।।૨૧૪।।*

**एएसि णं भंते! एगसमयठिइयाणं संखिज्जसमयठिइयाणं असंखिज्जसमयठिइयाणं पुग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा एगसमयठिइया पुग्गला दव्वट्ठयाए, संखिज्जसमयठिइया पुग्गला दव्वट्ठयाए संखिज्जगुणा, असंखिज्जसमयठिइया पुग्गला दव्वट्ठयाए असंखिज्जगुणा। पएसट्ठयाए-सव्वत्थोवा एगसमयठिइया पुग्गला पएसट्ठयाए[1] संखिज्जसमयठिइया पुग्गला पएसट्ठयाए संखेज्जगुणा, असंखिज्जसमयठिइया पुग्गला पएसट्ठयाए असंखेज्जगुणा। दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा एगसमयठिइया पुग्गला दव्वट्ठपएसट्ठयाए[2], संखिज्जसमयठिइया पुग्गला दव्वट्ठयाए संखिज्जगुणा, ते चेव पएसट्ठयाए संखिज्जगुणा। असंखिज्जसमयठिइया पुग्गला दव्वट्ठयाए असंखिज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखिज्जगुणा ।।सू०-७९।।२१५।।**

*(મૂ૦) હે ભગવન્! એક સમયની સ્થિતિવાળા, સંખ્યાતા સમયની સ્થિતિવાળા અને અસંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્‌ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે સૌથી થોડા છે, તેથી સંખ્યાતા સમયની સ્થિતિવાળા દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થપણે–સૌથી થોડા એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે–સૌથી થોડા એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે છે, તેથી સંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, અને પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે, તેથી અસંખ્યાતા સમયની સ્થિતિવાળા પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, અને પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. ॥૭૯॥૨૧૫॥*

**एएसि णं भंते! एगगुणकालगाणं संखिज्जगुणकालगाणं असंखिज्जगुणकालगाणं अणंतगुणकालगाण य पुग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! जहा परमाणु पुग्गला तहा भाणियव्वा, एवं संखिज्जगुणकालगाण वि। एवं सेसा वि वण्णा गंधा रसा फासा भाणियव्वा। फासाणं कक्खड-मउय-गुरुय-लहुयाणं जहा एगपएसोगाढाणं भणियं तहा भाणियव्वं। अवसेसा फासा जहा वन्ना तहा भाणियव्वा ।।२६ दारं।। ।।सू०-८०।।२१६।।**

*(મૂ૦) હે ભગવન્! એ એકગુણ કાળા, સંખ્યાતગુણ કાળા, અસંખ્યાતગુણ કાળા અને અનન્તગુણ કાળા પુદ્‌ગલોમાં દ્રવ્યાર્થપણે પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ સામાન્ય પુદ્‌ગલોના સંબંધમાં કહ્યું તેમ અહીં કહેવું. એમ સંખ્યાતગુણ કાળાના સંબંધમાં પણ કહેવું. એ રીતે બાકીના વર્ણ, ગંધ અને રસ સંબંધમાં કહેવું. સ્પર્શમાં કર્કશ, મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શ સંબંધમાં જેમ એક પ્રદેશાવગાઢને કહ્યું છે તેમ કહેવું. બાકીના સ્પર્શો જેમ વર્ણો કહ્યા છે તેમ કહેવા. ॥૮૦॥૨૧૬॥*

(ટી૦) હવે ક્ષેત્રની મુખ્યતાથી પરમાણુ આદિ પુદ્‌ગલોનું અલ્પબહુત્વ કહે છે–અહીં ક્ષેત્રના અધિકારથી ક્ષેત્રની મુખ્યતા હોવાને લીધે પરમાણુથી આરંભી અનન્તપ્રદેશિક સ્કંધો પણ એક પ્રદેશાશ્રિત હોય તો આધાર અને આધેયના અભેદોપચારથી ઘણાં હોવા છતાં પણ એક દ્રવ્ય તરીકે ગણાય છે. કારણ કે તેનું આધારભૂત ક્ષેત્ર એક આકાશ પ્રદેશ છે. આવા પ્રકારના એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ દ્રવ્યો સૌથી થોડા છે, એટલે લોકાકાશના પ્રદેશપ્રમાણ છે. એવો કોઇ પણ આકાશપ્રદેશ નથી કે જે એક પ્રદેશના અવગાહ પરિણામથી પરિણત થયેલા પરમાણુ આદિને અવકાશ આપવાના પરિણામ વડે ન પરિણત થયેલો હોય.

१. अपदेसट्ठाए; २. दव्वट्ठअपदेसट्ठाए (म.वि.)

તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે. તે આ પ્રમાણે–અહીં પણ ક્ષેત્રનું પ્રાધાન્ય હોવાથી બે આકાશપ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશ સ્કંધથી માંડી અનન્તપ્રદેશિક સ્કંધો એક દ્રવ્ય તરીકે ગણાય છે. અને તેવા પ્રકારના તે પુદ્ગલસ્કંધો પૂર્વે કહેલાથી સંખ્યાતગુણા છે. તે આ પ્રમાણે–સર્વલોકના પ્રદેશો વાસ્તવિક રીતે અસંખ્યાતા છે તો પણ તેના બદલે અસત્કલ્પનાથી દસની કલ્પના કરીએ, અને તે પ્રત્યેકનો વિચાર કરતાં દસ જ આકાશપ્રદેશો છે. માટે એક પ્રદેશાવગાઢ પુદ્ગલદ્રવ્યો દસ જ થાય છે. હવે તેજ દસ પ્રદેશોમાં અન્ય પ્રદેશને ગ્રહણ કરતાં અને અન્યને છોડતાં ઘણાં દ્વિકસંયોગ થાય છે, માટે એક પ્રદેશાવગાઢ પુદ્ગલોથી દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલ દ્રવ્યો સંખ્યાતગુણા થાય છે. એમ તેથી પણ ત્રિપ્રદેશાવગાઢ સંખ્યાતગુણા થાય છે. એમ ઉત્તરોત્તર યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યો સંખ્યાતગુણા થાય છે, તેથી એ નિશ્ચિત થાય છે કે એક પ્રદેશાવગાઢ પુદ્ગલોથી સંખ્યાતા પ્રદેશાવગાઢ પુદ્ગલદ્રવ્યો અન્યને ગ્રહણ કરતાં અને અન્યને છોડતાં સંખ્યાતગુણા સાંયોગિક વિકલ્પ થવાથી દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે, એ પ્રમાણે તેથી અસંખ્યાતા પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. કારણ કે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો થાય છે. પ્રદેશાર્થતાસૂત્ર અને દ્રવ્યપ્રદેશાર્થતાસૂત્ર સુગમ હોવાથી તેનો સ્વયં વિચાર કરવો. કાલ અને ભાવસૂત્રો પણ સુગમ હોવાથી સ્વયં વિચારવાં. 'नवरं जहा पोग्गला तहा भाणियव्वा' પરન્તુ જેમ પૂર્વે સામાન્ય રીતે પુદ્ગલો કહ્યા તેમ એકગુણ કાળા વગેરે પુદ્ગલો કહેવા. તે આ પ્રમાણે–"સૌથી થોડા એકગુણ કાળા અનન્તપ્રદેશિક સ્કન્ધો છે, તેથી એકગુણ કાળા પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે, તેથી એકગુણ કાળા સંખ્યાતપ્રદેશિક સ્કંધો સંખ્યાતગુણા છે, તેથી એકગુણ કાળા અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધો અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થપણે સૌથી થોડા એકગુણ કાળા અનન્તપ્રદેશિક સ્કંધો છે. તેથી એકગુણ કાળા પરમાણુપુદ્ગલો અનન્તગુણા છે ઈત્યાદિ. એમ સંખ્યાતગુણકાળા, અસંખ્યાતગુણ કાળા અને અનન્તગુણ કાળા પુદ્ગલોના સંબંધમાં જાણવું. એમ બાકીના વર્ણ, ગંધ અને રસ સંબંધમાં પણ કહેવું. કર્કશ, મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શ સંબંધમાં જેમ એકપ્રદેશાદિઅવગાઢ પુદ્ગલો કહ્યા તેમ કહેવા. તે આ પ્રમાણે–એકપ્રદેશાવગાઢ એકગુણકર્કશ સ્પર્શવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે સૌથી થોડા છે. તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ એકગુણકર્કશસ્પર્શવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા છે. તેથી અસંખ્યાત પ્રદેશાવગાઢ એકગુણકર્કશ સ્પર્શવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે–ઈત્યાદિ. એમ સંખ્યાતગુણકર્કશ–સ્પર્શવાળા, અસંખ્યાતગુણ કર્કશસ્પર્શવાળા અને અનન્તગુણકર્કશસ્પર્શવાળા પુદ્ગલો જાણવા. એ પ્રમાણે મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શ સંબંધમાં જાણવું. બાકીના ચાર શીતાદિ સ્પર્શો જેમ વર્ણાદિ કહ્યા તેમ કહેવા. ત્યાં સૂત્રપાઠ ઉપર કહેલાને અનુસારે સ્વયં વિચારવો. ॥૮૦॥૨૧૬॥

## २७ महादंडयदारं

**अह भंते! सव्वजीवप्पबहुं महादण्डयं वन्नइस्सामि-सव्वत्थोवा गब्भवक्कंतिया मणुस्सा १, मणुस्सीओ संखिज्जगुणाओ २, बायरतेउकाइया पज्जत्तया असंखेज्जगुणा ३, अणुत्तरोववाइया देवा असंखिज्जगुणा ४, उवरिमगेविज्जगा देवा संखिज्जगुणा ५, मज्झिमगेविज्जगा देवा संखिज्जगुणा ६, हिट्ठिमगेविज्जगा देवा संखिज्जगुणा ९, अच्चुए कप्पे देवा संखिज्जगुणा ८, आरणे कप्पे देवा संखिज्जगुणा ९, पाणए कप्पे देवा संखिज्जगुणा १०, आणए कप्पे देवा संखिज्जगुणा ११, अहे सत्तमाए पुढवीए नेरइया असंखिज्जगुणा १२, छट्ठीए तमाए पुढवीए नेरइया असंखिज्जगुणा १३, सहस्सारे कप्पे देवा असंखिज्जगुणा १४, महासुक्के कप्पे देवा असंखिज्जगुणा १५, पंचमाए धूमप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा १६, लंतए कप्पए देवा असंखिज्जगुणा १७, चउत्थीए पंकप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा १८, बंभलोए कप्पे देवा असंखिज्जगुणा १९, तच्चाए वालुयप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा २०, माहिंदे कप्पे देवा असंखिज्जगुणा २१, सणंकुमारे कप्पे देवा असंखिज्जगुणा २२, दोच्चाए सक्करप्पभाए पुढवीए नेरइया असंखिज्जगुणा २३, संमुच्छिमा मणुस्सा असंखिज्जगुणा २४, ईसाणे**

कप्पे देवा असंखिज्जगुणा २५, ईसाणे कप्पे देवीओ संखिज्जगुणाओ २६, सोहम्मे कप्पे देवा संखिज्जगुणा २७, सोहम्मे कप्पे देवीओ संखेज्जगुणाओ २८, भवणवासी देवा असंखेज्जगुणा २९, भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ ३०, इमीसे रयणप्पभाए पुढवीए नेरइआ असंखिज्जगुणा ३१, खहयरपंचिंदियतिरिक्खजोणिया पुरिसा असंखिज्जगुणा ३२, खहयरपंचिंदियतिरिक्खजोणिणीओ संखिज्जगुणाओ ३३, थलयरपंचिंदियतिरिक्ख-जोणिआ पुरिसा संखिज्जगुणा ३४, थलयरपंचिंदियतिरिक्खजोणिणीओ संखिज्जगुणाओ ३५, जलयर-पंचिंदियतिरिक्खजोणिआ पुरिसा संखिज्जगुणा ३६, जलयरपंचिंदियतिरिक्खजोणिणीओ संखिज्जगुणाओ ३७, वाणमंतरा देवा संखिज्जगुणा ३८, वाणमंतरीओ देवीओ संखिज्जगुणाओ ३९, जोइसिया देवा संखिज्जगुणा ४०, जोइसिणीओ देवीओ संखिज्जगुणाओ ४१, खहयरपंचिंदियतिरिक्खजोणिआ नपुंसगा संखिज्जगुणा ४२, थलयरपंचिंदियतिरिक्खजोणिआ नपुंसगा संखिज्जगुणा ४३, जलयरपंचिंदियतिरिक्ख-जोणिआ नपुंसगा संखिज्जगुणा ४४, चउरिंदिया पज्जत्तया संखिज्जगुणा ४५, पंचिंदिया पज्जत्तया विसेसाहिया ४६, बेइंदिया पज्जत्तया विसेसाहिया ४७, तेइंदिया पज्जत्तया विसेसाहिया ४८, पंचिंदिया अपज्जत्तया असंखेज्जगुणा ४९, चउरिंदिया अपज्जत्तया विसेसाहिया ५०, तेइंदिया अपज्जत्तया विसेसाहिया ५१, बेइंदिया अपज्जत्तया विसेसाहिया ५२, पत्तेयसरीरबायरवणस्सइकाइया पज्जत्तया असंखिज्जगुणा ५३, बायरनिगोया पज्जत्तया असंखिज्जगुणा ५४, बायरपुढवीकाइया पज्जत्तगा असंखिज्जगुणा ५५, बायरआउकाइया पज्जत्तया असंखिज्जगुणा ५६, बायरवाउकाइया पज्जत्तगा असंखिज्जगुणा ५७, बायरतेउकाइया अपज्जत्तया असंखिज्जगुणा ५८, पत्तेयसरीरबायरवणस्सइकाइया अपज्जत्तया असंखिज्जगुणा ५९, बायरनिगोया अपज्जत्तया असंखिज्जगुणा ६०, बायरपुढवीकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६१, बायरआउकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६२, बायरवाउकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६३, सुहुमतेउकाइया अपज्जत्तया असंखिज्जगुणा ६४, सुहुमपुढवीकाइया अपज्जत्तया विसेसाहिया ६५, सुहुमआउकाइया अपज्जत्तया विसेसाहिया ६६, सुहुमवाउकाइया अपज्जत्तया विसेसाहिया ६७, सुहुमतेउकाइया पज्जत्तया संखिज्जगुणा ६८, सुहुमपुढवीकाइया पज्जत्तया विसेसाहिया ६९, सुहुमआउकाइया पज्जत्तया विसेसाहिया ७०, सुहुमवाउकाइया पज्जत्तया विसेसाहिया ७१, सुहुमनिगोया अपज्जत्तया असंखिज्जगुणा ७२, सुहुमनिगोया पज्जत्तया संखिज्जगुणा ७३, अभवसिद्धिआ अणंतगुणा ७४, परिवडियसम्मद्दिट्ठी [सम्मत्ता] अणंतगुणा ७५, सिद्धा अणंतगुणा ७६, बायरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा ७७, बायरपज्जत्ता विसेसाहिया ७८, बायरवणस्सइकाइया अपज्जत्तगा असंखिज्जगुणा ७९, बायरअपज्जत्तगा विसेसाहिया ८०, बायरा विसेसाहिया ८१, सुहुमवणस्सइकाइया अपज्जत्तया असंखिज्जगुणा ८२, सुहुमअपज्जत्तया विसेसाहिया ८३, सुहुमवणस्सइकाइया पज्जत्तया संखिज्जगुणा ८४, सुहुमपज्जत्तया विसेसाहिया ८५, सुहुमा विसेसाहिया ८६, भवसिद्धिया विसेसाहिया ८७, निगोयजीवा विसेसाहिया ८८, वणस्सइकाइया विसेसाहिया ८९, एगिंदिया विसेसाहिया ९०, तिरिक्खजोणिया विसेसाहिया ९१, मिच्छदिट्ठी विसेसाहिया ९२, अविरया विसेसाहिया ९३, सकसाई विसेसाहिया ९४, छउमत्था विसेसाहिआ ९५, सजोगी विसेसाहिआ ९६, संसारत्था विसेसाहिआ ९७, सव्वजीवा विसेसाहिआ ९८ ।।सू०-८१।।२१७।।

बहुवत्तव्वयपयं समत्तं

।। पन्नवणाए भगवईए तइयं अप्पबहुयं पयं समत्तं ।।

(મૂ૦) હે ભગવન્! સર્વ જીવોના અલ્પબહુત્વ મહાદંડકનું વર્ણન કરીશ – ૧ સૌથી થોડા ગર્ભજ મનુષ્યો છે. ૨ તેથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગુણી છે. ૩ તેથી પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. ૪ તેથી અનુત્તરૌપપાતિક દેવો અસંખ્યાતગુણા છે. ૫ તેથી ઉપરના ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા છે. ૬ તેથી મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા છે. ૭ તેથી નીચેના ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા છે. ૮ તેથી અચ્યુત કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે. ૯ તેથી આરણ કલ્પમાં સંખ્યાતગુણા દેવો છે. ૧૦ તેથી પ્રાણત કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે. ૧૧ તેથી આનત કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે. ૧૨ તેથી અધઃ સપ્તમ નરક પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. ૧૩ તેથી છઠ્ઠી તમા નરક પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. ૧૪ તેથી સહસ્રાર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે, ૧૫ તેથી મહાશુક્ર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. ૧૬ તેથી પાંચમી ધૂમપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. ૧૭ તેથી લાંતક કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. ૧૮ તેથી ચોથી પંકપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. ૧૯ તેથી બ્રહ્મલોક કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. ૨૦ તેથી ત્રીજી વાલુકાપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. ૨૧ તેથી માહેન્દ્ર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. ૨૨ તેથી સનત્કુમાર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે, ૨૩ તેથી બીજી શર્કરાપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. ૨૪ તેથી સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતગુણા છે. ૨૫ તેથી ઈશાન કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. ૨૬ તેથી ઈશાન કલ્પમાં દેવીઓ સંખ્યાતગુણી છે. ૨૭ તેથી સૌધર્મ કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે. ૨૮ તેથી સૌધર્મ કલ્પમાં દેવીઓ સંખ્યાતગુણી છે. ૨૯ તેથી ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. ૩૦ તેથી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે. ૩૧ તેથી રત્નપ્રભા પૃથિવીના નારકો અસંખ્યાતગુણા છે. ૩૨ તેથી ખેચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો અસંખ્યાતગુણા છે. ૩૩ તેથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે. ૩૪ તેથી સ્થલચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો સંખ્યાતગુણા છે. ૩૫ તેથી સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે. ૩૬ તેથી જલચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો સંખ્યાતગુણા છે. ૩૭ તેથી જલચર પંચેન્દ્રિય તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે. ૩૮ તેથી વ્યન્તર દેવો સંખ્યાતગુણા છે. ૩૯ તેથી વ્યન્તર દેવીઓ સંખ્યાતગુણી છે. ૪૦ તેથી જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા છે. ૪૧ તેથી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે. ૪૨ તેથી ખેચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો સંખ્યાતગુણા છે. ૪૩ તેથી સ્થલચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો સંખ્યાતગુણા છે. ૪૪ તેથી જલચર પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો સંખ્યાતગુણા છે. ૪૫ તેથી પર્યાપ્ત ચઉરિન્દ્રિયો સંખ્યાતગુણા છે. ૪૬ તેથી પર્યાપ્ત પંચેન્દ્રિયો વિશેષાધિક છે. ૪૭ તેથી પર્યાપ્ત બેઇન્દ્રિયો વિશેષાધિક છે. ૪૮ તેથી પર્યાપ્ત તેઇન્દ્રિયો વિશેષાધિક છે. ૪૯ તેથી અપર્યાપ્ત પંચેન્દ્રિયો અસંખ્યાતગુણા છે. ૫૦ તેથી અપર્યાપ્ત ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે. ૫૧ તેથી અપર્યાપ્ત તેઇન્દ્રિયો વિશેષાધિક છે. ૫૨ તેથી અપર્યાપ્ત બેઇન્દ્રિયો વિશેષાધિક છે. ૫૩ તેથી પર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. ૫૪ તેથી પર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે. ૫૫ તેથી પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે. ૫૬ તેથી પર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે. ૫૭ તેથી પર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે. ૫૮ તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. ૫૯ તેથી અપર્યાપ્ત પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. ૬૦ તેથી અપર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગુણા છે. ૬૧ તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકો અસંખ્યાતગુણા છે. ૬૨ તેથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે. ૬૩ તેથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે. ૬૪ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. ૬૫ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે. ૬૬ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે. ૬૭ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે. ૬૮ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો સંખ્યાતગુણા છે. ૬૯

*તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો વિશેષાધિક છે. ૭૦ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો વિશેષાધિક છે. ૭૧ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકો વિશેષાધિક છે. ૭૨ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગુણા છે. ૭૩ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે. ૭૪ તેથી અભવ્યો અનંતગુણા છે. ૭૫ તેથી પતિત પડેલા સમ્યગ્દૃષ્ટિ અનંતગુણા છે. ૭૬ તેથી સિદ્ધો અનંતગુણા છે. ૭૭ તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અનંતગુણા છે. ૭૮ તેથી બાદર પર્યાપ્ત વિશેષાધિક છે. ૭૯ તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. ૮૦ તેથી બાદર અપર્યાપ્ત વિશેષાધિક છે. ૮૧ તેથી બાદરજીવો વિશેષાધિક છે. ૮૨ તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. ૮૩ તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત વિશેષાધિક છે. ૮૪ તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો સંખ્યાતગુણા છે. ૮૫ તેથી સૂક્ષ્મ પર્યાપ્ત વિશેષાધિક છે. ૮૬ તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. ૮૭ તેથી ભવસિદ્ધિકો વિશેષાધિક છે. ૮૮ તેથી નિગોદ જીવો વિશેષાધિક છે. ૮૯ તેથી વનસ્પતિજીવો વિશેષાધિક છે. ૯૦ તેથી એકેન્દ્રિયો વિશેષાધિક છે. ૯૧ તેથી તિર્યંચો વિશેષાધિક છે. ૯૨ તેથી મિથ્યાદૃષ્ટિઓ વિશેષાધિક છે. ૯૩ તેથી વિરતિરહિત જીવો વિશેષાધિક છે. ૯૪ તેથી સકષાયી જીવો વિશેષાધિક છે. ૯૫ તેથી છદ્મસ્થ જીવો વિશેષાધિક છે. ૯૬ તેથી સયોગી જીવો વિશેષાધિક છે. ૯૭ તેથી સંસારી જીવો વિશેષાધિક છે. ૯૮ અને તેથી સર્વજીવો વિશેષાધિક છે. બહુવક્તવ્યતા પદ સમાપ્ત. ॥૮૧॥૨૧૭॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ત્રીજું અલ્પબહુત્વ પદ સમાપ્ત.*

(ટી૦) પુદ્‌ગલ દ્વાર સમાપ્ત થયું, હવે મહાદંડક કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર ગુરુની આજ્ઞા માગે છે, તેમને નિવેદન કરે છે– હે ભગવન્! સર્વ જીવોના અલ્પબહુત્વની વક્તવ્યતારૂપ મહાદંડકનું વર્ણન કરીશ–એટલે મહાદંડક પ્રતિપાદક સૂત્રની રચના કરીશ એ તાત્પર્ય છે. આ કથનથી એમ જણાવે છે કે–'તીર્થંકરની અનુજ્ઞાસાપેક્ષ જ પૂજ્ય ગણધર સૂત્રની રચના કરે છે, પરંતુ શ્રુતાભ્યાસ સાપેક્ષ સૂત્ર રચના કરતા નથી. અથવા એમ જણાવે છે કે **વિનેયે-શિષ્યે કુશલ-કલ્યાણકારક કાર્યમાં પણ ગુરુની અનુજ્ઞા સિવાય પ્રવૃત્તિ ન કરવી, પરંતુ તેની આજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ કરવી. અન્યથા વિનેયપણું-શિષ્યપણું ઘટી ન શકે.'** શિષ્યનું આ લક્ષણ શાસ્ત્રમાં કહેલું છે–**"गुरोर्निवेदितात्मा यो, गुरुभावानुवर्तकः। मुक्त्यर्थं चेष्टते नित्यं, स विनेय प्रकीर्तितः ॥१॥"**–"જેણે પોતાનો આત્મા ગુરુને નિવેદિત કર્યો છે અને જે ગુરુની ચિત્તવૃત્તિને અનુસરે છે તેમજ જે મુક્તિને માટે હમેશાં પ્રયત્ન કરે છે તે વિનેય-શિષ્ય કહ્યો છે." જે ગુરુની અનુજ્ઞા માગવી તે ગુરુ આવા પ્રકારનો હોવો જોઈએ– **"धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मप्रवर्तकः। सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥१॥"–"ધર્મજ્ઞ, ધર્મકર્તા અને હમેશાં ધર્મપ્રવર્તક હોય, તથા પ્રાણીઓને ધર્મશાસ્ત્રના અર્થનો ઉપદેશ કરનારો હોય તે ગુરુ કહેવાય છે."** હવે શાસ્ત્રકારે 'મહાદંડકનું વર્ણન કરીશ' એમ પ્રતિજ્ઞા કરી હતી, તે પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે છે–એટલે મહાદંડકનું વર્ણન કરે છે. (૧) સૌથી થોડા ગર્ભજ મનુષ્યો છે, કારણ કે તે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ છે. (૨) તેથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, કારણ કે તે સત્યાવીશગુણી છે. કહ્યું છે કે–"મનુષ્યની (સ્ત્રીઓ) સત્યાવીશગુણી અને સત્યાવીશ અધિક છે." (૩) તેથી પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે તે કેટલાક વર્ગન્યૂન આવલિકાના સમયોનો [1]ઘન કરતાં જેટલા સમયો થાય તેટલા છે. (૪) તેથી અનુત્તરોપપાતી દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશની રાશિ હોય તેટલા છે. (૫) તેથી ઉપરના ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે, કારણ કે તે પલ્યોપમના મોટા અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. તેનું કારણ એ છે કે ત્યાં વિમાનો ઘણાં છે. તે આ પ્રમાણે–અનુત્તર દેવોના પાંચ વિમાનો છે અને ઉપરના ત્રણ ગ્રૈવેયકના સો વિમાનો છે. દરેક વિમાને અસંખ્યાતા દેવો છે. જેમ જેમ નીચે નીચેના વિમાનો

૧. આવલિકાના અસંખ્યાતા સમયો થાય છે, તેને તેટલી જ સંખ્યાથી ગુણતા વર્ગ થાય, પુનઃ તેટલી સંખ્યાએ ગુણવાથી ઘન થાય છે. જેમકે અસત્કલ્પનાથી આવલિકાના સો સમયો છે તેને સોએ ગુણતાં હજાર થાય અને પુનઃ તેને સોએ ગુણતાં એક લાખ થાય તેને ઘન કહેવાય.

છે તેમ તેમ દેવો પણ ઘણા છે, તેથી એમ જણાય છે કે અનુત્તરોપપાતિક દેવોથી ક્ષેત્રપલ્યોપમના અત્યન્ત મોટા અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ ઉપરના ત્રણ ગ્રૈવેયકના દેવો છે. એમ પછીના દેવો સંબંધી પણ આનત કલ્પ સુધી વિચાર કરવો. (૬) ઉપરના ત્રણ ગ્રૈવેયકના દેવોથી મધ્યમ ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે. (૭) તેથી નીચેના ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે. (૮) તેથી અચ્યુત કલ્પના દેવો સંખ્યાતગુણા છે. (૯) તેથી આરણ કલ્પના દેવો સંખ્યાતગુણા છે. જો કે આરણ અને અચ્યુત કલ્પ બન્ને સમશ્રેણીમાં અને તેમાં વિમાનોની સંખ્યા સરખી છે, તો પણ કૃષ્ણપાક્ષિક જીવો તથાસ્વભાવથી દક્ષિણ દિશામાં ઘણા ઉત્પન્ન થાય છે, ઉત્તરદિશામાં ઘણા થતા નથી અને કૃષ્ણપાક્ષિકો ઘણા હોય છે, શુક્લપાક્ષિકો થોડા છે તેથી અચ્યુત કલ્પના દેવોની અપેક્ષાએ આરણકલ્પના દેવો સંખ્યાતગુણા છે. (૧૦) તેથી પણ પ્રાણત કલ્પના દેવો સંખ્યાતગુણા છે. (૧૧) તેથી આનતકલ્પના દેવો સંખ્યાતગુણા છે. તેનો વિચાર આરણકલ્પની પેઠે કરવો. (૧૨) તેથી નીચેની સાતમી નરકપૃથિવીના નારકો અસંખ્યાતગુણા છે. કારણ કે તે શ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. (૧૩) તેથી છટ્ઠી પૃથિવીના નારકો અસંખ્યાતગુણા છે. અને પૂર્વ દિશાની અપેક્ષાએ નૈરયિકોના અલ્પબહુત્વનો વિચાર કરતાં એનો વિચાર કર્યો છે. (૧૪) તેથી સહસ્રાર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે છટ્ઠી પૃથિવીના નૈરયિકોના પ્રમાણના કારણભૂત શ્રેણિના અસંખ્યાતમા ભાગની અપેક્ષાએ સહસ્રારકલ્પના દેવોના પરિમાણનું કારણભૂત શ્રેણિનો અસંખ્યાતમો ભાગ અસંખ્યાતગુણ છે. (૧૫) તેથી મહાશુક્ર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે અહીં ઘણા વિમાનો છે. છ હજાર વિમાનો સહસ્રાર કલ્પમાં અને ચાળીશ હજાર વિમાનો મહાશુક્ર કલ્પમાં છે. વળી નીચે નીચેના વિમાનમાં રહેનારા ઘણા, વધારે ઘણા દેવો છે અને થોડા, વધારે થોડા ઉપર ઉપરના વિમાનમાં દેવો છે, માટે સહસ્રાર દેવોથી મહાશુક્ર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. (૧૬) તેથી પણ પાંચમી ધૂમપ્રભા નામે નરકપૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. કારણ કે તે શ્રેણિના અત્યન્ત મોટા અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. (૧૭) તેથી પણ લાંતક કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ શ્રેણિના અતિશય વધારે મોટા અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશરાશિપ્રમાણ છે. (૧૮) તેથી ચોથી પંકપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. અહીં યુક્તિ પૂર્વની પેઠે જાણવી. (૧૯) તેથી બ્રહ્મલોક કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે, કારણ પૂર્વની પેઠે જાણવું. (૨૦) તેથી ત્રીજી વાલુકાપ્રભાના નારકો અસંખ્યાતગુણા જાણવા. (૨૧) તેથી માહેન્દ્ર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. (૨૨) તેથી સનત્કુમાર કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. અહીં બધે પૂર્વે કહેલી યુક્તિઓનું અનુસરણ કરવું. (૨૩) તેથી બીજી શર્કરાપ્રભા નરકપૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે. અહીં સાતમી નરકપૃથિવીના નારકોથી આરંભી બીજી નરકપૃથિવીના નારકો સુધી પ્રત્યેકનો સ્વસ્થાનની અપેક્ષાએ વિચાર કરતાં બધા ઘનીકૃત લોકની શ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ જાણવા, માત્ર શ્રેણિનો અસંખ્યાતમો ભાગ અસંખ્યાત પ્રકારનો હોય છે, માટે આ પ્રમાણે ઉત્તરોત્તર અસંખ્યાતગુણપણે કહેવાતા અલ્પબહુત્વમાં વિરોધ આવતો નથી. (૨૪) તે બીજી નરકપૃથિવીના નારકોથી સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશરાશિના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળની સાથે ગુણતા જેટલા પ્રદેશો થાય તેટલા જાણવા. (૨૫) તેથી ઈશાન કલ્પમાં દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલા પ્રમાણવાળા ઈશાન દેવલોકમાં દેવો અને દેવીઓનો સમુદાય છે. તેનાથી કંઈક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા ઈશાન દેવો છે, માટે દેવો સંમૂર્છિમ મનુષ્યો કરતાં અસંખ્યાતગુણા છે. (૨૬) તેથી ઈશાન કલ્પમાં દેવીઓ સંખ્યાતગુણી છે. કારણ કે તે બત્રીશગુણી છે. 'બત્રીશગુણી અને બત્રીશ અધિક દેવીઓ છે.' એવું આગમવચન છે. (૨૭) તેથી સૌધર્મ કલ્પમાં દેવો સંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં ઘણા વિમાનો છે. તે આ પ્રમાણે– બત્રીશ લાખ વિમાનો સૌધર્મ કલ્પમાં અને અઠ્યાવીશ લાખ વિમાનો ઈશાન કલ્પમાં છે, વળી દક્ષિણ દિશામાં સૌધર્મ કલ્પ અને ઉત્તર દિશામાં ઈશાન કલ્પ છે. દક્ષિણ દિશામાં ઘણા કૃષ્ણપાક્ષિક જીવો ઉપજે છે તેથી ઈશાન દેવોથી સૌધર્મ દેવો સંખ્યાતગુણા છે. (પ્ર૦) આ યુક્તિ માહેન્દ્ર અને સનત્કુમાર કલ્પને વિષે પણ કહી છે, પરન્તુ ત્યાં માહેન્દ્ર કલ્પની અપેક્ષાએ

સનત્કુમાર કલ્પના દેવો અસંખ્યાતગુણા કહ્યા છે અને અહીં સૌધર્મ કલ્પમાં સંખ્યાતગુણા કહ્યા તેનું શું કારણ? (ઉ૦)–શાસ્ત્રના પ્રામાણ્યથી આ વાત માનવી જોઇએ. અહીં પાઠની ભ્રાન્તિ નથી, કારણ કે અન્ય સ્થળે પણ કહ્યું છે કે–''**ईसाणे सव्वत्थवि बत्तीसगुणाओ होंति देवीओ। संखिज्जा सोहम्मे तओ असंखा भवणवासी ॥१॥**''–'ઈશાન કલ્પમાં બધે પણ બત્રીશગુણી દેવીઓ છે, તેથી સંખ્યાતગુણા સૌધર્મ દેવલોકમાં અને તેથી અસંખ્યાતગુણા ભવનવાસી છે.' (૨૮) તેથી તેજ સૌધર્મ કલ્પમાં દેવીઓ સંખ્યાતગુણી છે. કારણ કે તે દેવોથી બત્રીશગુણી છે. (૨૯) તે દેવીઓથી અસંખ્યાતગુણા ભવનવાસી દેવો છે, કેવી રીતે છે? આ પ્રમાણે છે–અંગુલ પ્રમાણ ક્ષેત્રના આકાશ પ્રદેશરાશિના પ્રથમ વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ વડે ગુણવાથી જેટલો પ્રદેશરાશિ થાય તેટલી ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલા ભવનપતિ દેવ અને દેવીઓનો સમુદાય છે. તેનાથી કંઇક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા ભવનપતિ દેવો છે. માટે સૌધર્મ દેવીઓથી તેઓ અસંખ્યાતગુણા છે. (૩૦) તેથી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે કારણ કે તે બત્રીશગુણી છે. (૩૧) તેથી પણ આ રત્નપ્રભા પૃથિવીમાં નારકો અસંખ્યાતગુણા છે, કારણ કે અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોના પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળ વડે ગુણતાં જેટલા પ્રદેશો થાય તેટલી ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિ જેટલા આકાશપ્રદેશો હોય તેટલા છે. (૩૨) તેથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણિના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. (૩૩) તેથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે કારણ કે તે ત્રણગુણી છે. કારણ કે 'તિર્યંચની સ્ત્રી ત્રણગુણી અને ત્રણ અધિક જાણવી–એવું શાસ્ત્રનું કથન છે.' (૩૪) તેથી સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો સંખ્યાતગુણા છે, કારણ કે તે પ્રતરના અતિશય મોટા અસંખ્યાતમા ભાગની અસંખ્યાત શ્રેણિના આકાશપ્રદેશના રાશિ જેટલા છે. (૩૫) તેથી સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, કારણ કે તે ત્રણગુણી છે. (૩૬) તેથી જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો સંખ્યાતગુણા છે. કારણ કે પ્રતરના અત્યંત ઘણા મોટા અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણિના જેટલા આકાશપ્રદેશો હોય તેટલા છે. (૩૭) તેથી જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, કારણ કે તે ત્રણગુણી છે. (૩૮) તેથી વ્યન્તર દેવો [પુરુષો] સંખ્યાતગુણા છે, કારણ તેઓ એક પ્રતરમાં સંખ્યાતા કોટાકોટી યોજનપ્રમાણ સૂચિશ્રેણિના જેટલા ખંડો થાય તેટલા સામાન્ય વ્યન્તરો છે. પરંતુ અહીં કેવળ પુરુષોની વિવક્ષા છે, તેથી બધા સમુદાયની અપેક્ષાએ કંઈક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા જાણવા, તેથી જલચર સ્ત્રી કરતાં સંખ્યાતગુણા ઘટે છે. (૩૯) તેથી વ્યન્તરીઓ બત્રીશગુણી હોવાથી સંખ્યાત ગુણી છે. (૪૦) તેથી જ્યોતિષ્કદેવો સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ એક પ્રતરમાં બસો છપ્પન અંગુલપ્રમાણ સૂચિશ્રેણિના જેટલા ખંડો થાય તેટલા છે, પરંતુ અહીં પુરુષોની વિવક્ષા હોવાથી બધા સમુદાયની અપેક્ષાએ કંઈક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા છે, માટે વ્યન્તરદેવી કરતાં સંખ્યાતગુણા છે. (૪૧) તેથી જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગુણી છે, કારણ કે તેઓ બત્રીશગુણી છે. (૪૨) તેથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો સંખ્યાતગુણા છે. **ક્વચિત્ 'અસંખેજ્જગુણા' એવો પાઠ છે, પરંતુ તે યોગ્ય નથી.** કારણ કે એ પછી આગળ પર્યાપ્તા ચઉરિન્દ્રિયો કહેવામાં આવશે તે પણ જ્યોતિષ્ક દેવોથી સંખ્યાતગુણા જ ઘટે છે, તે નહિ ઘટી શકે. તે આ પ્રમાણે–એક પ્રતરમાં બસો છપ્પન અંગુલપ્રમાણ સૂચિરૂપ ખંડો જેટલા હોય તેટલા જ્યોતિષ્કો છે. કહ્યું છે કે–''**छप्पनदोसयंगुलसूइपएसेहिं भाइयं पयरं। जोइसिएहिं हीरइ इति॥**''–'બસો છપ્પન અંગુલ પ્રમાણ સૂચિશ્રેણિના પ્રદેશો વડે પ્રતરને ભાગતાં જેટલી સંખ્યા આવે તેટલી જ્યોતિષ્ક દેવોથી અપહરાય છે.' એક પ્રતરમાં અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિરૂપ ખંડ જેટલા થાય તેટલા ચઉરિન્દ્રિય જીવો છે. કહ્યું છે કે–''**पज्जत्तापज्जत्तबितिचउरअसन्निणो अवहरंति। अङ्गुलसंखासंखप्पएसभइयं पुढो पयरं॥१॥**''–'પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયો પ્રત્યેક અંગુલના સંખ્યાતમા અને અસંખ્યાતમા ભાગના પ્રદેશ વડે ભાગતાં પ્રતરનો અપહાર કરે છે.' એટલે અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિ પ્રદેશ વડે પ્રતરને ભાગતાં જેટલા આકાશ પ્રદેશો આવે તેટલા પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિ છે, અને અસંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિના પ્રદેશો વડે ભાગતાં જેટલા આકાશ

પ્રદેશો આવે તેટલા અપર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિ છે, માટે અંગુલના સંખ્યાતમા ભાગની અપેક્ષાએ બસો છપ્પન અંગુલ સંખ્યાતગુણા છે, તેથી જ્યોતિષ્ક દેવોની અપેક્ષાએ વિચાર કરતાં પર્યાપ્ત ચઉરિન્દ્રિયો પણ સંખ્યાતગુણા ઘટે છે તો પર્યાપ્ત ચઉરિન્દ્રિયથી સંખ્યાતમા ભાગ પ્રમાણ ખેચર પંચેન્દ્રિય નપુંસકો સંખ્યાતગુણા હોય તેમાં શું કહેવું? (૪૩) તેથી સ્થલચર પંચેન્દ્રિય નપુંસકો સંખ્યાતગુણા છે. (૪૪) તેથી જલચર પંચેન્દ્રિય નપુંસકો સંખ્યાતગુણા છે. (૪૫) તેથી પર્યાપ્ત ચઉરિન્દ્રિયો સંખ્યાતગુણા છે. (૪૬) તેથી પર્યાપ્તા સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિયો વિશેષાધિક છે. (૪૭) તેથી પર્યાપ્તા બેઇન્દ્રિયો વિશેષાધિક છે. (૪૮) તેથી પર્યાપ્તા તેઇન્દ્રિયો વિશેષાધિક છે. યદ્યપિ પર્યાપ્તા ચઉરિન્દ્રિયથી માંડી પર્યાપ્ત તેઇન્દ્રિય સુધીના પ્રત્યેક એક પ્રતરમાં અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિશ્રેણિના જેટલા ખંડો થાય તેટલા સામાન્ય રીતે બીજા સ્થળે કહેલા છે, તો પણ અંગુલના સંખ્યાતમા ભાગના સંખ્યાતા ભેદો હોવાથી ઉત્તરોત્તર વિશેષાધિક પણાનું કથન વિરુદ્ધ નથી. બીજા સ્થળે પણ આ પ્રમાણે અલ્પબહુત્વ કહ્યું છે-"**तत्तो नपुंसग खहयरा संखेज्जा थलयरजलयरनपुंसगा चउरिंदिय तओ पणबितिपज्जत्त किंचि अहिआ॥**"-'તેથી નપુંસક ખેચર, નપુંસક સ્થલચર, નપુંસક જલચર અને પર્યાપ્તા ચઉરિન્દ્રિય સંખ્યાતગુણા છે, તેથી પર્યાપ્તા પંચેન્દ્રિય, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિય કંઈક અધિક છે.' (૪૯) પર્યાપ્ત તેઇન્દ્રિયોથી અપર્યાપ્ત પંચેન્દ્રિયો અસંખ્યાતગુણા છે, કારણ કે તેઓ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિરૂપ ખંડો એક પ્રતરમાં જેટલા હોય તેટલા છે. (૫૦) તેથી અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે. (૫૧) તેથી પણ અપર્યાપ્તા તેઇન્દ્રિયો વિશેષાધિક છે. (૫૨) તેથી પણ અપર્યાપ્ત બેઇન્દ્રિયો વિશેષાધિક છે. યદ્યપિ અપર્યાપ્ત ચઉરિન્દ્રિયથી માંડી અપર્યાપ્ત બેઇન્દ્રિય સુધીના જીવો પ્રત્યેક એક પ્રતરમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિરૂપ ખંડો જેટલા હોય તેટલા બીજે સ્થળે સામાન્યપણે કહ્યા છે તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગના અનેક ભેદો હોવાથી આ પ્રમાણે વિશેષાધિકપણાનું કથન વિરુદ્ધ નથી. (૫૩) તે બેઇન્દ્રિય અપર્યાપ્તાથી પણ પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. યદ્યપિ અપર્યાપ્ત બેઇન્દ્રિયાદિની પેઠે પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો પણ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિરૂપ ખંડો એક પ્રતરમાં જેટલા હોય તેટલા અન્ય સ્થળે કહ્યા છે, તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદો હોવાથી બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિના પરિમાણના વિચારમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ અસંખ્યાતગુણો ઓછો લેવો, તેથી કંઇ પણ વિરોધ નથી. (૫૪) તેથી પર્યાપ્તા અનન્તકાયિક જીવના શરીરરૂપ બાદર નિગોદો અસંખ્યાતગુણા છે. (૫૫) તેથી બાદર પૃથિવીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૫૬) તેથી પર્યાપ્તા બાદર અપ્કાયિકો અસંખ્યાતગુણા છે. યદ્યપિ પર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાયિક, પૃથિવીકાયિક અને અપ્કાયિક પ્રત્યેક અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચિરૂપ ખંડો એક પ્રતરમાં જેટલા થાય તેટલા સામાન્યપણે અન્ય ગ્રન્થોમાં કહેલાં છે, તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાતા ભેદો હોવાથી આ પ્રમાણે અસંખ્યાતગુણા કહેવામાં કોઇ પણ દોષ નથી. (૫૭) બાદર પર્યાપ્તા અપ્કાયિકથી પર્યાપ્તા બાદર વાયુકાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાતા પ્રતરના આકાશપ્રદેશ પ્રમાણ છે. (૫૮) તેથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ અસંખ્યાતા લોકના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. (૫૯) તેથી પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૬૦) તેથી અપર્યાપ્તા બાદર નિગોદો અસંખ્યાતગુણા છે. (૬૧) તેથી બાદર પૃથિવીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૬૨) તેથી બાદર અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૬૩) તેથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૬૪) તેથી સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૬૫) તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે. (૬૬) તેથી સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે. (૬૭) તેથી સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે. (૬૮) તેથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે. કારણ કે અપર્યાપ્તા સૂક્ષ્મ જીવોથી પર્યાપ્તા સૂક્ષ્મ જીવો સ્વભાવથી જ ઘણા છે. આ પ્રજ્ઞાપના સૂત્રના સંગ્રહણીકાર કહે છે કે-"**जीवाणमपज्जत्ता बहुतरगा बायराण विन्नेया। सुहुमाण य पज्जत्ता ओहेण य केवली बिंति॥१॥**"-'સામાન્યતઃ બાદર જીવોમાં અપર્યાપ્તા ઘણા છે અને સૂક્ષ્મ જીવોમાં પર્યાપ્તા ઘણા છે એમ કેવલજ્ઞાની

કહે છે.' (૬૯) તેથી સૂક્ષ્મ પૃથિવીકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે. (૭૦) તેથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા વિશેષાધિક છે. (૭૧) તેથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે. (૭૨) તેથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૭૩) તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગુણા છે. જો કે અપર્યાપ્ત તેજસ્કાયિકથી આરંભી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ સુધીના જીવો સામાન્યપણે અન્ય ગ્રન્થમાં અસંખ્યાત લોકના આકાશ પ્રદેશના રાશિપ્રમાણ કહ્યા છે, તો પણ લોકના અસંખ્યાતપણાના અસંખ્યાત ભેદો હોવાથી આ પ્રમાણે કહેલું અલ્પબહુત્વ યુક્તિસંગત છે. (૭૪) તેથી અભવસિદ્ધિક જીવો અનન્તગુણા છે. કારણ કે તેઓ જઘન્ય યુક્ત અનન્ત પ્રમાણ છે. (૭૫) તેથી સમ્યગ્દર્શનથી પતિત થયેલા અનન્તગુણા છે. (૭૬) તેથી સિદ્ધો અનન્તગુણા છે. (૭૭) તેથી પણ બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનન્તગુણા છે. (૭૮) તેથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. કારણ કે બાદર પર્યાપ્ત પૃથિવીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. (૭૯) તેથી બાદર અપર્યાપ્ત વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે એક એક પર્યાપ્ત બાદર નિગોદ જીવને આશ્રયી અસંખ્યાતગુણા બાદર અપર્યાપ્ત નિગોદ જીવો ઉપજે છે. (૮૦) તેથી સામાન્ય બાદર અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે. કારણ કે બાદર અપર્યાપ્ત પૃથિવીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. (૮૧) તેથી સામાન્ય બાદર જીવો વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્તા અને અપર્યાપ્તાનો તેમાં સમાવેશ થાય છે. (૮૨) તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. (૮૩) તેથી સામાન્ય સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે, કારણ કે સૂક્ષ્મ અપર્યાપ્તા પૃથિવીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. (૮૪) તેથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે. કારણ કે સૂક્ષ્મ અપર્યાપ્તાઓથી સૂક્ષ્મ પર્યાપ્તાઓ હમેશાં સ્વભાવથી જ સંખ્યાતગુણા હોય છે અને તે પ્રકારે કેવલજ્ઞાનીએ જાણેલું છે. (૮૫) તેથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. (૮૬) તેથી પર્યાપ્તા અપર્યાપ્તા વિશેષણરહિત સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. કારણ કે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવી, અપ્, તેજ, વાયુ, અને વનસ્પતિકાયિકનો પણ તેમાં સમાવેશ થાય છે. (૮૭) તેથી ભવસિદ્ધિક જીવો વિશેષાધિક છે. ભવ-સંસારમાં જેઓની સિદ્ધિ છે તે ભવસિદ્ધિક-ભવ્ય કહેવાય છે. કારણ કે જઘન્યયુક્ત અનન્ત પ્રમાણ અભવ્યને છોડી બાકીના બધા જીવો ભવ્ય છે. (૮૮) તેથી સામાન્ય નિગોદ જીવો વિશેષાધિક છે, કારણ કે અહીં ભવ્યો અને અભવ્ય જીવો ઘણી સંખ્યામાં સૂક્ષ્મ અને બાદર નિગોદ જીવરાશિમાં જ પ્રાપ્ત થાય છે. બીજે સ્થળે પ્રાપ્ત થતા નથી. કારણ કે બીજા બધા જીવો મળીને અસંખ્યાત લોકાકાશના પ્રદેશરાશિપ્રમાણ છે અને અભવ્યો યુક્ત અનંત સંખ્યાના પરિમાણરૂપ છે, માટે ભવ્યોની અપેક્ષાએ તે કિંચિત્ માત્ર છે. ભવ્યોની તો પૂર્વે અભવ્યોને છોડીને વિચાર કર્યો હતો, પરન્તુ અત્યારે બાદર સૂક્ષ્મ નિગોદના વિચારમાં તેનો પણ પ્રક્ષેપ(સમાવેશ) કરાય છે તેથી વિશેષાધિક છે. (૮૯) તેથી સામાન્ય વનસ્પતિ જીવો વિશેષાધિક છે. કારણ કે પ્રત્યેક શરીરવાળા વનસ્પતિ જીવોનો તેમાં સમાવેશ થાય છે. (૯૦) તેથી સામાન્ય એકેન્દ્રિય જીવો વિશેષાધિક છે, કારણ કે બાદર અને સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૧) તેથી સામાન્ય તિર્યંચો વિશેષાધિક છે. કારણ કે પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૨) તેથી ચારગતિમાં રહેલા મિથ્યાદૃષ્ટિ જીવો વિશેષાધિક છે. કારણ કે અહીં કેટલાએક અવિરતિ સમ્યગ્દૃષ્ટ્યાદિ સંજ્ઞી જીવો સિવાય બાકીના બધાય તિર્યંચો મિથ્યાદૃષ્ટિ છે. અને ચાર ગતિના મિથ્યાદૃષ્ટિના વિચારમાં અસંખ્યાતા નારકાદિ તેમાં નાંખવા, તેથી તિર્યંચ જીવરાશિની અપેક્ષાએ વિચાર કરતાં ચાર ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો વિશેષાધિક છે. (૯૩) તેથી વિરતિરહિત જીવો વિશેષાધિક છે. કારણ કે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવોનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૪) તેથી સકષાયી જીવો વિશેષાધિક છે, કારણ કે દેશવિરતાદિ સકષાયી હોવાથી તેનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૫) તેથી છદ્મસ્થ જીવો વિશેષાધિક છે, કારણ કે ઉપશાન્ત મોહાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૬) તેથી સયોગી જીવો વિશેષાધિક છે. કારણ કે સયોગી કેવલીનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૭) તેથી સંસારમાં રહેલા જીવો વિશેષાધિક છે, કારણ કે અયોગી કેવલીનો પણ તેમાં સમાવેશ થાય છે. (૯૮) તેથી સર્વ જીવો વિશેષાધિક છે, કારણ કે સિદ્ધોનો પણ તેમાં સમાવેશ થાય છે. ॥૮૧॥૨૧૭॥

આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના વૃત્તિના અનુવાદમાં ત્રીજું અલ્પબહુત્વ પદ સમાપ્ત.

# સમગ્ર જીવોનું સંખ્યાગત તારતમ્ય
## (અલ્પ બહુત્વ)

| | | |
|---|---|---|
| ૧. | ગર્ભજ મનુષ્ય પુરુષ | સર્વથી થોડા |
| ૨. | ગર્ભજ મનુષ્ય સ્ત્રી | સંખ્યાત ગુણ અધિક |
| ૩. | બાદર તેજ:કાય | અસંખ્યાતગુણ અધિક |
| ૪. | અનુત્તરોપપાતિક દેવ | અસંખ્યાતગુણ અધિક |
| ૫. | ઉપરના (ત્રણ) ગ્રૈવેયકના દેવ | સંખ્યાતગુણ અધિક |
| ૬. | મધ્યમ (ત્રણ) ગ્રૈવેયકના દેવ | સંખ્યાતગુણ અધિક |
| ૭. | નીચલા (ત્રણ) ગ્રૈવેયકના દેવ | સંખ્યાતગુણ અધિક |
| ૮. | અચ્યુત કલ્પના દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૯. | આરણ કલ્પના દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૧૦. | પ્રાણત કલ્પના દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૧૧. | આનત કલ્પના દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૧૨. | સાતમી નરકના નારકો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૩. | છઠ્ઠી નરકના નારકો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૪. | સહસ્રાર કલ્પના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૫. | મહાશુક્રના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૬. | પાંચમી નરકના નારકો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૭. | લાંતક કલ્પના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૮. | ચોથી નરકના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૧૯. | બ્રહ્મલોક કલ્પના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૦. | તૃતીય નરકના નારકો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૧. | માહેન્દ્ર કલ્પના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૨. | સનત્કુમાર કલ્પના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૩. | બીજી નરકના નારકો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૪. | સંમૂર્ચ્છિમ મનુષ્યો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૫. | ઈશાન કલ્પના દેવો | અસંખ્યાતગુણ અધિક |
| ૨૬. | ઈશાન કલ્પની દેવીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૨૭. | સૌધર્મ કલ્પના દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૨૮. | સૌધર્મ કલ્પની દેવીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૨૯. | ભવનવાસી દેવ | અસંખ્યાતગુણ અધિક |
| ૩૦. | ભવનવાસી દેવીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૩૧. | પ્રથમ નરકના નારકો | અસંખ્યાતગુણ અધિક |
| ૩૨. | ખેચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષો | અસંખ્યાતગુણ અધિક |
| ૩૩. | ખેચર પંચન્દ્રિય તિર્યંચ સ્ત્રીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૩૪. | સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષો | સંખ્યાતગુણ અધિક |
| ૩૫. | સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૩૬. | જલચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષો | સંખ્યાતગુણ અધિક |
| ૩૭. | જલચર પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૩૮. | વ્યન્તર દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૩૯. | વ્યન્તર દેવીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૪૦. | જ્યોતિષ્ક દેવો | સંખ્યાતગુણ અધિક |
| ૪૧. | જ્યોતિષ્ક દેવીઓ | સંખ્યાતગુણ અધિક |
| ૪૨. | ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસક | સંખ્યાતગુણ અધિક |
| ૪૩. | સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસક | સંખ્યાતગુણ અધિક |
| ૪૪. | જલચર પંચન્દ્રિય તિર્યંચ નપુંસક | સંખ્યાતગુણ અધિક |
| ૪૫. | ચતુરિન્દ્રિય પર્યાપ્ત | સંખ્યાતગુણ અધિક |
| ૪૬. | પંચેન્દ્રિય પર્યાપ્ત | વિશેષાધિક |
| ૪૭. | દ્વીન્દ્રિય પર્યાપ્ત | વિશેષાધિક |
| ૪૮. | ત્રીન્દ્રિય પર્યાપ્ત | વિશેષાધિક |
| ૪૯. | પંચેન્દ્રિય અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૦. | ચતુરિન્દ્રિય અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૫૧. | ત્રીન્દ્રિય અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૫૨. | દ્વીન્દ્રિય અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૫૩. | પ્રત્યેકબાદરવનસ્પતિ પર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૪. | બાદર નિગોદ પર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૫. | બાદર પૃથ્વી પર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૬. | બાદર અપ્કાય પર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૭. | બાદર વાયુકાય પર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૮. | બાદર તેજ:કાય અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૫૯. | પ્રત્યેકબાદરવનસ્પતિ અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૬૦. | બાદર નિગોદ અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૬૧. | બાદર પૃથ્વી અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૬૨. | બાદર અપ્કાય અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૬૩. | બાદર વાયુકાય અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૬૪. | સૂક્ષ્મ તેજ:કાયિક અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૬૫. | સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૬૬. | સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૬૭. | સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૬૮. | સૂક્ષ્મ તેજ:કાયિક પર્યાપ્ત | સંખ્યાતગુણ અધિક |
| ૬૯. | સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્ત | વિશેષાધિક |
| ૭૦. | સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્ત | વિશેષાધિક |
| ૭૧. | સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્ત | વિશેષાધિક |
| ૭૨. | સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૭૩. | સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત | સંખ્યાતગુણ અધિક |
| ૭૪. | અભવસિદ્ધિક | અનંતગુણ અધિક |
| ૭૫. | ધતિપતિતસમ્યક્ત્વ | અનંતગુણ અધિક |
| ૭૬. | સિદ્ધો | અનંતગુણ અધિક |
| ૭૭. | બાદરવનસ્પતિ પર્યાપ્ત | અનંતગુણ અધિક |
| ૭૮. | બાદર પર્યાપ્ત | વિશેષાધિક |
| ૭૯. | બાદરવનસ્પતિ અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૮૦. | બાદર અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૮૧. | બાદર જીવો | વિશેષાધિક |
| ૮૨. | સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્ત | અસંખ્યાતગુણ અધિક |
| ૮૩. | સૂક્ષ્મ અપર્યાપ્ત | વિશેષાધિક |
| ૮૪. | સૂક્ષ્મ વનસ્પતિ પર્યાપ્ત | સંખ્યાતગુણ અધિક |
| ૮૫. | સૂક્ષ્મ પર્યાપ્ત | વિશેષાધિક |
| ૮૬. | સૂક્ષ્મ જીવો | વિશેષાધિક |
| ૮૭. | ભવસિદ્ધિક | વિશેષાધિક |
| ૮૮. | નિગોદ જીવ | વિશેષાધિક |
| ૮૯. | વનસ્પતિ | વિશેષાધિક |
| ૯૦. | એકેન્દ્રિય | વિશેષાધિક |
| ૯૧. | તિર્યંચ | વિશેષાધિક |
| ૯૨. | મિથ્યાદષ્ટિ | વિશેષાધિક |
| ૯૩. | અવિરત | વિશેષાધિક |
| ૯૪. | સકષાય | વિશેષાધિક |
| ૯૫. | છદ્મસ્થ | વિશેષાધિક |
| ૯૬. | સયોગી | વિશેષાધિક |
| ૯૭. | સંસારી | વિશેષાધિક |
| ૯૮. | સર્વજીવો | વિશેષાધિક |

## ।। चउत्थ ठिइपयं [नेरइयाणं ठिइपण्णवणा] ।।

**नेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दसवाससहस्साई, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं। अपज्जत्तनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तगनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दसवाससहस्साई अंतोमुहुत्तूणाई, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं।।सू०-१।।२१८।।**

### ***ચોથું સ્થિતિપદ***

*(મૂ૦) હે ભગવન્! નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્! અપર્યાપ્ત નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની સ્થિતિ કહી છે. હે ભગવન્! પર્યાપ્ત નૈરયિકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમની છે. ॥૧॥૨૧૮॥*

(ટી૦) હવે ચોથા સ્થિતિપદનો પ્રારંભ થાય છે. તેનો સંબન્ધ આ પ્રમાણે છે–પૂર્વના પદમાં દિશાની અપેક્ષા વગેરે દ્વારા અલ્પબહુત્વની સંખ્યાનો નિર્ણય કર્યો અને આ પદમાં તે અલ્પબહુત્વની સંખ્યાવડે નીર્ણીત કરાયેલા જીવોની જન્મથી માંડી મરણ સુધીના નારકાદિ પર્યાયરૂપે નિરંતર સ્થિતિનો વિચાર કરાય છે. આ સંબન્ધવડે પ્રાપ્ત થયેલ સ્થિતિપદનું આ સૂત્ર છે– **'नेरइयाणं भंते केवइयं कालं ठिई पन्नत्ता'** ઇતિ. હે ભગવન્! નૈરયિકોની કેટલા કાળ સુધી સ્થિતિ કહી છે? તેમાં **'स्थीयते अनया'**–જેના વડે કહેવાય તે **સ્થિતિ**–આયુષ્ય કર્મનો અનુભવ, જીવન એ પર્યાય શબ્દો છે. જો કે અહીં જીવે મિથ્યાત્વાદિ હેતુવડે ગ્રહણ કરેલાં જ્ઞાનાવરણીયાદિરૂપે પરિણત થયેલાં કર્મ પુદ્ગલોનું જે રહેવું તે 'સ્થિતિ' તરીકે પ્રસિદ્ધ છે, તો પણ નારકાદિ વ્યવહારનો હેતુ જે આયુષ્યકર્મનો અનુભવ તે પણ સ્થિતિ કહેવાય છે. તે આ પ્રમાણે–જો કે નરકગતિ, પંચેન્દ્રિય જાતિ વગેરે નામકર્મના ઉદયને આશ્રિત નારકત્વરૂપ પર્યાય છે, તો પણ નારકાયુષ્યના ઉદયને પ્રથમસમયે નારકપણાના કારણરૂપ નરકક્ષેત્રને નહિ પ્રાપ્ત થવા છતાં પણ નારકપણાનો વ્યવહાર થાય છે, એ પ્રમાણે ભગવતી સૂત્રમાં કહેલું છે કે–'હે ભગવન્! નારક જીવ નારકને વિષે ઉત્પન્ન થાય કે અનારક–નારકથી ભિન્ન જીવ નારકને વિષે ઉત્પન્ન થાય? હે ગૌતમ! નારક નારકને વિષે ઉત્પન્ન થાય, પણ નારકથી ભિન્ન જીવ નારકને વિષે ઉત્પન્ન ન થાય.' માટે અહીં નારકપણાના વ્યવહારનું કારણ આયુષ્ય કર્મના અનુભવને ઉક્ત વ્યુત્પત્તિથી સ્થિતિ કહી છે. ભગવાન્ ઉત્તર આપે છે–'હે ગૌતમ' ઇત્યાદિ. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્તાના વિભાગ સિવાય સામાન્યપણે ઉત્તર આપેલો છે. જ્યારે પર્યાપ્તા અને અપર્યાપ્તાના વિભાગ વડે સ્થિતિનો વિચાર થાય ત્યારે **'अपज्जत्तनेरइयाण भंते!'** ઇત્યાદિ સૂત્ર જાણવું. અહીં અપર્યાપ્તા લબ્ધિ વડે અને કરણ વડે એમ બે પ્રકારના છે. તેમાં નારકો, દેવો તથા અસંખ્યાત વરસના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો કરણોવડે જ અપર્યાપ્તા છે, પણ લબ્ધિથી અપર્યાપ્તા હોતા નથી. કારણ કે લબ્ધિઅપર્યાપ્તાની તેઓમાં ઉત્પત્તિ થતી નથી, માટે તેઓ ઉત્પત્તિકાળે જ કરણ વડે કેટલાક કાળ સુધી અપર્યાપ્તા હોય છે એટલે અન્તર્મુહૂર્ત સુધી અપર્યાપ્તા હોય છે, બાકીના તિર્યંચ અને મનુષ્યો ઉત્પત્તિ સમયે કરણ અને લબ્ધિવડે અપર્યાપ્તા હોય છે. એટલે કરણ અપર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા બન્ને પ્રકારના હોય છે. કહ્યું છે કે– "નારકો, દેવો અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા ગર્ભજ, તિર્યંચ અને મનુષ્યો ઉત્પત્તિકાળે અપર્યાપ્તા જાણવા. બાકીના તિર્યંચ અને મનુષ્યો લબ્ધિને આશ્રયી અને ઉત્પત્તિ કાળે બન્ને પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા વિકલ્પે જાણવા એવું જિનવચન છે." અપર્યાપ્તાઓ જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત પર્યંત હોય છે, માટે એમ કહ્યું છે કે–જઘન્યથી અને ઉત્કર્ષથી અપર્યાપ્તાની સ્થિતિ અન્તર્મુહૂર્ત છે. અપર્યાપ્તાનો કાળ પૂરો થયા પછી બાકીનો પર્યાપ્તાનો કાળ છે. માટે પર્યાપ્ત સૂત્રમાં કહ્યું છે–"**गोयमा!**

जहन्नेण दसवाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीससागरोवमाइं अन्तोमुहुत्तूणाइं।'' હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. એ સામાન્ય નરક પૃથિવીને આશ્રયી વિચાર કર્યો, હવે પૃથિવીના વિભાગવડે વિચાર કરે છે-'रयणप्पभा पुढविनेरइयाणं भंते!' ઇત્યાદિ સુગમ છે. બાકીનું બધું આ પદની સમાપ્તિ સુધી સુગમ છે.॥१॥२१८॥

**रयणप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दसवाससहस्साइं, उक्कोसेणं सागरोवमं। अपज्जत्तरयणप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं वि अंतोमुहुत्तं उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तरयणप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सागरोवमं अंतोमुहुत्तूणं। सक्करप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं सागरोवमं, उक्कोसेणं तिन्नि सागरोवमाइं। अपज्जत्तयसक्करप्पभा-पुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तयसक्करप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं सागरोवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं तिन्नि सागरोवमाइं अंतोमुहुत्तूणाइं। वालुयप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं तिन्नि सागरोवमाइं, उक्कोसेणं सत्त सागरोवमाइं। अपज्जत्तयवालुयप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तयवालुयप्पभा-पुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं तिन्नि सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्त सागरोवमाइं अंतोमुहुत्तूणाइं। 'पंकप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं सत्त सागरोवमाइं, उक्कोसेणं दस सागरोवमाइं। अपज्जत्तयपंकप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तयपंकप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं सत्त सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं दस सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं। 'धूमप्पभापुढवि-नेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण दस सागरोवमाइं, उक्कोसेणं सत्तरस सागरोवमाइं। अपज्जत्तयधूमप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तगधूमप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्तरस सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं। 'तमप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं सत्तरससागरोवमाइं, उक्कोसेणं बावीसं सागरोवमाइं। अपज्जत्तयतमपभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तगतमप्पभापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण सत्तरस सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं बावीसं सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं। अहेसत्तमापुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं बावीसं सागरोवमाइं, उक्कोसेणं तित्तीसं सागरोवमाइं। अपज्जत्तगअहेसत्तमपुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तगअहेसत्तम पुढविनेरइयाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं बावीसं सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं ।।सू०-२।।२१९।।**

(મૂ૦) હે ભગવન્! [1]રત્નપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્! અપર્યાપ્ત રત્નપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની સ્થિતિ કહી છે. હે ભગવન્! પર્યાપ્ત રત્નપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત ન્યૂન એક સાગરોપમ છે. હે ભગવન્! [2]શર્કરાપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની છે. હે ભગવન્! અપર્યાપ્તા શર્કરાપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની છે. હે ભગવન્! પર્યાપ્તા શર્કરાપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગરોપમ. હે ભગવન્ [3]વાલુકાપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. હે ભગવન્! અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્તા વાલુકાપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ. હે ભગવન્! [4]પંકપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ જઘન્ય સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ દસ સાગરોપમ. હે ભગવન્! અપર્યાપ્ત પંકપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળ સુધીની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની સ્થિતિ કહી છે. હે ભગવન્! પર્યાપ્ત પંકપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ સાગરોપમ. હે ભગવન્! [5]ધૂમપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી સત્તર સાગરોપમ. હે ભગવન્! અપર્યાપ્ત ધૂમપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત ધૂમપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ છે. હે ભગવન્! [6]તમઃપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમ છે. હે ભગવન્! અપર્યાપ્ત તમઃપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત તમઃપ્રભા પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીસ સાગરોપમ છે. હે ભગવન્! નીચેની સાતમી તમઃતમઃપ્રભા નરક પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે. હે ભગવન્! અપર્યાપ્ત નીચેની સાતમી નરક પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત નીચેની સાતમી નરક પૃથિવીના નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ છે. ॥૨॥૨૧૯॥

## ।। देव–देवी ठिईपण्णवणा ।।

देवाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं।

अपज्जत्तयदेवाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता। गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तयदेवाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं। देवीणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं पणपन्नं पलिओवमाइं। अपज्जत्तयदेवीणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तयदेवीणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं पणपन्नं पलिओवमाइं अन्तोमुहुत्तूणाइं ।।सू०-३।।२२०।।

*(મૂ૦) હે ભગવન્! દેવોની કેટલા કાળની સ્થિતિ છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્! અપર્યાપ્ત દેવોની કેટલા કાળની સ્થિતિ છે? હે ગૌતમ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત દેવોની કેટલા કાળની સ્થિતિ છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ. હે ભગવન્! દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી પંચાવન પલ્યોપમ. હે ભગવન્! અપર્યાપ્ત દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમ. ॥૩॥૨૨૦॥*

भवणवासीणं देवाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं साइरेगं सागरोवमं। अपज्जत्तयभवणवासीणं देवाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तयभवणवासीणं देवाणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं साइरेगं सागरोवमं अंतोमुहुत्तूणं। भवणवासिणीणं भंते! देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं। अपज्जत्तियाणंभवणवासिणीणं देवीणं भंते! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अंतोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तियाणं भंते! भवणवासिणीणं देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं अन्तोमुहुत्तूणाइं ।।सू०-४।।२२१।।

*(મૂ૦) હે ભગવન્! ભવનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઈક અધિક સાગરોપમ. હે ભગવન્! અપર્યાપ્ત ભવનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત ભવનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાધિક સાગરોપમ. હે ભગવન્! ભવનવાસિની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી સાડાચાર પલ્યોપમ. હે ભગવન્! અપર્યાપ્ત ભવનવાસિની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત, હે ભગવન્! પર્યાપ્ત ભવનવાસિની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાડાચાર પલ્યોપમ. ॥૪॥૨૨૧॥*

असुरकुमाराणं भंते! देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं साइरेगं सागरोवमं। अपज्जत्तयअसुरकुमाराणं भंते! देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं वि अंतोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तयअसुरकुमाराणं भंते! देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं साइरेग सागरोवमं अन्तोमुहुत्तूणं। असुरकमारीणं भंते! देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं। अपज्जत्तियाणं असुरकमारीणं भंते! देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तियाणं असुरकुमारीणं भंते! देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं अन्तोमुहुत्तूणाइं ।।सू०-५।।२२२।।

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક સાગરોપમ. હે ભગવન્! અપર્યાપ્ત અસુરકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત અસુરકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાધિક સાગરોપમ. હે ભગવન્! અસુરકુમારની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી સાડાચાર પલ્યોપમ. હે ભગવન્ અપર્યાપ્ત અસુરકુમારની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત અસુરકુમારની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સાડાચાર પલ્યોપમ. ।।૫।।૨૨૨।।*

नागकुमाराणं भंते! देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं। अपज्जत्तयाणं भंते! नागकुमाराणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तयाणं भंते! नागकुमाराणं देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं अन्तोमुहुत्तूणाइं। नागकुमारीणं भंते! देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं देसूणं पलिओवमं। अपज्जत्तयाणं भंते! नागकुमारीणं देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तियाणं भंते! नागकुमारीणं देवीणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं देसूणं पलिओवमं अन्तोमुहुत्तूणं ।।सू०-६।।२२३।।

*(મૂ૦) હે ભગવન્! નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક ન્યૂન બે પલ્યોપમ. હે ભગવન્! અપર્યાપ્ત નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત નાગકુમાર દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઇક ઊણાં બે પલ્યોપમ. હે ભગવન્! નાગકુમારની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી કંઇક ન્યૂન પલ્યોપમ. હે ભગવન્! અપર્યાપ્ત નાગકુમારની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત. હે ભગવન્! પર્યાપ્ત નાગકુમારની દેવીઓની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન કંઇક ઊણું પલ્યોપમ. ।।૬।।૨૨૩।।*

सुवण्णकुमाराणं भंते! देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं। अपज्जत्तयाणं पुच्छा। गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं, उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तयाणं पुच्छा। गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अन्तोमुहुत्तूणाइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं अन्तोमुहुत्तूणाइं। सुवण्णकुमारीणं देवीणं पुच्छा। गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं देसूणं पलिओवमं। अपज्जत्तयाणं पुच्छा। गोयमा! जहन्नेण वि अन्तोमुहुत्तं उक्कोसेण वि अन्तोमुहुत्तं। पज्जत्तियाणं पुच्छा। गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं देसूणं पलिओवमं अन्तोमुहुत्तूणं। एवं एएणं अभिलावेणं ओहियअपज्जत्तयपज्जत्तयसुत्ततयं देवाण य देवीण य नेयव्वं जाव थणियकुमाराणं जहा नागकुमाराणं ।।सू०-७।।२२४।।

ન્યૂન ચોવીશ સાગરોપમ. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી ચોવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી પચીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ચોવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન પચીશ સાગરોપમ. મધ્યમ ત્રિકના નીચેના ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી પચીશ સાગરોપમ અને ઉત્કર્ષથી છવીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન પચીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન છવીશ સાગરોપમ. મધ્યમ ત્રિકના મધ્યમ ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી છવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી સત્યાવીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન છવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન સત્યાવીશ સાગરોપમ. મધ્યમ ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી સત્યાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અઠ્યાવીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન સત્યાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન અઠ્યાવીશ સાગરોપમ. ઉપરની ત્રિકના નીચેના ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અઠ્યાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ઓગણત્રીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન અઠ્યાવીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણત્રીશ સાગરોપમ. ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી ઓગણત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી ત્રીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ઓગણત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રીશ સાગરોપમ. ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયક દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી ત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી એકત્રીશ સાગરોપમ. અપર્યાપ્તામાં સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન એકત્રીશ સાગરોપમ. ॥૨૭॥૨૪૫॥

**विजयवेजयंतजयंतअपराजितेसु णं भंते! देवाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं एक्कतीसं सागरोवमाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं। अपज्जत्तयाणं पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं। पज्जत्तयाणं पुच्छा। गोयमा! जहन्नेण वि एक्कतीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं। सव्वट्ठसिद्धगदेवाणं भंते! केवइयं काले ठिई पन्नत्ता? गोयमा! अजहन्नमणुक्कोसं तेत्तीसं सागरोवमाइं ठिई पन्नत्ता? गोयमा! सव्वट्ठसिद्धगदेवाणं अपज्जत्तयाणं पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अन्तोमुहुत्तं। सव्वट्ठसिद्धगदेवाणं पज्जत्तयाणं केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! अजहन्नमणुक्कोसं तेत्तीसं सागरोवमाइं अन्तोमुहुत्तूणाइं ठिई पण्णत्ता ।।सू०-२८।।२४६।।**

**।। पन्नवणाए भगवईए चउत्थं ठिइपदं समात्तम् ।।**

(મૂ૦) હે ભગવન્! વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત વિમાનોમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી એકત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી તેત્રીશ સાગરોપમ. અપર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્તાના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન એકત્રીશ સાગરોપમ અને ઉત્કર્ષથી અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ. હે ભગવન્! સર્વાર્થસિદ્ધવિમાનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે

*ગૌતમ! જઘન્ય અને ઉત્કર્ષ રહિત તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ-વિમાનવાસી દેવોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કર્ષથી પણ અન્તર્મુહૂર્ત. પર્યાપ્ત સર્વાર્થસિદ્ધવિમાનવાસી દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અને ઉત્કર્ષ રહિત અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. ॥૨૮॥૨૪૫॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ચોથું સ્થિતિપદ સમાપ્ત.*

**આયુષ્યનું સંક્ષિપ્ત સ્વરૂપ**

| | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧લી નરક – રત્નપ્રભા | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમ | સૂર્ય દેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યો.+૧ હજાર વર્ષ |
| ૨જી નરક – શર્કરાપ્રભા | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ | સૂર્ય દેવી | ૧/૪ પલ્યોપમ | ૦॥ પલ્યો.+૫૦૦ વર્ષ |
| ૩જી નરક – વાલુકાપ્રભા | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ | ગ્રહ દેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ૪થી નરક – પંકપ્રભા | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ | ગ્રહ દેવી | ૧/૪ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| ૫મી નરક – ધૂમપ્રભા | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ | નક્ષત્ર દેવ | ૧/૪ પલ્યોપમ | ૦॥ પલ્યોપમ |
| ૬ઠ્ઠી નરક – તમઃપ્રભા | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ | નક્ષત્ર દેવી | ૧/૪ પલ્યોપમ | સાધિક ૧/૪ પલ્યોપમ |
| ૭મી નરક – મહાતમઃપ્રભા | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ | તારા દેવ | ૧/૮ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |
| અસુરકુમાર દેવ ભવનપતિ | ૧૦ હજાર વર્ષ | સાધિક સાગરોપમ | તારા દેવી | ૧/૮ પલ્યોપમ | સાધિક ૧/૮ પલ્યોપમ |
| અસુરકુમાર દેવી ભવનપતિ | ૧૦ હજાર વર્ષ | ૪॥ પલ્યોપમ | સૌધર્મ દેવ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| શેષ ૯ દેવ ભવનપતિ | ૧૦ હજાર વર્ષ | દેશોન ૨ પલ્યોપમ | સૌધર્મ દેવી (અપરિગૃહિત) | ૧ પલ્યોપમ | ૫૦ પલ્યોપમ |
| શેષ ૯ દેવી ભવનપતિ | ૧૦ હજાર વર્ષ | દેશોન પલ્યોપમ | સૌધર્મ દેવી (પરિગૃહિત) | ૧ પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | ૨૨૦૦૦ વર્ષ | ઈશાન દેવ | સાધિક ૧ પલ્યોપમ | સાધિક ૨ સાગરોપમ |
| અપ્કાય | અંતર્મુહૂર્ત | ૭૦૦૦ વર્ષ | ઈશાન દેવી (અપરિગૃહીત) | સાધિક ૧ પલ્યોપમ | ૫૫ પલ્યોપમ |
| તેઉકાય | અંતર્મુહૂર્ત | ૩ અહોરાત્ર | ઈશાન દેવી (પરીગૃહીત | સાધિક ૧ પલ્યોપમ | ૯ પલ્યોપમ |
| વાયુકાય | અંતર્મુહૂર્ત | ૩૦૦૦ વર્ષ | સનત્કુમાર દેવ | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | ૧૦૦૦૦ વર્ષ | માહેન્દ્ર | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૭ સાગરોપમ |
| બેઇન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૧૨ વર્ષ | બ્રહ્મલોક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| તેઇન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૪૯ દિવસ | લાંતક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ચઉરિન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૬ મહિના | મહાશુક્ર | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| જલચર-સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | પૂર્વ કોટિ | સહસ્રાર | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| જલચર-ગર્ભજ | અંતર્મુહૂર્ત | પૂર્વ કોટિ | આનત | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ચતુષ્પદ-સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | ૮૪૦૦૦ વર્ષ | પ્રાણત | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ચતુષ્પદ-ગર્ભજ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ | આરણ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ઉરપરિસર્પ-સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | ૫૩૦૦૦ વર્ષ | અચ્યુત | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ઉરપરિસર્પ-ગર્ભજ | અંતર્મુહૂર્ત | પૂર્વ કોટિ | હિટ્ઠિમ-હિટ્ઠિમ | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ભુજપરિસર્પ-સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | ૪૨૦૦૦ વર્ષ | હિટ્ઠિમ-મજ્ઝિમ | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ભુજપરિસર્પ-ગર્ભજ | અંતર્મુહૂર્ત | પૂર્વકોટિ | હિટ્ઠિમ-ઉવરિમ | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ખેચર-સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | ૭૨૦૦૦ વર્ષ | મજ્ઝિમ-હિટ્ઠિમ | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ખેચર-ગર્ભજ | અંતર્મુહૂર્ત | પલ્યો. અસંખ્યાતમો ભાગ | મજ્ઝિમ-મજ્ઝિમ | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| મનુષ્ય-સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | મજ્ઝિમ-ઉવરિમ | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| મનુષ્ય-ગર્ભજ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ | ઉવરિમ-હિટ્ઠિમ | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| વ્યંતર દેવ | ૧૦૦૦૦ વર્ષ | ૧ પલ્યોપમ | ઉવરિમ-મજ્ઝિમ | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| વ્યંતર દેવી | ૧૦૦૦૦ વર્ષ | ૦॥ પલ્યોપમ | ઉવરિમ-ઉવરિમ | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| ચંદ્ર દેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યો.+૧ લાખ વર્ષ | ૪ અનુત્તર | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| ચંદ્ર દેવી | ૧/૪ પલ્યોપમ | ૦॥ પલ્યો.+૫૦ હજાર વર્ષ | સર્વાર્થસિદ્ધ વિમાન | અજઘન્યોત્કૃષ્ટ | ૩૩ સાગરોપમ... |

## ।। पंचमं विसेसपयं ।।

**कइविहा णं भंते! पज्जवा पन्नत्ता? गोयमा! दुविहा पज्जवा पन्नत्ता। तंजहा-जीवपज्जवा य अजीवपज्जवा य ।।सू०-१।।२४६।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારના પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! પર્યાયો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-જીવપર્યાયો અને અજીવપર્યાયો. ॥૧॥૨૪૬॥*

(ટી૦) એ પ્રમાણે ચોથા પદની વ્યાખ્યા કરી, હવે પાંચમા પદનો પ્રારંભ કરાય છે. તેનો સંબંધ આ પ્રમાણે છે-ચોથા પદમાં નારકાદિ પર્યાયરૂપે જીવોની સ્થિતિ કહી અને અહીં તેઓના ઔદયિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવને આશ્રયી પર્યાયોની સંખ્યા બતાવે છે. તેમાં આ પ્રથમ સૂત્ર છે-'**कइविहा णं भंते! पज्जवा पन्नत्ता?**' હે ભગવન્! કેટલા પ્રકારના પર્યાયો કહ્યા છે? અહીં ગૌતમ સ્વામીએ ભગવંતને કયા અભિપ્રાયથી એ પ્રમાણે પૂછ્યું? તેનો ઉત્તર એ છે કે પહેલા પદના પ્રારંભમાં પ્રજ્ઞાપનાના બે પ્રકાર કહ્યા છે-જેમકે જીવપ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપના. તેમાં જીવ અને અજીવ દ્રવ્યો છે, કારણ કે '**गुणपर्यायवद् द्रव्यम्**'·(तत्त्वार्थ અ. ૫, સૂ. ૩૧) ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય કહેવાય છે. એવું દ્રવ્યનું લક્ષણ છે. માટે જીવ અને અજીવ પર્યાયના ભેદો જાણવા માટે એ પ્રમાણે પ્રશ્ન કર્યો છે, અને ભગવાન્ પણ તેવાજ પ્રકારે ઉત્તર આપે છે-હે ગૌતમ! બે પ્રકારના પર્યાયો છે, તે આ પ્રમાણે-જીવપર્યાયો અને અજીવપર્યાયો. તેમાં પર્યાય, ગુણ, વિશેષ અને ધર્મ એ પર્યાયવાચી શબ્દો છે. (પ્ર૦)-સંબંધ બતાવતા એમ કહ્યું હતું કે અહીં ઔદયિકાદિ ભાવોને આશ્રયી પર્યાયની સંખ્યા બતાવવાની છે, ઔદયિકાદિ ભાવો તો જીવાશ્રિત છે અને તેથી જીવ પર્યાયોનોજ બોધ થાય છે અને પ્રશ્નના ઉત્તરમાં તો જીવ અને અજીવ બન્નેના પર્યાયો કહ્યા છે. માટે આ સંબંધનું પ્રતિપાદન બરાબર નથી. (ઉ૦)-અભિપ્રાય નહીં જાણવાથી થયેલી આ શંકા અયુક્ત છે. કારણ કે ઔદયિકભાવ પુદ્ગલને વિષે પણ હોય છે, તેથી જીવ અને અજીવના ભેદ વડે ઔદયિકભાવ બે પ્રકારનો હોવાથી સંબંધનું કથન અને ઉત્તર સૂત્રનો પરસ્પર વિરોધ નથી. ॥૧॥૨૪૬॥

## ।। जीव पज्जवा ।।

**जीवपज्जवा णं भंते! किं संखेज्जा, असंखेज्जा, अणंता? गोयमा! नो सखेज्जा, नो असंखेज्जा, अणंता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-जीवपज्जवा नो संखेज्जा, नो असंखेज्जा, अणंता? गोयमा! असंखिज्जा नेरइया, असंखिज्जा असुरकुमारा, असंखिज्जा नागकुमारा, असंखिज्जा सुवण्णकुमारा, असंखिज्जा विज्जुकुमारा, असंखिज्जा अगणिकुमारा, असंखिज्जा दीवकुमारा, असंखिज्जा उदहिकुमारा, असंखिज्जा दिसीकुमारा, असंखिज्जा वाउकुमारा, असंखिज्जा थणियकुमारा, असंखिज्जा पुढविकाइया, असंखिज्जा आउकाइया, असंखिज्जा तेउकाइया, असंखिज्जा वाउकाइया, अणंता वणप्फइकाइया, असंखेज्जा बेइंदिया, असंखेज्जा तेइंदिया, असंखेज्जा चउरिंदिया, असंखेज्जा पंचिंदियतिरिक्खजोणिया, असंखेज्जा मणुस्सा, असंखेज्जा वाणमंतरा, असंखेज्जा जोइसिया, असंखेज्जा वेमाणिया, अणंता सिद्धा, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ-ते णं नो संखिज्जा, नो असंखिज्जा, अणंता ।।सू०-२।।२४७।।**

*(મૂ૦) હે ભગવન્! જીવપર્યાયો શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે? હે ગૌતમ! સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનંતા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે જીવપર્યાયો સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી પણ અનંતા છે? હે ગૌતમ! અસંખ્યાતા નારકો, અસંખ્યાતા અસુરકુમારો, અસંખ્યાતા નાગકુમારો, અસંખ્યાતા સુવર્ણકુમારો, અસંખ્યાતા વિદ્યુત્કુમારો, અસંખ્યાતા અગ્નિકુમારો, અસંખ્યાતા દ્વીપકુમારો, અસંખ્યાતા ઉદધિકુમારો, અસંખ્યાતા દિક્કુમારો, અસંખ્યાતા વાયુકુમારો, અસંખ્યાતા સ્તનિતકુમારો, અસંખ્યાતા પૃથિવીકાયિકો, અસંખ્યાતા અપ્કાયિકો, અસંખ્યાતા*

*તેજસ્કાયિકો, અસંખ્યાતા વાયુકાયિકો, અનંતા વનસ્પતિકાયિકો, અસંખ્યાતા બેઇન્દ્રિયો, અસંખ્યાતા તેઇન્દ્રિયો, અસંખ્યાતા ચઉરિન્દ્રિયો, અસંખ્યાતા પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, અસંખ્યાતા મનુષ્યો, અસંખ્યાતા વ્યન્તરો, અસંખ્યાતા જ્યોતિષિકો, અસંખ્યાતા વૈમાનિકો અને અનંતા સિદ્ધો છે. એ કારણથી હે ગૌતમ! એમ કહું છું કે સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનંતા જીવપર્યાયો છે. ॥૨॥૨૪૭॥*

(ટી૦) હવે પર્યાયનું પરિમાણ જાણવા માટે પૂછે છે-'जीव पज्जवाणं भंते! संखेज्जा.' હે ભગવન્! જીવપર્યાયો શું સંખ્યાતા છે-ઇત્યાદિ. અહીં વનસ્પતિ અને સિદ્ધ સિવાય બધા નારકાદિક જીવ પ્રત્યેક અસંખ્યાતા છે. મનુષ્યને વિષે અસંખ્યાતપણું સંમૂર્ચ્છિમ મનુષ્યની અપેક્ષાએ છે. વનસ્પતિ અને સિદ્ધો પ્રત્યેક અનંતા છે, તેથી પર્યાયવાળા જીવો અનંતા હોવાથી અનંતા જીવપર્યાયો થાય છે. ॥૨॥૨૪૭॥

## ।। नेरइयाणं पज्जवा ।।

**नेरइयाणं भंते! केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता?' गोयमा! नेरइए नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जइभागहीणे वा संखिज्जइभागहीणे वा संखिज्जगुणहीणे वा असंखिज्जगुणहीणे वा। अह अब्भहिए असंखिज्जइभागमब्भहिए वा संखिज्जइभाग-मब्भहिए वा संखिज्जगुणमब्भहिए वा असंखिज्जगुणमब्भहिए वा। ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जइभागहीणे वा संखिज्जइभागहीणे वा संखिज्जगुणहीणे वा असंखिज्जगुणहीणे वा। अह अब्भहिए असंखिज्जभागमब्भहिए वा संखिज्जभागमब्भहिए वा संखिज्जगुणमब्भहिए वा असंखिज्जगुणमब्भहिए वा। कालवण्णपज्जवेहिं सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे अणंत भागहीणे वा असंखेज्ज-भागहीणे वा संखेज्जभागहीणे वा संखेज्जगुणहीणे वा असंखेज्जगुणहीणे वा अणंतगुणहीणे वा। अह अब्भहिए अणंतभागमब्भहिए वा असंखेज्जभागमब्भहिए वा संखेज्जभागमब्भहिए वा संखेज्जगुणमब्भहिए वा असंखेज्जगुणमब्भहिए वा अणंतगुणमब्भहिए वा। नीलवन्नपज्जवेहिं लोहियवन्नपज्जवेहिं हालिद्दवन्नपज्जवेहिं सुक्किल्लवन्नपज्जवेहिं छट्ठाणवडिए। सुब्भिगंधपज्जवेहिं दुब्भिगंधपज्जवेहिं य छट्ठाणवडिए। तित्तरसपज्जवेहिं कडुयरसपज्जवेहिं कसायरसपज्जवेहिं अंबिलरसपज्जवेहिं महुररसपज्जवेहिं छट्ठाणवडिए। कक्खडफासपज्जवेहिं मउयफासपज्जवेहिं गरुयफासपज्जवेहिं लहुयफासपज्जवेहिं सीयफासपज्जवेहिं उसिणफासपज्जवेहिं निद्धफासपज्जवेहिं लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए। आभिणिबोहियनाणपज्जवेहिं सुयनाणपज्जवेहिं ओहिनाणपज्जवेहिं मइअन्नाणपज्जवेहिं सुयअन्नाणपज्जवेहिं विभंगनाणपज्जवेहिं चक्खुदंसणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं ओहिदंसणपज्जवेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइयाणं नो संखेज्जा, नो असंखेज्जा, अणंता पज्जवा पन्नत्ता' ।।सू०-३।।२४८।।**

*(મૂ૦) હે ભગવન્! નારકોના કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનંતા પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી કહો છો કે, 'નારકોના અનંતા પર્યાયો છે?' હે ગૌતમ! એક નારક બીજા નારકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, પણ અવગાહના (શરીરની ઉંચાઇ) થી સ્યાત્-કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય અને અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક*

*હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિની અપેક્ષાએ કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો હીનસ્થિતિવાળો હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય કે અસંખ્યાત ગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક સ્થિતિવાળો હોય. કાળાવર્ણ પર્યાયની અપેક્ષાએ કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો હીન હોય તો અનંતમો ભાગ હીન હોય, અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય, અસંખ્યાતગુણ હીન હોય કે અનંતગુણ હીન હોય. જો અધિક હોય તો અનંતમો ભાગ અધિક હોય, અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય, અસંખ્યાતગુણ અધિક હોય કે અનંતગુણ અધિક હોય. નીલવર્ણ પર્યાયની અપેક્ષાએ, રક્તવર્ણ પર્યાયની અપેક્ષાએ, હારિદ્રવર્ણ પર્યાયની અપેક્ષાએ અને શુક્લવર્ણ પર્યાયની અપેક્ષાએ છસ્થાનપતિત જાણવો. સુરભિગંધપર્યાય અને દુરભિગંધપર્યાયની અપેક્ષાએ છસ્થાનપતિત હોય. તિક્તરસ પર્યાય, કટુકરસ પર્યાય, કષાયરસ પર્યાય, અમ્લરસ પર્યાય અને મધુરરસ પર્યાયની અપેક્ષાએ પણ છસ્થાનપતિત હોય. કર્કશસ્પર્શ પર્યાય, મૃદુસ્પર્શ પર્યાય, ગુરુસ્પર્શ પર્યાય, લઘુસ્પર્શ પર્યાય, શીતસ્પર્શ પર્યાય, ઉષ્ણસ્પર્શ પર્યાય, સ્નિગ્ધસ્પર્શ પર્યાય અને રુક્ષસ્પર્શ પર્યાય વડે છસ્થાનપ્રાપ્ત હોય. આભિનિબોધિક જ્ઞાન પર્યાય, શ્રુતજ્ઞાન પર્યાય, અવધિજ્ઞાન પર્યાય, મતિઅજ્ઞાન પર્યાય, શ્રુતઅજ્ઞાન પર્યાય અને વિભંગજ્ઞાન પર્યાય વડે તથા ચક્ષુદર્શન પર્યાય અચક્ષુદર્શન પર્યાય અને અવધિદર્શન પર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત હોય. તે કારણથી હે ગૌતમ! હું એમ કહું છું કે નારકોના સંખ્યાતા નહીં, અસંખ્યાતા નહીં, પણ અનંતા પર્યાય કહ્યા છે. ॥૩॥૨૪૮॥*

(ટી૦) એ પ્રમાણે ગૌતમે સામાન્યતઃ જીવ પર્યાયો પૂછ્યા અને ભગવાને પણ સામાન્ય રીતે ઉત્તર આપ્યો, હવે ગૌતમ વિશેષપણે પ્રશ્ન કરે છે—'નેરઇયાણં ભંતે! કેવઇયા પજ્જવા પન્નત્તા'? હે ભગવન્! નારકોને કેટલા પર્યાયો કહ્યા છે? આ પ્રશ્ન ગૌતમે કયા અભિપ્રાયથી કર્યો છે? તેનો ઉત્તર એ છે કે પહેલાં સામાન્ય જીવના પ્રશ્નમાં પર્યાયવાળા જીવો અનંત હોવાથી અનંતા પર્યાયો કહ્યા, પરંતુ જ્યાં પર્યાયવાળા જીવો અનંતા નથી ત્યાં પર્યાયોનું અનંતપણું શી રીતે ઘટી શકે? એ અભિપ્રાયથી ગૌતમે પ્રશ્ન કર્યો છે. ત્યાં પણ ભગવાન્ એજ ઉત્તર આપે છે કે "નારકોને અનંત પર્યાયો છે." હવે અહીં સંશય થવાથી ગૌતમ સ્વામી પૂછે છે કે–'**से केणट्ठेणं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે નારકોને એ પ્રમાણે અનંત પર્યાયો છે? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! એક નૈરયિક બીજા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે–દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે ઇત્યાદિ. (પ્ર૦)–હવે અનન્ત પર્યાયો શી રીતે ઘટે? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવન્તે અનન્ત પર્યાયો જે રીતે યુક્તિથી સિદ્ધ થાય તે રીતે કહેવું જોઈએ અર્થાત્ પર્યાયોનું અનંતપણું શા હેતુથી ઘટી શકે? એ કહેવું જોઇએ તો કયા અભિપ્રાયથી ભગવાન્ એક નારક જીવ બીજા નારક જીવની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે' એમ ઉત્તર આપે છે? (ઉ૦)–'કોઈપણ એક દ્રવ્ય અનન્ત પર્યાયવાળું છે.' એ ન્યાયને બતાવવા માટે એમ કહેવામાં આવ્યું છે. તેમાં આ નારક જીવ પણ દ્રવ્ય છે, તેથી એક નારક જીવ દ્રવ્ય બીજા નારક જીવની અપેક્ષાએ '**द्रव्यार्थतया**' દ્રવ્યાર્થપણે–દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે–એમ દ્રવ્યસ્વરૂપે તુલ્યપણું કહ્યું. હવે પ્રદેશાર્થપણે–પ્રદેશની અપેક્ષાએ તુલ્યપણું કહે છે–'**पएसट्ठयाए तुल्ले**' પ્રદેશાર્થપણે તુલ્ય છે–એટલે નારક જીવ દ્રવ્યના પ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા છે, માટે પ્રદેશાર્થપણે એક નૈરયિક બીજા નૈરયિકોની અપેક્ષાએ તુલ્ય છે. પ્રદેશાર્થપણે તુલ્ય કહેવાનું કારણ એટલું જ કે દ્રવ્યો પ્રદેશવાળા અને અપ્રદેશવાળા એ બે પ્રકારનાં છે એમ જણાવવા માટે છે. તેમાં પરમાણુ અપ્રદેશ–જેને કોઇ પ્રદેશ નથી એવું દ્રવ્ય છે, અને દ્વિપ્રદેશ, ત્રિપ્રદેશ આદિ દ્રવ્યો પ્રદેશવાળાં છે. આ બે પ્રકારનાં દ્રવ્યો પુદ્ગલાસ્તિકાયને વિષેજ હોય છે. બાકીના ધર્માસ્તિકાયાદિક દ્રવ્યો અવશ્ય પ્રદેશવાળાં છે. તથા '**ओगाहणट्ठाए सिय हीणे**' ઇત્યાદિ. અવગાહનાની અપેક્ષાએ સ્યાત્–કદાચિત્ હીન હોય–એટલે અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશવાળો નૈરયિક બીજા તુલ્યપ્રદેશવાળા નૈરયિકથી

અવગાહના–શરીરની ઉંચાઇની અપેક્ષાએ 'સ્યાત્'–કદાચિત્ હીન હોય. અહીં સ્યાત્ શબ્દ પ્રશંસા, અસ્તિત્વ, વિવાદ, વિચારણા, અનેકાંત, સંશય અને પ્રશ્નાદિ અર્થમાં છે. અહીં અનેકાંતદ્યોતક 'સ્યાત્' શબ્દનું ગ્રહણ છે. એટલે અનેકાન્તપણે કદાચિત્ હીન હોય, કદાચિત્ તુલ્ય હોય અને કદાચિત્ અધિક હોય. કારણ કે રત્નપ્રભા પૃથ્વીના નારકોના ભવધારણીય (સ્વાભાવિક) વૈક્રિય શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે અને ઉત્કર્ષથી સાત ધનુષ, ત્રણ હાથ અને છ અંગુલ છે. અને ઉત્તરોત્તર પૃથિવીમાં બમણી બમણી કરતાં સાતમી નરક પૃથ્વીના નારકોની જઘન્ય થકી અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી પાંચસો ધનુષ હોય છે. તેમાં જો એક નારકની અપેક્ષાએ બીજા નારકોના શરીરની અવગાહના હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય, કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો કદાચ અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. કારણ કે એક નારક ઉંચાઇમાં પાંચસો ધનુષ છે અને બીજાની ઉંચાઇ અંગુલના અસંખ્યાતમા ભાગ હીન પાંચસો ધનુષ છે. અંગુલનો અસંખ્યાતમો ભાગ પાંચસો ધનુષના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. અંગુલના અસંખ્યાતમા ભાગ હીન પાંચસો ધનુષની ઉંચાઇવાળો નારક બીજા પરિપૂર્ણ પાંચસો ધનુષની ઉંચાઇવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ હીન છે, અને બીજો તેની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ અધિક છે. તથા એક નારક પાંચસો ધનુષની ઉંચાઇવાળો છે અને બીજો બે ત્રણ ધનુષ ઓછી ઉંચાઇવાળો છે, તો તે બે ત્રણ ધનુષ પાંચસો ધનુષનો સંખ્યાતમો ભાગ થાય છે, તેથી તે નારક પૂરા પાંચસો ધનુષની ઉંચાઇવાળા નારકની અપેક્ષાએ સંખ્યાતમો ભાગ હીન છે. અને પૂરા પાંચસો ધનુષની ઉંચાઇવાળો નારક તેની અપેક્ષાએ ઉંચાઇમાં સંખ્યાતમો ભાગ અધિક છે. તથા એક નારક સવાસો ધનુષની ઉંચાઇવાળો છે અને બીજો પાંચસો ધનુષની ઉંચાઇવાળો છે, સવાસો ને ચારે ગુણતાં પાંચસો થાય છે, તેથી સવાસો ધનુષની ઉંચાઇવાળો નારક બીજા પાંચસો ધનુષની ઉંચાઇવાળા નારકની અપેક્ષાએ ઉંચાઇમાં સંખ્યાતગુણ હીન છે. અને તેની અપેક્ષાએ પાંચસો ધનુષની ઉંચાઇવાળો બીજો નારક ઉંચાઇમાં સંખ્યાતગુણ અધિક છે. એક નારક અપર્યાપ્તાવસ્થામાં અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો છે અને બીજો ઉંચાઇમાં પાંચસો ધનુષ છે. અંગુલના અસંખ્યાતમા ભાગને અસંખ્યાતાથી ગુણતાં પાંચસો ધનુષ થાય છે, તો અપર્યાપ્તાવસ્થામાં અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા નારક પાંચસો ધનુષની ઉંચાઇવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન છે, અને પાંચસો ધનુષપ્રમાણવાળા નારક તેની અપેક્ષાએ અસંખ્યાત ગુણ અધિક છે. **'ठिइए सिय हीणे'** ઇત્યાદિ. જેમ અવગાહના વડે હાનિ અને વૃદ્ધિના ચાર સ્થાનકો કહ્યાં તેમ સ્થિતિવડે પણ ચાર સ્થાનકો કહેવાં. એજ સૂત્રકાર કહે છે–**'जइ हीणे'** ઇત્યાદિ. તે આ પ્રમાણે–તેમાં એક નારકની તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે અને બીજાની સમયાદિન્યૂન તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. તેમાં જે સમયાદિન્યૂન તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળો છે તે પૂરા તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ હીન છે અને પૂરા તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળો તેની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ અધિક છે કારણ કે સાગરોપમની અપેક્ષાએ સમયાદિ અસંખ્યાતમો ભાગ થાય છે. તે આ પ્રમાણે—અસંખ્યાતા સમયો વડે એક આવલિકા, સંખ્યાતી આવલિકા વડે એક ઉચ્છ્વાસનિઃશ્વાસ, સાત ઉચ્છ્વાસનિઃશ્વાસ વડે એક સ્તોક, સાત સ્તોક વડે એક લવ, સત્યોતેર લવનો એક મુહૂર્ત, ત્રીશ મુહૂર્ત વડે એક અહોરાત્ર, પંદર અહોરાત્ર વડે એક પક્ષ, બે પક્ષ વડે એક માસ, બાર માસ વડે એક વર્ષ, અસંખ્યાતા વર્ષો વડે એક પલ્યોપમ અને દશ કોટાકોટી પલ્યોપમ વડે એક સાગરોપમ થાય છે. સમય, આવલિકા, ઉચ્છ્વાસ, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, સંવત્સર અને યુગવડે હીન સ્થિતિવાળો નારક પરિપૂર્ણ સ્થિતિવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ હીન છે. અને તેની અપેક્ષાએ બીજો અસંખ્યાતમો ભાગ અધિક છે. તથા એક નારક તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળો છે અને બીજો કેટલાક પલ્યોપમ ન્યૂન સ્થિતિવાળો છે, દશ કોટાકોટિ પલ્યોપમ વડે એક સાગરોપમ થાય છે, તો કેટલાક પલ્યોપમ ન્યૂન સ્થિતિવાળો પૂર્ણ સ્થિતિવાળા નારકની અપેક્ષાએ સંખ્યાતમો ભાગ હીન છે, અને પરિપૂર્ણ સ્થિતિવાળો સંખ્યાતમો ભાગ અધિક છે. તથા એક નારકની એક સાગરોપમની સ્થિતિ છે. અને બીજાની તેત્રીશ

સાગરોપમ સ્થિતિ છે. તેમાં એક સાગરોપમ સ્થિતિવાળો નારક પરિપૂર્ણ સ્થિતિવાળા નારકની અપેક્ષાએ સંખ્યાતગુણ હીન છે, કારણ કે એક સાગરોપમને તેત્રીશથી ગુણતાં પૂર્ણ સ્થિતિ થાય છે અને પૂર્ણ સ્થિતિવાળો નારક તેની અપેક્ષાએ સંખ્યાતગુણ અધિક છે, તથા એક નારકની દશ હજાર વર્ષની સ્થિતિ છે અને બીજાની તેત્રીશ સાગરોપમ છે. હવે દશ હજાર વર્ષને અસંખ્યાતાથી ગુણતાં તેત્રીશ સાગરોપમ થાય છે, તેથી દશ હજાર વર્ષની સ્થિતિવાળો તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન છે અને તેની અપેક્ષાએ તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળો અસંખ્યાતગુણ અધિક છે. એ પ્રમાણે એક નારકને બીજા નારકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્યપણું હોવા છતાં પણ ક્ષેત્રને આશ્રયી અવગાહનાનું હીનાધિકપણું હોવાથી અને કાલને આશ્રયી પણ સ્થિતિનું હીનાધિકપણું હોવાથી ચતુઃસ્થાનની પ્રાપ્તિ કહી છે. હવે ભાવને આશ્રયી હીનાધિકપણું કહે છે–સર્વ જીવ દ્રવ્યો અને અજીવ દ્રવ્યોનો પરસ્પર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ વડે વિભાગ થાય છે. જેમકે ઘટ. દ્રવ્ય થકી એક ઘટ માટીનો, બીજો સુવર્ણ કે રુપા વગેરેનો હોય છે, ક્ષેત્રથી એક ઘટ અહિં બનેલો અને બીજો પાટલીપુત્રના બનેલો હોય છે, કાળથી એક આજનો અને બીજો આ વરસનો કે અતીત વરસનો હોય છે અને ભાવથી એક કાળો અને બીજો રક્તાદિ વર્ણનો હોય છે. એમ બીજા દ્રવ્યના સંબંધમાં પણ જાણવું. તેમાં પ્રથમ પુદ્ગલવિપાકી નામકર્મના ઉદય નિમિત્તે જીવના ઔદયિક ભાવને આશ્રયી હીનાધિકપણું કહે છે–'**कालवन्नपज्जवेहिं सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए**' એક નારક બીજા નારકની અપેક્ષાએ કાળાવર્ણપર્યાય વડે કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. તેમાં હીનપણું અને અધિકપણું જે પ્રકારે છે તે પ્રકારે પ્રતિપાદન કરે છે–'**जइ हीणे**' ઇત્યાદિ. અહીં ભાવની અપેક્ષાએ હીનપણા અને અધિકપણાના વિચારમાં હાનિ અને વૃદ્ધિ પ્રત્યેકના છ છ સ્થાનક પ્રાપ્ત થાય છે. અને તે છ સ્થાનકમાં જે જેની અપેક્ષાએ અનન્તભાગ હીન હોય તેને સર્વ જીવપ્રમાણ અનન્ત સંખ્યા વડે ભાગવાથી જે પ્રાપ્ત થાય છે તે અનન્તમા ભાગ વડે હીન હોય છે. જે જેની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ હીન હોય છે તેને અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ રાશિવડે ભાગ આપવાથી જે પ્રાપ્ત થાય તેટલા ભાગ વડે ન્યૂન હોય છે. જે જેની અપેક્ષાએ સંખ્યાતભાગ હીન હોય તેને ઉત્કૃષ્ટ સંખ્યાતવડે ભાગવાથી જે પ્રાપ્ત થાય તેટલા વડે તે હીન હોય છે. ગુણવાની સંખ્યામાં જે જેનાથી સંખ્યાતગુણ હોય તેને ઉત્કૃષ્ટ સંખ્યાતાવડે ગુણવાથી જેટલી સંખ્યા થાય તેટલું સંખ્યાતગુણાનું પ્રમાણ જાણવું. જે જેનાથી અસંખ્યાતગુણ હોય તેને અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ રાશિ વડે ગુણવાથી જેટલી સંખ્યા થાય તેટલું અસંખ્યાતગુણ સમજવું. જે જેનાથી અનન્ત ગુણ હોય તેને સર્વ જીવની અનન્ત સંખ્યાવડે ગુણતાં જેટલું આવે તેટલું અનન્તગુણાનું પ્રમાણ જાણવું. આજ પ્રમાણે કર્મપ્રકૃતિ–સંગ્રહણીમાં ષટ્સ્થાનકની પ્રરૂપણાના અવસરે ભાગાકાર અને ગુણાકારનું સ્વરૂપ કહેલું છે—

***सव्वजियाणमसंखेज्जलोग संखेज्जगस्स जेट्ठस्स। भागो तिसु गुणणा तिसु छट्ठाणमसंखिया लोगा ॥૩૭॥ (કર્મપ્રકૃતિબંધનકરણ).***

"અનન્તભાગ, અસંખ્યાતભાગ અને સંખ્યાતભાગ એ પ્રથમની ત્રણ વૃદ્ધિમાં સર્વ જીવોની, અસંખ્યાત લોકાકાશ પ્રદેશોની, અને ઉત્કૃષ્ટ સંખ્યાતાની સંખ્યા વડે ભાગ કરવો અને પછીની સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનન્તગુણ–એ ત્રણ વૃદ્ધિમાં ગુણાકાર પણ તે વડેજ કરવો–એટલે અનન્તભાગ વૃદ્ધિમાં સર્વજીવપ્રમાણ અનન્ત વડે ભાગતા, જે આવે તેટલી વૃદ્ધિ કરવી, અસંખ્યાતભાગ વૃદ્ધિમાં અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાત સંખ્યા વડે ભાગતા જે આવે તેટલી વૃદ્ધિ કરવી અને સંખ્યાતભાગ વૃદ્ધિમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ભાગતા જે આવે તેટલાની વૃદ્ધિ કરવી. એવી રીતે સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનન્તગુણ વૃદ્ધિમાં પણ ઉપર કહેલ ઉત્કૃષ્ટ સંખ્યાતા અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાતા અને સર્વજીવપ્રમાણ અનન્ત સંખ્યાવડે ગુણતાં જે આવે તેટલી સમજવી.

હવે પ્રસ્તુત સૂત્રમાં કહેલા ષટ્ સ્થાનકનો વિચાર કરાય છે–તેમાં કૃષ્ણ વર્ણના પર્યાયનું પરિમાણ વાસ્તવિક રીતે અનન્ત છે, તો પણ અસત્કલ્પનાથી દસ હજાર ગણવું. તેને સર્વજીવના અનન્ત રાશિરૂપ કલ્પિત સો સંખ્યાવડે ભાગવા, એટલે સો સંખ્યા આવે, તેમાં એક નારકના કૃષ્ણવર્ણના પર્યાયનું પરિમાણ ૧૦૦૦૦ દસ હજાર છે, અને બીજાના સો પર્યાયો ઓછા

હોવાથી ૯૯૦૦ નવ હજાર નવસો પર્યાય છે. તેને શત સંખ્યા રૂપ સર્વજીવોના અનન્ત વડે ભાગાકાર કરવાથી 'સો' એ અનન્તમો ભાગ થાય છે. માટે જેના સો ન્યૂન દસ હજાર કૃષ્ણવર્ણ પર્યાયો છે તે નારક પરિપૂર્ણ દસ હજાર કૃષ્ણવર્ણના પર્યાયવાળા નારકની અપેક્ષાએ અનન્તભાગ હીન છે. અને તેની અપેક્ષાએ પૂર્ણ કૃષ્ણવર્ણપર્યાયવાળો બીજો નારક અનન્ત ભાગ અધિક છે. કૃષ્ણવર્ણના પર્યાયનું પરિમાણ દસ હજાર છે તેને અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ કલ્પિત પચાસ વડે ભાગ આપીએ તો બસો આવે, તે અસંખ્યાતમો ભાગ છે. તેમાં એક નારકના કૃષ્ણવર્ણ પર્યાયો બસો ઓછા દસ હજાર (૯૮૦૦) છે, અને બીજાના પૂરા દસ હજાર છે. તેમાં બસો ઓછા દસ હજાર કૃષ્ણવર્ણપર્યાયવાળો નારક છે તે સંપૂર્ણ કૃષ્ણવર્ણપર્યાયવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતભાગહીન અને પરિપૂર્ણ કૃષ્ણવર્ણપર્યાયવાળો તેની અપેક્ષાએ અસંખ્યાતભાગ અધિક છે. દસ હજાર કૃષ્ણવર્ણ પર્યાયના રાશિને ઉત્કૃષ્ટ સંખ્યાતા રૂપ કલ્પિત દસ વડે ભાગીએ એટલે હજાર સંખ્યા આવે તે સંખ્યાતમો ભાગ છે. તેમાં એક નારકનું કૃષ્ણવર્ણના પર્યાયનું પરિમાણ નવ હજાર છે અને બીજાનું દસ હજાર છે. નવ હજાર એ દશ હજારથી એક હજાર ઓછા છે, અને તેનો હજાર સંખ્યાતમો ભાગ છે, માટે નવ હજાર કૃષ્ણવર્ણ પર્યાયવાળો નારક પૂર્ણ કૃષ્ણવર્ણ પર્યાયવાળા નારકના કરતાં સંખ્યાતભાગ હીન છે, તેની અપેક્ષાએ બીજો સંખ્યાતભાગ અધિક છે. એક નારકનું કૃષ્ણવર્ણના પર્યાયનું પરિમાણ હજાર છે અને બીજાનું દસ હજાર છે. તેમાં હજારને ઉત્કૃષ્ટ સંખ્યાતા જેવા દસ વડે ગુણતાં દસ હજાર થાય છે. માટે હજાર કૃષ્ણવર્ણ પર્યાયવાળો નારક દસ હજાર કૃષ્ણવર્ણપર્યાયવાળા નારકની અપેક્ષાએ સંખ્યાતગુણ હીન છે. અને તેની અપેક્ષાએ પરિપૂર્ણકૃષ્ણવર્ણપર્યાયવાળો નારક સંખ્યાતગુણ અધિક છે. એક નારકના કૃષ્ણવર્ણપર્યાય બસો છે, અને બીજાના પૂરા દશ હજાર પર્યાયો છે. બસોને અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ કલ્પિત પચાસ વડે ગુણવાથી દસ હજાર થાય છે. તેથી બસો કૃષ્ણવર્ણપર્યાયવાળો નારક સંપૂર્ણ કૃષ્ણવર્ણપર્યાયવાળા નારકની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન છે. તેની અપેક્ષાએ બીજો અસંખ્યાતગુણ અધિક છે. એક નારકના સો કૃષ્ણવર્ણપર્યાય છે અને બીજાના દસ હજાર છે સોને સર્વ જીવના અનન્ત પરિમાણરૂપ કલ્પિત સો વડે ગુણતાં દસ હજાર થાય છે, માટે સો કૃષ્ણવર્ણપર્યાયવાળો નારક પૂર્ણ કૃષ્ણવર્ણપર્યાયવાળા નારકની અપેક્ષાએ અનન્તગુણ હીન છે, અને બીજો તેની અપેક્ષાએ અનન્તગુણ અધિક છે. જેમ કૃષ્ણવર્ણ પર્યાયને આશ્રયી હાનિ અને વૃદ્ધિના છ સ્થાનકો કહ્યાં, તેમ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શોને આશ્રયી પ્રત્યેકના છ સ્થાનકો જાણવા. એ પ્રમાણે પુદ્‌ગલવિપાકી નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ જીવના ઔદયિક ભાવની અપેક્ષાએ છ સ્થાનકોનું સ્વરૂપ બતાવ્યું, હવે જીવવિપાકી જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમભાવને અપેક્ષી છ સ્થાનકો બતાવે છે–**'आभिणिबोहियनाणपज्जवेहिं'** ઇત્યાદિ. અહીં પૂર્વની પેઠે પ્રત્યેક આભિનિબોધિકાદિ જ્ઞાનમાં છ સ્થાનકોનો વિચાર કરવો. અહીં દ્રવ્યથી તુલ્યપણું બતાવતા સૂત્રકારે 'જેમાં ભેદ અને પ્રભેદનું બીજ તીરોહિત છે અને મયૂરના ઈંડાના રસની પેઠે જેમાં દેશ અને કાળનો ક્રમ અવ્યક્ત છે એવું તથા વિશેષ ભેદના પરિણામને યોગ્ય દ્રવ્ય છે' એટલે અભેદરૂપ, દેશ અને કાળના ક્રમ રહિત તથા વિશેષ અને ભેદના પરિણામને યોગ્ય દ્રવ્ય છે–એમ જણાવ્યું. અવગાહના વડે ચાર સ્થાનક બતાવતા સૂત્રકારે 'ક્ષેત્રથી આત્મા સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળો છે, પણ દ્રવ્યના પ્રદેશની સંખ્યાનો સંકોચ અને વિસ્તાર થતો નથી' અર્થાત્ દ્રવ્યના પ્રદેશની સંખ્યામાં હાનિ કે વૃદ્ધિ થતી નથી એમ બતાવ્યું છે. આ બાબત અન્ય સ્થળે પણ કહી છે–''**विकसनसङ्कोचनयोर्नस्तो द्रव्यप्रदेशसङ्ख्यायाः। वृद्धिर्ह्रासो स्तः क्षेत्रतस्तु तावात्मनस्तस्मात् ॥१॥**''–'તે માટે આત્માના વિકાસ અને સંકોચ થવામાં દ્રવ્યના પ્રદેશની સંખ્યાની વૃદ્ધિ કે હ્રાસ થતો નથી, પણ ક્ષેત્રને આશ્રયી વૃદ્ધિ અને હ્રાસ થાય છે.' સ્થિતિ વડે ચતુઃસ્થાનને જણાવતા સૂત્રકારે આયુષ્યકર્મની સ્થિતિબંધના કારણભૂત અધ્યવસાયસ્થાનોનો ઉત્કર્ષ અને અપકર્ષ બતાવ્યો છે. જો એમ ન હોય તો સ્થિતિમાં ચાર સ્થાનકો ન ઘટી શકે. અહીં આયુષ્યકર્મ ઉપલક્ષણ–સૂચક છે. તેથી સર્વ કર્મની સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયોનો ઉત્કર્ષ અને અપકર્ષ જાણવો. કૃષ્ણાદિવર્ણ પર્યાયો વડે છ સ્થાન પ્રદર્શિત કરતા આચાર્યે 'એક નારકના પણ અનન્ત પર્યાયો છે, તો બધા નારકોના હોય તેમાં શું કહેવું' એમ બતાવ્યું.

(પ્ર૦)--નારકોના પર્યાયો સંબંધી ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો એટલે ભગવાને 'અનન્ત પર્યાયો છે' એમ કહેવું જોઈએ, બીજું ન કહેવું જોઈએ, તો શા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું કથન કર્યું ? (ઉ૦)--અભિપ્રાયના નહિ જાણવાથી ઉપરની શંકા થયેલી છે તે અયુક્ત છે. અહીં બધા જીવોના બધા સ્વપર્યાયોની સંખ્યા સરખી હોતી નથી, પણ તેમાં છ સ્થાનો હોય છે એ હમણાં જ બતાવ્યું. તે છ સ્થાનની પ્રાપ્તિ પરિણામી પણા સિવાય હોતી નથી. અને તે પરિણામીપણું ઉક્ત લક્ષણવાળા દ્રવ્યનુંજ છે, માટે દ્રવ્યથી તુલ્યપણું કહ્યું છે. આત્મા કેવળ કૃષ્ણાદિપર્યાયો વડે જ પર્યાયવાળો નથી, પરન્તુ તે તે ક્ષેત્રમાં સંકોચ અને વિકાસ થવાના સ્વભાવ વડે તથા તે તે અધ્યવસાય સ્થાનો વડે પર્યાયવાળો હોય છે-એમ જણાવવા માટે ક્ષેત્ર અને કાળની અપેક્ષાએ ચતુ:સ્થાનની પ્રાપ્તિ કહી. પ્રસંગથી એટલું કહેવું બસ છે. એમ નૈરયિકોના અનન્ત પર્યાયો કહ્યા. ॥૩॥૨૪૮॥

## ।। असुरकुमाराणं पज्जवा ।।

**असुरकुमाराणं भंते! केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'असुरकुमाराणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! असुरकुमारे असुरकुमारस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं छट्ठाणवडिए, एवं नीलवन्नपज्जवेहिं लोहियवन्नपज्जवेहिं हालिद्दवन्नपज्जवेहिं सुक्किल्लवन्नपज्जवेहिं, सुब्भिगंधपज्जवेहिं दुब्भि-गंधपज्जवेहिं, तित्तरसपज्जवेहिं कडुयरसपज्जवेहिं कसायरसपज्जवेहिं अंबिलरसपज्जवेहिं महुररसपज्जवेहिं, कक्खडफासपज्जवेहिं मउयफासपज्जवेहिं गरुयफासपज्जवेहिं लहुयफासपज्जवेहिं सीयफासपज्जवेहिं उसिणफासपज्जवेहिं निद्धफासपज्जवेहिं लुक्खफासपज्जवेहिं आभिणिबोहियणाणपज्जवेहिं सुयनाणपज्जवेहिं ओहिनाणपज्जवेहिं मइअन्नाणपज्जवेहिं सुयअन्नाणपज्जवेहिं विभंगनाणपज्जवेहिं चक्खुदंसणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं ओहिदंसणपज्जवेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-असुरकुमाराणं अणंता पज्जवा पन्नत्ता। एवं जहा नेरइया, जहा असुरकुमारा तहा नागकुमारा वि जाव थणियकुमारा ।।सू०-४।।२४९।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'અસુરકુમારોને અનન્ત પર્યાયો કહ્યા છે?' હે ગૌતમ! એક અસુરકુમાર બીજા અસુરકુમાર કરતાં દ્રવ્યાર્થપણે-દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થપણે-પ્રદેશસંખ્યા વડે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુ:સ્થાનકપતિત-ચાર સ્થાનકને પ્રાપ્ત થયેલ છે, સ્થિતિ વડે ચાર સ્થાનકને પ્રાપ્ત થયેલ છે, કાળાવર્ણપર્યાય વડે છ સ્થાનકને પ્રાપ્ત થયેલ છે, એમ નીલવર્ણપર્યાય વડે, રક્તવર્ણ પર્યાય વડે, પીતવર્ણ પર્યાય વડે અને શુક્લવર્ણ પર્યાય વડે, સુરભિગન્ધ અને દુરભિગન્ધ પર્યાય વડે, તિક્ત, કટુક, કષાય, અમ્લ, અને મધુર રસ પર્યાય વડે, કર્કશ સ્પર્શ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષસ્પર્શ પર્યાયવડે, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન પર્યાય વડે, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન પર્યાય વડે છ સ્થાનકને પ્રાપ્ત થયેલ છે. હે ગૌતમ! એ કારણથી એમ કહ્યું છું કે-અસુરકુમારને અનન્તા પર્યાયો કહ્યા છે. બાકી બધું નૈરયિકોની પેઠે જાણવું. જેમ અસુરકુમારના સંબંધમાં કહ્યું તેમ નાગકુમારના સંબંધમાં યાવત્-સ્તનિતકુમાર સુધી જાણવું. ॥૪॥૨૪૯॥*

## ।। थावरकाइयाणं पज्जवा ।।

**पुढविकाइयाणं भंते! केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'पुढविकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! पुढविकाइए पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए**

तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जइभागहीणे वा संखिज्जइभागहीणे वा संखिज्जगुणहीणे वा असंखिज्जइगुणहीणे वा। अह अब्भहिए असंखिज्जइभागअब्भहिए वा संखिज्जइभागअब्भहिए वा संखिज्जगुणअब्भहिए वा असंखिज्जगुणअब्भहिए वा। ठिईए [तिट्ठाणवडिए][1], सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जभागहीणे वा संखिज्जभागहीणे वा संखिज्जगुणहीणे वा। अहअब्भहिए असंखिज्जभागअब्भहिए वा संखिज्जभागअब्भहिए वा संखिज्जगुणअब्भहिए वा। वन्नेहिं गंधेहि रसेहिं फासेहिं मइअन्नाणपज्जवेहिं सुयअन्नाणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए।।सू०-५।।२५०।।

(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'પૃથિવીકાયિકોને અનંત પર્યાયો કહ્યા છે?' હે ગૌતમ! એક પૃથિવિકાયિક બીજા પૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે તુલ્ય છે અને અવગાહનારૂપે કદાચિત્ હીન હોય, કદાચિત્ તુલ્ય હોય અને કદાચિત્ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતગુણ ન્યૂન હોય અને અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિની અપેક્ષાએ [ત્રિસ્થાનપતિત હોય–] કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય કે સંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય કે સંખ્યાતગુણ અધિક હોય. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન પર્યાય, શ્રુતઅજ્ઞાન પર્યાય અને અચક્ષુદર્શન પર્યાય વડે છસ્થાનપતિત હોય.।।૫।।૨૫૦।।

आउकाइयाणं भंते! केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'आउकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! आउकाइए आउकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-मइअन्नाण-सुअअन्नाण-अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए।।सू०-६।।२५१।।

(મૂ૦) હે ભગવન્! અપ્કાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'અપ્કાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે?' હે ગૌતમ! એક અપ્કાયિક બીજા અપ્કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનારૂપે ચાર સ્થાન પતિત હોય છે અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયની અપેક્ષાએ છ સ્થાનપતિત હોય છે. ।।૬।।૨૫૧।।

तेउकाइयाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'तेउकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! तेउकाइए तेउकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-मइअन्नाण-सुयअन्नाण-अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए ।।सू०-७।।२५२।।

(મૂ૦) તેજસ્કાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'તેજસ્કાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે?' ગોયમા! એક તેજસ્કાયિક બીજા કોઇ એક તેજસ્કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત હોય છે અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત

૧. મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત પન્નવણામાં આ પાઠ નથી. બેંગ્લોરથી પ્રકાશિતમાં કૌંસમાં આ પાઠ દર્શાવેલ છે.

હોય છે. વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયવડે છ સ્થાનપતિત હોય છે. ॥૭॥૨૫૨॥

**वाउकाइयाणं पुच्छा। गोयमा! वाउकाइयाणं अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'वाउकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! वाउकाइए वाउकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए, चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-मइअन्नाण-सुयअन्नाणअचक्खु-दंसणपज्जवेहिं छट्ठाणवडिए ।।सू०-८।।२५३।।**

(મૂ૦) વાયુકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! વાયુકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'વાયુકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! કોઇ એક વાયુકાયિક બીજા કોઇ એક વાયુકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત છે અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત છે. ॥૮॥૨૫૩॥

**वणस्सइकाइयाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'वणस्सइकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! वणस्सइकाइए वणस्सइकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-मइअन्नाण-सुयअन्नाण-अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'वणस्सइकाइयाणं अणंता पज्जवा पन्नत्ता' ।।सू०-९।।२५४।।**

(મૂ૦) વનસ્પતિકાયિકોને કેટલા પર્યાયો છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'વનસ્પતિકાયિકોને અનન્ત પર્યાયો છે'? હે ગૌતમ! કોઇ એક વનસ્પતિકાયિક કોઇ બીજા વનસ્પતિકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત હોય છે. એ કારણથી એમ કહું છું કે વનસ્પતિકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે. ॥૯॥૨૫૪॥

## ।। विगलिंदियाणं पज्जवा ।।

**बेइंदियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'बेइंदियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! बेइंदिए बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जइभागहीणे वा संखिज्जइभागहीणे वा संखिज्जइगुणहीणे वा असंखिज्जइगुणहीणे वा। अह अब्भहिए असंखिज्जभागअब्भहिए वा संखिज्जइभागअब्भहिए वा संखिज्जगुणमब्भहिए वा असंखिज्जगुणमब्भहिए वा। ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-आभिणिबोहियनाण-सुयनाण-मइअन्नाण-सुयअन्नाण-अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए। एवं तेइंदिया वि। एवं चउरिंदिया वि, नवरं दो दंसणा, चक्खुदंसणं अचक्खुदंसणं। पंचिंदियतिरिक्खजोणियाणं पज्जवा जहा नेरइयाणं तहा भाणियव्वा ।।सू०-१०।।२५५।।**

(મૂ૦) બેઇન્દ્રિયોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! બેઇન્દ્રિયોને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'બેઇન્દ્રિયોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! કોઇ એક બેઇન્દ્રિય કોઇ બીજા બેઇન્દ્રિયની અપેક્ષાએ

*દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે કદાચિત્ ન્યૂન હોય, કદાચિત્ તુલ્ય હોય, કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાત ગુણ ન્યૂન કે અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિને આશ્રયી ત્રિસ્થાનપતિત હોય. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત હોય. તેમ તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો જાણવા. પરંતુ ચઉરિન્દ્રિયોને ચક્ષુ અને અચક્ષુ એ બે દર્શન હોય છે. જેમ નૈરયિકોને કહ્યા તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને પર્યાયો કહેવા. ॥૧૦॥૨૫૫॥*

## || मणुस्साणं पज्जवा ||

**मणुस्साणं भंते! केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'मणुस्साणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! मणूसे मणूसस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-आभिणिबोहियनाण-सुयनाण-ओहिनाण-मणपज्जवनाणपज्जवेहिं छट्ठाणवडिए, केवलनाणपज्जवेहिं तुल्ले, तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले। वाणमंतरा ओगाहणट्ठयाए ठिईए चउट्ठाणवडिया, वण्णाईहिं छट्ठाणवडिया। जोइसिया वेमाणिया वि एवं चेव, नवरं ठिईए तिट्ठाणवडिया ।।सू०-११।।२५६।।**

*(મૂ૦) હે ભગવન્! મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'મનુષ્યોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! કોઈપણ એક મનુષ્ય કોઈ બીજા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત છે, સ્થિતિરૂપે ચતુઃસ્થાનપતિત છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન વડે છ સ્થાનપતિત છે, કેવલજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે, અને કેવલ દર્શનપર્યાય વડે તુલ્ય છે. વ્યન્તરો અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ વડે છ સ્થાનપતિત છે. જ્યોતિષિકો અને વૈમાનિકો પણ એ જ પ્રકારે છે. પરંતુ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. ॥૧૧॥૨૫૬॥*

## || नेरइयाणं पज्जवा ||

**[१]जहन्नोगाहणगाणं भंते! नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोगाहणगाणं नेरइयाणं जहन्नोगाहणस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-फास-पज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं य छट्ठाणवडिए। [२]उक्कोसोगाहणगाणं भंते! नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'उक्कोसोगाहणयाणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! उक्कोसोगाहणए नेरइए उक्कोसोगाहणगस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले। ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जभागहीणे वा संखिज्जभागहीणे वा, अह अब्भहिए असंखिज्जभागअब्भहिए वा संखिज्जभागअब्भहिए वा। वन्न-गंध-रस-फास-पज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए। [३]अजहन्नमणुक्कोसोगाहणाणं नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'अजहन्नमणुक्कोसोगाहणाणं नेरइयाणं अणंता**

**पज्जवा पन्नत्ता'? गोयमा! अजहन्नमणुक्कोसोगाहणए नेरइए अजहन्नमणुक्कोसोगाहणस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्महिए। जइ हीणे असंखिज्ज भागहीणे वा संखिज्ज भागहीणे वा संखिज्जगुणहीणे वा असंखिज्जगुणहीणे वा। अह अब्महीए असंखिज्ज भागअब्महीए वा संखिज्जभागअब्महीए वा संखिज्जगुणअब्महीए वा असंखिज्जगुणअब्महीए वा। ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्महीए। जइ हीणे असंखिज्जभागहीणे वा संखिज्जभागहीणे वा संखिज्जगुणहीणे वा असंखिज्जगुणहीणे वा। अह अब्महीए असंखिज्ज भागअब्महीए वा संखिज्ज भागअब्महीए वा संखिज्जगुणअब्महीए वा असंखिज्जगुणअब्महिए वा। वन्न-गंध-रस-फासपज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'अजहन्नमणुक्कोसोगाहणाणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता' ।।सू०-१२।।२५७।।**

(મૂ૦) *¹જઘન્ય અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે –'જઘન્ય અવગાહનાવાળાને અનંતપર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્ય અવગાહનાવાળો નૈરયિક જઘન્ય અવગાહનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શપર્યાય તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનવડે છ સ્થાનપતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'ઉત્કૃષ્ટઅવગાહનાવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! ઉત્કૃષ્ટઅવગાહનાવાળો નૈરયિક ઉત્કૃષ્ટ અવગાહનાવાળાં નૈરયિકોની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય અને સંખ્યાતમો ભાગ અધિક હોય. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાય વડે, તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત હોય. ³અજઘન્યઅનુત્કૃષ્ટ(મધ્યમ)-અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'અજઘન્યઅનુત્કૃષ્ટઅવગાહનાવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! અજઘન્યઅનુત્કૃષ્ટઅવગાહનાવાળો નૈરયિક તેવાજ પ્રકારની અવગાહનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે અને અવગાહનારૂપે કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો હીન હોય તો કદાચ અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિ વડે કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય અને અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત હોય. હે ગૌતમ! એ કારણથી એમ કહું છું કે અજઘન્યઅનુત્કૃષ્ટઅવગાહનાવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે. ।।૧૨।।૨૫૭।।*

(ટી૦). હવે અસુરકુમારોના પર્યાયોની સંખ્યાના સંબંધમાં પ્રશ્ન કરે છે–'असुरकुमाराणं भंते! केवइया पज्जवा पन्नत्ता'? હે ભગવન્! અસુરકુમારોના કેટલા પર્યાયો કહ્યા છે? ઇત્યાદિ. ઉપર કહેલો અર્થ પ્રાયઃ બધા અસુરકુમારાદિમાં જાણવો. અને

બધાં ચોવીશ દંડકના સૂત્રોનો પણ પૂર્વની પેઠે વિચાર કરવો. પરન્તુ જે વિશેષતા છે તે અહીં બતાવીએ છીએ-તેમાં જે પૃથિવીકાયિકાદિ જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, તો પણ તેમાં ચાર સ્થાનકો જાણવા. કારણ કે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણના અસંખ્યાતા ભેદો થાય છે. તેની સ્થિતિને આશ્રયી હીનપણા અને અધિકપણામાં ત્રણ સ્થાનકો છે, પણ ચાર સ્થાનકો નથી. કારણ કે તેમાં અસંખ્યાતગુણવૃદ્ધિ અને હાનિનો સંભવ નથી. શા કારણથી અસંભવ છે? તેનો ઉત્તર એ છે કે અહીં પૃથિવીકાયિકાદિનું સૌથી જઘન્ય આયુષ્ય ક્ષુલ્લક (ક્ષુદ્ર) ભવપ્રમાણ છે, અને ક્ષુલ્લક ભવનું પરિમાણ બસો છપ્પન આવલિકા છે. બે ઘડી પ્રમાણ એક મુહૂર્તમાં ક્ષુલ્લક ભવોની સર્વ સંખ્યા પાંસઠ હજાર, પાંચસો અને છત્રીશ થાય છે. કહ્યું છે કે-''दोन्नि सयाइ नियमा छप्पन्नाइ पमाणओ हुंति। आवलियपमाणेण खुड्डाग भवगहणमेयं॥१॥ पन्नट्ठिसहस्साइ पंचेव सयाइ तह य छत्तीसा। खुड्डागभवगहणं भवंति एते मुहुत्तेणं ॥२॥''-'આવલિકાના પ્રમાણ વડે બસો છપ્પન આવલિકા ક્ષુલ્લક ભવનું પ્રમાણ જાણવું. અને તે ક્ષુલ્લક ભવો મુહૂર્તમાં પાંસઠ હજાર પાંચસો અને છત્રીશ ભવો થાય છે.' પૃથિવીકાયિકની સ્થિતિ ઉત્કર્ષથી પણ સંખ્યાતા વરસ પ્રમાણ છે, માટે અસંખ્યાતગુણવૃદ્ધિ અને હાનિનો સંભવ નથી. બાકીની ત્રણ વૃદ્ધિ અને હાનિનો વિચાર આ પ્રમાણે છે-એક પૃથિવીકાયિક જીવની સ્થિતિ સંપૂર્ણ બાવીશ હજાર વરસની છે, અને બીજાની સમય ન્યૂન બાવીશ હજાર વરસની સ્થિતિ છે. તેથી સમયન્યૂન બાવીશ હજાર વરસની સ્થિતિવાળો પરિપૂર્ણ બાવીશ હજાર વરસની સ્થિતિવાળાની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ ન્યૂન છે અને બીજો અસંખ્યાતમો ભાગ અધિક છે. એક પૃથિવીકાયિકની પૂરા બાવીશ હજાર વર્ષની સ્થિતિ છે અને બીજાની અન્તર્મુહૂર્તાદિ ન્યૂન તેટલીજ સ્થિતિ છે. અને બાવીશ હજાર વરસનો અન્તર્મુહૂર્તાદિ સંખ્યાતમો ભાગ થાય છે. માટે અન્તર્મુહૂર્તાદિ ન્યૂન બાવીશ હજાર વરસની સ્થિતિવાળો પૂર્ણ બાવીશ હજાર વરસની સ્થિતિવાળાની અપેક્ષાએ સંખ્યાતમા ભાગ વડે ન્યૂન છે, અને તેની અપેક્ષાએ સંપૂર્ણ બાવીશ હજાર વર્ષની સ્થિતિવાળો સંખ્યાતમો ભાગ અધિક છે. એકની સ્થિતિ બાવીશ હજાર વર્ષની છે અને બીજાની સ્થિતિ અન્તર્મુહૂર્ત, માસ, વરસ, કે હજાર વરસ છે, અન્તર્મુહૂર્તાદિને અમુક પરિમાણવાળી સંખ્યાથી ગુણતાં બાવીશ હજાર વર્ષ થાય છે. તેથી અન્તર્મુહૂર્તાદિપ્રમાણ સ્થિતિવાળો સંપૂર્ણ બાવીશ હજાર વરસની સ્થિતિવાળાની અપેક્ષાએ સંખ્યાતગુણ ન્યૂન છે, અને તેની અપેક્ષાએ પૂરા બાવીશ હજાર વરસની સ્થિતિવાળો સંખ્યાતગુણ અધિક છે. એ પ્રમાણે અપ્કાયિકથી આરંભી ચઉરિન્દ્રિય પર્યપ્તા સુધી પોતાપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને અનુસારે સ્થિતિવડે ત્રણ સ્થાનકોનો વિચાર કરવો. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને ચાર સ્થાનકો જાણવાં. કારણ કે તેઓની સ્થિતિ ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ છે, અને પલ્યોપમ અસંખ્યાતા વર્ષ પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ વૃદ્ધિ અને હાનિનો સંભવ હોવાને લીધે ચાર સ્થાનકો ઘટી શકે છે. એમ વ્યન્તરોને પણ જાણવું. કારણ કે તેની જઘન્યથી દસ હજાર વરસની અને ઉત્કર્ષથી પલ્યોપમની સ્થિતિ છે. જ્યોતિષિક અને વૈમાનિકોને સ્થિતિને આશ્રયી ત્રણ સ્થાનકો જાણવાં. કારણ કે જ્યોતિષિકોનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ લાખ વરસ અધિક એક પલ્યોપમ છે. વૈમાનિકોનું આયુષ્ય જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ છે. દસ કોડા કોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. માટે તેઓને પણ અસંખ્યાતગુણ વૃદ્ધિ હાનિનો અસંભવ હોવાથી તેઓ સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત છે. બાકીના સૂત્રનો વિચાર સુગમ હોવાથી સ્વતઃ જાણી લેવો. ॥૧૨॥૨૫૭॥

**जहन्नठिइयाणं भंते! नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नठिइयाणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नठिइए नेरइए जहन्नठिइयस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वन्न-गंध-रस-फासपज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं सट्ठाणे चउट्ठाणवडिए ।।सू०-१३।।२५८।।**

*(મૂ૦) જઘન્યસ્થિતિવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે-'જઘન્યસ્થિતિવાળા નૈરયિકોને અનન્તપર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો નૈરયિક જઘન્ય સ્થિતિવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે ચઉસ્થાન પતિત હોય છે અને સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનો વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાને જાણવું અને અજઘન્યઅનુત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોને તેમજ જાણવું. પરન્તુ તેઓ સ્વસ્થાનની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત હોય છે. ॥૧૩॥૨૫૮॥*

(ટી૦) એ પ્રમાણે સામાન્યથી નૈરયિકાદિ પ્રત્યેકના અનન્ત પર્યાયો કહ્યા, હવે જઘન્યાદિ અવગાહના (શરીરની ઉંચાઇ) વગેરેને આશ્રયી તે પ્રત્યેકના પર્યાયોની સંખ્યા બતાવે છે—'જહન્નોગાહણાણં ભંતે'! ઇત્યાદિ. હે ભગવન્! જઘન્યઅવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે–ઇત્યાદિ પાઠ સુગમ છે, પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. જેમકે દસ હજાર વરસની સ્થિતિવાળો જઘન્યઅવગાહનાવાળો નૈરયિક પ્રથમ રત્નપ્રભામાં હોય છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળો સાતમી નરકપૃથિવીમાં હોય છે. તેથી તેઓને સ્થિતિ વડે ચાર સ્થાનકો ઘટે છે. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે તેઓ ષટ્સ્થાનપતિત છે. અહીં જ્યારે ગર્ભજ સંજ્ઞી પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે નારકાયુષ્યના વેદવાના પ્રથમ સમયે જ પૂર્વે ગ્રહણ કરેલા ઔદારિક શરીરનો ત્યાગ કરે છે. અને તેજ સમયે સમ્યગ્દૃષ્ટિને ત્રણ જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિને ત્રણ અજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યાર પછી વિગ્રહગતિથી કે અવિગ્રહગતિથી ઉત્પત્તિસ્થાને જઇને વૈક્રિય શરીરનો સંઘાત કરે છે—વૈક્રિયશરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે. જે સંમૂર્છિમ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ નરકમાં ઉત્પન્ન થાય, ત્યારે તેને તે સમયે વિભંગ જ્ઞાન હોતું નથી, માટે જઘન્ય અવગાહનાવાળાને બે કે ત્રણ અજ્ઞાનો વિકલ્પે જાણવા. ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સૂત્રમાં ઉત્કૃષ્ટઅવગાહનાવાળા નૈરયિકને સ્થિતિ વડે હાનિ અને વૃદ્ધિના બબ્બે સ્થાનો હોય છે. તે આ પ્રમાણે—૧ અસંખ્યાતભાગહાનિ અને ૨ સંખ્યાતભાગ હાનિ, તથા ૧ અસંખ્યાતભાગવૃદ્ધિ અને ૨ સંખ્યાતભાગવૃદ્ધિ, પરન્તુ સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ વૃદ્ધિ હાનિ હોતી નથી. કારણ કે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા નારકો પાંચસો ધનુષ પ્રમાણવાળા હોય છે, અને તે સાતમી નરકપૃથિવીમાં છે. ત્યાં જઘન્ય સ્થિતિ બાવીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશં સાગરોપમની છે. માટે અસંખ્યાત અને સંખ્યાત ભાગ જ હાનિવૃદ્ધિ ઘટે છે, અસંખ્યાતગુણ અને સંખ્યાતગુણ હાનિવૃદ્ધિ ઘટતી નથી. તેઓને ત્રણ જ્ઞાન અથવા ત્રણ અજ્ઞાન અવશ્ય જાણવા, પરંતુ વિકલ્પે ન સમજવા. કારણ કે વિકલ્પના કારણભૂત સંમૂર્છિમ અસંજ્ઞી પંચેન્દ્રિયની ઉત્પત્તિનો તેઓમાં અસંભવ છે. અજઘન્યઅનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળા નૈરયિકના સૂત્રમાં અવગાહનાને આશ્રયી ચાર સ્થાનકો આ પ્રમાણે છે—અજઘન્યઅનુત્કૃષ્ટ-મધ્યમઅવગાહનાવાળો નૈરયિક સૌથી જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગથી કંઇક મોટા અંગુલના અસંખ્યાતમા ભાગથી આરંભી અંગુલના અસંખ્યાતમા ભાગ ન્યૂન પાંચસો ધનુષ સુધીની અવગાહનાવાળો હોય છે, તેથી સામાન્ય નૈરયિક સૂત્રની પેઠે અહીં પણ અવગાહનાને આશ્રયી ચાર સ્થાનો ઘટી શકે છે અને સ્થિતિની અપેક્ષાએ ચાર સ્થાનકો તો સુપ્રસિદ્ધ છે. કારણ કે (સમયાધિક) દસ હજાર વર્ષથી માંડી (સમયન્યૂન) તેત્રીશ સાગરોપમ પ્રમાણ સ્થિતિમાં તે ઘટી શકે છે. જઘન્યસ્થિતિસૂત્રમાં અવગાહનાની અપેક્ષાએ ચાર સ્થાનકો હોય છે, કારણ કે જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગથી આરંભી ઉત્કર્ષથી સાત ધનુષની (પોણા આઠ ધનુષ અને છ આંગળની) અવગાહના હોય છે. અહીં પણ ત્રણ અજ્ઞાન કોઇકને કદાચિત્ હોય છે, કોઇકને કદાચિત્ નથી હોતાં. કારણ કે સંમૂર્છિમ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાંથી આવી ઉત્પન્ન થયેલા નૈરયિકોને અપર્યાપ્તાવસ્થામાં વિભંગ જ્ઞાન હોતું નથી. તે સિવાય બીજાને હોય છે. ઉત્કૃષ્ટ સ્થિતિના વિચારમાં અવગાહનાની અપેક્ષાએ ચાર સ્થાનકો હોય છે, કારણ કે ઉત્કૃષ્ટસ્થિતિવાળાની અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગથી આરંભી પાંચસો ધનુષ સુધી હોય છે. **'अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव'** ઇત્યાદિ. અજઘન્ય–અનુત્કૃષ્ટસ્થિતિવાળાની અપેક્ષાએ એમજ જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટ સ્થિતિમાં પણ જેમ જઘન્ય સ્થિતિસૂત્રમાં અને ઉત્કૃષ્ટ સ્થિતિસૂત્રમાં કહ્યું છે તેમ જાણવું. પરંતુ એટલી

વિશેષતા છે કે જઘન્ય સ્થિતિ સૂત્રમાં અને ઉત્કૃષ્ટ સ્થિતિ સૂત્રમાં સ્થિતિ વડે તુલ્યપણું કહેલું છે, અને અહીં સ્વસ્થાનને આશ્રયી એટલે સ્થિતિને આશ્રયી, ચાર સ્થાનકો કહેવા, કારણ કે સમયાધિક દસ હજાર વરસથી માંડી ઉત્કર્ષથી સમય ન્યૂન તેત્રીશ સાગરોપમની સ્થિતિ હોય છે. ॥૧૩॥૨૫૮॥

**जहन्नगुणकालगाणं भंते! नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नगुणकालगाणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नगुणकालए नेरइए जहन्नगुणकालगस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, से एएट्ठेणं गोयमा! एवं वुच्चइ-'जहन्नगुणकालगाणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता'। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं कालवन्नपज्जवेहिं छट्ठाणवडिए। एवं अवसेसा चत्तारि वन्ना दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा ।।सू०-१४।।२५९।।**

*(મૂ૦) જઘન્ય કાળા વર્ણવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'જઘન્યકાળાવર્ણવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળો નૈરયિક જઘન્યકાળાવર્ણવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહના અને સ્થિતિવડે ચતુઃસ્થાનપતિત છે. કાળા વર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત હોય છે, એ હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે 'જઘન્યકાળાવર્ણવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'. એમ ઉત્કૃષ્ટ કાળાવર્ણવાળા નૈરયિકોને જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટવર્ણવાળા નૈરયિકોને પણ એમજ જાણવું. પરન્તુ કાળાવર્ણ પર્યાય વડે છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે બાકીના ચાર વર્ણો, બે ગંધો, પાંચ રસો અને આઠ સ્પર્શોને આશ્રયી જાણવું. ॥૧૪॥૨૫૯॥*

**जहन्नाभिणिबोहियनाणीणं भंते! नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! जहन्नाभिणिबोहियनाणीणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नाभिणिबोधियनाणीणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नाभिणिबोहियनाणी नेरइए जहन्नाभिणिबोहियनाणिस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियनाणपज्जवेहिं तुल्ले, सुयनाणपज्जवेहिं ओहिनाणपज्जवेहिं छट्ठाणवडिए, तिहिं दंसणेहिं छट्ठाणवडिए। एवं उक्कोसाभिणिबोहियनाणी वि। अजहन्नमणुक्कोसाभिणिबोहियणाणी वि एवं चेव, णवरं आभिणिबोहियनाणपज्जवेहिं सट्ठाणे छट्ठाणवडिए। एवं सुयनाणी ओहिनाणी वि, नवरं जस्स नाणा तस्स अन्नाणा नत्थि। जहा नाणा तहा अन्नाणा वि भाणियव्वा, नवरं जस्स अन्नाणा तस्स नाणा न भवंति जहन्नचक्खुदंसणीणं भंते! नेरइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नचक्खुदंसणीणं नेरइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नचक्खुदंसणीणं नेरइए जहन्नचक्खुदंसणिस्स नेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं छट्ठाणवडिए, चक्खुदंसणपज्जवेहिं तुल्ले, अचक्खुदंसणपज्जवेहिं ओहिदंसणपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसचक्खुदंसणी वि। अजहन्नमणुक्कोस-चक्खुदंसणी वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं अचक्खुदंसणी वि, ओहिदंसणी वि।।सू०-१५।।२६०।।**

(મૂ૦) જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળો નૈરયિક જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે અને પ્રદેશાર્થપણે તુલ્ય છે, અવગાહનાર્થરૂપે ચતુઃસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાયોવડે છ સ્થાનપતિત છે. આભિનિબોધિકજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પર્યાયો અને ત્રણ દર્શન વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને પણ જાણવું. અજઘન્ય–અનુત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોને પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ આભિનિબોધિક જ્ઞાન પર્યાયો વડે છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની નૈરયિકોના સંબંધમાં જાણવું. પરન્તુ જે નૈરયિકોને જ્ઞાન હોય છે તેને અજ્ઞાન હોતું નથી. જેમ જ્ઞાનના સંબંધમાં કહ્યું તેમ અજ્ઞાનના સંબંધમાં પણ કહેવું. પરન્તુ જેને અજ્ઞાન હોય છે તેને જ્ઞાન હોતું નથી. હે ભગવન્! જઘન્યચક્ષુદર્શનવાળા નૈરયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનંતા પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'જઘન્યચક્ષુ–દર્શનવાળા નૈરયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્ય ચક્ષુદર્શનવાળો નૈરયિક જઘન્યચક્ષુદર્શનવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનાશ્રયે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિવડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનવડે છ સ્થાનપતિત છે. ચક્ષુદર્શનપર્યાય વડે તુલ્ય છે. અચક્ષુદર્શન પર્યાય અને અવધિદર્શન પર્યાય વડે છસ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટચક્ષુદર્શનવાળા નૈરયિકો પણ જાણવા. અજઘન્યઅનુત્કૃષ્ટચક્ષુદર્શનવાળા પણ એમજ જાણવા. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ છ સ્થાનપતિત હોય છે. એમ અચક્ષુદર્શનની અને અવધિદર્શની પણ સમજવા. ॥૧૫॥૨૬૦॥

(ટી૦) 'જહન્નગુણકાલગાણં ભંતે! હે ભગવન્! જઘન્યગુણ વાળા નૈરયિકોને કેટલા પર્યાયો હોય છે?—ઇત્યાદિ સૂત્રો સુપ્રસિદ્ધ છે, પરંતુ જેને જ્ઞાન હોય છે તેને અજ્ઞાનનો સંભવ નથી. કારણ કે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિને અજ્ઞાન હોય છે. સમ્યગ્દૃષ્ટિપણું તો મિથ્યાદૃષ્ટિપણાના નાશથી થાય છે, મિથ્યાદૃષ્ટિપણું પણ સમ્યગ્દૃષ્ટિપણાના નાશથી થાય છે. માટે જ્યારે જ્ઞાન હોય છે ત્યારે અજ્ઞાનનો અભાવ હોય છે. એમ અજ્ઞાન હોય ત્યારે જ્ઞાનનો અભાવ હોય છે. તેથી કહ્યું છે કે–'**जहा नाणा तहा अन्नाणा वि भाणियव्वा, नवरं जस्स अन्नाणा तस्स नाणा न संभवंति**' જેમ જ્ઞાનો કહ્યા તેમ અજ્ઞાનો પણ કહેવા. પરંતુ જેને અજ્ઞાનો હોય છે તેને જ્ઞાનો હોતાં નથી. બાકી બધું પાઠસિદ્ધ છે. ॥૧૫॥૨૬૦॥

## ॥ ओगाहणाए भवणवासीणं पज्जवा ॥

**जहन्नोगाहणाणं भंते! असुरकुमाराणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'जहन्नोगाहणाणं असुरकुमाराणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नोगाहणए असुरकुमारे जहन्नोगाहणस्स असुरकुमारस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए, तुल्ले ठिईए चउट्ठाणवडिए, वन्नाईहिं छट्ठाणवडिए, आभिणिबोहियनाणपज्जवेहिं सुयनाणपज्जवेहिं ओहिनाणपज्जवेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहि य छट्ठाणवडिए। एवं उक्कोसोगाहणए वि। एवं अजहन्नमणुक्कोसोगाहणए वि, नवरं [सट्ठाणे] उक्कोसोगाहणए वि असुरकुमारे ठिईए चउट्ठाणवडिए। एवं जाव थणियकुमारा ।।सू०-१६।।२६१।।**

(મૂ૦) હે ભગવન્! જઘન્યઅવગાહનાવાળા અસુરકુમારોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યઅવગાહનાવાળા અસુરકુમારોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્ય અવગાહનાવાળો અસુરકુમાર જઘન્યઅવગાહનાવાળા અસુરકુમારની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને

*અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ વડે છસ્થાનપતિત છે. આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાનના પર્યાયો વડે તથા ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા (અસુરકુમાર)ના સંબંધમાં જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટ (મધ્યમ) અવગાહનાવાળાના સંબંધમાં પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનની-ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત જાણવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું. ॥૧૬॥૨૬૧॥*

(ટી૦) એ પ્રમાણે અસુરકુમારાદિ સૂત્રોનો પણ વિચાર કરવો. કારણ કે પ્રાયઃ બધે સરખો પાઠ છે. ॥૧૬॥૨૬૧॥

## ।। ओगाहणाए थावरकाइयाणं पज्जवा ।।

**जहन्नोगाहणाणं भंते! पुढविकाइयाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नोगाहणाणं पुढविकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नोगाहणए पुढविकाइए जहन्नोगाहणस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले ठिईए तिट्ठाणवडिए, वन्नगंधरसफासपज्जवेहिं दोहिं अन्नाणेहिं अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसोगाहणएवि। अजहन्नमणुक्कोसोगाहणए वि एवं चेव, नवरं सट्ठाणे चउट्ठाणवडिए। जहन्नठिइयाणं पुढविकाइयाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नठिइयाणं पुढविकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नठिइए पुढविकाइए जहन्नठिइयस्स पुढवीकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वन्न-गंध-रस-फासपज्जवेहिं मइअन्नाणपज्जवेहिं सुयअन्नाणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइएवि एवं चेव, नवरं सट्ठाणे तिट्ठाणवडिए। जहन्नगुणकालयाणं भंते! पुढविकाइयाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नगुणकालयाणं पुढविकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नगुणकालए पुढविकाइए जहन्नगुणकालगस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, दोहिं अन्नाणेहिं अचक्खु-दंसणपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं पंच वन्ना दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा। जहन्नमतिअन्नाणीणं भंते! पुढविकाइयाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नमतिअन्नाणीणं पुढवीकाइयाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नमतिअन्नाणी पुढविकाइए जहन्नमतिअन्नाणिस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए मइअन्नाणपज्जवेहिं तुल्ले, सुयअन्नाणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसमइअन्नाणी वि। अजहन्नमणुक्कोसमइअन्नाणी वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं सुयअन्नाणी वि अचक्खुदंसणी वि एवं चेव जाव वणप्फइकाइयाणं ।।सू०१७।।२६२।।**

*(મૂ૦) જઘન્યઅવગાહનાવાળા પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે 'જઘન્યઅવગાહનાવાળા પૃથિવીકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો પૃથિવીકાયિક જઘન્યઅવગાહનાવાળા પૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે*

અને અવગાહનારૂપે તુલ્ય છે. પરન્તુ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયો વડે છસ્થાનપતિત છે. એમ ઉત્કૃષ્ટઅવગાહનાવાળા પૃથિવીકાયિક જાણવા. મધ્યમઅવગાહનાવાળા પૃથિવીકાયિકોના સંબંધમાં પણ એમજ જાણવું, પરન્તુ સ્વસ્થાનઅવગાહનાને અપેક્ષી ચતુઃસ્થાન પતિત જાણવા. જઘન્યસ્થિતિવાળા પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યસ્થિતિવાળા પૃથિવીકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો પૃથિવીકાયિક જઘન્યસ્થિતિવાળા પૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને સ્થિતિરૂપે તુલ્ય છે, અને અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળો પણ પૃથિવીકાયિક જાણવો. અજઘન્યઅનુત્કૃષ્ટ(મધ્યમ)સ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે. હે ભગવન્! જઘન્યકાળાગુણવાળા પૃથિવીકાયિકોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યકાળાગુણવાળા પૃથિવીકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! જઘન્ય કાળાગુણવાળો પૃથિવીકાયિક જઘન્યકાળાગુણવાળા પૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહનાવડે ચાર સ્થાનને પ્રાપ્ત થયેલ છે, અને સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયો વડે છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. બે અજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાગુણવાળા પૃથિવીકાયિકના સંબંધમાં જાણવું. અજઘન્યઅનુત્કૃષ્ટ–(મધ્યમ) કાળાગુણવાળા માટે પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનની (કાળાવર્ણની) અપેક્ષાએ છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એમ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના સંબંધમાં જાણવું. જઘન્યમતિઅજ્ઞાનવાળા પૃથિવીકાયિકોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યમતિઅજ્ઞાની પૃથિવીકાયિકોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યમતિઅજ્ઞાની પૃથિવીકાયિક જઘન્ય મતિઅજ્ઞાની પૃથિવીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે ચાર સ્થાનને પ્રાપ્ત થયેલ છે અને સ્થિતિવડે ત્રિસ્થાનને પ્રાપ્ત થાય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત થાય છે. મતિઅજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતઅજ્ઞાનપર્યાય અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત થાય છે. એમ શ્રુતઅજ્ઞાની અને અચક્ષુદર્શની પણ જાણવા. એ પ્રમાણે યાવત્–વનસ્પતિકાયિકો સુધી જાણવું. ॥૧૭॥૨૬૫॥

## ।। ओगाहणाइसु विगलिंदियाणं पज्जवा ।।

जहन्नोगाहणगाणं भंते! बेइंदियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'जहन्नोगाहणगाणं बेइंदियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नोगाहणए बेइंदिए जहन्नोगाहणस्स बेइंदियस्य दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं नाणेहिं दोहिं अन्नाणेहिं अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसोगाहणए वि, णवरं णाणा णत्थि। अजहन्नमणुक्कोसोगाहणए जहा जहन्नोगाहणए, णवरं सट्ठाणे ओगाहणाए चउट्ठाणवडिए। जहन्नठिईयाणं भंते! बेइंदियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ- 'जहन्नठिईयाणं बेइंदियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नठिईए बेइंदिए जहन्नठिइयस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठितीए तुल्ले, वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं अन्नाणेहिं अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिईए वि, नवरं दो णाणा अब्भहिया।

**अजहन्नमणुक्कोसठिईए जहा उक्कोसठिईए, णवरं ठिईए तिट्ठाणवडिए। जहन्नगुणकालगाणं बेइंदियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेण भंते! एवं वुच्चइ-'जहन्नगुणकालगाणं बेइंदियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नगुणकालए बेइंदिए जहन्नगुणकालगस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं नाणेहिं दोहिं अन्नाणेहिं अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव। णवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं पंच वन्ना दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा। जहन्नाभिणिबोहियनाणीणं भंते! बेइंदियाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नाभिणिबोहियनाणीणं बेइंदियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नाभिणिबोहियणाणी बेइंदिए जहन्नाभिणिबोहियणाणिस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले, सुयणाणपज्जवेहिं छट्ठाणवडिए, अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसाभिणिबोहियणाणी वि। अजहन्नमणुक्कोसाभिणि-बोहियणाणी वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं सुयनाणी वि सुयअन्नाणी वि मतिअन्नाणी वि अचक्खुदंसणी वि, णवरं जत्थ णाणा तत्थ अन्नाणा नत्थि, जत्थ अन्नाणा तत्थ णाणा नत्थि, जत्थ दंसणं तत्थ णाणा वि अन्नाणा वि। एवं तेइंदियाण वि। चउरिंदियाण वि एवं चेव, णवरं चक्खुदंसणं अब्भहियं ।।सू०-१८।।२६६।।**

*(મૂ૦) જઘન્યઅવગાહના(શરીર)વાળા બેઇન્દ્રિયોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે-'જઘન્યઅવગાહનાવાળા બેઇન્દ્રિયોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો બેઇન્દ્રિય જઘન્યઅવગાહનાવાળા બેઇન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે, પ્રદેશસ્વરૂપે અને અવગાહનાસ્વરૂપે તુલ્ય છે, સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે જ્ઞાન બે અજ્ઞાન અને અચક્ષુદર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળાના સંબંધમાં જાણવું. પરન્તુ અહીં જ્ઞાનો હોતા નથી. મધ્યમઅવગાહનાવાળાને જઘન્યઅવગાહનાવાળાની પેઠે જાણવું. પરન્તુ સ્વસ્થાન–અવગાહનાને આશ્રયી ચતુઃસ્થાન પ્રાપ્ત હોય છે. જઘન્યસ્થિતિવાળા બેઇન્દ્રિયના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓને અનન્ત પર્યાયો છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે-'જઘન્યસ્થિતિવાળા બેઇન્દ્રિયોને અનન્તા પર્યાયો છે'? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો બેઇન્દ્રિય જઘન્યસ્થિતિવાળા બેઇન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે, પ્રદેશસ્વરૂપે અને સ્થિતિસ્વરૂપે તુલ્ય છે, પણ અવગાહનારૂપે ચતુઃસ્થાનક પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં જાણવું. પરન્તુ અહીં બે જ્ઞાન અધિક હોય છે. મધ્યમસ્થિતિવાળાને ઉત્કૃષ્ટસ્થિતિવાળાની પેઠે કહેવું. પરન્તુ અહીં સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાનપતિત હોય છે. જઘન્યકાળાગુણવાળા બેઇન્દ્રિયના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે-'જઘન્યકાળાગુણવાળા બેઇન્દ્રિયોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યકાળાગુણવાળો બેઇન્દ્રિય જઘન્યકાળાગુણવાળા બેઇન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે અને પ્રદેશસ્વરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહનારૂપે છ સ્થાન પ્રાપ્ત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે, અને બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાગુણવાળાના*

સંબંધમાં જાણવું. મધ્યમકાળાગુણવાળાના સંબંધમાં એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનને (કાળા વર્ણને) આશ્રયી છ સ્થાન પ્રાપ્ત હોય છે. એમ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના સંબંધમાં કહેવું. હે ભગવન્! જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા બેઇન્દ્રિયોને કેટલા પર્યાયો હોય છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો હોય છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે-'જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા બેઇન્દ્રિયોને અનન્ત પર્યાયો હોય છે'? હે ગૌતમ! જઘન્યઆભિનિબોધિક જ્ઞાનવાળો બેઇન્દ્રિય જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા બેઇન્દ્રિયની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહના વડે ચતુઃસ્થાન પ્રાપ્ત છે અને સ્થિતિ વડે ત્રિસ્થાન પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે છ સ્થાન પ્રાપ્ત છે. આભિનિબોધિકજ્ઞાન પર્યાયવડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળાના સંબંધમાં જાણવું. મધ્યમઆભિનિબોધિકજ્ઞાનવાળાના સંબંધમાં એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાન-આભિનિબોધિકની અપેક્ષાએ છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને અચક્ષુદર્શની બેઇન્દ્રિયો જાણવા. પરન્તુ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી. જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન પણ હોય છે. એમ તેઇન્દ્રિયોના સંબંધમાં પણ જાણવું. ચઉરિન્દ્રિયને પણ એમજ સમજવું. પરન્તુ ત્યાં ચક્ષુદર્શન અધિક કહેવું.॥૧૮॥૨૬૩॥

## ।। ओगाहणाइसु पंचिंदियतिरिक्खजोणियाणं पज्जवा ।।

जहन्नोगाहणगाणं भंते! पंचिंदियतिरिक्खजोणियाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नोगाहणगाणं पंचिंदियतिरिक्खजोणियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नोगाहणए पंचिंदियतिरिक्खजोणिए जहन्नोगाहणयस्स पंचिंदियतिरिक्खजोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं नाणेहिं दोहिं अन्नाणेहिं दोहिं दंसणेहिं छट्ठाणवडिए। उक्कोसोगाहणए वि एवं चेव, णवरं तिहिं नाणेहिं तिहिं अण्णाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए। जहा उक्कोसोगाहणए तहा अजहन्नमणुक्कोसोगाहणए वि, णवरं ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए। जहन्नठिइयाणं भंते! पंचिंदियतिरिक्खजोणियाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नठिइयाणं पंचिंदियतिरिक्खजोणियाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नठिइए पंचिंदियतिरिक्खजोणिए जहन्नठिइयस्स पंचिंदियतिरिक्खजोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं अन्नाणेहिं दोहिं दंसणेहिं छट्ठाणवडिए। उक्कोसठिइए वि एवं चेव, णवरं दो नाणा दो अन्नाणा दो दंसणा। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए। तिन्नि णाणा तिन्नि अन्नाणा तिन्नि दंसणा। जहन्नगुणकालगाणं भंते! पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणकालए पंचिंदियतिरिक्खजोणिए जहन्नगुणकालगस्स पंचिंदियतिरिक्ख-जोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहिं तिहिं नाणेहिं तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं पंच वन्ना दो गंधा पंच रसा अट्ठ फासा। जहन्नाभिणिबोहियणाणीणं भंते! पंचिंदिय-तिरिक्खजोणियाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ?

**गोयमा! जहन्नाभिणिबोहियणाणी पंचिंदियतिरिक्खजोणिए जहन्नाभिणिबोहियणाणिस्स पंचिंदियतिरिक्ख-जोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियणाणपज्जवेहि य तुल्ले, सुयनाणपज्जवेहिं छट्ठाणवडिए, चक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए, अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसाभिणिबोहियनाणी वि, णवरं ठिईए तिट्ठाणवडिए, तिन्नि नाणा तिन्नि दंसणा, सट्ठाणे तुल्ले, सेसेसु छट्ठाणवडिए। अजहन्नमणुक्कोसाभिणि-बोहियनाणी जहा उक्कोसाभिणिबोहियनाणी, णवरं ठिईए चउट्ठाणवडिए। सट्ठाणे छट्ठाणवडिए। एवं सुयनाणी वि। जहन्नोहिनाणीणं भंते! पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोहिनाणी पंचिंदियतिरिक्खजोणिए जहन्नोहिनाणिस्स पंचिदियतिरिक्ख-जोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं आभिणिबोहियनाणसुयनाणपज्जवेहि य छट्ठाणवडिए, ओहिनाणपज्जवेहिं तुल्ले। अन्नाणा नत्थि। चक्खुदंसणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहि य ओहिदंसणपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसोहिनाणी वि। अजहन्नोक्कोसोहिनाणी वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए। जहा आभिणिबोहियनाणी तहा मइअन्नाणी सुयअन्नाणी य, जहा ओहिनाणी तहा विभंगनाणी वि, चक्खुदंसणी अचक्खुदंसणी य जहा आभिणिबोहियनाणी। ओहिदंसणी जहा ओहिनाणी, जत्थ नाणा तत्थ अन्नाणा नत्थि, जत्थ अन्नाणा तत्थ नाणा नत्थि, जत्थ दंसणा तत्थ णाणा वि अन्नाणा वि अत्थि त्ति भाणियव्वं ।।सू०-१९।।२६४।।**

*(મૂ૦) હે ભગવન્! જઘન્યઅવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યઅવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યઅવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે, પ્રદેશસ્વરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, પરન્તુ સ્થિતિવડે ત્રિસ્થાનપતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયવડે તથા બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શનવડે છ સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ–અવગાહનાવાળાના સંબંધમાં જાણવું. પરન્તુ તે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાન પ્રાપ્ત હોય છે. જેમ ઉત્કૃષ્ટ–અવગાહનાવાળાના સંબંધમાં કહ્યું તેમ મધ્યમઅવગાહનાવાળાના સંબંધમાં કહેવું. પરન્તુ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પ્રાપ્ત હોય છે. જઘન્યસ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે–'જઘન્યસ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યસ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહનારૂપે ચતુઃસ્થાન પ્રાપ્ત છે. સ્થિતિવડે તુલ્ય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે અજ્ઞાન અને બે દર્શન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. ઉત્કૃષ્ટસ્થિતિવાળો પણ એમજ જાણવો. પરન્તુ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ તે સ્થિતિવડે ચતુઃસ્થાન પ્રાપ્ત છે. અને તેને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. જઘન્યકાળાવર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચ સંબંધી પૃચ્છા. હે ગૌતમ! તેને અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યકાળાગુણવાળા પંચેન્દ્રિય તિર્યંચોને અનન્તા પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળો પંચેન્દ્રિય તિર્યંચ જઘન્ય કાળાવર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના વડે અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળાવર્ણપર્યાય વડે*

*તુલ્ય છે અને બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ત્રણ દર્શનવડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનને (કાળા વર્ણને) આશ્રયી તે ષટ્સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના સંબંધમાં જાણવું. જઘન્યઆભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે–'જઘન્યઆભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઆભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યઆભિનિબોધિક પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પણ અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાનને પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. આભિનિબોધિકજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાનપર્યાય વડે ચક્ષુદર્શનપર્યાય વડે અને અચક્ષુદર્શનપર્યાય વડે ષટ્સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ–આભિનિબોધિકજ્ઞાનીના સંબંધમાં જાણવું. પરન્તુ તે સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત હોય છે. તેને ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. સ્વસ્થાનની અપેક્ષાએ તુલ્ય છે. બાકીના (જ્ઞાન અને દર્શન) પર્યાયની અપેક્ષાએ ષટ્સ્થાન પતિત છે. મધ્યમઆભિનિબોધિકજ્ઞાની ઉત્કૃષ્ટઆભિનિબોધિક જ્ઞાનીની પેઠે સમજવા. પરન્તુ સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પ્રાપ્ત છે, અને સ્વસ્થાન–આભિનિબોધિક જ્ઞાનની અપેક્ષાએ પણ ષટ્સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાનીના સંબંધમાં પણ જાણવું. જઘન્યઅવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે 'જઘન્યઅવધિજ્ઞાનીને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઅવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યઅવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના વડે ચતુઃસ્થાન પ્રાપ્ત, સ્થિતિ વડે ત્રિસ્થાન પ્રાપ્ત, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે તથા આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન પર્યાય વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. અવધિજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. અજ્ઞાન નથી, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન પર્યાય વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનીના સંબંધમાં જાણવું. મધ્યમઅવધિજ્ઞાનીના સંબંધમાં એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન–અવધિજ્ઞાનને આશ્રયી ષટ્સ્થાન પ્રાપ્ત છે. જેમ આભિનિબોધિકજ્ઞાનીના સંબંધમાં કહ્યું તેમ મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાનીને કહેવું. જેમ અવધિજ્ઞાનીને કહ્યું તેમ વિભંગજ્ઞાનીના સંબંધમાં પણ કહેવું. ચક્ષુદર્શની અને અચક્ષુદર્શની આભિનિબોધિકજ્ઞાનીની પેઠે જાણવા. અવધિદર્શની અવધિજ્ઞાનીની પેઠે સમજવા, પરન્તુ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી, જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન પણ છે અને અજ્ઞાન પણ છે એમ કહેવું. ॥૧૯॥૨૬૪॥*

(ટી૦) જઘન્ય અવગાહનાદિવાળા પૃથિવ્યાદિના સૂત્રમાં સંખ્યાતા વરસનું આયુષ્ય હોવાથી તેઓને સ્થિતિ વડે ત્રણ સ્થાન પ્રાપ્ત થાય છે. એનો પૂર્વે સામાન્ય પૃથિવીકાયિકના સૂત્રમાં વિચાર કર્યો છે. પર્યાયના વિચારમાં તેઓને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ અજ્ઞાન કહેવાં, પણ જ્ઞાન ન કહેવાં, કારણ કે તેઓમાં સમ્યક્ત્વનો કે સમ્યક્ત્વસહિત જીવની ઉત્પત્તિનો અસંભવ છે. કારણ કે–'**उभयाभावो पुढवाइएसु**' પૃથિવ્યાદિમાં બન્ને પ્રકારે જ્ઞાનનો અભાવ છે' એવું શાસ્ત્રવચન છે. માટે આ સૂત્રમાં કહ્યું છે કે–'**दोहिं अन्नाणेहिं**'–'બે અજ્ઞાન વડે છસ્થાનપતિતપણું હોય છે.' જઘન્યઅવગાહનાવાળા બેઇન્દ્રિયના સૂત્રમાં '**दोहिं नाणेहिं**','**दोहिं अन्नाणेहिं**' બે જ્ઞાન અને બે અજ્ઞાન વડે છ સ્થાન પતિતપણું કહ્યું છે, કારણ કે કોઇ ઉપશમ સમ્યક્ત્વ વમતો બેઇન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે બેઇન્દ્રિયને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે અને સિદ્ધાન્તકાર '**सासणभावे नाणं**' સાસ્વાદનભાવમાં જ્ઞાન માને છે. તેથી સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિને જ્ઞાન હોય છે. માટે તેઓને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન હોય છે અને બાકીનાને અજ્ઞાન હોય છે. માટે કહ્યું છે કે 'તેઓ બે જ્ઞાન અને બે અજ્ઞાન વડે ષટ્સ્થાનને પ્રાપ્ત થાય છે.' ઉત્કૃષ્ટ અવગાહનામાં અપર્યાપ્તાવસ્થાનો અભાવ હોવાથી સાસ્વાદન સમ્યક્ત્વ હોતું નથી, માટે ત્યાં જ્ઞાન ન કહેવાં, તે માટે

કહ્યું છે કે–'**एवं उक्कोसितोगाहणाए वि, नवरं नाणा नत्थि**' એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાના સંબંધમાં કહેવું, પરન્તુ ત્યાં જ્ઞાન નથી. અજઘન્યઅનુત્કૃષ્ટ–મધ્યમ અવગાહના પ્રથમ સમય બાદ હોય છે. એટલે અપર્યાપ્તાવસ્થામાં પણ મધ્યમ અવગાહનાનો સંભવ છે. માટે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન હોય છે અને અન્યને અજ્ઞાન હોય છે. તેથી જ્ઞાન અજ્ઞાન બન્ને કહેવાં. એ માટે કહ્યું છે '**अजहन्नमणुक्कोसोगाहणए जहा जहन्नोगाहणए**' મધ્યમઅવગાહનાવાળો જઘન્યઅવગાહનાવાળાની પેઠે જાણવો. જઘન્યસ્થિતિસૂત્રમાં બે અજ્ઞાન જ કહેવાં, પણ જ્ઞાન ન કહેવાં, કારણ કે સૌથી જઘન્યસ્થિતિવાળો લબ્ધિઅપર્યાપ્ત હોય છે, અને લબ્ધિઅપર્યાપ્તામાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થતો નથી, કારણ કે લબ્ધિઅપર્યાપ્ત સૌથી સંક્લિષ્ટ પરિણામવાળો હોય છે અને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ કંઇક શુભપરિણામવાળો હોય છે. તેથી તેની લબ્ધિ અપર્યાપ્તામાં ઉત્પત્તિ થતી નહિ હોવાથી તેને અજ્ઞાન જ હોય છે પણ જ્ઞાન હોતું નથી. ઉત્કૃષ્ટસ્થિતિવાળામાં તો સાસ્વાદન સમ્યક્ત્વ સહિત પણ ઉત્પન્ન થાય છે, માટે ઉત્કૃષ્ટ સ્થિતિ સૂત્રમાં જ્ઞાન અને અજ્ઞાન બન્ને કહેવાં, તે માટે કહ્યું છે કે '**एवं उक्कोसठिइएवि, नवरं दो नाणा अब्भहिया**' એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં પણ કહેવું, પરન્તુ બે જ્ઞાન અધિક કહેવાં.' એમ અજઘન્યઅનુત્કૃષ્ટ–મધ્યમ સ્થિતિસૂત્ર પણ જાણવું. વર્ણાદિભાવપ્રતિપાદક સૂત્રો પાઠમાત્રથી સિદ્ધ છે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો જાણવા. પરન્તુ ચઉરિન્દ્રિયને ચક્ષુદર્શન અધિક કહેવું, નહિ તો ચઉરિન્દ્રિપણું ન ઘટી શકે. માટે તેઓને ચક્ષુદર્શન વિષે પણ સૂત્ર કહેવું. જઘન્યઅવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિયના સૂત્રમાં '**ठिईए तिट्ठाणवडिए**' 'સ્થિતિવડે ત્રિસ્થાનપતિત હોય છે.' અહીં **સંખ્યાતા વરસના આયુષ્યવાળો જ તિર્યંચ પંચેન્દ્રિય જઘન્યશરીરવાળો હોય છે, પણ અસંખ્યાત વરસના આયુષ્યવાળો હોતો નથી,** કારણ કે **અસંખ્યાત વરસના આયુષ્યવાળા મહાશરીરવાળા અને કંકપક્ષીની જઠરના જેવી પાચન શક્તિવાળા હોવાથી પુષ્ટઆહારવાળા તથા પ્રબળ ધાતુના ઉપચયવાળા હોય છે, અને તેથી તેઓને પુષ્કળ વીર્યપાત થાય છે, અને વીર્યપાતને અનુસારે તિર્યંચ અને મનુષ્યને ઉત્પત્તિસમયે (મધ્યમ) શરીર હોય છે.** માટે તેઓને જઘન્ય શરીર હોતું નથી, પણ સંખ્યાતા વરસના આયુષ્યવાળાને હોય છે, અને સંખ્યાતા વરસના આયુષ્યવાળા સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત હોય છે, એનો પૂર્વે વિચાર કરેલો છે. માટે કહ્યું છે કે 'તેઓ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત હોય છે.' તથા '**दोहिं नाणेहिं दोहिं अन्नाणेहिं**' બે જ્ઞાન અને બે અજ્ઞાન વડે છ સ્થાનપતિત હોય છે. જઘન્યશરીરવાળો તિર્યંચ પંચેન્દ્રિય સંખ્યાતા વરસના આયુષ્યવાળો અપર્યાપ્ત હોય છે, તે પણ અલ્પશરીરવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય છે, તેથી તેને અવધિ અને વિભંગ જ્ઞાનનો અસંભવ છે, માટે બે જ્ઞાન અને બે અજ્ઞાન કહ્યા છે. જે વિભંગજ્ઞાનસહિત નરકથી નીકળીને સંખ્યાતા વરસના આયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે તેઓ સ્વભાવથીજ મોટા શરીરવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે, પણ અલ્પશરીરવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થતા નથી. જો એમ નહિ માનવામાં આવે તો આ સૂત્રની સાથે વિરોધનો પ્રસંગ પ્રાપ્ત થશે. જો અલ્પશરીરવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો અપર્યાપ્તાવસ્થામાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાનનો સંભવ હોવાથી ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વડે છ સ્થાન પતિત થાય, અને સૂત્રમાં જઘન્ય અવગાહનાવાળાને બે જ્ઞાન અને બે અજ્ઞાન વડે છ સ્થાનકો કહ્યાં છે, માટે પ્રસ્તુત સૂત્રની સાથે વિરોધનો પ્રસંગ પ્રાપ્ત થશે. ઉત્કૃષ્ટશરીરવાળા પંચેન્દ્રિય તિર્યંચ સૂત્રમાં 'તેઓ ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનવડે છ સ્થાનપતિત હોય છે' એમ કહ્યું છે. તેમાં ત્રણ અજ્ઞાન હોવાનું કારણ એ છે કે–અહીં જેના શરીરની અવગાહના એક હજાર યોજન પ્રમાણ છે તે ઉત્કૃષ્ટ અવગાહનાવાળો કહેવાય છે અને તે સંખ્યાતા વરસના આયુષ્યવાળો અને પર્યાપ્ત હોય છે, તેથી તેને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન સંભવે છે, અને તે ઉત્કૃષ્ટ અવગાહનાવાળો સંખ્યાતા વરસના આયુષ્યવાળો હોવાથી સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત હોય છે. અજઘન્યઅનુત્કૃષ્ટ–મધ્યમ અવગાહનાવાળા સૂત્રમાં સ્થિતિ વડે તેઓ ચતુ:સ્થાનપતિત હોય છે, કારણ કે મધ્યમઅવગાહનાવાળો અસંખ્યાતા વરસના આયુષ્યવાળો પણ હોય છે, તેથી પૂર્વોક્ત યુક્તિથી તેમાં ચતુ:સ્થાન–પતિતપણું ઘટી શકે છે. જઘન્યસ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિયના સૂત્રમાં બે અજ્ઞાન જ કહેવાં, પણ જ્ઞાન ન કહેવાં. કારણ કે જઘન્ય સ્થિતિવાળા લબ્ધિઅપર્યાપ્ત જ હોય છે, અને તેમાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિ થતી નથી. ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિય સૂત્રમાં તેને બે જ્ઞાન અને બે

અજ્ઞાન હોય છે. કારણ કે ઉત્કૃષ્ટસ્થિતિવાળો તિર્યંચ પંચેન્દ્રિય ત્રણ પલ્યોપમની સ્થિતિવાળો હોય છે. તેથી તેને બે અજ્ઞાન અવશ્ય હોય છે, પરન્તુ જ્યારે તેનું છ માસનું આયુષ્ય બાકી હોય છે અને વૈમાનિકનું આયુષ્ય બાંધે છે ત્યારે તેને (સમ્યગ્દર્શન થવાથી) બે જ્ઞાન હોય છે. માટે કહ્યું છે કે-બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે. અજઘન્યઅનુત્કૃષ્ટ-મધ્યમસ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિય સૂત્રમાં તે સ્થિતિવડે ચતુઃસ્થાન પતિત હોય છે, કારણ કે મધ્યમસ્થિતિવાળો તિર્યંચ પંચેન્દ્રિય સંખ્યાતા વરસના આયુષ્યવાળો હોય છે અને અસંખ્યાતા વરસના આયુષ્યવાળો સમય ન્યૂન ત્રણ પલ્યોપમ સુધીની સ્થિતિવાળો પણ હોય છે, તેથી તે ચતુઃસ્થાન પતિત હોય છે. જઘન્યઆભિનિબોધિક તિર્યંચ પંચેન્દ્રિય સૂત્રમાં તેઓ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય છે. કારણ કે અસંખ્યાત વરસના આયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિયને પોતાની ભૂમિકાને અનુસારે જઘન્ય આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન હોય છે, તેથી સંખ્યાતા વરસના આયુષ્યવાળા અને અસંખ્યાત વરસના આયુષ્યવાળાને જઘન્ય આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાનનો સંભવ હોવાથી તેઓ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય છે. ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાન સૂત્રમાં સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત કહેવા, કારણ કે જેને **ઉત્કૃષ્ટ આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન હોય છે તે અવશ્ય સંખ્યાતા વરસના આયુષ્યવાળો હોય છે** અને સંખ્યાતા વરસના આયુષ્યવાળો ત્રિસ્થાનપતિત જ હોય છે, એ પૂર્વે કહ્યું છે. અવધિસૂત્ર અને વિભંગસૂત્રમાં તેઓ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. કારણ કે અસંખ્યાત વરસના આયુષ્યવાળાને અવધિ અને વિભંગનો અસંભવ છે, મૂલટીકાકાર કહે છે કે 'ओहिविभङ्गेसु नियमा तिट्ठाणवडिए, किं कारणं? भन्नइ-ओहिविभङ्गा असंखवासाउयस्स नत्थि त्ति'. તેઓ અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનને વિષે અવશ્ય ત્રિસ્થાનપતિત હોય છે. શા કારણથી? તેનો ઉત્તર એ છે કે **અવધિ અને વિભંગ અસંખ્યાત વરસના આયુષ્યવાળાને હોતાં નથી.** ॥१९॥२६४॥

## || ओगाहणाइसु मणुस्साणं पज्जवा ||

**जहन्नोगाहणगाणं भंते! मणुस्साणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'जहन्नोगाहणगाणं मणुस्साणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! जहन्नोगाहणए मणूसे जहन्नोगाहणगस्स मणुसस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं तिहिं नाणेहिं दोहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए। उक्कोसोगाहणए वि एवं चेव। नवरं ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए जइ हीणे असंखिज्जइभागहीणे, अह अब्भहिए असंखेज्जइभागअब्भहिए। दो नाणा दो अन्नाणा दो दंसणा। अजहन्नमणुक्कोसोगाहणए वि एवं चेव, णवरं ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, आइल्लेहिं चउहिं नाणेहिं छट्ठाणवडिए, केवलनाणपज्जवेहिं तुल्ले, तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले। जहन्नठिइयाणं भंते! मणुस्साणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नठिइए मणुस्से जहन्नठिइयस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं अन्नाणेहिं दोहिं दंसणेहिं छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि, नवरं दो नाणा दो अन्नाणा दो दंसणा। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, आइल्लेहिं चउहिं नाणेहिं छट्ठाणवडिए, केवलनाणपज्जवेहिं तुल्ले, तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले। जहन्नगुणकालयाणं भंते! मणुस्साणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणकालए मणूसे जहन्नगुणकालगस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए**

चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, चउहिं नाणेहिं छट्ठाणवडिए, केवलनाणपज्जवेहिं तुल्ले, तिहिं अन्नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं पंच वन्ना दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा। जहन्नाभिणिबोहियनाणीणं भंते! मणुस्साणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नाभिणिबोहियणाणी मणूसे जहन्नाभिणिबोहियणाणिस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियनाणपज्जवेहिं तुल्ले, सुयनाणज्जवेहिं तुल्ले दोहिं दंसणेहिं छट्ठाणवडिए, एवं उक्कोसाभिणिबोहियनाणी वि, नवरं आभिणिबोहियनाणपज्जवेहिं तुल्ले, ठिईए तिट्ठाणवडिए, तिहिं नाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए। अजहन्नमणुक्कोसाभिणिबोहियनाणी जहा उक्कोसाभिणिबोहियनाणी, नवरं ठिईए चउट्ठाणवडिए, सट्ठाणे छट्ठाणवडिए। एवं सुयनाणी वि। जहन्नोहिनाणीणं भंते! मणुस्साणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोहिनाणी मणुस्से जहन्नोहिनाणिस्स मणूसस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तिट्ठाणवडिए[चउट्ठाणवडिए], ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं दोहिं नाणेहिं छट्ठाणवडिए, ओहिनाणपज्जवेहिं तुल्ले, मणपज्जवनाणपज्जवेहिं छट्ठाणवडिए, तिहिं दंसणेहिं छट्ठाणवडिए। एवं उक्कोसोहिनाणी वि। अजहन्नमणुक्कोसोहिनाणी वि एवं चेव, णवरं [ओगाहणट्ठयाए चउट्ठाणवडिए] सट्ठाणे छट्ठाणवडिए। जहा ओहिणाणी तहा मणपज्जवणाणी वि भाणियव्वे। नवरं ओगाहणट्ठयाए तिट्ठाणवडिए। जहा आभिणिबोहियणाणी तहा मइअन्नाणी सुयअन्नाणी वि भाणियव्वे। जहा ओहिनाणी तहा विभंगनाणी वि भाणियव्वे, चक्खुदंसणी अचक्खुदंसणी य जहा आभिणिबोहियणाणी, ओहिदंसणी जहा ओहिनाणी जत्थ नाणा तत्थ अन्नाणा नत्थि, जत्थ अन्नाणा तत्थ नाणा नत्थि, जत्थ दंसणा तत्थ णाणा वि अन्नाणा वि।। केवलनाणीणं भंते! मणुस्साणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'केवलनाणीणं मणुस्साणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! केवलनाणी मणूसे केवलनाणिस्स मणूसस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, केवलनाणपज्जवेहिं, केवलदंसणपज्जवेहिं य तुल्ले। एवं केवलदंसणी वि मणूसे भाणियव्वे। वाणमंतरा जहा असुरकुमारा। एवं जोइसियवेमाणिया, नवरं सट्ठाणे ठिईए तिट्ठाणवडिए भाणियव्वे। से त्तं जीवपज्जवा ।।सू०-२०।।२६५।।

*(મૂ૦) હે ભગવન્! જઘન્યઅવગાહનાવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે-'જઘન્યઅવગાહનાવાળા મનુષ્યોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો મનુષ્ય જઘન્યઅવગાહનાવાળા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિવડે ત્રિસ્થાન પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, બે અજ્ઞાન અને ત્રણ દર્શન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળા માટે પણ એમજ સમજવું. પણ સ્થિતિવડે કદાચિત્ ન્યૂન હોય, કદાચિત્ તુલ્ય હોય અને કદાચિત્ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય. તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધ્યમઅવગાહનાવાળાના*

સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ અવગાહના અને સ્થિતિવડે ચતુ:સ્થાન પ્રાપ્ત હોય છે. આદિના ચાર જ્ઞાન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે, કેવલજ્ઞાન પર્યાયવડે તુલ્ય છે, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે ષટ્સ્થાન પ્રાપ્ત છે, કેવળદર્શનપર્યાયવડે તુલ્ય છે. જઘન્ય સ્થિતિવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યસ્થિતિવાળા મનુષ્યોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો મનુષ્ય જઘન્યસ્થિતિવાળા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને સ્થિતિરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહનારૂપે ચતુ:સ્થાન પ્રાપ્ત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે અજ્ઞાન અને બે દર્શનવડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં જાણવું. પરન્તુ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ જાણવું. પરન્તુ સ્થિતિ અને અવગાહનાની અપેક્ષાએ ચતુ:સ્થાનપતિત, આદિના ચાર જ્ઞાન વડે છ સ્થાન પતિત, કેવલજ્ઞાનપર્યાય વડે તુલ્ય, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત અને કેવલદર્શન પર્યાય વડે તુલ્ય છે. જઘન્યગુણવાળા વર્ણવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે –'જઘન્ય કાળાવર્ણવાળા મનુષ્યોને અનન્ત પર્યાયો કહ્યા છે'? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળો મનુષ્ય જઘન્યકાળાવર્ણવાળા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, અવગાહના અને સ્થિતિ વડે ચતુ:સ્થાન પતિત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા ચાર જ્ઞાન વડે ષટ્સ્થાન પતિત છે. કેવળજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. અને કેવળદર્શનપર્યાય વડે તુલ્ય છે. એમ ઉત્કૃષ્ટ કાળાવર્ણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાને પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાન–કાળાવર્ણને આશ્રયી છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના સંબંધમાં જાણવું. હે ભગવન્! જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળો મનુષ્ય જઘન્યઆભિનિબોધિકજ્ઞાનવાળા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના અને સ્થિતિ વડે ચતુ:સ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છ સ્થાન પતિત છે. આભિનિબોધિકજ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન પર્યાય વડે અને બે દર્શન વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઆભિનિબોધિકજ્ઞાનવાળાના સંબંધમાં જાણવું. પરન્તુ સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત હોય છે. મધ્યમઆભિનિબોધિકજ્ઞાનવાળા ઉત્કૃષ્ટઆભિનિબોધિક જ્ઞાનવાળાની પેઠે જાણવું. પરન્તુ સ્થિતિ વડે ચઉસ્થાન પતિત અને સ્વસ્થાન–આભિનિબોધિક જ્ઞાનને આશ્રયી છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાનીના સંબંધમાં પણ જાણવું. હે ભગવન્! જઘન્યઅવધિજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે–'જઘન્યઅવધિજ્ઞાની મનુષ્યોને અનન્ત પર્યાયો હોય છે'? હે ગૌતમ! જઘન્યઅવધિજ્ઞાની મનુષ્ય જઘન્યઅવધિજ્ઞાની મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, પરન્તુ અવગાહના અને સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા બે જ્ઞાન વડે છ સ્થાનપતિત છે. અવધિજ્ઞાનપર્યાય વડે તુલ્ય, મન:પર્યવ જ્ઞાનપર્યાય અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવધિજ્ઞાનીના સંબંધમાં જાણવું. મધ્યમઅવધિજ્ઞાનીના સંબંધમાં પણ એમજ સમજવું, પરન્તુ અવગાહના વડે ચતુ:સ્થાન પતિત અને સ્વસ્થાન–અવધિજ્ઞાનને આશ્રયી છ સ્થાનપતિત છે. જેમ અવધિજ્ઞાનીના સંબંધમાં કહ્યું તેમ મન:પર્યવજ્ઞાનીના સંબંધમાં કહેવું. પરન્તુ તે અવગાહના વડે ત્રિ સ્થાનપતિત હોય છે. જેમ આભિનિબોધિકજ્ઞાની કહ્યા તેમ મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની કહેવા, જેમ અવધિજ્ઞાની કહ્યા તેમ વિભંગજ્ઞાની કહેવા. ચક્ષુદર્શની અને અચક્ષુદર્શની આભિનિબોધિક જ્ઞાનીની પેઠે અને અવધિદર્શની અવધિજ્ઞાની પેઠે જાણવા.

*પણ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી, જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી, પરન્તુ જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બન્ને હોય છે. હે ભગવન્! કેવલજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે કેવલજ્ઞાનીને અનન્ત પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! કેવલજ્ઞાની મનુષ્ય કેવલજ્ઞાની મનુષ્યની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે, અવગાહનાવડે ચતુઃસ્થાન પતિત, સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વડે છ સ્થાનપતિત હોય છે. કેવલજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. એમ કેવલદર્શની મનુષ્યના સંબંધમાં કહેવું. વ્યંતરોના સંબંધમાં અસુરકુમારની પેઠે કહેવું. જ્યોતિષિક અને વૈમાનિકોના સંબંધમાં એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત કહેવા. એમ જીવપર્યાયો કહ્યા. ॥૨૦॥*

(ટી૦) જઘન્યઅવગાહનાવાળા મનુષ્ય સૂત્રમાં મનુષ્યો સ્થિતિવડે તિર્યંચ પંચેન્દ્રિયની પેઠે ત્રિસ્થાન પતિત કહેલા છે. જઘન્ય અવગાહનાવાળો મનુષ્ય પણ અવશ્ય સંખ્યાતા વરસના આયુષ્યવાળો હોય છે અને સંખ્યાતા વરસના આયુષ્યવાળો સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત હોય છે. **'तिहिं नाणेहिं'** અને ત્રણ જ્ઞાન વડે છ સ્થાન પતિત હોય છે. જ્યારે જો કોઇક તીર્થંકર કે અનુત્તરૌપપાતિક દેવ અપ્રતિપાતી–જેનો પાત ન થાય એવા અવધિજ્ઞાન વડે જઘન્ય અવગાહનામાં ઉત્પન્ન થાય ત્યારે અવધિજ્ઞાન પણ હોય છે માટે 'ત્રણ જ્ઞાન વડે' છ સ્થાન પતિત હોય છે એમ કહ્યું છે. વિભંગજ્ઞાન સહિત નરકથી નીકળી તથાસ્વભાવથી જઘન્ય અવગાહનામાં ઉત્પન્ન થતો નથી, માટે વિભંગજ્ઞાન હોતું નથી, માટે બે અજ્ઞાન વડે છ સ્થાન પતિત હોય એમ કહ્યું છે. ઉત્કૃષ્ટઅવગાહનામનુષ્ય સૂત્રમાં **'ठिईए सिय हीणे, सिय तुल्ले, सिये अब्भहिए'** ઇત્યાદિ. સ્થિતિવડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય એમ કહ્યું છે, કારણ કે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા મનુષ્યો ત્રણ ગાઉના ઉંચા હોય છે અને ત્રણ ગાઉની ઉંચાઇવાળાની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ત્રણ પલ્યોપમ અને ઉત્કર્ષથી પરિપૂર્ણ ત્રણ પલ્યોપમ હોય છે. જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે –'હે ભગવન્! ઉત્તર દેવકુરુના મનુષ્યોની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ત્રણ પલ્યોપમ અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમની છે. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ત્રણ પલ્યોપમની સ્થિતિવાળો પૂર્ણ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળાની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય છે અને બીજો તેની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ અધિક છે. બાકીની વૃદ્ધિ અને હાનિ પ્રાપ્ત થતી નથી. વળી તેઓને 'બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે.' કારણ કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અસંખ્યાત વરસના આયુષ્યવાળા હોય છે અને અસંખ્યાત વરસના આયુષ્યવાળાને તથા સ્વભાવથી અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનનો અસંભવ છે, માટે બે જ જ્ઞાન અને બે જ અજ્ઞાન હોય છે. તથા અજઘન્યઅનુત્કૃષ્ટ–મધ્યમ અવગાહનાવાળો સંખ્યાતા વરસના આયુષ્યવાળો અને અસંખ્યાત વરસના આયુષ્યવાળો હોય છે. અસંખ્યાત વરસના આયુષ્યવાળાની પણ બે ગાઉની ઉંચાઇ હોય છે માટે અવગાહનાવડે પણ તે ચતુઃસ્થાનપતિત સમજવો. તેમ સ્થિતિવડે ચતુઃસ્થાનપતિત જાણવો. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ આદિના ચાર જ્ઞાન વડે ષટ્સ્થાનપતિત છે. કારણ કે દ્રવ્યાદિની અપેક્ષાએ થતા ક્ષયોપશમની વિચિત્રતાથી તે ચારે જ્ઞાનનું તારતમ્ય હોય છે. કેવળજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. કારણ કે સર્વસ્વ આવરણના ક્ષય થવાથી પ્રગટ થયેલા કેવલજ્ઞાનમાં ભેદ હોતો નથી. બાકી બધું સુગમ છે. જઘન્યસ્થિતિવાળા મનુષ્યસૂત્રમાં જઘન્ય સ્થિતિવાળા મનુષ્યોને બે અજ્ઞાન વડે–મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન વડે છ સ્થાનકો કહેવાં, પણ બે જ્ઞાનવડે ન કહેવાં. કારણ કે જઘન્યસ્થિતિવાળા મનુષ્યો સંમૂર્ચ્છિમ હોય છે, અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અવશ્ય મિથ્યાદૃષ્ટિ જ હોય છે. માટે તેઓને અજ્ઞાન જ હોય છે પણ જ્ઞાન હોતાં નથી. ઉત્કૃષ્ટસ્થિતિવાળા મનુષ્ય સૂત્રમાં 'બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે.' કારણ કે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મનુષ્યો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા હોય છે, તેઓને અજ્ઞાન તો અવશ્ય હોય છે, **પણ જ્યારે છ માસનું આયુષ્ય બાકી રહે છે અને વૈમાનિક દેવોનું આયુષ્ય બાંધે છે ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી બે જ્ઞાન હોય છે**. અવધિ અને વિભંગ અસંખ્યાતા વરસના આયુષ્યવાળાને હોતાં નથી માટે ત્રણ જ્ઞાન અને ત્રણ

અજ્ઞાન ન કહ્યાં. અજઘન્યઅનુત્કૃષ્ટસ્થિતિવાળા મનુષ્યના સંબંધમાં સૂત્ર અજઘન્યઅનુત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યસૂત્રની પેઠે જાણવું. ૫ જઘન્ય આભિનિબોધિકવાળા મનુષ્યસૂત્રમાં બે જ્ઞાન અને બે દર્શનો કહેવાં. કારણ કે જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળો જીવ અવશ્ય અવધિ અને મનઃપર્યવ જ્ઞાન રહિત હોય છે, કારણ કે તેને પ્રબલ જ્ઞાનાવરણ કર્મનો ઉદય હોય છે. જો એમ ન હોય તો જઘન્ય આભિનિબોધિકજ્ઞાન ન હોય. તેથી બાકીના જ્ઞાનદર્શનનો અસંભવ હોવાથી આભિનિબોધિક પર્યાયવડે તુલ્ય છે. અને શ્રુતજ્ઞાન પર્યાય અને ચક્ષુ અને અચક્ષુ એ બે દર્શનો વડે ષટ્સ્થાનપતિત છે. ઉત્કૃષ્ટઆભિનિબોધિક સૂત્રમાં સ્થિતિવડે ત્રિસ્થાન પતિત છે. કારણ કે ઉત્કૃષ્ટ આભિનિબોધિકવાળો અવશ્ય સંખ્યાતા વરસના આયુષ્યવાળો હોય છે, કેમકે અસંખ્યાત વરસના આયુષ્યવાળાને તેવા પ્રકારના ભવસ્વભાવથી સૌથી ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાન થતું નથી. અને સંખ્યાતા વરસના આયુષ્યવાળો તો પૂર્વે કહેલી યુક્તિથી સ્થિતિવડે ત્રિસ્થાનપતિત હોય છે. જઘન્યઅવધિસૂત્રમાં અને ઉત્કૃષ્ટઅવધિસૂત્રમાં અવગાહના વડે ત્રિસ્થાનપતિત કહેવો. કારણ કે ઉપર કહેલા સ્વરૂપવાળું **સૌથી જઘન્ય અવધિજ્ઞાન મનુષ્યને પરભવથી આવેલું હોતું નથી,** પણ તે ભવમાં થાય છે, અને તે પર્યાપ્તાવસ્થામાં થાય છે, પરંતુ તેને યોગ્ય વિશુદ્ધિના અભાવથી અપર્યાપ્તાવસ્થામાં હોતું નથી, અને **ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ભાવચારિત્રવાળાને હોય છે,** માટે જઘન્ય અવધિજ્ઞાનવાળો કે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનવાળો અવગાહનાવડે ત્રિસ્થાનપતિત હોય છે. **અજઘન્યઅનુત્કૃષ્ટમધ્યમ અવધિજ્ઞાન પરભવથી પણ આવેલું હોય છે,** તેથી અપર્યાપ્તાવસ્થામાં પણ તેનો સંભવ હોવાથી મધ્યમઅવધિજ્ઞાનવાળો અવગાહના વડે ચતુઃસ્થાનપતિત છે. જઘન્યઅવધિવાળો, ઉત્કૃષ્ટઅવધિવાળો અજઘન્યઅનુત્કૃષ્ટ-મધ્યમઅવધિવાળો સ્થિતિવડે ત્રિસ્થાનપતિત હોય છે. કારણ કે **અસંખ્યાત વરસના આયુષ્યવાળાને અવધિજ્ઞાનનો અસંભવ છે,** અને સંખ્યાત વરસના આયુષ્યવાળાને સ્થિતિવડે ત્રિસ્થાનપતિતપણું હોય છે. જઘન્યમનઃપર્યવજ્ઞાની, ઉત્કૃષ્ટ મનઃપર્યવજ્ઞાની અને અજઘન્યઅનુત્કૃષ્ટ મનઃપર્યવજ્ઞાની સ્થિતિવડે ત્રિસ્થાનપતિત છે, કારણ કે ચારિત્રવાળાને જ મનઃપર્યવજ્ઞાનનો સંભવ છે, અને તેઓનું આયુષ સંખ્યાતા વરસનું હોય છે. ૬ કેવલજ્ઞાન સૂત્રમાં કેવલિસમુદ્ઘાતને આશ્રયી અવગાહનાવડે ચતુઃસ્થાન પતિત હોય છે. તે આ પ્રમાણે-કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાની બાકીના કેવલી કરતાં અસંખ્યાતગુણ અધિક અવગાહનાવાળા હોય છે અને તેની અપેક્ષાએ બાકીના કેવલીજ્ઞાનીઓ અસંખ્યાતગુણ ન્યૂન અવગાહનાવાળા હોય છે. સ્વસ્થાનને-અવગાહનાને આશ્રયી બાકીના કેવલજ્ઞાનીઓ ત્રિસ્થાનપતિત હોય છે. વળી સંખ્યાતા વરસનું આયુષ્ય હોવાથી સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત હોય છે. વ્યન્તરો અસુરકુમારના જેમ જાણવા. જ્યોતિષિકો અને વૈમાનિકો પણ તેમજ જાણવા. પરંતુ તે સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત કહેવા. એનો પૂર્વે વિચાર કરેલો છે. હવે ઉપસંહાર કહે છે-'એમ જીવપર્યાયો કહ્યા'. ॥૨૦॥૨૬૫॥

## ।। अजीव पज्जवा ।।

**अजीवपज्जवा भंते! कइविहा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता। तं जहा- रूविअजीवपज्जवा य अरूविअजीवपज्जवा य ।** ।सू०-२१।।२६६।।

*(મૂ૦) હે ભગવન્! અજીવપર્યાયો કેટલા પ્રકારના છે? હે ગૌતમ! બે પ્રકારના છે. તે આ પ્રમાણે-રૂપીઅજીવપર્યાયો અને અરૂપીઅજીવપર્યાયો. ॥૨૧॥૨૬૬॥*

**अरूविअजीवपज्जवा णं भंते! कइविहा पन्नत्ता? गोयमा! दसविहा पन्नत्ता, तंजहा- धम्मत्थिकाए, धम्मत्थिकायस्स देसे, धम्मत्थिकायस्स पएसा, अहम्मत्थिकाए, अहम्मत्थिकायस्स देसे, अहम्मत्थिकायस्स पएसा, आगासत्थिकाए, आगासत्थिकायस्स देसे, आगासत्थिकायस्स पएसा, अद्धासमए ।** ।सू०-२२।।२६७।।

*(મૂ૦) હે ભગવન્! અરૂપીઅજીવપર્યાયો કેટલા પ્રકારના છે? હે ગૌતમ! દસ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ ધર્માસ્તિકાય, ૨ ધર્માસ્તિકાયનો દેશ, ૩ ધર્માસ્તિકાયના પ્રદેશો, ૪ અધર્માસ્તિકાય, ૫ અધર્માસ્તિકાયનો દેશ, ૬ અધર્માસ્તિકાયના*

*પ્રદેશો, ૭ આકાશાસ્તિકાય, ૮ આકાશાસ્તિકાયનો દેશ, ૯ આકાશાસ્તિકાયના પ્રદેશો અને ૧૦ અદ્ધાસમય (કાળ). ॥૨૨॥૨૬૭॥*

(ટી૦) હવે અજીવપર્યાયોના સંબંધમાં પ્રશ્ન કરે છે–'**अजीवपज्जवा णं भंते! कइविहा पन्नत्ता**'? હે ભગવન્! અજીવપર્યાયો કેટલા પ્રકારના કહ્યા છે? ભગવન્ત ઉત્તર આપે છે કે–રૂપીઅજીવપર્યાયો અને અરૂપીઅજીવપર્યાયો એમ બે પ્રકારે કહ્યા છે. રૂપ એ ગન્ધ, રસ, અને સ્પર્શનું ઉપલક્ષણ (સૂચક) છે. તેથી રૂપ, ગન્ધ, રસ અને સ્પર્શ જેઓને છે તે રૂપી, તેવા પ્રકારના રૂપી અજીવના પર્યાયો એટલે પુદ્ગલના પર્યાયો કહેવાય છે. તેથી વિપરીત અરૂપી અજીવના પર્યાયો એટલે અમૂર્ત અજીવના પર્યાયો છે. અરૂપી અજીવના પર્યાયો દસ પ્રકારના છે, તે બતાવે છે–'**धम्मत्थिकाए**' ઇત્યાદિ. ધર્માસ્તિકાય સંપૂર્ણ અવયવવાળું-પ્રદેશના પ્રચયરૂપ દ્રવ્ય છે. તેના અર્ધાદિરૂપ વિભાગ તે ધર્માસ્તિકાયનો દેશ. ધર્માસ્તિકાયના નિર્વિભાગ (જેનો ભાગ ન કલ્પી શકાય તેવા) સૂક્ષ્મ ભાગો તે ધર્માસ્તિકાયના પ્રદેશો. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના સ્કન્ધ, દેશ અને પ્રદેશ એ ત્રણ ભેદનો વિચાર કરવો. એથી પરસ્પર અભેદરૂપ અવયવ–અવયવીરૂપ ધર્માસ્તિકાયાદિક વસ્તુ છે એમ પ્રતિપાદન કર્યું. દસમો અદ્ધાસમય છે. (પ્ર૦)–અહીં પર્યાયો કહેવાનો પ્રારંભ કર્યો હતો છતાં દ્રવ્ય માત્રનો ઉપન્યાસ કેમ કર્યો? (ઉ૦)–પર્યાય અને પર્યાયી–દ્રવ્યનો અભેદ બતાવવા માટે દ્રવ્યનો ઉપન્યાસ કર્યો છે. એ પ્રમાણે પછીના ગ્રન્થના સંબંધમાં પણ જાણવું. મૂલ ટીકાકારે કહ્યું છે–"અહીં સર્વત્ર પર્યાય અને પર્યાયી (દ્રવ્યના) અભેદ જણાવવા માટે આ પ્રમાણે સૂત્રનો ઉપન્યાસ કર્યો છે." પરમાર્થથી તો ધર્માસ્તિકાયપણું, ધર્માસ્તિકાયદેશપણું અને ધર્માસ્તિકાયપ્રદેશપણું ઇત્યાદિ (પર્યાયરૂપે) જાણવું. ॥૨૨॥૨૬૭॥

**रूविअजीवपज्जवा णं भंते! कइविहा पन्नत्ता? गोयमा! चउव्विहा पन्नत्ता। तं जहा-खंधा, खंधदेसा, खंधपएसा, परमाणुपुग्गला। ते णं भंते! किं संखेज्जा असंखेज्जा अणंता? गोयमा! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ 'नो संखेज्जा, नो असंखेज्जा, अणंता'? गोयमा! अणंता परमाणुपुग्गला, अणंता दुपएसिया खंधा, जाव अणंता दसपएसिया खंधा, अणंता संखिज्जपएसिया खंधा, अणंता असंखिज्जपएसिया खंधा, अणंता अणंतपएसिया खंधा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'ते णं नो संखिज्जा, नो असंखिज्जा, अणंता'** ।सू०-२३।।२६८।।

*(મૂ૦) હે ભગવન્! રૂપીઅજીવપર્યાયો કેટલા પ્રકારના કહ્યા છે? હે ગૌતમ! ચાર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે–૧ સ્કંધો, ૨ સ્કંધદેશો, ૩ સ્કંધપ્રદેશો અને ૪ પરમાણુપુદ્ગલો. હે ભગવન્! તે (સ્કન્ધાદિ પુદ્ગલો) સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા છે? હે ગૌતમ! સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનન્તા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી પણ અનન્તા છે'? હે ગૌતમ! અનન્ત પરમાણુપુદ્ગલો છે, અનન્ત દ્વિપ્રદેશિક સ્કંધો છે, યાવત્–અનન્ત દસપ્રદેશિક સ્કંધો, અનન્ત સંખ્યાતપ્રદેશિક સ્કંધો, અનન્ત અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો અને અનન્ત અનન્ત પ્રદેશિક સ્કન્ધો છે. તે હેતુથી એમ કહું છું કે પરમાણુપુદ્ગલો સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનન્તા છે. ॥૨૩॥૨૬૮॥*

(ટી૦) '**ते णं भंते किं संखेज्जा**' ઇત્યાદિ. તે સ્કન્ધાદિ પ્રત્યેક સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા છે? ભગવાન્ ઉત્તર આપે છે–અનંતા છે. એનો વિચાર કરે છે–'**से केणट्ठेणं भंते**' તે શા હેતુથી છે ઇત્યાદિ બધું પાઠસિદ્ધ જાણવું. ॥૨૩॥૨૬૮॥

**परमाणुपोग्गलाणं भंते! केवइया पज्जवा पन्नत्ता? गोयमा! परमाणुपोग्गलाणं अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'परमाणुपुग्गलाणं अणंता पज्जवा पन्नत्ता'? गोयमा! परमाणुपुग्गले परमाणुपोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे असंखिज्जइभागहीणे वा संखिज्जभागहीणे वा संखिज्जइगुणहीणे वा असंखिज्जइगुणहीणे वा। अह अब्भहिए**

असंखिज्जइभागअब्भहिए वा संखिज्जइभागअब्भहिए वा संखिज्जगुणअब्भहिए वा असंखिज्जगुणअब्भहिए वा। कालवन्नपज्जवेहिं सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे अणंतभागहीणे वा असंखिज्जइ-भागहीणे वा संखिज्जइभागहीणे वा संखिज्जगुणहीणे वा असंखिज्जगुणहीणे वा अणंतगुणहीणे वा। अह अब्भहिए अणंतभागअब्भहिए वा असंखिज्जइभागअब्भहिए वा संखिज्जभागअब्भहिए वा संखिज्जगुण-अब्भहिए वा असंखिज्जगुणअब्भहिए वा अणंतगुणमब्भहिए वा। एवं अवसेस वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए। फासा णं सीय-उसिण-निद्ध-लुक्खेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'परमाणुपोग्गलाणं अणंता पज्जवा पन्नत्ता'। दुपएसियाणं पुच्छा? गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! दुपएसिए दुपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसमब्भहिए। ठिईए चउट्ठाणवडिए, वन्नाईहिं उवरिल्लेहिं चउफासेहि य छट्ठाणवडिए। एवं तिपएसिए वि, नवरं ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे पएसहीणे वा दुपएसहीणे वा, अह अब्भहिए पएसमब्भहिए वा दुपएसमब्भहिए वा। एवं जाव दसपएसिए, नवरं ओगाहणाए पएसपरिवुड्ढी कायव्वा जाव दसपएसिए, णवरं नवपएसहीणे त्ति। संखेज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! संखेज्जपएसिए खंधे संखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे संखेज्जभागहीणे वा संखिज्जगुणहीणे वा, अह अब्भहिए एवं चेव। ओगाहणट्ठयाए वि दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्लचउफासपज्जवेहि य छट्ठाणवडिए। असंखिज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! असंखिज्जपएसिए खंधे असंखिज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइउवरिल्लचउफासेहि य छट्ठाणवडिए। अणंतपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! अणंतपएसिए खंधे अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्नगंध-रसफासपज्जवेहिं छट्ठाणवडिए ।।सू०-२४।।२६९।।

*(મૂO) હે ભગવન્! પરમાણુપુદ્ગલોના કેટલા પર્યાયો છે? હે ગૌતમ! પરમાણુપુદ્ગલોના અનન્ત પર્યાયો છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'પરમાણુપુદ્ગલોના અનન્ત પર્યાયો છે'? હે ગૌતમ! પરમાણુપુદ્ગલ પરમાણુપુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે કદાચ ન્યૂન, કદાચ તુલ્ય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતગુણ ન્યૂન હોય કે અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતમો ભાગ અધિક હોય, સંખ્યાતગુણ અધિક હોય કે અસંખ્યાતગુણ અધિક હોય. કાળાવર્ણપર્યાયવડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનન્તગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનન્તગુણ અધિક હોય. એ પ્રમાણે તે પરમાણુ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાયો વડે અને સ્પર્શમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષપર્યાય વડે પણ છસ્થાન પતિત હોય છે. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે*

*'પરમાણુપુદ્‌ગલોના અનન્ત પર્યાયો કહ્યા છે.' દ્વિપ્રદેશિક સ્કંધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! દ્વિપ્રદેશિક સ્કન્ધ દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના રૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન (અવગાહના) હોય, જો અધિક હોય તો પ્રદેશઅધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય. વર્ણાદિ વડે અને ઉપરના ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત હોય. એ પ્રમાણે ત્રિપ્રદેશિક સ્કંધના સંબંધમાં જાણવું. પરન્તુ અવગાહના વડે કદાચ ન્યૂન, કદાચ તુલ્ય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય કે બે પ્રદેશ ન્યૂન હોય. જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય બે પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે દશ પ્રદેશિક સ્કંધ પર્યંત કહેવું. પરન્તુ અવગાહનામાં પ્રદેશની વૃદ્ધિ યાવત્ દશ પ્રદેશ સુધી કરવી. અને અવગાહના નવ પ્રદેશ ન્યૂન જાણવી. સંખ્યાતપ્રદેશિક સ્કંધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે. પ્રદેશરૂપે કદાચ ન્યૂન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો સંખ્યાતમો ભાગ ન્યૂન હોય કે સંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો એમજ હોય. અવગાહનારૂપે દ્વિસ્થાનપતિત હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય. વર્ણાદિ વડે તથા ઉપરના ચાર સ્પર્શ પર્યાય વડે ષટ્‌સ્થાનપતિત હોય. અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શાથી કહો છો? હે ગૌતમ! અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ વડે તથા ઉપરના ચાર સ્પર્શપર્યાય વડે છ સ્થાનપતિત હોય છે. અનન્તપ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેના અનન્ત પર્યાયો છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! અનન્તપ્રદેશિક સ્કંધ અનન્તપ્રદેશિક સ્કંધની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાનપતિત, અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છ સ્થાન પતિત છે. ॥૨૪॥૨૬૯॥*

(ટી૦) હવે દંડક–પાઠના ક્રમથી પરમાણુપુદ્‌ગલાદિના પર્યાયો વિચારવા યોગ્ય છે. દંડકનો ક્રમ આ પ્રમાણે છે–પ્રથમ સામાન્યતઃ પરમાણું આદિનો, ત્યારપછી એક પ્રદેશાદિ અવગાઢ પરમાણુ આદિનો, ત્યારપછી એકસમયાદિસ્થિતિવાળા પરમાણુ વગેરેનો, ત્યારપછી એકગુણવાળા ઇત્યાદિનો, ત્યારપછી જઘન્યાદિ અવગાહનાના પ્રકાર વડે, ત્યારપછી જઘન્યસ્થિત્યાદિના પ્રકાર વડે, ત્યારપછી જઘન્યગુણકાળા વગેરે રૂપે અને ત્યારપછી જઘન્યપ્રદેશાદિના ભેદ વડે વિચાર કરવો યોગ્ય છે. કહ્યું છે કે—

*'अणुमाइओहियाणं खेत्तादिपएससंगयाणं च। जहन्नावगाहणाइण चेव जहन्नादिदेसाणं'॥*

એનો અક્ષરાર્થ આ પ્રમાણે છે–પ્રથમ **'अणुमाइ ओहियाणं'** પરમાણું આદિ સામાન્યનો વિચાર કરવાનો છે, ત્યારપછી **'क्षेत्रादिप्रदेश संगतानाम्'**–ક્ષેત્રાદિ સંગત–સહિત પરમાણુ આદિનો વિચાર કરવા યોગ્ય છે. આદિ શબ્દથી કાળ અને ભાવ ગ્રહણ કરવા. એટલે પ્રથમ એકાદિ ક્ષેત્રપ્રદેશ–આકાશપ્રદેશ વડે સંગત–સહિત પરમાણુ આદિનો વિચાર કરવાનો છે. ત્યારપછી કાલપ્રદેશો–કાળના એકાદિ સમયો વડે, ત્યારપછી ભાવપ્રદેશો વડે એટલે એકગુણકાળા વગેરે વર્ણાદિવડે સહિત, ત્યારબાદ જઘન્ય અવગાહનાદિવાળા પરમાણુ આદિનો વિચાર કરવા યોગ્ય છે. આદિ શબ્દથી મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહના, જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ તથા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ કાળા વગેરે વર્ણાદિનું ગ્રહણ કરવું. ત્યારબાદ **'जघन्यादिप्रदेशानाम्'** એટલે જઘન્યપ્રદેશવાળા, ઉત્કૃષ્ટપ્રદેશવાળા અને અજઘન્યઅનુત્કૃષ્ટપ્રદેશવાળાનો વિચાર કરવાનો છે.

તેમાં પ્રથમ પરમાણુ આદિનો વિચાર કરે છે–**'परमाणुपोग्गलाणं भंते'**! હે ભગવન્! પરમાણુ પુદ્‌ગલોના કેટલા પર્યાયો કહ્યા છે? ઇત્યાદિ. પરમાણુઓ સ્થિતિવડે ચતુઃસ્થાનપતિત હોય છે. કારણ કે પરમાણુ એક સમયથી આરંભી અસંખ્યાતા કાળ સુધી એક સ્થળે રહે છે. કાળા વગેરે વર્ણના પર્યાયથી ષટ્‌સ્થાનપતિત હોય છે. કારણ કે એક પરમાણુના પણ અનન્ત

પર્યાયો અવિરોધપણે હોય છે. (પ્ર૦)–પરમાણુ પ્રદેશરહિત છે તો તેના અવિરોધપણે અનન્ત પર્યાયો કેમ હોય? અને અનન્ત પર્યાયો હોય તો અવશ્ય સપ્રદેશપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય? (ઉ૦)–વસ્તુતત્ત્વનું અજ્ઞાન હોવાથી ઉપરની શંકા અયુક્ત છે. પરમાણુના દ્રવ્યરૂપે અંશો નથી, માટે અપ્રદેશ–પ્રદેશરહિત કહેવાય છે, પરંતુ કાલ અને ભાવરૂપે અપ્રદેશ નથી. કારણ કે– 'अपएसो दव्वट्ठयाए' દ્રવ્યાર્થપણે અપ્રદેશ છે–એવું શાસ્ત્રનું કથન છે. માટે કાળ અને ભાવ વડે પરમાણુના સપ્રદેશપણામાં કોઈપણ પ્રકારે દોષ નથી. ॥૨૪॥૨૬૯॥

**एगपएसोगाढाणं पोग्गलाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! एगपएसोगाढे पोग्गले एगपएसोगाढस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्लचउफासेहिं छट्ठाणवडिए। एवं दुपएसोगाढे वि जाव दसपएसोगाढे। संखिज्जपएसोगाढाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! संखेज्जपएसोगाढे पोग्गले संखिज्जपएसोगाढस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए। असंखेज्जपएसोगाढाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! असंखेज्जपएसोगाढे पोग्गले असंखेज्जपएसोगाढस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइअट्ठफासेहिं छट्ठाणवडिए ।।सू०-२५।।२७०।।**

*(મૂ૦) એકપ્રદેશાવગાઢ પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! એકપ્રદેશાવગાઢ પુદ્ગલ એકપ્રદેશાવગાઢ પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશસ્વરૂપે છ સ્થાનપતિત છે, અવગાહના રૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે દ્વિપ્રદેશાવગાઢાદિ પુદ્ગલોના સંબંધમાં જાણવું. સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલ સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છ સ્થાનપતિત છે, અવગાહનારૂપે દ્વિસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે. અસંખ્યપ્રદેશાવગાઢ પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલ અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છ સ્થાનપતિત છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા આઠ સ્પર્શ વડે છ સ્થાન પતિત છે.॥૨૫॥૨૭૦॥*

(ટી૦) પરમાણુથી આરંભી અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ પર્યન્ત તથા કેટલાએક અનન્ત પ્રદેશિક સ્કન્ધોને તથા એક પ્રદેશાવગાઢથી માંડીસંખ્યાત પ્રદેશાવગાઢ સ્કન્ધોને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષરૂપ ચાર સ્પર્શો હોય છે. માટે તે સ્પર્શો વડે જ પરમાણુ વગેરે છ સ્થાનપતિત હોય છે, પરંતુ બાકીના સ્પર્શો વડે હોતા નથી. દ્વિપ્રદેશિક સ્કન્ધના સૂત્રમાં દ્વિપ્રદેશિક સ્કન્ધ અવગાહનારૂપે કદાચન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જ્યારે બન્ને દ્વિપ્રદેશિક સ્કન્ધો દ્વિપ્રદેશાવગાઢ–બે આકાશપ્રદેશમાં રહેલાહોય કે એકપ્રદેશાવગાઢ–એક આકાશપ્રદેશમાં રહેલા હોય ત્યારે તેઓ બન્ને તુલ્ય અવગાહનાવાળા હોય છે. જ્યારે તેમાંન એક સ્કન્ધ દ્વિપ્રદેશાવગાઢ હોય અને એક એકપ્રદેશાવગાઢ હોય ત્યારે એકપ્રદેશાવગાઢ સ્કન્ધ દ્વિપ્રદેશાવગાઢની અપેક્ષાએ પ્રદેશશૂન્ય હોય છે અને દ્વિપ્રદેશાવગાઢ તેની અપેક્ષાએ પ્રદેશાધિક હોય છે. બાકી બધું પૂર્વની પેઠે જાણવું, ત્રિપ્રદેશિક સ્કન્ધન સૂત્રમાં 'અવગાહના વડે કદાચ ન્યૂન હોય'–ઇત્યાદિ. જ્યારે બન્ને ત્રિપ્રદેશિક સ્કન્ધો ત્રિપ્રદેશાવગાઢ, દ્વિપ્રદેશાવગાઢ

કે એકપ્રદેશાવગાઢ હોય ત્યારે તે અવગાહનાવડે તુલ્ય છે, પરંતુ જ્યારે એક ત્રિપ્રદેશાવગાઢ કે દ્વિપ્રદેશાવગાઢ હોય અને બીજો દ્વિપ્રદેશાવગાઢ કે એકપ્રદેશાવગાઢ હોય ત્યારે દ્વિપ્રદેશાવગાઢ અને એકપ્રદેશાવગાઢ અનુક્રમે ત્રિપ્રદેશાવગાઢ અને દ્વિપ્રદેશાવગાઢની અપેક્ષાએ એક પ્રદેશ ન્યૂન હોય છે. અને ત્રિપ્રદેશાવગાઢ અને દ્વિપ્રદેશાવગાઢ તેની અપેક્ષાએ એક પ્રદેશ અધિક હોય છે. જ્યારે એક ત્રિપ્રદેશાવગાઢ છે અને બીજો એકપ્રદેશાવગાઢ છે ત્યારે એકપ્રદેશાવગાઢ સ્કન્ધ ત્રિપ્રદેશાવગાઢની અપેક્ષાએ બે પ્રદેશ ન્યૂન છે, અને ત્રિપ્રદેશાવગાઢ તેની અપેક્ષાએ બે પ્રદેશ અધિક છે. એ પ્રમાણે એક એક પ્રદેશની વૃદ્ધિ કરવા વડે ચતુઃપ્રદેશાદિ સ્કન્ધને વિષે હાનિ અથવા વૃદ્ધિ યાવત્ દસપ્રદેશવાળા સ્કંધ સુધી કહેવી. તે દસ પ્રદેશના સ્કન્ધને વિષે આ પ્રમાણે કહેવું-'જો ન્યૂન હોય તો એક પ્રદેશ, બે પ્રદેશ, યાવત્-નવ પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો એક પ્રદેશ અધિક બે પ્રદેશ અધિક યાવત્-નવ પ્રદેશ અધિક હોય. એ બધો વિચાર પૂર્વે કહ્યા પ્રમાણે સ્વયં કરવો. સંખ્યાતપ્રદેશિક સૂત્રમાં સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ 'અવગાહનારૂપે દ્વિસ્થાનપતિત હોય છે.' અને તે દ્વિસ્થાનક સંખ્યાતભાગ અને સંખ્યાતગુણ વડે જાણવા. અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધમાં 'અવગાહનારૂપે ચતુ:ચાર સ્થાનકો હોય છે.' અને તે ચાર સ્થાનકો અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ વડે જાણવા. અનન્તપ્રદેશિક સ્કન્ધને વિષે પણ અવગાહનારૂપે ચાર સ્થાનકો જાણવા. કારણ કે તેને અનન્ત પ્રદેશની અવગાહનાનો અસંભવ હોવાથી અનન્તભાગ અને અનન્તગુણ વૃદ્ધિ કે હાનિનો અસંભવ છે. ॥૨૫॥૨૭૦॥

**एगसमयठिइयाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! एगसमयठिइए पोग्गले एगसमयठिइयस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिते, ठितीए तुल्ले, वण्णाइअट्ठफासेहिं छट्ठाणवडिए। एवं जाव दससमयठिईए। संखेज्जसमयठिइयाणं एवं चेव, णवरं ठिईए दुट्ठाणवडिए। असंखेज्जसमयठिइयाणं एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए ।।सू०-२६।।२७१।।**

*(મૂ૦) એક સમયસ્થિતિવાળા પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! એક સમયસ્થિતિવાળા પુદ્ગલ એક સમયસ્થિતિવાળા પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિ વડે તુલ્ય છે, અને વર્ણાદિ તથા આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે યાવત્ દસસમયસ્થિતિવાળા પુદ્ગલના સંબંધમાં જાણવું. સંખ્યાતસમયસ્થિતિવાળાના સંબંધમાં એમજ જાણવું. પરંતુ તે સ્થિતિ વડે દ્વિસ્થાન પતિત છે. અસંખ્યાત સમયસ્થિતિવાળ પુદ્ગલોના સંબંધમાં એમજ સમજવું. પરન્તુ તે સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. ॥૨૬॥૨૭૧॥*

**एकगुणकालगाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! एकगुणकालए पोग्गले एकगुणकालगस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, अट्ठहिं फासेहिं छट्ठाणवडिए। एवं जाव दसगुणकालए। संखेज्जगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे दुट्ठाणवडिए। एवं असंखिज्जगुणकालए वि, नवरं सट्ठाणे चउट्ठाणवडिए। एवं अनंतगुणकालए वि, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं जहा कालवन्नस्स वत्तव्वया भणिया तहा सेसाण वि वन्न-गंध-रस-फासाणं वत्तव्वया भाणियव्वा जाव अणंतगुणलुक्खे ।।सू०-२७।।२७२।।**

*(મૂ૦) એકગુણકાળા પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! એકગુણકાળા પુદ્ગલ એકગુણકાળા પુદ્ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત, અવગાહનારૂપે અને સ્થિતિ રૂપે ચતુઃસ્થાન પતિત, કાળા વર્ણ પર્યાય વડે તુલ્ય, અને બાકીના વર્ણ, ગંધ રસ અને સ્પર્શ પર્યાય વડે તથા આઠ સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે દસગુણ કાળા પુદ્ગલોના સંબંધમાં*

*જાણવું. સંખ્યાતગુણ કાળા પુદ્‌ગલોના સંબંધમાં એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન-સંખ્યાતગુણકાળાવર્ણને આશ્રયી દ્વિસ્થાનપતિત હોય છે. એ પ્રમાણે અસંખ્યાતગુણ કાળા વર્ણને આશ્રયી જાણવું. પરંતુ સ્વસ્થાનની અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત હોય છે. એમ અનન્તગુણ કાળાપુદ્‌ગલોના સંબંધમાં જાણવું, પરન્તુ સ્વસ્થાન-અનન્તગુણ કાળા વર્ણને આશ્રયી છ સ્થાનપતિત હોય છે. એ પ્રમાણે જેમ કાળા વર્ણની વક્તવ્યતા કહી છે તેમ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની પણ વક્તવ્યતા યાવત્ અનન્તગુણ રુક્ષ પુદ્‌ગલો સુધી કહેવી. ॥૨૭॥૨૭૨॥*

(ટી૦) 'एगपएसोगाढाणं पोग्गलाणं भंते!' હે ભગવન્! એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલોના કેટલા પર્યાયો છે? ઇત્યાદિ સૂત્ર છે. અહીં એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલો 'દ્રવ્યરૂપે તુલ્ય છે અને પ્રદેશરૂપે છસ્થાન પતિત હોય છે.' કારણ કે અમુક એક પ્રદેશને આશ્રયી રહેલ પરમાણુ આદિ પણ દ્રવ્ય છે, અને આ બીજા એક પ્રદેશને આશ્રયી રહેલ દ્વિપ્રદેશાદિક સ્કન્ધ પણ દ્રવ્ય છે. માટે દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે. પ્રદેશાર્થરૂપે ષટ્‌સ્થાન પતિત છે. કેમકે અનન્તપ્રદેશિક સ્કન્ધની પણ એક આકાશ પ્રદેશને વિષે અવગાહનાનો સંભવ છે. બાકી બધું સુગમ છે. એ પ્રમાણે સ્થિતિ અને ભાવને આશ્રયી સૂત્રનો ઉપયોગ પૂર્વક વિચાર કરવો. ॥૨૭॥૨૭૨॥

**जहन्नोगाहणगाणं भंते।[1] दुपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोगाहणए दुपएसिए खंधे जहन्नोगाहण[ग]स्स दुपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं छट्ठाणवडिए, सेसवन्न-गंध-रस-पज्जवेहिं छट्ठाणवडिए, सीय-उसिण-णिद्ध-लुक्ख-फासपज्जवेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-"जहन्नोगाहणाणं दुपएसियाणं पोग्गलाणं अणंता पज्जवा पन्नत्ता'। उक्कोसोगाहणए वि एवं चेव। अजहन्नमणुक्कोसोगाहणओ नत्थि। जहन्नोगाहणयाणं भंते! तिपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहा दुपएसिए जहन्नोगाहणए, उक्कोसोगाहणए वि एवं चेव, एवं अजहन्नमणुक्कोसोगाहणए वि। जहन्नोगाहणयाणं भंते! चउपएसियाणं पुच्छा। गोयमा! जहा जहन्नोगाहणए दुपएसिए तहा जहन्नोगाहणए चउप्पएसिए, एवं जहा उक्कोसोगाहणए दुपएसिए तहा उक्कोसोगाहणए चउप्पएसिए वि। एवं अजहन्नमणुक्कोसोगाहणए वि चउप्पएसिए, णवरं ओगाहणट्ठयाए सिय हीणे सिये तुल्ले, सियमब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसअब्भहिए। एवं जाव दसपएसिए णेयव्वं, णवरं अजहन्नुक्कोसोगाहणए पएसपरिवुड्ढी कायव्वा जाव दसपएसियस्स सत्त पएसा परिवुड्ढिज्जंति। जहन्नोगाहणगाणं भंते! संखेज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोगाहणए संखेज्जपएसिए जहन्नोगाहणगस्स संखिज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-चउफासपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसोगाहणए वि। अजहन्नमणुक्कोसोगाहणए वि एवं चेव, णवरं सट्ठाणे दुट्ठाणवडिए। जहन्नोगाहणगाणं भंते! असंखिज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोगाहणए असंखिज्जपएसिए खंधे जहन्नोगाहणगस्स असंखिज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्लफासेहिं य छट्ठाणवडिए। एवं उक्कोसोगाहणए वि। अजहन्नमणुक्कोसोगाहणए वि एवं चेव, नवरं सट्ठाणे चउट्ठाणवडिए। जहन्नोगाहणगाणं भंते! अणंतपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नोगाहणए अणंतपएसिए खंधे जहन्नोगाहण[ग]स्स**

१. जहण्णोगाहणगाणं (મ.વિ.)

अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्लचउफासेहिं छट्ठाणवडिए। उक्कोसोगाहणए वि एवं चेव, नवरं ठिईए वि तुल्ले। अजहन्नमणुक्कोसोगाहणगाणं भंते। अणंतपएसियाणं पुच्छा। गोयमा। अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते। एवं वुच्चइ? गोयमा। अजहन्नमणुक्कोसोगाहणए अणंतपएसिए खंधे अजहन्नमणुक्कोसोगाहणगस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइअट्ठफासेहिं छट्ठाणवडिए ।।सू०-२८।।२७३।।

(મૂ૦) જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો દ્વિપ્રદેશિક સ્કંધ જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, કાળાવર્ણપર્યાય વડે, બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે તથા શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષપર્યાય વડે છસ્થાન પતિત છે. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક પુદ્ગલોના અનન્ત પર્યાયો કહ્યા છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. મધ્યમઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધ નથી. જઘન્યઅવગાહનાવાળા ત્રિપ્રદેશિક પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જેમ જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કંધના સંબંધમાં કહ્યું તેમ જાણવું. ઉત્કૃષ્ટઅવગાહનાવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. એ પ્રમાણે મધ્યમઅવગાહનાવાળાના સંબંધમાં પણ જાણવું. જઘન્યઅવગાહનાવાળા ચતુઃપ્રદેશિક પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! જેમ જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિકના સંબંધમાં કહ્યું તેમ જઘન્યઅવગાહનાવાળા ચતુઃપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પણ કહેવું. જેમ ઉત્કૃષ્ટઅવગાહનાવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ કહ્યો તેમ ઉત્કૃષ્ટઅવગાહનાવાળો ચતુઃપ્રદેશિક સ્કન્ધ પણ કહેવો. એમ મધ્યમઅવગાહનાવાળો ચતુઃપ્રદેશિક સ્કન્ધ પણ જાણવો. પરન્તુ અવગાહના વડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે યાવત્-દશ પ્રદેશિક સ્કન્ધ સુધી જાણવું. પરન્તુ મધ્યમ અવગાહના સંબંધી પ્રદેશની વૃદ્ધિ કરવી. યાવદ્-દસ પ્રદેશિકને સાત પ્રદેશોની વૃદ્ધિ કરવી. જઘન્યઅવગાહનાવાળા સંખ્યાતપ્રદેશિક પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યઅવગાહનાવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે દ્વિસ્થાનપતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ચાર સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સ્કન્ધના સંબંધમાં જાણવું. મધ્યમઅવગાહનાવાળા સ્કન્ધના સંબંધમાં પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન-મધ્યમ અવગાહનાને આશ્રયી દ્વિસ્થાનપતિત છે. જઘન્યઅવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યઅવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે ચતુઃસ્થાન પતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શો વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટઅવગાહનાવાળા સ્કન્ધના સંબંધમાં જાણવું. મધ્યમઅવગાહનાવાળા સ્કન્ધના સંબંધમાં પણ એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન-મધ્યમ અવગાહનાને આશ્રયી ચતુઃસ્થાન પતિત છે. જઘન્યઅવગાહનાવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો

*કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્યઅવગાહનાવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ તથા ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળો સ્કન્ધ પણ એમજ જાણવો. પરન્તુ સ્થિતિ વડે તુલ્ય છે. મધ્યમઅવગાહનાવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! મધ્યમઅવગાહના–વાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ મધ્યમઅવગાહનાવાળા અનન્ત પ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ અને આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. ॥૨૮॥૨૭૩॥*

(ટી૦) **'जहन्नोगाहणाणं भंते दुपएसियाणं'** જઘન્યઅવગાહનાવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધોના કેટલા પર્યાયો હોય છે? ઇત્યાદિ. દ્વિપ્રદેશિક સ્કન્ધની જઘન્ય અવગાહના એક પ્રદેશરૂપ છે અને ઉત્કૃષ્ટ દ્વિપ્રદેશરૂપ છે. અહીં વચ્ચે અન્તર નહિ હોવાથી મધ્યમ અવગાહના નથી. એ માટે કહ્યું છે–**'अजहन्नमणुक्कोसोगाहणओ नत्थि'** મધ્યમઅવગાહનાવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ નથી. ત્રિપ્રદેશિક સ્કન્ધની જઘન્ય અવગાહના એક પ્રદેશરૂપ, મધ્યમ અવગાહના દ્વિપ્રદેશકરૂપ અને ઉત્કૃષ્ટ અવગાહના ત્રિપ્રદેશરૂપ છે. ચતુઃપ્રદેશિક સ્કન્ધની જઘન્ય એક પ્રદેશ, ઉત્કૃષ્ટ ચાર પ્રદેશરૂપ અને મધ્યમ અવગાહના દ્વિપ્રદેશ અને ત્રિપ્રદેશરૂપ એમ બે પ્રકારની છે. જ્યારે એમ છે ત્યારે મધ્યમઅવગાહનાવાળો ચતુઃપ્રદેશિક સ્કન્ધ મધ્યમ અવગાહનાવાળા ચતુઃપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ જો ન્યૂન હોય તો અવગાહનામાં એક પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો એક પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે પચ્ચપ્રદેશિકાદિ સ્કન્ધોમાં મધ્યમ અવગાહનાને આશ્રયી પ્રદેશની વૃદ્ધિ કરવા વડે વૃદ્ધિ અને હાનિ ત્યાં સુધી કહેવી યાવત્ દશપ્રદેશિક સ્કન્ધમાં સાત પ્રદેશની વૃદ્ધિ કરવી. તે આ પ્રમાણે કહેવી–'અજઘન્યઅનુત્કૃષ્ટ–મધ્યમઅવગાહનાવાળો દસપ્રદેશિક સ્કન્ધ મધ્યમઅવગાહનાવાળા દસપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ અવગાહનારૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય કે કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો એક પ્રદેશ, બે પ્રદેશ, યાવત્–સાત પ્રદેશ ન્યૂન હોય. જો અધિક હોય તો એક પ્રદેશ, બે પ્રદેશ, યાવત્–સાત પ્રદેશ અધિક હોય. બાકીનું સૂત્ર સુગમ હોવાથી સ્વયં ઉપયોગ રાખી વિચારવું. પરંતુ અનન્તપ્રદેશિક સ્કન્ધની ઉત્કૃષ્ટ અવગાહનાના વિચારમાં તે 'સ્થિતિ વડે તુલ્ય છે.' ઉત્કૃષ્ટઅવગાહનાવાળો અનન્તપ્રદેશિક સ્કન્ધ તે કહેવાય કે જે સમસ્ત લોકવ્યાપી હોય. તે અચિત્ત મહાસ્કન્ધ કે કેવલિસમુદ્ઘાતની અવસ્થામાં કર્મસ્કન્ધ જાણવો. તે બન્નેનો પણ દંડ, કપાટ, મંથાન અને અન્તર પૂરવારૂપ ચાર સમયનો કાળ છે, માટે તુલ્ય કાળ છે. બાકીના સૂત્રો સુગમ હોવાથી પદની સમાપ્તિ પર્યન્ત પૂર્વે કહેલી ભાવનાને અનુસારે સ્વયમેવ ઉપયોગપૂર્વક વિચારવાં. પરંતુ જઘન્ય પ્રદેશવાળા સ્કન્ધો દ્વિપ્રદેશિક અને ઉત્કૃષ્ટપ્રદેશવાળા સ્કન્ધો સર્વોત્કૃષ્ટ અનન્તપ્રદેશવાળા જાણવા. ॥૨૮॥૨૭૩॥

આચાર્યશ્રીમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકામાં વિશેષપદનો અનુવાદ સમાપ્ત.

**जहन्नठिइयाणं भंते! परमाणुपुग्गलाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नठिइए परमाणुपोग्गले जहन्नठिइयस्स परमाणुपोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तुल्ले, वण्णाइदुफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए। जहन्नठिइयाणं दुपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नठिइए दुपएसिए जहन्नठिइयस्स दुपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसअब्भहिए। ठिईए तुल्ले, वण्णाइचउफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए**

**वि एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए। एवं जाव दसपएसिए, नवरं पएसपरिवुड्ढी कायव्वा। ओगाहणट्ठयाए तिसु वि गमएसु जाव दसपएसिए, एवं पएसा परिवड्ढिज्जंति[णव पएसा वड्ढिज्जंति]। जहन्नठिइयाणं भंते! संखिज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नठिइए संखिज्जपएसिए खंधे जहन्नठिइयस्स संखिज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णाइचउफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए। जहन्नठिइयाणं असंखिज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नठिइए असंखिज्जपएसिए खंधे जहन्नठिइयस्स असंखिज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णाइउवरिल्लचउफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए। जहन्नठिइयाणं अणंतपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नठिइए अणंतपएसिए जहन्नठिइयस्स अणंतपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णाइअट्ठफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं ठिईए चउट्ठाणवडिए ।।सू०-२१।।२७४।।**

*(મૂ૦) જઘન્યસ્થિતિવાળા પરમાણુપુદ્‌ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો પરમાણુપુદ્‌ગલ જઘન્યસ્થિતિવાળા પરમાણુપુદ્‌ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે, અવગાહનારૂપે અને સ્થિતિરૂપે તુલ્ય છે. વર્ણાદિ અને બે સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટસ્થિતિવાળા પરમાણુના સંબંધમાં પણ જાણવું. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. જઘન્યસ્થિતિવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન હોય અને અધિક હોય તો પ્રદેશઅધિક અવગાહના હોય. સ્થિતિ વડે તુલ્ય, વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત હોય. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં જાણવું. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે યાવત્-દશપ્રદેશિક સુધી જાણવું. પરન્તુ પ્રદેશની વૃદ્ધિ કરવી. અવગાહના વડે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ-એ ત્રણે પાઠમાં યાવત્-દશપ્રદેશિકને પ્રદેશની વૃદ્ધિ કરવી. જઘન્યસ્થિતિવાળા સંખ્યાત-પ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે દ્વિસ્થાન પતિત છે, અવગાહનારૂપે દ્વિસ્થાન પતિત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં જાણવું. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. જઘન્યસ્થિતિવાળા અસંખ્યાતપ્રદેશિક પુદ્‌ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનંત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત હોય છે, સ્થિતિ વડે તુલ્ય છે, વર્ણાદિ અને ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત*

*છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં જાણવું. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. જઘન્યસ્થિતિવાળા અનંતપ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળો અનંતપ્રદેશિક સ્કન્ધ જઘન્યસ્થિતિવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિ વડે તુલ્ય છે, વર્ણાદિ તથા આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળાના સંબંધમાં જાણવું. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ જાણવું. પરન્તુ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. ॥૨૯॥૨૭૪॥*

जहन्नगुणकालयाणं भंते! परमाणुपुग्गलाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणकालए परमाणुपुग्गले जहन्नगुणकालगस्स परमाणुपुग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसा वण्णा नत्थि। गंध-रस-दुफासपज्जवेहिं य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। एवमजहन्नमणुक्कोसगुणकालए वि णवरं सट्ठाणे छट्ठाणवडिए। जहन्नुगणकालयाणं भंते! दुपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणकालए दुपएसिए जहन्नगुणकालयस्स दुपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसअब्भहिए। ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसवण्णाइ-उवरिल्लचउफासेहिं य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं जाव दसपएसिए, नवरं पएसपरिवड्ढी ओगाहणा[ए] तहेव। जहन्नगुणकालयाणं भंते! संखिज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नुगणकालए संखिज्जपएसिए जहन्नगुणकालगस्स संखिज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्णाइ-उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। [एवं] अजहन्नमणुक्कोसगुणकालए वि, एवं चेव। नवरं सट्ठाणे छट्ठाणवडिए। जहन्नगुणकालयाणं भंते! असंखिज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नुगणकालए असंखिज्जपएसिए जहन्नगुणकालगस्स असंखिज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्णाइ-उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। जहन्नगुणकालयाणं भंते! अणंतपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणकालए अणंतपएसिए जहन्नगुणकालयस्स अणंतपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्नादि-अट्ठफासेहि य छट्ठाणवडिए। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं नील-लोहिय-हालिद्द-सुक्किल्ल-सुब्भिगंध-दुब्भिगंध-तित्त-कडुय-कसाय-अंबिल-महुररसपज्जवेहि य वत्तव्वया भाणियव्वा, नवरं परमाणुपोग्गलस्स सुब्भिगंधस्स दुब्भिगंधो न भण्णइ, दुब्भिगंधस्स सुब्भिगंधो न भण्णइ, तित्तस्स

अवसेसा न भण्णंति, एवं कडुयादीण वि, [अव]सेसं तं चेव। जहन्नगुणकक्खडाणं अणंतपएसियाणं [खंधाणं] पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणकक्खडे अणंतपएसिए जहन्नगुणकक्खडस्स अणंतपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रसेहिं छट्ठाणवडिए, कक्खडफासपज्जवेहिं तुल्ले, अवसेसेहिं सत्तफासपज्जवेहिं, छट्ठाणवडिए। एवं उक्कोसगुणकक्खडे वि। अजहन्नमणुक्कोसगुणकक्खडे वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं मउय-गरुय-लहुए-वि भाणियव्वे। जहन्नगुणसीयाणं भंते! परमाणुपोग्गलाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणसीये परमाणुपोग्गले जहन्नगुणसीतस्स परमाणुपोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रसेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहि य तुल्ले, उसिणफासो न भण्णति, निद्ध-लुक्खफासपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसगुणसीए वि। अजहन्नमणुक्कोसगुणसीते वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। जहन्नगुणसीताणं दुपदेसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणसीते दुपएसिए जहन्नगुणसीतस्स दुपदेसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसअब्भहिए। ठिईए चउट्ठाणवडिए, वन्न-गंध-रस-पज्जवेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, उसिण-निद्ध-लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसगुणसीते वि। अजहन्नमणुक्कोसगुणसीते वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं जाव दसपएसिए, णवरं ओगाहणट्ठयाए पएसपरिवड्ढी कायव्वा, जाव दसपएसियस्स नव पएसा वड्ढिज्जंति। जहन्नगुणसीयाणं संखेज्जपएसियाणं [भंते!] पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणसीते संखिज्जपएसिए जहन्नगुणसीतस्स संखिज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादीहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, उसिण-निद्ध-लुक्खेहिं छट्ठाणवडिए। एवं उक्कोसगुणसीते वि। अजहन्नमणुक्कोसगुणसीते वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। जहन्नगुणसीयाणं असंखेज्जपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणसीते असंखिज्जपएसिए जहन्नगुणसीतस्स असंखिज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइपज्जवेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, उसिण-निद्ध-लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसगुणसीते वि। अजहन्नमणुक्कोसगुणसीते वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। जहन्नगुणसीताणं अणंतपएसियाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नगुणसीते अणंतपएसिए जहन्नगुणसीतस्स अणंतपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइपज्जवेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, अवसेसेहिं सत्तफासपज्जवेहिं छट्ठाणवडिए। एवं उक्कोसगुणसीते वि। अजहन्नमणुक्कोसगुणसीते वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं उसिणे-निद्धे-लुक्खे जहा सीते। परमाणुपोग्गलस्स तहेव पडिवक्खो, सव्वेसिं न भण्णइ त्ति भाणियव्वं ।।सू०-३०।।२७५।।

(મૂ૦) જઘન્યકાળાવર્ણવાળા પરમાણુપુદ્‌ગલના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્ય કાળાવર્ણવાળો પુદ્‌ગલપરમાણુ જઘન્યકાળાવર્ણવાળા પરમાણુપુદ્‌ગલની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણો નથી. ગંધ, રસ અને બે સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળા પરમાણુના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્યકાળાવર્ણવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ જઘન્યકાળાવર્ણવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના વડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન હોય, અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત, કાળાવર્ણપર્યાય વડે તુલ્ય અને બાકીના વર્ણાદિ અને ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત હોય છે. એમ ઉત્કૃષ્ટકાળાવર્ણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં એમજ જાણવું. પરન્તુ સ્વસ્થાન–મધ્યમકાળાવર્ણને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે યાવત્–દશપ્રદેશિક સુધી જાણવું. પરન્તુ અવગાહનામાં તે પ્રમાણે જ પ્રદેશની વૃદ્ધિ કરવી. જઘન્યકાળાવર્ણવાળા સંખ્યાત પ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યકાળાવર્ણવાળા સંખ્યાત પ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે દ્વિસ્થાન પતિત છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત, કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે અને બાકીના વર્ણાદિ વડે તથા ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી ષટ્‌સ્થાન પતિત હોય છે. જઘન્યકાળાવર્ણવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે જઘન્યકાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધના અનન્ત પર્યાયો છે? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળો અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યકાળાવર્ણવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે, કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. અને બાકીના વર્ણાદિ અને ઉપરના ચાર સ્પર્શ વડે છસ્થાન પતિત છે. અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્યકાળા–વર્ણવાળા અનંતપ્રદેશિક પુદ્‌ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળો અનંતપ્રદેશિક સ્કન્ધ જઘન્યકાળાવર્ણવાળા અનંતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળાવર્ણપર્યાય વડે તુલ્ય છે. બાકીના વર્ણાદિ અને આઠ સ્પર્શ વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકાળાવર્ણવાળા માટે પણ સમજવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત છે. એ પ્રમાણે નીલ (લીલા) રાતા, પીળા, ધોળા, સુરભિગંધ, દુરભિગંધ, તિક્ત (કડવા), કટુ (તીખા) કષાય (તુરા), અમ્લ (ખાટા) અને મધુરરસપર્યાય વડે વક્તવ્યતા કહેવી. પરન્તુ સુરભિગંધવાળા પરમાણુપુદ્‌ગલને દુરભિગંધ ન કહેવો અને દુરભિગંધવાળાને સુરભિગંધ ન કહેવો. તિક્તને બાકીના રસ ન કહેવાં. એ પ્રમાણે કટુકાદિના સંબંધમાં પણ સમજવું. બાકી બધું તેજ પ્રમાણે જાણવું. જઘન્યકર્કશગુણવાળા અનંતપ્રદેશિક સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે, હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યકર્કશગુણવાળો

અનન્તપ્રદેશિક સ્કન્ધ જઘન્યકર્કશગુણવાળા અનન્તપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે, અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ અને રસ વડે છસ્થાન પતિત છે. કર્કશસ્પર્શપર્યાય વડે તુલ્ય છે અને બાકીના સાત સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટકર્કશગુણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકર્કશગુણવાળાના સંબંધમાં એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનની અપેક્ષાએ છસ્થાન પતિત હોય છે. એમ મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શના સંબંધમાં પણ કહેવું. જઘન્ય શીતગુણવાળા પરમાણુપુદ્ગલના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યશીતગુણવાળો પરમાણુ જઘન્યશીતગુણવાળા પરમાણુની અપેક્ષાએ દ્રવ્યરૂપે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણ, ગંધ અને રસ વડે છસ્થાન પતિત છે, શીત સ્પર્શ વડે તુલ્ય છે. ઉષ્ણ સ્પર્શ હોતો નથી. સ્નિગ્ધ અને રુક્ષસ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતસ્પર્શવાળાના સંબંધમાં જાણવું. મધ્યમશીતગુણવાળાના સંબંધમાં પણ એમજ સમજવું, પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્યશીત–ગુણવાળા દ્વિપ્રદેશિક પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યશીતગુણવાળો દ્વિપ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણવાળા દ્વિપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના વડે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે, વર્ણ, ગંધ અને રસપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. શીત સ્પર્શ વડે તુલ્ય હોય છે. ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષસ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતગુણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમશીતગુણવાળાના સંબંધમાં પણ એમજ સમજવું, પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એમ યાવત્–દશપ્રદેશિક સ્કન્ધ સુધી જાણવું, પરન્તુ અવગાહના વડે પ્રદેશની વૃદ્ધિ કરવી. યાવત્ દશપ્રદેશિકને નવ પ્રદેશોની વૃદ્ધિ કરવી. જઘન્યશીતગુણવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યશીતગુણવાળો સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણવાળા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે અને અવગાહનારૂપે દ્વિસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ વડે છસ્થાન પતિત છે, શીતસ્પર્શપર્યાય વડે તુલ્ય છે, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતગુણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમશીતગુણવાળાના સંબંધમાં એમજ સમજવું, પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્યશીતગુણવાળા અસંખ્યાતપ્રદેશિક પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યશીતગુણવાળો અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ જઘન્ય–શીતગુણવાળા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે, અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ પર્યાય વડે છસ્થાન પતિત છે. શીતસ્પર્શપર્યાય વડે તુલ્ય છે અને ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતગુણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમ–શીતગુણવાળાના સંબંધમાં પણ એમજ સમજવું, પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. જઘન્ય–શીતગુણવાળા અનંતપ્રદેશિક પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા। હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યશીતગુણવાળો અનંતપ્રદેશિક સ્કન્ધ જઘન્યશીતગુણવાળા અનંતપ્રદેશિક સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે તુલ્ય છે, પ્રદેશરૂપે છસ્થાન પતિત છે. અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત હોય છે. વર્ણાદિપર્યાય વડે છસ્થાન પતિત છે, શીતસ્પર્શ વડે તુલ્ય છે, બાકીના સાત સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીતસ્પર્શવાળાના સંબંધમાં જાણવું. મધ્યમશીતસ્પર્શવાળાના સંબંધમાં પણ એમજ સમજવું,

*પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે જેમ શીતસ્પર્શના સંબંધમાં કહ્યું તેમ ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શના સંબંધમાં જાણવું. પરમાણુપુદ્ગલના સંબંધમાં તેમજ સમજવું. પરન્તુ સર્વ પરમાણુઓને પ્રતિપક્ષ વર્ણાદિ ન કહેવાં. ॥૩૦॥૨૭૫॥*

**जहन्नपएसियाणं भंते! खंधाणं पुच्छा। गोयमा! अणंता पज्जवा पन्नत्ता। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहन्नपएसिए खंधे जहन्नपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसअब्भहिए। ठिईए चउट्ठाणवडिए। वन्न-गंध-रस-उवरिल्लचउफासपज्जवेहिं छट्ठाणवडिए। उक्कोसपएसियाणं भंते! खंधाणं पुच्छा। गोयमा! अणंता०। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! उक्कोसपएसिए खंधे उक्कोसपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-अट्ठफासपज्जवेहि य छट्ठाणवडिए। अजहन्नमणुक्कोसपएसियाणं भंते! खंधाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता०। से केणट्ठेणं० गोयमा! अजहन्नमणुक्कोसपएसिए खंधे अजहन्नमणुक्कोसपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-अट्ठफासपज्जवेहि य छट्ठाणवडिए ।।सू०-३१।।२७६।।**

*(મૂ૦) જઘન્યપ્રદેશવાળા સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યપ્રદેશવાળો સ્કન્ધ જઘન્યપ્રદેશવાળા સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે કદાચ ન્યૂન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, જો અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. વર્ણ, ગંધ, રસ અને ઉપરના ચાર સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. ઉત્કૃષ્ટપ્રદેશવાળા સ્કન્ધોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! ઉત્કૃષ્ટપ્રદેશવાળો સ્કન્ધ ઉત્કૃષ્ટપ્રદેશવાળા સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યરૂપે અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ વડે તથા આઠ સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત હોય છે. મધ્યમપ્રદેશપરિમાણવાળા સ્કન્ધોને કેટલા પર્યાયો કહ્યા છે? હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! મધ્યમપ્રદેશવાળો સ્કન્ધ મધ્યમપ્રદેશવાળા સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે અને વર્ણાદિ અને આઠ સ્પર્શપર્યાયો વડે છસ્થાન પતિત છે. ॥૩૧॥૨૭૬॥*

**जहन्नोगाहणगाणं भंते! पोग्गलाणं पुच्छा। गोयमा! अणंता०। से केणट्ठेणं०? गोयमा! जहन्नोगाहणए पोग्गले जहन्नोगाहणगस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले। ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्लफासेहि य छट्ठाणवडिए। उक्कोसोगाहणएवि एवं चेव, नवरं ठिईए तुल्ले। अजहन्नमणुक्कोसोगाहणगाणं भंते! पोग्गलाणं पुच्छा। गोयमा! अणंता०। से केणट्ठेणं०? गोयमा! अजहन्न-मणुक्कोसोगाहणए पोग्गले अजहन्नमणुक्कोसोगाहणगस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-अट्ठफासपज्जवेहि य छट्ठाणवडिए।।सू०-३२।।२७७।।**

*(મૂ૦) જઘન્યઅવગાહનાવાળા પુદ્ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યઅવગાહનાવાળું પુદ્ગલદ્રવ્ય જઘન્યઅવગાહનાવાળા પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે તુલ્ય છે, અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે.*

*વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. ઉત્કૃષ્ટઅવગાહનાવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરંતુ સ્થિતિ વડે તુલ્ય છે. હે ભગવન્! અજઘન્યઅનુત્કૃષ્ટ અવગાહનાવાળા પુદ્‌ગલોના સંબંધમાં પ્રશ્ન. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! અજઘન્યઅનુત્કૃષ્ટઅવગાહનાવાળો પુદ્‌ગલ સ્કન્ધ અજઘન્યઅનુત્કૃષ્ટઅવગાહનાવાળા પુદ્‌ગલ સ્કન્ધની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે, પ્રદેશસ્વરૂપે છસ્થાન પતિત છે, અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાય વડે છસ્થાન પતિત છે. ॥૩૨॥૨૭૭॥*

**जहन्नठिइयाणं भंते! पोग्गलाणं पुच्छा। गोयमा! अणंता०। से केणट्ठेणं०? गोयमा! जहन्नठिइए पोग्गले जहन्नठिइयस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णाइ-अट्ठफासपज्जवेहि य छट्ठाणवडिए। एवं उक्कोसठिइए वि। अजहन्नमणुक्कोसठिइए वि एवं चेव, नवरं ठिईए वि चउट्ठाणवडिए।।सू०-३३।।२७८।।**

*(મૂ૦) જઘન્યસ્થિતિવાળા પુદ્‌ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યસ્થિતિવાળા પુદ્‌ગલ દ્રવ્ય જઘન્યસ્થિતિવાળા પુદ્‌ગલ દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહનારૂપે ચતુઃસ્થાનપતિત છે, સ્થિતિ વડે તુલ્ય છે, વર્ણાદિ અને આઠ સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિવાળા પુદ્‌ગલોના સંબંધમાં જાણવું. મધ્યમસ્થિતિવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ તે સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. ॥૩૩॥૨૭૮॥*

**जहन्नगुणकालयाणं भंते! पोग्गलाणं केवइया पज्जवा पन्नत्ता? गोयमा! अणंता०। से केणट्ठेणं०? गोयमा! जहन्नगुणकालए पोग्गले जहन्नगुणकालयस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवन्नपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वन्न-गंध-रस-फासपज्जवेहि य छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'जहन्नगुणकालयाणं पोग्गलाणं अणंता पज्जवा पन्नत्ता'। एवं उक्कोसगुणकालए वि। अजहन्नमणुक्कोसगुणकालए वि एवं चेव, नवरं सट्ठाणे छट्ठाणवडिए। एवं जहा कालवन्नपज्जवाणं वत्तव्वया भणिया तहा सेसाण वि वन्न-गंध-रस-फासाणं वत्तव्वया भाणियव्वा जाव अजहन्नमणुक्कोसलुक्खे सट्ठाणे छट्ठाणवडिए। से त्तं रूविअजीवपज्जवा। से त्तं अजीवपज्जवा।।सू०-३४।।२७९।।**

**पन्नवणाए भगवईए पञ्चमं विसेसपयं समत्तं ५।**

*(મૂ૦) જઘન્યકાળાવર્ણવાળા પુદ્‌ગલોના સંબંધમાં પૃચ્છા. હે ગૌતમ! તેઓના અનન્ત પર્યાયો કહ્યા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જઘન્યકાળાવર્ણવાળું પુદ્‌ગલદ્રવ્ય જઘન્યકાળાવર્ણવાળા પુદ્‌ગલ દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે, પ્રદેશાર્થરૂપે છસ્થાન પતિત છે, અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે, કાળા વર્ણપર્યાયો વડે તુલ્ય છે, બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપર્યાય વડે છસ્થાન પતિત છે. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે 'જઘન્યકાળાવર્ણવાળા પુદ્‌ગલ દ્રવ્યના અનન્ત પર્યાયો છે.' એમ ઉત્કૃષ્ટકાળાવર્ણવાળાના સંબંધમાં જાણવું. મધ્યમકાળાવર્ણવાળાના સંબંધમાં પણ એમજ સમજવું. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે જેમ કાળાવર્ણ પર્યાયોની વક્તવ્યતા કહી તેમ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વક્તવ્યતા કહેવી, યાવત્-મધ્યમરુક્ષ પુદ્‌ગલદ્રવ્ય સ્વસ્થાનને આશ્રયી છસ્થાન પતિત હોય છે. એમ રૂપી અજીવપર્યાયો કહ્યા. એમ અજીવપર્યાયો કહ્યા. ॥૩૪॥૨૭૯॥*

પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદમાં પાંચમું વિશેષપદ સમાપ્ત.

## ।। छट्ठं वक्कंतिपयं ।।

[1]बारस [2]चउवीसाइं [3]सअंतरं [4]एगसमय [5]कत्तो य । [6]उव्वट्टण [7]परभवियाउयं च अट्ठेव [8]आगरिसा ।।१।।

***છટ્ઠું વ્યુત્ક્રાન્તિ પદ.***

*(મૂ૦) ૧ બાર મુહૂર્ત અને ૨ ચોવીશ મુહૂર્તનો ઉપપાત અને ઉદ્વર્તના—મરણને આશ્રયી વિરહકાળ, ૩ સાન્તર—સાન્તર ઉત્પન્ન થાય કે નિરંતર ઉત્પન્ન થાય? ૪ એક સમય—એક સમયમાં કેટલા ઉપજે અને મરણ પામે, ૫ ક્યાંથી આવીને ઉપજે? ૬ ઉદ્વર્તના—મરણપામીને ક્યાં ઉત્પન્ન થાય? ૭ પરભવિકાયુષ્ય-પરભવનું આયુષ્ય ક્યારે બંધાય? ૮ અને આયુષ્યના બંધ સંબંધે આઠ આકર્ષા—એ આઠ દ્વાર આ છઠ્ઠા પદમાં કહેવાના છે.*

(ટી૦) પાંચમા પદની વ્યાખ્યા કરી, હવે છઠ્ઠા પદનો પ્રારંભ થાય છે. તેનો આ પ્રમાણે સંબન્ધ છે-પૂર્વના પદમાં ઔદારિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક ભાવને આશ્રયી પર્યાયોના પરિમાણનો નિર્ણય કર્યો, અને આ પદમાં ઔદારિક અને ક્ષાયોપશમિક ભાવ સંબન્ધમાં પ્રાણીઓના ઉપપાતવિરહાદિનો વિચાર કરાય છે. તેમાં પ્રારંભમાં આ અધિકારોના સંગ્રહરૂપ આ દ્વાર ગાથા છે.—**'बारस चउवीसाइ'** ઇત્યાદિ. પ્રથમ પ્રત્યેક ગતિઓમાં સામાન્યતઃ ઉપપાતવિરહ અને ઉદ્વર્તનાવિરહનો કાળ બાર મુહૂર્ત પ્રમાણ કહેવાનો છે. ૨ ત્યાર પછી ગતિઓમાં વિશેષતઃ નૈરયિકાદિ પ્રત્યેક ભેદોને આશ્રયી પ્રારંભમાં ઉપપાતવિરહ અને ઉદ્વર્તનાવિરહનો કાળ ચોવીશ મુહૂર્ત પ્રમાણ કહેવાનો છે. ૩ તે પછી નૈરયિકોને સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે-એ કહેવાનું છે. ૪ ત્યાર બાદ એક સમયે નૈરયિકાદિ પ્રત્યેક કેટલા ઉત્પન્ન થાય છે અને કેટલા મરણ પામે છે તે વિચારવાનું છે. ૫ પછી નારકાદિ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે-એનો વિચાર કરવાનો છે. ૬ પછી નૈરયિકાદિ મરણ પામી ક્યાં ઉત્પન્ન થાય છે એ કહેવાનું છે. ૭ ત્યાર બાદ અનુભવાતા વર્તમાન ભવના આયુષ્યનો કેટલામો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે એ કહેવાનું છે અને ૮ ઉત્કૃષ્ટથી કેટલા આકર્ષો વડે આયુષ્યનો બન્ધ કરે છે એ વિચારમાં આઠ આકર્ષ કહેવાના છે. એ સંગ્રહણીગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

## ।। पढमं बारसदारं ।।

**निरयगई णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। तिरियगई णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। मणुयगई णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। देवगई णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। सिद्धगई णं भंते! केवइयं कालं विरहिया[2] सिज्झणयाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं छम्मासा ।।सू०-१।।२८०।।**

***પ્રથમ દ્વાર.***

*(મૂ૦) હે ભગવન્! નરકગતિ કેટલા કાળ સુધી નારક જીવોની ઉત્પત્તિ રહિત કહેલી છે? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત કહી છે. હે ભગવન્! તિર્યંચગતિ કેટલા કાળ સુધી જીવોની ઉત્પત્તિ રહિત કહેલી છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત કહી છે. હે ભગવન્! મનુષ્યગતિ કેટલા કાળ સુધી જીવોની ઉત્પત્તિ રહિત છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત છે. દેવગતિ કેટલા કાળ સુધી જીવોની ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત હોય છે. હે ભગવન્! સિદ્ધિગતિ કેટલા કાળ સુધી જીવોની સિદ્ધિ વડે રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ હોય છે. ॥૧॥૨૮૦॥*

1. बारस य चउव्वीसा सअं પાઠાન્તર (મ.વિ.) 2. ता उववाएणं पण्णत्ता પાઠાન્તર

(टी०) એ પૂર્વોક્ત દ્વારોનું અનુક્રમે વિવરણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ ગતિસંબન્ધે કહે છે-'**निरयगई णं भंते' केवइयं कालं उववाएणं विरहिया पन्नत्ता**' ઇત્યાદિ. હે ભદન્ત-ભગવન્! નરકગતિ કેટલા કાળ સુધી ઉપપાત-ઉત્પત્તિ વડે રહિત હોય છે? નરકગતિ એ નરકગતિનામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો જીવનો ઔદારિક ભાવ છે અને તે એક ભાવ સાતે નરક પૃથિવીવ્યાપી છે, તેથી એકવચન છે અને સાતે નરકપૃથિવીઓને ગ્રહણ કરવાની છે. 'ભદન્ત' એ પરમગુરુનું સંબોધન છે, એટલે પરમકલ્યાણના યોગવાળા હે પ્રભો! નરકગતિ કેટલા કાળ સુધી અન્યગતિના જીવોના નારકપણે ઉત્પન્ન થવારૂપ ઉપપાત વડે શૂન્ય-રહિત આપે તથા અન્ય ઋષભાદિ તીર્થંકરોએ કહેલી છે? એટલે નરકગતિમાં નારકપણે કેટલા કાળસુધી ઉત્પન્ન ન થાય? એમ ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર આપે છે– 'હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી નરકગતિ ઉપપાતશૂન્ય કહેલી છે. અહીં મૂઢ પૂર્વપક્ષી શંકા કરે છે—આગળ એક પણ નરકપૃથિવીમાં ઉપપાતવિરહ કાળ બાર મુહૂર્તનો કહેવાનો નથી, અને ચોવીશ મુહૂર્તાદિ પ્રમાણ કાળ તો આગળ કહેવાનો છે, તો બધી પૃથિવીના સમુદાયને વિષે બાર મુહૂર્ત પ્રમાણ કાળ કેમ ઘટે? કારણ કે 'પ્રત્યેકની અંદર ન હોય તો સમુદાયની અંદર પણ ન હોય'-એવો ન્યાય છે. તે અયુક્ત છે. કારણ કે અહીં વસ્તુતત્ત્વનું અજ્ઞાન છે. જો કે રત્નપ્રભાદિ એક એક પૃથિવીના નામનો નિર્દેશ કરી ચોવીશ મુહૂર્તાદિપ્રમાણ ઉપપાતવિરહ કહેવાનો છે, તો પણ જ્યારે બધી સાતે પૃથિવીઓની અપેક્ષાએ ઉપપાતવિરહ કાળનો વિચાર થાય ત્યારે તો બાર મુહૂર્તનોજ ઉપપાતવિરહ કાળ હોય છે. બાર મુહૂર્ત પછી કોઇ પણ એક પૃથિવીમાં અવશ્ય ઉત્પન્ન થાય છે, કારણ કે કેવલજ્ઞાનીએ તે પ્રમાણે જાણેલું છે. 'જે પ્રત્યેકમાં ન હોય તે સમુદાયમાં પણ ન હોય, તે ન્યાય કારણકાર્યના ધર્મના વિચારમાં ઘટે છે, બીજે ઘટતો નથી, માટે અહીં દોષ નથી. જેમ નરકગતિ ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી ઉપપાત વડે રહિત છે એમ તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ જાણવી. સિદ્ધિગતિ ઉત્કૃષ્ટથી છ માસ સુધી ઉપપાતરહિત હોય છે. એ પ્રમાણે ઉદ્વર્તના પણ જાણવી. પરન્તુ સિદ્ધો મરણ પામતા નથી, કારણ કે તેઓ શાશ્વત હોવાથી સાદિ અનન્ત કાળ સુધી સિદ્ધિ ઉદ્વર્તનારહિત હોય છે. ॥૧॥૨૮૦॥

**निरयगई णं भंते! केवइयं कालं विरहिया उव्वट्टणाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। तिरियगई णं भंते! केवइयं कालं विरहिया उव्वट्टणाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। मणुयगई णं भंते! केवइयं कालं विरहिया उव्वट्टणाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। देवगई णं भंते! केवइयं कालं विरहिया उव्वट्टणाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता। १ दारं। ।सू०-२।।२८१।।**

*(મૂ૦) હે ભગવન્! નરકગતિ કેટલા કાળસુધી ઉદ્વર્તના—મરણ વડે રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી હોય છે. હે ભગવન્! તિર્યંચગતિ કેટલા કાળ સુધી મરણ વડે રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત હોય છે. હે ભગવન્! મનુષ્યગતિ કેટલા કાળ સુધી ઉદ્વર્તના રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી હોય છે. હે ભગવન્! દેવગતિ કેટલા કાળ સુધી ઉદ્વર્તના—મરણ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી હોય છે. ॥૨॥૨૮૧॥*

### ।। बिइयं चउवीसाइं दारं ।।

**रयणप्पभापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। सक्करप्पभापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं सत्त राइंदियाणि। वालुयप्पभापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया**

उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं अद्धमासं। पंकप्पभापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं मासं। धूमप्पभापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं दो मासा। तमापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चत्तारि मासा। अहेसत्तमापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं छम्मासा ।।सू०-३।।२८२।।

***દ્વિતીય દ્વાર.***

*(મૂ૦) હે ભગવન્! રત્નપ્રભાપૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત સુધી હોય છે. હે ભગવન્! શર્કરાપ્રભાપૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સાત રાત્રિદિવસ. હે ભગવન્! વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અર્ધ માસ. હે ભગવન્! પંકપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી એક માસ. હે ભગવન્! ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બે માસ. હે ભગવન્! તમઃપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચાર માસ. હે ભગવન્! અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ.॥૩॥૨૮૨॥*

असुरकुमारा णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। नागकुमारा णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। एवं सुवन्नकुमाराणं विज्जुकुमाराणं अग्गिकुमाराणं दीवकुमाराणं उदहिकुमाराणं दिसिकुमाराणं वाउकुमाराणं थणियकुमाराण य पत्तेयं पत्तेयं जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।।सू०-४।।२८३।।

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. હે ભગવન્! નાગકુમારો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. એ પ્રમાણે સુવર્ણકુમારો, વિદ્યુત્કુમારો, અગ્નિકુમારો, દ્વીપકુમારો, દિક્કુમારો, ઉદધિકુમારો, વાયુકુમારો અને સ્તનિતકુમારો પ્રત્યેક જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત સુધી ઉત્પત્તિ રહિત હોય છે.॥૪॥૨૮૩॥*

पुढविकाइया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! अणुसमयमविरहियं उववाएणं पन्नत्ता। एवं आउकाइयाण वि तेउकाइयाण वि वाउकाइयाण वि वणस्सइकाइयाण वि अणुसमयं अविरहिया उववाएणं पन्नत्ता ।।सू०-५।।२८४।।

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે? હે ગૌતમ! પ્રતિસમય ઉત્પત્તિથી અવિરહિત છે. એટલે પ્રતિસમય નિરંતર ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે અપ્કાયિકો, તેજસ્કાયિકો, વાયુકાયિકો અને વનસ્પતિકાયિકો પણ પ્રતિસમય નિરંતર ઉત્પન્ન થાય છે.॥૫॥૨૮૪॥*

बेइंदिया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं। एवं तेइंदिय चउरिंदिया[1] ।।सू०-६।।२८५।।

*(મૂ૦) હે ભગવન્! બેઇન્દ્રિયો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો જાણવા. ।।૬।।૨૮૫।।*

समुच्छिमपंचिंदियतिरिक्खजोणिया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं। गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।।सू०-७।।२८६।।

*(મૂ૦) હે ભગવન્! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત. હે ભગવન્! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયો કેટલા કાળ સુધી ઉત્પત્તિ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત.।।૭।।૨૮૬।।*

संमुच्छिमणुस्सा णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। गब्भवक्कंतियमणुस्साणं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।।सू०-८।।२८७।।

*(મૂ૦) હે ભગવન્! સંમૂર્છિમ મનુષ્યો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. હે ભગવન્! ગર્ભજ મનુષ્યો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત છે। હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત.।।૮।।૨૮૭।।*

वाणमंतराणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। जोइसियाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। सोहम्मे कप्पे देवा णं भंते! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। ईसाणे कप्पे देवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। सणंकुमारे कप्पे देवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं णव राइंदियाइं वीसाइ मुहुत्ताइं।[2] माहिंदे कप्पे देवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं बारस राइंदियाइं दस मुहुत्ताइं। बंभलोए देवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं अद्धतेवीशं राइंदियाइं। लंतगदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं पणतालीसं राइंदियाइं। महासुक्कदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं असीईं राइंदियाइं। सहस्सारे देवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं राइंदियसयं। आणयदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखेज्जा मासा। पाणयदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखेज्जा मासा। आरणदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखिज्जा वासा। अच्चुयदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखिज्जा वासा। हिट्ठिमगेविज्जाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखिज्जाइं वाससयाइं। मज्झिमगेविज्जाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखिज्जाइं वाससहस्साइं। उवरिमगेविज्जाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं संखिज्जाइं वाससयसहस्साइं। विजय-वेजयंत-जयंत-अपराजितदेवाणं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं उक्कोसेणं असंखेज्जं कालं। सव्वट्ठसिद्धगदेवाणं भंते! केवतियं कालं विरहिया उववाएणं पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं पलिओवमस्स संखिज्जइभागं ।।सू०-९।।२८८।।

१. चउरिंदिय-समुच्छिमपंचेंदिय तिरिक्खजोणियाण य जहण्णेणं एगं इति पाठान्तर २. वीसा य मुहुत्ता (म.वि.)

(મૂ૦) વ્યન્તરો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. જ્યોતિષિક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. હે ભગવન્! સૌધર્મ કલ્પમાં દેવો કેટલા કાળ સુધી ઉત્પત્તિરહિત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. ઈશાન કલ્પમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત. સનત્કુમાર કલ્પમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી નવ રાત્રિદિવસ અને વીશ મુહૂર્ત. માહેન્દ્ર કલ્પમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર રાત્રિદિવસ અને દસ મુહૂર્ત. બ્રહ્મલોકમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સાડીબાવીશ રાત્રિદિવસ. લાંતકમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પીસતાળીશ રાત્રિદિવસ. મહાશુક્રમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક દિવસ અને ઉત્કૃષ્ટથી એંશી રાત્રિદિવસ. સહસ્રારમાં દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સો રાત્રિદિવસ. આનત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસ. પ્રાણત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસ. આરણ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વરસ. અચ્યુત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વરસ. નીચેના ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા સેંકડો વરસ. મધ્યમ ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વરસ. ઉપરના ગ્રૈવેયક દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા લાખ વરસ. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ. સર્વાર્થસિદ્ધ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ.॥૯॥૨૮૮॥

**सिद्धा णं भंते! केवइयं कालं विरहिया सिज्झणाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं छम्मास्सा ।।सू०-१०।।२८९।।**

(મૂ૦) હે ભગવન્! સિદ્ધો કેટલા કાળ સુધી સિદ્ધિ વડે વિરહિત છે-કેટલા કાળ સુધી થતા નથી? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ.॥૧૦॥૨૮૯॥

**रयणप्पभापुढविनेरइया णं भंते! केवइयं कालं विरहिया उव्वट्टणाए पन्नत्ता? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता। एवं सिद्धवज्जा उव्वट्टणा वि भाणियव्वा जाव अणुत्तरोववाइय त्ति, नवरं जोइसिय-वेमाणिएसु 'चयणं'ति अहिलावो कायव्वो ।२ दारं। ।सू०-११।।२९०।।**

(મૂ૦) રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉદ્વર્તના—મરણ રહિત હોય છે? હે ગૌતમ! જઘન્ય એક અને ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્ત. એ પ્રમાણે સિદ્ધ સિવાય બાકીના જીવોની ઉદ્વર્તના પણ યાવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવી. યાવત્—જ્યોતિષિક અને વૈમાનિકોને ઉદ્વર્તનાના સ્થાને ચ્યવન સંબન્ધે પાઠ કહેવો.

(ટી૦) હવે ચોવીશ મુહૂર્ત સંબન્ધે બીજું દ્વાર કહે છે—'**रयणप्पभापुढविनेरइया णं भंते केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता**'? રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો કેટલા કાળ સુધી ઉપપાત શૂન્ય હોય છે-ઇત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે, પરન્તુ અહીં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ સંબન્ધે સંગ્રહણી ગાથાઓ છે, તેનો અર્થ આ પ્રમાણે છે—૧ ચોવીશ મુહૂર્ત, ૨ સાત દિવસ, ૩ પક્ષ, ૪ એક માસ, ૫ બે માસ, ૬ ચાર માસ અને ૭ છ માસ, એમ સાત નરકપૃથિવીમાં અનુક્રમે ઉપપાત વિરહકાળ છે. અસુરકુમારાદિ ભવનપતિમાં અનુક્રમે ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્તનો ઉપપાતવિરહકાળ છે. પૃથિવીકાયિકાદિમાં ઉપપાતવિરહકાળ

નથી. વિકલેન્દ્રિયોમાં અન્તર્મુહૂર્તનો ઉપપાતવિરહકાળ હોય છે. સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિયનો પણ એજ પ્રમાણે અન્તર્મુહૂર્તનો ઉપપાતવિરહકાળ છે, અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનો ઉપપાતવિરહકાળ બાર મુહૂર્તનો છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યોનો અનુક્રમે ચોવીશ અને બાર મુહૂર્તનો છે. એટલે સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ચોવીશ મુહૂર્તનો અને ગર્ભજ મનુષ્યોનો બાર મુહૂર્તનો છે. વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન કલ્પમાં પ્રત્યેકને ચોવીશ મુહૂર્તો, સનત્કુમાર કલ્પમાં નવ દિવસ અને વીશ મુહૂર્ત, માહેન્દ્રમાં બાર દિવસ અને દસ મુહૂર્ત, બ્રહ્મલોકમાં સાડી બાવીશ દિવસ, લાન્તકમાં પીસતાળીશ દિવસ, મહાશુક્રમાં એંશી દિવસ, સહસ્રારમાં સો દિવસ, ત્યાર પછી આનત અને પ્રાણત એ બે દેવલોકમાં સંખ્યાતા માસ અને આરણ અચ્યુત એ ઉપરના બે દેવલોકમાં સંખ્યાતા વરસ. નીચેના ત્રણ, મધ્યમ ત્રણ અને ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં અનુક્રમે સંખ્યાતા સેંકડો, સંખ્યાતા હજાર અને સંખ્યાતા લાખ વર્ષનો ઉત્કૃષ્ટ વિરહકાળ જાણવો. વિજયાદિ ચાર અનુત્તરમાં અસંખ્ય કાળ તથા સર્વાર્થ સિદ્ધમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉપપાતવિરહ જાણવો. બીજું દ્વાર સમાપ્ત. ॥૨થી૧૧॥૨૯૦॥

## ।। तइयं सअंतरंदारं ।।

**नेरइया णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति। तिरिक्खजोणिया णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति। मणुस्सा णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति निरंतरं पि उववज्जंति। देवा णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति ।।सू०-१२।।२९१।।**

***તૃતીય દ્વાર.***

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો સાન્તર (અન્તર સહિત) ઉત્પન્ન થાય છે કે નિરંતર (અન્તર રહિત) ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરન્તર પણ ઉત્પન્ન થાય છે. હે ભગવન્! તિર્યંચયોનિકો સાન્તર ઉપજે છે કે નિરન્તર ઉપજે છે? હે ગૌતમ! સાન્તર પણ ઉપજે છે અને નિરન્તર પણ ઉપજે છે. હે ભગવન્! મનુષ્યો સાન્તર ઉપજે છે કે નિરન્તર ઉપજે છે? હે ગૌતમ! સાન્તર પણ ઉપજે છે અને નિરંતર પણ ઉપજે છે. હે ભગવન્! દેવો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! દેવો સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.॥૧૨॥૨૯૧॥*

**रयणप्पभापुढविनेरइया णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति। एवं जाव अहेसत्तमाए संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति ।।सू०-१३।।२९२।।**

*(મૂ૦) હે ભગવન્! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવું. ॥૧૩॥૨૯૨॥*

**असुरकुमारा णं देवा णं भंते! किं संतरं उववज्जंति, निरंतर उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति। एवं जाव थणियकुमारा संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति ।।सू०-१४।।२९३।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમાર દેવો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો પણ સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.॥૧૪॥૨૯૩॥*

**पुढविकाइया णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! नो संतरं उववज्जंति, निरंतरं उववज्जंति। एवं जाव वणस्सइकाइया नो संतरं उववज्जंति, निरंतरं उववज्जंति। बेइंदिया णं भंते! किं संतरं**

उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति। एवं जाव पंचेंदियतिरिक्खजोणिया ।।सू०-१५।।२९४।।

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સાન્તર ઉત્પન્ન થતા નથી, પણ નિરંતર ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્—વનસ્પતિકાયિકો સાન્તર ઉત્પન્ન થતા નથી, પણ નિરંતર ઉત્પન્ન થાય છે. હે ભગવન્! બેઇન્દ્રિયો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્—પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી જાણવું. ॥૧૫॥૨૯૪॥*

मणुस्सा णं भंते! किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति? गोयमा! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति। एवं वाणमंतरा जोइसिया सोहम्म-ईसाण-सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-च्चुय-हिट्ठिमगेविज्जग-मज्झिम-गेविज्जग-उवरिमगेविज्जग-विजय-वेजयंत-जयंत-अपराजित-सव्वट्ठसिद्धदेवा य संतरं पि उववज्जंति निरंतरं पि उववज्जंति ।।सू०-१६।।२९५।।

*(મૂ૦) હે ભગવન્! મનુષ્યો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે, અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નીચેના ત્રણ ગ્રૈવેયક, મધ્યમ ત્રણ ગ્રૈવેયક, ઉપરના ત્રણ ગ્રૈવેયક, વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ દેવો સાન્તર પણ ઉપજે છે અને નિરંતર પણ ઉપજે છે. ॥૧૬॥૨૯૫॥*

सिद्धा णं भंते! किं संतरं सिज्झंति, निरंतरं सिज्झंति? गोयमा! संतरं पि सिज्झंति, निरंतरं पि सिज्झंति ।।सू०-१७।।२९६।।

*(મૂ૦) હે ભગવન્ સિદ્ધો સાન્તર સિદ્ધ થાય છે કે નિરંતર સિદ્ધ થાય છે? હે ગૌતમ! સાન્તર પણ સિદ્ધ થાય છે અને નિરંતર પણ સિદ્ધ થાય છે. ॥૧૭॥૨૯૬॥*

नेरइया णं भंते! किं संतरं उव्वट्टंति निरंतरं उव्वट्टंति? गोयमा! संतरं पि उव्वट्टंति, निरंतरं पि उव्वट्टंति। एवं जहा उववाओ भणिओ तहा उव्वट्टणा पि सिद्धवज्जा भाणियव्वा जाव वेमाणिया, नवरं जोइसिय-वेमाणिएसु 'चयणं'ति अहिलाओ कायव्वो ।३ दारं। ।।सू०-१८।।२९७।।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો સાન્તર ઉદ્વર્તે છે—મરણ પામે છે કે નિરંતર ઉદ્વર્તે છે? હે ગૌતમ! સાન્તર પણ ઉદ્વર્તે છે અને નિરંતર પણ ઉદ્વર્તે છે. એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો તેમ ઉદ્વર્તના પણ સિદ્ધ સિવાય યાવત્ વૈમાનિકો સુધી કહેવી. પરન્તુ જ્યોતિષિક અને વૈમાનિકોને વિષે ચ્યવન સંબન્ધી પાઠ કહેવો. ॥૧૮॥૨૯૭॥*

(ટી૦) હવે ત્રીજું દ્વાર કહે છે—હે ભગવન્! નૈરયિકો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે-ઇત્યાદિ સૂત્ર પૂર્વોક્ત સૂત્રાર્થના અનુસારે ભાવાર્થ પ્રસિદ્ધ હોવાથી પાઠસિદ્ધ જાણવું. ત્રીજું દ્વાર સમાપ્ત.

### ।। एग समयदारं चउत्थं ।।

नेरइया णं भंते! एगसमएणं केवइया उववज्जंति? गोयमा! जहन्नेणं एक्को वा दो वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति, एवं जाव अहेसत्तमाए ।।सू०-१९।।२९८।।

### *ચતુર્થ દ્વાર.*

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય? હે ગૌતમ! જઘન્યથી એક બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવું.*

**असुरकुमारा णं भंते। एगसमएणं केवइया उववज्जंति? गोयमा। जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा। एवं नागकुमारा जाव थणियकुमारा वि भाणियव्वा ।।सू०-२०।।२९९।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય? હે ગૌતમ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે નાગકુમારો યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. ॥૨૦॥૨૯૯॥*

**पुढविकाइया णं भंते। एगसमएणं केवइया उववज्जंति? गोयमा। अणुसमयं अविरहियं असंखेज्जा उववज्जंति, एवं जाव वाउकाइया। वणस्सइकाइया णं भंते। एगसमएणं केवइया उववज्जंति? गोयमा। सट्ठाणुववायं पडुच्च अणुसमयं अविरहिया अणंता उववज्जंति, परट्ठाणुववायं पडुच्च अणुसमयं अविरहिया असंखेज्जा उववज्जंति। बेइंदिया णं भंते! केवइया एगसमएणं उववज्जंति? गोयमा। जहन्नेणं एगो वा दो वा तिन्नि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा। एवं तेइंदिया चउरिंदिया संमुच्छिमपंचिंदियतिरिक्खजोणिया गब्भवक्कंतियपंचिंदियतिरिक्ख-जोणिया संमुच्छिममणुस्सा वाणमंतर-जोइसिय-सोहम्मीसाण-सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सारकप्पदेवा एते जहा नेरइया। गब्भवक्कंतियमणूसआणय-पाणय-आरण-अच्चुअ-गेवेज्जग-अणुत्तरोववाइया य एते जहन्नेणं इक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं संखिज्जा उववज्जंति, न असंखेज्जा उववज्जंति ।।सू०-२१।।३००।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો એક સમયે કેટલા ઉત્પન્ન થાય? હે ગૌતમ! પ્રતિસમય અવિરહિતપણે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્ વાયુકાયિક સુધી જાણવું. હે ભગવન્! વનસ્પતિકાયિકો એક સમયે કેટલા ઉત્પન્ન થાય? હે ગૌતમ! સ્વસ્થાન સંબંધમાં ઉપપાતને આશ્રયી પ્રતિસમય નિરંતર અનન્તા ઉત્પન્ન થાય છે અને પરસ્થાન સંબંધે ઉપપાતને આશ્રયી નિરન્તર અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. હે ભગવન્! બેઇન્દ્રિયો એક સમયે કેટલા ઉત્પન્ન થાય? હે ગૌતમ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે જાણવું. સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, સંમૂર્છિમ મનુષ્યો, વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસાર કલ્પના દેવો નૈરયિકોની પેઠે જાણવા. ગર્ભજ મનુષ્યો, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક, અને અનુત્તરૌપપાતિક દેવો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉત્પન્ન થાય છે, પણ અસંખ્યાતા ઉત્પન્ન થતા નથી. ॥૨૧॥૩૦૦॥*

**सिद्धा णं भंते। एगसमएणं केवइया सिज्झंति?, गोयमा। जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं अट्ठसयं ।।सू०-२२।।३०१।।**

*(મૂ૦) હે ભગવન્! સિદ્ધો એક સમયે કેટલા સિદ્ધ થાય છે? હે ગૌતમ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી એકસો આઠ સિદ્ધ થાય છે. ॥૨૨॥૩૦૧॥*

**नेरइया णं भंते! एगसमएणं केवइया उव्वट्टंति? गोयमा। जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उव्वट्टंति, एवं जहा उववाओ भणिओ तहा उव्वट्टणावि सिद्धवज्जा भाणियव्वा जाव अणुत्तरोववाइया, णवरं जोइसिय-वेमाणियाणं चयणेणं अहिलावो कायव्वो ।४ दारं। ।।सू०-२३।।३०२।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો એક સમયે કેટલા ઉદ્વર્તે છે—મરણ પામે છે? હે ગૌતમ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા મરણ પામે છે. એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો તેમ ઉદ્વર્તના પણ સિદ્ધ સિવાય યાવત્—અનુત્તરૌપપાતિક સુધી કહેવી. પરન્તુ જ્યોતિષિક અને વૈમાનિકોને ચ્યવન વડે પાઠ કહેવો. ॥૨૩॥૩૦૨॥*

(टी०) હવે ચોથું દ્વાર કહે છે—હે ભગવન્! નૈરયિકો એક સમયે કેટલા ઉત્પન્ન થાય છે-ઇત્યાદિ સૂત્રપાઠમાત્રથી સિદ્ધ છે, પરન્તુ વનસ્પતિસૂત્રમાં '**सट्ठाणुववायं पडुच्च अणुसमयमविरहिया अणंता**'-સ્વસ્થાન સંબન્ધી ઉપપાતને આશ્રયી પ્રતિસમય નિરંતર અનન્તા ઉત્પન્ન થાય છે. સજાતીય પોતાના પૂર્વના વનસ્પતિરૂપ ભવથી નીકળી વનસ્પતિમાં ઉત્પન્ન થાય તે સ્વસ્થાન સંબન્ધી ઉપપાત કહેવાય છે. તેને આશ્રયી પ્રતિસમય અવિરહિતપણે સર્વદા અનન્તા ઉત્પન્ન થાય છે, કારણ કે દરેક નિગોદનો અસંખ્યાતમો ભાગ નિરંતર ઉત્પન્ન થાય છે, અને મરણ પામે છે. '**परट्ठाणुववाइयं पडुच्च अणुसमयमविरहिया असंखेज्जा**'-પરસ્થાન સંબન્ધી ઉપપાતને આશ્રયી પ્રતિસમય નિરન્તર અસંખ્યાતા ઉપજે છે. વિજાતીય પૃથિવ્યાદિ પરભવથી આવી વનસ્પતિમાં ઉત્પન્ન થાય તે પરસ્થાન સંબન્ધે ઉપપાત કહેવાય છે, તેને આશ્રયી પ્રતિસમય અસંખ્યાતા જીવો નિરન્તર ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્યો ઉત્કૃષ્ટપણે પણ સંખ્યાતા જ હોય છે પણ અસંખ્યાતા નથી હોતા. તેથી તેના સૂત્રમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ઉત્પન્ન થાય છે તેમ કહેવું. આનતાદિ દેવલોકમાં મનુષ્યો જ ઉત્પન્ન થાય છે, પણ તિર્યંચો ઉત્પન્ન થતા નથી, અને મનુષ્યો સંખ્યાતા જ છે માટે આનતાદિ દેવ સંબન્ધે સૂત્રોમાં સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે, પણ અસંખ્યાતા ઉત્પન્ન થતા નથી. સિદ્ધિગતિમાં ઉત્કૃષ્ટથી એક સમયે એકસો આઠ સિદ્ધ થાય છે. એ પ્રમાણે ઉદ્વર્તના સૂત્ર પણ જાણવું. પરન્તુ જ્યોતિષિક અને વૈમાનિકને ચ્યવનનો પાઠ કહેવો, કારણ કે જ્યોતિષિક અને વૈમાનિકોના સ્વભાવથી થતાં ઉદ્વર્તન-મરણને ચ્યવન કહેવાય છે. કારણ કે તેવા પ્રકારની અનાદિ કાળની પ્રસિદ્ધિ છે. તેથી તેના સૂત્રમાં ચ્યવનનો પાઠ કહેવો. તે આ પ્રમાણે—'**जोइसिया णं भंते! एगसमये णं केवइया चयंति? गोयमा! जहन्नेणं एगो वा दो वा**'-ઇત્યાદિ. હે ભગવન્! જ્યોતિષિકો એક સમયે કેટલા ચ્યવે? હે ગૌતમ! જઘન્યથી એક બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ચ્યવે છે. ચતુર્થ દ્વાર સમાપ્ત.

## पंचमं कत्तोदारं

**नेरइया णं भंते! कतोहिंतो उववज्जंति? किं नेरइएहिंतो उववज्जंति? तिरिक्खजोणिएहिंतो उववज्जंति? मणुस्सेहिंतो उववज्जंति? देवेहिंतो उववज्जंति? गोयमा! नेरइया नो नेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, नो देवेहिंतो उववज्जंति। जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? बेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? तेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? चउरिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा! नो एगिंदिय०, नो बेइंदिय०, नो तेइंदिय०, नो चउरिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति। जइ पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं जलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, थलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, खहयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा! जलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, थलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, खहयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति ।।सू०-२४।।३०३।।**

### *પાંચમુ દ્વાર.*

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે? શું નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય, તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય; મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોથી આવી ઉત્પન્ન થતા નથી, તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય છે, મનુષ્યોથી ઉત્પન્ન થાય છે, દેવોથી આવી ઉત્પન્ન થતા નથી. જો તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, બેઇન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, તેઇન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, ચઉરિન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય કે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય*

*તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય છે. જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય કે ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! જલચર, સ્થલર અને ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય.॥૨૪॥૩૦૩॥*

**जइ जलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं संमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा। संमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, गब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति। जइ संमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति किं पज्जत्तयसंमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतोउववज्जन्ति? अपज्जत्तयसंमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा। पज्जत्तयसंमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतोउववज्जन्ति, नो अपज्जत्तगसंमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति। जइ गब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तगगब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? अपज्जत्तयगब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा। पज्जत्तयगब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, नो अपज्जत्तयगब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ।।सू०-२५।।३०४।।**

*(મૂ૦) જો જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંમૂર્છિમ અને ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય. જો સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્ત સંમૂર્છિમ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્ત સંમૂર્છિમ જલચરથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્ત સંમૂર્છિમ જલચરથી આવી ઉત્પન્ન ન થાય. જો ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્ત ગર્ભજ જલચરથી આવી ઉત્પન્ન ન થાય. ॥૨૫॥૩૦૪॥*

**जइ थलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, किं चउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? परिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा। चउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, परिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति। जइ चउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं संमुच्छिमेहिंतो उववज्जंति? गब्भवक्कंतिएहिंतो उववज्जंति? गोयमा। संमुच्छिमचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, गब्भवक्कंतियचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति। जइ संमुच्छिमचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तगसंमुच्छिमचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? अपज्जत्तगसंमुच्छिमचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा। पज्जत्तसंमुच्छिमचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, नो अपज्जत्तगसंमुच्छिमचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति। जइ गब्भवक्कंतियचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति किं संखेज्जवासाउअगब्भवक्कंतियचउप्पय-**

थलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति? असंखेज्जवासाउयगब्भवक्कंतियचउप्पयथलयर-पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति? गोयमा! संखेज्जवासाउएहिंतो उववज्जन्ति, नो असंखेज्जवासाउएहिंतो उववज्जन्ति। जइ संखेज्जवासाउयगब्भवक्कंतियचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति किं पज्जत्तगसंखेज्जवासाउयगब्भवक्कंतियचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति? अपज्जत्तग-संखेज्जवासाउयगब्भवक्कंतियचउप्पयथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति? गोयमा! पज्जत्तेहिंतो उववज्जन्ति, नो अपज्जत्तसंखेज्जवासाउएहिंतो उववज्जन्ति। जइ परिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं उरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? भुयपरिसप्पथलयर-पंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? गोयमा! दोहिंतोवि उववज्जन्ति। जइ उरपरिसप्पथलयरपंचिन्दिय-तिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं समुच्छिमउरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? गब्भवक्कंतियउरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? गोयमा! समुच्छिमेहिंतो वि उववज्जन्ति, गब्भवक्कंतिएहिंतो वि उववज्जन्ति। जइ समुच्छिमउरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति, अपज्जत्तगेहिन्तो उववज्जन्ति? गोयमा! पज्जत्तगसंमुच्छिमेहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तगसंमुच्छिमउरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति। जइ गब्भवक्कंतियउरपरिसप्प-थलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति, अपज्जत्तएहिन्तो उववज्जन्ति? गोयमा! पज्जत्तगगब्भवक्कंतिएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तगगब्भवक्कंतियउरपरिसप्पथलयरपंचिंदियतिरिक्ख-जोणिएहिन्तो उववज्जन्ति। जइ भुयपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं संमुच्छिम-भुयपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? गब्भवक्कंतियभुयपरिसप्पथलयरपंचिन्दिय-तिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? गोयमा! दोहिन्तोवि उववज्जन्ति। जइ संमुच्छिमभुयपरिसप्पथलयर-पंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं पज्जत्तयसंमुच्छिमभुयपरिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति, अपज्जत्तयसंमुच्छिमभुयपरिसप्पथलयरपंचिन्दियतिरिक्खजोणिएहिंतो उववज्जन्ति? गोयमा! पज्जत्तएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तएहिन्तो उववज्जन्ति। जइ गब्भवक्कंतियभुयपरिसप्पथलयरपंचिन्दिय-तिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति? अपज्जत्तएहिन्तो उववज्जन्ति? गोयमा! पज्जत्तएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तएहिन्तो उववज्जन्ति ।।सू०-२६।।३०५।।

*(મૂ૦) જો સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય કે પરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય અને પરિસર્પ સ્થલચરથી પણ આવી ઉત્પન્ન થાય. જો ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચરથી પણ આવી ઉત્પન્ન થાય અને ગર્ભજ ચતુષ્પદ સ્થલચરથી પણ આવી ઉત્પન્ન થાય. જો સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચરથી આવી ઉત્પન્ન ન થાય. જો ગર્ભજ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચથી આવી ઉત્પન્ન થાય તો સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાત વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય,*

*પણ અસંખ્ય વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન ન થાય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું ઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય કે ભુજપરિસર્પથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો ઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તા કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પથી આવી ઉત્પન્ન ન થાય. જો ગર્ભજઉરપરિસર્પ સ્થલચરથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય પણ અર્પયામાથી આવી ઉત્પન્ન ન થાય. જો ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો સંમૂર્ચ્છિમથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો ગર્ભજ ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય.॥૨૬॥૩૦૫॥*

**जइ खहयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, किं संमुच्छिमखहयरपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गब्भवक्कंतियखहयरपंचिन्दियतिरिक्खजोणिएहिंतो उववज्जंति? गोयमा! दोहिन्तोवि उववज्जंति। जइ संमुच्छिमखहयरपंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जंति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति? अपज्जत्तएहिन्तो उववज्जन्ति? गोयमा! पज्जत्तएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तएहिन्तो उववज्जंति। जइ पज्जत्तगगब्भवक्कंतियखहयरपंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जंति किं संखेज्जवासाउएहिन्तो उववज्जंति? असंखेज्जवासाउएहिन्तो उववज्जंति? गोयमा! संखिज्जवासाउएहिन्तो उववज्जंति, नो असंखिज्जवासाउएहिन्तो उववज्जंति। जइ संखिज्जवासाउयगब्भवक्कंतियखहयरपंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जंति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति? अपज्जत्तएहिन्तो उववज्जन्ति? गोयमा! पज्जत्तएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तएहिन्तो उववज्जन्ति**
॥सू०-२७॥३०६॥

*(મૂ૦) જો ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમ કે ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો પર્યાપ્તા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય, પણ અસંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન ન થાય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ*

*અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય.૨૭॥૩૦૬॥*

**जइ मणुस्सेहिन्तो उववज्जन्ति किं संमुच्छिममणुस्सेहिन्तो उववज्जन्ति? गब्भवक्कन्तियमणुस्सेहिन्तो उववज्जन्ति? गोयमा! नो संमुच्छिममणुस्सेहिन्तो उववज्जन्ति, गब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति। जइ गब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति किं कम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति? अकम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति? अंतरदीवगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति? गोयमा! कम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति, नो अकम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति, नो अंतरदीवगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति। जइ कम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति किं संखेज्जवासाउएहिन्तो उववज्जन्ति, असंखेज्जवासाउएहिन्तो उववज्जन्ति? गोयमा! संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कन्तियमणूसेहिन्तो उववज्जन्ति, नो असंखिज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति। जइ संखेज्जवासाउकम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जन्ति किं पज्जत्तेहिन्तो उववज्जन्ति, अपज्जत्तेहिन्तो उववजन्ति? गोयमा! पज्जत्तएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तएहिन्तो उववज्जन्ति। एवं जहा ओहिया उववाइया तहा रयणप्पभापुढविनेरइया वि उववाएयव्वा ।।सू०-२८।।३०७।।**

*(મૂ૦) જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંમૂર્છિમ મનુષ્યોથી આવી ઉત્પન્ન ન થાય, પણ ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય. જો ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના, અકર્મભૂમિના કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, પણ અકર્મભૂમિના કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન ન થાય. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળા કે અસંખ્યાતા વરસના આયુષ્યવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, પણ અસંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન ન થાય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. એ પ્રમાણે જેમ સામાન્ય નૈરયિકોનો ઉપપાત કહ્યો તેમ રત્નપ્રભાપૃથિવીના નૈરયિકોનો પણ ઉપપાત કહેવો.॥૨૮॥૩૦૭॥*

**सक्करप्पभापुढविनेरइयाणं पुच्छा। गोयमा! एते वि जहा ओहिया तहेवोववाएयव्वा, नवरं संमुच्छिमेहिन्तो पडिसेहो कायव्वो। वालुयप्पभापुढविनेरइयाणं भंते! कतोहिन्तो उववज्जन्ति? गोयमा! जहा सक्करप्पभापुढविनेरइया, नवरं भुयपरिसप्पेहिन्तो वि पडिसेहो कायव्वो। पंकप्पभापुढविनेरइयाणं पुच्छा। गोयमा! जहा वालुयप्पभापुढविनेरइया, नवरं खहयरेहिन्तो वि पडिसेहो कायव्वो। धूमप्पभापुढविनेरइयाणं पुच्छा। गोयमा! जहा पंकप्पभापुढविनेरइया, नवरं चउप्पएहिन्तो वि पडिसेहो कायव्वो। तमापुढविनेरइया णं भंते! कओहिन्तो उववज्जन्ति? गोयमा! जहा धूमप्पभापुढविनेरइया, नवरं थलयरेहिन्तो वि पडिसेहो कायव्वो। इमेणं अभिलावेणं जइ पंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? किं जलयरपंचिंदिएहिंतो उववज्जंति? थलयरपंचिंदिएहिंतो उववज्जंति? खहयर पंचेंदिएहिंतो उववज्जंति? गोयमा! जलयरपंचिन्दिएहिन्तो उववज्जन्ति, नो थलयरेहिन्तो, नो खहयरेहिन्तो उववज्जन्ति ।।सू०-२९।।३०८।।**

(મૂ૦) શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ સામાન્ય નૈરયિકોનો ઉપપાત કહ્યો તેમ ઉપપાત કહેવો. પરંતુ સંમૂર્ચ્છિમનો નિષેધ કરવો. એટલે કે સંમૂર્ચ્છિમમાંથી આવી ઉત્પન્ન થતા નથી. હે ભગવન્! વાલુકાપ્રભા પૃથિવીના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! જેમ શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકો કહ્યા તેમ કહેવા. પરંતુ ભુજપરિ સર્પોનો પ્રતિષેધ કરવો અર્થાત્ ભુજપરિસર્પોથી આવી અહીં ઉપજતા નથી. પંકપ્રભાપૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! વાલુકાપ્રભાપૃથિવીના નૈરયિકો પેઠે જાણવા. પરંતુ ખેચરોથી આવી ઉત્પન્ન થતા નથી. ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! પંકપ્રભાપૃથિવીના નૈરયિકો સંબંધે કહ્યું તેમ કહેવું, પરંતુ ચતુષ્પદોનો પ્રતિષેધ કરવો, એટલે ત્યાંથી આવી ઉત્પન્ન થતા નથી. હે ભગવન્! તમઃપ્રભાપૃથિવીના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! જેમ ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો કહ્યા તેમ કહેવા. પરંતુ સ્થલચરોથી આવી ઉત્પન્ન થતા નથી. તેમ આ અભિલાપ વડે પ્રતિષેધ કરવો– "જો પંચેન્દ્રિયતિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું જલચર પંચેન્દ્રિયોથી, સ્થલચર પંચેન્દ્રિયોથી કે ખેચર પંચેન્દ્રિયથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સ્થલચર અને ખેચર પંચેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થતા નથી. ॥૨૯॥૩૦૮॥

**जइ मणुस्सेहिन्तो उववज्जन्ति किं कम्मभूमिएहिन्तो उववज्जन्ति? अकम्मभूमिएहिन्तो उववज्जन्ति? अंतरदीवएहिन्तो उववज्जन्ति? गोयमा! कम्मभूमिएहिन्तो उववज्जन्ति, नो अकम्मभूमिएहिन्तो उववज्जन्ति, नो अंतरदीवएहिन्तो उववज्जन्ति। जइ कम्मभूमिएहिन्तो उववज्जन्ति किं संखेज्जावासाउएहिन्तो उववज्जंति? असंखेज्जवासाउएहिन्तो उववज्जन्ति? गोयमा! संखेज्जवासाउएहिन्तो उववज्जन्ति, नो असंखेज्जवासाउएहिन्तो उववज्जन्ति। जइ संखेज्जवासाउएहिन्तो उववज्जन्ति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति? अपज्जत्तएहिन्तो उववज्जन्ति? गोयमा! पज्जत्तएहिन्तो उववज्जन्ति, नो अपज्जत्तएहिन्तो उववज्जन्ति। जइ पज्जत्तग-संखेज्जवासाउयकम्मभूमिएहिन्तो उववज्जन्ति किं इत्थिएहिन्तो उववज्जंति? पुरिसेहिन्तो उववज्जन्ति? नपुंसएहिन्तो उववज्जन्ति? गोयमा! इत्थीहिन्तो वि उववज्जन्ति, पुरिसेहिन्तो वि उववज्जन्ति, नपुंसएहिन्तो वि उववज्जन्ति। अहेसत्तमापुढविनेरइया णं भंते! कत्तोहिन्तो उववज्जन्ति? गोयमा! एवं चेव, नवरं इत्थीहिन्तो[वि] पडिसेहो कायव्वो। " अस्सन्नी खलु पढमं दोच्चंपि सिरीसिवा तइय पक्खी। सीहा जन्ति चउत्थिं उरगा पुण पंचमिं पुढविं। छट्ठिं च इत्थियाओ मच्छा मणुया य सत्तमिं पुढविं। एसो परमुववाओ बोद्धव्वो नरगपुढवीणं"।।सू०-३०।।३०९।।**

(મૂ૦) જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના, અકર્મભૂમિના કે અન્તર્દ્વીપના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, પણ અકર્મભૂમિના કે અન્તરદ્વીપના મનુષ્યોથી આવી ઉત્પન્ન ન થાય. જો કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય, પણ અસંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન ન થાય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળાથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સ્ત્રીઓ, પુરુષો કે નપુંસકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સ્ત્રીઓ, પુરુષો કે નપુંસકોથી પણ આવી ઉત્પન્ન થાય. હે ભગવન્! અધઃસપ્તમી નરકપૃથિવીના નૈરયિકોમાં ક્યાંથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! એમજ જાણવું. પરંતુ સ્ત્રીનો પ્રતિષેધ કરવો. એટલે સ્ત્રીથી આવી ઉત્પન્ન થતા નથી. અસંજ્ઞી પ્રથમ નરક પર્યંત, સરીસૃપો–ભુજપરિસર્પ બીજી સુધી, પક્ષીઓ ત્રીજી નરક સુધી, સિંહ ચોથી નરક સુધી, ઉરઃપરિસર્પો

*પાંચમી નરક સુધી, સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી અને મત્સ્યો તથા મનુષ્યો સાતમી નરક સુધી જાય છે. આ નરકપૃથિવીઓનો ઉત્કૃષ્ટ ઉપપાત જાણવો." ॥૩૦॥૩૦૯॥*

(ટી૦) હવે પાંચમા દ્વાર સંબન્ધે કહે છે—'नेरइया णं भंते! कओहिंतो उववज्जंति'–હે ભગવન્! નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય–ઇત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે. પણ તેનો સંક્ષેપથી આ અર્થ છે–સામાન્ય રીતે નૈરયિકોની ઉત્પત્તિના વિચારમાં અને રત્નપ્રભા નરકના નૈરયિકોની ઉત્પત્તિના વિચારમાં દેવ, નારક, પૃથિવ્યાદિ પાંચ સ્થાવર વિકલેન્દ્રિયત્રિક અને અસંખ્ય વરસના આયુષ્યવાળા ચતુષ્પદ અને ખેચરોનો, અને બીજા પણ અપર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયો, સંમૂર્ચ્છિમ મનુષ્યો, ગર્ભજ છતાં પણ અકર્મભૂમિના, અન્તરદ્વીપના, કર્મભૂમિના છતાં અસંખ્યાતા વરસના આયુષ્યવાળા, અને સંખ્યાતા વરસના આયુષ્યવાળા છતાં અપર્યાપ્તાઓનો પ્રતિષેધ સમજવો અને બાકીનાનું વિધાન જાણવું. એટલે બાકીના બધા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. શર્કરાપ્રભામાં સંમૂર્ચ્છિમોનો પણ પ્રતિષેધ જાણવો. એટલે સંમૂર્ચ્છિમ મનુષ્ય અને તિર્યંચો શર્કરાપ્રભામાં ઉત્પન્ન થતા નથી. વાલુકાપ્રભામાં ભુજપરિસર્પોનો, પંકપ્રભામાં ખેચરોનો, ધૂમપ્રભામાં ચતુષ્પદોનો, તમઃપ્રભામાં ઉરઃપરિસર્પોનો અને સાતમી નરક પૃથિવીમાં સ્ત્રીઓનો પણ પ્રતિષેધ સમજવો. ॥૩૦॥૩૦૯॥

**असुरकुमारा णं भंते! कतोहिंतो उववज्जन्ति? गोयमा! नो नेरइएहिंतो उववज्जन्ति तिरिक्खजोणिएहिंतो उववज्जन्ति, मणुस्सेहिंतो उववज्जन्ति, नो देवेहिंतो उववज्जन्ति। एवं जेहिंतो नेरइयाणं उववाओ तेहिंतो असुरकुमाराण वि भाणियव्वो, नवरं असंखेज्जवासाउय-अकम्मभूमग-अंतरदीवगमणुस्सतिरिक्खजोणिएहिन्तो वि उववज्जन्ति, सेसं तं चेव। एवं जाव थणियकुमारा भाणियव्वा ।।सू०-३१।।३१०।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! નૈરયિકોથી આવી ઉત્પન્ન થતા નથી, તિર્યંચો અને મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. દેવોથી આવી ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે જ્યાંથી આવી નૈરયિકોનો ઉપપાત થાય છે ત્યાંથી આવી અસુરકુમારોનો પણ ઉપપાત કહેવો. પરંતુ અસંખ્યાત વરસના આયુષ્યવાળા અકર્મભૂમિના કે અન્તર્દ્વીપના મનુષ્યો અને તિર્યંચોથી પણ આવી ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે યાવત્—સ્તનિતકુમાર સુધી કહેવું. ॥૩૧॥૩૧૦॥*

**पुढविकाइया णं भंते! कतोहिन्तो उववज्जन्ति? किं नेरइएहिन्तो जाव देवेहिन्तो उववज्जन्ति? गोयमा! नो नेरइएहिन्तो उववज्जन्ति, तिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति मणुस्सेहिन्तो उववज्जन्ति, देवेहिन्तो वि उववज्जन्ति। जइ तिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं एगिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति, जाव पंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? गोयमा! एगिन्दियतिरिक्खजोणिएहिन्तो वि जाव पंचिन्दिय-तिरिक्खजोणिएहिन्तो वि उववज्जन्ति। जइ एगिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं पुढविकाइएहिन्तो, जाव वणस्सइकाइएहिन्तो उववज्जन्ति? गोयमा! पुढविकाइएहिन्तो वि जाव वणस्सइकाइएहिन्तो वि उववज्जन्ति। जइ पुढविकाइएहिन्तो उववज्जन्ति किं सुहुमपुढविकाइएहिन्तो उववज्जन्ति, बायरपुढविकाइएहिन्तो उववज्जन्ति? गोयमा! दोहिन्तो वि उववज्जन्ति। जइ सुहुमपुढविकाइएहिन्तो उववज्जन्ति किं पज्जत्तसुहुम-पुढविकाइएहिन्तो उववज्जन्ति, अपज्जत्तसुहुमपुढविकाइएहिन्तो उववज्जन्ति? गोयमा! दोहिन्तो वि उववज्जन्ति। जइ बायरपुढविकाइएहिन्तो उववज्जन्ति किं पज्जत्तएहिन्तो उववज्जन्ति? अपज्जत्तएहिन्तो उववज्जन्ति? गोयमा! दोहिन्तो वि उववज्जन्ति, एवं जाव वणस्सइकाइया चउक्कएणं भेदेण उववाएयव्वा ।।सू०-३२।।३११।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? શું નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્–દેવોથી પણ આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોથી આવી ઉત્પન્ન ન થાય, પણ તિર્યંચો, મનુષ્યો કે દેવોથી આવી ઉત્પન્ન*

*થાય. જો તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! એકેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય, યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોથી પણ આવી ઉત્પન્ન થાય. જો એકેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્—વનસ્પતિકાયિકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પૃથિવીકાયિકોથી પણ આવી ઉત્પન્ન થાય, યાવત્—વનસ્પતિકાયિકોથી પણ આવી ઉત્પન્ન થાય. જો પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સૂક્ષ્મ પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય કે બાદર પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો સૂક્ષ્મ પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો બાદર પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. એ પ્રમાણે યાવત્—વનસ્પતિકાયિકો સુધી (સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એ) ચાર ભેદો વડે ઉપપાત કહેવો. ॥૩૨॥૩૧૧॥*

**जइ बेइंदियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं पज्जत्तबेइंदिएहिन्तो उववज्जन्ति? अपज्जत्तबेइंदिएहिन्तो उववज्जन्ति? गोयमा! दोहिन्तो वि उववज्जन्ति। एवं तेइंदिय-चउरिन्दिएहिन्तो वि उववज्जन्ति। जइ पंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति किं जलयरपंचिन्दियतिरिक्खजोणिएहिन्तो उववज्जन्ति? एवं जेहिन्तो नेरइयाणं उववाओ भणिओ तेहिन्तो एतेसिं पि भाणियव्वो, नवरं पज्जत्तग-अपज्जत्तगेहिन्तो वि उववज्जन्ति, सेसं तं चेव ।।सू०-३३।।३१२।।**

*(મૂ૦) જો બેઇન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત બેઇન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્ત બેઇન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. એ પ્રમાણે તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય છે. જો પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું જલચર પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય?—ઇત્યાદિ જેઓથી નૈરયિકોનો ઉપપાત કહ્યો છે તેઓથી એ પૃથિવીકાયિકોનો પણ ઉપપાત કહેવો. પરંતુ એટલી વિશેષતા છે કે પર્યાપ્તા અને અપર્યાપ્તા બન્નેથી આવી ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું. ॥૩૩॥૩૧૨॥*

**जइ मणुस्सेहिन्तो उववज्जंति किं संमुच्छिममणुस्सेहिन्तो उववज्जंति? गब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जंति? गोयमा! दोहिन्तो वि उववज्जंति। जइ गब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जंति किं कम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जंति? अकम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिन्तो उववज्जंति? सेसं जहा नेरइयाणं, नवरं अपज्जत्तएहिंतोवि उववज्जंति ।।सू०-३४।।३१३।।**

*(મૂ૦) જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્છિમ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય. જો ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય—ઇત્યાદિ બાકી બધું નૈરયિકો સંબન્ધે કહ્યું તેમ કહેવું. પરન્તુ અપર્યાપ્તાથી પણ ઉત્પન્ન થાય છે. ॥૩૪॥૩૧૩॥*

**जइ देवेहिन्तो[वि] उववज्जंति किं भवणवासि-वाणमंतर-जोइसिय-वेमाणिएहिन्तो उववज्जंति? गोयमा! भवणवासिदेवेहिन्तो वि उववज्जंति, जाव वेमाणियदेवेहिन्तो वि उववज्जंति। जइ भवणवासिदेवेहिन्तो उववज्जंति किं असुरकुमारदेवेहिंतो, जाव थणियकुमारेहिंतो उववज्जंति? गोयमा! असुरकुमारदेवेहिंतो वि उववज्जंति,**

जाव थणियकुमारदेवेहिंतो वि उववज्जंति। जइ वाणमंतरदेवेहिन्तो उववज्जंति किं पिसाएहिंतो जाव गंधव्वेहिंतो उववज्जंति? गोयमा! पिसाएहिंतो वि, जाव गंधव्वेहिंतो वि उववज्जंति। जइ जोइसियदेवेहिंतो उववज्जंति किं चंदविमाणेहिंतो उववज्जंति, जाव ताराविमाणेहिंतो उववज्जंति? गोयमा! चंदविमाणजोइसियदेवेहिंतो वि जाव ताराविमाणजोइसियदेवेहिंतो वि उववज्जंति। जइ वेमाणियदेवेहिंतो उववज्जंति किं कप्पोवगवेमाणियदेवेहिंतो उववज्जंति? कप्पातीतगवेमाणियदेवेहिंतो उववज्जंति? गोयमा! कप्पोवगवेमाणियदेवेहिंतो उववज्जंति, नो कप्पातीयवेमाणियदेवेहिंतो उववज्जंति। जइ कप्पोवगवेमाणियदेवेहिंतो उववज्जंति किं सोहम्मेहिंतो, जाव अच्चुएहिन्तो उववज्जंति? गोयमा! सोहम्मीसाणेहिंतो उववज्जंति, नो सणंकुमार जाव अच्चुएहिंतो उववज्जंति। एवं आउक्काइया वि एवं तेउ-वाउकाइया वि, नवरं देववज्जेहिंतो उववज्जंति। वणस्सइकाइया जहा पुढविकाइया। बेइंदिया तेइंदिया चउरिंदिया एते जहा तेउ-वाऊ देववज्जेहिंतो भाणियव्वा ।।सू०-३५।।३१४।।

(મૂ૦) જો દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષિક, કે વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! ભવનવાસી દેવોથી પણ આવી ઉત્પન્ન થાય, યાવત્—વૈમાનિક દેવોથી પણ ઉત્પન્ન થાય. જો ભવનવાસી દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું અસુરકુમારોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્—સ્તનિતકુમારોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! અસુરકુમાર દેવોથી આવી ઉત્પન્ન થાય, યાવત્—સ્તનિતકુમાર દેવોથી પણ આવી ઉત્પન્ન થાય. જો વ્યન્તર દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું પિશાચોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્—ગાંધર્વોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પિશાચોથી પણ આવી ઉત્પન્ન થાય, યાવત્—ગાંધર્વોથી પણ આવી ઉત્પન્ન થાય. જો જ્યોતિષિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું ચન્દ્રવિમાનના દેવોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્—તારાવિમાનના દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! ચન્દ્રવિમાનના જ્યોતિષિક દેવોથી પણ આવી ઉત્પન્ન થાય, યાવત્—તારાવિમાનના જ્યોતિષિક દેવોથી પણ આવી ઉત્પન્ન થાય. જો વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય કે કલ્પાતીત વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય, પણ કલ્પાતીત વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન ન થાય. જો કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું સૌધર્મથી આવી ઉત્પન્ન થાય કે યાવત્—અચ્યુતથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સૌધર્મ અને ઈશાનથી આવી ઉત્પન્ન થાય, પણ સનત્કુમાર, યાવત્—અચ્યુતથી આવી ઉત્પન્ન ન થાય. એ પ્રમાણે અપ્કાયિકો પણ જાણવા. તેજસ્કાયિકો અને વાયુકાયિકો પણ એમજ જાણવા. પરન્તુ તેઓ દેવ સિવાય બાકીના જીવોથી આવી ઉત્પન્ન થાય છે. વનસ્પતિકાયિકો પૃથિવીકાયિકો પેઠે જાણવા. બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો તેજસ્કાય અને વાયુકાયની પેઠે દેવ સિવાયના જીવોથી આવી ઉત્પન્ન થાય છે એમ કહેવું. ।।૩૫।।૩૧૪।।

पंचिंदियतिरिक्खजोणिया णं भंते! कओहिंतो उववज्जंति? किं नेरइएहिंतो उववज्जंति? जाव, देवेहिंतो उववज्जन्ति? गोयमा! नेरइएहिंतो वि, तिरिक्खजोणिएहिंतो वि, मणुस्सेहिंतो वि, देवेहिंतो वि उववज्जन्ति। जइ नेरएहिंतो उववज्जंति किं रयणप्पभापुढविनेरइएहिंतो जाव अहेसत्तमापुढविनेरइएहिंतो उववज्जंति? गोयमा! रयणप्पभा-पुढविनेरइएहिंतो वि उववज्जंति, जाव अहेसत्तमापुढविनेरइएहिंतो वि उववज्जंति। जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदिएहिंतो उववज्जंति? जाव पंचिंदिएहिंतो उववज्जंति? गोयमा! एगिंदिएहिंतो वि उववज्जन्ति, जाव पंचिंदिएहिंतो वि उववज्जंति। जइ एगिंदिएहिंतो उववज्जंति किं पुढविकाइएहिंतो उववज्जन्ति? एवं जहा पुढविकाइयाणं उववाओ भणिओ तहेव एएसिं पि भाणियव्वो, नवरं देवेहिंतो जाव सहस्सारकप्पोवगवेमाणियदेवेहिंतो

**वि उववज्जंति, नो आणयकप्पोवगवेमाणियदेवेहिंतो जाव अच्चुएहिंतो वि उववज्जंति ।।सू०-३६।।३१५।।**

*(મૂ૦) હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? શું નૈરયિકોથી યાવત્—દેવોથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! નૈરયિકોથી, તિર્યંચોથી, મનુષ્યોથી અને દેવોથી પણ આવી ઉત્પન્ન થાય છે. જો નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી યાવત્—અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી, યાવત્—અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે. જો તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્—પંચેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! એકેન્દ્રિયોથી પણ આવી ઉત્પન્ન થાય, યાવત્—પંચેન્દ્રિયોથી પણ આવી ઉત્પન્ન થાય. જો એકેન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય તો શું પૃથિવીકાયિકોથી આવી ઉત્પન્ન થાય—ઇત્યાદિ. જેમ પૃથિવીકાયિકોનો ઉપપાત કહ્યો તેમ એ પંચેન્દ્રિય તિર્યંચોનો પણ કહેવો, પરન્તુ વિશેષ એ છે કે તેમાં દેવોથી આવી ઉત્પન્ન થાય છે, યાવત્ સહસ્રાર કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય છે, પણ આનત કલ્પોપપન્ન દેવોથી યાવત્ અચ્યુત કલ્પોપપન્ન દેવોથી આવી ઉત્પન્ન થતા નથી. ।।૩૭।।૩૧૫।।*

**मणुस्सा णं भंते! कओहिंतो उववज्जंति? किं नेरइएहिंतो उववज्जंति, जाव देवेहिंतो उववज्जंति? गोयमा! नेरइएहिंतो वि उववज्जंति, जाव देवेहिंतो वि उववज्जंति। जइ नेरइएहिंतो उववज्जंति किं रयणप्पभापुढविनेरइएहिंतो उववज्जंति, किं सक्करप्पभापुढविनेरइएहिंतो उववज्जंति, किं वालुयप्पभापुढविनेरइएहिंतो०, किं पंकप्पभानेरइएहिंतो०, किं धूमप्पभानेरइएहिंतो०, किं तमप्पभानेरइएहिंतो०, किं अहेसत्तमापुढविनेरइएहिंतो उववज्जंति? गोयमा! रयणप्पभापुढविनेरइएहिंतो वि, जाव तमापुढविनेरइएहिंतो वि उववज्जंति, नो अहेसत्तमापुढविनेरइएहिंतो उववज्जंति। जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति-एवं जेहिंतो पंचिंदियतिरिक्खजोणियाणं उववाओ भणिओ तेहिंतो मणुस्साण वि निरवसेसो भाणियव्वो, नवरं अहेसत्तमापुढविनेरइएहिंतो तेउ-वाउकाइएहिंतो ण उववज्जंति। सव्वदेवेहिंतो वि उववज्जावेयव्वा जाव कप्पातीतवेमाणिय-सव्वट्ठसिद्धदेवेहिंतो वि उववज्जावेयव्वा ।।सू०-३७।।३१६।।**

*(મૂ૦) હે ભગવન્! મનુષ્યો ક્યાંથી આવી ઉત્પન્ન થાય? શું નૈરયિકોથી, યાવત્ દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોથી, યાવત્ દેવોથી પણ આવી ઉત્પન્ન થાય છે. જો નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી, શર્કરાપ્રભા પૃથિવીના નૈરયિકોથી યાવત્ અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી, યાવત્ તમાપૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે. પરન્તુ અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થતા નથી. જો તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય—ઇત્યાદિ જેમ જે જીવોથી આવી પંચેન્દ્રિય તિર્યંચોનો ઉપપાત કહ્યો છે તેમ તે જીવોથી આવી મનુષ્યોનો પણ સર્વ પ્રકારે ઉપપાત કહેવો. પરન્તુ અધઃસપ્તમ નરકપૃથિવીના નૈરયિકોથી તથા તેજસ્કાય અને વાયુકાયથી આવી મનુષ્યો ઉત્પન્ન થતા નથી. તથા સર્વ દેવોથી ઉપપાત કહેવો, યાવત્—કલ્પાતીત વૈમાનિક સર્વાર્થસિદ્ધ દેવોથી પણ ઉપપાત કહેવો.।।૨૭।।૩૧૬।।*

**वाणमंतरदेवा णं भंते! कओहिंतो उववज्जंति? किं नेरइएहिंतो? तिरिक्खजोणिएहिंतो? मणुस्सेहिंतो? देवेहिन्तो उववज्जंति? गोयमा! जेहिन्तो असुरकुमारा उववज्जन्ति तेहिन्तो वाणमन्तरा उववज्जावेयव्वा।।सू०-३८।।३१७।।**

*(મૂ૦) હે ભગવન્! વ્યન્તર દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય? શું નૈરયિકો, તિર્યંચો, મનુષ્યો કે દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! જ્યાંથી આવી અસુરકુમારો ઉત્પન્ન થાય છે ત્યાંથી આવી વ્યન્તરો ઉત્પન્ન થાય છે એમ કહેવું. ।।૩૮।।૩૧૭।।*

जोइसिया देवा णं भंते! कओहिंतो उववज्जन्ति? गोयमा! एवं चेव, नवरं संमुच्छिमअसंखिज्जवासाउय-खहयर[पंचिंदियतिरिक्खजोणियवज्जेहिंतो], अंतरदीवमणुस्सवज्जेहिंतो उववज्जावेयव्वा ।।सू०-३९।।३१८।।

*(મૂ૦) હે ભગવન્! જ્યોતિષિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! એમજ જાણવું. પરન્તુ સંમૂર્ચ્છિમ (તિર્યંચ પંચેન્દ્રિય) અને અસંખ્યાતા વરસના આયુષ્યવાળા ખેચર પંચેન્દ્રિય તિર્યંચો તથા અન્તરદ્વીપના મનુષ્યો સિવાય બીજા જીવોથી આવી ઉત્પન્ન થાય છે એમ કહેવું.॥૩૯॥૩૧૮॥*

वेमाणिया णं भंते! कओहिंतो उववज्जंति? किं नेरइएहिंतो? किं तिरिक्खजोणिएहिंतो? किं मणुस्सेहिंतो? किं देवेहिंतो उववज्जन्ति? गोयमा! णो णेरइएहिंतो उववज्जंति, पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, णो देवेहिंतो उववज्जंति। एवं सोहम्मीसाणगदेवा वि भाणियव्वा। एवं सणंकुमारदेवा वि भाणियव्वा, नवरं असंखेज्जवासाउयअकम्मभूमगवज्जेहिंतो उववज्जंति। एवं जाव सहस्सारकप्पोवगवेमाणियदेवा भाणियव्वा। आणयदेवा णं भंते! कओहिंतो उववज्जंति? किं नेरइएहिंतो, किं पंचिंदियतिरिक्खजोणियेहिंतो? मणुस्सेहिंतो, देवेहिंतो उववज्जंति? गोयमा! णो णेरइएहिंतो उववज्जंति, नो तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, णो देवेहिंतो उववज्जंति। जइ मणुस्सेहिन्तो उववज्जंति किं संमुच्छिममणुस्सेहिंतो, गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति? गोयमा! गब्भवक्कंतियमणुस्सेहिंतो, नो संमुच्छिममणुस्सेहिंतो उववज्जंति। जइ गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं कम्मभूमगेहिंतो, अकम्मभूमगेहिंतो, अंतरदीवगेहिंतो उववज्जंति? गोयमा! नो अकम्मभूमगेहिंतो, णो अंतरदीवगेहिंतो उववज्जंति, कम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति। जइ कम्मभूमगगब्भवक्कंतियमणूसेहिंतो उववज्जंति किं संखेज्जावासाउएहिंतो, असंखेज्जावासाउएहिंतो उववज्जंति? गोयमा! संखेज्जावासाउएहिंतो, नो असंखिज्जावासाउएहिंतो उववज्जंति। जइ संखिज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणूसेहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति अपज्जत्तएहिंतो उववज्जंति? गोयमा! पज्जत्तएहिंतो उववज्जंति, नो अपज्जत्तएहिंतो उववज्जंति। जइ पज्जत्तसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं सम्मद्दिट्ठिपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगेहिन्तो उववज्जंति, मिच्छद्दिट्ठिपज्जत्तगेहिंतो उववज्जंति, सम्मामिच्छद्दिट्ठिपज्जत्तगेहिंतो उववज्जंति? गोयमा! सम्मद्दिट्ठिपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसेहिंतो उववज्जंति, मिच्छद्दिट्ठिपज्जत्तगेहिंतो वि उववज्जन्ति, णो सम्मामिच्छद्दिट्ठिपज्जत्तएहिन्तो उववज्जन्ति। जइ सम्मद्दिट्ठिपज्जत्तसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसेहिन्तो उववज्जंति किं संजतसम्मद्दिट्ठिहिन्तो, असंजतसम्मद्दिट्ठिपज्जत्तएहिन्तो, संजयासंजयसम्मद्दिट्ठिपज्जत्तसंखेज्जवासाउएहिन्तो उववज्जंति? गोयमा! तीहिंतोवि उववज्जंति। एवं जाव अच्चुगो कप्पो। एवं [चेव] गेविज्जगदेवावि, नवरं असंजतसंजतासंजतेहिन्तो वि एते पडिसेहेयव्वा। एवं जहेव गेविज्जगदेवा तहेव अणुत्तरोववाइया वि, णवरं इमं नाणत्तं संजया चेव। जइ सम्मद्दिट्ठिसंजतपज्जत्तसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसेहिन्तो उववज्जंति किं पमत्तसंजय-सम्मद्दिट्ठिपज्जत्तएहिन्तो, अपमत्तसंजयसम्मद्दिट्ठिपज्जत्तएहिन्तो उववज्जंति? गोयमा! अपमत्तसंजयपज्जत्तएहिन्तो उववज्जन्ति, नो पमत्तसंजयपज्जत्तएहिन्तो उववज्जंति। जइ अपमत्तसंजएहिन्तो उववज्जन्ति किं इड्ढिपत्तअपमत्त-संजएहिन्तो, अणिड्ढिपत्तअपमत्तसंजएहिन्तो०? गोयमा! दोहिन्तो वि उववज्जन्ति ।५ दारं। ।।सू०-४०।।३१९।।

*(મૂ૦) હે ભગવન્! વૈમાનિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? શું નૈરયિકો, તિર્યંચો, મનુષ્યો અને દેવોથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! નૈરયિકોથી આવી ઉત્પન્ન થતા નથી, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે.*

*દેવોથી આવી ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સૌધર્મ અને ઈશાન દેવો પણ કહેવા. સનત્કુમાર દેવો સંબંધે પણ એમજ કહેવું, પરન્તુ અસંખ્યાત વરસના આયુષ્યવાળા અકર્મભૂમિ સિવાયના બીજા (પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોથી) આવી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્—સહસ્રાર કલ્પોપપન્ન વૈમાનિક દેવો સુધી કહેવું. હે ભગવન્! આનત દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે? શું નૈરયિકોથી, પંચેન્દ્રિય તિર્યંચોથી, મનુષ્યોથી કે દેવોથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! નૈરયિકોથી, તિર્યંચોથી કે દેવોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોથી કે ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સંમૂર્ચ્છિમ મનુષ્યોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. જો ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું કર્મભૂમિના, અકર્મભૂમિના કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! અકર્મભૂમિના કે અંતરદ્વીપના મનુષ્યોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળા કે અસંખ્યાતા વરસના આયુષ્યવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે, પણ અસંખ્યાતા વરસના આયુષ્યવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થતા નથી. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન ન થાય. જો પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સમ્યગ્દૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય, સમ્યગ્મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય કે મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! સમ્યગ્દૃષ્ટિથી કે મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય, પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિથી આવી ઉત્પન્ન ન થાય. જો સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંયત સમ્યગ્દૃષ્ટિથી, અસંયત સમ્યગ્દૃષ્ટિથી કે સંયતાસંયત સમ્યગ્દૃષ્ટિથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! ત્રણેથી આવી ઉત્પન્ન થાય. એ પ્રમાણે અચ્યુત કલ્પ સુધી જાણવું. ગ્રૈવેયક દેવો પણ એમજ જાણવા. પરંતુ સમ્યગ્દૃષ્ટિ અસંયત અને સંયતાસંયતનો [1]પ્રતિષેધ કરવો. જેમ ગ્રૈવેયક દેવો કહ્યા તેમ અનુત્તરૌપપાતિક દેવો પણ સમજવા. પરંતુ એટલો વિશેષ છે કે અહીં સંયતો જ આવી ઉપજે છે. જો સમ્યગ્દૃષ્ટિ સંયત પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પ્રમત્ત સંયતથી કે અપ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! અપ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન થાય, પરંતુ પ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન ન થાય. જો અપ્રમત્ત સંયતથી આવી ઉત્પન્ન થાય તો શું ઋદ્ધિપ્રાપ્ત (લબ્ધિપ્રાપ્ત) સંયતથી આવી ઉત્પન્ન થાય કે ઋદ્ધિ અપ્રાપ્ત (લબ્ધિને નહિ પ્રાપ્ત થયેલા) સંયતથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેથી આવી ઉત્પન્ન થાય, પંચમ દ્વાર સમાપ્ત. ॥૪૦॥૩૧૯॥*

(ટી૦) ભવનવાસી દેવોના ઉપપાતના વિચારમાં દેવો, નારકો, પૃથિવ્યાદિ પાંચ સ્થાવર, વિકલેન્દ્રિયત્રિક, અપર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ અને અપર્યાપ્ત ગર્ભજ મનુષ્યોનો પ્રતિષેધ જાણવો. બાકીનાનું વિધાન સમજવું. પૃથિવી, અપ્ અને વનસ્પતિને વિષે સકલ નૈરયિકો અને સનત્કુમારાદિ દેવોનો, તેજસ્ વાયુ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં સર્વ નારકો અને સર્વ દેવોનો, તિર્યંચ પંચેન્દ્રિયોમાં આનત દેવોનો, મનુષ્યોમાં સાતમી નરકપૃથિવીના નારક, તેજસ્ અને વાયુનો,

૧. ગ્રૈવેયકમાં સમ્યગ્દૃષ્ટિ અસંયત—અવિરતિ અને સંયતાસંયત—દેશવિરતિનો પ્રતિષેધ કર્યો, એટલે તેમાં મિથ્યાદૃષ્ટિ દ્રવ્યસંયત અને સમ્યગ્દૃષ્ટિ સંયત આવીને ઉપજે છે, અને અનુત્તરૌપપાતિકમાં કેવળ સંયત જ ઉત્પન્ન થાય છે, ત્યાં મિથ્યાદૃષ્ટિ દ્રવ્યસંયત ઉત્પન્ન થતા નથી, પણ કેવળ અપ્રમત્ત ભાવસંયત આવીને ઉત્પન્ન થાય છે.

વ્યન્તરોમાં દેવ, નારક, પૃથિવ્યાદિ પાંચ, વિકલેન્દ્રિયત્રિક, અપર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ અને અપર્યાપ્ત ગર્ભજ મનુષ્યોનો, જ્યોતિષિકોમાં સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, અસંખ્યાત વરસના આયુષ્યવાળા પક્ષી, અને અન્તર દ્વીપના મનુષ્યોનો પણ પ્રતિષેધ સમજવો. એ પ્રમાણે સૌધર્મ અને ઈશાન દેવલોકને વિષે પણ જાણવું. સનત્કુમારથી માંડી સહસ્રાર દેવલોક સુધી અકર્મભૂમિના માણસોનો પણ પ્રતિષેધ જાણવો. આનતાદિને વિષે તિર્યંચ પંચેન્દ્રિયોનો અને વિજયાદિને વિષે મિથ્યાદૃષ્ટિ મનુષ્યોનો પણ પ્રતિષેધ જાણવો. પંચમદ્વાર સમાપ્ત. ॥૪૦॥૩૧૯॥

## ।। छट्ठं उव्वट्टणादारं ।।

**नेरइया णं भंते। अणंतरं उव्वट्टित्ता कहिं गच्छन्ति, कहिं उववज्जंति? किं नेरइएसु उववज्जन्ति? तिरिक्खजोणिएसु उववज्जन्ति? मणुस्सेसु उववज्जन्ति? देवेसु उववज्जन्ति? गोयमा। नो नेरइएसु उववज्जन्ति, तिरिक्खजोणिएसु उववज्जन्ति, मणुस्सेसु उववज्जन्ति, नो देवेसु उववज्जन्ति। जइ तिरिक्खजोणिएसु उववज्जंति किं एगिंदिएसु उववज्जन्ति, जाव पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जन्ति? गोयमा। णो एगिंदिएसु, जाव नो चउरिंदिएसु उववज्जन्ति, पंचिंदिएसु उववज्जंति। एवं जेहिन्तो उववाओ भणिओ तेसु उव्वट्टणावि भाणियव्वा, नवरं संमुच्छिमेसु न उववज्जन्ति। एवं सव्वपुढवीसु भाणियव्वं, नवरं अहेसत्तमाओ मणुस्सेसु ण उववज्जन्ति** ।।सू०-४१।।३२०।।

### છટ્ઠું દ્વાર.

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો ઉદ્વર્તના કરી—મરણ પામી તુરત ક્યાં જાય—ક્યાં ઉત્પન્ન થાય? શું નૈરયિકોમાં, તિર્યંચોમાં, મનુષ્યોમાં કે દેવોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોમાં ઉત્પન્ન ન થાય, તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય અને દેવોમાં ઉત્પન્ન ન થાય. જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એકેન્દ્રિયોમાં ઉત્પન્ન ન થાય, યાવત્—ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન ન થાય—ઈત્યાદિ જ્યાંથી આવી નારકોનો ઉપપાત કહ્યો છે તેને વિષે ઉદ્વર્તના પણ કહેવી. પરન્તુ સંમૂર્ચ્છિમોમાં ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સર્વ નરકપૃથિવીઓમાં કહેવું. પણ સાતમી નરકપૃથિવીથી નીકળી મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી. ॥૪૧॥૩૨૦॥*

**असुरकुमारा णं भंते। अणंतरं उव्वट्टित्ता कहिं गच्छन्ति? कहिं उववज्जन्ति? किं नेरइएसु, जाव देवेसु उववज्जन्ति? गोयमा। नो नेरइएसु उववज्जन्ति, तिरिक्खजोणिएसु उववज्जन्ति, मणुस्सेसु उववज्जन्ति, णो देवेसु उववज्जन्ति। जइ तिरिक्खजोणिएसु उववज्जन्ति किं एगिन्दिएसु उववज्जंति, जाव पंचिन्दियतिरिक्खजोणिएसु उववज्जन्ति? गोयमा। एगिन्दियतिरिक्खजोणिएसु उववज्जन्ति, नो बेइंदिएसु, जाव नो चउरिंदिएसु उववज्जन्ति, पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जन्ति। जइ एगिन्दिएसु उववज्जन्ति किं पुढविकाइयएगिन्दिएसु, जाव वणस्सइकाइयएगिन्दिएसु उववज्जन्ति? गोयमा। पुढविकाइयएगिन्दिएसु वि, आउकाइयएगिन्दिएसु वि उववज्जन्ति, नो तेउकाइएसु, नो वाउकाइएसु उववज्जन्ति, वणस्सइकाइएसु उववज्जन्ति। जइ पुढविकाइएसु उववज्जन्ति किं सुहुमपुढविकाइएसु उववज्जन्ति? बायरपुढविकाइएसु उववज्जंति? गोयमा। बायरपुढविकाइएसु उववज्जंति, नो सुहुमपुढविकाइएसु उववज्जंति। जइ बायरपुढविकाइएसु उववज्जंति किं पज्जत्तगबायरपुढविकाइएसु उववज्जंति? अपज्जत्तबायरपुढविकाइएसु उववज्जंति? गोयमा। पज्जत्तएसु उववज्जंति, नो अपज्जत्तएसु उववज्जंति। एवं आउ-वणस्सइसु वि भाणियव्वं। पंचिन्दियतिरिक्खजोणिय-मणूसेसु य जहा नेरइयाणं**

उव्वट्टणा संमुच्छिमवज्जा तहा भाणियव्वा। एवं जाव थणियकुमारा ।।सू०-४२।।३२१।।

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારો ઉદ્‌વર્તના કરી ક્યાં જાય ક્યાં ઉત્પન્ન થાય? શું નૈરયિકોમાં, યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોમાં ઉપજતા નથી, તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. અને દેવોમાં ઉત્પન્ન થતા નથી. જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય કે યાવત્—પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, પરન્તુ બેઇન્દ્રિયો, યાવત્—ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી, અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. જો એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય તો શું પૃથિવીકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય કે યાવત્—વનસ્પતિકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! પૃથિવીકાયિક એકેન્દ્રિયોમાં અને અપ્કાયિક એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે, પણ તેજસ્કાયિક અને વાયુકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી. અને વનસ્પતિકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. જો પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો શું સૂક્ષ્મ પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય કે બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય, પણ સૂક્ષ્મ પૃથિવીકાયિકમાં ઉત્પન્ન ન થાય. જો બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય કે અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! પર્યાપ્તમાં ઉત્પન્ન થાય, પણ અપર્યાપ્તમાં ઉત્પન્ન ન થાય. એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિકને પણ કહેવું. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને વિષે જેમ નૈરયિકોની સંમૂર્ચ્છિમ સિવાય અન્યમાં ઉદ્‌વર્તના કહી તેમ અસુરકુમારોની પણ કહેવી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. ॥૪૨॥૩૨૧॥*

पुढविकाइया णं भंते। अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति? कहिं उववज्जंति? किं नेरइएसु जाव देवेसु०? गोयमा। नो नेरइएसु, तिरिक्खजोणियमणूसेसु उववज्जंति, नो देवेसु उववज्जंति, एवं जहा एतेसिं चेव उववाओ तहा उव्वट्टणा वि देववज्जा भाणियव्वा। एवं आउ-वणस्सइ-बेइंदिय-तेइंदिय-चउरिन्दिया वि। एवं तेउ० वाउ०, नवरं मणुस्सवज्जेसु उववज्जन्ति। पंचिन्दियतिरिक्खजोणिया णं भंते। अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति, कहिं उववज्जन्ति? गोयमा। नेरइएसु जाव देवेसु उववज्जन्ति। जइ नेरइएसु उववज्जन्ति किं रयणप्पभापुढविनेरइएसु उववज्जन्ति, जाव अहेसत्तमापुढविनेरइएसु उववज्जन्ति? गोयमा। रयणप्पभापुढविनेरइएसु वि उववज्जन्ति, जाव अहेसत्तमापुढविनेरइएसु वि उववज्जन्ति। जइ तिरिक्खजोणिएसु उववज्जन्ति किं एगिन्दिएसु, जाव पंचिन्दिएसु उववज्जन्ति? गोयमा! एगिन्दिएसु, जाव पंचिन्दिएसु उववज्जन्ति। एवं जहा एतेसिं चेव उववाओ उव्वट्टणा वि तहेव भाणियव्वा, नवरं असंखेज्जवासाउएसु वि एते उववज्जंति। जइ मणुस्सेसु उववज्जन्ति किं संमुच्छिममणुस्सेसु उववज्जन्ति? गब्भवक्कंतियमणूसेसु उववज्जन्ति? गोयमा। दोसु वि। एवं जहा उववाओ तहेव उव्वट्टणा वि भाणियव्वा, नवरं अकम्मभूमग—अंतरदीवग-गब्भवक्कंतियमणूसेसु असंखेज्जवासाउएसु वि एते उववज्जंति त्ति भाणियव्वं। जइ देवेसु उववज्जन्ति किं भवणवईसु उववज्जन्ति? जाव किं वेमाणिएसु उववज्जन्ति? गोयमा। सव्वेसु चेव उववज्जंति। जइ भवणवईसु किं असुरकुमारेसु उववज्जन्ति? जाव थणियकुमारेसु उववज्जन्ति? गोयमा। सव्वेसु चेव उववज्जन्ति। एवं वाणमंतर-जोइसिय-वेमाणिएसु निरंतरं उववज्जन्ति जाव सहस्सारो कप्पो त्ति ।।सू०-४३।।३२२।।

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો ઉદ્‌વર્તના કરી—મરણ પામી તુરત ક્યાં જાય—ક્યાં ઉત્પન્ન થાય? શું નૈરયિકોમાં કે યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોમાં ઉત્પન્ન ન થાય, તિર્યંચયોનિક અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય, અને દેવોમાં ઉત્પન્ન ન થાય. જેમ પૃથિવીકાયિકોનો ઉપપાત કહ્યો છે તેમ ઉદ્‌વર્તના પણ દેવ સિવાય કહેવી. એ પ્રમાણે અપ્કાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પણ કહેવા. તેજસ્કાય અને વાયુકાય માટે એમજ જાણવું. પરન્તુ મનુષ્યો સિવાય બીજાને વિષે ઉત્પન્ન થાય. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચો મરીને તુરત ક્યાં જાય—*

ક્યાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોમાં ઉત્પન્ન થાય, યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય. જો નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભામાં ઉત્પન્ન થાય કે યાવત્ સાતમી નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! રત્નપ્રભામાં પણ ઉત્પન્ન થાય, યાવત્ સાતમી નરકપૃથિવીમાં પણ ઉત્પન્ન થાય. જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિયોમાં કે યાવત્—પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય, યાવત્-પંચેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય—ઈત્યાદિ જેમ એઓનો ઉપપાત કહ્યો છે તેમ ઉદ્વર્તના પણ કહેવી. પરન્તુ એઓ અસંખ્યાત વરસના આયુષ્યવાળા તિર્યંચોમાં પણ ઉત્પન્ન થાય છે. જો મનુષ્યોમાં ઉત્પન્ન થાય તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ઉત્પન્ન થાય કે ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! બન્નેમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો છે તેમ ઉદ્વર્તના પણ કહેવી. પરન્તુ અકર્મભૂમિના અને અન્તર દ્વીપના અસંખ્યાત વરસના આયુષ્યવાળા મનુષ્યોમાં પણ ઉત્પન્ન થાય છે એમ કહેવું. જો દેવોમાં ઉત્પન્ન થાય તો શું ભવનપતિમાં ઉત્પન્ન થાય કે યાવત્ વૈમાનિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! બધામાં ઉત્પન્ન થાય. જો ભવનપતિમાં ઉત્પન્ન થાય તો શું અસુરકુમારોમાં ઉત્પન્ન થાય કે યાવત્—સ્તનિતકુમારોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! બધામાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં સહસ્રારકલ્પ સુધી નિરંતર ઉત્પન્ન થાય છે. ॥૪૩॥૩૨૨॥

**मणुस्सा णं भंते! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति? कहिं उववज्जंति? किं नेरइएसु उववज्जंति जाव देवेसु उववज्जंति? गोयमा! नेरइएसु वि उववज्जन्ति, जाव देवेसु वि उववज्जंति। एवं निरंतरं सव्वेसु ठाणेसु पुच्छा। गोयमा! सव्वेसु ठाणेसु उववज्जन्ति, न कहिं च पडिसेहो कायव्वो, जाव सव्वट्ठगसिद्धदेवेसु वि उववज्जन्ति, अत्थेगतिया सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणं अंतं करेंति। वाणमंतर-जोइसिय-वेमाणिय सोहम्मीसाणा य जहा असुरकुमारा, नवरं जोइसियाण य वेमाणियाण य चयंतीति अभिलावो कायव्वो। सणंकुमारदेवाणं पुच्छा। गोयमा! जहा असुरकुमारा, नवरं एगिंदिएसु ण उववज्जंति। एवं जाव सहस्सारगदेवा। आणय–जाव अणुत्तरोववाइया देवा एवं चेव, नवरं नो तिरिक्खजोणिएसु उववज्जन्ति, मणुस्सेसु पज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसेसु उववज्जन्ति ।६ दारं। ।।सू०-४४।।३२३।।**

(મૂ૦) હે ભગવન્! મનુષ્યો મરણ પામી તુરત ક્યાં જાય, ક્યાં ઉત્પન્ન થાય? શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય, યાવત્ દેવોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોમાં પણ ઉત્પન્ન થાય, યાવત્ દેવોમાં પણ ઉત્પન્ન થાય. એમ નિરંતર બધા સ્થાનકો સંબન્ધે પૃચ્છા કરવી. હે ગૌતમ! બધા સ્થાનકોમાં ઉત્પન્ન થાય છે. કોઈ પણ સ્થાનનો પ્રતિષેધ ન કરવો. યાવત્—સર્વાર્થસિદ્ધ દેવોમાં પણ ઉત્પન્ન થાય છે. કોઈક તો સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે, નિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અન્ત કરે છે. વ્યન્તર, જ્યોતિષિક, વૈમાનિક સૌધર્મ અને ઈશાન દેવો જેમ અસુરકુમારો કહ્યા તેમ કહેવા. પરંતુ જ્યોતિષિક અને વૈમાનિકો 'ચ્યવે છે' એવો પાઠ કહેવો. સનત્કુમાર દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ અસુરકુમારો કહ્યા તેમ કહેવા, પરંતુ એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સહસ્રાર દેવો સુધી જાણવા. આનત, યાવત્ અનુત્તરૌપપાતિક દેવો સંબંધે એમજ જાણવું, પરંતુ તેઓ તિર્યંચોમાં ઉત્પન્ન થતા નથી. મનુષ્યોમાં પણ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. છઠ્ઠું દ્વાર સમાપ્ત. ॥૪૪॥૩૨૩॥

(ટી૦) 'હે ભગવન્! નૈરયિકો ઉદ્વર્તના—મરણ પામી ક્યાં જાય છે, ક્યાં ઉત્પન્ન થાય છે'—ઈત્યાદિ પાઠસિદ્ધ છે. પરંતુ અહીં પણ સંક્ષેપમાં આ અર્થ કહેવાનો છે—નૈરયિકો સ્વભાવથી મરણ પામી સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. પરંતુ સાતમી નરક પૃથિવીના નારકો સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ

પંચેન્દ્રિયોમાં જ ઉપજે છે. અસુરકુમારાદિ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવો બાદર પર્યાપ્ત પૃથિવી, અપ્, પ્રત્યેક વનસ્પતિ, ગર્ભજ સંખ્યાતા વરસના આયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. પૃથિવી, અપ્, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો તિર્યંચગતિ અને મનુષ્યગતિમાં તથા તેજસ્ ને વાયુ તિર્યંચ ગતિમાં ઉપજે છે. તિર્યંચ પંચેન્દ્રિયો નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં ઉત્પન્ન થાય છે, પરંતુ તેઓ વૈમાનિકમાં સહસ્રાર પર્યંત ઉત્પન્ન થાય છે. મનુષ્યોનો સર્વ સ્થાનોમાં, સનત્કુમારથી માંડી સહસ્રાર સુધીના દેવોનો સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં ઉત્પાદ થાય છે. તથા આનતાદિ દેવોનો ગર્ભજ સંખ્યાતા વરસના આયુષ્યવાળા મનુષ્યોમાં જ ઉપપાત થાય છે. છટ્ઠ દ્વાર સમાપ્ત. ॥૪૪॥૩૨૩॥

## ।। सत्तमं परभवियाउयं दारं ।।

**नेरइया णं भंते! कतिभागावसेसाउया परभवियाउयं पकरेंति? गोयमा! नियमा छम्मासावसेसाउया परभवियाउयं पकरेंति। एवं असुरकुमारा वि, एवं जाव थणियकुमारा। पुढविकाइया णं भंते! कतिभागावसेसाउया परभावियाउयं पकरेंति? गोयमा! पुढविकाइया दुविहा पन्नत्ता, तं जहा—सोवक्कमाउया य निरुवक्कमाउया य। तत्थ णं जे ते निरुवक्कमाउया ते नियमा तिभागावसेसाउया परभावियाउयं पकरेंति। तत्थ णं जे ते सोवक्कमाउया ते सिय तिभागावसेसाउया परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागावसेसाउया परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागतिभागावसेसाउया परभवियाउयं पकरेंति। आउ-तेउ-वाउ-वणप्फइकाइयाणं बेइंदिय-तेइंदिय-चउरिन्दियाण वि एवं चेव ।।सू०-४५।।३२४।।**

### *સાતમું દ્વાર.*

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો આયુષ્યનો કેટલો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે? હે ગૌતમ! છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે અવશ્ય પરભવનું આયુષ્ય બાંધે છે. એ પ્રમાણે અસુરકુમારો, યાવત્ સ્તનિતકુમારો જાણવા. હે ભગવન્! પૃથિવીકાયિકો આયુષ્યનો કેટલો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે? હે ગૌતમ! પૃથિવીકાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—સોપક્રમઆયુષ્યવાળા અને નિરુપક્રમઆયુષ્યવાળા. તેમાં જે નિરુપક્રમઆયુષ્યવાળા છે તેઓ અવશ્ય વર્તમાન આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. તેમાં જે સોપક્રમઆયુષ્યવાળા છે તેઓ કદાચ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. કદાચ આયુષ્ય ત્રીજા ભાગનો ત્રીજો ભાગ (નવમો ભાગ) બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. કદાચ આયુષ્યના ત્રીજા ભાગમા ત્રીજો ભાગ (સત્યાવીશમો ભાગ) બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. અપ્, તેજસ્, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને પણ એમજ જાણવું. ॥૪૫॥૩૨૪॥*

**पंचेन्दियतिरिक्खजोणिया णं भंते! कतिभागावसेसाउया परभवियाउयं पकरेंति? गोयमा! पंचिन्दियतिरिक्खजोणिया दुविहा पन्नत्ता, तं जहा—संखेज्जावासाउया य असंखेज्जावासाउया य। तत्थ णं जे ते असंखेज्जवासाउया ते नियमा छम्मासावसेसाउया परभवियाउयं पकरेंति। तत्थ णं जे ते संखिज्जवासाउया ते दुविहा पन्नत्ता, तं जहा-सोवक्कमाउया य निरुवक्कमाउया य। तत्थ णं जे ते निरुवक्कमाउया ते नियमा तिभागावसेसाउया परभवियाउयं पकरेंति। तत्थ णं जे ते सोवक्कमाउया ते णं सिय तिभागे परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागे परभावियाउयं पकरेंति, सिय तिभागतिभागतिभागावसेसाउया परभावियाउयं पकरेंति। एवं मणूसा वि। वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया। ७ दारं। ।सू०-४६।।३२५।।**

(મૂ૦) હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચો આયુષ્યનો કેટલામો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે? હે ગૌતમ! પંચેન્દ્રિય તિર્યંચો બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે—સંખ્યાતા વરસના આયુષ્યવાળા અને અસંખ્યાતા વરસના આયુષ્યવાળા, તેમાં જે અસંખ્યાત વરસના આયુષ્યવાળા છે તે પોતાનું છમાસનું આયુષ્ય બાકી હોય ત્યારે અવશ્ય પરભવનું આયુષ્ય બાંધે છે. અને જે સંખ્યાતા વરસના આયુષ્યવાળા છે તે બે પ્રકારના છે, તે આ પ્રમાણે—સોપક્રમઆયુષ્યવાળા અને નિરુપક્રમઆયુષ્યવાળા. તેમાં જે નિરુપક્રમઆયુષ્યવાળા છે તે પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે અવશ્ય પરભવનું આયુષ્ય બાંધે છે. અને જે સોપક્રમઆયુષ્યવાળા છે, તેઓ કદાચ ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે, કદાચ ત્રીજા ભાગનો ત્રીજો ભાગ (નવમો ભાગ) બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે, અને કદાચ ત્રીજા ભાગના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ (સત્યાવીશમો ભાગ) બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. વ્યન્તરો, જ્યોતિષ્કો અને વૈમાનિકો નૈરયિકો પ્રમાણે જાણવા. સાતમું દ્વાર સમાપ્ત. ॥૪૬॥૩૨૫॥

(ટી૦) હવે સાતમું દ્વાર કહે છે. તેનો પૂર્વના દ્વારની સાથે આ સંબન્ધ છે-જે જીવોનો નારકાદિ ગતિઓમાં વિવિધ પ્રકારનો ઉપપાત કહ્યો છે, તે જીવોએ પૂર્વ ભવે આયુષ્ય બાંધેલું છે અને પછીથી તેનો ઉપપાત થયેલો છે, કારણ કે આયુષ્યનો બંધ થયા સિવાય ઉપપાત થતો નથી. તેમાં 'કેટલું પૂર્વ ભવનું આયુષ્ય બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે' એ પ્રમાણે સંશયને પ્રાપ્ત થયેલા ભગવાન્ ગૌતમ પૂછે છ—'હે ભગવન્! નૈરયિકો આયુષ્યનો કેટલામો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે'? ઇત્યાદિ પાઠસિદ્ધ છે. સાતમું દ્વાર સમાપ્ત. ॥૪૬॥૩૨૫॥

## ॥ अट्ठमं आगरिसदारं ॥

**कइविहे णं भंते! आउयबंधे पन्नत्ते? गोयमा! छव्विहे आउयबंधे पन्नत्ते, तं जहा—१ जातिनामनिहत्ताउए, २ गतिनामनिहत्ताउए, ३ ठितीणामनिहत्ताउए, ४ ओगाहणानामनिहत्ताउए, ५ पएसनामनिहत्ताउए, ६ अणुभावनामनिहत्ताउए। नेरइयाणं भंते! कइविहे आउयबंधे पन्नत्ते? गोयमा! छव्विहे आउयबंधे पन्नत्ते, तं जहा—जातिनामनिहत्ताउए, गतिणामनिहत्ताउए, ठितीणामनिहत्ताउए, ओगाहणाणामनिहत्ताउए, पदेसणामनिहत्ताउए, अणुभावणामनिहत्ताउए, एवं जाव वेमाणियाणं ।।सू०-४७।।३२६।।**

### આઠમું દ્વાર.

(મૂ૦) હે ભગવન્! આયુષ્યનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! છ પ્રકારનો આયુષ્યનો બંધ કહેલો છે. તે આ પ્રમાણ—૧ જાતિનામનિધત્તાયુષ, ૨ ગતિનામનિધત્તાયુષ, ૩ સ્થિતિનામનિધત્તાયુષ, ૪ અવગાહનાનામનિધત્તાયુષ, ૫ પ્રદેશનામનિધત્તાયુષ અને ૬ અનુભાવનામનિધત્તાયુષ. હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારનો આયુષ્યબંધ કહ્યો છે? હે ગૌતમ! છ પ્રકારનો આયુષ્યબંધ કહ્યો છે. તે આ પ્રમાણ—૧ જાતિનામનિધત્તાયુષ, યાવત્ ૬ અનુભાવનામનિધત્તાયુષ. એ પ્રમાણે યાવત્—વૈમાનિકો સુધી જાણવું. ॥૪૭॥૩૨૬॥

(ટી૦) એ પ્રમાણે વર્તમાન ભવના આયુષ્યનો કેટલામો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે તેનું પ્રતિપાદન કર્યું, હવે જે પ્રકારે આયુષ્યનો બંધ કરે તે પ્રકાર નૈરયિકાદિ દંડકના ક્રમથી પ્રતિપાદન કરે છે-'**नेरइयाणं भंते! कइविहे आउयबंधे पन्नत्ते**'? હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારનો આયુષ્યનો બંધ કહેલો છે-ઇત્યાદિ. '**जातिनामनिहत्ताउए**' ૧ જાતિનામનિધત્તાયુષ, જાતિ એકેન્દ્રિયજાત્યાદિ, તેના પાંચ પ્રકાર છે, અને તે જ નામ-નામકર્મની ઉત્તરપ્રકૃતિવિશેષરુપ તે જાતિનામ, તેની સાથે નિધત્ત-નિષેક ને પ્રાપ્ત થયેલ જે આયુષ્ય-એટલે જાતિનામકર્મ વિશિષ્ટ આયુષ્યનો બન્ધ તે જાતિનામનિધત્તાયુષ, નિષેક-કર્મપુદ્ગલોને ભોગવવા માટે રચના, તે આ પ્રકારે છે—

**"मोत्तूण सगमबाहं पढमाइ ठिईए बहुतरं दव्वं। सेसे विसेसहीणं जावुक्कोसंति उक्कोसा॥"**(कर्मप्रकृतिप्रदेशबन्ध गा.८२)

"પોતાનો અબાધાકાળ છોડીને પ્રથમ સ્થિતિમાં ઘણાં પુદ્‌ગલદ્રવ્યો હોય છે, અને પછીની સ્થિતિમાં વિશેષ ન્યૂન ન્યૂન પુદ્‌ગલો હોય છે, યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિમાં–છેલ્લા સમયની સ્થિતિમાં સૌથી ન્યૂન પુદ્‌ગલો હોય છે." તાત્પર્ય એ છે કે બધા ય કર્મ બંધાતા હોય છે ત્યારે પોતપોતાનો અબાધાકાળ છોડીને બાકીના સ્થિતિકાળમાં નિષેક–દલિકરચના થાય છે, તેમાં પ્રથમ સમયે એટલે અબાધાકાળ પછીના પ્રથમ સમયમાં ઘણા દલિકો હોય છે, બીજા સમયે વિશેષહીન દલિકો હોય છે, તેથી ત્રીજા સમયે વિશેષહીન દલિકો હોય છે, તેથી ચોથા સમયે વિશેષહીન દલિકો હોય છે. એમ અનુક્રમે વિશેષહીન વિશેષહીન ત્યાં સુધી કહેવું યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ–છેલ્લા સમયની સ્થિતિમાં વિશેષહીન દલિકો હોય છે. ૨ **'गइनामनिधत्ताउए'** નરકગત્યાદિના ભેદથી ગતિ ચાર પ્રકારે છે, તે ગતિનામની સાથે નિધત્ત–નિષેક–દલિકરચનાને પ્રાપ્ત થયેલું આયુષ્ય તે ગતિનામનિધત્તાયુષ્ય, ૩ **'ठिइनामनिहत्ताउए'** સ્થિતિ–તે ભવમાં સ્થિતિ થવી–ઉદયમાં આવવું, એટલે જે નામ કર્મ જે ભવમાં ઉદયમાં આવે તે ગતિ, જાતિ અને પાંચ શરીરાદિ સિવાય સ્થિતિનામ કર્મ જાણવું. ગત્યાદિને વર્જન કરવાનું કારણ એ છે કે તેઓનું 'ગતિનામનિધત્તાયુષ્ય' ઇત્યાદિ સ્વપદોવડે ગ્રહણ કહેલું છે. તે સ્થિતિનામની સાથે નિધત્ત–નિષેકને પ્રાપ્ત થયેલું આયુષ્ય તે સ્થિતિનામનિધત્તાયુષ્ય. ૪ **'ओगाहणणामनिहत्ताउए' 'अवगाहते यस्यां'** જેને વિષે જીવ રહે તે અવગાહના–ઔદારિકાદિ શરીર જાણવાં, તેનું કારણભૂત જે ઔદારિકાદિશરીરનામકર્મ તે અવગાહનાનામ, તેની સાથે નિષેકને પ્રાપ્ત થયેલું આયુષ્ય તે અવગાહનાનામનિધત્તાયુષ્ય. ૫ **'पदेसणानामनिहत्ताउए'** પ્રદેશ—કર્મપરમાણુઓ, તે પ્રદેશો સ્તિબુક સંક્રમથી પણ અનુભવાતા હોય તે ગ્રહણ કરવા, તે પ્રધાન જેમાં છે એવું નામકર્મ તે પ્રદેશનામ. તાત્પર્ય એ છે કે જે ભવમાં જે પ્રદેશથી ભોગવાય તે પ્રદેશનામ. આથી વિપાકોદયને નહિ પ્રાપ્ત થયેલું પણ નામકર્મ ગ્રહણ કરવું. તે પ્રદેશનામની સાથે નિષેકને પ્રાપ્ત થયેલું આયુષ્ય તે પ્રદેશનામનિધત્તાયુષ્ય. ૬ **'अनुभावनामनिहत्ताउए'** જે ભવમાં જે તીવ્ર વિપાકવાળું નામકર્મ વેદાય, જેમકે નારકાયુષ્યના ઉદયમાં અશુભ વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ, ઉપઘાત, અનાદેય, દુઃસ્વર, અયશઃકીર્તિ વગેરે નામકર્મ, તેની સાથે જે નિષેકને પ્રાપ્ત થયેલું આયુષ્ય તે અનુભાવનામનિધત્તાયુષ્ય.

(પ્ર૦)—શા માટે જાત્યાદિનામકર્મ આયુષ્યના વિશેષણ તરીકે આપવામાં આવેલાં છે?

(ઉ૦)—આયુષ્યકર્મની પ્રધાનતા બતાવવા માટે છે. તે આ પ્રમાણે–નારકાદિના આયુષ્યનો ઉદય થયા પછી જાત્યાદિ નામકર્મનો ઉદય થાય છે, તે સિવાય થતો નથી, માટે આયુષ્યની પ્રધાનતા છે. ॥૪૭॥૩૨૬॥

**जीवा णं भंते! जातिनामनिहत्ताउयं कतिहिं आगरिसेहिं पगरेंति? गोयमा! जहन्नेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं अट्ठहिं। नेरइया ण भंते! जातिनामनिहत्ताउयं कतिहिं आगरिसेहिं पगरेंति? गोयमा! जहन्नेणं एक्केण वा दोहिं वा, तीहिं वा, उक्कोसेणं अट्ठहिं। एवं जाव वेमाणिया। एवं गतिनामनिहत्ताउए वि, ठितीणामनिहत्ताउए वि, ओगाहणानामनिहत्ताउए वि, पदेसनामनिहत्ताउए वि, अणुभावनामनिहत्ताउए वि ।।सू०-४८।।३२७।।**

*(મૂ૦) હે ભગવન્! જીવો જાતિનામનિધત્તાયુષ્ય કેટલા આકર્ષ વડે બાંધે? હે ગૌતમ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી આઠ આકર્ષવડે. એ પ્રમાણે યાવત્—વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે ગતિનામનિધત્તાયુષ્ય, સ્થિતિનામનિધત્તાયુષ્ય, અવગાહનાનામનિધત્તાયુષ્ય, પ્રદેશનામનિધત્તાયુષ્ય અને અનુભાવનામનિધત્તાયુષ્ય સંબંધે પણ જાણવું. હે ભગવન્! નૈરયિકો જાતિનામનિધત્તાયુષ્યને કેટલા આકર્ષ વડે બાંધે? હે ગૌતમ! જઘન્ય એક, બે કે ત્રણ આકર્ષ વડે અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષ વડે બાંધે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. એમ ગતિનામનિધત્તાયુષ્ય, સ્થિતિનામનિધત્તાયુષ્ય, અવગાહનાનામનિદ્ધાત્તાયુષ્ય, પ્રદેશનામનિધતાયુષ્ય અને અનુભાવનામનિધત્તાયુષ્ય સંબંધે પણ જાણવું. ॥૪૮॥૩૨૭॥*

**एतेसि णं भंते! जीवाणं जातिनामनिहत्ताउयं जहन्नेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं अट्ठहिं आगरिसेहिं पकरेमाणाणं कतरे कतरेहिन्तो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा जातिणामनिहत्ताउयं अट्ठहिं आगरिसेहिं पकरेमाणा, सत्तहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, छहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, एवं पंचहिं संखिज्जगुणा, चउहिं संखिज्जगुणा, तीहिं संखिज्जगुणा, दोहिं संखिज्जगुणा, एगेणं आगरिसेणं पगरेमाणा संखेज्जगुणा। एवं एतेणं अभिलावेणं जाव अणुभागनामनिहत्ताउयं, एवं एते छप्पिय अप्पाबहुदंडगा जीवादीया भाणियव्वा ।।सू०-४९।।३२८।।**

**इति बन्नवणाए भगवईए वक्कंतियपयं छट्ठं समत्तं ६।**

*(મૂ૦) હે ભગવન્! જાતિનામનિધત્તાયુષ્યને જઘન્યથી એક, બે કે ત્રણ આકર્ષ વડે અને ઉત્કૃષ્ટથી આઠ આકર્ષ વડે બાંધતા એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! જાતિનામનિધત્તાયુષ્યને આઠ આકર્ષ વડે બાંધતા જીવો સૌથી થોડા છે, તેથી સાત આકર્ષ વડે બાંધતા જીવો સંખ્યાતગુણા છે. તેથી છ આકર્ષવડે બાંધતા જીવો સંખ્યાતગુણા છે. એ પ્રમાણે પાંચ આકર્ષ વડે બાંધતા સંખ્યાતગુણા, તેથી ચાર આકર્ષ વડે બાંધતા સંખ્યાતગુણા, તેનાથી ત્રણ આકર્ષ વડે બાંધતા સંખ્યાતગુણા, તેથી બે આકર્ષ વડે બાંધતા સંખ્યાતગુણા અને તેથી એક આકર્ષ વડે બાંધતા સંખ્યાતગુણા છે. એ પ્રમાણે આ અભિલાપ—પાઠ વડે યાવત્–અનુભાગનામનિધત્તાયુષ્ય જાણવું. એ પ્રમાણે જીવાદિ છ અલ્પબહુત્વના દંડકો કહેવા. ॥૪૯॥૩૨૮॥*

*પ્રજ્ઞાપના સૂત્રમાં છટ્ઠં વ્યુત્ક્રાન્તિ પદ સમાપ્ત.*

(ટી૦) હવે જાત્યાદિનામકર્મવિશિષ્ટ આયુષ્ય કેટલા આકર્ષો વડે બાંધે છે? એ પ્રમાણે જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે— **"जीवाणं भंते! जातिनामनिहत्ताउयं कइहिं आगरिसेहिं पगरेंति"**? 'હે ભગવન્! જીવો કેટલા આકર્ષ વડે જાતિનામનિધત્તાયુષ બાંધે- ઇત્યાદિ. [1]આકર્ષ એટલે તેવા પ્રકારના પ્રયત્નથી કર્મપુદ્ગલોનું ગ્રહણ કરવું. જેમ ગાય પાણી પીતી પીતી ભયવડે આડુઅવળું જોતી પાણી પીએ છે. એ પ્રમાણે જીવ પણ જ્યારે તીવ્ર આયુષ્યબન્ધના અધ્યવસાય વડે જાતિનામવિશિષ્ટ આયુષ્ય કે બીજું ગત્યાદિવિશિષ્ટ આયુષ્ય બાંધે છે ત્યારે એક આકર્ષ વડે, મન્દ હોય તો બે કે ત્રણ આકર્ષ વડે મન્દતર હોય તો ચાર કે પાંચ આકર્ષવડે અને મદન્તમ હોય તો છ, સાત કે આઠ આકર્ષવડે બાંધે છે. અહીં જાત્યાદિ કર્મના આકર્ષનો નિયમ આયુષ્યની સાથે બંધાતા હોય ત્યારે સમજવો. બાકીના કાળને વિષે નિયમ નથી. કારણ કે કેટલીક પ્રકૃતિઓ ધ્રુવબન્ધિની હોવાથી અને બીજી પ્રકૃતિઓ પરાવર્તમાન (વિરોધિની) હોવાથી ઘણા કાળ સુધી બન્ધનો સંભવ હોવાને લીધે તેમાં આકર્ષનું નિયતપણું હોતું નથી. પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં છટ્ઠું વ્યુત્ક્રાન્તિ પદ સમાપ્ત. ॥૪૯॥૩૨૮॥

---

૧. કર્મબંધને યોગ્ય પ્રયત્નવિશેષરૂપ અધ્યવસાયની ધારાને આકર્ષ કહે છે, જ્યારે આયુષ્યકર્મના બંધને યોગ્ય અધ્યવસાયની ધારા તીવ્ર હોય છે ત્યારે તે એક ધારા વડે અન્તર્મુહૂર્ત પર્યંત આયુષ્યનો બંધ થાય છે. જ્યારે મન્દ ધારા હોય છે ત્યારે વચ્ચે અન્તર પડી જાય છે એટલે અન્તર્મુહૂર્તની વચ્ચેના કાળમાં આયુષ્યનો બન્ધ થતો અટકી જાય છે, એટલે વચ્ચે ખાંચો પડી જાય છે ત્યારે બે આકર્ષ વડે આયુષ્યનો બન્ધ થાય છે. જ્યારે તેથી પણ અધ્યવસાયની મન્દ ધારા હોય છે, ત્યારે વચ્ચે વચ્ચે બે વાર આયુષ્યનો બન્ધ થતો નથી એટલે ત્રણ આકર્ષ વડે આયુષ્યનો બન્ધ થાય છે, જેમ જેમ અધ્યવસાયધારાની મન્દતા તેમ તેમ વધારે આકર્ષ કરવા પડે છે. એમ વધારેમાં વધારે આઠ આકર્ષ વડે આયુષ્યનો બન્ધ થાય છે. જેમ ગાય પાણી પીતી હોય ત્યારે પાણી પીતા પીતા વચ્ચે ભયથી આડું અવળું જોતી પાણી પીતી બંધ પડી જાય છે તેમ આયુષ્યકર્મનો બન્ધ વચ્ચે અટકી જાય છે અને ત્યારે આકર્ષ વડે પુનઃ આયુષ્યનો બન્ધ થાય છે. આ આકર્ષનો નિયમ આયુષ્યકર્મમાં અને આયુષ્યકર્મની સાથે બંધાતા જાત્યાદિ નામને લાગુ પડે છે. જે પ્રકૃતિઓ ધ્રુવબન્ધિની છે તેથી અથવા તો પરાવર્તમાન પ્રકૃતિઓ હોય છે કે જેનો બન્ધ લાંબા કાળ સુધી ચાલુ છે, જેમકે જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબન્ધીની પ્રકૃતિઓ છે, અથવા તો દેવગત્યાદિ પરાવર્તમાન પ્રકૃતિઓ છે અને તેનો ઘણા કાળ સુધી બન્ધ થયા કરે છે, ત્યાં આકર્ષનો નિયમ નથી.

## ।। सत्तमं उस्सासपयं ।।

### नेरइयाणं उस्सासविरहकालो

**नेरइया णं भंते! केवतिकालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा नीससंति वा? गोयमा! सततं संतयामेव आणमंति वा पाणमंति वा ऊससंति वा नीससंति वा ।।सू०-१।।३२९।।**

***સાતમું ઉચ્છ્વાસ પદ.***

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! સતત અને નિરંતર ઉચ્છ્વાસ લે અને મૂકે. ।।૧।।૩૨૯।।*

(ટી૦) છઠ્ઠા પદની વ્યાખ્યા કરી, હવે સાતમા પદનો આરંભ કરાય છે. તેનો સંબન્ધ આ પ્રમાણે છે—અહીં પૂર્વના પદમાં જીવોના ઉપપાતવિરહાદિ કહ્યા અને આ પદમાં નારકાદિપણે ઉત્પન્ન થયેલા અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વડે પર્યાપ્ત નારકાદિ જીવોના યથાસંભવ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ ક્રિયાના વિરહકાળ અને અવિરહકાળનું પરિમાણ કહેવાનું છે, આ સંબન્ધ વડે પ્રાપ્ત થયેલા આ પદનું આ પ્રથમ સૂત્ર છે—**'नेरइयाणं भंते'**! ઇત્યાદિ. હે ભગવન્! નારકો **'केवइयं कालस्स'** कियत्कालेन-કેટલા કાળે અહીં **'णं'** વાક્યાલઙ્કારમાં વપરાય છે. પ્રાકૃત શૈલીથી પંચમી અથવા તૃતીયા વિભક્તિના અર્થમાં છઠ્ઠી વિભક્તિ છે. તેથી 'કેટલા કાળ પછી અથવા કેટલા કાળે **'आणमंति'** આનન્તિ-શ્વાસ લે છે, તેમાં 'અન્' ધાતુ પ્રાણન-શ્વાસ લેવાના અર્થમાં છે અને મકાર અલાક્ષણિક-નિયમ વિરુદ્ધ આવેલો છે, એ પ્રમાણે બીજે સ્થળે પણ યથાસંભવ જાણી લેવું. તેવી રીતે **'पाणमंति वा'** પ્રાણન્તિ વા-અહીં વા શબ્દ સમુચ્ચયાર્થક છે. એ બન્ને પદોના અર્થ અનુક્રમે સ્પષ્ટ કરે છે. **'उससंति वा नीससंति वा' 'आणमंति'** આનન્તિ એટલે **'ऊससंति'** ઉચ્છ્વસન્તિ શ્વાસ લે છે અને **'पाणमंति'** પ્રાણન્તિ એટલે **'निससंति'** નિઃશ્વસન્તિ-શ્વાસ મૂકે છે. અથવા **'आनमन्ति प्राणमन्ति'** અહીં નમ્ ધાતુ નમવાના અર્થમાં છે, અને ધાતુના અનેક અર્થો થતા હોવાથી તેનો શ્વસન ક્રિયા રૂપ અર્થ થવામાં વિરોધ નથી. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે—**'आणमंति पाणमंति'** એ વડે આન્તર ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ ક્રિયા ગ્રહણ કરવી અને **'ऊससंति नीससंति'** એ વડે બાહ્ય ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ ક્રિયા ગ્રહણ કરવી. એ પ્રમાણે ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! નૈરયિકો **'सततं संतयामेव आणमंति वा'** સતત-નિરંતર શ્વાસ લે છે અને મૂકે છે. કારણ કે નૈરયિકો અત્યન્ત દુઃખી હોય છે અને દુઃખીને નિરંતર ઉચ્છ્વાસ-નિઃશ્વાસ હોય છે. એ પ્રમાણે લોકમાં દેખાય છે. તે સતતપણું પ્રાયઃ-ઘણા અંશે પણ હોય એ માટે બીજું વિશેષણ આપે છે-**'संतयामेव'**-સતતમેવ-નિરંતર જ લે અને મૂકે છે, એક પણ સમયનું અન્તર પડતું નથી. અહીં દીર્ઘપણું પ્રાકૃત હોવાથી થયેલ છે. ઉત્તર આપવામાં **'आणमंति'** ઇત્યાદિનું પુનઃ ઉચ્ચારણ **શિષ્યના વચનનો આદર બતાવવા માટે છે, કારણ કે ગુરુઓ જો શિષ્યના વચનનો આદર કરે તો તેઓ સંતુષ્ટ થાય છે, અને વારંવાર પ્રશ્ન, શ્રવણ અને અર્થના નિર્ણયાદિમાં પ્રયત્નશીલ થાય છે. અને તેઓનું વચન લોકમાં માન્ય થાય છે. એ પ્રમાણે** ઘણા ભવ્ય જીવોનો ઉપકાર અને **તીર્થની અભિવૃદ્ધિ થાય છે.** ।।૧।।૩૨૯।।

### ।। भवणवासीणं उस्सासविरहकालो ।।

**असुरकुमारा णं भते! केवतिकालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा नीससंति वा? गोयमा! जहन्नेणं, सत्तण्हं थोवाणं उक्कोसेणं सातिरेगस्स पक्खस्स वा आणमंति वा जाव नीससंति वा।। नागकुमारा णं भंते! केवइकालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा नीससंति वा? गोयमा! जहन्नेणं सत्तण्हं थोवाणं, उक्कोसेणं मुहुत्तपुहुत्तस्स, एवं जाव थणियकुमाराणं ।।सू०-२।।३३०।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી સાત સ્તોકે અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક પખવાડીએ ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્! નાગકુમારો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી સાત સ્તોકે અને ઉત્કૃષ્ટથી મુહૂર્તપૃથક્ત્વે-બેથી નવ મુહૂર્તે ઉચ્છ્વાસ લે અને મૂકે. એ પ્રમાણે યાવત્—*

*સ્તનિતકુમારો સુધી જાણવું. ॥૨॥૩૩૦॥*

(ટી૦) અસુરકુમારના સૂત્રમાં '**उक्कोसेणं सातिरेगस्स पक्खस्स**' ઉત્કૃષ્ટથી ઉચ્છ્વાસ–નિઃશ્વાસ કંઈક અધિક એક પખવાડીએ હોય છે એમ કહ્યું છે. અહીં દેવોમાં જેઓની જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેઓને તેટલા પખવાડીઆ જેટલો ઉચ્છ્વાસ–નિઃશ્વાસ ક્રિયાનો વિરહકાળ હોય છે. અસુરકુમારોની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઇક અધિક એક સાગરોપમની છે. કારણ કે '**चरम-बलिसारमहियं**' ચમરની એક સાગરોપમ અને બલીન્દ્રની કંઇક અધિક એક સાગરોપમની સ્થિતિ છે–એવું શાસ્ત્રનું વચન છે. માટે તેઓ કંઈક અધિક એક પખવાડીઆ પછી શ્વાસ લે છે અને મૂકે છે.

## ।। एगिंदियाणं – वाणमंतराणं उस्सास विरहकालो ।।

**पुढविकाइयाणं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! वेमायाए आणमंति वा जाव नीससंति वा। एवं जाव मणूसा। वाणमंतरा जहा नागकुमारा ।।सू०-३।।३३१।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! અનિયતપણે ઉચ્છ્વાસ લે અને મૂકે. એ પ્રમાણે યાવત્—મનુષ્યો સુધી જાણવું. વ્યન્તરો નાગકુમારોની પેઠે જાણવા. ॥૩॥૩૩૧॥*

(ટી૦) પૃથિવીકાયિકનાં સૂત્રમાં તેઓ 'વેમાયાએ' વિમાત્રયા–વિષમપણે અનિયમિતપણે ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. અર્થાત્ તેઓની ઉચ્છ્વાસ–નિઃશ્વાસ ક્રિયાનો વિરહકાળ અનિયત હોય છે. દેવોમાં જે જેટલા મોટા આયુષ્યવાળો હોય છે તે તેટલો સુખી હોય છે, અને સુખીને ઉત્તરોત્તર ઉચ્છ્વાસ–નિઃશ્વાસ ક્રિયાનો ઘણો વિરહકાળ હોય છે, કારણ કે ઉચ્છ્વાસ–નિઃશ્વાસક્રિયા દુઃખરૂપ છે. તે માટે જેમ આયુષ્યમાં સાગરોપમની વૃદ્ધિ થાય તેમ તેમ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ ક્રિયાના વિરહકાળના પ્રમાણમાં પણ પખવાડીઆની વૃદ્ધિ થાય છે. ॥૩॥૩૩૧॥

## ।। जोइसियाणं उस्सास विरहकालो ।।

**जोइसियाणं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेण वि मुहुत्तपुहुत्तस्स जाव नीससंति वा ।।सू०-४।।३३२।।**

*(મૂ૦) હે ભગવન્! જ્યોતિષિકો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી મુહૂર્તપૃથકત્વે અને ઉત્કૃષ્ટથી પણ મુહૂર્તપૃથકત્વે યાવત્—ઉચ્છ્વાસ લે અને મૂકે. ॥૪॥૩૩૨॥*

## ।। वेमाणियाणं उस्सास विरहकालो ।।

**वेमाणिया णं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेण तेत्तीसाए पक्खाणं जाव नीससंति वा ।।सू०-५।।३३३।।**

*(મૂ૦) હે ભગવન્! વૈમાનિકો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી મુહૂર્તપૃથકત્વે અને ઉત્કૃષ્ટથી તેત્રીસ પખવાડીએ યાવત્—ઉચ્છ્વાસ મૂકે. ॥૫॥૩૩૩॥*

**सोहम्मदेवा णं भंते! केवइकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेण दोण्हं पक्खाणं जाव नीससंति वा। ईसाणगदेवा णं भंते! केवइकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं सातिरेगस्स मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं सातिरेगाणं दोण्हं पक्खाणं जाव नीससंति वा। सणंकुमारदेवा णं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं दोण्हं पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं सत्तण्हं पक्खाणं जाव नीससंति वा। माहिंदगदेवा णं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! साइरेगाणं दोण्हं पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं साइरेगाणं सत्तण्हं पक्खाणं जाव नीससंति वा। बंमलोगदेवा णं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं सत्तण्हं पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं दसण्हं पक्खाणं जाव नीससंति वा। लंतगदेवा**

णं भंते। केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं दसण्हं पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं चउदसण्हं पक्खाणं जाव नीससंति वा। महासुक्कदेवा णं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं चउदसण्हं पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं सत्तरसण्हं पक्खाणं जाव नीससंति वा। सहस्सारगदेवा णं भंते! केवतिकालस्स आणमंति वा जाव नीससंति वा? गोयमा! जहन्नेणं सत्तरसण्हं पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं अट्ठारसण्हं पक्खाणं जाव नीससंति वा। आणयदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं अट्ठारसण्हं पक्खाणं, उक्कोसेणं एगूणवीसाए पक्खाणं जाव नीससंति वा। पाणयदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं एगूणवीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं वीसाए पक्खाणं जाव नीससंति वा। आरणदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं वीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं एगवीसाए पक्खाणं जाव नीससंति वा। अच्चुयदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं एगवीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं बावीसाए पक्खाणं जाव नीससंति वा ।।सू०-६।।३३४।।

*(મૂ૦) હે ભગવન્! સૌધર્મ દેવો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી મુહૂર્તપૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી બે પખવાડીએ યાવત્—ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્! ઈશાનદેવો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી કંઈક અધિક મુહૂર્તપૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક બે પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! સનત્કુમાર દેવો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી બે પખવાડીએ અને ઉત્કૃષ્ટથી સાત પખવાડીએ યાવત્ ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્! માહેન્દ્ર દેવો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી કંઈક અધિક બે પખવાડીએ અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક સાત પખવાડીએ ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્! બ્રહ્મલોકદેવો કેટલા કાળે ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ગૌતમ! જઘન્યથી સાત પખવાડીએ અને ઉત્કૃષ્ટથી દસ પખવાડીએ ઉચ્છ્વાસ લે અને મૂકે. હે ભગવન્! લાંતક દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી દસ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી ચઉદ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! મહાશુક્રદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી ચૌદ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી સત્તર પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! સહસ્રારકલ્પના દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી સત્તર પખવાડીએ અને ઉત્કૃષ્ટથી અઢાર પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! આનતદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી અઢાર પખવાડીએ અને ઉત્કૃષ્ટથી ઓગણીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! પ્રાણતદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી ઓગણીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી વીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! આરણદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી વીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી એકવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! અચ્યુત દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી એકવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી બાવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ।।૬।।૩૩૪।।*

हिट्ठिमहिट्ठिमगेविज्जगदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं बावीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं तेवीसाए पक्खाणं जाव नीससंति वा। हिट्ठिममज्झिमगेविज्जगदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं तेवीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं चउवीसाए पक्खाणं जाव नीससंति वा। हिट्ठिमउवरिमगेविज्जगाणं देवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं चउवीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं पणुवीसाए पक्खाणं जाव नीससंति वा। मज्झिमहिट्ठिमगेविज्जगा णं भंते! देवा णं केवइकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं पणुवीसाए

**पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं छव्वीसाए पक्खाणं जाव नीससंति वा। मज्झिममज्झिमगेविज्जगा णं भंते! देवा णं केवइकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं छव्वीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं सत्तावीसाए पक्खाणं जाव नीससंति वा। मज्झिमउवरिमगेविज्जगा णं भंते! देवा णं केवइकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं सत्तावीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं अट्ठावीसाए पक्खाणं जाव नीससंति वा। उवरिमहेट्ठिमगेविज्जगा णं भंते! देवा णं केवइकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं अट्ठावीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं एगूणतीसाए पक्खाणं जाव नीससंति वा। उवरिममज्झिमगेविज्जगा णं भंते! देवा णं केवइकालस्स जाव नीससंति वा? गोयमा! जहन्नेणं एगुणतीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं तीसाए पक्खाणं जाव नीससंति वा उवरिमउवरिमगेवेज्जगा णं भंते! देवा णं केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! जहण्णेणं तीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं एक्कतीसाए पक्खाणं जाव नीससंति वा ।।सू-७।।३३५।।**

*(મૂ૦) હે ભગવન્! નીચેની ત્રિકના નીચેના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગોતમ! જઘન્યથી બાવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી તેવીસ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. હે ભગવન્! નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકદેવો કેટલા પખવાડીએ શ્વાસ લે અને મૂકે? હે ગોતમ! જઘન્યથી તેવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી ચોવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે.હે ભગવન્! નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવેયકદેવો કેટલા પખવાડીએ શ્વાસ લે અને મૂકે? હે ગોતમ! જઘન્યથી ચોવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી પચીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. મધ્યમ ત્રિકની નીચેના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી પચીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી છવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. મધ્યમ ત્રિકની મધ્યના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્ય છવીસ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી સત્યાવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. મધ્યમ ત્રિકની ઉપરના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી સત્યાવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી અઠ્યાવીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ઉપરની ત્રિકની નીચેના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી અઠ્યાવીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી ઓગણત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી ઓગણત્રીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી ત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયકદેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્યથી ત્રીશ પખવાડીએ અને ઉત્કૃષ્ટથી એકત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે.।।૭।।૩૩૫।।*

**विजय-विजयंत-जयंत-अपराजितविमाणेसु णं देवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा? जहन्नेणं एक्कतीसाए पक्खाणं जाव नीससंति वा, उक्कोसेणं तेत्तीसेणं पक्खाणं जाव नीससंति वा। सव्वट्ठगसिद्धदेवा णं भंते! केवतिकालस्स जाव नीससंति वा? गोयमा! अजहन्नमणुक्कोसेणं तेत्तीसाए पक्खाणं जाव नीससंति वा ।।सू०-८।।३३६।।**

**इति पन्नवणाए भगवईए सत्तमं ऊसासपयं समत्तं ७।**

*(મૂ૦) વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત વિમાનોમાં દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્ય એકત્રીશ પંખવાડીએ અને ઉત્કૃષ્ટ તેત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. સર્વાર્થસિદ્ધ દેવો કેટલા કાળે શ્વાસ લે અને મૂકે? હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય તેત્રીશ પખવાડીએ શ્વાસ લે અને મૂકે. ।।૮।।૩૩૬।।*

*પ્રજ્ઞાપના ભગવતીમાં સાતમું ઉચ્છ્વાસ પદ સમાપ્ત ।*

## ।। अट्ठमं सन्नापयं ।।

**कइ णं भंते! सन्नाओ पन्नत्ताओ? गोयमा! दस सन्नाओ पन्नत्ताओ, तं जहा--आहारसन्ना, भयसन्ना, मेहुणसन्ना, परिग्गहसन्ना, कोहसन्ना, माणसन्ना, मायासन्ना, लोहसन्ना, लोयसन्ना, ओघसन्ना ।।सू०-१।।३३७।।**

### *આઠમું સંજ્ઞા પદ.*

*(મૂ૦) હે ભગવન્! કેટલી સંજ્ઞાઓ કહી છે? હે ગૌતમ! દસ સંજ્ઞાઓ કહી છે, તે આ પ્રમાણે—૧ આહારસંજ્ઞા, ૨ ભયસંજ્ઞા, ૩ મૈથુનસંજ્ઞા, ૪ પરિગ્રહસંજ્ઞા, ૫ ક્રોધસંજ્ઞા, ૬ માનસંજ્ઞા, ૭ માયાસંજ્ઞા, ૮ લોભસંજ્ઞા, ૯ લોકસંજ્ઞા અને ૧૦ ઓઘસંજ્ઞા. ।।૧।।૩૩૭।।*

(ટી૦) એ પ્રમાણે સાતમા પદની વ્યાખ્યા કરી, હવે આઠમા પદનો પ્રારંભ કરાય છે, તેનો સંબન્ધ આ પ્રમાણે છે—પૂર્વના પદમાં જીવોની ઉચ્છ્વાસપર્યાપ્તિનામકર્મ અને યોગને આશ્રિત ઉચ્છ્વાસક્રિયા તેનો વિરહકાળ અને અવિરહકાળના પ્રમાણ વડે કહી, હવે વેદનીય અને મોહનીય ઉદયને આશ્રિત તથા જ્ઞાનાવરણ અને દર્શનાવરણના ક્ષયોપશમજન્ય આત્મપરિણામને આશ્રયી પ્રશ્નસૂત્ર કહે છે—'**कई णं भंते! सन्नाओ पन्नत्ताओ**'?–હે ભગવન્! કેટલી સંજ્ઞાઓ કહી છે? '**संज्ञानं संज्ञा**' એટલે આભોગ, ઉપયોગ, અથવા '**સંજ્ઞાયતે અનયા**' જે વડે 'આ જીવ છે' એમ ઓળખાય તે સંજ્ઞા. આ બન્ને વ્યુત્પત્તિમાં વેદનીય અને મોહનીયના ઉદયને આશ્રિત અને જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના ક્ષયોપશમને આશ્રિત વિચિત્ર આહારાદિ પ્રાપ્ત કરવાની ક્રિયા તે સંજ્ઞા કહેવાય છે. તે સંજ્ઞા ઉપાધિના (વિશેષણના) ભેદથી દસ પ્રકારની છે, તે પ્રકારે ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! સંજ્ઞા દસ પ્રકારની કહી છે.' તેના દસ પ્રકાર નામના ઉચ્ચારપૂર્વક જણાવે છે– 'આહારસન્ના' ઇત્યાદિ. તેમા ૧ ક્ષુધા વેદનીયના ઉદયથી જે કવલાદિ આહારને માટે તેવા પ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરવાની ક્રિયા તે આહારસંજ્ઞા, કારણ કે તે આહારસંજ્ઞા ઇચ્છારૂપ હોવાથી આભોગ–ઉપયોગરૂપ છે. અથવા '**संज्ञायतेऽनया**' જે વડે જીવ ઓળખાય, આહાર ગ્રહણ કરવાની ક્રિયા વડે જીવ ઓળખાય છે માટે તે સંજ્ઞા કહેવાય છે. આ પ્રમાણે બધે સ્થળે વિચાર કરવો. ૨ ભયમોહનીયના ઉદયથી ભયભીત થયેલા પ્રાણીની દૃષ્ટિ અને મુખના વિકાર, તથા રોમાંચ થવારૂપ જે ક્રિયા તે ભયસંજ્ઞા. ૩ પુરુષવેદના ઉદયથી મૈથુનને માટે સ્ત્રીદર્શન, વદનની પ્રસન્નતા, ઉરુનું સ્તંભન અને કંપ પ્રમુખ જે ક્રિયા તે મૈથુનસંજ્ઞા. ૪. લોભના ઉદયથી સંસારના પ્રધાન કારણભૂત રાગપૂર્વક સચેતન અને અચેતન દ્રવ્યને ગ્રહણ કરવાની ક્રિયા તે પરિગ્રહસંજ્ઞા. ૫ ક્રોધવેદનીયના ઉદયથી ક્રોધના આવેશગર્ભિત પુરુષના મુખ, નેત્ર, અને હોઠના સ્ફુરણ–કંપ વગેરેની ક્રિયા તે ક્રોધસંજ્ઞા. ૬ માનના ઉદયથી અહંકારરૂપ ગર્વાદિનો પરિણામ તે માનસંજ્ઞા. ૭ માયાવેદનીય વડે અશુભ સંક્લેશથી અસત્ય ભાષણાદિરૂપ ક્રિયા તે માયાસંજ્ઞા. લોભવેદનીયના ઉદયથી લાલચવડે સચેતન અને અચેતન દ્રવ્યની ઇચ્છા તે લોભસંજ્ઞા. ૯ મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી શબ્દ–રૂપાદિ અર્થવિષયક સામાન્ય અવબોધની ક્રિયા તે ઓઘસંજ્ઞા. ૯ અને તેના વિશેષ અવબોધની ક્રિયા તે લોકસંજ્ઞા. એ રીતે દર્શનોપયોગ એ ઓઘસંજ્ઞા અને જ્ઞાનોપયોગ એ લોકસંજ્ઞા કહેવાય છે. આ સંબન્ધે બીજા આચાર્યો કહે છે– "સામાન્ય પ્રવૃત્તિ તે ઓઘસંજ્ઞા. જેમ વેલનું વાડ ઉપર ચઢવું વગેરે. લોકની જે ત્યાજ્ય પ્રવૃત્તિ તે લોકસંજ્ઞા." એ પ્રમાણે આ સંજ્ઞાઓનો સ્પષ્ટરૂપે સુખપૂર્વક બોધ થવાને માટે પંચેન્દ્રિયોને આશ્રયી વ્યાખ્યા કરી. એકેન્દ્રિયોને આ સંજ્ઞાઓ અવ્યક્તરૂપે જાણવી.।।૧।।૩૩૭।।

## ।। नेरयाईणं सण्णाओ ।।

**नेरइयाणं भंते! कति सन्नाओ पन्नत्ताओ? गोयमा! दस सन्नाओ पन्नत्ताओ, तं जहा--आहारसन्ना, जाव ओघसन्ना। असुरकुमाराणं भंते! कइ सन्नाओ पन्नत्ताओ? गोयमा! दस सन्नाओ पन्नत्ताओ, तं जहा-आहारसन्ना, जाव ओघसन्ना, एवं जाव थणियकुमाराणं। एवं पुढविकाइयाणं जाव वेमाणियावसाणाणं णेयव्वं ।।सू०-२।।३३८।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલી સંજ્ઞાઓ કહી છે? હે ગૌતમ! દસ સંજ્ઞાઓ કહી છે, તે આ પ્રમાણે—આહારસંજ્ઞા, યાવત્—ઓઘસંજ્ઞા. હે ભગવન્! અસુરકુમારોને કેટલી સંજ્ઞાઓ કહી છે? હે ગૌતમ! દસ સંજ્ઞાઓ કહી છે. તે આ પ્રમાણે—આહારસંજ્ઞા, યાવત્—ઓઘસંજ્ઞા. એ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું. એમ પૃથિવીકાયિકોથી આરંભી વૈમાનિકો પર્યન્ત જાણવું. ॥૨॥૩૩૮॥*

## ॥ नेरइयाणं सण्णावियारो ॥

**नेरइयाणं भंते! किं आहारसन्नोवउत्ता, भयसन्नोवउत्ता, मेहुणसन्नोवउत्ता, परिग्गहसन्नोवउत्ता? गोयमा! ओसन्नं कारणं पडुच्च भयसन्नोवउत्ता, संतइभावं पडुच्च आहारसन्नोवउत्ता वि, जाव परिग्गहसन्नोवउत्ता वि। एएसि णं भंते! नेरइयाणं आहारसन्नोवउत्ताणं भयसन्नोवउत्ताणं मेहुणसन्नोवउत्ताणं परिग्गहसन्नोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा नेरइया मेहुणसन्नोवउत्ता, आहारसन्नोवउत्ता संखिज्जगुणा, परिग्गहसन्नोवउत्ता संखिज्जगुणा, भयसन्नोवउत्ता संखिज्जगुणा ।सू०-३॥३३९॥**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો આહારસંજ્ઞાના ઉપયોગવાળા, ભયસંજ્ઞાના ઉપયોગવાળા, મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા કે પરીગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય? ગૌતમ! બાહ્ય કારણને આશ્રયી બહુધા ભયસંજ્ઞાના ઉપયોગવાળા અને સંતતિભાવ-આંતરિક અનુભવને આશ્રયી આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. હે ભગવન્! આહારસંજ્ઞાના ઉપયોગવાળા, ભયસંજ્ઞાના ઉપયોગવાળા, મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા અને પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા એ નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા નૈરયિકો મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, તેથી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, અને તેથી ભયસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે. ॥૩॥૩૩૯॥*

(ટી૦) નૈરયિકના સૂત્રમાં '**ओसन्नं कारणं पडुच्च भयसन्नोवउत्ता**' તેમાં ઓસન્નશબ્દ બાહુલ્યવાચી છે. કારણશબ્દ વડે બાહ્ય કારણ લેવું. તેથી તેનો આ પ્રમાણે અર્થ થાય છે-બાહ્ય કારણને આશ્રયી નૈરયિકો બહુધા ભયસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. તે આ પ્રમાણે—તેઓની ચોતરફ ઘણા ભયને ઉત્પન્ન કરનારા પરમાધાર્મિક, લોહની કવલ્લી (શસ્ત્રવિશેષ), શક્તિ, ભાલા વગેરે હોય છે. '**संतइभावं पडुच्च**' અહીં આન્તર અનુભવભાવને સંતતિભાવ કહેવામાં આવે છે. તાત્પર્ય એ છે કે જે બાહ્ય કારણ સાપેક્ષ ન હોય, પણ આન્તરિક અનુભવ સાપેક્ષ હોય તે સતતપણે હોવાથી સંતતિભાવને આશ્રયી કહેવાય છે. તેથી આન્તરિક અનુભવની અપેક્ષાએ નૈરયિકો આહારસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે, યાવદ્ પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા નૈરયિકો મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. કારણ કે તેઓ ચક્ષુના નિમિષમાત્ર કાળ પણ સુખી નથી, પરંતુ નિરંતર અતિપ્રબલ દુઃખાગ્નિથી સંતપ્ત શરીરવાળા હોય છે. કહ્યું છે કે—

"**अच्छिनिमीलणमेत्तं नत्थि सुहं दुक्खमेव पडिबद्धं । नरए नेरइयाणं अहोनिसं पच्चमाणाणं**" ॥

"નરકમાં રાત્રિદિવસ પચ્યમાન-દુઃખ પામતાં નૈરયિકોને આંખનું નિમીલન થાય તેટલો કાળ પણ સુખ નથી. માત્ર દુઃખ જ પ્રતિબદ્ધ-લાગેલું છે'. માટે મૈથુનની ઇચ્છા તેઓને હોતી નથી. પણ જો કોઇ કાળે કોઇને થાય તોપણ તે થોડા કાળની હોય છે. માટે પ્રશ્ન સમયે મૈથુન સંજ્ઞાના ઉપયોગવાળા થોડા હોય છે. તેથી સંખ્યાતગુણા આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, કારણ કે તે ઘણા દુઃખી પ્રાણીઓને ઘણા કાળ સુધી આહારની ઇચ્છા થતી હોવાથી પ્રશ્ન સમયે અત્યન્ત ઘણા આહારસંજ્ઞાના ઉપયોગવાળાનો સમ્ભવ છે. તેથી સઙ્ખ્યાતગુણા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા છે. આહારની ઇચ્છા શરીરને માટે હોય છે અને પરિગ્રહની ઇચ્છા તો શરીર અને તે સિવાય બીજી શસ્ત્રાદિ વસ્તુને વિષે હોય છે, અને ઘણા કાળ સુધી અવસ્થિત હોય છે, તે માટે પ્રશ્ન સમયે અત્યન્ત ઘણા પરિગ્રહ સંજ્ઞાના ઉપયોગવાળા પ્રાપ્ત થાય છે. માટે પૂર્વ કરતાં સઙ્ખ્યાતગુણા છે. તેથી ભયસંજ્ઞાના

ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે નરકમાં નૈરયિકોને ચારે તરફ મરણાન્ત ભય હોય છે. માટે પ્રશ્ન સમયે અત્યન્ત ઘણા ભયસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. ॥૩॥૩૩૯॥

## ।। तिरिक्खजोणियाणं सण्णावियारो ।।

**तिरिक्खजोणिया णं भंते! किं आहारसन्नोवउत्ता, जाव परिग्गहसन्नोवउत्ता? गोयमा! ओसन्नं कारणं पडुच्च आहारसन्नोवउत्ता, संतइभावं पडुच्च आहारसन्नोवउत्ता वि जाव परिग्गहसन्नोवउत्ता वि। एएसि णं भंते! तिरिक्खजोणियाणं आहारसन्नोवउत्ताणं जाव परिग्गहसन्नोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा तिरिक्खजोणिया परिग्गहसन्नोवउत्ता, मेहुणसन्नोवउत्ता संखिज्जगुणा, भयसन्नोवउत्ता संखिज्जगुणा, आहारसन्नोवउत्ता संखिज्जगुणा ।।सू०-४।।३४०।।**

*(મૂ૦) હે ભગવન્! તિર્યંચયોનિકો શું આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે? હે ગૌતમ! બાહ્ય કારણને આશ્રયી પ્રાયઃ આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે અને સંતતિભાવ—આંતરિક અનુભવને આશ્રયી આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. હે ભગવન્! આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા એ તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! તિર્યંચો સૌથી થોડા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, તેથી મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, તેથી ભયસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે અને તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે. ॥૪॥૩૪૦॥*

(ટી૦) તિર્યંચ પંચેન્દ્રિયો પણ ખાદ્ય પદાર્થને જોવા વગેરે બાહ્ય કારણને આશ્રયી બહુધા આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, પણ બાકીની સંજ્ઞાના ઉપયોગવાળા નથી. કારણ કે આ બાબત પ્રત્યક્ષથી જ જણાય છે. અન્તરના અનુભવરૂપ સંતતિભાવને આશ્રયી આહારસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે અને યાવત્-પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા છે, કારણ કે પરિગ્રહસંજ્ઞાનો કાળ થોડો હોવાથી પ્રશ્ન સમયે થોડા જ પ્રાપ્ત થાય છે. તેથી મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે મૈથુનસંજ્ઞાના ઉપયોગનો તેથી ઘણો કાળ છે. તેથી પણ ભયસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, કારણ કે તેને સમાનજાતિવાળા કે વિજાતીય તરફથી ભયનો સંભવ છે અને ભયનો ઉપયોગકાળ ઘણો વધારે છે, માટે પ્રશ્ન સમયે ભયસંજ્ઞાના ઉપયોગવાળા અતિ ઘણા હોય છે. તેથી સંખ્યાતગુણા આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, કારણ કે પ્રાયઃ બધાને નિરંતર આહારનો સંભવ છે. ॥૪॥૩૪૦॥

## ।। मणुस्साणं सण्णावियारो ।।

**मणुस्सा णं भंते! किं आहारसन्नोवउत्ता, जाव परिग्गहसन्नोवउत्ता? गोयमा! ओसन्नं कारणं पडुच्च मेहुणसन्नोवउत्ता, संततिभावं पडुच्च अहारसन्नोवउत्ता वि, जाव परिग्गहसन्नोवउत्ता वि। एएसि णं भंते! मणुस्साणं आहारसन्नोवउत्ताणं जाव परिग्गहसन्नोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा मणूसा भयसन्नोवउत्ता, आहारसन्नोवउत्ता संखिज्जगुणा, परिग्गहसन्नोवउत्ता संखिज्जगुणा, मेहुणसन्नोवउत्ता संखिज्जगुणा ।।सू०-५।।३४१।।**

*(મૂ૦) હે ભગવન્! મનુષ્યો આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે કે યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે? હે ગૌતમ! બાહ્ય કારણને આશ્રયી મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે અને સંતતિભાવને આશ્રયી આહારસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે, હે ભગવન્! આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? ગૌતમ! સૌથી થોડા મનુષ્યો ભયસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા*

*છે, તેથી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે, અને તેથી **મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા હોય છે.** ॥૫॥૩૪૧॥*

(ટી૦) મનુષ્યો પણ બાહ્ય કારણને આશ્રયી બહુધા મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, અને બાકીની સંજ્ઞાના ઉપયોગવાળા થોડા હોય છે. અન્તરના અનુભવભાવરૂપ સંતતિભાવને આશ્રયી આહારસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે, યાવત્–પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા ભયસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, કારણ કે થોડા જીવોને અને થોડા કાળ સુધી ભયસંજ્ઞાનો સમ્ભવ છે. તેથી આહારસંજ્ઞાના ઉપયોગવાળા સઙ્ખ્યાતગુણા હોય છે. કારણ કે આહારસંજ્ઞાનો ઉપયોગ ઘણા કાળ સુધી હોય છે. એજ રીતે પરિગ્રહસંજ્ઞાનો ઘણો કાળ હોવાથી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા સઙ્ખ્યાતગુણા છે. તેથી મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા સઙ્ખ્યાતગુણા છે, કારણ કે મૈથુનસંજ્ઞા અતિ ઘણા કાળ સુધી હોવાથી પ્રશ્ન સમયે તેઓ અતિ ઘણા પ્રાપ્ત થાય છે. ॥૫॥૩૪૧॥

## ।। देवाणं सण्णावियारो ।।

**देवा णं भंते! किं आहारसन्नोवउत्ता, जाव परिग्गहसन्नोवउत्ता? गोयमा! ओसन्नं कारणं पडुच्च परिग्गहसन्नोवउत्ता, संततिभावं पडुच्च आहारसन्नोवउत्ता वि, जाव परिग्गहसन्नोवउत्ता वि। एएसि णं भंते! देवाणं आहारसन्नोवउत्ताणं जाव परिग्गहसन्नोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा देवा आहारसन्नोवउत्ता, भयसन्नोवउत्ता संखिज्जगुणा, मेहुणसन्नोवउत्ता संखेज्जगुणा परिग्गहसन्नोवउत्ता संखेज्जगुणा ।।सू०-६।।३४२।।**

**इति पन्नवणाए भगवईए अट्ठमं सन्नापदं समत्तं ।**

*(મૂ૦) હે ભગવન્! દેવો આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે? હે ગૌતમ! પ્રાયઃ બાહ્ય કારણને આશ્રયી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે અને સંતતિભાવને આશ્રયી આહારસંજ્ઞાના ઉપયોગવાળા અને યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. હે ભગવન્! આહારસંજ્ઞાના ઉપયોગવાળા, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા દેવોમાં કોણ કોનાથી યાવત્—અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા દેવો આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. તેથી સંખ્યાતગુણા ભયસંજ્ઞાના ઉપયોગવાળા, તેથી સંખ્યાતગુણા મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા અને તેથી સંખ્યાતગુણા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. ॥૬॥૩૪૨॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં આઠમું સંજ્ઞાપદ સમાપ્ત.*

(ટી૦) બાહ્ય કારણને આશ્રયી દેવો ઘણા ભાગે પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે, કારણ કે પરિગ્રહસંજ્ઞાના ઉપયોગમાં કારણભૂત મણિ, સુવર્ણ અને રત્નાદિ હમેશાં તેઓની પાસે હોય છે. અને ઉક્ત સ્વરૂપ સંતતિભાવને આશ્રયી તેઓ આહારસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે, યાવત્—પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા આહારસંજ્ઞાના ઉપયોગવાળા હોય છે. કારણ કે આહારની ઇચ્છાનો વિરહકાળ અત્યન્ત ઘણો હોવાથી અને આહારસંજ્ઞાનો ઉપયોગકાળ અત્યન્ત થોડો હોવાથી પ્રશ્ન સમયે તેઓ સૌથી થોડા પ્રાપ્ત થાય છે. તેથી ભયસંજ્ઞાના ઉપયોગવાળા સઙ્ખ્યાતગુણા છે, કારણ કે ભયસંજ્ઞા ઘણા જીવોને અને ઘણા કાળ સુધી હોય છે, તેથી પણ મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા સંખ્યાતગુણા છે તેથી પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા સઙ્ખ્યાતગુણા છે, જીવોની અપેક્ષાએ બહુ જીવો કયા છે તે કહેવાનું હતું અને તેઓનો તે પ્રકારે વિચાર કર્યો છે. ॥૬॥૩૪૨॥

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપનાટીકાના અનુવાદમાં આઠમું સંજ્ઞાપદ સમાપ્ત.

## ।। नवमं जोणिपयं ।।

**कतिविहा णं भंते जोणी पन्नत्ता? गोयमा! तिविहा जोणी पन्नत्ता। तं जहा–सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी ।।सू०-१।।३४३।।**

### નવમું યોનિપદ.

*(મૂ૦) હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની કહી છે? હે ગૌતમ! યોનિ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ શીતયોનિ, ૨ ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ. ॥૧॥૩૪૩॥*

## ।। नेरइयाइसु सीयाइजोणीओ ।।

**नेरइयाणं भंते! किं सिता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! सीता वि जोणी, उसिणा वि जोणी, णो सीतोसिणा जोणी। असुरकुमाराणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! नो सीता जोणी, नो उसिणा जोणी, सीतोसिणा जोणी, एवं जाव थणियकुमाराणं। पुढविकाइयाणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! सिता वि जोणी, उसिणा वि जोणी, सीतोसिणा वि जोणी। एवं आउ-वाउ-वणस्सइ-बेइंदिय-तेइंदिय-चउरिंदियाण वि पत्तेयं भाणियव्वं। तेउक्काइयाणं णो सीता, उसिणा, णो सीतोसिणा। पंचिंदियतिरिक्खजोणियाणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! सीता वि जोणी, उसिणा वि जोणी, सीतोसिणा वि जोणी। संमुच्छिमपंचिंदियतिरिक्खजोणियाण वि एवं चेव। गब्भवक्कंतियपंचिंदियतिरिक्खजोणियाणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! णो सीता जोणी, नो उसिणा जोणी, सीतोसिणा जोणी। मणुस्साणं भंते! किं सिता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! सीया वि जोणी, उसिणा वि जोणी, सीतोसिणा वि जोणी। संमुच्छिममणुस्साणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! तिविहा वि जोणी। गब्भवक्कंतियमणुस्साणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! णो सीता, णो उसिणा, सीतोसिणा। वाणमंतरदेवाणं भंते! किं सीता जोणी, उसिणा जोणी, सीतोसिणा जोणी? गोयमा! णो सीता, णो उसिणा, सीतोसिणा जोणी। जोइसियवेमाणियाण वि एवं चेव ।।सू०-२।।३४४।।**

*(મૂ૦) હે ભગવન્! શું નૈરયિકોને શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને શીતયોનિ અને ઉષ્ણયોનિ હોય છે, પણ શીતોષ્ણયોનિ હોતી નથી. હે ભગવન્ અસુરકુમારોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને શીતયોનિ કે ઉષ્ણયોનિ નથી, પણ શીતોષ્ણયોનિ હોય છે, એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ હોય છે. એ પ્રમાણે અપ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રત્યેકને કહેવું. તેજસ્કાયિકોને શીત અને શીતોષ્ણયોનિ નથી, પરંતુ ઉષ્ણયોનિ છે. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ છે? હે ગૌતમ! શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ છે. સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચોને પણ એમજ જાણવું. હે ભગવન્! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો ને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! શીતયોનિ નથી, ઉષ્ણયોનિ નથી, પણ શીતોષ્ણયોનિ હોય છે. હે ભગવન્! મનુષ્યોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ છે. હે ભગવન્! સંમૂર્છિમ મનુષ્યોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે*

*ગૌતમ! તેઓને ત્રણે પ્રકારની યોનિ હોય છે. હે ભગવન્! ગર્ભજ મનુષ્યોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને શીત અને ઉષ્ણયોનિ નથી પણ શીતોષ્ણયોનિ હોય છે. હે ભગવન્! વાનવ્યન્તર દેવોને શું શીતયોનિ, ઉષ્ણયોનિ કે શીતોષ્ણયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને શીત અને ઉષ્ણયોનિ નથી, પણ શીતોષ્ણયોનિ હોય છે. જ્યોતિષિક અને વૈમાનિકોને પણ એમજ જાણવું. ॥૨॥૩૪૪॥*

(ટી૦) એ પ્રમાણે આઠમા પદની વ્યાખ્યા કરી, હવે નવમા પદનો પ્રારંભ કરાય છે. તેનો આ પ્રમાણે સમ્બન્ધ છે—પૂર્વના પદમાં પ્રાણીઓના સંજ્ઞારૂપ પરિણામો કહ્યા, અને આ પદમાં તેઓની યોનિઓ કહેવાય છે, તેનું આ પ્રથમ સૂત્ર છે—'**कइविहा णं भंते! जोणी पन्नत्ता**'? હે ભગવન્! કેટલા પ્રકારની યોનિ કહી છે'? ઇત્યાદિ. તેમાં યોનિ શબ્દનો અર્થ શો છે? તે કહે છે–યોનિ શબ્દમાં 'યુ' ધાતુ મિશ્ર થવાના અર્થમાં છે. '**युवन्ति अस्यां**'—જેમાં તૈજસકાર્મણશરીરવાળા જીવો ઔદારિકાદિ શરીરયોગ્ય પુદ્ગલ સ્કન્ધના સમુદાયની સાથે મિશ્ર થાય તે યોનિ–'ઉત્પત્તિસ્થાન. અહીં ઔણાદિ 'નિ' પ્રત્યય લાગેલો છે. હવે ભગવાન્ ઉત્તર આપે છે–ત્રણ પ્રકારની યોનિ કહી છે. તે આ પ્રમાણ—શીત, ઉષ્ણ, શીતોષ્ણ, તેમાં શીતસ્પર્શના પરિણામવાળી શીતયોનિ, ઉષ્ણસ્પર્શના પરિણામવાળી ઉષ્ણયોનિ અને શીત અને ઉષ્ણ ઉભય સ્પર્શના પરિણામવાળી શીતોષ્ણ યોનિ કહેવાય છે. તેમાં નૈરયિકોને બે પ્રકારની યોનિ હોય છે–શીત અને ઉષ્ણ યોનિ. પણ તેઓને શીતોષ્ણ યોનિ હોતી નથી. કઈ નરક પૃથિવીમાં કઈ યોનિ હોય છે? તે કહે છે–રત્નપ્રભા, શર્કરાપ્રભા, અને વાલુકાપ્રભામાં જે નૈરયિકોના ઉપજવાના ક્ષેત્રો છે તે બધાં શીતસ્પર્શના પરિણામવાળાં છે, અને ઉપજવાના ક્ષેત્ર સિવાયનું બાકી બધું એ ત્રણે નરકપૃથિવીમાં ઉષ્ણસ્પર્શના પરિણામવાળું છે, તેથી ત્યાંના શીતયોનિવાળા નૈરયિકો ઉષ્ણ વેદના અનુભવે છે. પઙ્કપ્રભામાં ઘણાં ઉપપાત ક્ષેત્રો શીતસ્પર્શના પરિણામવાળાં છે અને થોડાં ઉષ્ણસ્પર્શના પરિણામવાળાં છે. જે પ્રસ્તટોમાં (પાથડામાં) અને જે નરકાવાસોમાં શીતસ્પર્શના પરિણામવાળાં ઉપપાતક્ષેત્રો છે તેમાં ઉપપાતક્ષેત્ર સિવાય બધું ઉષ્ણસ્પર્શના પરિણામવાળું છે. જે પ્રસ્તટોમાં અને જે નરકાવાસોમાં ઉષ્ણસ્પર્શના પરિણામવાળાં ઉપપાતક્ષેત્રો છે તેમાં તે સિવાય બધું શીતસ્પર્શના પરિણામવાળું છે, તેથી ત્યાંના ઘણા શીતયોનિવાળા નૈરયિકો ઉષ્ણ વેદના અનુભવે છે અને થોડા ઉષ્ણયોનિવાળા શીતવેદના અનુભવે છે. ધૂમપ્રભામાં ઘણા ઉપપાત ક્ષેત્રો ઉષ્ણસ્પર્શના પરિણામવાળાં છે અને થોડાં શીતસ્પર્શના પરિણામવાળાં છે. જે પ્રસ્તટોમાં અને જે નરકાવાસોમાં ઉષ્ણસ્પર્શનાં પરિણામવાળાં ઉપપાત ક્ષેત્રો છે તેઓમાં તે સિવાય બધું શીતસ્પર્શના પરિણામવાળું છે, જેઓમાં શીતસ્પર્શના પરિણામવાળાં ઉપપાતક્ષેત્રો છે તેમાં બધું ઉષ્ણસ્પર્શના પરિણામવાળું છે, તેથી ત્યાંના ઘણા ઉષ્ણયોનિવાળા નારકો શીતવેદના અનુભવે છે, અને થોડા શીતયોનિવાળા નારકો ઉષ્ણવેદના અનુભવ કરે છે. તમઃપ્રભામાં અને તમઃતમઃપ્રભામાં બધાં ઉપપાતક્ષેત્રો ઉષ્ણસ્પર્શના પરિણામવાળાં છે અને તે સિવાય બાકી બધું શીતસ્પર્શના પરિણામવાળું છે. તેથી ત્યાંના ઉષ્ણયોનિવાળા નારકો શીતવેદના અનુભવે છે. ભવનવાસી, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભજ મનુષ્યો, વ્યન્તર, જ્યોતિષિક, અને વૈમાનિકોના ઉપપાતક્ષેત્રો શીત અને ઉષ્ણ ઉભય સ્પર્શવાળાં છે, તેથી તેઓની યોનિ ઉભય સ્વભાવવાળી છે, પણ કેવળ શીત કે ઉષ્ણ નથી. અપ્કાયિક સિવાય બધા એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયો, સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિયો અને સંમૂર્છિમ મનુષ્યોના ઉપપાતસ્થાનો શીતસ્પર્શવાળાં, ઉષ્ણસ્પર્શવાળા અને ઉભયસ્પર્શવાળાં પણ હોય છે, માટે તેઓની ત્રણે પ્રકારની યોનિ હોય છે, તેજસ્કાયિકો

---

૧. તે યોનિ દરેક જીવનિકાયને વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શના ભેદથી અનેક પ્રકારની છે, તે આ પ્રમાણે—પૃથિવી, પાણી, અગ્નિ, અને વાયુ પ્રત્યેકની સાત સાત લાખ, પ્રત્યેક વનસ્પતિકાયની દસ લાખ, અનન્તકાયની ચૌદ લાખ, બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રત્યેકની બબ્બે લાખ, દેવ નારક અને તિર્યંચ પંચેન્દ્રિયની ચાર ચાર લાખ અને મનુષ્યોની ચૌદ લાખ યોનિ હોય છે. સર્વ મળીને ચોરાશી લાખ યોનિ થાય છે. યદ્યપિ વ્યક્તિભેદની અપેક્ષાએ અનન્ત જીવો હોવાથી અનન્ત યોનિ થાય, તો પણ સમાન વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શોવાળી ઘણી યોનિ છતાં પણ સામાન્યપણે જાતિરૂપે એક યોનિ તરીકે ગણાય છે, માટે ચોરાશી લાખ જ યોનિ થાય છે, કહ્યું છે કે-

" **समवण्णाइसमेया बहवोवि हु जोणिभेअलक्खा उ। सामन्ना घेप्पंति ह एक्कजोणीए गहणेणं**"॥

સમાનવર્ણાદિસહિત ઘણા લાખ યોનિના ભેદો થાય છે તો પણ સામાન્યપણે એક યોનિના ગ્રહણ વડે ગ્રહણ કરાય છે.

ઉષ્ણયોનિવાળા અને અપ્કાયિકો શીતયોનિવાળા પ્રત્યક્ષ જણાય છે. ॥૨॥૩૪૪॥

**एएसि णं भंते! सीतजोणियाणं उसिणजोणियाणं सीतोसिणजोणियाणं अजोणियाण य कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा, विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा सीतोसिणजोणिया, उसिणजोणिया असंखेज्जगुणा, अजोणिया अणंतगुणा, सीतजोणिया अणंतगुणा ।।सू०-३।।३४५।।**

*(મૂ૦) હે ભગવન્! શીતયોનિવાળા, ઉષ્ણયોનિવાળા, શીતોષ્ણયોનિવાળા અને યોનિરહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો શીતોષ્ણયોનિવાળા હોય છે, તેથી ઉષ્ણયોનિવાળા અસંખ્યાતગુણા છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે અને તેથી શીતયોનિવાળા અનન્તગુણા છે. ॥૨॥૩૪૫॥*

(ટી૦) અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા શિતોષ્ણરૂપ ઉભયયોનિવાળા જીવો હોય છે, કારણ કે ભવનવાસી, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, ગર્ભજ મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોની ઉભયરૂપ યોનિ છે. તેથી સંખ્યાતગુણા ઉષ્ણયોનિવાળા છે, કારણ કે સૂક્ષ્મ અને બાદર બન્ને પ્રકારના તેજસ્કાયિકો, ઘણા નૈરયિકો અને કેટલાક પૃથિવી, પાણી વાયુ અને પ્રત્યેક વનસ્પતિ ઉષ્ણયોનિવાળા છે. તેથી યોનિરહિત અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનંત છે. તેથી શીતયોનિવાળા અનંતગુણા છે. કારણ કે બધા **અનંતકાયિકો શીતયોનિવાળા** છે. અને તેઓ સિદ્ધોથી અનંતગુણા છે. ॥૨॥૩૪૫॥

## ।। नेरइयाइसु सचित्ताइजोणीओ ।।

**कतिविहा णं भंते! जोणी पन्नत्ता? गोयमा! तिविहा जोणी पन्नत्ता, तं जहा—[1]सचित्ता, [2]अचिता, [3]मीसिया ।।सू०-४।।३४६।।**

*(મૂ૦) હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની કહી છે? હે ગૌતમ! યોનિ ત્રણ પ્રકારે કહી છે. આ પ્રમાણ—[1]સચિત્ત, [2]અચિત્ત અને [3]મિશ્ર યોનિ. ॥૪॥૩૪૬॥*

(ટી૦) હવે બીજા પ્રકારે યોનિનું પ્રતિપાદન કરે છે—'હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની છે'? સચિત્ત–જીવપ્રદેશના સંબંધવાળી, અચિત્ત–સર્વથા જીવરહિત, અને મિશ્ર–અંશતઃ જીવપ્રદેશસહિત અને અંશતઃ જીવપ્રદેશરહિત–એમ ત્રણ પ્રકારે છે. તેમાં નૈરયિકોનું જે ઉપપાતક્ષેત્ર છે તે કોઇ પણ જીવે શરીરરૂપે ગ્રહણ કરેલું નથી માટે તેઓની અચિત્ત યોનિ છે. યદ્યપિ સૂક્ષ્મ એકેન્દ્રિયો સકલ લોકવ્યાપી છે તો પણ તેના આત્મપ્રદેશો સાથે ઉપપાતસ્થાનના પુદ્ગલો પરસ્પર અભેદાત્મક સંબંધવાળા નથી, એટલે તે જીવોએ ઉપપાતસ્થાનના પુદ્ગલો શરીરરૂપે ગ્રહણ કરેલા નથી, માટે તેઓની અચિત્ત યોનિ છે. એ પ્રમાણે અસુરકુમારાદિ ભવનપતિઓની, તથા વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોની અચિત્ત યોનિ જાણવી. પૃથિવીકાયિકથી માંડી સંમૂર્છિમ મનુષ્ય પર્યન્ત જીવોનું ઉપપાતક્ષેત્ર અન્ય જીવોએ ગ્રહણ કરેલું હોય છે, ક્વચિત્ ગ્રહણ કરેલું હોતું નથી અને અંશતઃ ગ્રહણ કરેલું અને અંશતઃ નહિ ગ્રહણ કરેલું ઉભય સ્વભાવવાળું પણ હોય છે માટે તેઓની ત્રણે પ્રકારની યોનિ છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોની જ્યાં ઉત્પત્તિ થાય છે ત્યાં અચેતન પણ શુક્ર અને શોણિતના પુદ્ગલો હોય છે માટે તેઓની મિશ્ર યોનિ હોય છે. ॥૪॥૩૪૬॥

**नेरइयाणं भंते! किं सचित्ता जोणि, अचित्ता जोणी, मीसीया जोणी? गोयमा! नो सचित्ता जोणी, अचित्ता जोणी, नो मीसिया जोणी। असुरकुमाराणं भंते! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी? गोयमा! नो सचित्ता जोणी, अचित्ता जोणी, नो मीसिया जोणी, एवं जाव थणियकुमाराणं। पुढविकाइयाणं भंते! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी? गोयमा! सचित्ता जोणी वि, अचित्ता जोणी वि, मीसिया वि जोणी, एवं जाव चउरिंदियाणं। संमुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं संमुच्छिममणुस्साण य एवं चेव। गब्भवक्कंतियपंचिंदियतिरिक्ख-जोणियाणं गब्भवक्कंतिमणुस्साण य नो सचित्ता, नो अचित्ता, मीसिया जोणी। वाणमंतर-जोइसिय-वेमाणियाणं**

**जहा असुरकुमाराणं ।।सू०-५।।३४७।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને શું સચિત્તયોનિ, અચિત્તયોનિ કે મિશ્રયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને સચિત્ત અને મિશ્રયોનિ નથી, પણ અચિત્તયોનિ છે. હે ભગવન્! અસુરકુમારોને શું સચિત્તયોનિ, અચિત્તયોનિ કે મિશ્રયોનિ હોય છે? હે ગૌતમ! સચિત્ત અને મિશ્રયોનિ નથી, પણ અચિત્તયોનિ હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને શું સચિત્ત, અચિત્ત કે મિશ્રયોનિ હોય છે? હે ગૌતમ! સચિત્ત, અચિત્ત અને મિશ્ર ત્રણે પ્રકારે યોનિ હોય છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય સુધી જાણવું. સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને સંમૂર્છિમ મનુષ્યોને એમજ જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ મનુષ્યોને સચિત્ત અને અચિત્ત યોનિ નથી, પણ મિશ્રયોનિ હોય છે. વાનવ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમારોની પેઠે જાણવું. ।।૫।।૩૪૭।।*

(ટી૦) અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા જીવો મિશ્રયોનિવાળા છે, કારણ કે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની જ મિશ્ર યોનિ છે. તેથી અચિત્તયોનિવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે નારકો, દેવો અને કેટલાક, પૃથિવી, અપ્, તેજસ્, વાયુ, પ્રત્યેક વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની અચિત્ત યોનિ છે. તેથી યોનિરહિત અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનન્ત છે. તેથી સચિત્તયોનિવાળા અનન્તગુણા છે. કારણ કે નિગોદના જીવોની સચિત્ત યોનિ છે અને તેઓ સિદ્ધો કરતાં પણ અનન્તગુણા છે. ।।૫।।૩૪૭।।

**एएसि णं भंते! जीवाणं सचित्तजोणीणं अचित्तजोणीणं मीसजोणीणं अजोणीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा मीसजोणिया, अचित्तजोणिया असंखेज्जगुणा, अजोणिया अणंतगुणा, सचित्तजोणिया अणंतगुणा ।।सू०-६।।३४८।।**

*(મૂ૦) હે ભગવન્! સચિત્તયોનિવાળા, અચિત્તયોનિવાળા, મિશ્રયોનિવાળા અને યોનિરહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો મિશ્રયોનિવાળા હોય છે, તેથી અચિત્તયોનિવાળા અસંખ્યાતગુણા છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે અને તેથી સચિત્તયોનિવાળા અનન્તગુણા છે. ।।૬।।૩૪૮।।*

## ।। नेरइयाइसु संवुडाइजोणीओ ।।

**कइविहा णं भंते! जोणी पन्नत्ता? गोयमा! तिविहा जोणी पन्नत्ता? तं जहा—संवुडा जोणी, वियडा जोणी, संवुडवियडा जोणी ।।सू०-७।।३४९।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારની યોનિ કહી છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની યોનિ કહી છે. તે આ પ્રમાણે—સંવૃતયોનિ, વિવૃત યોનિ અને સંવૃતવિવૃતયોનિ. ।।૭।।૩૪૯।।*

(ટી૦) હવે ફરી પણ પ્રકારાન્તરથી યોનિનું પ્રતિપાદન કરે છે—'હે ભગવન્! કેટલા પ્રકારની યોનિ કહી છે'? તેમાં નારકોની સંવૃત યોનિ છે, કારણ કે નારકોની ઉત્પત્તિના સ્થાનરૂપ નરકનિષ્કુટો બંધ કરેલા ગવાક્ષ જેવા છે, તેમાં ઉત્પન્ન થયેલા નૈરયિકો વૃદ્ધિ પામતાં તેઓની અંદરથી બાહર પડે છે. શીત ઉપપાતસ્થાનોથી ઉષ્ણ ક્ષેત્રમાં અને ઉષ્ણ ઉપપાત સ્થાનોથી શીત ક્ષેત્રમાં પડે છે. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક, અને વૈમાનિકોની પણ સંવૃત યોનિ હોય છે, કારણ કે તેઓ દેવદૂષ્ય વસ્ત્રથી ઢંકાયેલ દેવશય્યામાં ઉત્પન્ન થાય છે. "**देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलसंखेज्जइभागमेत्ताए सरीरोगाहणाए उववज्जइ**"। દેવદૂષ્ય વસ્ત્રથી આચ્છાદિત દેવશય્યામાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શરીરની અવગાહના વડે ઉત્પન્ન થાય છે-એવું શાસ્ત્ર વચન છે. એકેન્દ્રિયો પણ સંવૃતયોનિવાળા છે કારણ કે તેઓની યોનિ સ્પષ્ટ જણાતી નથી. બેઇન્દ્રિયથી આરંભી ચઉરિન્દ્રિય સુધીના જીવો, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની વિવૃત યોનિ હોય છે. કારણ કે તેઓનું ઉત્પત્તિસ્થાન જલાશયાદિ સ્પષ્ટ જણાય છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોની સંવૃતવિવૃત યોનિ છે. કારણ કે

ગર્ભ સંવૃત અને વિવૃતરૂપ છે. ગર્ભ અંદરથી જણાતો નથી, અને બહારથી ઉદરની વૃદ્ધિ થવા વગેરે કારણોથી જણાય છે. ॥૭॥૩૪૯॥

**नेरइयाणं भंते! किं संवुडा जोणी, वियडा जोणी, संवुडवियडा जोणी? गोयमा! संवुडाजोणी, नो वियडाजोणी, नो संवुडवियडाजोणी। एवं जाव वणस्सइकाइयाणं। बेईंदियाणं पुच्छा। गोयमा! नो संवुडाजोणी, वियडाजोणी, नो संवुडवियडाजोणी। एवं जाव चउरिंदियाणं। संमुच्छिमपंचिंयितिरिक्खजोणियाणं संमुच्छिममणुस्साण य एवं चेव। गब्भवक्कंतियपंचिंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियमणुस्साण य नो संवुडा जोणी, नो वियडा जोणी, संवुडवियडा जोणी। वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा नेरइयाणं ।।सू०-८।।३५०।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને શું સંવૃતયોનિ, વિવૃતયોનિ કે સંવૃતવિવૃતયોનિ હોય છે? હે ગૌતમ! તેઓને સંવૃતયોનિ હોય છે, પણ વિવૃતયોનિ અને સંવૃતવિવૃતયોનિ હોતી નથી. એ પ્રમાણે યાવત્—વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઇન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને સંવૃત કે સંવૃતવિવૃતયોનિ હોતી નથી, પણ વિવૃતયોનિ હોય છે. એમ યાવત્—ચઉરિન્દ્રિયો સુધી જાણવું. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને એમજ જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ મનુષ્યોને સંવૃત અને વિવૃતયોનિ નથી, પણ સંવૃતવિવૃતયોનિ હોય છે. વાનવ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકો પેઠે જાણવું. ॥૮॥૩૫૦॥*

**एएसि णं भंते! जीवाणं संवुडजोणियाणं वियडजोणियाणं संवुडवियडजोणियाणं अजोणियाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा संवुडवियडजोणिया, वियडजोणिया असंखिज्जगुणा, अजोणिया अणंतगुणा, संवुडजोणिया अणंतगुणा ।।सू०-९।।३५१।।**

*(મૂ૦) હે ભગવન્! સંવૃતયોનિવાળા, વિવૃતયોનિવાળા, સંવૃતવિવૃતયોનિવાળા અને યોનિરહિત એ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ભગવન્! સૌથી થોડા જીવો સંવૃતવિવૃતયોનિવાળા છે, તેથી વિવૃતયોનિવાળા અસંખ્યાતગુણા છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે અને તેથી સંવૃતયોનિવાળા અનન્તગુણા છે. ॥૯॥૩૫૧॥*

(ટી૦) અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા સંવૃતવિવૃતયોનિવાળા છે, કારણ કે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની સંવૃત-વિવૃતયોનિ હોય છે. તેથી વિવૃતયોનિવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે બેઇન્દ્રિયથી આરંભી ચઉરિન્દ્રિય સુધીના જીવો, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની વિવૃત યોનિ છે, તેથી યોનિરહિત અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો અનન્તગુણા છે. તેથી સંવૃતયોનિવાળા અનન્તગુણા છે, કારણ કે વનસ્પતિની સંવૃત યોનિ છે, અને તેઓ સિદ્ધોથી પણ અનન્તગુણા છે. ॥૯॥૩૫૧॥

## ।। मणुस्सेसु तिविहा जोणी ।।

**कइविहा णं भंते! जोणी पन्नत्ता? गोयमा! तिविहा जोणी पन्नत्ता, तं जहा—कुम्मुण्णया, संखावत्ता, वंसीपत्ता। कुम्मुण्णया णं जोणी उत्तमपुरिसमाऊणं। कुम्मुण्णयाए णं जोणिए उत्तमपुरिसा गब्भे वक्कमंति, तं जहा—अरहंता, चक्कवट्टी, बलदेवा, वासुदेवा। संखावत्ता णं जोणी इत्थीरयणस्स, संखावत्ताए णं जोणीए बहवे जीवा य पोग्गला य वक्कमंति विउक्कमंति चयंति उवचयंति, नो चेव णं णिप्फज्जंति। वंसीपत्ता णं जोणी पिहुजणस्स, वंसीपत्ताए णं जोणीए पिहुजणे गब्भे वक्कमंति ।।सू०-१०।।३५२।।**

इति पन्नवणाए भगवईए नवमं जोणीपदं समत्तं ९ ।

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારની યોનિ કહેલી છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની યોનિ કહેલી છે. તે આ પ્રમાણે—કૂર્મોન્નતા, શંખાવર્તા અને વંશીપત્રા, કૂર્મોન્નતા યોનિ ઉત્તમ પુરુષોની હોય છે. કૂર્મોન્નતા યોનિના ગર્ભમાં ઉત્તમ પુરુષો ઉત્પન્ન*

*થાય છે. તે આ પ્રમાણે—અરિહંતો, ચક્રવર્તી, બલદેવો અને વાસુદેવો. શંખાવર્તાયોનિ સ્ત્રીરત્નને હોય છે. શંખાવર્તા યોનિમાં ઘણા જીવો અને પુદ્ગલો આવે છે અને ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે, ચય પામે છે અને ઉપચય પામે છે, પરન્તુ નિષ્પન્ન થતા નથી. વંશીપત્રા યોનિ સામાન્ય મનુષ્યોની હોય છે. વંશીપત્રા યોનિમાં સામાન્ય મનુષ્યો ગર્ભમાં આવે છે. ॥૧૦॥૩૫૨॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં નવમું યોનિપદ સમાપ્ત.*

(ટી૦) હવે મનુષ્યયોનિના વિશેષ–ભેદનુ પ્રતિપાદન કરે છે–'હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની છે' ઇત્યાદિ. કાચબાની પીઠ જેવી ઊંચી હોય તે કૂર્મોન્નતા, શંખની પેઠે આવર્તવાળી તે શંખાવર્તા અને સંયુક્ત બે વાંસના પાંદડાના આકારવાળી વંશીપત્રા યોનિ કહેવાય છે, બાકી બધું સુગમ છે. પરન્તુ શંખાવર્ત યોનિમાં ઘણા જીવો અને જીવની સાથે સંબંધવાળા પુદ્ગલો આવે છે અને ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે, સામાન્યતઃ ચય–વૃદ્ધિ પામે છે અને વિશેષતઃ ઉપચયને પ્રાપ્ત થાય છે. પરન્તુ 'અતિ પ્રબલ કામાગ્નિના પરિતાપવડે નાશ થવાથી ગર્ભની નિષ્પત્તિ થતી નથી' એવો વૃદ્ધાચાર્યોનો પ્રવાદ છે. ॥૧૦॥૩૫૨॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં નવમુ પદ સમાપ્ત.

**જીવોની યોનિઓ**

| જીવભેદ | શીત | ઉષ્ણ | શીતોષ્ણ | સચિત્ત | અચિત્ત | મિશ્ર | સંવૃત | વિવૃત | સંવૃત-વિવૃત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. નારક | શીત | ઉષ્ણ | X | X | અચિત્ત | X | સંવૃત | X | X |
| ૨. ભવનપતિ | X | X | શીતોષ્ણ | X | અચિત્ત | X | સંવૃત | X | X |
| ૩. પૃથ્વી, અપ્[1], વાયુ, વનસ્પતિ | શીત | ઉષ્ણ | શીતોષ્ણ | સચિત્ત | અચિત્ત | મિશ્ર | સંવૃત | X | X |
| ૪. તેજ | X | ઉષ્ણ | X | સચિત્ત | અચિત્ત | મિશ્ર | સંવૃત | X | X |
| ૫. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય | શીત | ઉષ્ણ | શીતોષ્ણ | સચિત્ત | અચિત્ત | મિશ્ર | X | વિવૃત | X |
| ૬. પંચેન્દ્રિય તિર્યંચ | – | – | – | – | – | – | – | – | – |
| સંમૂર્ચ્છિમ તિર્યંચ | શીત | ઉષ્ણ | શીતોષ્ણ | સચિત્ત | અચિત્ત | મિશ્ર | X | વિવૃત | X |
| ગર્ભજ તિર્યંચ | X | X | શીતોષ્ણ | X | X | મિશ્ર | X | X | સંવૃત-વિવૃત |
| ૭. મનુષ્ય | – | – | – | – | – | – | – | – | – |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | શીત | ઉષ્ણ | શીતોષ્ણ | સચિત્ત | અચિત્ત | મિશ્ર | X | વિવૃત | X |
| ગર્ભજ મનુષ્ય | X | X | શીતોષ્ણ | X | X | મિશ્ર | X | X | સંવૃત-વિવૃત |
| ૮. વાણમંતર | X | X | શીતોષ્ણ | X | અચિત્ત | X | સંવૃત | X | X |
| ૯. જ્યોતિષ્ક | X | X | શીતોષ્ણ | X | અચિત્ત | X | સંવૃત | X | X |
| ૧૦. વૈમાનિક | X | X | શીતોષ્ણ | X | અચિત્ત | X | સંવૃત | X | X |
| ૧૧. સિદ્ધ | X | X | X | X | X | X | X | X | X |

૧. તેજસ્કાય સિવાયના એકેન્દ્રિયોની યોનિ જણાવતા સૂત્રો (૭૪૨-૪૩)ની ટીકાનો પાઠ **एकेन्द्रियाणामप्कायिकावर्जानां... त्रिविधा योनिः** આવો પાઠ છપાયો છે (પ્રજ્ઞાપના ટીકા, પત્ર ૨૨૫ ब, ૨૨૬ अ.) પણ ટીકાની સમગ્ર હસ્તલિખિત પ્રતિઓમાં અહીં एकेन्द्रियाणामग्निकायवर्जानां..... त्रिविधा योनिः આવો મૂળ સૂત્રને સંવાદી પાઠ છે.

## || दसमं चरमाचरमपयं ||

**कति णं भंते! पुढवीओ पन्नत्ताओ? गोयमा! अट्ठ पुढवीओ पन्नत्ताओ, तं जहा—१रयणप्पभा, २सक्करप्पभा, ३वालुयप्पभा, ४पंकप्पभा, ५धूमप्पभा, ६तमप्पभा, ७तमतमप्पभा, ८ईसीपब्भारा ।।सू०-१।।३५३।।**

દસમું ચરમાચરમ પદ.

*(મૂ૦) હે ભગવન્! કેટલી પૃથિવીઓ કહી છે? હે ગૌતમ! આઠ પૃથિવીઓ કહી છે. તે આ પ્રમાણે—૧ રત્નપ્રભા, ૨ શર્કરા પ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા, ૭ તમઃતમઃપ્રભા, ૮ ઈષત્પ્રાગ્ભારા. ।।૧।।૩૫૩।।*

(ટી૦) એ પ્રમાણે નવમા પદની વ્યાખ્યા કરી, હવે દસમા પદનો પ્રારંભ કરાય છે. તેનો સંબન્ધ આ પ્રમાણે છે—અહીં પૂર્વના પદમાં પ્રાણીઓની યોનિઓનું પ્રતિપાદન કર્યું અને આ પદમાં પ્રાણીઓના ઉપપાતનુ ક્ષેત્ર રત્નપ્રભાદિ છે, તે ચરમ અને અચરમ વિભાગ વડે બતાવાય છે. તેમાં આ આદિ સૂત્ર છે-'**कति णं भंते पुढवीओ पन्नत्ताओ**'—હે ભગવન્! કેટલી પૃથિવીઓ કહી છે-ઇત્યાદિ પાઠ સુગમ છે. પરંતુ ઈષત્પ્રાગ્ભારા એ પીસતાળીશ લાખ યોજન લાંબી અને પહોળી શુદ્ધ સ્ફટિકના જેવી સિદ્ધશિલા પૃથિવી છે. ।।૧।।૩૫૩।।

## || लोगालोगाणं चरिमाचरिमविभागो ||

**इमा णं भंते! रयणप्पभा पुढवी किं चरमा, अचरमा, चरमाइं, अचरमाइं, चरमंतपदेसा, अचरमंतपदेसा? गोयमा! इमा णं रयणप्पभा पुढवी नो चरमा, नो अचरमा, नो चरमातिं, नो अचरमातिं, नो चरमंतपदेसा, नो अचरमंतपदेसा, नियमाऽचरमं चरमाणि य, चरमंतपदेसा य अचरमंतपदेसा य, एवं जाव अहेसत्तमा पुढवी, सोहम्मादी जाव अणुत्तरविमाणाणं एवं चेव, ईसीपब्भारा वि एवं चेव, लोगे वि एवं चेव, एवं अलोगे वि ।।सू०-२।।३५४।।**

*(મૂ૦) હે ભગવન્! આ રત્નપ્રભા પૃથિવી શું ચરમ (પર્યંતવર્તી) છે ૧, અચરમ (મધ્યવર્તી) છે. ૨ (બહુવચન વિશિષ્ટ) ચરમ છે ૩, અચરમ છે ૪, ચરમાન્તપ્રદેશરૂપ છે ૫, કે અચરમાન્તપ્રદેશરૂપ છે ૬? હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથિવી ચરમ નથી, અચરમ નથી, બહુવચનાન્ત ચરમ અને અચરમ નથી, ચરમાન્તપ્રદેશરૂપ નથી, તેમ અચરમાન્તપ્રદેશરૂપ પણ નથી, પણ અવશ્ય અચરમ, અને બહુવચનાન્ત ચરમરૂપ છે, તથા ચરમાન્તપ્રદેશરૂપ અને અચરમાન્તપ્રદેશરૂપ છે. એ પ્રમાણે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવી સુધી જાણવું. સૌધર્મથી માંડી યાવત્-અનુત્તર વિમાન સુધી તથા ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સંબંધે પણ એ પ્રમાણેજ સમજવું. અને લોક અને અલોક સંબંધે પણ એમજ જાણવું. ।।૨।।૩૫૪।।*

(ટી૦) '**इमा णं भंते! रयणप्पभा पुढवी किं चरमा, अचरमा**'—હે ભગવન્! આ રત્નપ્રભા પૃથિવી શું ચરમ છે કે અચરમ છે-ઇત્યાદિ પ્રશ્ન છે. તેમાં ચરમ અને અચરમની પરિભાષા આ પ્રમાણે છે-ચરમ એટલે પર્યંતવર્તી, છેલ્લે રહેલું, તે ચરમપણું બીજાની અપેક્ષાએ હોય છે તેથી તે સાપેક્ષ છે. જેમકે પૂર્વના શરીરની અપેક્ષાએ ચરમ શરીર કહેવાય છે. ચરમ-પર્યંતવર્તી ન હોય, પણ મધ્યવર્તી હોય તે અચરમ. તે પણ ચરમની અપેક્ષાએ હોવાથી સાપેક્ષ છે. જેમકે તેવા પ્રકારના અન્ય શરીરની અપેક્ષાએ મધ્યશરીર અચરમશરીર કહેવાય છે. એ પ્રમાણે ચરમ અને અચરમ સમ્બન્ધી એકવચનાન્ત પ્રશ્ન કર્યો, હવે બહુવચનાન્ત પ્રશ્ન કરે છે. '**चरमाइं अचरमाइं**' એટલે બહુવચનાન્ત ચરમ છે અચરમ છે? આ ચાર પ્રશ્નસૂત્રો તેવા પ્રકારના એકત્વપરિણામવાળા દ્રવ્ય સમ્બન્ધે કર્યા, હવે પ્રદેશોને આશ્રયી બે પ્રશ્ન કરે છે—'**चरमंतपएसा य अचरमंतपएसा य**'-ચરમરૂપ અને અન્તે રહેલા હોવાથી અન્તવર્તી ખંડો ચરમાન્તો કહેવાય છે, તેમાં રહેલા પ્રદેશો તે ચરમાન્તપ્રદેશો કહેવાય છે. કોઇની પણ અપેક્ષાએ અન્તે નહિ રહેતા હોવાથી અચરમરૂપ-મધ્યવર્તી ખંડ અચરમાન્ત કહેવાય છે. તેમાં રહેલા પ્રદેશો તે અચરમાન્તપ્રદેશો કહેવાય છે. એ પ્રમાણે ગૌતમ સ્વામીએ છ પ્રશ્નો કર્યા. હવે ભગવાન્ તેનો ઉત્તર આપે છે—'હે ગૌતમ! તે

રત્નપ્રભા પૃથિવી ચરમ નથી, કેમકે ચરમપણું બીજી વસ્તુની અપેક્ષાએ છે, અને અહીં અપેક્ષા રાખવા યોગ્ય અન્ય વસ્તુ નથી, કારણ કે અહીં માત્ર અન્ય વસ્તુની અપેક્ષા સિવાય કેવળ રત્નપ્રભાનો જ પ્રશ્ન કર્યો છે. આ જ કારણથી અચરમ પણ નથી. તે આ પ્રમાણે–અચરમપણું પણ અન્ય વસ્તુની અપેક્ષાએ છે, અહીં અપેક્ષા રાખવા યોગ્ય અન્ય વસ્તુ વિવક્ષિત નથી, ભાવાર્થ એ છે કે–આ રત્નપ્રભા પૃથિવી ચરમ નથી, તેમ મધ્યવર્તી પણ નથી, કારણ કે ચરમપણું અને અચરમપણું અન્ય વસ્તુની અપેક્ષાએ હોય છે અને અપેક્ષા રાખવા યોગ્ય અન્યની વિવક્ષા કરી નથી. આ કારણથી **'चरमाणि'**—બહુવચનાન્ત ચરમ પણ નથી, કેમકે અપેક્ષા રાખવા યોગ્ય અન્ય વસ્તુ વિવક્ષિત નહિ હોવાથી તેવા પ્રકારના વ્યવહારનો જ અસમ્ભવ છે, તેથી બહુવચનાન્ત ચરમપણાનો પણ અસમ્ભવ છે. તે આ પ્રમાણે––જ્યારે તે રત્નપ્રભાના ચરમપણાનો વ્યવહાર જ ઉપર કહેલી યુક્તિથી ઘટતો નથી ત્યારે તે સમ્બન્ધે બહુવચનાન્ત ચરમપણું શી રીતે ઘટે? એ પ્રમાણે બહુવચનાન્ત અચરમભઙ્ગનો પણ પ્રતિષેધ કરવો. કારણ કે ઉપર કહેલી યુક્તિથી અચરમપણાના વ્યવહારનો પણ અસમ્ભવ છે. તેમજ તે ચરમાન્તપ્રદેશરૂપ–પ્રાન્ત ભાગમાં રહેલા પ્રદેશરૂપ અને અચરમાન્તપ્રદેશરૂપ–મધ્યભાગમાં રહેલા પ્રદેશરૂપ પણ નથી. કારણ કે પૂર્વોક્ત યુક્તિવડે ચરમપણાનો અને અચરમપણાનો અસમ્ભવ હોવાથી તેના પ્રદેશની કલ્પનાનો પણ અસમ્ભવ છે. જો એમ છે તો તે રત્નપ્રભા કેવા સ્વરૂપવાળી છે? તેના ઉત્તરમાં કહે છે–તે 'અવશ્ય' અચરમં–એકવચનાન્ત અચરમ અને 'ચરમાણિ'–બહુવચનાન્ત ચરમરૂપ છે. તેનો ભાવાર્થ આ છે–જો આ રત્નપ્રભાને અખંડરૂપે વિવક્ષા કરીને પૂછિએ તો પૂર્વોક્ત ભઙ્ગોમાંથી એક પણ ભઙ્ગવડે તેનો વ્યવહાર થતો નથી, પણ જો તે અસઙ્ખ્યાતપ્રદેશાવગાઢ હોવાથી અનેક અવયવોના વિભાગરૂપે તેની વિવક્ષા કરીએ તો તે પૂર્વે કહેલા ઉત્તરનો વિષય થાય છે. તે આ પ્રમાણે–રત્નપ્રભા પૃથિવી આ પ્રકારે રહેલી છે અને એ પ્રમાણે રહેલી રત્નપ્રભાના પ્રાન્ત ભાગને વિષે રહેલા જે લોકાન્તનિષ્કુટરૂપ ખંડો છે તે પ્રત્યેક તથાવિધ વિશિષ્ટ એકરૂપ પરિણામ વડે પરિણત છે માટે તે 'ચરમાણિ' બહુવચનાન્ત ચરમરૂપ છે. અને જે પ્રાન્ત ભાગના ખંડો સિવાયના મધ્ય ભાગમાં રત્નપ્રભાનો મોટો ખંડ છે, તે તથાવિધ એકરૂપ પરિણામવાળો હોવાથી તેની એકરૂપે વિવક્ષા કરી છે, માટે તે **'अचरमं'** એકવચનાન્ત અચરમરૂપ છે. આ રત્નપ્રભા મધ્યવર્તી ખંડ અને પ્રાન્તભાગમાં રહેલા ખંડો એ ઉભયના સમુદાયરૂપ છે. જો એમ ન હોય તો રત્નપ્રભાના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. એ પ્રમાણે અવયવ અને અવયવીરૂપે વિચાર કરતાં **'अचरमं'** એકવચનાન્ત અચરમરૂપ અને **'चरमाणि'** બહુવચનાન્ત ચરમરૂપ એમ અખંડ એક ઉત્તરના વિષયરૂપે રત્નપ્રભાનું પ્રતિપાદન કર્યું. હવે જ્યારે પ્રદેશરૂપે વિચાર કરીએ ત્યારે તેનો આ પ્રમાણે ઉત્તર છે—**'चरमान्तप्रदेशाश्च अचरमान्तप्रदेशाश्च'**–બહુવચનાન્ત ચરમાન્તપ્રદેશરૂપ અને અચરમાન્તપ્રદેશરૂપ છે. તે આ પ્રમાણે––લોકાન્તનિષ્કુટરૂપ બહારના ખંડોમાં જે પ્રદેશો રહેલા છે તે ચરમાન્તપ્રદેશો અને મધ્યવર્તી એક ખંડમાં જે પ્રદેશો રહેલા છે તે અચરમાન્તપ્રદેશો છે. અન્ય આચાર્યો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે–**'चरमाणि'** તથાવિધ પ્રવિષ્ટ–અન્દર ગયેલાથી ઇતર–પ્રાન્ત ભાગના એક પ્રદેશની શ્રેણિના સમુદાયરૂપે બહુવચન વિશિષ્ટ ચરમ ખંડો અને તેનો મધ્યવર્તી ભાગ તે અચરમ ખંડ કહેવાય છે, તે પણ નિર્દોષ હોવાથી યોગ્ય છે. યથોક્ત સ્વરૂપ પ્રાન્ત ભાગની એક શ્રેણિના સમુદાયમાં રહેલા પ્રદેશો **'चरमान्तप्रदेशाः'** ચરમાન્તપ્રદેશો અને તેના મધ્ય ભાગમાં રહેલા **'अचरमान्तप्रदेशाः'** અચરમાન્તપ્રદેશો કહેવાય છે. એકાન્ત દુર્નયનો નિરોધ કરવામાં પ્રધાન આ ઉત્તરસૂત્ર વડે રત્નપ્રભાદિક વસ્તુ અવયવ અને અવયવીરૂપી છે, અને તે અવયવ અને અવયવીનો કથંચિદ્ ભેદ અને કથંચિદ્ અભેદ છે એમ જણાવ્યું. તે અવયવ અને અવયવી સ્વરૂપ વસ્તુ માનવામાં જે પ્રકારે બીજાએ આપેલા દૂષણોનો અવકાશ નથી તે પ્રકારે [1]ધર્મસંગ્રહણીની ટીકામાં બાહ્ય વસ્તુનું સ્થાપન કરવાના પ્રસંગે પ્રતિપાદન કર્યું છે, તે ત્યાંથી જાણી લેવું. 'એ પ્રમાણે યાવત્ નીચેની સાતમી નરકપૃથિવી સુધી જાણવું' ઇત્યાદિ. જેમ રત્નપ્રભા પૃથિવીનું સ્વરૂપ પ્રશ્ન અને ઉત્તર વડે કહ્યું તેમ શર્કરાપ્રભાદિ પૃથિવીઓ સૌધર્માદિ અનુત્તર વિમાન પર્યન્ત વિમાનો, ઈષત્પ્રાગ્ભારા પૃથિવી અને લોક સંબંધે જાણવું. સૂત્રપાઠ પણ સુગમ હોવાથી સ્વયં વિચારી લેવો. તે

૧. ધર્મસંગ્રહણીસટીક. આ. સ. ગા. ૬૩૭ પ. ૨૩૯-૨

આ પ્રમાણે-'હે ભગવન્! શર્કરાપ્રભા પૃથિવી શું ચરમ, અચરમ, બ. વ. ચરમ, બ. વ. અચરમ છે'? ઇત્યાદિ પાઠ કહેવો. એ પ્રમાણે અલોક સંબંધે સૂત્રપાઠ પણ કહેવો. તે આ પ્રમાણે- 'હે ભગવન્ અલોક શું ચરમ છે કે અચરમ છે' ઇત્યાદિ પ્રશ્નસૂત્ર અને તેવી રીતે ઉત્તરસૂત્ર કહે છે-હે ગૌતમ! તે અચરમ, બ. વ. ચરમ, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્ત પ્રદેશરૂપ છે. તેમાં જે ખંડો લોકનિષ્કુટમાં રહેલા છે તે બ. વ. ચરમ, બાકીનું બધું અચરમ જાણવું. ચરમખંડમાં રહેલા ચરમાન્ત પ્રદેશો અને અચરમખંડમાં રહેલા અચરમાન્તપ્રદેશો જાણવા. ॥૨॥૩૫૪॥

## ।। चरिमाचरिमपयाणं अप्पबहुत्तं ।।

**इमीसे णं भंते! रयणप्पभाए पुढवीए अचरमस्स य चरमाण य अचरमंतपएसाण य अचरमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे इमीसे रयणप्पभाए पुढवीए दव्वट्ठयाए एगे अचरमे, चरमाइं असंखिज्जगुणाइं, अचरमं च चरमाणि य दो वि विसेसाहिआइं, पएसट्ठयाए सव्वत्थोवा इमीसे रयणप्पभाए पुढवीए चरमान्तपदेसा, अचरमंतपदेसा असंखेज्जगुणा, चरमंतपदेसा य अचरमंतपदेसा य दो वि विसेसाहिआ, दव्वट्ठपएसट्ठयाए सव्वत्थोवा इमीसे रयणप्पभाए पुढवीए दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं असंखेज्जगुणाइं, अचरिमं च चरमाणि य दो वि विसेसाहिआइं, [पएसट्ठयाए] चरमंतपएसा असंखेज्जगुणा, अचरमंतपएसा असंखिज्जगुणा, चरमंतपएसा य अचरमंतपएसा य दो वि विसेसाहिआ। एवं जाव अहेसत्तमाए, सोहम्मस्स जाव लोगस्स एवं चेव। ।।सू०-३।।३५५।।**

(મૂ૦) *હે ભગવન્! આ રત્નપ્રભા પૃથિવીના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થ—પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા આ રત્નપ્રભા પૃથિવીનો દ્રવ્યાર્થપણે એક અચરમ ખંડ છે, તેથી ચરમખંડો અસંખ્યાતગુણા છે,, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સૌથી થોડા આ રત્નપ્રભા પૃથિવીના ચરમાન્તપ્રદેશો છે, તેથી અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ—પ્રદેશાર્થરૂપે—સૌથી થોડો આ રત્નપ્રભા પૃથિવીનો દ્રવ્યાર્થરૂપે એક અચરમ ખંડ છે, તેથી ચરમખંડો અસંખ્યાતગુણા છે, તેથી અચરમખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી પ્રદેશાર્થપણે ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. એ પ્રમાણે યાવત્—નીચેની સાતમી નરકપૃથિવી સુધી જાણવું. સૌધર્મ—યાવત્—લોક સંબંધે પણ એમજ સમજવું. ॥૩॥૩૫૫॥*

(ટી૦) હવે આ રત્નપ્રભાદિ પ્રત્યેકને વિષે ચરમ અને અચરમાદિ સંબન્ધે અલ્પબહુત્વ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે- '**इमीसेणं रयणप्पभाए पुढवीए अचरमस्स य चरमाण य**'—આ રત્નપ્રભા પૃથિવીના અચરમ ખંડ, ચરમખંડો-ઇત્યાદિ. પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્રમાં સૌથી અલ્પ દ્રવ્યાર્થરૂપે આ રત્નપ્રભા પૃથિવીનો અચરમખંડ છે. શાથી? કારણ કે તે એક છે. અહીં હેતુના અર્થમાં પ્રથમા વિભક્તિ છે. "**निमित्त कारणहेतुषु सर्वासां विभक्तिनां प्रायो दर्शनम्**" કારણ કે નિમિત્ત, કારણ અને હેતુમાં સર્વ વિભક્તિઓ થાય છે. તેથી તેનો આ અર્થ છે-જેથી તથાવિધ એક સ્કન્ધના પરિણામ વડે પરિણત છે માટે તે એક છે અને તેથી સૌથી અલ્પ છે. તેથી જે ચરમ ખંડો છે તે અસંખ્યાતગુણા છે. કારણ કે તે અસંખ્યાતા છે. હવે અચરમખંડ અને ચરમખંડો બન્ને મળી ચરમખંડોની તુલ્ય છે કે વિશેષાધિક છે? એ શંકાના ઉત્તરમાં કહે છે કે અચરમખંડ અને ચરમખંડો બન્ને મળી વિશેષાધિક છે, કારણ કે જે અચરમખંડ ચરમ દ્રવ્યોમાં નાંખીએ એટલે ચરમ ખંડોથી એક સંખ્યા વડે અધિક થવાથી

સમુદાય વિશેષાધિક થાય છે. પ્રદેશાર્થરૂપે વિચાર કરતાં સૌથી થોડા ચરમાન્તપ્રદેશો છે, કારણ કે ચરમખંડો મધ્યમ ખંડના કરતાં ઘણા સૂક્ષ્મ છે, તેથી તેઓ અસંખ્યાતગુણા છતાં તેઓના જે પ્રદેશો છે તે મધ્ય ખંડના પ્રદેશો કરતાં બહુ થોડા છે. તે માટે અચરમપ્રદેશો અસંખ્યાતગુણા છે. કારણ કે અચરમ ખણ્ડ એક છે, તો પણ ચરમખણ્ડના સમુદાયની અપેક્ષાએ ક્ષેત્રથી અસંખ્યાતગુણા છે. અચરમાન્તપ્રદેશો કરતાં ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્નેનો સમુદાય વિશેષાધિક છે. કારણ કે અહીં ચરમાન્તપ્રદેશો અચરમાન્તપ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. તેથી અચરમાન્તપ્રદેશોમાં ચરમાન્તપ્રદેશોનો પ્રક્ષેપ કરીએ એટલે તેઓ અચરમાન્તપ્રદેશોથી વિશેષાધિક જ થાય. દ્રવ્યાર્થપ્રદેશાર્થના વિચારમાં 'अचरमं चरमाणि य दोवि विसेसाहियाइ, चरमान्तपएसा असंखेज्जगुणा' ચરમખંડો કરતાં અચરમખંડ અને ચરમખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. એટલે અચરમ ખંડ ચરમ ખંડોના સમુદાયથી ચરમાન્ત પ્રદેશો અસંખ્યાતગુણા છે. કારણ કે અહીં જે અચરમ ખંડ છે તે અસંખ્યાત પ્રદેશાવગાઢ છતાં પણ દ્રવ્યાર્થપણે એક છે, ચરમ ખંડોમાં તો પ્રત્યેકના અસંખ્યાતા પ્રદેશો છે, માટે ચરમ અને અચરમ દ્રવ્યના સમુદાયથી ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. તેથી અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી બન્ને ચરમ અને અચરમ ખંડના પ્રદેશો મળી અસંખ્યાતગુણા છે–ઇત્યાદિ બધું પૂર્વની પેઠે જાણવું. ॥૩॥૩૫૫॥

**अलोगस्स णं भंते! अचरमस्स य चरमाण य चरमान्तपदेसाण य अचरमन्तपदेसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे अलोगस्स दव्वट्ठयाए एगे अचरमे, चरमाई असंखिज्जगुणाई, अचरमं च चरमाणि य दो वि विसेसाहियाई, पएसट्ठयाए सव्वत्थोवा अलोगस्स चरमन्तपदेसा, अचरमन्तपएसा अणन्तगुणा, चरमन्तपदेसा य अचरमन्तपदेसा य दो वि विसेसाहिया; दव्वट्ठपएसट्ठयाए सव्वत्थोवे अलोगस्स एगे अचरमे, चरमाइं असंखेज्जगुणाइं, अचरमं च चरमाणि य दोवि विसेसाहियाइं, चरमन्तपएसा असंखेज्जगुणा, अचरमन्तपएसा अणन्तगुणा, चरमन्तपएसा य अचरमन्तपएसा य दोवि विसेसाहिया ।।सू०-४।।३५६।।**

(મૂ૦) *હે ભગવન્! અલોકના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્ય-પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અલોકનો દ્રવ્યાર્થપણે એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો અસંખ્યાતગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે-સૌથી થોડા અલોકના ચરમાન્તપ્રદેશો છે, તેથી અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણ-સૌથી થોડો અલોકનો એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો અસંખ્યાતગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે. તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે. ॥૪॥૩૫૬॥*

(ટી૦) અલોકસૂત્રમાં પ્રદેશાર્થપણે સૌથી થોડા અલોકના ચરમાન્તપ્રદેશો છે, કારણ કે લોકના નિષ્કુટોને વિષે જ તેઓનો અન્ત હોય છે. તેથી અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે. કારણ કે અલોક અનન્ત છે. તેથી સમુદિત ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો વિશેષાધિક છે. કારણ કે ચરમાન્તપ્રદેશો અચરમાન્તપ્રદેશોની અપેક્ષાએ અનન્તમા ભાગ જેટલા છે. તેથી તેઓનો અચરમાન્તપ્રદેશરાશિમાં પ્રક્ષેપ કરીએ એટલે તેઓ અચરમાન્ત પ્રદેશોથી વિશેષાધિક જ થાય છે.॥૪॥૩૫૬॥

**लोगालोगस्स णं भंते! अचरमस्स य चरमाण य चरमन्तपएसाण य अचरमन्तपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा, तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे लोगालोगस्स दव्वट्ठयाए एगमेगे अचरमे, लोगस्स चरमाइं असंखेज्जगुणाइं, अलोगस्स चरमाइं विसेसाहियाइं,**

**लोगस्स य अलोगस्स य अचरमं च चरमाणि य दो वि विसेसाहियाइं, पएसट्ठयाते सव्वत्थोवा लोगस्स चरमन्तपदेसा, अलोगस्स चरमन्तपदेसा विसेसाहिआ, लोगस्स अचरमन्तपएसा असंखेज्जगुणा, अलोगस्स अचरमन्तपएसा अणन्तगुणा, लोगस्स य अलोगस्स य चरमन्तपदेसा य अचरमन्तपदेसा दो वि विसेसाहिया। दव्वट्ठपएसट्ठयाए सव्वत्थोवे लोगालोगस्स दव्वट्ठयाए एगमेगे अचरमे, लोगस्स चरमाई असंखेज्जगुणाई, अलोगस्स चरमाइं विसेसाहियाइं, लोगस्स य अलोगस्स य अचरमं च चरमाणि य दो वि विसेसाहियाइं, लोगस्स चरमन्तपदेसा असंखेज्जगुणा, अलोगस्स य चरमन्तपएसा विसेसाहिया, लोगस्स अचरमन्तपएसा असंखेज्जगुणा, अलोगस्स अचरमंतपएसा, अणंतगुणा, लोगस्स य अलोगस्स य चरमन्तपएसा य अचरमन्तपएसा य दो वि विसेसाहिया, सव्वदव्वा विसेसाहिया, सव्वपएसा अणंतगुणा, सव्वपज्जवा अणंतगुणा ।।सू०-५।।३५७।।**

(મૂ૦) *હે ભગવન્! લોક અને અલોકમાં અચરમ ખંડ. ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા લોક અને અલોકનો દ્રવ્યાર્થરૂપે એક એક અચરમ ખંડ છે, તેથી લોકના ચરમખંડો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના ચરમ ખંડો વિશેષાધિક છે, તેથી લોકનો અને અલોકનો અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે. પ્રદેશાર્થરૂપે સૌથી થોડા લોકના ચરમાન્તપ્રદેશો છે, તેથી અલોકના ચરમાન્તપ્રદેશો વિશેષાધિક છે, તેથી લોકના અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે, તેથી લોકના અને અલોકના ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે. દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપ—સૌથી થોડો લોક અને અલોકનો દ્રવ્યાર્થરૂપે એક એક અચરમ ખંડ છે, તેથી લોકના ચરમખંડો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના ચરમ ખંડો વિશેષાધિક છે, તેથી લોકના અને અલોકના અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી લોકના ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. તેથી અલોકના ચરમાન્તપ્રદેશો વિશેષાધિક છે, તેથી લોકના અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, તેથી અલોકના અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે, તેથી લોકના અને અલોકના ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે, તેથી સર્વ દ્રવ્યો વિશેષાધિક છે, તેથી સર્વ પ્રદેશો અનન્તગુણા છે અને તેથી સર્વ પર્યાયો અનન્તગુણા છે. ।।૫।।૩૫૭।।*

(ટી૦) હવે લોક અલોકના સમુદાય વિષે પ્રશ્નસૂત્ર કહે છે—'**लोगालोगस्स णं भंते! अचरमस्स य चरमाण य**'—હે ભગવન્! લોક અને અલોકના અચરમખંડ, ચરમખંડો ઇત્યાદિ સંબંધે પ્રશ્નસૂત્ર સુગમ છે. હવે તેનો ઉત્તર આપે છે—'હે ગૌતમ'! ઇત્યાદિ. લોકનો અને અલોકનો એક એક અચરમ-મધ્યવર્તી ખંડ છે તે એક હોવાથી સૌથી અલ્પ છે. તેથી લોકના ચરમખંડ દ્રવ્યો અસંખ્યાતગુણા છે. કારણ કે તે અસંખ્યાતા છે. તેથી અલોકના ચરમખંડો વિશેષાધિક છે. તેનું કારણ એ છે કે અહીં યદ્યપિ લોકના ચરમખંડો વાસ્તવિક રીતે અસંખ્યાતા છે, તો પણ પૂર્વે બતાવેલ પૃથિવીનો સ્થાપનાની કલ્પનાથી એક એક ચાર દિશાએ અને એક એક ચાર વિદિશામાં એમ આઠ કલ્પવા. અલોકના ચરમખંડો તેની સ્થાપનાની કલ્પનાથી એક એક ચાર દિશામાં અને બબ્બે ચાર વિદિશામાં એમ બાર કલ્પવા. બાર આઠથી બમણા નથી, એમ ત્રણગુણા નથી, પરંતુ વિશેષાધિક છે. તે અલોકના ચરમખંડોથી લોક અને અલોકના અચરમખંડ અને ચરમખંડો બન્ને મળીને વિશેષાધિક છે, તે આ પ્રમાણે- લોકના ચરમખંડો પૂર્વે કહેલી કલ્પનાથી આઠ અને એક અચરમખંડ બન્ને મળી નવ થાય છે, અલોકના ચરમખંડો બાર અને એક અચરમખંડ મળીને તેર થાય છે. લોક અને અલોક બન્નેના એકઠા કરવાથી બાવીશ થાય છે અને તે બારથી બમણા નથી, ત્રણગણા નથી, પરંતુ વિશેષાધિક છે. માટે અલોકના ચરમખંડોથી સમુદિત લોકાલોકના ચરમાચરમ ખંડો વિશેષાધિક છે.

પ્રદેશાર્થપણાના વિચારમાં સૌથી થોડા લોકના ચરમાન્તપ્રદેશો છે, કારણ કે આઠ ખંડના જ પ્રદેશો હોય છે. તેથી અલોકના ચરમાન્તપ્રદેશો વિશેષાધિક છે, તેથી પણ લોકના અચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે, કારણ કે ક્ષેત્ર અતિશય ઘણું હોવાથી તેના પ્રદેશો પણ અતિશય ઘણા છે. તેથી પણ અલોકના અચરમાન્તપ્રદેશો અનન્તગુણા છે. કારણ કે ક્ષેત્ર અનન્તગુણ છે. તેથી પણ લોકના ચરમાન્તપ્રદેશો, અચરમાન્તપ્રદેશો, અલોકના ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો મળી વિશેષાધિક છે, કારણ કે અહીં અલોકના અચરમાન્તપ્રદેશરાશિમાં લોકના ચરમાચરમાન્તપ્રદેશો અને અલોકના ચરમાન્તપ્રદેશો નાંખીએ અને તેઓ બધા મળીને પણ અસંખ્યાતા થાય, અને તે અનન્તરાશિની અપેક્ષાએ અત્યન્ત થોડા છે, માટે તેને નાંખવા છતાં પણ અલોકના અચરમાન્તપ્રદેશોથી વિશેષાધિક જ થાય. એને અનુસારે દ્રવ્યાર્થ–પ્રદેશાર્થના વિચારનુ સૂત્ર સ્વયં વિચારવું. પણ લોકાલોકના ચરમાચરમ ખંડોથી લોકના ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. કારણ કે લોકના ચરમખંડો આઠ કલ્પેલા છે. અને એક એક ખંડમાં અસંખ્યાતા પ્રદેશો છે. લોકાલોકના ચરમાચરમખંડો મળી બાવીશ કલ્પેલા છે, માટે લોકાલોકના ચરમાચરમ ખંડોથી લોકના ચરમાન્તપ્રદેશો અસંખ્યાતગુણા છે. બાકીના પદની ભાવના પૂર્વની પેઠે જાણવી. તેથી '**सव्वदव्वा विसेसाहिया**' સર્વ દ્રવ્યો વિશેષાધિક છે. એટલે લોકાલોકના ચરમાચરમાન્તપ્રદેશો કરતાં સર્વ દ્રવ્યો વિશેષાધિક છે. કારણ કે અનન્તાનન્ત જીવો, તથા પરમાણુથી માંડી અનન્ત પરમાણુ સુધીના પ્રત્યેક અનન્ત સ્કન્ધો ભિન્ન ભિન્ન દ્રવ્યરૂપ છે. તેથી સર્વ પ્રદેશો અનન્તગુણા છે, અને તેથી સર્વ પર્યાયો અનન્તગુણા છે. કારણ કે દરેક પ્રદેશે સ્વપર્યાયો અને પરપર્યાયો અનન્ત છે. એ માટે ચરમ અને અચરમના ભેદથી રત્નપ્રભાદિનો વિચાર કર્યો. ।।૫।।૩૫૭।।

## ।। परमाणु पोग्गलाईणं चरिमाचरिमाइ विभागो ।।

**परमाणुपोग्गले णं भंते! किं चरिमे १, अचरिमे २, अवत्तव्वए ३? चरमाई ४, अचरमाई ५, अवत्तव्वयाई? ६, उदाहु चरिमे य अचरिमे य, ७ उदाहु चरमे य अचरमाई च ८, उदाहु चरमाई च अचरमे य ९, उदाहु चरमाई च अचरमाई च १०? पढमा चउभंगी। उदाहु चरिमे य अवत्तव्वए य ११, उदाहु चरमे य अवत्तव्वयाई च १२, उदाहु चरमाई च अवत्तव्वए य १३, उदाहु चरमाई च अवत्तव्वयाई च १४? बीया चउभंगी। उदाहु अचरिमे य अवत्तव्वए य १५, उदाहु अचरमे य अवत्तव्वयाई च १६, उदाहु अचरमाई च अवत्तव्वए य १७, उदाहु अचरमाई च अवत्तव्वयाई च १८? तइया चउभंगी। उदाहु चरमे य अचरमे य अवत्तव्वए य १९, उदाहु चरमे य अचरमे य अवत्तव्वयाई च २०, उदाहु चरमे य अचरमाई च अवत्तव्वए य २१, उदाहु चरमे य अचरमाई च अवत्तव्वयाई च २२, उदाहु चरमाई च अचरमे य अवत्तव्वए य २३, उदाहु चरमाई च अचरमे य अवत्तव्वयाई च २४, उदाहु चरमाई च अचरमाई च अवत्तव्वए य, २५, उदाहु चरमाई च अचरमाई च अवत्तव्वयाई च २६? एवं एते छव्वीसं भंगा। गोयमा! परमाणुपोग्गले नो चरमे, नो अचरमे, नियमा अवत्तव्वए। सेसा २३ भंगा पडिसेहेयव्वा ।।सू०-६।।३५८।।**

*(મૂ૦) હે ભગવન્! પરમાણુપુદ્‌ગલ શું [1]એ.વ. ચરમ, ૧, એ.વ. અચરમ ૨, એ.વ. અવક્તવ્ય ૩, [2]બ.વ. ચરમ ૪, બ.વ. અચરમ ૫, અને બ.વ. અવક્તવ્ય છે ૬? અથવા એ.વ. ચરમ અને એ.વ. અચરમ ૭, અથવા એ.વ. ચરમ અને બ.વ. અચરમ ૮, અથવા બ.વ. ચરમ અને એ.વ. અચરમ ૯ અથવા બ.વ. ચરમ અને બ.વ. અચરમ છે ૧૦? પ્રથમ ચાર ભાંગા થયા. અથવા એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય ૧૧, અથવા એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય ૧૨, અથવા બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય ૧૩, અથવા બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય ૧૪, છે? બીજી ચતુર્ભંગી. અથવા એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ૧૫, અથવા એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ૧૬, અથવા બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ૧૭, અથવા બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય છે ૧૮? ત્રીજી ચૌભંગી અથવા*

૧. એક વચન; ૨. બહુ વચન

*એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ૧૯, અથવા એ.વ. ચરમ, એ.વ. અચરમ, અને બ.વ. અવક્તવ્ય ૨૦, અથવા એ.વ. ચરમ, બ.વ. અચરમ, અને એ.વ. અવક્તવ્ય ૨૧, અથવા એ.વ. ચરમ, બ.વ. અચરમ, અને બ.વ. અવક્તવ્ય ૨૨, અથવા બ.વ. ચરમ, એ.વ. અચરમ, અને એ.વ. અવક્તવ્ય ૨૩, અથવા બ.વ. ચરમ, એ.વ. અચરમ, અને બ.વ. અવક્તવ્ય ૨૪, અથવા બ.વ. ચરમ, બ.વ. અચરમ, અને એ.વ. અવક્તવ્ય ૨૫, અથવા બ.વ. ચરમ, બ.વ. અચરમ, અને બ.વ. અવક્તવ્ય છે ૨૬? એ છવ્વીશ ભાંગા થાય છે. હે ગૌતમ! પરમાણુ પુદ્ગલ ચરમ નથી, અચરમ નથી પણ અવશ્ય અવક્તવ્ય છે. બાકીના ૨૩ ભાંગાઓનો પ્રતિષેધ કરવો. ॥૬॥૩૫૮॥*

(ટી૦) હવે પરમાણુ આદિનો વિચાર કરે છે—'**परमाणु पोग्गले णं भंते!**'-હે ભગવન્! પરમાણુપુદ્ગલ-ઇત્યાદિ આ પ્રશ્નસૂત્રમાં છવ્વીશ ભાંગા છે. તે આ પ્રમાણ—ચરમ, અચરમ અને અવક્તવ્ય એ ત્રણ પદો છે. તેઓમાં એક એકના સંયોગે એકવચનના ત્રણ ભાંગા થાય છે. જેમકે—૧ ચરમ, ૨ અચરમ, ૩ અવક્તવ્ય. અને બહુવચનના પણ ત્રણ ભાંગા થાય છે. જેમકે—૧ બ.વ. ચરમ, ૨ બ.વ. અચરમ, ૩ બ.વ. અવક્તવ્ય. બધા મળીને એક સંયોગના છ ભાંગાઓ થયા. હવે ચરમ, અચરમ અને અવક્તવ્ય પદના ત્રણ દ્વિકસંયોગો થાય છે. જેમકે—૧ ચરમ અને અચરમ પદનો પ્રથમ ચરમ અને અવક્તવ્ય પદનો બીજો, અચરમ અને અવક્તવ્ય પદનો ત્રીજો. અને તેમાંના એક એક દ્વિકસંયોગના ચાર ભાંગાઓ થાય છે. તેમાં પ્રથમ દ્વિકસંયોગના આ પ્રમાણે ભાંગાઓ થાય છે-૧ એ.વ. ચરમ અને એ.વ. અચરમ, ૨ એ.વ. ચરમ અને બ.વ. અચરમ, ૩ બ.વ. ચરમ અને એ.વ. અચરમ, ૪ બ.વ. ચરમ અને બ.વ. અચરમ. એ પ્રમાણે ચરમ અને અવક્તવ્ય પદના ચાર ભાંગા અને અચરમ અને અવક્તવ્ય પદના પણ ચાર ભાંગા કરવા. સર્વ મળી દ્વિકસંયોગના બાર ભાંગાઓ થાય છે. ત્રિકસંયોગના એકવચન અને બહુવચનને આશ્રયી આઠ ભાંગાઓ થાય છે. સર્વ મળીને છવીશ ભાંગાઓ થાય છે. અહીં ભગવાન્ ઉત્તર આપે છે—'**परमाणुपोग्गले नो चरमे, नो अचरमे, नियमा अत्तव्वए य**' ઇત્યાદિ. પરમાણુ-પુદ્ગલ ચરમ નથી. કારણ કે ચરમપણું બીજાની અપેક્ષાએ હોય છે, પરંતુ અપેક્ષા રાખવા યોગ્ય અન્ય પદાર્થની વિવક્ષા નથી, વળી પરમાણુ સાંશ-અવયવવાળો નથી, જેથી અવયવની અપેક્ષાએ તેનું ચરમપણું કલ્પી શકાય. માટે પરમાણુ અવયવરહિત હોવાથી ચરમ નથી, તેમ અચરમ પણ નથી કારણ કે તે અવયવરહિત હોવાથી તેનું મધ્યપણું નથી, પરંતુ અવક્તવ્ય છે, કારણ કે ચરમ કે અચરમ વ્યવહારનું કારણ નહિ હોવાથી ચરમશબ્દથી કે અચરમશબ્દથી તેનો વ્યવહાર થવો અશક્ય છે. જે શબ્દવડે કહી શકાય તે વક્તવ્ય, પણ જે ચરમશબ્દ કે અચરમ શબ્દવડે પોતપોતાના પ્રવૃત્તિનિમિત્ત રહિત હોવાથી કહી ન શકાય તે અવક્તવ્ય કહેવાય છે. બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો. કારણ કે પરમાણુમાં તેઓનો અસંભવ છે. એ સંબંધે કહેવામાં આવશે કે '**परमाणुम्मि य तइओ**'—પરમાણુમાં ત્રીજો ભાંગો હોય છે. એનો અર્થ એ છે કે પરમાણુના વિચારમાં ત્રીજો ભાંગો ગ્રાહ્ય છે, બાકીના ભાંગાઓ અવયવરહિત હોવાથી પ્રતિષેધયોગ્ય છે. ॥૬॥૩૫૮॥

**दुपएसिए णं भंते। खंधे पुच्छा। गोयमा! दुपएसिए खंधे सिय चरमे, नो अचरमे, सिय अवत्तव्वए। सेसा २३ भंगा पडिसेहेयव्वा ।।सू०-७।।३५९।।**

*(મૂ૦) હે ભગવન્! દ્વિપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! દ્વિપ્રદેશિક સ્કન્ધ કદાચ એ. વ. ચરમ હોય ૧, એ. વ. અચરમ ન હોય ૨, કદાચ એ. વ. અવક્તવ્ય હોય ૩. બાકીના ૨૩ ભાંગાઓનો પ્રતિષેધ કરવો.॥૭॥૩૫૯॥*

(ટી૦) '**दुपएसिए णं भंते**'—હે ભગવન્! દ્વિપ્રદેશિક સ્કન્ધ-ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ જાણવું. હવે ઉત્તર કહે છે—'**सिय चरमे, नो अचरमे, सिय अवत्तव्वए**' કદાચ ચરમ હોય, અચરમ ન હોય, કદાચ અવક્તવ્ય હોય-ઇત્યાદિ. દ્વિપ્રદેશિક સ્કન્ધ કદાચિત્ ચરમ હોય, કેવી રીતે હોય? ઉત્તર-જ્યારે દ્વિપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશોમાં રહેલા હોય છે, સ્થાપના—૦૦ ત્યારે એક પરમાણુ બીજા પરમાણુની અપેક્ષાએ ચરમ છે, અને બીજો પણ બીજા પરમાણુની અપેક્ષાએ ચરમ છે, માટે 'કદાચિત્ ચરમ હોય. અચરમ હોતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોનું પણ કેવળ અચરમપણું હોતું નથી. જ્યારે દ્વિપ્રદેશિક

સ્કન્ધ એક આકાશપ્રદેશમાં રહે છે ત્યારે તે તથાવિધ એકત્વ પરિણામવડે પરિણત થયેલો હોવાથી પરમાણુની પેઠે ચરમ અને અચરમના વ્યવહારના કારણનો અભાવ હોવાને લીધે તેનો ચરમ શબ્દ વડે કે અચરમ શબ્દ વડે વ્યવહાર કરવો અશક્ય છે, માટે અવક્તવ્ય છે. તે સિવાય બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો. એ સંબંધે આગળ કહેવામાં આવશે કે '**पढमो तइओ य होइ दुपएसे**' પહેલો અને ત્રીજો ભાંગો દ્વિપ્રદેશિકમાં હોય છે.' તેનો અર્થ આ છે—દ્વિપ્રદેશિક સ્કન્ધમાં પહેલો ભાંગો 'ચરમ' અને ત્રીજો ભાંગો 'અવક્તવ્ય' હોય છે, અને બાકીના ૨૩ ભાંગાઓ અસંભવિત હોવાથી નિષેધ કરવા યોગ્ય છે, અને તેનો અસંભવ સુપ્રસિદ્ધ છે. ||૭||૩૫૯||

**तिपएसिए णं भंते! खंधे पुच्छा। गोयमा! तिपएसिए खंधे सिय चरमे १, नो अचरमे २, सिय अव्वत्तव्वए ३, नो चरमाई ४, नो अचरमाई ५, नो अवत्तव्वयाई ६, नो चरमे य अचरमे य ७, नो चरमे य अचरमाई ८, सिए चरमाई च अचरमे य ९, नो चरमाई च अचरमाई च १०, सिय चरमे य अवत्तव्वए य ११. सेसा १५ भंगा पडिसेहेयव्वा** ||सू०-८||३६०||

(મૂ૦) *હે ભગવન્! ત્રિપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ત્રિપ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય ૧, એ.વ. અચરમ ન હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, એ.વ. ચરમ અને એ.વ, અચરમ ન હોય ૭, એ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, બ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧. બાકીના ભાંગાઓનો પ્રતિષેધ કરવો.*

(ટી૦) '**तिपएसिए णं भंते**'—હે ભગવન્! ત્રિપ્રદેશિક સ્કન્ધ ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે જાણવું. ઉત્તર—'**गोयमा! सिय चरमे**'–હે ગૌતમ! કદાચ ચરમ હોય–ઇત્યાદિ. ત્રિપ્રદેશિક સ્કન્ધ જ્યારે સમશ્રેણિએ રહેલા બે આકાશ પ્રદેશમાં અવગાઢ–રહેલો હોય છે. સ્થાપના–⊡⊡ ત્યારે તે ચરમ હોય છે. તેના ચરમપણાનો વિચાર દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે જાણવો. અચરમપણાનો પ્રતિષેધ પૂર્વની પેઠે જાણવો. '**स्याद् अवक्तव्यः**' કદાચ અવક્તવ્ય હોય. જ્યારે તે ત્રિપ્રદેશિક સ્કન્ધ એક આકાશપ્રદેશિકમાં રહે છે ત્યારે પરમાણુની પેઠે ચરમ કે અચરમના વ્યવહારનું કારણ નહિ હોવાથી ચરમ કે અચરમ શબ્દ વડે વ્યવહાર કરવો અશક્ય હોવાને લીધે અવક્તવ્ય છે. ચોથાથી માંડી આઠમા સુધીના ભાંગાઓ પ્રતિષેધ કરવા યોગ્ય છે. કારણ કે તેઓનો અસંભવ છે, અને તે અસંભવ પ્રસિદ્ધ હોવાથી સ્વયં વિચારીને કહેવો. નવમો ભાંગો ગ્રહણ કરવો, તે કહે છે—'**सिय चरमाइं अचरमे य**' કદાચિત્ બ. વ. ચરમ હોય અને એ. વ. અચરમ હોય. પ્રાકૃત ભાષામાં બે સંખ્યા હોય ત્યાં પણ બહુવચન વપરાય છે. તેથી તેનો આ અર્થ થાય છે–સ્યાત્–કદાચિત્ બે ચરમ હોય અને એક અચરમ હોય. જ્યારે ત્રિપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા ત્રણ આકાશપ્રદેશોમાં રહે છે, સ્થાપના–૦૦૦ ત્યારે આદિનો અને અનન્તનો એક એક પરમાણુ અન્તે હોવાથી '**चरमौ**'–બે પરમાણુઓ ચરમ છે, અને વચ્ચેનો પરમાણુ મધ્યમાં રહેલો હોવાથી અચરમ છે. દસમો ભાંગો પ્રતિષેધ કરવા યોગ્ય છે. કારણ કે સ્કન્ધ ત્રિપ્રદેશિક હોવાથી ચરમ અને અચરમ શબ્દમાં બહુવચનના કારણનો અસંભવ છે. અગિયારમો ભાંગો ગ્રહણ કરવા યોગ્ય છે. તે કહે છે–'**सिय चरमे य अवत्तव्वए य**'—કદાચ ચરમ અને અવક્તવ્ય ભંગ હોય. તેમાં જ્યારે ત્રિપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિએ આ પ્રમાણે રહેલો હોય છે, સ્થાપના ૦૦° ત્યારે બે પરમાણુ સમશ્રેણિએ રહેલા હોવાથી દ્વિપ્રદેશાવગાઢ દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ચરમવ્યપદેશનું કારણ હોવાથી '**चरमः**' ચરમ છે અને એક પરમાણુ વિશ્રેણિમાં રહેલો છે, તેથી તેનો ચરમ કે અચરમ શબ્દ વડે વ્યપદેશ–વ્યવહાર કરવો અશક્ય હોવાથી અવક્તવ્ય છે. બાકીના બધા ભાંગાઓનો પ્રતિષેધ કરવો. તે સંબન્ધે હમણાંજ કહેવામાં આવશે કે '**पढमो तइओ नवमो इक्कारसमो य तिंपएसे**' ત્રિપ્રદેશિક સ્કન્ધમાં પહેલો, ત્રિજો, નવમો અને અગિયારમો ભાંગો હોય છે. એટલે પ્રથમ ભંગ 'ચરમ' ત્રીજો

'અવક્તવ્ય' નવમો 'चरमौ च अचरमश्च' બે પરમાણુઓ ચરમ અને એક અચરમ અને અગિયારમો 'ચરમ અને અવક્તવ્ય' એ ભાંગાઓ ઘટે છે. બાકીના ભંગો ઘટતા નથી. ॥૮॥૩૬૦॥

**चउपएसिए णं भंते। खंधे पुच्छा। गोयमा। चउपएसिए णं खंधे सिय चरमे १, नो अचरमे २, सिय अवत्तव्वए ३, नो चरमाई ४, नो अचरमाई ५, नो अवत्तव्वयाई ६, नो चरमे य अचरमे य ७, नो चरमे य अचरमाई च ८, सिय चरमाई अचरिमे य ९, सिय चरमाई च अचरमाई च १०, सिय चरमे य अवत्तव्वए य ११, सिय चरमे य अवत्तव्वयाई च १२, नो चरमाई च अवत्तव्वए य १३, नो चरमाई च अवत्तव्वयाई च १४, नो अचरमे य अवत्तव्वए य १५, नो अचरमे य अवत्तव्वयाई च १६, नो अचरमाई च अवत्तव्वए य १७, नो अचरमाई च अवत्तव्वयाई च १८, नो चरमे य अचरिमे य अवत्तव्वए य १९, नो चरिमे य अचरिमे य अवत्तव्वयाई च २०, नो चरमे य अचरमाई च अवत्तव्वए य २१, नो चरमे य अचरमाई च अवत्तव्वयाई च २२, सिय चरमाई च अचरिमे य अवत्तव्वए य २३। सेसा ३ भंगा पडिसेहेयव्वा ।।सू०-९।।३६१।।**

*(મૂ૦) હે ભગવન્! ચતુ:પ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ચતુ:પ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય ૧, એ.વ. અચરમ ન હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, એ.વ. ચરમ અને એ.વ. અચરમ ન હોય ૭, એ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૨, બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૩, બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૪, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૫, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૬, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૭, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૮, એ.વ. ચરમ, અચરમ અને અવક્તવ્ય ન હોય ૧૯, એ.વ. ચરમ, અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૦, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૨૧, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૨, કદાચ બ.વ. ચરમ, એ.વ. અચરમ, એ.વ. અવક્તવ્ય હોય ૨૩. બાકીના ૩ ભાંગાઓનો પ્રતિષેધ કરવો. ॥૯॥૩૬૧॥*

(ટી૦) 'चउपएसिए णं भंते! खंधे'—હે ભગવન્! ચતુ:પ્રદેશિક સ્કન્ધ' ઈત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ જાણવું હવે ઉત્તર કહે છે- 'હે ગૌતમ! કદાચ ચરમ હોય' ઈત્યાદિ. અહીં પહેલો, ત્રીજો, નવમો, દસમો, અગિયારમો, બારમો અને ત્રેવીશમો-એ સાત ભાંગા ગ્રહણ કરવા અને બાકીનાનો પ્રતિષેધ કરવો. તેમાં પહેલો આ ભાંગો છે—'स्याच्चरम' ઈતિ-કદાચિત્ ચરમ હોય. જ્યારે ચતુ:પ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહેલો હોય, સ્થાપના—|oo|oo| ત્યારે ચરમ ભાંગો હોય છે. અને તે ચરમપણાનો વિચાર સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં અવગાઢ દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે જાણવો. ત્રીજો ભાંગો—'स्यादवक्तव्यः' ઈતિ-કદાચિત્ અવક્તવ્ય હોય. તે આ પ્રમાણે-જ્યારે તેજ ચતુષ્પ્રદેશિક સ્કન્ધ એક આકાશપ્રદેશમાં રહે છે, સ્થાપના—|oooo| ત્યારે પરમાણુની પેઠે અવક્તવ્ય છે. નવમો ભાંગો—'स्यात् चरमौ चाचरमश्च' બે પરમાણુઓ ચરમ અને એક અચરમ હોય. તે આ પ્રમાણે-જ્યારે તેજ ચતુષ્પ્રદેશિક સ્કન્ધ ત્રણ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે, સ્થાપના |o|oo|o| ત્યારે પ્રથ્ર અને અન્તિમ પ્રદેશમાં અવગાઢ 'चरमौ' બે પરમાણુઓ ચરમ અને મધ્ય પ્રદેશમાં અવગાઢ પરમાણુ અચરમ હોય છે. દસમો ભાંગો—'स्याद् चरमौ च अचरमौ च'—બે પરમાણુઓ ચરમ હોય અને બે અચરમ હોય. તેમાં જ્યારે ચતુષ્પ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા ચાર આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે. સ્થાપના- OOOO ત્યારે આદિના અને અન્તના બે પ્રદેશમાં રહેલા 'चरमौ'—બે પરમાણુઓ ચરમ અને મધ્યના બે આકાશ પ્રદેશમાં રહેલા 'अचरमौ'—બે પરમાણુઓ

અચરમ હોય છે. અગિયારમો ભાંગો—**'स्यात् चरमश्च अवक्तव्यश्च'**–કદાચિત્ ચરમ અને અવક્તવ્ય હોય. તે આ પ્રમાણે– જ્યારે ચતુષ્પ્રદેશિક સ્કન્ધ ત્રણ આકાશપ્રદેશોમાં સમશ્રેણિ અને વિશ્રેણિ વડે આ પ્રમાણે રહે છે, સ્થાપના– ત્યારે સમશ્રેણિમાં રહેલા બે આકાશપ્રદેશમાં અવગાઢ ત્રણ પરમાણુઓ બે આકાશપ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ચરમ હોય છે, અને એક વિશ્રેણિમાં રહેલો પરમાણુ ચરમ અને અચરમ શબ્દ વડે વ્યપદેશ કરવાને અશક્ય હોવાથી પરમાણુની પેઠે અવક્તવ્ય છે. બારમો ભાંગો—**'चरमश्च अवक्तव्यौ च'** એક ચરમ અને બે અવક્તવ્ય હોય. તે આ પ્રમાણે—જ્યારે તે ચતુષ્પ્રદેશિક સ્કન્ધ ચાર આકાશપ્રદેશમાં આવી રીતે રહે છે–સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, અને વિશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, સ્થાપના— ત્યારે સમશ્રેણિએ રહેલા બે પરમાણુ બે આકાશપ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ચરમ અને વિશ્રેણિમાં રહેલા બે પરમાણુ કેવળ પરમાણુની પેઠે ચરમ અને અચરમ શબ્દ વડે વ્યપદેશ કરવાને અયોગ્ય હોવાથી અવક્તવ્ય છે. ત્રેવીશમો ભાંગો—**'स्यात् चरमौ च अचरमश्च अवक्तव्यश्च'** બે ચરમ, એક, અચરમ અને એક અવક્તવ્ય. કેવી રીતે છે? આ પ્રમાણે છે–જ્યારે ચતુષ્પ્રદેશિક સ્કન્ધ ચાર આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–સમશ્રેણિ રહેલા ત્રણ આકાશપ્રદેશમાં ત્રણ પરમાણુઓ, અને વિશ્રેણિ રહેલા એક આકાશપ્રદેશમાં એક પરમાણુ. સ્થાપના— ત્યારે સમશ્રેણિ રહેલા ત્રણ પરમાણુમાં પ્રથમ અને અન્તિમ પરમાણુ અન્તે રહેલા હોવાથી **'चरमौ'**—બે પરમાણુઓ ચરમ, મધ્યમ પરમાણુ અચરમ અને વિશ્રેણિમાં રહેલો એક પરમાણુ અવક્તવ્ય હોય છે. એ સંબન્ધે કહેવામાં આવશે કે—

**"पढमो तइओ नवमो दसमो इक्करसो य बारसमो । भङ्गा चउपएसे तेवीसमो य बोद्धव्वो"**

ચતુષ્પ્રદેશિક સ્કન્ધમાં પહેલો, ત્રીજો, નવમો, દસમો, અગિયારમો, બારમો અને ત્રેવીશમો–એ સાત ભાંગા જાણવા. ॥૮॥૩૬૧॥

**पंचपएसिए णं भंते! खंधे पुच्छा। गोयमा! पंचपएसिए खंधे सिय चरमे १, सिय नो अचरमे २, सिय अवत्तव्वए ३, णो चरमाइं ४, णो अचरमाइं ५, नो अवत्तव्वयाइं ६, सिय चरमे य अचरमे य ७, नो चरमे य अचरमाइं च ८, सिय चरमाइं च अचरिमे य ९, सिय चरमाइं च अचरमाइं च १०, सिय चरमे य अवत्तव्वए य ११, सिय चरमे य अवत्तव्वयाइं च १२, सिय चरमाइं च अवत्तव्वए य १३, नो चरमाइं च अवत्तव्वयाइं च १४, नो अचरमे य अवत्तव्वए य १५, नो अचरमे य अवत्तव्वयाइं च १६, नो अचरमाइं च अवत्तव्वए य १७, नो अचरमाइं च अवत्तव्वयाइं च १८, नो चरमे य अचरमे य अवत्तव्वए य १९, नो चरमे य अचरमे य अवत्तव्वयाइं च २०, नो चरमे य अचरमाइं च अवत्तव्वए य २१, नो चरमे य अचरमाइं च अवत्तव्वयाइं च २२, सिय चरमाइं च अचरमे य अवत्तव्वए य २३, सिय चरमाइं च अचरमे य अवत्तव्वयाइं च २४, सिय चरमाइं च अचरमाइं च अवत्तव्वए य २५, नो चरमाइं च अचरमाइं च अवत्तव्वयाइं च २६ ।।सू०-१०।।३६२।।**

*(મૂ૦) હે ભગવન્! પંચપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પંચપ્રદેશિક સ્કન્ધ કદાચ એ.વ. ચરમ હોય ૧, એ.વ. અચરમ ન હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૭, એ.વ. ચરમ અને બ.વ. અચરમ ન હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૨, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૩, બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૪, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન*

*હોય ૧૫, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૬, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૭, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૮, એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૯, એ.વ. ચરમ, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૦, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૨૧, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૨, કદાચ બ.વ. ચરમ, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૩, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, ૨૪, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૫. બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૬. ॥૧૦॥૩૬૨॥*

(ટી૦) પંચપએસિએ ણં ભંતે'! હે ભગવન્! પંચપ્રદેશિક સ્કન્ધ ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ જાણવું. ઉત્તર કહે છે–હે ગૌતમ! **'सिय चरमे'** કદાચિત્ ચરમ હોય ઇત્યાદિ. અહીં પહેલો, ત્રીજો, સાતમો, નવમો, દસમો, અગિયારમો, બારમો, તેરમો, ત્રેવીશમો, ચોવીશમો અને પચીશમા—એ અગિયાર ભાંગાઓ ગ્રહણ કરવા. અને બાકીનાનો પ્રતિષેધ કરવો. એ સંબન્ધી કહેશે કે—

**"पढमो तइमो सत्तमनवदसइक्कारबारतेरसमो । तेवीसचउव्वीसा पणवीसइमो य पंचमए ॥"**

તેમાં આ પહેલો ભાંગો છે—**'स्यात् चरमः'** કદાચિત્ ચરમ હોય. જ્યારે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં આ રીતે રહે છે– ત્રણ પરમાણુઓ એક આકાશપ્રદેશમાં અને બે પરમાણુઓ બીજા આકાશપ્રદેશમાં, સ્થાપના-  ત્યારે બે પ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે છેલ્લો ભાંગો થાય છે. ત્રીજો અવક્તવ્ય ભાંગો છે. તે આ પ્રમાણે- જ્યારે તે પંચપ્રદેશિક સ્કન્ધ એક આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે, સ્થાપના—  ત્યારે તે પરમાણુની પેઠે અવક્તવ્ય છે. સાતમો ભાંગો—**'चरमश्च अचरमश्च'**—ચરમ અને અચરમ હોય. તે આ પ્રમાણે–જ્યારે પદ્પ્રદેશિક સ્કન્ધ પાંચ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે. સ્થાપના— ત્યારે પર્યન્તવર્તી ચાર પરમાણુઓ એક સ્કન્ધ સંબન્ધી પરિણામવડે પરિણત હોવાથી અને એક વર્ણ, એક ગન્ધ, એક રસ અને એક સમાન સ્પર્શવાળા હોવાથી એકત્વનો વ્યવહાર થાય છે માટે 'ચરમ' અને મધ્ય પરમાણુ વચ્ચે રહેલો હોવાથી 'અચરમ' કહેવાય છે. નવમો ભાંગો—**'चरमौ च अचरमश्च'**—બે ચરમ અને એક અચરમ. તે આ પ્રમાણ—તેમાં જ્યારે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા ત્રણ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–પ્રથમ આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, અન્તિમ આકાશપ્રદેશમાં બે પરમાણુઓ અને વચ્ચે એક પરમાણુ, સ્થાપના  ત્યારે પ્રથમ આકાશપ્રદેશમાં રહેલા બે પરમાણુ ચરમ અને છેલ્લા આકાશપ્રદેશમાં રહેલા બે પરમાણુઓ ચરમ એમ 'ચરમૌ' બે ચરમ અને મધ્ય પરમાણુ વચ્ચે રહેલો હોવાથી અચરમ કહેવાય છે. દસમો ભાંગો—**'चरमौ च अचरमौ च'**—બે ચરમ અને બે અચરમ હોય. તેમાં જ્યારે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિએ રહેલા ચાર આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–ત્રણ આકાશપ્રદેશમાં ત્રણ પરમાણુઓ અને એક આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, સ્થાપના— ત્યારે પ્રથમ પ્રદેશમાં રહેનાર પરમાણુ ચરમ, અને છેલ્લા પ્રદેશમાં રહેનાર બે પરમાણુઓ ચરમ એમ બે ચરમ અને બે મધ્યમાં રહેલા હોવાથી બે અચરમ કહેવાય છે. અગિયારમો ભાંગો—**'चरमश्च अवक्तव्यश्च'**—ચરમ અને અવક્તવ્ય હોય. તે આ પ્રમાણે–જ્યારે પંચપ્રદેશાત્મક સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિ રહેલા ત્રણ આકાશપ્રદેશોમાં આ પ્રમાણે રહે છે–સમશ્રેણિ રહેલા બે આકાશપ્રદેશમાં બબ્બે પરમાણુ અને એક પરમાણુ વિશ્રેણિમાં હોય છે, સ્થાપના— ત્યારે ચાર પરમાણુઓ બે આકાશપ્રદેશમાં રહેલા હોવાથી બે પ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ચરમ એક વિશ્રેણિમાં રહેલો પરમાણુ અવક્તવ્ય હોય છે. બારમો ભાંગો—**'चरमश्च अवक्तव्यौ च'** ચરમ અને બે અવક્તવ્ય હોય. તેમાં જ્યારે તે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિ કે વિશ્રેણિમાં રહેલા ચાર આકાશપ્રદેશમાં આ રીતે રહે છ—સમશ્રેણિ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, એક વિશ્રેણિમાં રહેલા આકાશપ્રદેશમાં, અને વિશ્રેણિમાં રહેલા

અન્ય આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, સ્થાપના–  ત્યારે સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુ બે આકાશપ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ચરમ અને વિશ્રેણિમાં રહેલા જુદા જુદા એક એક આકાશપ્રદેશમાં અવગાઢ એક અને બે પરમાણુઓ '**अवक्तव्यौ च**' બન્ને અવક્તવ્ય છે. તેરમો ભાંગો–'**चरमौ च अवक्तव्यश्च**' બે ચરમ અને એક અવક્તવ્ય હોય. તેમાં જ્યારે પંચપ્રદેશાવગાઢ પંચપ્રદેશિક સ્કન્ધ પાંચ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–બે પરમાણુઓ સમશ્રેણિ રહેલા ઉપરના બે આકાશપ્રદેશમાં રહેલા છે અને તે જ પ્રમાણે નીચેના બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ છે અને મધ્યની સમશ્રેણિમાં એક છેલ્લો પરમાણુ છે, સ્થાપના–  ત્યારે બે ઉપરના પરમાણુઓ બે પ્રદેશમાં રહેલા દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ચરમ અને નીચેના બે પરમાણુઓ ચરમ બન્ને મળી '**चरमौ**' બે ચરમ અને એક કેવળ પરમાણુની પેઠે અવક્તવ્ય છે. ત્રેવીશમો ભાંગો–'**चरमौ च अचरमश्च अवक्तव्यश्च**'–બે ચરમ, અચરમ અને અવક્તવ્ય. તે આ પ્રમાણે છે. જ્યારે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિમાં રહેલા ચાર આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–સમશ્રેણિએ રહેલા ત્રણ આકાશપ્રદેશમાં પ્રથમ આકાશપ્રદેશને વિષે એક, પરમાણુ, મધ્ય આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, ત્રીજા આકાશપ્રદેશમાં એક પરમાણુ અને વિશ્રેણિમાં રહેલા ચોથા આકાશપ્રદેશમાં એક પરમાણુ છે, સ્થાપના–  ત્યારે ત્રણ આકાશપ્રદેશમાંના આદિ અને અન્તના આકાશપ્રદેશમાં રહેલા બે પરમાણુઓ '**चरमौ**' બે ચરમ, મધ્યપ્રદેશાવગાઢ બે પરમાણુઓનો સમૂહ મધ્યવર્તી હોવાથી અચરમ અને વિશ્રેણિમાં રહેલો એક પરમાણુ અવક્તવ્ય છે. ચોવીશમો ભાંગો–'**चरमौ च अचरमश्च अवक्तव्यौ च**' બે ચરમ, એક અચરમ અને બે અવક્તવ્ય હોય. તે આ પ્રમાણે–જ્યારે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિથી રહેલા પાંચ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–સમશ્રેણિએ રહેલા ત્રણ આકાશપ્રદેશોમાં ત્રણ પરમાણુઓ અને વિશ્રેણિમાં રહેલા પાંચ આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, સ્થાપના–  ત્યારે ત્રણ આકાશપ્રદેશમાંના પ્રથમ અને અન્તિમ પ્રદેશમાં રહેનાર '**चरमौ**'–બે પરમાણુઓ બન્ને ચરમ, મધ્ય અચરમ અને વિશ્રેણિમાં રહેલા બે પરમાણુઓ '**अवक्तव्यौ**' બન્ને અવક્તવ્ય હોય છે. પચીશમો ભાંગો–'**चरमौ च अचरमौ च अवक्तव्यश्च**' બે ચરમ, બે અચરમ અને એક અવક્તવ્ય હોય. તે આ પ્રમાણે–જ્યારે પંચપ્રદેશિક સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિમાં રહેલા પાંચ આકાશપ્રદેશમાં આ રીતે રહે છે–સમશ્રેણિએ રહેલા ચાર આકાશપ્રદેશોમાં ચાર પરમાણુઓ અને વિશ્રેણિમાં રહેલ એક આકાશપ્રદેશમાં એક પરમાણુ, સ્થાપના–  ત્યારે ચાર આકાશપ્રદેશોમાં આદિના અને અન્તના આકાશપ્રદેશમાં રહેનાર બે પરમાણુ '**चरमौ**' બન્ને ચરમ, મધ્યવર્તી '**अचरमौ**' બે અચરમ અને વિશ્રેણિમાં રહેલ એક અવક્તવ્ય હોય છે. ॥૧૦॥૩૬૨॥

**छप्पएसिए णं भंते। पुच्छा। गोयमा। छप्पएसिए णं खंधे सिय चरमे १, नो अचरमे २, सिय अवत्तव्वए ३, नो चरमाइं ४, नो अचरमाइं ५, नो अवत्तव्वयाइं ६, सिय चरमे य अचरमे य ७, सिय चरमे य अचरमाइं च ८, सिय चरमाइं च अचरिमे य ९, सिय चरमाइं च अचरमाइं च १०, सिय चरमे य अवत्तव्वए य ११, सिय चरमे य अवत्तव्वयाइं च १२, सिय चरमाइं च अवत्तव्वए अ १३, सिय चरमाइं च अवत्तव्वयाइं च १४, नो अचरमे य अवत्तव्वए य १५, नो अचरमे य अवत्तव्वयाइं च १६, नो अचरमाइं च अवत्तव्वए य १७, नो अचरमाइं च अवत्तव्वयाइं च १८, सिय चरमे य अचरमे य अवत्तव्वए य १९, नो चरमे य अचरमे य अवत्तव्वयाइं च २०, नो चरमे य अचरमाइं च अवत्तव्वए य २१, नो चरमे य अचरमाइं च अवत्तव्वयाइं च २२, सिय चरमाइं च अचरमे य अवत्तव्वए य २३, सिय चरमाइं च अचरमे य अवत्तव्वयाइं च २४, सिय चरमाइं च अचरमाइं च अवत्तव्वए य २५, सिय चरमाइं च अचरमाइं च अवत्तव्वयाइं च २६ ।सू०-११।।३६३।।**

*(મૂ૦) હે ભગવન્! છપ્રદેશિક સ્કંધ સંબન્ધી પૃચ્છા. હે ગૌતમ! છપ્રદેશિક સ્કંધ કદાચ એ.વ. ચરમ હોય ૧, એ.વ. અચરમ ન હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૭, એ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૨, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૩, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૪, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૫, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૬, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૭, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૮, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૯, એ.વ. ચરમ, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૦, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૨૧, એ.વ. ચરમ, બ.વ. અચરમ અન બ.વ. અવક્તવ્ય ન હોય ૨૨, કદાચ બ.વ. ચરમ, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૩, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય, ૨૪, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૫. કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૬. ॥૧૧॥૩૬૩॥*

(ટી૦) **'छप्पएसिए णं भंते'**!—હે ભગવન્! છ પ્રદેશિક સ્કન્ધ-ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ જાણવું. ઉત્તર- હે ગૌતમ! **'सिय चरमे'** કદાચિત્ ચરમ હોય ઇત્યાદિ. અહીં બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો, વીશમો, એકવીશમો અને બાવીશમો એમ અગિયાર ભાંગા છોડી દેવા. એ સંબંધે કહેવામાં આવશે—

**"बिचउत्थपंचछट्ठं पन्नरसोलं सत्तरट्ठारं । वीसेक्कवीसं च वज्जेज्ज छट्ठम्मि ॥"**

"બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો, વીશમો, એકવીશમો અને બાવીશમો એ ભાંગાઓ છપ્રદેશવાળા સ્કન્ધમાં વર્જવા. બાકીના પ્રથમાદિ ભાંગાઓ ઘટતા હોવાથી ગ્રહણ કરવા. તેમાં જે રીતે બીજા ઇત્યાદિ ભાંગાઓ ઘટતા નથી, અને પ્રથમાદિ ભાંગાઓ ઘટે છે તે રીતે વિચાર કરાય છેઃ અહીં જ્યારે છપ્રદેશવાળો સ્કન્ધ સમશ્રેણિ રહેલા બે આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે—એક આકાશપ્રદેશમાં ત્રણ પરમાણુઓ અને બીજામાં ત્રણ પરમાણુઓ, સ્થાપના—  ત્યારે બે પ્રદેશમાં અવગાઢ દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે છેલ્લો ભાંગો ઘટે છે, બીજો અચરમ ભાંગો ઘટતો નથી. કારણ કે બન્ને તરફ ચરમરહિત કેવળને અચરમ ભાંગાનો અસંભવ છે. કેમકે બન્ને બાજુ અન્તના અભાવમાં મધ્ય હોતું નથી એ વિચારવું. ત્રીજો અવક્તવ્ય ભાંગો છે—જ્યારે છપ્રદેશવાળો સ્કન્ધ એક આકાશપ્રદેશમાં રહે છે. સ્થાપના—  ત્યારે પરમાણુની પેઠે તેનો ચરમ કે અચરમ શબ્દ વડે વ્યવહાર કરવો અશક્ય હોવાથી અવક્તવ્ય છે. ચોથો ભાંગો **'चरमाणि'** બે ચરમ, પાંચમો **'अचरमाणि'** બે અચરમ, છઠ્ઠો **'अवक्तव्यानि'** બે અવક્તવ્ય, પંદરમો **'अचरमश्च अवक्तव्यश्च'** અચરમ અને અવક્તવ્ય, સોળમો **'अचरमश्च अवक्तव्यानि च'** એક અચરમ અને બે અવક્તવ્ય, સત્તરમો **'अचरमाणि च अवक्तव्यश्च'** બે અચરમ અને એક અવક્તવ્ય અને અઢારમો **'अचरमाणि च अवक्तव्यानि च'**-બે અચરમ અને એક અવક્તવ્ય-એ સાત ભાંગા સામાન્યતઃ સંભવતા જ નથી. કારણ કે તેવા પ્રકારના દ્રવ્યોનો અસંભવ છે. કેમકે જગતમાં એવા પ્રકારના કેવળ ચરમાદિ દ્રવ્યો હોતા નથી. તેઓનો અસંભવ પૂર્વે કહેલ વિચારને અનુસારે સુગમ હોવાથી સ્વયં જાણવો. સાતમો ભાંગો— **'चरमश्च अचरमश्च'** ચરમ અને અચરમ રૂપ છે, તે આ પ્રમાણે—જ્યારે તે છ પ્રદેશવાળો સ્કન્ધ એક આકાશપ્રદેશને ચોતરફ વીંટીને રહેલા પાંચ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે, સ્થાપના—  બે પરમાણુઓ મધ્યપ્રદેશમાં અને બાકીના પ્રદેશમાં એક એક પરમાણુ. ત્યારે તે ચાર પરમાણુઓ એક મધ્ય આકાશપ્રદેશવર્તી પરમાણુના સંબન્ધી પરિણામવડે પરિણત થયેલા

હોવાના લીધે અને એક વર્ણ, એક ગંધ, એક રસ અને એક સ્પર્શવાળા હોવાથી એકપણાનો વ્યવહાર થાય છે. અને એકપણાનો વ્યવહાર થવાથી 'ચરમ' કહેવાય છે, જે વચ્ચે બે પરમાણુ છે તે એકત્વ પરિણામ વડે પરિણત થયેલા હોવાથી 'અચરમ' કહેવાય છે. આઠમો ભાંગો—'**चरमश्च अचरमौ च**' ચરમ અને બે અચરમ હોય. તેમાં જ્યારે તેજ છપ્રદેશવાળો સ્કન્ધ એક આકાશપ્રદેશને ચોતરફ વીંટીને રહેલા અને એક અધિક એમ છ આકાશ પ્રદેશમાં આ પ્રમાણે રહે છે, સ્થાપના– ત્યારે અન્તે ચોતરફ વીંટીને રહેલા ચાર પરમાણુઓ પૂર્વે કહેલી યુક્તિથી મધ્યવર્તી બે પરમાણુના સંબન્ધી પરિણામ વડે પરિણત થયેલા હોવાથી અને એક–સમાન વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા હોવાથી એક ચરમ અને વચ્ચે બે આકાશપ્રદેશમાં રહેલા બે પરમાણુઓ '**अचरमौ**' બે અચરમરૂપ છે. અન્ય આચાર્યો એમ કહે છે કે પર્યન્તવર્તી ચાર પરમાણુઓને બીજા આકાશપ્રદેશોનું અન્તર હોવાથી તેમાં એકપણાનો પરિણામ થતો [1]નથી. અને તેના અભાવથી આ આઠમો ભાંગો ઘટી શકતો નથી, તેથી તેનો સૂત્રમાં પ્રતિષેધ કર્યો છે, કારણ કે એ સંબન્ધે આગળ કહેવામાં આવશે કે "**बिचउत्थ-पञ्च-छट्टं**" એ પ્રાકૃત શૈલીથી 'છટ્ઠ–અટ્ઠ' એ બે પદનો નિર્દેશ કર્યો છે. તેથી તેનો અર્થ આ પ્રમાણે થાય છે–છઠ્ઠો અને આઠમો ભાંગો છોડીને બીજા ભાંગા જાણવા. જો આવો ભાંગો હોય તો આવી રીતે જાણવો–એક પરમાણુને વીંટીને રહેલા નિરંતર જે ચાર પરમાણુઓ છે તે તેવા પ્રકારના એકત્વ પરિણામવડે પરિણત થયેલા હોવાને લીધે ચરમ છે. તેથી અધિક પરમાણુ છતાં પણ તેનો સમશ્રેણિવડે જ સંબન્ધ હોવાથી જુદો નથી, માટે તે અધિક પરમાણુ પણ તે જ ચરમમાં ગણવો. એમ એક ચરમ થાય છે. વળી જે અધિકના મધ્યમાં રહેલો છે તે મધ્યવર્તી હોવાથી અને અનેકરૂપે પરિણામી હોવાથી વસ્તુતઃ અચરમ છતાં પણ પૂર્વોક્ત હેતુથી '**अचरमौ**' બે અચરમ હોય–એવો ભાંગો થાય છે. અહીં પણ કંઇ વિરોધ નથી. અહીં તત્ત્વ કેવલજ્ઞાની ગમ્ય છે. નવમો ભાંગો—'**चरमौ च अचरमश्च**' બે ચરમ અને એક અચરમ હોય. જ્યારે તેજ છપ્રદેશવાળો સ્કન્ધ સમશ્રેણિથી રહેલા ત્રણ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–એક એક આકાશપ્રદેશમાં બબ્બે પરમાણુઓ, સ્થાપના— ત્યારે આદિના પ્રદેશમાં રહેલા બે પરમાણુ ચરમ અને છેલ્લા પ્રદેશમાં રહેલા બે પરમાણુઓ ચરમ, એમ '**चरमौ**' બે ચરમ અને મધ્ય પ્રદેશવર્તી બે પરમાણુ એક પરમાણુ એક અચરમ કહેવાય છે. દસમો ભાંગો—'**चरमौ च अचरमौ च**'–બે ચરમ અને બે અચરમ. તે આ પ્રમાણે–જ્યારે તે છપ્રદેશવાળો સ્કન્ધ સમશ્રેણિએ રહેલો ચાર આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–પ્રથમ પ્રદેશમાં બે પરમાણુ, બીજામાં બે, ત્રીજામાં એક અને ચોથામાં એક, સ્થાપના— ત્યારે પ્રથમ પ્રદેશવર્તી બે પરમાણુઓ ચરમ, છેલ્લા પ્રદેશવર્તી એક પરમાણુ ચરમ, એમ બે ચરમ, બીજા પ્રદેશમાં રહેલા બે પરમાણુ એક, અચરમ, ત્રીજા પ્રદેશમાં રહેલો એક પરમાણુ અચરમ, એમ બે અચરમ થાય છે. અગિયારમો ભાંગો—'**चरमश्च अवक्तव्यश्च**'–ચરમ અને અવક્તવ્ય. તે આ પ્રમાણે–જ્યારે તેજ છપ્રદેશવાળો સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિએ રહેલા ત્રણ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–પ્રથમ પ્રદેશમા બે, અને તેની સમશ્રેણિએ રહેલા બીજા પ્રદેશમાં બે અને વિશ્રેણિમાં રહેલા ત્રીજા પ્રદેશમાં બે, સ્થાપના— ત્યારે બે પ્રદેશમાં રહેલા ચાર પરમાણુઓ સમશ્રેણિએ રહેલા દ્વિપ્રદેશાવગાઢ દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે એક ચરમ અન વિશ્રેણિમાં રહેલા આકાશપ્રદેશમાં અવગાઢ બે પરમાણુઓ એક પરમાણુની પેઠે અવક્તવ્ય હોય છે. બારમો ભાંગો—'**चरमश्च अवक्तव्यौ च**'–એક ચરમ અને બે અવક્તવ્ય હોય. તેમાં જ્યારે તે છપ્રદેશવાળો સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિથી ચાર આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે–બે પરમાણુ પ્રથમ પ્રદેશમાં, તેની સમશ્રેણિએ રહેલા બીજા પ્રદેશમાં બે પરમાણુ, એક તેના ઉપર ત્રીજા પ્રદેશમાં અને એક નીચે

---

૧. યદ્યપિ આ. સમિતિ તરફથી મુદ્રિત અને શાંતિસાગરના ભંડારની પ્રતિમાં '**चतुर्णां परमाणूनां क्षेत्रप्रदेशान्तरव्यवहिताधिकत्वपरिणामो न भवति**'–એવો પાઠ મળે છે, પરન્તુ તેનો અર્થ સઙ્ગત થતો નથી, જો– '**क्षेत्रप्रदेशान्तरव्यवहितत्त्वादेकत्वपरिणामो न भवति**' એવો પાઠ હોય તો અર્થ સઙ્ગત થાય છે. તેથી એ પાઠ કલ્પી ઉપર પ્રમાણે અર્થ કર્યો છે.

ચોથા પ્રદેશમાં, સ્થાપન—  ત્યારે ચાર પરમાણુઓ જે બે પ્રદેશમાં રહેલા છે તે પૂર્વની પેઠે એક 'ચરમ' અને વિશ્રેણિમાં રહેલા બે પ્રદેશમાં વર્તતા બે પરમાણુઓ '**अवक्तव्यौ**' બે અવક્તવ્ય હોય છે. તેરમો ભાંગો—'**चरमौ च अवक्तव्यश्च**'-બે ચરમ અને એક અવક્તવ્ય હોય. જ્યારે તે જ છપ્રદેશવાળો સ્કન્ધ પાંચ આકાશપ્રદેશમાં સમશ્રેણિ અને વિશ્રેણિથી આ પ્રમાણે રહે છે—સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, તેઓની નીચે સમશ્રેણિથી રહેલા બે આકાશ પ્રદેશમાં બે પરમાણુઓ, અને બે શ્રેણિના મધ્ય ભાગની સમશ્રેણિમાં રહેલા એક આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, સ્થાપના—  ત્યારે દ્વિપ્રદેશાવગાઢ બે પરમાણુઓના સ્કન્ધની પેઠે ઉપરના બે પ્રદેશમાં રહેલા બે પરમાણુઓ ચરમ, નીચેના બે પરમાણુઓ ચરમ, એમ બે ચરમ અને એક પ્રદેશમાં અવગાઢ બે પરમણુઓ પરમાણુની પેઠે એક અવક્તવ્યરૂપ છે. ચૌદમો ભાંગો—'**चरमौ च अवक्तव्यौ च**'-બે ચરમ અને બે અવક્તવ્યરૂપ હોય, તેમાં જ્યારે તે છપ્રદેશિક સ્કન્ધ છ આકાશપ્રદેશમાં સમશ્રેણિ અને વિશ્રેણિથી આ પ્રમાણે રહે છે–સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, તેની નીચે સમશ્રેણિએ રહેલા બે આકાશપ્રદેશમાં બે પરમાણુઓ, બે શ્રેણિના મધ્યભાગની સમશ્રેણિમાં આવેલો એક પ્રદેશમાં રહેલો એક પરમાણુ અને ઉપરના બે પ્રદેશની વિશ્રેણિમાં રહેલ એક પરમાણુ, સ્થાપના—  ત્યારે ઉપરના બે પરમાણુઓ એક ચરમ અને નીચેના બે પરમાણુઓ પણ ચરમ એમ બે ચરમ અને બે અવક્તવ્ય. ઓગણીશમો ભાંગો—'**चरमश्च अचरमश्च अवक्तव्यश्च**' ચરમ, અચરમ અને અવક્તવ્ય. તે આ પ્રમાણે–જ્યારે તે છપ્રદેશિક સ્કન્ધ એકને ચોતરફ વીંટીને રહેલા અને વિશ્રેણિમાં રહેલા એક અધિક એમ છ આકાશપ્રદેશમાં રહે છે, સ્થાપના—  ત્યારે એકને વીંટીને રહેનાર ચાર પરમાણુઓ પૂર્વોક્ત યુક્તિથી (મધ્યવર્તી એક પરમાણુના સંબન્ધી હોવાથી અને એક વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શવાળા હોવાથી)એક ચરમ, મધ્યમાં રહેનાર એક અચરમ ને વિશ્રેણિમાં રહેનાર એક પરમાણુ અવક્તવ્ય. જે વીશમો ભાંગો—'**चरमश्च अचरमश्च अवक्तव्यौ च**' એક ચરમ, એક અચરમ અને બે અવક્તવ્યરૂપછે, સ્થાપના—  તે સાતપ્રદેશવાળા સ્કન્ધને જ ઘટે છે, પણ છપ્રદેશવાળાને ઘટતો નથી. એકવીશમો ભાંગો—'**चरमश्च अचरमौच अवक्तव्यश्च**' એક ચરમ બે અચરમ અને એક અવક્તવ્યરૂપ છે. સ્થાપના–  તે પણ સાત પ્રદેશવાળા સ્કન્ધને જ ઘટે છે. જે બાવીશમો ભાંગો—'**चरमश्च अचरमौच अवक्तव्यौच**' એક ચરમ, બે અચરમ, અને બે અવક્તવ્યરૂપ છે, સ્થાપના—  તે આઠ પ્રદેશવાળા સ્કન્ધને જ ઘટે છે. માટે વીશ, એકવીશ, અને બાવીશ એ ત્રણ ભાંગાનો નિષેધ કર્યો છે. જે ત્રેવીશમો ભાંગો—'**चरमौ च अचरमश्चअवक्तव्यश्च**' બે ચરમ, એક અચરમ અને એક અવક્તવ્યરૂપ છે, તે આ પ્રમાણે–જ્યારે તે છપ્રદેશિક સ્કન્ધ ચાર આકાશપ્રદેશોમાં આવી રીતે રહે છે. બબ્બે પરમાણુ બે આકાશપ્રદેશમાં, એક તેઓની સમશ્રેણિમાં રહેલ ત્રીજા આકાશપ્રદેશમાં અને એક વિશ્રેણિ સ્થિત આકાશપ્રદેશમાં, સ્થાપના—  ત્યારે પ્રથમ આકાશ પ્રદેશમાં રહેલા બેપરમાણુઓ ચરમ, ત્રીજાપ્રદેશમાં અવગાઢ એક પરમાણુ પણ ચરમ એમ બે ચરમ, બીજા પ્રદેશમાં અવગાઢ બે પરમાણુ અચરમ અને વિશ્રેણિ સ્થિત પરમાણુ અવક્તવ્યરૂપ હોય. ચોવીશમો ભાંગો—'**चरमौ च अचरमश्च अवक्तव्यौ च**'–બે ચરમ એક અચરમ અને બે અવક્તવ્ય. જ્યારે તે છપ્રદેશી સ્કન્ધ પાંચ આકાશપ્રદેશમાં સમશ્રેણિ અને વિશ્રેણિથી આ પ્રમાણે રહે છે–સમશ્રેણિએ રહેલા ત્રણ આકાશપ્રદેશમાંના પ્રથમ આકાશપ્રદેશમાં એક, બીજામાં એક, ત્રીજામાં બે અને વિશ્રેણિમાં રહેલા બે પ્રદેશમાં એક એક, સ્થાપના—  ત્યારે આદિ અને અન્તના

પ્રદેશમાં રહેલા પરમાણુઓ બે ચરમ, મધ્યપ્રદેશમાં રહેલ અચરમ અને વિશ્રેણિના બે આકાશ પ્રદેશમાં રહેલા બે પરમાણુઓ બે અવક્તવ્યરૂપ છે. પચીશમો ભાંગો—'**चरमौ च अचरमौ च अवक्तव्यश्च**' બે ચરમ બે અચરમ અને એક અવક્તવ્ય. તે આ પ્રમાણે—જ્યારે છપ્રદેશિક સ્કન્ધ પાંચ આકાશપ્રદેશમાં સમશ્રેણિ અને વિશ્રેણિથી આ પ્રમાણે રહે છે-સમશ્રેણિએ રહેલા ચાર આકાશપ્રદેશમાંના પ્રથમના ત્રણ આકાશપ્રદેશમાં એક એક, ચોથામાં બે અને વિશ્રેણિ રહેલા પાંચમા આકાશપ્રદેશમાં એક પરમાણુ હોય છે, સ્થાપના— ત્યારે પ્રથમ અને અન્તિમ પ્રદેશમાં રહેનાર બે ચરમ, મધ્યના બે પ્રદેશમાં રહેનાર બે અચરમ અને વિશ્રેણિ સ્થિત આકાશપ્રદેશમા રહેલ એક અવક્તવ્ય હોય છે. છવીશમો ભાંગો—'**चरमौ च अचरमौ च**' બે ચરમ, બે અચરમ અને બે અવક્તવ્ય. તે આ પ્રમાણે-જ્યારે છપ્રદેશી સ્કન્ધ સમશ્રેણિ અને વિશ્રેણિએ રહેલા છ આકાશપ્રદેશમાં આ પ્રમાણે રહે છે, સ્થાપના— ત્યારે આદિ અને અન્તના બે પ્રદેશમાં અવગાઢ બે પરમાણુઓ બે ચરમ, મધ્યપ્રદેશમાં અવગાઢ બે પરમાણુઓ બે અચરમ અને વિશ્રેણિ રહેલા બે પ્રદેશમાં અવગાઢ બે પરમાણુઓ બે અવક્તવ્ય હોય છે. ॥૧૨॥૩૬૩॥

**सत्तपएसिए णं भंते! खंधे पुच्छा। गोयमा! सत्तपएसिए णं खंधे सिय चरिमे १, णो अचरिमे २, सिय अवत्तव्वए ३, णो चरिमाई ४, णो अचरिमाई ५, णो अवत्तव्वयाई ६, सिय चरमे य अचरमे य ७, सिय चरमे य अचरमाई च८, सिय चरमाई च अचरमे य ९, सिय चरमाई च अचरमाई च १०, सिय चरमे य अवत्तव्वए य ११, सिय चरमे य अवत्तव्वयाइं च १२, सिय चरमाई च अवत्तव्वए य १३, सिय चरमाई च अवत्तव्वयाइं च १४, णो अचरमे य अवत्तव्वए य १५, णो अचरमे य अवत्तव्वयाई च १६, णो अचरमाई च अवत्तव्वए य १७, नो अचरमाई च अवत्तव्वयाइं च १८, सिय चरमे य अचरमे य अवत्तव्वए य १९, सिय चरमे य अचरमे य अवत्तव्वयाई च २०, सिय चरमे य अचरिमाई च अवत्तव्वए अ २१, णो चरिमे य अचरमाइं च अवत्तव्वयाइं च २२, सिय चरमाइं च अचरमे य अवत्तव्वए य २३, सिय चरमाई च अचरमे य अवत्तव्वयाइं च २४, सिय चरमाइं च अचरमाई च अवत्तव्वए य २५, सिय चरमाई च अचरमाई च अवत्तव्वयाई च २६ ।।सू०-१२।।३६४।।**

*(મૂ૦) હે ભગવન્! સાતપ્રદેશવાળા સ્કંધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! સાતપ્રદેશવાળો સ્કંધ કદાચ ચરમ હોય ૧, અચરમ હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૭, એ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૨, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૩, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૪, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૫, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૬, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૭, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૮, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૯, કદાચ એ.વ. ચરમ, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૦, કદાચ એ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૧, એ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૨૨, કદાચ બ.વ. ચરમ, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૩, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૪, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૫. કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૬. ॥૧૨॥૩૬૪॥*

(ટી૦) **'सत्तपएसिए णं भंते! खंधे'**–હે ભગવન્! સાત પ્રદેશ વાળો સ્કન્ધ કદાચ ચરમ હોય, અચરમ ન હોય-ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ જાણવું. હવે ઉત્તર કહે છે—**'सत्तपएसिए णं खंधे सिय चरमे, नो अचरमे'**–હે ગૌતમ! સાતપ્રદેશી સ્કન્ધ કદાચિત્ ચરમ હોય, અચરમ ન હોય–ઇત્યાદિ. અહીં બીજો, ચોથો, પાંચમો, છટ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો અને બાવીશમો–એ નવ ભાંગા ત્યાજ્ય છે અને બાકીના ગ્રહણ કરવા યોગ્ય છે. એ સંબન્ધે કહેવામાં આવશે **'बिचउत्थपंचछट्ठं पन्नरसोलं च सत्तरट्ठारं । वज्जिय बावीसइमं सेसा भंगा उ सत्तमए ॥'** બીજો, ચોથો, પાંચમો, છટ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો અને બાવીશમો–એ ભાંગા વર્જીને બાકીના ભાંગાઓ સાતપ્રદેશવાળા સ્કન્ધને વિષે જાણવા. તેમાં બેથી માંડી અઢાર સુધીના ભાંગાઓના નિષેધનું કારણ પૂર્વે કહેલું છે તે જાણવું, અને તે જ કેવળ આજ ભાંગાઓમાં નહિ પણ બીજા બધા સ્કન્ધોમાં જાણવું. અને જે બાવીશમો ભંગ છે તે આઠ પ્રદેશવાળા સ્કન્ધને વિષે જ ઘટે છે, સાતપ્રદેશવાળા સ્કન્ધને વિષે ઘટતો નથી, એ પૂર્વે કહ્યું છે. તેથી તેનો અહીં પ્રતિષેધ કર્યો છે. બાકીના પ્રથમથી આરંભી છવીશ સુધીના સત્તર છપ્રદેશી સ્કન્ધની પેઠે જાણવા. કેવળ શિષ્યના અનુગ્રહ માટે સ્થાપના માત્ર વડે અહીં બતાવીએ છીએ. પ્રથમ **'चरमः'** ચરમ ભંગ—  ત્રીજો **'अवक्तव्यः'** અવક્તવ્ય ભંગ—  સાતમો **'चरमश्चाचरमश्च'**–ચરમ અને અચરમ ભંગ—  આઠમો ભંગ **'चरमश्चाचरमौ च'** ચરમ અને બે અચરમ—  નવમો **'चरमौ चाचरमश्च'** બે ચરમ અને એક અચરમ–  દસમો ભંગ **'चरमौ चाचरमौ च'** બે ચરમ અને બે અચરમ—  અગિયારમો—**'चरमश्चावक्तव्यश्च'** ચરમ અને અવક્તવ્ય—  બારમો **'चरमश्चावक्तव्यौ च'** ચરમ અને બે અવક્તવ્ય—  તેરમો **'चरमौ चावक्तव्यश्च'** બે ચરમ અને એક અવક્તવ્ય—  ચૌદમો **'चरमो चावक्तव्यौ च'** બેચરમ અને બે અવક્તવ્ય—  ઓગણીશમો–**'चरमश्चा चरमश्चावक्तव्यश्च'** ચરમ, અચરમ અને અવક્તવ્ય–  વીશમો **'चरमश्चाचरमश्चावक्तव्यौ च'** ચરમ, અચરમ અને બે અવક્તવ્ય—  એકવીશમો **'चरमाश्चचरमौ चावक्तव्यश्च'**–એક ચરમ, બે અચરમ અને એક અવક્તવ્ય–  ત્રેવીશમો **'चरमौ चाचरमश्चावक्तव्यश्च'** બે ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય–  ચોવીશમો **'चरमौ चाचरमश्चावक्तव्यौ च'**–બે ચરમ, એક અચરમ અને બે અવક્તવ્ય–  પચીશમો **'चरमौ चाचरमौ चावक्तव्यश्च'** બે ચરમ બે અચરમ અને એક અવક્તવ્ય—  અને છવીશમો ભાંગો **'चरमौ चाचरमौ चावक्तव्यौ च'** બે ચરમ બે અચરમ અને બે અવક્તવ્ય—  કારણ કે અહીં સાતપ્રદેશની સ્કન્ધ એક, બે, ત્રણ યાવત્ સાત આકાશપ્રદેશમાં રહે છે માટે એ પ્રકારના ભાંગાઓ સંભવે છે. ॥૧૨॥૩૬૪॥

**अट्ठपएसिए णं भंते! खंधे पुच्छा। गोयमा! अट्ठपएसिए खंधे सिय चरमे १, नो अचरमे २, सिय अवत्तव्वए ३, नो चरमाइं ४, नो अचरमाइं ५, नो अवत्तव्वयाइं ६, सिय चरिमे य अचरिमे य ७, सिय चरिमे य अचरिमाइं च ८, सिय चरिमाइं च अचरिमे य ९, सिय चरमाइं च अचरमाइं च १०, सिय चरमे य अवत्तव्वए अ ११, सिय चरमे य**

अवत्तव्वयाइं च १२, सिय चरमाइं च अवत्तव्वए य १३, सिय चरमाइं च अवत्तव्वयाइं च १४, णो अचरिमे य अवत्तव्वए य १५, णो अचरिमे य अवत्तव्वयाइं च १६, णो अचरिमाइं च अवत्तव्वए य १७, णो अचरिमाइं च अवत्तव्वयाइं च १८, सिय चरिमे य अचरिमे य अवत्तव्वए य १९, सिय चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च २०, सिय चरिमे य अचरिमाइं च अवत्तव्वए य २१, सिय चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च २२, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वए य २३, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वयाइं च २४, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वए य २५, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वयाइं च २६. संखेज्जपएसिए असंखेज्जपएसिए अणंतपएसिए खंधे जहेव अट्ठपएसिए तहेव पत्तेयं भाणियव्वं ।।सू०-१३।।३६५।।

परमाणुम्मि य तइओ पढमो तइओ य होंति दुपएसे। पढमो तइओ नवमो एक्कारसमो य तिपएसे ।।१।।
पढमो तइओ नवमो दसमो एक्कारसो य बारसमो। भंगा चउप्पएसे तेवीसइमो य बोद्धव्वो ।।२।।
पढमो तइओ सत्तम-नव-दस-इक्कार-बार-तेरसमो। तेवीस-चउव्वीसो पणवीसइमो य पंचमए ।।३।।
बि चउत्थ पंच छट्ठं पनरस सोलं च सत्तरऽट्ठारं। वीसेक्कवीस बावीसगं च वज्जेज्ज छट्ठंमि ।।४।।
बि चउत्थ पंच छट्ठं पण्णर सोलं च सत्तरऽट्ठारं। बावीसइमविहूणा सत्तपदेसंमि खंधम्मि ।।५।।
बि चउत्थ पंच छट्ठं पण्णर सोलं च सत्तरऽट्ठारं। एते वज्जिय भंगा सेसा सेसेसु खंधेसु ।।

*(મૂ૦) હે ભગવન્! આઠપ્રદેશવાળા સ્કંધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! આઠપ્રદેશવાળો સ્કંધ કદાચ એ.વ. ચરમ હોય ૧, એ.વ. અચરમ ન હોય ૨, કદાચ એ.વ. અવક્તવ્ય હોય ૩, બ.વ. ચરમ ન હોય ૪, બ.વ. અચરમ ન હોય ૫, બ.વ. અવક્તવ્ય ન હોય ૬, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૭, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૮, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અચરમ હોય ૯, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અચરમ હોય ૧૦, કદાચ એ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૧, કદાચ એ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૨, કદાચ બ.વ. ચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૩, કદાચ બ.વ. ચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૧૪, એ.વ. અચરમ અને અવક્તવ્ય ન હોય ૧૫, એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૬, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય ન હોય ૧૭, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય ન હોય ૧૮, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૧૯, કદાચ એ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૦, કદાચ એ.વ. ચરમ, બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૧, કદાચ એ.વ. ચરમ, બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૨, કદાચ બ.વ. ચરમ, એ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૩, કદાચ બ.વ. ચરમ એ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૪, કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને એ.વ. અવક્તવ્ય હોય ૨૫. કદાચ બ.વ. ચરમ બ.વ. અચરમ અને બ.વ. અવક્તવ્ય હોય ૨૬. જેમ આઠપ્રદેશિક સ્કંધ સંબંધે કહ્યું તેમ સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનંતપ્રદેશિક પ્રત્યેક સ્કંધ સંબન્ધે કહેવું. ।।૧૩।।૩૬૫।।*

*"પરમાણુમાં ત્રીજો, દ્વિપ્રદેશિક સ્કંધમાં પહેલો અને ત્રીજો અને ત્રિપ્રદેશિક સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો અને અગિઆરમો ભાંગો હોય છે. ૧. ચતુઃપ્રદેશિક સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો, દસમો, અગિઆરમો, બારમો અને ત્રેવીશમો ભાંગો જાણવો. ૨. પંચપ્રદેશિક સ્કંધમાં પહેલો, ત્રીજો, સાતમો, નવમો, દસમો, અગિયારમો, બારમો, તેરમો, તેવીશમો, ચોવીશમો અને પચીશમો ભાંગો જાણવો. ૩. છપ્રદેશિક સ્કંધમાં બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો, વીશમો, એકવીશમો અને બાવીશમો ભાંગો છોડી દેવો. ૪. સાત પ્રદેશવાળા સ્કંધમાં બીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, પંદરમા, સોલમા, સત્તરમા, અઢારમા અને બાવીશમા ભાંગાઓ સિવાય બાકીના*

*ભાંગાઓ જાણવા. ૫. બાકીના સ્કંધોને વિષે બીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, પંદરમા, સોળમા, સત્તરમા, અને અઢારમા ભાંગાને છોડીને બાકીના ભાંગાઓ જાણવા.*

(ટી૦) '**अट्ठपएसिए णं भंते! खंधे**'–હે ભગવન્! આઠપ્રદેશી સ્કન્ધ–ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે જાણવું. ઉત્તરસૂત્ર– '**अट्ठपएसिए णं खंधे सिय चरमे**'—આઠપ્રદેશી સ્કન્ધ કદાચ ચરમ હોય ઇત્યાદિ. અહીં બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો અને અઢારમો–એ આઠ ભાંગા ત્યાગ કરવા અને બાકીના ગ્રહણ કરવા. એ સંબન્ધે આગળ કહેવામાં આવશે કે—"**विचउत्थपंचछट्ठं पन्नरसोलं च सत्तरट्ठारा एए वज्जिय भंगा सेसा सेसेसु खंधेसु**"–"બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, પંદરમો. સોળમો, સત્તરમો અને અઢારમો એ ભાંગાઓ છોડીને બાકીના સ્કન્ધોમાં બાકીના ભાંગાઓ જાણવા." આ ગાથા સુગમ છે. '**नवरं सेसा सेसेसु खंधेसु**' પરંતુ બાકીના ભાંગાઓ સાતપ્રદેશી સ્કન્ધથી બીજા આઠપ્રદેશી વગરે બધા સ્કન્ધોમાં જાણવા. બીજા આચાર્યો એ ગાથાનું ઉતરાર્ધ આ પ્રમાણે કહે છે—"**एए वज्जिय भंगा तेण परमवट्ठिया सेसा**"। એ ભાંગાઓ વર્જીને તેથી આગળના બાકીના ભાંગા અવસ્થિત–એક જ પ્રકારના જાણવા. પ્રથમથી આરંભી છવીશ સુધીના અઢાર ભાંગાઓ વિચારણાથી અને સ્થાપનાથી પૂર્વની પેઠે વિચારવા. પરંતુ '**चरमश्च अचरमौ च अवक्तव्यौ च**' એક ચરમ, બે અચરમ અને બે અવક્તવ્ય–એ પ્રકારનો બાવીશમો ભાંગો સ્થાપના વડે આ પ્રમાણે છે–

(પ્ર૦)—દ્વિપ્રદેશાદિ સ્કન્ધના '**अवक्तव्यौ**' બે અવક્તવ્યરૂપ છઠ્ઠા ભાંગાનો કેમ નિષેધ કરો છો? કારણ કે તે યુક્તિથી સંભવે છે. તે આ પ્રમાણે—જ્યારે એક પરમાણુ એક આકાશપ્રદેશમાં અને બીજો વિશ્રેણિમાં રહેલા બીજા આકાશપ્રદેશમાં હોય, સ્થાપના— ત્યારે એક અવક્તવ્ય અને બીજો પણ અવક્તવ્ય—એમ '**अवक्तव्यौ**' બે અવક્તવ્યરૂપ છઠ્ઠો ભંગ સંભવે છે, ત્રિપ્રદેશિક સ્કન્ધના વિચારમાં એક પ્રદેશમાં એક પરમાણુ અને વિશ્રેણિમાં રહેલા બીજા પ્રદેશમાં  બે, એમ, ચતુઃપ્રદેશિક સ્કન્ધના વિચારમાં પ્રત્યેકમાં બબ્બે પરમાણુઓ હોય,  (ઉ૦)—તારી શંકા બરોબર છે, પરંતુ જગતમાં એવા પ્રકારના પુદ્ગલ દ્રવ્યો નથી. (પ્ર૦)—એમ શાથી જાણી શકાય? (ઉ૦)—આ ભાંગાઓનો પ્રતિષેધ કરવાથી જ જાણી શકાય છે. જો તેવા પ્રકારના દ્રવ્યો હોત તો આચાર્ય તેનો વિરોધ ન કરત. અથવા તેવા પ્રકારના દ્રવ્યોનો સંભવ હોય તો ભાંગાઓનો જાતિવાચી નિર્દેશ હોવાથી તેઓનો ત્રીજા ભાંગામાં જ અન્તર્ભાવ જાણવો.

જેમ આઠપ્રદેશી સ્કન્ધના ભાંગાઓનો પ્રતિષેધ કર્યો અને તેઓનું વિધાન કર્યું તેમ પ્રત્યેક સંખ્યાતપ્રદેશી અને અસંખ્યાતપ્રદેશી સ્કન્ધના ભાંગાઓ કહેવા. તે આ પ્રમાણે કહે છે—'**संखेज्जपएसिए असंखेज्जपएसिए**'–સંખ્યાતપ્રદેશી અને અસંખ્યાતપ્રદેશી–ઇત્યાદિ પાઠસિદ્ધ છે. પરંતુ બધેય સ્થળે આ વિચાર જાણવો–ઇત્યાદિ આકાશપ્રદેશમાં આઠ પ્રદેશી વગેરે સ્કન્ધો રહી શકે છે. માટે ઉપર કહેલા બધાય ભાંગાઓ ઘટે છે.

(પ્ર૦)—હે ભગવન્! અસંખ્યાતપ્રદેશી અને અનન્તપ્રદેશી સ્કન્ધો એક આકાશપ્રદેશમાં કેમ રહી શકે?

(ઉ૦)—તેવા પ્રકારની શક્તિથી રહી શકે છે. આ વાત અયુક્ત નથી, પણ યુક્તિથી સંભવે છે. તે આ પ્રમાણે–અનન્તાઅનન્ત દ્વિપ્રદેશિક સ્કન્ધો, યાવત્–અનન્તાઅનન્ત સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો, અનન્તાઅનન્ત અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો અને અનન્તાઅનન્ત અનન્ત પ્રદેશિક સ્કન્ધો છે. અને લોક બધો મળીને પણ અસંખ્યપ્રદેશાત્મક છે. તે બધા સ્કન્ધો લોકમાં જ રહેલા છે, અલોકમાં નથી, તેથી નિશ્ચય થાય છે કે એક આકાશપ્રદેશમાં ઘણા પરમાણુઓ, ઘણા દ્વિપ્રદેશિક સ્કન્ધો, યાવત્–ઘણા અનન્તપ્રદેશાત્મક સ્કન્ધો રહેલા છે. અહીં પૂર્વાચાર્યો પ્રદીપનું દષ્ટાંત વર્ણવે છે—જેમકે ઘરમાં સળગાવેલા એક દીવાના પ્રકાશના બધા અણુઓ ઘરમાં વ્યાપ્ત થાય છે, તેવી રીતે હજાર પ્રદીપ કર્યા હોય તો તે પ્રત્યેકના પ્રકાશના અણુઓ વ્યાપ્ત થાય છે, વળી દરેક પ્રદીપના પ્રકાશના પરમાણુઓ જુદા નથી એમ નથી, પણ અવશ્ય જુદા છે. કારણ કે ઘરમાં રહેલા પુરુષને દરેક પ્રદીપની છાયા વગેરે દેખાય છે. માટે જેમ સ્થૂલ છતાં પ્રદીપના પ્રકાશના પરમાણુઓ એક જ આકાશના પ્રદેશમાં રહી શકે છે,

તેમ પરમાણુ આદિ પણ રહી શકે છે તેમાં કંઇપણ દોષ નથી. કારણ કે આકાશનો અવકાશ આપવાનો સ્વભાવ હોવાથી અને વસ્તુઓનો વિચિત્ર પરિણમન સ્વભાવ હોવાથી તેમાં વિરોધ આવતો નથી. હવે પરમાણુ આદિમાં જે ભાંગાઓ ગ્રહણ કરવા યોગ્ય છે તેને સંગ્રહ કરનાર સંગ્રહણી ગાથા કહે છે—'**परमाणुम्मि तइओ**' ઇત્યાદિ પાઠસિદ્ધ છે, કારણ કે તેના અર્થનો પૂર્વે વિચાર કર્યો છે. પરંતુ છપ્રદેશિક સ્કન્ધના વિચારમાં પ્રતિષેધ કરવા યોગ્ય ભાંગાઓ હોવાથી તેઓનોજ સંગ્રહ કર્યો છે. ॥૧૩॥૩૬૫॥

## ।। संठाणविवक्खाए चरिमाइविभागाइ ।।

**कइ णं भंते! संठाणा पन्नत्ता? गोयमा! पंच संठाणा पन्नत्ता, तं जहा–१परिमंडले, २वट्टे, ३तंसे ४चउरंसे, ५आयते य ।।सू०-१४।।३६६।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા સંસ્થાનો કહ્યા છે? હે ગૌતમ! પાંચ સંસ્થાનો કહ્યાં છે, તે આ પ્રમાણે—૧ પરિમંડલ, ૨ વૃત્ત, ૩ ત્ર્યસ્ર, ૪ ચતુરસ્ર, ૫ આયત. ॥૧૪॥૩૬૬॥*

(ટી૦) 'કઇ ણં ભંતે! સંઠાણા પન્નત્તા'? હે ભગવન્! કેટલાં સંસ્થાનો કહ્યાં છે? ઇત્યાદિ પાઠ સુગમ છે. કારણ કે પરિમંડલાદિક સંસ્થાનોનુ સ્વરૂપ પ્રથમ પદમાં જ સવિસ્તર નિરૂપણ કરેલું છે. બાકી બધું પાઠસિદ્ધ છે. પરંતુ '**परिमंडले णं भंते! संठाणे संखेज्जपएसिए किं संखेज्जपएसोगाढे**' ઇત્યાદિ. હે ભગવન્! સંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાતા પ્રદેશોમાં રહેલું છે? ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! સંખ્યાતા પ્રદેશોમાં રહેલું હોય છે, પરંતુ અસંખ્યાતા કે અનન્તા પ્રદેશોમાં રહેલુ હોતું નથી. કારણ કે તેના સંખ્યાતા જ પ્રદેશો છે, તો અસંખ્યાતા કે અનન્તા પ્રદેશોમાં શી રીતે રહે? અસંખ્યાતપ્રદેશવાળું કે અનન્તપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન સંખ્યાતા કે અસંખ્યાતા પ્રદેશોમાં રહે છે, કારણ કે તેમાં વિરોધ નથી, પણ અનન્ત પ્રદેશોમાં રહેતુ નથી કારણ કે અસંખ્યાત પ્રદેશવાળા સ્કન્ધની અનન્ત પ્રદેશોને વિષે અવગાહનાનો વિરોધ છે. અનન્તપ્રદેશવાળાની પણ અનન્તપ્રદેશને વિષે અવગાહનાનો વિરોધ જ છે. કારણ કે લોક પણ અસંખ્ય પ્રદેશાત્મકજ છે, અને લોક સિવાય બીજે પુદ્‌ગલોની ગતિનો અસંભવ છે. તેથી પરિમંડલ સંસ્થાન અનન્ત પ્રદેશવાળું છતાં પણ સંખ્યાતા કે અસંખ્યાતા પ્રદેશમાં રહે છે પણ અનન્ત પ્રદેશોમાં રહેતુ નથી. એ પ્રમાણે વૃત્તાદિ પ્રત્યેક સંસ્થાનનો વિચાર કરવો. સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનન્તપ્રદેશિક પરિમંડલાદિ સંસ્થાન ચરમ અને અચરમાદિના વિચારમાં ઉત્તરસૂત્રો રત્નપ્રભાની પેઠે જાણવા. અનેક અવયવના અવિભાગની વિવક્ષા અચરમ ખંડ અને ચરમખંડો હોય છે અને પ્રદેશ વિવક્ષામાં ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો હોય છે. ॥૧૪॥૩૬૬॥

**परिमंडला णं भंते! संठाणा किं संखेज्जा, असंखेज्जा, अणंता? गोयमा! नो संखिज्जा, नो असंखेज्जा, अणंता। एवं जाव आयता। परिमंडले णं भंते! संठाणे किं संखेज्जपएसिए, असंखेज्जपदेसिए, अणंतपदेसिए? गोयमा! सिय संखेज्जपएसिए, सिय असंखेज्जपएसिए, सिय अणंतपदेसिए। एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे संखेज्जपएसिए किं संखेज्जपएसोगाढे, असंखेज्जपएसोगाढे, असंखेज्जपएसोगाढे, अणंतपएसोगाढे? गोयमा! संखेज्जपएसोगाढे, नो असंखेज्जपएसोगाढे, नो अणंतपएसोगाढे। एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे असंखेज्जपएसिए किं संखेज्जपएसोगाढे, असंखेज्जपएसोगाढे, अणंतपएसोगाढे? गोयमा! सिय संखेज्जपएसोगाढे, सिय असंखेज्जपएसोगाढे, नो अणंतपएसोगाढे। एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे अणंतपएसिए किं संखेज्जपएसोगाढे, असंखेज्जपएसोगाढे, अणंतपएसोगाढे? गोयमा! सिय संखेज्जपएसोगाढे, सिय असंखेज्जपएसोगाढे, नो अणंतपएसोगाढे। एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे संखेज्जपएसिए संखेज्जपएसोगाढे किं चरमे, अचरमे, चरमाइं, अचरमाइं, चरमंतपएसा, अचरमंतपएसा? गोयमा! परिमंडले णं संठाणे संखेज्जपएसिए संखेज्जपएसोगाढे नो चरमे, नो अचरमे, नो चरमाइं, नो अचरमाइं, नो चरमंतपएसा, नो**

**अचरमंत पएसा नियमा अचरमं च चरमाणि य चरमंतपएसा य अचरमंतपएसा य। एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे असंखेज्जपएसिए संखेज्जपएसोगाढे किं चरमे० पुच्छा। गोयमा! असंखेज्जपएसिए संखेज्जपएसोगाढे जहा संखेज्जपएसिए। एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे असंखेज्जपएसिए असंखेज्जपएसोगाढे किं चरमे० पुच्छा। गोयमा! असंखिज्जपएसिए असंखिज्जपएसोगाढे नो चरमे, जहा संखेज्जपदेसोगाढे, एवं जाव आयते। परिमंडले णं भंते! संठाणे अणंतपएसिए संखिज्जपएसोगाढे किं चरमे० पुच्छा। गोयमा! तहेव जाव आयते। अणंतपएसिए असंखेज्जपएसोगाढे जहा संखेज्जपएसोगाढे, एवं जाव आयते ।।सू०-१५।।३६७।।**

*(મૂ૦) હે ભગવન્! પરિમંડલ સંસ્થાનો શું સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા છે? હે ગૌતમ! સંખ્યાતા કે અસંખ્યાતા નથી, પણ અનન્તા છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાનો સુધી જાણવું. હે ભગવન્! પરિમંડલ સંસ્થાન શું સંખ્યાતપ્રદેશવાળું, અસંખ્યાતપ્રદેશવાળું કે અનન્તપ્રદેશવાળું છે? હે ગૌતમ! કદાચિત્ સંખ્યાતપ્રદેશવાળું, કદાચ અસંખ્યાત પ્રદેશવાળું અને કદાચિત્ અનંત પ્રદેશવાળું હોય. એમ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! સંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં કે અનન્ત પ્રદેશમાં અવગાઢ—રહેલું હોય? હે ગૌતમ! સંખ્યાત પ્રદેશમાં અવગાઢ હોય, પણ અસંખ્યાતા કે અનન્ત પ્રદેશમાં અવગાઢ ન હોય. હે ભગવન્! અસંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં કે અનન્ત પ્રદેશમાં રહેલું હોય? હે ગૌતમ! કદાચિત્ સંખ્યાતા પ્રદેશમાં કે કદાચિત્ અસંખ્યાતા પ્રદેશમાં રહેલું હોય, પણ અનન્ત પ્રદેશમાં રહેલુ ન હોય. એ પ્રમાણે યાવત્—આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! અનન્ત પ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં કે અનન્ત પ્રદેશમાં રહેલું હોય? હે ગૌતમ! કદાચિત્ સંખ્યાત પ્રદેશમાં રહેલું હોય, કદાચિત્ અસંખ્યાત પ્રદેશમાં રહેલું હોય, પરન્તુ અનન્ત પ્રદેશમાં રહેલું ન હોય. એમ માવત્ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! સંખ્યાતા પ્રદેશમાં રહેલું અને સંખ્યાતાપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું ચરમ છે, અચરમ છે. બ.વ. ચરમ છે, બ.વ. અચરમ છે, ચરમાન્તપ્રદેશરૂપ છે અને અચરમાન્ત પ્રદેશરૂપ છે? હે ગૌતમ! સંખ્યાતા પ્રદેશમાં રહેલું અને સંખ્યાતાપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન ચરમ નથી, અચરમ નથી, બ.વ. ચરમરૂપ નથી, બ.વ. અચરમરૂપ નથી, ચરમાન્તપ્રદેશરૂપ નથી, અને અચરમાન્તપ્રદેશરૂપ નથી, પણ અવશ્ય એ.વ. અચરમ, બ.વ. ચરમરૂપ, ચરમાન્તપ્રદેશરૂપ અને અચરમાન્ત પ્રદેશરૂપ છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! સંખ્યાતા પ્રદેશાવગાઢ અને અસંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન શું ચરમ છે—ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! સંખ્યાતાપ્રદેશાવગાઢ અસંખ્યાતપ્રદેશવાળું પરિમંડલ સંસ્થાન સંખ્યાતાપ્રદેશવાળાની પેઠે જાણવું. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! અસંખ્યાતપ્રદેશાવગાઢ અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન શું ચરમ છે—ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! અસંખ્યાતાપ્રદેશાવગાઢ અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન ચરમ નથી—ઇત્યાદિ સંખ્યાતાપ્રદેશાવગાઢની પેઠે જાણવું. એમ યાવત્ આયત સુધી સમજવું. હે ભગવન્! સંખ્યાતા પ્રદેશમાં રહેલું અનંતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન શું ચરમ છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! ઉપર કહ્યા પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. અસંખ્યાતા પ્રદેશમાં રહેલું અનંતપ્રદેશિક પરિમંડલ સંસ્થાન સંખ્યાતા પ્રદેશમાં રહેલા પરિમંડલ સંસ્થાનની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી સમજવું. ॥૧૫॥૩૬૭॥*

**परिमंडलस्स णं भंते! संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपसोगाढस्स अचरिमस्स य चरिमाण य चरमंतपदेसाण य अचरमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स**

**दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं संखेज्जगुणाइं, अचरमं चरमाणि य दोऽवि विसेसाहियाइं, पदेसट्ठयाए सव्वत्थोवा परिमंडलस्स संठाणस्स संखिज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स चरमंतपएसा[१], अचरमन्तपएसा संखेज्जगुणा[२], चरमन्तपएसा य अचरमन्तपएसा य दोऽवि विसेसाहिया[३], दव्वट्ठपएसट्ठयाए, सव्वत्थोवे परिमण्डलस्स संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स दव्वट्ठयाए एगे अचरिमे[१], चरिमाइं संखेज्जगुणाइं[२], अचरमं च चरमाणि य दो वि विसेसाहियाइं[३], चरमन्तपएसा संखेज्जगुणा[४], अचरिमन्तपएसा संखेज्जगुणा[५], चरिमन्तपएसा य अचरमन्तपएसा य दो वि विसेसाहिया[६]। एवं वट्ट-तंस-चउरंस-आयएसु वि जोएयव्वं ।।सू०-१६।।३६८।।**

*(મૂ૦) હે ભગવન્! સંખ્યાતા પ્રદેશમાં રહેલા સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા સંખ્યાતા પ્રદેશમાં રહેલ સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે એક અચરમખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તેથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળીને વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સંખ્યાતા પ્રદેશમાં રહેલા સંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના ચરમાન્ત પ્રદેશો સૌથી થોડા છે. તેથી અચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે, દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે સંખ્યાત પ્રદેશમાં રહેલા સંખ્યાત પ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે સૌથી થોડો એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તેથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળીને વિશેષાધિક છે, તેથી પ્રદેશાર્થપણે ચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળીને વિશેષાધિક છે. એ પ્રમાણે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, અને આયત સંસ્થાનને વિષે પણ યોજના કરવી. ॥૧૬॥૩૬૮॥*

(ટી૦) સંખ્યાતા પ્રદેશની અવગાહનાવાળા સંખ્યાતપ્રદેશિક પરિમંડલાદિ સંસ્થાનના ચરમ અને અચરમાદિ સંબન્ધી અલ્પબહુત્વ કહે છે—'**परिमंडलस्स णं भंते**'–હે ભગવન્! પરિમંડલ સંસ્થાનના–ઇત્યાદિ પાઠ સુગમ છે. પરંતુ દ્રવ્યાર્થપણાના વિચારમાં ચરમખંડો સંખ્યાતગુણા છે, કારણ કે પરિમંડલ સંસ્થાનના બધા મળીને સંખ્યાતા પ્રદેશો છે. અસંખ્યાત પ્રદેશની અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશિક પરિમંડલ સંસ્થાનનું અને અસંખ્યપ્રદેશની અવગાહનાવાળા અનન્તપ્રદેશાત્મક પરિમંડલસંસ્થાનનું પણ અલ્પબહુત્વ રત્નપ્રભાની પેઠે જાણવું. '**नवरं संक्रमे अनन्तगुणाः**' પરંતુ 'સંક્રમમાં અનન્તગુણા કહેવા' એટલે ક્ષેત્રના વિચારથી જ્યારે દ્રવ્યના વિચારનું સંક્રમણ થાય છે ત્યારે ચરમખંડો અનન્તગુણા કહેવા. તે આ પ્રમાણે—સૌથી થોડો એક ચરમખંડ છે અને તેથી ચરમખંડો ક્ષેત્રથી અસંખ્યાતગુણા છે અને દ્રવ્યથી અનન્તગુણા છે. તેથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળી વિશેષાધિક છે. એ પ્રમાણે સંસ્થાનોનો પણ ચરમ અને અચરમાદિના વિભાગવડે વિચાર કર્યો. ॥૧૬॥૩૬૮॥

**परिमण्डलस्स णं भंते! संठाणस्स असंखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स अचरमस्स चरमाण य चरमंतपएसाण य अचरमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा[१] वा० ४? गोयमा! सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स असंखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स दव्वट्ठयाए एगे अचरमे, चरमाइं संखेज्जगुणाइं, अचरमं च चरमाणि य दोवि विसेसाहियाइं, पदेसट्ठयाते सव्वत्थोवा परिमंडलसंठाणस्स असंखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स चरमंतपएसा[१], अचरमन्तपएसा संखिज्जगुणा[२], चरमन्तपएसा य अचरमन्तपएसा य दो वि विसेसाहिया[३], दव्वट्ठपएसट्ठयाए–सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स**

१. 'अप्पा वा ४' इत्यनेन 'अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा' इत्यवबोद्धव्यम् एवमन्यत्राऽपि

**असंखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स दव्वट्ठयाए एगे अचरिमे१, चरमाइं संखेज्जगुणाइं, अचरमं च चरमाणि य दो वि विसेसाहियाइं२, चरमन्तपएसा संखेज्जगुणा, अचरमंतपएसा संखेज्जगुणा, चरमन्तपएसा य अचरमंतपएसा य दो वि विसेसाहिया। एवं जाव आयते। परिमंडलस्स णं भंते! संठाणस्स असंखेज्जपएसियस्स असंखेज्जपएसोगाढस्स अचरमस्स य चरमाण य चरमंतपएसाण य अचरमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा० ४? गोयमा! जहा रयण्णप्पभाए अप्पाबहुयं तहेव निरवसेसं भाणियव्वं, एवं जाव आयते ।।सू-१७।।३६९।।**

*(મૂ૦) હે ભગવન્! સંખ્યાતા પ્રદેશમાં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થ પણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સંખ્યાતા પ્રદેશમાં રહેલ અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે સૌથી થોડો એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તેથી અચરમખંડ અને ચરમખંડો બન્ને મળી વિશેષાધિક છે. પ્રદેશાર્થપણે સંખ્યાતા પ્રદેશમાં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના ચરમાન્તપ્રદેશો સૌથી થોડા છે, તેથી અચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે, દ્રવ્યાર્થ પ્રદેશાર્થપણે-સૌથી થોડો સંખ્યાતા પ્રદેશમાં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનનો દ્રવ્યાર્થપણે એક અચરમ ખંડ છે, તેથી ચરમ ખંડો સંખ્યાતગુણા છે, તેથી અચરમ ખંડ અને ચરમ ખંડો બન્ને મળી વિશેષાધિક છે, તેથી પ્રદેશાર્થપણે ચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી અચરમાન્તપ્રદેશો સંખ્યાતગુણા છે, તેથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્ત પ્રદેશો બન્ને મળી વિશેષાધિક છે. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. ॥૧૭॥૩૬૯॥*

**परिमंडलस्स णं भंते! संठाणस्स अणंतपएसियस्स संखेज्जपएसोगाढस्स अचरिमस्स य चरमाण य चरमंतपएसाण य अचरमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा०४? गोयमा! जहा संखेज्जापएसिअस्स संखेज्जपएसोगाढस्स, नवरं संकमेणं[संकमे] अणंतगुणा, एवं जाव आयए। परिमंडलस्स णं भंते! संठाणस्स अणंतपएसियस्स असंखेज्जपएसोगाढस्स अचरमस्स य४ जहा रयणप्पभाए, नवरं संकमे अणंतगुणा, एवं जाव आयते ।।सू०-१८।।३७०।।**

*(મૂ૦) હે ભગવન્! અસંખ્યાતા પ્રદેશમાં રહેલા અસંખ્યાતપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ રત્નપ્રભાનું અલ્પબહુત્વ કહ્યું તેમજ બધું કહેવું. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! સંખ્યાતા પ્રદેશમાં રહેલા અનન્તપ્રદેશિક પરિમંડલ સંસ્થાનના અચરમ ખંડ, ચરમ ખંડો, ચરમાન્તપ્રદેશો અને અચરમાન્તપ્રદેશોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ સંખ્યાતા પ્રદેશમાં રહેલા સંખ્યાતાપ્રદેશિક પરિમંડલ સંસ્થાન સંબંધે કહ્યું છે તેમ કહેવું. પરંતુ સંક્રમમાં-દ્રવ્યાદિના વિચારના સંક્રમમાં અનંતગુણા જાણવા. એ પ્રમાણે યાવત્ આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્! અસંખ્યાતા પ્રદેશમાં રહેલા અનન્ત પ્રદેશિક પરિમંડલ સંસ્થાનના અચરમ ખંડ- ઇત્યાદિ અલ્પબહુત્વ જેમ રત્નપ્રભા સંબન્ધે કહ્યું છે તેમ કહેવું, પરન્તુ સંક્રમ—દ્રવ્યાદિના વિચારમાં અનન્તગુણા કહેવા. એ પ્રમાણે આયત સંસ્થાન સુધી કહેવું. ॥૧૮॥૩૭૦॥*

## ।। गतिचरमाचरिमाइं ।।

**जीवे णं भंते! गतिचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे। नेरइए णं भंते! गतिचरमेणं किं**

चरिमे, अचरिमे? गोयमा! सिय चरमे, सिय अचरमे, एवं निरंतरं जाव वेमाणिया। नेरइया णं भंते! गतिचरमेणं किं चरिमा अचरिमा? गोयमा! चरिमा वि अचरिमा वि, एवं निरंतरं जाव वेमाणिया।

|| ठितिचरिमाचरिमाइं ||

नेरइए णं भंते! ठितीचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे, एवं निरंतरं जाव वेमाणिए। नेरइया णं भंते! ठितीचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमावि, अचरमावि, एवं निरंतरं जाव वेमाणिया।

|| भवचरमाचरमाइं ||

नेरइए णं भंते! भवचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे, एवं निरंतरं जाव वेमाणिए। नेरइया णं भंते! भवचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमावि अचरमावि, एवं निरंतरं जाव वेमाणिया।

|| भासाचरमाचरमाइं ||

नेरइए णं भंते! भासाचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे सिय अचरमे, एवं निरंतरं जाव वेमाणिए। नेरइया णं भंते! भासाचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमावि अचरमावि, एवं जाव एगिंदियवज्जा निरंतरं जाव वेमाणिया।

|| आणापाणुचरमाचरमाइं ||

नेरइए णं भंते! आणापाणुचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे। एवं निरंतरं जाव वेमाणिए। नेरइया णं भंते! आणापाणुचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमावि अचरमावि। एवं निरंतरं जाव वेमाणिया।

|| आहारचरमाचरमाइं ||

नेरइए णं भंते! आहारचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे सिय अचरमे। एवं निरंतरं जाव वेमाणिया। नेरइया णं भंते! आहारचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमावि अचरमावि, एवं निरंतरं जाव वेमाणिया।

|| भावचरमाचरमाइं ||

नेरइए णं भंते! भावचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे। एवं जाव वेमाणिया। नेरइया णं भंते! भावचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमावि अचरमावि। एवं निरंतरं जाव वेमाणिया।

|| वण्णचरमाचरमाइं ||

नेरइए णं भंते! वण्णचरमेणं किं चरमे अचरमे! गोयमा! सिय चरमे, सिय अचरमे। एवं निरंतरं जाव वेमाणिया। नेरइया णं भंते! वण्णचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरिमा वि अचरिमा वि। एवं निरंतरं जाव वेमाणिया।

|| गंधचरमाचरमाइं ||

नेरइए णं भंते! गंधचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे। एवं निरंतरं जाव वेमाणिया। नेरइया णं भंते! गंधचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमा वि, अचरमा वि। एवं निरंतरं जाव वेमणिया।

|| रसचरमाचरमाइं ||

नेरइए णं भंते! रसचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे। एवं निरंतरं जाव वेमाणिए। नेरइया णं भंते! रसचरमेणं किं चरमा, अचरमा? गोयमा! चरमा वि, अचरमा वि। एवं निरंतरं जाव वेमाणिया।

## || फासचरमाचरिमाइं ||

**नेरइए णं भंते! फासचरमेणं किं चरमे अचरमे? गोयमा! सिय चरमे, सिय अचरमे। एवं निरंतरं जाव वेमाणिए। नेरइया णं भंते! फासचरमेणं किं चरमा अचरमा? गोयमा! चरमा वि, अचरमा वि। एवं निरंतरं जाव वेमाणिया। संगहणिगाहा—**

**"गति ठिइ भवे य भासा आणापाणुचरमे य बोद्धव्वा। आहारभावचरमे वण्ण रसे गंध फासे य"**

।सू०-१९।।३७१।।

**इति पन्नवणाए भगवईए दसमं चरमपदं समत्तं ।**

*(મૂ૦) હે ભગવન્! જીવ ગતિચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ હોય અને કદાચિત્ અચરમ હોય. હે ભગવન્! નૈરયિક શું ગતિચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ હોય અને કદાચિત્ અચરમ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવુ. હે ભગવન્! નૈરયિકો ગતિચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક સ્થિતિચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ હોય અને કદાચ અચરમ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો સ્થિતિચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! ચરમ પણ હોય અને અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક ભવચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ પણ હોય અને કદાચિત્ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો ભવચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ પણ હોય અને કદાચિત્ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક ભાષાચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ પણ હોય અને કદાચિત્ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો ભાષાચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ પણ હોય અને કદાચિત્ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક શ્વાસોચ્છ્વાસ ચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી જાણવું, હે ભગવન્! નૈરયિકો શ્વાસોચ્છ્વાસચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચિત્ ચરમ પણ હોય અને કાદાચિત્ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક આહાર ચરમવડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી સમજવું. હે ભગવન્! નૈરયિકો આહારચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી સમજવું. હે ભગવન્! નૈરયિક ભાવચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો ભાવચરમ વડે ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી સમજવું. હે ભગવન્! નૈરયિક વર્ણચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો વર્ણચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક ગંધચરમ વડે શું*

*ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો ગંધચરમવડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક રસચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી સમજવું. હે ભગવન્! નૈરયિકો રસચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક સ્પર્શચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો સ્પર્શચરમ વડે શું ચરમ છે કે અચરમ છે? હે ગૌતમ! કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકો સુધી સમજવું.*

*સંગ્રહણી ગાથાનો અર્થ—*

*"ગતિ, સ્થિતિ, ભવ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, આહાર, ભાવ, વર્ણ, રસ, ગંધ, અને સ્પર્શ સંબન્ધે ચરમાદિ જાણવા." ||૧૯||૩૭૧||*

*પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદમાં દસમું ચરમ પદ સમાપ્ત.*

(ટી૦) હવે જીવાદિ દંડકને આશ્રયી ચરમ અને અચરમના વિભાગ વડે વિચાર કરે છે—'**जीवे णं भंते! गइचरमे णं किं चरमे**'–હે ભગવન્! જીવ ગતિચરમ વડે શું ચરમ છે?—ઇત્યાદિ. ગતિપર્યાયરુપ ચરમ તે ગતિચરમ, તે વડે વિચાર કરતાં જીવ ચરમ છે કે અચરમ છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! કોઇક ચરમ હોય અને કોઇક અચરમ હોય. તેમાં જે પ્રશ્ન સમયે ગતિપર્યાયમાં અર્થાત્–મનુષ્યગતિ પર્યાયમાં વર્તતો પછીથી કોઇપણ ગતિપર્યાયને પામશે નહિ પણ મુક્ત થશે તે ગતિચરમ અને બાકીના અગતિચરમ. '**नेरइए ण भंते गइचरमेणं**'–હે ભગવન્! નૈરયિક ગતિચરમ વડે ચરમ હોય? ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિક ગતિચરમ વડે એટલે અર્થાત્ નરકગતિરૂપ ચરમ પર્યાય વડે ચરમ છે કે અચરમ છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! કોઇક ચરમ હોય અને કોઇક અચરમ હોય. જે નરકગતિરૂપ પર્યાયથી નીકળી ફરીવાર નરકગતિનો અનુભવ નહિ કરે તે ચરમ બાકીના અચરમ. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી નિરંતર વૈમાનિક–વૈમાનિકસૂત્ર પર્યંત કહેવું. બહુવચનદંડકના સૂત્રમાં ઉત્તર–'**चरमा वि अचरमा वि**'—કેટલાક ચરમ હોય છે અને કેટલાક અચરમ હોય છે. પ્રશ્નસમયે જે કોઇ નૈરયિકો હોય તેઓમાં કેટલાક અવશ્ય નરકગતિપર્યાય વડે ચરમ હોય છે અને બીજા અચરમ હોય છે, તેથી અહીં એક જ ઉત્તર હોય છે 'ચરમ પણ હોય અને અચરમ પણ હોય.' એવી રીતે તે તે ગતિને આશ્રયી બધા સ્થાનોમાં વિચાર કરવો. '**नेरइए णं भंते! ठिइचरमेणं**'–'હે ભગવન્ નૈરયિક સ્થિતિચરમવડે ચરમ છે'? ઇત્યાદિ. હે ભગવન્! તે જ નરકોમાં ચરમ–છેલ્લા સમયની સ્થિતિરૂપ ચરમપર્યાય વડે કરતાં નૈરયિક ચરમ હોય છે કે અચરમ હોય છે? ભગવાન્ કહે છે—'**स्याच्चरमः स्यादचरमः**'–કોઇ ચરમ હોય અને કોઇ અચરમ હોય. તાત્પર્ય એ છે કે જે ફરીથી પણ નરકમાં આવી સ્થિતિના ચરમ સમયને પ્રાપ્ત કરશે તે અચરમ અને બાકીના ચરમ. એમ નિરંતર યાવત્–વૈમાનિક સુધી જાણવું. બહુવચનના દંડકના વિચારમાં કેટલાક ચરમ હોય અને કેટલાક અચરમ પણ હોય. અહીં જેઓ પ્રશ્નસમયે સ્થિતિના છેલ્લા સમયે વર્તે છે તેનો અહીં વિચાર છે એમ નથી, જો એમ હોય તો નારકોમાં ઉદ્વર્તના–મરણના વિરહનો સંભવ હોવાથી વળી એકાદિ જીવોની પણ ઉદ્વર્તના થતી હોવાથી '**चरमा वि अचरमा वि**'—કેટલાક ચરમ પણ હોય છે અને કેટલાક અચરમ પણ હોય છે, આ બન્ને સ્થળે પણ અવશ્ય બહુવચન વડે આપેલો ઉત્તર નહિ ઘટી શકે, પરંતુ પ્રશ્નસમયે જે નારકો છે તે અનુક્રમ પોતપોતાની સ્થિતિના ચરમ સમયને

પ્રાપ્ત થયેલા તે રુપે તે [1]ચરમ કે અચરમ છે–એ વિચારવડે ઉપર કહેલો ઉત્તર ઘટી શકે છે. ભવચરમસૂત્ર ગતિચરમસૂત્રની પેઠે જાણવું. '**नेरइए णं भंते! भाषाचरमेणं**' ઇત્યાદિ. 'હે ભગવન્! નૈરયિક ભાષાચરમ વડે ચરમ છે કે અચરમ છે? ભાષાચરમ-છેલ્લી ભાષા, તેથી સૂત્રનો આ અર્થ થાય છે–હે ભગવન્! નૈરયિક ચરમભાષા વડે ચરમ છે કે અચરમ છે? બાકી બધું સુગમ છે. બહુવચનસૂત્રમાં પ્રશ્નનો ભાવાર્થ આ પ્રમાણે છે–પ્રશ્નસમયે જે નારકો છે તેઓ કાળક્રમે ચરમભાષાને પ્રાપ્ત થાય છે, તેઓ તે ચરમભાષા વડે ચરમ છે કે અચરમ છે? તેથી ઉત્તરસૂત્ર પણ ઘટે છે. એ પ્રમાણે ઉચ્છ્વાસ અને આહારસૂત્રનો પણ વિચાર કરવો. ભાવચરમમાં ઔદારિકભાવ લેવો. બાકી બધુ સુગમ છે.

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં દસમું ચરમપદ સમાપ્ત.

---

૧. સ્થિતિચરમ સંબન્ધે બહુવચનના દંડકમાં કેટલા એક સ્થિતિચરમ વડે ચરમ હોય અને કેટલાક અચરમ પણ હોય. અહીં જે નૈરયિકો સ્વસ્થિતિના ચરમ સમયને પ્રાપ્ત થયેલા હોય તે ચરમ અને બીજા અચરમ એમ ન સમજવું, જો એમ માનીએ તો ઉત્તરસૂત્રમાં 'કેટલા એક '**चरमाः**' ચરમ હોય અને કેટલા '**अचरमाः**' અચરમ હોય' એ બહુવચન ઘટી શકશે નહિ, કારણ કે નૈરયિકોમાં ઉદ્વર્તનાવિરહનો ઉત્કૃષ્ટ કાળ બાર મુહૂર્તનો કહ્યો છે, એટલે તે દરમ્યાન કોઇ નૈરયિક ચ્યવતો નથી, તેમજ કદાચિત્ એકાદિ નૈરયિકની પણ ઉદ્વર્તના હોય છે એટલે પ્રશ્નસમયે જ્યારે એક પણ નૈરયિક સ્થિતિના ચરમ સમયને ન પ્રાપ્ત થયેલો હોય, અથવા એક કે બે નૈરયિક પ્રાપ્ત થયેલા હોય ત્યારે 'કેટલાક ચરમ હોય અને કેટલાક અચરમ હોય' એ ઉત્તર ઘટી શકે નહિ, માટે પ્રશ્નસમયે જે નૈરયિકો છે તેમાં કેટલાક ચરમસ્થિતિને પ્રાપ્ત થયેલા હોય કે અનુક્રમે થવાના હોય, પણ ફરીથી નરકમાં આવી સ્થિતિના ચરમ સમયનો અનુભવ નહિ કરે તે સ્થિતિચરમ જાણવા અને ફરીથી નરકમાં આવી સ્થિતિના ચરમ સમયનો અનુભવ કરશે તે અચરમ જાણવા–અનુવાદક.

- *અરિહંત ઈન્દ્રો અને દેવતાઓની સેવાની અપેક્ષા રાખતા જ નથી. તે ઈન્દ્રો તો પોતાના સ્વાર્થ માટે જ અરિહંતની ભક્તિ કરે છે. એમનો સ્વાર્થ અરિહંતની ભક્તિ દ્વારા અરિહંત બનવાનો છે.*
- *અરિહંતની પાસે યાચકો આવવાના જ. એમાં બેમત નથી જ, પણ એજ યાચકો મેળવી જાય છે, જે યાચકો એમની પાસે જે હોય છે તે જ માંગે છે. પણ જે યાચકો એમના દ્વારા તજાયલું માગે છે તે તો ખાલી હાથે જ પાછા જાય છે. એમાં આશ્ચર્ય પણ નથી જ. અને શંકાને સ્થાન પણ નથી જ.*
- *અરિહંતના શાબ્દિક અર્થને જ જો લેવામાં આવે તો અનર્થ થઈ જાય. કારણ કે શાબ્દિક અર્થ તો અરિ–શત્રુ, હત–હણનાર, શત્રુને હણનાર ને અરિહંત એમ થાય છે. આ જગતમાં પોતાના શત્રુને હણનારા તો અનેક છે. એથી એ સર્વે અરિહંત પદમાં આવી જાય પણ એ અર્થ ઈષ્ટ નથી. તેથી તે શબ્દનો તાત્વિક અર્થ લેવો પડે અને તે અરી=અંતરંગ શત્રુ [રાગ–દ્વેષ] હંત=હણનાર, રાગ–દ્વેષ રૂપી અંતરંગ શત્રુઓને હણનાર તે અરિહંત એ માટે પ્રત્યેક શબ્દનો તાત્વિક અર્થ જ વિચારવો સમજવો આવશ્યક છે.*
- *આત્મગુણ પ્રગટ કરવા અરિહંત એજ સર્વોત્તમ આલંબન છે. માટે એમના આલંબનનો ત્યાગ કરનાર તો સમુદ્રની અધવચ્ચે નૌકાનો ત્યાગ કરનાર વ્યક્તિના જેવો છે.*

– જયાનંદ

## || एक्करसमं भासापयं ||

## || ओहारिणी भासापरूवणं ||

**से णूणं भंते! मण्णामीति ओहारिणी भासा? चिंतेमीति ओहारिणी भासा? अह मण्णामीति ओहारिणी भासा? अह चिंतेमीति ओहारिणी भासा? तह मण्णामीति ओहारिणी भासा? तह चिंतेमीति ओहारिणी भासा? हंता गोयमा! मण्णामीति ओहारिणी भासा, चिंतेमीति ओहारिणी भासा, अह मण्णामीति ओहारिणी भासा, अह चिंतेमीति ओहारिणी भासा, तह मण्णामीति ओहारिणी भासा, तह चिंतेमीति ओहारिणी भासा ।।सू०-१।।३७२।।**

### *અગિઆરમું ભાષાપદ*

*(મૂ૦) હે ભગવન્! હું એમ અવશ્ય માનું છું કે ભાષા અવધારિણી—અર્થનો બોધ કરનારી છે, હું એમ ચિન્તન કરું છું–વિચારું છું કે ભાષા અવધારિણી છે. હું એમ માનુ છું ભાષા અવધારિણી છે? હું એમ ચિંતન કરું કે ભાષા અવધારિણી છે? હું તે પ્રકારે મનન કરું કે ભાષા અવધારિણી છે? હું તે પ્રકારે ચિન્તન કરું કે ભાષા અવધારિણી છે? હા ગૌતમ! તું એમ માન કે ભાષા અવધારિણી છે, તું એમ વિચાર કર કે ભાષા અવધારિણી છે. તું તે પ્રકારે મનન કર કે ભાષા અવધારિણી છે, તું તે પ્રકારે ચિન્તન કર કે ભાષા અવધારિણી છે, તે પ્રકારે મનન અથવા ચિન્તન કર કે ભાષા અવધારિણી છે. ।।૧।।૩૭૨।।*

(ટી૦) એ પ્રમાણે દસમા પદની વ્યાખ્યા કરી, હવે અગિયારમા પદનો પ્રારંભ કરાય છે, તેનો સંબન્ધ આ પ્રમાણે છે–અહીં પૂર્વના પદમાં પ્રાણીઓના રત્નપ્રભાદિ ઉપપાતક્ષેત્ર છે, તેના ચરમ અને અચરમ વિભાગનું પ્રતિપાદન કર્યું. અહીં ભાષાપર્યાપ્તિવડે પર્યાપ્તાઓની સત્યાદિ ભાષાઓનો વિભાગ બતાવાય છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**से नूणं भंते! मण्णामीति ओहारिणी भासा**' હે ભગવન્! હું અવશ્ય માનું છું કે ભાષા અવધારિણી છે' ઇત્યાદિ. से શબ્દ અર્થ શબ્દના અર્થમાં છે. અને તે વાક્યના પ્રારંભમાં વપરાય છે. '**नूनम्**' અવ્યય ઉપમાન, અવધારણ, તર્ક પ્રશ્ન અને હેતુના અર્થમાં વપરાય છે. અહીં અવધારણ અર્થમાં છે. 'ભંતે' ભદન્ત એ આમન્ત્રણ છે. 'મન્યે' માનું છું, જાણુ છું કે 'ઇતિ એ પ્રમાણે 'અવધારિણી'—**अवधार्यते अर्थोऽनया**–જે

---

* હે ભગવન્! આપ નિશ્ચિત માનો છો કે ભાષા અવધારિણી—અર્થનો નિશ્ચય કરનારી છે, આપ ચિંતવો છો કે ભાષા અવધારિણી છે? આપ જે પ્રકારે માનો છો કે ભાષા અવધારિણી છે, આપ જે પ્રકારે ચિંતવો છો કે ભાષા અવધારિણી છે તે પ્રકારે હું માનું છું કે ભાષા અવધારિણી છે; તે પ્રકારે હું ચિંતવુ કે ભાષા અવધારિણી છે? હા, ગૌતમ! હું માનું છુ કે ભાષા અવધારિણી છે, હું ચિંતવુ કે ભાષા અવધારિણી છે. હું જે પ્રકારે માનું છુ કે ભાષા અવધારિણી છે, હું જે પ્રકારે ચિંતવુ છું કે ભાષા અવધારિણી છે તે પ્રકારે તુ માન કે ભાષા અવધારિણી છે, તે પ્રકારે તુ ચિંતવ કે ભાષા અવધારિણી છે. અહીં મૂળ સૂત્રમાં '**मन्नामि**' એવો પાઠ છે, તેથી તેનો પ્રસિદ્ધ અર્થ 'હું માનુ છું' એવો થાય છે, પરન્તુ ટીકાકાર જણાવે છે કે "**मन्नामि इत्यादीनि क्रियापदानि प्राकृतशैल्या छान्दसत्वाच्चा युष्मदर्थेऽपि प्रयुज्यन्ते.**" '**मन्नामि**' ઇત્યાદિ ક્રિયાપદો પ્રાકૃતશૈલીથી અને સૂત્રની રચના હોવાથી '**युष्मद्**' શબ્દના અર્થમાં પણ પ્રયોજાય છે. વળી "**प्रहासे च मन्योपपदे मन्यतेरुत्तम एकवच्च**" (૧. ૪. ૧૦૬.) એવું પાણિનીય સૂત્ર છે. તેનો અર્થ આવો થાય છે–પ્રહાસ–હાસ્ય ગમ્યમાન હોય ત્યારે મન્ ધાતુ જેની સમપિવર્તી હોય એવા ધાતુથી મધ્યમ પુરુષ અને '**मन्**' ધાતુથી ઉત્તમ પુરુષનો પ્રત્યય લાગે છે, અને તે એકવચનમાં મૂકવામાં આવે છે. જેમકે '**एहि मन्ये रथेन यास्यसि, न यास्यसि, यातस्ते पिता**'. આવું તું માને છે કે રથમા બેસીને હું જઇશ, પણ તું નહિ જઇ શકે, કારણ કે તારો પિતા (રથમાં બેસીને) ગયો. અહીં '**मन्ये**' નો અર્થ 'त्वं મન્યસે' તું માને છે એવો થાય છે. જો કે અહીં પ્રહાસ નથી, તોપણ મન્ ધાતુથી યુષ્મદ્ શબ્દના અર્થમાં ઉત્તમ પુરુષનો પ્રયોગ થાય છે એમ માનવાને કારણ છે, તેથી અહીં **से नूणं भंते! 'मन्नामी'ति अथ नूनं भदन्त! त्वं मन्यसे**–હે ભગવન્! તમે માનો છો કે '**नूनम्**' અવશ્ય ભાષા અવધારિણી છે? એ એક પ્રશ્ન છે, અને '**अह मन्नामीति अवधारिणी भासा**' અહીં '**अह**' યથા–જે પ્રકારે આપ માનો છો કે ભાષા અવધારિણી છે '**तह**' તથા–તે પ્રકારે હું માનું? એ બીજો પ્રશ્ન છે અને તે બન્નેના ક્રમશઃ ઉત્તરો આપવામાં આવ્યા છે. ટીકાકારે આ સૂત્રની વ્યાખ્યા કરી છે તેને અનુસરી ઉપર મૂળના અનુવાદનો અર્થ આપ્યો છે. તે સિવાય બીજી રીતે પણ આ સૂત્રનો અર્થ થઇ શકે છે અને તે પણ સંગત હોવાથી અહીં આપવામાં આવ્યો છે.

વડે અર્થનો નિશ્ચય થાય તે અવધારિણી અર્થાત્-અર્થના અવબોધનું કારણભૂત, ભાષ્યતે-બોધાય તે ભાષા, એટલે ભાષાને યોગ્ય હોવાથી પરિણમન કરેલા અને છોડી દીધેલા ભાષાવર્ગણા દ્રવ્યનો સમુદાય. આ પદનો અર્થ છે. વાક્યનો અર્થ આ પ્રમાણે છે-હે ભગવન્! હું એમ માનું છું કે ભાષા અવશ્ય અવધારિણી-અર્થાવબોધના કારણભૂત છે, આ વિચાર્યા સિવાય એકવાર માનું છું એમ નથી, પણ '**चिन्तयामि**' યુક્તિદ્વારા ચિંતવું છું, વિચારું છું કે ભાષા અવધારિણી છે. એમ ગૌતમ સ્વામી પોતાનો અભિપ્રાય ભગવન્તને નિવેદન કરી પ્રસ્તુત અર્થના નિશ્ચય નિમિત્તે આ પ્રમાણે ભગવન્તને પૂછે છે—'**अह मण्णामीति ओहारिणी भासा**'-અથશબ્દ પ્રક્રિયા, પ્રશ્ન, અનન્તર્ય-પછી, મંગલ, ઉપન્યાસ-પ્રારંભ, પ્રતિવચન અને સમુચ્ચયના અર્થમાં છે. અહીં પ્રશ્નના અર્થમાં છે. કાકુ (પ્રશ્નાર્થક ધ્વનિ) વડે આ સૂત્રનો પાઠ કહેવો. તેથી આ અર્થ થાય છે. અથ-હે ભગવન્! હું એમ માનું, મનન કરું કે ભાષા અવધારિણી છે? બીજા અભિપ્રાયના નિવેદનને આશ્રયી પ્રશ્ન કરે છે-હું એમ ચિન્તન કરું કે ભાષા અવધારિણી છે? આ મારી માન્યતા નિર્દોષ છે? હવે પ્રશ્ન સમયની પૂર્વે જેમ મનન અને ચિન્તન કર્યું હતું, તેમ અત્યારે પ્રશ્ન સમયે પણ મનન અને ચિન્તન કરુ? અન્ય પ્રકારે નહિ? એ પ્રમાણે ભગવન્તના જ્ઞાનની સાથે સંવાદ-મેળ કરવાની ઇચ્છાવાળા ગૌતમ સ્વામી પૂછે છે—'**तह मन्नामीति ओहारिणी भासा, तह चिन्तेमीति ओहारिणी भासा**' તથા શબ્દ સમુચ્ચય, નિર્દેશ, અવધારણ, સાદશ્ય અને પ્રશ્નના અર્થમાં છે. અહીં નિર્દેશ અર્થમાં છે. કાકુ-પ્રશ્નાર્થક ધ્વનિવડે આ સૂત્રનો પણ પાઠ કહેવો. તેથી પ્રશ્નાર્થનો ખ્યાલ આવે છે. હે ભગવન્! જેમ પૂર્વે માનતો હતો તેમ અત્યારે પણ હું માનું કે 'એ પ્રમાણે અવધારિણી ભાષા છે'? એ પ્રશ્નનો અભિપ્રાય છે. તાત્પર્ય એ છે કે હે ભગવન્! મારા અત્યારના મનનમાં કંઇપણ વિશેષ નથી, જેમ મેં પૂર્વે ચિન્તવ્યું હતું તથા-તે પ્રકારે અત્યારે ચિન્તવું કે ભાષા અવધારિણી છે? એ બરોબર છે? એ પ્રમાણે ગૌતમ સ્વામીએ પોતાના અભિપ્રાયના નિર્દેશનરૂપ પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ કહે છે—'**हन्ता गोयमा! मन्नामीति ओहारणी भासा**'-હન્ત-સંપ્રેષણ, પ્રત્યવધારણ-સ્વીકાર અને વિવાદના અર્થમાં છે. અહીં પ્રત્યવધારણ અર્થમાં જાણવો. '**मन्नामि**' ઇત્યાદિ ક્રિયાપદોનો પ્રાકૃત શૈલિથી કે છાન્દસ-સૂત્રની રચનાને લીધે યુષ્મદ્-'તમે' ના અર્થમાં પણ પ્રયોગ થાય છે. તેથી તેનો આ અર્થ છે-હા, ગૌતમ! તું માને છે કે ભાષા અવધારિણી છે' એ હું કેવલજ્ઞાન વડે જાણું છું, એ અભિપ્રાય છે. અને તું ચિંતવે છે કે એ પ્રમાણે અવધારણી-અર્થનો અવબોધ કરનારી ભાષા છે, આ પણ હું કેવલજ્ઞાની હોવાથી જાણું છું. '**अह मन्नामिति ओहारणी भासा**'—અથ શબ્દ આનન્તર્ય (પછી)ના અર્થમાં છે, એટલે એ વાત મને સંમત હોવાથી હવે પછી તું નિઃશંક માન કે એ પ્રમાણે અવધારિણી ભાષા છે, હવે પછી તું નિઃશંક ચિન્તન કરે છે એ પ્રમાણે અવધારિણી ભાષા છે. 'આ તારી માન્યતા યથાર્થ અને નિર્દોષ છે'-એ અભિપ્રાય છે. જેમ તું પૂર્વે માનતો હતો 'તથા'-તે પ્રમાણે અવિકલપણે—પરિપૂર્ણપણે માન કે એ પ્રમાણે અવધારિણી ભાષા છે, તાત્પર્ય એ છે કે જેમ તેં પૂર્વે મનન કર્યું હતું, અત્યારે પણ મને માન્ય હોવાથી બધું તે પ્રમાણે જ મનન કર, કંઇપણ શઙ્કા ન કર, તથા સંપૂર્ણપણે ચિન્તન કર કે 'ભાષા અવધારિણી છે'. ॥૧॥૩૭૩॥

**ओहारिणी णं भंते! भासा किं सच्चा, मोसा, सच्चामोसा, असच्चामोसा? गोयमा! सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा। से केणट्ठेणं भंते! एवं वुच्चति—'ओहारिणी णं भासा सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा'? गोयमा! आराहणी सच्चा, विराहणी मोसा, आराहणविराहणी सच्चामोसा, जा णेव आराहणी णेव विराहणी णेवाराहणविराहणी सा असच्चामोसा णामं सा चउत्थी भासा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति—'ओहारिणी णं भासा सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा'** ।सू०-२।।२७३।।

*(મૂ૦) હે ભગવન્! અવધારિણી—અર્થનો બોધ કરનારી ભાષા શું સત્ય, મૃષા, સત્યમૃષા, અસત્યામૃષા છે? હે ગૌતમ! કદાચિત્ સત્ય હોય, કદાચિત્ મૃષા હોય, કદાચિત્ સત્યમૃષા હોય કે કદાચિત્ અસત્યામૃષા હોય. હે ભગવન્! એમ*

*શા હેતુથી કહો છો કે 'અવધારિણી ભાષા કદાચિત્ સત્ય, કદાચિત્ મૃષા, કદાચિત્ સત્યમૃષા, કે કદાચિત્ અસત્યામૃષા હોય'? હે ગૌતમ! જે આરાધની—સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની સાધક ભાષા તે સત્ય ભાષા, જે વિરાધની—સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની બાધક અસત્ય ભાષા તે મૃષા, જે આરાધની અને વિરાધની બન્ને પ્રકારની તે સત્યમૃષા ભાષા, અને જે આરાધની નથી, વિરાધની નથી, તેમ આરાધની અને વિરાધની ઉભય પ્રકારની નથી તે અસત્યામૃષા નામે ચોથી ભાષા છે, તે માટે હે ગૌતમ! હું એમ કહું છું કે અવધારિણી ભાષા કદાચિત્ સત્ય, કદાચિત્ અસત્ય, કદાચિત્ સત્યમૃષા અને કદાચ અસત્યામૃષા હોય છે. ॥૨॥૭૭૩॥*

(ટી૦) એ પ્રમાણે 'ભાષા અવધારિણી છે' એમ નિર્ણય કર્યો, હવે આ અવધારિણી ભાષા સત્ય છે, મૃષા છે ઇત્યાદિ નિર્ણય કરવા માટે પૂછે છે—'**ओहारिणी णं भंते!**' અવધારણી—અર્થાવબોધના કારણભૂત ભાષા શું સત્ય, મૃષા, સત્યમૃષા કે અસત્યામૃષા છે? તેમાં '**सद्भ्यो हिता सत्या**'—સતને હિતકારક તે સત્ય. **सत्—मुनिओ**, કારણ કે તેઓ ભગવન્તની આજ્ઞાના સમ્યક્ આરાધક હોવાથી પરમ શિષ્ટ છે, તેઓને હિતકારક—આ લોક અને પરલોકની આરાધક હોવાથી મુક્તિ પ્રાપ્ત કરાવનાર તે સત્યભાષા. (અહીં સત્ શબ્દનો યુગાદિમાં પાઠ હોવાથી य પ્રત્યય થયો છે.) અથવા જે જેને હિતકારક હોય તે (હિતકારક) તેને વિષે સાધુ—યોગ્ય હોય છે. સત્‌ને માટે યોગ્ય ભાષા તે સત્ય. '**तत्र साधौ**' એ વ્યાકરણના સૂત્રથી य પ્રત્યય થયો છે. અથવા સત્ એટલે મૂળ મહાવ્રતો અને તેના સાધક ઉત્તર ગુણો, તેઓ જ જગતમાં મુક્તિપદના પ્રાપ્ત કરાવનાર હોવાથી સત્—અત્યન્ત શ્રેષ્ઠ છે, તેને હિતકારક તે સત્ય. અથવા સત્—વિદ્યમાન અને તે ભગવન્તે ઉપદેશેલા જીવાદિ પદાર્થો છે, બીજા પદાર્થોની સત્તા માત્ર કલ્પનાજન્ય હોવાથી વાસ્તવિક રીતે તે સત્ નથી: તેને યથાવસ્થિત વસ્તુતત્ત્વની પ્રરૂપણા કરવા વડે હિતકારક અથવા તેમાં સાધુ—યોગ્ય જે ભાષા તે સત્યભાષા. તેથી વિપરીત સ્વરૂપવાળી મૃષાભાષા, સત્ય અને મૃષા ઉભય સ્વભાવવાળી તે સત્યમૃષા અને જે ત્રણે ભાષામાં તેના લક્ષણના અભાવથી જેનો અન્તર્ભાવ થતો નથી અને આમન્ત્રણ, આજ્ઞા કરવી વગેરે જેનો વિષય છે એવી ભાષા અસત્યામૃષા કહેવાય છે. કહ્યું છે કે—

**"सच्चा हिया सयामिह सन्तो मुणयो गुणा पयत्था वा। तव्विवरीया मोसा मीसा जा तदुभयसहावा॥ अणहिगया तीसु वि सद्दो च्चिय केवलो असच्चमुसा ।"**

સત્ એટલે મુનિઓ, ગુણો, અને પદાર્થો; સત્‌ને હિતકારક તે સત્ય. તેથી વિપરીત તે મૃષા. ઉભય સ્વભાવવાળી તે મિશ્રિત ભાષા, ત્રણેને વિષે જેનો અધિકાર નથી અને જે શબ્દવ્યવહારરૂપ હોય તે અસત્યામૃષા ભાષા કહેવાય છે. હવે ભગવાન્ ઉત્તર કહે છે—**गोयमा!** '**सिय सच्चा**' ઇત્યાદિ. હે ગૌતમ! કદાચ સત્ય પણ હોય, કદાચિત્ અસત્ય પણ હોય, કદાચિત્ સત્યમૃષા હોય અને કદાચિત્ અસત્યામૃષા હોય. અહીં આ સંબન્ધે પ્રશ્ન કરે છે—'**से केणट्ठेणं भंते!**' 'હે ભગવન્ એમ શા હેતુથી કહો છો'? ઇત્યાદિ પાઠ સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! 'આરાધની સત્યભાષા છે.' અહીં વિવાદના વિષયમાં વસ્તુનું સ્થાપન કરવાની બુદ્ધિથી જે સર્વજ્ઞના મતને અનુસરી બોલાય, જેમકે આત્મા છે અને તે સત્, અસત્, નિત્ય, અનિત્ય આદિ અનેક ધર્મયુક્ત છે—ઇત્યાદિ યથાવસ્થિત વસ્તુને કહેવાવાળી '**आराध्यते मोक्षमार्गोऽनया**' જેનાથી સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનું આરાધન થાય એવી આરાધની ભાષા કહેવાય છે, અને આરાધની હોવાથી તે સત્યભાષા કહેવાય છે. વિરાધની—'**विराध्यते मुक्तिमार्गोऽनया**'—જે વડે મુક્તિમાર્ગની વિરાધના થાય તે, એટલે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને પ્રતિકૂલ હોય તે મૃષાભાષા કહેવાય છે. વિવાદના વિષયમાં વસ્તુનું સ્થાપન કરવાના આશયથી સર્વજ્ઞના મતથી પ્રતિકૂલપણે જે બોલાય, જેમકે 'આત્મા નથી, અથવા તે એકાન્તનિત્ય છે'—ઇત્યાદિ તે અસત્ય ભાષા છે, તથા સત્ય છતાં બીજાને પીડા ઉત્પન્ન કરનારી વિપરીત વસ્તુના કથનથી, પરને પીડાનો હેતુ હોવાથી, કે મુક્તિમાર્ગની વિરાધના કરનાર હોવાથી વિરાધની અને વિરાધકભાવવાળી હોવાથી મૃષાભાષા કહેવાય છે. કોઇ નગર કે પત્તનને ઉદ્દેશી પાંચ બાળકોનો જન્મ થયો હોય ત્યારે એમ કહેવાય કે અહીં દસનો જન્મ થયો છે, તે સ્થૂલવ્યવહારનયના મતથી આરાધની—વિરાધની કહેવાય છે, કારણ કે પાંચ

બાળકોનો જન્મ થયો છે તેટલે અંશે યથાર્થપણાનો સંભવ છે માટે આરાધની, 'દસ પૂરા નથી' એટલા અંશે અયથાર્થપણાનો સંભવ હોવાથી વિરાધની, એ રીતે આરાધની વિરાધની હોવાથી સત્યમૃષા કહેવાય છે. જે તેનું લક્ષણ નહિ હોવાથી આરાધની નથી, તેમ વિપરીત વસ્તુના કથનના અભાવથી અને પરપીડાનો હેતુ નહી હોવાથી વિરાધની પણ નથી, તેમ અમુક અંશે સંવાદ-યથાર્થપણાના અને વિસંવાદ-અયથાર્થપણાના અભાવથી આરાધની-વિરાધની પણ નથી એવી 'હે સાધુ પ્રતિક્રમણ કરો, સ્થંડિલનું પ્રત્યુપેક્ષણ કરો' ઇત્યાદિ વ્યવહારસાધક આમન્ત્રણી વગેરે ભેદવાળી અસત્યામૃષા નામે ચોથી ભાષા છે. 'એ હેતુથી હે ગૌતમ! એમ કહું છું, ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. ॥૨॥૩૭૩॥

## ॥ पण्णवणीभासापरूवणं ॥

**अहं भंते! गाओ मिया पसू पक्खी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! गाओ मिया पसू पक्खी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।सू०-३॥३७४॥**

*(મૂ૦) હે ભગવન્! ગો-બળદ, મૃગો, પશુઓ અને પક્ષીઓ' એ ભાષા પ્રજ્ઞાપની—અર્થનું પ્રતિપાદન કરનારી છે? આ ભાષા મૃષા—અસત્ય નથી? હે ગૌતમ! અવશ્ય ગો, મૃગો, પશુઓ અને પક્ષીઓ એ ભાષા પ્રજ્ઞાપની છે, ભાષા અસત્ય નથી. ॥૩॥૩૭૪॥*

(ટી૦) અહીં 'યથાવસ્થિત વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરનારી ભાષા આરાધની હોવાથી સત્ય છે' એમ કહ્યું, તેથી સંશયને પ્રાપ્ત થયેલા ગૌતમ સ્વામી સંશય દૂર કરવા માટે પૂછે છે—**'अह भंते! गाओ मिया'** ઇત્યાદિ. હે ભગવન્! ગો-પ્રસિદ્ધ છે, મૃગો પણ પ્રસિદ્ધ છે, પશુઓ-બકરાઓ, પક્ષિઓ પણ પ્રસિદ્ધ છે, એ ભાષા **'प्रज्ञाप्यतेऽर्थोऽनया'** ઇતિ જે વડે અર્થ જણાવાય તે પ્રજ્ઞાપની-અર્થને પ્રતિપાદન કરનારી યથાર્થ ભાષા છે? એટલે પ્રરૂપણા કરવા યોગ્ય છે? આ ભાષા સત્ય છે? આ ભાષા મૃષા નથી? અહીં પ્રશ્નનો આ ભાવાર્થ છ—'ગો' એવી ભાષા ગોજાતિનું પ્રતિપાદન કરે છે, અને જાતિમાં ત્રણે લિંગવાળા અર્થો અભિધેય-કહેવા યોગ્ય છે. કારણ કે ત્રણે લિંગનો જાતિમાં સંભવ છે. એ પ્રમાણે મૃગ, પશુ અને પક્ષી સંબન્ધે પણ જાણવું. પરંતુ આ શબ્દો ત્રણે લિંગના વાચક નથી, કેમકે તેથી તેવા પ્રકારની પ્રતીતિ થતી નથી, પણ તે શબ્દો પુંલિંગ રૂપ અર્થના વાચક છે. તેથી સંશય થાય છે કે આ ભાષા પ્રજ્ઞાપની-યથાવસ્થિત અર્થની પ્રતિપાદન કરનારી છે કે નહિ? ભગવાન્ ઉત્તર આપે છે- **'हन्ता गोयमा'**! ઇત્યાદિ. 'હન્ત' શબ્દ અવધારણ અર્થમાં છે. **'गौतम'** એ આમન્ત્રણ અર્થમાં છે. એટલે હે ગૌતમ! અવશ્ય **'गो'**-ઇત્યાદિ ભાષા પ્રજ્ઞાપની છે. તેના અર્થનું કથન કરવા માટે પ્રરૂપણા કરવા યોગ્ય છે, કારણ કે યથાવસ્થિત અર્થનું પ્રતિપાદન કરનારી હોવાથી સત્ય છે. તોપણ જાતિનું પ્રતિપાદન કરનારી આ ભાષા છે, અને જાતિનો ત્રણે લિંગની સાથે સંબન્ધ છે, માટે જાતિના પ્રતિપાદન વડે યથાસંભવ ત્રણે લિંગવાળા વિશેષ અર્થોનું પ્રતિપાદન થાય છે. તેથી યથાવસ્થિત અર્થના પ્રતિપાદનથી આ ભાષા પ્રજ્ઞાપની છે. વળી એમ જે કહેવામાં આવ્યું છે **'गो'** વગેરે શબ્દો પુંલિંગ વિશિષ્ટ અર્થના વાચક છે. તેના ઉત્તરમાં શબ્દમાં લિંગની વ્યવસ્થા વ્યાકરણ શાસ્ત્રને આધીનછે. [1]**"स्त्रीपुंनपुंसकसहोक्तौ परं"** [2]**"ग्राम्याशिशुद्विखुरसंघे स्त्री प्राय:"** ઇત્યાદિ વ્યાકરણના નિયમ છે; તેથી કોઇ શબ્દમાં વ્યાકરણના નિયમથી સ્ત્રીલિંગ, કોઇમાં પુંલિંગ અને કોઇમાં નપુંસકલિંગ થાય છે. વાસ્તવિક રીતે તો બધા જાતિવાચક શબ્દ ત્રણે લિંગરૂપ અર્થને તે તે દેશ, કાળ અને પ્રસ્તાવાદિના સામર્થ્યથી કહે છે. માટે તેમાં કોઇપણ પ્રકારનો દોષ નથી. આ ભાષા અન્યને પીડા કરનાર નથી, તેમજ છેતરવા વગેરે દુષ્ટ આશયથી કહેલી નથી, માટે અસત્ય નથી, તેથી પ્રજ્ઞાપની છે. ॥૩॥૩૭૪॥

---

૧. સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુંસકલિંગવાળા શબ્દોની સહોક્તિ-સાથે કથન હોય ત્યારે પર-નપુંસકલિંગવાચી શબ્દ શેષ રહે છે અને બીજાનો લોપ થાય છે.

૨. ગ્રામ્ય અને શિશુભિન્ન બે ખરીવાળા પ્રાણીઓના સમુદાયનું કથન હોય ત્યાં સ્ત્રીવાચી શબ્દ શેષ રહે છે અને બીજાનો લોપ થાય છે.

**अह भंते! जा य इत्थीवयू, जा य पुमवयू, जा य णपुंसगवयू पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! जा य इत्थीवयू, जा य पुमवयू, जा य नपुंसगवयू पण्णवणी णं एसा भासा, न एसा भासा मोसा ।।सू०-४।।३७५।।**

*(મૂ૦) હે ભગવન્! જે સ્ત્રીવાક્—સ્ત્રીલિંગવાચી, પુંવાક્—પુરુષલિંગવાચી, નપુંસકવાક્—નપુંસકલિંગવાચી, એ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? હે ગૌતમ! સ્ત્રીલિંગવાચક, પુરુષલિંગવાચક અને નપુંસકલિંગવાચક આ ભાષા પ્રજ્ઞાપની–અર્થનું પ્રતિપાદન કરનારી છે, આ ભાષા અસત્ય નથી. ।।૪।।૩૭૫।।*

(ટી૦) **'अह भंते जा य इत्थिवयू'** ઇત્યાદિ. **'अथ'** પ્રશ્નના અર્થમાં છે. **'भदन्त'** એ સંબોધનના અર્થમાં છે. હે ભગવન્! સ્ત્રીવાક્–સ્ત્રીલિંગ પ્રતિપાદન કરનારી ભાષા 'ખટ્વાલતા'–ઇત્યાદિ, પુરુષવાક્–ઘટ, પટ–ઇત્યાદિ પુંલ્લિગપ્રતિપાદક ભાષા, **नपुंसकवाक्–कुड्य–भीतं, कांड**–ઇત્યાદિ નપુંસકલિંગનું પ્રતિપાદન કરનારી ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? અહીં સંશયનું કારણ એ છે કે ખટ્વા ઘટ અને કુડ્ય વગેરે શબ્દો અનુક્રમે સ્ત્રી, પુરુષ અને નપુંસક લિંગના વાચક છે. સ્ત્રી, પુરુષ અને નપુંસકોનું આ લક્ષણ છે—**"યોનિ, કોમળતા, અસ્થિરતા, મુગ્ધપણું, કાયરપણું, સ્તનો અને પુરુષસમાગમની ઇચ્છા, એ સાત સ્ત્રીપણાના ચિહ્નો છે. પુરુષચિહ્ન, કઠોરપણું, દૃઢતા, પરાક્રમ, દાઢીમૂછ, ધૃષ્ટતા-નિર્લજ્જતા, અને સ્ત્રીસમાગમની ઇચ્છા—એ સાત ચિહ્નો પુરુષપણાના છે. સ્તનાદિ અને દાઢીમૂછ-ઇત્યાદિ લક્ષણનો સદ્ભાવ અને અભાવ સહિત અને મોહાગ્નિવડે પ્રજ્વલિત એવાને પંડિતો નપુંસક કહે છે"**. તેમજ બીજે સ્થળે પણ કહ્યું છે કે **'સ્તન કે કેશવાળી સ્ત્રીઓ અને લોમશઃ-રોમયુક્ત પુરુષ કહ્યો છે. જ્યાં બન્ને લક્ષણનો અન્તર-અવકાશ હોય તે નપુંસક કહ્યો છે.** આવાં સ્ત્રી–ઇત્યાદિનાં લક્ષણો ખટ્વાદિમાં જણાતાં નથી, તે, આ પ્રમાણે–જો તેનાં એક એક અવયવને જુદાં કરી સારી રીતે તપાસ કરીએ તોપણ તેઓમાં પૂર્વોક્ત સ્ત્રી વગેરેના લક્ષણ જણાતા નથી. તેથી આ ભાષા પ્રજ્ઞાપની છે કે નહી એવો સંશય ઉત્પન્ન થાય છે અને તેને દૂર કરવાને માટે પૂછે છે. અહીં ભગવાન્! ઉત્તર આપે છે—**'हन्ता गोयमा'**! હે ગૌતમ! અવશ્ય ઇત્યાદિ અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. તેનો ભાવાર્થ આ છે–અહીં શબ્દની પ્રવૃત્તિના વિચારમાં પૂર્વોક્ત સ્ત્રી ઇત્યાદિના લક્ષણો સ્ત્રીલિંગાદિ શબ્દનું વાચ્ય નથી, પરંતુ **'इयम्, अयम्, अने इदम्'** શબ્દની વ્યવસ્થાના કારણભૂત પદાર્થના ધર્મો સ્ત્રીલિંગાદિ શબ્દ વાચ્ય છે અને તે ગુરુના ઉપદેશ અને પરંપરાથી જાણી શકાય છે. આ કલ્પના માત્ર નથી, કારણ કે વાસ્તવિક રીતે તે તે શબ્દના અભિધેયરૂપે–અર્થરૂપે તે અભિધેયધર્મોનું પરિણમન થાય છે. અને તે શબ્દોના અભિધેય ધર્મો પરમાર્થથી તાત્ત્વિકરૂપે છે. શાકટાયન પણ કહે છે—**"अयमियमिदमिति शब्दव्यवस्थाहेतुरभिधेयधर्म उपदेशगम्यः स्त्रीपुंनपुंसकत्वानि"** ઇતિ—અયમ્, ઇયમ્, અને ઇદમ્ એ શબ્દની વ્યવસ્થાનું કારણ ઉપદેશગમ્ય પદાથનો ધર્મ તે સ્ત્રીલિંગ, પુંલ્લિંગ અને નપુંસકલિંગ છે." આ બાબત સવિસ્તરપણે સ્વોપજ્ઞ શબ્દાનુશાસનના વિવરણમાં અમે પ્રતિપાદન કરેલી છે. તેથી શાબ્દિક વ્યવહારની અપેક્ષાએ યથાવસ્થિત અર્થનું પ્રતિપાદન કરવાથી આ ભાષા પ્રજ્ઞાપની છે. વળી તેની ઉત્પત્તિ દુષ્ટ વિવક્ષાથી થયેલી નહિ હોવાથી તેમજ અન્યની પીડાનું કારણ નહી હોવાથી તે અસત્ય નથી. ।।૪।।૩૭૫।।

**अह भंते! जा य इत्थिआणवणी, जा य पुमआणवणी, जा य नपुंसगआणवणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! जा य इत्थिआणवणी, जा य पुमआणवणी, जा य नपुंसगआणवणी पण्णवणी णं एसा भासा, न एसा भासा मोसा ।।सू०-५।।३७६।।**

*(મૂ૦) હે ભગવન્! જે સ્ત્રીઆજ્ઞાપની, પુરુષઆજ્ઞાપની અને નપુસંક આજ્ઞાપની ભાષા તે પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? હા ગૌતમ! જે સ્ત્રીઆજ્ઞાપની, પુરુષઆજ્ઞાપની અને નપુસંકઆજ્ઞાપની ભાષા પ્રજ્ઞાપની છે, અને એ ભાષા અસત્ય નથી. ।।૫।।૩૭૬।।*

(ટી૦) '**अह भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! જે સ્રીઆજ્ઞાપની '**आज्ञाप्यते-आज्ञासंपादने प्रयुज्यते अनया सा आज्ञापनी**'- સ્રીને આજ્ઞા કરનારી, **पुमाज्ञापनी**—પુરુષને આજ્ઞા કરનારી અને **नपुंसकाज्ञापनी**—નપુંસકને આજ્ઞા કરનારી આ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? અહીં સંશયનું કારણ આ છે-પ્રજ્ઞાપની સત્યભાષા છે અને આ ભાષા આજ્ઞા સંપાદનની ક્રિયામાં યુક્ત સ્રી વગેરેને કહેનારી છે. આજ્ઞા કરાયેલ સ્રી વગેરે તે પ્રકારે કરે અથવા ન કરે, તેથી સંશયને પ્રાપ્ત થયેલા ગૌતમ સ્વામી નિશ્ચયને માટે પૂછે છ—અહીં ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! હા ગૌતમ ઇત્યાદિ અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ આ પ્રમાણે છે-આજ્ઞાપની ભાષા બે પ્રકારે છે—એક પરલોકનો બાધ નહી કરનારી અને બીજી પરલોકનો બાધ કરનારી તેમાં સ્વ અને પરના ઉપર ઉપકારની બુદ્ધિથી કપટ સિવાય પારલૌકિક ફળના સાધન માટે સ્વીકારેલા ઐહિક આલંબનના પ્રયોજનવાળી, વિવક્ષિત કાર્યને સિદ્ધ કરવાના સામર્થ્ય યુક્ત વિનીત સ્રી વગેરે શિષ્ય વર્ગને પ્રેરણા કરનારી આજ્ઞાપની ભાષા પરલોકનો બાધ કરનારી હોતી નથી, આજ ભાષા સાધુને પ્રજ્ઞાપની-પ્રરૂપવા લાયક છે. કારણ કે તેથી પરલોકનો બાધ થતો નથી. બીજી ભાષા તેનાથી ઊલટી છે અને તે સ્વપરને સંક્લેશ ઉત્પન્ન કરનાર હોવાથી અસત્ય ભાષા છે. કહ્યું છે કે-'અવિનીતને આજ્ઞા કરનાર ક્લેશ પામે છે, અને તે મૃષા બોલે છે. કારણ કે **ઘંટના લોઢાને જાણીને તેની કટ-સાદડી કરવામાં કોણ પ્રવૃત્તિ કરે'?** ક્રિયા દ્રવ્યન—યોગ્ય વસ્તુને સંસ્કારયુક્ત કરે છે, પણ અદ્રવ્યને—અયોગ્ય વસ્તુને કરતી નથી એ અભિપ્રાય છે. ॥૬॥૩૭૬॥

**अह भंते! जा य इत्थिपण्णवणी, जा य पुमपण्णवणी, जा य नपुंसगपण्णवणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! जा य इत्थिपण्णवणी, जा य पुमपण्णवणी, जा य नपुंसगपण्णवणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।।सू०-६।।३७७।।**

*(મૂ૦) હે ભગવન્! જે સ્રીપ્રજ્ઞાપની, પુરુષપ્રજ્ઞાપની અને નપુસંકપ્રજ્ઞાપની ભાષા તે પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? હા ગૌતમ! જે સ્રીપ્રજ્ઞાપની, પુરુષપ્રજ્ઞાપની અને નપુસંકપ્રજ્ઞાપની ભાષા છે તે પ્રજ્ઞાપની છે, આ ભાષા અસત્ય નથી. ॥૬॥૩૭૭॥*

(ટી૦) '**अह भंते! जा य इत्थिपण्णवणी**' ઇત્યાદિ. હે ભગવન્! જે '**સ્રીપ્રજ્ઞાપની**' યોનિ, કોમળતા, અસ્થિરતા, મુગ્ધતા-ઇત્યાદિ સ્રીનાં લક્ષણને જણાવનારી છે, જે '**પુરુષપ્રજ્ઞાપની**'—'પુરુષચિહ્ન, કઠોરતા, દૃઢતા'—ઇત્યાદિરૂપ પુરુષના લક્ષણને જણાવનારી છે અને જે '**નપુંસકપ્રજ્ઞાપની**'—'સ્તનાદિ અને દાઢી મૂછ વગેરેનાં સદ્ભાવ અને અભાવયુક્ત' ઇત્યાદિરૂપ નપુંસકના લક્ષણને જણાવનારી છે, આ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? અહીં પ્રશ્નનો એ અભિપ્રાય છે કે સ્રીલિંગાદિ શબ્દો શાબ્દિક વ્યવહારના બળથી સ્રી વગેરેના લક્ષણરહિત અન્ય અર્થમાં બીજે પણ પ્રવૃત્તિ કરે છે. જેમકે ખટ્વા, ઘટ, કુડ્ય વગેરે ખટવાદિ અર્થમાં પ્રવર્ત્તે છે, પરંતુ તેમાં પૂર્વોક્ત સ્રી વગેરેનાં લક્ષણો નથી, એ સંબંધે પૂર્વે કહ્યું છે. માટે અવ્યાપક હોવાથકી 'સ્રી વગેરેના લક્ષણને જણાવનારી ભાષા ન કહેવી જોઇએ કે કહેવી જોઇએ'? આ પ્રમાણે સંશયને પ્રાપ્ત થયેલા ગૌતમ! સ્વામી પૂછે છે. અહીં ભગવાન્ ઉત્તર આપે છે—'**हंता गोयमा**'! હે ગૌતમ! અવશ્ય-ઇત્યાદિ અક્ષરાર્થ પ્રસિદ્ધ છે. તેનો ભાવાર્થ આ છે—અહીં સ્રી વગેરેના લક્ષણ બે પ્રકારના છે-શાબ્દિક વ્યવહારગત અને શાસ્રગત. તેમાં જ્યારે શાબ્દિક વ્યવહારને અનુસરી પ્રતિપાદન કરવું ઇષ્ટ હોય ત્યારે અવ્યાપક હોવાથી શાસ્રગત સ્રી વગેરેના લક્ષણ એ પ્રમાણે ન કહેવાં જોઇએ, તે લક્ષણોની અવ્યાપકતા તે પ્રકારે પૂર્વે લેશથી બતાવેલી છે. વિસ્તારથી સ્વોપજ્ઞશબ્દાનુશાસનના વિવરણથી જાણવું. માટે આ ભાષા શાબ્દિક વ્યવહારને આશ્રયી પ્રજ્ઞાપની છે. જ્યારે શાસ્રને અનુસરી સ્રી વગેરેનું લક્ષણ પ્રતિપાદન કરવાનું હોય ત્યારે યથાવસ્થિત અર્થના કથનથી આ ભાષા પ્રજ્ઞાપનીજ છે, અસત્ય નથી. ॥૬॥૩૭૭॥

**अह भंते! जा जायीति इत्थिवयू, जातीइ पुमवयू, जातीति णपुंसगवयू पण्णवणी णं एसा भासा, ण एसा भासा**

**मोसा? हंता! गोयमा! जातीति इत्थिवयू, जाईति पुमवयू, जातीति णपुंसगवयू पण्णवणी णं एसा भासा, न एसा भासा मोसा ।।सू०-७।।३७८।।**

*(મૂ૦) હે ભગવન્! જે જાતિમાં સ્ત્રીવાક્—સ્ત્રીલિંગવાચક ભાષા, જાતિમાં પુરુષવાક્—પુંલ્લિંગવાચક ભાષા અને જાતિમાં નપુંસકવાક્—નપુંસકલિંગવાચક ભાષા, એ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? હા ગૌતમ! અવશ્ય જાતિમાં સ્ત્રીવાક્—સ્ત્રીલિંગવાચી, જાતિમાં પુંવાક્—પુંલ્લિગવાચી અને જાતિમાં નપુંસકવાક્—નપુંસકલિંગવાચી એ ભાષા પ્રજ્ઞાપની છે. આ ભાષા અસત્ય નથી. ।।૭।।૩૭૮।।*

(ટી૦) '**अह भंते! जा जातीति इत्थिवयू**' ઇત્યાદિ. હે ભગવન્! **जातौ स्त्रीवाक्** એટલે જાતિમાં સ્ત્રીલિંગવાચી વચન, જેમકે 'સત્તા,' સત્તા જાતિ છે અને તે સ્ત્રીલિંગવિશિષ્ટ છે. જાતિમાં પુંવાક્-પુરુષવચન, જેમકે ભાવ, ભાવ એ જાતિવાચક છે અને પુંલ્લિંગ છે. અને જાતિમાં નપુંસકવાક્-નપુંસકવચન, જેમકે સામાન્ય, સામાન્ય એ જાતિવાચક છે અને નપુંસકલિંગ છે. એ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? અહીં પ્રશ્નનો એ અભિપ્રાય છે કે જાતિ એ સામાન્ય કહેવાય છે અને સામાન્યની સાથે લિંગ અને સંખ્યાનો સંબન્ધ નથી. દ્રવ્યનોજ લિંગ અને સંખ્યાની સાથે સંબન્ધ અન્ય તીર્થિકોએ સ્વીકારેલો છે. (કારણ કે '**लिङ्गसंख्यान्वितं द्रव्यम्**'—લિંગ અને સંખ્યાના સંબન્ધવાળું દ્રવ્ય હોય છે.) જો જાતિમાં લિંગ અને સંખ્યાનો યોગ માનીએ તો પણ ઔત્સર્ગિક એકવચન અને નપુંસકલિંગ ઘટે, પણ ત્રણ લિંગનો સંબન્ધ ઘટી શકે નહી. અને જાતિમાં [સત્તા, ભાવ, સામાન્ય વગેરે ] ત્રણે લિંગના વાચક શબ્દો પ્રવર્તે છે એ હમણાંજ કહ્યું છે, તેથી સંશય થાય છે કે જાતિમાં સ્ત્રીલિંગવાચક, પુંલ્લિંગવાચક અને નપુંસકલિગવાચક ભાષા પ્રજ્ઞાપની છે કે નહી? હવે ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! હા ગૌતમ! ઇત્યાદિ અક્ષરાર્થ સુગમ છે. તેનો ભાવાર્થ આ છે—જાતિ એટલે સામાન્ય, અને તે સામાન્ય બીજાએ કલ્પેલું એક, અવયવ રહિત અને નિષ્ક્રિય નહિ, કારણ કે તે પ્રમાણવડે બાધિત છે, અને તે પ્રમાણની બાધાનો વિચાર જે પ્રકારે છે તે પ્રકારે તત્ત્વાર્થટીકામાં અમે કરેલો છે, માટે ત્યાંથી જાણી લેવો. પરંતુ સમાનપરિણામરૂપ સામાન્ય છે, કારણ કે 'વસ્તુનોજ જે સમાન પરિણામ તેજ સામાન્ય' એવું શાસ્ત્રનું કથન છે, સમાન પરિણામ અનેક ધર્મરૂપ છે અને ધર્મનો અને ધર્મીનો પરસ્પર અભેદ સંબન્ધ છે. કારણ કે તેવા પ્રકારે પ્રમાણવડે જણાય છે. માટે જાતિનો પણ ત્રણ લિંગની સાથે સંબન્ધ ઘટે છે, તેથી આ ભાષા પ્રજ્ઞાપની છે. આ ભાષા અસત્ય નથી. ।।૭।।૩૭૮।।

**अह भंते! जा जाईति इत्थियाणमणी, जाईति पुमआणवणी, जाईति णपुंसगाणमणी पण्णवणी णं एसा भासा, न एसा भासा मोसा? हंता! गोयमा! जातीति इत्थिआणमणी, जातीति पुमआणमणी, जातीति णपुंसगाणमणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।।सू०-८।।३७९।।**

*(મૂ૦) હે ભગવન્! જે જાતિરૂપે સ્ત્રીઆજ્ઞાપની, જાતિરૂપે પુરુષઆજ્ઞાપની અને જાતિરૂપે નપુંસકઆજ્ઞાપની, એ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? હે ગૌતમ! અવશ્ય જાતિરૂપે સ્ત્રીપ્રજ્ઞાપની, જાતિરૂપે પુરુષપ્રજ્ઞાપની અને જાતિરૂપે નપુંસકપ્રજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે, આ ભાષા અસત્ય નથી. ।।૮।।૩૭૯।।*

(ટી૦) '**अथ भदन्त! 'जातौ स्त्र्याज्ञापनी'** હે ભગવન્! જાતિને ઉદ્દેશીને સ્ત્રીને આજ્ઞા કરનારી ભાષા, જેમકે 'અમુક બ્રાહ્મણી કે ક્ષત્રિયાણી એમ કરે' એવી રીતે જાતિને આશ્રયી પુરુષને આજ્ઞા કરનારી કે નપુંસકને આજ્ઞા કરનારી આ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? અહીં પણ આ સંશયનું કારણ છે—આજ્ઞાપની એટલે આજ્ઞાસંપાદન કરવાની ક્રિયામાં યુક્ત સ્ત્રી વગેરેને પ્રેરણા કરનારી, આજ્ઞા કરાયેલ સ્ત્રી વગેરે તે પ્રમાણે કરે કે નહી? એ સંશય છે, તો આ ભાષા પ્રજ્ઞાપની છે કે અન્ય છે? અહીં ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! હા ગૌતમ!-ઇત્યાદિ અક્ષરાર્થ સુગમ છે. તેનો ભાવાર્થ આ છે-પરલોકનો બાધ નહી કરનારી આજ્ઞાપની ભાષા તે કહેવાય કે જે **સ્વ અને પરના ઉપકારની બુદ્ધિથી વિવક્ષિત કાર્યને કરવાના**

**સામર્થ્યવાળા વિનીત સ્ત્રી વગેરે શિષ્યગણને પ્રેરણા કરનારી હોય.** જેમકે 'અમુક બ્રાહ્મણી કે સાધ્વી આજે શુભ નક્ષત્ર છે તેથી અમુક અંગ કે શ્રુતસ્કંધનો પાઠ કરે'–ઇત્યાદિ પ્રજ્ઞાપની છે, કેમકે તે નિર્દોષ છે. તેથી અન્ય ભાષા સ્વ અને પરને પીડાજનક હોવાથી અસત્ય છે અને તેથી તે અપ્રજ્ઞાપની છે. ॥૮॥૩૭૯॥

**अह भंते। जातीति इत्थिपण्णवणी, जातीति पुमपण्णवणी, जातीति णपुंसगपण्णवणी, पण्णवणी णं एसा भासा, न एसा भासा मोसा? हंता। गोयमा। जातीति इत्थिपण्णवणी, जातीति पुमपण्णवणी, जातीति णपुंसगपण्णवणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।।सू०-९।।३८०।।**

*(મૂ૦) હે ભગવન્! જાતિરૂપે સ્ત્રીપ્રજ્ઞાપની—સ્ત્રીના લક્ષણનું પ્રતિપાદન કરનારી, જાતિરૂપે પુરુષપ્રજ્ઞાપની અને જાતિરૂપે નપુંસકપ્રજ્ઞાપની, એ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? હે ગૌતમ! અવશ્ય જાતિરૂપે સ્ત્રીપ્રજ્ઞાપની, જાતિરૂપે પુરુષપ્રજ્ઞાપની અને જાતિરૂપે નપુંસકપ્રજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે, આ ભાષા અસત્ય નથી. ॥૯॥૩૮૦॥*

(ટી૦) **'अथ भदन्त! या जातिस्त्रीप्रज्ञापनी'** હે ભગવન્! જે જાતિને આશ્રયી સ્ત્રીનાં લક્ષણને પ્રતિપાદન કરનારી, જેમકે સ્ત્રી સ્વભાવથી તુચ્છ, બહુઅભિમાનવાળી, ચપળ ઇન્દ્રિયવાળી અને ધીરજ વડે દુર્બળ હોય છે. કહ્યું છે કે—**'तुच्छा गारवबहुला चलिंदिया दुब्बला य धिईए'**। જે જાતિને આશ્રયી **'પુંપ્રજ્ઞાપની'** પુરુષનાં લક્ષણને પ્રતિપાદન કરનારી, જેમકે 'પુરુષ સ્વભાવથી ગંભીર આશયવાળો હોય છે, મોટી આપત્તિમાં પણ કાયર થતો નથી' ઇત્યાદિ, અને જે જાતિને આશ્રયી **'નપુંસકપ્રજ્ઞાપની'**–નપુંસકના સ્વરૂપને જણાવનારી, જેમ કે 'નપુંસક સ્વભાવથી કાયર હોય છે અને પ્રબળ મોહાગ્નિની જ્વાળાના સમૂહ વડે પ્રજ્વલિત થયેલો હોય છે'–ઇત્યાદિ, આ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા અસત્ય નથી? અહીં પણ આ સંશયનું કારણ છે–સ્ત્રી વગેરે જાતિના ગુણો એવા પ્રકારના છે, પરંતુ ક્યાંઇક કદાચિત્ વ્યભિચાર–નિયમનો અભાવ પણ દેખાય છે. એટલે કેટલીએક વ્યક્તિઓમાં એવા પ્રકારના ગુણો દેખાતા નથી. જેમકે કોઇ કોઇ સ્ત્રી પણ ગંભીર આશયવાળી અને ધૈર્યવડે અત્યન્ત બળવાળી હોય છે, કોઇ પુરુષ પણ તુચ્છ પ્રકૃતિવાળો દેખાય છે અને થોડી આપત્તિમાં પણ કાયર થાય છે. કોઇક નપુંસક પણ અલ્પમોહાગ્નિવાળો અને દૃઢસત્ત્વવાળો હોય છે. તેથી સંશય થાય છે કે આ ભાષા પ્રજ્ઞાપની છે કે નહીં? અહીં ભગવાન્ કહે છે—'હા ગૌતમ'! ઇત્યાદિ અક્ષરાર્થ સુગમ છે, પરંતુ ભાવાર્થ આ છે–અહીં જાતિના ગુણની પ્રરૂપણા બહુલતાને આશ્રયી છે, પરંતુ બધી વ્યક્તિની અપેક્ષાએ નથી. માટે જ જાતિના ગુણોની પ્રરૂપણા કરનાર નિર્મળબુદ્ધિવાળા પ્રાયઃશબ્દનો ઉચ્ચાર કરે છે કે **'આ હકીકત પ્રાયઃ સમજવી.'** જ્યાં પણ પ્રાયઃ શબ્દનું કથન નથી, ત્યાં પણ પ્રસંગથી જાણી લેવું, તેથી ક્યાંઇક અને કદાચિત્ જાતિના ગુણોનો વ્યભિચાર (અનિયતપણું) હોય તો પણ દોષના અભાવથી આ ભાષા પ્રજ્ઞાપની જાણવી, પણ અસત્ય ન સમજવી. ॥૯॥૩૮૦॥

## || मंदकुमाराइंभासासन्नापरूवणं ||

**अह भंते। मंदकुमारए वा मंदकुमारिया वा जाणति बुयमाणा—अहमेसे बुयामीति? गोयमा। नो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो। अह भंते। मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ आहारं आहारेमाणे—अहमेसे आहारमाहारेमित्ति? गोयमा। नो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो। अह भंते। मंदकुमारए वा मंदकुमारिया वा जाणाति—अयं मे अम्मा-पियरो? गोयमा। णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो। अह भंते। मंदकुमारए वा मंदकुमारिया वा जाणति—अयं मे अतिराउलो अयं मे अइराउलेत्ति? गोयमा। णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो। अह भंते। मंदकुमारए वा मंदकुमारिया वा जाणति—अयं मे भट्टिदारए, अयं मे भट्टिदारए त्ति? गोयमा। णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।।सू०-१०।।३८१।।**

*(મૂ૦) હે ભગવન્! મંદકુમાર (અત્યન્ત નાનો બાળક) કે મંદકુમારીકા (અત્યન્ત નાની બાલિકા) બોલતી એમ જાણે કે, 'હું*

*આ બોલું છું? હે ગૌતમ! સંજ્ઞી—વિશિષ્ટમનવાળા સિવાય અન્યત્ર એ અર્થ સમર્થ—યથાર્થ નથી. અર્થાત્ સંજ્ઞી—વિશિષ્ટમનવાળા સિવાય અન્ય મન્દકુમાર કે મન્દકુમારિકા એમ જાણતા નથી. હે ભગવન્! મન્દકુમાર કે મન્દકુમારીકા આહાર કરતા જાણે કે, 'હું આ આહાર કરું છું? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! મન્દકુમાર કે મન્દકુમારીકા જાણે કે 'આ મારા માતાપિતા છે'? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! મન્દકુમાર કે મન્દકુમારીકા એમ જાણે કે, 'આ મારા સ્વામિનું ગૃહ છે, આ મારા સ્વામિનું ગૃહ છે'? હે ગૌતમ! સંજ્ઞી સિવાય એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! મન્દકુમાર કે મન્દકુમારીકા એ જાણે કે, 'આ મારા સ્વામિનો પુત્ર છે, આ મારા સ્વામિનો પુત્ર છે'? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ—યથાર્થ નથી. ॥૧૦॥૩૮૧॥*

**अह भंते! उट्टे गोणे खरे घोडए अए एलते जाणति बुयमाणे-अहमेसे बुयामि? गोयमा! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो। अह भंते! उट्टे जाव एलते जाणति आहारं आहारेमाणे-अहमेसे आहारेमि-अहमेसे आहारेमि त्ति? गोयमा! णो इणट्ठे समट्ठे, जाव णण्णत्थ सण्णिणो। अह भंते! उट्टे गोणे खरे घोडए अए एलए जाणति-अयं मे अम्मा-पियरोरत्ति? गोयमा! णो इणट्ठे समट्ठे, जाव णण्णत्थ सण्णिणो। अह भंते! उट्टे जाव एलए जाणति-अयं मे अतिराउलेरत्ति? गोयमा! णो इणट्ठे समट्ठे, जाव णण्णत्थ सण्णिणो। अह भंते! उट्टे जाव एलए जाणति-अयं मे भट्टिदारए २? गोयमा! णो इणट्ठे समट्ठे, जाव णण्णत्थ सण्णिणो ।।सू०-११।।३८२।।**

*(મૂ૦) હે ભગવન્! ઊંટ, બળદ, ગધેડો, ઘોડો, બકરો અને ઘેટો બોલતો એમ જાણે કે 'હું બોલું છું'? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! ઊંટ યાવત્ ઘેટો આહાર કરતો એમ જાણે કે, 'હું આહાર કરું છું'? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! ઊંટ, બળદ, ગધેડો, ઘોડો, બકરો અને ઘેટો એમ જાણે કે, 'આ મારા માતાપિતા છે'? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! ઊંટ યાવત્ ઘેટો એમ જાણે કે, આ મારા સ્વામિનું ઘર છે' હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! ઊંટ યાવત્ ઘેટો એમ જાણે કે, આ મારા સ્વામિનો પુત્ર છે'૨? હે ગૌતમ! સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. ॥૧૧॥૩૮૨॥*

(ટી૦) અહીં ભાષા સમ્યગ્ ઉપયોગવાળાની અને તે સિવાય બીજાની એમ બે પ્રકારની છે. તેમાં જે પૂર્વાપરનો વિચાર કરવામાં કુશલ આત્મા શ્રુતજ્ઞાન વડે અર્થનો વિચાર કરીને બોલે છે તે સમ્યગ્ ઉપયોગવાળો છે. તે એમ જાણે છે કે 'હું આ બોલું છું' અને જે કરણ—મન અને ઇન્દ્રિયના સામર્થ્યરહિત હોવાથી કે વાતાદિ દોષથી ઉપઘાત થયેલા ચૈતન્યવાળો હોવાથી પૂર્વાપરના અનુસંધાન—સંબન્ધરહિત જેમ તેમ મન વડે વિકલ્પ કરી કરીને બોલે છે તે સમ્યગ્ ઉપયોગરહિત છે. તે એમ નથી જાણતો કે 'હું આ બોલું છું', અને બાલકો વગેરે પણ બોલે છે, તેથી સંશય થાય છે કે 'અમે આ બોલીએ છીએ' એમ એઓ જાણે છે કે જાણતા નથી, તેથી પૂછે છે—'**अह भंते! मन्दकुमार ए वा**'-ઇત્યાદિ. હે ભગવન્! મન્દકુમાર—ચત્તો સુઇ રહેનાર બાળક, મન્દકુમારીકા—ચત્તી સુઇ રહેનારી બાળિકા બોલતો—ભાષા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવીને છોડી દેતી—એમ જાણે છે કે 'હું આ બોલું છું'? ભગવાન્! ઉત્તર આપે છે—હે ગૌતમ! એ અર્થ સમર્થ—યુક્ત નથી, જો કે તે બાળક અથવા બાળિકા મનપર્યાપ્તિ વડે પર્યાપ્તા છે તોપણ હજુ સુધી તેનું મનરૂપ કરણ અસમર્થ છે, અને મન કરણ અસમર્થ હોવાથી તેનો ક્ષયોપશમ પણ મન્દ હોય છે. કારણ કે શ્રુતજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ પ્રાયઃ મન કરણના સામર્થ્યને આશ્રયી ઉત્પન્ન થાય છે, કેમકે તેવા પ્રકારે લોકમાં દેખાય છે. તેથી મન્દકુમાર કે મન્દકુમારિકા બોલતી એમ નથી જાણતી કે 'હું આ બોલું છું'. શું બધાએ જાણતા નથી? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ ઉત્તર કહે છે—'**णण्णत्थ सन्निणो**' સંજ્ઞીથી અન્યત્ર, સંજ્ઞી સિવાય બીજે એ અર્થ સમર્થ નથી. અહીં 'અન્યત્ર' શબ્દ પરિવર્જનના અર્થમાં છે. બીજે સ્થળે પણ પરિવર્જનાર્થક અન્યત્ર શબ્દ જણાય છે. જેમકે—"**अन्यत्र द्रोण भीष्माभ्यां सर्वे योधाः पराङ्मुखाः**" ઇતિ. દ્રોણ અને ભીષ્મને વર્જીને બધા યોદ્ધાઓ પરાઙ્મુખ થયા—એ

તેનો અર્થ છે. સંજ્ઞી–અવધિજ્ઞાની જાતિસ્મરણયુક્ત કે સામાન્ય રીતે વિશિષ્ટ મનના સામર્થ્યવાળો, તે સિવાય બીજો જાણતો નથી. પરંતુ ઉપર કહેલા સ્વરૂપવાળો સંજ્ઞી જાણે છે. એ પ્રમાણે આહારાદિ સંબન્ધી ચારે સૂત્રોનો વિચાર કરવો. પરંતુ '**अतिराउल**' એ દેશીપદ છે અને સ્વામીના ઘરવાચી છે. '**भर्तृदारक:**' ભર્તા–સ્વામી, તેનો દાર–પુત્ર તે ભર્તૃદારક કહેવાય છે. એ પ્રમાણે ઊંટ વગેરે સંબન્ધે પણ પાંચ સૂત્રો જાણવા. પરંતુ ઊંટ વગેરે પણ અત્યન્ત બાલ્ય અવસ્થાવાળા લેવા, પણ મોટી ઉંમરના ન લેવા. કારણ કે મોટી અવસ્થામાં તેઓને પૂર્વોક્ત જ્ઞાનનો સંભવ છે. ।।૧૧।।૩૮૨।।

## ।। एगवयणाइभासापरूवणं ।।

**अह भंते! मणुस्से महिसे आसे हत्थी सीहे वग्घे वगे दीविए अच्छे तरच्छे परस्सरे सियाले विराले सुणए कोलसुणए कोक्कंतिए ससए चित्तए चिल्ललए जे यावन्ने तहप्पगारा सव्वा सा एगवयू? हंता गोयमा! मणुस्से जाव चिल्ललए, जे यावन्ने तहप्पगारा सव्वा सा एगवयू। अह भंते! मणुस्सा जाव चिल्ललगा जे यावन्ने तहप्पगारा सव्वा सा बहुवयू? हंता गोयमा! मणुस्सा जाव चिल्ललगा सव्वा सा बहुवयू ।सू०-१२।।३८३।।**

*(મૂ૦) હે ભગવન્! મનુષ્ય, મહિષ—પાડો, અશ્વ, હસ્તી, સિંહ, બાઘ, વૃક—નાહાર, દીપડો, રીંછ, તરક્ષ, પરસ્પર—ગેંડો, શિયાળ, બિલાડો કૂતરો, શિકારી કૂતરો, કોકંતિક—લોંકડી, સસલો, ચિત્તો, ચિલ્લલક, અને તે સિવાયના બીજા તેવા પ્રકારના તે બધા એકવચન છે? હે ગૌતમ! અવશ્ય મનુષ્ય યાવત્ ચિલ્લલક અને તે સિવાયના તેવા પ્રકારના તે બધા એકવચન છે. હે ભગવન્! મનુષ્યો યાવત્ ચિલ્લલકો તે સિવાય તેવા પ્રકારના બીજા બધા બહુવચન છે? હે ગૌતમ! અવશ્ય મનુષ્યો, યાવત્ ચિલ્લલકો અને તે સિવાય તેવા પ્રકારના બધા બહુવચન છે. ।।૧૨।।૩૮૩।।*

(ટી૦) હવે એક વચનાદિ ભાષા સંબન્ધી સંશય દૂર કરવાને માટે પૂછે છે—'अह भंते' ઇત્યાદિ. હે ભગવન્! મનુષ્ય, મહિષ, અશ્વ, હસ્તી સિંહ, વાઘ અને વૃક–નારહ(વરૂ) એ પ્રસિદ્ધ છે. દીપડો એ એક જાતનો ચિત્તો છે. ऋक्ष–રીંછ, તરક્ષ–એક વાઘની જાત, પરસ્પર–ગેંડો, શૃગાલ–શીયાળ, બિલાડો, શુનક–કૂતરો, કોલશુનક–શીકાર કરવામાં કુશળ કૂતરો, શશક–સસલો પ્રસિદ્ધ છે, '**कोकंतिक:**' લોંકડી, ચિત્રક–પ્રસિદ્ધ છે અને ચિલ્લલક એ અરણ્યનો પશુ વિશેષ છે, 'जे यावन्ने तहप्पगारा' ઇતિ. તે સિવાય બીજા બધા તેવા પ્રકારના એકવચનાન્ત શબ્દો તે '**एकवाक्**' એકવચનપ્રતિપાદક ભાષા છે? અહીં પ્રશ્નનો આ અભિપ્રાય છે–ધર્મો અને ધર્મીના સમુદાયરૂપ વસ્તુ છે, પ્રત્યેક વસ્તુમાં અનન્તા ધર્મો છે, '**मनुष्य**' ઇત્યાદિ કથનમાં ધર્મ અને ધર્મીના સમુદાયરૂપ સંપૂર્ણ વસ્તુ પ્રતીયમાન થાય છે. કારણ કે તેવા પ્રકારનો વ્યવહાર દેખાય છે. એક અર્થમાં એકવચન અને બહુ અર્થમાં બહુવચન આવે છે. અહીં ઘણા ધર્મો અભિધેય–કહેવા યોગ્ય છે, તેથી એકવચન કેમ ઘટી શકે? અને લોકમાં એક વચન વડે પણ વ્યવહાર થાય છે. માટે પૂછે છે કે આ બધી એકવચન પ્રતિપાદક ભાષા છે? કાકુ–પ્રશ્નાર્થક ધ્વનિ વડે આ સૂત્ર પાઠ કહેવો, તેથી પ્રશ્નાર્થનો ખ્યાલ આવે છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! અવશ્ય આ બધી એકવચન પ્રતિપાદક ભાષા છે–ઇત્યાદિ. અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ આ છે–શબ્દની પ્રવૃત્તિ વિવક્ષાને અધીન છે અને તે વક્તાની વિવક્ષા પ્રયોજનના વશથી કોઇ સ્થળે, કોઇ સમયે કથંચિત્ ભિન્ન ભિન્ન હોવાથી અનિયત હોય છે. જેમ કે તે એકજ પુરુષ 'આ મારો પિતા છે' એમ પુત્ર વડે વિવક્ષિત હોય ત્યારે તે પિતા કહેવાય છે. અને જ્યારે તેજ પુરુષ 'મને આ ભણાવે છે' એમ તે પુત્રવડે જ વિવક્ષિત હોય ત્યારે 'ઉપાધ્યાય' કહેવાય છે. તેમાં જ્યારે ધર્મોને ગૌણ કરી ધર્મીની પ્રધાનપણે વિવક્ષા કરાય ત્યારે ધર્મી એક હોવાથી એક વચન થાય છે અને ધર્મો ધર્મીની અંતર્ગત હોવાથી સંપૂર્ણ વસ્તુની પ્રતીતિ થાય છે. જેમ કે '**તું છે**'. જ્યારે ધર્મીને ગૌણ કરી પાંડિત્ય, પરોપકારીપણું, મહાદાનનુંદાતાપણું વગેરે ધર્મોની પ્રધાનપણે વિવક્ષા કરાય છે ત્યારે ધર્મો ઘણા હોવાથી એક: વ્યક્તિમાં પણ બહુવચન ઘટે છે. જેમકે 'તમે છો.' તેથી અહીં પણ મનુષ્ય ઇત્યાદિના કથનમાં ધર્મોને ગૌણ કરી, ધર્મીની પ્રધાનપણે વિવક્ષા કરી છે. માટે આ પ્રકારની બધી વાણી એકવચનપ્રતિપાદક છે. 'अह भंते मणुस्सा' ઇત્યાદિ સૂત્રનો

અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. અહીં પણ સંશયનું કારણ આ છે–મનુષ્યાદિ શબ્દો જાતિવાચક છે, અને જાતિ સામાન્યરૂપ હોવાથી એક છે. કારણ કે **"एकं नित्यं निरवयवमक्रियं सर्वगं च सामान्यम्"** એક, નિત્ય, અવયવરહિત, નિષ્ક્રીય અને સર્વવ્યાપક સામાન્ય છે–એવું વચન છે, તેથી અહીં બહુવચન શી રીતે ઘટે? અને બહુવચન વડે પણ વ્યવહાર જણાય છે, માટે પ્રશ્ન કરે છે કે–આ બધી બહુવચનપ્રતિપાદક ભાષા છે? અહીં પ્રશ્નાર્થક ધ્વનિ વડે સૂત્રનો પાઠ કહેવાથી પ્રશ્નાર્થનો ખ્યાલ આવે છે. ભગવાન્ ઉત્તર આપે છે—**'हन्ता गोयमा'** ઇત્યાદિ. હે ગૌતમ! અવશ્ય આ બધી બહુવચનપ્રતિકારક ભાષા છે. સૂત્રનો અક્ષરાર્થ સુગમ છે. તેનો ભાવાર્થ આ છે–યદ્યપિ એ બધા જાતિવાચક શબ્દો છે તો પણ જાતિ એ સમાનપરિણામરૂપ છે અને સમાન પરિણામ અસમાન–વિશેષ પરિણામ સિવાય હોતો નથી, જો એમ ન હોય તો વસ્તુમાં એકત્વના પ્રસંગથી સમાનપણું ઘટી ન શકે. તાત્પર્ય એ છે કે વસ્તુમાં અસમાન પરિણામ સિવાય કેવળ સમાન પરિણામ હોય તો તે એક હોવાથી સમાનપણું ઘટી શકશે નહિ. તેથી જ્યારે અસમાન પરિણામથી અભિન્ન એવા સમાન પરિણામની પ્રધાનપણે વિવક્ષા કરાય ત્યારે અસમાન પરિણામ દરેક વ્યક્તિમાં ભિન્ન હોવાથી તેને કહેવામાં બહુવચન ઘટી શકે છે. જેમ કે ઘડાઓ, પરંતુ જ્યારે તેજ સમાન પરિણામની પ્રધાનપણે વિવક્ષા કરાય અને બીજો અસમાન પરિણામ ગૌણ હોય ત્યારે બધેય સમાન પરિણામ એક હોવાથી તેના કથનમાં એક વચન ઘટી શકે છે. જેમ કે સર્વ ઘટ પહોળા તળીયાં અને ઉદરાદિ આકારવાળા હોય છે. અહીં પણ **'मनुष्या:'** મનુષ્યો ઇત્યાદિના કથનમાં અસમાન પરિણામથી અભિન્ન સમાન પરિણામ પ્રધાનપણે વિવક્ષિત છે અને તે અનેક હોવાથી તેમાં બહુવચન ઘટે છે. ॥૧૩॥૩૮૩॥

**अह भंते! मणुस्सी महिसी वलवा हत्थिणिया सीही वग्घी विगी दीविया अच्छी तरच्छी परस्सरी रासभी सियाली विराली सुणिया कोलसुणिया कोक्कंतिया ससिया चित्तिया चिल्ललिया जा यावण्णा तहप्पगारा सव्वा सा इत्थिवयू? हंता गोयमा! मणुस्सी जाव चिल्ललिगा जा यावण्णा तहप्पगारा सव्वा सा इत्थिवयू। अह भंते! मणुस्से जाव चिल्ललए जे यावन्ने तहप्पगारा सव्वा सा पुमवयू? हंता गोयमा! मणुस्से महिसे जाव चिल्ललए जे यावन्ने तहप्पगारा सव्वा सा पुमवयू। अह भंते! कंसं कंसोयं परिमंडलं सेलं थूभं जालं थालं तारं रुवं अच्छिं पव्वं कुंडं पउमं दुद्धं दहिं णवणीतं आसणं सयणं भवणं विमाणं छत्तं चामरं भिंगारं अंगणं णिरंगणं आभरणं रयणं जे यावन्ने तहप्पगारा सव्वं तं णपुंसगवयू? हंता गोयमा! कंसं जाव रयणं जे यावन्ने तहप्पगारा तं सव्वं णपुंसगवयू।।सू०-१३।।३८४।।**

*(મૂ૦) હે ભગવન્! માનુષી—મનુષ્યની સ્ત્રી, મહિષી—ભેંસ, વડવા—ઘોડી, હાથણી, સિંહણ, વાઘણ, નાહરી(વરૂ), દીપડી, રીંછણ, તરક્ષી, ગેંડી, ગધેડી, શિયાળી, બિલાડી, કૂતરી, શિકારી કૂતરી, કોકંતિકા–લોંકડી, સસલી, ચીત્તી, ચિલ્લલિકા અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે બધા સ્ત્રીવાચી છે? હે ગૌતમ! અવશ્ય માનુષી યાવત્–ચિલ્લલિકા અને તે સિવાય બીજા તેવા પ્રકારના તે બધા સ્ત્રીવાચી છે. હે ભગવન્! મનુષ્ય યાવત્ ચિલ્લલક અને તે સિવાય તેવા પ્રકારના બીજા બધા પુરુષવાચી છે? હે ગૌતમ! અવશ્ય મનુષ્ય, મહિષ, યાવત્ ચિલ્લલક અને તે સિવાયના તેવા પ્રકારના બીજા બધા પુરુષવાચી છે. હે ભગવન્! કંસ, કંસોય, પરિમંડલ, શૈલ, સ્તૂપ, જાલ, સ્થાલ, તાર, રૂપ, અક્ષિપર્વ, કુંડ, પદ્મ, દૂધ, દહિં, નવનીત, અશન, શયન, ભવન, વિમાન, છત્ર, ચામર, ભૃઙ્ગાર, કલશ, અંગણ—આંગણુ, નિરંગણ, આભરણ, રત્ન અને તે સિવાયના તેવા પ્રકારના બીજા બધા નપુંસકવાચી છે? હે ગૌતમ! અવશ્ય કંસ યાવત્ રત્ન અને તે સિવાયના તેવા પ્રકારના બીજા બધા તે સર્વે નપુંસકવાચી છે. ॥૧૩॥૩૮૪॥*

(ટી૦) **'अह भंते! मणुस्सी'** ઇત્યાદિ. માનુષી ઇત્યાદિ પ્રશ્નમાં સંશયનુ કારણ આ છે—સર્વ વસ્તુ ત્રણ લિંગવાળી છે. જેમકે આ માટીરૂપ છે, તેથી પુલ્લિંગ છે. આ માટીની પરિણતિ (પરિણામ) છે કે આ ઘટાકારવાળી પરિણતિ (પરિણામ) છે, તેથી

સ્ત્રીલિંગ છે, આ વસ્તુ છે તેથી નપુંસકલિંગ છે, એ પ્રમાણે અનેકરૂપે રહેલી વસ્તુમાં એકલિંગવાચક શબ્દ તેનો પ્રતિપાદક શી રીતે હોય? નરસિંહમાં રહેલો કેવળ સિંહશબ્દ કે નરશબ્દ તેનો પ્રતિપાદક હોતો નથી, અને લોકમાં એક લિંગના પ્રતિપાદકપણા વડે શબ્દનો વ્યવહાર થાય છે, તેથી પૂછે છે કે—'**सव्वा सा इत्थिवऊ**' એવા પ્રકારની બધી 'સ્ત્રીવાક્'–સ્ત્રીલિંગવિશિષ્ટ અર્થનું પ્રતિપાદન કરનારી ભાષા છે? કાકુવડે (પ્રશ્નાર્થક ધ્વનિવડે) સૂત્રનો પાઠ કહેવાથી પ્રશ્નાર્થનો ખ્યાલ આવે છે. ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! ઇત્યાદિ. હા ગૌતમ!! તે બધા સ્ત્રીલિંગવાચી છે. અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ આ પ્રમાણે છે- યદ્યપિ વિચિત્ર સ્વરૂપવાળી (અનેક લિંગાત્મક) વસ્તુ છે. તોપણ આ શાબ્દિક ન્યાય છે—જે ધર્મ વડે વિશિષ્ટ વસ્તુનું પ્રતિપાદન કરવું ઇષ્ટ હોય તે ધર્મને પ્રધાન કરીને અને બીજા ધર્મોને ગૌણ કરીને તે ધર્મ વિશિષ્ટ ધર્મીનું પ્રતિપાદન કરે છે. જેમકે એક વ્યક્તિમાં પુરુષત્વ, શાસ્ત્રજ્ઞત્વ, દાતૃત્વ, ભોક્તૃત્વ, પિતૃત્વ અને અધ્યાપકત્વ ધર્મ એક સાથે રહેલો છે, તોપણ પુત્ર તે વ્યક્તિને આવતી જોઇને 'પિતા આવે છે' એમ કહે છે, શિષ્ય 'ઉપાધ્યાય આવે છે' એમ કહે છે. એ પ્રમાણે અહીં પણ જો કે માનુષી વગેરે સર્વ વસ્તુ ત્રિલિંગરૂપ છે. તોપણ યોનિ, મૃદુત્વ અને અસ્થિરતાદિરૂપ સ્ત્રીપણું પ્રતિપાદન કરવું ઇષ્ટ હોવાથી તેને પ્રધાન કરી અને બાકીના બીજા ધર્મોને ગૌણ કરીને તે સ્ત્રીત્વ ધર્મ વિશિષ્ટ ધર્મીનું પ્રતિપાદન કરે છે, માટે તે બધી સ્ત્રીવાક્- સ્ત્રીલિંગવિશિષ્ટ અર્થની વાચક છે. એ પ્રમાણે પુંવાક્–પુંલ્લિંગવિશિષ્ટ અર્થની વાચક, અને નપુંસકલિંગવાક્–નપુંસકલિંગવિશિષ્ટ અર્થની વાચક ભાષાનો વિચાર કરવો. ॥૧૩॥૩૮૪॥

**अह भंते! पुढवि त्ति इत्थिवयू आउ त्ति पुमवयू धण्णि त्ति नपुंसगवयू पन्नवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! पुढवि त्ति इत्थिवयू, आउ त्ति पुमवयू धण्णि त्ति नपुंसगवयू पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा। अह भंते! पुढवि त्ति इत्थिआणमणी, आउ त्ति पुमआणमणी, धण्णे त्ति नपुंसगाणमणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! पुढवि त्ति इत्थिआणमणी, आउ त्ति पुमआणमणी, धण्णे त्ति नपुंसगाणमणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा, मोसा। अह भंते! पुढवीति इत्थिपण्णवणी, आउ त्ति पुमपण्णवणी, धण्णे त्ति णपुंसगपण्णवणी आराहणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता! गोयमा! पुढवीति इत्थिपण्णवणी, आउ त्ति पुमपण्णवणी, धण्णे त्ति नपुंसगपण्णवणी, आराहणी णं एसा भासा, न एसा भासा मोसा। इच्चेवं भंते! इत्थिवयणं वा पुमवयणं वा नपुंसगवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा? हंता गोयमा! इत्थिवयणं वा पुमवयणं वा णपुंसगवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।।सू०-१४।।३८५।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવી સ્ત્રીવાચી, આઊ (અપ્—પાણી) પુરુષવાચી અને ધાન્ય નપુંસકવાચી એ ભાષા પ્રજ્ઞાપની છે? એ ભાષા મૃષા નથી? હે ગૌતમ! અવશ્ય પૃથ્વી સ્ત્રીવાચી, આઊ (અપ્) પુરુષવાચી અને ધાન્ય એ નપુંસકવાચી એ ભાષા પ્રજ્ઞાપની છે. એ ભાષા મૃષા નથી. હે ભગવન્! પૃથ્વીને ઉદ્દેશી સ્ત્રીઆજ્ઞાપની, આઊ (પાણી) ને ઉદ્દેશી પુરુષઆજ્ઞાપની અને ધાન્યને ઉદ્દેશી નપુંસકાજ્ઞાપની, એ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા મૃષા નથી? હે ગૌતમ! પૃથ્વીને ઉદ્દેશી સ્ત્રીઆજ્ઞાપની, આઊને (પાણીને) ઉદ્દેશી પુરુષઆજ્ઞાપની અને ધાન્યને ઉદ્દેશી નપુંસકઆજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે, એ ભાષા મૃષા નથી. હે ભગવન્! પૃથ્વીને વિષે સ્ત્રીપ્રજ્ઞાપની આઊને (પાણીને) ઉદ્દેશી પુરુષપ્રજ્ઞાપની અને ધાન્યને ઉદ્દેશી નપુંસકપ્રજ્ઞાપની એ ભાષા આરાધની છે? એ ભાષા અસત્ય નથી? હે ગૌતમ! અવશ્ય પૃથ્વીને ઉદ્દેશી સ્ત્રીપ્રજ્ઞાપની, આઊ–પાણીને ઉદ્દેશી પુરુષપ્રજ્ઞાપની, અને ધાન્યને ઉદ્દેશીને નપુંસક પ્રજ્ઞાપની એ ભાષા આરાધની છે. એ ભાષા અસત્ય નથી. હે ભગવન્! એ પ્રમાણે સ્ત્રીવાચી, પુરુષવાચી અને નપુંસકવાચી બોલતો (સાધુ) જે ભાષા બોલે છે તે ભાષા પ્રજ્ઞાપની છે? એ ભાષા અસત્ય નથી? હે ગૌતમ! અવશ્ય સ્ત્રીવાચી, પુરુષવાચી અને*

*નપુંસકવાચી બોલતો (સાધુ) જે ભાષા બોલે છે તે ભાષા અસત્ય નથી. ॥૧૪॥૩૮૫॥*

(ટી૦) '**अह भंते! पुढवी**' ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરંતુ આઊ (અપ્) એ પ્રાકૃતના નિયમથી પુંલ્લિંગ છે, સંસ્કૃતમાં તો તે સ્ત્રીલિંગ જ છે. '**अह भंते! पुढवीत्ति इत्थिआणवणी**' ઇત્યાદિ. હે ભગવન્! 'તું પૃથ્વી કર, તું પૃથ્વી લાવ.' એ પ્રમાણે સ્ત્રીલિંગમાં પૃથ્વીને ઉદ્દેશી આજ્ઞા કરનારી સ્ત્રીઆજ્ઞાપની, એ પ્રમાણે પુંલ્લિંગમાં વર્તમાન આઊને (અપ્-પાણીને) ઉદ્દેશી આજ્ઞા કરનારી અને નપુંસકલિંગમાં વર્તમાન ધાન્યને ઉદ્દેશી આજ્ઞા કરનારી નપુંસકાજ્ઞાપની એ ભાષા પ્રજ્ઞાપની છે? એ ભાષા સત્ય નથી? ભગવાન્! ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! હે ગૌતમ! અવશ્ય એ ભાષા પ્રજ્ઞાપની છે.

'**अहभंते**' ઇત્યાદિ, હે ભગવન્! પૃથ્વીને વિષે સ્ત્રી પ્રજ્ઞાપની-સ્ત્રીપણાના સ્વરૂપને જણાવનારી, આઊ (પાણી) ને વિષે પુરુષત્વ રૂપને નિરૂપણ કરનારી પુરુષપ્રજ્ઞાપની અને ધાન્યને વિષે નપુંસકપણાના સ્વરૂપને બતાવનારી નપુંસકપ્રજ્ઞાપની એ ભાષા આરાધની સમ્યગ્દર્શનાદિ મુક્તિમાર્ગની સાધક છે? આ ભાષા અસત્ય નથી? અર્થાત્—એ પ્રમાણે બોલનારને અસત્યભાષીપણાનો પ્રસંગ આવતો નથી? ભગવાન્ ઉત્તર આપે છે—એ ભાષા આરાધની છે, એ ભાષા અસત્ય નથી. કારણ કે શાબ્દિક વ્યવહારની અપેક્ષાએ યથાવસ્થિત વસ્તુતત્ત્વની પ્રરૂપણા કરે છે. અહીં એક એક પદ સંબન્ધે કેટલું પૂછી શકાય? તેથી અતિદેશ (સાદૃશ્યબોધક વાક્ય) થી પૂછે છે—'**इच्चेवं भंते!**' 'ઇતિ' ઉપદર્શન અર્થમાં છે અને 'એવં' શબ્દ પ્રકાર અર્થમાં છે એટલે ઉપદર્શિત-બતાવેલા પ્રકાર વડે જ્યારે બીજા પણ સ્ત્રીલિંગવાચક, પુંલ્લિંગવાચક અને નપુંસકલિંગવાચક ભાષા સાધુ બોલે ત્યારે એમ બોલતાં જે ભાષા બોલાય તે પ્રજ્ઞાપની ભાષા કહેવાય? તે ભાષા અસત્ય નથી? ભગવાન્ ઉત્તર આપે છે—'એ ભાષા પ્રજ્ઞાપની છે', કારણ કે શાબ્દિક વ્યવહારનું અનુસરણ કરવાથી તેમાં દોષ નથી. અન્યરૂપે રહેલી વસ્તુમાં અન્યરૂપે બોલવું તે દોષ છે, પરંતુ જે વસ્તુ યથાવસ્થિત છે તેને તે પ્રકારે કહેવામાં શો દોષ છે? એ પ્રમાણે ભાષાના પ્રતિપાદન સંબન્ધે કેટલાક સંદેહો હતા તે દૂર કર્યા. ॥૧૪॥૩૮૫॥

## ॥ भासासरूवं ॥

**भासा णं भंते! किमादिया, किंपवहा, किंसंठिया, किंपज्जवसिया? गोयमा! भासा णं जीवादीया, सरीरप्पभवा, वज्जसंठिया, लोगंतपज्जवसिया पण्णत्ता।**

**भासा कओ य पभवति? कतिहिं व समएहि भासती भासं?। भासा कतिप्पगारा? कति वा भासा अणुमयाओ? सरीरप्पभवा भासा, दोहि य समएहिं भासती भासं। भासा चउप्पगारा, दोण्णि य भासा अणुमताओ** ।सू०-१५।।३८६।।

*(મૂ૦) હે ભગવન્! ભાષાનું મૂળ કારણ શું છે? તે શાથી ઉત્પન્ન થાય છે? તેનો આકાર કોના જેવો છે? તેનો અન્ત ક્યાં થાય છે? હે ગૌતમ! ભાષાનું મૂળ કારણ જીવ છે, ભાષા શરીરથી ઉત્પન્ન થાય છે, વજ્રના જેવો તેનો આકાર છે અને લોકાન્તે તેનો અન્ત થાય છે. ૧ ભાષા ક્યાંથી ઉત્પન્ન થાય છે? ૨ કેટલા સમયે ભાષા બોલે છે? ૩ ભાષા કેટલા પ્રકારની છે? અને ૪ કેટલી ભાષા બોલવા યોગ્ય છે? ૧ શરીરથી ભાષા ઉત્પન્ન થાય છે. ૨ બે સમયે ભાષા બોલે છે. ૩ ભાષા ચાર પ્રકારની છે અને ૪ બે ભાષા બોલવા યોગ્ય છે.॥૧૫॥૩૮૬॥*

(ટી૦) હવે સામાન્યતઃ ભાષાના કારણાદિ સંબન્ધે પ્રશ્ન કરે છે—'**भाषा णं भंते! किमाइया**' ઇત્યાદિ. હે ભગવન્! અવબોધનું કારણભૂત ભાષા '**किमादिका**'-**किम् आदिः-मौलं कारणं यस्या सा**'—જેનું મૂળ કારણ શું છે એવા પ્રકારની છે? અર્થાત્-તેનું ઉપાદાન કારણ સિવાય બીજું મૂળ કારણ શું છે? '**किं प्रभवा**' તેની ઉત્પત્તિ શાથી થાય છે એટલે તેનું મૂળ કારણ છતાં ભાષા બીજા કયા કારણથી ઉત્પન્ન થાય છે? '**किं संस्थिता**' કયા આકારે રહેલી છે-એટલે કોના જેવું તેનુ સંસ્થાન-આકાર છે? '**किं पर्यवसिता**' અને ક્યાં તેનું પર્યવસાન-અન્ત થાય છે? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ!

**'जीवादिका'** ભાષાનું મૂળ કારણ જીવ છે. કારણ કે જીવના તેવા પ્રકારના પ્રયત્ન સિવાય અવબોધના કારણભૂત ભાષાનો અસંભવ છે. એ સંબન્ધે ભગવાન્ ભદ્રબાહુ સ્વામી કહે છે—**"तिविहम्मि सरीरम्मि जीवपएसा हवन्ति जीवस्स। जेहि उ गेण्हइ गहणं तो भासइ भासओ भासं॥"** ઔદારિક, વૈક્રિય અને આહારક–એ ત્રણ પ્રકારના શરીરમાં જીવપ્રદેશો જીવના છે, અને જે જીવપ્રદેશો વડે ગ્રહણ—ભાષાદ્રવ્યને ગ્રહણ કરે છે અને ત્યાર પછી ભાષક–વક્તા બોલે છે'. હવે 'ભાષા શાથી ઉત્પન્ન થાય છે એ પ્રશ્નનો ઉત્તર આપે છે—'**शरीरप्रभवा**' શરીરથી ઉત્પન્ન થાય છે, કારણ કે ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરમાંના કોઇ પણ શરીરના સામર્થ્યથી ભાષા દ્રવ્ય નીકળે છે. ભાષા કેવા સંસ્થાન–આકારવાળી છે? એ પ્રશ્નનો ઉત્તર આપે છે—'**वज्रसंस्थिता**' વજ્રના જેવા સંસ્થાન–આકારવાળી છે, કારણ કે તેવા પ્રકારના પ્રયત્ન વડે નીકળેલા ભાષા દ્રવ્યો સર્વ લોકોને વ્યાપ્ત કરે છે, અને **લોકની વજ્રના જેવી આકૃતિ છે માટે ભાષા પણ વજ્રના આકાર જેવી છે**, તેનું પર્યવસાન (અન્ત) ક્યાં છે? એ પ્રશ્નનો ઉત્તર—'**लोकान्तपर्यवसिता**' લોકાન્તે તેનું પર્યવસાન–અન્ત છે, કારણ કે ત્યાર પછી ગતિક્રિયામાં સહાયક ધર્માસ્તિકાયના અભાવથી ભાષાદ્રવ્યના ગમનનો અસંભવ છે. એ પ્રમાણે મેં અને બીજા તીર્થંકરોએ ભાષા કહી છે. હવે ફરીથી પ્રશ્ન કરે છે—'**भासा कत्तो य पभवा**'? ભાષા કયા યોગથી ઉત્પન્ય થાય છે? કાયયોગથી કે વચન યોગથી? કેટલા સમયે ભાષા બોલે છે? તાત્પર્ય એ છે કે કેટલા સમયે નીકળતા દ્રવ્યના સમૂહરૂપ ભાષા હોય છે? તથા '**कतिप्रकारा**' ભાષાના કેટલા પ્રકાર છે? અને કેટલી ભાષા સાધુને બોલવાની અનુજ્ઞા છે? અહીં દરેક પ્રશ્નનો ઉત્તર આપે છે—'**शरीरप्रभवा भाषा**'- શરીરથી ઉત્પન્ન થાય છે. અહીં શરીરના ગ્રહણથી શરીરયોગનું ગ્રહણ કરવું, કારણ કે 'ભાષા શરીરમાત્રથી ઉત્પન્ન થાય છે' એ વાતનો પૂર્વેજ નિર્ણય કર્યો છે. અહીં '**शरीरप्रभवा**' એટલે ભાષા શરીર–કાયયોગથી ઉત્પન્ન થાય છે એ અર્થ સમજવો. તે આ પ્રમાણે–કાયયોગવડે ભાષાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી વચન યોગ વડે બહાર કાઢે છે. તેથી કાયયોગના સામર્થ્યથી ભાષા ઉત્પન્ન થાય છે. એ સંબન્ધે ભગવાન્ ભદ્રબાહુ સ્વામી કહે છે—**"गिण्हइ काइएणं निसरइ तह वाइएण जोगेणं"**। ઇતિ. કાયયોગ વડે ગ્રહણ કરે છે અને વચનયોગ વડે બહાર કાઢે છે. કેટલા સમયે ભાષા બોલે છે? એ પ્રશ્નનો ઉત્તર આપે છે—બે સમયે ભાષા બોલે છે. તે આ પ્રમાણે—પ્રથમ સમયે ભાષાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે, અને બીજે સમયે ભાષાપણે પરિણમાવી છોડી દે છે. 'ભાષાના કેટલા પ્રકાર છે'—એનો ઉત્તર આ પ્રમાણ—સત્યાદિના ભેદથી ભાષાના ચાર પ્રકાર છે અને તેનો વિચાર પૂર્વે કરેલો છે. 'કઈ ભાષા બોલવાની અનુજ્ઞા છે'? એનો ઉત્તર—સત્યાદિ બે ભાષા સાધુને બોલવાની અનુજ્ઞા છે—સત્ય અને અસત્યામૃષા, અર્થાત્ જે અસત્ય અને સત્યાસત્ય–મિશ્ર ભાષા છે તે બોલવાની અનુજ્ઞા નથી. કારણ કે તે બન્ને અયથાર્થ અર્થનું પ્રતિપાદન કરતી હોવાથી મોક્ષને પ્રતિકૂલ છે. ॥૧૫॥૩૮૬॥

## ।। पज्जत्तियाइभासाभेयपरूवणं ।।

**कतिविहा णं भंते! भासा पण्णत्ता? गोयमा! दुविहा भासा पन्नत्ता, तं जहा—पज्जत्तिया य अपज्जत्तिया य। पज्जत्तिया णं भंते! भासा कतिविहा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा—सच्चा य मोसा य ।।सू०-१६।।३८७।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારની ભાષા કહેલી છે? હે ગૌતમ! બે પ્રકારની ભાષા કહી છે. તે આ પ્રમાણે— પર્યાપ્ત અને અપર્યાપ્ત. હે ભગવન્! પર્યાપ્ત ભાષા કેટલા પ્રકારની છે? હે ગૌતમ બે પ્રકારની છે. તે આ પ્રમાણે–સત્ય અને મૃષા. ॥૧૬॥૩૮૭॥*

(ટી૦) ભાષા સંબન્ધે ફરીથી પ્રશ્ન કરે છે—'કેટલા પ્રકારની ભાષા છે'? ઉત્તર—પર્યાપ્ત ભાષા અને અપર્યાપ્ત ભાષા. જે પ્રતિનિયતરૂપે–નિશ્ચિતાર્થરૂપે જાણી શકાય તે પર્યાપ્ત–અર્થનો સમ્યક્ કે અસમ્યક્ નિર્ણય કરવાના સામર્થ્યયુક્ત. તે સત્ય અને મૃષા બે પ્રકારની છે, કારણ કે બન્ને ભાષા સત્ય કે અસત્ય એમ નિશ્ચિતાર્થરૂપે જાણી શકાય છે. જે ભાષા સત્ય અને અસત્ય

બન્નેની મિશ્રતારૂપ હોવાથી અને સત્ય અને અસત્ય બન્નેના પ્રતિષેધરૂપ હોવાથી પ્રતિનિયતરૂપે-સત્ય કે અસત્ય એમ નિશ્ચિતાર્થરૂપે જાણી શકાતી નથી તે અપર્યાપ્તા-અર્થનો નિર્ણય કરવાના સામર્થ્ય રહિત છે. તે સત્યમૃષા અને અસત્યમૃષા જાણવી. કારણ કે બન્ને ભાષાનો પણ પ્રતિનિયતરૂપે-સત્ય કે અસત્ય એમ વિનિશ્ચય થઇ શકતો નથી. ॥૧૬॥૩૮૭॥

**सच्चा णं भंते! भासा पज्जत्तिया कतिविहा पन्नत्ता? गोयमा! दसविहा पन्नत्ता। तं जहा--जणवयसच्चा १, सम्मतसच्चा २, ठवणासच्चा ३, नामसच्चा ४, रूवसच्चा ५, पडुच्चसच्चा ६, ववहारसच्चा ७, भावसच्चा ८, जोगसच्चा ९, ओवम्मसच्चा १०।**

**"जणवय १ संमत २ ठवणा ३ नामे ४ रूवे ५ पडुच्चसच्चे ६ य। ववहार ७ भाव जोगे ९ दसमे ओवम्मसच्चे य १०" ।।सू०-१७।।३८८।।**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત સત્યભાષા કેટલા પ્રકારની કહી છે? હે ગૌતમ! દસ પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ જનપદસત્ય, ૨ સંમતસત્ય, ૩ સ્થાપનાસત્ય, ૪ નામસત્ય, ૫ રૂપસત્ય, ૬ પ્રતીત્યસત્ય (અપેક્ષાસત્ય), ૭ વ્યવહારસત્ય, ૮ ભાવસત્ય, ૯ યોગસત્ય, ૧૦ ઉપમાસત્ય. ॥૧૭॥૩૮૮॥*

(ટી૦) એ પ્રમાણે પર્યાપ્ત ભાષાના સ્વરૂપનો વિચાર કર્યો, પરન્તુ તેના સત્ય અને મૃષા એ બે ભેદ કહ્યાં છે, તેથી સત્ય ભાષાના ભેદો જાણવા માટે પ્રશ્ન કરે છે—'**सच्चा णं भंते! भासा पज्जत्तिया कइविहा पन्नत्ता**'? હે ભગવન્! પર્યાપ્ત સત્ય ભાષા કેટલા પ્રકારની છે?—ઇત્યાદિ પાઠ સિદ્ધ છે. હવે ભગવાન્ ઉત્તર આપે છે—'**गोयमा**'! હે ગૌતમ દસ પ્રકારની છે-૧ '**जणवयसच्चा**' જનપદસત્યા-તે તે જનપદ-દેશને આશ્રયી ઇષ્ટ અર્થના બોધનું કારણ હોવાને લીધે વ્યવહારનો હેતુ હોવાથી સત્ય તે જનપદસત્ય. જેમ કે કોંકણાદિ દેશમાં પાણીને '**पीच्च**' કહે છે-ઇત્યાદિ. ૨ '**संमतसत्या**' જે સકલ લોકને સંમત હોવાથી સત્યપણે પ્રસિદ્ધ છે, જેમકે કુમુદ, કુવલય, ઉત્પલ અને તામરસ (રક્ત કમળ) એ બધા સમાન રીતે પંકથકી ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ ગોપાલો અરવિન્દને જ પંકજ માને છે, બાકીનાને માનતા નથી, માટે અરવિંદને પંકજ કહેવું તે સંમતસત્ય. ૩ '**स्थापनासत्या**' તેવા પ્રકારના અંક વગેરે કે સિક્કા વગેરેને જોઇને કહેવાય, જેમ કે એકડાની પાસે બે મીંડાં જોઇને 'આ સો છે' એમ કહેવાય અને ત્રણ મીંડાં જોઇને 'આ હજાર છે' એમ કહેવાય, માટી વગેરેમાં તેવા પ્રકારની મુદ્રા-છાપ જોઇને 'આ માષ છે, આ કાર્ષાપણ છે' એમ કહેવાય તે સ્થાપનાસત્ય. ૪ '**नामसत्या**' નામમાત્રથી સત્ય હોય, જેમ કે કુલની વૃદ્ધિ-અભ્યુદય ન કરતો હોય તો પણ 'કુલવર્ધન' કહેવાય છે તે નામસત્ય. ૫ '**रूपसत्या**' જે રૂપ-વેષમાત્રથી સત્ય હોય, જેમ કે જેણે દંભથી સાધુનો વેષ ધારણ કરેલો હોય તે સાધુ કહેવાય છે તે રૂપસત્યા. ૬ '**प्रतीत्यसत्या**' પ્રતીત્ય—બીજી વસ્તુની અપેક્ષાએ જે સત્ય હોય, જેમ કે અનામિકા આંગળી કનિષ્ઠાની અપેક્ષાએ લાંબી અને મધ્યમાની અપેક્ષાએ ટુંકી કહેવાય છે તે પ્રતીત્યસત્ય. અહીં એમ ન કહેવું કે એક વસ્તુમાં હ્રસ્વત્વ અને દીર્ઘત્વ વાસ્તવિક રીતે કેમ કહેવાય? કારણ કે તેઓનો પરસ્પર વિરોધ છે. જે હ્રસ્વ હોય તે દીર્ઘ કેમ હોય અને જે દીર્ઘ હોય તે હ્રસ્વ કેમ હોય? તેનો ઉત્તર એ છે કે ભિન્ન નિમિત્ત હોવાથી-જુદી જુદી અપેક્ષાએ હોવાથી ત્યાં પરસ્પર વિરોધનો સંભવ નથી. જો તે એક કનિષ્ઠાને કે મધ્યમાં આંગળીને આશ્રયી લાંબી કે ટુંકી કહીએ તો વિરોધનો સંભવ છે, કારણ કે એક નિમિત્તની અપેક્ષાએ પરસ્પર વિરુદ્ધ બે કાર્યનો અસંભવ છે, જ્યારે એક આંગળીની અપેક્ષાએ ટુંકી અને બીજીની અપેક્ષાએ લાંબી કહીએ તો [1]સત્ત્વ અને અસત્ત્વની જેમ ભિન્ન નિમિત્ત હોવાથી પરસ્પર વિરોધ નથી. અહીં શંકા કરે છે—'જો દીર્ઘત્વ-લંબાઇ અને હ્રસ્વત્વ-ટુંકાઇ વાસ્તવિક હોય તો ઋજુત્વ-સરલતા અને વક્રતાની જેમ બીજા નિમિત્તની અપેક્ષા વિના કેમ ભાસતા નથી? માટે અન્ય નિમિત્ત સાપેક્ષા હોવાથી હ્રસ્વત્વ

૧. એકજ વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવની અપેક્ષાએ સત્ છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવની અપેક્ષાએ અસત્ છે, અને તે ભિન્ન ભિન્ન નિમિત્તની અપેક્ષાએ હોવાથી તેમાં સત્ત્વ અને અસત્ત્વનો પરસ્પર વિરોધ નથી.

અને દીર્ઘત્વ એ બન્ને ધર્મો કાલ્પનિક છે', તે અયુક્ત છે. વસ્તુના ધર્મો બે પ્રકારના છે–સહકારી વડે જેનું સ્વરૂપ વ્યક્ત થાય તે અને તે સિવાયના બીજા. તેમાં જે સહકારીથી જેનું સ્વરૂપ વ્યક્ત થાય તેવા ધર્મો છે તે સહકારીના સંબન્ધથી પ્રતીત થાય છે. જેમ જળના સંબન્ધથી પૃથિવીમાં ગન્ધ વ્યક્ત થાય છે. અને બીજા સહકારી સંબન્ધ સિવાય સ્વયં વ્યક્ત થાય એવા પ્રકારના છે, જેમ કર્પુરાદિનો ગંધ. હ્રસ્વત્વ અને દીર્ઘત્વ ધર્મો પણ સહકારીના સંબન્ધથી વ્યક્ત થાય તેવા પ્રકારના છે, તેથી તેઓ સહકારીને આશ્રયી અભિવ્યક્ત થાય છે. ૭ '**व्यवहारसत्या**' વ્યવહાર—એટલે લોકવિવક્ષા, વ્યવહારથી સત્ય તે વ્યવહારસત્ય, જેમ કે પર્વત બળે છે, પાત્ર ઝરે છે, પેટ વિનાની કન્યા છે, ઊન વિનાની ઘેટી છે. લોકો પર્વત ઉપરનું ઘાસ બળતું હોય ત્યારે ઘાસની સાથે પર્વતના અભેદની કલ્પના કરી 'પર્વત બળે છે' એમ કહે છે. પાત્રથી પાણી ઝરતું હોય ત્યારે પાણી અને પાત્રના અભેદની વિવક્ષા કરી 'પાત્ર ઝરે છે' એમ બોલે છે. સંભોગ હેતુક પેટની વૃદ્ધિના અભાવમાં 'અનુદરા કન્યા'–પેટ વિનાની કન્યા કહેવાય છે, અને કાપવા લાયક ઊનના અભાવમાં '**अलोमिका एडका**'—ઊન વિનાની ઘેટી કહેવાય છે. માટે લોકવ્યવહારની અપેક્ષાએ તે પ્રમાણે બોલનાર સાધુની પણ ભાષા વ્યવહારસત્ય છે. ૮ '**भावसत्या**' ભાવ–વર્ણાદિ, તે વડે સત્ય. જે વર્ણાદિભાવ જેમાં ઉત્કટ–અધિક હોય તે વડે જે સત્યભાષા તે ભાવ–સત્ય, જેમ બગલામાં પાંચ વર્ણનો સંભવ છે તો પણ શુક્લવર્ણની અધિકતા હોવાથી ધોળો બગલો કહેવાય છે. ૯ '**योगसत्या**' યોગ–સંબન્ધ, તે વડે સત્ય, જેમ છત્રના સંબન્ધથી વિવક્ષિત શબ્દપ્રયોગના સમયે છત્રનો અભાવ હોય તો પણ છત્રના યોગનો સંભવ હોવાથી 'છત્રી' અને દંડના સંબન્ધથી 'દંડી' કહેવાય છે તે યોગસત્ય. ૧૦ '**उपमासत्या**' જેમ સમુદ્રના જેવું તળાવ છે, આ ઉપમા સત્ય છે. અહીં શિષ્યજન ઉપર ઉપકાર કરવા માટે સંગ્રહણી ગાથા કહે છે—'**जणवयसम्मयठवणा**' ઇત્યાદિ. તેના અર્થનો વિચાર કરેલો છે. ॥૧૭॥૩૮૮॥

**मोसा णं भंते! भासा पज्जत्तिया कतिविहा पन्नत्ता? गोयमा! दसविहा पन्नत्ता, तं जहा—कोहणिस्सिया १, माणनिस्सिया २, मायानिस्सिया ३, लोहनिस्सिया ४, पेज्जणिस्सिया ५, दोसनिस्सिया ६, हासणिस्सिया ७, भयणिस्सिया ८, अक्खाइयाणिस्सिया ९, उवघायणिस्सिया १०।**

**"कोहे माणे माया लोभे पिज्जे तहेव दोसे य। हास भए अक्खाइय उवघायणिस्सिया दसमा ॥"**

**॥सू०-१८॥३८९॥**

*(મૂ૦) હે ભગવન્! પર્યાપ્ત મૃષા ભાષા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! દસ પ્રકારની છે. તે આ પ્રમાણે—ક્રોધનિશ્રિત ૧, માનનિશ્રિત ૨, માયાનિશ્રિત ૩, લોભનિશ્રિત ૪, પ્રેમનિશ્રિત ૫, દ્વેષનિશ્રિત ૬, હાસ્યનિશ્રિત ૭, ભયનિશ્રિત ૮, આખ્યાયિકાનિશ્રિત ૯, અને ઉપઘાતનિશ્રિત ૧૦. ॥૧૮॥૩૮૯॥*

(ટી૦) મૃષાભાષા દસ પ્રકારની છે, જેમ ૧ '**कोहनिस्सिया**' ઇત્યાદિ. '**क्रोधनिःसृता**'—ક્રોધથી નીકળેલી વાણી, એમ બધે સ્થળે વિચાર કરવો. તેમાં ક્રોધાધીન આત્મા વિપરીત બુદ્ધિથી બીજાને છેતરવાને જે સત્ય કે અસત્ય બોલે તે પણ મૃષા જાણવું, કારણ કે તેનો આશય અતિદુષ્ટ છે. જો કે ઘુણાક્ષરન્યાયથી તેમાં સત્યાંશ હોય અથવા કપટબુદ્ધિથી સત્ય બોલે તે પણ આશયના દોષથી દુષ્ટ હોવાથી અસત્ય છે. ૨ '**माननिःसृता**' પૂર્વે ઐશ્વર્યનો અનુભવ ન કર્યો હોય તો પણ પોતાનો ઉત્કૃષ્ટ બતાવવા માટે 'અમે તે સમયે ઐશ્વર્યનો અનુભવ કર્યો હતો. ઇત્યાદિ કહેનારની માનનિઃસૃત ભાષા કહેવાય છે. ૩ '**मायानिःसृता**' જે બીજાને છેતરવાના ઇરાદાથી સત્ય કે અસત્ય બોલે તે માયાનિઃસૃત ભાષા. ૪ '**लोभनिःसृता**' લોભને અધીન થયેલો આત્મા ખોટા તુલા વગેરે કરી 'તુલા વગેરે બરોબર પ્રમાણવાળા છે' એમ બોલે તે લોભનિઃસૃત ભાષા. ૫ '**प्रेमनिःसृता**' અતિપ્રેમના વશથી 'હું તારો દાસ છું' ઇત્યાદિ ખુશામત કરનારની પ્રેમનિઃસૃત ભાષા. ૬ '**द्वेषनिःसृता**' દ્વેષી આત્મા તીર્થંકરાદિ સત્પુરુષોના પણ અવર્ણવાદ બોલે તે દ્વેષનિઃસૃત ભાષા. ૭ '**हास्यनिःसृता**' કેલિ–ગમ્મતને લીધે જૂઠું બોલવું તે હાસ્યનિઃસૃત ભાષા. ૮ '**भयनिःसृता**' ચોર વગેરેના ભયથી અસત્ય બોલવું તે ભયનિઃસૃત ભાષા. ૯ '**आख्यायिकानिःसृता**' કથાઓમાં અસંભવિત

વાતો કહેવી તે આખ્યાયિકા નિઃસૃત ભાષા. ૧૦ 'उपघातनिःसृता' તું ચોર છો' ઇત્યાદિ ખોટું આળ આપવું તે ઉપઘાતનિઃસૃત ભાષા. અહીં પણ સૂત્રકાર સંગ્રહણી ગાથા કહે છે—'कोहे माणे' ઇત્યાદિ. તેના અર્થનો વિચાર કરેલો છે. ॥૧૮॥૩૮૯॥

**अपज्जत्तिया णं भंते! कइविहा भासा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा—सच्चामोसा य असच्चामोसा य। सच्चामोसा णं भंते! भासा अपज्जत्तिया कतिविहा पन्नत्ता? गोयमा! दसविहा पन्नत्ता, तं जहा—उप्पण्णमिस्सिया १, विगतमिस्सिया २, उप्पण्णविगतमिस्सिया ३, जीवमिस्सिया ४, अजीवमिस्सिया ५, जीवाजीवमिस्सिया ६, अणंतमिस्सिया ७, परित्तमिस्सिया ८, अद्धामिस्सिया ९, अद्धद्धामिस्सिया १० ।।सू०-१९।।३९०।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્ત ભાષા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! બે પ્રકારની છે. તે આ પ્રમાણે—સત્યમૃષા અને અસત્યામૃષા. હે ભગવન્! અપર્યાપ્ત સત્યમૃષા ભાષા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! દસ પ્રકારની છે. તે આ પ્રમાણે—ઉત્પન્નમિશ્રિતા, ૨ વિગતમિશ્રિતા, ૩ ઉત્પન્નવિગતમિશ્રિતા, ૪ જીવમિશ્રિતા, ૫ અજીવમિશ્રિતા, ૬ જીવાજીવમિશ્રિતા, ૭ અનંતમિશ્રિતા, ૮ પ્રત્યેકમિશ્રિતા, ૯ અદ્ધામિશ્રિતા અને ૧૦ અદ્ધાદ્ધામિશ્રિતા. ॥૧૯॥૩૯૦॥*

(ટી૦) સત્યમૃષા ભાષા દસ પ્રકારની છે, તે આ પ્રમાણે—'उत्पन्नमिश्रिता' સંખ્યા પૂરી કરવા માટે જેમાં નહિ ઉત્પન્ન થયેલાની સાથે ઉત્પન્ન થયેલા મિશ્રિત છે તે ઉત્પન્નમિશ્રિત ભાષા. એ પ્રમાણે બીજે સ્થળે પણ યથાસંભવ વિચારવું. જેમ કે કોઇ ગામ કે નગરમાં ઓછા અથવા અધિક બાળકો જન્મ્યાં હોય ત્યારે 'આજે દસ બાળકો જન્મ્યાં' ઇત્યાદિ કહેવું તે **ઉત્પન્નમિશ્રિતા** ૧. 'विगतमिश्रिता' એ પ્રમાણે મરણના કથનમાં **વિગતમિશ્રિતા** ૨. જન્મ અને મરણનું નિશ્ચિત પરિમાણના કથનમાં વિસંવાદ–અયથાર્થપણે કથન તે **ઉત્પન્નવિગતમિશ્રિતા** ૩. 'जीवमिश्रिता' ઘણા જીવતાં અને ઘણા મરી ગયેલાં શંખ શંખલા વગેરેનો એક ઢગલો જોઇને કોઇ એમ કહે કે 'અહો! આ મોટો જીવનો ઢગલો છે' ત્યારે **જીવમિશ્રિતા** ૪. જીવતાને આશ્રયી સત્ય અને મરી ગયેલાને આશ્રયી અસત્ય હોવાથી આ સત્યમૃષા ભાષા છે. તેજ રાશિમાં 'આટલા જીવતા છે અને આટલા મરી ગયા છે' એમ પરિમાણપૂર્વક નિશ્ચિત કથન કરતાં વિસંવાદ–અયથાર્થપણું હોય ત્યારે **જીવાજીવમિશ્રિતા** ૬. મૂળા વગેરે અનંતકાયિકોના પક્વ–પીળાં પાંદડાં વડે અથવા કોઇક પ્રત્યેક વનસ્પતિ વડે મિશ્ર જોઇને આ બધું અનંતકાયિક છે' એમ કહેવું તે '**अनंतमिश्रिता**' ૭ પ્રત્યેક વનસ્પતિના સમુદાયનો અનંતકાયિક સાથે કરેલો ઢગલો જોઇને 'આ બધી પ્રત્યેક વનસ્પતિ છે' એમ કહેવું તે **प्रत्येकमिश्रिता** ૮. અદ્ધાકાળ તે અહીં પ્રસ્તાવને અનુસરી દિવસ કે રાત્રિ રૂપકાળ ગ્રહણ કરવો. તે કાળ વડે મિશ્રિત થયેલ તે **अद्धामिश्रिता**. જેમ કે કોઇ મનુષ્ય ત્વરા કરતો દિવસ છતાં એમ કહે છે ઉઠ રાત્રિ ગઇ. અથવા રાત્રિ છતાં એમ કહે ઉઠ સૂર્ય ઉગ્યો. ૯ દિવસ કે રાત્રિનો એક અંશ તે અદ્ધાદ્ધા, તે જેમાં મિશ્ર કરાયેલ હોય તે **अद्धाद्धामिश्रिता**, જેમ કે પહેલો પહોર છતાં કોઇ મનુષ્ય ઉતાવળ કરતો કોઇને એમ કહે કે ચાલ મધ્યાહ્ન થઇ ગયો. ॥૧૯॥૩૯૦॥

**असच्चामोसा णं भंते! भासा अपज्जत्तिया कइविहा पन्नत्ता? गोयमा! दुवालसविहा पन्नत्ता। तं जहा- आमंतणि १, आणमणी २, जायणि ३, तह पुच्छणी य ४, पण्णवणी ५। पच्चक्खाणी ६ भासा भासा इच्छाणुलोमा ७ य ॥ अणभिग्गहिया भासा ८ भासा य अभिग्गहंमि बोद्धव्वा ९। संसयकरणी भासा १० वोयड ११ अव्वोयडा चेव १२।।सू०-२०।।३९१।।**

*(મૂ૦) હે ભગવન્! અપર્યાપ્ત અસત્યામૃષા ભાષા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! બાર પ્રકારની છે. તે આ પ્રમાણે-૧ આમન્ત્રણી, ૨ આજ્ઞાપની, ૩ યાચની, ૪ પૃચ્છની, ૫ પ્રજ્ઞાપની, ૬ પ્રત્યાખ્યાની, ૭ ઇચ્છાલોમા (ઇચ્છાનુકૂલ), ૮ અનભિગૃહીતા, ૯ અભિગૃહીતા, ૧૦ સંશયકરણી, ૧૧ વ્યાકૃતા અને ૧૨ અવ્યાકૃતા ભાષા. ॥૨૦॥૩૯૧॥*

(ટી૦) અસત્યામૃષા ભાષા બાર પ્રકારની છે. તે આ પ્રમાણે—'आमंतणि' ઇતિ. 'હે દેવદત્ત'! ઇત્યાદિ આમન્ત્રણી ભાષા ૧. આ ભાષા પૂર્વે કહેલી સત્યાદિ ત્રણ ભાષાના લક્ષણથી રહિત હોવાને લીધે સત્ય નથી, અસત્ય નથી તેમ સત્યમૃષા પણ નથી,

કેવળ વ્યવહાર માત્રની પ્રવૃત્તિનું કારણ છે, માટે તે અસત્યામૃષા કહેવાય છે. એ પ્રમાણે બધે વિચાર કરવો. **આજ્ઞાપની**– કાર્યમાં બીજાને પ્રેરણા કરવી, જેમ કે 'આ કર' ૨. **યાચની**—કોઇ પણ વસ્તુની 'તુ આપ' એમ યાચના કરવી ૩. **પૃચ્છની**— નહીં જણેલા અથવા સંદિગ્ધ એવા કોઇ પણ અર્થને જાણવા માટે તેના જાણનારને પૂછવું ૪. **પ્રજ્ઞાપની**—જેણે **વિનયની શિક્ષા પ્રાપ્ત કરી છે એવા શિષ્યને ઉપદેશ આપવો**, જેમ કે 'હિંસાથી નિવૃત્ત થયેલાં પ્રાણીઓ ભવાન્તરમાં દીર્ઘાયુષી થાય છે' ઇત્યાદિ. કહ્યું છે કે ''पाणिवहाउ नियत्ता हवंति दीहाउया अरोगा य। एमाई पण्णत्ता पण्णवणी वीयरागेहिं॥'' પ્રાણીના વધથી નિવૃત્ત થયેલા દીર્ઘાયુષી અને નીરોગી થાય છે–ઇત્યાદિ ભાષા વીતરાગે પ્રજ્ઞાપની કહી છે ૫. **પ્રત્યાખ્યાની**—યાચના કરનાર ને નિષેધ કરવો ૬. **ઇચ્છાનુલોમા**–પરની ઇચ્છાને અનુસરવું, જેમ કોઇ કંઇક કાર્ય કરતો ત્યારે કોઇને પૂછે ત્યારે તે કહે કે 'તમે કરો મને પણ એ અભીષ્ટ છે' ૭. '**अनभिग्रहा**'—જ્યાં પ્રતિનિયત અર્થનો નિશ્ચય ન હોય તે. જેમકે ઘણાં કાર્યો કરવાના હોય ત્યારે કોઇ કોઇને પૂછે કે 'અત્યારે શું કરું?' તે કહે કે 'અત્યારે તને જે ઠીક લાગે તે કર' ૮. '**अभिगृहिता**'-જ્યાં પ્રતિનિયત અર્થનો નિશ્ચય હોય તે. જેમકે 'અત્યારે આ કરવું અને અત્યારે આ ન કરવું' ૯. '**संशयकरणी**' જે ભાષા અનેક અર્થની વાચક હોવાથી બીજાને સંશય ઉત્પન્ન કરે તે. જેમકે 'સૈન્ધવ લાવ.' અહીં સૈન્ધવ શબ્દ લવણ, વસ્ત્ર, પુરુષ અને અશ્વનો વાચક છે. ૧૦. **व्याकृता**–પ્રગટ અર્થવાળી ૧૧. અને **अव्याकृता**—અતિગમ્ભીર શબ્દાર્થવાળી અથવા અસ્પષ્ટ ઉચ્ચારવાળી ૧૨. કારણ કે તેના અર્થનો વિચાર થતો નથી. બાકી બધું યાવત્ '**कइ णं भंते! भासज्जाया पन्नत्ता**' ઇત્યાદિ સુધી સુગમ છે. ॥૨૦॥૩૯૧॥

## || भासगाभासगपरूवणं ||

**जीवा णं भंते! किं भासगा, अभासगा? गोयमा! जीवा भासगा वि, अभासगा वि। से केणट्ठेणं भंते! एवं वुच्चति- 'जीवा भासगा वि अभासगा वि'? गोयमा! जीवा दुविहा पन्नत्ता। तं जहा—संसारसमावण्णगा य असंसारसमावण्णगा य। तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा, सिद्धा णं अभासगा। तत्थ णं जे ते संसारसमावण्णगा ते णं दुविहा पन्नत्ता, तं जहा—सेलेसिपडिवण्णगा य असेलेसिपडिवण्णगा य। तत्थ णं जे ते सेलेसिपडिवण्णगा ते णं अभासगा। तत्थ णं जे ते असेलेसिपडिवण्णगा ते दुविहा पन्नत्ता, तं जहा—एगिंदिया य अणेगिंदिया य। तत्थ णं जे ते एगिंदिया ते णं अभासगा। तत्थ णं जे ते अणेगेंदिया ते दुविहा पन्नत्ता, तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं अभासगा। तत्थ णं जे ते पज्जत्तगा ते णं भासगा, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चति—'जीवा भासगा वि अभासगा वि'।।सू०-२१।।३९२।।**

*(મૂ૦) હે ભગવન્! જીવો શું ભાષક છે કે અભાષક છે? હે ગૌતમ! જીવો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે, 'જીવો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે'? હે ગૌતમ! જીવો બે પ્રકારના છે. તે આ પ્રમાણ—સંસારી અને અસંસારી. તેમાં જે અસંસારી છે તે સિદ્ધો છે અને સિદ્ધો અભાષક હોય છે. અને તેમાં જે સંસારી જીવો છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે—શૈલેશીને પ્રાપ્ત થયેલા અને શૈલેશીને પ્રાપ્ત નહીં થયેલા. તેમાં જે શૈલેશીને પ્રાપ્ત થએલા છે, તેઅભાષક છે. શૈલેશીને પ્રાપ્ત નહીં થયેલા જીવો બે પ્રકારના છે, તે આ પ્રમાણે—એક ઇન્દ્રિયવાળા અને અનેક ઇન્દ્રિયવાળા. તેમાં જે એકેન્દ્રિય છે તે અભાષક છે. અનેક ઇન્દ્રિયવાળા જીવો બે પ્રકારના છ—પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે અપર્યાપ્ત છે તે અભાષક હોય છે અને જે પર્યાપ્ત છે તે ભાષક હોય છે. એ કારણથી હે ગૌતમ! હું એમ કહું છે કે 'જીવો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે.' ॥૨૧॥૩૯૨॥*

**नेरइया णं भंते! किं भासगा, अभासगा? गोयमा! नेरइया भासगा वि, अभासगा वि। से केणट्ठेणं भंते! एवं वुच्चति—'नेरइया भासगा वि, अभासगा वि'? गोयमा! नेरइया दुविहा पन्नत्ता, तं जहा—पज्जत्तगा य**

अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं अभासगा, तत्थ णं जे ते पज्जत्तगा ते णं भासगा, से एएणट्ठेणं गोयमा। एवं वुच्चति–'नेरइया भासगा वि अभासगा वि'। एवं एगिंदियवज्जाणं निरंतरं भाणियव्वं' ।।सू०-२२।।३९३।।

(મૂ૦) હે ભગવન્! નૈરયિકો ભાષક હોય છે કે અભાષક હોય છે? હે ગૌતમ! નૈરયિકો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'નૈરયિકો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે'? હે ગૌતમ! નૈરયિકો બે પ્રકારના છે—પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે પર્યાપ્ત છે તે અભાષક છે અને જે પર્યાપ્ત છે તે ભાષક છે. તેથી હે ગૌતમ! હું એમ કહું છું કે 'નૈરયિકો ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે'. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય બધા જીવોને નિરંતર કહેવું. ॥૨૨॥૩૯૩॥

## ।। सच्चाइभासज्जायपरूवणं ।।

कति णं भंते। भासज्जाया पण्णत्ता? गोयमा। चत्तारि भासज्जाया पन्नत्ता, तं जहा—सच्चमेगं भासज्जायं, बितियं मोसं, ततियं सच्चामोसं, चउत्थं असच्चामोसं। जीवा णं भंते। किं सच्चं भासं भासंति? मोसं भासं भासंति? सच्चामोसं भासं भासंति? असच्चामोसं भासं भासंति? गोयमा। जीवा सच्चं पि भासं भासंति, मोसं पि भासं भासंति, सच्चामोसं पि भासं भासंति, असच्चामोसं पि भासं भासंति। नेरइया णं भंते। किं सच्चं भासं भासंति, जाव किं असच्चामोसं भासं भासंति? गोयमा। नेरइया णं सच्चं पि भासं भासंति, जाव असच्चामोसं पि भासं भासंति। एवं असुरकुमारा जाव थणियकुमारा। बेइंदिय-तेइंदिय-चउरिंदिया य नो सच्चं, नो मोसं, नो सच्चामोसं भासं भासंति, असच्चामोसं भासं भासंति। पंचिंदियतिरिक्खजोणिया णं भंते। किं सच्चं भासं भासंति? जाव किं असच्चामोसं भासं भासंति? गोयमा। पंचिंदियतिरिक्खजोणिया णो सच्चं भासं भासंति, णो मोसं भासं भासंति, णो सच्चामोसं भासं भासंति, एगं असच्चामोसं भासं भासंति, णण्णत्थ सिक्खापुव्वगं उत्तरगुणलद्धिं वा पडुच्च सच्चं पि भासं भासंति, मोसं पि, सच्चामोसं पि, असच्चामोसं पि भासं भासंति। मणुस्सा जाव वेमाणिया एते जहा जीवा तहा भाणियव्वा ।।सू०-२३।।३९४।।

(મૂ૦) હે ભગવન્! ભાષાના કેટલા પ્રકારો કહ્યા છે? હે ગૌતમ! ભાષાના ચાર પ્રકારો કહ્યા છે. તે આ પ્રમાણે–એક સત્યભાષાનો પ્રકાર, બીજો મૃષા, ત્રીજો સત્યમૃષા અને ચોથો અસત્યામૃષા. હે ભગવન્! જીવો શું સત્યભાષા બોલે છે, મૃષાભાષા બોલે છે, સત્યમૃષા ભાષા બોલે છે કે અસત્યામૃષા ભાષા બોલે છે? હે ગૌતમ! સત્ય ભાષા પણ બોલે છે, મૃષા ભાષા પણ બોલે છે, સત્યમૃષા ભાષા પણ બોલે છે અને અસત્યામૃષા ભાષા પણ બોલે છે. હે ભગવન્! નૈરયિકો શું સત્ય ભાષા બોલે છે કે યાવત્ અસત્યામૃષા ભાષા બોલે છે? હે ગૌતમ! નૈરયિકો સત્ય ભાષા પણ બોલે છે અને યાવત્ અસત્યામૃષા ભાષા પણ બોલે છે. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો જાણવા. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિયો સત્યભાસા, મૃષાભાષા અને સત્યમૃષા ભાષા બોલતા નથી, પણ અસત્યામૃષા ભાષા બોલે છે. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચો શું સત્ય ભાષા બોલે છે કે યાવત્ અસત્યામૃષા ભાષા બોલે છે? હે ગૌતમ! સત્યભાષા, મૃષાભાષા અને સત્યમૃષા ભાષા બોલતા નથી, પણ એક અસત્યામૃષા ભાષા બોલે છે. પરન્તુ શિક્ષાપૂર્વક કે ઉત્તરગુણની લબ્ધિ સિવાય બીજે જાણવું. શિક્ષા પૂર્વક કે ઉત્તરગુણની લબ્ધિને આશ્રયી સત્યભાષા પણ બોલે છે, અસત્યભાષા પણ બોલે છે સત્યમૃષા તથા અસત્યામૃષા ભાષા પણ બોલે છે. મનુષ્યો યાવત્ વૈમાનિકો જેમ જીવો કહ્યા તેમ જાણવા. ॥૨૩॥૩૯૪॥

(ટી૦) હે ભગવન્! ભાષાના કેટલા પ્રકારો કહ્યા છે? આ ભાષાના પ્રકાર પૂર્વે કહેલાં છે તો પણ ફરીથી કહેવાનું કારણ બીજા સૂત્રના સંબન્ધ માટે છે તે બતાવે છે–'હે ભગવન્! જીવો સત્ય ભાષા બોલે છે' ઇત્યાદિ સુગમ છે, પરંતુ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં સત્યાદિ ત્રણ ભાષાનો પ્રતિષેધ સમજવો, કારણ કે તેઓને સમ્યગ્ જ્ઞાન અને બીજાને છેતરવા વગેરેનો ઇરાદો હોતો નથી. તિર્યંચ પંચેન્દ્રિયો પણ યથાવસ્થિત વસ્તુના પ્રતિપાદનના અભિપ્રાયથી સમ્યક્ (યથાર્થ) બોલતા નથી, તેમ બીજાને છેતરવાની બુદ્ધિથી બોલતા નથી, પરંતુ જ્યારે બોલે છે ત્યારે ગુસ્સે થવા છતાં કે બીજાને મારવાની ઇચ્છાવાળા છતાં એ પ્રમાણે જ બોલે છે માટે તેઓની પણ ભાષા અસત્યામૃષા છે. શું તેઓ બધાની એક અસત્યામૃષા ભાષા છે? 'નથી' એમ જણાવે છે. તેઓ શિક્ષાદિ સિવાય સત્યાદિ ભાષા બોલતા નથી, પરંતુ મેના પોપટ વગેરે શિક્ષાપૂર્વક સંસ્કાર વિશેષથી કે તેવા પ્રકારના ક્ષયોપશમની વિશેષતાથી જાતિસ્મરણરૂપ કે વિશિષ્ટ વ્યવહારની કુશલતારૂપ લબ્ધિને આશ્રયી સત્યાદિ ચારે ભાષા બોલે છે. ॥૨૩॥૩૯૪॥

## || भासादव्वगहणाइपरूवणं ||

**जीवे णं भंते! जाइं दव्वाइं भासत्ताए गिण्हति ताइं किं ठियाइं गेण्हति? अठियाइं गेण्हति? गोयमा! ठियाइं गिण्हति, नो अठियाइं गिण्हति। जाइं भंते! ठियाइं गिण्हति ताइं किं दव्वतो गिण्हति? खेत्ततो गिण्हति? कालतो गिण्हति? भावतो गिण्हति? गोयमा! दव्वओ वि गिण्हति, खेत्तओ वि, कालओ वि, भावओ वि गिण्हति। जाइं भंते! दव्वओ गेण्हति ताइं किं एगपदेसिताइं गिण्हति, दुपदेसियाइं गेण्हति जाव अणंतपदेसियाइं गेण्हति? गोयमा! नो एगपदेसियाइं गेण्हति, जाव नो असंखिज्जपदेसियाइं गेण्हति, अणंतपदेसियाइं गेण्हति। जाइं खेत्तओ गेण्हति ताइं किं एगपएसोगाढाइं गेण्हति, दुपएसोगाढाइं गेण्हति, जाव असंखेज्जपएसोगाढाइं गेण्हति? गोयमा! नो एगपएसोगाढाइं गेण्हति, जाव नो संखेज्जपएसोगाढाइं गेण्हति, असंखेज्जपएसोगाढाइं गेण्हति। जाइं कालतो गेण्हति ताइं किं एगसमयठिइयाइं गेण्हति, दुसमयठिइयाइं गिण्हति, जाव असंखिज्जसमयठिइयाइं गेण्हति? गोयमा! एगसमयठितीयाइंपि गेण्हति, दुसमयठितीयाइंपि गेण्हति, जाव असंखेज्जसमयठितीयाइंपि गेण्हति। जाइं भावतो गेण्हति ताइं किं वण्णमंताइं गेण्हति, गंधमंताइं, रसमंताइं, फासमंताइं गेण्हति? गोयमा! वण्णमंताइं पि जाव फासमंताइं पि गेण्हति। जाइं भावओ वण्णमंताइं पि गेण्हति ताइं किं एगवण्णाइं गेण्हति, जाव पंचवण्णाइं गेण्हति? गोयमा! गहणदव्वाइं पडुच्च एगवण्णाइं पि गेण्हति, जाव पंचवण्णाइं पि गेण्हति, सव्वगहणं पडुच्च णियमा पंचवण्णाइं गेण्हति, तं जहा—कालाइं नीलाइं लोहियाइं हालिद्दाइं सुक्किल्लाइं। जाइं वण्णतो कालाइं गेण्हति ताइं किं एगगुणकालाइं गेण्हति, जाव अणंतगुणकालाइं गिण्हति? गोयमा! एगगुणकालाइं पि गिण्हति, जाव अणंतगुणकालाइं पि गेण्हति। एवं जाव सुक्किल्लाइं पि। जाइं भावतो गंधमंताइं गिण्हति ताइं किं एगगंधाइं गिण्हति, दुगंधाइं गिण्हति? गोयमा! गहणदव्वाइं पडुच्च एगगंधाइं पि दुगंधाइं पि गिण्हति, सव्वगहणं पडुच्च नियमा दुगंधाइं गिण्हति। जाइं गंधतो सुब्भिगंधाइं गिण्हति ताइं किं एगगुणसुब्भिगंधाइं गिण्हति, जाव अणंतगुणसुब्भिगंधाइं पि गिण्हति? गोयमा! एगगुणसुब्भिगंधाइं पि जाव अणंतगुणसुब्भिगंधाइं पि गेण्हइ। एवं दुब्भिगंधाइं पि गेण्हइ। जाइं भावतो रसमंताइं गेण्हति ताइं किं एगरसाइं गेण्हति, जाव किं पंचरसाइं गेण्हति? गोयमा! गहणदव्वाइं पडुच्च एगरसाइं पि गेण्हति जाव पंचरसाइं पि गेण्हति, सव्वगहणं पडुच्च नियमा पंचरसाइं गेण्हति। जाइं रसओ तित्तरसाइं गेण्हति ताइं किं एगगुणतित्तरसाइं गिण्हति, जाव अणंतगुणतित्तरसाइं गिण्हति? गोयमा! एगगुणतित्ताइं पि गिण्हइ, जाव अणंतगुणतित्ताइं पि गिण्हति, एवं जाव महुररसो। जाइं भावतो**

**फासमंताइं गेण्हति ताइं किं एगफासाइं गेण्हइ जाव अट्ठफासाइं गिण्हति? गोयमा! गहणदव्वाइं पडुच्च णो एगफासाइं गेण्हति, दुफासाइं गिण्हइ, जाव चउफासाइं पि गेण्हति, णो पंचफासाइं गेण्हति, जाव नो अट्ठफासाइं पि गेण्हति, सव्वगहणं पडुच्च नियमा चउफासाइं गेण्हति, तं जहा-सीतफासाइं गेण्हति, उसिणफासाइं, निद्धफासाइं, लुक्खफासाइं गेण्हति। जाइं फासतो सीताइं गिण्हति ताइं किं एगगुणसीताइं गेण्हति, जाव अणंतगुणसीताइं गेण्हति? गोयमा! एगगुणसीताइं पि गेण्हति, जाव अणंतगुणसीताइं पि गेण्हति, एवं उसिणणिद्धलुक्खाइं जाव अणंतगुणाइं पि गिण्हति ।।सू०-२४।।३९५।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ જે દ્રવ્યો ભાષાપણે ગ્રહણ કરે છે, તે શું સ્થિત—સ્થિર રહેલા દ્રવ્યો ગ્રહણ કરે છે, અસ્થિત-અસ્થિર દ્રવ્યો ગ્રહણ કરે છે? હે ગૌતમ! સ્થિર દ્રવ્યો ગ્રહણ કરે છે પણ અસ્થિર દ્રવ્યો ગ્રહણ કરતો નથી. હે ભગવન્! જે સ્થિર દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું દ્રવ્યથી ગ્રહણ કરે છે, ક્ષેત્રથી ગ્રહણ કરે છે, કાળથી ગ્રહણ કરે છે, કે ભાવથી ગ્રહણ કરે છે? હે ગૌતમ! દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ગ્રહણ કરે છે. હે ભગવન્! જે દ્રવ્યથી ગ્રહણ કરે છે તે એકપ્રદેશવાળાં ગ્રહણ કરે છે, બે પ્રદેશવાળા કે યાવત્ અનન્ત પ્રદેશવાળા ગ્રહણ કરે છે? હે ગૌતમ! એક પ્રદેશવાળાં કે યાવત્ અસંખ્ય પ્રદેશવાળાં દ્રવ્યો ગ્રહણ કરતો નથી, પણ અનન્ત પ્રદેશવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. જે ક્ષેત્રથી ગ્રહણ કરે છે તે શું એકપ્રદેશાવગાઢ—એક પ્રદેશમાં રહેલા, બે પ્રદેશમાં રહેલાં કે યાવત્ અસંખ્યાત પ્રદેશમાં રહેલાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! તે એક પ્રદેશમાં રહેલાં કે યાવત્ સંખ્યાતા પ્રદેશમાં રહેલા દ્રવ્યો ગ્રહણ કરતો નથી, પણ અસંખ્યાત પ્રદેશમાં રહેલાં દ્રવ્યો ગ્રહણ કરે છે. જે દ્રવ્યો કાળથી ગ્રહણ કરે છે તે શું એક સમયની સ્થિતિવાળાં, બે સમયની સ્થિતિવાળાં કે યાવત્ અસંખ્ય સમયની સ્થિતિવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! એક સમયની સ્થિતિવાળાં, બે સમયની સ્થિતિવાળાં કે યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળાં ગ્રહણ કરે છે. જે દ્રવ્યો ભાવથી ગ્રહણ કરે છે તે શું વર્ણવાળાં, ગંધવાળાં, રસવાળાં કે સ્પર્શવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! વર્ણવાળા પણ ગ્રહણ કરે છે અને યાવત્ સ્પર્શવાળાં પણ ગ્રહણ કરે છે. જે ભાવથી વર્ણવાળાં ગ્રહણ કરે છે તે શું એક વર્ણવાળાં ગ્રહણ કરે છે કે યાવત્ પાંચ વર્ણવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! ગ્રહણ દ્રવ્યો-ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રયી એકવર્ણવાળાં પણ યાવત્ પાંચવર્ણવાળાં પણ ગ્રહણ કરે છે. સર્વ ગ્રહણયોગ્ય દ્રવ્યોને આશ્રયી અવશ્ય પાંચવર્ણવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. તે આ પ્રમાણે—કાળાં, નીલ-લીલાં, લોહિત-રાતાં હારિદ્ર-પીળાં અને શુક્લ-ધોળાં. જે વર્ણથી કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકગુણા કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે કે યાવત્ અનન્તગુણ કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે? હે ગૌતમ! એકગુણ કાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે, યાવત્ અનન્તગુણ કાળાં દ્રવ્યો પણ ગ્રહણ કરે છે. એ પ્રમાણે શુક્લ દ્રવ્યો સુધી જાણવું. ભાવથી જે ગંધવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એક ગંધવાળાં ગ્રહણ કરે છે કે બે ગંધવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રયી એક ગંધવાળાં કે બે ગંધવાળાં ગ્રહણ કરે છે અને ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રયી અવશ્ય બે ગંધવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. જે ગંધથી સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે તે શું એકગુણ સુરભિગંધવાળાં કે યાવત્ અનન્તગુણ સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! એકગુણ સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે, યાવત્—અનન્તગુણ સુરભિગંધવાળાં ગ્રહણ કરે છે, એ પ્રમાણે દુરભિગંધવાળાં પણ ગ્રહણ કરે છે. ભાવથી જે રસવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકરસવાળાં કે યાવત્ પાંચ રસવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! ગ્રહણ યોગ્ય પ્રત્યેક દ્રવ્યોને આશ્રયી એકરસવાળાં કે યાવત્—પાંચ રસવાળાં ગ્રહણ કરે છે અને ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રયી અવશ્ય પાંચરસવાળાં ગ્રહણ કરે છે. રસથી જે તિક્ત રસવાળાં ગ્રહણ કરે છે તે શું એકગુણ તિક્ત રસવાળાં ગ્રહણ કરે છે કે યાવત્ અનન્તગુણ તિક્તરસવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! એકગુણ તિક્ત રસવાળાં કે યાવત્ અનન્તગુણ*

તિક્તરસવાળાં ગ્રહણ કરે છે. એ પ્રમાણે યાવત્ મધુરરસ સુધી જાણવું. ભાવથી જે સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું એકસ્પર્શવાળાં ગ્રહણ કરે છે કે યાવત્ આઠ સ્પર્શવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! ગ્રહણ યોગ્ય (પ્રત્યેક) દ્રવ્યોને આશ્રયી એક સ્પર્શવાળાં ગ્રહણ કરતો નથી, પણ બે સ્પર્શવાળાં, યાવત્—ચાર સ્પર્શવાળાં ગ્રહણ કરે છે, પાંચ સ્પર્શવાળાં કે યાવત્—આઠસ્પર્શવાળાં ગ્રહણ કરતો નથી. ગ્રહણ યોગ્ય સર્વ દ્રવ્યોને આશ્રયી અવશ્ય ચાર સ્પર્શવાળાં ગ્રહણ કરે છે. તે આ પ્રમાણ—શીતસ્પર્શવાળાં ઉષ્ણસ્પર્શવાળાં, સ્નિગ્ધસ્પર્શવાળાં અને રુક્ષસ્પર્શવાળાં ગ્રહણ કરે છે. જે સ્પર્શથી શીતસ્પર્શવાળાં ગ્રહણ કરે છે તે શું એકગુણ શીતસ્પર્શવાળાં કે યાવત્ અનંતગુણ શીત સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે? હે ગૌતમ! એકગુણ શીતસ્પર્શવાળા કે યાવત્ અનન્તગુણ શીતસ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. એ પ્રમાણે ઉષ્ણ, સ્નિગ્ધ, અને રુક્ષ દ્રવ્યો સંબંધે જાણવું, યાવત્—અનન્તગુણ રુક્ષસ્પર્શવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે. ॥૨૪॥૩૯૫॥

**जाइं भंते! जाव अणंतगुणलुक्खाइं गेण्हति ताइं किं पुट्ठाइं गेण्हति, अपुट्ठाइं गेण्हति? गोयमा! पुट्ठाइं गेण्हति, नो अपुट्ठाइं गेण्हति। जाइं भंते! पुट्ठाइं गेण्हति ताइं किं ओगाढाइं गेण्हति, अणोगाढाइं गेण्हति? गोयमा! ओगाढाइं गेण्हति, नो अणोगाढाइं गेण्हति। जाइं भंते! ओगाढाइं गेण्हति ताइं किं अणंतरोगाढाइं गेण्हति, परंपरोगाढाइं गेण्हति? गोयमा! अणंतरोगाढाइं गिण्हति, नो परंपरोगाढाइं गेण्हति। जाइं भंते! अणंतरोगाढाइं गेण्हति ताइं भंते! किं अणूइं गेण्हति, बायराइं गेण्हति? गोयमा! अणूइं पि गेण्हति, बायराइं पि गेण्हति? जाइं भंते! अणूइं पि गेण्हति, बायराइं पि गेण्हति। ताइं किं उड्ढं गेण्हति? अहे गेण्हति, तिरियं गेण्हति? गोयमा! उड्ढं पि गेण्हति, अधे वि गेण्हति, तिरियं पि गेण्हति। जाइं भंते! उड्ढं पि गेण्हति, अहे वि गेण्हति, तिरियं पि गेण्हति ताइं किं आदिं गेण्हति? मज्झे गेण्हति? पज्जवसाणे गेण्हति? गोयमा! आदिं पि गेण्हति, मज्झे वि गेण्हति, पज्जवसाणे वि गेण्हति। जाइं भंते! आदिं पि गिण्हति, मज्झे वि गेण्हति, पज्जवसाणे वि गिण्हति ताइं किं सविसए गिण्हति? अविसए गिण्हति? गोयमा! सविसए गेण्हति, नो अविसए गेण्हति। जाइं भंते! सविसए गेण्हति ताइं किं आणुपुव्विं गेण्हति? अण्णाणुपुव्विं गेण्हति? गोयमा! आणुपुव्विं गेण्हति, नो अणाणुपुव्विं गेण्हति। जाइं भंते! आणुपुव्विं गेण्हति ताइं किं तिदिसिं गेण्हति, जाव छद्दिसिं गेण्हति? गोयमा! नियमा छद्दिसिं गेण्हति। "पुट्ठोगाढ-अणंतर अणू य तह बायरे य उड्ढमहे। आदिविसयाऽऽणुपुव्विं णियमा तह छद्दिसिं चेव"।।सू०-२५।।३९६।।**

(મૂ૦) હે ભગવન્! જે યાવત્ અનન્તગુણ રુક્ષ દ્રવ્યો ગ્રહણ કરે છે તે સ્પૃષ્ટ—આત્મ પ્રદેશ સાથે સ્પર્શેલાં કે અસ્પૃષ્ટ—નહિ સ્પર્શેલાં ગ્રહણ કરે છે? હે, ગૌતમ! સ્પર્શેલાં ગ્રહણ કરે છે, પણ નહિ સ્પર્શેલાં ગ્રહણ કરતો નથી. હે ભગવન્! જે સ્પૃષ્ટ દ્રવ્યોને ગ્રહણ કરે છે તે શું અવગાઢ (આત્મપ્રદેશો સાથે એક આકાશ પ્રદેશમાં રહેલાં) ગ્રહણ કરે છે કે અનવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે? હે ગૌતમ! અવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે પણ અનવગાઢ દ્રવ્યો ગ્રહણ કરતો નથી. હે ભગવન્! જે અવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું અનન્તરાવગાઢ (અન્તર સિવાય રહેલા) કે પરંપરાવગાઢ (અન્તર—વ્યવધાન પૂર્વક રહેલાં) દ્રવ્યો ગ્રહણ કરે છે? હે ગૌતમ! અનન્તરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે, પણ પરંપરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરતો નથી. હે ભગવન્! જે અનન્તરાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે તે અણુ—થોડા પ્રદેશવાળાં ગ્રહણ કરે છે કે બાદર—ઘણા પ્રદેશવાળાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! અણુ—સૂક્ષ્મ પણ ગ્રહણ કરે છે અને બાદર પણ ગ્રહણ કરે છે. હે ભગવન્! જે અણુ—સૂક્ષ્મ કે બાદર દ્રવ્યો ગ્રહણ કરે છે તે ઊર્ધ્વ દિશાથી આવેલાં, અધો દિશાથી આવેલાં, કે તિર્યગ્ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે? હે ગૌતમ! ઊર્ધ્વ દિશાથી આવેલાં, અધો દિશાથી આવેલાં અને તિર્યગ્ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે. હે ભગવન્! જે ઊર્ધ્વ, અધો કે તિર્યગ્ દિશાથી આવેલાં દ્રવ્યો ગ્રહણ કરે છે તે શું

*આદિમાં (પ્રથમ સમયે), મધ્યમાં કે અન્તમાં (છેલ્લા સમયે) ગ્રહણ કરે છે? હે ગૌતમ! આદિમાં, મધ્યમાં અને અન્તે ગ્રહણ કરે છે. હે ભગવન્! જે આદિમાં, મધ્યે અને અન્તે ગ્રહણ કરે છે તે સ્વ વિષય (સ્પૃષ્ટ અવગાઢ અને અનન્તરાવગાઢ રૂપ) દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અવિષયને ગ્રહણ કરે છે? હે ગૌતમ! સ્વવિષયને ગ્રહણ કરે છે, પણ અવિષયને ગ્રહણ કરતો નથી. હે ભગવન્! જે સ્વવિષય દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે આનુપૂર્વી—અનુક્રમે કે અનાનુપૂર્વી (ક્રમ સિવાય) ગ્રહણ કરે છે? હે ગૌતમ! અનુક્રમે ગ્રહણ કરે છે, પણ ક્રમ સિવાય ગ્રહણ કરતો નથી. હે ભગવન્! જે અનુક્રમે ગ્રહણ કરે છે તે શું ત્રણ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે યાવત્ છ દિશાથી આવેલા ગ્રહણ કરે છે? હે ગૌતમ! અવશ્ય છ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે. "સ્પૃષ્ટ, અવગાઢ, અનન્તર, અણુ (સૂક્ષ્મ), બાદર, ઊર્ધ્વ, અધો, આદિ, સ્વવિષય, આનુપૂર્વી, અને અવશ્ય છ દિશાઓને આશ્રયી ગ્રહણ દ્રવ્ય [હોય છે] ભાષા સંબંધે કહ્યું. ॥૨૫॥૩૯૬॥*

(ટી૦) હવે ભાષાદ્રવ્યના ગ્રહણાદિ સંબન્ધે સંશયો દૂર કરવા પ્રશ્ન કરે છે—'હે ભગવન્! જીવ જે દ્રવ્યોને ભાષાપણે ગ્રહણ કરે છે' ઇત્યાદિ પાઠ સુગમ છે પરંતુ સ્થિત–ગમનક્રિયારહિત દ્રવ્યો ગ્રહણ કરે છે, પણ અસ્થિત દ્રવ્યો ગ્રહણ કરતો નથી.

દ્રવ્યથી વિચારતાં અનન્ત પરમાણુરૂપ ભાષા સ્કન્ધો ગ્રહણ કરે છે, પણ એક પરમાણુ, બે પરમાણુ વગેરેના સ્કન્ધો ગ્રહણ કરતો નથી. કારણ કે તેઓ સ્વભાવથી જ જીવોને ગ્રહણ કરવાને અયોગ્ય છે. ક્ષેત્રના વિચારમાં અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે, કારણ કે એક પ્રદેશાદિ અવગાઢ દ્રવ્યો તેવા પ્રકારના સ્વભાવથી જ ગ્રહણને અયોગ્ય છે. કાળથી વિચાર કરતાં એક સમયની સ્થિતિવાળાં યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે, કારણ કે પુદ્ગલોની અસંખ્યાતા કાળ સુધી સ્થિતિનો સંભવ છે. ભગવતી સૂત્રમાં સૈજ અને નિરેજ પુદ્ગલોની સ્થિતિની સ્થિતિના વિચારમાં કહ્યું છે–'હે ભગવન્! અનન્તપ્રદેશિક સ્કન્ધ કેટલા કાળ સુધી સૈજ–સકમ્પ હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ હોય. નિરેજ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કાળ સુધી હોય છે.' તે ગ્રહણ કરેલા દ્રવ્યો ગ્રહણ પછીના સમયે અવશ્ય છૂટે છે–એ સ્વભાવ છે અને તે પછીના સમયે ગ્રહણ થાય છે. બીજા આચાર્યો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે–'એક સમયની સ્થિતિવાળાં દ્રવ્યો ભાષાના આદિ પરિણામની અપેક્ષાએ જાણવાં, કારણ કે પુદ્ગલોનો વિચિત્ર પરિણામ છે, તેથી એક પ્રયત્નથી ગ્રહણ કરેલાં અને છોડેલાં છતાં પણ કેટલાક એક સમય સુધી ભાષાપણે રહે છે, કેટલાક બે સમય સુધી, યાવત્–કેટલાક અસંખ્યાતા સમય સુધી રહે છે.' તથા **'गहणदव्वाइं' गृह्यन्ते इति ग्रहणानि**–જે ગ્રહણ કરાય તે ગ્રહણદ્રવ્યો એટલે ગ્રહણ કરવાને યોગ્ય દ્રવ્યો છે તેમાંના કેટલા એક વર્ણપરિણામ વડે એક વર્ણવાળાં, કેટલાક બે વર્ણવાળા, કેટલાંક ત્રણ વર્ણવાળાં, કેટલાક ચાર વર્ણવાળાં અને કેટલાક પાંચ વર્ણવાળાં હોય છે. જ્યારે એક પ્રયત્નથી ગ્રહણ કરેલાં પણ બધા દ્રવ્યોના સમુદાયની વિવક્ષા કરીએ ત્યારે અવશ્ય પાંચ વર્ણવાળાં ગ્રહણ કરે છે. એ પ્રમાણે ગન્ધ અને રસ સંબન્ધે વિચાર કરવો. સ્પર્શની અપેક્ષાએ વિચાર કરતાં એક સ્પર્શનો પ્રતિષેધ જાણવો, એટલે એક સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરતો નથી, કારણ કે પરમાણુને પણ અવશ્ય બે સ્પર્શ હોય છે. કહ્યું છે કે—**'कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः। एकरसगन्धवर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च॥'** પરમાણુ અન્ત્ય–છેલ્લું કારણ છે (અર્થાત્–તેનું કોઇ કારણ નથી.) વળી તે સૂક્ષ્મ અને નિત્ય છે. એક રસ, એક ગન્ધ, એક વર્ણ અને બે સ્પર્શવાળો, અને કાર્યરૂપ લિઙ્ગથી અનુમાન કરવા યોગ્ય છે. **'दुफासाइं गिण्हइ' द्विस्पर्शानि**–મૃદુ અને શીત કે મૃદુ અને ઉષ્ણસ્પર્શવાળા ઇત્યાદિ ગ્રહણ કરે છે. **'जाव चउफासाइं'** યાવત્–ચાર સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ

૧. ભાષા વગર્ણાના દ્રવ્યો સ્પર્શની અપેક્ષાએ બે સ્પર્શવાળાં ગ્રહણ કરે, યાવત્–ચાર સ્પર્શવાળા પણ ગ્રહણ કરે એમ કહ્યુ, તેમાં ટીકાકાર **'दुफासाइं गिण्हइ'** એ મૂલની પ્રતીક લઇને મૃદુ અને શીત તથા મૃદુ ઉષ્ણરૂપ ઇત્યાદિ બે સ્પર્શવાળા ગ્રહણ કરે છે એમ જણાવે છે. તેમાં મૃદુ અને શીત, મૃદુ અને ઉષ્ણ એ બે સ્પર્શ જ કેમ સમ્ભવે છે? કારણ કે સ્નિગ્ધ અથવા રુક્ષ સ્પર્શનો પણ સમ્ભવ છે, તો વિચાર કરતાં બે સ્પર્શ ઘટી શકતા નથી, વળી ત્રિસ્પર્શવાળા પુદ્ગલોના ગ્રહણ સમ્બન્ધે ટીકાકાર જણાવે છે કે **'त्रिस्पर्शान्येवम्—कानिचिद् मृदुशीतस्पर्शानि, कानिचिद् मृदुस्निग्धस्पर्शानि।** કોઇ મૃદુ અને શીતસ્પર્શવાળા દ્રવ્ય હોય છે અને કોઇ મૃદુ અને સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે. એટલે મૃદુનો મૃદુમાં અન્તર્ભાવ કરતાં મૃદુ, શીત અને સ્નિગ્ધ એમ ત્રણ સ્પર્શવાળાં દ્રવ્ય હોય છે. હવે અહીં પ્રશ્ન થાય છે કે ભાષાવર્ગણાનો કોઇ સ્કન્ધ કેવળ મૃદુ અને શીત સ્પર્શવાળો હોય? તેમાં રુક્ષ કે શીત સ્પર્શ કેમ ન હોય? કારણ કે સ્નિગ્ધ અને રુક્ષ બેમાંથી

કરે છે. તેમાં યાવત્ શબ્દથી ત્રણ સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે. ત્રણ સ્પર્શવાળાં દ્રવ્યો આ પ્રમાણે છે–કેટલાક દ્રવ્યો મૃદુ અને શીત સ્પર્શવાળાં છે અને કેટલાંક મૃદુ અને સ્નિગ્ધ સ્પર્શવાળાં છે. તેમાં મૃદુસ્પર્શનો મૃદુસ્પર્શમાં સમાવેશ થાય છે માટે એક સ્પર્શ, અને શીત અને સ્નિગ્ધરૂપ બે અન્ય સ્પર્શો એમ સમુદાયને આશ્રયી ત્રણ સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. એમ બીજા સ્પર્શોનો યોગ હોય તો પણ ત્રણ સ્પર્શવાળાં દ્રવ્યો જાણવા. કેટલાંક ચાર સ્પર્શવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે. તેમાં ચાર સ્પર્શમાં મૃદુ અને લઘુરૂપ બે સ્પર્શો અવસ્થિત છે, કારણ કે સૂક્ષ્મ સ્કન્ધોમાં તે અવશ્ય હોય છે અને બીજા બે સ્નિગ્ધ અને ઉષ્ણ, સ્નિગ્ધ અને શીત, રુક્ષ અને ઉષ્ણ, રુક્ષ અને શીત સ્પર્શ હોય છે. સર્વ સમુદાયની અપેક્ષાએ અવશ્ય તે ચાર સ્પર્શવાળાં દ્રવ્ય ગ્રહણ કરે છે. તેમાં મૃદુ અને લઘુ એ બે સ્પર્શો અવસ્થિત છે અને અવસ્થિત હોવાથી વ્યભિચારના (અનિયતપણાના) અભાવથી અર્થાત્-નિશ્ચિત હોવાથી ગણાતા નથી, તે સિવાય બીજા સ્નિગ્ધાદિ ચાર સ્પર્શો વિકલ્પે હોય છે–તેને આશ્રયી સૂત્ર કહે છે. 'શીતસ્પર્શવાળાં ગ્રહણ કરે છે, (ઉષ્ણ સ્પર્શવાળાં, સ્નિગ્ધ સ્પર્શવાળાં અને રુક્ષ સ્પર્શવાળાં ગ્રહણ કરે છે.) ઇત્યાદિ યાવત્–'**जाइ भंते! अणंतगुणलुक्खाइं गेण्हइ**' 'હે ભગવન્! જે યાવત્ અનન્તગુણ રુક્ષ દ્રવ્યોને ગ્રહણ કરે છે' ત્યાં સુધી સુગમ છે. અહીં હમણાં આ છેલ્લું સૂત્ર કહ્યું કે–અનન્તગુણ રુક્ષ દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને ત્યારપછી સૂત્રના સંબન્ધથી આ કહ્યું કે–'હે ભગવન્! જે યાવત્ અનન્તગુણ રુક્ષ દ્રવ્યોને ગ્રહણ કરે છે.' અહીં યાવત્ શબ્દવડે હે ભગવન્! જે એકગુણ કાળાવર્ણવાળા દ્રવ્યો ગ્રહણ કરે છે'–ઇત્યાદિ જાણવું. હે ભગવન્! તે દ્રવ્યો શું સ્પૃષ્ટ–આત્મપ્રદેશોવડે સ્પર્શ કરાયેલા ગ્રહણ કરે છે કે નહિ સ્પર્શ કરાયેલા ગ્રહણ કરે છે? ભગવાન્ ઉત્તર આપે છે–હે ગૌતમ! આત્મપ્રદેશો સાથે સ્પર્શ કરાયેલા ગ્રહણ કરે છે, પણ સ્પર્શ નહિ કરાયેલા ગ્રહણ કરતો નથી. અહીં ભાષા દ્રવ્યોનો આત્મપ્રદેશોની સાથે સ્પર્શ આત્મપ્રદેશોના અવગાહના ક્ષેત્રથી બહાર પણ સંભવે છે, માટે પ્રશ્ન કરે છે–હે ભગવન્! ઇત્યાદિ અવગાઢ આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્રમાં રહેલા દ્રવ્યો ગ્રહણ કરે છે પણ તેથી બીજા અનવગાઢ–ભિન્ન ક્ષેત્રમાં રહેલાં દ્રવ્ય ગ્રહણ કરતો નથી. જે અવગાઢ દ્રવ્યો ગ્રહણ કરે છે તેમાં અનન્તરાવગાઢ–અન્તર સિવાય રહેલા ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે પણ પરંપરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરતો નથી. ભાવાર્થ એ છે કે જે આત્મપ્રદેશોને વિષે જે ભાષાદ્રવ્યો રહેલા છે તે આત્મપ્રદેશો વડે તેજ ભાષાદ્રવ્યોને ગ્રહણ કરે છે, પણ એક, બે, ત્રણ આત્મપ્રદેશોને અન્તરે રહેલા ભાષાદ્રવ્યોને ગ્રહણ કરતો નથી. જે અનન્તરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે અણુ–થોડા પ્રદેશવાળા પણ ગ્રહણ કરે છે

---

એક સ્પર્શ તો હોવો જોઇએ. જો સ્નિગ્ધ ન હોય તો રુક્ષ હોય અને રુક્ષ ન હોય તો સ્નિગ્ધ હોય, શીત ન હોય તો ઉષ્ણ હોય અને ઉષ્ણ ન હોય તો શીત હોય એટલે એક સ્કન્ધમાં પરસ્પર વિરોધી સ્પર્શ ન હોય, તેથી કોઇપણ રીતે મૃદુશીતસ્પર્શવાળાં કે મૃદુસ્નિગ્ધસ્પર્શવાળાં દ્રવ્ય ઘટી શકતા નથી, કારણ કે મૃદુ અને શીત સ્પર્શ હોય ત્યાં સ્નિગ્ધ કે રુક્ષ સ્પર્શ હોવો જોઇએ, અને મૃદુ સ્નિગ્ધ સ્પર્શ હોય ત્યાં શીત કે ઉષ્ણ સ્પર્શ હોવો જોઇએ, એટલે બે સ્પર્શવાળાં કે ત્રણ સ્પર્શવાળાં દ્રવ્યો ઘટી શકતાં નથી. કદાચ એમ માનીએ કે મૃદુ અને લઘુ સ્પર્શ અવસ્થિત હોવાથી તેની ગણના ન કરીએ તોપણ ઊપર કહ્યા પ્રમાણે મૃદુ અને શીત અને મૃદુ અને ઉષ્ણરૂપ બે સ્પર્શવાળાં દ્રવ્યો ઘટતા નથી, તેમ ત્રિસ્પર્શવાળા દ્રવ્યોના ગ્રહણ પ્રસંગે મૃદુશીતસ્પર્શવાળા અને મૃદુસ્નિગ્ધસ્પર્શવાળા દ્રવ્યો ઘટતા નથી. લોકપ્રકાશમાં કહ્યુ છે કે–"**तैजसाद्या वर्गणा अप्येवं वर्णादिभिः स्मृताः। स्पर्शस्तु चतुःस्पर्शास्तेषां मृदुलघु ध्रुवौ। अन्यौ द्वौ च स्निग्धशीतो स्निग्धोष्णौ वा प्रकीर्तितौ। रूक्षोष्णौ रूक्षशीतौ वा विज्ञेर्वेद्यौ यथागमम्॥ अयं पञ्चसङ्ग्रहवृत्तिशतकबृहट्टीकाद्यभिप्रायः कर्मप्रकृतिप्रज्ञप्त्याद्यभिप्रायेण त्वेतासु स्निग्धरुक्षोष्णशीतरूपमेव स्पर्शचतुष्टयं स्यान्नान्यदिति**"। લોક પ્રકાશ, સર્ગ ૩૫. શ્લો૦ ૪૩–૪૪. અર્થ–તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ વર્ગણાઓ પણ વર્ણાદિ વડે એ પ્રમાણે છે. પરન્તુ સ્પર્શની અપેક્ષાએ ચાર સ્પર્શવાળી છે, તેમાં મૃદુ અને લઘુ એ બે સ્પર્શો ધ્રુવ–અવસ્થિત છે અને બીજા સ્નિગ્ધ શીત અથવા સ્નિગ્ધ ઉષ્ણ અને રુક્ષ ઉષ્ણ અથવા શીત સ્પર્શ હોય છે એ વિદ્વાનોએ આગમને અનુસરી જાણવું. આ પ્રમાણે પઞ્ચસંગ્રહવૃત્તિમાં છે અને શતકબૃહટ્ટીકા વગેરેનો અભિપ્રાય છે. કર્મપ્રકૃતિ અને ભગવતી સૂત્રના અભિપ્રાયથી સ્નિગ્ધ, ઉષ્ણ, રુક્ષ અને શીત એ ચાર જ સ્પર્શ હોય છે. એટલે ભાષાવર્ગણાના કોઇ સ્કન્ધ સ્પર્શની અપેક્ષાએ સ્નિગ્ધ અને શીત સ્પર્શવાળો, સ્નિગ્ધ અને ઉષ્ણ, રુક્ષ અને શીત અથવા રુક્ષ અને ઉષ્ણ સ્પર્શવાળો હોય તો તે અપેક્ષાએ બે સ્પર્શવાળા દ્રવ્ય ગ્રહણ કરે છે, પણ ત્રણ સ્પર્શવાળાં દ્રવ્ય ગ્રહણ કરે છે એમાં કયા ત્રણ સ્પર્શ લેવા એ પ્રશ્ન તો બાકી જ રહે છે. સર્વ ગ્રહણ યોગ્ય દ્રવ્યની અપેક્ષાએ ચાર સ્પર્શવાળા ગ્રહણ કરે છે એ તો બરાબર છે. પણ પ્રત્યેક સ્કન્ધની અપેક્ષાએ ત્રણ સ્પર્શવાળાં દ્રવ્યો તો કોઇપણ રીતે ઘટી શકતાં નથી. તત્ત્વ બહુશ્રુત ગમ્ય છે.

અને બાદર–ઘણા પ્રદેશવાળા પણ ગ્રહણ કરે છે. અહીં અણુપણું અને બાદરપણું ભાષાને યોગ્ય તે સ્કન્ધોના થોડા પ્રદેશ અને ઘણા પ્રદેશની અપેક્ષાએ સમજવું. કારણ કે મૂળ ટીકાકારે તેવા પ્રકારની વ્યાખ્યા કરી છે.

જે અણુદ્રવ્યોને પણ ગ્રહણ કરે છે તે ઊર્ધ્વ દિશાના, અધો દિશાના અને તિર્યગ્ દિશાના જાણવા. અહીં જેટલા ક્ષેત્રમાં જીવને ગ્રહણ યોગ્ય ભાષા દ્રવ્યો રહેલાં છે, તેટલા જ ક્ષેત્રમાં ઊર્ધ્વપણું, અધોપણું અને તિર્યક્પણું સમજવું. **'जाइं भंते! उड्ढंपि गेण्हइ'** ઇત્યાદિ. જે ભાષાદ્રવ્યોનો ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ છે, તેને તે કાળની આદિમાં–પ્રથમ સમયે પણ ગ્રહણ કરે છે, મધ્યે–બીજા વગેરે સમયોમાં પણ ગ્રહણ કરે છે અને છેલ્લે સમયે પણ ગ્રહણ કરે છે. **'जाइं भंते! आइंपि गेण्हइ'** ઇત્યાદિ. જે આદિમાં, મધ્યમાં અને અન્તમાં જે દ્રવ્યોને ગ્રહણ કરે છે તે સ્વવિષય–સ્પૃષ્ટ, અવગાઢ અને અનન્તરાવગાઢરૂપ દ્રવ્યોને ગ્રહણ કરે છે, પરંતુ અવિષય–સ્પૃષ્ટાદિ સિવાયના બીજા દ્રવ્યોને ગ્રહણ કરતો નથી. **'जाइं भंते! सविसए गेण्हइ'** ઇત્યાદિ. જે સ્વવિષયભૂત દ્રવ્યોને ગ્રહણ કરે છે તે આનુપૂર્વી વડે–દ્રવ્ય ગ્રહણની અપેક્ષાએ જેમ જેમ નજીક હોય તે ક્રમવડે ગ્રહણ કરે છે, પણ તેથી વિપરીત ક્રમથી ગ્રહણ કરતો નથી.

**'जाइं भंते! आणुपुव्विं गेण्हइ'** ઇત્યાદિ. હે ભગવન્! જે આનુપૂર્વીથી ગ્રહણ કરે છે તે ત્રણ દિશાથી આવેલાં દ્રવ્યો ગ્રહણ કરે છે, એમ ચાર દિશાથી આવેલાં, પાંચ દિશાથી આવેલાં કે છ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે? એમ ગૌતમ સ્વામીએ પ્રશ્નકર્યો એટલે ભગવાન્ કહે છે–'હે ગૌતમ! અવશ્ય છ દિશાથી આવેલાં દ્રવ્યો ગ્રહણ કરે છે, કારણ કે ભાષક–બોલનાર અવશ્ય ત્રસ નાડીમાં હોય છે, અને તે સિવાય બીજે ત્રસ કાયનો સંભવ નથી અને ત્રસ નાડીમાં રહેલાને અવશ્ય છ દિશાઓથી આવેલા પુદ્ગલનો સંભવ છે. એ પૂર્વોક્ત અર્થ સંબન્ધે સંગ્રહણી ગાથા કહે છે—**'पुट्ठोगाढअणंतरं'** ઇત્યાદિ. પ્રથમ સ્પૃષ્ટ સંબન્ધી સૂત્ર, ત્યારપછી અવગાઢસૂત્ર, ત્યારપછી અનન્તરાવગાઢસૂત્ર, તે પછી અણુ અને બાદર સંબન્ધી સૂત્ર, ત્યારબાદ ઊર્ધ્વ, અધો, તિર્યગ્ દિશા સંબન્ધી સૂત્ર, ત્યારપછી **'आइं'** આદિ મધ્ય અને અવસાનસૂત્ર, ત્યારપછી વિષયસૂત્ર, ત્યારબાદ આનુપૂર્વીસૂત્ર અને ત્યારપછી **'नियमात्'** અવશ્ય ષડ્દિશિસૂત્ર છે. ॥૨૫॥૩૯૬॥

**जीवे णं भंते! जाइं दव्वाइं भासत्ताए गेण्हति ताइं किं संतरं गेण्हति? निरंतरं गेण्हति? गोयमा! संतरं पि गेण्हति, निरंतरं पि गेण्हति। संतरं गिण्हमाणे जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जसमए अंतरं कट्टु गेण्हति, निरंतरं गेण्हमाणे जहण्णेणं दो समए, उक्कोसेणं असंखेज्जसमये अणुसमयं अविरहियं निरंतर गेण्हति। जीवे णं भंते! जाइं दव्वाइं भासत्ताए गहियाइं णिसिरइ ताइं किं संतरं निसिरइ? निरंतरं निसरइ? गोयमा! संतरं निसिरइ, नो निरंतरं निसिरइ। संतरं निस्सरमाणे एगेणं समयएणं गेण्हति, एगेणं समएणं निसिरइ, एतेणं गहणनिसिरणोवाएणं जहन्नेणं दुसमइयं, उक्कोसेणं असंखेज्जसमइयं अंतोमुहुत्तियं गहणनिसिरणोवायं [णिसिरणं] करेति ॥सू०-२६॥३९७॥**

*(મૂ૦) હે ભગવન્! જીવ જે દ્રવ્યો ભષાપણે ગ્રહણ કરે છે તે શું સાન્તર (સમયાદિના અન્તર સહિત) ગ્રહણ કરે છે કે નિરંતર ગ્રહણ કરે છે? હે ગૌતમ! સાન્તર પણ ગ્રહણ કરે છે અને નિરન્તર પણ ગ્રહણ કરે છે. સાન્તર ગ્રહણ કરતો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા સમયોનું અન્તર કરી ગ્રહણ કરે છે અને નિરન્તર ગ્રહણ કરતો જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા સમયો સુધી પ્રતિસમય નિરંતર અવિરહિતપણે ગ્રહણ કરે છે. હે ભગવન્! જીવ ભાષાપણે ગ્રહણ કરેલાં જે દ્રવ્યો બહાર કાઢે છે તે શું સાન્તર કાઢે છે કે નિરંતર કાઢે છે? હે ગૌતમ! સાન્તર બહાર કાઢે છે, પણ નિરન્તર કાઢતો નથી. સાન્તર બહાર કાઢતો એક સમયે ગ્રહણ કરે છે અને એક સમયે બહાર કાઢે છે. એ રીતે ગ્રહણ અને નિઃસરણ—બહાર કાઢવા વડે જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના અન્તર્મુહૂર્ત સુધી ગ્રહણ અને નિઃસરણ કરે છે. ॥૨૬॥૩૯૭॥*

(ટી૦) હે ભગવન્! જીવ જે દ્રવ્યો ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સાન્તર (સમયાદિના અન્તર સહિત) ગ્રહણ કરે છે કે નિરંતર (સમયાદિના અન્તર સિવાય) ગ્રહણ કરે છે? ભગવાન્ ઉત્તર આપે છે—સાન્તર પણ ગ્રહણ કરે છે અને નિરંતર પણ ગ્રહણ કરે છે, કારણ કે બન્ને પ્રકારે ગ્રહણ કરવાનો સંભવ છે. તેમાં સાન્તર ગ્રહણ અને નિરંતર ગ્રહણના કાળનું પ્રમાણ બતાવે છે–'**संतरं गिण्हमाणे**' ઇત્યાદિ. સાન્તર ગ્રહણ કરતો જઘન્ય એક સમયનું અન્તર કરી ગ્રહણ કરે છે. આ જઘન્ય એક સમયનું અન્તર નિરંતર બોલવામાં પ્રવૃત્ત થયેલાં બોલનારને આશ્રયી સમજવું, તે. આ પ્રમાણે—એક સમયે ભાષાપુદ્ગલોને ગ્રહણ કરી ત્યાર બાદ મૂકવાના સમયે બીજા પુદ્ગલો ગ્રહણ કર્યા સિવાય ત્રીજા સમયે ફરીથી ગ્રહણ જ કરે છે, મૂકતો નથી અને બીજા સમયે પ્રથમ સમયમાં ગ્રહણ કરેલા પુદ્ગલો મૂકે છે અને બીજા ગ્રહણ કરતો નથી. અહીં આશંકા કરે છે કે 'અન્ય પ્રયત્નથી ગ્રહણ થાય છે અને અન્ય પ્રયત્નથી મૂકે છે, તે બન્ને ગ્રહણ અને નિસર્ગ પ્રયત્ન પરસ્પર વિરુદ્ધ કાર્ય કરવાથી પરસ્પર વિરુદ્ધ છે, તો એક સમયે તે બે પ્રયત્ન કેમ હોય? તે આશંકા અયુક્ત છે. કારણ કે **જીવના તેવા પ્રકારના સ્વભાવથી બે ઉપયોગ એક સમયે હોતા નથી, પરન્તુ જે ક્રિયાઓ છે તે ઘણી હોય તો પણ એક સમયે ઘટે છે, કેમકે તેવી રીતે દેખાય છે. જેમ કે નૃત્ય કરનારી એક છતાં પણ ભ્રમણાદિ નૃત્ય કરતી એક સમયે પણ હાથ પગ વગેરેના વિચિત્ર અભિનયો કરતી દેખાય છે,** વળી સર્વ વસ્તુનો પણ પ્રત્યેક સમયે ઉત્પાદ અને વ્યય થાય છે અને એક જ સમયે સંઘાત–મળવું અને પરિશાટ–જુદા પડવું થાય છે. માટે એક સમયે ગ્રહણ અને નિસર્ગ બે ક્રિયાઓ માનવામાં કોઇ પણ પ્રકારનો દોષ નથી. એ સંબંધે ભાષ્યકાર કહે છે કે—'પરસ્પર વિરોધી એવા ગ્રહણ અને નિસર્ગરૂપ બે પ્રયત્નો એક સમયે કેમ હોય? ઉત્તર—એક સમયે બે ઉપયોગ ન હોય, પણ અનેક ક્રિયાઓ હોવામાં શો દોષ છે'? ત્રીજા સમયે બીજા સમયે ગ્રહણ કરેલા તેજ પુદ્ગલોને મૂકે છે અને બીજા ગ્રહણ કરતો નથી. એમ સાન્તર ગ્રહણ કરે છે. ઉત્કૃષ્ટથી તો અસંખ્યાતા સમય સુધી નિરન્તર ગ્રહણ કરે છે. કદાચ બીજો કોઇ અસંખ્યાતા સમયમાં થયેલા ગ્રહણને એક ગ્રહણ માને, તેથી કહે છે કે 'પ્રતિસમય ગ્રહણ કરે છે.' કદાચિત્ અન્તર પડતું હોય તો પણ વ્યવહારથી 'પ્રતિસમય ગ્રહણ કરે છે' એમ કહેવાય, તેથી તે આશંકા દૂર કરવા માટે 'અવિરહિતપણે નિરંતર ગ્રહણ કરે છે' એમ કહ્યું છે. તેમાં પ્રથમ સમયે પુદ્ગલોનું ગ્રહણમાત્ર હોય છે, પણ મૂકવાનું હોતુ નથી. કારણ કે ગ્રહણ કર્યા સિવાય નિસર્ગ હોતો નથી. છેલ્લે સમયે મૂકવાનું જ હોય છે. કારણ કે બોલવાની ઇચ્છા બંધ થતાં ગ્રહણનો સંભવ નથી. બાકીના બીજા ત્રીજા વગેરે સમયમાં ગ્રહણ અને નિસર્ગ–મૂકવું બન્ને એક સમયે થાય છે. સ્થાપના—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ્ર. | ગ્ર. | ગ્ર. | ગ્ર. | ગ્ર. | ૦ |
| ૦ | નિ. | નિ. | નિ. | નિ. | નિ. |

## ।। भासादव्वभेयणपरूवणं ।।

**जीवे णं भंते। जाइं दव्वाइं भासत्ताए गहियाइं णिसिरति ताइं किं भिण्णाइं णिसिरति? अभिण्णाइं णिसिरति? गोयमा। भिन्नाइं पि निस्सरइ, अभिन्नाइं पि निस्सरइ। जाइं भिन्नाइं णिसिरति ताइं अणंतगुणपरिवड्ढीएणं परिवड्ढमाणाइं लोयंतं फुसन्ति, जाइं अभिण्णाइं निसिरइ ताइं असंखेज्जाओ ओगाहणवग्गणाओ गंता भेदमावज्जंति, संखेज्जातिं जोअणातिं गंता विद्धंसमागच्छंति** ।।सू०-२७।।३९८।।

*(મૂ૦) હે ભગવન્! જીવ ભાષાપણે ગ્રહણ કરેલાં દ્રવ્યો બહાર કાઢે છે તે ભિન્ન ભેદાયેલા કાઢે છે કે અભિન્ન નહી ભેદાયેલા કાઢે છે? હે ગૌતમ! ભિન્ન પણ કાઢે છે અને અભિન્ન પણ કાઢે છે. જે ભિન્ન દ્રવ્યોને કાઢે છે, તે અનન્તગુણા વૃદ્ધિથી વધતાં લોકાન્તનો સ્પર્શ કરે છે. જે અભિન્ન દ્રવ્યો કાઢે છે તે અસંખ્યાતી અવગાહનાવર્ગણા (અસંખ્ય પ્રદેશાત્મક ક્ષેત્રના વિભાગરૂપ) પર્યન્ત જઇને ભેદાય છે, અને પછી સંખ્યાતા યોજનો સુધી જઇને વિનાશ પામે છે. ।।૨૭।।૩૯૮।।*

(ટી૦) 'जीवा णं भंते! जाइं दव्वाइं भासत्ताए गहियाइं निसरइ'—હે ભગવન્! જીવો ભાષાપણે ગ્રહણ કરેલાં જે દ્રવ્યો મૂકે છે–ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર—'सान्तरं निसृजति' સાન્તર મૂકે છે પણ નિરન્તર મૂકતો નથી. તેનો આ ભાવાર્થ

છે-અહીં પ્રથમ ભાષા દ્રવ્યનું ગ્રહણ નિરન્તર કહ્યું, કારણ કે—'**अणुसमयं अविरहियं निरंतरं गेण्हइ**' પ્રતિસમય અવિરહિતપણે નિરંતર ગ્રહણ કરે છે—એમ હમણાં જ સૂત્ર કહ્યું, તેથી નિસર્ગ—મૂકવું પણ પ્રથમ સિવાયના બાકીના સમયોમાં નિરંતર માનવું જોઇએ, કારણ કે ગ્રહણ કર્યા પછીના સમયે અવશ્ય નિસર્ગ—મૂકવાનું હોય છે. માટે '**सान्तरं निसृजति नो निरन्तरम्' इति**—સાન્તર મૂકે છે, નિરંતર મૂકતો નથી, એ ગ્રહણની અપેક્ષાએ સમજવું, તે આ પ્રમાણે—જે સમયે જે ભાષાદ્રવ્યો ગ્રહણ કરે છે તેને તે સમયે મૂકતો નથી. જેમ કે પ્રથમ સમયે ગ્રહણ કરેલાં ભાષાદ્રવ્યો તેજ પ્રથમ સમયે મૂકતો નથી, પણ પૂર્વ પૂર્વના સમયે ગ્રહણ કરેલા પછી પછીના સમયે મૂકે છે. માટે નિસર્ગ ગ્રહણ પૂર્વક હોય છે, કારણ કે ગ્રહણ કર્યા સિવાય નિસર્ગ હોતો નથી, માટે સાન્તરં નિસર્ગ કહ્યો છે. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—પ્રતિસમય નિરન્તર ગ્રહણ કરવાનું કહ્યું છે, તો મૂકવાનું પણ નિરંતર કહેવું જોઇએ, તો સાન્તર (અન્તર પૂર્વક) મૂકવાનું કેમ કહ્યું? ઉત્તર—ગ્રહણની અપેક્ષાએ મૂકવું સાન્તર કહ્યું છે, કારણ કે જે સમયે જે ભાષાદ્રવ્યો ગ્રહણ કરેલાં છે તેને તે સમયે નિરન્તર મૂકતો નથી, જેમ પ્રથમ સમયે (ગ્રહણ કરે છે પણ) મૂકતો નથી. ગ્રહણ કર્યા સિવાય મૂકતો નથી માટે ગ્રહણનું અન્તર હોવાથી સાન્તર મૂકે છે. તાત્પર્ય એ છે કે ગ્રહણની અપેક્ષાએ નિસર્ગ સાન્તર છે અને સમયની અપેક્ષાએ નિરન્તર છે, કારણ કે દ્વિતીયાદિ બધા સમયોમાં નિરન્તર નિસર્ગ હોય છે, એજ બાબત સૂત્રકાર સ્પષ્ટ કરે છે—'**सांतरं निसरमाणो एगेणं समएणं गेण्हइ, एगेणं समएणं निस्सरइ**' ઇતિ—સાન્તરપણે ગ્રહણ કરતો એક સમયે—પૂર્વ પૂર્વના સમયે ગ્રહણ કરે છે અને એક સમયે—પછી પછીના સમયે મૂકે છે. અથવા ગ્રહણની અપેક્ષાએ નિસર્ગ—મૂકવાનું હોવાથી એક સમયે—પ્રથમ સમયે ગ્રહણ જ કરે છે, પણ મૂકતો નથી, કારણ કે ગ્રહણ કર્યા સિવાય મૂકવાનું હોતું નથી. અને એક છેલ્લા સમયે મૂકે જ છે, પણ ગ્રહણ કરતો નથી. **કારણ કે બોલવાની ઇચ્છા બન્ધ થતાં ભાષાવર્ગણાના ગ્રહણનો સંભવ નથી**, બાકીના દ્વિતીયાદિ સમયોમાં એક સાથે ગ્રહણ અને નિસર્ગ કરે છે. તે નિરન્તર જઘન્યથી બે સમય સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા સમયસુધી હોય છે. એજ બાબત સૂત્રકાર કહે છે—'**एतेणं गहणनिसरणोवाएणं जहण्णेणं दुसमइयं, उक्कोसेणं असंखिज्जसमइयं अन्तोमुहुत्तिगं गहणनिसिरणं करेइ**'—આ ગ્રહણ અને નિસર્ગના ઉપાય—પ્રયત્ન વડે જઘન્ય બે સમય સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતસમયના પરિમાણવાળા અન્તર્મુહૂર્ત સુધી ગ્રહણ અને નિસર્ગ કરે છે. '**जीवे णं भंते! जाइं दव्वाइं**'—હે ભગવન્! જીવે ભાષાપણે ગ્રહણ કરેલાં જે દ્રવ્યો મૂકે છે, તે ભિન્ન મૂકે છે કે અભિન્ન મૂકે છે-ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! ભિન્ન—ભેદાયેલાં પણ મૂકે છે અને અભિન્ન—નહિ ભેદાયેલાં પણ મૂકે છે. અહીં આ ભાવાર્થ છે—વક્તાના બે પ્રકાર છે—મન્દપ્રયત્નવાળો અને તીવ્રપ્રયન્નવાળો. તેમાં જે વ્યાધિવિશેષથી કે અનાદરથી મન્દપ્રયત્નવાળો છે તે તેવાજ પ્રકારના સ્થૂલ ખંડવાળાં ભાષા દ્રવ્યો મૂકે છે અને જે આરોગ્યાદિગુણયુક્ત અને તથાવિધ આદરભાવથી તીવ્રપ્રયત્નવાળો છે તે ભાષાદ્રવ્યોને ગ્રહણ અને મૂકવાના પ્રયત્નવડે અનેક ખંડ કરીને મૂકે છે. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—કોઇ મન્દપ્રયત્નવાળો વક્તા સકલ—સંપૂર્ણ નહિ ભેદાયેલાં સર્વ દ્રવ્યોને મૂકે છે અને બીજો તીવ્રપ્રયત્નવાળો ભાષાદ્રવ્યોને ભેદીને ખંડો કરીને મૂકે છે. તે માટે કહ્યું છે કે '**भिन्नाइंपि निसिरइ, अभिन्नाइंपि निस्सरइ, जाइं भिन्नाइं निस्सरइ**'—ભેદાયેલાં પણ મૂકે છે અને નહિ ભેદાયેલા પણ મૂકે છે. તીવ્રપ્રયત્નવાળો વક્તા પ્રથમથી જ જે ભેદાયેલાં ભાષાદ્રવ્યોને મૂકે છે તે સૂક્ષ્મ હોવાથી અને ઘણાં હોવાથી ઘણાં અન્ય દ્રવ્યોને વાસિત કરે છે, **અને તે અન્ય દ્રવ્યોને વાસિત કરતાં હોવાથી અનન્તગુણવૃદ્ધિથી વધતાં છ એ દિશાએ લોકાન્તનો સ્પર્શ કરે છે**, એ સંબન્ધે કહ્યું છે કે તે '**ભેદાયેલાં દ્રવ્યો સૂક્ષ્મ હોવાથી અનન્તગુણ વૃદ્ધિવડે લોકાન્તને પ્રાપ્ત થાય છે, અને ભાષાવડે નિરંતર લોકને પૂર્ણ કરે છે.**' મન્દપ્રયત્નવાળો વક્તા પૂર્વે જેવા પ્રકારનાં જે ભાષાદ્રવ્યો હતાં તેવાજ પ્રકારના બધાં અભિન્ન—નહિ ભેદાયેલાં દ્રવ્યોને ભાષાપણે પરિણમાવી મૂકે છે અને તે અસંખ્યાતી અવગાહનાવર્ગણા સુધી જઇને ભેદાય છે. એટલે એક એક ભાષાદ્રવ્યના આધારભૂત અસંખ્યપ્રદેશાત્મક ક્ષેત્રના વિભાગ રૂપ અવગાહનાઓના અસંખ્યાતા વર્ગણા—સમુદાયો ઓળંગી પછી તે ભાષા દ્રવ્યો ભેદાય છે અને તે ભેદાયેલા ભાષા દ્રવ્યો સંખ્યાતા યોજન સુધી જઇને નાશ પામે છે—શબ્દપરિણામનો ત્યાગ કરે છે. કહ્યું છે કે "અભિન્ન ભાષાદ્રવ્યો

અસંખ્યાતી અવગાહના વર્ગણા સુધી જઇને ભેદાય છે અને ત્યાર પછી સંખ્યાતા યોજન પર્યન્ત જઇને નાશ પામે છે." ॥૨૭॥૩૯૮॥

**तेसि णं भंते! दव्वाणं कतिविहे भेए पण्णत्ते? गोयमा! पञ्चविधे भेदे पन्नत्ते। तं जहा—खंडाभेदे, पयराभेदे, चुण्णियाभेदे, अणुतडियाभेदे, उक्करियाभेदे। से किं तं खंडाभेदे? २ जण्णं अयखंडाण वा तउखंडाण वा तंबखंडाण वा, सीसगखंडाण वा रययखंडाण वा जातरूवखंडाण वा खंडएण भेदे भवति से तं खंडाभेदे१। से किं तं पयराभेदे?२ जण्णं वंसाण वा वेत्ताण वा नलाण वा कदलीथं(त्थं)भाण वा अब्भपडलाण वा पयरएणं भेदे भवति, से तं पयराभेदे२। से किं तं चुण्णियाभेदे? २ जण्णं तिलचुण्णाण वा मुग्गचुण्णाण वा मासचुण्णाण वा पिप्पलिचुण्णाण वा मिरियचुण्णाण वा सिंगबेरचुण्णाण वा चुण्णियाए भेदे भवति से तं चुण्णियाभेदे ३। से किं तं अणुतडियाभेदे? २ जण्णं अगडाण वा तडागाण वा दहाण वा नदीण वा वावीण वा पुक्खरिणीण वा दीहियाण वा गुंजालियाण वा सराण वा [सरसराण वा] सरपंतियाण वा सरसरपंतियाण वा अणुतडियाभेदे भवति, से तं अणुतडियाभेदे ४। से किं तं उक्करियाभेदे? २ जण्णं मूसाण[1] वा मंडूसाण[2] वा तिलसिंगाण वा मुग्गसिंगाण वा माससिंगाण वा एरंडबीयाण वा फुडिया[3] उक्करियाए भेदे भवति, से तं उक्करियाभेदे ५ ।सू०-२८॥३९९॥**

*(મૂ૦) હે ભગવન્! તે દ્રવ્યોનો ભેદ કેટલા પ્રકારનો કહેલો છે! હે ગૌતમ! પાંચ પ્રકારનો ભેદ કહેલો છે. તે આ પ્રમાણ—૧ ખંડભેદ, ૨ પ્રતરભેદ, ૩ ચૂર્ણિકાભેદ, ૪ અનુતટિકાભેદ અને ૫ ઉત્કરિકાભેદ. હે ભગવન્! ખંડભેદ કેવા પ્રકારનો છે? હે ગૌતમ! જે લોઢાના ખંડોનો, જસતના ખંડોનો, ત્રાંબાના ખંડોનો, સીસાના ખંડોનો, રૂપાના ખંડોનો, કે સુવર્ણના ખંડોનો ખંડરૂપે—ટુકડારૂપે ભેદ થાય તે ખંડભેદ. હે ભગવન્! પ્રતરભેદ કેવા પ્રકારનો છે? જે વાંસનો, નેતરનો, બરુનો, કેળના સ્તંભનો કે અબરખના પડોનો પ્રતર—પડરૂપે ભેદ છે તે પ્રતરભેદ. હે ભગવન્! ચૂર્ણિકાભેદ કેવા પ્રકારનો છે? હે ગૌતમ! જે તલના ચૂર્ણોનો, મગના ચૂર્ણોનો, અડદના ચૂર્ણોનો, પીપરના ચૂર્ણોનો, મરીના ચૂર્ણોનો કે સુંઠના ચૂર્ણોનો ચૂર્ણરૂપે ભેદ થાય તે ચૂર્ણિકાભેદ. હે ભગવન્! અનુતટિયાભેદ કેવા પ્રકારનો છે? જે કૂવા, તળાવો, દ્રહો, નદીઓ, વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરઃસરોવરો, સરઃપંક્તિઓ કે સરઃસરઃપંક્તિઓનો અનુતટિકારૂપે ભેદ થાય છે તે અનુતટિકાભેદ. ઉત્કરિકાભેદ કેવા પ્રકારનો છે? જે મૂસ-મસૂર, મંડૂસ, તલની સિંગો, મગની સિંગો અડદની સિંગો કે એરંડાના બીજોનો ફૂટીને ઉત્કરીકારૂપે ભેદ થાય છે તે ઉત્કરિકાભેદ. ॥૨૮॥૩૯૯*

(ટી૦) 'ભેદ પામેલાં પણ ભાષાદ્રવ્યો મૂકે છે' એમ કહ્યું, તેમાં શબ્દદ્રવ્યનો ભેદ કેટલા પ્રકારનો છે—એ સંબન્ધે પ્રશ્ન કરે છે—'**तेसि णं भंते! दव्वाणं कइविहे भेए**'—'હે ભગવન્!! તે દ્રવ્યોનો કેટલા પ્રકારનો ભેદ કહેલો છે' ઇત્યાદિ. તેમાં લોઢાના ખંડ વગેરેની પેઠે ખંડભેદ, અબરખ અને ભોજપત્રાદિની પેઠે પ્રતરભેદ, ફેંકેલા ચૂર્ણની પેઠે ચૂર્ણિકાભેદ, શેરડીની છાલ વગેરેની જેમ અનુતટિકાભેદ અને શ્રુતિ-કાનના આઘર્ષની (મર્દનની) જેમ ઉત્કરિકાભેદ જાણવો. એ ભેદોની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રશ્ન અને ઉત્તરસૂત્રો કહે છે—'**से किं खंडाभेदे?**' 'ખંડભેદ કેવા પ્રકારનો છે' ઇત્યાદિ પાઠસિદ્ધ છે, પરંતુ અનુતટિકા ભેદમાં કૂવા, તળાવો, હૃદો એ બધા પ્રસિદ્ધ છે, નદીઓ-પર્વતની નદીઓ વગેરે, વાવો-ચતુષ્કોણ આકારવાળી, પુષ્કરિણીઓ-ગોળ આકૃતિવાળી, દીર્ઘિકા-સીધી નદીઓ, ગુઞ્જાલિકા વક્ર નદીઓ, ઘણાં એકલાં પુષ્પપ્રકારની જેમ છૂટાં સરોવરો, અને તે એક એક શ્રેણિમાં રહેલાં હોય તે સરઃપંક્તિઓ કહેવાય છે. શ્રેણિબદ્ધ રહેલાં સરોવરોમાં કૂવાનું પાણી પ્રણાલી-નીકદ્વારા જાય તે સરઃસરઃપંક્તિ કહેવાયછે. એ સિવાય બીજા અપ્રસિદ્ધ ભેદો લોકથી જાણી લેવા. ॥૨૮॥૩૯૯॥

१. मूसंगाण, मूसगाण, मूसयाण પાઠાન્તર; २. मगूसाण; ૩. फूडिता, फूडित्ता

**एएसि णं भंते! दव्वाणं खंडाभेएणं पयराभेदेणं चुण्णियाभेदेणं अणुतडियाभेदेणं उक्करियाभेदेण य भिज्जमाणाणं कयरे क्रयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा, विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवाइं दव्वाइं उक्करियाभेदेणं भिज्जमाणाइं, अणुतडियाभेएणं भिज्जमाणाइं अणंतगुणाइं, चुण्णियाभेदेणं भिज्जमाणाइं अणंतगुणाइं, पयराभेदेणं भिज्जमाणाइं अणंतगुणाइं, खंडाभेदेणं भिज्जमाणाइं अणंतगुणाइं।।सू०-२९।।४००।।**

*(મૂ૦) હે ભગવન્! ખંડભેદ, પ્રતરભેદ, ચૂર્ણભેદ, અનુતટિકાભેદ અને ઉત્કરિકાભેદથી ભેદ પામતાં એ દ્રવ્યોમાં કયા દ્રવ્યો કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! ઉત્કરિકા ભેદ વડે પામતાં સૌથી થોડા દ્રવ્યો છે, તેથી અનુતટિકા ભેદ વડે ભેદતાં અનન્તગુણા છે, તેથી ચૂર્ણિકા ભેદ વડે ભેદાતાં અનન્તગુણ છે, તેથી પ્રતર ભેદ વડે ભેદાતાં અનન્તગુણ છે. અને તેથી ખંડભેદ વડે ભેદાતાં અનન્તગુણ છે. ।।૨૯।।૪૦૦।।*

**नेरइए णं भंते! जाइं दव्वाइं भासत्ताए गेण्हति ताइं किं ठियाइं गेण्हति? अठियाइं गेण्हति? गोयमा! एवं चेव, जहा जीवे वत्तव्वया भणिया तहा नेरइयस्स वि जाव अप्पाबहुयं। एवं एगिंदियवज्जो दंडतो जाव वेमाणिता। जीवा णं भंते! जाइं दव्वाइं भासत्ताए गेण्हंति ताइं किं ठियाइं गेण्हति? अठियाइं गेण्हति? गोयमा! एवं चेव, पुहुत्तेण वि णेतव्वं, जाव वेमाणिया २। जीवे णं भंते! जाइं दव्वाइं सच्चभासत्ताए गेण्हति ताइं किं ठियाइं गेण्हति अठियाइं गेण्हति? गोयमा! जहा ओहियदंडओ तहा एसोऽवि, णवरं विगलिंदिया ण पुच्छिज्जंति। एवं मोसभासाए वि, सच्चामोसभासाए वि, असच्चामोसभासाए वि एवं चेव, नवरं असच्चामोसभासाए विगलिंदिया वि पुच्छिज्जंति इमेणं अभिलावेणं-विगलिंदिए णं भंते! जाइं दव्वाइं असच्चामोसभासाए गिण्हइ ताइं किं ठियाइं गेण्हइ अठियाइं गेण्हइ? गोयमा! जहा ओहियदंडओ, एवं एए एगत्तपुहुत्तेणं दस दंडगा। भाणियव्वा ।।सू०-३०।।४०१।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિક જે દ્રવ્યોને ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિર દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિર દ્રવ્યોને ગ્રહણ કરે છે? હે ગૌતમ! જેમ જીવ સંબન્ધે વક્તવ્યતા કહી છે તેમ નૈરયિકને પણ યાવત્ અલ્પબહુત્વ સુધી કહેવી. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાયનો દંડક યાવત્ વૈમાનિક સુધી જાણવો. હે ભગવન્ જીવો જે દ્રવ્યોને ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિત–સ્થિર રહેલાં ગ્રહણ કરે છે કે અસ્થિત–અસ્થિર રહેલા દ્રવ્યો ગ્રહણ કરે છે? હે ગૌતમ! બહુવચન વડે પણ એમજ યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવ જે દ્રવ્યોને સત્યભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે? જેમ સામાન્ય દંડક કહ્યો તેમ આ પણ જાણવો, પરન્તુ વિકલેન્દ્રિયો સંબન્ધે ન પૂછવું. એ પ્રમાણે મૃષા ભાષા, સત્યમૃષા ભાષા અને અસત્યામૃષા ભાષા સંબન્ધે જાણવું, પરન્તુ અસત્યામૃષા ભાષા વડે આ અભિલાપ–પાઠ વડે વિકલેન્દ્રિયો પૂછવા. હે ભગવન્! વિકલેન્દ્રિય જે દ્રવ્યોને અસત્યમૃષા ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સ્થિર રહેલાં ગ્રહણ કરે છે કે અસ્થિર રહેલા ગ્રહણ કરે છે? હે ગૌતમ! જેમ સામાન્ય દંડક કહ્યો છે તેમ જાણવું. એ પ્રમાણે એકવચન અને બહુવચન વડે દસ દંડકો કહેવા. ।।૩૦।।૪૦૧।।*

**जीवे णं भंते! जाइं दव्वाइं सच्चभासत्ताए गिण्हति ताइं किं सच्चभासत्ताए निसिरइ? मोसभासत्ताए निसिरइ, सच्चामोसभासत्ताए निसिरति? असच्चामोसभासत्ताए निसिरइ? गोयमा! सच्चभासत्ताए निसिरइ, नो मोसभासत्ताए निसिरति, नो सच्चामोसभासत्ताए निसिरति, नो असच्चामोसभासत्ताए निसिरइ। एवं एगिंदिय-विगलिंदियवज्जो दंडतो जाव वेमाणिया। एवं पुहुत्तेण वि। जीवे णं भंते! जाइं दव्वाइं मोसभासत्ताए गिण्हति ताइं किं सच्चभासत्ताए निसिरति? मोसभासत्ताए-सच्चामोसभासत्ताए-असच्चामोसभासत्ताए निसिरइ? गोयमा! नो सच्चभासत्ताए निसिरति, मोसभासत्ताए निसिरति, णो सच्चामोसभासत्ताए, णो असच्चामोसभासत्ताए निसिरति। एवं**

**सच्चामोसभासत्ताए वि। असच्चामोसभासत्ताए वि एवं चेव, नवरं असच्चामोसभासत्ताए विगलिंदिया तहेव पुच्छिज्जंति, जाए चेव गिण्हति ताए चेव निसिरति। एवं एते एगत्त-पुहत्तिया अट्ठ दंडगा भाणिव्वा ।।सू०-३१।।४०२।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ જે દ્રવ્યો સત્ય ભાષાપણે ગ્રહણ કરે છે તે શું સત્ય ભાષાપણે, મૃષા ભાષાપણે, સત્યમૃષા ભાષાપણે કે અસત્યામૃષા ભાષાપણે મૂકે છે? હે ગૌતમ! સત્ય ભાષાપણે મૂકે છે, પણ અસત્ય ભાષાપણે, સત્યમૃષા ભાષાપણે કે અસત્યામૃષા ભાષાપણે મૂકતો નથી. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયનો દંડક યાવત્ વૈમાનિક સુધી કહેવો. એમ બહુવચન વડે પણ જાણવું. હે ભગવન્! જીવ જે દ્રવ્યોને મૃષા ભાષાપણે ગ્રહણ કરે છે તેને શું સત્ય ભાષાપણે, મૃષા ભાષાપણે, સત્યમૃષા ભાષાપણે કે અસત્યમૃષા ભાષાપણે મૂકે છે? હે ગૌતમ! મૃષા ભાષાપણે મૂકે છે, પણ સત્ય ભાષાપણે, સત્યમૃષા ભાષાપણે કે અસત્યામૃષા ભાષાપણે મૂકતો નથી, એ પ્રમાણે સત્યમૃષા ભાષાપણે અને અસત્યામૃષા ભાષાપણે પણ એમજ સમજવું. પરન્તુ અસત્યામૃષાભાષાપણે વિકલેન્દ્રિયો સંબન્ધે પૂછવું. જે ભાષાપણે ગ્રહણ કરે છે તે ભાષાપણે મૂકે છે. એ પ્રમાણે એકવચન અને બહુવચન સંબન્ધમાં એ આઠ દંડકો કહેવા. ॥૩૧॥૪૦૨॥*

## ।। सोलहविहवयणपरूवणाइं ।।

**कतिविहे णं भंते! वयणे पन्नत्ते? गोयमा! सोलसविहे वयणे पन्नत्ते, तं जहा—एगवयणे१, दुवयणे२, बहुवयणे३, इत्थिवयणे४, पुमवयणे५, णपुंसगवयणे६, अज्झत्थवयणे७, उवणीयवयणे८, अवणीयवयणे९, उवणीयावणीयवयणे१०, अवणीयोवणीयवयणे११, तीतवयणे१२, पडुप्पन्नवयणे१३, अणागयवयणे१४, पच्चक्खवयणे१५, परोक्खवयणे१६। इच्चेयं भंते! एगवयणं वा जाव परोक्खवयणं वा वदमाणे पण्णवणी णं एसा भासा? ण एसा भासा मोसा? हंता! गोयमा! इच्चेयं एगवयणं वा जाव परोक्खवयणं वा वदमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।।सू०-३२।।४०३।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારના વચન કહ્યાં છે? હે ગૌતમ! સોળ પ્રકારના વચનો કહ્યાં છે, તે આ પ્રમાણે–૧ એકવચન, ૨ દ્વિવચન, ૩ બહુવચન, ૪ સ્રીવચન, ૫ પુરુષવચન, ૬ નપુંસકવચન, ૭ અધ્યાત્મવચન, ૮ ઉપનીતવચન, ૯ અપનીતવચન, ૧૦ ઉપનીતાપનીતવચન, ૧૧ અપનીતોપનીતવચન, ૧૨ અતીતવચન, ૧૩ પ્રત્યુત્પન્નવચન, ૧૪ અનાગતવચન, ૧૫ પ્રત્યક્ષવચન અને ૧૬ પરોક્ષવચન. એ પ્રમાણે એ એકવચન યાવત્ પરોક્ષવચનને બોલે તે પ્રજ્ઞાપની ભાષા છે? એ ભાષા મૃષા નથી? હે ગૌતમ! અવશ્ય એ પ્રમાણે એકવચન, યાવત્ પરોક્ષ વચન બોલે તે પ્રજ્ઞાપની ભાષા છે, એ ભાષા અસત્ય નથી. ॥૩૨॥૪૦૩॥*

(ટી૦) એ ભેદવાળા દ્રવ્યોનું અલ્પબહુત્વ સૂત્રના પ્રામાણ્યથી તે પ્રમાણે જ માનવું, કારણ કે તે યુક્તિનો વિષય નથી. બાકીના બધા સૂત્રો પાઠસિદ્ધ છે, યાવત્–હે ભગવન્! કેટલા પ્રકારના વચન કહેલાં છે. 'પુરુષ' એ એકવચન છે 'પુરુષૌ–બે પુરુષ એ દ્વિવચન છે અને 'પુરુષાઃ' 'અનેક પુરુષાઃ' અનેક પુરુષો એ બહુવચન છે. 'આ સ્ત્રી' એ સ્ત્રીવચન, 'આ પુરુષ' એ પુરુષવચન અને 'આ કુંડ' એ નપુંસકવચન. મનમાં બીજું રાખીને છેતરવાની બુદ્ધિથી બીજું જ કહેવાની ઇચ્છાવાળો જલદીથી જે મનમાં છે તે જ બોલે તે અધ્યાત્મવચન. ઉપનીતવચન–પ્રશંસાનું વચન, જેમકે આ સ્ત્રી રૂપાળી છે, અપનીતવચન–નિન્દાત્મક વચન, જેમકે આ કદરૂપી સ્ત્રી છે, ઉપનીતાપનીતવચન જે પ્રશંસા કરીને નિંદે, જેમકે 'આ સ્ત્રી રૂપાળી છે પણ દુષ્ટસ્વભાવની છે'. અપનીતોપનીતવચન જે–નિંદા કરીને પ્રશંસા કરે, જેમકે 'આ સ્ત્રી કદરૂપી છે, પણ સુશીલ છે.' અતીતવચન–ભૂતકાળનું વચન, જેમકે 'કર્યું' ઇત્યાદિ. પ્રત્યુત્પન્નવચન–વર્તમાનકાલનું વચન, જેમકે 'કરે છે' વગેરે. અનાગતવચન–જેમકે 'કરશે'

વગેરે. પ્રત્યક્ષવચન-જેમકે 'આ છે'. પરોક્ષવચન-જેમકે તે વગેરે. એ સોળ વચનો યથાવસ્થિત વસ્તુ સંબન્ધે જાણવા, પણ કાલ્પનિક ન સમજવા. માટે એને સમ્યક્ ઉપયોગપૂર્વક કહે ત્યારે તે ભાષા પ્રજ્ઞાપની જાણવી. તે બાબત સૂત્રકાર કહે છે—'હે ભગવન્! એ પ્રમાણે એકવચન દ્વિવચન' ઇત્યાદિ. તેના અર્થની ભાવના કરી, અક્ષરાર્થ સ્પષ્ટ છે.

**कति णं भंते! भासज्जाया पण्णत्ता? गोयमा! चत्तारि भासज्जाया पन्नत्ता, तं जहा—सच्चमेगं भासज्जायं? बितियं मोसं भासज्जातं? तइयं सच्चामोसं भासज्जातं, चउत्थं असच्चामोसं भासज्जातं। इच्चेयाइं भंते! चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहते विराहते? गोयमा! इच्चेइयाइं चत्तारि भासज्जायाइं आउत्तं भासमाणे आराहते, नो विराहते, तेण परं असंजतअविरयअपडिहतअपच्चक्खायपावकम्मे सच्चं वा भासं भासंतो मोसं वा सच्चामोसं वा असच्चामोसं वा भासं भासमाणे नो आराहते, विराहते ।।सू०-३३।।४०४।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા ભાષાના પ્રકારો કહ્યા છે? હે ગૌતમ! ભાષાના ચાર પ્રકારો કહ્યા છે, તે આ પ્રમાણે, એક સત્ય ભાષા, બીજી મૃષા ભાષા, ત્રીજી સત્યમૃષા , ચોથી અસત્યામૃષા. હે ભગવન્! એ પ્રમાણે એ ચાર ભાષાના પ્રકારો બોલનાર આરાધક છે કે વિરાધક છે? હે ગૌતમ! એ પ્રમાણે એ ચાર ભાષાના પ્રકારને સાવધાનપણે બોલતો આરાધક છે, પણ વિરાધક નથી. તે સિવાય બીજો અસંયત, વિરતિરહિત, જેઓનું પાપકર્મ અપ્રતિહત અને અપ્રત્યાખ્યાત છે એવો સત્યભાષા બોલતો, અસત્ય, સત્યમૃષા કે અસત્યામૃષા બોલતો આરાધક નથી, પણ વિરાધક છે. ॥૩૩॥૪૦૪॥*

(ટી૦) **'હે ભગવન્! કેટલા ભાષાના પ્રકાર છે' ઇત્યાદિ સુગમ છે, પરંતુ આયુક્ત-સાવધાનપણે બોલતો-સમ્યક્ પ્રવચનની મલિનતાદિને દૂર કરવામાં તત્પરપણે બોલતો હોય, તે આ પ્રમાણે-પ્રવચનની નિન્દાના રક્ષણાદિ નિમિત્તે ગૌરવ અને લાઘવનો વિચાર કરી અસત્ય પણ બોલનાર સાધુ આરાધક છે, જે સાવધાનતાપૂર્વક બોલે છે તે સિવાય અન્ય અસંયત-મન, વચન અને કાયાના સંયમ રહિત, અવિરત સાવદ્ય વ્યાપારથી જેનું મન નિવૃત્ત થયું નથી એવો, અપ્રતિહત-મિથ્યા દુષ્કૃત આપવું, પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો, ઇત્યાદિ વડે જેણે અતીત કાળનું પાપ નાશ કર્યું નથી, તથા અપ્રત્યાખ્યાત-ફરીથી નહિ કરવા વડે ભવિષ્યકાળના પાપ કર્મનું પ્રત્યાખ્યાન જેણે નથી કર્યું એવો સત્યાદિ કોઈપણ ભાષાને બોલતો આરાધક નથી. ॥૩૩॥૪૦૪॥**

**एतेसि णं भंते! जीवाणं सच्चभासगाणं मोसभासगाणं सच्चामोसभासगाणं असच्चामोसभासगाणं अभासगाण य कयरे कयरेहिंतोअप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा सच्चभासगा, सच्चामोसभासगा असंखिज्जगुणा, मोसभासगा असंखेज्जगुणा, असच्चामोसभासगा असंखेज्जगुणा, अभासगा अणंतगुणा ।।सू०-३४।।४०५।।**

**पण्णवणाए भगवईए एक्कारसमं भासापदं समत्तं।**

*(મૂ૦) હે ભગવન્! એ સત્યભાષી, મૃષાભાષી, સત્યમૃષાભાષી કે અસત્યામૃષાભાષી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! થોડા જીવો સત્યભાષી છે, તેથી સત્યમૃષાભાષી અસંખ્યાતગુણા છે, તેથી મૃષાભાષી અસંખ્યાતગુણા છે, તેથી અસત્યામૃષાભાષી અસંખ્યાતગુણા છે અને તેથી અભાષી (નહિ બોલનારા) અનન્તગુણા છે. ॥૩૪॥૪૦૫॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં અગિયારમું ભાષાપદ સમાપ્ત.*

(ટી૦) અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા સત્યભાષી છે. અહીં સમ્યક્ ઉપયોગપૂર્વક સર્વજ્ઞ મતના અનુસારે વસ્તુને સિદ્ધ કરવાની બુદ્ધિથી બોલે છે તે સત્યભાષક છે, અને તેઓ પ્રશ્ન સમયે કેટલાક જ હોય છે માટે સૌથી થોડા કહ્યા છે, તેથી અસંખ્યાતગુણા સત્યમૃષાભાષી છે, કારણ કે ઘણા જીવોને જે તે પ્રકારે સત્યમૃષા બોલવાનો સંભવ છે, અને લોકમાં તેમ જણાય

છે, તેથી અસંખ્યાતગુણા અસત્યભાષી છે, કારણ કે ક્રોધાધીન અને બીજાને છેતરવા વગેરેના અભિપ્રાયવાળા ઘણા હોય છે, અને તેઓ અસત્યભાષી હોય છે. તેથી અસંખ્યાતગુણા અસત્યામૃષાભાષી છે. કારણ કે બેઇન્દ્રિયાદિ જીવો અસત્યામૃષા ભાષા બોલે છે. તેથી અનન્તગુણા અભાષક છે, કારણ સિદ્ધો અને એકેન્દ્રિયો અનન્ત છે.

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં અગિયારમું ભાષાપદ સમાપ્ત.

## [1]भाषापद परिशिष्ट

મોક્ષના અર્થીએ ભાષાની વિશુદ્ધિ અવશ્ય કરવી જોઇએ, કારણ કે ભાષાસમિતિ અને વચનગુપ્તિ એ બન્ને ભાષાની વિશુદ્ધિને અધીન છે, ભાષાસમિતિ અને વચનગુપ્તિ ચારિત્રનું અઙ્ગ છે, અને ચારિત્ર મોક્ષનું કારણ છે. અહીં આ શઙ્કા ન કરવી કે 'વચનના વિભાગમાં કુશલતા રહિત આત્માને કેવળ મૌન માત્રથી વચનગુપ્તિ સિદ્ધ થાય છે, કારણ કે **સર્વથા મૌન ધારણ કરવામાં વ્યવહારનો ઉચ્છેદ થાય, વળી વચનના વિવેકમાં અકુશલ આત્મા ગુપ્તિનો અનધિકારી છે**. એ સંબન્ધે કહ્યું છે કે **"વચનનો વિવેક કરવામાં અનભિજ્ઞ અને વચન સંબન્ધે બહુ પ્રકારને નહિ જાણતો આત્મા જો કે કંઇપણ ન બોલે તોપણ તે વચનગુપ્તિને પ્રાપ્ત થયેલો નથી."** પરંતુ વચનગુપ્તિ રહિત હોવા છતાં વચનગુપ્તિના અભિમાનાદિથી દોષને જ પ્રાપ્ત થાય છે. એ સંબન્ધે કહ્યું છે કે **"आह-जइ भासमाणस्स दोसो तो मोणं कायव्वं। आयरिओ भणइ-मोणमवि अणुवाएण कुणमाणस्स दोसो भवइ"त्ति।** અહીં પૂર્વપક્ષી કહે છે કે જો બોલનારને દોષ લાગે તો મૌન ધારણ કરવું જોઇએ. આચાર્ય કહે છે કે મૌન પણ અનુપાય-કારણ સિવાય કરનારને દોષ લાગે છે. વિશુદ્ધિ વડે લાંબા કાળ સુધી બોલનારને પણ ધર્મના ઉપદેશદાનાદિ વડે ગુણ જ થાય છે. તે માટે આ કહ્યું છે કે—**"वयणविभत्तिकुसलो वयोगयं बहुविहं वियाणंतो। दिवसंपि भासमाणो तहा वि वयगुत्तयं पत्तो"॥ વચનનો વિવેક કરવામાં કુશલ** અને વચન સંબન્ધી બહુ પ્રકારને જાણતો આત્મા આખો દિવસ બોલે તોપણ વચનગુપ્તિને પ્રાપ્ત થયેલો છે.

**ભાષાના ચાર પ્રકાર**—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપ વડે ભાષાના ચાર પ્રકાર છે—નામભાષા, સ્થાપનાભાષા, દ્રવ્યભાષા અને ભાવભાષા. કોઇ જીવ કે અજીવનું 'ભાષા' એવું નામ કરાય તે નામભાષા. પુસ્તક-પત્રાદિમાં લખેલી સ્થાપનાભાષા, દ્રવ્યભાષા આગમથી અને નોઆગમથી એમ બે પ્રકારે છે, અહીં આગમ શબ્દનો અર્થ જ્ઞાન ઇષ્ટ છે. આગમથી ભાષાના અર્થનો જ્ઞાતા અને તે વિષે ઉપયોગ રહિત હોય તે આગમથી દ્રવ્યભાષા. નોઆગમથી દ્રવ્યભાષાના જ્ઞશરીર, ભવ્ય શરીર અને તદ્વ્યતિરિક્ત એ ત્રણ પ્રકાર છે. ભાષાના અર્થ જાણનાર પુરુષનું જીવરહિત શરીર તે નોઆગમથી જ્ઞશરીર દ્રવ્ય ભાષા. જે ભવિષ્યમાં ભાષાનો અર્થ જાણવાનો છે એવા પુરુષનું શરીર તે ભવ્ય શરીર. તદ્વ્યતિરિક્ત દ્રવ્ય ભાષાના ત્રણ પ્રકાર છે—ગ્રહણ, નિઃસરણ અને પરાઘાત. તેમાં વચન યોગના પરિણામવાળા આત્માએ ગ્રહણ કરેલાં અને નહિ છોડેલા ભાષાદ્રવ્યો તે ગ્રહણ, કંઠાદિ સ્થાનના પ્રયત્નથી વિભાગપૂર્વક છોડેલા ભાષા દ્રવ્યો તે નિઃસરણ, અને છોડેલા તે ભાષા દ્રવ્યો વડે વાસિત થયેલા ભાષાના પરિણામને યોગ્ય બીજા દ્રવ્યો તે પરાઘાત. એ પ્રમાણે દ્રવ્યભાષાના ત્રણ પ્રકાર છે. અને ઉપયોગવાળાની ભાષા તે ભાવભાષા.

**ભાષા દ્રવ્યોને ગ્રહણ કરવાનો પ્રકાર**—જીવ ભાષા દ્રવ્યો સ્થિત-સ્થિતિ પરિણામવાળાં ગ્રહણ કરે છે, પણ ગમન પરિણામ વાળાં ગ્રહણ કરતો નથી, જે સ્થિતિ પરિણામવાળાં ગ્રહણ કરે છે તે દ્રવ્યથી અનન્તપ્રદેશવાળાં ગ્રહણ કરે છે, તેથી

૧. શ્રીમદુપાધ્યાય યશોવિજયજીએ પ્રજ્ઞાપના સૂત્રના અગિયારમા ભાષાપદના વિષયને લઇ તેના વિવેચનરૂપે ભાષારહસ્યની રચના કરી છે. તેથી તેમાંથી આ વિષયને સ્પષ્ટ કરવાના હેતુથી પરિશિષ્ટ લેવામાં આવ્યું છે.

ન્યૂન પ્રદેશવાળાં ગ્રહણ કરતો નથી, કારણ કે તે સ્વભાવથીજ ગ્રહણને અયોગ્ય છે. ક્ષેત્રથી અસંખ્યાતા પ્રદેશાવગાઢજ દ્રવ્યો ગ્રહણ કરે છે, કારણ કે એક પ્રદેશાદિમાં અવગાઢ–રહેલાં દ્રવ્યો ગ્રહણને અયોગ્ય છે. કાળથી એક સમયની સ્થિતિવાળાં યાવત્ અસંખ્ય સમયની સ્થિતિવાળાં ગ્રહણ કરે છે, કારણ કે પુદ્‌ગલોની અસંખ્યાત કાળ સુધી પણ સ્થિતિનો સંભવ છે. "**निरेए जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं असंखेज्जं कालं**". નિરેજ–નિષ્કંપ પુદ્‌ગલ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી રહે છે–એવું ભવગતીસૂત્રનું કથન છે. ભાષા દ્રવ્યોની એક સમયની સ્થિતિ ગ્રહણ કર્યા પછી છોડતાં એક ગ્રહણ સમય પર્યન્ત રહેવાથી જાણવી. 'એક પ્રયત્ન વડે ગ્રહણ કરેલાં દ્રવ્યોના આદિ ભાષાપરિણામની સ્થિતિમાં ફેરફાર થવાથી એક સમયની સ્થિતિવાળાં દ્રવ્યો છે.' એમ અન્ય આચાર્ય કહે છે. ભાવથી વર્ણવાળાં યાવત્ સ્પર્શવાળાં પણ ગ્રહણ કરે છે. વર્ણ, ગન્ધ અને રસની સંખ્યાને આશ્રયી સમુદાયની વિવક્ષામાં અવશ્ય પાંચ વર્ણ, બે ગન્ધ અને પાંચ રસવાળાં ગ્રહણ કરે છે. અને ગ્રહણ કરવા યોગ્ય પ્રત્યેક દ્રવ્યને આશ્રયી એક, કે બે ઇત્યાદિ વર્ણ, ગન્ધ અને રસવાળાં દ્રવ્યો ગ્રહણ કરે છે એ વિચારવું. કાળા વગેરે પણ એક ગુણ કાળા વગેરેથી માંડી અનન્તગુણ કાળા વગેરે દ્રવ્યો જાણવા. સ્પર્શની સંખ્યાને આશ્રયી પ્રત્યેક ગ્રહણ યોગ્ય દ્રવ્યોની અપેક્ષાએ કેટલાએક બે સ્પર્શવાળાં હોય છે. પરન્તુ એક સ્પર્શવાળાં હોતાં નથી, કારણ કે એક પરમાણુમાં પણ બે સ્પર્શ હોય છે. અને તે બે સ્પર્શ મૃદુ અને શીત તથા મૃદુ અને ઉષ્ણરૂપ જાણવા. કેટલા એક ત્રણ સ્પર્શવાળા પણ હોય છે, કેટલા એક મૃદુ અને શીત સ્પર્શવાળાં તથા કેટલા એક મૃદુ અને સ્નિગ્ધ સ્પર્શવાળાં ઇત્યાદિ દિશા વડે મૃદુ સ્પર્શના અવયવોને બીજા સ્પર્શોનો યોગ હોય તો પણ સમુદાયને આશ્રયી ત્રણ સ્પર્શ જાણવા. કેટલાએક ચાર સ્પર્શવાળાં પણ હોય છે. એટલે સમુદાયને આશ્રયી ચાર સ્પર્શવાળા જ હોય છે. તેમાં ચાર સ્પર્શોમાં મૃદુ અને લઘુ રૂપ બે સ્પર્શ અવસ્થિત હોય છે અન બીજા સ્નિગ્ધ અને ઉષ્ણ, સ્નિગ્ધ અને શીત, રૂક્ષ અને ઉષ્ણ તથા રૂક્ષ અને શીત સ્પર્શ હોય છે. તેમાં અવસ્થિત સ્પર્શ નિયત હોવાથી તેની ગણના કરી નથી અને વૈકલ્પિક સ્પર્શની અપેક્ષાએ ચાર સ્પર્શવાળાનો નિર્દેશ છે–એવો સંપ્રદાય (પરંપરા) છે. આ સંબન્ધે પ્રશ્ન ન કરવો, કારણ કે સૂત્રની ગતિ વિચિત્ર છે.

ઊપર કહેલા સ્વરૂપવાળા ભાષા દ્રવ્યો સ્પૃષ્ટ–આત્મ પ્રદેશો સાથે રહેલા હોય તેને ગ્રહણ કરે છે, પણ અસ્પૃષ્ટને ગ્રહણ કરતો નથી. સ્પૃષ્ટ છતાં પણ અવગાઢ–આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્રમાં રહેલા હોય તેને ગ્રહણ કરે છે, પરન્તુ આત્મપ્રદેશો વડે સ્પર્શ કરાયેલા, પણ આત્મપ્રદેશના અવગાહ ક્ષેત્રથી બહાર રહેલાં ગ્રહણ કરતો નથી. તેમાં પણ અનન્તરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે, *પણ પરંપરાવગાઢને ગ્રહણ કરતો નથી.* એટલે જે આત્મપ્રદેશોમાં જે ભાષા દ્રવ્યો રહેલાં છે તે આત્મપ્રદેશો વડે તેજ દ્રવ્યોને ગ્રહણ કરે છે, પરન્તુ એક, બે, ત્રણ આત્મપ્રદેશો વડે વ્યવહિત ભાષા દ્રવ્યોને ગ્રહણ કરતો નથી. તે પણ ભાષાને યોગ્ય સ્કન્ધોમાં પરસ્પર થોડા પ્રદેશોની અપેક્ષાએ અણુ અને વધારે પ્રદેશોની અપેક્ષાએ બાદર સ્કન્ધો ગ્રહણ કરે છે, પરન્તુ બીજા ભાષાને અયોગ્ય સ્કન્ધોને ગ્રહણ કરતો નથી. તે પણ જીવના જેટલા ક્ષેત્રમાં ગ્રહણ યોગ્ય ભાષા દ્રવ્યો રહેલા છે તેમાં ઊર્ધ્વ દિશા, અધોદિશા અને તિર્યગ્દિશાએ રહેલાં ગ્રહણ કરે છે, તે પણ ભાષાના દ્રવ્યને ગ્રહણ કરવાને યોગ્ય અન્તર્મુહૂર્તના કાળની આદિમાં મધ્યમાં અને અન્તમાં પણ ગ્રહણ કરે છે. તે પણ સ્વવિષય–સ્પૃષ્ટાદિ દ્રવ્યો ગ્રહણ કરે છે, પણ અવિષયરૂપ અસ્પૃષ્ટાદિ દ્રવ્યો ગ્રહણ કરતો નથી. તે પણ આનુપૂર્વી–ગ્રહણની અપેક્ષાએ નજીક હોય જેમ જેમ તે ગ્રહણ કરે છે, પણ તેથી ભિન્ન દ્રવ્યો ગ્રહણ કરતો નથી. અને તે અવશ્ય છ એ દિશાથી આવેલાં ગ્રહણ કરે છે, કારણ કે વક્તા અવશ્ય ત્રસ નાડીમાં રહેવાથી તેને છ દિશાથી આવેલાં પુદ્‌ગલોના ગ્રહણનો સંભવ છે.

તેમાં કોઇ તીવ્ર પ્રયત્નવાળો વક્તા ગ્રહણ કરવાના અને છોડવાના પ્રયત્ન વડે ભેદાયેલાં–ખંડશઃ કરાયેલાં ભાષાદ્રવ્યો છોડે છે અને કોઇ મન્દ પ્રયત્નવાળો વક્તા તેવા પ્રકારનાં નહિ ભેદાયેલા સ્થૂલ ભાષા ખંડોને છોડે છે. તેમાં ભેદાયલા ભાષાદ્રવ્યો સૂક્ષ્મ અને ઘણાં હોવાથી અને અન્ય દ્રવ્યને વાસિત કરતા હોવાથી અનન્તગુણબુદ્ધિ પામતાં છ એ દિશામાં લોકાન્તને વ્યાપ્ત કરે છે અને તે અભિન્ન નહિ ભેદાયેલા ભાષા દ્રવ્યો અસંખ્યાતી અવગાહનાવર્ગણા સુધી જઇને ભેદાય છે.

અવગાહના-એક એક ભાષાદ્રવ્યના આધારભૂત અસંખ્યાતા પ્રદેશરૂપ ક્ષેત્રનો વિભાગ, તેની વર્ગણા-સમુદાય તે અવગાહના વર્ગણા કહેવાય છે અને ભેદાયેલાં ભાષાદ્રવ્યો સંખ્યાતા યોજન સુધી જઇને વિલય પામે છે-શબ્દ પરિણામનો ત્યાગ કરે છે.

હવે જે ભાષાદ્રવ્યો ભેદાય છે તે ભેદ પાંચ પ્રકારનો છે-૧ ખંડભેદ, ૨ પ્રતરભેદ, ૩ ચૂર્ણિકાભેદ, ૪ અનુતટિકાભેદ અને ૫ ઉત્કરિકાભેદ. લોઢા, જસત, ત્રાંબુ, સીસું વગેરે દ્રવ્યોનો ખંડ-કકડા રૂપે ભેદ થાય તે ખંડભેદ. વાંસ, નેતર, બરુ, કેળ, અબરખ વગેરેનો પ્રતર-પડારૂપે ભેદ થાય તે પ્રતરભેદ, પીપર વગેરેનો ચૂર્ણરૂપે ભેદ થાય તે ચૂર્ણિકાભેદ. દ્રહ, તળાવ, વાવ વગેરેનો (તટ-કિનારાના ભેદ વડે કિનારાનું તુટવાપણું) ભેદ થાય છે તે અનુતટિકાભેદ. એ સંબન્ધે તત્ત્વાર્થટીકામાં આ પ્રમાણે છે—**"अनुतटभेदस्तु वंशेक्षुयष्टित्वगुत्पाटनम्"** વાંસ, શેરડી, વગેરેની ઉપરની છાલ ઉખેડવારૂપ ભેદ તે અનુતટભેદ કહેવાય છે. એરંડબીજાદિનો શિંગ વગેરેના ફુટવા વડે ભેદ થાય તે ઉત્કરિકાભેદ. અહીં ભેદ પામતા ભાષાદ્રવ્યોનો નાશ થાય છે, કારણ કે અવયવનો વિભાગ થવાથી દ્રવ્યના અસમવાયી કારણરૂપ અવયવના સંયોગનો નાશ થાય છે એમ ન સમજવું. કેમકે ઘટમાં છિદ્ર પર્યાયની પેઠે ભાષાદ્રવ્યોનો ભેદપર્યાય ઉત્પન્ન થાય છે તો પણ અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. વિશિષ્ટ ઉત્પત્તિમાં વિશિષ્ટ ધ્વંસ કારણ હોવાથી તે અવિશિષ્ટ-સામાન્યરૂપે અવસ્થિતિનો વિરોધી નથી. જો એમ ન હોય તો દ્વિતીયાદિ સમયમાં રહેલા ઘટની દ્વિતીયાદિ સમયમાં વિશિષ્ટ ઉત્પત્તિ થાય છે, તો પણ ઘટના નાશનો વ્યવહાર થતો નથી. છિદ્રઘટ તે ઘટથી ભિન્નજ ઉત્પન્ન થાય છે એમ ન કહેવું. કારણ કે ત્યાં દંડાદિનો વ્યાપાર નહિ હોવાથી તેની ઉત્પત્તિ આકસ્મિક થશે. કોઇ એમ કહે કે દંડાદિ ઘટવિશેષમાં કારણ છે, પણ અહીં છિદ્રઘટાદિની ઉત્પત્તિમાં કારણ નથી, આ કલ્પના અપૂર્વ છે, તો પણ ઘટમાં છિદ્ર ઉત્પન્ન થયું છે, ઘટ વિનષ્ટ થયો નથી એ વ્યવહારનું શી રીતે ઉપપાદન કરવું? વાસ્તવિક રીતે સંયોગનો નાશ દ્રવ્યોનો નાશક નથી, પણ આવશ્યક હોવાથી ભેદજ નાશક છે અને ભેદ પણ ભેદરૂપે હેતુ નથી પણ ભેદવિશેષરૂપે કારણ છે. તેથી મન્દ પ્રયત્ન વડે ઉચ્ચારેલા ભાષાદ્રવ્યનો ગતિવિશેષથી થતો ભેદ તેના નાશનું કારણ છે, પણ ગ્રહણ અને નિસર્ગ-છોડવાના પ્રયત્ન વડે થયેલો ભેદ ધ્વંસનું કારણ થતો નથી. માટે સૂત્રમાં કહેલું છે તે યુક્ત છે. નિસૃષ્ટ-છોડેલા-તાલુ વગેરે સ્થાનના પ્રયત્ન પૂર્વક ઉચ્ચારેલા દ્રવ્યો વડે વાસનાને યોગ્ય દ્રવ્યોનો પરાઘાત-વાસના થાય છે, તેથી વિશ્રેણિમાં કેવળ વાસિત દ્રવ્યો હોય છે, કારણ કે છોડેલા ભાષાદ્રવ્યો સૂક્ષ્મ હોવાથી શ્રેણિના અનુસારે ગમન કરે છે. કેમકે જીવ અને સૂક્ષ્મ પુદ્ગલોની ગતિ શ્રેણિને અનુસારે હોય છે. અને ભાષક-વક્તાની દિશાની સમશ્રેણિમાં રહેલાં નિસૃષ્ટ-છોડેલાં અને વાસિત-એમ મિશ્ર દ્રવ્યો હોય છે. અહીં દ્રવ્યના પ્રાધાન્ય અને ગ્રહણાદિરૂપ ક્રિયાના અને ભાષાના પરિણામરૂપ ભાવના અપ્રાધાન્યની વિવક્ષા કરીને તેનો દ્રવ્યભાષારૂપે વ્યવહાર થાય છે. અર્થાત્ આ ત્રણે પ્રકારની ભાષા દ્રવ્યના યોગની વિવક્ષા કરેલી હોવાથી દ્રવ્યભાષા કહેવાય છે. જો એમ ન માનવામાં આવે તો **"दोहिं समएहिं भासए भासं"** 'બે સમયે ભાષા બોલે છે' એ વચનની સાથે વચનયોગજન્ય ભાષા અને **'ભાષ્યમાણા'**-બોલતો હોય ત્યારે ભાષા કહેવાય-એ વચનનો વિરોધ થશે, કારણ કે પ્રથમ સમયે ભાષાદ્રવ્યો ગ્રહણ કરી બીજા સમયે ભાષાપણે પરિણમાવી છોડે છે-એ રીતે નિસર્ગના અભિપ્રાયથી સંગત થાય છે. પરન્તુ પૂર્વે કહ્યા પ્રમાણે માનવામાં આવે તો છોડવાના સમયેજ ભાવભાષા કહેવાય અને ગ્રહણ સમયે દ્રવ્યભાષા કહેવાય, પણ નિસર્ગાદિ સમયે દ્રવ્યભાષા નહિ કહેવાય એ માટે ઉપર કહેલી વિવક્ષા આદરણીય છે. એ પ્રમાણે 'વચનયોગથી ઉત્પન્ન થયેલી ભાષા હોય છે' એ પણ વચન છોડવાના સમયે ભાવભાષા ન માનો તો વિરુદ્ધ થાય છે. છોડવાને અનુકૂલ કાયસંરંભ-શરીરનો પ્રયત્ન તે વચનયોગ અથવા કાયયોગ વડે ગ્રહણ કરેલા ભાષાદ્રવ્યના સમૂહસહિત જીવનો વ્યાપાર વચનયોગ કહેવાય છે. અને બન્ને પ્રકારે તેનાથી ઉત્પન્ન થયેલી ભાવભાષા કહેવાય છે. એ પ્રમાણે **'ભાષ્યમાણા'** બોલાતી હોય તે ભાષા એ ભગવન્તનું વચન પણ વિરુદ્ધ થાય છે. અહીં ભાવ ભાષા જ વિધેય છે, જો એમ ન હોય તો તેની પૂર્વે અને પછી ભાષા કહેવાતી નથી એ અવધારણ ઘટી શકશે નહિ.

હવે ભાવભાષા સંબન્ધે કહે છે-અહીં ઉપયોગવાળાની ભાષા ભાવભાષા કહેવાય છે. કારણ કે ઉપયોગ ભાવ છે અને અનુપયોગ દ્રવ્ય છે. જે અભિપ્રાયથી ભાષા ઉત્પન્ન થાય તે ભાવભાષા. જે બોલવાને ઇચ્છે છે તે પહેલાંજ તેને પોતાને એવો

ખ્યાલ હોય છે કે આ મારે કહેવાનું છે, ત્યાર પછી તે બોલતો બીજાને પોતાનો અભિપ્રાય જણાવે છે, એ રીતે ભાષાનું પ્રયોજન છે કે પોતાને અને બીજાને બોધ કરવો. અહીં કોઇ શંકા કરે કે અગ્નિનો ઉપયોગ ભાવાગ્નિ કહેવાય છે તેમ ભાષાનો ઉપયોગ ભાવભાષા કહેવાય, પણ ઉપયોગના વિષયભૂત ભાષા ભાવભાષા ન કહેવાય, તે અયુક્ત છે. 'ભાવરૂપ ભાષા એ ભાવભાષા' એ ભંગી વડે ઉપર કહેલો અર્થ ઘટતો નથી પણ ભાવવડે ભાષા તે ભાવભાષા–એ રીતે પ્રકૃત અર્થની ઉપપત્તિ થાય છે.

અહીં કોઇ શંકા કરે કે ભાષા અર્થનો નિર્ણય કરનારી નથી, કારણ કે શબ્દ અને અર્થનો તાદાત્મ્ય કે તદુપત્તિ સંબન્ધ નહિ હોવાથી સંબન્ધના અભાવથી પ્રતિનિયત અર્થનો બોધ નહિ થાય, તેથી એમ ન જાણવું કે શબ્દોની અનુત્પત્તિનો પ્રસંગ થશે. અર્થના બોધકપણાનો વિચાર કરી શબ્દનો ઉચ્ચાર કરે છે. કારણ વિકલ્પથી જ શબ્દોની ઉત્પત્તિ થાય છે. શબ્દો પણ વિકલ્પના ઉત્પન્ન કરવા વડે ચરિતાર્થ થાય છે. માટે વિકલ્પ અને શબ્દોનો પરસ્પર કાર્યકારણભાવ છે, તે શંકાના સમાધાનમાં કહે છે–

ભાષા અવધારણી–અર્થનો નિશ્ચય કરનારી છે, કારણ કે પદ અને પદાર્થનો સંકેતરૂપ સંબન્ધ હોવાથી 'આ શ્રુત–સાંભળવાથી જાણ્યું છે' એવો વ્યવહાર થાય છે. જેમ '**अनुमिनोनि**' હું અનુમાન કરું છું એ બુદ્ધિ વડે અનુમિતિરૂપ પ્રમાવિશેષની સિદ્ધિ થવાથી અનુમાન પ્રમાણસિદ્ધ થાય છે તેમ '**शब्दात् प्रत्येमि**' શબ્દથી જાણું છું–એ બુદ્ધિ વડે પ્રમાવિશેષની સિદ્ધિ થવાથી શબ્દપ્રમાણ સિદ્ધ થાય છે. અહીં કોઇ કહે છે કે શબ્દથી અર્થની પ્રતીતિ અનુમાનથી થાય છે, તેનો ઉત્તર એ છે કે અનુમિતિમાં વ્યાપ્તિ જ્ઞાન વગેરે કારણ છે અને તે સિવાય પણ શબ્દથી જલદી અર્થની પ્રતીતિ થાય છે માટે તે અનુમાન પ્રમાણ રૂપ નથી. તેથી ભાષા અવધારણી–અર્થનો બોધ કરનારી છે.

હવે ભાવભાષાના ભેદો કહે છે–દ્રવ્યને આશ્રયી, શ્રુતને આશ્રયી અને ચારિત્રને આશ્રયી ભાવભાષાના ત્રણ પ્રકાર છે. દ્રવ્યને આશ્રયી ભાવભાષા ચાર પ્રકારની છે–૧ સત્ય, ૨ અસત્ય, ૩ મિશ્ર–સત્યાસત્ય, અને ૪ અસત્યામૃષા. તે ચાર પ્રકારના ભાષાનો બે ભેદમાં સમાવેશ કરે છે. પ્રથમ સત્ય અને અસત્ય એ બે પ્રકારની ભાષા પર્યાપ્તા અને પછીના બે પ્રકારની ભાષા અપર્યાપ્તા છે. તેમાં જે સત્ય કે અસત્યરૂપે અવધારણ કરી શકાય તે પર્યાપ્તા અને અવધારણ ન કરી શકાય તે અપર્યાપ્તા.

હવે પૂર્વે કહેલા ભાષાના ભેદોનું નિશ્ચય અને વ્યવહાર વડે વિવેચન કરે છે–વ્યવહારનયથી ભાષા ચાર પ્રકારની શાસ્ત્રમાં કહેલી છે. અને નિશ્ચયનયની અપેક્ષાએ સત્ય અને મૃષા એ બે પ્રકારની ભાષા છે. તેમાં વસ્તુતત્ત્વને સ્થાપન કરવાની બુદ્ધિથી જિનપ્રણીત સિદ્ધાન્તને અનુસરીને બોલાય, જેમકે આત્મા સત્ અને અસત્સ્વરૂપ છે તે સત્ય ભાષા કહેવાય છે, કારણ કે આરાધકભાવ છે. જે સિદ્ધાન્તથી વિરુદ્ધ બોલાય તે અસત્ય, કારણ કે વિરાધકભાવ છે. ધવાદિ વૃક્ષનો સમૂહ છતાં અશોક ઘણાં હોવાથી 'આ અશોકવન છે' એમ કહેવાય તે મિશ્રભાષા. જે વસ્તુમાત્રના પર્યાલોચન કરવામાં તત્પર 'હે દેવદત્ત ઘટ લાવ' ઇત્યાદિ તે આરાધકભાવ અને વિરાધકભાવ રહિત હોવાથી અસત્યામૃષાભાષા છે. અહીં પરિભાષા જ શરણ છે. પરિભાષા એટલે વ્યવહાર. અહીં અસત્યામૃષા ભાષામાં તાત્પર્યનો બાધ થતો હોય તો તેનો અસત્ય ભાષામાંજ સમાવેશ થાય છે. તાત્પર્યનો બાધ ન થતો હોય તો તે સત્યભાષા છે. અહીં વૃક્ષના સમૂહરૂપ વનમાં અશોકના અભેદના તાત્પર્યનો બાધ થવાથી મૃષાપણું સ્પષ્ટ છે. જ્યારે અશોકપ્રધાન વન એ વિવક્ષાથી પ્રયોગ હોય ત્યારે શ્રમણસંઘની પેઠે વ્યવહારસત્ય પણ કહેવામાં વાંધો નથી એમ જણાય છે. અસત્યામૃષા ભાષા પણ કોઇને છેતરવાની બુદ્ધિપૂર્વક હોય તો તેનો અસત્યમાં અને તે સિવાય સત્યમાં સમાવેશ થાય છે. જેથી નિશ્ચયનય વડે છેલ્લી બે ભાષાનો પૂર્વની બે ભાષામાં સમાવેશ કર્યો, અને એથીજ આજ્ઞાપની ભાષાને અસત્યામૃષાના ભેદમાં ગણેલી છે છતાં જાતિ વડે–સામાન્ય વડે કે સામાન્ય રહિત ભાષા પ્રજ્ઞાપના સૂત્રમાં તત્ત્વાર્થદર્શી શ્યામાચાર્યે પ્રજ્ઞાપની ભાષા કહેલી છે–'[1]**अह भंते! जातीति इत्थिआणमणी, जातीति पुमआणमणी, जातीति णपुंसगआणमणी पण्णवणी णं एसा? ण एसा भासा मोसा? हंता गोयमा!**' ઇત્યાદિ. જો કે જેને આજ્ઞા કરે

१. હે ભગવન્! જાતિ વડે સ્ત્રીને આજ્ઞા કરનાર, જાતિ વડે પુરુષને આજ્ઞા કરનાર અને જાતિ વડે નપુંસકને આજ્ઞા કરનાર ભાષા પ્રજ્ઞાપની કહેવાય? એ ભાષા મૃષા નથી? હા ગૌતમ! આ ભાષા પ્રજ્ઞાપની છે, મૃષા નથી.

તે શિષ્યાદિ કાર્ય ન કરે તેથી અસત્યની આશંકાથી પ્રશ્ન કર્યો છે **તેથી વિનીત શિષ્યાદિ વિષયક આજ્ઞાપની ભાષા અસત્ય નથી, તો પણ અવિનીતને આજ્ઞા કરવી તે સ્વ અને પરને પીડાનું કારણ હોવાથી પારિભાષિક-વ્યાવહારિક અસત્ય છે.** આરાધકપણું, વિરાધકપણું, દેશારાધકપણું, દેશવિરાધકપણું તથા આરાધકપણા અને વિરાધકપણાના અભાવને આશ્રયી ભાષાના વિભાગ ચાર પ્રકારે છે. અને નિશ્ચયથી આરાધકપણું અને વિરાધકપણું એ બન્નેને આશ્રયી બે પ્રકારની ભાષા છે. વાસ્તવિક રીતે તો ભાષાનિમિત્ત શુભાશુભ સંકલ્પનું આરાધકપણું અને વિરાધકપણું છે, પરન્તુ ભાષાનું નથી. અહીં પ્રશ્ન થાય છે કે તદન નાના બાળકો કે જેઓની ઇન્દ્રિયો અસમર્થ હોવાથી 'હું આ બોલું છું' એવું જેને ભાન નથી તેઓને તે નિમિત્તે અશુભ સંકલ્પ નહિ હોવાથી શી રીતે આરાધકપણું કે વિરાધકપણું સમજવું? તેનો ઉત્તર એ છે કે ઉપયોગરહિત પરિણામ જ કર્મબંધનો હેતુ હોવાથી વિરાધકપણું સ્પષ્ટ છે. કારણ કે આયુક્ત-**ઉપયોગ પૂર્વક ચારે પ્રકારની ભાષા બોલનાર આરાધક છે અને ઉપયોગ સિવાય બોલનાર વિરાધક છે**–એમ પ્રજ્ઞાપના સૂત્રમાં સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું છે. અહીં આયુક્ત–સાવધાનપણે પ્રવચનની મલીનતા, નિંદા વગેરેથી રક્ષણ કરવામાં તત્પરતા છે. માટે નિશ્ચયથી આરાધકપણા અને વિરાધકપણાને આશ્રયી સત્ય અને અસત્ય બેજ પ્રકારની ભાષા છે. અહીં એમ ન સમજવું કે નિશ્ચય નય તાત્ત્વિક હોવાથી ભાષાના ચાર પ્રકાર કલ્પના માત્ર હોવાથી વાસ્તવિક નથી, કારણ કે વ્યવહારાનુગત વસ્તુ પણ શાસ્ત્રપ્રસિદ્ધ છે.

એ પ્રમાણે નયની અપેક્ષાએ ભાષાના બે પ્રકાર અને ચાર પ્રકાર કહ્યા, હવે સૂત્રના વિભાગને અનુસરી સત્યભાષાના લક્ષણના કથનપૂર્વક વિભાગ કહે છે–અવધારણપૂર્વક તે વસ્તુને વિષે તે પ્રકારનું વચન તે સત્ય ભાષા છે અને તેને આરાધની ભાષા કહેલી છે. તેના દસ પ્રકાર છે–૧ જનપદસત્ય, ૨ સંમતસત્ય, ૩ સ્થાપનાસત્ય, ૪ નામસત્ય, ૫ રૂપસત્ય, ૬ પ્રતીત્યસત્ય, ૭ વ્યવહારસત્ય, ૮ ભાવસત્ય, ૯ યોગસત્ય, ૧૦ ઉપમાસત્ય. જે જનપદ–દેશના સંકેત માત્રથી અર્થની પ્રતીતિ કરાવે તે ૧. **જનપદસત્ય**, અહીં માત્ર અનાદિ સિદ્ધ સંકેતનો નિષેધ કરવા માટે છે. જેમકે કોંકણાદિ દેશના સંકેતજ્ઞાનથી પિચ્ચાદિ પદથી પાણી વગેરે અર્થની પ્રતીતિ થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયી જે રૂઢિને છોડીને યોગ–વ્યુત્પત્તિ માત્ર વડે અર્થનો નિશ્ચય ન કરે તે **સંમતસત્ય** ૨. જેમકે પદ્મને વિષે પંકજ શબ્દનો પ્રયોગ. શેવાળ વગેરે પંકથી ઉત્પન્ન થયેલા હોવા છતાં પંકજશબ્દ અરવિન્દ–કમળને જણાવે છે, પરન્તુ શેવાલાદિનો બોધ કરતા નથી તે સંમતસત્ય. એ પ્રમાણે સમુદાયની શક્તિના પ્રતિસંધાન–સ્મરણ સિવાય નહિ બોધ કરનારા પદયુક્ત ભાષા તે સંમતસત્ય એ તાત્પર્ય છે. અહીં જનપદ સત્યમાં અતિવ્યાપ્તિ થશે એમ ન જાણવું. કારણ કે અવયવ શક્તિના અતિપ્રસંગને દૂર કરનાર સમુદાયની શક્તિનું ગ્રહણ કરેલું હોવાથી દોષ નથી. વ્યુત્પત્તિરહિત રૂઢ શબ્દમાં અવ્યાપ્તિ થશે એમ ન માનવું કારણ કે અહીં શક્તિ સંકેતમાત્ર નથી, પણ અનાદિ શાસ્ત્રીય અબાધિત સંકેત છે. અન્યથા લક્ષણાદિ વગેરેના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે. ૩. **સ્થાપનાસત્ય**–સ્થાપનામાં વર્તમાન અને જેનો ભાવાર્થરહિત સંકેત જાણ્યો છે એવી સ્થાપનાસત્ય ભાષા કહેવાય છે. જેમકે જિનપ્રતિમામાં જિનશબ્દ સ્થાપનાસત્ય છે. અહીં સંમતસત્ય ભાષાનું લક્ષણ લાગુ પડે છે તેથી કોઇ પણ પ્રકારનો દોષ નથી, કારણ કે ઉપધેયનું (ઉપાધિના આશ્રયનું) સાંકર્ય છતાં પણ ઉપાધિનું સાંકર્ય નથી. ૪. **નામસત્ય**–ભાવરૂપ અર્થ રહિત ભાષા નામના સંકેતમાત્રથી યોગાર્થના–વ્યુત્પત્તિ પ્રતિત્પાદ્ય (પ્રતિપાદ્ય) અર્થના બાધની દરકાર કર્યા સિવાય પોતાને પ્રતિપાદન કરવા યોગ્ય અર્થનું પ્રતિપાદન કરે તે નામસત્ય. જેમકે ધનરહિત છતાં નામ વડે ધનવાન હોય છે. જ્યાં યથાર્થ નામ હોય ત્યાં કેવળ નામસત્ય નથી પણ પરિણામસત્ય છે. ભાવરૂપ અર્થના બાધ સહિત અને રૂપવાળાને વિષે જેનો ઉપચાર કર્યો છે એવા પદ યુક્ત ભાષા તે ૫. **રૂપસત્ય**. જેમકે પ્રકટ દોષને સેવનારને વિષે યતિશબ્દનો પ્રયોગ. અહીં યતિપદનો રૂપવાળા વેષધારીને વિષે ઉપચાર છે. અહીં ભાવ યતિપણાનો બાધ છે માટે સ્થાપના યતિપણું માનવું યુક્ત છે એમ ન કહેવું. કારણ કે સ્થાપના તે જાતિના સદોષ પદાર્થમાં હોતી નથી; પણ વિજાતીય

અને દોષરહિત પદાર્થને વિષે હોય છે. લિંગ–વેશમાં ગુણ અને દોષ બન્ને હોય છે અને પ્રતિમામાં બન્ને નથી. માટે તેથી ભિન્ન દ્રવ્યમાં તેના આકારની કલ્પના તે સ્થાપના. અને કેવળ રૂપ–વેશ તો તે જાતનું કુટ દ્રવ્ય છે એ વિશેષતા જાણવી. ૬. **પ્રતીત્યસત્ય**–વિરોધ સિવાય પ્રતીત્ય ભાવ–સાપેક્ષ પદાર્થનો ઉપદેશ કરનારી ભાષા પ્રતીત્યસત્ય કહેવાય છે. જેમકે અપેક્ષાએ એક ફળ વિગેરે નાનું પણ છે અને મોટું પણ હોય છે. વળી અનામિકા આંગળી મધ્ય આંગળીની અપેક્ષાએ નાની હોય છે અને કનિષ્ઠાની અપેક્ષાએ મોટી હોય છે. આ અણુત્વ અને મહત્વાદિ પરસ્પર વિરુદ્ધ નથી, કારણ કે સત્ત્વાસત્ત્વની પેઠે ભિન્ન ભિન્ન નિમિત્તસાપેક્ષ છે અને તે નિમિત્ત અનેક પ્રકારના હોય છે.

૭. **વ્યવહાર સત્ય**–વ્યવહાર એટલે લોકની વિવક્ષા, તે વડે જેનો પ્રયોગ થાય તે વ્યવહારસત્ય. જેમકે નદી પીવાય છે, પર્વત બળે છે. અહીં નદી પીવાય છે એટલે નદીનું પાણી પીવાય છે, પર્વત બળે છે. એટલે પર્વતમાં રહેલું ઘાસ બળે છે. અહીં પર્વત અને તૃણાદિના અભેદના કથનથી મૃષાવાદિપણાનો પ્રસંગ ઉપસ્થિત થશે એમ ન જાણવું, કારણ કે અહીં વ્યાવહારિક અભેદનો આશ્રય કરેલો હોવાથી તેમાં દોષ નથી. લોકની વિવક્ષાનું ગ્રહણ હોવાથી રૂપસત્યાદિમાં અતિવ્યાપ્તિનો પ્રસંગ નથી. એ પ્રમાણે આમલકી વગેરેમાં એકેન્દ્રિય હોવાથી નપુંસક છતાં પણ સ્ત્રી વગેરેની અભેદ વિવક્ષા વડે સ્ત્રીલિંગાદિનું પ્રતિપાદન પણ વ્યવહારસત્ય જ છે. ૮. **ભાવસત્ય**–સદ્ વસ્તુના અભિપ્રાયપૂર્વક કહેલી ભાષા તે ભાવસત્ય. જેમકે 'આ ઘટ છે, બગલો ધોળો છે'. વાસ્તવિક ઘટનો બોધ કરવાના અભિપ્રાયથી ઘટપદનો પ્રયોગ કરેલો છે. અથવા બગલામાં પાંચે વર્ણનો સંભવ છે તો પણ શુક્લવર્ણનું કથન ઉત્કટ શુક્લવર્ણ બતાવવા માટે છે, અહીં એમ ન કહેવું કે આ બીજા ઉદાહરણનો વ્યવહાર સત્યમાં સમાવેશ થાય છે, કારણ કે વ્યવહારસત્ય લોકવિવક્ષાને અધીન છે. ૯. **યોગસત્ય**–જ્યાં વસ્તુના યોગે ઉપચાર થાય તે યોગસત્ય. અતીત કાળે સંબન્ધવાળા લાક્ષણિક પદયુક્ત ભાષા યોગસત્ય કહેવાય છે. જેમકે વર્તમાન કાળે છત્રાદિનો અભાવ હોવા છતાં અતીત કાળે છત્રાદિના સંબન્ધથી છત્રી–છત્રવાળો, કુંડલી–કુંડલવાળો અને દંડી કહેવાય છે. ૧૦. **ઉપમાસત્ય**–ઉપમાન એટલે જ્ઞાત, ઉદાહરણ, નિદર્શન અને દૃષ્ટાંત એ સમાનાર્થક છે, તે વડે સત્ય તે ઉપમાન સત્ય. તે ઉપમાન બે પ્રકારે છે–ચરિત અને કલ્પિત. ચરિત–પારમાર્થિક, જેમકે મહારંભવાળો બ્રહ્મદત્તની પેઠે દુઃખ પામે છે. કલ્પિત–**પોતાની બુદ્ધિની કલ્પના વડે રચેલું. જેમકે અનિત્યતામાં પીપળના પાનનું ઉદાહરણ. કલ્પિત પણ રૂપકની પેઠે તાત્પર્યનો બાધ થતો ન હોવાથી નિરર્થક નથી**. એ પ્રમાણે સદ્ ઉપમાનવાચક પદ વડે ઘટિત ભાષા ઉપમાનસત્ય છે. 'ચન્દ્રમુખી' ઇત્યાદિ દેશોપમામાં સંભવિત પ્રસન્નત્વાદિ ધર્મોનું ગ્રહણ હોવાથી દોષ નથી.

એ પ્રમાણે દસ પ્રકારની સત્ય ભાષાનું પ્રજ્ઞાપનાદિ સૂત્રને અનુસારે વર્ણન કર્યું, હવે અસત્ય ભાષાનું નિરૂપણ કરે છે–સત્યથી વિપરીત હોય તે અસત્ય. અહીં ચરિત ઉપમાનાદિમાં અતિવ્યાપ્તિ થશે એમ ન કહેવું, કારણ કે યથાર્થ તાત્પર્યના બાધ વડે જે વચન હોય તે અસત્ય છે. ચરિત અને કલ્પિત ઉપમાનાદિમાં તાત્પર્યનો બાધ નહિ હોવાથી અતિવ્યાપ્તિ નથી. અથવા વિરાધની ભાષા તે અસત્ય ભાષા કહેવાય છે. અહીં વિરાધકપણું સદ્ભૂત અર્થના પ્રતિષેધાદિ વડે જાણવું.

અસત્ય ભાષા ચાર પ્રકારે છે. દ્રવ્યથી સર્વ દ્રવ્યો સંબન્ધે, ક્ષેત્રથી લોક અને અલોક સંબન્ધે, કાળથી દિવસે અથવા રાત્રે અને ભાવથી ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી અસત્ય બોલવું. અહીં એકના ગ્રહણથી તેની જાતિનું ગ્રહણ થતું હોવાને લીધે ક્રોધના ગ્રહણથી માનનું ગ્રહણ, લોભના ગ્રહણથી માયાનું ગ્રહણ અને ભય અને હાસ્યના ગ્રહણથી પ્રેમ, દ્વેષ, કલહ અને અભ્યાખ્યાનાદિનું ગ્રહણ જાણવું એવો વૃદ્ધ આચાર્યોનો સંપ્રદાય છે. અથવા તો ક્રોધ નિશ્રિતાદિ દસ ભેદો ભાવ અસત્યાના જ છે. અહીં અસત્યાના સંબન્ધે દ્રવ્ય અને ભાવના સંયોગે વિધિ અને પ્રતિષેધ વડે ચઉભંગી જાણવી. ૧ દ્રવ્યથી મૃષાવાદ છે અને ભાવથી નથી. જેમકે કોઇ શીકારી પૂછે કે 'તેં પશુ મૃગ વગેરે જોયા'? ત્યારે તેને કહે કે 'મેં જોયા નથી'. એ દ્રવ્યથી મૃષાવાદ

છે, ભાવથી નથી. ૨ભાવથી મૃષાવાદ છે, પણ દ્રવ્યથી નથી. જેમકે મૃષા બોલવાની ઇચ્છાવાળો ઉતાવળને લીધે એકદમ સત્ય બોલી જાય. એ ભાવથી મૃષા છે, પણ દ્રવ્યથી નથી. ૩ દ્રવ્યથી અને ભાવથી. જેમ કોઇ મૃષા બોલવાના પરિણામવાળો મૃષાવાદ બોલે. ચોથો ભંગ શૂન્ય છે. વળી અસત્ય ભાષા દસ પ્રકારે છે-૧ ક્રોધના આવેશવાળો જે ભાષા બોલે તે ક્રોધનિશ્રિત ભાષા કહેવાય છે. જેમકે ગુસ્સે થયેલો પિતા પુત્રને કહે કે 'તું મારો પુત્ર નથી.' અથવા ક્રોધના આવેશવાળાનું બધું કથન અસત્ય છે.

(પ્ર૦)--ક્રોધના આવેશવાળો ગાયને ગાય કહે તે અસત્ય કેમ હોય?

(ઉ૦)—તેનું ચિત્ત ક્રોધથી વ્યાકુલ હોવાને લીધે ગાયને વિષે ગાયનું કથન પણ અપ્રમાણ ભૂત છે-એવો સંપ્રદાય છે. પરન્તુ આ વિચારણીય છે કે તેમાં મૂઢ વ્યવહારને ઉપયોગી સત્ય હોવા છતાં ફળોપયોગી સત્ય નથી, કારણ કે સંક્લિષ્ટ આચરણવાળાનું કથન નિષ્ફળ છે. અહીં કોઇ શંકા કરે કે ગુસ્સે થયેલો મનુષ્ય ઘુણાક્ષર ન્યાય વડે પણ સત્ય બોલે તો તેને અપ્રશસ્ત ક્રોધના વશથી ક્લિષ્ટ કર્મનો બંધ થવા છતાં સત્યભાષા નિમિત્તે શુભ કર્મ બન્ધ કેમ ન થાય? એ આશંકાનો ઉત્તર એ છે કે યોગો સ્થિતિબન્ધ અને રસબન્ધ કરનાર કષાયને યોગ્ય પ્રકૃતિબંધ અને પ્રદેશબન્ધ કરે છે, પણ તેથી ભિન્ન કર્મનો બન્ધ કરતા નથી, એમ કોઇ ભાષા વ્યવહારથી સત્ય હોય તો પણ ક્લિષ્ટ કર્મના સામગ્રીભૂત કષાયોની અન્તર્ગત હોવાથી સ્વતન્ત્રપણે શુભકર્મના બન્ધનો હેતુ થતી નથી, માટે ક્રોધના આવેશવાળાની સર્વ ભાષા અસત્ય જ છે એટલું જ નહિ પણ **ક્રોધના આવેશવાળાની સત્ય ભાષા વધારે દુષ્ટ છે, કારણ કે તે ભાષા જીવોને મિથ્યા કદાગ્રહને માટે થાય છે. ક્લિષ્ટ આશયવાળાનું સત્ય ભાષણ 'મેં બરોબર કહ્યું છે' એમ દુર્ભાષણનું અનુમોદન ઉત્પન્ન કરતું મહાકર્મબન્ધનું કારણ થાય છે માટે પરમાર્થથી અસત્ય જ છે.** એમ માનનિશ્રિતાદિ ભાષા જાણવી. ઉપઘાતનિશ્રિત-પરના અશુભચિન્તનના પરિણામવાળો જે અસત્ય બોલે, જેમ કે ચોર ન હોય તેને ચોર કહે તે ઉપઘાતનિશ્રિત ભાષા જાણવી. એ દસેય પ્રકારની અસત્ય ભાષા સૂત્રને અનુસરી પ્રશસ્ત પરિણામના યોગથી સત્ય કહેવાય છે. અહીં રાગ, દ્વેષ અને મોહ વડે અસત્યભાષા બોલે છે. એ સંબન્ધે કહ્યું છે કે "**रागाद्वा द्वेषाद्वा मोहाद्वाऽवाच्यमुच्यते ह्यनृतम्। यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात्**"?। રાગ, દ્વેષ અને મોહથી અવાચ્ય-નહિ કહેવા યોગ્ય અસત્ય બોલાય છે, પરન્તુ જેને એ દોષો નથી, તેને અસત્ય બોલવાનું શું કારણ છે? અસત્ય બોલવાનું અસાધારણ કારણ રાગ, દ્વેષ અને મોહ છે, તે સિવાય બીજું અસાધારણ કારણ નથી. કારણ કે ક્રોધાદિનો તેમાંજ અન્તર્ભાવ થાય છે, એટલે અસત્યભાષાના ત્રણ પ્રકારજ કહેવા જોઇએ, તો પણ તેનો દસ પ્રકારનો વિભાગ અત્યંત સંક્ષિપ્ત નહિ તેમ અત્યંત વિસ્તૃત નહિ એવી રુચિવાળા જીવો માટે પ્રાચીન શાસ્ત્રમાં નિર્દેશ કર્યો છે.'

હવે પ્રકારાન્તરથી ચાર પ્રકારે મૃષા ભાષા કહે છે-૧ સદ્ભાવનો નિષેધ કરવો એટલે ધર્મી માત્રનો નિષેધ કરવો. જેમકે આત્મા નથી. ૨ અસદ્ભૂત વસ્તુનું પ્રતિપાદન કરવું એટલે ધર્મીનો સ્વીકાર કરી તેમાં વિરુદ્ધ ધર્મનું પ્રતિપાદન કરવું. જેમકે જીવ છે, પણ અણુપરિમાણ છે અથવા વ્યાપક છે. ૩ અન્ય વસ્તુમાં અન્ય શબ્દનો પ્રયોગ કરવો. જેમકે ગાયને વિષે અશ્વ શબ્દનો પ્રયોગ કરવો. ૪ નિન્દાવ્યંજક શબ્દનો પ્રયોગ કરવો. જેમ કે 'આ કાણો છે, બહેરો છે' ઇત્યાદિ.

હવે સત્યમૃષા ભાષાનો લક્ષણપૂર્વક વિચાર કરે છે-જેનો વિષય અંશતઃસત્ય હોય અને અંશતઃ અસત્ય હોય તે સત્યમૃષા ભાષા કહેવાય છે. એમ કરવામાં મૃષાભેદનો ઉચ્છેદ થશે, કારણકે સર્વ પ્રકારની અસત્ય ભાષા અંશતઃ સત્ય હોય છે. સર્વ જ્ઞાન ધર્મીના અંશે સત્ય હોય છે, જેમકે ઘટ વિનાના ભૂતલમાં આ ઘટવાળું ભૂતલ છે, તેમાં ભૂતલાંશે સત્ય છે અને ઘટાંશે અસત્ય છે તેથી સર્વ પ્રકારની અસત્ય ભાષા પણ સત્યમૃષા ભાષા છે એમ ન સમજવું. કારણ કે ધર્મી અંશને છોડી સ્થૂલ ભ્રમ અને પ્રમાણ ઉત્પન્ન કરનાર ભાષા સત્યમૃષા કહેવાય છે. માટે આ ભેદની અધિકતા સ્પષ્ટ રીતે છે. તેના ઉત્પન્નમિશ્રિતા ઇત્યાદિ ઉપાધિના ભેદથી દસ પ્રકાર છે. જેમકે પાંચ અથવા દસથી અધિક બાળકો ઉત્પન્ન થયા હોય ત્યારે દસ બાળકો

ઉત્પન્ન થયા એમ કહેવું તે **ઉત્પન્નમિશ્રિતા**. અહીં દસ સંખ્યા પાંચને બમણા કરવાથી થાય છે, માટે પાંચ સંખ્યાના અંશમાં સત્ય છે અને પાંચ સંખ્યાના અંશમાં અસત્ય છે. 'હું આવતી કાલે સો રૂપીયા આપીશ' એમ પ્રતિજ્ઞા કરીને પચાસ રૂપિયા આપનાર નહિ આપનારની પેઠે સર્વથા મૃષાભાષી કહેવાતો નથી, તેમ સત્યભાષી પણ કહેવાતો નથી, એમ પ્રસ્તુત વસ્તુમાં તેવા પ્રકારના વ્યવહારને અનુસરીને તેની અનુપપત્તિ નથી.

હવે લક્ષણના કથન પૂર્વક અસત્યામૃષા ભાષાના ભેદો કહે છે–જે સત્ય, અસત્ય અને મિશ્ર એ ભાષાથી વિલક્ષણ હોય અને આરાધન અને વિરાધનના ઉપયોગવાળી ન હોય તે અસત્યામૃષા ભાષા કહેવાય છે. તેના બાર ભેદ છે–૧ આમન્ત્રણી, ૨ આજ્ઞાપની, ૩ યાચની, ૪ પૃચ્છની, ૫ પ્રજ્ઞાપની, ૬ પ્રત્યાખ્યાની, ૭ ઇચ્છાનુલોમા, ૮ અનભિગૃહીતા, ૯ અભિગૃહીતા, ૧૦ સંશયકરણી, ૧૧ વ્યાકૃતા, ૧૨ અવ્યાકૃતા.

હવે તે ભેદોને અનુક્રમે જણાવે છે.–જે સંબોધન પદો વડે યુક્ત હોય અને જેને સાંભળી શ્રોતા શ્રવણને અભિમુખ થાય તે (૧) **આમન્ત્રણી**, આ અસત્યામૃષા ભાષા હોવામાં હેતુ તે સત્યાદિ ત્રણ ભાષાથી વિલક્ષણ છે અને આરાધકભાવ અને વિરાધકભાવથી રહિત છે. આજ્ઞાવચન વડે યુક્ત (૨) **આજ્ઞાપની ભાષા** કહેવાય છે. અને તે પૂર્વે કહેલી સ્રીઆજ્ઞાપની વગેરે સત્યાદિ ભાષાથી કરવા, અને નહિ કરવાનો નિયમ નહિ હોવાથી અને દુષ્ટ વિવક્ષાપૂર્વક નહિ હોવાથી ભિન્ન છે. કરવાનો નિયમ હોય તો એટલે આજ્ઞા કરાયેલ શિષ્યાદિ તે પ્રમાણે કાર્ય કરે તો સત્ય, તે પ્રમાણે કાર્ય ન કરે તો મૃષા, માટે કરવા અને નહિ કરવાનો નિયમ નહિ હોવાથી સત્ય અને અસત્યથી ભિન્ન છે. અને દુષ્ટ વિવક્ષાપૂર્વક નહિ હોવાથી મૃષાથી ભિન્ન છે. સત્યાસત્યનો નિષેધ તેનો અહીં પ્રસંગ નહિ હોવાથી કર્યો નથી. અહીં પ્રશ્ન કરે છે કે આજ્ઞાના વિષયમાં આજ્ઞા આપનારનું સત્યવાદીપણું કેમ ન હોય? કારણ કે શ્રોતાની પ્રવૃત્તિ ન થવી તે બીજા નિમિત્તાદિને અધીન છે એમ ન કહેવું. **આજ્ઞા કરનાર ગુર્વાદિ શિષ્યના અભિપ્રાયને જાણ્યા સિવાય આજ્ઞા કરે અને તેથી શિષ્યની પ્રવૃત્તિ ન થાય તો તે પરમાર્થથી અસત્ય છે, કારણ કે આજ્ઞા કરવા યોગ્ય શિષ્યની પ્રવૃત્તિનો નિર્ણય નહિ કરવામાં તેમનામાં ભાવભાષાનો નિયામક સમ્યગ્ ઉપયોગનો નિર્વાહ થતો નથી.** ઇચ્છિત પદાર્થની યાચના કરવામાં તત્પર વચન તે (૩) **યાચની ભાષા** કહેવાય છે. જેમકે સાધુ યાચના કરે કે 'મને ભિક્ષા આપો'. જેમ અવિનીતાદિને વિષે આજ્ઞાપની અસત્ય છે તેમ નિયમ બહારના વિષયમાં યાચની ભાષા પણ અસત્ય છે. અહીં પ્રશ્ન કરે છે કે રાગાદિના અભાવ વડે કોઇને કંઇ પણ નહિ આપતા તીર્થંકરના પ્રતિ **'आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु'** એ યાચની ભાષા યાચનાનો વિષય નહિ હોવાથી અસત્યામૃષા કેમ કહેવાય એમ ન કહેવું. કારણ કે તે યાચની ભાષા ભક્તિપ્રયુક્ત છે, તેથી યાચનાનો વિષય નહિ હોવા છતાં પણ અસત્યામૃષારૂપ ગુણ વડે અને નિશ્ચયથી સત્યની કોટીમાં પ્રવેશ કરવા રૂપ ગુણ વડે સહિત છે માટે નિર્દોષ છે. એ સંબન્ધે કહ્યું છે–"ભક્તિ વડે કહેલી ભાષા અસત્યામૃષારૂપ છે, પરંતુ રાગદ્વેષરહિત તીર્થંકરો સમાધિ અને બોધિ આપતા નથી." વાસ્તવિક રીતે જિનમાં દાતાપણું છે, એ સંબન્ધે કહ્યું છે કે–"તેઓને જે અપવા યોગ્ય છે તે બધા જિનવરોએ આપ્યું છે અને તે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ છે" પ્રાર્થિત વસ્તુના ઉપાયની પ્રાપ્તિ છતાં તેને નહિ કરવામાં પરમાર્થની પ્રાર્થના મૃષા છે. જે વિષયની જિજ્ઞાસા થઇ હોય તે સંબન્ધી તેના જાણનારને પૂછવું તે (૪) **પૃચ્છની ભાષા** કહેવાય છે. નિરુત્તર કરવા માટે ભગવતી સૂત્રમાં સોમિલે ભગવંત મહાવીરને પ્રશ્ન કર્યા હતા કે 'આપ એક છો કે બે છો?' ઇત્યાદિ પૃચ્છની ભાષા નથી. પરન્તુ 'હે ભગવન્! જીવો કેટલા પ્રકારના છે? ઇત્યાદિ પૃચ્છની ભાષા છે. વિનીત શિષ્યાદિને વિધિવાદ–કર્તવ્યને ઉપદેશ કરવો તે પ્રજ્ઞાપની, ઉપલક્ષણથી 'હિંસાદિમાં પ્રવૃત્ત થયેલ જીવ દુઃખી થાય છે' ઇત્યાદિ નિષેધનો ઉપદેશ કરવો તે પણ (૫) **પ્રજ્ઞાપની ભાષા** જાણવી. આજ્ઞાપનીમાં આજ્ઞા પ્રમાણે નહિ કરવામાં અત્યંત અનિષ્ટના ભવદ્વારા પ્રેરણા છે અને પ્રજ્ઞાપની ઇષ્ટ સાધનતાના

જ્ઞાનદ્વાર પ્રેરણા કરે છે એટલો ભેદ છે, પ્રાર્થિત-યાચના કરેલ વસ્તુનો નિષેધ કરવો તે (૬) **પ્રત્યાખ્યાની** ભાષા કહેવાય છે જેમકે 'આ વસ્તુ નહિ આપું' વગેરે. 'હું પાપ નહિ કરું' ઇત્યાદિ દુરાચરણ નિષેધનું વચન એટલે નિષેધના વિષયમાં નિષેધની પ્રતિજ્ઞા તે પણ પ્રત્યાખ્યાની ભાષા છે. પોતાની ઇચ્છાના વિષયભૂત અર્થનું કથન તે (૭) **ઇચ્છાનુલોમા** ભાષા કહેવાય છે. જેમકે કોઇ મનુષ્ય કાર્યનો પ્રારંભ કરતો પૂછે કે હું 'આ કાર્ય કરું?' ત્યારે તે કહે કે 'કરો' મને પણ એ ઇષ્ટ છે. અહીં આપ્ત પુરુષની ઇચ્છાનો વિષય હોવાથી પોતાની ઇષ્ટસાધનતાની શંકાનો રોધ થવાથી ઇષ્ટસાધનતાનો નિશ્ચય થાય છે અને તેથી પોતાની ઇચ્છા વિલંબ વિના તુરત થાય છે માટે તે ઇચ્છાનુલોમા ભાષા કહેવાય છે. એ પ્રમાણે દીક્ષાની ઇચ્છાવાળો મનુષ્ય પિતા વગેરેની અનુમતિ માટે ગુરુના પ્રતિ પ્રશ્ન કરે અને ગુરુ ઉત્તર આપે કે જેમ સુખ થાયે તેમ કરો પ્રતિબન્ધ ન કરો એ પણ ઇચ્છાનુલોમા ભાષા જાણવી જેમાં અનેક કાર્યનો પ્રશ્ન કર્યો તેમાં એકનો પણ નિશ્ચય ન થાય તે (૮) **અનભિગૃહીત** ભાષા જાણવી. જેમકે આ બધા કાર્યોમાં કયું કાર્ય કરું? એ પ્રશ્નના ઉત્તરમાં 'જે તને ઠીક લાગે તે કર' એ ઉત્તરમાં કોઇ પણ કાર્યનો નિર્ણય થતો ન હોવાથી અનભિગૃહીત ભાષા કહેવાય છે. આ ભાષાનું ફળ એ છે કે બધા કાર્યો તુલ્ય ફળવાળાં હોવાથી પ્રથમ ઉપસ્થિત કાર્યમાં જલદી પ્રવૃતિ કરવી, પણ અધિકની ઇચ્છા વડે અન્ય કાર્યની સામગ્રીના વિલંબ વડે વિલંબ ન કરવો.એ તાત્પર્ય છે. અથવા તો યદચ્છાપૂર્વક ડિત્થાદિક વચન કહેવું તે પણ અનભિગૃહીતા ભાષા કહેવાય છે. તેથી પ્રતિપક્ષવિરુદ્ધ ભાષા, એટલે જેમાં અનેક કાર્યો સંબન્ધી પ્રશ્ન કર્યો હોય ત્યારે એકનો નિશ્ચય કરવો તે (૯) **અભિગૃહીતા**. જેમ કે 'અત્યારે આ કાર્ય કરવું.' અથવા 'આ ઘટ છે' ઇત્યાદિ પ્રસિદ્ધ પ્રવૃત્તિનિમિત્તવાળા પદનું કથન કરવું. જેમાં અનેકાર્થક પદ સાંભળી શ્રોતાને સંદેહ થાય તે (૧૦) **સંશયકરણી ભાષા**. જેમકે કોઇ 'સૈન્ધવ લાવ' એમ કહે ત્યારે સૈન્ધવપદનો લવણ અને ઘોડા વગેરે અનેક અર્થમાં સંકેત જ્ઞાન થયેલ હોવાથી અનેકાર્થ પદના બોધમાં પ્રકરણાદિનું જ્ઞાન કારણ હોવાથી જ્યાં પ્રકરણાદિનું જ્ઞાન ન હોય ત્યાં વક્તાના અભિપ્રાયનો સંદેહ થવાથી 'મારે લવણ લાવવું કે ઘોડો લાવવો' એવો માંનસ સંદેહ થાય છે. જ્યાં પ્રકરણાદિનું જ્ઞાન હોય છે ત્યાં સંદેહ થતો નથી. કારણ કે ભોજનના પ્રકરણમાં કહ્યું હોય ત્યારે લવણનો બોધ થાય છે અને ગમનના પ્રસંગે કહ્યું હોય તો ઘોડાનો બોધ થાય છે. અહીં સંશયકરણી ભાષામાં 'અનેકાર્થક પદ સાંભળીને' કહેવામાં આવ્યું છે તે પ્રાયિક છે, તેથી 'સંશયનું કારણ જે ભાષા તે સંશયકરણી ભાષા છે, તેથી 'સ્થાણુ અથવા પુરુષ છે' એ ભાષા પણ સંશયકરણી જાણવી. પ્રકટ-સ્પષ્ટ અર્થવાળી (૧૧) **વ્યાકૃતા** ભાષા જાણવી, જેમકે 'આ દેવદત્તનો ભાઈ છે.' ઇત્યાદિ. અતિગંભીર અને મહા અર્થવાળી (૧૨) **અવ્યાકૃત ભાષા** કહેવાય છે. અથવા બાળકોની અવ્યક્ત ભાષા પણ અવ્યાકૃત જાણવી. એ પ્રમાણે અસત્યામૃષા ભાષાના બાર ભેદ કહ્યા.

બધા દેવો, નારકો અને મનુષ્યોને સત્યાદિ ચારે પ્રકારની ભાષા હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને અસત્યામૃષા ભાષા હોય છે, કારણ કે તેઓને સમ્યગ્ જ્ઞાન અને પરને છેતરવા વગેરેનો અભિપ્રાય નહિ હોવાથી સત્યાદિ ભાષાનો અસંભવ છે, શિક્ષા અને લબ્ધિરહિત પંચેન્દ્રિય તિર્યંચોને અસત્યામૃષા ભાષા હોય છે, શિક્ષા-સંસ્કાર ઉત્પન્ન કરનાર પઠન, લબ્ધિ જાતિસ્મરણરૂપ કે તેવા પ્રકારના વ્યાવહારિક કુશલતા ઉત્પન્ન કરનાર ક્ષયોપશમ રૂપ જાણવી. શિક્ષા અને લબ્ધિરહિત પંચેન્દ્રિય તિર્યંચો સમ્યગ્ યથાવસ્થિત વસ્તુ પ્રતિપાદનના અભિપ્રાયથી બોલતા નથી, તેમ બીજાને છેતરવાની બુદ્ધિથી બોલતા નથી, પરન્તુ ગુસ્સે થયા છતાં અને બીજાને મારવાની ઇચ્છાવાળાં છતાં એ પ્રમાણેજ બોલે છે. અહીં ગુસ્સે થયેલા તેઓની ભાષા ક્રોધનિઃસૃત અસત્ય હોય એમ ન સમજવું, કારણ કે તેઓની અવ્યક્ત ભાષા હોવાથી તેથી નિશ્ચય થવાને અયોગ્ય છે. અથવા તે વિલક્ષણ ભાષાના પુદ્ગલો જન્ય છે. શિક્ષા અને લબ્ધિસહિત શુક સારિકા વગેરે તિર્યંચો યથાસંભવ ચારે ભાષાને બોલે છે, કારણ કે શિક્ષા અને લબ્ધિથી વ્યક્ત ભાષાની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે દ્રવ્યવિષયક ભાવ

ભાષા કહી.

હવે શ્રુતવિષયક ભાવભાષા કહે છે–શ્રુતવિષયક ભાવભાષા ત્રણ પ્રકારની છે–સત્ય, અસત્ય અને અસત્યામૃષા. તેમાં **સમ્યક્ત્વ સહિત અને સમ્યગ્ ઉપયોગવાળાને સત્ય ભાષા હોય છે**, કારણ કે તેનો વિશુદ્ધ આશય છે. **તેજ સમ્યગ્દષ્ટિને ઉપયોગ સિવાય બોલતા શ્રુતવિષયક અસત્ય ભાવભાષા હોય છે.** અથવા સત્ય પરિણામરહિત–સમ્યક્ શ્રુતના પરિણામરહિત મિથ્યાદષ્ટિને ઉપયોગસહિત કે ઉપયોગ સિવાય બધી શ્રુતવિષયક અસત્ય ભાવભાષા હોય છે. ઉપરના અવધિ, મનઃપર્યવ અને કેવળ ત્રણ જ્ઞાનમાં ઉપયોગવાળો શ્રુતવિષયક જે બોલે તે અસત્યામૃષા ભાષા જાણવી. કારણ કે બહુધા સૂત્રમાં તેવા પ્રકારની ભાષા છે. દ્રવ્યશ્રુતને આશ્રયી કેવલજ્ઞાન છતાં પણ ભાવભાષાનો સંભવ છે. ચારિત્રને આશ્રયી ભાવભાષા કહે છે–ચારિત્રની વિશુદ્ધિ કરનારી એટલે જે બોલતા ચારિત્ર વૃદ્ધિ પામે તે સત્ય ભાષા છે અને ચારિત્રની અવિશુદ્ધિ કરનારી એટલે જે બોલતાં ચારિત્રનો પરિણામ હીન થાય તે અસત્ય ભાષા છે, એ સિવાય જે બોલતાં ચારિત્રનો પરિણામ સ્થિર થાય તે અસંક્લેશ કરનારી સત્ય ભાષા અને જે બોલતાં ચારિત્ર ન રહે તે અસત્ય ભાષા. એ બન્ને ભાષા ચારિત્રને વિષે ભાવને આશ્રયી જાણવી.

**એ પ્રમાણે દોષ અને ગુણોને જાણીને યુક્તિ અને આગમ વડે જેમ ચારિત્ર પરિણામની વૃદ્ધિના હેતુ ગુણો ન ઘટે, નાશ ન પામે તેવી રીતે સાધુઓએ બોલવું, ધર્મમાં તત્પર અને અધ્યાત્મ યોગમાં સ્થિર, હિતકારક અને પરિમિત બોલતા મહર્ષિની ભાષા ચારિત્રની વિશુદ્ધિ કરે છે અને ચારિત્રની વિશુદ્ધિ વડે મોહનીયકર્મનો ક્ષય કરીને અને કેવળજ્ઞાન રૂપ લક્ષ્મી પ્રાપ્ત કરીને શૈલેશી વડે યોગનો નિરોધ કરી સર્વ સંવરયુક્ત થઈને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.**

- *જિનમાં પ્રકટ રૂપે જે ગુણો છે. એજ ગુણો ભવ્યાત્મામાં અપ્રકટરૂપે પણ સત્તામાં પડ્યા જ છે. જેમ કોઈના ઘરમાં સોનામહોરોથી ભરેલો ચરૂ જમીનમાં દાટેલો છે. ભલે એને ખ્યાલ નથી. પણ ભુગર્ભમાં રહેલા આ માલના જાણનારને તો એનો ખ્યાલ આવે જ છે. એવી રીતે ભવ્યાત્માના આત્મરૂપી ઘરમાં ગુણોરૂપી રત્નોનો ચરૂ છે જ, એ વિશિષ્ટ જ્ઞાનિઓને દેખાય જ છે. અને એમના કહેવાથી એ ગુણોને પ્રકટ કરવા માટે સમજુ ભવ્યાત્મા પ્રયત્ન કર્યા સિવાય રહે જ નહીં.*
- *અરિહંત શબ્દ વિશિષ્ટ રીતે તીર્થંકરોના માટે વપરાય છે. 'નમો અરિહંતાણં' એ પદ તીર્થંકરોને નમસ્કાર કરવાનું છે. એથી સામાન્ય કેવળજ્ઞાની ભગવંત જે રાગ–દ્વેષને જીતનારા હોવા છતાં પણ એમને આ પદથી નમસ્કાર આગમકારોએ નથી કર્યો એમને તો પાંચમાં પદથી નમસ્કાર કરવામાં આવેલ છે.*
- *'અરિહંત' એ ચાર અક્ષરનો જાપ પણ અનાદિની કર્મ જંજિરોથી મુક્તિ અપાવવા માટે સમર્થ છે.*
- *અરિહંતની દેશના નિષ્ફળ જાય જ નહી કોઈને કોઈ ભવ્યાત્મા ધર્મને પામે જ.*

– જયાનંદ

## ।। बारसमं सरीरपयं ।।

## ।। सरीरभेयपरूवणा ।।

**कति णं भंते! सरीरा पण्णत्ता? गोयमा! पंच सरीरा पन्नत्ता, तं जहा—ओरालिए, वेउव्विए, आहारए, तेयए, कम्मए। नेरइयाणं भंते! कति सरीरया पण्णत्ता? गोयमा! तओ सरीरया पन्नत्ता, तं जहा—वेठव्विए, तेयए, कम्मए। एवं असुरकुमाराणं वि जाव थणियकुमाराणं। पुढविकाइयाणं भंते! कति सरीरया पन्नत्ता? गोयमा! तओ सरीरया पन्नत्ता, तं जहा—ओरालिए, तेयए, कम्मए। एवं वाउकाइयवज्जं जाव चउरिंदियाणं। वाउकाइयाणं भंते! कति सरीरया पन्नत्ता? गोयमा! चत्तारि सरीरया पन्नत्ता, तं जहा—ओरालिए, वेउव्विते, तेयए, कम्मए। एवं पंचिंदियतिरिक्खजोणियाण वि। मणुस्साणं भंते! कति सरीरया पन्नत्ता? गोयमा! पंच सरीरया पन्नत्ता, तं जहा-ओरालिए, वेउव्विते, आहारए, तेयए, कम्मए। वाणमंतर-जोइसिय-वेमाणियाणं, जहा नारगाणं ।।सू०-१।।४०६।।**

***બારમું શરીર પદ.***

*(મૂ૦) હે ભગવન્! કેટલા શરીરો કહ્યા છે? હે ગૌતમ! પાંચ શરીરો કહ્યા છે. તે આ પ્રમાણે–૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, અને ૫ કાર્મણ. હે ભગવન્! નૈરયિકોને કેટલા શરીરો કહ્યા છે? હે ગૌતમ! ત્રણ શરીરો કહ્યાં છે, તે આ પ્રમાણે–૧ વૈક્રિય, ૨ તૈજસ અને ૩ કાર્મણ. એમ અસુરકુમારોને યાવત્ સ્તનિતકુમારોને જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલાં શરીરો છે? હે ગૌતમ! ત્રણ શરીરો હોય છે, તે આ પ્રમાણે–ઔદારિક, તૈજસ અને કાર્મણ. એ પ્રમાણે વાયુકાય સિવાય યાવત્ ચઉરિન્દ્રિયો સુધી જાણવું. હે ભગવન્! વાયુકાયિકોને કેટલાં શરીરો હોય છે? હે ગૌતમ! ચાર શરીરો હોય છે, તે આ પ્રમાણે–૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ તૈજસ અને ૪ કાર્મણ. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચોને પણ જાણવું. હે ભગવન્! મનુષ્યોને કેટલાં શરીરો હોય છે? હે ગૌતમ! પાંચ શરીરો હોય છે, તે આ પ્રમાણે–૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ અને ૫ કાર્મણ. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નારકોની પેઠે જાણવું. ॥૧॥૪૦૬॥*

(ટી૦) એ પ્રમાણે અગિયારમા પદની વ્યાખ્યા કરી, હવે બારમા પદનો આરંભ કરાય છે, એનો સંબન્ધ આ પ્રમાણે છે—અહીં પૂર્વના પદમાં જીવોની સત્યાદિ ભાષાનો વિભાગ બતાવ્યો, અને ભાષા શરીરને અધીન છે, કારણ કે **'શરીરપ્રભવા ભાષા'** ભાષા શરીરથી ઉત્પન્ન થાય છે, એ હમણાં જ પ્રતિપાદન કર્યું છે. બીજે સ્થળે પણ કહ્યું છે કે—**'गेण्हइ काइएणं निस्सरइ तह वाइएणं जोएणं'** ઇતિ. કાયયોગ વડે ગ્રહણ કરે છે અને વચનયોગ વડે બહાર કાઢે છે, માટે શરીરનો વિભાગ બતાવવા માટે આ પદનો આરંભ કરવામાં આવે છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે—**'कइ णं भंते! सरीरा पन्नत्ता'**? ઇત્યાદિ. ઉત્પત્તિ સમયથી માંડી પ્રતિસમય **'शीर्यन्ते'** ક્ષય પામે તે શરીર, હે ભગવન્! તે શરીરો કેટલા કહ્યાં છે? ભગવાન્ ઉત્તર આપે છ—પાંચ શરીરો કહ્યા છે. તે નામથી જણાવે છે—**'ओरालियए'** ઇત્યાદિ. આ શરીરોનો શબ્દાર્થ આગળ કહીશું. તો પણ સ્થાન ખાલી ન રહે તે માટે કંઇક કહીએ છીએ—**'ઉદાર'** પ્રધાન, તેનું પ્રધાનપણું તીર્થંકર અને ગણધરના શરીરોની અપેક્ષાએ સમજવું, કારણ કે તીર્થંકર અને ગણધરના શરીરથી અન્ય અનુત્તર દેવોનું શરીર પણ અનન્તગુણ હીન છે. અથવા **'उरालं'** ઉદાર–વિસ્તારવાળું, કારણ કે અવસ્થિત સ્વભાવવાળા ઔદારિક શરીરનો વિસ્તાર કંઇક અધિક હજાર યોજન પ્રમાણ છે, સ્વભાવિક વૈક્રિય શરીરનું પ્રમાણ એટલું નથી, કારણ કે ઉત્કૃષ્ટથી પણ અવસ્થિત સ્વભાવવાળા વૈક્રિય શરીરનુંપ્રમાણ પાંચસો ધનુષ છે અને તેટલું પ્રમાણ સાતમી નરકપૃથિવીમાં છે, બીજે નથી. જે ઉત્તરવૈક્રિય લાખ યોજનના પ્રમાણવાળું છે, પણ તે અવસ્થિત નથી. કારણ કે તે આખા ભવ સુધી રહેતું નથી, માટે તેની અપેક્ષાએ અહીં કથન નથી. એ સંબંધે ચૂર્ણિકાર કહે છે—**''उरालं नाम वित्थरालं विसालं ति जं भणियं होइ, कहं? साइरेगजोयणसहस्समवट्ठियप्पमाणमोरालियं, अन्नमेद्दहमेत्तं नत्थित्ति, विउव्वियं**

**होज्जा तं तु अणवट्ठियप्पमाणं, अवट्ठियं पुण पंच धणुसयाइं अहेसत्तमाए, इमं पुण अवट्ठियप्पमाणं साइरेगं जोयणसहस्सं वनस्पतीनाम्''** ઇતિ. જે શરીર ઉરાલ-વિસ્તારવાળું વિશાલ કહેલું છે, કારણ કે અવસ્થિત પ્રમાણવાળું ઔદારિક શરીર કંઇક અધિક હજાર યોજન છે. તેથી અન્ય શરીર એટલું મોટું નથી. વૈક્રિય શરીર મોટું હોય છે, પણ તે અવસ્થિત પ્રમાણવાળું નથી. અવસ્થિત પ્રમાણવાળું પાંચસો ધનુષનું વૈક્રિય શરીર સાતમી નરકપૃથિવીમાં છે અને ઔદારિક શરીર અવસ્થિત પ્રમાણવાળું હજાર યોજનથી કંઇક અધિક વનસ્પતિને હોય છે, માટે તે ઓરાલ-વિશાલ કહેવાય છે. અથવા ઉરલ-થોડા પ્રદેશવાળું, પણ ઘન નહિ, કારણ કે ઔદારિક શરીર ભીંડીની પેઠે થોડા પ્રદેશવાળું અને વિશાલ છે. અથવા સિદ્ધાન્તની પરિભાષાથી ઓરાલ-માંસ અસ્થિ અને સ્નાયુ વગેરેથી બંધાયેલું, બધે સ્વાર્થમાં ઇક પ્રત્યય થયેલો છે અને પૃષોદરાદિમાં પાઠ હોવાથી ઇષ્ટ રૂપની નિષ્પત્તિ થાય છે. ઉદાર શબ્દથી ઔદારિક થાય છે અને પ્રાકૃત હોવાથી '**ओरालियं**' રૂપ થાય છે. કહ્યું છે કે-તેમાં ઉદાર, ઉરાલ, ઉરલ અને ઓરાલ શબ્દો જાણવા. તેમાં પ્રથમ 'ઔદારિક' તીર્થંકરના શરીરને આશ્રયી જાણવું. વિસ્તારવાળી વનસ્પતિને આશ્રયી 'ઉરાલ' કહેવાય છે. કારણ કે સ્વભાવથી એટલું વિશાલ બીજું કોઇ શરીર નથી. ઉરલ-થોડા પ્રદેશોથી ઉપચિત થયેલું અને ભીંડીની પેઠે મોટું, માંસ, અસ્થિ અને સ્નાયુ વડે બંધાયેલ છે માટે એ સિદ્ધાન્તની પરિભાષાથી 'ઓરાલ' કહેવાય છે. વિવિધ અથવા વિશિષ્ટ ક્રિયા તે વિક્રિયા, તે નિમિત્તે થયેલું તે વૈક્રિય, કહ્યું છે કે-વિવિધ પ્રકારની કે વિશિષ્ટ ક્રિયા, તે નિમિત્તે જે થયેલું તે વૈક્રિય, તે નારક અને દેવોને સ્વભાવથી જ હોય છે. અથવા વૈકુર્વિક શબ્દનો આ રીતે સંસ્કાર કરવો. '**विकुर्व्**' એ સિદ્ધાન્તપ્રસિદ્ધ ધાતુ છે. **विकुर्वणं विकुर्वः**—વિવિધ પ્રકારની ક્રિયા એ તેનો અર્થ છે, તે હેતુથી બનેલું તે વૈકુર્વિક. ચૌદ પૂર્વધરથી કાર્યની સિદ્ધિ માટે યોગબલ વડે '**आह्रियते**' કરાય તે આહારક. ૪ તેજનો વિકાર-પરિણામ તે તૈજસ અને ૫ કર્મથી ઉત્પન્ન થયેલું તે કર્મજ.

ઔદારિકાદિ શરીરોના આ પ્રકારે ક્રમિક ઉપન્યાસનું કંઈ પ્રયોજન છે કે યથાકથંચિત્ આ ક્રમ પ્રવૃત્ત થયેલો છે? 'આવા પ્રકારના ક્રમનું પ્રયોજન છે' એમ કહીએ છીએ. શું પ્રયોજન છે? ઉત્તરોત્તર શરીરના પ્રદેશોનું સૂક્ષ્મપણું અને ઉત્તરોત્તર વર્ગણામાં પ્રદેશોનું અધિકપણું જણાવવા માટે છે, તે આ પ્રમાણે-ઔદારિક કરતાં વૈક્રિય શરીરના પ્રદેશોની સૂક્ષ્મતા છે, વૈક્રિયથી પણ આહારકના આહારકથી પણ તૈજસના અને તૈજસથી પણ કાર્મણના પ્રદેશોની સૂક્ષ્મતા હોય છે, એટલે શરીરના પ્રદેશોનો ઉત્તરોત્તર સૂક્ષ્મ પરિણામ થાય છે. ઔદારિકથી વૈક્રિય શરીરની વર્ગણામાં, વૈક્રિયથી આહારકની, આહારક કરતાં તૈજસની અને તૈજસથી કાર્મણની વર્ગણામાં પ્રદેશોની અધિકતા હોય છે. એ પાંચ શરીરમાં નૈરયિકાદિને વિષે કેટલા શરીરો સંભવે છે તેનો વિચાર કરે છે—'**नेरइयाणं भंते! केवइया सरीरा पण्णत्ता**'-હે ભગવન્! નૈરયિકોને કેટલાં શરીરો કહ્યાં છે?-ઇત્યાદિ પાઠસિદ્ધ છે. ॥૧॥૪૦૬॥

## ॥ ओहेण बद्ध-मुक्कसरीपण्णत्ता ॥

**केवइया णं भंते! ओरालियसरीरया पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धिल्लया य मुक्किल्लया य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्ततो असंखेज्जा लोगा। तत्थ णं जे ते मुक्केल्लया ते णं अणंता, अणंताहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्तओ अणंता लोगा, दव्वओ अभवसिद्धिएहिंतो अणंतगुणा सिद्धाणंतभागो। केवतिया णं भंते! वेउव्वियसरीरया पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लया य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्ततो असंखेज्जातो सेढीओ पयरस्स असंखेज्जतिभागो। तत्थ णं जे ते मुक्केलगा ते णं अणंता, अणंताहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति कालतो, जहा ओरालियस्स मुक्केल्लया तहेव वेउव्वियस्स वि भाणियव्वा। केवतिया णं भंते!**

**आहारगसरीरया पण्णत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेलया य मुक्केल्लया य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं सिय अत्थि, सिय नत्थि। जइ अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं सहस्सपुहुत्तं। तत्थ णं जे ते मुक्केल्लया ते णं अणंता, जहा ओरालियस्स मुक्किल्लया तहेव भाणितव्वा। केवइया णं भंते! तेयगसरीरया पण्णत्ता? गोयमा! दुविहा पण्णत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं अणंता, अणंताहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्तओ अणंता लोगा, दव्वओ सिद्धेहिंतो अणंतगुणा सव्वजीवाणंतभागूणा। तत्थ णं जे ते मुक्केल्लगा ते णं अणंता, अणंताहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्तत्तो अणंता लोगा, दव्वओ सव्वजीवेहिंतो अणंतगुणा जीववग्गस्साणंतभागो। एवं कम्मगसरीराणि वि भाणितव्वाणि ।।सू०-२।।४०७।।**

*(મૂ૦) હે ભગવન્! ઔદારિક શરીરો કેટલા પ્રકારનાં કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારનાં કહ્યાં છે. તે આ પ્રમાણે–બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ–જીવે ગ્રહણ કરેલાં શરીરો છે તે અસંખ્યાતા છે અને તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ છે. તેમાં જ મુક્ત (જીવે છોડેલાં) શરીરો છે તે અનન્તા છે અને તે કાળથી અનન્ત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે અને તે અભવ્યોથી અનન્તગુણા અને સિદ્ધોથી અનન્તમા ભાગે છે. હે ભગવન્! કેટલાં વૈક્રિય શરીરો છે? હે ગૌતમ! તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે–બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે અને તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણિઓના પ્રદેશ પ્રમાણ છે. તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે અને કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે–ઇત્યાદિ જેમ ઔદારિક સંબન્ધે મુક્ત શરીરો કહ્યાં છે તેમ વૈક્રિયના પણ કહેવાં. હે ભગવન્! આહારક શરીરો કેટલા પ્રકારના છે? હે ગૌતમ! બે પ્રકારના છે–બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે કદાચ હોય કે કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે કે ત્રણ હોય અને ઉત્કૃષ્ટ સહસ્રપૃથક્ત્વ હોય. તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે–ઇત્યાદિ જેમ ઔદારિકના મુક્ત શરીરો કહ્યા છે તેમ કહેવાં. હે ભગવન્! કેટલા પ્રકારના તૈજસ શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના કહ્યાં છે, તે આ પ્રમાણે–બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અનન્તા છે અને કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે. દ્રવ્યથી સિદ્ધો કરતાં અનન્તગુણા અને અનન્તમા ભાગ વડે ન્યૂન સર્વ જીવોના જેટલાં છે, તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે અને કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે. દ્રવ્યથી સર્વ જીવો કરતાં અનન્તગુણા અને સર્વ જીવના વર્ગના અનન્તમા ભાગ પ્રમાણ છે. એ પ્રમાણે કાર્મણ શરીરો પણ કહેવાં. ॥૨॥૪૦૭॥*

(ટી૦) શરીરો જીવોને બે પ્રકારના હોય છે–બદ્ધ અને મુક્ત. તેમાં જે વિચાર સમયે (વિવક્ષિત સમયે) જીવે ગ્રહણ કરેલાં છે તે બદ્ધ અને જે પૂર્વ ભવમાં છોડી દીધેલાં છે તે મુક્ત શરીરો. હવે તે બદ્ધ શરીર અને મુક્ત શરીરોના પરિમાણોનું અત્યારે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ વડે નિરૂપણ કરવું જોઇએ. તેમાં અભવ્યાદિ દ્રવ્ય વડે, શ્રેણિ–પ્રતરાદિ ક્ષેત્રવડે, અને આવલિકાદિરૂપ કાળવડે પ્રથમ ઔદારિક શરીરને આશ્રયી નિરૂપણ કરે છે—'**केवइया णं भंते! ओरालियसरीरा पण्णत्ता**'–હે ભગવન્! કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે–ઇત્યાદિ. અહીં મૂળમાં '**बद्धिल्लया**'–બદ્ધ શરીરો અને '**मुक्किल्लया**'–મુક્ત શરીરો–જીવોએ ત્યાગ કરેલાં શરીરો, અહીં પ્રાકૃત ભાષાને લીધે '**इल्ल**' પ્રત્યય અને સ્વાર્થમાં 'क' પ્રત્યય થયેલો છે. તેમાં બદ્ધ શરીરો અસંખ્યાતા છે, તે અસંખ્યાતાનું નિરૂપણ પ્રથમ કાળને આશ્રયી કરે છે—'**असंखेज्जाहिं**' ઇત્યાદિ. પ્રતિસમય એક એક

શરીરનો અપહાર કરવા વડે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે બધાં શરીરો અપહરાય. તાત્પર્ય એ છે કે-અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના જેટલા સમયો થાય તેટલાં બદ્ધ-જીવોએ ગ્રહણ કરેલાં ઔદારિક શરીરો છે. આ કાળથી પરિમાણ કહ્યું. હવે ક્ષેત્રને આશ્રયી પરિમાણ કહે છે—'**खेत्तओ असंखेज्जा लोगा**'-ક્ષેત્રથી તેઓની સંખ્યા અસંખ્યાતા લોકપ્રમાણ છે. તાત્પર્ય એ છે કે-બધાં ઔદારિક શરીરો પોતપોતાની અવગાહના વડે આકાશપ્રદેશોમાં જુદાં જુદાં અનુક્રમે સ્થાપીએ તો એ પ્રમાણે સ્થાપેલાં તે શરીરો વડે અસંખ્યાતા લોકો વ્યાપ્ત થાય. અહીં એક એક આકાશપ્રદેશને વિષે પણ એક એક ઔદારિક શરીર સ્થાપવા વડે અસંખ્યાતા લોકો વ્યાપ્ત થાય છે, પરંતુ પૂર્વાચાર્યો પોતાની અવગાહનાની સ્થાપના વડે પ્રરૂપણા કરે છે તેથી અપસિદ્ધાન્તનો દોષ પ્રાપ્ત ન થાય માટે અમે પણ તે જ પ્રમાણે પ્રરૂપણા કરીએ છીએ. એ સંબન્ધે ચૂર્ણિકાર પણ કહે છે -'જો કે એક એક આકાશપ્રદેશમાં એક એક શરીર સ્થાપીએ તોપણ અસંખ્યાતા લોકો થાય, પરંતુ અપસિદ્ધાન્ત દોષનો ત્યાગ કરવા માટે પોતપોતાની અવગાહના વડે સ્થાપન કરાય છે.' અહીં શંકા કરે છે-'અનન્તા જીવો છે, તો અસંખ્યાતા ઔદારિક શરીરો કેમ હોય? ઉત્તર-અહીં બે પ્રકારના જીવો છે-પ્રત્યેક શરીરવાળા અને અનન્તકાયિકો. તેમાં જેઓ પ્રત્યેકશરીરી છે તેઓમાં એક એક જીવને એક એક ઔદારિક શરીર હોય છે, જો એમ ન હોય તો પ્રત્યેકશરીરી ન કહેવાય. જે અનન્તકાયિક જીવો છે તેઓમાં અનન્ત અનન્ત જીવોને એક એક ઔદારિક શરીર હોય છે, માટે બધી સંખ્યા વડે પણ અસંખ્યાતા ઔદારિક શરીરો હોય છે. જીવોએ મુક્ત-ત્યાગ કરેલા ઔદારિક શરીરો અનન્ત છે. તે અનન્તપણાનું કાળ, ક્ષેત્ર અને દ્રવ્ય વડે નિરૂપણ કરે છે—'**अणंताहिं**' ઇત્યાદિ. કાળથી પરિમાણ-પ્રતિસમય એક એક શરીરનો અપહાર કરીએ તો અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે સર્વથા અપહરાય છે. તાત્પર્ય એ છે કે અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો થાય તેટલા મુક્ત-ત્યાગ કરેલાં ઔદારિક શરીરો છે. ક્ષેત્રથી પરિમાણ અનન્ત લોક છે, અનન્તલોક પ્રમાણ આકાશખંડોમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલાં છે. દ્રવ્યથી પરિમાણ-અભવ્યોથી અનન્તગુણા છે. જો એમ છે તો તે શરીરો સિદ્ધોની રાશિ જેટલાં થાય, તે માટે સૂત્રકાર કહે છે-સિદ્ધોના અનન્તમા ભાગ જેટલા છે. (પ્ર૦)-અહીં અભવ્ય અને સિદ્ધના બન્ને રાશિ વચ્ચે પતિત સમ્યગ્દૃષ્ટિ જીવો કહ્યા છે, તો ત્યાગ કરેલા ઔદારિક શરીરો તેના જેટલાં છે? (ઉ૦)-જો તેટલાં હોત તો સૂત્રકાર તેમજ નિર્દેશ કરત, કારણ કે ભગવન્ત આર્ય શ્યામે શિષ્યને સુખપૂર્વક બોધ થાય તેવા પ્રકારની સૂત્રરચના કરવાની પ્રતિજ્ઞા કરી છે, તો તેવા પ્રકારનો નિર્દેશ નહિ કરવાથી જણાય છે કે પતિત સમ્યગ્દૃષ્ટિની રાશિ જેટલાં નથી. (પ્ર૦)-જો તે રાશિ જેટલાં ન હોય તો પતિત સમ્યગ્દૃષ્ટિના રાશિથી ન્યૂન હોય કે અધિક હોય? તેનો ઉત્તર એ છે કે કદાચ તે રાશિથી ન્યૂન હોય, કદાચ અધિક કે કદાચ તુલ્ય હોય. કારણ કે તેનું અનિયત પ્રમાણ હોય છે, પરન્તુ હમેશાં તેટલું પ્રમાણ ન હોય. એ સંબન્ધે ચૂર્ણિકાર કહે છે-"તો શું પડેલા સમ્યગ્દૃષ્ટિઓના રાશિપ્રમાણ અનન્ત હોય? કારણ કે તેઓ બન્ને રાશિની વચ્ચે કહેલા છે. અહિં ઉત્તર કહે છે—જો તેના જેટલા હોત તો તેનોજ નિર્દેશ કર્યો હોત, માટે તેના જેટલા નથી. તો શું તેની નીચે હોય કે ઉપર હોય? ઉત્તર--કદાચિત્ નીચે હોય, કદાચિત્ ઉપર હોય, કે કદાચિત્ તુલ્ય હોય, પણ હમેશાં તેના જેટલા ન હોય. અહીં અન્ય શંકા કરે છે--'મુક્ત શરીરો ઉપર કહેલ અનન્તસંખ્યાના પરિમાણવાળાં કેમ ઘટે? કારણ કે જો ઔદારિકાદિ શરીરો જ્યાં સુધી અખંડિત હોય ત્યાં સુધી જ ગ્રહણ કરીએ તો તેઓની અનન્ત કાળ સુધી સ્થિતિ નહિ હોવાથી અનન્તપણું નહિ ઘટી શકે? જો અનન્ત કાળ સુધી રહે તો તો અનન્ત કાળે તેની ગણના કરતાં અનન્તા થાય, પણ અનન્ત કાળ સુધી તેઓની સ્થિતિ હોતી નથી, કારણ કે પુદ્ગલોની ઉત્કૃષ્ટથી પણ અસંખ્યાતા કાળ સુધી સ્થિતિ કહેલી છે. જે પુદ્ગલો જીવે ઔદારિક શરીરપણે ગ્રહણ કરીને અતીત કાળે છોડ્યાં છે, તેઓનું ગ્રહણ થાય તો બધા જીવોમાં પ્રત્યેક જીવે બધા પુદ્ગલો ઔદારિકપણે ગ્રહણ કરીને મૂક્યાં છે, તેથી સર્વ પુદ્ગલોનું ગ્રહણ થાય અને એમ હોય તો જે કહ્યું છે કે '**અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધોના અનન્તમા ભાગ પ્રમાણ છે**' તે વિરુદ્ધ ઠરે છે. કારણ કે સર્વ જીવોથી અનન્તાનન્તગુણા પુદ્ગલોના ગ્રહણનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. ઉત્તર-અહીં કેવળ અખંડિત મુક્ત ઔદારિક શરીરોનું ગ્રહણ નથી, તેમજ ઔદારિક શરીરપણે ગ્રહણ કરીને મૂકેલા સર્વ પુદ્ગલોનું પણ

ગ્રહણ નથી, કારણ કે તેથી ઉપર કહેલા દોષની પ્રાપ્તિ થાય છે. પરન્તુ જે ઔદારિક શરીર જીવે ગ્રહણ કરીને મૂક્યું તે વિશીર્ણ ભાવને પ્રાપ્ત થતાં તેના અનન્ત ભેદ થાય છે, અને તે અનન્ત ભેદો થતા થતા જ્યાં સુધી તે પુદ્ગલો ઔદારિક–પરિણામનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે પ્રત્યેક ભેદને **'ઔદારિક શરીર'** કહેવાય છે, જે પુદ્ગલો ઔદારિક પરિણામનો ત્યાગ કરે છે તેની ઔદારિક શરીર તરીકે ગણના થતી નથી. તેથી એક શરીરના પણ અનન્ત શરીરો થાય છે. એ પ્રમાણે બધા શરીરો સંબન્ધે જાણવું. એ પ્રમાણે એક એક શરીરના અનન્ત ભેદ થતા હોવાથી એક શરીરના પણ ઘણા અનન્ત શરીરો થાય છે, અને તેઓ અસંખ્યાતા કાળ સુધી રહે છે અને તે અસંખ્યાતા કાળે જીવે મૂકેલાં બીજા અસંખ્યાતા શરીરો હોય છે અને તે પ્રત્યેકના અનન્ત ભેદો થાય છે, તેઓમાં તેટલા કાળે જેઓ ઔદારિક શરીર પરિણામનો ત્યાગ કરે તેને છોડી દેવા અને બાકીના ગણવા. તેથી એ પ્રમાણે મુક્ત ઔદારિક શરીરોની ઊપર કહેલી અનન્ત સંખ્યા ઘટી શકે છે. આ મારી પોતાની મતિકલ્પના નથી, કારણ કે એ સંબન્ધે ચૂર્ણિકાર કહે છે—'અહીં કેવળ અખંડ ઔદારિક શરીરોનું ગ્રહણ નથી, તેમ ઔદારિકપણે ગ્રહણ કરી મૂકેલા સર્વ પુદ્ગલોનું પણ ગ્રહણ નથી, પરન્તુ જે ઔદારિક શરીર જીવે મૂકેલું છે, તેના અનન્ત ખંડ થાય અને જ્યાં સુધી તે પુદ્ગલો જીવવડે થયેલા ઔદારિક શરીરકાયપ્રયોગનો ત્યાગ ન કરે અને જ્યાં સુધી અન્ય પરિણામ વડે પરિણત ન થાય ત્યાં સુધી તે પ્રત્યેક 'ઔદારિક શરીર' કહેવાય છે. એ પ્રમાણે એક એક ઔદારિક શરીરના અનન્ત ભેદ થવાથી અનન્ત ઔદારિક શરીરો થાય છે', ઇત્યાદિ.

અહીં શંકા કરે છે—'શરીર દ્રવ્યના એક એક ભાગનો ઔદારિક શરીરપણે કેમ વ્યવહાર થાય? ઉત્તર—લવણના દૃષ્ટાંતથી થાય છે. જેમ કે ખારી પ્રમાણ લવણ હોય, દ્રોણ પ્રમાણ હોય કે આઢક પ્રમાણ હોય તે બધું લવણ જ કહેવાય, જ્યાં સુધી એક ગાંગડો હોય ત્યાં સુધી લવણ કહેવાય છે, તેમ અહીં પણ અખંડ હોય તો પણ ઔદારિક શરીર કહેવાય, તેનો અર્ધભાગ હોય તો પણ, અને તેનો પણ એક ભાગ હોય યાવત્ અનન્તમો ભાગ હોય તો પણ તે શરીર જ કહેવાય છે. અહીં તાત્પર્ય એ છે કે જેમ લવણના પરિણામ વડે પરિણત થોડા કે ઘણા પુદ્ગલોનો સમુદાય લવણ કહેવાય છે, તેમ ઔદારિક શરીરયોગ્ય પુદ્ગલોનો સમુદાય પણ ઔદારિકપણે પરિણત થયેલો થોડો કે ઘણો હોય તો તેનો ઔદારિક શરીરપણે વ્યવહાર થઇ શકે છે. અથવા સમુદાયના એક ભાગમાં પણ સમુદાયવાચક શબ્દનો વ્યવહાર થાય છે. જેમ કે દેવદત્તની આંગળીના અગ્રભાગમાં સ્પર્શ કર્યો હોય તો 'મેં દેવદત્તનો સ્પર્શ કર્યો' એમ કહેવાય છે, તેથી ઉપચારથી તેને ઔદારિક શરીર કહેવામાં કાંઇ પણ દોષ નથી.

(પ્ર૦) જો એમ છે તો તે અનન્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઔદારિક શરીરો એક લોકમાં કેમ રહી શકે? ઉત્તર–પ્રદીપના પ્રકાશની પેઠે રહી શકે છે. તે આ પ્રમાણે—જેમ કે એક પણ દીવાનો પ્રકાશ આખા ઘરને પ્રકાશિત કરે છે, અને બીજા અનેક દીવાઓનો પ્રકાશ હોય તો પણ તેમાં જ સમાય છે, કારણ કે તેઓનો પરસ્પર વિરોધ નથી, તેમ ઔદારિક શરીર સંબન્ધે જાણવું. એમ બધાં મુક્ત શરીરો સંબન્ધે પણ આ યુક્તિ સમજવી.

(પ્ર૦) દ્રવ્ય અને ક્ષેત્ર છોડીને પ્રથમ કાળને આશ્રયી પ્રરૂપણા કેમ કરી? (ઉ૦)—અન્ય કાળમાં રહેતા હોવાથી પુદ્ગલોને વિષે શરીરનો ઉપચાર થાય છે, અન્યથા થતો નથી, તેથી કાળ મોટો છે માટે પ્રથમ કાળને આશ્રયી પ્રરૂપણા કરી.

એમ ઔદારિક શરીરો કહ્યાં, હવે વૈક્રિય શરીર સંબન્ધે સૂત્ર કહે છે—'**केवइया णं भंते**'। ઇત્યાદિ. બદ્ધ–ગ્રહણ કરેલાં વૈક્રિય શરીરો અસંખ્યાતા છે, તેમાં કાળને આશ્રયી પરિમાણ બતાવે છે–પ્રતિસમયે એક એક શરીરનો અપહાર કરીએ તો અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે બધાં શરીરો અપહરાય. તાત્પર્ય એ છે કે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો થાય છે તેટલા બદ્ધ વૈક્રિય શરીરો છે. ક્ષેત્રથી અસંખ્યાતી શ્રેણીઓ છે અને તે શ્રેણિઓનું પરિમાણ પ્રતરનો અસંખ્યાતમો ભાગ છે. તાત્પર્ય એ છે કે પ્રતરના અસંખ્યાતમા ભાગમાં જેટલી શ્રેણિઓ છે અને તે શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલાં બદ્ધ વૈક્રિય શરીરો છે.

(પ્ર૦)—હવે શ્રેણિ એ શું છે? (ઉ૦)—ઘનીકૃત-ઘનરૂપે કલ્પેલા અને ચોતરફ સાત રજ્જુપ્રમાણ લોકની સાત રજ્જુપ્રમાણ લાંબી મુક્તાવલીના જેવી એક આકાશપ્રદેશની પંક્તિ એ શ્રેણિ કહેવાય છે. (પ્ર૦)—લોકનો ઘન કેવી રીતે કરવો અને તે સાત રજ્જુપ્રમાણ શી રીતે થાય? (ઉ૦)—અહીં લોક ઉર્ધ્વ અને અધો ચૌદ રજ્જુપ્રમાણ છે. નીચે વિસ્તારમાં કંઇક ન્યૂન સાત રજ્જુપ્રમાણ છે. એક રજ્જુપ્રમાણ મધ્ય ભાગમાં છે, બ્રહ્મલોકના પ્રદેશના બહુ મધ્ય ભાગમાં પાંચ રજ્જુ અને લોકાન્તે એક રજ્જુપ્રમાણ છે. સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ વેદિકાના અન્તથી પશ્ચિમ વેદિકાના અન્ત સુધી રજ્જુનું પરિમાણ જાણવું. આવા પ્રમાણવાળા વૈશાખ સ્થાન સ્થિત-પહોળા પગ કરી અને કેડે બે હાથ મૂકીને ઉભા રહેલા પુરુષની આકૃતિવાળા આ લોકના ત્રસ નાડીના દક્ષિણ ભાગમાં રહેલો કંઇક ન્યૂન ત્રણ રજ્જુના વિસ્તારવાળો અને કંઇક અધિક સાત રજ્જુની ઊઁચાઇવાળો અધોલોકનો ખંડ કલ્પનાથી લઇને તે ત્રસ નાડીના ઉત્તર ભાગમાં ઉપર અને નીચેનો ભાગ ઉલટો કરી જોડવો. એટલે ઉપરનો ભાગ નીચે કરી અને નીચેનો ભાગ ઉપર કરી મૂકવો. ત્યાર પછી ઊર્ધ્વ લોકમાં ત્રસ નાડીના દક્ષિણ ભાગમાં કોણીના આકારે રહેલા જે બે ખંડો છે, તે પ્રત્યેકની ઊઁચાઇ કંઇક ન્યૂન સાડા ત્રણ રજ્જુ પ્રમાણ છે, તેને કલ્પનાથી લઇ ઉલટા કરી ત્રસ નાડીના ઉત્તરના ભાગમાં જોડવા. એમ કરવાથી નીચેનો લોકનો અર્ધ ભાગ કંઇક ન્યૂન ચાર રજ્જુના વિસ્તારવાળો અને કંઇક અધિક સાત રજ્જુની ઊઁચાઇવાળો થયો અને ઉપરનો અર્ધ ભાગ ત્રણ રજ્જુના વિસ્તારવાળો અને ઊઁચાઇમાં કંઇક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ થયો. પછી ઉપરનો અર્ધ ભાગ કલ્પનાથી લઇને નીચેના અર્ધ ભાગની ઉત્તર દિશામાં જોડવો. એમ કરવાથી કંઇક અધિક સાત રજ્જુ ઊઁચો અને કંઇક ન્યૂન સાત રજ્જુના વિસ્તારવાળો ઘન થયો, ત્યાર પછી સાત રજ્જુના ઉપર જે અધિક ભાગ છે તે લઇને ઊર્ધ્વ-અધો લાંબો કરી ઉત્તર ભાગની સાથે જોડવો. તેથી વિસ્તારમાં સાત રજ્જુ પરિપૂર્ણ થાય છે. એ પ્રમાણે કલ્પનાથી લોકનો ઘન કરાય છે અને ઘન કરાય ત્યારે સાત રજ્જુપ્રમાણ થાય છે. કોઇ સ્થળે ઘન થવાથી સાત રજ્જુનું પ્રમાણ પૂરું ન થાય ત્યાં બુદ્ધિથી સાત રજ્જુની પૂર્તિ કરી લેવી. આ રીતે પાટીમાં લખીને બતાવવી. સિદ્ધાન્તમાં ક્યાંઇ પણ શ્રેણિ કે પ્રતરનું ગ્રહણ હોય ત્યાં સર્વત્ર આ પ્રમાણે ઘનરૂપે કલ્પેલા સાત રજ્જુપ્રમાણ લોકનું જાણવું. વૈક્રિય મુક્ત શરીરો ઔદારિકની પેઠે જાણવાં.

આહારક શરીર સંબન્ધે સૂત્ર કહે છે—'**केवइया णं भंते! आहारगसरीरगा**'—હે ભગવન્! આહારક શરીરો કેટલા પ્રકારનાં કહ્યાં છે?-ઇત્યાદિ. '**बद्धानि सिय अत्थि सिय नत्थि**'—બદ્ધ શરીરો કદાચ હોય અને કદાચ ન હોય. અહીં '**अत्थि**'—અસ્તિ એ અવ્યય બહુવચનમાં છે, તેથી '**कदाचित् सन्ति, कदाचित् न सन्तीत्यर्थः**' તેથી આહારક શરીરો કદાચ હોય અને કદાચ હોતા નથી, કારણ કે આહારક શરીરનું જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી છ માસનું અન્તર હોય છે. કહ્યું છે કે-'આહારક શરીરો લોકમાં કદાચિત્ વધારેમાં વધારે છ માસ સુધી હોતાં નથી અને જઘન્ય એક સમય સુધી હોતાં નથી. જ્યારે હોય છે ત્યારે પણ જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ-બે હજારથી નવ હજાર સુધી હોય છે. અને મુક્ત શરીરો ઔદારિકની પેઠે જાણવાં.

તૈજસ શરીર સંબન્ધે સૂત્ર કહે છે—'**केवइयाणं भंते! तेयगसरीरया**'—હે ભગવન્! તૈજસ શરીરો કેટલા પ્રકારનાં છે? ઇત્યાદિ. તેમાં બદ્ધ-ગ્રહણ કરેલાં તૈજસ શરીરો અનન્ત છે. તે અનન્તપણાનું કાળ, ક્ષેત્ર અને દ્રવ્ય વડે નિરૂપણ કરે છે- '**अणंताहि**' ઇત્યાદિ. તેનું કાળથી પરિમાણ-અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમય જેટલાં બદ્ધ તૈજસ શરીરો છે, ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ આકાશનાં ખંડના પ્રદેશ જેટલા છે, દ્રવ્યથી પરિમાણ-સિદ્ધો કરતાં અનન્તગુણા છે. તૈજસ શરીર પ્રત્યેક સંસારી જીવને હોય છે. સંસારી જીવો સિદ્ધોથી અનન્તગુણા છે, તેથી તૈજસ શરીરો પણ સિદ્ધોથી અનન્તગુણા થાય છે અને સર્વ જીવો કરતાં તેના અનન્તમા ભાગે ન્યૂન છે. અહીં તાત્પર્ય એ છે કે સિદ્ધોને તૈજસ શરીર હોતું નથી, કારણ કે તેઓ સર્વ શરીર રહિત છે, અને સિદ્ધો સર્વ જીવોને અનન્તમે ભાગે છે તેથી સિદ્ધના જીવો વડે ન્યૂન એટલે અનન્તમા ભાગે ન્યૂન સર્વ જીવોના જેટલા બદ્ધ તૈજસ શરીરો છે. મુક્ત તૈજસ શરીરો અનન્ત છે. તે અનન્તપણું કાળ, ક્ષેત્ર અને દ્રવ્યવડે જણાવે છે-

**'अणंताहिं'** ઇત્યાદિ. કાળ અને ક્ષેત્રના સૂત્રો પૂર્વની પેઠે જાણવા. અને દ્રવ્યથી પરિમાણ સર્વ જીવો કરતાં અનન્તગુણા છે. (પ્ર૦)—શાથી અનન્તગુણા છે? (ઉ૦)—એક એક સંસારી જીવને એક એક તૈજસ શરીર હોય છે, અને તે જીવોએ મૂકેલાં શરીરો પૂર્વે કહેલી યુક્તિથી અનન્ત ભેદવાળાં થાય છે અને તેઓ અસંખ્યાતા કાળ સુધી રહે છે, તેટલા કાળમાં જીવોએ મૂકેલાં દરેક જીવ દીઠ અન્ય અસંખ્ય તૈજસ શરીરો પ્રાપ્ત થાય છે અને તે પ્રત્યેકના પૂર્વોક્ત યુક્તિથી અનન્ત ભેદો થાય છે, માટે મુક્ત-ત્યાગ કરેલાં શરીરો સર્વ જીવો કરતાં અનન્તગુણા છે. તે શું જીવોના વર્ગપ્રમાણ છે? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે— **'जीववग्गस्स अणंतभागो'**—જીવોના વર્ગના અનન્તમે ભાગે છે. (પ્ર૦)—જીવના વર્ગ જેટલાં કેમ નથી? (ઉ૦)—જો એક એક જીવના શરીરો સર્વ જીવરાશિ પ્રમાણ હોય કે તેથી કંઇક અધિક હોય કે જેથી સિદ્ધના અનન્તમા ભાગની પૂર્તિ થાય, તો શરીરો જીવવર્ગપ્રમાણ થાય, તે રાશિને તેટલી રાશિ વડે ગુણતાં વર્ગ થાય છે. જેમકે ચારને ચારે ગુણતાં સોળ વર્ગ થાય છે. પરંતુ એક એક જીવના શરીરો સર્વ જીવ પ્રમાણ કે તેથી કંઇક અધિક નથી, પણ ઘણાં થોડાં છે અને તે પણ અસંખ્યાતા કાળ સુધી રહે છે, અને તેટલા કાળમાં બીજાં જે અન્ય શરીરો હોય છે તે પણ થોડાં હોય છે, કારણ કે કાળ થોડો છે, માટે જીવવર્ગપ્રમાણ થતાં નથી, પરંતુ જીવવર્ગના અનન્તમા ભાગે હોય છે. અનન્તમા ભાગના પ્રમાણનું પૂર્વાચાર્યોએ બતાવેલું આ દૃષ્ટાંત છે-સર્વ જીવો વાસ્તવિક રીતે અનન્ત છે, પણ અસત્કલ્પનાથી દસ હજાર ગણવા. તે દસ હજારનો વર્ગ દસ ક્રોડ થાય છે. મુક્ત તૈજસ શરીરો અસત્કલ્પનાથી દસ લાખ પ્રમાણ છે, તેથી સર્વ જીવો કરતાં સો ગુણા એટલે સર્વ જીવોથી અનન્તગુણા છે અને તે જીવવર્ગના સોમા ભાગે છે. તેથી જીવવર્ગના અનન્તમા ભાગપ્રમાણ થાય છે. એમ બદ્ધ અને મુક્ત કાર્મણ શરીરનો વિચાર કરવો. કારણ કે તેની સંખ્યા તૈજસના જેટલી છે. એમ સામાન્ય પાંચે શરીરો કહ્યાં. ॥૨॥૪૦૭॥

## ।। णेरइयाणं बद्ध-मुक्कसरीरपरूवणा ।।

**नेरइयाणं भंते! केवतिया ओरालियसरीरा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं णत्थि। तत्थ णं जे ते मुक्केल्लगा ते णं अणंता जहा ओरालियमुक्केल्लगा तहा भाणियव्वा। नेरइयाणं भंते! केवइया वेउव्वियसरीरा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणिओसप्पिणिहिं अवहीरंति कालतो, खेत्ततो असंखिज्जाओ सेढीओ पयरस्स असंखेज्जइभागो, तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढम-वग्गमूलं बितीयवग्गमूलपडुप्पण्ण, अहवणं अंगुलबितीयवग्गमूलघणप्पमाणमेत्ताओ सेढीतो। तत्थ णं जे ते मुक्केल्लगा ते णं जहा ओरालियस्स मुक्केलगा तहा भाणियव्वा। नेरइयाणं भंते! केवइआ आहारगसरीरा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य, एवं जहा ओरालिए बद्धेल्लगा य मुक्केल्लया य भणिया तहेव आहारगा वि भाणियव्वा। तेया-कम्मगाइं जहा एएसिं चेव वेउव्वियाइं। ।सू०-३॥४०८॥**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના ઔદારિક શરીરો કહ્યાં છે. તે આ પ્રમાણે-બદ્ધ અને મુક્ત. તેમાં નૈરયિકોને બદ્ધ ઔદારિક શરીરો હોતાં નથી, અને મુક્ત ઔદારિક શરીરો અનન્તા છે-ઇત્યાદિ જેમ મુક્ત ઔદારિક શરીરો કહ્યાં તેમ કહેવાં. હે ભગવન્! નૈરયિકોને કેટલાં વૈક્રિય શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારનાં વૈક્રિય શરીરો કહ્યાં છે, તે આ પ્રમાણે-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ વૈક્રિય શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળની અપેક્ષાએ અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતી શ્રેણિઓ જેટલા છે, તે શ્રેણિઓની વિષ્કમ્ભસૂચિ અંગુલ પ્રમાણ આકાશ પ્રદેશોના પ્રથમ વર્ગમૂલને બીજા વર્ગમૂલ વડે ગુણતાં જેટલા આકાશ પ્રદેશો આવે તેટલા પ્રદેશોની જાણવી. અથવા અંગુલપ્રમાણ આકાશ પ્રદેશોના બીજા વર્ગમૂલના ઘનપ્રમાણ શ્રેણિઓ જાણવી. તેમાં જે મુક્ત શરીરો છે તે જેમ*

*ઔદારિકના મુક્ત શરીરો કહ્યાં તેમ કહેવાં. હે ભગવન્! નારકોને કેટલા આહારક શરીરો હોય છે? હે ગૌતમ! બે પ્રકારના આહારક શરીરો છે, તે આ પ્રમાણે—બદ્ધ અને મુક્ત. એ પ્રમાણે જેમ ઔદારિક શરીરો બદ્ધ અને મુક્ત કહ્યાં તેમ આહારક શરીરો પણ કહેવા. તૈજસ અને કાર્મણ શરીરો જેમ વૈક્રિય શરીરો કહ્યાં તેમ કહેવા. ॥૩॥૪૦૮॥*

(ટી૦) **'नेरइयाणं भंते'**! ઇત્યાદિ. નૈરયિકોને બદ્ધ ઔદારિક શરીરો નથી, કારણ કે તેઓને ભવનિમિત્તક ઔદારિક શરીરનો અસંભવ છે. મુક્ત શરીરો સામાન્ય મુક્ત ઔદારિક શરીરોની પેઠે જાણવા. બદ્ધ વૈક્રિયશરીરો નારકોના જેટલા છે, અને તે અસંખ્યાતા છે. તે અસંખ્યાતાની કાળ અને ક્ષેત્ર વડે પ્રરૂપણા કરે છે—**'असंखेज्जाहिं'** ઇત્યાદિ. કાળથી પરિમાણ–પ્રતિસમય એક એક શરીરનો અપહાર કરતાં અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે બધા શરીરો અપહરાય છે. તાત્પર્ય એ છે કે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો થાય તેટલા શરીરો છે. ક્ષેત્રથી અસંખ્યાતી શ્રેણિઓ છે એટલે અસંખ્યાતી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા છે. 'સંપૂર્ણ પ્રતરમાં પણ અસંખ્યાતી શ્રેણિઓ હોય છે, અને અર્ધ ભાગ કે ત્રીજા ભાગ વગેરેમાં પણ અસંખ્યાતી શ્રેણિઓ હોય છે, તો તે કેટલી શ્રેણિઓ હોય' એ આશંકામાં વિશેષ અર્થનો નિર્ણય કરવા માટે કહે છે—**'प्रतरस्यासंख्येयभाग:'** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં જેટલી શ્રેણિઓ હોય તેટલી લેવી. બીજું વિશેષ પરિમાણ આ પ્રમાણે છે—**'तासि णं सेढीणं विक्खंभ सूई'** ઇત્યાદિ. તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ–વિસ્તારને આશ્રયી સૂચી–એક પ્રદેશની શ્રેણિ અંગુલના પ્રથમ વર્ગમૂલવડે ગુણેલા બીજા વર્ગમૂલ પ્રમાણ જાણવી. અહીં આ ભાવાર્થ છે—અહીં પ્રજ્ઞાપકે સાત રજ્જૂ પ્રમાણ ઘનીકૃત લોકની પાટી વગેરેમાં સ્થાપના કરવી અને તેની શ્રેણિ રેખાના આકાર વડે બતાવવી, અને બતાવીને એ પ્રમાણે કહેવું—અંગુલપ્રમાણ આકાશક્ષેત્રના જેટલા પ્રદેશો હોય તેના અસંખ્યાતા વર્ગમૂલો થાય છે. જેમ કે પ્રથમ વર્ગમૂલ, તેનું જે વર્ગમૂલ થાય તે બીજું વર્ગમૂલ, તેનું જે વર્ગમૂલ આવે તે ત્રીજું વર્ગમૂલ, એમ અસંખ્યાતા વર્ગમૂલો થાય છે. તેમાં પ્રથમ વર્ગમૂલને બીજા વર્ગમૂલ વડે ગુણવા, અને ગુણવાથી જેટલા પ્રદેશો આવે તેટલા પ્રદેશોની સૂચિશ્રેણી બુદ્ધિથી કલ્પવી. કલ્પીને દક્ષિણ અને ઉત્તર લાંબી સ્થાપવી અને તેને સ્થાપવા વડે જેટલી શ્રેણિઓને સ્પર્શ કરે તેટલી શ્રેણિઓ ગ્રહણ કરવી. તેમાં આ ઉદાહરણ છે—અંગુલપ્રમાણ ક્ષેત્રના પ્રદેશો વાસ્તવિક રીતે અસંખ્યાતા છે, તો પણ અસત્કલ્પનાથી બસો છપ્પન કલ્પવા. તેનું પ્રથમ વર્ગમૂલ સોળ, બીજું વર્ગમૂલ ચાર અને ત્રીજું વર્ગમૂલ બે. તેમાં ચાર રૂપ બીજા વર્ગમૂલ વડે સોળ રૂપ પ્રથમ વર્ગમૂલને ગુણતાં ચોસઠ થાય, એટલી શ્રેણિઓ ગ્રહણ કરવી. આ અર્થ બીજી રીતે જણાવે છે—**'अहव णं'** ઇત્યાદિ. 'અથવા' શબ્દ પ્રકાન્તરના અર્થમાં છે. 'ણં' વાક્યાલંકારમાં છે. અંગુલમાત્ર ક્ષેત્રના પ્રદેશરાશિના બીજા વર્ગમૂલરૂપ અસત્કલ્પનાએ ચારનો જે ઘન થાય તેટલી શ્રેણિઓ ગ્રહણ કરવી. અહીં જે રાશિનો જે વર્ગ છે તેને તે રાશિ વડે ગુણતાં ઘન થાય છે. જેમ કે બેનો ઘન આઠ થાય છે. તે આ પ્રમાણે—બેનો વર્ગ ચાર, તેને બેથી ગુણતાં આઠ થાય. એ પ્રમાણે અહીં પણ ચારનો વર્ગ સોળ તેને ચારે ગુણતાં જે આવે તેટલો ચારનો ઘન થાય છે, અને ત્યાં પણ તેજ ચોસઠ થાય છે, બન્ને પ્રકારના ગણિતમાં અર્થનો ભેદ નથી. અહીં આ ગણિતનો વ્યવહાર છે કે ઘણી સંખ્યાને થોડી સંખ્યાથી ગુણાય છે. તેથી સૂત્રકારે બે જ પ્રકારના બતાવ્યા છે, અન્યથા ત્રીજો પ્રકાર પણ છે—**'अंगुलबिइयवग्गमूलं पढमवग्गमूलपडुप्पन्नं'** ઇતિ. અંગુલપ્રમાણ આકાશક્ષેત્રના પ્રદેશોના બીજા વર્ગમૂલને પ્રથમ વર્ગમૂલથી ગુણવા. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે—અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોને પોતાના પ્રથમ વર્ગમૂલની સાથે ગુણતાં જેટલા પ્રદેશો થાય તેટલા પ્રદેશની સૂચી વડે જેટલી શ્રેણિઓનો સ્પર્શ થાય તેટલી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા નારકોના બદ્ધ વૈક્રિય શરીરો છે, અને મુક્ત વૈક્રિય શરીરો ઔદારિકની પેઠે જાણવા. નારકોને બદ્ધ આહારક શરીરો નથી, કારણ કે તેઓને આહારકલબ્ધિનો અસંભવ છે. મુક્ત શરીરો પૂર્વની પેઠે જાણવા. બદ્ધ તૈજસકાર્મણ શરીરો વૈક્રિયની પેઠે અને મુક્ત શરીરો પૂર્વની પેઠે જાણવા. ॥૩॥૪૦૮॥

## ।। भवणवासीणं बद्ध–मुक्कसरीरपरूवणा ।।

**असुरकुमाराणं भंते! केवइया ओरालियसरीरा पन्नत्ता? गोयमा! जहा नेरइयाणं ओरालियसरीरा भणिता तहेव**

**एतेसिं भाणितव्वा। असुरकुमाराणं भंते! केवइया वेउव्वियसरीरा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा- बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा असंखेज्जाहिं उस्सप्पिणीओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्ततो असंखेज्जाओ सेढीतो पयरस्स असंखेज्जतिभागो, तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलस्स संखेज्जतिभागो। तत्थ णं जे ते मुक्केल्लगा ते णं जहा ओरालियस्स मुक्केल्लगा तहा भाणियव्वा। आहारयसरीरा जहा एतेसिं णं चेव ओरालिया तहेव दुविहा भाणियव्वा, तेया-कम्मगसरीरा दुविहा वि जहा एतेसिं णं चेव विउव्विया, एवं जाव थणियकुमारा ।।सू०-४।।४०९।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારોને કેટલા ઔદારિક શરીરો કહ્યાં છે? હે ગૌતમ! જેમ નારકોને ઔદારિક શરીરો કહ્યાં તેમ અસુરકુમારોને પણ જાણવાં. હે ભગવન્! અસુરકુમારોને કેટલાં વૈક્રિય શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના વૈક્રિય શરીરો કહ્યાં છે, તે આ પ્રમાણે-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ વૈક્રિય શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગરૂપ અસંખ્યાતી શ્રેણિઓ છે. તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂલના સંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. તેમાં જે મુક્ત શરીરો છે તે ઔદારિકના મુક્ત શરીરો કહ્યાં છે તેમ કહેવા. આહારક શરીરો જેમ એઓને ઔદારિક શરીરો કહ્યાં છે તેમ બે પ્રકારનાં કહેવાં. બન્ને પ્રકારના પણ તૈજસ અને કાર્મણ શરીરો જેમ એઓને વૈક્રિય શરીરો કહ્યા છે તેમ કહેવાં. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. ।।૪।।૪૦૯।।*

(ટી૦) અસુરકુમારોને ઔદારિક શરીરો નૈરયિકોની પેઠે જાણવા. તેઓને બદ્ધ વૈક્રિય શરીરો અસંખ્યાતા છે અને તે અસંખ્યાતાનું કાળ અને ક્ષેત્રવડે નિરૂપણ કરે છે-તેમાં કાળને આશ્રયી સૂત્ર પૂર્વની પેઠે જાણવું. ક્ષેત્રને આશ્રયી અસંખ્યાતી શ્રેણિઓ છે. એટલે અસંખ્યાતી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલાં છે. તે શ્રેણિઓ પ્રતરનો અસંખ્યાતમો ભાગપ્રમાણ છે. નારકોના વિચારમાં પણ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શ્રેણિઓ કહી છે, તેથી બીજું વિશેષ પરિમાણ કહે છે-તે શ્રેણિઓના પરિમાણને માટે જે વિષ્કંભ સૂચિ છે તે અંગુલપ્રમાણ ક્ષેત્રના પ્રદેશ રાશિના પ્રથમ વર્ગમૂલની સંખ્યાતમા ભાગપ્રમાણ છે. તાત્પર્ય એ છે કે અંગુલપ્રમાણ ક્ષેત્રના પ્રદેશોનો સમુદાય અસત્કલ્પનાથી બસો છપ્પન છે, તેનું પ્રથમ વર્ગમૂલ સોળ થાય, તેના સંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો છે તે અસત્કલ્પનાથી પાંચ કે છ જાણવા, તેટલા પ્રદેશોની શ્રોણિપ્રમાણ વિષ્કંભસૂચિ જાણવી. એ પ્રમાણે નૈરયિકો કરતાં અસુરકુમારોની વિષ્કંભસૂચિ અસંખ્યાતગુણ હીન જાણવી. તે આ પ્રમાણે- નૈરયિકોની શ્રેણિના પરિમાણ માટે જે વિષ્કંભસૂચિ છે તે અંગુલના પ્રથમવર્ગમૂલને બીજા વર્ગમૂલની સાથે ગુણતાં જેટલી સંખ્યા આવે તેટલા પ્રદેશની જાણવી. બીજું વર્ગમૂલ વાસ્તવિક રીતે અસંખ્યાત પ્રદેશરૂપ છે, તેથી અસંખ્યાતગુણ પ્રથમ વર્ગમૂલના પ્રદેશરૂપ નૈરયિકોની વિષ્કંભસૂચિ છે, અને અસુરકુમારોની સૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગના પ્રદેશરૂપ છે અને એ યુક્ત પણ છે, કારણ કે ત્રીજા પદને વિષે મહાદંડકમાં બધા ભવનપતિઓ રત્નપ્રભાના નૈરયિકો કરતાં પણ અસંખ્યાતગુણ હીન કહ્યા છે, તો પછી બધા નારકો કરતાં અસંખ્યાતગુણ હીન હોય એમાં શું કહેવું? તેઓના મુક્ત શરીરો સામાન્ય મુક્ત શરીરોની પેઠે જાણવા. આહારકશરીરો નૈરયિકોની પેઠે જાણવા. બદ્ધ તૈજસ અને કાર્મણ શરીરો બદ્ધ વૈક્રિયની પેઠે જાણવા. મુક્ત તૈજસ અને કાર્મણ શરીરો સામાન્ય મુક્ત તૈજસકાર્મણની પેઠે જાણવા. જેમ અસુરકુમારોને કહ્યું તેમ બાકીના ભવનપતિઓને યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું. ।।૪।।૪૦૯।।

## ।। एगिंदियाणं बद्ध-मुक्कसरीरपरूवणा ।।

**पुढविकाइयाणं भंते! केवइया ओरालियसरीरगा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा असंखेज्जाहिं उस्सप्पिणिओसप्पिणीहिं अवहीरंति**

**कालतो, खेसतो असंखेज्जा लोगा। तत्थ णं जे ते मुक्केल्लगा ते णं अणंता अणंताहिं उस्सप्पिणिओस्सप्पिणीहिं अवहीरंति कालतो, खेत्ततो अणंता लोगा, अभवसिद्धिएहिंतो अणंतगुणा सिद्धाणं अणंतभागो। पुढविकाइयाणं भंते! केवतिया वेउव्वियसरीरगा पण्णत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं णत्थि। तत्थ णं जे ते मुक्केलगा ते णं जहा एएसिं चेव ओरालिया भणिया तेहव भाणियव्वा। एवं आहारगसरीरा वि। तेया-कम्मगा जहा एतेसिं चेव ओरालिया। एवं आउकाइया-तेउकाइया वि ।।सू०-५।।४१०।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના ઔદારિક શરીરો કહ્યાં છે, તે આ પ્રમાણે—બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ ઔદારિક શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ છે. તેમાં જે મુક્ત શરીરો છે તે અનન્તા છે અને કાલથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અનન્ત લોકપ્રમાણ છે. તે ભવ્ય કરતાં અનન્તગુણ અને સિદ્ધોના અનન્તમા ભાગે છે. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલા વૈક્રિય શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારનાં કહ્યાં છે, તે આ પ્રમાણે—બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે તેઓને નથી તેમાં જે મુક્ત શરીરો છે તે જેમ એઓને ઔદારિક શરીર કહ્યા છે તેમ કહેવા. એ પ્રમાણે આહારક શરીરો પણ કહેવાં. તૈજસ અને કાર્મણ શરીરો એઓને જેમ ઔદારિક શરીરો કહ્યાં છે તેમ કહેવાં. એ પ્રમાણે અપ્કાયિકો અને તેજસ્કાયિકો સંબંધે પણ કહેવું. ।।૫।।૪૧૦।।*

(ટી૦) પૃથિવી, અપ્ અને તેજસ્કાયિક સૂત્રોમાં બદ્ધ ઔદારિક શરીરો અસંખ્યાતા છે, તેમાં પણ કાળને આશ્રયી પરિમાણનો વિચાર કરતાં પ્રતિસમય એક એક શરીરનો અપહાર કરતાં અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે બધાં શરીરો અપહરાય છે. ક્ષેત્રને આશ્રયી પરિમાણના વિચારમાં 'અસંખ્યાતા લોકપ્રમાણ છે'. એટલે પોતપોતાની અવગાહના વડે અસંખ્યાતા લોકો વ્યાપ્ત થાય છે. મુક્ત શરીર સામાન્ય મુક્ત શરીરની પેઠે જાણવા. બદ્ધ તૈજસ અને કાર્મણ શરીરો બદ્ધ ઔદારિકની પેઠે અને મુક્ત શરીરો સામાન્ય મુક્ત શરીરની પેઠે જાણવાં. ।।૫।।૪૧૦।।

**वाउकाइयाणं भंते! केवतिया ओरालियसरीरा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। दुविहा वि जहा पुढविकाइयाणं ओरालिया। वेउव्वियाणं पुच्छा। गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा, समए समए अवहीरमाणा २ पलितोवमस्स असंखेज्जइभागमेत्तेणं कालेणं अवहीरंति, नो चेव णं अवहिया सिया। मुक्केल्लगा जहा पुढविकाइयाणं। आहारय-तेया-कम्मा जहा पुढवीकाइयाणं, तहा भाणियव्वा वणप्फइकाइयाणं जहा पुढविकाइयाणं, णवरं तेया-कम्मगा जहा ओहिया तेया-कम्मगा ।।सू०-६।।४११।।**

*(મૂ૦) હે ભગવન્! વાયુકાયિકોને કેટલાં ઔદારિક શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારનાં ઔદારિક શરીરો કહ્યાં છે, તે આ પ્રમાણે—બદ્ધ અને મુક્ત. તે બન્ને પ્રકારના શરીરો જેમ પૃથિવીકાયિકોને ઔદારિક શરીરો કહ્યાં છે તેમ કહેવાં. વૈક્રિયશરીર સંબંધે પૃચ્છા. હે ગૌતમ! બે પ્રકારના કહ્યાં છે. તે આ પ્રમાણે—બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે. અને સમયે સમયે અપહાર કરાતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર કાળ સુધી અપહરાય છે, તો પણ એમ અપહરાયેલાં નથી. મુક્ત શરીરો પૃથિવીકાયિકોની જેમ જાણવા, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો પૃથિવીકાયિકોની જેમ કહેવાં. વનસ્પતિકાયિકો પૃથિવીકાયિકોની પેઠે જાણવા, પરન્તુ તૈજસ અને કાર્મણ શરીરો સામાન્ય તૈજસ અને કાર્મણની પેઠે જાણવાં. ।।૬।।૪૧૧।।*

(ટી૦) વાયુકાયને પણ ઔદારિક શરીરો પૃથિવ્યાદિની પેઠે જાણવા. તેઓને બદ્ધ વૈક્રિય શરીરો અસંખ્યાતા છે, અને પ્રતિસમય એક એકનો અપહાર કરતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળે બધાં અપહરાય છે. તાત્પર્ય એ છે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો થાય તેટલાં બદ્ધ વૈક્રિય શરીરો છે, પણ અધિક નથી, તે આ પ્રમાણે-વાયુકાયિકો ચાર પ્રકારના છે, સૂક્ષ્મ અને બાદર. અને તે એક એકના બબ્બે પ્રકાર છે-પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં બાદર પર્યાપ્તા સિવાય બાકીના ત્રણે પ્રત્યેક અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. જેઓ બાદર પર્યાપ્તા છે તે પ્રતરના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. તેમાના ત્રણ પ્રકારના વાયુકાયને વૈક્રિયલબ્ધિ નથી. બાદર પર્યાપ્તામાં પણ સંખ્યાતા ભાગ માત્રને વૈક્રિયલબ્ધિ છે, પણ બાકીનાને નથી. એ સંબન્ધે ચૂર્ણિકાર કહે છે-'**तिण्हं ताव रासीणं वेउव्वियलद्धी चेव नत्थि, बायरपज्जताणंपि संखेज्जइभागमेत्ताणं लद्धी अत्थि**' त्ति। ત્રણ રાશિને વૈક્રિય લબ્ધિ નથી, બાદર પર્યાપ્તામાં પણ માત્ર સંખ્યાતા ભાગને જ વૈક્રિય લબ્ધિ હોય છે. તેથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ જ વાયુકાયિકો પ્રશ્નસમયે વૈક્રિયલબ્ધિવાળા હોય છે, અધિક નથી. અહીં કેટલાક આચાર્યો કહે છે-'બધા વાયુકાયિકો વૈક્રિયલબ્ધિવાળા જ હોય છે, કારણ કે વૈક્રિય લબ્ધિ રહિત વાયુકાયને ચેષ્ટાનો જ અસંભવ છે'. તે અયુક્ત છે. કારણ કે વસ્તુસ્થિતિનું પરિજ્ઞાન નથી. વાયુ સ્વભાવથી ગતિક્રિયાવાળા હોય છે અને તેથી વૈક્રિયરહિત છતાં વાય છે એમ જાણવું. કારણ કે 'વાતિ' ઇતિ વાયુઃ-વાય છે તે વાયુ-એવી તેની વ્યુત્પત્તિ છે. એ સંબન્ધે ચૂર્ણિકાર કહે છે-'**जेण सव्वेसु चेव लोगागासेसु चला वायवो वायंति, तम्हा अवेउव्वियावि वाया वायंतीति घित्तव्वं**' इति। જેથી સર્વ લોકાકાશમાં ગતિક્રિયાયુક્ત વાયુઓ વાય છે તે માટે વૈક્રિય લબ્ધિ રહિત છતાં વાય છે એમ જાણવું. મુક્ત વૈક્રિય શરીરો સામાન્ય મુક્ત વૈક્રિયની પેઠે જાણવાં. બદ્ધ તૈજસ અને કાર્મણ શરીરો બદ્ધ ઔદારિકની પેઠે અને મુક્ત શરીરો સામાન્ય મુક્તની પેઠે જાણવા. વનસ્પતિકાયના વિચારમાં ઔદારિક શરીરો પૃથિવ્યાદિની પેઠે અને તૈજસ અને કાર્મણ શરીરો સામાન્ય તૈજસ અને કાર્મણની પેઠે જાણવાં. ॥૬॥૪૧૧॥

## || विंगलिंदियाणं बद्ध-मुक्कसरीरपरूवणा ||

**बेइंदियाणं भंते! केवइया ओरालिया सरीरगा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता। तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य, तत्थ णं जे ते बद्धेल्लगा ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणि-ओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्ततो असंखेज्जो सेढीओ पयरस्स असंखेज्जइभागो, तासिणं सेढीणं विक्खंभसूई असंखेज्जाओ जोयणकोडाकोडीओ असंखेज्जाइं सेढिवग्गमूलाइं। बेइंदियाणं ओरालियसरीरेहिं बद्धेल्लगेहिं पयरं अवहीरति, असंखेज्जाहिं उस्सप्पिणी-ओसप्पिणीहिं कालतो, खेत्ततो अंगुलपयरस्स आवलियाए य असंखेज्जति-भागपलिभागेणं। तत्थ णं जे ते मुक्केल्लगा ते जहा ओहिया ओरालियमुक्केल्लगा। वेउव्विया आहारगा य बद्धिल्लगा णत्थि। मुक्किल्लगा जहा ओहिया ओरालियमुक्केल्लगा। तेया-कम्मगा जहा एतेसिं चेव ओहिया ओरालिया, एवं जाव चउरिंदिया।**

## || पंचिंदियतिरिक्खाणं बद्ध-मुक्कसरीरपरूवणा ||

**पंचिंदियतिरिक्खजोणियाणं एवं चेव, नवरं वेउव्वियसरीरएसु इमो विसेसो-पंचिंदियतिरिक्खजोणियाणं भंते! केवइया वेउव्वियसरीरया पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता-तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखिज्जा, जहा असुरकुमाराणं, णवरं तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलस्स असंखेज्जइभागो। मुक्केल्लगा तहेव ।सू०-७॥४१२॥**

*(મૂ૦) હે ભગવન્! બેઇંદ્રિયોને કેટલા પ્રકારના ઔદારિક શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના કહ્યાં છે, તે આ પ્રમાણે-*

*બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે અસંખ્યાતા છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતી શ્રેણિઓ જાણવી. તે શ્રેણિઓ વિષ્કંભસૂચી અસંખ્યાતા કોટા કોટી યોજન પ્રમાણ અથવા અસંખ્યાતા શ્રેણિના વર્ગમૂલ પ્રમાણ જાણવી. બેઇન્દ્રિયોના બદ્ધ ઔદારિક શરીરોથી ક્ષેત્રને આશ્રયી અંગુલપ્રમાણ (એક પ્રદેશરૂપ) પ્રતરખંડ વડે અને કાલથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડ વડે (એક એક શરીરનો અપહાર કરતા) અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળે સમગ્ર પ્રતર અપહરાય છે. અર્થાત્ ક્ષેત્રથી અંગુલ પ્રમાણ એક પ્રદેશના પ્રતર ખંડ વડે અને કાળથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડ વડે એક એક શરીરનો અપહાર કરતા અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં બધા બેઇન્દ્રિયોના શરીરો અપહરાય છે. તેમાં જે મુક્ત શરીરો છે તે ઔધિક-સામાન્ય ઔદારિક મુક્ત શરીરોની પેઠે જાણવાં. વૈક્રિય અને આહારક બદ્ધ શરીરો નથી, અને મુક્ત શરીરો સામાન્ય ઔદારિક મુક્ત શરીરની પેઠે જાણવાં. તૈજસ અને કાર્મણ એઓના જ સામાન્ય ઔદારિક શરીરોની પેઠે કહેવાં. એ પ્રમાણે યાવત્-ચઉરિંદ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચોને એમજ સમજવું. પરન્તુ વૈક્રિય શરીરોમાં આ વિશેષતા છે-હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પ્રકારના વૈક્રિય શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના કહ્યાં છે. તે આ પ્રમાણે-બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તેઓ અસંખ્યાતા છે-ઇત્યાદિ અસુરકુમારની પેઠે જાણવું. પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. મુક્તશરીરો તેમજ જાણવાં. ॥૭॥૪૧૨॥*

(ટી૦) બેઇન્દ્રિયસૂત્રમાં બદ્ધ ઔદારિક શરીરો અસંખ્યાતા છે, તેથી કાળને આશ્રયી પરિમાણના વિચારમાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી વડે અપહરાય છે. એટલે અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો છે તેટલાં બદ્ધ ઔદારિક શરીરો છે. ક્ષેત્રથી અસંખ્યાતી શ્રેણિઓ છે-એટલે અસંખ્યાતી શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલા છે. તે શ્રેણિઓના પરિમાણ વિશેષનો નિર્ણય કરવા માટે કહે છે—'**प्रतरासंख्येयभागः**'—પ્રતરના અસંખ્યાતમા ભાગરૂપ છે. એટલે પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાત શ્રેણિઓ ગ્રહણ કરવી. પ્રતરનો અસંખ્યાતમો ભાગ નૈરયિક અને ભવનપતિઓને પણ કહ્યો છે, માટે વિશેષતર પરિમાણનું નિરૂપણ કરવા માટે સૂચીનું પ્રમાણ કહે છે—'**तासि णं सेढीणं**' ઇત્યાદિ. તે શ્રેણિઓના પરિમાણનો નિશ્ચય કરવા માટે જે વિષ્કંભસૂચી છે તે અસંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ જાણવી. અથવા બીજું વિશેષથી પરિમાણ કહે છે—'**असंखेज्जाइं सेढिवग्गमूलाइं**'—અસંખ્યાતા શ્રેણિના વર્ગમૂલ પ્રમાણ છે. તાત્પર્ય એ છે કે એક સંપૂર્ણ શ્રેણિના પ્રદેશરાશિનું પ્રથમ વર્ગમૂલ, બીજું, ત્રીજું એમ અસંખ્યાતમા વર્ગમૂલ સુધી સર્વ વર્ગમૂલો એકત્ર સંકલિત કરવા અને સંકલિત કરેલા તે બધાના જેટલા પ્રદેશો થાય તેટલા પ્રદેશપ્રમાણ વિષ્કંભસૂચિ જાણવી. અહીં આ દૃષ્ટાંત છે—શ્રેણિમાં અસંખ્યાતા પ્રદેશો હોવા છતાં પણ અસત્કલ્પનાએ ૬૫૫૩૬ પાંસઠ હજાર પાંચસો અને છત્રીશ કલ્પવા. તેનું પ્રથમ વર્ગમૂલ બસો ને છપ્પન ૨૫૬, બીજું સોળ ૧૬, ત્રીજું ચાર ૪, અને ચોથું વર્ગમૂલ બે ૨, એઓનું સંકલન-સરવાળો કરતાં બસો ને અઠ્યોતેર ૨૭૮ થાય. અસત્કલ્પના વડે એટલા પ્રદેશોની સૂચિ જાણવી. હવે એ બેઇન્દ્રિય જીવો કેટલી અવગાહના વડે વ્યાપ્ત થતા કેટલા કાળે સંપૂર્ણ પ્રતરને વ્યાપ્ત કરે? ઉત્તર-અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહના વડે એક એક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં એક એક અવગાહનાની રચના કરવાથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી વડે સંપૂર્ણ પ્રતર વ્યાપ્ત કરે છે. તાત્પર્ય આ છે—એક એક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં એક એક અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહનાની રચના કરાય છે. અને તેથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળે બેઇન્દ્રિયોના શરીર વડે સંપૂર્ણ પ્રતર વ્યાપ્ત થાય છે. એજ બાબત સૂત્રકાર કહે છે—'**बेइंदियाणं**' ઇત્યાદિ. બેઇન્દ્રિયોના બદ્ધ ઔદારિક શરીરોથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને

અવસર્પિણી વડે સંપૂર્ણ પ્રતર અપહરાય છે. અહીં 'પ્રતર' અપહરાય છે. એ ક્ષેત્રને આશ્રયી પરિમાણ કહ્યું અને 'ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે' કાળને આશ્રયી પરિમાણ કહેલું છે. હવે કેટલા ક્ષેત્ર વડે અને કેટલા કાળે અપહાર થાય છે? તેથી કહે છે—**'अंगुलपयरस्स आवलियाए य असंखेज्जइभागपलिभागेणं'** એક પ્રદેશની શ્રેણિરૂપ અંગુલમાત્ર પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડ વડે અપહાર થાય છે, આ ક્ષેત્રને આશ્રયી પરિમાણ કહ્યું અને 'આવલિકાના અસંખ્યાતમા ભાગરૂપ ખંડ વડે અપહરાય છે' એ કાળને આશ્રયી પરિમાણ છે. ભાવાર્થ એ છે કે એક બેઇન્દ્રિય વડે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણખંડ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળે અપહરાય છે, બીજા વડે પણ તેટલો ખંડ તેટલા કાળે અપહરાય છે, એમ બધા બેઇન્દ્રિયો વડે અપહાર કરાતાં સમગ્ર પ્રતર અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળે અપહરાય છે. મુક્ત શરીરો સામાન્ય મુક્તની પેઠે જાણવા. બદ્ધ તૈજસ અને કાર્મણ શરીરો બદ્ધ ઔદારિકની પેઠે જાણવાં. બદ્ધ વૈક્રિય શરીરો તેઓને નથી, મુક્ત વૈક્રિય શરીરો મુક્ત વૈક્રિયની જેમ જાણવાં. એ પ્રમાણે બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો સંબન્ધે પણ જાણવું. તિર્યંચ પંચેન્દ્રિયોને બદ્ધ અને મુક્ત ઔદારિક શરીરો બેઇન્દ્રિયોની પેઠે જાણવાં. તેઓને બદ્ધ વૈક્રિય શરીરો અસંખ્યાતાં છે. તેમાં તેઓ કાળથી પરિમાણના વિચારોમાં 'અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી કાળે અપહરાય છે. ક્ષેત્રથી અસંખ્યાતી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલાં છે. તે શ્રેણિઓનું પરિમાણ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે- **'जहा असुरकुमाराणं'** ઇતિ. જેમ અસુરકુમારોને કહ્યું તેમ કહેવું. પરન્તુ એટલું વિશેષ છે કે વિષ્કંભસૂચીના પરિમાણના વિચારમાં અસુરકુમારોને અંગુલપ્રમાણ ક્ષેત્રના વર્ગમૂલનો સંખ્યાતમો ભાગ કહ્યો છે, પણ અહીં અસંખ્યાતમો ભાગ જાણવો. તાત્પર્ય એ છે કે અંગુલપ્રમાણ આકાશક્ષેત્રના પ્રદેશોનું જે પ્રથમ વર્ગમૂલ તેના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો છે તેટલા પ્રદેશોની સૂચિ ગ્રહણ કરવી. અને તે સૂચી વડે સ્પર્શ કરાયેલી શ્રેણિઓના જેટલા આકાશપ્રદેશો છે તેટલા તિર્યંચ પંચેન્દ્રિયોના બદ્ધ વૈક્રિય શરીરો છે. કહ્યું છે કે **''अंगुलमूलासंखेज्जभागप्पमिया उ होंति सेढिओ। उत्तरविउव्वियाणं तिरियाणं सन्निपज्जाणं''॥** ઉત્તર વૈક્રિયવાળા સંજ્ઞી પર્યાપ્ત તિર્યંચોને અંગુલના વર્ગમૂળના અસંખ્યાતમા ભાગપ્રમાણ શ્રેણિઓ હોય છે. મુક્ત વૈક્રિય શરીરો સામાન્ય મુક્ત શરીરની પેઠે જાણવાં. બદ્ધ તૈજસ અને કાર્મણ શરીરો બદ્ધ ઔદારિક શરીરની પેઠે જાણવાં. અને મુક્ત તૈજસ અને કાર્મણ શરીરો સામાન્ય મુક્ત તૈજસ કાર્મણ શરીરોની પેઠે જાણવાં. ॥૭॥૪૧૨॥

## ।। मणुस्साणं बद्ध-मुक्कसरीरपरूवणा ।।

**मणुस्साणं भंते! केवइया ओरालियसरीरगा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं सिय संखिज्जा सिय असंखिज्जा, जहण्णपदे संखेज्जा, संखेज्जाओ कोडाकोडीओ, तिजमलपयस्स उवरिं चउजमलपयस्स हिट्ठा, अहवणं छट्ठो वग्गो पंचमवग्गपडुप्पन्नो, अहवणं छण्णउईछेयणगदाई रासी, उक्कोसपए असंखिज्जा, असंखिज्जाहिं उस्सप्पिणि-ओसप्पिणीहिं अवहीरंति कालतो, खेत्तओ रूवपक्खित्तेहिं मणुस्सेहिं सेढी अवहीरइ, तीसे सेढीए कालखेत्तेहिं अवहारो मग्गिज्जइ-[असंखेज्जा] असंखेज्जाहिं उस्सप्पिणि-ओसप्पिणीहिं कालतो, खेत्ततो अंगुलपढमवग्गमूलं तइयवग्गमूलपडुप्पण्णं। तत्थ णं जे ते मुक्केल्लगा ते जहा ओरालिया ओहिया मुक्केल्लगा। वेउव्वियाणं भंते! पुच्छा। गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-बद्धेल्लगा य मुक्केल्लगा य। तत्थ णं जे ते बद्धेल्लगा ते णं संखिज्जा, समए २ अवहीरमाणा २ संखेज्जेणं कालेणं अवहीरंति, नो चेव णं अवहिरिया सिया। तत्थ णं जे ते मुक्केल्लगा ते णं जहा ओरालिया ओहिया। आहारगसरीरा जहा ओहिया। तेया-कम्मगा जहा एतेसिं चेव ओरालिया।**

## ।। देवाणं बद्ध–मुक्कसरीरपरूवणा ।।

वाणमंतराणं जहा नेरइयाणं ओरालिया आहारगा य। वेउव्वियसरीरगा जहा नेरइयाणं, नवरं तासि णं सेढीणं विक्खंभसूई, संखेज्जजोअणसयवग्गपलिभागो पयरस्स। मुक्किल्लया जहा [ओहिया][1] ओरालिया, [आहारगसरीरा जहा असुरकुमाराणं, (जहा नेरइयाणं)[2]] तेया-कम्मया जहा एतेसि चेव वेउव्विता। जोइसियाणं एवं चेव, नवरं तासिणं सेढीणं विक्खंभसूई, बिछप्पनंगुलसयवग्गपलिभागो पयरस्स। वेमाणियाणं एवं चेव, नवरं तासि णं सेढीणं विक्खंभसूई अंगुल-बितीयवग्गमूलं तइयवग्गमूलपडुप्पन्नं, अहवणं अंगुलतइयवग्गमूलघणप्पमाणमेत्ताओ सेढीओ, सेसं तं चेव ।।सू०-८।।४१३।।

**पन्नवणाए भगवईए बारसमं सरीरपयं समत्तं।**

*(મૂ૦) હે ભગવન્! મનુષ્યોને કેટલાં પ્રકારના ઔદારિક શરીરો કહ્યાં છે? હે ગૌતમ! બે પ્રકારના કહ્યાં છે. તે આ પ્રમાણે—બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે કદાચ સંખ્યાતા હોય અને કદાચિત્ અસંખ્યાતા હોય. જઘન્ય પદે સંખ્યાતા હોય છે કે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ હોય છે. અથવા ત્રણ યમલપદના ઉપર અને ચાર યમલપદની નીચે છે. અથવા પાંચમા વર્ગ વડે છઠ્ઠા વર્ગને ગુણતાં જેટલી સંખ્યા આવે તેટલાં છે. અથવા છન્નું વાર છેદ આપી શકાય એટલા રાશિપ્રમાણ છે. ઉત્કૃષ્ટ પદે અસંખ્યાતા છે. અને તે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી એક સંખ્યાનો પ્રક્ષેપ કરવાથી મનુષ્યો વડે સમગ્ર શ્રેણિ અપહરાય છે. તે શ્રેણિના આકાશ પ્રદેશોનો અપહાર વિચારીએ તો તેઓ અસંખ્યાતા થાય છે અને કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે અપહરાય છે. ક્ષેત્રથી અંગુલના પ્રથમ વર્ગમૂલને ત્રીજા વર્ગમૂલ વડે ગુણતાં જે સંખ્યા આવે તેટલાં જાણવા. તેમાં જે મુક્ત શરીરો છે તે ઔદારિક સામાન્ય મુક્ત શરીરની પેઠે જાણવા. હે ભગવન્! વૈક્રિયશરીર સંબંધે પૃચ્છા. હે ગૌતમ! બે પ્રકારના છે. તે આ પ્રમાણે–બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ શરીરો છે તે સંખ્યાતા છે અને તે સમયે સમયે તેનો અપહાર કરતાં સંખ્યાતા કાળે–સમયે અપહરાય પરન્તુ એમ અપહરાયેલાં નથી. તેમાં જે મુક્ત શરીરો છે તે સામાન્ય ઔદારિકની જેમ જાણવા. તૈજસ અને કાર્મણ શરીરો એઓને જેમ ઔદારિક શરીરો કહ્યાં છે તેમ કહેવાં વ્યંતરોને નૈરયિકોની પેઠે ઔદારિક અને આહારક શરીરો કહેવાં અને વૈક્રિય શરીરો નૈરયિકોની પેઠે કહેવાં. પરંતુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ (સંખ્યાતગુણ હીન) જાણવી. સંખ્યાતા સેંકડો યોજનના વર્ગ પ્રમાણ ખંડ પ્રતરને પૂરવા કે અપહરવામાં જાણવો. મુક્ત શરીરો ઔદારિકની પેઠે જાણવા. આહારક શરીરો જેમ અસુરકુમારોના કહ્યાં તેમ કહેવાં. [આહારક શરીર જેમ નૈરયિકોને કહ્યા તેમ કહેવા – આ અર્થ ટીકાનુસારી છે.] તૈજસ અને કાર્મણ શરીર એઓને વૈક્રિય શરીરો કહ્યાં છે તેમ કહેવાં. જ્યોતિષિકોને એમ જ સમજવું, પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ પણ (સંખ્યાતગુણી) જાણવી. બસો છપ્પન અંગુલના વર્ગ પ્રમાણ ખંડ પ્રતરને પૂરવામાં કે ઉપહાર કરવામાં જાણવો. વૈમાનિકો સંબંધે પણ એમજ જાણવું. પરન્તુ તે શ્રેણિઓની વિષ્કંભસૂચિ અંગુલના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂલ વડે ગુણતાં જેટલા પ્રદેશો આવે તેટલા પ્રદેશપ્રમાણ જાણવી. અથવા અંગુલના ત્રીજા વર્ગમૂળના ઘનપ્રમાણ જાણવી. ।।૮।।૪૧૩।।*

*પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદમાં બારમું શરીરપદ સમાપ્ત.*

(ટી૦) મનુષ્યોના બદ્ધ ઔદારિક શરીરો '**स्यात्**' કદાચિત્ સંખ્યાતા હોય અને કદાચિત્ અસંખ્યાતા હોય. અહીં તાત્પર્ય એ

१. आहारगसरीरा जहा असुरकुमाराणं अयं पाठभेदः केवलं पु. २ प्रतौ लेखकलिखित आसीत् किन्तु शोधकेन परावृत्त्य आहारगसरीरा जहा नेरइयाणं इति कृत्वा पुनः एतदुपरि जहा असुरकुमाराणं इति टिप्पणी लिखिता वर्त्तते॥ (महावीरविद्यालयप्रकाशितपुस्तके)

२. ટીકાંમાં વ્યાખ્યા **जहा नेरइयाणं** ની છે.

છે કે—મનુષ્યો બે પ્રકારના છે–ગર્ભજ અને સંમૂર્ચ્છિમ. તેમાં ગર્ભજ હમેશાં સ્થાયી હોય છે, એવો કોઇ કાળ નથી જેમાં ગર્ભજ મનુષ્યોનો અભાવ હોય. સંમૂર્ચ્છિમ મનુષ્યો કદાચિત્ હોય છે અને કદાચિત્ સર્વથા હોતા નથી. કારણ કે તેઓનું ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્તનું આયુષ્ય છે અને તેઓનું ઉત્પત્તિનું અન્તર ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત પ્રમાણ છે. તેથી જ્યારે સર્વથા સંમૂર્ચ્છિમ મનુષ્યો હોતા નથી અને કેવળ ગર્ભજ મનુષ્યો જ હોય છે ત્યારે તેઓ સંખ્યાતા હોય છે. કારણ કે ગર્ભજ મનુષ્યો હમેશાં સંખ્યાતા જ હોય છે, તેનું કારણ એ છે કે તેઓ મહાશરીરવાળા અને પ્રત્યેક શરીરવાળા છે તથા પરિમિત ક્ષેત્રમાં રહે છે. જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યો હોય છે ત્યારે અસંખ્યાતા હોય છે, કારણ કે તેઓ ઉત્કૃષ્ટથી શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. તે પ્રકારે સૂત્રકાર કહે છે—'**जहन्नपदे संखेज्जा**' ઇત્યાદિ. 'જઘન્યપદે સંખ્યાતા હોય છે' જ્યારે સૌથી થોડા મનુષ્ય હોય તે જઘન્ય પદ. આ જઘન્ય પદમાં સંમૂર્ચ્છિમોનું ગ્રહણ છે કે ગર્ભજ મનુષ્યોનું ગ્રહણ છે? ઉત્તર-સંમૂર્ચ્છિમોનું ગ્રહણ નથી, પરન્તુ ગર્ભજોનું ગ્રહણ છે, કારણ કે તેઓ જ હમેશાં અવસ્થિત હોવાથી સંમૂર્ચ્છિમના અભાવમાં સૌથી થોડા હોય છે. અને ઉત્કૃષ્ટ પદમાં બન્ને પ્રકારના મનુષ્યોનું ગ્રહણ છે. એ સંબન્ધે મૂલ ટીકાકાર કહે છે કે—'**सेतराणां ग्रहणमुत्कृष्टपदे, जघन्यपदे गर्भव्युत्क्रान्तिनामेव केवलानां ग्रहणम्**'। ઉત્કૃષ્ટપદે સંમૂર્ચ્છિમ અને ગર્ભજ છે અને જઘન્યપદે કેવલ ગર્ભજનું ગ્રહણ છે. આ જઘન્યપદમાં સંખ્યાતા મનુષ્યો છે. તેમાં સંખ્યાતાના સંખ્યાતા ભેદો છે તેથી 'તેઓ કેટલાં' છે એમ ન જાણી શકાય માટે વિશેષ સંખ્યાનો નિર્ણય કરે છે—'**संख्येयाः कोटाकोट्यः**' સંખ્યાતા કોટાકોટી મનુષ્યો છે. તે સિવાય બીજું તેથી વિશેષ પરિમાણ જણાવે છે—'**तिजमलपयस्स उवरि, चउजमलपयस्स हेट्ठं**' ઇતિ. ત્રણ યમલ પદના ઉપર અને ચાર યમલ પદની નીચે છે, અહીં મનુષ્યની સંખ્યા જણાવનાર ઓગણત્રીશ અઙ્કસ્થાન આગળ કહેવામાં આવશે, તેમાં આગમની પરિભાષા-સંકેતથી આઠ આઠની 'યમલપદ' એવી સંજ્ઞા છે. ચોવીશ અઙ્કસ્થાન વડે ત્રણ યમલપદ થાય છે. ઉપરના પાંચ અઙ્કસ્થાન બાકી રહે છે, પણ યમલપદ આઠ અઙ્કસ્થાનવડે થતું હોવાથી ચોથું યમલપદ થતું નથી. માટે કહ્યું છે કે 'ત્રણ યમલપદના ઉપર છે, કારણ કે પાંચ અઙ્કસ્થાનો વધે છે, અને ચોથા યમલપદની નીચે છે, કારણ કે ત્રણ અઙ્કસ્થાનો વડે ન્યૂન છે. અથવા બબ્બે વર્ગનો સમુદાય તે એક યમલપદ, ચાર વર્ગનો સમુદાય તે બે યમલપદ અને છ વર્ગનો સમુદય તે ત્રણ યમલપદ અને આઠ વર્ગનો સમુદાય તે ચાર યમલપદ છે. કારણ કે તેમાં છ વર્ગની ઉપર અને સાતમા વર્ગની નીચે છે. તે માટે કહ્યું છે—કે ત્રણ યમલ પદની ઉપર અને ચાર યમલ પદની નીચે છે. હવે સંખ્યા બતાવે છે—'**अहव णं छट्ठवग्गो पञ्चमवग्गपडुप्पनो**' ઇતિ. અથવા છઠ્ઠા વર્ગને પાંચમા વર્ગ વડે ગુણવાથી જેટલી સંખ્યા થાય તેટલા જઘન્યપદે મનુષ્યો છે. તેમાં એકનો વર્ગ એક જ થાય, તેની વૃદ્ધિ ન થાય, માટે તેની ગણના થતી નથી. બેનો વર્ગ ચાર એ પ્રથમ વર્ગ, ચારનો વર્ગ સોળ એ બીજો વર્ગ, સોળનો વર્ગ બસોને છપ્પન એ ત્રીજો વર્ગ, અને બસો છપ્પનનો વર્ગ પાંસઠ હજાર પાંચસો છત્રીશ એ ચોથો વર્ગ, અને તેનો વર્ગ ચારસો ઓગણત્રીશ ક્રોડ ઓગણપચાસ લાખ સડસઠ હજાર બસો ને છન્નુ એ પાંચમો વર્ગ. કહ્યું છે કે—'ચારસો ઓગણત્રીશ ક્રોડ ઓગણપચાસ લાખ, સડસઠ હજાર બસો ને છન્નુ એ સંક્ષેપથી પાંચમો વર્ગ છે. એનો છઠ્ઠો વર્ગ કરીએ અને જે આવે તે કહીશ. એ પાંચમા વર્ગનો જે વર્ગ થાય તે છઠ્ઠો વર્ગ. તેનું પરિમાણ—એક લાખ ચોરાશી હજાર ચારસો ને સડસઠ કોટાકોટી, ચુમ્માલીશ લાખ સાત હજાર ત્રણસો સિત્તેર કોટી અને પંચાણુ લાખ એકાવન હજાર છસ્સો સોળ એ છઠ્ઠો વર્ગ છે. કહ્યું છે કે –'એક લાખ, ચોરાશી હજાર ચારસો સડસઠ કોડોકોડી, ચુમ્માલીશ લાખ સાત હજાર ત્રણસો સિત્તેર કોડી અને પંચાણું લાખ એકાવન હજાર છસ્સો ને સોળ એ છઠ્ઠો વર્ગ થાય છે. તેને પાંચમા વર્ગ વડે ગુણતાં જેટલી સંખ્યા થાય તેટલા જઘન્યપદે મનુષ્યો છે. તે સંખ્યા આટલી થાય છે–૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬. એ ઓગણત્રીશ અંકસ્થાનો છે. એને કોટાકોટી વગેરે સંખ્યાથી કોઇપણ રીતે કહી શકાય તેમ નથી તેથી છેલ્લા અંકથી માંડી અંકસ્થાનોનો સંગ્રહ માત્ર પૂર્વાચાર્ય પ્રણીત બે ગાથાઓ દ્વારા કહે છે–છ, ત્રણ, ત્રણ, શૂન્ય, પાંચ, નવ, ત્રણ, ચાર, પાંચ, ત્રણ, નવ, પાંચ, સાત, ત્રણ, ત્રણ, ચાર, છ, બે, ચાર, એક, પાંચ, બે, છ, એક, આઠ, બે, બે, નવ અને સાત એટલા અંક સ્થાનો ઉપર

ઉપરના છે, અથવા આ અંક સ્થાનના પ્રથમાક્ષરની સંગ્રહગાથા છે—

छ-ति-ति-सु-पण-नव-ति-च-प-ति-न-प-स-ति-ति-चउ-छ-दो ।
च-ए-प-दो-छ-ए-अ-दो-दो-ण-स पढमक्खरसन्तियट्ठाणा ॥

આ ઉપર કહેલા પ્રથમાક્ષર સંબન્ધી સ્થાનો છે. આ ઓગણત્રીશ અંકસ્થાનોની પૂર્વાચાર્યોએ પૂર્વ અને પૂર્વાઙ્ગ વડે સંખ્યા કહી છે તે બતાવે છે—તેમાં ચોરાશી લાખની પૂર્વાઙ્ગ સંજ્ઞા છે. ચોરાશી લાખને ચોરાશી લાખ વડે ગુણીએ એટલે પૂર્વ થાય છે. તેનું પરિમાણ સિત્તેર લાખ છપ્પન હજાર ક્રોડ થાય છે. એ સંખ્યા વડે પૂર્વોક્ત ઓગણત્રીશ આંકવાળી સંખ્યાનો ભાગાકાર કરવો. એટલે આ નીચેની સંખ્યા આવે છે—અગિયાર કોટાકોટી, બાવીશ લાખ કોટી, ચોરાશી હજાર કોટી, એકસો અઢાર કોટી, એકાશી લાખ, પંચાણુ હજાર ત્રણસો અને છપ્પન એટલા પૂર્વો, ત્યાર પછી પૂર્વ વડે ભાગ ચાલતો નથી. તેથી પૂર્વાઙ્ગ વડે ભાગ ચલાવવો. તેથી આ નીચે બતાવેલી સંખ્યા આવે છે. એકવીશ લાખ, સીત્તેર હજાર, છસોને ઓગણસાઠ પૂર્વાઙ્ગ. ત્યાર બાદ નીચેની સંખ્યા શેષ રહે છે. ત્ર્યાશી લાખ, પચાસ હજાર, ત્રણસો અને છત્રીશ. એ પ્રમાણે મનુષ્યોની સંખ્યા છે. એ અર્થને જણાવનારી પૂર્વાચાર્ય રચિત આ ગાથા આપવામાં આવી છે—'મનુષ્યોની સંખ્યા જઘન્યપદે અગિયાર કોટાકોટી, બાવીશ લાખ કોટી, ચોરાશી હજાર કોટી, એકસો અઢાર કોટી, તે પછી એકાશી લાખ, પંચાણુ હજાર, ત્રણસો છપ્પન એટલા પૂર્વો છે અને તેનું સ્વરૂપ પૂર્વે વર્ણવેલું છે. એથી અધિક બીજા આ પૂર્વાઙ્ગો છે. એકવીશ લાખ સિત્તેર હજાર છસો ને ઓગણસાઠ એટલા પૂર્વાઙ્ગો છે, અને (તે ઉપર) ત્ર્યાશી લાખ પચાસ હજાર ત્રણસો ને છત્રીશ, એટલા બધા મનુષ્યો છે. આ જ સંખ્યાને વિશેષ જ્ઞાનની ખાતર પ્રકારાન્તરે બતાવે છે—'**अहव णं छण्णउईछेयणगदायी रासी**' ઇતિ. અથવા જે સંખ્યાને છન્નું વાર છેદ આપી શકાય તેટલા મનુષ્યો છે. તાત્પર્ય એ છે કે જે રાશિને અર્ધ અર્ધ છેદ આપતાં છન્નું વાર છેદ આપી શકાય અને છેવટે એક બાકી રહે તે રાશિપ્રમાણ મનુષ્યો જાણવા. કઇ રાશિ એવી છે કે તેને છન્નું વાર છેદ આપી શકાય? ઉત્તર–પાંચમા વર્ગને છઠ્ઠા વર્ગની સાથે ગુણતાં જે આવે તે રાશિને છન્નું વાર છેદ આપી શકાય છે. તે આ પ્રમાણે–પ્રથમના વર્ગને છેદ આપતાં બે વાર છેદ આપી શકાય છે. જેમકે પ્રથમ વર્ગ ચાર છે તેનો પ્રથમ છેદ બે અને બીજો છેદ એક. બીજા વર્ગને ચાર છેદ આપી શકાય છે. તેમાં પ્રથમ છેદ આઠ, બીજો છેદ ચાર, ત્રીજો છેદ બે અને ચોથો છેદ એક. એવી રીતે ત્રીજા વર્ગનો આઠ વાર ચોથા વર્ગનો સોળવાર, પાંચમા વર્ગનો બત્રીશવાર અને છઠ્ઠા વર્ગનો ચોસઠવાર છેદ કરી શકાય છે. અને પછી પાંચમા વર્ગ સાથે ગુણવામાં આવે છે, એટલે તે રાશિને છન્નુંવાર છેદ આપી શકાય છે. એ શી રીતે જાણી શકાય? ઉત્તર—જે જે વર્ગનો જે જે વર્ગની સાથે ગુણાકાર કરવામાં આવે ત્યાં ત્યાં તે બન્નેનો છેદ પ્રાપ્ત થાય છે. જેમ કે બીજા વર્ગનો પ્રથમ વર્ગ વડે ગુણાકાર કરવામાં આવે તો તે રાશિ છ છેદને પ્રાપ્ત થાય છે. જેમ કે બીજો વર્ગ સોળ છે તેને પ્રથમ વર્ગ ચાર વડે ગુણતાં ચોસઠ થાય. તેનો પ્રથમ છેદ બત્રીશ, બીજો સોળ, ત્રીજો આઠ, ચોથો ચાર, પાંચમો બે અને છઠ્ઠો છેદ એક, એ પ્રમાણે બીજા સ્થળે પણ જાણવું. તેમાં પાંચમા વર્ગમાં બત્રીશ છેદ અને છઠ્ઠા વર્ગમાં ચોસઠ છેદ થાય છે. તેથી પાંચમા વર્ગ વડે છઠ્ઠા વર્ગને ગુણતાં જે સંખ્યા આવે તેનો છન્નું વાર છેદ થાય છે. અથવા એકને સ્થાપી તેના છન્નું વાર બમણા બમણા કરવા અને તેમ કરવાથી તેની એટલી સંખ્યા થાય છે કે તેને છન્નું વાર છેદ આપી શકાય છે. એ પ્રમાણે જઘન્ય પદ કહ્યું, હવે ઉત્કૃષ્ટ પદ કહે છે—ઉત્કૃષ્ટપદે મનુષ્યો અસંખ્યાતા હોય છે. તેમાં પણ કાળને આશ્રયી પરિમાણનો વિચાર કરીએ ત્યારે પ્રતિસમય એક એક મનુષ્યનો અપહાર કરાતાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી વડે બધા મનુષ્યો અપહરાય. અને ક્ષેત્રને આશ્રયી એક સંખ્યા ઉમેરીએ તો મનુષ્યો વડે સંપૂર્ણ શ્રેણિ અપહરાય. તાત્પર્ય એ છે કે ઉત્કૃષ્ટપદે જે મનુષ્યો છે તેઓમાં અસત્કલ્પનાથી એક મનુષ્ય ઉમેરીએ તો એક આખી શ્રેણિ અપહરાય. તે શ્રેણિની ક્ષેત્ર અને કાળને આશ્રયી અપહારમાર્ગણા–તેમાં કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી

અવસર્પિણી વડે અને ક્ષેત્રથી અંગુલના પ્રથમ વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળની સાથે ગુણતાં જે સંખ્યા આવે, જેમ કે અંગુલમાત્ર ક્ષેત્રના પ્રદેશરાશિનું પ્રમાણ અસત્કલ્પનાથી બસો છપ્પન છે, તેના પ્રથમ વર્ગમૂળ સોળને ત્રીજા વર્ગમૂળરૂપ બે વડે ગુણવા, અને ગુણવાથી અસત્કલ્પનાએ બત્રીશ પ્રદેશો આવે, એટલા પ્રદેશપ્રમાણ ખંડ વડે અપહાર કરતાં જેટલામાં શ્રેણિ પૂરી થાય છે તેટલામાં મનુષ્યો પણ પૂરા થાય છે.

પ્ર૦—પૂર્વે કહેલા પ્રમાણના ખંડો વડે એક શ્રેણિનો અપહાર કરતાં અસંખ્યાતા ઉત્સર્પિણી—અવસર્પિણીઓ કેમ લાગે? ઉ૦—ક્ષેત્ર અતિસૂક્ષ્મ હોવાથી. સૂત્રમાં પણ કહ્યું છે કે 'કાળ સૂક્ષ્મ છે અને તેથી અધિક સૂક્ષ્મ ક્ષેત્ર છે. અંગુલપ્રમાણ શ્રેણિમાં (સમયે સમયે એક એક પ્રદેશનો અપહાર કરતાં) અસંખ્યાતી ઉત્સર્પિણી—અવસર્પિણીઓ લાગે છે. ઔદારિક મુક્ત શરીરો સામાન્ય મુક્તની પેઠે જાણવાં. બદ્ધ વૈક્રિય શરીરો સંખ્યાતા છે, કારણ કે ગર્ભજમાં કેટલાકને જ વૈક્રિયલબ્ધિનો સંભવ છે. મુક્ત વૈક્રિયશરીરો સામાન્ય મુક્તની પેઠે જાણવાં. આહારક શરીરો સામાન્ય આહારકની જેમ અને બદ્ધ તૈજસ કાર્મણ શરીરો બદ્ધ ઔદારિકની પેઠે સમજવા. તથા મુક્ત તૈજસ અને કાર્મણ સામાન્ય મુક્તની જેમ જાણવા.

વ્યન્તરોને ઔદારિક શરીરો નૈરયિકોની જેમ સમજવા. તેઓને બદ્ધ વૈક્રિયશરીરો અસંખ્યાતા છે. તેમાં કાળથી પરિમાણ—પ્રતિસમય એક એકનો અપહાર કરવામાં આવે તો અસંખ્યાતી ઉત્સર્પિણી—અવસર્પિણી વડે અપહરાય. ક્ષેત્રથી પરિમાણ—અસંખ્યાતી શ્રેણિઓ, એટલે અસંખ્યાતી સૂચિ શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા વ્યન્તરો છે. તે શ્રેણિઓ કેટલી છે? પ્રતરના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. વૈક્રિય શરીરો નૈરયિકોની પેઠે વ્યન્તરોને જાણવા. કેવળ સૂચિમાં વિશેષતા છે. તે બાબત સૂત્રકાર જણાવે છે. પરંતુ માત્ર તે શ્રેણિઓની વિષ્કંભસૂચી કહેવી જોઇએ. અને તે પ્રસિદ્ધ હોવાથી કહી નથી. કેવી રીતે પ્રસિદ્ધ છે? ઉત્તર—અહીં મહાદંડકમાં પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો કરતાં અસંખ્યાતગુણહીન વ્યન્તરો કહ્યા છે. તેથી એની વિષ્કમ્ભસૂચી પણ તિર્યંચ પંચેન્દ્રિયની વિષ્કમ્ભસૂચી કરતાં અસંખ્યાતગુણહીન કહેવી જોઇએ. મૂલ ટીકાકાર પણ કહે છે—'કારણ કે મહાદંડકમાં પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો કરતાં અસંખ્યાતગુણા ઓછા વ્યન્તરો કહેલાં છે, તેથી વિષ્કમ્ભસૂચી પણ તે કરતાં અસંખ્યાતગુણ હીન કહેવી.' હવે પ્રતિભાગ કહેવાય છે—પ્રતિભાગ—ખંડ, સંખ્યાતા સેંકડો યોજનના વર્ગપ્રમાણ પ્રતિભાગ ખંડ પ્રતરને પૂરવામાં કે અપહરવામાં જાણવો. અહીં 'પૂરવામાં કે અપહરવામાં' એ વાક્યનો શેષ—અધ્યાહાર છે. સંખ્યાતા સેંકડો યોજનના વર્ગપ્રમાણ શ્રેણિખંડને વિષે એક એક વ્યન્તર સ્થાપીએ તો આખું પ્રતર પૂરું ભરાઇ જાય. અથવા એક એક વ્યન્તરનો અપહાર કરતાં સંખ્યાતા સેંકડો યોજનના વર્ગપ્રમાણ એક એક શ્રેણિખંડ અપહરીએ તો એક તરફ વ્યન્તરો ખાલી થાય અને બીજી તરફ આખું પ્રતર ખાલી થાય. મુક્ત શરીરો ઔધિક મુક્તની પેઠે જાણવા. આહારક શરીરો નૈરયિકોની જેમ, બદ્ધ તૈજસ અને કાર્મણ શરીરો બદ્ધ વૈક્રિયની પેઠે અને મુક્ત શરીરો ઔધિક મુક્તની જેમ જાણવા. જ્યોતિષ્કોને ઔદારિક શરીરો નૈરયિકની જેમ હોય છે. બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાતા છે. તેમાં કાળને આશ્રયી માર્ગણામાં પ્રતિસમય એક એકનો અપહાર કરવામાં આવે તો અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વડે બધા અપહરાય. ક્ષેત્રથી અસંખ્યાતી શ્રેણિઓ છે અને તે પ્રતરના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે, તે બાબત સૂત્રકાર કહે છે—'જ્યોતિષિકોને એમ જ સમજવું.' પરંતુ એટલો વિશેષ છે કે તે શ્રેણિઓની વિષ્કંભ સૂચી કહેવી જોઇએ. આ પણ સુપ્રસિદ્ધ હોવાથી કહી નથી, કારણ કે મહાદંડકમાં વ્યન્તરથી જ્યોતિષિકો સંખ્યાતગુણા કહ્યા છે, તેથી તેઓની વિષ્કંભસૂચી પણ વ્યન્તરોની વિષ્કંભસૂચી કરતાં સંખ્યાતગુણી જાણવી. તે બાબત મૂલ ટીકાકાર કહે છે—'કારણ કે વ્યન્તરોથી જ્યોતિષિકો સંખ્યાતગુણા કહેલા છે, તેથી તેઓની વિષ્કંભસૂચી પણ વ્યન્તરો કરતાં સંખ્યાતગુણી હોય છે.' પરંતુ પ્રતિભાગમાં સ્પષ્ટ વિશેષતા છે તે સૂત્રકાર જણાવે છે—બસો છપ્પન અંગુલના વર્ગપ્રમાણ પ્રતિભાગ—શ્રેણિનો ખંડ પ્રતરને પૂરવામાં કે અપહરવામાં ઉપયોગી છે. અહીં પણ આ ભાવાર્થ છે—બસો છપ્પન

અંગુલના વર્ગપ્રમાણ શ્રેણિખંડને વિષે એક એક જ્યોતિષિક સ્થાપવામાં આવે તો સંપૂર્ણ પ્રતર ભરાઇ જાય. અથવા એક એક જ્યોતિષિકનો અપહાર કરતાં એક એક બસો છપ્પન અંગુલના વર્ગપ્રમાણ શ્રેણિખંડનો અપહાર કરવામાં આવે તો એક તરફ બધા જ્યોતિષિકો ખાલી થઇ જાય અને બીજી તરફ સંપૂર્ણ પ્રતર ખાલી થાય. એ પ્રમાણે જ્યોતિષિકોનો વ્યન્તરોથી સંખ્યાતગુણ હીન પ્રતિભાગ છે અને સંખ્યાતગુણાધિક સૂચી છે. પંચસંગ્રહમાં તો બસો છપ્પન અંગુલ પ્રમાણ જ પ્રતિભાગ-ખંડ કહ્યો છે, પણ બસો છપ્પન અંગુલના વર્ગપ્રમાણ કહ્યો નથી. તે આ પ્રમાણે—"**छप्पन्नदोसयंगुलसूईपएसेहिं भाइयं पयरं जोइसिएहिं हिरइ**"। બસો છપ્પન અંગુલપ્રમાણ સૂચિપ્રદેશો વડે ભાગ આપેલું પ્રતર જ્યોતિષિકો વડે અપહરાય છે. મુક્ત શરીરો સામાન્ય મુક્તની જેમ, આહારક શરીરો નૈરયિકોની પેઠે, બદ્ધ તૈજસ અને કાર્મણ વૈક્રિયની પેઠે અને મુક્ત સામાન્ય મુક્ત શરીરની પેઠે જાણવાં. વૈમાનિકોને ઔદારિક શરીરો નૈરયિકોની જેમ જાણવાં. બદ્ધ વૈક્રિય શરીરો અસંખ્યાતા છે. તેમાં કાળને આશ્રયી માર્ગણા જ્યોતિષિકની પેઠે જાણવી. ક્ષેત્રથી માર્ગણા-અસંખ્યાતી શ્રેણિઓ છે. એટલે અસંખ્યાતી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલા છે. તે શ્રેણિઓનું પરિમાણ પ્રતરના અસંખ્યાતમા ભાગપ્રમાણ સમજવું, તેમાં પ્રતરનો અસંખ્યાતમો ભાગ નૈરયિકાદિની માર્ગણામાં પણ કહ્યો છે, માટે અહીં વિશેષતર પરિમાણ બતાવે છે-તે શ્રેણિઓની વિષ્કંભ સૂચી અંગુલના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગની સાથે ગુણતાં જેટલી સંખ્યા આવે તેટલા પ્રદેશપ્રમાણ જાણવી. એટલે કે અંગુલમાત્ર ક્ષેત્રના પ્રદેશો અસત્કલ્પનાથી બસો છપ્પન છે, તેનું પ્રથમ વર્ગમૂળ સોળ, બીજું વર્ગમૂળ અસત્કલ્પનાથી ચાર થાય, તેને ત્રીજા વર્ગમૂળ વડે એટલે અસત્કલ્પનાથી બે વડે ગુણતાં જેટલા પ્રદેશો આવે એટલે અસત્કલ્પનાથી આઠ પ્રદેશો આવે તેટલા પ્રદેશોની વિષ્કંભ સૂચિપ્રમાણ શ્રેણિઓ જાણવી. ત્યાં પણ અસત્કલ્પનાથી આઠ જ શ્રેણિઓ જાણવી. બન્ને પ્રકારે અર્થમાં ભેદ નથી. આહારક શરીરો નૈરયિકોની પેઠે, બદ્ધ તૈજસ કાર્મણ શરીરો બદ્ધ વૈક્રિયની પેઠે અને મુક્ત શરીરો સામાન્ય મુક્તશરીરની જેમ જાણવા. ॥૮॥૪૧૩॥

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં બારમું શરીરપદ સમાપ્ત.

- *અરિહંતની આરાધના ઉત્તમ ફળને આપનારી છે તેમ અરિહંતની આશાતનાથી કટુ ફળ મળે છે. એમાં આરાધનાથી ઉત્તમ ફળ માંતો અરિહંત નિમિત્ત છે જ, પણ આશાતનાના કટુ ફળામાં તો એ આત્માનો પોતાનો અશુભ યોગ જ નિમિત્ત છે.*
- *અનંતા કાળચક્રના પરિભ્રમણમાં એક એક કાળચક્રે જો એક એક વાર અરિહંત ભગવંતની પ્રાપ્તિ થઈ હોય તોય અનંતવાર અરિહંત ભગવંતની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ એમ કહી શકાય.*
- *અરિહંત ભગવંતનો ભેટો થાય ત્યારે ઉદ્ધાર થઈ જ જાય એમ નથી. પારસ અને લોખંડ મળી જાય પણ જો વચમાં મલમલનો પાતળો પડદો રહેલો હોય તો શું એ લોખંડ સોનું બને ખરું? ન જ બને. એમ આપણે ભૌતિક પદાર્થો મેળવવાની મમતાનો આછો પાતળો પણ પડદો રાખીને જ અરિહંત પરમાત્માને મલ્યા છીએ અને તેથી જ આપણે જીવમાંથી શીવ ન બન્યા.*
- *અરિહંતનું શાસન મળ્યા પછી એને વફાદાર રહે, અને અરિહંતની આજ્ઞાનુસાર ચાલનારા સદ્ગુરૂ ભગવંતોના અનુશાસનમાં રહે એને જ આ શાસન હિતકર બને.*

- જયાનંદ

## ।। तेरसमं परिणामपयं ।।

## ।। जीवपरिणामपरूवणा ।।

**कतिविधे णं भंते! परिणामे पण्णत्ते? गोयमा! दुविहे परिणामे पन्नत्ते, तं जहा-जीवपरिणामे य अजीवपरिणामे य। जीवपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! दसविधे पन्नत्ते, तं जहा-गतिपरिणामे १, इंदियपरिणामे २, कसायपरिणामे ३, लेसापरिणामे ४, जोगपरिणामे ५, उवओगपरिणामे ६, णाणपरिणामे ७, दंसणपरिणामे ८, चरित्तपरिणामे ९, वेदपरिणामे १० ।।सू०-१।।४१४।।**

***તેરમું પરિણામ પદ.***

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો પરિણામ કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો પરિણામ કહ્યો છે. તે આ પ્રમાણે-જીવપરિણામ અને અજીવપરિણામ. હે ભગવન્! જીવપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! દસ પ્રકારનો છે. તે આ પ્રમાણે-૧ ગતિપરિણામ, ૨ ઇન્દ્રિયપરિણામ, ૩ કષાયપરિણામ, ૪ લેશ્યાપરિણામ, ૫ યોગપરિણામ, ૬ ઉપયોગપરિણામ, ૭ જ્ઞાનપરિણામ, ૮ દર્શનપરિણામ, ૯ ચારિત્રપરિણામ અને ૧૦ વેદપરિણામ.।।૧।।૪૧૪।।*

(ટી૦) એમ બારમા પદની વ્યાખ્યા કરી હવે તેરમા પદનો પ્રારંભ કરાય છે. તેનો સંબન્ધ આ પ્રમાણે છે—પૂર્વના પદમાં ઔદારિકાદિ શરીરનો વિભાગ કહ્યો, પરંતુ તે શરીરપરિણામ થવાથી થાય છે, પરિણામ સિવાય થતા નથી, તેથી પરિણામના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે આ પદનો પ્રારંભ કરવામાં આવે છે. તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**कइविहे णं भंते! परिणामे पन्नत्ते?**' હે ભગવન્! કેટલા પ્રકારના પરિણામ કહ્યા છે?-ઇત્યાદિ. દ્રવ્યોનું પરિણમન-રૂપાંતર કે અવસ્થાન્તર થવું તે પરિણામ. તે પરિણામ નયના ભેદોથી વિવિધ પ્રકારનો હોય છે. નૈગમાદિ અનેક પ્રકારના નયો છે. તે સર્વ નયોનો સંગ્રહ કરનાર બે નયો સિદ્ધાન્તમાં કહેલા છે-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. એ સંબન્ધે શ્રી મલ્લવાદી સૂરિ કહે છે—

'[1]**तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी। दव्वट्ठियो य पज्जवनओ य सेसा विगप्पा सिं ।।** (સન્મતિ. ગા. ૨)

"તીર્થંકરના વચનોના સંગ્રહરૂપ સામાન્યપ્રસ્તાર અને વિશેષપ્રસ્તારના મૂલનું પ્રતિપાદન કરનાર દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એ બે નયો છે અને બાકીના બધા તેના વિકલ્પો-ભેદો છે."

તેમાં દ્રવ્યાસ્તિક નયના મતે કથંચિત્ સત્ છતાં ઉત્તર પર્યાયરૂપ ધર્માન્તરને પામે તે પરિણામ કહેવાય, તેમાં પૂર્વ પર્યાયની સર્વથા સ્થિતિ હોતી નથી. તેમ તેનો એકાન્તથી નાશ પણ હોતો નથી એ સંબન્ધે કહ્યું છે કે "અર્થાન્તરરૂપે—અન્ય સ્વરૂપે થવું તે પરિણામ, તેની સર્વથા સ્થિતિ હોતી નથી, તેમ સર્વથા નાશ પણ હોતો નથી, તે પરિણામ તેના સ્વરૂપના જાણનારાઓએ માનેલો છે". પર્યાયાસ્તિક નયના મતે પૂર્વના સત્-વિદ્યમાન પર્યાયનો વિનાશ અને બીજા અસત્પર્યાયોની ઉત્પત્તિ તે પરિણામ કહેવાય છે. આ જ નયને આશ્રયી અન્યત્ર કહેવામાં આવ્યું છે કે સત્પર્યાયરૂપે નાશ અને અસત્પર્યાયરૂપે પ્રાદુર્ભાવ તે પરિણામ પર્યાયાસ્તિક નયના મતે છે." હવે ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! બે પ્રકારનો પરિણામ છે— જીવપરિણામ અને અજીવપરિણામ. તેમાં જીવનો પરિણામ પ્રાયોગિક-ચેતનાવ્યાપારજન્ય છે અને અજીવનો પરિણામ વૈસ્રસિક—સ્વાભાવિક છે. સૂત્રકાર તે પરિણામના ભેદો આગળ કહેશે, તે પ્રમાણે જીવ પરિણામના ભેદો કહે છે-'**जीवपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते**'? જીવપરિણામ કેટલા પ્રકારનો કહ્યા છે?-ઇત્યાદિ. જીવપરિણામ દસ પ્રકારનો છે. જેમકે-'**गतिपरिणाम**' ઇત્યાદિ. '**गम्यते**' નૈરયિકાદિ ગતિનામકર્મના ઉદયથી જે પ્રાપ્ત થાય તે ગતિ-નારકત્વાદિરૂપ પર્યાયનો પરિણામ, જીવોનો

૧. આ ગાથા સન્મતિતર્ક પ્રકરણની છે અને તેના કર્તા તરીકે સિદ્ધસેન દિવાકર પ્રસિદ્ધ છે. છતાં ટીકાકાર તેના કર્તા મલ્લવાદી તરીકે જણાવે છે તે વિચારણીય છે. કદાચ સન્મતિતર્કની આ ગાથા મલ્લવાદી સૂરિએ પોતાના (કોઈ) ગ્રન્થમાં લીધી હોય તેથી કદાચ એમ કહ્યું હોય તો તે સંભવિત છે.

તેવા પ્રકારનો ગતિરૂપ પરિણામ તે ગતિપરિણામ. ૨ '**इन्द्**' ધાતુ ઐશ્વર્ય અર્થમાં છે, જ્ઞાનરૂપ પરમ ઐશ્વર્યના સંબન્ધથી ઇન્દ્ર-આત્મા કહેવાય છે, તેનું ચિહ્ન તે ઇન્દ્રિય. અહીં 'ઇય' પ્રત્યય થયો છે. ઇન્દ્રિયરૂપ પરિણામ તે ઇન્દ્રિયપરિણામ. ૩ '**कषन्ति-हिंसन्ति परस्परं प्राणिनोऽस्मिन्**'-જેમાં પ્રાણીઓ પરસ્પર હિંસા કરે તે કષ-સંસાર, તેને **अयन्ते**—પ્રાપ્ત કરાવે છે તે કષાયો, તે રૂપ આત્માનો પરિણામ તે કષાયપરિણામ. ૪ લેશ્યા વગેરેનો શબ્દાર્થ આગળ કહેવાશે. લેશ્યા એ યોગના પરિણામરૂપ છે. લેશ્યારૂપ પરિણામ તે લેશ્યાપરિણામ. ૫ મન, વચન અને કાયાના યોગરૂપ પરિણામ તે યોગપરિણામ. ૬ ઉપયોગ-ચેતનાશક્તિના વ્યાપારરૂપ પરિણામ તે ઉપયોગપરિણામ. એ પ્રમાણે ૭ જ્ઞાનપરિણામ, ૮ દર્શનપરિણામ, ૯ ચારિત્રપરિણામ અને ૧૦ વેદપરિણામ સમ્બન્ધે વિચાર કરવો.

હવે આ દસ પ્રકારના પરિણામોને એ પ્રકારે ક્રમથી કહેવાનું પ્રયોજન બતાવે છે-૧ તે તે ઔદયિકાદિ ભાવને આશ્રિત સર્વ ભાવો ગતિપરિણામ સિવાય પ્રગટતા નથી, તેથી પ્રથમ ગતિપરિણામ કહ્યો છે. ૨ ગતિપરિણામ થવાથી અવશ્ય ઇન્દ્રિયપરિણામ થાય છે માટે ત્યારપછી ઇન્દ્રિયપરિણામ કહ્યો છે. ૩ ઇન્દ્રિયપરિણામ થવાથી ઇષ્ટ અને અનિષ્ટ વિષયના સંબન્ધથી રાગદ્વેષનો પરિણામ થાય છે માટે ત્યારબાદ કષાયપરિણામનું કથન કરેલું છે. કષાયપરિણામ અવશ્ય લેશ્યાપરિણામ સિવાય હોતો નથી, તે આ પ્રમાણે-લેશ્યાપરિણામ સયોગી કેવળી સુધી હોય છે, કારણ કે લેશ્યાની સ્થિતિના નિરૂપણના અવસરે લેશ્યાધ્યયનમાં શુક્લલેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે-'શુક્લલેશ્યાની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ નવ વર્ષ ન્યૂન પૂર્વ ક્રોડ વરસની છે. અને શુક્લ લેશ્યાની ઉત્કૃષ્ટ નવ વરસ ન્યૂન પૂર્વ કોટિ વરસની સ્થિતિ સયોગી કેવલીને વિષે જ ઘટી શકે, બીજે ઘટી શકતી નથી, અને કષાય પરિણામ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી હોય છે. જ્યાં કષાયપરિણામ હોય છે, ત્યાં અવશ્ય લેશ્યાપરિણામ હોય છે, અને લેશ્યાપરિણામ કષાયપરિણામ સિવાય પણ હોય છે, માટે કષાયપરિણામની પછી લેશ્યાપરિણામ કહ્યો છે. પણ લેશ્યાપરિણામની પછી કષાયપરિણામ કહ્યો નથી. ૫ લેશ્યાપરિણામ યોગના પરિણામરૂપ છે, કારણ કે 'યોગપરિણામો લેશ્યા' એવું શાસ્ત્રનું વચન છે. આ અર્થ લેશ્યાપદમાં સવિસ્તરપણે યુક્તિપૂર્વક કહેવામાં આવશે. માટે લેશ્યાપરિણામ કહ્યા પછી યોગપરિણામ કહ્યો છે. સંસારી જીવોને યોગનો પરિણામ થયા પછી ઉપયોગનો પરિણામ થાય છે, માટે યોગપરિણામ પછી ઉપયોગપરિણામનું કથન કર્યું છે. ૭ ઉપયોગ પરિણામ થવાથી જ્ઞાનપરિણામ થાય છે, માટે ત્યાર પછી જ્ઞાનપરિણામ કહ્યો છે. ૮ જ્ઞાનપરિણામ બે પ્રકારે છે—સમ્યગ્ જ્ઞાનપરિણામ અને મિથ્યા જ્ઞાનપરિણામ. તે બન્ને પ્રકારના જ્ઞાનપરિણામ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સિવાય થતા નથી, માટે ત્યાર પછી દર્શનપરિણામનું કથન કર્યું છે. ૯ સમ્યગ્દર્શન પરિણામ થવાથી જીવોને જિનવચનશ્રવણ દ્વારા નવા નવા સંવેગનો આવિર્ભાવ થવાથી ચારિત્રાવરણ કર્મના ક્ષયોપશમ વડે ચારિત્રપરિણામ થાય છે, માટે દર્શનપરિણામ પછી ચારિત્રપરિણામ કહ્યો છે. ૧૦ ચારિત્રપરિણામથી મહાસત્ત્વવાળા આત્માઓ વેદપરિણામનો નાશ કરે છે, માટે ચારિત્રપરિણામની પછી વેદપરિણામ કહ્યો છે. ॥૧॥૪૧૪॥

**गतिपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! चउव्विहे पन्नत्ते, तं जहा-नरयगतिपरिणामे, तिरियगतिपरिणामे, मणुयगतिपरिणामे, देवगतिपरिणामे १। इंदियपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! पंच विधे पन्नत्ते, तं जहा-सोतिंदियपरिणामे, चक्खिंदियपरिणामे, घाणिंदियपरिणामे, जिब्भिंदियपरिणामे, फासिंदियपरिणामे २। कसायपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! चउव्विहे पन्नत्ते, तं जहा-कोहकसायपरिणामे, माणकसायपरिणामे, मायाकसायपरिणामे, लोभकसायपरिणामे ३। लेस्सापरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! छव्विहे पन्नत्ते, तं जहा-कण्हलेस्सापरिणामे, नीललेस्सापरिणामे, काउलेस्सापरिणामे, तेउलेस्सापरिणामे, पम्हलेस्सापरिणामे, सुक्कलेस्सापरिणामे ४। जोगपरिणामे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! तिविधे पन्नत्ते, तं जहा-मणजोगपरिणामे, वइजोगपरिणामे कायजोगपरिणामे ५। उवओगपरिणामे णं भंते! कइविहे पन्नत्ते?**

**गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-सागारोवओगपरिणामे, अणागारोवओगपरिणामे य ६। णाणपरिणामे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा-आभिणिबोहियणाणपरिणामे, सुयणाणपरिणामे, ओहिनाण परिणामे, मणपज्जवणाणपरिणामे, केवलणाणपरिणामे। अण्णाणपरिणामे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! तिविहे पन्नत्ते, तं जहा-मइअण्णाणपरिणामे, सुयअण्णाणपरिणामे, विभंगणाणपरिणामे ७। दंसणपरिणामे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! तिविधे पन्नत्ते, तं जहा-सम्मद्दंसणपरिणामे, मिच्छादंसणपरिणामे, समामिच्छा-दंसणपरिणामे ८। चरित्तपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा-सामाइयचरित्तपरिणामे, छेदोवट्ठावणियचरित्तपरिणामे, परिहारविसुद्धियचरित्तपरिणामे, सुहुमसंपरायचरित्तपरिणामे, अहक्खायचरित्तपरिणामे ९। वेदपरिणामे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! तिविहे पन्नत्ते, तं जहा-इत्थिवेदपरिणामे, पुरिसवेदपरिणामे, णपुंसगवेदपरिणामे १०। ।।सू०-२।।४१५।।**

*(મૂ૦) હે ભગવન્! ગતિપરિણામ કેટલા પ્રકારે કહ્યો છે? હે ગૌતમ! ગતિપરિણામ ચાર પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે-૧ નરક ગતિપરિણામ, ૨ તિર્યંચગતિપરિણામ, ૩ મનુષ્યગતિપરિણામ અને ૪ દેવગતિપરિણામ. હે ભગવન્! ઇન્દ્રિયપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—૧ શ્રોત્રેન્દ્રિય-પરિણામ, ૨ ચક્ષુઇન્દ્રિયપરિણામ, ૩ ઘ્રાણેન્દ્રિયપરિણામ, ૪ જિહ્વેન્દ્રિપરિણામ અને ૫ સ્પર્શનેન્દ્રિયપરિણામ. હે ભગવન્! કષાયપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ ક્રોધકષાયપરિણામ,૨ માનકષાયપરિણામ, ૩ માયાકષાયપરિણામ અને ૪ લોભકષાયપરિણામ. હે ભગવન્! લેશ્યાપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! લેશ્યાપરિણામ છ પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ કૃષ્ણલેશ્યાપરિણામ, ૨ નીલલેશ્યાપરિણામ, ૩ કાપોતલેશ્યાપરિણામ, ૪ તેજોલેશ્યાપરિણામ, ૫ પદ્મલેશ્યાપરિણામ અને ૬ શુક્લલેશ્યાપરિણામ. હે ભગવન્! યોગપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનો છે, તે આ પ્રમાણે—૧ મનોયોગપરિણામ, ૨ વચનયોગપરિણામ અને ૩ કાયયોગપરિણામ. હે ભગવન્! ઉપયોગપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! બે પ્રકારનો છે. તે આ પ્રમાણે-સાકારોપયોગપરિણામ અને અનાકારોપયોગ-પરિણામ. હે ભગવન્! જ્ઞાનપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો છે, તે આ પ્રમાણે—૧ આભિનિબોધિકજ્ઞાનપરિણામ, ૨ શ્રુતજ્ઞાનપરિણામ, ૩ અવધિજ્ઞાનપરિણામ, ૪ મનઃપર્યવજ્ઞાનપરિણામ, અને ૫ કેવલજ્ઞાનપરિણામ. હે ભગવન્! અજ્ઞાનપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનો છે, તે આ પ્રમાણે—૧ મતિઅજ્ઞાનપરિણામ, ૨ શ્રુતઅજ્ઞાનપરિણામ અને ૩ વિભંગજ્ઞાનપરિણામ. હે ભગવન્! દર્શનપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે-સમ્યગ્દર્શનપરિણામ, મિથ્યાદર્શનપરિણામ અને સમ્યગ્મિથ્યાદર્શનપરિણામ. હે ભગવન્! ચારિત્રપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ સામાયિકચારિત્રપરિણામ, ૨ છેદોપસ્થાપનીય-ચારિત્રપરિણામ, ૩ પરિહારવિશુદ્ધિકચારિત્રપરિણામ, ૪ સૂક્ષ્મસંપરાયચારિત્રપરિણામ, અને ૫ યથાખ્યાતચારિત્રપરિણામ. હે ભગવન્! વેદપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ સ્રીવેદપરિણામ, ૨ પુરુષવેદપરિણામ અને ૩ નપુંસકવેદપરિણામ. ।।૨।।૪૧૫।।*

## ।। नेरइयाण परिणामा ।।

**नेरइया गतिपरिणामेण निरयगतिया, इंदियपरिणामेणं पंचिंदिया, कसायपरिणामेणं कोहकसाई वि जाव लोभकसाई वि, लेस्सापरिणामेणं कण्हलेस्सा वि नीललेस्सा वि काउलेस्सा वि, जोगपरिणामेणं मणजोगी वि वइजोगी वि कायजोगी वि, उवओगपरिणामेण सागरोवउत्ता वि अणागारोवउत्ता वि, णाणपरिणामेणं आभिणिबोहियणाणी**

वि सुयणाणी-वि ओहिणाणी वि, अण्णाणपरिणामेणं मइअण्णाणी वि सुयअण्णाणी वि विभंगणाणी वि, [1]दंसणपरिणामेणं सम्मदिट्ठी वि मिच्छदिट्ठी वि सम्मामिच्छदिट्ठी वि, चरित्तपरिणामेणं नो चरित्ती, नो चरित्ताचरित्ती, अचरित्ती, वेदपरिणामेणं नो इत्थीवेदगा, नो पुरिसवेदगा, नपुंसगवेदगा।

॥ भवणवासीणं परिणामा ॥

असुरकुमारा वि एवं चेव, णवरं देवगतिया, कण्हलेस्सा वि जाव तेउलेस्सा वि, वेदपरिणामेणं इत्थिवेदगा वि, पुरिसवेदगा वि, नो नपुंसगवेदगा, सेसं तं चेव। एवं जाव थणियकुमारा।

॥ एगिंदियाणं परिणामा ॥

पुढविकाइया गतिपरिणामेणं तिरियगतिया, इंदियपरिणामेणं एगिंदिया, सेसं जहा नेरइयाणं, नवरं लेस्सापरिणामेणं तेउलेस्सा वि, जोगपरिणामेणं कायजोगी, णाणपरिणामो णत्थि, अण्णाणपरिणामेणं मतिअण्णाणी वि, सुयअण्णाणी वि, दंसणपरिणामेणं मिच्छदिट्ठी, सेसं तं चेव। एवं आउ-वणस्सइकाइया वि। तेऊ वाऊ एवं चेव, णवरं लेस्सापरिणामेणं जहा नेरइया।

॥ विंगलिंदियाण परिणामा ॥

बेइंदिया गतिपरिणामेणं तिरियगतिया, इंदियपरिणामेणं बेइंदिया, सेसं जहा नेरइयाणं। णवरं जोगपरिणामेणं वयजोगी वि, कायजोगी वि, णाणपरिणामेणं आभिणिबोहियणाणी वि, सुअणाणी वि, अण्णाणपरिणामेणं मइअण्णाणी वि, सुयअण्णाणी वि, नो विभंगणाणी, दंसणपरिणामेणं सम्मदिट्ठी वि, मिच्छदिट्ठी वि, नो सम्मामिच्छदिट्ठी, सेसं तं चेव। एवं जाव चउरिंदिया, णवरं इंदियपरिवुड्ढी कायव्वा।

॥ पंचिंदियतिरियाणं परिणामा ॥

पंचिंदियतिरिक्खजोणिया गतिपरिणामेणं तिरियगतिया। सेसं जहा नेरइयाणं, णवरं लेस्सापरिणामेणं जाव सुक्कलेसा वि। चरित्तपरिणामेणं नो चरित्ती, अचरित्ती वि, चरित्ताचरित्ती वि, वेदपरिणामेणं इत्थिवेदगा वि, पुरिसवेदगा वि, नपुंसगवेदगा वि।

॥ मणुस्साणं परिणामा ॥

मणुस्सा गतिपरिणामेणं मणुस्सगतिया, इंदियपरिणामेणं पंचिंदिया, अणिंदिया वि, कसायपरिणामेणं कोहकसाई वि जाव अकसाई वि, लेस्सापरिणामेणं कण्हलेसा वि जाव अलेस्सा वि, जोगपरिणामेणं मणजोगी वि जाव अजोगी वि, उवओगपरिणामेणं जहा नेरइया, णाणपरिणामेण आभिणिबोहियणाणी वि जाव केवलणाणी वि, अण्णाणपरिणामेणं तिण्णि वि अण्णाणा, दंसणपरिणामेणं तिण्णि वि दंसणा, चरित्तपरिणामेणं चरित्ती वि अचरित्ती वि चरित्ताचरित्ती वि, वेदपरिणामेणं इत्थीवेयगा वि पुरिसवेदगा वि नपुंसगवेयगा वि अवेयगा वि।

॥ देवाणं परिणामा ॥

वाणमंतरा गतिपरिणामेणं देवगतिया, जहा असुरकुमारा एवं जोइसिया वि, नवरं लेस्सापरिणामेण तेउलेस्सा। वेमाणिया वि एवं चेव, नवरं लेस्सापरिणामेणं तेउलेस्सा वि पम्हलेस्सा वि सुक्कलेस्सा वि, से त्तं जीवपरिणामे ॥सू०-३॥४१६॥

---

१. णामेणं चक्खुदंसणी वि अचक्खुदंसणी वि ओहिदंसणी वि दिट्ठिपरिणामेणं सम्मदिट्ठि पाठान्तर (म.वि.टी.)

*(મૂ૦) નૈરયિકો ગતિપરિણામ વડે નરકગતિવાળા, ઇન્દ્રિયપરિણામ વડે પંચેન્દ્રિયો, કષાયપરિણામ વડે ક્રોધકષાયવાળા યાવત્ લોભકષાયવાળા, લેશ્યાપરિણામ વડે કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા, યોગપરિણામ વડે મનોયોગવાળા, વચનયોગવાળા અને કાયયોગવાળા, ઉપયોગપરિણામ વડે સાકાર ઉપયોગવાળા અને અનાકાર ઉપયોગવાળા, જ્ઞાનપરિણામ વડે આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની, અજ્ઞાનપરિણામ વડે મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની, દર્શનપરિણામ વડે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે. ચારિત્રપરિણામ વડે સર્વવિરતિચારિત્રવાળા અને દેશવિરતિચારિત્રવાળા નથી. પણ ચારિત્રરહિત–અવિરતિ હોય છે. વેદપરિણામ વડે સ્ત્રીવેદી અને પુરુષવેદી નથી, પણ નપુંસકવેદી હોય છે. અસુરકુમારો પણ એમજ જાણવા. પરન્તુ દેવગતિવાળા, કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા, વેદપરિણામ વડે સ્ત્રીવેદવાળા અને પુરુષવેદવાળા હોય છે, પરન્તુ નપુંસકવેદવાળા હોતા નથી. બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી કહેવું. પૃથિવીકાયિકો ગતિપરિણામ વડે તિર્યંચગતિવાળા અને ઇન્દ્રિયપરિણામ વડે એકેન્દ્રિયો હોય છે. બાકી બધું નૈરયિકોની પેઠે કહેવું. પરન્તુ લેશ્યાપરિણામ વડે તેજોલેશ્યાવાળા પણ હોય છે. યોગપરિણામ વડે કાયયોગવાળા હોય છે. તેઓમાં જ્ઞાનપરિણામ નથી. અજ્ઞાનપરિણામ વડે મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અને દર્શનપરિણામ વડે મિથ્યાદૃષ્ટિ હોય છે. બાકી બધું તેમજ જાણવું. અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો એમજ જાણવા. તેજસ્કાયિકો અને વાયુકાયિકો સંબંધે એમજ જાણવું. પરન્તુ તેઓ લેશ્યાપરિણામ વડે નૈરયિકોની જેમ જાણવા. બેઇન્દ્રિયો ગતિપરિણામ વડે તિર્યંચગતિવાળા અને ઇન્દ્રિયપરિણામ વડે બે ઇન્દ્રિયવાળા હોય છે. બાકી બધું નૈરયિકોની પેઠે કહેવું. પરન્તુ યોગપરિણામ વડે વચનયોગવાળા અને કાયયોગવાળા હોય છે. જ્ઞાનપરિણામ વડે આભિનિબોધિજ્ઞાની અને શ્રુતજ્ઞાની પણ હોય છે. અજ્ઞાનપરિણામ વડે મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની પણ હોય છે, પરન્તુ વિભંગજ્ઞાની હોતા નથી. દર્શનપરિણામ વડે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પણ હોય છે, પરન્તુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી. બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિયો સુધી કહેવું. પરન્તુ ઇન્દ્રિયની સંખ્યા અધિક કહેવી. પંચેન્દ્રિયતિર્યંચો ગતિપરિણામ વડે તિર્યંચગતિવાળા હોય છે. બાકી બધું નૈરયિકોની જેમ કહેવું. લેશ્યાપરિણામ વડે યાવત્ શુક્લલેશ્યાવાળા પણ હોય છે. ચારિત્રપરિણામ વડે સર્વવિરતિ ચારિત્રવાળા નથી, પણ અચારિત્રી–અવિરતિ કે દેશવિરતિચારિત્રવાળા હોય છે. વેદપરિણામ વડે સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી હોય છે. મનુષ્યો ગતિ પરિણામ વડે મનુષ્યગતિવાળા, ઇન્દ્રિયપરિણામ વડે પંચેન્દ્રિય અને અનિન્દ્રિય[1] પણ હોય છે. કષાયપરિણામ વડે ક્રોધકષાયી, યાવત્ અકષાયી હોય છે. લેશ્યાપરિણામ વડે કૃષ્ણલેશ્યાવાળા યાવત્ લેશ્યારહિત હોય છે. યોગપરિણામ વડે મનોયોગી, યાવત્ અયોગી–યોગરહિત હોય છે. ઉપયોગપરિણામ વડે નૈરયિકોની જેમ જાણવા. જ્ઞાનપરિણામ વડે આભિનિબોધિકજ્ઞાની, યાવત્ કેવલજ્ઞાની પણ હોય છે. અજ્ઞાનપરિણામ વડે ત્રણે અજ્ઞાનો અને દર્શનપરિણામ વડે ત્રણે દર્શનો હોય છે. ચારિત્રપરિણામ વડે સર્વવિરતિ–ચારિત્રવાળા, ચારિત્રરહિત અને દેશવિરતિચારિત્રવાળા હોય છે. વેદપરિણામ વડે સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી અને વેદરહિત પણ હોય છે. વ્યન્તરો ગતિપરિણામ વડે દેવગતિવાળા–ઇત્યાદિ અસુરકુમારોની પેઠે કહેવું, જ્યોતિષિકો પણ એમજ જાણવા, પરન્તુ તેઓ માત્ર તેજોલેશ્યાવાળા હોય છે. વૈમાનિકો પણ એમજ જાણવા, પરન્તુ લેશ્યાપરિણામ વડે તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા હોય છે. એમ જીવપરિણામ કહ્યો. ॥૩॥૪૧૬॥*

(ટી૦) એ પ્રમાણે જીવના ગત્યાદિ પરિણામો કહ્યા, હવે તે ગત્યાદિ પરિણામના અનુક્રમે ભેદો બતાવે છે–'**गइपरिणामे णं भंते'! कइविहे पन्नत्ते?**–હે ભગવન્! ગતિ પરિણામના કેટલા પ્રકાર કહ્યા છે—ઇત્યાદિ સૂત્રો પાઠ સિદ્ધ છે. હવે તેમાં જે

૧. સયોગી કેવલી અને અયોગી કેવલીની અપેક્ષાએ મનુષ્યો અનિન્દ્રિય કહ્યા છે, કારણ કે કેવલીને ઇન્દ્રિયોનો ઉપયોગ હોતો નથી. યદ્યપિ કેવલીને દ્રવ્યમનનો ઉપયોગ છે, પરન્તુ ભાવ મન નથી, તથા અયોગીને તો દ્રવ્ય મન અને ભાવ મન બન્ને નથી, માટે અનિન્દ્રિય છે.

પરિણામો વડે સહિત નૈરયિકાદિ જીવો છે તે પરિણામોનું તે પ્રકારે પ્રતિપાદન કરે છે—'**नेरइया गतिपरिणामेणं**'–નૈરયિકો ગતિપરિણામ વડે નરકગતિવાળા છે—ઇત્યાદિ પાઠ સુગમ છે, પરન્તુ નૈરયિકોને કૃષ્ણ, નીલ, અને કાપોત એ ત્રણ જ લેશ્યા હોય છે, બાકીની લેશ્યા હોતી નથી. અને તે ત્રણ લેશ્યાઓ પણ નરકપૃથિવીઓમાં આ ક્રમથી છે—પ્રથમની બે નરકપૃથિવીમાં કાપોતલેશ્યા, ત્રીજી પૃથિવીમાં કાપોત અને નીલલેશ્યા, ચોથી નરકપૃથિવીમાં નીલલેશ્યા, પાંચમી નરકપૃથિવીમાં નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યા અને છઠ્ઠી અને સાતમી નરકપૃથિવીમાં કૃષ્ણલેશ્યા જ હોય છે. માટે એમ કહ્યું છે કે—'**कण्हलेसावि नीललेसावि काउलेसावि**'–કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા પણ હોય છે. તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્ય સિવાય બીજા જીવોમાં ચારિત્રપરિણામ ભવસ્વભાવથી સર્વથા હોતો નથી, માટે અહીં ચારિત્રપરિણામનો નિષેધ કર્યો છે. વેદપરિણામના વિચારમાં નૈરયિકો નપુંસક જ હોય છે, પણ સ્ત્રી અને પુરુષો હોતા નથી. કારણ કે—"**नारकसंमूर्च्छिनो नपुंसकानि**" (અ૦૨ સૂ૦ ૬૦) નારકો અને સંમૂર્ચ્છિમો નપુંસકો હોય છે—એવું તત્ત્વાર્થનું સૂત્ર છે. એ પ્રમાણે અસુરકુમારોને પણ જાણવું. પરન્તુ તેઓ ગતિને આશ્રયી દેવગતિવાળા છે, અને તેઓમા જે મોટી ઋદ્ધિવાળા છે તેઓને તેજોલેશ્યા પણ હોય છે. તે માટે કહ્યું છે કે—'**तेउलेस्सा वि**'–તેજોલેશ્યાવાળા પણ હોય છે. વેદપરિણામનો વિચાર કરતા તેઓ પુરુષો અને સ્ત્રીઓ હોય છે, પણ નપુંસકો હોતા નથી. કારણ કે દેવોમાં નપુંસકપણાનો અસંભવ છે. પૃથિવીકાયિકસૂત્રમાં '**नवरं लेसापरिणामेणं**' ઇત્યાદિ. અહીં પૃથિવી, પાણી અને વનસ્પતિને તેજોલેશ્યાનો પણ સંભવ છે, કારણ કે એઓમાં સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના દેવો આવી ઉત્પન્ન થાય છે. તેથી કહ્યું છે કે '**तेउलेसा वि**' તેજોલેશ્યાવાળા પણ હોય છે. એ પૃથિવ્યાદિ પાંચે સ્થાવરોમાં સાસ્વાદન સમ્યક્ત્વ પણ હોતું નથી, કારણ કે સિદ્ધાન્તમાં તેનો નિષેધ કર્યો છે, તેથી જ્ઞાન અને સમ્યક્ત્વનો અહીં નિષેધ કર્યો છે. મિશ્રદૃષ્ટિનો પરિણામ સંજ્ઞી પંચેન્દ્રિયોને જ હોય છે બાકીના જીવોને હોતો નથી, માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. કેટલા એક બેઇન્દ્રિયાદિ જીવને કરણ અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે, માટે જ્ઞાનપરિણામવાળા અને સમ્યગ્દૃષ્ટિ પણ કહ્યા છે. તિર્યંચ પંચેન્દ્રિયોને છ એ લેશ્યાનો સંભવ છે, માટે સૂત્રમાં કહ્યું છે કે—'**जाव सुक्कलेसा वि**'–યાવત્ શુક્લલેશ્યાવાળા પણ હોય છે. તથા દેશવિરતિનો પરિણામ પણ તેઓને થાય છે, માટે કહ્યું છે કે—'**चरित्ताचरित्ती वि**'—ચારિત્રાચારિત્રી–દેશવિરતિવાળા પણ હોય છે. જ્યોતિષિકોને કેવળ તેજોલેશ્યા જ હોય છે, બાકીની હોતી નથી, તેથી '**लेसापरिणामेणं तेउलेस्सा**' લેશ્યાપરિણામ વડે તેજોલેશ્યાવાળા કહ્યા છે. ॥૩॥૪૧૬॥

## ।। अजीवपरिणामा ।।

**अजीवपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! दसविधे पन्नत्ते, तं जहा-बंधणपरिणामे १, गति परिणामे, १, संठाणपरिणामे ३, भेदपरिणामे ४, वण्णपरिणामे ५, गंधपरिणामे ६, रसपरिणामे ७, फासपरिणामे ८, अगुरुलहुयपरिणामे ९, सद्दपरिणामे १०। ।सू०-४।।४१७।।**

*(મૂ૦) હે ભગવન્! અજીવપરિણામ કેટલા પ્રકારે કહ્યો છે? હે ગૌતમ! દસ પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે—૧ બંધનપરિણામ, ૨ ગતિપરિણામ, ૩ સંસ્થાનપરિણામ, ૪ ભેદપરિણામ, ૫ વર્ણપરિણામ, ૬ ગન્ધપરિણામ, ૭ રસપરિણામ, ૮ સ્પર્શપરિણામ, ૯ અગુરુલઘુપરિણામ અને ૧૦ શબ્દપરિણામ. ॥૪॥૪૧૭॥*

**बंधणपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-णिद्धबंधणपरिणामे, लुक्खबंधणपरिणामे य। समणिद्धयाए बंधो न होति समलुक्खयाए वि ण होति। वेमायणिद्धलुक्खत्तणेण बंधो उ खंधाणं ।।१।। णिद्धस्स णिद्धेण दुयाहिएणं लुक्खस्स लुक्खेणं दुयाहिएणं। निद्धस्स लुक्खेण उवेइ बंधो जहण्णवज्जो विसमो समो वा ।।२।।**

**गतिपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-फुसमाणगतिपरिणामे य अफुसमाणगतिपरिणामे य। अहवा दीहगइपरिणामे य हस्सगइपरिणामे य २। संठाणपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! पंचविधे पण्णत्ते, तं जहा- परिमंडलसंठाणपरिणामे, जाव आयतसंठाणपरिणामे ३। भेदपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! पंचविधे पन्नत्ते, तं जहा-खंडाभेदपरिणामे, जाव उक्करियाभेदपरिणामे ४। वण्णपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! पंचविधे पन्नत्ते, तं जहा-कालवण्णपरिणामे, जाव सुक्किल्लवण्णपरिणामे ५। गंधपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा- सुब्भिगंधपरिणामे दुब्भिगंधपरिणामे य ६। रसपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा-तित्तरसपरिणामे जाव महुररसपरिणामे ७। फासपरिणामे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! अट्ठविधे पन्नत्ते, तं जहा- कक्खडफासपरिणामे य जाव लुक्खफासपरिणामे य ८। अगुरुलहुयपरिणामे णं भंते कतिविहे पन्नत्ते? गोयमा! एगागारे पन्नत्ते। सद्दपरिणामे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-सुब्भिसद्दपरिणामे य दुब्भिसद्दपरिणामे य १०। से त्तं अजीवपरिणामे य ।१३। ।सू०-५।।४१८।।**

*(મૂ૦) હે ભગવન્! બંધનપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—સ્નિગ્ધબંધન-પરિણામ અને રૂક્ષબંધનપરિણામ. 'સ્કન્ધોનો સમાન સ્નિગ્ધપણામાં કે સમાન રૂક્ષપણામાં પરસ્પર બંધ થતો નથી. પરન્તુ વિષમ સ્નિગ્ધપણા અને વિષમ રૂક્ષપણામાં બંધ થાય છે. સ્નિગ્ધનો દ્વિગુણાદિ અધિક સ્નિગ્ધની સાથે અને રૂક્ષનો દ્વિગુણાદિ અધિક રૂક્ષની સાથે બંધ થાય છે. તથા સ્નિગ્ધનો રુક્ષની સાથે જઘન્યગુણ સિવાય વિષમ હોય કે સમ હોય તો બંધ થાય છે. એટલે કે એકગુણ સ્નિગ્ધ કે એક ગુણ રૂક્ષરૂપ જઘન્ય ગુણને છોડીને બાકીના સમ કે વિષમગુણવાળા સ્નિગ્ધ કે રૂક્ષનો પરસ્પર બંધ થાય છે. હે ભગવન્! ગતિપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—સ્પૃશદ્ગતિપરિણામ અને અસ્પૃશદ્ગતિપરિણામ અથવા દીર્ઘગતિપરિણામ અને હ્રસ્વગતિપરિણામ. હે ભગવન્! સંસ્થાનપરિણામના કેટલા પ્રકાર છે? હે ગૌતમ! પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે—૧ પરિમંડલસંસ્થાનપરિણામ, યાવત્–આયત-સંસ્થાનપરિણામ. હે ભગવન્! ભેદપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—૧ ખંડભેદપરિણામ અને યાવત્ ૫ ઉત્કારિકા ભેદપરિણામ. હે ભગવન્! વર્ણપરિણામ કેટલા પ્રકારે છે? હે ગૌતમ! પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે—૧ કૃષ્ણવર્ણપરિણામ, યાવત્ ૫ શુક્લવર્ણપરિણામ. હે ભગવન્! ગંધપરિણામ કેટલા પ્રકારે છે? હે ગૌતમ! બે પ્રકારે છે, તે આ પ્રમાણે—૧ સુરભિગન્ધપરિણામ અને દુરભિગન્ધ–પરિણામ. હે ભગવન્! રસપરિણામ કેટલા પ્રકારે છે? હે ગૌતમ! પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે—૧ તિક્તરસપરિણામ, યાવત્ ૫ મધુરરસપરિણામ. હે ભગવન્! સ્પર્શ પરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ કર્કશસ્પર્શપરિણામ, યાવત્ ૮ રૂક્ષસ્પર્શપરિણામ. હે ભગવન્! અગુરુલઘુપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! એક પ્રકારનો છે. હે ભગવન્! શબ્દપરિણામ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! બે પ્રકારનો છે. તે આ પ્રમાણે—સુરભિ–મનોજ્ઞ શબ્દપરિણામ અને દુરભિ–અમનોજ્ઞ શબ્દપરિણામ. એમ અજીવપરિણામ કહ્યો. ।।૫।।૪૧૮।।*

*પ્રજ્ઞાપના ભગવતીમાં તેરમું પરિણામ પદ સમાપ્ત.*

(ટી૦) '**बन्धन परिणामे णं भंते! कतिविधे**' હે ભગવન્! બન્ધનપરિણામ કેટલા પ્રકારે છે? ઇત્યાદિ. હે ગૌતમ! 'સ્નિગ્ધબન્ધનપરિણામ અને રૂક્ષબન્ધનપરિણામ એ બે પ્રકારે છે. સ્નિગ્ધ છતાં તેના બન્ધનનો પરિણામ તે સ્નિગ્ધબન્ધનપરિણામ અને રૂક્ષ છતાં તેના બન્ધનનો પરિણામ તે રૂક્ષબન્ધનપરિણામ. કેવા પ્રકારના સ્નિગ્ધ અને કેવા પ્રકારના રૂક્ષનો બન્ધનપરિણામ થાય છે? એ માટે બંધનપરિણામનું લક્ષણ–સ્વરૂપ બતાવે છે—'**समनिद्धयाए**' ઇત્યાદિ. સ્કંધનો '**समस्निग्धतायां**' પરસ્પર સમાનગુણ સ્નિગ્ધતામાં બન્ધ થતો નથી. તથા પરસ્પર '**समरूक्षतायां**' સમાનગુણ રૂક્ષતામાં પણ બન્ધ થતો નથી, પરન્તુ '**विमात्रस्निग्धरूक्षत्वेन**' જો સ્નિગ્ધતાની કે રૂક્ષતાની વિષમ માત્રા–પ્રમાણ હોય તો પરસ્પરબન્ધ થાય છે. તાત્પર્ય એ છે કે સમાનગુણ સ્નિગ્ધ પરમાણુ આદિનો સમાનગુણ સ્નિગ્ધ પરમાણુ વગેરેની સાથે સંબન્ધ થતો નથી, તેમ સમાનગુણવાળા રૂક્ષ પરમાણુ આદિનો સમાનગુણવાળા રૂક્ષ પરમાણુ આદિની સાથે સંબન્ધ થતો નથી, પરન્તુ જો વિષમગુણવાળો હોય તો સ્નિગ્ધ સ્નિગ્ધની સાથે અને રૂક્ષ રૂક્ષની સાથે સ્નેહ કે રૂક્ષપણાનું વિષમ પ્રમાણ હોવાથી તેઓનો પરસ્પર બન્ધ થાય છે. 'વિષમમાત્રા વડે બન્ધ થાય છે' એમ કહ્યું, માટે વિષમ માત્રાનું નિરૂપણ કરે છે—'**णिद्धस्स णिद्धेण दुयाहिएणं**' ઇત્યાદિ. જો સ્નિગ્ધ પરમાણુઆદિનો સ્નિગ્ધગુણવાળા પરમાણુઆદિની સાથે બન્ધ થાય તો અવશ્ય બે ત્રણ આદિ અધિકગુણવાળા પરમાણુઆદિની સાથે થાય, જો રૂક્ષગુણવાળા પરમાણુ વગેરેની સાથે રૂક્ષગુણવાળા પરમાણુ વગેરેનો બન્ધ થાય તો પણ બે ત્રણ આદિ અધિકગુણવાળા પરમાણુ આદિની સાથે જ થાય, અન્યથા ન થાય. જો સ્નિગ્ધનો રૂક્ષની સાથે બન્ધ થાય તો કેવી રીતે થાય? તે બતાવે છે—'**णिद्धस्स लुक्खेणं**' ઇત્યાદિ. સ્નિગ્ધનો રૂક્ષની સાથે બન્ધ થાય તો જઘન્યગુણ સિવાય વિષમ કે સમાન હોય તો બન્ધ થાય છે. તાત્પર્ય એ છે કે એકગુણ સ્નિગ્ધ કે એકગુણ રૂક્ષને છોડી બાકીનાનો બધા દ્વિગુણાધિક સ્નિગ્ધાદિ કે દ્વિગુણાધિક રૂક્ષાદિની સાથે બન્ધ થાય છે. એમ બન્ધપરિણામ કહ્યો. હવે ગતિપરિણામ કહે છે—'**गइपरिणामे णं भंते**'!

૧. **स्निग्धरूक्षत्वाद् बन्धः** (તત્ત્વાર્થ અ.પ. સૂ. ૩૨.) સ્નિગ્ધપણાથી અને રૂક્ષપણાથી પુદ્ગલોનો પરસ્પર બન્ધ થાય છે. એટલે સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્ગલોનો સંયોગ થવાથી સ્નેહહેતુક અને રૂક્ષત્વહેતુક પુદ્ગલોનો બન્ધ થાય છે. તે બન્ધ સજાતીય અને વિજાતીય એમ બે પ્રકારનો છે. તેમાં સ્નિગ્ધની સાથે સ્નિગ્ધનો બન્ધ અને રૂક્ષની સાથે રૂક્ષનો બન્ધ તે સજાતીય અથવા સદૃશ બન્ધ છે. અને સ્નિગ્ધ અને રૂક્ષનો પરસ્પર બન્ધ તે વિજાતીય કે વિસદૃશ બન્ધ છે. આ સૂત્ર સામાન્ય રીતે સ્નેહહેતુક, રૂક્ષતાહેતુક પુદ્ગલોના બન્ધનુ વિધાન કરે છે. તેનો અપવાદ છે તે બતાવે છે-''**न जघन्यगुणानाम्**'' (તત્ત્વાર્થ અ.પ. સૂ. ૩૩) જઘન્યગુણવાળા–એકગુણવાળા સ્નિગ્ધ અને જઘન્યગુણવાળા–એકગુણવાળા રૂક્ષ પુદ્ગલોનો સજાતીય અને વિજાતીય બન્ધ થતો નથી. તાત્પર્ય એ છે કે જઘન્યગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલોનો જઘન્યગુણવાળા સ્નિગ્ધ કે જઘન્યગુણવાળા રૂક્ષ પુદ્ગલોની સાથે, તેમ જઘન્યગુણવાળા રૂક્ષ પુદ્ગલોનો જઘન્યગુણવાળા સ્નિગ્ધ કે જઘન્યગુણવાળા રૂક્ષ પુદ્ગલોની સાથે બન્ધ થતો નથી. કારણ કે તેમાં પરિણામની શક્તિનો અભાવ છે. જઘન્ય સ્નેહગુણ થોડો હોવાથી જઘન્યગુણવાળા રૂક્ષ પુદ્ગલને પરિણમાવવા સમર્થ નથી. આ સૂત્રનો ફલિતાર્થ એ છે કે–મધ્યમગુણવાળા કે ઉત્કૃષ્ટગુણવાળા સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્ગલોનો સદૃશ કે વિસદૃશ બન્ધ થાય છે. તેનો પણ અપવાદ છે, તે જણાવે છે–'**गुणसाम्ये सदृशानाम्**' (તત્ત્વાર્થ અ.પ. સૂ. ૩૪) ગુણની સમાનતા હોય તો સદૃશનો બન્ધ થતો નથી. તાત્પર્ય એ છે કે સંખ્યાતા, અસંખ્યાતા કે યાવત્–અનન્ત ગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલોનો તેવા જ પ્રકારના સ્નિગ્ધ પુદ્ગલોની સાથે કે તેવા પ્રકારના રૂક્ષ પુદ્ગલોનો સમાનગુણવાળા રૂક્ષ પુદ્ગલોની સાથે બન્ધ થતો નથી. તેનો ફલિતાર્થ એ થાય છે કે ગુણની વિષમતા હોય તો સદૃશ પુદ્ગલોનો બન્ધ થાય છે, અને ગુણની સમાનતા હોય તો વિસદૃશ પુદ્ગલોનો બન્ધ થાય છે. હવે ગુણની વિષમતાની મર્યાદાને નિયત કરે છે–'**द्व्यधिकादिगुणानां तु**' (તત્ત્વાર્થ અ.પ. સૂ. ૩૫) બે, ત્રણ આદિ ગુણ-અંશ વડે અધિક હોય તો સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્ગલોનો સદૃશ બન્ધ પણ થાય છે. જેમકે—એક જઘન્યગુણવાળો સ્નિગ્ધ પરમાણુ હોય તો ત્રિગુણ સ્નિગ્ધ પરમાણુની સાથે બન્ધ થાય છે, તેમ જઘન્યગુણવાળા રૂક્ષ પરમાણુનો દ્વિગુણાધિક–ત્રિગુણ રૂક્ષ પરમાણુની સાથે બન્ધ થાય છે. એટલે આ બધા સૂત્રોનુ તાત્પર્ય એ છે કે–૧ જઘન્યગુણવાળા સ્નિગ્ધ કે રૂક્ષ પુદ્ગલોનો જઘન્યગુણવાળા સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુઓ સાથે સદૃશ કે વિસદૃશ બન્ધ થતો નથી. ૨ જઘન્યગુણવાળા પુદ્ગલોનો એકાધિક ગુણવાળા પુદ્ગલોની સાથે સદૃશ બન્ધ થતો નથી પણ વિસદૃશ બન્ધ થાય છે, જઘન્યગુણવાળા સાથે દ્વિગુણાધિક પુદ્ગલોનો સદૃશ અને વિસદૃશ બન્ધ થાય છે. જઘન્ય સિવાયના ગુણવાળા પુદ્ગલો સાથે તેના સમાન જઘન્યગુણ સિવાયના પુદ્ગલોનો સદૃશ બન્ધ થતો નથી, વિસદૃશ બન્ધ થાય છે. જઘન્ય ગુણ સિવાયના પુદ્ગલો સાથે એકાધિક જઘન્યેતર પુદ્ગલોનો સદૃશ બન્ધ થતો નથી પણ વિસદૃશ બન્ધ થાય છે. જઘન્યેતર ગુણવાળા પુદ્ગલોનો દ્વિગુણાધિકાદિ જઘન્યેતર પુદ્ગલો સાથે સદૃશ અને વિસદૃશ બન્ધ થાય છે.

હે ભગવન્! ગતિપરિણામ કેટલા પ્રકારે છે–ઇત્યાદિ. બે પ્રકારનો ગતિપરિણામ છે–સ્પૃશદ્ગતિપરિણામ અને અસ્પૃશદ્ગતિપરિણામ. તેમાં અન્ય વસ્તુને સ્પર્શ કરતાં છતાં જે ગતિપરિણામ તે સ્પૃશદ્ગતિપરિણામ. જેમકે પાણીના ઉપર પ્રયત્નથી તીર્છી ફેંકેલી ઠીકરી વચ્ચે રહેલા પાણીનો સ્પર્શ કરતી કરતી ચાલી જાય છે. એ વાત બાલજન પ્રસિદ્ધ છે. તથા કોઇ પણ બીજી વસ્તુને સ્પર્શ નહિ કરતાં છતાં વસ્તુનો ગતિપરિણામ તે અસ્પૃશદ્ગતિપરિણામ. જે વસ્તુ (ગતિ કરતાં) વચ્ચે રહેલી કોઇ પણ વસ્તુની સાથે સ્પર્શ ન કરે તેનો અસ્પૃશદ્ગતિપરિણામ જાણવો. બીજા આચાર્યો આ પ્રમાણે સમજાવે છે—જે ગતિપરિણામ વડે પ્રયત્નવિશેષથી ક્ષેત્રના પ્રદેશોને સ્પર્શ કરતાં ગતિ કરે તે સ્પૃશદ્ગતિપરિણામ અને જે ગતિપરિણામ વડે ક્ષેત્રના પ્રદેશોનો સ્પર્શ કર્યા સિવાય ગતિ કરે તે અસ્પૃશદ્ગતિપરિણામ. પરન્તુ આ વાત અમે સમજી શકતા નથી, કારણ કે આકાશ સર્વવ્યાપી હોવાથી તેના પ્રદેશનો સ્પર્શ કર્યા સિવાય ગતિનો અસંભવ છે. અથવા આ વિચાર બહુશ્રુતોથી જાણવો. અહીં ગતિપરિણામ અન્ય પ્રકારે બતાવે છે–અથવા–પ્રકારાન્તરથી ગતિપરિણામ બે પ્રકારનો છે–દીર્ઘગતિપરિણામ અને હ્રસ્વગતિપરિણામ. તેમાં દૂર દેશાન્તરની પ્રાપ્તિ તે દીર્ઘગતિપરિણામ અને તેનાથી વિપરીત તે હ્રસ્વગતિપરિણામ. પરિમંડલાદિ સંસ્થાનવિશેષ અને ખંડભેદાદિનું પૂર્વે વ્યાખ્યાન કરેલું છે, માટે અહીં તેનું વ્યાખ્યાન કરતા નથી. અગુરુલઘુપરિણામ ભાષાદિ પુદ્ગલોનો જાણવો. કારણ કે "**कम्मग-मण-भासाइं एआइं अगुरुलहुयाइं**" કાર્મણ, મન અને ભાષાદ્રવ્યો એ અગુરુલઘુ છે–એવું શાસ્ત્રનું વચન છે. તથા આકાશાદિ અમૂર્ત દ્રવ્યોનો પણ અગુરુલઘુપરિણામ છે. અગુરુલઘુપરિણામ એ ઉપલક્ષણ–સૂચક છે તેથી ગુરુલઘુપરિણામ પણ જાણવો. અને તે ઔદારિકથી માંડી તૈજસ સુધીના દ્રવ્યોનો હોય છે, કારણ કે "**ओरालिय-वेउव्विय-आहारग-तेय गुरुलहु दव्वा.**"–ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ ગુરુલઘુ દ્રવ્યો છે–એવું શાસ્ત્રનું વચન છે. સુરભિશબ્દ એટલે શુભશબ્દ અને દુરભિશબ્દ એટલે અશુભશબ્દ જાણવો.॥૫॥૪૧૮॥

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપનાટીકાના અનુવાદમાં તેરમું પદ સમાપ્ત.

- *અરિહંત પદ પણ કર્મ જનિત જ માનવામાં આવેલ છે. ૧૫૮ કર્મપ્રકૃતિયોમાં સર્વોત્કૃષ્ટ પ્રકૃતિ તીર્થંકર નામ કર્મની છે. એ પ્રકૃતિના ઉદયકાળમાં આત્મા સર્વોત્કૃષ્ટ રિદ્ધિ ભોગવવા છતાં મોહનીય કર્મના ક્ષયના કારણે એક સમયમાત્રના શાતાવેદનીયનાં બંધ સિવાય એકપણ કર્મને ન બાંધીને પૂર્વના બાંધેલા અઘાતી કર્મોને ખપાવવાનું જ કાર્ય કરે છે.*
- *અરિહંત પદ ધારક પોતાના તો અઘાતિ કર્મો ખપાવે છે પણ એ પદ દ્વારા મેળવેલ રિદ્ધિ–સિદ્ધિ પણ અનેક આત્માઓ માટે ઘાતિ અને અઘાતિ કર્મ ખપાવવાનું કારણ બને છે. અરિહંત પરમાત્માનું સમવસરણ જોઈને પાંચસો એક તાપસોને કેવળજ્ઞાન થઈ ગયું એ આ વાતનો પુરાવો છે.*
- *અરિહંત ભગવંત સાક્ષાત આપણને આપણા ઘણા જ અશુભોદયના કારણે ન મળ્યા પણ એમનું સ્થાપેલું તારક શાસન આપણને મળી ગયું છે. એ શાસનનું મળવું એ જ આપણો અભ્યુદય માનવો.*
- *અરિહંતની આરાધના કરનારો પણ આયુષ્યબંધના સમયે જો આશાતના યા વિરાધનાના ભાવોમાં આવી જાય તો એને દુર્ગતિમાં જવું પડે છે. પણ અલ્પકાળમાં એ આરાધના એને સુગતિમાં ખેંચી લાવે છે.*

– જયાનંદ

## || चोद्दसमं कसायपयं ||

## || कसायभेयपरूवणा ||

**कति णं भंते! कसाया पण्णत्ता? गोयमा! चत्तारि कसाया पन्नत्ता, तं जहा-कोहकसाए, माणकसाए, मायाकसाए, लोभकसाए।**

## || चउवीसंदंडएसु कसायपरूवणा ||

**नेरइयाणं भंते! कति कसाया पन्नत्ता? गोयमा! चत्तारि कसाया पन्नत्ता, तं जहा-कोहकसाए, जाव लोभकसाए। एवं जाव वेमाणियाणं ।।सू०-१।।४१९।।**

### ચૌદમું કષાય પદ

*(મૂ૦) હે ભગવન્! કેટલા કષાયો કહ્યા છે? હે ગૌતમ! ચાર કષાયો કહ્યા છે. તે આ પ્રમાણે-ક્રોધકષાય, માનકષાય, માયાકષાય અને લોભકષાય. હે ભગવન્! નૈરયિકોને કેટલા કષાયો કહ્યા છે? હે ગૌતમ! ચાર કષાયો કહ્યા છે. તે આ પ્રમાણે-ક્રોધકષાય, યાવત્ લોભકષાય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. ॥૧॥૪૧૯॥*

(ટી૦) એ પ્રમાણે તેરમા પદની વ્યાખ્યા કરી, હવે ચૌદમા પદની વ્યાખ્યાનો પ્રારંભ કરાય છે, તેનો સંબન્ધ આ પ્રમાણે છે- પૂર્વના પદમાં સામાન્યરૂપે ગત્યાદિરૂપે જીવનો પરિણામ કહ્યો. અને સામાન્ય વિશેષનિષ્ઠ-વિશેષને આશ્રયી રહેલું છે, તેથી તેજ પરિણામ કોઇક સ્થળે વિશેષરૂપે પ્રતિપાદન કરાય છે, તેમાં એકેન્દ્રિયોને પણ કષાયો હોવાથી અને **"सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते"**॥ (ત.અ૦૯, સૂ૦ ૨) કષાયસહિત હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે— એવા તત્ત્વાર્થ સૂત્રના વચનથી કષાયો બન્ધનું પ્રધાન કારણ હોવાથી પ્રારંભમાંજ કષાયપરિણામનું વિશેષરૂપે પ્રતિપાદન કરવા માટે આ પદનો પ્રારંભ કરાય છે. તેનું આ પ્રથમ સૂત્ર છે—**'कइ णं भंते कसाया पन्नत्ता'**?-હે ભદન્ત-પરમકલ્યાણના યોગવાળા ભગવન્! કેટલા કષાયો કહ્યા છે? તેમાં **'कृष्'** ધાતુ ખેડવા અર્થમાં છે **'कृषन्ति'**-સુખ દુઃખરૂપ ધાન્ય ઉત્પન્ન કરવા માટે જે કર્મરૂપ ક્ષેત્રને ખેડે છે તે કષાયો. અહીં ઉણાદિ સંબન્ધી **'आय'** પ્રત્યય અને નિપાત હોવાથી ऋકારનો અકાર થયેલો છે. અથવા **'कलुषयन्ति'** શુદ્ધ સ્વભાવવાળા છતાં આત્માને કર્મથી મલિન કરે તે કષાયો. પૂર્વની પેઠે આય પ્રત્યય થાય છે અને નિપાત હોવાથી ણિચ્ પ્રત્યયાન્ત કલુષ શબ્દનો 'કષ' આદેશ થાય છે. કહ્યું છે કે—

**"सुहदुक्खबहुस्सइयं कम्मक्खेत्तं कसंति ते जम्हा। कलुसंति जं च जीवं तेण कसाय त्ति वुच्चंति"** ॥

જે કારણથી સુખ-દુઃખરૂપી બહુધાન્યવાળા કર્મક્ષેત્રને ખેડે છે અથવા જીવને કલુષિત-મલિન કરે છે તે માટે કષાયો કહેવાય છે. ઉત્તર સૂત્રનો અર્થ સ્પષ્ટ છે. નૈરયિકાદિ દંડકસૂત્ર પણ સુગમ છે. ॥૧॥૪૧૯॥

## || कसायपइट्ठापरूवणा ||

**कतिपतिट्ठिए णं भंते! कोहे पन्नत्ते? गोयमा! चउपतिट्ठिए कोहे पन्नत्ते, तं जहा-आयपतिट्ठिए, परपतिट्ठिए, तदुभयपतिट्ठिए, अप्पइट्ठिते। एवं नेरइयादीणं जाव वेमाणियाणं दंडतो। एवं माणेणं दंडतो, मायाए दंडओ, लोभेणं दंडओ ।।सू०-२।।४२०।।**

*(મૂ૦) હે ભગવન્! ક્રોધ કેટલા સ્થાનોને વિષે રહેલો છે? હે ગૌતમ! ક્રોધ ચાર સ્થાનોને વિષે રહેલો છે. તે આ પ્રમાણે-૧ આત્મપ્રતિષ્ઠિત, ૨ પરપ્રતિષ્ઠિત, ૩ તદુભયપ્રતિષ્ઠિત અને ૪ અપ્રતિષ્ઠિત. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને દંડક કહેવો. એમ માન, માયા અને લોભને આશ્રયી દંડક કહેવો. ॥૨॥૪૨૦॥*

(મૂ૦) **'कइपइट्ठिए णं भंते कोहे'**-હે ભગવન્! કેટલા સ્થાનોને વિષે ક્રોધ રહેલો છે? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! ચાર સ્થાનોને વિષે ક્રોધ રહેલો છે. તે આ પ્રમાણે—'આત્મપ્રતિષ્ઠિત' ઇત્યાદિ. આત્માને વિષે જ રહેલો, પોતાને અવલંબીને

ઉત્પન્ન થયેલો હોય તે, તાત્પર્ય એ છે કે **પોતે આચરેલા દુરાચારનું ફળ ઐહિક દુઃખરૂપ જાણીને કોઇક પોતાના ઉપર જ ગુસ્સો કરે ત્યારે આત્મપ્રતિષ્ઠિત ક્રોધ કહેવાય છે.** ૨ જ્યારે બીજો આક્રોશ-તિરસ્કાર વગેરે કરવાથી ગુસ્સો ઉત્પન્ન કરે ત્યારે તેના ઉપર ક્રોધ થાય છે તે પરપ્રતિષ્ઠિત. આ નૈગમનયના મતથી કથન છે. કારણ કે નૈગમનય તેના વિષયમાત્ર વડે તેને વિષે સ્થિતિ માને છે. જેમ કે 'જીવમાં સમ્યગ્દર્શન, અજીવમાં સમ્યગ્દર્શન'—ઇત્યાદિ આઠ ભાંગા સમ્યગ્દર્શનના અધિકરણના વિચારપ્રસંગે [1]આવશ્યક સૂત્રમાં કહેલા છે. ૩. તદુભયપ્રતિષ્ઠિત-પોતાને અને પરને અવલંબીને જે ક્રોધ થયેલો હોય તે. જેમ કે કોઇ મનુષ્ય તેવા પ્રકારનો અપરાધ કરવાથી પોતાના ઉપર અને બીજાના ઉપર ગુસ્સો કરે તે. ૪. અપ્રતિષ્ઠિત-જ્યારે પોતાના દુરાચાર કે પરના આક્રોશાદિ સિવાય કેવળ ક્રોધવેદનીયના ઉદયથી નિષ્કારણ કોપ થાય છે તે, તે ક્રોધ આત્મપ્રતિષ્ઠિત નથી, કારણ કે પોતાનો દુરાચાર નહિ હોવાથી પોતાનો આત્મા તે ક્રોધનો વિષય થતો નથી, તેમ પરપ્રતિષ્ઠિત પણ નથી, કારણ કે બીજો નિરપરાધી હોવાથી અને તેના ઉપર અપરાધની સંભાવના નહિ હોવાથી તે પણ ક્રોધનો વિષય નથી, તેમ ઉભયપ્રતિષ્ઠિત પણ નથી. વળી કોઇને કદાચિત્ એ પ્રમાણે કેવળ ક્રોધવેદનીયના ઉદયથી ક્રોધ ઉત્પન્ન થાય છે, અને તે પાછળથી કહે છે-'અરે મને નિષ્કારણ ગુસ્સો ઉત્પન્ન થયો હતો, કારણ કે કોઇ પણ મારું ખરાબ બોલતું નથી, તેમ મારું કંઇ બગાડતું નથી.' માટેજ પૂર્વના મહર્ષિઓએ કહ્યું છે—

**सापेक्षाणि निरपेक्षाणि च कर्माणि फलविपाकेषु। सोपक्रमं निरुपक्रमं च दृष्टं यथाऽऽयुष्कम्॥**

કર્મો ફળવિપાકમાં સાપેક્ષ અને નિરપેક્ષ હોય છે. જેમ કે આયુષ્ય સોપક્રમ-ઉપક્રમસાપેક્ષ અને નિરુપક્રમ-ઉપક્રમનિરપેક્ષ હોય છે. એ પ્રમાણે માન, માયા અને લોભ પણ આત્મપ્રતિષ્ઠિત, પરપ્રતિષ્ઠિત, ઉભયપ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત જાણવા. ॥૨॥૪૨૦॥

## ।। कसायउप्पत्तिपरूवणा ।।

**कतिहि णं भंते! ठाणेहिं कोहुप्पत्ती भवति? गोयमा! चउहिं ठाणेहिं कोहुप्पत्ती भवति, तं जहा-खेत्तं पडुच्च, वत्थुं पडुच्च, सरीरं पडुच्च, उवहिं पडुच्च। एवं नेरइयादीणं जाव वेमाणियाणं। एवं माणेण वि मायाए वि लोभेण वि, एवं एते वि चत्तारि दंडगा।** ।।सू०-३।।४२१।।

*(મૂ૦) હે ભગવન્! કેટલાં સ્થાનોએ ક્રોધની ઉત્પત્તિ થાય છે? હે ગૌતમ! ચાર સ્થાનોએ ક્રોધની ઉત્પત્તિ થાય છે. તે આ પ્રમાણે-૧ ક્ષેત્રને આશ્રયી, ૨ વસ્તુને આશ્રયી, ૩ શરીરને આશ્રયી અને ૪ ઉપધિને આશ્રયી. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિક સુધી જાણવું. એમ માન, માયા અને લોભને આશ્રયી દંડક કહેવો. એ ચાર દંડકો કહ્યા. ॥૩॥૪૨૧॥*

(ટી૦) એ પ્રમાણે અધિકરણના ભેદથી ક્રોધનો ભેદ કહ્યો, હવે કારણના ભેદથી ભેદ બતાવે છે—'**कतिहिणं भंते! ठाणेहिं कोहुप्पत्ती हवइ**' ઇત્યાદિ.-'હે ભગવન્! કેટલાં સ્થાને ક્રોધની ઉત્પત્તિ થાય છે?' '**तिष्ठन्त्येभिरिति स्थानानि**' જે વડે કાર્યની

---

१. **नाणावरणिज्जस्स य दंसणमोहस्स तह खओवसमे। जीवमजीवे अट्ठसु भंगेसु उ होइ सव्वत्थ ॥**

જ્ઞાનાવરણીયનો તથા દર્શનમોહનીયનો ક્ષયોપશમ જીવ અને અજીવ સંબન્ધી આઠ ભાંગાઓમાં બધે હોય છે. તે ભાંગા આ પ્રમાણે - ૧ જીવ, ૨ અજીવ, ૩ બહુ જીવ, ૪ બહુ અજીવ, ૫ જીવ અને અજીવ, ૬ જીવ અને બહુ અજીવ, ૭ બહુ જીવ અને અજીવ, ૮ બહુ જીવો અને બહુ અજીવો-એ આઠ ભાંગાઓમાં સમ્યગ્દર્શન હોય છે. તેમાં જિનના ઉપદેશથી દર્શનમોહનો ક્ષયોપશમ થયેલો હોય તો જિવને વિષે સમ્યગ્દર્શન કહેવાય છે. ૧ તેમાં એક જિનપ્રતિમા નિમિત્ત હોય તો અજીવને વિષે કહેવાય છે. ૨ તેમાં ઘણા સાધુઓ નિમિત્ત હોય તો બહુ જીવો સમ્યગ્દર્શનનું અધિકરણ કહેવાય છે. ૩. ઘણી પ્રતિમાઓ નિમિત્ત હોય તો બહુ અજીવો સમ્યગ્દર્શનનું અધિકરણ છે. ૪. એક સાધુ અને એક જિનબિંબ સમ કાળે નિમિત્ત હોય તો જીવ અને અજીવ અધિકરણ છે, ૫. એક સાધુ અને ઘણી જિનપ્રતિમાઓ નિમિત્ત હોય તો જીવ અને બહુ અજીવો અધિકરણ છે. ૬. ઘણા સાધુઓ અને એક જિનબિંબ નિમિત્ત હોય તો બહુ જીવો અને અજીવ સમ્યગ્દર્શનનું અધિકરણ છે. ૭. ઘણા સાધુઓ અને ઘણા જિનબિંબો નિમિત્ત હોય તો બહુ જીવો અને અજીવો સમ્યગ્દર્શનનું અધિકરણ છે. ૮. જુઓ. આ. સ. આવશ્યકટીકા. પૃ. ૩૮૦

સ્થિતિ હોય તે સ્થાન-કારણ, અહીં કેટલા કારણો વડે ક્રોધ ઉત્પન્ન થાય છે? ભગવાન્ ઉત્તર આપે છે-ચાર સ્થાનો-કારણો વડે ક્રોધની ઉત્પત્તિ થાય છે, તે સ્થાનો કહે છે—**'खेत्तं पडुच्च'** ક્ષેત્રં પ્રતીત્ય-ક્ષેત્રને આશ્રયી, તેમાં નૈરયિકોને નૈરયિક ક્ષેત્ર આશ્રયી, તિર્યંચોને તિર્યંચ ક્ષેત્ર આશ્રયી, મનુષ્યોને મનુષ્યક્ષેત્ર આશ્રયી અને દેવોને દેવક્ષેત્ર આશ્રયી, **'वत्थुं पडुच्च'** સચેતન કે અચેતન વસ્તુને આશ્રયી, **'शरीरं प्रतीत्य'** ખરાબ આકૃતિવાળા કે બેડોળ શરીરને આશ્રયી, **'उपधिं प्रतीत्य'** ઉપધિ-ઉપકરણને આશ્રયી. એટલે જેનું ઉપકરણ ચોર વગેરેથી હરણ કરાયેલું હોય કે હરણ ન કરાયેલું હોય તેને આશ્રયી, એ ચાર કારણો વડે ક્રોધની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે નૈરયિકાદિ દંડકનું સૂત્ર પણ જાણવું. ॥૩॥૪૨૩॥

## ।। कसायपभेयपरूवणा ।।

**कतिविधे णं भंते। कोधे पण्णत्ते? गोयमा। चउव्विहे कोहे पन्नत्ते, तं जहा-अणंताणुबंधी कोहे, अपच्चक्खाणे कोहे, पच्चक्खाणावरणे कोहे, संजलणे कोहे। एवं नेरइयाणं जाव वेमाणियाणं। एवं माणेणं मायाए लोभेणं, एए वि चत्तारि दंडगा ।।सू०-४।।४२४।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો ક્રોધ કહ્યો છે? હે ગૌતમ! ચાર પ્રકારનો ક્રોધ કહ્યો છે. તે આ પ્રમાણે—૧ અનંતાનુબંધી ક્રોધ, ૨ અપ્રત્યાખ્યાન ક્રોધ, ૩ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને ૪ સંજ્વલન ક્રોધ. એ પ્રમાણે નૈરયિકોને યાવત્-વૈમાનિકોને કહેવું. એમ માન, માયા અને લોભ સંબંધે જાણવું. એ ચાર દંડકો કહ્યા. ॥૪॥૪૨૪॥*

(ટી૦) હવે સમ્યગ્ દર્શનાદિ ગુણના ઘાતી હોવાથી કષાયોનો ભેદ કહે છે—**'कइविहे णं भंते! कोधे पन्नत्ते?'** 'હે ભગવન્! કેટલા પ્રકારનો ક્રોધ કહ્યો છે? ઇત્યાદિ. અનન્તાનુબન્ધી વગેરેનો શબ્દાર્થ આગળ કર્મપ્રકૃતિ પદમાં કહીશું. ભાવાર્થ આ છે-સમ્યગ્દર્શનગુણનો વિઘાત કરનાર અનન્તાનુબન્ધી, દેશવિરતિ ગુણનો ઘાતી અપ્રત્યાખ્યાન, સર્વવિરતિ ગુણનો ઘાત કરનાર પ્રત્યાખ્યાનાવરણ અને યથાખ્યાત ચારિત્રનો વિઘાત કરનાર સંજ્વલન કષાય છે. એ ચારે કષાયોનો પણ નૈરયિકાદિ દંડકના ક્રમથી વિચાર કરે છે—**'एवं नेरइयाणं'** ઇત્યાદિ. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને કહેવું. એમ માન, માયા અને લોભના પ્રત્યેકના ચાર ચાર પ્રકાર સામાન્ય રીતે દંડકના ક્રમથી વિચારવા. ॥૪॥૪૨૪॥

**कतिविधे णं भंते। कोधे पन्नत्ते? गोयमा। चउव्विहे कोहे पन्नत्ते, तं जहा-आभोगनिव्वत्तिए, अणाभोगनिव्वत्तिए, उवसंते, अणुवसंते। एवं नेरइयाणं जाव वेमाणियाणं। एवं माणेण वि, मायाए वि, लोभेण वि चत्तारि दंडगा ।।सू०-५।।४२५।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો ક્રોધ કહ્યો છે? હે ગૌતમ! ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—૧ આભોગનિર્વર્તિત, ૨ અનાભોગનિર્વર્તિત, ૩ ઉપશાન્ત અને ૪ અનુપશાન્ત, એ પ્રમાણે નૈરયિકોથી આરંભી વૈમાનિકો સુધી જાણવું. એમ માન, માયા અને લોભને આશ્રયી પણ ચારે દંડકો જાણવા. ॥૫॥૪૨૫॥*

(ટી૦) હવે એ ક્રોધાદિના ઉત્પત્તિભેદની અને અવસ્થાભેદથી ભેદ બતાવે છે—બીજાનો અપરાધ સારી રીતે જાણીને અને ક્રોપનું કારણ વ્યવહારથી સબળ માની 'આ સિવાય એને શિક્ષા નહિ થાય' એમ વિચારી જ્યારે કોપ કરે ત્યારે તે કોપ આભોગનિર્વર્તિત-વિચારપૂર્વક થયેલો કહેવાય છે. જ્યારે એ પ્રમાણે જ તેવા પ્રકારના મુહૂર્તના વશથી ગુણદોષની વિચારણાશૂન્ય આત્મા પરવશ થઇને કોપ કરે છે ત્યારે તે કોપ અનાભોગનિર્વર્તિત કહેવાય છે. ઉપશાન્ત-અનુદયાવસ્થાને નહિ પ્રાપ્ત થયેલો[1] અને અનુપશાન્ત-ઉદયાવસ્થાને પ્રાપ્ત થયેલો[2]. એ પ્રમાણે એ સંબન્ધે દંડકસૂત્ર પણ વિચારવું. એમ માન, માયા અને લોભ એ પ્રત્યેકના ચાર ચાર પ્રકાર સામાન્ય રીતે અને દંડકના ક્રમથી જાણવા. ॥૫॥૪૨૫॥

---

१. उपशान्तः-अनुदयावस्थः २. अनुपशान्तः उदयावस्थः ટીકા પૃષ્ઠ. નં. ૨૯૧

## ।। कसाएहिं कम्मचयोवचयादिपरूवणा ।।

**जीवा णं भंते! कतिहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिंसु? गोयमा! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडिओ चिणिंसु, तं जहा-कोहेणं, माणेणं, मायाए, लोभेणं। एवं नेरइयाणं जाव वेमाणियाणं। जीवा णं भंते! कतिहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणंति? गोयमा! चउहिं ठाणेहिं, तं जहा-कोहेणं, माणेणं, मायाए, लोभेणं। एवं नेरइया जाव वेमाणिया। जीवा णं भंते! कतिहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिस्संति? गोयमा! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिस्संति, तं जहा-कोहेणं, माणेणं, मायाए, लोभेणं। एवं नेरइया जाव वेमाणिया। जीवा णं भंते! कतिहिं ठाणेहिं अट्ठ कम्मपगडिओ उवचिणिंसु? गोयमा! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ उवचिणिंसु, तं जहा-कोहेणं, माणेणं, मायाए, लोभेणं। एवं नेरइया जाव वेमाणिया। जीवा णं भंते! पुच्छा। गोयमा! चउहिं ठाणेहिं उवचिणंति जाव लोभेणं, एवं नेरइया जाव वेमाणिया। एवं उवचिणिस्संति। जीवा णं भंते! कतिहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ बंधिंसु? गोयमा! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडिओ बंधिंसु, तं जहा-कोहेणं, माणेणं, जाव लोभेणं, एवं नेरइया जाव वेमाणिया, बंधिंसु, बंधंति, बंधिस्संति, उदीरेंसु, उदीरंति, उदीरिस्संति, वेदिंसु, वेदेंति, वेदइस्संति, निज्जरिंसु, निज्जरेंति, निज्जरिस्संति, एवं एते जीवाइया वेमाणियपज्जवसाणा अट्ठारस दंडगा जाव वेमाणिया निज्जरिंसु निज्जरेंति निज्जरिस्संति**

**आतपतिट्ठिय खेत्तं पडुच्चऽणंताणुबंधि आभोगे। चिण उवचिण बंध उदीर वेद तह निज्जरा चेव।।१। ।सू०-६।।४२६।।**

इति पण्णवणाए भगवईए चोद्दसमं कसायपयं समत्तं।

*(मू०) હે ભગવન્! જીવોએ કેટલાં સ્થાને આઠ કર્મની પ્રકૃતિઓનો ચય (ગ્રહણ કરવું) કર્યો હતો? હે ગૌતમ! ચાર સ્થાને આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કર્યો હતો. તે આ પ્રમાણે-૧ ક્રોધ વડે, ૨ માન વડે, ૩ માયા વડે અને લોભ વડે. એમ નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવો કેટલાં સ્થાને-કારણે આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કરે છે? હે ગૌતમ! ચાર કારણે આઠ કર્મપ્રકૃતિઓનો ચય કરે છે. તે આ પ્રમાણે-ક્રોધ વડે, માન વડે, માયા વડે અને લોભ વડે. એ પ્રમાણે નૈરયિકોથી માંડી યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવો એ કેટલાં કારણે આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કરશે? હે ગૌતમ! ચાર કારણે આઠ કર્મપ્રકૃતિઓનો ચય કરશે. તે આ પ્રમાણે-ક્રોધ, માન, માયા અને લોભ વડે. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવો કેટલા કારણે આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કર્યો હતો? હે ગૌતમ! ચાર કારણે. તે આ પ્રમાણે-ક્રોધ, માન, માયા અને લોભ વડે. એ પ્રમાણે નૈરયિકોથી માંડી યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવો કેટલાં કારણે—ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! ચાર કારણે યાવત્ લોભ વડે ઉપચય કરે છે. એમ નૈરયિકોથી આરંભી યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એમ 'ઉપચય કરશે' એ સંબન્ધે સૂત્ર જાણવું. હે ભગવન્! જીવોએ કેટલાં કારણે આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો હતો? હે ગૌતમ! ચાર કારણે આઠ કર્મપ્રકૃતિઓનો બંધ કર્યો હતો. તે આ પ્રમાણે-ક્રોધ વડે, માન વડે, યાવત્ લોભ વડે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો જાણવા. બાંધી હતી, બાંધે છે અને બાંધશે, ઉદીરી હતી, ઉદીરે છે અને ઉદીરશે. વેદી હતી, વેદે છે અને વેદશે, નિર્જરા કરી હતી, નિર્જરા કરે છે અને નિર્જરા કરશે. એ પ્રમાણે જીવથી માંડી વૈમાનિક પર્યન્ત (પ્રત્યેકના) અઢાર દંડક જાણવા. યાવત્ વૈમાનિકોએ નિર્જરા કરી હતી, નિર્જરા કરે છે અને નિર્જરા કરશે. (સંગ્રહણી ગાથાનો અર્થ-) આત્મપ્રતિષ્ઠિત, ક્ષેત્રને આશ્રયી, અનંતાનુબન્ધી, આભોગ, ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના*

*તથા નિર્જરા એ પદસહિત સૂત્રો જાણવા. ॥૬॥૪૨૬॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ચૌદમું કષાય પદ સમાપ્ત.*

(ટી૦) હવે ફળના ભેદથી ત્રિકાળવર્તી જીવોનો ભેદ બતાવે છે—'**जीवा णं भंते! कइहिं ठाणेहिं अट्ठकम्मपगडीओ चिणिंसु**' ઇત્યાદિ. હે ભગવન્! જીવોએ કેટલા સ્થાન—કારણો વડે આઠ કર્મની પ્રકૃતિઓનો ચય કર્યો હતો? **કષાય-પરિણતિવાળા આત્માને કર્મપુદ્ગલોનું માત્ર ગ્રહણ થયું તે ચય.** ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! ચાર કારણોએ ચય કર્યો હતો. તે આ પ્રમાણે—ક્રોધ, માન, માયા અને લોભ વડે. એ પ્રમાણે નૈરયિકાદિ દંડકને વિષે કહેવું. આ દંડક અતીતકાળ વિષયક છે, એમ વર્તમાન કાળ અને ભવિષ્ય કાળ વિષયક દંડકો કહેવા. એ રીતે ઉપચય, બન્ધ, ઉદીરણા, વેદન અને નિર્જરા સબન્ધે દરેકના ત્રણ ત્રણ દંડક જાણવા. એમ સર્વ સંખ્યા વડે અઢાર દંડકો કહેવા. તેમાં પોતાના અબાધાકાળની પછી જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્ગલોને વેદવા માટે નિષેક-રચના થવી તે ઉપચય. તે આ પ્રમાણે—પ્રથમ સ્થિતિમાં સૌથી અધિક કર્મદલ હોય છે, બીજી સ્થિતિમાં વિશેષ હીન, તેથી ત્રીજી સ્થિતિમાં વિશેષ હીન, એમ વિશેષહીન વિશેષહીન ત્યાં સુધી જાણવું કે જ્યાં સુધી તે કાળે બાંધેલા કર્મની છેલ્લી સ્થિતિ હોય. એ સંબન્ધે કર્મપ્રકૃતિ-ટીકામાં અને પંચસંગ્રહની ટીકામાં સવિસ્તર કહ્યું છે ત્યાંથી જાણી લેવું. બન્ધન-પૂર્વોક્ત પ્રકારે પોતપોતાના અબાધાકાળની પછીના કાળમાં નિષેક-રચનાને પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્ગલોને પુનઃ કષાયના પરિણામવિશેષથી નિકાચિત કરવા, ઉદય સમયને નહિ પ્રાપ્ત થયેલા કર્મપુદ્ગલોને ઉદીરણા કરણના સામર્થ્યથી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો તે ઉદીરણા. તે ઉદીરણા પણ કોઇ કર્મની તથાવિધ કષાયના પરિણામવિશેષથી થાય છે, માટે એમ કહ્યું છે કે '**चउहिं ठाणेहिं उदीरेंसु, उदीरेंति, उदीरिस्संति**'—ચાર સ્થાને ઉદીર્યા હતા, ઉદીરે છે અને ઉદીરશે. અન્યથા કષાય સિવાય પણ ક્ષીણમોહ ગુણસ્થાનકે જ્ઞાનાવરણાદિ કર્મની ઉદીરણા કરનારા હોય છે. પોતપોતાના અબાધાકાળનો ક્ષય થવાથી સ્વભાવથી ઉદયને પ્રાપ્ત થયેલા અથવા ઉદીરણા કરણવડે ઉદયને પ્રાપ્ત થયેલા કર્મનો ઉપભોગ કરવો તે વેદના. કર્મપુદ્ગલોને ભોગવી ભોગવીને અકર્મરૂપે કરવાં તે નિર્જરા. અર્થાત્ આત્મપ્રદેશો સાથે લાગેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્ગલોને ભોગવીને નાશ કરવો. કહ્યું છે કે—"**पुव्वकयकम्मसाडण निज्जरा**"-પૂર્વકૃત કર્મનો નાશ કરવો તે નિર્જરા. આ દેશનિર્જરા જાણવી. કારણ કે તે કષાયજન્ય છે, પણ સર્વ નિર્જરા ન સમજવી. કારણ કે તે સર્વ નિર્જરા જેણે સર્વયોગનો રોધ કર્યો છે એવા કષાયરહિત આત્માને મોક્ષરૂપી પ્રાસાદ ઉપર ચઢતાં હોય છે, બીજા જીવને હોતી નથી. એ માટે જ ચોવીશ દંડક સંબન્ધી સૂત્ર પણ અવિરુદ્ધ સમજવું. કેમકે દેશનિર્જરા હમેશાં બધા જીવોને હોય છે. હવે સૂત્રકાર શિષ્ય ઉપર ઉપકાર કરવા માટે જે જે પદને આશ્રયી પૂર્વે સૂત્રો કહ્યાં છે તે પદોનો સંગ્રહણી ગાથા વડે નિર્દેશ કરે છે—'**आयपतिट्ठियं**' ઇત્યાદિ. પ્રથમ કષાયનો ભેદ બતાવનાર સામાન્ય સૂત્ર અત્યંત પ્રસિદ્ધ હોવાથી તેનો સંગ્રહ કર્યો નથી, બીજું આત્મપ્રતિષ્ઠિત પદસહિત સૂત્ર, ત્યાર પછી અનન્તાનુબન્ધીપદસહિત સૂત્ર, ત્યાર બાદ આભોગપદસહિત સૂત્ર, ત્યાર પછી ચય, ઉપચય, બન્ધ, ઉદીરણ, વેદના અને નિર્જરા સંબન્ધે અનુક્રમે સૂત્રો જાણવાં. અહીં મૂળમાં '**ચિણ**'-ચયપદ ઉપચયસૂત્રનું ઉપલક્ષણ-સૂચક છે.

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકામાં ચૌદમું કષાયપદ સમાપ્ત.

- *અરિહંતની વિરાધના કરનારો પણ જો આયુષ્ય બંધના સમયે આરાધનાના ભાવોમાં આવી જાય તો એ આરાધના એને સુગતિમાં મોકલી દે. પણ જો વિરાધના અતિ માત્રામાં થયેલી હોય તો એ વિરાધના એને પછીના ભવોમાં પાછો દુર્ગતિઓમાં ધકેલી દે છે.*

  – જયાનંદ

## ।। पन्नरसं इंदियपयं – पढमो उद्देसो ।।

## ।। पढमुद्देसस्स अत्थाहिगारा ।।

संठाणं[1] बाहल्लं[2] पोहत्तं[3] कतिपदेस[4] ओगाढे[5]। अप्पाबहु[6] पुट्ठ[7] पविट्ठ[8] विसय[9] अणगार[10] आहारे[11] ।।१।। अद्दाय[12] असी[13] य मणी[14] [1]दुद्ध[15] पाणे[16] (उडुपाणे) तेल्ल[17] फाणिय[18] वसा[19] य। कंबल[20] थूणा[21] थिग्गल[22] दीवोदहि[23] लोगऽलोगे[24] य ।।२।।

### પંદરમું ઇન્દ્રિય પદ

*૧ સંસ્થાન, ૨ બાહલ્ય–જાડાઈ, ૩ પૃથુત્વ–વિસ્તાર, ૪ કતિપ્રદેશ–કેટલા પ્રદેશવાળી, ૫ અવગાઢ–કેટલા પ્રદેશમાં રહેલ, ૬ અલ્પબહુત્વ, ૭ સ્પૃષ્ટ, ૮ પ્રવિષ્ટ, ૯ વિષય, ૧૦ અનગાર, ૧૧ આહાર, ૧૨ આદર્શ, ૧૩ અસિ, ૧૪ મણિ, ૧૫ દૂધ, ૧૬ પાનક, ૧૭ તેલ, ૧૮ ફાણિત, ૧૯ વસા, ૨૦ કાંબલ, ૨૧ સ્થૂણા–સ્તંભ, ૨૨ થિગ્ગલ–આકાશના થીગડારૂપ, ૨૩ દ્વીપોદધિ, ૨૪ લોક અને ૨૫ અલોક સંબંધે પહેલા ઉદ્દેશકમાં પચીશ અધિકારો છે.*

એ પ્રમાણે ચૌદમા પદની વ્યાખ્યા કરી, હવે પંદરમા પદનો પ્રારંભ કરાય છે. અહીં પૂર્વના પદમાં બન્ધનું પ્રધાન કારણ હોવાથી વિશેષરૂપે કષાયપરિણામનું પ્રતિપાદન કર્યું, અને ત્યાર પછી ઇન્દ્રિયવાળાને જ લેશ્યાદિ પરિણામનો સદ્ભાવ હોય છે, માટે વિશેષથી ઇન્દ્રિયપરિણામનું નિરૂપણ કરવા માટે આ પદનો આરંભ કરાય છે. આ પદમા બે ઉદ્દેશકો છે. તેમાં પ્રથમ ઉદ્દેશકમાં જે અર્થાધિકારો આવેલા છે તેને સંગ્રહ કરનાર આ બે ગાથાઓ છે—'**संठाणं बाहल्लं**' ઇત્યાદિ. ૧ પ્રથમ ઇન્દ્રિયોનું સંસ્થાન કહેવાનું છે, સંસ્થાન એટલે આકારવિશેષ, ૨ ત્યાર પછી તેઓનું બાહલ્ય કહેવાનું છે, બાહલ્ય એટલે જાડાઇ અથવા પિંડ. ૩ ત્યાર પછી ઇન્દ્રિયોનું પૃથુત્વ–વિસ્તાર કહેવાનો છે, ૪ ત્યારપછી '**कतिपदेस**'त्ति કેટલા પ્રદેશવાળી ઇન્દ્રિયો હોય છે તે કહેવાનું છે, ૫ ત્યારપછી '**ओगाढ**' ઇતિ—'**कतिप्रदेशावगाढमिन्द्रियम्**' કેટલા પ્રદેશોની અવગાહનાવાળી ઇન્દ્રિયો છે તે કહેવાનું છે. ૬ ત્યારબાદ અવગાહના સંબન્ધે અને કર્કશાદિગુણ સંબંધે અલ્પબહુત્વ કહેવાનું છે. ૭ ત્યારબાદ '**पुट्ठ**' त्ति અહીં સ્પૃષ્ટનું ગ્રહણ અન્ય અસ્પૃષ્ટનું ઉપલક્ષણ હોવાથી સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ સંબન્ધે સૂત્ર કહેવાનું છે. ૮ ત્યાર પછી પ્રવિષ્ટ–પ્રવિષ્ટ અને અપ્રવિષ્ટ વિષયના વિચાર સંબન્ધી સૂત્ર છે. ૯ ત્યાર પછી વિષયનું પરિમાણ, ૧૦ ત્યારબાદ અનગાર–સાધુવિષયક સૂત્ર છે, ૧૧ ત્યારબાદ આહારક વિષયક સૂત્ર, ૧૨ ત્યારપછી અનુક્રમે ૧૩ આદર્શ, ૧૪ મણિ, ૧૫ દુગ્ધપદસહિત, ૧૬ પાનક, ૧૭ તેલ, ૧૮ ફાણિત, ૧૯ વસા, ૨૦ કાંબલ, ૨૧ સ્થૂણા–ઠુંઠા ૨૨ મહાન આકાશરૂપી પટના થિગ્ગલ–થીગડા જેવા લોક સંબન્ધે અને ૨૩ દ્વીપ–સમુદ્ર, ૨૪ લોક અને ૨૫ ત્યારબાદ અલોક વિષે સૂત્ર છે.

## ।। इंदियभेयपरूवणा ।।

**कति णं भंते! इंदिया पन्नत्ता? गोयमा! पंच इंदिया पन्नत्ता, तं जहा-सोतिंदिए, चक्खिंदिए, घाणिंदिए, जिब्भिंदिए, फासिंदिए ।।सू०-१।।४२५।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલી ઇન્દ્રિયો છે? હે ગૌતમ! પાંચ ઇન્દ્રિયો છે. તે આ પ્રમાણે—૧ શ્રોત્રેન્દ્રિય, ૨ ચક્ષુઇન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ જિહ્વેન્દ્રિય અને ૫ સ્પર્શનેન્દ્રિય. ।।૧।।૪૨૫।।*

(ટી૦) તેમાં ઇન્દ્રિયોના સંસ્થાનાદિ કહેવાના છે માટે પ્રથમ ઇન્દ્રિય સંબન્ધી સૂત્ર કહે છે—'**कइणं भंते! इंदिया पन्नत्ता?**' હે ભગવન્! ઇન્દ્રિયો–જેનો શબ્દાર્થ પૂર્વે કહેલો છે તે કેટલી છે? ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! પાંચ ઇન્દ્રિયો છે'. તેને અહીં નામથી કહે છે—'**सोइंदिए**' ઇત્યાદિ. આ પાંચે ઇન્દ્રિયો બે પ્રકારની છે—દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. તેમાં દ્રવ્યેન્દ્રિય નિર્વૃત્તિ અને ઉપકરણ એ બે પ્રકારે છે, અને ભાવેન્દ્રિય લબ્ધિ અને ઉપયોગરૂપ બે પ્રકારે છે. તત્ત્વાર્થ સૂત્રકાર કહે છે કે

1. **दुद्ध-पाणे** ના સ્થાને **उडुपाणे** ના વિષયમાં મહાવીર વિદ્યાલયથી પ્રકાશિત પન્નવણામાં વિસ્તારથી ચર્ચા કરેલ છે. પૃ. ૨૩૭

"**निर्वृत्त्युपकरणे-द्रव्येन्द्रियम्, लब्ध्युपयोगी भावेन्द्रियम्**" (અ૦ ૨ સૂ૦ ૧૭-૧૮) નિર્વૃત્તિ અને ઉપકરણ દ્રવ્યેન્દ્રિય, અને લબ્ધિ અને ઉપયોગ ભાવેન્દ્રિય છે. તેમાં નિર્વૃત્તિ—પ્રતિનિયત-અમુક પ્રકારનો આકારવિશેષ, તે બે પ્રકારે છે-બાહ્ય નિર્વૃત્તિ અને અભ્યન્તર નિર્વૃત્તિ. તેમાં બાહ્યનિર્વૃત્તિ પાપડી વગેરેના જેવી આકૃતિવાળી અને વિચિત્ર છે, માટે તે પ્રતિનિયતરૂપે વર્ણવી શકાય તેમ નથી. જેમકે મનુષ્યના કાન બન્ને નેત્રની પડખે રહેલા છે અને ભમરો કાનના ઉપરના ભાગની અપેક્ષાએ સમ રેખામાં આવેલી છે. ઘોડાને નેત્રના ઉપર કાન છે અને તેનો અગ્રભાગ તીક્ષ્ણ છે-ઇત્યાદિ જાતિના ભેદથી અનેક પ્રકારની બાહ્ય નિર્વૃત્તિ હોય છે અને અભ્યન્તર નિર્વૃત્તિ સર્વ પ્રાણીઓને સરખી જ હોય છે, તેથી તેને આશ્રયી સંસ્થાનાદિ વિષયક સૂત્રો આગળ કહેવાનાં છે. કેવળ સ્પર્શનેન્દ્રિયની નિર્વૃત્તિમાં આકૃતિની અપેક્ષાએ બાહ્ય અને અભ્યન્તરનો ભેદ નથી, કારણ કે પૂર્વાચાર્યોએ તેનો નિષેધ કરેલો છે. માટે સ્પર્શનેન્દ્રિયના બાહ્યસંસ્થાન વિષેજ સૂત્ર કહેવામાં આવશે કે '**फासेंदिए णं भंते! किंसंठाणसंठिए पण्णत्ते**'? ઇત્યાદિ—'હે ભગવન્! સ્પર્શનેન્દ્રિયનો કેવો આકાર છે'? ઇત્યાદિ. ખડ્ગસમાન બાહ્ય નિર્વૃત્તિ છે અને ખડ્ગની ધાર જેવી જે સ્વચ્છ પુદ્ગલોના સમુદાયરૂપ અભ્યન્તર નિર્વૃત્તિ છે, તેની શક્તિવિશેષ તે ઉપકરણેન્દ્રિય છે. આ ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિય અભ્યન્તર નિર્વૃત્તિથી કથંચિદ્ ભિન્ન છે. કારણ કે શક્તિ અને શક્તિવાળાનો કથંચિદ્ ભેદ છે. એ હેતુથી જ અભ્યન્તર નિર્વૃત્તિ છતાં દ્રવ્યાદિ વડે ઉપકરણના વિઘાતનો સંભવ છે. જેમ કે—કદંબપુષ્પાદિના સમાન આકારવાળી અભ્યન્તર નિર્વૃત્તિ છતાં અત્યંત કઠોર મેઘની ગર્જનાદિ વડે ઉપઘાત થવાથી પ્રાણીઓ શબ્દાદિ વિષયને જાણવા સમર્થ થતા નથી. ભાવેન્દ્રિય બે પ્રકારની છે—લબ્ધિ અને ઉપયોગ. તેમાં શ્રોત્રેન્દ્રિયાદિના વિષયરૂપ સર્વ આત્મપ્રદેશો સંબન્ધી ઇન્દ્રિયજ્ઞાનાવરણ કર્મનો જ ક્ષયોપશમ તે લબ્ધિ, અને પોતપોતાના વિષયમાં લબ્ધિને અનુસારે આત્માનો જે વ્યાપાર, જેને પ્રણિધાન કહે છે તે ઉપયોગ છે. ॥૧॥૪૨૫॥

## ।। संठाणदारं ।।

**सोतिंदिए णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! कलंबुयापुप्फसंठाणसंठिते पन्नत्ते। चक्खिंदिए णं भंते! किंसंठिते पन्नत्ते? गोयमा! मसूरचंदसंठाणसंठिते पन्नत्ते। घाणिंदिए णं भंते! पुच्छा। गोयमा! अइमुत्तगचंदसंठाणसंठिते पन्नत्ते। जिब्भिंदिए णं पुच्छा। गोयमा! खुरप्पसंठाणसंठिते पन्नत्ते। फासिंदिए णं पुच्छा। गोयमा! णाणासंठाणसंठिते पन्नत्ते १। ।सू०-२।।४२६।।**

(મૂ૦) *હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયનો કેવો આકાર છે? હે ગૌતમ! કદંબ પુષ્પના જેવો આકાર છે. હે ભગવન્! ચક્ષુઇન્દ્રિયનો કેવો આકાર છે? હે ગૌતમ! મસૂર ચન્દ્રના જેવો આકાર છે. હે ભગવન્! ઘ્રાણેન્દ્રિયનો કેવો આકાર છે? હે ગૌતમ! અતિમુક્તપુષ્પના જેવો આકાર છે. હે ભગવન્! જિહ્વેન્દ્રિયનો કેવો આકાર છે? હે ગૌતમ! અસ્રાના જેવો આકાર છે. હે ભગવન્! સ્પર્શનેન્દ્રિયનો કેવો આકાર છે? અનેક પ્રકારનો આકાર છે. ॥૨॥૪૨૬॥*

(ટી૦) હવે અભ્યન્તર નિર્વૃત્તિને આશ્રયી સંસ્થાનાદિનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ સંસ્થાનનો વિચાર કરે છે—'**सोतिंदिए णं भंते! किंसंठिए पन्नत्ते?**'—હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયનો કેવો આકાર છે ઇત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે. ॥૨॥૪૨૬॥

## ।। बाहलदारं ।।

**सोइंदिएणं भंते! केवइयं बाहल्लेणं पन्नत्ते? गोयमा! अंगुलस्स असंखेज्जइ भागे बाहल्लेणं पन्नत्ते २। एवं जाव फासिंदिए।**

## || पोहत्तदारं ||

**सोतिंदिए णं भंते! केवइतं पोहत्तेणं पण्णत्ते? गोयमा! अंगुलस्स असंखेज्जइ भागं पोहत्तेणं पन्नत्ते। एवं चक्खिंदिए वि घाणिंदिए वि। जिब्भिंदिए णं पुच्छा। गोयमा! अंगुलपुहुत्तेणं पन्नत्ते। फासिंदिए णं पुच्छा। गोयमा! सरीरप्पमाणमेत्ते पोहत्तेणं पन्नत्ते ३। ।।सू०-३।।४२७।।**

*(મૂ૦) હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયની જાડાઇ કેટલી છે? હે ગૌતમ! અંગુલના અસંખ્યાતમા ભાગની જાડાઇ છે. એ પ્રમાણે યાવત્ સ્પર્શનેન્દ્રિય સુધી સમજવું. હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે? હે ગૌતમ! અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વિસ્તાર છે. એ પ્રમાણે ચક્ષુઇન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય સંબંધે જાણવું. હે ભગવન્! જિહ્વેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે? હે ગૌતમ! અંગુલપૃથક્ત્વપ્રમાણ વિસ્તાર છે. સ્પર્શનેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે? હે ગૌતમ! શરીરપ્રમાણ વિસ્તાર છે. ।।૩।।૪૨૭।।*

(ટી૦) હવે બાહલ્ય-ઇન્દ્રિયોની જાડાઇનો વિચાર કરે છે—'**सोइंदिए णं भंते! केवइयं बाहल्लेणं पन्नत्ते**'-હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયની કેટલી જાડાઇ છે? ઇત્યાદિ સૂત્ર પણ પાઠસિદ્ધ છે. આજ અર્થ બીજે સ્થળે પણ કહ્યો છે—''**बाहल्लतो य सव्वाइं अंगुलअसंखभागं**''। બધી ઇન્દ્રિયો જાડાઇમાં અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. (પ્ર૦)—જો સ્પર્શનેન્દ્રિયની જાડાઇ અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય તો તરવાર કે છરી વગેરેના ઘાથી શરીરની અંદર પીડાનો કેમ અનુભવ થાય? (ઉ૦)—આ શંકા અયુક્ત છે, કારણ કે સમ્યક્ વસ્તુતત્ત્વનું જ્ઞાન નથી. સ્પર્શનેન્દ્રિયનો વિષય શીતાદિ સ્પર્શોનો છે જેમ ચક્ષુઇન્દ્રિયોનો વિષય રૂપ અને ઘ્રાણેન્દ્રિયોનો વિષય ગંધ છે. તલવાર કે છરીનો ઘા વાગવાથી શરીરની અંદર શીતાદિસ્પર્શોનો અનુભવ થતો નથી, પરન્તુ કેવળ પીડાનો અનુભવ થાય છે, અને તે દુઃખરૂપ વેદનાને આત્મા જ્વરાદિની વેદનાની જેમ સર્વ શરીર વડે અનુભવે છે, પણ કેવળ સ્પર્શનેન્દ્રિય વડે ભોગવતો નથી, માટે કંઇપણ દોષ નથી. જો એમ છે તો શીતળ પીણું વગેરે પીતાં અંદર શીતસ્પર્શનો અનુભવ થાય છે તે કેમ ઘટી શકે? તેનો ઉત્તર એ છે કે, અહીં સ્પર્શનેન્દ્રિય બધે આત્મપ્રદેશના છેવટના ભાગમાં હોય છે, કારણ કે તે પ્રમાણે પૂર્વાચાર્યોએ વ્યાખ્યા કરી છે. એ સંબન્ધે મૂલટીકાકાર કહે છે-''**सर्वप्रदेशपर्यन्तवर्तित्वात् त्वचोऽभ्यन्तरेऽपि शुषिरस्योपरि त्वगिन्द्रियस्य भावादुपपद्यतेऽन्तः शीतस्पर्शवेदनानुभवः**''। ત્વચા સર્વપ્રદેશના પર્યન્તવર્તી હોવાથી અને શરીરનો અંદર પણ પોલાણના ઉપરના ઉપરના ભાગમાં સ્પર્શેન્દ્રિય હોવાથી અંદર શીત સ્પર્શોનો અનુભવ ઘટી શકે છે.

હવે ઇન્દ્રિયના વિસ્તાર સંબન્ધે સૂત્ર કહે છે—'**सोइंदिए णं भंते! केवइं पोहत्तेणं पन्नत्ते**'? હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિસ્તાર છે-ઇત્યાદિ. અહીં સ્પર્શનેન્દ્રિય સિવાય બાકીની ચાર ઇન્દ્રિયોનો વિસ્તાર આત્માંગુલ વડે જાણવો. અને સ્પર્શનેન્દ્રિયનો વિસ્તાર ઉત્સેધાંગુલથી જાણવો. (પ્ર૦)—ઇન્દ્રિયો શરીરાશ્રિત હોય છે અને શરીર ઉત્સેધાંગુલથી મપાય છે, કારણ કે '**उस्सेहपमाणतो मिणसु देहं**'—ઉત્સેધાંગુલના પ્રમાણથી શરીરનું માન કરવું-એવું શાસ્ત્રવચન છે. તો ઇન્દ્રિયોનું પણ ઉત્સેધાંગુલથી માન કરવું યોગ્ય છે, પણ આત્માંગુલથી કરવું યોગ્ય નથી. (ઉ૦)—તે અયુક્ત છે. કારણ કે જીભ વગેરે ઇન્દ્રિયના વિસ્તારનું માન ઉત્સેધાંગુલથી કરીએ તો ત્રણ ગાઉ વગેરેના પ્રમાણવાળા મનુષ્યાદિને રસાસ્વાદના વ્યવહારનો ઉચ્છેદ થાય. તે આ પ્રમાણે-ત્રણ ગાઉના પ્રમાણવાળા મનુષ્યોને અને છ ગાઉના પ્રમાણવાળા હસ્તી વગેરેને પોતપોતાના શરીરને અનુસારે અતિ વિશાલ મુખ અને જીભ હોય છે. તેથી જો તેઓની અસ્રાના આકારે કહેલી અભ્યન્તર નિર્વૃત્તિરૂપ જીભનો ઉત્સેધાંગુલથી અંગુલપૃથક્ત્વપ્રમાણ વિસ્તાર માનીએ તો તે અલ્પ હોવાથી બાહ્યનિર્વૃત્તિરૂપ સર્વ જીભને વ્યાપીને નહિ રહે, અને જો સર્વ જીભને વ્યાપીને ન રહે તો જાડાઇ વડે સર્વ જીભથી થતો રસના અનુભવરૂપ દરેક પ્રાણી પ્રસિદ્ધ વ્યવહારનો ઉચ્છેદ થાય. એ પ્રમાણે ઘ્રાણેન્દ્રિયાદિ સંબન્ધે પણ યથાસંભવ ગંધાદિના વ્યવહારનો ઉચ્છેદ જાણવો. તેથી જિહ્વાદિ ચાર

ઈન્દ્રિયોના વિસ્તારનું પ્રમાણ આત્માંગુલથી જાણવું પણ ઉત્સેધાંગુલથી ન જાણવું. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—

"इंदियमाणेवि तयं भयणिज्जं जं तिगाउयाईणं । जिब्भिंदियाइमाणं संववहारे विरुज्झेज्जा" ॥

ઈન્દ્રિયના પ્રમાણમાં ઉત્સેધાંગુલનો વિકલ્પ જાણવો. કારણ કે ત્રણ ગાઉ વગેરેના પ્રમાણવાળાને જિહ્વેન્દ્રિયાદિનું પ્રમાણ સંવ્યવહારથી વિરુદ્ધ થાય છે. અક્ષરાર્થ—તે ઉત્સેધાંગુલ ઈન્દ્રિયના પરિમાણમાં પણ વિકલ્પે જાણવો. તેથી ક્યાંઈક તેનું ગ્રહણ થતું નથી. એટલે ઈન્દ્રિયવિષયના પરિમાણમાં તેનું ગ્રહણ થતું નથી. બીજે ભલે વિકલ્પ હોય, પણ ઈન્દ્રિયના પરિમાણમાં વિકલ્પ સમજવો એ અપિશબ્દનો અર્થ છે. તાત્પર્ય એ છે કે સ્પર્શનેન્દ્રિયના વિસ્તારના પરિમાણમાં ઉત્સેધાંગુલ ગ્રહણ કરવો અને તે સિવાય બાકીની ઈન્દ્રિયોના પરિમાણમાં ન ગ્રહણ કરવો, કારણ કે બાકીની ઈન્દ્રિયોનું પરિમાણ આત્માંગુલથી થાય છે. એ શી રીતે જાણી શકાય? તેના ઉત્તરમાં કહે છે કે જો બધી ઈન્દ્રિયોનું પરિમાણ ઉત્સેધાંગુલથી કરવામાં આવે તો ત્રણ ગાઉના પ્રમાણવાળા અને આદિ શબ્દથી બે ગાઉ વગેરેના પ્રમાણવાળા મનુષ્યનું જિહ્વેન્દ્રિયાદિનું સૂત્રોક્ત માન વ્યવહારથી વિરોધી થાય છે, એટલે ઘટી શકતું નથી, અને જે પ્રકારે વિરોધી થાય છે તે પ્રકારે તેનો હમણાં જ વિચાર કર્યો છે. ॥૩॥૪૨૭॥

## ॥ कतिपदेसदारं ॥

**सोतिंदिए णं भंते! कतिपदेसित्ते पन्नत्ते? गोयमा! अणंतपदेसिते पन्नत्ते। एवं जाव फासिंदिए ।।सू०-४।।४२८।।**

*(મૂ૦) હે ભગવન્! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશવાળી છે? હે ગૌતમ! અનન્ત પ્રદેશવાળી છે. એ પ્રમાણે યાવત્ સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. ॥૪॥૪૨૮॥*

## ॥ ओगाढदारं ॥

**सोइंदिए णं भंते! कतिपदेसोगाढे पन्नत्ते? गोयमा! असंखेज्जपएहसोगाढे पन्नत्ते। एवं जाव फासिंदिए ।।सू०-५।।४२९।।**

*(મૂ૦) હે ભગવન્! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશમાં અવગાઢ-રહેલ છે? તેની કેટલા પ્રદેશોની અવગાહના છે? હે ગૌતમ! અસંખ્યાતા પ્રદેશોમાં અવગાઢ હોય છે. એ પ્રમાણે યાવત્ સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. ॥૫॥૪૨૯॥*

(ટી૦) હવે '**कतिप्रदेश**'—ઈન્દ્રિય કેટલા પ્રદેશવાળી હોય છે, તે દ્વારનું પ્રતિપાદન કરે છે—'**सोइंदिएण भंते**'! હે ભગવન્! શ્રોત્રેન્દ્રિય-ઈત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે. ॥૫॥૪૨૯॥

## ॥ अप्पाबहुदारं ॥

**एएसि णं भंते! सोतिंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाणं ओगाहणट्ठयाए पएसट्ठयाए ओगाहण-पएसट्ठयाए कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे चक्खिंदिते ओगाहणट्ठयाते, सोतिंदिए ओगाहणट्ठयाते संखेज्जगुणे, घाणिंदिए ओगाहणट्ठयाते संखेज्जगुणे, जिब्भिंदिए ओगाहणट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, पदेसट्ठयाते-सव्वत्थोवे चक्खिंदिए पदेसट्ठयाए, सोतिंदिए पएसट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए पएसट्ठयाए संखिज्जगुणे, जिब्भिंदिए पएसट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए पएसट्ठयाए संखेज्जगुणे ओगाहणपदेसट्ठयाए-सव्वत्थोवे चक्खिंदिए ओगाहणट्ठयाए, सोतिंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए ओगाहणट्ठयाए संखिज्जगुणे, जिब्भिंदिए ओगाहणट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए ओगाहणट्ठयाए संखिज्जगुणे, फासिंदियस्स ओगाहणट्ठयाएहिंतो चक्खिंदिए पएसट्ठयाए अणंतगुणे, सोतिंदिए पएसट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए पएसट्ठयाए संखिज्जगुणे, जिब्भिंदिए पएसट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए पदेसट्ठयाते संखेज्जगुणे ।।सू०-६।।४३०।।**

*(મૂ૦) હે ભગવન્! એ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, અને સ્પર્શનેન્દ્રિયોમાં અવગાહનાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને અવગાહના તથા પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડી ચક્ષુઇન્દ્રિય અવગાહનારૂપે છે—એટલે કે ચક્ષુઇન્દ્રિયની અવગાહના સૌથી થોડી છે, તેથી શ્રોત્રેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે. તેથી ઘ્રાણેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે અસંખ્યાતગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે. પ્રદેશાર્થરૂપે સૌથી થોડી ચક્ષુઇન્દ્રિય છે. અર્થાત્ ચક્ષુઇન્દ્રિયના પ્રદેશો સૌથી થોડા છે. તેથી શ્રોત્રેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે. અવગાહના અને પ્રદેશરૂપે—સૌથી થોડી ચક્ષુઇન્દ્રિય અવગાહનારૂપે છે એટલે તેની અવગાહના સૌથી થોડા પ્રદેશવાળી છે. તેથી શ્રોત્રેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે અસંખ્યાતગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે. સ્પર્શનેન્દ્રિયની અવગાહના કરતાં ચક્ષુઇન્દ્રિય પ્રદેશરૂપે અનંતગુણ છે—એટલે સ્પર્શનેન્દ્રિયની અવગાહના જેટલા આકાશ પ્રદેશોની હોય છે તે કરતાં તેના—ચક્ષુઇન્દ્રિયના પ્રદેશો અનન્તગુણા છે. તેથી શ્રોત્રેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે, તેથી ઘ્રાણેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે, તેથી જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અસંખ્યાતગુણ છે અને તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે. ॥૬॥૪૩૦॥*

(ટી૦) હવે અલ્પબહુત્વ દ્વાર કહે છે—સૌથી થોડી ચક્ષુઇન્દ્રિય અવગાહનારૂપે છે. તાત્પર્ય એ છે કે ચક્ષુઇન્દ્રિયની અવગાહના સૌથી થોડા આકાશ પ્રદેશોની છે. તેથી શ્રોત્રેન્દ્રિય અવગાહનાર્થરૂપે સંખ્યાતગુણ છે, કારણ કે અતિ ઘણા પ્રદેશોમાં તેની અવગાહના હોય છે, તેથી પણ ઘ્રાણેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, કારણ કે અતિ ઘણા પ્રદેશોમાં તેની અવગાહના હોય છે, તેથી પણ જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે અસંખ્યાતગુણ છે, કારણ કે તેનો વિસ્તાર અંગુલપૃથક્ત્વ પ્રમાણ છે. કેટલાએક પુસ્તકોમાં 'સંખ્યાતગુણ' એવો જે પાઠ દેખાય છે તે અશુદ્ધ પાઠ છે, કેમ કે યુક્તિથી અસંગત છે. તે આ પ્રમાણે—ચક્ષુ આદિ ત્રણે ઇન્દ્રિયો પ્રત્યેક અંગુલના અસંખ્યાતમાભાગપ્રમાણ વિસ્તારવાળી છે અને જિહ્વેન્દ્રિયનો અંગુલપૃથક્ત્વપ્રમાણ વિસ્તાર છે, માટે અસંખ્યાતગુણ જ ઘટે છે, પણ સંખ્યાતગુણ ઘટતું નથી, તેથી સ્પર્શેન્દ્રિય સંખ્યાતગુણ છે, તે આ પ્રમાણે—જિહ્વેન્દ્રિયનો વિસ્તાર અંગુલ પૃથક્ત્વપ્રમાણ છે અહીં બે થી માંડી નવ સુધીની સંખ્યાને પૃથક્ત્વ કહે છે, અને સ્પર્શનેન્દ્રિય તો શરીરપ્રમાણ છે, માટે તે અંગુલપૃથક્ત્વ પ્રમાણ મોટું હોય તો પણ સંખ્યાતગુણ જ ઘટે છે. ઘણા પુસ્તકોમાં 'અસંખ્યાતગુણ' એવો જે પાઠ દેખાય છે તે અશુદ્ધ છે, કારણ કે યુક્તિરહિત છે. તે આ પ્રમાણે—આત્માંગુલ—પૃથક્ત્વપ્રમાણ જિહ્વેન્દ્રિય છે અને શરીરપ્રમાણ સ્પર્શનેન્દ્રિય હોય છે, શરીર વધારેમાં વધારે લાખ યોજન પ્રમાણ હોય છે તેથી તે અસંખ્યાતગુણ કેમ ઘટી શકે? આ ક્રમ વડે જ પ્રદેશાર્થરૂપે પણ સૂત્રનો વિચાર કરવો. અને ઉપર કહેલા પ્રકારવડે જ અવગાહનામાં અને પ્રદેશાર્થરૂપ એ ઉભય સૂત્રનો પણ વિચાર કરવો. ॥૬॥૪૩૦॥

**सोतिंदियस्स णं भंते! केवइया कक्खडगरुयगुणा पन्नत्ता? गोयमा! अणंता कक्खडगरुयगुणा पन्नत्ता, एवं जाव फासिंदियस्स। सोतिंदियस्स णं भंते! केवइया मउयलहुयगुणा पन्नत्ता? गोयमा! अणंता मउयलहुयगुणा पन्नत्ता, एवं जाव फासिंदियस्स ।।सू०-७।।४३१।।**

*(મૂ૦) હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયના કર્કશ અને ગુરુ ગુણો કેટલા છે? હે ગૌતમ! કર્કશ અને ગુરુગુણો અનન્તા છે. એ પ્રમાણે યાવત્—સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયના મૃદુ અને લઘુ ગુણો કેટલા છે? હે ગૌતમ! મૃદુ અને લઘુગુણો અનન્તા છે. એ પ્રમાણે યાવત્—સ્પર્શનેન્દ્રિય સુધી જાણવું. ॥૭॥૪૩૧॥*

**एतेसिं णं भंते! सोइंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाणं कक्खडगरुयगुणाणं मउयलहुयगुणाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया? गोयमा! सव्वत्थोवा चक्खिंदियस्स**

कक्खडगरुयगुणा, सोतिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, घाणिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, जिब्भिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा। मउयलहुयगुणाणं-सव्वत्थोवा फासिंदियस्स मउयलहुयगुणा, जिब्भिंदियस्स मउयलहुयगुणा अनंतगुणा, घाणिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, सोतिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, चक्खिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा। कक्खडगरुयगुणाणं मउयलहुयगुणाण य-सव्वत्थोवा चक्खिंदियस्स कक्खडगुरुयगुणा, सोतिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, घाणिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, जिब्भिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणेहिंतो तस्स चेव मउयलहुयगुणा अणंतगुणा, जिब्भिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, घाणिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, सोतिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, चक्खिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा ।।सू०-८।।४३२।।

*(મૂ૦) હે ભગવન્! એ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ અને ગુરુગુણો તથા મૃદુ અને લઘુગુણોમાં કઇ ઇન્દ્રિયના કયા ગુણો કઇ ઇન્દ્રિયના કયા ગુણોથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ચક્ષુઇન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો છે. તેથી શ્રોત્રેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે. તેથી જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે. મૃદુ-લઘુ ગુણોનું અલ્પ બહુત્વ-સૌથી થોડા સ્પર્શનેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો છે, તેથી જિહ્વેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી શ્રોત્રેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી ચક્ષુઇન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે. કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ-લઘુ ગુણોનું અલ્પબહુત્વ-સૌથી થોડા ચક્ષુઇન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો છે, તેથી શ્રોત્રેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, તેથી સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો કરતાં તેનાજ મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી જિહ્વેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્ત ગુણા છે, તેથી ઘ્રાણેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી શ્રોત્રેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી ચક્ષુઇન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે. ॥૮॥૪૩૨॥*

(ટી૦) જે કર્કશ-ગુરુ ગુણ વગેરે સંબન્ધે સૂત્રો છે તે પાઠ સિદ્ધ છે, પરન્તુ અલ્પબહુત્વના સૂત્રમાં ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા અને સ્પર્શનેન્દ્રિયના ઉત્તરોત્તર કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણા છે, અને એજ ઇન્દ્રિયના પશ્ચાનુપૂર્વી—પાછળના ક્રમથી પૂર્વ પૂર્વના મૃદુ-લઘુ-ગુણો અનન્તગુણા જાણવા, કારણ કે તે પ્રમાણે ઉત્તરોત્તર કર્કશરૂપે અને પૂર્વ પૂર્વ અતિકોમળ રૂપે જણાય છે. એક સાથે બન્નેના અલ્પબહુત્વ સૂત્રમાં 'સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો કરતાં તેના જ મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, કારણ કે શરીરમાં ઉપર રહેલા કેટલા એક પ્રદેશો ટાઢ, તાપ વગેરેના સંબંધથી કર્કશ હોય છે. અને તે સિવાયના બીજા શરીરની અંદર રહેલા ઘણા પ્રદેશો મૃદુ હોય છે, માટે સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ કરતાં મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે. ॥૮॥૪૩૨॥

## ।। चउवीसदंडएसु संठाणाइदारछक्कं ।।

नेरइयाणं भंते! कइ इंदिया पन्नत्ता? गोयमा! पंचिंदिया पन्नत्ता, तं जहा-सोतिन्दिए जाव फासिन्दिए। नेरइयाणं भंते! सोतिन्दिए किंसंठिए पन्नत्ते? गोयमा! कलंबुयासंठाणसंठिते पन्नत्ते। एवं जहा ओहियाणं वत्तव्वया भणिता तहेव नेरइयाणं पि जाव अप्पाबहुयाणि दोण्णि वि। नवरं नेरइयाणं भंते! फासिन्दिए किंसंठिए पन्नत्ते? गोयमा! दुविधे पन्नत्ते, तं जहा-भवधारणिज्जे य उत्तरवेउव्विते य। तत्थ णं जे से भवधारणिज्जे से णं हुंडसंठाणसंठिते पन्नत्ते, तत्थ णं जे से उत्तरवेउव्विते से वि तहेव, सेसं तं चेव ।।सू०-९।।४३३।।

(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલી ઇન્દ્રિયો છે? હે ગૌતમ! પાંચ ઇન્દ્રિયો છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય, યાવત્ સ્પર્શનેન્દ્રિય. હે ભગવન્! નૈરયિકોને શ્રોત્રેન્દ્રિય કેવા આકારની છે? હે ગૌતમ! કદંબપુષ્પના આકાર જેવી છે. એ પ્રમાણે જેમ સામાન્ય ઇન્દ્રિયોની વક્તવ્યતા કહી છે તેમ નૈરયિકોની પણ યાવત્ બન્ને પ્રકારના અલ્પબહુત્વ સુધી કહેવી. પરન્તુ એટલી વિશેષતા છે-હે ભગવન્! નૈરયિકોને સ્પર્શનેન્દ્રિય કેવા આકારની છે? હે ગૌતમ! તેઓને સ્પર્શનેન્દ્રિય બે પ્રકારની છે, તે આ પ્રમાણે-ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય સ્પર્શનેન્દ્રિય છે તે હુંડક સંસ્થાનના આકાર જેવી છે અને જે ઉત્તરવૈક્રિયરૂપ સ્પર્શનેન્દ્રિય છે તે પણ તેવી જ છે. બાકી બધું તેમજ જાણવું. ॥૯॥૪૩૩॥

(ટી૦) હવે નૈરયિકોમાં સંસ્થાનથી માંડી અલ્પબહુત્વ સુધીના આજ દ્વારોનો વિચાર કરે છે—'नेरइयाणं भंते'!-હે ભગવન્! નૈરયિકોને કેટલી ઇન્દ્રિયો હોય-ઇત્યાદિ સુગમ છે, પરન્તુ 'नेरइयाणं भंते! फासिंदिए किंसंठिए पण्णत्ते?' હે ભગવન્! નૈરયિકોને સ્પર્શનેન્દ્રિય કેવા આકારની હોય છે ઇત્યાદિ. નૈરયિકોને બે પ્રકારનું શરીર છે—ભવધારણીય અને ઉત્તરવૈક્રિય, ભવધારણીય શરીર તેઓને ભવસ્વભાવથી જ જેની પાંખ મૂળથીજ તોડી નાંખી છે અને ડોક વગેરેના રુંવાટા ઉખેડી નાંખ્યા છે એવા પક્ષીના શરીરની પેઠે અતિ બીભત્સ આકૃતિવાળું હોય છે. જે ઉત્તરવૈક્રિય છે તે પણ હુંડકસંસ્થાનવાળું હોય છે, તે આ પ્રમાણે-જો કે તે નૈરયિકો 'અમે અતિસુંદર શરીર વિકુર્વીએ' એ ઇચ્છા વડે શરીરનો આરંભ કરે છે, તો પણ તેઓને અત્યન્ત અશુભ તેવા પ્રકારના નામકર્મના ઉદયથી અત્યંત અશુભ શરીર થાય છે. ॥૯॥૪૩૩॥

**असुरकुमाराणं भंते! कइ इन्दिया पन्नत्ता? गोयमा! पंचिंदिया पन्नत्ता, एवं जहा ओहियाणि जाव अप्पाबहुगाणि दोण्णि वि। नवरं फासिन्दिए दुविधे पण्णत्ते, तं जहा-भवधारणिज्जे य उत्तरवेउव्विते य। तत्थ णं जे से भवधारणिज्जे से णं समचउरंससंठाणसंठिते पन्नत्ते, तत्थ णं जे से उत्तरवेउव्विते से णं णाणासंठाणसंठिते, सेसं तं चेव। एवं जाव थणियकुमाराणं ।।सू०-१०।।४३४।।**

(મૂ૦) હે ભગવન્! અસુરકુમારોને કેટલી ઇન્દ્રિયો છે? હે ગૌતમ! પાંચ ઇન્દ્રિયો છે. એ પ્રમાણે જેમ સામાન્ય ઇન્દ્રિયો સંબંધે કહ્યું તેમ બન્ને પ્રકારના અલ્પબહુત્વ સુધી કહેવું. પરન્તુ તેઓને સ્પર્શનેન્દ્રિય બે પ્રકારની છે. તે આ પ્રમાણે-ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે તે સમચતુરસ્રસંસ્થાનના આકારવાળી છે, અને જે ઉત્તરવૈક્રિયરૂપ છે તે અનેક પ્રકારના આકારવાળી છે. બાકી બધું તેમજ જાણવું અને તે યાવત્ સ્તનિતકુમારો સુધી સમજવું. ॥૧૦॥૪૩૪॥

**पुढविकाइयाणं भंते! कति इन्दिया पन्नत्ता? गोयमा! एगे फासिन्दिए पन्नत्ते। पुढविकाइयाणं भंते! फासिन्दिते किंसंठाणसंठिते पन्नत्ते? गोयमा! मसूरचंदसंठाणसंठिते पण्णत्ते। पुढविकाइयाणं भंते! फासिन्दिते केवइयं बाहल्लेणं पन्नत्ते? गोयमा! अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेणं पन्नत्ते। पुढविकाइयाणं भंते! फासिन्दिए केवतितं पोहत्तेणं पन्नत्ते? गोयमा! सरीरप्पमाणमेत्ते पोहत्तेणं पन्नत्ते। पुढविकाइयाणं भंते! फासिन्दिए कतिपदेसिते पन्नत्ते? गोयमा! अणंतपदेसिते पन्नत्ते। पुढविकाइयाणं भंते! फासिन्दिते कतिपदेसोगाढे पन्नत्ते? गोयमा! असंखेज्जपएसोगाढे पन्नत्ते। एतेसि णं भंते! पुढविकाइयाणं फासिन्दियस्स 'ओगाहणट्ठयाए पएसट्ठयाए ओगाहणपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे पुढविकाइयाणं फासिन्दिए ओगाहणट्ठयाते, ते चेव पदेसट्ठयाते अणंतगुणे। पुढविकाइयाणं भंते। फासिन्दियस्स केवइया कक्खडगरुयगुणा पन्नत्ता? गोयमा! अणंता, एवं मउयलहुयगुणा वि। एतेसि णं भंते! पुढविकाइयाणं फासिन्दियस्स कक्खडगरुय²गुणाणं मउयलहुयगुणाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा पुढविकाइयाणं फासिंदियस्स कक्खडगरुयगुणा, तस्स चेव मउयलहुयगुणा**

१. ओगाहण-पएसट्ठाए (म.वि.) २. गरुय गुणमउल (म.वि.)

**अणंतगुणा। एवं आउकाइयाण वि जाव वणप्फइकाइयाणं, णवरं संठाणे इमो विसेसो दट्ठव्वो-आउकाइयाणं थिबुगबिंदुसंठाणसंठिते पन्नत्ते। तेउकाइयाणं सूईकलावसंठाणसंठिते पन्नत्ते। वाउकाइयाणं पडागासंठाणसंठिते पन्नत्ते। वणप्फइकाइयाणं णाणासंठाणसंठिते पन्नत्ते ।।सू०-११।।४३५।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલી ઈન્દ્રિયો હોય છે? હે ગૌતમ! તેઓને એક સ્પર્શનેન્દ્રિય હોય છે. હે ભગવન્! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય કેવા આકારની હોય છે? હે ગૌતમ! મસૂરચંદ્રના આકાર જેવી હોય છે. હે ભગવન્! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય જાડાઈમાં કેટલી છે? હે ગૌતમ! જાડાઈમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. હે ભગવન્! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયનો વિસ્તાર કેટલો છે? હે ગૌતમ! વિસ્તારમાં શરીરપ્રમાણ માત્ર હોય છે. હે ભગવન્! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય કેટલા પ્રદેશવાળી હોય છે? હે ગૌતમ! અનન્તપ્રદેશવાળી હોય છે. હે ભગવન્! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય કેટલા પ્રદેશોની અવગાહનાવાળી હોય છે? હે ગૌતમ! અસંખ્યાતા પ્રદેશોની અવગાહનાવાળી હોય છે. હે ભગવન્! એ પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે, પ્રદેશરૂપે અને અવગાહના-પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડી પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિય અવગાહના રૂપે છે, એટલે તેના પ્રદેશોની અપેક્ષાએ સ્પર્શનેન્દ્રિયની અવગાહના સૌથી થોડી છે, અને તેજ પ્રદેશાર્થરૂપે અનન્તગુણ છે. અર્થાત્-અવગાહના કરતાં તેના પ્રદેશો અનન્તગુણા છે. હે ભગવન્! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયના કેટલા કર્કશ-ગુરુ ગુણો છે? હે ગૌતમ! અનન્તા છે. એમ મૃદુ-લઘુ ગુણો પણ જાણવા. હે ભગવન્! એ પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ-લઘુ ગુણોમાં કયા ગુણો કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! પૃથિવીકાયિકોની સ્પર્શનેન્દ્રિયના સૌથી થોડા કર્કશ-ગુરુ ગુણો છે, તેથી તેનાજ મૃદુ-લઘુ ગુણો અનન્તા છે. એ પ્રમાણે અપ્કાયિકો યાવત્ વનસ્પતિકાયિકો સુધી જાણવું. પરન્તુ સંસ્થાનમાં આ વિશેષતા છે-અપ્કાયિકોની સ્તિબુક-પરપોટાની આકૃતિ જેવી, તેજસ્કાયિકોની સોયના જત્થાના જેવી, વાયુકાયિકોની ધ્વજાના જેવી અને વનસ્પતિકાયિકોની અનેક પ્રકારના આકારવાળી સ્પર્શનેન્દ્રિય જાણવી. ।।૧૧।।૪૩૫।।*

**बेइंदियाणं भंते! कति इंदिया पन्नत्ता? गोयमा! दो इंदिया पन्नत्ता, तं जहा-जिब्भिंदिए य फासिंदिए य। दोण्हंपि इंदियाणं संठाणं बाहल्लं पोहत्तं पदेसा ओगाहणा य जहा ओहियाणं भणिता तहा भाणियव्वा, णवरं फासिंदिए हुंडसंठाणसंठिते पण्णत्ते त्ति इमो विसेसो। एतेसि णं भंते! बेइंदियाणं जिब्भिंदिय-फासिंदियाणं ओगाहणट्ठयाते पदेसट्ठयाते ओगाहणपदेसट्ठयाते कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवे बेइंदियाणं जिब्भिंदिए ओगाहणट्ठयाते, फासिंदिए ओगाहणट्ठयाते संखेज्जगुणे। पदेसट्ठयाते-सव्वत्थोवे बेइंदियाणं जिब्भिंदिते पएसट्ठयाए, फासिन्दिए पएसट्ठयाए संखेज्जगुणे। ओगाहणपएसट्ठयाते-सव्वत्थोवे बेइंदियस्स जिब्भिंदिए ओगाहणट्ठयाते, फासिन्दिए ओगाहणट्ठयाते संखेज्जगुणे, फासिंदियस्स ओगाहणट्ठयातेहिंतो जिब्भिंदिए पएसट्ठयाते अणंतगुणे, फासिन्दिए पएसट्ठयाए संखेज्जगुणे। बेइन्दियाणं भंते! जिब्भिन्दियस्स केवइया कक्खडगरुयगुणा पन्नत्ता? गोयमा! अणंता। एवं फासिन्दियस्स वि, एवं मउयलहुयगुणा वि। एतेसि णं भंते! *बेइन्दियाणं जिब्भिंदिय-फासिन्दियाणं कक्खडगरुयगुणाणं, मउयलहुयगुणाणं, कक्खडगरुयगुणाणं* मउयलहुयगुणाण य कतरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा *बेइन्दियाणं जिब्भिंदियस्स कक्खडगरुयगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, फासिंदियस्स* कक्खडगरुयगुणेहिंतो तस्स चेव मउयलहुयगुणा अणंतगुणा, जिब्भिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा। एवं**

**जाव चउरिन्दिय त्ति, नवरं इंदियपरिवुड्ढी कातव्वा। तेइंदियाणं घाणिन्दिए थोवे, चउरिन्दियाणं चक्खिंदिए थोवे, सेसं तं चेव। पंचिन्दियतिरिक्खजोणियाणं मणूसाण य जहा नेरइयाणं, णवरं फासिंदिए छव्विए संठाणसंठिए पण्णत्ते। तं जहा-समचउरंसे १, णग्गोहपरिमंडले २, साती ३, खुज्जे ४, वामणे ५, हुंडे ६। वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा असुरकुमाराणं।।सू०-१२।।४३६।।**

*(મૂ૦) હે ભગવન્! બેઇન્દ્રિયોને કેટલી ઇન્દ્રિયો હોય છે? હે ગૌતમ! બે ઇન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે—જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય. બન્ને ઇન્દ્રિયોનું સંસ્થાન, જાડાઇ, વિસ્તાર, પ્રદેશો અને અવગાહના જેમ સામાન્ય ઇન્દ્રિયોની કહી છે તેમ કહેવી. પરન્તુ સ્પર્શનેન્દ્રિય હુંડક સંસ્થાનની આકૃતિ જેવી છે એ વિશેષ છે. હે ભગવન્! એ બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયોમાં અવગાહનારૂપે, પ્રદેશરૂપે અને અવગાહના-પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે સૌથી અલ્પ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે, પ્રદેશાર્થરૂપે—બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે સૌથી અલ્પ છે અને તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશરૂપે સંખ્યાતગુણ છે. અવગાહના-પ્રદેશાર્થરૂપે બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અવગાહનારૂપે સૌથી અલ્પ છે, તેથી સ્પર્શનેન્દ્રિય અવગાહનારૂપે સંખ્યાતગુણ છે. સ્પર્શનેન્દ્રિયની અવગાહના કરતાં જિહ્વેન્દ્રિય પ્રદેશરૂપે અનન્તગુણ છે, તેથી સ્પર્શનેન્દ્રિય પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે. હે ભગવન્! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કેટલા કર્કશ અને ગુરુ ગુણો કહ્યા છે? હે ગૌતમ! અનન્તા કહ્યા છે. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિયના પણ જાણવા. એમ મૃદુ અને લઘુ ગુણો સંબન્ધે જાણવું. હે ભગવન્! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો, મૃદુ-લઘુ ગુણો તથા કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ લઘુ ગુણોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો સૌથી થોડા છે, તેથી સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનન્તગુણ છે, અને સ્પર્શનેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો કરતાં તેનાજ મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે, તેથી જિહ્વેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનન્તગુણા છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ ઇન્દ્રિયની સંખ્યામાં વૃદ્ધિ કરવી. તેઇન્દ્રિયોને ઘ્રાણેન્દ્રિય સૌથી અલ્પ છે, ચઉરિન્દ્રિયોને ચક્ષુઇન્દ્રિય અલ્પ છે. બાકી બધું તેમજ જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને નૈરયિકોની જેમ કહેવું, પરન્તુ સ્પર્શનેન્દ્રિય છ પ્રકારના સંસ્થાનના આકાર જેવી હોય છે. તે આ પ્રમાણે—૧ સમચતુરસ્ર, ૨ ન્યગ્રોધપરિમંડલ, ૩ સાદિ, ૪ કુબ્જ, ૫ વામન અને ૬ હુંડ [જેને જેવા પ્રકારનું સંસ્થાન હોય તેને તેવા પ્રકારની સ્પર્શનેન્દ્રિય હોય છે.] વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમારની પેઠે કહેવું. ।।૧૨।।૪૩૬।।*

(ટી૦) અસુરકુમાર સૂત્રમાં તથાસ્વભાવથી ભવધારણીય સમચતુરસ્ર સંસ્થાન છે, અને ઉત્તરવૈક્રિય અનેક આકૃતિવાળું હોય છે. કારણ કે સ્વેચ્છાથી તેની ઉત્પત્તિ થાય છે. પૃથિવ્યાદિ સંબંધે સૂત્રો અત્યંત સ્પષ્ટ છે.

## ।। पुट्ठदारं ।।

**पुट्ठाइं भंते! सद्दाइं सुणेति? अपुट्ठाई सद्दाइं सुणेति? गोयमा! पुट्ठाइं सद्दाइं सुणेति, नो अपुट्ठाई सद्दाइं सुणेति। पुट्ठाइं भंते! रूवाइं पासति? अपुट्ठाई पासति? गोयमा! नो पुट्ठाई रूवाइं पासति, अपुट्ठाइं रूवाइं पासति। पुट्ठाइं भंते! गंधाई अग्घाइ? अपुट्ठाई गंधाई अग्घाइ? गोयमा! पुट्ठाई गंधाइं अग्घाइ, नो अपुट्ठाई गंधाइं अग्घाइ। एवं रसाणवि फासाणवि, णवरं रसाइं अस्साएति, फासाइं पडिसंवेदेति त्ति अभिलावो कायव्वो।**

## ।। पविट्ठदारं ।।

**पविट्ठाइं भंते! सद्दाइं सुणेति? अपविट्ठाइं सद्दाइं सुणेति? गोयमा! पविट्ठाई सद्दाइं सुणेति, नो अपविट्ठाइं सद्दाइं सुणेति, एवं जहा पुट्ठाणि तहा पविट्ठाणि वि ।।सू०-१३।।४३७।।**

*(મૂ૦) હે ભગવન્! સ્પષ્ટ–સ્પર્શ કરાયેલા–ઇન્દ્રિયના સંબંધને પ્રાપ્ત થયેલા શબ્દો સાંભળે કે અસ્પષ્ટ–નહિ સ્પર્શ કરાયેલા શબ્દો સાંભળે? હે ગૌતમ! સ્પૃષ્ટ શબ્દો સાંભળે, પણ અસ્પૃષ્ટ શબ્દો ન સાંભળે. હે ભગવન્! સ્પૃષ્ટ રૂપ જુએ કે અસ્પૃષ્ટ રૂપ જુએ? હે ગૌતમ! સ્પૃષ્ટ રૂપ ન જુએ પણ અસ્પૃષ્ટ રૂપ જુએ. હે ભગવન્! સ્પૃષ્ટ ગન્ધ સુંઘે કે અસ્પૃષ્ટ ગન્ધ સુંઘે? હે ગૌતમ! સ્પૃષ્ટ ગન્ધ સુંઘે, પણ અસ્પૃષ્ટ ગન્ધ ન સુંઘે. એ પ્રમાણે રસ અને સ્પર્શ સંબન્ધે પણ જાણવું. પરન્તુ 'રસ આસ્વાદે છે અને સ્પર્શને વેદે છે' એ પાઠ કહેવો. હે ભગવન્! પ્રવિષ્ટ–ઇન્દ્રિયોમાં પ્રવેશ કરેલા શબ્દ સાંભળે કે અપ્રવિષ્ટ શબ્દ સાંભળે? હે ગૌતમ! પ્રવિષ્ટ શબ્દ સાંભળે, પણ અપ્રવિષ્ટ શબ્દ ન સાંભળે–ઇત્યાદિ જેમ સ્પૃષ્ટ સંબંધે કહ્યું તેમ પ્રવિષ્ટ સંબંધે જાણવું. ॥૧૩॥૪૩૭॥*

(ટી૦) હવે સ્પૃષ્ટદ્વાર કહે છે—'**पुट्ठाइं भंते! सद्दाइं सुणेति**' પ્રાકૃત હોવાથી સૂત્રમાં 'શબ્દ' નપુંસકલિંગ છે, અન્યથા સંસ્કૃત ભાષામાં 'શબ્દ' પુંલિંગ હોય છે. અહીં 'શ્રોત્રેન્દ્રિય' એ કર્તૃવાચક પદ અર્થાપત્તિગમ્ય છે. હે ભગવન્! શ્રોત્રેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દોને સાંભળે? તેમાં '**स्पृश्यन्ते इति स्पृष्टाः**' શરીર ઉપર ધૂલીકણની પેઠે જેનો શ્લેષાત્મક સંબન્ધ થાય તે સ્પૃષ્ટ–સ્પર્શમાત્રને પ્રાપ્ત થયેલા કહેવાય છે. કારણ કે '**पुट्ठरेणुं व तणुम्मि**' શરીરને વિષે ધૂળની પેઠે સ્પર્શ કરાયેલા '**शब्द्यन्ते-प्रतिपाद्यन्तेऽर्था एभिरिति शब्दाः**' જે વડે અર્થોનું પ્રતિપાદન કરાય તે શબ્દો, તેને સાંભળે–ગ્રહણ કરે? તાત્પર્ય એ છે કે–શ્રોત્રેન્દ્રિય સ્પૃષ્ટમાત્ર શબ્દ દ્રવ્યને જાણે છે, પણ ઘ્રાણેન્દ્રિયાદિની પેઠે બદ્ધસ્પૃષ્ટ દ્રવ્યને નહિ, કારણ કે શબ્દદ્રવ્યો ઘ્રાણેન્દ્રિયાદિના વિષયભૂત દ્રવ્ય કરતાં સૂક્ષ્મ છે અને ઘણાં છે. તેમજ તે ક્ષેત્રમાં રહેલાં શબ્દયોગ્ય દ્રવ્યને વાસિત કરનારા છે, તેથી સૂક્ષ્મ હોવાથી, અતિઘણાં હોવાથી અને અન્ય દ્રવ્યને વાસિત કરનાર હોવાથી આત્મપ્રદેશોની સાથે સ્પૃષ્ટમાત્ર–સ્પર્શમાત્રને પ્રાપ્ત થયેલાં નિર્વૃત્તિઇન્દ્રિયમાં પ્રવેશ કરીને જલદી ઉપકરણેન્દ્રિયને–શબ્દગ્રહણ કરવાની શક્તિને અભિવ્યક્ત કરે છે. વળી શ્રોત્રેન્દ્રિય પોતાના વિષયને જાણવામાં ઘ્રાણેન્દ્રિય કરતાં વધારે સમર્થ છે, તેથી તે સ્પૃષ્ટમાત્ર શબ્દદ્રવ્યને જાણે છે, પરન્તુ અસ્પૃષ્ટ–સર્વથા આત્મપ્રદેશો સાથે સંબન્ધને નહિ પ્રાપ્ત થયેલા દ્રવ્યોને જાણતી નથી. કારણ કે તેનો શ્રોત્રેન્દ્રિયને પ્રાપ્ત થયેલા વિષયને જાણવાનો સ્વભાવ છે. જે પ્રકારે શ્રોત્રેન્દ્રિય પ્રાપ્તકારી–પ્રાપ્ત થયેલા વિષયને જાણવાના સ્વભાવવાળી છે, તે પ્રકારે નન્દિસૂત્રની ટીકાદિમાં ચર્ચા કરી છે માટે તે ત્યાંથી જાણી લેવું. '**पुट्ठाइं भंते! रूवाइं**'—હે ભગવન્! સ્પૃષ્ટ રૂપને જુએ–ઇત્યાદિ સુગમ છે. ઉત્તર કહે છે–હે ગૌતમ! ચક્ષુ સ્પૃષ્ટ રૂપને ન જુએ, પરન્તુ અસ્પૃષ્ટ રૂપને જુએ, કારણ કે ચક્ષુ અપ્રાપ્ત વિષયને ગ્રહણ કરે છે અને તે અપ્રાપ્તકારિત્વ તત્ત્વાર્થટીકામાં સવિસ્તરપણે સિદ્ધ કરેલું છે માટે ત્યાંથી જાણી લેવું. ગન્ધાદિવિષયક સૂત્રો સ્પષ્ટ છે, પરન્તુ '**स्पृष्टान् गन्धान् आजिघ्रति**'—સ્પૃષ્ટ ગન્ધને સુંઘે છે–ઇત્યાદિ જો કે કહ્યું છે, તો પણ બદ્ધસ્પષ્ટ ગન્ધને સુંઘે છે એમ જાણવું, કારણ કે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—

"**पुट्ठं सुणेइ सद्दं रूवं पुण पासइ अपुट्ठं तु। गंधं रसं च फासं बद्धपुट्ठं वियागरे**"॥

સ્પૃષ્ટ શબ્દ સાંભળે છે, અને અસ્પૃષ્ટ રૂપને જુએ છે, ગંધ, રસ અને સ્પર્શ બદ્ધસ્પૃષ્ટને જાણે છે. તેમાં સ્પૃષ્ટ એટલે પૂર્વની પેઠે આત્મપ્રદેશોની સાથે સંબન્ધમાત્રને પ્રાપ્ત થયેલા, અને બદ્ધ એટલે આત્મપ્રદેશો વડે અપનાવેલા, કારણ કે '**बद्धमप्पीकयं पएसेहिं**' બદ્ધ એટલે પ્રદેશોવડે આત્મકૃત–એકમેક કરાયેલા–એવું શાસ્ત્રનું વચન છે અહીં બદ્ધ વિશેષણ છે અને સ્પૃષ્ટ વિશેષ્ય છે, અને તેઓનો વિશેષણ સમાસ થાય છે. અહીં સ્પર્શમાત્રથી સ્પૃષ્ટ થાય છે, જેમકે શબ્દ. તેથી સ્પર્શમાત્રને નિષેધ કરીને ખાસ સ્પર્શવિશેષની અડચણ વિના પ્રતિપત્તિ બોધ થાય માટે બદ્ધ વિશેષણનું ગ્રહણ કરેલું છે. એટલે બદ્ધરૂપ થયેલા સ્પૃષ્ટ વિષયને જાણે છે, અન્યને જાણતી નથી. શાથી? કારણ કે ગંધાદિ દ્રવ્યો બાદર–સ્થૂલ છે, અલ્પ છે, અને ભાવુક–વાસક (કોઇને વાસિત કરનારા) નથી, વળી ઘ્રાણ વગેરે ઇન્દ્રિયો પણ શ્રોત્રેન્દ્રિયની અપેક્ષાએ મન્દ શક્તિવાળી છે. હવે પ્રવિષ્ટ અને અપ્રવિષ્ટ વિષયનો વિચાર કરે છે–'પવિટ્ઠાઇં ભંતે! સદ્દાઇં' હે ભગવન્! પ્રવિષ્ટ શબ્દો સાંભળે? ઇત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે, પરન્તુ સ્પર્શ શરીરમાં ધૂલીના કણની પેઠે થાય છે અને પ્રવેશ મુખમાં કોળીયાની પેઠે થાય છે. એમ શબ્દાર્થ ભિન્ન હોવાથી સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ સંબન્ધી સૂત્રોનો ભિન્ન વિષય જાણવો. ॥૧૩॥૪૩૭॥

## ।। विसयदारं ।।

**सोतिन्दियस्स णं भंते! केवतिए विसए पण्णत्ते? गोयमा! जहण्णेणं अंगुलस्स असंखेज्जतिभागो, उक्कोसेणं बारसहिं जोअणेहिन्तो अच्छिण्णे पोग्गले पुट्ठे पविट्ठातिं सद्दातिं सुणेति। चक्खिन्दियस्स णं भंते! केवतिए विसए पन्नत्ते? गोयमा! जहण्णेणं अंगुलस्स संखेज्जतिभागो[1], उक्कोसेणं सातिरेगाओ जोयणसतसहस्साओ अच्छिण्णे पोग्गले अपुट्ठे अपविट्ठातिं रूवाई पासइ। घाणिन्दियस्स पुच्छा। गोयमा! जहण्णेणं अंगुलस्स असंखेज्जतिभागो, उक्कोसेणं णवहिं जोयणेहिन्तो अच्छिण्णे पोग्गले पुट्ठे पविट्ठातिं गंधातिं अग्घाइ, एवं जिब्भिन्दियस्स वि फासिदियस्स वि ।।सू०-१४।।४३८।।**

*(મૂ૦) હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિષય છે? હે ગૌતમ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી બાર યોજનથી આવેલા અછિન્ન (અન્ય શબ્દાદિ કે વાતાદિથી નહિ છેદાયેલા, સામર્થ્યવાળા) પુદ્ગલરૂપ પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે. હે ભગવન્! ચક્ષુઇન્દ્રિયનો કેટલો વિષય છે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક લાખ યોજન અછિન્ન પુદ્ગલરૂપ અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટ રૂપને જુએ છે. ઘ્રાણેન્દ્રિયનો કેટલો વિષય છે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી નવ યોજનથી આવેલા અછિન્ન પુદ્ગલરૂપ સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ ગંધને સુંઘે છે. એ પ્રમાણે જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય સંબંધે જાણવું. ।।૧૪।।૪૩૮।।*

(ટી૦) હવે ઇન્દ્રિયોના વિષયનું પરિમાણ કહે છે—**'सोइंदियस्स णं भंते! केवइए विसए पन्नत्ते'**?–હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયનો કેટલો વિષય છે–ઇત્યાદિ. અહીં શ્રોત્ર વગેરે ઇન્દ્રિયો પ્રાપ્ત વિષયને ગ્રહણ કરતી હોવાથી અંગુલના અસંખ્યાતમા ભાગથી પણ આવેલા શબ્દને સાંભળે છે, નેત્ર અપ્રાપ્તકારી–અપ્રાપ્ત વિષયને જાણે છે, તેથી તે જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગ જેટલા દૂર રહેલા વિષયને જુએ છે. તાત્પર્ય એ છે કે નેત્ર જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગપ્રમાણ દૂર રહેલા વિષયને જાણે છે, પણ તેથી નજીકના વિષયને જાણતી નથી. આ વાત દરેક પ્રાણીને વિદિત છે. તેથી અત્યંત નજીકમાં રહેલા અંજન, રજ અને નેત્રના મળને ચક્ષુ જોઇ શકતી નથી, કહ્યું છે કે "**अवरमसंखेज्जंगुलभागातो नयणवज्जाणं। संखेज्जंगुलभागो नयणस्स**" નેત્ર સિવાય બાકીની ઇન્દ્રિયોનો વિષય જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે અને નેત્રનો અંગુલનો સંખ્યાતમો ભાગ છે. ઉત્કૃષ્ટથી શ્રોત્રેન્દ્રિય બાર યોજનથી આવેલા અછિન્ન–નહિ છેદાયેલાં, અવ્યવહિત, અન્ય શબ્દો વડે અથવા વાયુ વગેરેથી જેની શક્તિ હણાઇ નથી એવા પુદ્ગલોને સાંભળે છે. આ કથન વડે 'શબ્દ પૌદ્ગલિક છે, પણ 'આકાશનો ગુણ નથી' એમ પ્રતિપાદન કર્યું.' 'શબ્દ પૌદ્ગલિક છે' એ બાબત તત્ત્વાર્થટીકામાં સિદ્ધ કરી છે તેથી અહીં ફરી તેનો વિસ્તાર કરતા નથી. સ્પૃષ્ટમાત્ર–શરીરમાં લાગેલી ધૂળની પેઠે સ્પર્શમાત્રને પ્રાપ્ત થયેલાં અને પ્રવિષ્ટ–નિર્વૃત્તિ ઇન્દ્રિયમાં પ્રવેશેલા શબ્દોને સાંભળે છે, પણ બાર યોજનની આગળથી આવેલા શબ્દોને સાંભળતી નથી. કારણ કે આગળથી આવેલા શબ્દોનો મન્દ પરિણામ થાય છે. તે આ પ્રમાણે–બાર યોજનથી આગળ આવેલા શબ્દ પુદ્ગલો તથાસ્વભાવથી તેવા પ્રકારના મન્દપરિણામવાળા થાય છે કે જેથી પોતાના વિષયનું શ્રોત્રજ્ઞાન ઉત્પન્ન કરવાને સમર્થ થતા નથી. શ્રોત્રેન્દ્રિયનું પણ તેવા પ્રકારનું વધારે અદ્ભુત બલ નથી, જેથી આગળથી આવેલા શબ્દોને સાંભળે. ચક્ષુઇન્દ્રિય વધારેમાં વધારે કંઇક અધિક લાખ યોજનથી આરંભી અછિન્ન–કટકુટી–ઘાસની ઝુંપડી વગેરેથી અવ્યવહિત–અન્તર રહિત, અસ્પૃષ્ટ–દૂર રહેલા અને એજ કારણથી અપ્રવિષ્ટ પુદ્ગલસ્વરૂપ રૂપને જુએ છે. કારણ કે તેથી આગળ અવ્યવહિત (કોઇ પણ વસ્તુનું વચ્ચે અન્તર ન હોય એવું) રૂપ હોય તો પણ તેને જોવામાં ચક્ષુઇન્દ્રિયની શક્તિ નથી. [અહીં અંગુલ ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે–આત્માંગુલ, ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલ. તેમાં 'જે મનુષ્યો જે કાળે હોય ત્યારે તેઓનું માન–પ્રમાણ રૂપ જે અંગુલ તે આત્માંગુલ. અને

१. **असंखेज्जतिभागो** – પાઠાન્તર

તે અનિયત પ્રમાણવાળું હોય છે. આવા સ્વરૂપવાળો આત્માંગુલ છે. પરમાણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લીખ, જૂ, જવ તે બધા ઉત્તરોત્તર આઠ ગુણા વધારે હોય છે." (અને એવા આઠ જવનો આંગળ) એ સ્વરૂપવાળો એક ઉત્સેધાંગુલ હજાર ગુણો થાય ત્યારે પ્રમાણાંગુલ થાય છે અને તે ઉત્સેધાંગુલને બમણો કરતાં ભગવંત મહાવીરનો આત્માંગુલ થાય છે." એવા પ્રકારનો ત્રીજો પ્રમાણાંગુલ છે. **તેમાં આત્માંગુલ વડે તે કાળના વાવ, કૂવા વગેરે વસ્તુ, ઉત્સેધાંગુલ વડે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકોના શરીરો અને પ્રમાણાંગુલ વડે પૃથિવી અને વિમાનો મપાય છે.** કહ્યું છે કે—**"આત્માંગુલ વડે વસ્તુ-ઘર હાટ આદિ વસ્તુનું માન, ઉત્સેધાંગુલના પ્રમાણથી શરીરનું માન અને પ્રમાણાંગુલ વડે પર્વત, પૃથિવી અને વિમાનોનું માન કરવું."**

(પ્ર૦)—તેમાં આ ઇન્દ્રિયના વિષયનું પરિમાણ આત્માંગુલ, ઉત્સેધાંગુલ કે પ્રમાણાંગુલથી કરવું? (ઉ૦)—આત્માંગુલથી કરવું. તેજ પ્રમાણે ચક્ષુઇન્દ્રિયના વિષયના પરિમાણના વિચારમાં ભાષ્યકાર કહે છે—'નેત્ર અને મન અપ્રાપ્તકારી છે. ઇન્દ્રિયને અપ્રાપ્ત વિષયને ગ્રહણ કરનારા છે, નેત્રના વિષયનું પરિમાણ આત્માંગુલ વડે કંઇક અધિક લાખ યોજન છે. (પ્ર૦)—શરીરનું પ્રમાણ ઉત્સેધાંગુલથી કરવામાં આવે છે અને ઇન્દ્રિયો શરીરાશ્રિત છે તેથી તેઓનું વિષયપરિમાણ પણ ઉત્સેધાંગુલથી કરવું યોગ્ય છે, તો આત્માંગુલથી કરવું કેમ કહો છો? (ઉ૦)—આત્માંગુલથી માન કરવામાં દોષ નથી, જો કે ઇન્દ્રિયો શરીરાશ્રિત છે, તો પણ તેઓનું વિષયપરિમાણ આત્માંગુલથી જ કરવું. કારણ કે વિષયપરિમાણ શરીરથી અન્ય છે. આજ અર્થને ભાષ્યકાર પણ આક્ષેપ પૂર્વક કહે છે—"ઉત્સેધાંગુલના પ્રમાણથી યાવત્ શરીરના માનાદિ કહ્યાં, પરન્તુ તે દેહનું જ પ્રમાણ સમજવું, પણ ઇન્દ્રિયના વિષયનું પરિમાણ ન સમજવું." અહીં જે શરીરપ્રમાણ ઉત્સેધાંગુલ પ્રમાણ વડે કહ્યું તે માત્ર શરીરપ્રમાણ જ સમજવું પણ ઇન્દ્રિયના વિષયનું પરિમાણ ન જાણવું. કારણ કે ઇન્દ્રિયના વિષયનું પરિમાણ આત્માંગુલ વડે માન કરવા યોગ્ય છે. (પ્ર૦)—જો ઇન્દ્રિયોના વિષયનું પરિમાણ ઉત્સેધાંગુલથી થાય તો શો દોષ થાય? (ઉ૦)—પાંચસો ધનુષ વગેરેના પ્રમાણવાળા મનુષ્યોના વિષયના વ્યવહારનો વિચ્છેદ થાય. તે આ પ્રમાણે—જે ભરતનો આત્માંગુલ છે, તે પ્રમાણાંગુલ બરોબર છે અને તે પ્રમાણાંગુલ હજાર ઉત્સેધાંગુલ વડે થાય છે. કારણ કે **"ઉત્સેધાંગુલમેગં હવઇ પરમાણંગુલં સહસ્સગુણં"** હજાર ગુણા ઉત્સેધાંગુલની બરાબર પ્રમાણાંગુલ છે—એવુ શાસ્ત્રનું વચન છે. તેથી ભરત અને સગરપ્રમુખ ચક્રવર્તીઓની જે અયોધ્યાદિ નગરીઓ, અને સ્કન્ધાવાર—છાવણીઓ આત્માંગુલ વડે બાર યોજન પ્રમાણ સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે, તેનું ઉત્સેધાંગુલથી માન કરવામાં આવે તો અનેક હજાર યોજન થાય. એમ થવાથી તેની આયુધશાલા—વગેરે સ્થળે વગાડેલી ભેરી વગેરેના શબ્દનું શ્રવણ નહિ થાય, કારણ કે 'શ્રોત્રેન્દ્રિય બાર યોજનથી આવેલા શબ્દને ગ્રહણ કરે છે' એવું શાસ્ત્ર વચન છે, વળી સમસ્ત નગરવ્યાપી અને બધી છાવણીમાં વ્યાપ્ત થનાર વિજય સૂચક ઢક્કા વગેરેનો શબ્દ આગમમાં કહેલો છે, અને તે પ્રકારે જ મનુષ્યનો વ્યવહાર થાય છે, તેથી આગમપ્રસિદ્ધ પાંચસો ધનુષ વગેરે પ્રમાણ શરીરવાળા મનુષ્યોના વિષયવ્યવહારનો વિચ્છેદ ન થાય માટે આત્માંગુલ વડે ઇન્દ્રિયોના વિષયનું પરિમાણ જાણવું, પણ ઉત્સેધાંગુલ વડે નહિ. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—[1]**'जं तेण पंचधणुसयनराइविसयववहारवोच्छेओ। पावइ सहस्सगुणियं जेण पमाणंगुलं तत्तो॥'** (વિશેષા૦ ગા. ૩૪૨)

૧: જેથી તે ઉત્સેધાંગુલ વડે ઇન્દ્રિયના વિષયનું પરિમાણ માનીએ તો પાંચસો ધનુષના પ્રમાણવાળા, આદિશબ્દથી સાડાચારસો વગેરે ધનુષના પ્રમાણવાળા ભરત, સગરાદિ મનુષ્યોનો જે આ શ્રોત્રાદિ ઇન્દ્રિયો વડે શબ્દાદિ વિષયને ગ્રહણ કરવાનો પ્રસિદ્ધ વ્યવહાર છે તેનો વિચ્છેદ પ્રાપ્ત થાય. શાથી? તે કહે છે-જેથી ભરત ચક્રવર્તીનો અંગુલરૂપ પ્રમાણાંગુલ છે અને તે ઉત્સેધાંગુલથી હજારગુણો કહ્યો છે. કારણ કે '**સહસ્રગુણ ઉત્સેધાંગુલ** તે એક પ્રમાણાંગુલ છે' એવું શાસ્ત્રવચન છે. ભરતાદિની અયોધ્યાદિ નગરીઓ અને સ્કન્ધાવાર-છાવણી વિસ્તારમાં આત્માંગુલ વડે બાર યોજન પ્રમાણ સિદ્ધાન્તમાં નિર્ણીત છે અને તે ઉત્સેધાંગુલ વડે અનેક હજાર યોજન થાય છે. આથી તેને વિષે આયુધશાલાદિમાં વગાડેલી ભેરી વગેરેના શબ્દનું શ્રવણ તમારા અભિપ્રાયથી બધાને નહિ થાય, કારણ કે શ્રોત્રેન્દ્રિય બાર યોજનથી આવેલા શબ્દને સાંભળે છે, પછીથી આવેલા શબ્દને સાંભળતી નથી. અને એ બાર યોજન તમારા મતે ઉત્સેધાંગુલથી માપીએ તો ઉત્સેધાંગુલથી થતાં અનેક હજાર યોજનથી આવેલા ભેરી વગેરેના શબ્દને શ્રોત્રેન્દ્રિય કેમ સાંભળે? અને ભરતાદિની નગરીની છાવણીમાં તેનું શ્રવણ તો થાય છે, માટે આત્માંગુલની ઇન્દ્રિયના વિષયનું પરિમાણ છે પણ ઉત્સેધાંગુલથી નથી. જુઓ યશો. ગ્રન્થમાળા મુદ્રિત વિશેષાવશ્યક ભાષ્યટીકા. પ. ૨૦૮

જેથી તે ઉત્સેધાંગુલવડે પાંચસો ધનુષપ્રમાણ શરીરવાળા મનુષ્યાદિના ઇન્દ્રિયના વિષય સંબન્ધી વ્યવહારનો વિચ્છેદ પ્રાપ્ત થાય, કારણ કે ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ હજારગુણો હોય છે" તે માટે આત્માંગુલ વડે ઇન્દ્રિયોના વિષયનું પરિમાણ જાણવું. પણ ઉત્સેધાંગુલ વડે ન સમજવું-એ ઉપસંહાર વાક્યનો સ્વયમેવ વિચાર કરવો. યદ્યપિ પૂર્વે કહ્યું કે 'શરીરાશ્રિત ઇન્દ્રિયો છે માટે તેઓના વિષયનું પરિમાણ ઉત્સેધાંગુલથી કરવું જોઇએ' તે પણ અયુક્ત છે, કારણ કે કેટલીક ઇન્દ્રિયોના પણ વિસ્તારનું પરિમાણ આત્માંગુલ વડે સ્વીકારેલું છે અને એ બાબત પૂર્વે પણ ઇન્દ્રિયના પ્રમાણના વિચારમાં 'ભયણિજ્જં' ઇત્યાદિ ભાષ્યકારના વચનો ટાંકીને વિચારેલી છે. માટે સર્વ ઇન્દ્રિયના વિષયનું પરિમાણ આત્માંગુલ વડેજ થાય છે એ બાબત સિદ્ધ થાય છે. (પ્ર૦)—આત્માંગુલ વડે વિષયનું પરિમાણ ભલે હો, તો પણ પ્રકૃત સૂત્રમાં કહેલું ચક્ષુઇન્દ્રિયના વિષયનું પરિમાણ ઘટતું નથી, કારણ કે બીજા આગમોમાં તેના વિષયનું પરિમાણ અધિક પણ કહેલું છે. તે આ પ્રમાણે-'પુષ્કરવર દ્વીપાર્ધમાં માનુષોત્તર પર્વતની પાસે રહેનારા મનુષ્યો કર્કસંક્રાન્તિને દિવસે પ્રમાણાંગુલ વડે કંઇક અધિક એકવીશ લાખ યોજન દૂર રહેલા સૂર્યને જુએ છે' એમ શાસ્ત્રાન્તરમાં પ્રતિપાદન કરે છે. અને તે પ્રમાણે તે અર્થને પ્રતિપાદન કરનાર આ ગ્રન્થ છે-

**"इगवीसं खलु लक्खा चउतीसं चेव तह सहस्साइं। तह पंचसया भणिया सत्ततीसाए अतिरित्ता ॥**

**इइ नयणविसयमाणं पुक्खरदीवद्धवासिमणुयाणं। पुव्वेण य अवरेण य पिहं पिहं होइ नायव्वं" ॥**

એકવીશ લાખ ચોત્રીશ હજાર પાંચસો ને સાડત્રીશ (યોજન) એ પ્રમાણે નેત્રના વિષયનું પરિમાણ પુષ્કરવદ્વીપના અર્ધ ભાગમાં રહેનારા મનુષ્યોને પૂર્વ અને પશ્ચિમ દિશાએ (ઉદય અને અસ્ત સમયે) જુદું જુદું જાણવું ઇત્યાદિ. તો આ પ્રસ્તુત સૂત્ર આત્માંગુલ વડે પણ કેમ ઘટી શકે? કારણ કે પ્રમાણાંગુલથી પણ વ્યભિચાર-અનિયતપણું થાય છે, કહ્યું છે કે—

**"लक्खेहिं एक्कवीसाए साइरेगेहिं पुक्खरद्धम्मि। उदये पेच्छंति नरा सूरं उक्कोसए दिवसे ॥**

**नयणिंदियस्स तम्हा विसयपमाण जहा सुए भणियं। आउस्सेहपमाणंगुलाण एक्केणवि न जुत्तं"॥** (વિશેષા૦ગા.૩૪૫-૫)

પુષ્કરાર્ધમાં રહેલા મનુષ્યો ઉત્કૃષ્ટ દિવસે-કર્ક સંક્રાન્તિના દિવસે કંઇક સાધિક એકવીશ લાખ યોજન દૂર રહેલા સૂર્યને ઉદયસમયે જુએ છે. માટે નયનેન્દ્રિયના વિષયનું પરિમાણ જેમ શ્રુતમાં કહેલું છે તેમ આત્માંગુલ, ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલમાના કોઇ પણ એક આંગુલ વડે યુક્ત નથી. (ઉ૦)—એ વાત સત્ય છે, પરન્તુ આ સૂત્ર કેવળ પ્રકાશ્ય-પ્રકાશ કરવા યોગ્ય વિષયની અપેક્ષાએ સમજવું. પરન્તુ પ્રકાશક વિષયની અપેક્ષાએ ન સમજવું. અહીં સૂર્ય પ્રકાશક વિષય છે, માટે પ્રકાશક વસ્તુમાં વિષયનું પરિમાણ અધિક હોય તો પણ વિરુદ્ધ નથી, કંઇ પણ દોષ નથી. (પ્ર૦)—એ પ્રમાણે શી રીતે જાણી શકાય? પૂર્વાચાર્યોએ કરેલા વ્યાખ્યાનથી જાણી શકાય છે. કારણ કે મહાબુદ્ધિવાળા પુરુષો બધા કાલિકશ્રુતની વ્યાખ્યા પૂર્વાચાર્યોએ કરેલા વ્યાખ્યાનને અનુસરી કરે છે, પરન્તુ માત્ર અક્ષરની રચના પ્રમાણે કરતા નથી, કારણ કે કાલિકશ્રુત પૂર્વગત સૂત્રના અર્થનો સંગ્રહ કરનાર હોવાથી તેમાં કદાચિત્ સંક્ષેપમાં કહેલા અર્થને ઘણા વિસ્તારથી કહેવામાં અને ક્યાંઇક વિસ્તારવાળા અર્થને સંક્ષેપથી કહેવામાં અર્વાચીન પુરુષોએ પોતાની બુદ્ધિવડે યથાવસ્થિતપણે જાણવું અશક્ય છે. આજ હેતુથી બીજે કહેવામાં આવ્યું છે—

**"जं जह भणियं सुत्ते तहेव जइ तं बियालणा नत्थि। किं कालियाणुओगो दिट्ठो दिट्ठिप्पहाणेहिं"॥**

જે પ્રકારે સૂત્રમાં કહ્યું છે તેમજ હોય અને તેમાં વિચાર કરવાનો ન હોય તો પ્રધાનદષ્ટિવાળા પુરુષોએ કાલિકસૂત્રના અનુયોગનો (વ્યાખ્યાનનો) ઉપદેશ કેમ કર્યો છે? માટે સૂત્રમાં વિચારણાની આવશ્યકતા છે. તેથી પૂર્વાચાર્યના વ્યાખ્યાનથી પ્રસ્તુત સૂત્રનો વિરોધ નથી. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—આ સૂત્રનો અભિપ્રાય પ્રકાશનીય વસ્તુની અપેક્ષાએ છે પણ પ્રકાશક વસ્તુની અપેક્ષાએ નથી, અને તે વિશેષાર્થ વ્યાખ્યાનથી સમજવો, પણ સંદેહથી અલક્ષણ-નિયમનો અભાવ ન સમજવો. તથા ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયો ઉત્કૃષ્ટ નવ યોજનથી આવેલા અછિન્ન-નહિ છેદાયેલાં, બીજા દ્રવ્યોથી અપ્રતિહત શક્તિવાળા ગંધાદિ વિષયોને જાણે છે, પણ તેથી આગળથી આવેલા વિષયને જાણતી નથી. કારણ કે

આગળથી આવેલાં ગંધાદિ વિષયો મન્દપરિણામવાળા થઇ જાય છે, અને તેવા પ્રકારની ઘ્રાણેન્દ્રિયાદિ, મન્દપરિણામવાળા ગંધાદિ વિષયોને જાણવાને અસમર્થ છે. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—''શ્રોત્રેન્દ્રિય બાર યોજનથી આવેલા અને બાકીની ઇન્દ્રિયો નવ યોજનથી આવેલા પ્રાપ્ત વિષયને ગ્રહણ કરે છે, અને એથી આગળથી આવેલા વિષયને ગ્રહણ કરતી નથી. કારણ કે આગળથી આવેલા દ્રવ્યોનો મન્દપરિણામ થવાથી તેને ગ્રહણ કરવામાં ઇન્દ્રિયોનું બલ-સામર્થ્ય નથી. ॥૧૪॥૪૩૮॥

## ।। अणगारदारं ।।

**अणगारस्स णं भंते! भावियप्पणो मारणंतियसमुग्घाएणं समोहयस्स जे चरमा णिज्जरापोग्गला, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो! सव्वं लोगंपि य णं ते ओगाहित्ता णं चिट्ठंति? हंता! गोयमा! अणगारस्स भावियप्पणो मारणंतियसमुग्घाएणं समोहयस्स जे चरमा णिज्जरापोग्गला, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो!, सव्वं लोगं पि य णं ओगाहित्ता णं चिट्ठंति। छउमत्थे णं भंते! मणूसे तेसिं णिज्जरापोग्गलाणं किं आणत्तं वा नाणत्तं वा ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणति पासति? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि आणत्तं वा णाणत्तं वा ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणइ पासइ? गोयमा! देवे वि य णं अत्थेगतिए जे णं तेसिं निज्जरापोग्गलाणं नो किंचि आणत्तं वा णाणत्तं वा ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणति पासति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति-छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं नो किंचि आणत्तं वा जाव जाणति पासति, एवं सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो!, सव्वलोगं पि य णं ते ओगाहित्ता णं चिट्ठंति ।।सू०-१५।।४३९।।**

*(મૂ૦) હે ભગવન્! મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા ભાવિતાત્મા અનગારના જે ચરમ-છેલ્લાં નિર્જરાપુદ્‌ગલો છે તે હે આયુષ્માન્ શ્રમણ! સૂક્ષ્મ કહ્યાં છે? અને તે સર્વ લોકમાં અવગાહીને રહે છે? હે ગૌતમ! અવશ્ય મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા ભાવિતાત્મા અનગારના છેલ્લાં નિર્જરાપુદ્‌ગલો છે, તે હે આયુષ્માન્ શ્રમણ! સૂક્ષ્મ કહ્યાં છે અને તે સર્વ લોકને વિષે અવગાહીને રહે છે. હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાપુદ્‌ગલોનું અન્યપણું, નાનાપણું, હીનપણું, તુચ્છપણું, ગુરુપણું અને લઘુપણું જાણે છે અને જુએ છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. હે ભગવન્! શાં હેતુથી એમ કહો છો કે 'છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાપુદ્‌ગલોનું અન્યપણું, ભિન્નપણું, હીનપણું, તુચ્છપણું, ગુરુપણું અને લઘુપણું જાણતો નથી'? હે ગૌતમ! કોઇ દેવ પણ તે નિર્જરા પુદ્‌ગલોનું કંઇપણ અન્યપણું, ભિન્નપણું, હીનપણું, તુચ્છપણું, ગુરુપણું અને લઘુપણું જાણતો નથી, તેમ દેખતો નથી, તે માટે હે ગૌતમ! એમ કહેવાય છે કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાપુદ્‌ગલોનું કંઇપણ અન્યપણું યાવત્ જાણતો નથી, તેમ દેખતો નથી. એ પ્રમાણે હે આયુષ્માન્ શ્રમણ! એમ તે પુદ્‌ગલો સૂક્ષ્મ કહ્યાં છે, અને સર્વલોકને અવગાહીને રહે છે. ॥૧૫॥૪૩૯॥*

## ।। चउवीसदंडएसु आहारदारं ।।

**नेरइया णं भंते! ते निज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति? उदाहु न याणंति न पासंति न आहारेंति? गोयमा! नेरइया णिज्जरापोग्गले न जाणंति न पासंति आहारेंति, एवं जाव पंचिन्दियतिरिक्खजोणिया णं।।सू०-१६।।४४०।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો તે નિર્જરાપુદ્‌ગલો જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે? અથવા જાણતો નથી, જોતો નથી અને આહાર કરે છે? હે ગૌતમ! નૈરયિકો નિર્જરાપુદ્‌ગલોને જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચો સુધી જાણવું. ॥૧૬॥૪૪૨॥*

(ટી૦) **'अणगारस्स णं भंते'**! હે ભગવન્! જેને દ્રવ્યથી અને ભાવથી અગાર-ઘર નથી તે અનગાર-સંયત, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપવિશેષ વડે જેનો આત્મા ભાવિત-વાસિત થયેલો છે એવા અને મરણસમુદ્ઘાત વડે સમવહત-હણાયેલા એટલે મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા સાધુના જે ચરમ-શૈલેશીકાળના અન્ત્ય સમયના નિર્જરાપુદ્ગલો-કર્મભાલ રહિત થયેલા પરમાણુઓ છે તે પુદ્ગલો 'ણં' નિશ્ચય અર્થમાં છે, કારણ કે નિપાતોના અનેક અર્થ હોય છે. અવશ્ય સૂક્ષ્મ-ચક્ષુઆદિ ઇન્દ્રિયના વિષય રહિત હે આયુષ્માન્ શ્રમણ! કહ્યાં છે? 'હે આયુષ્માન્ શ્રમણ' 'એ ગૌતમકૃત ભગવંતનું સંબોધન છે. તથા એ નિશ્ચિત છે કે તે પુદ્ગલો સર્વ લોકમાં અવગાહીને-સ્પર્શ કરીને (ણં વાક્યાલંકારમાં વપરાયેલો છે) રહે છે? એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ કહે છે—હે ગૌતમ! હન્ત-અવશ્ય, અહીં હન્ત અવધારણ અર્થમાં છે, એમજ છે-**'ભાવિતાત્મા અનગારના'** ઇત્યાદિ તેજ પ્રશ્ન પુનઃ કહેવો. 'હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોનું અન્યત્વ-ભિન્નપણું જાણે અને જુએ ઇત્યાદિ. અહીં આ પ્રશ્નને શો અવકાશ છે? ઉત્તર—અહીં પૂર્વે કહ્યું હતું કે 'સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ શબ્દ દ્રવ્યો સાંભળે છે' ઇત્યાદિ. નિર્જરાપુદ્ગલો પણ સર્વલોકનો સ્પર્શ કરે છે તો તેઓનો પણ શ્રોત્રાદિમાં સ્પર્શ અને પ્રવેશ શું નથી થતો? એ સંશય થાય છે. તેથી પ્રશ્ન કરે છે—'હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય, અહીં છદ્મસ્થનું ગ્રહણ કેવલીનો નિષેધ કરવા માટે છે, કારણ કે કેવલજ્ઞાની બધા ય આત્માના પ્રદેશો વડે સર્વ જાણે છે અને જુએ છે. કહ્યું છે કે—**"सव्वतो जाणइ केवली सव्वतो पासइ केवली"**—કેવલજ્ઞાની સર્વ જાણે છે અને સર્વથી જુએ છે. સ્તુતિકાર પણ કહે છે—**'समन्ततः सर्वगुणं निरक्षं'** ઇતિ. અને છદ્મસ્થ અંગોપાંગનામકર્મવિશેષ વડે સંસ્કારને પ્રાપ્ત થયેલ ઇન્દ્રિયદ્વારાજ જાણે છે અને જુએ છે. માટે છદ્મસ્થનું ગ્રહણ છે. આ હેતુથી જ અહીં વિશિષ્ટ અવધિજ્ઞાનરહિત છદ્મસ્થનું ગ્રહણ કરવાનું છે. તે નિર્જરાપુદ્ગલોનું અન્યત્વ-અન્યપણું એટલે બે અનગાર-સાધુઓના જે નિર્જરાપુદ્ગલો છે તેઓનું પરસ્પર ભિન્નપણું, **'નાનાત્વં'** નાનાપણું-બીજાની અપેક્ષા સિવાય એકનાજ નિર્જરા પુદ્ગલોનું વર્ણાદિનું વિચિત્રપણું, **'અવમત્વં'**-હીનપણું, તુચ્છત્વ-નિઃસારપણું, ગુરુત્વ અને લઘુત્વ પ્રસિદ્ધ છે, ભગવાન્ ઉત્તર આપે છે-એ અર્થ સમર્થ-યુક્તિયુક્ત નથી, કારણ કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાપુદ્ગલોનું અન્યપણું વગેરે જાણતો નથી અને જોતો નથી.

આ સંબન્ધે પ્રશ્ન કરે છે-'હે ભગવન્! શા હેતુથી એમ કહો છો'-ઇત્યાદિ સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે-કોઇ કર્મપુદ્ગલ સંબન્ધી અવધિજ્ઞાનરહિત દેવ છે, જે તે નિર્જરાપુદ્ગલોનું કંઇપણ અન્યપણું વગેરે જાણતો નથી અને જોતો પણ નથી. તાત્પર્ય એ છે કે દેવોને મનુષ્યો કરતાં વધારે સામર્થ્યવાળી ઇન્દ્રિયો હોય છે, તેમાં દેવ પણ જાણતો નથી અને જોતો નથી તો મનુષ્ય માટે તો શું કહેવું, 'એ હેતુથી' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય સુગમ છે. એટલા પ્રમાણ વડે તે નિર્જરા પુદ્ગલો સૂક્ષ્મ કહ્યાં છે. 'હે આયુષ્માન્ શ્રમણ'! એ ભગવાને કરેલું ગૌતમને સંબોધન છે. તે એવા પ્રકારના અત્યન્ત સૂક્ષ્મ પુદ્ગલો સર્વ લોકને પણ અવગાહીને રહે છે, પરન્તુ તે બાદરરૂપ પુદ્ગલો નથી. જો બાદર હોય તો સાંવ્યવહારિક પ્રત્યક્ષના (ઇન્દ્રિય પ્રત્યક્ષના) વિરોધનો પ્રસંગ ઉપસ્થિત થાય. તે નિર્જરાપુદ્ગલો સર્વ લોકસ્પર્શી છે, તેથી આ પણ પ્રશ્ન થાય છે—**'नेरइया णं भंते'**! ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો તે નિર્જરાપુદ્ગલોનો આહાર કરે છે એ સિદ્ધ છે, કારણ કે પુદ્ગલો તે તે સામગ્રીના વશથી વિચિત્ર પરિણામ પામવાના સ્વભાવવાળા હોવાથી આહારરૂપે પણ તેઓના પરિણામનો સંભવ છે, માત્ર આજ બાબત પ્રશ્ન છે કે 'તે નૈરયિકો જાણે છે, જુએ છે'? ઇત્યાદિ. પ્રાકૃત હોવાથી ક્રિયાના હેતુપણામાં પણ વર્તમાન વિભક્તિ થયેલી છે. તેથી આ અર્થ થાય છે-નૈરયિકો તે પુદ્ગલોને જાણતા અને જોતા આહાર કરે છે કે નહિ જાણતાં અને નહિ જોતાં આહાર કરે છે. ભગવાન્ ઉત્તર આપે છે—'નહિ જાણતા અને નહિ જોતા આહાર કરે છે'. શાથી? કારણ કે તે નિર્જરાપુદ્ગલો અતિ સૂક્ષ્મ હોવાથી ચક્ષુઆદિ ઇન્દ્રિયોના વિષય રહિત છે અને નૈરયિકોને કાર્મણશરીરના પુદ્ગલવિષયક અવધિજ્ઞાન હોતું નથી. એ પ્રમાણે અસુરકુમાર સંબન્ધી સૂત્રો યાવત્ તિર્યંચપંચેન્દ્રિયસુધી જાણવા. ॥૧૬॥૪૪૦॥

मणूसा णं भंते! तें निज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति? उदाहु न याणंति न पासंति न आहारेंति? गोयमा! अत्थेगतिया जाणंति पासंति आहारेंति, अत्थेगतिया न याणंति न पासंति आहारेंति। से केणट्ठेणं भंते! एवं वुच्चति-'अत्थेगतिया जाणंति पासंति आहारेंति, अत्थेगतिया न जाणति न पासंति आहारेंति'? गोयमा! मणूसा दुविहा पन्नत्ता, तं जहा-सण्णिभूया य असण्णिभूया य। तत्थ णं जे ते असण्णिभूया ते णं न याणंति न पासंति आहारेंति। तत्थ णं जे ते सण्णिभूया ते दुविहा पन्नत्ता, तं जहा-उवउत्ता य अणुवउत्ता य। तत्थ णं जे ते अणुवउत्ता ते णं न याणंति न पासंति आहारेंति। तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति पासंति आहारेंति, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'अत्थेगतिया न याणंति न पासंति आहारेंति, अत्थेगतिया जाणंति पासंति आहारेंति'। वाणमंतर-जोइसिया जहा नेरइया ।।सू०-१७।।४४१।।

*(मू०) હે ભગવન્! મનુષ્યો તે નિર્જરાપુદ્ગલોને શું જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે? અથવા જાણતા નથી, જોતા નથી, અને આહાર કરે છે? હે ગૌતમ! કેટલાએક જાણે છે, જુએ છે અને આહાર કરે છે, કેટલાએક જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કેટલાએક જાણે છે, જુએ છે અને આહાર કરે છે, કેટલાએક જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે'? હે ગૌતમ! મનુષ્યો બે પ્રકારના છે—સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જે અસંજ્ઞીભૂત છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. અને તેમાં જે સંજ્ઞીભૂત છે તે બે પ્રકારના છે, તે આ પ્રમાણે-ઉપયુક્ત (ઉપયોગવાળા) અને અનુપયુક્ત (ઉપયોગરહિત). તેમાં જે ઉપયોગરહિત છે તે જાણતા નથી, જોતા નથી, અને આહાર કરે છે. અને જે ઉપયોગવાળા છે તે જાણે છે, જુએ છે અને આહાર કરે છે. એ હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે 'કેટલાક જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે, અને કેટલાએક જાણે છે, જુએ છે અને આહાર કરે છે. વ્યન્તર અને જ્યોતિષિકો નૈરયિકોની પેઠે જાણવા. ।।૧૭।।૪૪૧।।*

वेमाणिया णं भंते! ते निज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति? गोयमा! जहा मणूसा। णवरं वेमाणिया दुविहा पन्नत्ता, तं जहा-माइमिच्छद्दिट्ठिउववण्णगा य अमायिसम्मद्दिट्ठिउववण्णगा य। तत्थ णं जे ते माइमिच्छद्दिट्ठि-उववण्णगा ते णं न याणंति न पासंति आहारेंति, तत्थ णं जे ते अमायिसम्मद्दिट्ठीउववण्णगा ते दुविहा पन्नत्ता, तं जहा-अणंतरोववण्णगा य परंपरोववण्णगा य। तत्थ णं जे ते अणंतरोववण्णगा ते णं न याणंति न पासंति आहारेंति। तत्थ णं जे ते परंपरोववण्णगा ते दुविहा पन्नत्ता, तं जहा-पज्जत्तगा य अपज्जत्तगा य। तत्थ णं जे ते अपज्जत्तगा ते णं न जाणंति न पासंति आहारेंति। तत्थ णं जे ते पज्जत्तगा ते दुविहा पन्नत्ता, तं जहा-उवउत्ता य अणुवउत्ता य। तत्थ णं जे ते अणुवउत्ता ते णं न याणंति न पासंति आहारेंति, तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति पासंति आहारेंति, से एतेणट्ठेणं गोयमा! एवं वुच्चति-'अत्थेगतिया याणंति जाव अत्थेगतिता आहारेंति ।।सू०-१८।।४४२।।

*(મૂ૦) હે ભગવન્! વૈમાનિકો તે નિર્જરાપુદ્ગલોને શું જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે? હે ગૌતમ! મનુષ્યોની જેમ જાણવા. પરન્તુ વૈમાનિકો બે પ્રકારના છે. તે આ પ્રમાણે—માયીમિથ્યાદૃષ્ટિઉપપન્નક અને અમાયીસમ્યગ્-દૃષ્ટિઉપપન્નક. તેમાં જે માયીમિથ્યાદૃષ્ટિઉપપન્નક છે તે જાણતા નથી, જોતા નથી, પણ આહાર કરે છે. તેમાં જે અમાયીસમ્યગ્દૃષ્ટિઉપપન્નક છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે—અનન્તરોપપન્ન અને પરંપરોપન્ન. તેમાં જે અનન્તરોપપન્ન છે તે જાણતા નથી, જોતા નથી, અને આહાર કરે છે. જે પરંપરોપન્ન છે તે બે પ્રકારના છે-પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે અપર્યાપ્ત છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. તેમાં જે પર્યાપ્ત છે તે બે*

*પ્રકારના છે—ઉપયુક્ત અને અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે તે જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે. જે ઉપયુક્ત છે તે જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે. તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે કેટલાએક જાણે છે, યાવત્-કેટલાએક આહાર કરે છે. ॥૧૮॥૪૪૨॥*

(ટી૦) મનુષ્યસૂત્રમાં 'सन्निभूया य' સંજ્ઞીભૂત-સંજ્ઞીપણાને પ્રાપ્ત થયેલા અને તે સિવાયના બીજા અસંજ્ઞીભૂત છે. અહીં સંજ્ઞી એટલે વિશિષ્ટ અવધિજ્ઞાનવાળો ગ્રહણ કરવો, કે જેના જ્ઞાનનો વિષય તે કાર્મણ શરીરના પુદ્ગલો છે. બાકી બધું સુગમ છે. વૈમાનિક સૂત્રમાં 'માયીમિચ્છાદિટ્ઠી' ઇત્યાદિ. માયી મિથ્યાદૃષ્ટિ-માયા-ત્રીજો કષાય છે, અને તે અન્ય કષાયોનું ઉપલક્ષણ-સૂચક છે, તે જેઓને છે એવા માયી-ઉત્કટ રાગદ્વેષવાળા મિથ્યાદૃષ્ટિ, તે રૂપે ઉત્પન્ન થયેલા તે માયીમિથ્યાદૃષ્ટિઉપપન્ન કહેવાય છે, અને તેથી વિપરીત અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક જાણવા. અહીં માયીમિથ્યાદૃષ્ટિઉપપન્નના ગ્રહણથી નવમા ગ્રૈવેયક સુધીના વૈમાનિકો જાણવા. જો કે નીચેના કલ્પોમાં અને ગ્રૈવેયકમાં સમ્યગ્દૃષ્ટિ દેવો છે તો પણ તેઓનું અવધિજ્ઞાન કાર્મણશરીરના પુદ્ગલવિષયક નથી, તેથી તેઓ પણ માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્ન જેવા હોવાથી ઉપમાનથી માયી મિથ્યાદૃષ્ટિઉપપન્નક શબ્દથી કહેવાય છે. જેઓ અમાયીસમ્યગ્દૃષ્ટિઉપપન્નક દેવો છે તે અનુત્તર દેવો છે. તેઓ બે પ્રકારના છે-અનન્તરોપપન્ન અને પરંપરોપપન્ન. જેઓ એક પણ સમયના અન્તર સિવાય ઉત્પન્ન થયેલા એટલે ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી છે તેઓ અનન્તરોપપન્ન અને પરંપરા વડે ઉત્પન્ન થયેલા એટલે ઉત્પત્તિ પછી બે ત્રણ ઇત્યાદિ સમયોમાં વર્તતા પરંપરોપપન્ન કહેવાય છે. તેમાં જેઓ અનન્તરોપપન્ન છે તેઓ તે નિર્જરા પુદ્ગલોને જાણતા નથી અને જોતા નથી, કારણ કે તેઓને એક સમયના ઉપયોગનો અસંભવ છે અને તેઓ અપર્યાપ્ત છે. પરંપરોપપન્નક બે પ્રકારના છે-પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જેઓ અપર્યાપ્ત છે તેઓ જાણતા નથી અને જોતા નથી, કારણ કે અપર્યાપ્ત હોવાથી સમ્યક્ ઉપયોગનો અસંભવ છે. પર્યાપ્ત પણ બે પ્રકારના છે-ઉપયુક્ત-ઉપયોગવાળા અને અનુપયુક્ત-ઉપયોગરહિત. તેમાં જે ઉપયોગરહિત છે તે જાણતા નથી અને જોતા નથી. કારણ કે ઉપયોગ સિવાય સામાન્યરૂપે અને વિશેષરૂપે જ્ઞાન થવું અશક્ય છે. જેઓ ઉપયોગવાળા છે તેઓ જાણે છે અને જુએ છે. કેવી રીતે જાણે છે અને જુએ છે? ઉત્તર—અહીં આવશ્યકમાં અવધિજ્ઞાનના વિષયના વિચારમાં આ કહ્યું છે કે "**संखेज्ज कम्मदव्वे लोगे थोवूणगं पलियं**" અર્થ:- કર્મદ્રવ્ય-કાર્મણ શરીર દ્રવ્યોને જોતો ક્ષેત્રથી લોકના સંખ્યાતા ભાગોને જુએ છે, અને અનુત્તર દેવો સંપૂર્ણ લોકનાડીને જુએ છે. કારણ કે "**संभिन्नलोकनाडीं पासंति अनुत्तरा देवा**"—એવું શાસ્ત્ર વચન છે. માટે ઉપયોગવાળાઓ તે અવધિજ્ઞાન વડે નિર્જરાપુદ્ગલોને જાણે છે અને જુએ છે તથા 'આહાર કરે છે' ત્યાં બધે લોમાહારથી આહાર કરે છે એમ સમજવું. ॥૧૮॥૪૪૨॥

## ॥ अद्धायाइदारसत्तगं ॥

**अद्धाए णं भंते! पेहमाणे मणूसे किं अद्धायं पेहति? अत्ताणं पेहइ? पलिभागं पेहति? गोयमा! अद्धायं पेहति, नो अप्पाणं पेहति, पलिभागं पेहति। एवं एतेणं अभिलावेणं असिं मणिं दुद्धं पाणं तेल्लं फाणियं वसं ।सू०-१९॥४४३॥**

*(મૂ૦) હે ભગવન્! આદર્શને જોનાર મનુષ્ય આદર્શને જુએ છે, આત્માને-પોતાને જુએ છે કે પ્રતિબિમ્બ જુએ છે? હે ગૌતમ! આદર્શને જુએ છે, આત્માને-પોતાને જોતો નથી, પણ પ્રતિબિંબ જુએ છે. એ પ્રમાણે એ પાઠ વડે અસિ,*

૧. "**संखिज्जमणोदव्वे भागो लोगपलियस्स बोद्धव्वो**" इति ગાથાપૂર્વાર્ધઃ। મનોદ્રવ્ય વિષયક અવધિજ્ઞાન હોય તો લોક અને પલ્યોપમનો સંખ્યાતમો ભાગ તેના વિષય તરીકે જાણવો. અને કર્મદ્રવ્ય વિષયક અવધિજ્ઞાન હોય તો લોક અને પલ્યોપમના સંખ્યાતા ભાગો તેનો વિષય છે. તાત્પર્ય એ છે કે મનોદ્રવ્યને જોતો અવધિજ્ઞાની ક્ષેત્રથી લોકનો સંખ્યાતમો ભાગ અને કાળથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જુએ છે, અને કર્મવર્ગણા દ્રવ્યને જોતો અવધિજ્ઞાની ક્ષેત્રથી લોકના સંખ્યાતા ભાગો અને કાળથી પલ્યોપમના સંખ્યાતા ભાગો જુએ છે. તથા ક્ષેત્રથી સમસ્ત લોકને જોતો કાળથી કંઇક ન્યૂન પલ્યોપમને જુએ છે. જુઓ વિશેષા૦ ટીકા પ. ૩૪૧

*મણિ, દૂધ, પાનક, તેલ, ફાણિત અને વસા સંબંધે સૂત્રો જાણવાં. ॥૧૯॥૪૪૩॥*

(ટી૦) '**अद्दाए णं भंते! पेहमाणे**' ઇત્યાદિ. ઇન્દ્રિયના અધિકારથી આ પણ પ્રશ્ન થાય છે કે આદર્શ–આરીસો જોનાર મનુષ્ય આરીસો જુએ છે, અથવા આત્મા–શરીર જૂએ છે? અહીં આત્મશબ્દથી શરીર લેવું. અથવા પ્રતિભાગ–પ્રતિબિંબ જુએ છે? ભગવાન્ ઉત્તર આપે છે–પ્રથમ આરીસો તો જૂએ છે જ, કારણ કે સ્ફુટરૂપવાળા આરીસાને તે યથાર્થપણે જાણે છે. પણ આત્માને–પોતાના શરીરને જોતો નથી, કારણ કે તેનો ત્યાં અભાવ છે. પોતાનું શરીર પોતાને વિષે રહેલું છે, આરીસામાં રહેલું નથી, તો આરીસામાં પોતાના શરીરને કેમ જુએ? પ્રતિભાગ–પોતાના શરીરનું પ્રતિબિમ્બ જુએ છે, હવે પ્રતિબિમ્બ કેવા પ્રકારનું છે? ઉત્તર—છાયા પુદ્ગલરૂપ છે, તે આ પ્રમાણે–સર્વ પ્રકારની ઇન્દ્રિયગમ્ય સ્થૂલ વસ્તુ ચય અને અપચય સ્વભાવવાળી અને કિરણોવાળી છે. કિરણો એ છાયાપુદ્ગલો છે. અને તેનો પ્રત્યક્ષ સિદ્ધ છાયાપુદ્ગલો તરીકે વ્યવહાર થાય છે, કારણ કે સર્વ સ્થૂલ વસ્તુઓની છાયા હોય છે અને તે પ્રત્યક્ષથી બધા પ્રાણીઓને વિદિત છે. બીજું જો સ્થૂલ વસ્તુ કોઇ વસ્તુને અન્તરે રહેલી હોય કે દૂર હોય તો તેના કિરણો આરીસા વગેરેમાં પડતા નથી, તેથી તે વસ્તુ તેમાં દેખાતી નથી. માટે જણાય છે કે છાયાપુદ્ગલો છે તે છાયા પુદ્ગલો તે તે સામગ્રીનાં વશથી વિચિત્ર પરિણામ પામવાના સ્વભાવવાળા હોય છે. તે આ પ્રમાણે–તે છાયાપુદ્ગલો દિવસે અભાસ્વર–(અન્યને પ્રકાશિત નહિ કરનાર) વસ્તુમાં પડેલા હોય તો સ્વસંબન્ધી દ્રવ્યની આકૃતિને ધારણ કરતાં શ્યામરૂપે (કંઇક કૃષ્ણરૂપે) પરિણત થાય છે અને રાત્રે કૃષ્ણરૂપે પરિણત થાય છે, આ વાત દિવસે સૂર્યના કિરણો પ્રસરે છે ત્યારે અને રાત્રિએ ચન્દ્રના પ્રકાશમાં પ્રત્યક્ષ સિદ્ધ છે. તે છાયા પરમાણુઓ આદર્શાદિ ભાસ્વર દ્રવ્યોમાં પ્રતિબિમ્બિત થયેલા સ્વસંબન્ધી દ્રવ્યના આકારને ધારણ કરતા સ્વસંબન્ધી દ્રવ્યમાં કૃષ્ણ, નીલ, શુક્લ કે પીત જેવા પ્રકારનો વર્ણ હોય છે તે રૂપે પરિણમે છે અને તેઓની આરીસા વગેરેમાં ઉપલબ્ધિ થાય છે, એ પણ આરીસા વગેરેમાં પ્રત્યક્ષથી સિદ્ધ છે, તેથી પ્રસ્તુત સૂત્રમાં પણ જે મનુષ્યોના છાયાપરમાણુઓ આરીસામાં સંક્રમીને પોતાના શરીરના વર્ણરૂપે અને પોતાના શરીરના આકારરૂપે પરિણમે છે તે પુદ્ગલોની તેમાં ઉપલબ્ધિ થાય છે અને તે પુદ્ગલો પ્રતિબિમ્બ શબ્દવાચ્ય છે, માટે કહ્યું છે કે 'શરીરને જોતો નથી, પણ પ્રતિબિંબને જુએ છે. આ બધું સ્વમતિકલ્પિત નથી, કારણ કે આગમમાં કહ્યું છે—

"सामा उ दिया छाया अभासुरगता निसि तु कालाभा। सा चेव भासुरगया सदेहवन्ना मुणेयव्वा॥

जे आदरिसस्सन्तो देहावयवा हवंति सकंता। तेसिं तत्थुवलंभो पगासजोगा न इयरेसिं" ॥

અભાસ્વર પદાર્થમાં પડેલી છાયા દિવસે શ્યામ અને રાત્રીએ કાળી હોય છે, અને ભાસ્વર પદાર્થમાં પડેલી છાયા પોતાના શરીરના વર્ણ જેવી જાણવી. જે આરીસામાં શરીરના અવયવો સંક્રાન્ત થાય છે તેઓની પ્રકાશયોગથી ઉપલબ્ધિ (પ્રત્યક્ષ) થાય છે, બીજાની થતી નથી. એ સંબન્ધી મૂલટીકાકાર પણ કહે છે—"**यस्मात्सर्वमेव हि ऐन्द्रियकं स्थूलं द्रव्यं चयापचयधर्मिकं रश्मिवच्च भवति, यतश्चादर्शादिषु छाया स्थूलस्य दृश्यते अवगाढरश्मिनः, ततः स्थूलद्रव्यस्य कस्यचिद्दर्शनं भवति, नचान्तरितं दृश्यते किंचिद् अतिदूरस्थं वा**"। કારણ કે બધાં ઇન્દ્રિયગમ્ય સ્થૂલ દ્રવ્યો ચય અને અપચયધર્મવાળાં અને કિરણોવાળાં હોય છે. જેથી આરીસા વગેરેમાં જેનાં કિરણો પડેલાં છે એવી સ્થૂલ વસ્તુની છાયા દેખાય છે, તેથી કોઇપણ સ્થૂલ દ્રવ્યનું દર્શન થાય છે, પરન્તુ તે કોઇને અન્તરે ન રહેલી હોય અથવા અતિદૂર ન હોય. એ માટે '**पलिभागं**' પ્રતિભાગ–પ્રતિબિંબને જૂએ છે. એ પ્રમાણે અસિ, મણિ ઇત્યાદિ વિષયક છ સૂત્રો જાણવા. સૂત્રપાઠ પણ આ પ્રમાણે—'અસિને દેખતો કોઇ મનુષ્ય અસિને દેખે છે, પોતાને દેખે છે કે પ્રતિબિંબને દેખે છે'? ઇત્યાદિ, હે ગૌતમ! અસિ દેખે છે, પોતાને દેખતો નથી અને પ્રતિબિંબને દેખે છે. ઇત્યાદિ. ॥૧૯॥૪૪૩॥

## ।। कंबलदारं ।।

**कंबलसाडए णं भंते! आवेढितपरिवेढिते समाणे जावतियं उवासंतरं फुसित्ता णं चिट्ठति विरल्लिए वि य णं**

**समाणे तावइयं चेव उवासंतरं फुसित्ता णं चिट्ठति? हंता गोयमा! कंबलसाडए णं आवेढियपरिवेढिते समाणे जावतियं तं चेव।**

## ।। थूणादारं ।।

**थूणा णं भंते! उड्ढं ऊसिया समाणी जावइयं खेत्तं ओगाहइत्ता णं चिट्ठति, तिरियं पि य णं आयता समाणी तावइयं चेव खेत्तं ओगाहइत्ता णं चिट्ठति? हंता गोयमा! थूणा णं उड्ढं ऊसिया तं चेव चिट्ठति ।।सू०-२०।।४४४।।**

*(મૂ૦) હે ભગવન્! કંબલરૂપ શાટક–વસ્ત્ર આવેષ્ટિત પરિવેષ્ટિત–સંકેલેલું હોય અને તે જેટલા અવકાશાન્તરને–આકાશપ્રદેશોને સ્પર્શીને રહે છે તે જો વિસ્તૃત કર્યું હોય તો તેટલાજ આકાશપ્રદેશોને સ્પર્શીને રહે? હે ગૌતમ! 'અવશ્ય કંબલરૂપ શાટક સંકેલેલું હોય તો તે જેટલા'–ઇત્યાદિ તેમજ કહેવું. હે ભગવન્! સ્થૂણા–સ્તંભ ઊંચી ઉભી કરી હોય તો જેટલા ક્ષેત્રને અવગાહીને–સ્પર્શીને રહે છે, જો તિર્છી લાંબી કરી હોય તો પણ તેટલાજ ક્ષેત્રને સ્પર્શીને રહે? હે ગૌતમ! 'અવશ્ય સ્થૂણા ઊંચી ઉભી કરી હોય તો' ઇત્યાદિ તેમજ [સ્પર્શીને] રહે છે. ॥૨૦॥૪૪૪॥*

(ટી૦) 'અહીં નિર્જરાના પુદ્ગલો છદ્મસ્થોને ઇન્દ્રિયગમ્ય થતાં નથી, કારણ કે તે અતીન્દ્રિય છે' એમ કહ્યું, તેથી અતીન્દ્રિયના પ્રસંગથી આ પણ અતીન્દ્રિય વિષયક પ્રશ્ન કરે છે—'હે ભગવન્ કમ્બલશાટક'—कम्बलरूपः शाटकः-कम्बलशाटकः'—એવી વ્યુત્પત્તિ થાય છે. કમ્બલરૂપ વસ્ત્ર આવેષ્ટિત–પરિવેષ્ટિત–અત્યંત સંકેલેલું જેટલા અવકાશાન્તર—આકાશના પ્રદેશોને સ્પર્શીને–અવગાહીને રહે, તેને વિરલ્લિત–વિસ્તૃત કર્યું હોય તો પણ તે તેટલા અવકાશાન્તર–આકાશપ્રદેશોને સ્પર્શીને રહે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! અવશ્ય રહે, અહીં '**हन्त**' એ અવધારણ–નિશ્ચયાર્થક છે એટલે એ પ્રમાણે જ છે, અહીં સંક્ષેપાર્થ આ છે–કમ્બલશાટક સંકેલેલું હોય અને તે જેટલા આકાશપ્રદેશોને અવગાહીને રહે, તેનો વિસ્તાર કર્યો હોય તો પણ તે તેટલા આકાશપ્રદેશોને અવગાહીને રહે છે. કેવલ ઘન અને પ્રતરરૂપે ભેદ છે. પ્રદેશની સંખ્યા બન્ને સ્થળે તુલ્ય છે. આ અર્થ નેત્રપટને આશ્રયી અન્ય સ્થળે પણ કહેલો છે–જેમ મોટા પ્રમાણવાળો નેત્રપટ આકાશપ્રદેશોમાં સંકુચિત કર્યો હોય અને પહોળો હોય તો પણ તેટલા જ આકાશપ્રદેશોને સ્પર્શે છે. એ પ્રમાણે સ્થૂણાસૂત્રનો પણ વિચાર કરવો. ॥૨૦॥૪૪૪॥

## ।। थिग्गलदारं ।।

**आगासथिग्गले णं भंते! किंणा[1] फुडे, कइहिं वा काएहिं फुडे? किं धम्मत्थिकाएणं फुडे, धम्मत्थिकायस्स देसेणं फुडे, धम्मत्थिकायस्स पदेसेहिं फुडे? एवं अधम्मत्थिकाएणं, आगासत्थिकाएणं? एएणं भेदेणं जाव पुढविकाएणं फुडे, जाव तसकाएणं फुडे? अद्धासमएणं फुडे? गोयमा! धम्मत्थिकाएणं फुडे, नो धम्मत्थिकायस्स देसेणं फुडे, धम्मत्थिकायस्स पदेसेहिं फुडे, एवं अधम्मत्थिकाएण वि, नो आगासत्थिकाएणं फुडे, आगासत्थिकायस्स देसेणं फुडे, आगासत्थिकायस्स पदेसेहिं फुडे जाव वणस्सइकाएणं फुडे, तसकाएणं सिय फुडे, सिय नो फुडे, अद्धासमएणं देसे फुडे, देसे णो फुडे।**

## ।। दीवोदहिदारं ।।

**जंबुद्दीवे णं भंते! दीवे किण्णा फुडे? कइहिं वा काएहिं फुडे? किं धम्मत्थिकाएणं जाव आगासत्थिकाएणं फुडे? गोयमा! णो धम्मत्थिकाएणं फुडे, धम्मत्थिकायस्स देसेणं फुडे, धम्मत्थिकायस्स पदेसेहिं फुडे, एवं अधम्मत्थिकायस्स वि आगासत्थिकायस्स वि, पुढविकाइएणं फुडे, जाव वणस्सइकाएणं फुडे, तसकाएणं सिय फुडे सिय णो फुडे, अद्धासमएणं फुडे। एवं लवणसमुद्दे, धायइसंडे दीवे, कालोए समुद्दे, अब्भिंतरपुक्खरद्धे। बाहिरपुक्खरद्धे एवं चेव, णवरं अद्धासमएणं नो फुडे। एवं जाव सयंभुरमणसमुद्दे। एसा परिवाडी इमाहिं गाहाहिं**

---

१. किणा (म. वि.)

**अणुगंतव्वा, तं जहा-''जंबुद्दीवे लवणे धायइ कालोय पुक्खरे वरुणे। खीर-घय-खोय-णंदि य अरुणवरे कुण्डले रुयते ।।१।। आभरणवत्थगंधे उप्पल-तिलए य पुढवि-निहि-रयणे। वासहर-दह-नईओ विजया वक्खार-कप्पिंदा ।।२।। कुरु मंदर आवासा कूडा नक्खत्त-चंद-सूरा य। देवे णागे जक्खे भूए य सयंभुरमणे य ।।३।। एवं जहा बाहिरपुक्खरद्धे भणिए तहा जाव सयंभुरमणसमुद्दे जाव अद्धासमएणं नो फुडे।।सू०-२१।।४४५।।**

*(મૂ૦) હે ભગવન્! આકાશથિગ્ગલ-લોક કોનાથી સ્પર્શ કરાયેલો છે? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે? શું ધર્માસ્તિકાય વડે સ્પર્શ કરાયેલો છે? ધર્માસ્તિકાયના દેશ વડે સ્પર્શ કરાયેલો છે? ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલો છે? એમ અધર્માસ્તિકાય વડે, આકાશાસ્તિકાય વડે-એમ એ પ્રકારે યાવત્ પૃથિવીકાય વડે, યાવત્ ત્રસકાય વડે કે અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલ છે? હે ગૌતમ! ધર્માસ્તિકાય વડે સ્પર્શ કરાયેલ છે, પણ ધર્માસ્તિકાયના દેશ વડે સ્પર્શ કરાયેલ નથી. ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય વડે પણ સ્પર્શ કરાયેલો છે. આકાશાસ્તિકાય વડે સ્પર્શ કરાયેલ નથી, પણ આકાશાસ્તિકાયના દેશ વડે સ્પર્શ કરાયેલો છે, આકાશાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ છે. યાવત્ વનસ્પતિકાય વડે ક્વચિત્ સ્પર્શ કરાયેલો છે. અને અદ્ધાસમય વડે તેના એક દેશમાં સ્પર્શ કરાયેલ છે અને એક દેશમાં સ્પર્શ કરાયેલો નથી. હે ભગવન્! જંબૂદ્વીપ નામે દ્વીપ કોનાથી સ્પર્શ કરાયેલો છે? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે? શું ધર્માસ્તિકાયથી યાવત્-આકાશાસ્તિકાયથી સ્પર્શ કરાયેલો છે? હે ગૌતમ! ધર્માસ્તિકાય વડે સ્પર્શ કરાયેલો નથી, પરન્તુ ધર્માસ્તિકાયના દેશ વડે અને ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલો છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સંબંધે પણ જાણવું. પૃથિવીકાય યાવત્ વનસ્પતિકાય વડે સ્પર્શ કરાયેલ છે, ત્રસકાય વડે ક્વચિત્ સ્પર્શ કરાયેલ છે અને ક્યાંઇક સ્પર્શ કરાયેલ નથી. અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલો છે. એ પ્રમાણે લવણ સમુદ્ર, ધાતકીખંડ દ્વીપ, કાલોદધી સમુદ્ર અને અભ્યન્તર પુષ્કરાર્ધ સંબંધે જાણવું. બહારના પુષ્કરાર્ધ સંબન્ધે એમજ જાણવું. પરન્તુ તે અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલો નથી. એ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. આ દ્વીપસમુદ્રનો અનુક્રમ આ ગાથાઓ વડે જાણવો. તે આ પ્રમાણે—'જંબૂદ્વીપ, લવણ, ધાતકી, કાલોદ, પુષ્કરવર, વરુણ, ક્ષીર, ઘૃત, ક્ષોદ-ઇક્ષુ, નંદિ, અરુણવર, કુંડલ, રુચક (૧), આભરણ, વસ્ત્ર, ગન્ધ, ઉત્પલ, તિલક, પદ્મ, નિધિ, રત્ન, વર્ષધર પર્વતો, હ્રદ, નદીઓ, વિજયો, વક્ષસ્કાર (પર્વતો), કલ્પ-દેવલોક, ઇન્દ્રો (૨), કુરુ, મન્દર અવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર અને સૂર્ય (એ બધાના નામે દ્વીપ અને સમુદ્રો છે.) દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ સમુદ્ર (૩) [એ પાંચ દ્વીપ અને સમુદ્રો છેલ્લા છે] એ પ્રમાણે જેમ બાહ્ય પુષ્કરાર્ધ કહ્યો તેમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. યાવત્-તેઓ અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલા નથી. ॥૨૧॥૪૪૫॥*

(ટી૦) 'आगासथिग्गले णं भंते'! ઇત્યાદિ. આકાશ થિગ્ગલ-આકાશરૂપી પટમાં થિગ્ગલ-થીગડા સમાન લોક કહેવાય છે. કારણ કે તે વિસ્તૃત પટના જેવા મોટા બાહ્ય આકાશના થિગ્ગલ-થીગડાના જેવો લાગે છે. હે ભગવન્! તે આકાશથિગ્ગલ કોનાથી સ્પૃષ્ટ-સ્પર્શ કરાયેલો-વ્યાપ્ત કરાયેલો છે? આ સામાન્યરૂપે પ્રશ્ન કર્યો છે, હવે વિશેષરૂપે પ્રશ્ન કરે છે—કેટલા કાયો વડે સ્પર્શાયેલો છે? અહીં 'વા' શબ્દ પ્રકારાન્તરનો સૂચક છે, અને તે પ્રકારાન્તર સામાન્યથી વિશેષરૂપ છે. તેથી પ્રત્યેક કાય સંબન્ધે વિશેષરૂપે પૂછે છે—'किं धम्मत्थिकाएणं फुडे'-શું ધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે-ઇત્યાદિ સુગમ છે. ભગવાન્ કહે છે-હે ગૌતમ! ધર્માસ્તિકાય વડે સ્પર્શ કરાયેલો છે, કારણ કે લોકમાં ધર્માસ્તિકાય રહેલો છે, આ જ હેતુથી ધર્માસ્તિકાયના દેશથી સ્પર્શ કરાયેલો નથી, કારણ કે જે જેનાથી સર્વરૂપે વ્યાપ્ત છે તે તેના જ દેશવડે વ્યાપ્ત નથી, કારણ કે વિરોધ છે. પણ તેના પ્રદેશો વડે વ્યાપ્ત છે. કારણ કે તેમાં બધા ધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા છે. એ પ્રમાણે અધર્માસ્તિકાયના વિષયમાં પણ ઉત્તર કહેવો. તથા સંપૂર્ણ આકાશાસ્તિકાય દ્રવ્ય વડે સ્પર્શ કરાયેલો નથી. કારણ કે લોક આકાશાસ્તિકાયનો દેશમાત્ર-અંશમાત્ર છે, પરન્તુ

તેના દેશવડે અને પ્રદેશો વડે વ્યાપ્ત છે. પૃથિવીકાયાદિ પણ સૂક્ષ્મ સકલલોક વ્યાપી હોય છે. માટે તે વડે પણ લોક સર્વરૂપે વ્યાપ્ત થયેલો છે. '**तसकाएणं सिय फुडे**'—ત્રસકાય વડે કદાચિત્ સ્પર્શ કરાયેલો છે, જ્યારે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા કેવલજ્ઞાની ચોથા સમયમાં હોય છે ત્યારે તે પોતાના પ્રદેશો વડે સર્વ લોકને વ્યાપ્ત કરે છે માટે ત્રસકાય વડે સ્પર્શ કરાયેલો છે, કારણ કે કેવલી ત્રસકાય છે. બાકીના કાળે સ્પર્શ કરાયેલો હોતો નથી. કારણ કે લોકમાં બધે સ્થળે ત્રસકાય હોતા નથી. એ પ્રમાણે જંબૂદ્વીપાદિ સંબન્ધે પણ સૂત્રો જાણવા. પરન્તુ બહારના પુષ્કરાર્ધ દ્વીપના વિચારમાં '**अद्धासमएणं नो फुडे**'—તે અદ્ધાસમય વડે સ્પર્શ કરાયેલો નથી. અદ્ધાસમય (કાળ) અઢી દ્વીપ સમુદ્રમાં છે, બહાર નથી. એનો વિચાર ધર્મસંગ્રહણીની ટીકામાં કર્યો છે. માટે બહારના દ્વીપસમુદ્રોમાં અદ્ધાસમયના સ્પર્શનો પ્રતિષેધ કરવો. '**जंबुद्दीवे लवण**'—ઇત્યાદિ ગાથા છે. સર્વ દ્વીપસમુદ્રોના મધ્યવર્તી જંબૂદ્વીપ છે. તેને ચો તરફ વીંટી લવણ સમુદ્ર રહેલો છે, ત્યાર પછી ધાતકીખંડ નામે દ્વીપ છે, તે પછી કાલોદધી સમુદ્ર છે. ત્યાર બાદ પુષ્કરવર દ્વીપ અને ત્યાર પછીના દ્વીપના સમાન નામવાળા સમુદ્રો છે. એટલે તે પછી પુષ્કરવર સમુદ્ર. તે પછી વરુણવર દ્વીપ અને વરુણવર સમુદ્ર, ક્ષીરવરદ્વીપ ક્ષીરોદધી સમુદ્ર, ઘૃતવરદ્વીપ, ઘૃતોદધી સમુદ્ર, ઇક્ષુવરદ્વીપ અને ઇક્ષુવર સમુદ્ર, નંદીશ્વર દ્વીપ અને નંદીશ્વર સમુદ્ર–એ આઠે સમુદ્રો એક પ્રત્યાવતાર–એક એક રૂપવાળા છે. અને પછીના દ્વીપો અને સમુદ્રો ત્રિપ્રત્યાવતારરૂપ છે. જેમ કે અરુણ, અરુણવર, અરુણવરાવભાસ, કુંડલ, કુંડલવર, કુંડલવરાવભાસ, રુચક, રુચકવર અને રુચકવરાવભાસ–ઇત્યાદિ, અહીં આ ક્રમ છે—નન્દીશ્વર સમુદ્ર પછી અરુણદ્વીપ, અરુણ સમુદ્ર, તે પછી અરુણવર દ્વીપ અને અરુણવર સમુદ્ર–ઇત્યાદિ નામનો ઉચ્ચાર કરી કેટલા દ્વીપસમુદ્રો કહી શકાય? માટે તેના નામનો સંગ્રહ કરીને કહે છે— 'આભરણવત્થ'–ઇત્યાદિ બે ગાથા છે–જે કોઇ આભરણના નામો હોય, જેમ કે હાર, અર્ધહાર, રત્નાવલી, કનકાવલી પ્રમુખ, જે કોઇ વસ્ત્રના નામો ચીનાંશુક વગેરે હોય, જે કોઇ કોષ્ઠપુટાદિ ગન્ધના નામો હોય, જલરુહ, ચન્દ્રોદ્દ્યોત વગેરે જે ઉત્પલના નામો હોય, તિલક વગેરે જે વૃક્ષના નામો હોય, શતપત્ર, સહસ્રપત્ર વગેરે પદ્મના નામો હોય, પૃથિવી, રત્નપ્રભા વગેરે જે પૃથિવીના નામો હોય, જે નવ નિધિના નામો, ચક્રવર્તીના ચૌદ રત્નના નામો, ચુલ્લહિમવંત આદિ વર્ષધર પર્વતાદિના નામો, પદ્માદિ હ્રદોના(સરોવરના) નામો, ગંગા સિન્ધુ વગેરે નદીઓના નામો, કચ્છાદિ વિજયો, માલ્યવંતાદિ વક્ષસ્કાર પર્વતો, સૌધર્માદિ કલ્પો, શક્ર વગેરે ઇન્દ્રો, દેવકુરુ, ઉત્તરકુરુ, મન્દર, મેરુની નજીક વગેરે શક્રાદિના આવાસો, ચુલ્લહિમવંત વગેરે પર્વતોના કૂટો–શિખરો, કૃત્તિકાદિ નક્ષત્રો, ચન્દ્રો અને સૂર્યોના જે નામો છે તે બધાને ત્રિપ્રત્યયાવતાર કરીને કહેવા. જેમ કે હારદ્વીપ, હારસમુદ્ર, હારવર દ્વીપ, હારવર સમુદ્ર, હારવરાવભાસ દ્વીપ, હારવરાવભાસ સમુદ્ર–ઇત્યાદિરૂપે ત્રિપ્રત્યયાવતાર ત્યાં સધી કહેવા યાવત્ સૂર્ય દ્વીપ, સૂર્ય સમુદ્ર, સૂર્યવર દ્વીપ અને સૂર્યવર સમુદ્ર સૂર્યવરાવભાસ દ્વીપ અને સૂર્યવરાવભાસ સમુદ્ર છે. જીવાભિગમની ચૂર્ણિમાં કહ્યું છે કે—"**अरुणाई दीवसमुद्दा तिपडोयारा यावत् सूर्यवरावभासः समुद्रः**"। અરુણાદિ દ્વીપસમુદ્રો ત્રિપ્રત્યયાવતારવાળા યાવત્–'**સૂર્યવરાવભાસ**' સમુદ્ર છે ત્યાં સુધી કરવા. ત્યાર પછી સૂર્યવરાવભાસ સમુદ્રને ચો તરફ વીંટી દેવદ્વીપ રહેલો છે, પછી દેવસમુદ્ર, પછી નાગદ્વીપ અને નાગસમુદ્ર. તે પછી યક્ષદ્વીપ અને યક્ષસમુદ્ર, તે પછી ભૂતદ્વીપ અને ભૂત સમુદ્ર અને સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર છે. એ પાંચે દેવાદિ દ્વીપો અને દેવાદિ સમુદ્રો એકરૂપવાળા છે, તેઓનો પ્રત્યયાવતાર થતો નથી. જીવાભિગમની ચૂર્ણિમાં કહ્યું છે "**एते पञ्च द्वीपाः पञ्च समुद्रा एकप्रकारा**" ઇતિ. એ પાંચે દ્વીપો અને પાંચે સમુદ્રો એક પ્રકારના છે. જીવાભિગમ સૂત્રમાં પણ કહ્યું છે—દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ એ એક એક કહેવો, કારણ કે તેઓને ત્રિપ્રત્યયાવતાર થતો નથી. ॥૨૧॥૪૪૫॥

**॥ लोगंदारं ॥**

**लोगे णं भंते! किंणा[1] फुडे? कइहिं वा काएहिं? जहा आगासथिग्गले।**

१. किणा (म. वि.)

|| अलोगंदारं ||

अलोएणं भंते। किंणा[1] फुडे, कतिहिं वा काएहिं पुच्छा। गोयमा। नो धम्मत्थिकाएणं फुडे, जाव नो आगासत्थिकाएणं फुडे, आगासत्थिकायस्स देसेणं फुडे, आगासत्थि कायस्स पदेसेहिं फुडे, नो पुढविकाइएणं फुडे, जाव नो अद्धासमएणं फुडे। एगे अजीवदव्वदेसे अगुरुलहुए अणंतेहिं अगुरुलहुयगुणेहिं संजुत्ते सव्वायासे अणंतभागूणे ।।सू०-२२।।४४६।।

पन्नवणाए भगवईए पन्नरसस्स इंदियपयस्स पढमो उद्देसो समत्तो।

*(મૂ૦) હે ભગવન્! લોક કોનાથી સ્પર્શ કરાયેલો છે? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે? ઇત્યાદિ આકાશથિગ્ગલની જેમ જાણવું. હે ભગવન્! અલોક કોનાથી સ્પર્શ કરાયેલો છે? કેટલા કાય વડે સ્પર્શ કરાયેલો છે? ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! ધર્માસ્તિકાયથી સ્પર્શ કરાયેલો નથી, યાવત્ આકાશાસ્તિકાયથી સ્પર્શ કરાયેલો નથી, આકાશાસ્તિકાયના દેશથી સ્પર્શ કરાયેલો નથી. પૃથિવીકાયથી સ્પર્શ કરાયેલો નથી, યાવત્ અદ્ધાસમયથી સ્પર્શ કરાયેલો નથી. તે એક અજીવદ્રવ્યનો દેશ-ભાગ છે, અનન્ત અગુરુલઘુ ગુણો વડે સંયુક્ત છે અને સર્વ આકાશથી અનન્તમો ભાગ ન્યૂન છે. ॥૨૨॥૪૪૬॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં પંદરમા ઇન્દ્રિયપદનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.*

(ટી૦) પૂર્વે આકાશથિગ્ગલ શબ્દ વડે લોકસંબન્ધે પ્રશ્ન કર્યો હતો, હવે લોકશબ્દ વડે જ લોક સંબન્ધે પ્રશ્ન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**लोएणं भंते! किणा फुडे**'–હે ભગવન્! લોક કોનાથી સ્પર્શ કરાયેલો છે–ઇત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે. અલોકસૂત્ર પણ પાઠસિદ્ધ છે, પરન્તુ અલોક એ એક અજીવદ્રવ્યનો દેશ છે–એટલે આકાશાસ્તિકાયનો દેશ છે. પણ સંપૂર્ણ આકાશાસ્તિકાય નથી, કારણ કે તે લોકાકાશ વડે હીન છે. આજ કારણથી તે અગુરુલઘુરૂપ છે. કારણ કે અમૂર્ત છે. અનન્ત અગુરુલઘુગુણો વડે સંયુક્ત છે, કારણ કે દરેક પ્રદેશે સ્વ અને પર ભેદવડે ભિન્ન અનન્ત અગુરુલઘુપર્યાયો હોય છે. અલોકનું કેટલું પ્રમાણ છે? એ માટે સૂત્રકાર કહે છે—અનન્તભાગ ન્યૂન સર્વ આકાશરૂપ છે–એટલે લોકાકાશના ખંડરહિત સર્વ આકાશપ્રમાણ છે.

શ્રીમદાચાર્ય મલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં પંદરમા ઇન્દ્રિયપદનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.

---

१. किणा (म. वि.)

- *અરિહંત કોઈને દુર્ગતિમાં જતા બચાવતા નથી છતાં એમને તારક કહેવાય છે. એનું કારણ છે કે એમનું આલંબન લેનારો અને એમના કથનાનુસાર ચાલનારો દુર્ગતિમાં જતો નથી. જેમ નૌકા ડુબતાં માણસને બચાવતી નથી પણ એ નૌકાનું આલંબન લે એ અવશ્ય કિનારા પર આવી જાય. સમુદ્રમાં ન ડુબે. તેમ અરિહંતનું આલંબન લઈને એ અનુસાર ચાલનારો જ દુર્ગતિમાં જતો નથી એને સુગતિ મળે જ છે.*

**- જયાનંદ**

## ।। बीओ उद्देसो – बीओउद्देसस्स अत्थाहिगारा ।।

**इंदियउवचय १ णिव्वत्तणा २ य समया भवे असंखेज्जा ३। लद्धी ४ उवओगद्धा ५ अप्पाबहुए विसेसाहिया ६।। ओगाहणा ७ अवाए ८ ईहा ९ तहा वंजणोग्गहे १० चेव। दव्विंदिय ११ भाविंदिय १२ तीया बद्धा पुरक्खडिया ।।**

***દ્વિતીય ઉદ્દેશક***

*૧ ઇન્દ્રિયોપચય, ૨ નિર્વર્તના (ઇન્દ્રિયોની ઉત્પત્તિ), ૩ નિર્વર્તનાના અસંખ્યાતા સમયો, ૪ લબ્ધિ, ૫ ઉપયોગાદ્ધા-ઉપયોગનો કાળ, ૬ અલ્પબહુત્વમાં વિશેષાધિક ઉપયોગનો કાળ, ૭ અવગ્રહ, ૮ અપાય, ૯ ઈહા, ૧૦ વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ, ૧૧-૧૨ અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય-એ અધિકારો બીજા ઉદ્દેશકમાં છે.*

પ્રથમ ઉદ્દેશકની વ્યાખ્યા કરી, હવે બીજા ઉદ્દેશકનો પ્રારંભ કરાય છે, તેના પ્રારંભમાં અર્થાધિકારનો સંગ્રહ કરનારી આ બે ગાથાઓ છે-પ્રથમ ઇન્દ્રિયોનો ઉપચય કહેવાનો છે. 'उपचीयते इन्द्रियमनेनेत्युपचयः' જે વડે ઇન્દ્રિય ઉપચયને પ્રાપ્ત થાય તે ઉપચય-ઇન્દ્રિય યોગ્ય પુદ્ગલોનો સંગ્રહ કરવાની શક્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ. ૨ ત્યાર પછી નિર્વર્તના કહેવાની છે, નિર્વર્તના-બાહ્ય અને અભ્યન્તર રૂપ નિર્વૃત્તિ-આકારમાત્રની ઉત્પત્તિ. ૩ ત્યાર બાદ નિર્વર્તના-ઇન્દ્રિયની ઉત્પત્તિ કેટલા સમયે થાય છે? એ પ્રશ્નમાં 'અસંખ્યાતા સમયે થાય છે' એ ઉત્તર કહેવો જોઈએ. ૪ ત્યાર પછી ઇન્દ્રિયાવરણના ક્ષયોપશમરૂપ ઇન્દ્રિયોની લબ્ધિ કહેવાની છે. ૫ ત્યાર બાદ ઉપયોગાદ્ધા-ઇન્દ્રિયના ઉપયોગનો કાળ કહેવાનો છે. ૬ ત્યાર પછી અલ્પબહુત્વના વિચારમાં પૂર્વ પૂર્વની ઇન્દ્રિયોના ઉપયોગકાળ કરતાં ઉત્તરોત્તર ઇન્દ્રિયનો ઉપયોગકાળ વિશેષાધિક છે તે કહેવાનો છે. ૭ ત્યાર પછી અવગ્રહ-જ્ઞાન કહેવાનું છે અને તે અપાયાદિના ભેદથી અનેક પ્રકારે છે. માટે ૮ ત્યાર પછી અપાય કહેવાનો છે. ૯ ત્યાર પછી ઈહા, ૧૦ ત્યાર પછી વ્યંજનાગ્રહ, 'च' શબ્દ નહિ કહેલા અર્થનો સમુચ્ચય કરનાર હોવાથી અર્થાવગ્રહ પણ કહેવાનો છે. ૧૧ ત્યાર બાદ અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનો વિચાર કરવાનો છે.

## ।। इंदिओवचयदारं ।।

**कतिविहे णं भंते! इंदियउवचए पन्नत्ते? गोयमा! पंचविहे इंदियउवचए पन्नत्ते। तं जहा-सोतिंदिय उवचते, चक्खिंदियउवचते, घाणिंदियउवचते, जिब्भिन्दियउवचते, फासिन्दियउवचते। नेरइयाणं भंते! कतिविहे इन्दिओवचए पन्नत्ते? गोयमा! पंचविहे इन्दिओवचए पन्नत्ते, तं जहा-सोतिन्दियउवचए, जाव फासिन्दियउवचए, एवं जाव वेमाणियाणं। जस्स जइ इन्दिया तस्स ततिविहो चेव इन्दियउवचओ भाणियव्वो१।**

## ।। इंदियनिव्वत्तणादारं ।।

**कतिविहा णं भंते! इन्दियनिव्वत्तणा पन्नत्ता? गोयमा! पंचविहा इन्दियनिव्वत्तणा पन्नत्ता, तं जहा-सोतिन्दियनिव्वत्तणा, जाव फासिन्दियनिव्वत्तणा। एवं नेरइयाणं जाव वेमाणियाणं, णवरं जस्स जइ इन्दिया अत्थि २।**

## ।। इंदियनिव्वत्तणासमयदारं ।।

**सोतिन्दियणिव्वत्तणा णं भंते! कइसमइया पन्नत्ता? गोयमा! असंखिज्जइसमइया अंतोमुहुत्तिया पन्नत्ता, एवं जाव फासिन्दियनिव्वत्तणा। एवं नेरइयाणं जाव वेमाणियाणं ३।**

## ।। इंदियलद्धीदारं ।।

**कइविहा णं भंते! इन्दियलद्धी पन्नत्ता? गोयमा! पंचविहा इन्दियलद्धी पन्नत्ता, तं जहा-सोतिन्दियलद्धी, जाव फासिन्दियलद्धी। एवं नेरइयाणं जाव वेमाणियाणं, णवरं जस्स जइ इन्दिया अत्थि तस्स तावइयालद्धी भाणियव्वा ४।**

## ।। इंदियउवओगद्धादारं ।।

**कतिविहा णं भंते! इन्दियउवओगद्धा पन्नत्ता? गोयमा! पंचविहा इन्दियउवओगद्धा पन्नत्ता, तं जहा- सोतिन्दियउवओगद्धा, जाव फासिन्दियउवओगद्धा। एवं नेरइयाणं जाव वेमाणियाणं, णवरं जस्स जइ इन्दिया अत्थि ।।सू०-२३।।४४७।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો ઇન્દ્રિયોપચય છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો ઇન્દ્રિયોપચય છે. તે આ પ્રમાણે-૧ શ્રોત્રેન્દ્રિયોપચય, ૨ ચક્ષુઇન્દ્રિયોપચય, ૩ ઘ્રાણેન્દ્રિયોપચય, ૪ જિહ્વેન્દ્રિયોપચય અને ૫ સ્પર્શનેન્દ્રિયોપચય. હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારનો ઇન્દ્રિયોપચય કહ્યો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો ઇન્દ્રિયોપચય કહ્યો છે, તે આ પ્રમાણે- શ્રોત્રેન્દ્રિયોપચય, યાવત્ સ્પર્શનેન્દ્રિયોપચય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. જેને જેટલી ઇન્દ્રિયો તેને તેટલા પ્રકારનો ઇન્દ્રિયોપચય કહેવો. હે ભગવન્! ઇન્દ્રિયનિર્વર્તના-ઇન્દ્રિયની ઉત્પત્તિ કેટલા પ્રકારની કહી છે? હે ગૌતમ! ઇન્દ્રિયનિર્વર્તના પાંચ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિયનિર્વર્તના યાવત્ સ્પર્શેન્દ્રિયનિર્વર્તના. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારની ઇન્દ્રિયનિર્વર્તના કહેવી. હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયની નિર્વર્તના (ઉત્પત્તિ) કેટલા સમયની છે? હે ગૌતમ! અસંખ્યાતા સમયના અન્તર્મુહૂર્તની છે. એ પ્રમાણે સ્પર્શનેન્દ્રિયનિર્વર્તતા સુધી જાણવું. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! કેટલા પ્રકારની ઇન્દ્રિયલબ્ધિ છે? હે ગૌતમ! પાંચ પ્રકારની ઇન્દ્રિયલબ્ધિ છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિયલબ્ધિ યાવત્ સ્પર્શનેન્દ્રિયલબ્ધિ. એમ નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારની ઇન્દ્રિયલબ્ધિ કહેવી. હે ભગવન્! ઇન્દ્રિયોપયોગાદ્ધા-ઇન્દ્રિયના ઉપયોગનો કાળ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય ઉપયોગાદ્ધા યાવત્ સ્પર્શનેન્દ્રિય ઉપયોગાદ્ધા. એ પ્રમાણે નૈરયિકો, યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારનો ઇન્દ્રિયોપયોગાદ્ધા સમજવો. ।।૨૩।।૪૪૭।।*

**एतेसिं णं भंते! सोतिन्दिय-चक्खिन्दिय-घाणिन्दिय-जिब्भिंदिय-फासिन्दियाणं जहण्णयाए उवओगद्धाए उक्कोसियाए उवओगद्धाए जहन्नुक्कोसियाए उवओगद्धाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा चक्खिन्दियस्स जहण्णिया उवओगद्धा, सोतिन्दियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, घाणिन्दियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, जिब्भिन्दियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, फासिन्दियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, उक्कोसियाए उवओगद्धाए-सव्वत्थोवा चक्खिन्दियस्स उक्कोसिया उवओगद्धा, सोतिन्दियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, घाणिन्दियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, जिब्भिन्दियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, फासिन्दियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, जहण्णउक्कोसियाए उवओगद्धाए-सव्वत्थोवा चक्खिन्दियस्स जहण्णिया उवओगद्धा, सोतिन्दियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, घाणिंदियस्स जहन्निया उवओगद्धा विसेसाहिया, जिब्भिन्दियस्स जहन्निया उवओगद्धा विसेसाहिया, फासिंदियस्स जहन्निया उवओगद्धा विसेसाहिया, फासिंदियस्स जहण्णियाहिंतो उवओगद्धाहिंतो चक्खिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, सोतिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, घाणिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, जिब्भिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, फासिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया ।।सू०-२४।।४४८।।**

*(મૂ૦) હે ભગવન્! એ શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયોના જઘન્ય ઉપયોગાદ્ધામાં ઉત્કૃષ્ટ*

*ઉપયોગાદ્ધામાં અને જઘન્ય-ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડો ચક્ષુઇન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા-ઉપયોગ કાળ છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયોનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી જિહ્વેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી સ્પર્શનેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધામાં-સૌથી થોડો ચક્ષુઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી જિહ્વેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે અને તેથી સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. જઘન્ય ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધામાં-સૌથી થોડો ચક્ષુઇન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી જિહ્વેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી સ્પર્શનેન્દ્રિયનો જઘન્ય ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. સ્પર્શનેન્દ્રિયના જઘન્ય ઉપયોગાદ્ધાથી ચક્ષુઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી ઘ્રાણેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. તેથી જિહ્વેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે, તેથી સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગાદ્ધા વિશેષાધિક છે. ॥૨૪॥૪૪૮॥*

(ટી૦) તેમાં '**यथोद्देशं निर्देशः**' ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ હોય છે, માટે પ્રથમ ઇન્દ્રિયોપચય સૂત્ર કહે છે—'**कइविहेणं भंते इंदियउवचए पन्नत्ते**'? હે ભગવન્! કેટલા પ્રકારનો ઇન્દ્રિયોપચય છે? ઇત્યાદિ સુગમ છે, પરન્તુ જે નૈરયિકાદિને જેટલી ઇન્દ્રિયોનો સંભવ હોય તેને તેટલા પ્રકારનો ઇન્દ્રિયોપચય કહેવો. તેમાં નૈરયિકોથી માંડી સ્તનિતકુમાર સુધી પાંચ પ્રકારનો ઇન્દ્રિયોપચય હોય છે. પૃથિવી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિઓને એક પ્રકારનો, બે ઇન્દ્રિયોને બે પ્રકારનો, તેઇન્દ્રિયોને ત્રણ પ્રકારનો, ચઉરિન્દ્રિયોને ચાર પ્રકારનો અને તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને પાંચ પ્રકારનો ઇન્દ્રિયોપચય હોય છે. ક્રમ આવા પ્રકારનો છે—સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિય. એ પ્રમાણે ઇન્દ્રિય નિર્વર્તના વગેરે સંબન્ધે સૂત્રો જાણવાં. કારણ કે પ્રાયઃ સુગમ છે. પરન્તુ ઇન્દ્રિયોપયોગાદ્ધા-જેટલા કાળ સુધી ઇન્દ્રિયો વડે ઉપયોગવાળો હોય તેટલા કાળનો ઇન્દ્રિયોપયોગાદ્ધા કહેવાય છે. ॥૨૪॥૪૪૮॥

## ॥ इंदियओगाहणादारं ॥

**कतिविहा णं भंते! इंदियओगाहणा पन्नत्ता? गोयमा! पंचविहा इंदियओगाहणा पन्नत्ता, तं जहा-सोतिंदियओगाहणा, जाव फासिंदियओगाहणा, एवं नेरइयाणं जाव वेमाणियाणं, नवरं जस्स जइ इंदिया अत्थि ६।।सू०-२५॥४४९॥**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારે ઇન્દ્રિયાવગ્રહણા-ઇન્દ્રિયો વડે અવગ્રહ-જ્ઞાન થાય છે? હે ગૌતમ! પાંચ પ્રકારે ઇન્દ્રિયાવગ્રહ છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિયાવગ્રહ, યાવત્ સ્પર્શનેન્દ્રિયાવગ્રહ. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારનો ઇન્દ્રિયાવગ્રહ કહેવો. ॥૨૫॥૪૪૯॥*

(ટી૦) '**कतिविहा णं भंते! ओगाहणा पन्नत्ता**' હે ભગવન્! કેટલા પ્રકારનો ઇન્દ્રિયાવગ્રહ છે ઇત્યાદિ. ઇન્દ્રિયો વડે અવગ્રહ-જ્ઞાન થાય તે ઇન્દ્રિયાવગ્રહ કહેવાય છે. ॥૨૫॥૪૪૯॥

## ॥ इंदियावायदारं ॥

**कतिविधे णं भंते! इंदियअवाए पन्नत्ते? गोयमा! पंचविधे इंदियअवाए पन्नत्ते, तं जहा-सोतिंदियअवाए, जाव फासिंदियअवाए। एवं नेरइयाणं जाव वेमाणियाणं, नवरं जस्स जइ इंदिया अत्थि।**

## ॥ ईहादारं ॥

**कतिविहा णं भंते! ईहा पन्नत्ता? गोयमा! पंचविहा ईहा पन्नत्ता, तं जहा-सोतिंदियईहा, जाव फासिंदियईहा। एवं**

जाव वेमाणियाणं, णवरं जस्स जइ इंदिया ८।

## उग्गहदारं

**कतिविधे णं भंते! उग्गहे पन्नत्ते? गोयमा! दुविहे उग्गहे पन्नत्ते, तं जहा-अत्थोग्गहे य वंजणोग्गहे य। वंजणोग्गहे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! चउव्विधे पन्नत्ते, तं जहा-सोतिंदिय-वंजणोग्गहे, घाणिंदियवंजणोग्गहे, जिब्भिंदियवंजणोग्गहे, फासिंदियवंजणोग्गहे। अत्थोग्गहे णं भंते! कतिविधे पन्नत्ते? गोयमा! छव्विहे अत्थोग्गहे पन्नत्ते, तं जहा-सोतिंदियअत्थोग्गहे, चक्खिंदियअत्थोग्गहे, घाणिंदियअत्थोग्गहे, जिब्भिंदियअत्थोग्गहे, फासिंदिअत्थोग्गहे, नोइंदियअत्थोग्गहे ।।सू०-२६।।४५०।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો ઇન્દ્રિયાપાય કહેલો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો ઇન્દ્રિયાપાય કહેલો છે. તે આ પ્રમાણે—શ્રોત્રેન્દ્રિયાપાય, યાવત્—સ્પર્શનેન્દ્રિયાપાય. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકોને જાણવું, પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારનો અપાય જાણવો. હે ભગવન્! કેટલા પ્રકારની ઈહા છે? હે ગૌતમ! પાંચ પ્રકારની ઈહા છે, તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય ઈહા, યાવત્ સ્પર્શનેન્દ્રિય ઈહા. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલા પ્રકારની ઈહા જાણવી. હે ભગવન્! કેટલા પ્રકારનો અવગ્રહ છે? હે ગૌતમ! બે પ્રકારનો અવગ્રહ છે. તે આ પ્રમાણે-અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. હે ભગવન્! વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! વ્યંજનાવગ્રહ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ૨ ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહ, ૩ જિહ્વેન્દ્રિયવ્યંજનાવગ્રહ, ૪ સ્પર્શનેન્દ્રિયવ્યંજનાવગ્રહ. હે ભગવન્! અર્થાવગ્રહ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! અર્થાવગ્રહ છ પ્રકારનો છે. તે આ પ્રમાણે—૧ શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ, ૨ ચક્ષુઇન્દ્રિય અર્થાવગ્રહ, ૩ ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ, ૪ જિહ્વેન્દ્રિય અર્થાવગ્રહ, ૫ સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ અને ૬ નોઇન્દ્રિય-અર્થાવગ્રહ. ।।૨૬।।૪૫૦।।*

**नेरइयाणं भंते! कतिविहे उग्गहे पण्णत्ते? गोयमा! दुविहे उग्गहे पन्नत्ते, तं जहा-अत्थोग्गहे य वंजणोग्गहे य। एवं असुरकुमाराणं जाव थणियकुमाराणं। पुढविकाइयाणं भंते! कतिविधे उग्गहे पन्नत्ते? गोयमा! दुविधे उग्गहे पन्नत्ते-अत्थोग्गहे य वंजणोग्गहे य। पुढविकाइयाणं भंते! वंजणोग्गहे कतिविधे पन्नत्ते? गोयमा! एगे फासिंदियवंजणोग्गहे पन्नत्ते। पुढविकाइयाणं भंते! कतिविधे अत्थोग्गहे पण्णत्ते? गोयमा! एगे फासिंदियअत्थोग्गहे पन्नत्ते। एवं जाव वणस्सइकाइयाणं। एवं बेइंदियाण वि, नवरं बेइंदियाणं वंजणोग्गहे दुविहे पन्नत्ते, अत्थोग्गहे दुविहे पन्नत्ते, एवं तेइंदिय-चउरिंदियाण वि, णवरं इंदियपरिवुड्ढी कायव्वा। चउरिंदियाणं वंजणोग्गहे तिविधे पन्नत्ते, अत्थोग्गहे चउव्विधे पन्नत्ते, सेसाणं जहा नेरइयाणं जाव वेमाणियाणं ९-१०। ।।सू०-२७।।४५१।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારનો અવગ્રહ કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે-અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. એ પ્રમાણે અસુરકુમારોથી માંડી સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલા પ્રકારનો અવગ્રહ છે? હે ગૌતમ! બે પ્રકારનો છે, તે આ પ્રમાણે-અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. હે ભગવન્! પૃથિવીકાયિકોને વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! એક સ્પર્શેન્દ્રિય-વ્યંજનાવગ્રહ છે. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલા પ્રકારનો અર્થાવગ્રહ છે? હે ગૌતમ! એક સ્પર્શેન્દ્રિયાર્થાવગ્રહ છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. એ પ્રમાણે બેઇન્દ્રિયોને પણ સમજવું. પરન્તુ બેઇન્દ્રિયોને વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ બે પ્રકારનો છે. એમ તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને પણ જાણવું, પરન્તુ ઇન્દ્રિયોની વૃદ્ધિ કરવી. ચઉરિન્દ્રિયોને વ્યંજનાવગ્રહ ત્રણ પ્રકારનો અને અર્થાવગ્રહ ચાર પ્રકારનો છે. બાકીનાને વૈમાનિકો સુધી નૈરયિકોની પેઠે જાણવું. ।।૨૭।।૪૫૧।।*

(ટી૦) ઇન્દ્રિયાવગ્રહ સંબન્ધે સામાન્યરૂપે પ્રશ્ન કર્યો હતો, પરન્તુ સામાન્ય વિશેષને આશ્રિત હોય છે માટે અપાયાદિ વિશેષ સંબન્ધે સૂત્રો કહે છે—'**कतिविहे णं भंते! इंदियअवाए पन्नत्ते?**' હે ભગવન્! ઇન્દ્રિયાપાય કેટલા પ્રકારનો કહ્યો છે? ઇત્યાદિ. તેમાં અવગ્રહરૂપ જ્ઞાન વડે અવગૃહીત-સામાન્યરૂપે જાણેલા અને ઈહા જ્ઞાન વડે ઈહિત-વિચારેલ અર્થનો નિર્ણયરૂપ જે અધ્યવસાય તે અપાય. 'આ શંખનો જ શબ્દ છે, અથવા રણશીંગડાનો જ છે' ઇત્યાદિરૂપ નિશ્ચયાત્મક બોધ તે અપાય. '**ईहा**' ઇતિ. ઈહ્ ધાતુ ચેષ્ટા અર્થમાં છે. સદ્દ્ભૂત અર્થની વિચારણારૂપ ચેષ્ટા તે ઈહા. તાત્પર્ય એ છે કે અવગ્રહ પછી અને અપાયની પૂર્વે સદ્દ્ભૂત અર્થવિશેષને ગ્રહણ કરવા તરફ અને અસદ્દ્ભૂત અર્થ વિશેષનો ત્યાગ કરવા અભિમુખ, પ્રાયઃ અહીં શંખ વગેરેના મધુરત્વાદિ શબ્દધર્મો જણાય છે અને રણશીંગડા વગેરેના કર્કશ નિષ્ઠુરત્વાદિ શબ્દધર્મો જણાતા નથી, આવા પ્રકારની મતિવિશેષ તે ઈહા. ભાષ્યકાર કહે છે—"**भूयाभूयविसेसादाणच्चायाभिमुहमीहा**"-સદ્દ્ભૂત અર્થને ગ્રહણ કરવા અને અસદ્દ્ભૂત અર્થને ત્યાગ કરવા અભિમુખ બોધ વિશેષ તે ઈહા. '**दुविहे ओग्गहे पन्नत्ते**'—બે પ્રકારનો અવગ્રહ છે-અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. તેમાં અર્થનો અવ-અપકૃષ્ટ ગ્રહ-જ્ઞાન એટલે જેનો નિર્દેશ ન કરી શકાય એવા સામાન્ય રૂપાદિ અર્થનું ગ્રહણ-જ્ઞાન તે અર્થાવગ્રહ. અહીં નન્દિસૂત્રના ચૂર્ણિકાર કહે છે—"**सामन्नस्स रूवाइविसेसणरहियस्स अनिद्देस्स अवग्गहो**" ઇતિ. રૂપાદિ વિશેષણરહિત એટલે આ રૂપ છે, ગન્ધ છે, શબ્દ છે કે સ્પર્શ છે ઇત્યાદિ નામજાત્યાદિની કલ્પના રહિત, જેનો નિર્દેશ ન કરી શકાય એવા સામાન્ય અર્થનું ગ્રહણ તે અવગ્રહ. '**व्यज्यते अनेन अर्थः**' જેમ પ્રદીપ વડે ઘટ પ્રગટ કરાય તેમ જે વડે અર્થ પ્રગટ કરાય તે વ્યંજન એટલે ઉપકરણ ઇન્દ્રિય અને શબ્દાદિરૂપે પરિણત થયેલા દ્રવ્યોનો પરસ્પર સંબન્ધ જાણવો. કારણ કે સંબન્ધ થવાથી જ શ્રોત્ર વગેરે ઇન્દ્રિયો વડે તે તે અર્થ પ્રગટ કરી શકાય છે, તે સિવાય નહિ, માટે ઇન્દ્રિય અને શબ્દાદિ અર્થનો સંબન્ધ વ્યંજન સમજવો. આ સંબન્ધે ભાષ્યકાર કહે છે કે "**वंजिज्जइ जेणत्थो घडुव्व दीवेण वजणं तं च। उवगरणिंदियसद्दाइपरिणयद्दव्वसंबन्धो॥**" જેમ દીવા વડે ઘટ પ્રગટ કરાય તેમ જે વડે અર્થ '**व्यज्यते**' પ્રગટ કરાય તે વ્યંજન અને તે ઉપકરણેન્દ્રિય અને શબ્દાદિ પરિણામવાળા દ્રવ્યનો સંબન્ધ જાણવો. તે વ્યંજન-સંબન્ધ વડે સંબન્ધને પ્રાપ્ત થયેલા શબ્દાદિરૂપ અર્થનું અવ્યક્તરૂપ જ્ઞાન તે વ્યંજનાવગ્રહ. અથવા '**व्यज्यते**' જે પ્રગટ કરાય તે વ્યંજન-ઉપકરણેન્દ્રિયને પ્રાપ્ત થયેલા શબ્દાદિરૂપ પરિણામવાળા દ્રવ્યોનો અવગ્રહ-અવ્યક્ત જ્ઞાન તે વ્યંજનાવગ્રહ. (પ્ર૦)—પ્રથમ વ્યંજનાવગ્રહ થાય છે અને ત્યાર પછી અર્થાવગ્રહ થાય છે તો અહીં પ્રથમ અર્થાવગ્રહ કેમ કહ્યો છે? (ઉ૦)—સ્પષ્ટરૂપે જણાય છે તે માટે પ્રથમ અર્થાવગ્રહ કહ્યો છે. તે આ પ્રમાણે-અર્થાવગ્રહ સ્પષ્ટરૂપે બધા પ્રાણીઓ વડે અનુભવાય છે. કારણ કે અત્યન્ત શીઘ્ર ગમનાદિ ક્રિયામાં એકવાર જલદીથી જ્ઞાન થાય છે કે 'કંઇક જોયું-અનુભવ્યું પણ બરોબર વિચાર્યું નહિ'-એવા પ્રકારનો વ્યવહાર થાય છે. વળી અર્થાવગ્રહ સર્વ ઇન્દ્રિયો અને મનદ્વારા થાય છે અને વ્યંજનાવગ્રહ એમ થતો નથી, માટે પ્રથમ અર્થાવગ્રહ કહ્યો છે. હવે વ્યંજનાવગ્રહ પછી અર્થાવગ્રહ થાય છે એ ક્રમને આશ્રયી પ્રથમ વ્યંજનાવગ્રહનું સ્વરૂપ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર શિષ્યદ્વારા પ્રશ્ન કરાવે છે—'**वंजणोग्गहे णं भंते! कइविहे पन्नत्ते**'-હે ભગવન્! વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે'? ઇત્યાદિ. અહીં વ્યંજન એટલે 'ઉપકરણેન્દ્રિય અને શબ્દાદિરૂપ પરિણામવાળા દ્રવ્યનો પરસ્પર સંબન્ધ' એમ પૂર્વે કહ્યું તેથી શ્રોત્ર વગેરે ચાર ઇન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ થાય છે ચક્ષુ અને મનનો થતો નથી. કારણ કે તે બન્ને અપ્રાપ્તકારી-અપ્રાપ્ત વિષયને ગ્રહણ કરે છે, તે અપ્રાપ્તકારિતાનો વિચાર નન્દિસૂત્રની ટીકામાં બતાવ્યો છે માટે અહીં બતાવતા નથી. અર્થાવગ્રહ છ પ્રકારનો છે. તે આ પ્રમાણે—'**सोइंदियअत्थुग्गहे**' શ્રોત્રેન્દ્રિયાર્થાવગ્રહ ઇત્યાદિ. શ્રોત્રેન્દ્રિય વડે વ્યંજનાવગ્રહ થયા પછી એક સમયમાં જેનો નિર્દેશ ન થઇ શકે એવું સામાન્યમાત્ર અર્થનું જ્ઞાન તે શ્રોત્રન્દ્રિયાર્થાવગ્રહ. એ પ્રમાણે ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના અર્થાવગ્રહ સંબન્ધે પણ કહેવું. ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ થતો નથી, તેથી તે બન્નેનો પ્રથમજ સ્વરૂપ, દ્રવ્ય, ગુણ અને ક્રિયાની કલ્પના રહિત, જેનો નિર્દેશ ન થઇ શકે એવા સામાન્યમાત્ર સ્વરૂપવાળા અર્થના જ્ઞાનરૂપ અર્થાવગ્રહ જાણવો.

**'नोइंदियअत्थावग्गहो'** નોઇન્દ્રિયાર્થાવગ્રહ–નોઇન્દ્રિય–મન, તે દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારનું છે. તેમાં મનઃપર્યાપ્તિ નામકર્મના ઉદયથી મનયોગ્ય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી મનરૂપે પરિણમન કરવું તે દ્રવ્ય મન. એ સંબન્ધે નન્દિસૂત્રના ચૂર્ણિકાર તેમજ કહે છે—"**मणपज्जत्तिनामकम्मोदयओ जोग्गे मणोदव्वे घित्तुं मणत्तेण परिणामिया दव्वा दव्वमणो भन्नइ**" ઇતિ. મનપર્યાપ્તિ નામકર્મના ઉદયથી યોગ્ય મનોદ્રવ્યને ગ્રહણ કરીને મનપણે પરિણામ પમાડેલાં દ્રવ્યો દ્રવ્ય મન કહેવાય છે. તથા દ્રવ્ય મનને અવલંબી જીવનો જે મનન પરિણામ તે ભાવમન. તે પ્રમાણે નન્દિસૂત્રના ચૂર્ણિકાર કહે છે— "**जीवो पुण मणपरिणामकिरियावंतो भावमणो। किं भणियं होइ? मणदव्वालंबणो जीवस्स मणणवावारो भावमणो भन्नइ**" ઇતિ–મનના પરિણામની ક્રિયાવાળો જીવ ભાવમન કહેવાય છે. શું કહ્યું? મન દ્રવ્યોને અવલંબી જીવનો મનનવ્યાપાર તે ભાવમન કહેવાય છે. તેમાં અહીં ભાવ મનનું પ્રયોજન છે, કારણ કે તેનું ગ્રહણ કરવાથી અવશ્ય દ્રવ્ય મનનું પણ ગ્રહણ થાય છે. અને દ્રવ્ય મન સિવાય ભાવ મનનો અસંભવ છે. ભાવ મન સિવાય પણ ભવસ્થ કેવલજ્ઞાનીની પેઠે દ્રવ્ય મનનો સંભવ છે. માટે કહ્યું છે કે અહીં ભાવમનનું પ્રયોજન છે. તેમાં નોઇન્દ્રિયભાવ મન વડે અર્થાવગ્રહ–દ્રવ્યેન્દ્રિયના વ્યાપારની અપેક્ષા સિવાય 'આ શું છે?' એ પ્રમાણે ઘટાદિ અર્થના સ્વરૂપની વિચારણા કરવામાં અભિમુખ, પ્રથમ એક સમય માત્રનો, રૂપાદિ તથા ઊર્ધ્વાકારાદિ (ઊભી આકૃતિ વગેરે) વિશેષની વિચારણારહિત, જેનો નિર્દેશ ન થઇ શકે એવો, સામાન્યમાત્રના વિચારરૂપ બોધ તે નોઇન્દ્રિયાર્થાવગ્રહ.

અવગ્રહનું ગ્રહણ ઉપલક્ષણ–સૂચક છે, તેથી નોઇન્દ્રિયાર્થાવગ્રહનું સાક્ષાત્ ગ્રહણ છે અને તે સિવાય બીજા ઈહા અને અપાયનું ઉપલક્ષણથી ગ્રહણ કરેલું છે. કારણ કે સૂત્રની ગતિ વિચિત્ર હોવાથી દોષ નથી. ॥૨૭॥૪૫૧॥

## ॥ पयारंतरेण इंदियभेया ॥

**कतिविहा णं भंते! इंदिया पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-दव्विंदिया य भाविंदिया य।**

## ॥ दव्विंदियदारं ॥

**कति णं भंते! दव्विंदिया पन्नत्ता? गोयमा! अट्ठ दव्विंदिया पन्नत्ता, तं जहा-दो सोत्ता, दो नेत्ता, दो घाणा, जीहा, फासे। नेरइयाणं भंते! कति दव्विंदिया पन्नत्ता? गोयमा! अट्ठ एते चेव, एवं असुरकुमाराणं जाव थणियकुमाराण वि। पुढविकाइयाणं भंते! कति दव्विंदिया पन्नत्ता? गोयमा! एगे फासिंदिए पन्नत्ते। एवं जाव वणस्सइकाइयाणं। बेइंदियाणं भंते! कति दव्विंदिया पन्नत्ता? गोयमा! दो दव्विंदिया पन्नत्ता, तं जहा-फासिंदिए य जिब्भिंदिए य। तेइंदियाणं पुच्छा। गोयमा! चत्तारि दव्विंदिया पन्नत्ता, तं जहा-दो घाणा, जीहा, फासे। चउरिंदियाणं पुच्छा। गोयमा! छ दव्विंदिया पन्नत्ता, तं जहा-दो णेत्ता, दो घाणा, जीहा, फासे। सेसाणं जहा नेरइयाणं जाव वेमाणियाणं ।।सू०-२८।।४५२।।**

*(મૂ૦) હે ભગવન્! ઇન્દ્રિયો કેટલા પ્રકારની છે? હે ગૌતમ! બે પ્રકારની છે, તે આ પ્રમાણે–દ્રવ્યેન્દ્રિયો અને ભાવેન્દ્રિયો. હે ભગવન્! દ્રવ્યેન્દ્રિયો કેટલા પ્રકારની છે? હે ગૌતમ! આઠ દ્રવ્યેન્દ્રિયો છે. તે આ પ્રમાણે–બે શ્રોત્ર, બે નેત્ર, બે ઘ્રાણ–નાસિકા, જીભ અને સ્પર્શન. હે ભગવન્! નૈરયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય છે? હે ગૌતમ! એ આઠ જ હોય છે. એ પ્રમાણે અસુરકુમારોને યાવત્ સ્તનિતકુમારોને જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય છે? હે ગૌતમ! એક સ્પર્શનેન્દ્રિય હોય છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. હે ભગવન્! બેઇન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો હોય છે? હે ગૌતમ! બે દ્રવ્યેન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે–સ્પર્શનેન્દ્રિય અને જિહ્વેન્દ્રિય. તેઇન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ચાર દ્રવ્યેન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે–બે ઘ્રાણ–નાસિકા, જીભ અને સ્પર્શન, ચઉરિન્દ્રિયો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! છ દ્રવ્યેન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે–બે નેત્રો, બે નાસિકા, જીભ અને સ્પર્શન. બાકી બધા જીવોને*

*નૈરયિકોની જેમ વૈમાનિકો સુધી જાણવું. ॥૨૮॥૪૫૨॥*

(ટી૦) 'कतिविहा णं भंते! इंदिया पन्नत्ता' હે ભગવન્! ઇન્દ્રિયો કેટલા પ્રકારની છે? દ્રવ્યેન્દ્રિયસૂત્ર સુગમ છે. કારણ કે તેનો પૂર્વે વિચાર કરેલો છે. 'कइ णं भंते! दव्विंदिया पन्नत्ता'-'હે ભગવન્! કેટલી દ્રવ્યેન્દ્રિયો કહી છે'-ઇત્યાદિ દ્રવ્યેન્દ્રિયની સંખ્યા વિષે સૂત્ર અને દંડક સંબન્ધે સૂત્ર પાઠસિદ્ધ છે. ॥૨૮॥૪૫૨॥

**एगमेगस्स णं भंते! नेरइयस्स केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता। केवइया बद्धेल्लगा? गोयमा! अट्ठ। केवइया पुरेक्खडा? गोयमा! अट्ठ वा सोल वा सत्तरस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एगमेगस्स णं भंते! असुरकुमारस्स केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता। केवइया बद्धेल्लगा? अट्ठ। केवइया पुरेक्खडा? अट्ठ वा नव वा [सत्तरस वा] संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं जाव थणियकुमाराणं ताव भाणियव्वं। एवं पुढविकाइय-आउकाइय-वणस्सइकाइयस्स वि, नवरं केवइया बद्धेल्लग? त्ति पुच्छाए उत्तरं एक्के फासिंदियदव्विंदिए पण्णत्ते। एवं तेउकाइय-वाउकाइयस्स वि, नवरं पुरेक्खडा नव वा दस वा। एवं बेइंदियाण वि, णवरं बद्धेल्लगपुच्छाए दोण्णि। एवं तेइंदियस्स वि, णवरं बद्धेल्लगा चत्तारि। एवं चउरिंदियस्स वि, नवरं बद्धेल्लगा छ। पंचिंदियतिरिक्खजोणिय-मणूस-वाणमंतर-जोइसिय-सोहम्मीसाणगदेवस्स जहा असुरकुमारस्स, नवरं मणूसस्स पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि अट्ठ वा नव वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। सणंकुमार-माहिंद-बंभ-लंतग-सुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्जगदेवस्स य जहा नेरइयस्स। एगमेगस्स णं भंते! विजय-वेजयंत-जयंत-अपराजियदेवस्स केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? अट्ठ, केवइया पुरेक्खडा? अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा। सव्वट्ठसिद्धगदेवस्स अतीता अणंता, बद्धेल्लगा अट्ठ, पुरेक्खडा अट्ठ। नेरइयाणं भंते! केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! असंखेज्जा, केवइया पुरेक्खडा? गोयमा! अणंता। एवं जाव गेवेज्जगदेवाणं, नवरं मणूसाणं बद्धेल्लगा सिय संखेज्जा, सिय असंखेज्जा। विजय-वेजयंत-जयंत-अपराजितदेवाणं पुच्छा। गोयमा! अतीता अणंता, बद्धेल्लगा असंखेज्जा, पुरेक्खडा असंखेज्जा। सव्वट्ठसिद्धगदेवाणं पुच्छा। गोयमा! अतीता अणंता, बद्धेल्लगा संखेज्जा, पुरेक्खडा संखेज्जा।सू०-२९॥४५३॥**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-ભૂતકાળમાં થયેલી હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી દ્રવ્યેન્દ્રિયો બદ્ધ-વર્તમાનકાળે વિદ્યમાન હોય? હે ગૌતમ! આઠ હોય. કેટલી પુરસ્કૃત-ભવિષ્યકાળે થવાની હોય છે? હે ગૌતમ! આઠ, સોળ, સત્તર, સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્ત દ્રવ્યેન્દ્રિયો ભવિષ્યમાં થવાની હોય છે. હે ભગવન્! એક એક અસુરકુમારને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-પૂર્વે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત દ્રવ્યેન્દ્રિયો હોય. કેટલી બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય? આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? સાત, આઠ, નવ, [સત્તર,] સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું. એમ પૃથિવીકાયિકો, અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો પણ જાણવા. પરન્તુ કેટલી બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય? એ પ્રશ્નના ઉત્તરમાં એક સ્પર્શનેન્દ્રિયરૂપ દ્રવ્યેન્દ્રિય હોય. એ પ્રમાણે તેજસ્કાયિક અને વાયુકાયિક સંબન્ધે કહેવું. પરન્તુ ભવિષ્યમાં થનારી જઘન્યપદે નવ અથવા દસ દ્રવ્યેન્દ્રિયો હોય. એ પ્રમાણે બેઇન્દ્રિયોને પણ કહેવું. પરન્તુ બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયના પ્રશ્નમાં બે દ્રવ્યેન્દ્રિયો હોય. એમ તેઇન્દ્રિયોને જાણવું. પરન્તુ તેઓને ચાર બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય. ચઉરિન્દ્રિયોને પણ એમજ જાણવું. પરન્તુ તેને છ બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય. પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવોને*

*અસુરકુમારની પેઠે કહેવું. પરન્તુ મનુષ્યને દ્રવ્યેન્દ્રિયો ભવિષ્યમાં થવાની કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને આઠ, નવ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત દ્રવ્યેન્દ્રિયો હોય. સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત અને ગ્રૈવેયક દેવને નૈરયિકની પેઠે જાણવું. હે ભગવન્! એક એક વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત–પૂર્વે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત દ્રવ્યેન્દ્રિયો થયેલી હોય. કેટલી બદ્ધ–વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય? આઠ હોય, કેટલી ભવિષ્યમાં થવાની હોય? આઠ, સોળ, ચોવીશ અથવા સંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવને અતીત–ભૂતકાળે અનન્ત દ્રવ્યેન્દ્રિયો થયેલી હોય. બદ્ધ–વર્તમાન આઠ હોય અને ભવિષ્યમાં થવાની આઠ હોય. હે ભગવન્! નૈરયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત–પૂર્વે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત થયેલી હોય. કેટલી બદ્ધ–વિદ્યમાન હોય? હે ગૌતમ! અસંખ્યાતી હોય. અને ભવિષ્યમાં થવાની કેટલી હોય? હે ગૌતમ! અનન્ત હોય. એ પ્રમાણે ગ્રૈવેયક દેવો સુધી જાણવું. પરન્તુ મનુષ્યોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચિત્ સંખ્યાતી હોય અને કદાચિત્ અસંખ્યાતી હોય. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! અતીત કાળે અનન્ત, બદ્ધ–વર્તમાન અસંખ્યાતી, અને ભવિષ્યમાં થવાની અસંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય છે. સર્વાર્થસિદ્ધ દેવો સંબંધે પૃચ્છા, હે ગૌતમ! પૂર્વકાળે થયેલી અનન્ત, વિદ્યમાન સંખ્યાતી, અને ભવિષ્યમાં થવાની સંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય છે. ॥૨૯॥૪૫૩॥*

(ટી૦) એક એક જીવ સંબન્ધે અતીત, બદ્ધ (વર્તમાન) અને પુરસ્કૃત (ભવિષ્યમાં થવાની) દ્રવ્યેન્દ્રિયના વિચારમાં '**पुरक्खडा अट्ठ वा सोल, वा सत्तरस वा संखिज्जा वा असंखिज्जा वा अणंता वा**' પુરસ્કૃત–ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો આઠ, સોળ, સત્તર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત જાણવી. જે નૈરયિક પછીનાજ ભવમાં મનુષ્યપણું પામીને સિદ્ધ થાય–મુક્ત થાય તેને મનુષ્ય ભવસંબન્ધી આઠ ઇન્દ્રિયો, અને જે પછીના ભવમાં તિર્યંચપણું પામી ત્યાંથી મરણ પામી મનુષ્યમાં આવીને સિદ્ધ થાય તેને તિર્યંચભવની આઠ અને મનુષ્યભવની આઠ મળીને સોળ ઇન્દ્રિયો હોય. જે નરકથી નીકળી પછીના ભવમાં તિર્યંચપંચેન્દ્રિયપણું પામી ત્યાર પછી એક ભવમાં પૃથિવીકાયિકાદિ થઇને મનુષ્યમાં આવી સિદ્ધ થાય તેને તિર્યંચભવની આઠ, એક પૃથિવીકાયિકાદિભવની અને આઠ મનુષ્યભવની એમ સત્તર દ્રવ્યોન્દ્રિયો હોય. સંખ્યાતા કાળ સુધી સંસારમાં રહેનારને સંખ્યાતી, અસંખ્યાતા કાળ સુધી રહેનારને અસંખ્યાતી અને અનન્તકાળ પર્યંત રહેનારને અનન્ત દ્રવ્યેન્દ્રિયો હોય.

અસુરકુમાર સૂત્રમાં '**पुरक्खडा अट्ठ वा नव वा**' ભવિષ્યમાં પ્રાપ્ત થવાની આઠ અથવા નવ વગેરે ઇન્દ્રિયો હોય. તેમાં અસુરકુમારના ભવથી નીકળી પછીના ભવમાં મનુષ્યપણું પામી સિદ્ધ થાય તેને આઠ દ્રવ્યેન્દ્રિયો હોય. અસુરકુમારથી માંડી ઈશાન સુધીના દેવો પૃથિવી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે, તેથી પછીના ભવમાં પૃથિવ્યાદિમાં જઇને ત્યાર પછી મનુષ્યપણું પામીને સિદ્ધ થાય તેને નવ ઇન્દ્રિયો હોય, સંખ્યાતી, અસંખ્યાતી અને અનન્ત દ્રવ્યેન્દ્રિયોનો વિચાર પૂર્વની પેઠે કરવો. પૃથિવી, પાણી અને વનસ્પતિના સૂત્રમાં '**पुरेक्खडा अट्ठ वा नव वा**' ઇતિ. ભવિષ્યમાં થવાની આઠ, નવ વગેરે ઇન્દ્રિયો હોય છે. પૃથિવ્યાદિ પોતાના ભવથી નીકળીને પછી મનુષ્યોમાં ઉત્પન્ન થાય અને સિદ્ધ થાય, તેમાં જે પછીના ભવમાં મનુષ્યપણું પામીને સિદ્ધ થાય તેને મનુષ્યભવ સંબન્ધી આઠ ઇન્દ્રિયો હોય, અને જે પછી એક પૃથિવ્યાદિ ભવ કરીને ત્યારબાદ મનુષ્યભવ પામી સિદ્ધ થાય તેને નવ દ્રવ્યેન્દ્રિયો હોય. તેજસ્કાયિક અને વાયુકાયિકો મરણ પામી તુરત મનુષ્યપણું જ પામતા નથી, અને બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો પછી તુરત મનુષ્યપણું પામે છે, પરન્તુ તેઓ સિદ્ધ થતા નથી, તેથી તેઓના સૂત્રમાં જઘન્ય પદે નવ કે દસ દ્રવ્યેન્દ્રિયો હોય એમ કહેવું જોઇએ. બાકીનાનો વિચાર પૂર્વે કહ્યા પ્રમાણે કરવો, મનુષ્યસૂત્રમાં પુરસ્કૃત–ભવિષ્યમાં થવાની દ્રવ્યેન્દ્રિયો કોઇને હોય અથવા ન હોય, તે ભવેજ સિદ્ધ થનારને ન હોય અને બાકીનાને હોય, જેઓને હોય તેઓ પણ જો પછીના ભવમાં ફરીથી મનુષ્ય થઇને સિદ્ધ થાય તેને આઠ અને જે વચ્ચે પૃથિવ્યાદિનો એક ભવ કરી મનુષ્ય થઇને સિદ્ધ થાય તેને નવ હોય. બાકીનાનો વિચાર પૂર્વની પેઠે કરવો. સનત્કુમારાદિ દેવો મરણ પામી તુરત પૃથિવ્યાદિમાં

આવતા નથી, પરન્તુ પંચેન્દ્રિયોમાં આવે છે. તેથી તેઓ નૈરયિકોની પેઠે કહેવા. માટે કહ્યું છે કે 'સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત અને ગ્રૈવેયક દેવોને નૈરયિકોની પેઠે કહેવું.

વિજયાદિ ચાર દેવ સંબન્ધી સૂત્રોમાં જે પછીના ભવમાં મનુષ્યપણું પામીને સિદ્ધ થાય તેને આઠ દ્રવ્યેન્દ્રિયો હોય. જે એકવાર મનુષ્ય થઇને ફરીથી પણ મનુષ્યપણું પામી સિદ્ધ થાય તેને સોળ દ્રવ્યેન્દ્રિયો હોય, અને જે વચ્ચે દેવપણું અનુભવી મનુષ્ય થઇને સિદ્ધ થાય તેને ચોવીશ હોય, કારણ કે મનુષ્યભવમાં આઠ, દેવભવમાં આઠ અને ફરીથી મનુષ્યભવમાં આઠ. સંખ્યાતા કાળ સુધી સંસારમાં રહેનારને સંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય છે. અહીં વિજયાદિ ચાર દેવોમાં ગયેલા ઘણા કાળપર્યન્ત અસંખ્યાતા કે અનન્તકાળ સુધી સંસારમાં રહેતા નથી. તેથી '**संखेज्जा वा**' સંખ્યાત કાળ–કહ્યો છે, પણ '**नासंखेज्जा अणंता वा**'—અસંખ્યાત અને અનન્તકાળ કહ્યો નથી. સર્વાર્થસિદ્ધ પછીના ભવમાં અવશ્ય સિદ્ધ થાય છે, તેથી તેને જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય ભવિષ્યમાં થવાની આઠ જ દ્રવ્યેન્દ્રિયો હોય છે.

બહુવચનના વિચારમાં નૈરયિકસૂત્રને વિષે બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાતી હોય છે, કારણ કે નૈરયિકો અસંખ્યાતા છે. એ પ્રમાણે બાકીના સૂત્રોમાં ઉપયોગ–ધ્યાન રાખી કહેવું. પરન્તુ મનુષ્યસૂત્રમાં '**सिय संखिज्जा सिय असंखिज्जा**'—કદાચ સંખ્યાતી હોય અને કદાચ અસંખ્યાતી હોય. અહીં સંમૂર્ચ્છિમ મનુષ્યો કદાચિત્ સર્વથા હોતા નથી, કારણ કે તેનો ચોવીશ મુહૂર્તપ્રમાણ વિરહકાળ પૂર્વે કહ્યો છે. જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યો પ્રશ્નસમયે સર્વથા ન હોય ત્યારે સંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય, કારણ કે ગર્ભજ મનુષ્યો સંખ્યાતા છે. જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ હોય છે ત્યારે અસંખ્યાતી દ્રવ્યેન્દ્રિયો હોય છે. સર્વાર્થસિદ્ધ મહાવિમાનના દેવો સંખ્યાતા હોય છે, કારણ કે બાદર અને મોટા શરીરવાળા છતાં પરિમિત ક્ષેત્રમાં રહે છે. તેથી તેઓને બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો સંખ્યાતી હોય છે. ॥૨૯॥૪૫૩॥

**एगमेगस्स णं भंते! नेरइयस्स नेरइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! अट्ठ, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एगमेगस्स णं भंते! नेरइयस्स असुरकुमारत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं जाव थणियकुमारत्ति। एगमेगस्स णं भंते! नेरइयस्स पुढविकाइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि एक्को वा दो वा तिण्णि वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा, एवं जाव वणस्सइकाइयत्ते। एगमेगस्स णं भंते! नेरइयस्स बेइन्दियत्ते केवइया दव्विन्दिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि दो वा चत्तारि वा छ वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं तेइन्दियत्ते वि, नवरं पुरेक्खडा चत्तारि वा अट्ठ वा बारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं चउरिंदियत्तेवि, नवरं पुरेक्खडा छ वा बारस वा अट्ठारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। पंचिंदियतिरिक्खजोणियत्ते जहा असुरकुमारत्ते। मणूसत्ते वि एवं चेव, नवरं केवइया पुरेक्खडा? अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। सव्वेसिं मणूसवज्जाणं पुरेक्खडा मणूसत्ते कस्सइ अत्थि कस्सइ नत्थि त्ति एवं ण वुच्चति। वाणमंतर-जोइसिय-सोहम्मग-जाव गेवेज्जगदेवत्ते अतीता अणंता, बद्धेल्लगा नत्थि, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ वा**

**सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एगमेगस्स णं भंते। नेरइयस्स विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा। णत्थि, केवइया बद्धेल्लगा? गोयमा। णत्थि, केवइया पुरेक्खडा? कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा। सव्वट्ठसिद्धगदेवत्ते अतीता नत्थि, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ। एवं जहा नेरइयदंडओ नीतो तहा असुरकुमारेण वि नेतव्वो, जाव पंचिंदियतिरिक्खजोणिएणं, नवरं जस्स सट्ठाणे जइ बद्धेल्लगा तस्स तइ भाणियव्वा ।।सू०-३०।।४५४।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-ભૂતકાળે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત થયેલી હોય. કેટલી વર્તમાને હોય? હે ગૌતમ! આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય જેને થવાની હોય. તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત થવાની હોય. હે ભગવન્! એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વ કાળે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત થયેલી હોય. કેટલી બદ્ધ હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી અને અનન્ત થવાની હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં જાણવું. હે ભગવન્! એક એક નૈરયિકને પૃથિવીકાયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-પૂર્વે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી બદ્ધ હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય, જેને થવાની હોય તેને એક, બે, ત્રણ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત થવાની હોય. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયપણામાં જાણવું. હે ભગવન્! એક એક નૈરયિકને બેઇન્દ્રિયપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી બદ્ધ હોય? હે ગૌતમ! નથી. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને બે, ચાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત થવાની હોય. એ પ્રમાણે તેઇન્દ્રિયપણામાં પણ જાણવું. પરંતુ ભવિષ્યમાં થવાની ચાર, આઠ, બાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. એમ ચઉરિન્દ્રિયપણામાં પણ સમજવું, પરંતુ ભવિષ્યમાં થવાની છ, બાર, અઢાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો હોય. જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકપણામાં પણ જાણવું. મનુષ્યપણામાં પણ એમજ સમજવું. પરંતુ ભવિષ્યમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થવાની હોય? આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. મનુષ્ય સિવાય બધાને મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો ભવિષ્યમાં થવાની કોઇને હોય અને કોઇને ન હોય એમ ન કહેવું. વ્યંતર, જ્યોતિષિક, સૌધર્મ યાવત્ ગ્રૈવેયકદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો પૂર્વ કાળે અનન્ત થયેલી હોય, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી, અને ભવિષ્યમાં થવાની કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. હે ભગવન્! એક એક નૈરયિકને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત-ભૂતકાળે થયેલી હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? કોઇને થવાની હોય અને કોઇને ન હોય. જેને થવાની હોય તેને આઠ અથવા સોળ દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. સર્વાર્થસિદ્ધદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત અને બદ્ધ નથી, ભવિષ્યમાં થવાની કોઇને હોય અને કોઇને ન હોય. જેને ભવિષ્યમાં થવાની છે તેને આઠ દ્રવ્યેન્દ્રિયો થવાની હોય એ પ્રમાણે જેમ નૈરયિકનો દંડક કહ્યો તેમ અસુરકુમાર વડે પણ દંડક કહેવો. યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ વડે દંડક કહેવો. પરંતુ જેને સ્વસ્થાનમાં જેટલી બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો હોય તેને તેટલી કહેવી. ॥૩૦॥૪૫૪॥*

एगमेगस्स णं भंते! मणूसस्स नेरइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं जाव पंचिंदियतिरिक्खजोणियत्ते, णवरं एगिंदिय-विगलिंदिएसु जस्स जइ पुरेक्खडा तस्स तत्तिया भाणियव्वा। एगमेगस्स णं भंते! मणूसस्स मणूसत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! अट्ठ, केवइया पुरेक्खडा? कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। वाणमंतर-जोइसिय जाव गेवेज्जगदेवत्ते जहा नेरइयत्ते। एगमेगस्स णं भंते! मणूसस्स विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा। केवइया बद्धेल्लगा? गोयमा! नत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सऽत्थि अट्ठ वा सोलस वा। एगमेगस्स णं भंते! मणूसस्स सव्वट्ठसिद्धगदेवत्ते केवतिता दव्विंदिया अतीता? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि अट्ठ, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ। वाणमंतरजोतिसिए जहा नेरतिए। सोहम्मगदेवे वि जहा नेरइए, नवरं सोहम्मगदेवस्स विजय-वेजयंत-जयंत-अपराजियत्ते केवइया दव्विंदिया? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सति णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा। सव्वट्ठसिद्धगदेवत्ते जहा नेरइयस्स, एवं जाव गेवेज्जगदेवस्स सव्वट्ठसिद्धगदेवत्ते ताव णेतव्वं ।।सू०-३१।।४५५।।

*(મૂ૦) હે ભગવન્! એક એક મનુષ્યને નારકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વકાળે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત થયેલી હોય. કેટલી બદ્ધ હોય? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? કોઇને ભવિષ્યમાં થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને ભવિષ્યમાં થવાની હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત દ્રવ્યેન્દ્રિયો થવાની હોય. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિપણામાં જાણવું. પરંતુ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં જેને જેટલી ભવિષ્યમાં થવાની દ્રવ્યેન્દ્રિયો હોય તેને તેટલી કહેવી. હે ભગવન્! એક એક મનુષ્યને મનુષ્યપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પૂર્વે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી બદ્ધ-વર્તમાન હોય? હે ગૌતમ! આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત થવાની હોય. વ્યંતર, જ્યોતિષિક, યાવત્ ગ્રૈવેયકપણામાં જેમ નારકપણામાં કહ્યું છે તેમ કહેવું. હે ભગવન્! એક એક મનુષ્યને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થયેલી હોય? હે ગૌતમ! કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને આઠ અથવા સોળ હોય. કેટલી વર્તમાન હોય? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ અથવા સોળ થવાની હોય. હે ભગવન્! એક એક મનુષ્યને સર્વાર્થસિદ્ધદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થયેલી હોય? હે ગૌતમ! કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી વર્તમાન હોય? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ થવાની હોય. વ્યન્તર અને જ્યોતિષ્ક નૈરયિકની પેઠે જાણવા. અને સૌધર્મદેવ પણ નૈરયિકની જેમ કહેવો. પરંતુ સૌધર્મ દેવને વિજય, વૈજયંત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી વિદ્યમાન હોય? ન હોય. કેટલી*

*ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ અથવા સોળ થવાની હોય. સર્વાર્થસિદ્ધદેવપણામાં નૈરયિકની પેઠે કહેવું એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવને યાવત્ સર્વાર્થસિદ્ધદેવપણામાં એમજ કહેવું. ॥૩૧॥૪૫૫॥*

**एगमेगस्स णं भंते। विजय-वेजयंत-जयंत-अपराजितदेवस्स नेरइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! णत्थि। एवं जाव पंचिंदियतिरिक्खजोणियत्ते। मणूसत्ते अतीता अणंता, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा। वाणमंतर-जोइसियत्ते जहा नेरइयत्ते। सोहम्मगदेवत्तेऽतीता अणंता, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा। एवं जाव गेवेज्जगदेवत्ते। विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते अतीता कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ, केवतिया बद्धेल्लगा? अट्ठ, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि अट्ठ। एगमेगस्स णं भंते। विजय-वेजयंत-जयंत-अपराजियदेवस्स सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! णत्थि, केवइया बद्धेल्लगा? गोयमा! नत्थि केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ। एगमेगस्स णं भंते। सव्वट्ठसिद्धग-देवस्स नेरइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! णत्थि। एवं मणूसवज्जं जाव गेवेज्जगदेवत्ते, नवरं मणूसत्ते अतीता अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! अट्ठ। विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते अतीता कस्सति अत्थि कस्सति नत्थि, जस्स अत्थि अट्ठ, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! णत्थि। एगमेगस्स णं भंते! सव्वट्ठसिद्धग-देवस्स सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! णत्थि, केवइया बद्धेल्लगा? गोयमा! अट्ठ, केवइया पुरेक्खडा? गोयमा! णत्थि ।।सू०-३२।।४५६।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે થયેલી હોય? હે ગૌતમ! અનન્ત હોય. બદ્ધ કેટલી હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! ન હોય. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચપણામાં કહેવું. મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનન્ત થયેલી હોય. વર્તમાન કાળે ન હોય. અને ભવિષ્યમાં થનારી આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય. વ્યંતર અને જ્યોતિષ્કપણામાં નૈરયિકપણામાં કહ્યું તેમ કહેવું. સૌધર્મદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત થયેલી હોય. વર્તમાન કાળે નથી અને ભવિષ્યમાં થવાની કોઇને હોય અને કોઇને ન હોય. જેને ભવિષ્યમાં થવાની હોય તેને આઠ, સોળ, ચોવીશ કે સંખ્યાતી હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકપણામાં જાણવું. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી બદ્ધ હોય? આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ થવાની હોય. હે ભગવન્! એક એક વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને સર્વાર્થસિદ્ધ દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! ન હોય. કેટલી વર્તમાન કાળે હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! કોઇને થવાની હોય અને કોઇને થવાની ન હોય. જેને થવાની હોય તેને આઠ થવાની હોય. હે ભગવન્! એક એક સર્વાર્થસિદ્ધ દેવને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં*

*થવાની હોય? હે ગૌતમ! ન હોય. એ પ્રમાણે મનુષ્ય સિવાય યાવત્ ગ્રૈવેયકપણામાં જાણવું. પરંતુ મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનન્ત હોય. કેટલી વર્તમાન હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! આઠ થવાની હોય. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે કોઈને હોય અને કોઈને ન હોય. જેને હોય તેને આઠ હોય. કેટલી બદ્ધ હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! ન હોય. હે ભગવન્! એક એક સર્વાર્થસિદ્ધ દેવને સર્વાર્થસિદ્ધપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! ન હોય. કેટલી વર્તમાન કાળે હોય? હે ગૌતમ! આઠ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! ન હોય. ॥૩૨॥૪૫૬॥*

**नेरइयाणं भंते! नेरइयत्ते केवतिता दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! असंखेज्जा, केवइया पुरेक्खडा? गोयमा! अणंता। नेरइयाणं भंते! असुरकुमारत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? गोयमा! णत्थि, केवइया पुरेक्खडा? गोयमा! अणंता, एवं जाव गेवेज्जगदेवत्ते। नेरइयाणं भंते! विजय-वेजयंत-अपराजितदेवत्ते केवइया दव्विंदिया अतीता? नत्थि, केवइया बद्धेल्लगा? णत्थि, केवइया पुरेक्खडा? असंखिज्जा, एवं सव्वट्ठसिद्धगदेवत्ते वि। एवं जाव पंचिंदियतिरिक्खजोणियाणं सव्वट्ठसिद्धगदेवत्ते भाणियव्वं, नवरं वणस्सइकायइयाणं विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते सव्वट्ठसिद्धगदेवत्ते य पुरेक्खडा अणंता, सव्वेसिं मणूस-सव्वट्ठसिद्धगवज्जाणं सट्ठाणे बद्धेल्लगा असंखेज्जा, परट्ठाणे बद्धेल्लगा णत्थि। वणस्सइकाइयाणं सट्ठाणे बद्धेल्लगा अणंता। मणूसाणं नेरइयत्ते अतीता अणंता, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा अणंता। एवं जाव गेवेज्जगदेवत्ते, नवरं सट्ठाणे अतीता अणंता, बद्धेल्लगा सिय संखेज्जा सिय असंखेज्जा, पुरेक्खडा अणंता। मणूसाणं भंते! विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते केवइया दव्विंदिया अतीता? संखेज्जा, केवइया बद्धेल्लगा? णत्थि, केवइया पुरेक्खडा? सिय संखेज्जा सिय असंखेज्जा। एवं सव्वट्ठसिद्धगदेवत्ते वि। वाणमंतर-जोइसियाणं जहा णेरइयाणं। सोहम्मगदेवाणं एवं चेव। णवरं विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते अतीता असंखेज्जा, बद्धेलगा णत्थि, पुरेक्खडा असंखेज्जा। सव्वट्ठसिद्धगदेवत्ते अतीता णत्थि, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा असंखेज्जा, एवं जाव गेवेज्जगदेवाणं। विजय-वेजयंत-जयंत-अपराजितदेवाणं भंते! नेरइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? णत्थि, केवइया पुरेक्खडा? णत्थि। एवं जाव जोइसियत्ते वि, णवरं मणूसत्ते अतीता अणंता, केवइया बद्धेल्लगा? णत्थि, पुरेक्खडा असंखिज्जा। एवं जाव गेवेज्जगदेवत्ते सट्ठाणे अतीता असंखेज्जा, केवइया बद्धेल्लगा? असंखिज्जा, केवइया पुरेक्खडा? असंखेज्जा। सव्वट्ठसिद्धगदेवत्ते अतीता नत्थि, बद्धेल्लगा नत्थि, पुरेक्खडा असंखेज्जा। सव्वट्ठसिद्धगदेवाणं भंते! नेरइयत्ते केवतिया दव्विंदिया अतीता? गोयमा! अणंता, केवतिया बद्धेल्लगा? नत्थि, केवतिया पुरेक्खडा? णत्थि। एवं मणूसवज्जं ताव गेवेज्जगदेवत्ते। मणुसत्ते अतीता अणंता, बद्धेल्लगा नत्थि, पुरेक्खडा संखेज्जा। विजय-वेजयंत-जयंत-अपराजितदेवत्ते केवइया दव्विंदिया अतीता? संखेज्जा, केवइया बद्धेल्लगा? णत्थि, केवइया पुरेक्खडा? णत्थि। सव्वट्ठसिद्धगदेवाणं भंते! सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता? णत्थि, केवइया बद्धेल्लगा? संखिज्जा, केवइया पुरेक्खडा? णत्थि। दारं ११। ।।सू०-३३।।४५७।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનંત હોય. કેટલી વર્તમાન*

*કાળે હોય? હે ગૌતમ! અસંખ્યાતી હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! અનન્ત થવાની હોય. હે ભગવન્! નૈરયિકોને અસુરકુમારપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય? હે ગૌતમ! ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? હે ગૌતમ! અનન્ત થવાની હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવપણામાં જાણવું. હે ભગવન્! નૈરયિકોને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? ન હોય. કેટલી વર્તમાન કાળે હોય? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? અસંખ્યાતી હોય. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધદેવપણામાં પણ જાણવું. એમ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સર્વાર્થસિદ્ધદેવપણામાં કહેવા. પરંતુ વનસ્પતિકાયિકોને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં તથા સર્વાર્થસિદ્ધ દેવપણામાં ભવિષ્યમાં થવાની દ્રવ્યેન્દ્રિયો અનંત હોય. મનુષ્ય અને સર્વાર્થસિદ્ધ સિવાય બધાને સ્વસ્થાનને આશ્રયી બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાતી હોય. પરસ્થાનને આશ્રયી વર્તમાન કાળે દ્રવ્યેન્દ્રિયો ન હોય. વનસ્પતિકાયિકોને બદ્ધ-વર્તમાન દ્રવ્યેન્દ્રિયો અનન્ત છે. મનુષ્યોને નૈરયિકપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનંત હોય. વર્તમાન કાળે નથી, અને ભવિષ્યમાં થવાની અનન્ત હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવપણામાં જાણવું. પરંતુ સ્વસ્થાનમાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત હોય. વર્તમાન કાળે કદાચ સંખ્યાતી હોય અને કદાચ અસંખ્યાતી હોય, અને ભવિષ્યમાં થવાની અનંત હોય. હે ભગવન્! મનુષ્યોને વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? સંખ્યાતી હોય. કેટલી વર્તમાન કાળે હોય? નથી. કેટલી ભવિષ્યમાં થવાની હોય? કદાચિત્ સંખ્યાતી હોય અને કદાચિત્ અસંખ્યાતી હોય. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે ન હોય, વર્તમાનકાળે ન હોય, અને ભવિષ્યમાં થવાની અસંખ્યાતી હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયક દેવો સુધી જાણવું. હે ભગવન્! વિજય, વૈજયન્ત જયન્ત અને અપરાજિતદેવોને નારકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય? ન હોય. કેટલી ભવિષ્ય કાળમાં થવાની હોય? ન હોય. એ પ્રમાણે યાવત્ જ્યોતિષિકદેવપણામાં પણ જાણવું. પરંતુ મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત હોય. વર્તમાન કાળે કેટલી હોય? ન હોય. ભવિષ્યમાં થવાની કેટલી હોય? અસંખ્યાતી હોય. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયકદેવપણામાં સ્વસ્થાનની અપેક્ષાએ અતીત કાળે અસંખ્યાતી હોય. કેટલી વર્તમાન કાળે હોય? અસંખ્યાતી હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? અસંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધદેવપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે ન હોય, વર્તમાન કાળે ન હોય અને ભવિષ્યમાં થવાની અસંખ્યાતી હોય. હે ભગવન્! સર્વાર્થસિદ્ધદેવોને નારકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? ન હોય. એ પ્રમાણે મનુષ્ય સિવાય યાવત્ ગ્રૈવેયકદેવપણામાં જાણવું. મનુષ્યપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે અનન્ત હોય, વર્તમાન કાળે ન હોય, અને ભવિષ્યમાં થવાની અસંખ્યાતી હોય. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? સંખ્યાતી હોય. કેટલી વર્તમાન કાળે હોય? ન હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? ન હોય. હે ભગવન્! સર્વાર્થસિદ્ધ દેવોને સર્વાર્થસિદ્ધદેવપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય? ન હોય. કેટલી વર્તમાન કાળે હોય? સંખ્યાતી હોય, કેટલી ભવિષ્યમાં થવાની હોય? ન હોય. ॥૩૩॥૪૫૭॥*

**कति णं भंते! भाविंदिया पन्नत्ता? गोयमा! पंच भाविंदिया पन्नत्ता, तं जहा-सोतिंदिए, जाव फासिंदिए। नेरइयाणं भंते! कति भाविंदिया पन्नत्ता? गोयमा! पंच भाविंदिया पन्नत्ता, तं जहा-सोतिंदिते, जाव फासिंदिते। एवं जस्स जइ इंदिया तस्स तइ भाणितव्वा, जाव वेमाणियाणं। एगमेगस्स णं भंते! नेरइयस्स केवइया भाविंदिया अतीता? गोयमा! अणंता, केवइया बद्धेल्लगा? पंच, केवइया पुरेक्खडा? पंच वा दस वा एक्कारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं असुरकुमारस्स वि, नवरं पुरेक्खडा पंच वा छ वा संखेज्जा वा असंखेज्जा वा**

अणंता वा। एवं जाव थणियकुमारस्स वि। एवं पुढविकाइय-आउकाइय-वणस्सइकाइयस्स वि, बेइंदिय-तेइंदिय-चउरिंदियस्स वि। तेउकाइय-वाउकाइयस्स वि एवं चेव, नवरं पुरेक्खडा छ वा सत्त वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। पंचिंदियतिरिक्खजोणियस्स जाव ईसाणस्स जहा असुरकुमारस्स, नवरं मणुसस्स पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ नत्थि त्ति भाणियव्वं। सणंकुमार-जाव गेवेज्जगस्स जहा नेरइयस्स। विजयवेजयंतजयंतअपराजितदेवस्स अतीता अणंता, बद्धेल्लगा पंच, पुरेक्खडा पंच वा दस वा पण्णरस वा संखेज्जा वा। सव्वट्ठसिद्धगदेवस्स अतीता अणंता, बद्धेल्लगा पंच, केवइया पुरेक्खडा? पंच। नेरइयाणं भंते। केवइया भाविंदिया अतीता? गोयमा। अणंता, केवइया बद्धेल्लगा? असंखेज्जा, केवइया पुरेक्खडा? अणंता। एवं जहा दव्विंदिएसु पोहत्तेणं दंडतो भणितो तहा भाविंदिएसु वि पोहत्तेणं दंडतो भाणियव्वो, नवरं वणस्सइकाइयाणं बद्धेल्लगा वि अणंता ।।सू०-३४।।४५८।।

*(મૂ૦) હે ભગવન્! કેટલી ભાવેન્દ્રિયો કહી છે? હે ગૌતમ! પાંચ ભાવેન્દ્રિયો કહી છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. હે ભગવન્! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિયો હોય છે? હે ગૌતમ! પાંચ ભાવેન્દ્રિયો હોય છે. તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. એ પ્રમાણે જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલી ઇન્દ્રિયો વૈમાનિકો સુધી કહેવી. હે ભગવન્! એક એક નૈરયિકને કેટલી ભાવેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી વર્તમાન કાળે હોય? પાંચ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? પાંચ, દસ, અગિયાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે અસુરકુમારને પણ જાણવું. પરંતુ ભવિષ્યમાં થવાની પાંચ, છ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત ભાવેન્દ્રિયો હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારને પણ જાણવું. એમ પૃથિવીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકને પણ સમજવું, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને પણ એમજ જાણવું. તેજસ્કાયિક અને વાયુકાયિકને પણ એમજ કહેવું. પરન્તુ ભવિષ્યમાં થવાની છ, સાત, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત ભાવેન્દ્રિયો હોય. પંચેન્દ્રિય તિર્યંચયોનિકને યાવત્ ઈશાનદેવને અસુરકુમારની પેઠે જાણવું. પરન્તુ મનુષ્યને ભવિષ્યમાં થવાની ભાવેન્દ્રિયો કોઇને હોય અને કોઇને ન હોય એમ કહેવું. સનત્કુમાર યાવત્ ગ્રૈવેયકને નૈરયિકની જેમ જાણવું. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત દેવને દ્રવ્યેન્દ્રિયો અતીતકાળે અનન્ત હોય, વર્તમાન કાળે પાંચ હોય અને ભવિષ્યમાં થવાની પાંચ, દસ, પંદર કે સંખ્યાતી હોય. સર્વાર્થસિદ્ધ દેવને અતીત કાળે અનન્ત હોય, વર્તમાન કાળે પાંચ હોય, કેટલી ભવિષ્યમાં થવાની હોય? પાંચ થવાની હોય. હે ભગવન્! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિય અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. કેટલી વર્તમાનકાળે હોય? અસંખ્યાતી હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? અનન્ત થવાની હોય. એ પ્રમાણે જેમ દ્રવ્યેન્દ્રિયોમાં બહુવચન વડે દંડક કહ્યો તેમ ભાવેન્દ્રિયમાં પણ બહુવચન વડે દંડક કહેવો, પરંતુ વનસ્પતિકાયિકોને વર્તમાન કાળે ભાવેન્દ્રિયો અનન્ત હોય છે. ।।૩૪।।૪૫૮।।*

एगमेगस्स णं भंते। नेरइयस्स नेरइयत्ते केवतिया भाविंदिया अतीता? गोयमा। अणंता, बद्धेल्लगा? पंच, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्स अत्थि पंच वा दस वा पण्णरस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं असुरकुमाराणं जाव थणियकुमाराणं, नवरं बद्धेल्लगा नत्थि। पुढविकाइयत्ते जाव बेइंदियत्ते जहा दव्विंदिया। तेइंदियत्ते तहेव, नवरं पुरेक्खडा तिण्णि वा छ वा णव वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं चउरिंदियत्ते वि, नवरं पुरेक्खडा चत्तारि वा अट्ठ वा बारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं एए चेव गमा चत्तारि जाणेतव्वा जे चेव दव्विंदिएसु, णवरं तइयगमे जाणितव्वा जस्स जइ इंदिया ते पुरेक्खडेसु मुणेतव्वा। चउत्थगमे जहेव दव्विंदिया, जाव सव्वट्ठसिद्धगदेवाणं सव्वट्ठसिद्धगदेवत्ते केवतिया भाविंदिया अतीता? नत्थि,

**बद्धेल्लगा संखिज्जा, पुरेक्खडा णत्थि। समत्तो बीओ उद्देसो ।।सू०-३५।।४५९।।**

**पन्नवणाए भगवईए पन्नरसमं इन्दियपयं समत्तं।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી ભાવેન્દ્રિયો અતીત કાળે હોય? હે ગૌતમ! અનન્ત હોય. વર્તમાન કાળે કેટલી હોય? પાંચ હોય. કેટલી ભવિષ્યમાં થવાની હોય? કોઇને હોય અને કોઇને ન હોય, જેને હોય તેને પાંચ, દસ, પંદર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધી જાણવું. પરંતુ વર્તમાન કાળે ન હોય. પૃથિવીકાયિકપણામાં યાવત્ બેઇન્દ્રિયપણામાં જેમ દ્રવ્યેન્દ્રિયો કહી તેમ ભાવેન્દ્રિયો કહેવી. તેઇન્દ્રિયપણામાં પણ તેમજ કહેવું. પરંતુ ભવિષ્યમાં થવાની ત્રણ, છ, નવ, સંખ્યાતી, અસંખ્યાતી કે અનંત ભાવેન્દ્રિયો હોય. ચઉરિન્દ્રિયપણામાં પણ એમજ જાણવું. પરન્તુ ભવિષ્યમાં થવાની ભાવેન્દ્રિયો ચાર, આઠ, બાર, સંખ્યાતી, અસંખ્યાતી કે અનન્ત હોય. એ પ્રમાણે દ્રવ્યેન્દ્રિયોમાં જે ચાર ગમ–પાઠ કહ્યા છે તે આ ચારે પાઠ અહીં જાણવા. પરંતુ ત્રીજા ગમને વિષે જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલી ઇન્દ્રિયો ભવિષ્યમાં જાણવી. ચોથા ગમન વિષે જેમ દ્રવ્યેન્દ્રિયો કહી છે તેમ કહેવી. યાવત્ સર્વાર્થસિદ્ધ–દેવપણામાં કેટલી ભાવેન્દ્રિયો અતીત કાળે હોય? ન હોય. વર્તમાનકાળે કેટલી હોય? સંખ્યાતી હોય. ભવિષ્યમાં થવાની કેટલી હોય? ન હોય. બીજો ઉદ્દેશક સમાપ્ત. ॥૩૫॥૪૫૯॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં પંદરમું ઇન્દ્રિયપદ સમાપ્ત.*

(ટી૦) **'एगमेगस्स णं भंते नेरइयस्स नेरइयत्ते'** હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલી દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે હોય—ઇત્યાદિ, 'પુરસ્કૃત–ભવિષ્યમાં થવાની દ્રવ્યેન્દ્રિયો કોઇને હોય અને કોઇને ન હોય. જે નરકથી નીકળી ફરીથી પણ નૈરયિકપણું નહિ પામે તેને ન હોય. જે નારકપણું પામશે તેને હોય, તે પણ જો એકવાર નરકમાં આવવાનો હોય તો તેને આઠ, બે વાર આવવાનો હોય તો સોળ, ત્રણ વાર આવવાનો હોય તો ચોવીશ, સંખ્યાતી વાર આવવાનો હોય તો સંખ્યાતી દ્રવ્યેન્દ્રિયનો ઇત્યાદિ હોય.

મનુષ્યપણાના વિચારમાં **'कस्सइ अत्थि कस्सइ णत्थि' इति न वक्तव्यम्**—કોઇને હોય અને કોઇને ન હોય એમ ન કહેવું, કારણ કે તેઓનું મનુષ્યોમાં આગમન અવશ્ય થવાનું છે. તેથી જઘન્યપદે આઠ અને ઉત્કૃષ્ટથી અનન્ત દ્રવ્યેન્દ્રિયો હોય છે એમ કહેવું.

વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિતના વિચારમાં અતીત કાળે દ્રવ્યેન્દ્રિયો નથી, કારણ કે વિજયાદિ ચાર અનુત્તરમાં ગયેલો જીવ અવશ્ય ત્યાંથી મરણ પામી તથાસ્વભાવથી કદિ પણ નૈરયિકથી માંડી તિર્યંચ પંચેન્દ્રિય સુધીના દંડકોમાં તથા વ્યન્તર અને જ્યોતિષિકોમાં આવવાનો નથી, પણ મનુષ્યોમાં અને સૌધર્માદિ દેવોમાં આવશે, ત્યાં પણ જઘન્યથી એક, બે અને ત્રણ ભવ સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ભવ સુધી, પરન્તુ અસંખ્યાતા કે અનન્ત ભવ સુધી આવશે નહિં, તેથી નૈરયિકને વિજયાદિપણામાં દ્રવ્યેન્દ્રિયો અતીત કાળે નથી, પુરસ્કૃત–ભવિષ્યમાં દ્રવ્યેન્દ્રિયો આઠ અથવા સોળ હોય છે. કારણ કે **વિજયાદિમાં બે વાર ઉત્પન્ન થાય છે તેનો પછીના ભવમાં અવશ્ય મોક્ષ થાય છે.** એ પ્રમાણે જેમ નૈરયિકનો નૈરયિકપણા વગેરે ચોવીશ સ્થાનોમાં વિચાર કર્યો, તેમ અસુરકુમારાદિ પ્રત્યેકનો વિચાર કરવો. અને પૂર્વોક્ત ભાવના અનુસારે સ્વયં ઉપયોગ રાખી વિચારવું. ભાવેન્દ્રિયસૂત્રો પણ સુગમજ છે, કેવળ દ્રવ્યેન્દ્રિય સંબન્ધે કહેલી ભાવનાને અનુસારે ત્યાં વિચાર કરવો.

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં પંદરમાં ઇન્દ્રિયપદનો બીજો ઉદ્દેશક સમાપ્ત.

## સાધુથી રાત્રે લાઈટની પ્રભામાં વાંચી શકાય કે નહિ ?

સાધુ લાઈટની ઉજેહી પોતાના ઉપર ન પડે, તે રીતે લાઈટની પ્રભામાં વાંચતા કે લખતા હોય, તેથી તેને સાક્ષાત્ અગ્નિકાયની વિરાધનાનો દોષ ન લાગે. પણ તેને ઘણીવાર લાઈટ કરાવવાનો અને અનુમોદવાનો દોષ તો લાગે છે. લાઈટ બંધ થાય તો તરત થાય છે કે લાઈટ ઝટ આવે તો સારૂ ! તેમાં લાઈટ ચાલુ થાય એટલે આનંદ પણ થાય છે અને લખવા વાંચવાનું શરૂ કરી દે છે. આ થઈ અનુમોદના. આ રીતે વાંચવા-લખવામાં રસ પડી ગયો. કોઈવાર લાઈટ ચાલુ કરવાનું સૂચન કરતો પણ સાધુ થઈ જાય છે. તો આ કરાવવાની વાત થઈ! (હાથે બટન દબાવતા પણ થઈ ગયા છે.)

લાઈટની પ્રભામાં વાંચનાર-લખનારને તે પ્રભામાં ઓછું દેખાય, તો ત્યારે લાઈટના પ્રકાશનો પણ ઉપયોગ કરી લેવાનું મન થઈ જાય છે, અને કદાચ કરી પણ લે છે આવી પ્રવૃત્તિઓની પરંપરા શરૂ થવાનો પણ ઘણો સંભવ હોવાથી લાઈટની પ્રભાનો ઉપયોગ વાંચવા લખવામાં સાધુ ન કરે તો તે ધર્મ ગણાય.



- જગતના જીવોંને સમજ્યા વિના જીવદયાનું પાલન થઈ શકતું જ નથી. આ અટલ સિદ્ધાંત છે.
- જીવદયાનું પાલન એ સર્વોપરી ધર્મ છે.
- સર્વોપરી ધર્મ કરવા માટે સર્વપ્રથમ સ્વ ની દયા નું સ્વરૂપ સમજવું આવશ્યક છે.
- જ્યાં સ્વદયા છે. ત્યાં જ વાસ્તવિક જીવદયા હોય છે.
- મુનિ જીવનમાં સ્વદયા એ જ સર્વોત્તમ ધર્મ.
- મુનિ જીવન સ્વદયા ઉપર જ આધારિત છે.

સાધુ પોતાના આત્માની હિંસા કરીને પરદયાના ઢોલ વગાડે એ તો શબના ગળામાં ગુલાબના ફૂલોનો હાર પહેરાવવા જેવું અશોભનીય કૃત્ય છે.

- આગમકારોંએ મુનિજીવન માટે જે મર્યાદાઓ બાંધી છે એ મર્યાદાઓનો ભંગ એટલે જ આત્માની હિંસા.
- આ પન્નવણાસૂત્ર જીવોંના સ્વરૂપને સમજીને સ્વાત્મદયાનું પાલન કરવા માટે સર્વોત્તમ ઉપયોગી ગ્રંથ છે.
- આ ગ્રંથવાંચીને જેટલું ચિંતન મનન થશે એટલો સ્વોપકાર વધારે થશે.

એજ જયાનંદ

MULTY GRAPHICS (022) 23873222 23884222